શ્રી જૈન તત્ત્વ પ્રકાશ

પ્રકાશક :
શ્રી શામજી વેલજી વીરાણી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ
દિવાનપરા, રાજકોટ-૧.

શ્રી જૈન તત્વ પ્રકાશ

[SUBSTANCE OF JAINISM]

લેખક :

આગમોદ્ધારક, જૈન ધર્મ દિવાકર, જૈનાચાર્ય

પૂજ્ય શ્રી અમોલખઋષિજી મહારાજ

અનુવાદક :

શ્રી ઝવેરચંદ જાદવજી કામદાર

પ્રકાશક :

શ્રી શામજી વેલજી વીરાણી સ્થા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ
દિવાનપરા, વીરાણી વિલા, રાજકોટ-૧ (સૌરાષ્ટ્ર)

卐

ગુજરાતી આવૃત્તિ પાંચમી નકલ ૨૦૦૦

વીર સંવત ૨૫૦૮ વિ. સં. ૨૦૩૮ ઈ. સ. ૧૯૮૨

પડતર કિં. રૂા. ૨૬-૦૦ ... વેચાણ કિંમત રૂા. [illegible]([illegible])

卐

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ : પ્રભુ ।
મંગલં સ્થૂલભદ્રાદ્યા, જૈનધર્મોઽસ્તુ મંગલં ।।

卐

મુદ્રક :

જયંતિલાલ મણિલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટારોડ : અમદાવાદ.

પ્રકાશકનું નિવેદન

શ્રી શામજી વેલજી વીરાણી સ્થાનકવાસી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, રાજકોટ છેલ્લા ૨૫ વર્ષથી સ્થા. જૈન સમાજમાં જ્ઞાન પ્રચારના હેતુથી લગભગ અર્ધી કિંમતે ઉપયોગી જૈન પુસ્તકો પ્રગટ કરે છે. સંસ્થાએ આજ સુધીમાં ૧૦૦ જેટલા પુસ્તકો પ્રગટ કરી સમાજમાં બહોળો પ્રચાર કર્યો છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથી.

જ્ઞાનસાગર, થોકસંગ્રહ, જૈન તત્ત્વ પ્રકાશ, સમર્થ સમાધાન, જૈન તત્ત્વપૃચ્છા, આચારાંગ, સૂયગડાંગ, દશવૈકાલિકસૂત્ર અને વ્યાખ્યાન સંગ્રહો, ચરિત્રો વગેરે પ્રગટ કરી આ સંસ્થાએ શક્ય એટલી સાહિત્ય સેવા કરી છે અને સમાજે તેને બિરદાવી છે તે માટે અમે સમાજના આભારી છીએ.

જૈન તત્ત્વ પ્રકાશ નામક આ ગ્રંથને જૈન તત્ત્વજ્ઞાનનું હાર્દ કે આગમગ્રંથોનો નિચોડ કહી શકાય, કેમકે લેખક મુનિશ્રીએ ખૂબ ચિંતન, મનનપૂર્વક આ ગ્રંથમાં અનેક તત્ત્વદર્શી વિષયો રજુ કર્યા છે તે માટે સમાજ લેખક મુનિશ્રીનો ખૂબ ઋણી છે. આ ગ્રંથની ચાર આવૃત્તિઓ હિંદી ભાષામાં અને ચાર આવૃત્તિઓ ગુજરાતી ભાષામાં આ અગાઉ પ્રગટ થઈ ચુકેલ છે, છતાં ગુર્જર ભાષા ભાષી જનતાની ખૂબ જ માગણી હોઈ આ સંસ્થા તરફથી વધુ એક નવી આવૃત્તિ પ્રગટ કરીએ છીએ તેને જનતા હર્ષપૂર્વક વધાવી લેશે એવી અમને આશા છે.

આ નવી આવૃત્તિના સંશોધનનું તથા વ્યવસ્થાનું સઘળું કાર્ય સ્થા. જૈન પત્ર (અમદાવાદ)ના તંત્રી શ્રી જીવણલાલ છ. સંઘવીએ ટુંક સમયમાં કરી આપ્યું છે તે માટે અમે તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકને સર્વાંશે શુદ્ધ કરવામાં પૂરતી કાળજી રાખવામાં આવી છે, તેમ છતાં દૃષ્ટિદોષ કે મુદ્રણદોષના કારણે ભૂલો રહી જવા પામી હોય તો તેને સુધારી લેવા વિનંતી છે.

વૈશાખ શુદ ૩, અક્ષય તૃતીયા
તા. ૨૬-૪-૧૯૮૨
દિવાનપરા, રાજકોટ

શામજી વેલજી વિરાણી
જૈન ધાર્મિક શિક્ષણ સંઘ

ટ્રસ્ટ રજીસ્ટર નં. A-૪૮૯-રાજકોટ

શ્રી શામજી વેલજી વિરાણી
સ્થા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ

રાજકોટ-૩૬૦ ૦૦૧.

: સંચાલકો :

શ્રી નગીનદાસ રામજીભાઈ વિરાણી

- પ્રમુખ -

શ્રી મોહનલાલ કસ્તુરચંદભાઈ શાહ
શ્રી નરભેરામ પાનાચંદ મહેતા
શ્રી મગનલાલ પોપટલાલ કામદાર

- ઉપપ્રમુખો -

શ્રી કાન્તિલાલ ખીમચંદ મહેતા
શ્રી ભૂપતલાલ વૃજલાલ શાહ
શ્રી ચંપકલાલ છોટાલાલ મહેતા

- માનદ્ મંત્રીઓ -

આપણા સમાજના બાળકોમાં ધાર્મિક સુસંસ્કારોનું પાયામાંથી સિંચન થાય અને ભવિષ્યમાં થનારા શ્રાવક-શ્રાવિકાઓના જીવન આદર્શ બને એજ સંસ્થાનું મુખ્ય ધ્યેય છે.

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧.	પ્રવેશિકા-મંગલાચરણ, ગ્રંથનો મૂળ પાયો	૧
૨.	બે પ્રકારના સિદ્ધનું સ્વરૂપ	૧
૩.	તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરવાના ૨૦ બોલ	૨
૪.	અરિહંતના ૧૨ ગુણો	૬
૫.	અરિહંતના ૩૪ અતિશય	૮
૬.	અરિહંતની વાણીના ૩૫ બોલ	૧૦
૭.	અરિહંત ૧૮ દોષરહિત હોય છે.	૧૩
૮.	અરિહંતને નમોત્થુણં	૧૫
૯.	દસ કર્મભૂમિના ત્રણ કાળના તીર્થંકરોની ચોવીસી-૭૨૦ તીર્થંકરોનાં નામો	૧૯
૧૦.	જંબૂદ્વીપ ભરતક્ષેત્રના વર્તમાનના ૨૪ તીર્થંકરોનાં નામ અને વિગત	૨૦
૧૧.	જંબુદ્વીપ ઐરવતના ૭૨ તીર્થંકર	૩૧
૧૨.	પૂર્વ ધાતકીખંડ ભરતના ૭૨ જિન	૩૨
૧૩.	પૂર્વ ધાતકીખંડ ઐરવતના ૭૨ જિન	૩૩
૧૪.	પૂર્વ પુષ્કરાર્ધ ભરતના ૭૨ જિન	૩૪
૧૫.	પશ્ચિમ ધાતકીખંડ ઐરવતના ૭૨ જિન	૩૫
૧૬.	પૂર્વ પુષ્કરાર્ધ ભરતના ૭૨ જિન	૩૬
૧૭.	પૂર્વ પુષ્કરાર્ધ ઐરવતના ૭૨ જિન	૩૭
૧૮.	પશ્ચિમ પુ. ભરતના ૭૨ જિન	૩૮
૧૯.	પશ્ચિમ પુ. ઐરવતના ૭૨ જિન	૩૯
૨૦.	પંચ મહાવિદેહના ૧૬૦ તીર્થંકરોનાં નામ	૪૦
૨૧.	વીસ વિહરમાન તીર્થંકર	૪૨
૨૨.	૧૬૮૦ જિનની સંખ્યા-ફુટનોટમાં	૪૭

ક્રમ	વિષય	પૃષ્ઠ

પ્રકરણ ૨ જું : સિદ્ધના ગુણ

૨૩.	સિદ્ધસ્થાનના પ્રશ્નોત્તર	૫૦
૨૪.	લોકાલોકનું વર્ણન	૫૧
૨૫.	રજ્જુ પ્રમાણ, યોજન પ્રમાણ–નોટમાં	૫૧
૨૬.	અધોલોક નરકનું વર્ણન	૫૨
૨૭.	પરમાધામીકૃત વેદના	૫૭
૨૮.	દસ પ્રકારની ક્ષેત્રવેદના	૬૧
૨૯.	ભવનપતિ દેવનું વર્ણન	૬૪
૩૦.	મધ્યલોકનું વર્ણન	૬૮
૩૧.	મનુષ્ય લોક અને મેરુ પર્વતનું વર્ણન	૭૧
૩૨.	જંબુદ્વીપનું વર્ણન	૭૨
૩૩.	કાલચક્રનું વર્ણન	૭૫
૩૪.	પંદર કુલકરો	૭૭
૩૫.	૪ કુળ, ૩૬ જાતિ, પુરૂષની ૭૨ કળા, સ્ત્રીની ૬૪ કળા–નોટમાં	૭૮
૩૬.	૧૮ લિપિ, ૧૪ વિદ્યા	૭૯
૩૭.	ચક્રવર્તીની ઋદ્ધિ	૮૧
૩૮.	કામદેવ, રુદ્ર અને નારદનાં નામો	૮૭
૩૯.	પાંચમા આરાના ૩૦ બોલ	૮૮
૪૦.	છઠ્ઠા આરાના દુઃખનું વર્ણન	૮૯
૪૧.	ઉત્સર્પિણી કાળનું વર્ણન	૯૧
૪૨.	મેરુથી દક્ષિણ ઉત્તરનાં ક્ષેત્રો, નદીઓ, પર્વતો, દ્રહ, વગેરેનું વર્ણન	૯૧
૪૩.	દક્ષિણ ઉત્તરના લાખ યોજનનો હિસાબ–નોટમાં	૯૮
૪૪.	મહાવિદેહનું વર્ણન–૩૩ ક્ષેત્ર	૯૮
૪૫.	પૂર્વ પશ્ચિમના લાખ યોજનનો હિસાબ–નોટમાં	૧૦૨
૪૬.	લવણ સમુદ્ર ૫૬ અંતરદ્વીપ	૧૦૩
૪૭.	ચાર પાતાલ કળશા	૧૦૪
૪૮.	ધાતકીખંડ, કાલોદધિ અને પુષ્કરદ્વીપ	૧૦૫
૪૯.	જ્યોતિષ ચક્ર	૧૦૯
૫૦.	ગ્રહ-નક્ષત્રોનાં નામ–નોટમાં	૧૧૨

ક્રમ	વિષય	પૃષ્ઠ
૫૧.	ઊર્ધ્વલોક–૧૨ દેવલોક	૧૧૩
૫૨.	ઈન્દ્રની ઋદ્ધિનો યંત્ર	૧૧૪
૫૩.	નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન	૧૧૫
૫૪.	ઘનાકાર ૩૪૩ રજ્જુ	૧૨૪
૫૫.	સિદ્ધ ભગવાનનું વર્ણન	૧૨૫

પ્રકરણ ૩ ત્રીજું : આચાર્ય

ક્રમ	વિષય	પૃષ્ઠ
૫૬.	આચાર્યના ૩૬ ગુણો	૧૩૩
૫૭.	પંચ મહાવ્રત પંચાચાર–જ્ઞાનના ૮ આચાર	૧૩૩
૫૮.	કાલિક ઉત્કાલિક સૂત્ર ૩૪ અસજ્ઝાય–નોટ	૧૪૦
૫૯.	૩૩ આશાતના–નોટ	૧૪૧
૬૦.	દર્શનના ૮ આચાર	૧૪૩
૬૧.	ચારિત્રના ૮ આચાર	૧૪૫
૬૨.	પાંચ સમિતિ, ૩ ગુપ્તિ	૧૪૫
૬૩.	આહારના ૯૬ દોષ–નોટ	૧૪૭
૬૪.	તપાચાર–બે પ્રકારના તપ	૧૫૫
૬૫.	અનશન તપના વિવિધ પ્રકાર	૧૫૬
૬૬.	ઊણોદરી તપ	૧૫૮
૬૭.	ભિક્ષાચારી તપ	૧૫૮
૬૮.	રસ પરિત્યાગ તપ	૧૬૧
૬૯.	પ્રતિસંલીનતા તપ	૧૬૧
૭૦.	પ્રાયશ્ચિત્ત તપ	૧૬૭
૭૧.	વિનય તપ	૧૬૯
૭૨.	વૈયાવચ્ચના ૧૦ પ્રકાર	૧૭૨
૭૩.	સ્વાધ્યાય તપ	૧૭૨
૭૪.	કનકાવલી આદિ તપનાં યંત્રો	૧૭૩
૭૫.	ધ્યાન તપના ૪૮ પ્રકાર	૧૭૬
૭૬.	વ્યુત્સર્ગ તપ	૧૮૧
૭૭.	આઠ કર્મબંધની પ્રકૃતિ–નોટ	૧૮૨
૭૮.	વીર્યાચાર	૧૮૪
૭૯.	પાંચ ઇન્દ્રિય નિગ્રહ	૧૮૭
૮૦.	બ્રહ્મચર્યની નવ વાડ	૧૮૯

ક્રમ	વિષય	પૃષ્ઠ
૮૧.	ચાર કષાયના નિગ્રહનો સદ્બોધ	૧૯૨
૮૨.	ચાર કષાયના ૫૨૦૦ ભાંગા	૧૯૮
૮૩.	આચાર્ય ૩૬ ગુણધારક હોય	૨૦૧
૮૪.	આચાર્યની ૮ સંપદા	૨૦૩
૮૫	ચાર વિનય	૨૦૬
	પ્રકરણ ૪ થું : ઉપાધ્યાય	
૮૬.	વિનીત અવિનીતનાં લક્ષણ	૨૦૮
૮૭.	ઉપાધ્યાયજીના ૨૫ ગુણ	૨૦૯
૮૮.	દ્વાદશાંગ સૂત્ર	૨૦૯
૮૯.	દૃષ્ટિવાદ અને ૧૪ પૂર્વ	૨૩૧
૯૦.	બાર ઉપાંગ	૨૩૪
૯૧.	પરદેશી રાજાની કથા-નોટમાં	૨૩૪
૯૨.	ચાર છેદસૂત્ર	૨૪૯
૯૩.	ચાર મૂળસૂત્ર	૨૫૩
૯૪.	નંદી સૂત્રમાં ૭૨ સૂત્રનાં નામ	૨૫૫
૯૫.	કરણ સિત્તરી	૨૫૬
૯૬.	બાર ભાવના કથા સહિત	૨૫૯
૯૭.	અભિગ્રહના ૪ પ્રકાર	૨૭૮
૯૮.	ચરણ સિત્તરી	૨૭૯
૯૯.	દસ પ્રકારનો સાધુનો ધર્મ	૨૭૯
૧૦૦.	ક્રોધના દુર્ગુણ અને ક્ષમાના ગુણ	૨૭૯
૧૦૧.	લોભના દુર્ગુણ : સંતોષના ગુણ	૨૮૦
૧૦૨.	કપટના દુર્ગુણ : સરળતાના ગુણ	૨૮૬
૧૦૩.	માનના દુર્ગુણ : નમ્રતાના ગુણ	૨૮૭
૧૦૪.	મમત્વના દુર્ગુણ : લઘુત્વના ગુણ	૨૮૮
૧૦૫.	અન્યાયના દુર્ગુણ : સત્યના ગુણ	૨૯૨
૧૦૬.	સંયમની દુર્લભતા	૨૯૪
૧૦૭.	તપનું માહાત્મ્ય	૨૯૫
૧૦૮.	જ્ઞાનનું માહાત્મ્ય-જ્ઞાનીનાં લક્ષણ	૨૯૭
૧૦૯.	વિષયના દુર્ગુણ-બ્રહ્મચર્યના ગુણ	૨૯૮
૧૧૦.	સત્તર પ્રકારનો સંયમ	૩૦૧

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૧૧.	આઠ પ્રભાવના	૩૦૭
૧૧૨.	ઉપાધ્યાયજીની ૧૬ ઉપમા	૩૧૧

પ્રકરણ ૫ મું : સાધુજીના ગુણ

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૧૩.	ચાર પ્રકારના સાધુનાં નામ	૩૧૫
૧૧૪.	સાધુજીના ૨૭ ગુણ	૩૧૭
૧૧૫.	બાવીસ પરિષહ	૩૨૧
૧૧૬.	બાવન અનાચરણ	૩૨૫
૧૧૭.	વીસ અસમાધિ દોષ	૩૨૮
૧૧૮.	એકવીસ સબળા દોષ	૩૩૦
૧૧૯.	બત્રીસ યોગ સંગ્રહ	૩૩૧
૧૨૦.	૭ પ્રકારના નિગ્રંથ	૩૩૪
૧૨૧.	અવંદનીય સાધુ	૩૩૭
૧૨૨.	સાધુની ૮૪ ઉપમા	૩૩૯
૧૨૩.	સાધુની ૩૨ ઉપમા	૩૪૫
૧૨૪.	અંતિમ મંગલાચરણ	૩૫૧

દ્વિતીય ખંડ

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૨૫.	મૂળ ગાથાનો ઉત્તરાર્ધ સાર્થ	૩૫૨

પ્રકરણ પહેલું : ધર્મની પ્રાપ્તિ

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૨૬.	ધર્મ-પ્રાપ્તિની દુર્લભતા	૩૫૪
૧૨૭.	પુદ્ગલ પરાવર્તન	૩૫૭
૧૨૮.	દ્રવ્યાદિની સૂક્ષ્મતા-નોટ	૩૬૦
૧૨૯.	મનુષ્યભવની દુર્લભતા	૩૬૧
૧૩૦.	જાતિ કુલકોડીનો હિસાબ	૩૬૩
૧૩૧.	આર્ય ક્ષેત્રની દુર્લભતા	૩૬૬
૧૩૨.	આર્ય દેશ	૩૬૭
૧૩૩.	ઉત્તમ કુળની દુર્લભતા	૩૬૮
૧૩૪.	નીચ ઊંચ કુળનાં લક્ષણ	૩૬૯
૧૩૫	દીર્ઘાયુષ્યની દુર્લભતા	૩૭૧
૧૩૬.	સો વર્ષના સુખનો હિસાબ	૩૭૧
૧૩૭.	પૂર્ણ ઇન્દ્રિયની દુર્લભતા	૩૭૪
૧૩૮	નીરોગી શરીરની દુર્લભતા	૩૭૫

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૩૯	સદ્‌ગુરુ સમાગમની દુર્લભતા	૩૭૫
૧૪૦.	સદ્‌વક્તાના ૨૫ ગુણ	૩૭૮
૧૪૧.	સદ્‌ગુરુ સંગથી ૧૦ ગુણોની પ્રાપ્તિ	૩૮૧
૧૪૨.	શાસ્ત્ર શ્રવણની દુર્લભતા	૩૮૧
૧૪૩.	શ્રોતાના ગુણો	૩૮૪
૧૪૪.	શ્રોતાના ગુણદોષોના છપ્પા	૩૮૫
૧૪૫.	ચૌદ પ્રકારના શ્રોતા	૩૮૯
૧૪૬.	શુદ્ધ શ્રદ્ધાની દુર્લભતા	૩૯૦
૧૪૭.	શુદ્ધ સ્પર્શનાની દુર્લભતા	૩૯૦
૧૪૮.	દસ બોલની દુર્લભતા	૩૯૪
	પ્રકરણ બીજું : સૂત્રધર્મ	
૧૪૯.	જ્ઞાન માહાત્મ્ય	૩૯૭
૧૫૦.	નવતત્ત્વના નામ-સૂત્રથી	૩૯૮
૧૫૧.	જીવતત્ત્વ	૩૯૯
૧૫૨.	જીવના ૧૪ તથા ૫૬૩ ભેદ	૪૦૦
૧૫૩.	નારકીના ૧૪ ભેદ	૪૦૨
૧૫૪.	તિર્યંચના ૪૮ ભેદ	૪૦૨
૧૫૫.	મનુષ્યના ૩૦૩ ભેદ	૪૧૧
૧૫૬.	દેવતાના ૧૯૮ ભેદ	૪૧૩
૧૫૭.	અજીવ તત્ત્વ-તેના ભેદ	૪૧૪
૧૫૮.	પુણ્યતત્ત્વ-તેના ભેદ	૪૧૮
૧૫૯.	પાપતત્ત્વ-તેના ભેદ	૪૨૦
૧૬૦.	આશ્રવ તત્ત્વ : તેના ભેદ	૪૨૨
૧૬૧.	પચીસ પ્રકારની ક્રિયા	૪૨૩
૧૬૨.	સંવરતત્ત્વ-તેના ભેદ	૪૩૪
૧૬૩.	નિર્જરા અને બંધતત્ત્વ	૪૩૫
૧૬૪.	પ્રકૃતિબંધ ૮ કર્મની પ્રકૃતિ	૪૩૬
૧૬૫.	સ્થિતિબંધ ૮ કર્મની સ્થિતિ	૪૪૪
૧૬૬.	અનુભાગ અને પ્રદેશબંધ	૪૪૬
૧૬૭.	મોક્ષતત્ત્વ મોક્ષનાં ૪ સાધન	૪૪૮
૧૬૮.	નવ તત્ત્વની ચર્ચા	૪૫૦

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૬૯.	સાત નયનું સ્વરૂપ	૪૫૨
૧૭૦.	સાત નય પર દૃષ્ટાંત	૪૫૮
૧૭૧.	નવ તત્ત્વ પર સાત નય	૪૬૨
૧૭૨.	સપ્તભંગની સમજણ—નોટ	૪૬૩
૧૭૩.	ચાર નિક્ષેપ	૪૭૨
૧૭૪.	નવ તત્ત્વ પર ચાર નિક્ષેપ	૪૭૫
૧૭૫.	પાંચ ભાવનું સ્વરૂપ—નોટ	૪૭૫
૧૭૬.	ચાર પ્રમાણ	૪૭૯
૧૭૭.	પાંચ ઇંદ્રિયોના વિષય	૪૭૯
૧૭૮.	પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન	૪૮૦
૧૭૯.	અવધિજ્ઞાનનો ક્ષેત્ર, કાળ અને વિષય—નોટ	૪૮૫
૧૮૦.	નવ તત્ત્વ ઉપર ૪ પ્રમાણ	૪૯૧
૧૮૧.	૬ લેશ્યાનો યંત્ર	૪૯૬
૧૮૨.	ચૌદ ગુણસ્થાનક સંક્ષેપ	૪૯૭
૧૮૩.	જ્ઞાનની આવશ્યકતા	૫૦૦

પ્રકરણ ત્રીજું : મિથ્યાત્વ

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૮૪.	મિથ્યાત્વના ૨૫ પ્રકાર	૫૦૪
૧૮૫.	અભિગ્રહિક મિથ્યાત્વ	૫૦૪
૧૮૬.	અનાભિગ્રહિક મિથ્યાત્વ	૫૦૬
૧૮૭.	અભિનિવેશિક મિથ્યાત્વ	૫૧૦
૧૮૮.	સાંશયિક મિથ્યાત્વ	૫૧૧
૧૮૯.	અનાભોગ મિથ્યાત્વ	૫૧૧
૧૯૦.	લૌકિક મિથ્યાત્વ	૫૧૨
૧૯૧.	લોકોત્તર મિથ્યાત્વ	૫૧૪
૧૯૨.	કુપ્રાવચનિક મિથ્યાત્વ	૫૧૫
૧૯૩.	ગુરુગત કુપ્રાવચન મિથ્યાત્વ	૫૧૮
૧૯૪.	પાખંડીના ૩૬૩ ભેદ અને પાંચ સમવાયનું સ્વરૂપ	૫૧૯
૧૯૫.	ક્રિયાવાદીનું સ્વરૂપ	૫૨૬
૧૯૬.	અક્રિયાવાદીનું સ્વરૂપ	૫૨૭
૧૯૭.	અજ્ઞાનવાદીનું સ્વરૂપ	૫૨૮
૧૯૮.	વિનયવાદીનું સ્વરૂપ	૫૩૦

ક્રમ	વિષય	પૃષ્ઠ
૧૯૯.	હિંસક યજ્ઞનો શાસ્ત્રીય પ્રમાણોથી નિષેધ	૫૩૧
૨૦૦.	વનસ્પતિની હિંસાનો નિષેધ	૫૩૪
૨૦૧.	ક્ષુદ્ર જીવોની હિંસાનો નિષેધ	૫૩૫
૨૦૨.	એકાદશી વ્રત વિષે	૫૩૯
૨૦૩.	ન્યૂનાધિક વિપરીત મિથ્યાત્વ	૫૪૦
૨૦૪.	સૃષ્ટિકર્તૃત્વ વિપરીત મિથ્યાત્વ	૫૪૦
૨૦૫.	સૃષ્ટિકર્તૃત્વ ખંડન પ્રશ્નોત્તરી	૫૪૪
૨૦૬.	સાત નિન્હવ	૫૫૫
૨૦૭.	શત્રુંજય ગિરિ શાશ્વત નથી	૫૬૧
૨૦૮.	મુહપત્તી મુખ પર બાંધવાનાં અનેક પ્રમાણો	૫૬૨
૨૦૯.	દિગંબર ગ્રંથોથી સ્ત્રીમોક્ષ સિદ્ધિ, પ્રતિમા નિષેધ, વસ્ત્ર અને ધોવણ લેવા યોગ્ય	૫૬૪
૨૧૦.	ધર્મને અધર્મ સરધે તો મિથ્યાત્વ	૫૬૬
૨૧૧.	અધર્મને ધર્મ ,, ,,	૫૬૭
૨૧૨.	સાધુને અસાધુ ,, ,,	૫૬૮
૨૧૩.	અસાધુને સાધુ ,, ,,	૫૭૦
૨૧૪.	જીવને અજીવ ,, ,,	૫૭૧
૨૧૫.	અજીવને જીવ ,, ,,	૫૭૨
૨૧૬.	સન્માર્ગને ઉન્માર્ગ ,, ,,	૫૭૨
૨૧૭.	ઉન્માર્ગને સન્માર્ગ ,, ,,	૫૭૫
૨૧૮.	કોરી નમસ્કાર-નોટ ,, ,,	૫૭૫
૨૧૯	રૂપીને અરૂપી સરધે તો મિથ્યાત્વ	૫૭૫
૨૨૦.	અરૂપીને રૂપી ,, ,,	૫૭૬
૨૨૧,	અવિનય અને આશાતના મિથ્યાત્વ	૫૭૬
૨૨૨.	અક્રિયા અને અજ્ઞાન મિથ્યાત્વ	૫૮૧
૨૨૩.	અજ્ઞાન મિથ્યાત્વ	૫૮૨
૨૨૪.	ચારિત્ર ધર્મ	૫૮૩

પ્રકરણ ચોથું—સમ્યક્ત્વ

૨૨૫.	સમ્યક્ત્વ માહાત્મ્ય	૫૮૪
૨૨૬.	સમ્યક્ત્વની દુર્લભતા	૫૮૪
૨૨૭.	સમ્યક્ત્વના ૭ પ્રકાર	૫૮૭

ક્રમ	વિષય	પૃષ્ઠ
૨૨૮.	અનંતાનુબંધીનો ખુલાસો–નોટ	૫૯૦
૨૨૯.	સમકિતના પાંચ પ્રકાર	૫૯૧
૨૩૦.	નિશ્ચય અને વ્યવહાર સમકિત	૫૯૯
૨૩૧.	વ્યવહાર સમકિતના ૬૭ બોલ	૬૦૦
૨૩૨.	ચાર શ્રદ્ધા	૬૦૦
૨૩૩.	ત્રણ લિંગ–લેશ્યાનું દૃષ્ટાંત	૬૦૪
૨૩૪.	દસ પ્રકારનો વિનય	૬૦૬
૨૩૫.	ત્રણ શુદ્ધતા	૬૦૮
૨૩૬.	પાંચ દૂષણ	૬૦૯
૨૩૭.	ધર્મની ૧૬ કળા–નોટ	૬૧૧
૨૩૮.	ઉવવાઈ સૂત્રાનુસાર કરણીનાં ફળ	૬૧૨
૨૩૯.	અકામ કષ્ટનું ફળ	૬૧૨
૨૪૦.	અજ્ઞાન તપનું ફળ	૬૧૩
૨૪૧.	સંન્યાસીના આચાર અને ફળ	૬૧૩
૨૪૨.	સાંખ્ય મતની ઉત્પત્તિ–નોટ	૬૧૭
૨૪૩.	અંબડ સંન્યાસીનું વૃત્તાંત	૬૧૮
૨૪૪.	નિન્હવોની ગતિ	૬૨૦
૨૪૫.	પશુ પણ વ્રત પાળી દેવ થાય	૬૨૧
૨૪૬.	સુશ્રાવકના આચાર અને ફળ	૬૨૩
૨૪૭.	સુસાધુના આચાર અને ફળ	૬૨૩
૨૪૮.	સમકિતના ૪–૫ અતિચાર	૬૨૪
૨૪૯.	સમકિતના ૫ લક્ષણ	૬૨૪
૨૫૦.	ભિક્ષુકનું સ્વપ્ન–નોટ	૬૨૭
૨૫૧.	ઇંગાલમર્દનાચાર્ય–નોટ	૬૨૮
૨૫૨.	મંડુકજી શ્રાવક–નોટ	૬૩૦
૨૫૩.	જૈનધર્મની પ્રાચીનતા વિષે વેદ પુરાણોનાં પ્રમાણો	૬૩૧
૨૫૪.	સાધુ ૫૦૦૦ વર્ષ પહેલાં પણ મુહપત્તી બાંધતા હતા	૬૩૩
૨૫૫.	પુરાણમાં કહેલા ગૌતમઋષિ તે મહાવીરના શિષ્ય હતા	૬૩૩
૨૫૬.	સમકિતનાં ૫ ભૂષણ	૬૩૭
૨૫૭.	સાચા તીર્થનું સ્વરૂપ	૬૩૭
૨૫૮.	ધર્મમાં આત્માને સ્થિર કરવાનો બોધ	૬૪૦

ક્રમ	વિષય	પૃષ્ઠ
૨૫૯.	સમકિતની ૮ પ્રભાવના	૬૪૪
૨૬૦.	જૈનો મદિરા માંસભોગી ન જ હોય	૬૪૭
૨૬૧.	સમકિતની ૬ યતના	૬૫૧
૨૬૨.	૭ આગાર અને ૭ છીંડી	૬૫૧
૨૬૩.	સમકિતની ૭ ભાવના	૬૫૬
૨૬૪.	૭ સ્થાનકનું અસ્તિત્વ	૬૫૮
૨૬૫.	સમકિતની ૧૦ રુચિ	૬૬૩
૨૬૬.	સમકિતની હિતશિક્ષા	૬૬૬
૨૬૭.	સમકિતનું ફળ	૬૬૯
	પ્રકરણ ૫ મું : સાગારી ધર્મ–શ્રાવકાચાર	
૨૬૮.	શ્રાવકના ગુણો	૬૭૦
૨૬૯.	શ્રાવકની વ્યાખ્યા	૬૭૨
૨૭૦.	ઠાણાંગ સૂત્રથી શ્રાવકના પ્રકાર	૬૭૨
૨૭૧.	શ્રાવકના ૨૧ ગુણ	૬૭૪
૨૭૨.	સપ્ત દુર્વ્યસનોનું પરિણામ–નોટ	૬૭૫
૨૭૩.	૩ જણના ગુણનો બદલો વાળવો મુશ્કેલ–નોટ	૬૭૯
૨૭૪.	શ્રાવકનાં ૨૧ લક્ષણ	૬૮૧
૨૭૫.	શ્રાવકનાં ૧૨ વ્રત અને ૫ અણુવ્રત	૬૮૪
૨૭૬.	ત્રસ જીવની રક્ષાના ઉપાય	૬૮૫
૨૭૭.	રાત્રિભોજનનું પાપ–નોટ	૬૮૭
૨૭૮.	અણગળ પાણી પીવાનું પાપ	૬૮૭
૨૭૯.	સ્થાવરની રક્ષાનો બોધ	૬૯૦
૨૮૦.	શ્રાવકની સવા વસો દયા	૬૯૪
૨૮૧.	પહેલા વ્રતના ૫ અતિચાર	૬૯૪
૨૮૨.	અતિક્રમ આદિના અર્થ–નોટ	૬૯૪
૨૮૩.	બીજું અણુવ્રત–સ્થૂલ મૃષાવાદ	૭૦૧
૨૮૪.	બીજા વ્રતના ૫ અતિચાર	૭૦૬
૨૮૫.	ભાષાના ૮ ગુણ–નોટ	૭૦૯
૨૮૬.	જૂઠ બોલવાના ૧૪ કારણ	૭૧૧
૨૮૭.	ત્રીજું અણુવ્રત–ચોરી ત્યાગ	૭૧૪
૨૮૮.	પાંચ પ્રકારની મોટી ચોરી	૭૧૪

ક્રમ	વિષય	પૃષ્ઠ
૨૮૯.	ત્રીજા વ્રતના ૫ અતિચાર	૭૧૬
૨૯૦.	ચોરની ૧૮ પ્રકૃતિ–નોટ	૭૧૭
૨૯૧.	વેપારમાં ભેળસેળનું પાપ–નોટ	૭૧૯
૨૯૨.	ચોથું અણુવ્રત સ્વસ્ત્રી સંતોષ	૭૨૧
૨૯૩.	મૈથુનમાં ઘણા જીવોની હિંસા	૭૨૧
૨૯૪.	ચોથા વ્રતના ૫ અતિચાર	૭૨૪
૨૯૫.	પાંચમું અણુવ્રત–પરિસંગ્રહ પરિમાણ	૭૨૯
૨૯૬.	પાંચમા વ્રતના ૫ અતિચાર	૭૩૬
૨૯૭.	પરિગ્રહથી ધર્મ પણ થાય–નોટ	૭૩૬
૨૯૮.	ત્રણ ગુણવ્રત–છઠ્ઠું દિશિ પરિમાણ વ્રત	૭૩૮
૨૯૯.	છઠ્ઠા વ્રતના ૫ અતિચાર	૭૪૦
૩૦૦.	સાતમું ભોગોપભોગ પરિમાણ વ્રત	૭૪૧
૩૦૧.	છવ્વીસ વસ્તુની મર્યાદાનો બોધ	૭૪૧
૩૦૨.	બાવીસ અભક્ષ્ય	૭૪૪
૩૦૩.	માંસભક્ષણનું મહાપાપ–નોટ	૭૪૬
૩૦૪.	બત્રીસ અનંતકાય	૭૪૮
૩૦૫.	સાતમા વ્રતના વીસ અતિચાર	૭૫૦
૩૦૬.	પંદર કર્માદાન અર્થ સહિત	૭૫૦
૩૦૭.	આઠમું અનર્થદંડ વિરમણ વ્રત	૭૫૫
૩૦૮.	આઠમા વ્રતના ૫ અતિચાર	૭૫૯
૩૦૯.	ચાર શિક્ષાવ્રત	૭૬૧
૩૧૦.	નવમું સામાયિક વ્રત	૭૬૩
૩૧૧.	મુહપત્તીનું પ્રમાણ–નોટ	૭૬૩
૩૧૨.	પાંચ પ્રકારના દેવ ,,	૭૬૪
૩૧૩.	નવમા વ્રતના ૫ અતિચાર તથા ૩૨ દોષ	૭૬૭
૩૧૪.	સામાયિક વિષે પ્રશ્નોતર	૭૬૮
૩૧૫.	સામાયિકનું ફળ	૭૭૧
૩૧૬.	દસમું દેશાવગાસિક વ્રત	૭૭૨
૩૧૭.	સત્તર નિયમ	૭૭૩
૩૧૮.	દયાપાલન–વ્રત	૭૭૪
૩૧૯.	દસ પ્રત્યાખ્યાન	૭૭૫
૩૨૦.	દસમા વ્રતના ૫ અતિચાર	૭૭૮

ક્રમ	વિષય	પૃષ્ઠ
૩૨૧.	અગિયારમું પોષધવ્રત	૭૭૯
૩૨૨.	પોષધવ્રતના ૧૮ દોષ અને ૫ અતિચાર	૭૮૩
૩૨૩.	પોષધવ્રતનું ફળ	૭૮૩
૩૨૪.	બારમું અતિથિ સંવિભાગ વ્રત	૭૮૭
૩૨૫.	બારમા વ્રતના ૫ અતિચાર	૭૯૦
૩૨૬.	શ્રાવકની ૧૧ પ્રતિમા	૭૯૪
૩૨૭.	સાચા શ્રાવકનાં લક્ષણ	૭૯૭

પ્રકરણ છઠ્ઠું : અંતિમ શુદ્ધિ

ક્રમ	વિષય	પૃષ્ઠ
૩૨૮.	મૃત્યુના ૧૭ પ્રકાર	૭૯૮
૩૨૯.	મૃત્યુના મુખ્ય બે પ્રકાર	૮૦૦
૩૩૦.	સાગારી સંથારો	૮૦૩
૩૩૧.	અણગારી સંથારો–સંલેખના	૮૦૪
૩૩૨.	સંથારાનો વિધિ	૮૦૪
૩૩૩.	મૃત્યુ પરીક્ષા લક્ષણ–નોટ	૮૦૪
૩૩૪.	સંલેખનાના ૫ અતિચાર	૮૦૯
૩૩૫.	સમાધિમરણવાળાની મહાન વૈરાગ્યોત્પાદક ૩૦ ભાવના	૮૦૯
૩૩૬.	સંથારા વિષયક પ્રશ્નોત્તર	૮૧૯
૩૩૭.	સમાધિમૃત્યુસ્થિતિનાં ૪ ધ્યાન	૮૨૧
૩૩૮.	સ્તોત્રો અને છંદો	૮૨૬
૩૩૯.	મોટી સાધુ વંદણા	૮૩૨
૩૪૦.	પચ્ચક્ખાણ પાળવા માટેનું કાયમી કોષ્ટક	૮૪૧

ચિત્રો

(૧) અઢી દ્વીપનો નકશો (૨) સુદર્શન મેરૂ પર્વત (૩) બે ઇન્દ્રિય જીવો તથા, તે ઇન્દ્રિય જીવો (૪) ચૌરેન્દ્રિય જીવો (૫) પંચેન્દ્રિય જીવો (૬) પાણીના એક ટીપામાં રહેલા ત્રસ જીવો.

સ્વ. શેઠશ્રી રામજીભાઇ શામજીભાઈ વીરાણી

સ્વર્ગવાસ : તા. ૧૯-૪-૧૯૭૩

સં. ૨૦૨૯ ચૈત્ર વદ ૨

રાજકોટ નિવાસી ધર્માનુરાગી સુશ્રાવિકા
પૂ. માતુશ્રી સમરતબેન રામજીભાઇ વીરાણી

દેહ વિલય :

શ્રાવણ વદ ૮ : : સંવત ૨૦૩૭

તા. ૨૨-૮-૮૧ શનિવાર (રાજકોટ)

પંચેંદ્રિય જીવો
નારકી
ગાય (ચતુષ્પદ)
સ્થળચર
(જલચર)
સુસુમાર
મત્સ્ય
સર્પ (ઉરઃપરિસર્પ)
નોળીયો (ભુજ પરિસર્પ)
કાચબો
પોપટ (ખેચર) ચામાચીડિયું
ઝુંડ
મનુષ્ય
દેવ
મગર

'સિંધ પદાર્થ વિજ્ઞાન' નામનું પુસ્તક અલ્લાહાબાદ ગવર્નમેન્ટ પ્રેસમાં છપાયેલ છે, જેમાં કેપ્ટન સ્કોર્સબીએ દૂરબીનથી પાણીના એક ટીપામાં ૩૬૪૫૦ જીવો હાલતા ચાલતા જોયા તેનું આ ચિત્ર છે

નોંધ : ઉપરના જળબિંદુના ચિત્રમાં બતાવેલા જીવો ત્રસ જીવ છે. પાણીના જીવો તો જળરૂપ જ છે. તેથી તેની ગણતરી થઇ શકે નહીં. એક ટીપામાં ૩૬૪૫૦ ત્રસ જીવો હોય એમ પ્રત્યક્ષ દેખાય છે. તો સર્વજ્ઞાની કહ્યા મુજબ પાણીના જીવો પણ અસંખ્યાતા હોઈ શકે, એમ આથી સિદ્ધ થાય છે.


સુદર્શન મેરૂ પર્વત
:૧૦૦૦૦૦ યોજન ઉંચો છે :
ચૂલિકા
તળિયામાં ૧૨ યોજન, મધ્યમાં ૮ યોજન, અંતમાં ૪ યોજન પહોળી વૈડૂર્ય (લીલા) રત્નમય એક ચૂલિકા-
પંડગવનમાં તીર્થંકરોના જન્મ-મહોત્સવઈન્દ્રો કરે છે:
૪૯૪ યોજન પહોળું પંડગવન
બધા જયોતિષીઓ મેરૂની પ્રદક્ષિણા હંમેશાં કરે છે:
૧૦૦૦ યોજન પહોળું પંડગવન
સોમનસ વનથી ૩૬૦૦૦ યોજન ઉપર પંડગવન
શનિ ૩ યોજન
મંગળ ૩ યોજન
બૃહસ્પતિ ૩ યોજન
શુક્ર ૩ યોજન
બુધ ૪ યોજન
નક્ષત્ર ૪ યોજન
નિત્ય રાહુ
ચંદ્ર ૮૦ યોજન
પૂર્વ રાહુ
સૂર્ય ૧૦ યોજન
કેતુ
તારામંડળ ૭૯૦ યોજન
નંદનવન ૫૦૦ યોજને
૪૨૭૨ યોજન પહોળું સોમનસ વન
૫૦૦ યોજન પહોળું સોમનસ વન
નંદનવનથી ૬૨૫૦૦ યોજન ઉપર સોમનસ વન છે
શનિ ૩ યોજન
મંગળ ૩ યોજન
બૃહસ્પતિ ૩ યોજન
શુક્ર ૩ યોજન
બુધ ૪ યોજન
નક્ષત્ર-૪ યોજન
ચંદ્ર ૮૦ યોજન
રાહુ
સૂર્ય યોજન
કેતુ
તારામંડળ
૫૦૦ યોજન નંદનવન:
૯૯૫૪ ⁶⁄₁₁ યોજન પહોળું નંદનવન
સમભૂમિપર ૧૦૦૦૦ યોજન પહોળું ભદ્રશાલવન
ભદ્રશાલ વન પૂર્વ પશ્ચિમ ૨૨૦૦૦ યોજન લાંબુ
ઉત્તર દક્ષિણ ૨૫૦ યોજન પહોળું
ભૂમિ અંદર ૧૦૦૯૦ ¹⁰⁄₁₁ યોજન પહોળું

चतुर्दशरज्ज्वात्मकलोकप्रतिकृतिः




બે ઇંદ્રિય જીવો
તે ઇંદ્રિય જીવો
શંખ
કાનખજૂરો
કોડા
માંકડ
જૂ
લીખ
મોટાં કરમિયાં
કીડી
ઉધેઇ
મંકોડા
જળો
ઇયળ
ચંદનક
સવા
અળશિયાં
ઝીંગોડા
લાકડાના કીડા
વિષ્ટાના કીડા
છાણના કીડા
કરમિયાં
ધનેડાં
કુંથવા
ઇયળ
વાળા
છીપ
પોરા
ભરવાડ
ચાંચડ


ચઉરિંદ્રિય જીવો
વીંછી
ડાંસ
મચ્છર
બગાઈ
કંસારી
ભમરો
કરોળિયો
ભમરી
તીડ
ખડમાંકડી
માખી
પતંગિયું

શ્રી જૈન તત્વ પ્રકાશ

卐

પ્રવેશિકા

सिद्धाणंणमो किच्चा, संजयाणं च भावओ ।
अत्थधम्मगइं तच्चं, अणुसट्ठिं सुणेह मे ॥ ઉત્ત અ. ૨૦, ગાથા ૧.

અર્થ—'સિદ્ધ' --(અરિહંત, સિધ્ધ) અને 'સંયતિ (આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ)ને વિશુધ્ધ ભાવથી નમસ્કાર કરીને, યથાર્થ–સત્ય, સર્વ અર્થની સિદ્ધિ કરનારો એવો જે આચરણીય ધર્મ છે તેનું સ્વરૂપ અનુક્રમે કહું છું. અહો ભવ્યજીવો ! એને મન, વચન અને કાયારૂપ ત્રણે યોગોને સ્થિર કરીને શ્રવણ કરો !

પ્રથમ ખંડ

' सिद्धाणं णमो किच्चा, '

વિશેષાર્થ—સિધ્ધ ભગવાન બે પ્રકારના હોય છે. (૧) ભાષક (અર્થાત બોલતા સિદ્ધ) એટલે કે અરિહંત ભગવાન. જેમકે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૯મા અધ્યયનમાં નમિરાજર્ષિને સંસાર અવસ્થામાં "**જાઈ સરિત્તુ ભયવં**" એટલે કે ભગવાને જાતિનું સ્મરણ કર્યું" એમ કહી ભગવંત રૂપે સંબોધ્યા છે અને ઉક્ત સૂત્રના ૧૯મા અધ્યયનમાં મૃગાપુત્રને માટે "**જુવરાયા દમીસરે**"એ પદ મૂકીને યુવરાજપદ ભોગવતાં જ તેમને દમીશ્વર--ઋષીશ્વર કહ્યા છે, એ જ પ્રમાણે અરિહંત ભગવાન પણ ભવિષ્યકાળમાં સિદ્ધ થનાર છે તેથી તેમને પણ સિદ્ધ

કહ્યા છે. અને (૨) સર્વ કાર્ય સિદ્ધ કરી સકળ કર્મરૂપ કલંકને ખપાવી નિજાત્મસ્વરૂપ સચ્ચિદાનન્દપદને પ્રાપ્ત થયા છે, તેમને **અભાષક** સિદ્ધ કહેલ છે. એ બન્ને સિદ્ધ ભગવાનનું સવિસ્તૃત વર્ણન આગળનાં પ્રકરણોમાં ક્રમથી કરવામાં આવશે. કરવા માંડ્યું તે કર્યું" તે અપેક્ષાથી પણ અરિહંતને સિદ્ધ કહેવાય.

પ્રકરણ પહેલું

'અરિહંત'

અરિહંતના બે ભેદઃ ૧. તીર્થંકર ૨. સામાન્ય કેવળી ભગવાન.

જે ચૈતન્ય (જીવ) આ પહેલાના ત્રીજા ભવમાં નીચેના બોલો પૈકી કોઈ પણ એક બોલ યથાર્થરૂપે આરાધન કરે તે આગળના ત્રીજા ભવમાં તીર્થંકરપદને પ્રાપ્ત કરે છે.

તીર્થંકર ગોત્ર પ્રાપ્ત કરવાના ૨૦ બોલ

ગાથા—अरिहंत सिद्ध पवयण, गुरु थेर बहुस्सुए तवस्सीसु !
वच्छलयाइ तेसिं, अभिक्ख नाणोवओगेय !! १ !!
दंसण विणए आवस्सए य, सीलव्वए निरइयारं !
खणलव तव च्चियाए, वेयावच्चे समाहीय !! २ !!
अप्पुव्वणाणगहणे, सुयभत्ती पवयणे पभावणया !
अेअेहि कारणेहिं, तित्थयरत्तं लहइ जीवो !! ३ !!*

અર્થ—(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) પ્રવચન (શાસ્ત્ર) (૪) ગુરુ (૫) સ્થવિર (વૃદ્ધ) (૬) બહુસુત્રી--પંડિત (૭) તપસ્વી એ સાતેનાં ગુણકીર્તન કરવાથી (૮) જ્ઞાનમાં વારંવાર ઉપયોગ લગાવવાથી (૯) દોષરહિત નિર્મળ સમ્યક્ત્વની આરાધનાથી (૧૦) ગુરુ આદિ પૂજ્ય જનોનો વિનય કરવાથી (૧૧) દેવસી રાયસી પાક્ષિક ચૌમાસી અને સંવત્સરી એમ પાંચે પ્રકારનાં પ્રતિક્રમણ કરવાથી (૧૨) શીલ અને

+ નોંધ– રાગદ્વેષ રૂપી અરિ અર્થાત્ શત્રુનો નાશ કરવાથી અરિહંત કહેવાય છે. સુરેન્દ્ર નરેન્દ્રાદિના પુજનીય હોવાથી અર્હન્ત અને (૩) કર્માંકુરનો નાશ કરવાથી 'અરૂહન્ત' કહેવાય છે.

વ્રતો દોષરહિત પાલનકરવાથી (૧૩)નિવૃત્તિ-વૈરાગ્યભાવ સદૈવરાખવાથી (૧૪) બાહ્ય અને આભ્યન્તર (ગુપ્ત) તપશ્ચર્યા કરવાથી (૧૫) ત્યાગ, અભય દાન અને સુપાત્રે દાન દેવાથી (૧૬) ગુરુ, રોગી, તપસ્વી વૃદ્ધ અને નવદીક્ષિત એ સર્વની વૈયાવૃત્ય–સેવાભક્તિ કરવાથી (૧૭)સમાધિભાવ રાખવાથી(૧૮)અપૂર્વ–નિત્ય નવો જ્ઞાનાભ્યાસ કરવાથી (૧૯) સૂત્રભક્તિ તથા (૨૦) તન મન અને ધનથી પ્રવચનની-જૈનધર્મની ઉન્નતિ પ્રભાવના કરવાથી. આ ૨૦ કર્તવ્યો માંહેથી કોઈ પણ એક કર્તવ્યનું પાલન કરનાર પ્રાણી તીર્થંકરગોત્રનું ઉપાર્જન કરે છે, અને તે દરમ્યાન દેવ અથવા નારકીનો * એક ભવ કરીને ત્રીજા ભવમાં તીર્થંકર–અરિહંતપદને પ્રાપ્ત થાય છે.

તીર્થંકરપદને પ્રાપ્ત કરનારો આત્મા મનુષ્યલોકનાં ૧૫કર્મભૂમિનાં ક્ષેત્રમાં, આર્યદેશમાં, ઉત્તમ નિર્મળ કુળમાં, મતિ શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સાથે લઈને માતાની કુખે ઉત્પન્ન થાય છે, ત્યારે માતુશ્રીને ૧૪ ઉત્તમ સ્વપ્ન × લાધે છે. સવાનવ મહિના પૂર્ણ થતા ઉત્તમ યોગ હોય ત્યારે પ્રભુ જન્મ * ધારણ કરે છે. તે સમયે છપ્પન કુમારિકાઓ = દેવીઓ ત્યાં આવીને જન્મમહોત્સવ ઉજવે છે.

કૃષ્ણ મહારાજ તથા શ્રેણિક મહારાજાની જેમ નારકીથી આવીને તીર્થંકર નામકર્મ બાંધ્યા પહેલાં નરકનું આયુષ્ય બંધાઈ ગયેલ હોય તો નરક ગતિમાં જવું પડે છે.

૧૪ સ્વપ્નોનાં નામ : ૧ ઐરાવત હસ્તી, ૨ ધોરી બળદ, ૩ શાર્દૂલ સિંહ, ૪ લક્ષ્મી દેવી, ૫ પુષ્પની બે માળા, ૬ પૂર્ણ ચંદ્રમા, ૭ સૂર્ય ૮ ઈન્દ્રધ્વજા ૯ પૂર્ણ કળશ, ૧૦ પદ્મ સરોવર, ૧૧ ક્ષીર સમુદ્ર, ૧૨ દેવવિમાન ૧૩ રત્નોનો ઢગલો અને ૧૪ નિર્ધુમ અગ્નિ જ્વાળા. નરકથી આવનાર તીર્થંકરની માતા ૧૨ મા સ્વપ્નમાં દેવવિમાનને સ્થાને ભુવનપતિ દેવનું ભુવન જુએ છે.

° ૧. અવતરવું એ ચ્યવનકલ્યાણ ૨. જન્મ તે જન્મકલ્યાણ ૩. દીક્ષા તે દીક્ષાકલ્યાણ ૪. કેવળજ્ઞાનની ઉત્પત્તિ તે જ્ઞાનકલ્યાણ અને ૫. નિર્વાણ તે મોક્ષકલ્યાણ કહે છે.

× છપ્પન દિક્ કુમારિકાનાં નામો : પૂજ્યશ્રી ઘાસીલાલજી. મ. સા. નું બનાવેલ "સ્થાનાંગ" સૂત્ર ભાગ ૫, પાના [illegible] માં નીચે મુજબ આપેલ છે.

અને ચોસઠ ઇન્દ્રાદિ* દેવો પ્રભુને મેરુ પર્વતના પંડગવનમાં લઇ જઇને ધુમધામથી જન્મમહોત્સવ કરે છે. આ રિવાજ ઇન્દ્રોમાં પરંપરાથી ચાલ્યો આવે છે. પછી તીર્થંકરના પિતા જન્મમહોત્સવ કરી ઉત્તમ

---

૧ થી ૮ નન્દોત્તરા, નન્દા, આનન્દા, નન્દિવર્દ્ધના, વિજયા, વૈજયન્તી, જયન્તી અને અપરાજિતા આ આઠ દેવીઓ જંબુદ્વીપના મન્દર પર્વતની પૂર્વ દિશામાં જે રુચકવર પર્વત છે, તેના આઠ રુચક કુટ ઉપર, આ આઠ દિક્ કુમારીઓ રહે છે. આ બધી દેવીઓ મહર્દ્ધિક, વિશિષ્ટભવન અને પરિવાર આદિરૂપ ઋદ્ધિવાળી, મહાદ્યુતિવાળી, (શરીર આભરણ આદિની પ્રભાથી દેદીપ્યમાન) મહાબલ સંપન્ન, (વિશેષ બળથી યુક્ત મહાયશ સંપન્ન, (વિશિષ્ટ કીર્તિ સંપન્ન) મહાસૌખ્ય સંપન્ન, (વિશિષ્ટ સુખસંપન્ન) અને મહાનુભાગ સંપન્ન (અતિશય પ્રભાવવાળી) છે. તેમનું આયુષ્ય એક પલ્યોપમ (અસંખ્યાતા વરસો) નું છે. આ દિક (દિશા) કુમારીઓ તીર્થંકર પ્રભુઓના જન્મ વખતે હાથમાં દર્પણ લઈને ગીતો ગાય છે અને પ્રભુની પર્યુપાસના કરે છે.

૯ થી ૧૬ સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુન્ધરા આ દેવીઓ જંબુદ્વીપના મન્દર પર્વતની દક્ષિણ દિશામાં રુચકવર પર્વતના આઠ કુટ ઉપર રહે છે. તેઓ પ્રભુના જન્મ-મહોત્સવમાં હાથમાં ભુંગારો લઈને ગીતો ગાય છે અને પ્રભુની પર્યુપાસના કરે છે.

૧૭થી૨૪ ઇલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાસા, નવમિકા, સીતા અને ભદ્રા. આ દેવીઓ જંબુદ્વીપના મન્દર પર્વતની પશ્ચિમ દિશામાં રહેલ રુચકવર પર્વતના આઠ કુટ ઉપર રહે છે. તેઓ હાથમાં વીંઝણો લઈને ગીતો ગાય છે.

૨૫થી૩૨ અલમ્બુષા, મિતકેશી, પુંડરીકિણી, વારુણી, આશા, સર્વગા, શ્રી અને હ્રીં દેવી. આ દેવીઓ મન્દર પર્વતની ઉત્તર દિશામાં રુચકવર પર્વતના આઠ કુટ ઉપર રહે છે. તેઓ હાથમાં ચામરો લઈને ગીતો ગાય છે.

૩૩થી૪૦ ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા અને બલાહકા. આ દેવીઓ અધોલોકમાં સોમનસ વગેરે પર્વતો પર રહે છે. આ દેવીઓ સંવર્તક પવન નાખે છે.

૪૧થી૪૮ મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધરા, વિચિત્રા, પુષ્પમાલી અને અનિન્દિતા આ આઠ દેવીઓ ઉર્ધ્વલોકમાં નંદન કુટ ઉપર રહે છે. આ દેવીઓ આકાશમાં વાદલ આદિ કરે છે.

નામકરણ સંસ્કાર કરે છે. તે તીર્થંકર બાલક્રીડા કરી યૌવનાવસ્થા પ્રાપ્ત કર્યા બાદ જો ભોગાવલી કર્મોદય હોય તો ઉત્તમ સ્ત્રીથી લગ્ન કરીને શુષ્ક-રૂક્ષવૃત્તિથી ભોગ ભોગવે છે અને દીક્ષા ધારણ કર્યા પહેલાં નિત્યપ્રતિ એક ક્રોડ આઠ લાખ એટલે કે એક વર્ષમાં ત્રણ અબજ અને ૮૮ કરોડ સોનામહોરનું દાન દે છે. આ ઉદારતાનું આપણે જૈનોએ અનુકરણ કરવાની ખાસ જરૂર છે.

ત્યારબાદ ૯ લોકાન્તિક દેવો, દેવલોકથી આવીને ચેતવણી આપે છે ત્યારે પ્રભુ આરંભ અને પરિગ્રહનો નવ પ્રકારે ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરે છે, અને તરત જ ચોથા મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પછી થોડા વખત સુધી છદ્મસ્થાવસ્થામાં જ વિચરે છે. ત્યારે તથાપ્રકારનાં પૂર્વ કર્મ સત્તામાં હોય તો દેવ, દાનવ, તિર્યંચ અને માનવ સંબંધી અનેક પ્રકારના ઉપસર્ગો※ પ્રાપ્ત થાય છે, તે ઉપસર્ગો સમભાવપૂર્વક સહન કરે છે. અનેક પ્રકારની દુષ્કર તપશ્ચર્યા કરીને ચાર ઘનઘાતિ કર્મોનો ક્ષય કરે છે. પહેલાં દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય થવાથી ક્ષાયક સમકિતી અને અનન્ત ગુણાત્મક યથાખ્યાત ચારિત્રધારી બને છે. અને મોહનીય કર્મનો સર્વથા ક્ષય

૪૯થી૫૬ ચિત્રા, ચિત્રકરા, શેતરા, વાસુદામિની, રૂપા, રુપાલિકા, સુરૂપા અને રૂપવતી. આ બધી દેવીઓ વિદિશા રુચકની રહેનારી છે.

આ બધી વ્યંતર જાતની દેવીઓ છે. તેમની સ્થિતિ એક પલ્યોપમની છે. તેઓ બહુ જ મહર્દ્ધિક વગેરે, ઉપર આપેલ વિશેષણોથી યુક્ત છે—ટુંકમાં, તેઓ દરેક રીતે બહુ જ સુખી છે. તેમના તાબામાં અનેક દેવ–દેવીઓ છે.

÷ ૬૪ ઇન્દ્ર—૧૦ ભવનપતિ દેવોના ૨૦ ઇન્દ્ર, ૧૬ વાણવ્યંતર દેવના ૩૨ ઇન્દ્ર, જ્યોતિષીના ૨ ઇન્દ્ર, અને ૧૨. દેવલોકના ૧૦ ઇન્દ્ર, એમ ૬૪ ઇન્દ્રો થયા. તેમના નામો બીજા પ્રકરણમાં આવશે.

+ ૯ ભાંગા (પ્રકાર) ૧. મનથી કરે નહિ ૨. મનથી કરાવે નહિ ૩. મનથી (રૂડું) કરતાને ભલું જાણે નહિ ૪. વચનથી કરે નહિ ૫. વચનથી કરાવે નહિ ૬. વચનથી કરતાને અનુમોદે નહિ ૭. કાયાથી કરે નહિ ૮. કાયાથી કરાવે નહિ ૯. કાયાથી કરતાને રૂડું જાણે નહિ. આ નવ પ્રકારે પાપનો પૂર્ણ રીતે ત્યાગ થાય છે.

× કોઈ ઉપસર્ગ સહ્યા વગર પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

થતાં જ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણે કર્મો અંતર્મુહૂર્તમાં ક્ષય પામે છે.

૧. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી અનન્ત કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

૨. દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનન્ત કેવળદર્શન પ્રાપ્ત થાય છે.

૩. મોહનીય કર્મ ક્ષય થવાથી ક્ષાયક સમકિત અને યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત થાય છે.

૪. અંતરાય કર્મનો ક્ષય થવાથી અનન્ત દાન–લબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ અને અનન્તવીર્યલબ્ધિની પ્રાપ્તિ થાય છે. જેથી તેઓ અનન્ત શક્તિશાળી થાય છે. શેષ ૧. વેદનીય, ૨. આયુષ્ય, ૩. નામ, ૪. ગોત્ર એ ચારે કર્મ શેકેલા બીજની માફક નિરંકુર (ઉત્પન્ન કરવાની શક્તિથી રહિત) બની જાય છે અને તે આયુષ્યકર્મના ક્ષયની સાથે જ ક્ષય પામે છે.

ઉપર્યુક્ત ચારે ઘનઘાતી કર્મોનો ક્ષય કરવાથી જ તિર્થંકરપદની પ્રાપ્તિ થાય છે. તે અરિહંત ભગવાન ૧૨ ગુણ, ૩૪ અતિશય અને ૩૫ વાણીના ગુણે કરીને સહિત અને ૧૮ દોષરહિત હોય છે. જેનું સવિસ્તૃત વર્ણન આગળ કરવામાં આવશે.

ગુણોની અપેક્ષાએ સામાન્ય કેવળી ભગવાન (અરિહંત) અને તીર્થંકર સરખા જ છે. પણ તીર્થંકરમાં ૮ પ્રતિહાર્ય, ૩૪ અતિશય, ૩૫ પ્રકારની વાણી અને ૧૦૦૮ ઉત્તમ લક્ષણની વિશેષતા છે. બહુ જ પુણ્યશાળી હોય છે.

અરિહંતના ૧૨ ગુણો

૧. અનંતજ્ઞાન, ૨. અનંત દર્શન, ૩. અનંત ચારિત્ર, ૪. અનંત તપ, ૫. અનંત બળવીર્ય, ૬. અનંત ક્ષાયક સમ્યક્ત્વ ૭. વજ્રઋષભ નારાચ સંહનન, ૮. સમચતુરસ્ર સંસ્થાન, ૯. ચોત્રીસ અતિશય, ૧૦. પાંત્રીસ વાણીના ગુણો, ૧૧. એક હજાર આઠ ઉત્તમ લક્ષણના

ધારણહાર અને ૧૨. ચોસઠ ઈન્દ્રોના પૂજનીય આ ૧૨ * ગુણોથી યુક્ત અરિહંત ભગવાન હોય છે.

× અરિહંતના બળ–શક્તિ નું પરિમાણ–૨૦૦૦ સિંહનું બળ એક અષ્ટાપદ પક્ષીમાં. ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) અષ્ટાપદનું બળ ૧ બળદેવમાં, ૨ બળદેવનું બળ એક વાસુદેવમાં, ૨ વાસુદેવનું બળ એક ચક્રવર્તીમાં, ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) ચક્રવર્તીનું બળ એક દેવતામાં, ૧૦,૦૦,૦૦૦ (દસલાખ) દેવતાનું બળ એક ઈન્દ્રમાં, એવા અનેક ઈન્દ્રો મળીને પણ અરિહંતની ટચલી આંગળીને પણ ન હલાવી શકે.

* કેટલાક અરિહંતના ૧૨ ગુણો આ પ્રમાણે પણ કહે છે.

૧. જ્યાં જ્યાં તીર્થંકર પ્રભુ સમોસરે ત્યાં ત્યાં પ્રભુનાં શરીરથી બાર ગુણો ઊંચો અશોક વૃક્ષ થઈ આવે, તેની નીચે બેસીને પ્રભુ દેશના દે.

૨. પ્રભુના સમોસરણમાં પાંચે વર્ણનાં ફૂલોની વૃષ્ટિ થાય, તે ફૂલનાં બીટાં નીચે અને મુખ ઉપર રહે.

૩. જ્યારે પ્રભુ દેશના દે, ત્યારે પ્રભુનો સ્વર અખંડ પુરાય.

૪. ભગવંતની બન્ને બાજુએ રત્નજડિત સુવર્ણની ડાંડીવાળાં શ્વેત ચામરો વીંઝાય.

૫. ભગવંતને બેસવા માટે સિંહના રૂપે શોભાયમાન રત્નજડિત સિંહાસન થઈ આવે, તે ઉપર બેસીને પ્રભુ દેશના દે છે.

૬. ભગવંતના મસ્તકના પાછલા ભાગે, સૂર્યથી પણ અધિક પ્રકાશવાળું ભામંડળ થઈ આવે.

૭. ભગવંતના સમોસરણમાં ગર્જારવ શબ્દવાળી ભેરી વાગે.

૮. ભગવંતના મસ્તક ઉપર અતિશય ઉજ્જવળ એવાં ત્રણ છત્રો થઈ આવે.

૯. જ્યાં જ્યાં ભગવંત વિચરે ત્યાં ત્યાં ભગવંતની ચારે બાજુ પચીસ પચીસ જોજન સુધીમાં પ્રાયઃ રોગ, વેર, ઉંદર, મારી, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ, સ્વ અને પરના સૈન્યનો ભય : એટલાં વાનાં થાય નહિ.

૧૦. કેવળજ્ઞાન અને દર્શન વડે, ભગવંત લોક અને અલોકનું સ્વરૂપ સર્વ પ્રકારે જાણી–દેખી રહ્યા છે.

૧૧. ભગવંતની રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી, ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક પ્રમુખ ભવ્ય જીવો સેવાભક્તિ કરવાની અભિલાષા રાખે છે.

૧૨. ભગવંત એવી વાણીથી દેશના દે છે કે, મનુષ્ય, દેવ અને તિર્યંચ એ બધા પોતપોતાની ભાષામાં સમજી જાય.

સમવાયાંગ સૂત્રમાં કહેલા
અરિહંત ભગવાનના ૩૪ અતિશય

૧. મસ્તકાદિ વગેરે અંગોના વાળ મર્યાદાથી વધારે (ખરાબ લાગે તેમ) વધે નહિ. ૨. રજમેલ વગેરે અશુભ લેપ શરીરને ચોટે નહિ. ૩. લોહી, માંસ ગાયના દૂધ કરતાં પણ વધારે ઉજ્જવળ અને મીઠાં હોય. ૪. શ્વાસોચ્છવાસમાં પદ્મકમળથી પણ વધારે સુગંધ આવે. ૫. આહાર અને નિહાર, ચર્મચક્ષુવાળા જીવો ન જોઇ શકે, પણ અવધિજ્ઞાનવાળા જોઈ શકે. ૬. ધર્મચક્ર આકાશમાં ગરગરાહટ ધ્વનિ કરતો જ્યારે ભગવાન ચાલે ત્યારે આગળ ચાલે અને જ્યારે ભગવાન થોભે ત્યારે તે પણ થોભે છે. ૭. લાંબી લાંબી મોતીઓની ઝાલરવાળાં એકના ઉપર એક એમ ત્રણ છત્રો ભગવાનના મસ્તક ઉપર આકાશમાં દેખાય છે. ૮. ગાયનું દૂધ અને કમળના તંતુઓથી પણ અતિ ઉજ્જવળ વાળવાળા રત્નજડિત દંડયુક્ત ચામર ભગવાનની બન્ને બાજુ નજરે પડે. ૯. સ્ફટિક રત્ન સમાન નિર્મળ દેદીપ્યમાન સિંહના સ્કંધના સંસ્થાનવાળા, અનેક રત્નોથી જડેલા, અંધકારના નાશક પાદપીઠિકાયુક્ત સિંહાસન દેખાય છે. ૧૦. રત્નજડિત થાંભલાવાળી ઘણી ઊંચી અનેક નાની નાની ધ્વજાઓના સમુદાયથી પરિવેષ્ઠિત ઇન્દ્રધ્વજા ભગવાનની આગળ આગળ દેખાય છે. ૧૧. અનેક શાખા,ઉપ–શાખા, પત્ર, ફૂલ અને સુગંધીછાંયડીવાળું ધ્વજાપતાકાઓથીસુશોભિત અશોકવૃક્ષ ભગવાન ઉપર છાયા કરતું, તેનાથી બાર ગણું ઊંચું દેખાય છે ૧૨. શરદ ઋતુના જાજ્વલ્યમાન સુર્યથી પણ અત્યધિક તેજવાળું અંધકારનું નાશક પ્રભામંડળ × અરિહંતની પાછળ દેખાય છે. ૧૩. અરિહંત જ્યાં જ્યાં વિહાર કરતા થકા વિચરે છે ત્યાં ત્યાં પૃથ્વી ખાડા ટેકરા રહિત સમતલ બની જાય છે. ૧૪. પ્રભુ જે માર્ગે વિહાર કરે છે, તે માર્ગના કાંટા

× ગ્રંથમાં લખ્યું છે કે પ્રભામંડળના પ્રભાવથી ચારે દિશાઓમાં તીર્થંકરના જુદાં જુદાં ચાર મુખ દેખાય છે. જેથી શ્રોતા એમ સમજે છે કે ભગવાન અમારી જ સામે જોઈ રહ્યા છે. પ્રભાતે ચાતુર્મુખી કહેવાનું એ જ કારણ જણાય છે.

અધોમુખ થઈ જાય છે. ૧૫. શીતકાળમાં ઉષ્ણુતા અને ઉષ્ણુકાળમાં શીતળતાની જેમ ઋતુ સુખદાતા રૂપે બદલાય છે. ૧૬. મંદ મંદ શીતળ સુગંધી વાયુ ભગવાનથી એક યોજન ચારે તરફ પ્રસરે છે, જેથી અશુચિકારક વસ્તુઓ દૂર થઈ જાય છે. ૧૭. ઝીણી ઝીણી અને સુગંધી અચેત પાણીની વૃષ્ટિ ભગવાનની ચારે બાજુએ એક યોજન સુધી થાય છે, જેથી ધૂળ દબાઇ જાય છે. ૧૮. દેવતાઓએ બનાવેલાં અચેત ફૂલોની ઢીંચણુ સુધીની વૃષ્ટિ ભગવાનની ચારે બાજુમાં એક યોજન સુધી થાય છે. ૧૯. અમનોજ્ઞ (ખરાબ) વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનો નાશ થાય છે. ૨૦. મનોજ્ઞ (પ્રિયકારી) વર્ણ, ગંધ, રસ અને સ્પર્શનો ઉદ્ભવ થાય છે. ૨૧. ભગવાનની ચારે બાજુએ એક યોજન સુધી રહેલી પરિષદ બરાબર વ્યાખ્યાન સાંભળે છે. અને વ્યાખ્યાન બધાયને પ્રિય લાગે છે. ૨૨. ભગવાન વ્યાખ્યાન અર્ધમાગધી × એટલે કે મગધ દેશની અને બીજા દેશની મિશ્રિત ભાષામાં ફરમાવે છે. ૨૩. આર્યદેશના તેમ જ અનાર્યદેશનાં મનુષ્ય, પશુ, પક્ષી અને અપદ (સાપાદિ) વગેરે બધાંય ભગવાનની ભાષા સમજે છે. ૨૪. ભગવાનનું વ્યાખ્યાન સાંભળવાથી જાતીય વૈર (જેવું સિંહ અને બકરીમાં હોય છે) તેમ જ ભવાન્તરનું વૈર પણુ નાશ પામે છે. ૨૫. ભગવાનને દેખતાં જ મતાભિમાની અન્ય દર્શની પોતાના અભિમાનને છોડી નમ્ર બને છે. ૨૬. ભગવાનની પાસે વાદી–પ્રતિવાદી વાદ કરવા આવે, તો તે ઉત્તર આપવામાં અસમર્થ બને છે. ૨૭. ભગવાનની ચારે બાજુએ ૨૫–૨૫ યોજન સુધી 'ઇતિભીતિ' (તીડ, મુષકાદિ) ઉપદ્રવો થતા નથી. ૨૮. કોલેરા કે પ્લેગાદિની બીમારી થતી નથી. ૨૯. સ્વદેશના રાજા કે સેનાના ઉપદ્રવો થતા નથી. ૩૦. પરદેશના રાજા કે સેનાના ઉપદ્રવો થતા નથી. ૩૧, અતિવૃષ્ટિ (બહુ જ વરસવું) પણુ થતી નથી. તેમ જ ૩૨. અનાવૃષ્ટિ (બિલકુલ ન વરસવું) પણુ થતી નથી. ૩૩. દુર્ભિક્ષ કે દુષ્કાળ પડતા નથી. ૩૪. જ્યાં ઉપદ્રવો, બીમારીઓ કે યુદ્ધના ભય હોય ત્યાં જો ભગવાન જઈ ચઢે તો તે જ ક્ષણે બધા ભય નાશ પામે છે. આ ૩૪ અતિશયો માંહેલા ૪ અતિશયો જન્મથી જ હોય. ૧૫ કેવળજ્ઞાન થયા

×सूत्र–"भगवं च णं अद्धमागहीए भासाए धम्ममाइक्खइ" उववाइ सूत्र

બાદ થાય છે, જ્યારે બાકીના ૧૫ દેવતાઓના કરેલા માનવામાં આવે છે. વાસ્તવિક રીતે પુણ્યના ઉદયથી સ્વયં ઊપજે તે અતિશય રૂપે ગણાય. તત્ત્વ કેવળી ગમ્ય.

અરિહંતની વાણીના ૩૫ ગુણો

૧. સંસ્કારયુક્ત વચન બોલે.

૨. એક યોજનમાં રહેલી પરિષદ સારી રીતે સાંભળી શકે એવા ઉચ્ચ સ્વરથી બોલે.

૩. 'રે'. 'તું' ઇત્યાદિ તુચ્છતારહિત, સાદાં અને માનભર્યાં વચન બોલે.

૪. મેઘનાદની જેમ ભગવાનની વાણી સૂત્રથી તેમ જ અર્થથી ગાંભીર્ય ભરેલી હોય છે. ઉચ્ચાર અને તત્ત્વ બન્નેમાં વાણીનું રહસ્ય ઘણું ઊંડું હોય છે.

૫. જેમ ગુફા કે વિશાળ ભવનમાં બોલવાથી પ્રતિધ્વનિ ઊઠે છે, તેમ ભગવાનની વાણીમાં પણ પ્રતિધ્વનિ (Thundering tone) ઊઠે છે.

૬. ભગવાનનાં વચનો શ્રોતાને ઘી અને મધ જેવાં સ્નિગ્ધ લાગે છે.

૭. ભગવાનનાં વચનો ૬ રાગ અને ૩૦ રાગણીમય (Harmonious tone)નીકળવાથી જેમ સર્પ બંસરી પર અને મૃગ વીણા પર તલ્લીન થઈ જાય છે તેમ શ્રોતા પણ તલ્લીન થઈ જાય છે.

૮. ભગવાનનાં વચનો અર્થરૂપે હોય છે. જેમાં શબ્દ થોડા અને અર્થ વિસ્તૃત હોય છે.

૯. ભગવાનનાં વચનો પરસ્પર વિરોધરહિત હોય છે. પહેલાં "अहिंसा परमो धर्मः" કહીને પછી "ધર્માર્થે હિંસા કરવામાં દોષ નહિ" એવાં વિરોધી વચનો કદી બોલતા નથી.

૧૦. ચાલુ અર્થને પૂર્ણ કર્યા બાદ બીજા અર્થને ગ્રહણ કરે. એમ જુદા જુદા અર્થો કહે પણ ગડબડ કરે નહિ.

૧૧. એટલું સ્પષ્ટતાથી કહે કે શ્રોતાઓને જરાય પણ સંશય ન થાય.

૧૨. મહાબુધ્ધિશાળી પુરુષો પણ ભગવાનનાં વચનમાં જરાય દોષ ન કાઢી શકે એવાં નિર્દોષ વચનો બોલે.

૧૩. જેમને સાંભળતાં જ શ્રોતાઓનાં મન એકાગ્ર થઈ જાય. બધાંને મનોજ્ઞ (મનગમતાં) લાગે એવાં વચનો બોલે.

૧૪. ઘણી જ વિલક્ષણતા પૂર્વક દેશકાળને અનુસરીને બોલે.

૧૫. પ્રાસંગિક વચનોથી અર્થનો વિસ્તાર તો કરે પણ આડી—અવળી વ્યર્થ વાતો કહીને સમય પસાર ન કરે.

૧૬. જીવાદિ નવ પદાર્થનાં સ્વરૂપને પ્રકાશિત કરતાં સાર, સારને કહે, અસારને છોડી દે.

૧૭. સાંસારિક ક્રિયા અને નિસ્સાર બાબતોને સંક્ષેપથી જ કહે.

૧૮. દરેક બાબત કથારૂપે એટલી સ્પષ્ટતાથી કહે, કે નાનું બાળક પણ સહેલાઈથી વસ્તુને સમજી શકે.

૧૯. આત્મપ્રશંસા અને પરનિંદા ન કરે. પાપની નિંદા કરે, પણ પાપીની નિંદા ન કરે.

૨૦. દૂધ અને સાકરથી પણ વધારે મધુરતા ભગવાનની વાણીમાં હોવાથી શ્રોતા વ્યાખ્યાન મૂકીને જવા ન ઇચ્છે.

૨૧. કોઈનાં પણ ગુપ્ત રહસ્યો પ્રગટ થાય તેવાં માર્મિક વચનો ન કહે.

૨૨. યોગ્યતાથી વધારે ગુણાનુવાદ કરી, કોઈની પણ ખુશામત ન કરે, પણ યોગ્યતાનુસાર વખાણ કરે.

૨૩. જેથી ઉપકાર થાય અને આત્મકલ્યાણ થાય એવા સાર્થ ધર્મનું પ્રતિપાદન કરે.

૨૪. અર્થને છેદીભેદીને અનર્થ ન કરે.

૨૫. વ્યાકરણના નિયમાનુસાર શુધ્ધ વચન કહે.

૨૬. બહુ ઉચ્ચ સ્વરથી કે એકદમ ધીમા અવાજથી કે ઘણી શીઘ્રતાથી ન બોલે પણ મધ્યમ સ્વરથી વચન ૦ કહે.

૨૭. શ્રોતાગણ પ્રભુની વાણી સાંભળી અચંબો પામી જાય અને કહી ઊઠે “ અહો ! પ્રભુની કહેવાની શક્તિ અને વાક્ચાતુરી આશ્ચર્યકારી છે. ”

૨૮. એટલા હર્ષથી કહે કે શ્રોતા એના યથાર્થ રસનો અનુભવ કરી શકે.

૨૯. વ્યાખ્યાન દરમ્યાન વિશ્રાન્તિ લીધા વગર વિલંબરહિત કહે.

૩૦. શ્રોતા જે કાંઇ પ્રશ્ન મનમાં ધારીને આવ્યો હોય એનું સમાધાન પૂછયા વગર જ થઈ જાય.

૩૧. એક વચનની અપેક્ષાથી બીજું વચન કહે અને જે કંઈ કહે તે શ્રોતાના હૃદયમાં ઠસી જાય.

---

૦ આથી વ્યાકરણની આવશ્યકતાનો ખ્યાલ આવે છે. અશુદ્ધ વાણીથી કહેલાં હિતકારી વચનો પણ શ્રોતાનાં હૃદય પર અસરકારક નથી નીવડતાં. એટલે વક્તાઓને માટે વ્યાકરણનો અભ્યાસ જરૂરી છે.

૩૨. અર્થ, પદ, વર્ણ, વાક્ય બધુંય; જુદું જુદું કહે.

૩૩. એટલાં સાત્વિક વચનો કહે કે ઇંદ્રાદિ મહાપ્રતાપીઓથી પણ ક્ષુબ્ધ ન બને.

૩૪. પ્રચલિત અર્થની સિદ્ધિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી બીજો અર્થ ન કાઢે. એક કથનના નિશ્ચય અને દઢતા પછી બીજો અર્થ બતાવે.

૩૫. વ્યાખ્યાન દેતાં ગમે તેટલો કાળ વ્યતીત થઈ જાય પણ ભગવાન કદી પણ થાકે નહિ પણ ઉત્સાહ વધતો જ જાય.

અરિહંત ૧૮ દોષરહિત હોય છે. (તે નીચેના પ્રકારે)

૧. 'મિથ્યાત્વ' —જે વસ્તુ જેવી છે તેવી ન માની તેથી ઊલટી સ્વીકાર કરે તે મિથ્યાત્વ કહેવાય છે. અરિહંત અનંત ક્ષાયક સમ્યક્ત્વી હોવાથી આ દોષથી રહિત થાય છે, તેથી જગતના પદાર્થ જેવા છે તેવા જ અરિહંત પ્રકાશે છે. ૨. 'અજ્ઞાન'—વસ્તુનું અજાણપણું અથવા વિપરીત જાણપણું તે અજ્ઞાન છે. અરિહંત કેવળજ્ઞાની હોવાથી સર્વ લોકાલોક અથવા ચરાચર પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણે છે અને જુએ છે. ૩. 'મદ'—પોતાના ગુણનો ગર્વ તે મદ. અરિહંત સર્વગુણસંપન્ન હોવાથી કિંચિત્ માત્ર પણ મદ કરતા નથી. કહેવત પણ છે, "અધૂરો ઘડો છલકાય' અર્થાત્ ગર્વ ન કરવો એ જ સંપૂર્ણતાનું ચિહ્ન છે તથા " વિનયવંત ભગવંત કહાવે; નહિ કિસીકો શીશ નમાવે" અર્થાત્ અરિહંત વિનયના સાગર હોવા છતાં પણ કોઈની આગળ લઘુતા બતાવતા નથી—કોઈને નમતા નથી, ૪. ક્રોધ—અરિહંત ક્ષમાના સાગર અને દયાના આગર હોય છે. ૫. માયા—કપટ. અરિહંત તો બહુ જ સરલ સ્વભાવી હોય છે. ૬. લોભ—ઇચ્છા, તૃષ્ણાથી રહિત છે. અરિહંત પ્રાપ્ત થયેલી મહાનઋદ્ધિનો ત્યાગ કરી સાધુ થાય છે. અને વગર ઇચ્છાએ અતિશયાદિ મહાઋદ્ધિ પ્રાપ્ત થાય છે તેથી તેઓ મહાસંતોષી હોય છે. ૭, ' રતિ '—આનંદ, ખુશી, મનોજ્ઞ વસ્તુની પ્રાપ્તિથી થાય છે. અરિહંત તો અવેદી, અકષાયી,

વીતરાગી હોવાથી લેશમાત્રપણ હર્ષ પામતાનથી.૮. 'અરતિ'—અપ્રસન્નતા તો અમનોજ્ઞ વસ્તુની પ્રાપ્તિથી થાય છે. અરિહંત સમભાવી હોવાથી કોઇ પણ દુઃખદ પ્રસંગથી દુઃખી થતા નથી. ૯. 'નિદ્રા' —અરિહંતના દર્શનાવરણીય કર્મનો નાશ થઇ ગયો હોવાથી નિરન્તર જાગૃત રહે છે. ૧૦. 'શોક'—ચિન્તાને કહે છે. અરિહંતને, ત્રિકાલના જ્ઞાતા હોવાથી કોઇ પણ વસ્તુ માટે આશ્ચર્ય કે શોક થતો જ નથી. ૧૧. 'અલિક'—ખોટું બોલવું. અરિહંત નિસ્પૃહી હોવાથી કદી કિંચિત્ માત્ર પણ ખોટું બોલતા નથી, અર્થાત્ વચન પલટતા નથી. એકાન્ત સત્યનું પ્રતિપાદન કરે છે. ૧૨. 'ચોરી'—માલિકની આજ્ઞા વગર વસ્તુને ગ્રહણ કરે તે ચોરી. અરિહંત ઈચ્છારહિત હોવાથી માલિકની આજ્ઞા વગર કદી પણ કોઇ વસ્તુને ગ્રહણ કરતા નથી. ૧૩. 'મત્સર'—ઈર્ષા. પોતાથી વધારે ગુણીને જોઈ ઈર્ષા થાય છે, પણ અરિહંતથી વધારે ગુણી કોઈ હોતું નથી. પણ ગોશાલા જેવો કોઈ પાખંડી, પાખંડથી પોતાની પ્રતિષ્ઠા વધારે તો પણ અરિહંત ઈર્ષા ભાવ ધારણ કરતા નથી. ૧૪. 'ભય'—બીક (૧) ઈહલોકભય તે મનુષ્યનો (૨) પરલોકભય તે દેવ અને તિર્યંચનો. (૩) આદાનભય—તે ધનાદિનો (૪) અકસ્માતભય (૫) આજીવિકાભય (૬)મૃત્યુભય અને (૭)પૂજાપ્રશંસાભય. અરિહંત અનંતબલી હોવાથી આ સાત ભયરહિત છે. કોઇની બીક હોતી નથી. ૧૫. 'હિંસા'—છકાયના જીવનો ઘાત કરવો. મહાદયાલુ અરિહંત ત્રસ સ્થાવર સર્વ જીવોની હિંસાથી નિવૃત્ત હોય છે, તથા બીજાને પણ અહિંસાનો જ ઉપદેશ કરે છે, તથા હિંસાના કૃત્યોને રૂડું પણ જાણતા નથી ૧૬. 'પ્રેમ'—અરિહંતે શરીર, સ્વજન, ધન અને સ્નેહનો ત્યાગ કરી દીધો હોવાથી વંદક તેમજ નિંદક પર પણ સમભાવ રાખે છે, તેથી પૂજક પર સંતુષ્ટ થઇને તેનું કાર્ય સિદ્ધ કરતા નથી અને અવિનય કરનાર ઉપર કુપિત થઇને દુઃખ પણ દેતા નથી, સદૈવ સમભાવી રહે છે. ૧૭. 'ક્રીડા'—અરિહંત સર્વ પ્રકારની ક્રીડાના ત્યાગી છે. ગાવું, બજાવવું, રાસ ખેલવો, રોશની કરવી, મંડપ રચવો, ઈત્યાદિ ભોગોપભોગની સામગ્રીની હિંસક ક્રિયાથી જે અરિહંતને પ્રસન્ન કરવા ઇચ્છે છે તે મૂર્ખ છે. ૧૮. 'હાસ્ય'—કોઈ અપૂર્વ વસ્તુને નિરખીને હસવું આવે છે, અરિહંત સર્વજ્ઞ હોવાથી કોઈ પણ વસ્તુ તેમનાથી છાની નથી, તેથી

કોઈ પણ વસ્તુ કે વચન તેમના માટે અપૂર્વ નથી કે જેથી તેમને હસવું આવે.

આ પ્રમાણે ભગવાન અરિહંત ૧૮ દોષોથી સર્વથા રહિત છે.

અરિહંતને નમોત્થુણં (નમોસ્તુ–નમસ્કાર)

ઉપર પ્રમાણે અનંતાનંત ગુણના ધારક '**અરિહંતાણં**' ચાર ઘન ઘાતિક કર્મ તથા કર્મોત્પાદક રાગદ્વેષરૂપી શત્રુના નાશ કરનાર છે. '**ભગવંતાણં**' ભવભ્રમણના નાશક તથા ૧૨ ગુણ÷ના ધારક છે. '**આઇગિરાણં**' શ્રુતધર્મ અને ચારિત્રધર્મ આદિના કર્તા છે. (પ્રથમ ધર્મની સ્થાપના અરિહંત કરે છે, ગણધર આચાર્યાદિ આગળ ચલાવે છે). '**તિત્થયરાણં**' × સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા-રૂપ ચાર તીર્થના કર્તા અરિહંત હોવાથી તે તીર્થંકર કહેવાય છે. '**સયં સંબુદ્ધાણં**' ભગવાન પ્રથમથી જ (જન્મથીજ) અવધિજ્ઞાની હોવાથી ગુરુના ઉપદેશ વગર સ્વયમેવ પ્રતિબોધિત હોય છે. અને પોતાની મેળે જ દીક્ષા ધારણ કરે છે. '**પુરિસોત્તમાણં**' ૧૦૦૮ ઉત્તમ લક્ષણાદિ ગુણોથી યુક્ત હોવાને લીધે જગતના સર્વ પુરુષોમાં પરમોત્તમ પુરુષ ભગવાન હોય છે. '**પુરિસસિંહાણં**' જેમ સિંહ શૂરવીર, નીડર થઈને વનચરોને ક્ષોભિત કરે છે તેમ ભગવાન પણ સંસારરૂપી વનમાં નીડર થઈ પાખંડીઓને ક્ષોભિત કરતા વિચરે છે. '**પુરિસવરપુંડરિયાણં**'

÷ ભગ શબ્દના ૧૨ અર્થ થાય છે :– ૧. જ્ઞાનવંત ૨. માહાત્મ્યવંત ૩. યશસ્વી ૪. વૈરાગ્યવંત ૫. મુક્તાત્મા, નિર્લોભી ૬. રૂપવંત ૭. વીર્યવંત ૮. પ્રયત્નવંત ૯. મુમુક્ષુ ૧૦. શ્રીમંત–અતિશયો યુક્ત ૧૧. ધર્મવંત ૧૨. ઐશ્વર્યવંત.

ભગ શબ્દના આ બાર અર્થો અરિહંતને લાગુ પડે છે. પૂ. શ્રી ઘાસીલાલજી મ. સા. ના બનાવેલ શ્રી ઉપાસક દશાંગસૂત્ર પાના ૬૩ માં પણ ભગ શબ્દના ૧૦ અર્થ આપેલ છે.

× સંસારથી પાર ઉતારે તે તીર્થ કહેવાય છે. ગ્રામ, ઘર, પર્વત, નદી, વગેરે સંસારથી પાર નથી ઉતારતાં, તેથી પ્રભુએ ઉક્ત ચાર તીર્થો બતાવ્યાં છે.

જેમ પુંડરિક કમળ કીચડ અને પાણીથી અળગું રહીને પણ રૂપ અને સુગંધથી અનુપમ હોય છે તેમ ભગવાન પણ કામરૂપી કીચડ અને ભોગરૂપી પાણીથી અળગા રહીને મહાન દિવ્ય રૂપ અને મહાયશરૂપી સુગંધથી અનુપમ હોય છે. * '**પુરિસવરગંધ હત્થીણં**' જેમ ગંધહસ્તી ચતુરંગિણી સેનામાં શ્રેષ્ઠ અને પોતાના શરીરની ગંધથી સામેની સેનાને પરાજિત કરે છે, અસ્ત્રશસ્ત્રના પ્રહારની દરકાર વગર શત્રુસૈન્યનું દમન કરતો આગળ વધતો ચાલ્યો જાય છે એ જ પ્રમાણે ભગવાન પણ ચતુર્વિધ સંઘમાં શ્રેષ્ઠ સદુપદેશરૂપી પરાક્રમથી, યશરૂપી ગંધથી પાખંડીઓને નસાડે છે. પાખંડીઓ તરફથી થતાં પરિષહ ઉપસર્ગની જરાય ચિંતા વગર મુક્તિપંથમાં આગળ વધતા ચાલ્યા જાય છે. '**લોગુત્તમાણં**' વ્યાવહારિક અને નૈશ્ચયિક સંપત્તિમાં સર્વ લોકનાં સર્વ પ્રાણીઓમાં ભગવાન જ સર્વશ્રેષ્ઠ છે. '**લોગનાહાણં**' અપ્રાપ્ત-ગુણની પ્રાપ્તિ, પ્રાપ્ત ગુણના રક્ષક હોવાથી સર્વ લોકના નાથ ભગવાન જ હોય છે. '**લોગહિયાણં**' ઉપદેશ અને પ્રવૃત્તિ દ્વારા ભગવાન જ સર્વ લોકના હિતકર્તા છે. '**લોગપઇવાણં**' પ્રદીપની માફક ભવ્ય જીવોનાં હૃદયરૂપી ભુવનમાં રહેલા મિથ્યાત્વરૂપી ઘોર અંધકારનો નાશ કરી, જ્ઞાનરૂપી પ્રકાશથી સત્યાસત્ય, ધર્માધર્મનું યથાર્થ સ્વરૂપ દર્શાવનાર ભગવાન જ લોકપ્રકાશ સાચા પ્રદીપ છે. '**લોગપજ્જોયગરાણં**' સૂર્યની પેઠે જન્મ સમયમાં તેમ જ કેવલજ્ઞાન થયા બાદ સર્વ લોકમાં પ્રકાશકર્તા હોવાથી તથા લોકના સર્વદ્રવ્ય ગુણ પર્યાયના ભવ્ય જીવને પ્રકાશકર્તા હોવાથી ભગવાન જ સર્વ પ્રકાશક સાચા સૂર્ય છે. (આગળના સૂત્રનો અર્થ દષ્ટાન્ત દ્વારા સમજાવે છે.)

ગાથા-**जहा पउम जले जायं, नोवलिप्पइ वारिणा ।**
एवं अलिप्तं कामेहिं, तं वयं ब्रूम ति माहणं ॥ ઉત્ત. અ. ૨૫ ગા. ૨૭

જેમ કમળ કીચડમાં પેદા થઈ અને જળમાં મોટું થઈને પણ ફરી કીચડ અને પાણીમાં લિપ્ત થતું નથી તેમ જ મહાત્મા પણ કામરૂપ કીચડમાં ઉત્પન્ન થઈ ભોગરૂપ પાણીથી વૃદ્ધિગત થવા છતાં, કામભોગોનો ત્યાગ કરી ફરી તેમાં લિપ્ત થતા નથી.

દૃષ્ટાન્ત–પરદેશ જતાં કોઈ તવંગર પુરુષને રસ્તામાં ચોરો રસ્તો ભુલાવીને ભયંકર અટવીમાં લઈ ગયા અને ધન લૂંટીને તેની આંખો ઉપર પાટો બાંધી તેને ઝાડે બાંધી ચાલ્યા ગયા, એટલામાં એના પરમ સૌભાગ્યના ઉદયથી કોઈ મહારાજા પોતાની ચતુરંગિણી સેના સહિત શિકારને અર્થે તે જંગલમાં આવ્યા. તેના ઉપર દયા દર્શાવતાં રાજાએ ભયભીત ન થવા કહ્યું, એમ તેને અભયદાન આપ્યું. આંખોનો પાટો ખોલી ચક્ષુદાન દીધું. ઈચ્છિત સ્થાને જવાનો માર્ગ બતાવી માર્ગદાન દીધું, પહોંચાડવા સાથે સૈનિકો આપી શરણ દીધું, આજીવિકા માટે દ્રવ્ય આપી દાન દીધું, ફરી આ પ્રમાણે ન સપડાઈ જવાનો ઉપદેશ આપી જીવતરનું બોધદાન આપ્યું અને ઇષ્ટ માર્ગે પહોંચાડયો.

ભાવાર્થ–જ્ઞાનાદિ રત્નત્રય ગુણરૂપી ધનશાળી જીવરૂપી મુસાફરને સંસારરૂપી અટવીમાં કર્મરૂપી ચોર રસ્તો ભુલાવીને લઈ ગયા; જ્ઞાનાદિ દ્રવ્યને હરી લઈને અજ્ઞાનરૂપી પાટો બાંધી મમત્વરૂપી વૃક્ષથી બાંધી દીધો ત્યારે તીર્થંકર રૂપ મહારાજા ચતુર્વિધ સંઘરૂપ સેનાથી ઘેરાયેલા પાખંડરૂપી ક્ષુદ્રોના શિકાર માટે સંસારરૂપી મહા અટવીમાં વિચરતા દુઃખી જીવો ઉપર દયા લાવીને मा हणो मा हणो અર્થાત્ ન મારો, ન મારો એમ દયામય ઉપદેશ આપીને અભય આપે છે. આ પ્રમાણે જગતના સર્વ જીવોને સાતે ભયોથી મુક્ત કરનાર અભયદાતા ભગવાન જ છે. '**ચક્ખુ દયાણં**' જ્ઞાનરૂપી નેત્ર ઉપર બંધાયેલ જ્ઞાનાવરણીય કર્મરૂપી પાટાને દૂર કરી જ્ઞાનરૂપ ચક્ષુના દાતાર ભગવાનજ છે. '**મગ્ગદયાણં**' અનાદિકાળથી સન્માર્ગને ભૂલેલાં સંસારરૂપી વનમાં ભટકતાં પ્રાણીઓને મોક્ષ માર્ગના દર્શાવનાર ભગવાન જ છે. '**શરણદયાણં**' ચાર ગતિના દુઃખથી ત્રાસિત પ્રાણીને જ્ઞાનરૂપી સુભટના શરણદાતા ભગવાન જ છે. '**જીવદયાણં**' મોક્ષસ્થાન સુધી પહોંચાડવા સંયમરૂપ ઉપજીવિકાના દાતાર ભગવાન જ છે. '**બોહિદયાણં**' પ્રાણી સંસારની મોહજાળમાં ફરી ન સપડાય અને સીધો સિદ્ધગતિને પ્રાપ્ત કરે એવા સદ્‌બોધના દાતા પણ ભગવાન જ છે. '**ધમ્મદયાણં**' આત્મોન્નતિથી પતિત જીવોને દુર્ગતિમાં પડતા

બચાવી શ્રુત અને ચારિત્ર ધર્મના દાતાર ભગવાન જ છે. **'ધમ્મદેસયાણું'** એક યોજનના સમવસરણ પ્રદેશમાં રહેલી ૧૨ પ્રકારની પરિષદને સ્યાદ્વાદરૂપ યથાર્થ ધર્મને વ્યાખ્યાન વડે દર્શાવનાર ભગવાન જ છે. **'ધમ્મ નાયગાણું'** ચતુર્વિધ સંઘના રક્ષક અને નાયક ભગવાન જ છે. **ધમ્મ સારહીણું'** ધર્મરૂપી રથ ઉપર બેઠેલા ચારે તીર્થને ઉન્માર્ગથી પાછા વાળી સન્માર્ગે ચડાવનાર સાચા સારથી ભગવાન જ છે, તથા ચારે સંઘને નિર્વિઘ્નતાપૂર્વક મોક્ષ-નગરમાં દોરી જનાર ધર્મસાર્થવાહ પણ ભગવાન જ હોય છે.

દૃષ્ટાંત–એક મોટો સાર્થવાહ સર્વ માર્ગનો જાણકાર પરિવાર સહિત શિવપુર જતો હતો. માર્ગમાં સાથીઓને કહ્યું, 'અહો લોકો! આગળ મરુભૂમિમાં પાણી અને ઝાડ વિનાનાં જંગલને પસાર કરતાં દુઃખ આવી પડે તેને સમભાવે સહન કરી આગળ વધતા રહેજો. જંગલમાં એક સુંદર બાગ છે, તેને જોવા માત્રથી પણ મહાદુઃખ ઉદ્ભવે છે અને તેમાં જનાર તો પ્રાણમુક્ત થઇ જાય છે, માટે તે બાજુ દૃષ્ટિ પણ ન ફેંકતાં સીધા રસ્તે ચાલતા ચાલતા વન પસાર કરજો. આગળ સુખપ્રદ બાગ આવશે." એ સાર્થવાહનો ઉપદેશ જેણે ન સાંભળ્યો તેઓ ક્ષુધાતૃષાથી વ્યાકુળ બની તે બગીચામાં ગયા અને કિમ્પાક વૃક્ષનાં અતિ મિષ્ટ ફળોના ચાખવાથી વીંછીના ડંખ કરતાં પણ વધારે વેદનાથી પીડાઇને અકાળ મૃત્યુને પ્રાપ્ત થયા અને જેઓએ સાર્થવાહની આજ્ઞા માન્ય કરી તેઓ અટવીને પાર કરીને ઉપવનમાં જઇ પરમ સુખી બન્યા.

ભાવાર્થ–સાર્થવાહ તે અરિહંત ભગવાન; સાથેનો પરિવાર તે ચાર સંઘ, અટવી તે યુવાવસ્થા, અટવી માંહેનો બાગ તે સ્ત્રી. જેઓએ અરિહંતની આજ્ઞા ભંગ કરી તેઓ દુઃખી થયા અને જેમણે પાલન કરી તેઓ મોક્ષરૂપી ઉપવનને વિષે પહોંચી સુખી થયા.

'અપ્પડિહય વર ણાણ દંસણધરાણં' બીજાથી ઘાત ન થાય એવા કેવલજ્ઞાન અને કેવલદર્શનના ધણી. **'વિયટ્ટછઉમાણું'** છદ્મસ્થ અવસ્થાથી જેઓ નિવૃત્ત થયા છે, કર્મના આવરણથી ભગવાનના

આત્મ પ્રદેશ–મુક્ત થઈ ગયા છે. **'જિણાણં જાવયાણં'** અરિહંત ભગવાને પોતે કર્મ શત્રુઓને જીત્યા છે અને પોતાના અનુયાયીઓને પણ જીતવાનો માર્ગ બતાવ્યો છે. 'બુદ્ધાણં બોહિયાણં'-પોતે બોધ પામેલા અને બીજાને બોધ પમાડનારા, **તિન્નાણં તારયાણં'**–દુસ્તર સંસાર-સાગરને ભગવાન પોતે તર્યા છે. અને અનુયાયીઓને તાર્યા છે. **મુત્તાણં મોયગાણં'**–રાગદ્વેષથી ઉત્પન્ન થયેલા કર્મબંધનથી ભગવાન મુક્ત થયા છે. છૂટયા છે અને પોતાના અનુયાયીઓને પણ તે બંધનથી મુક્ત કરે છે, છોડાવે છે. **'સવ્વન્નુણં સવ્વદરિસીણં'**–સર્વજ્ઞ, સર્વદર્શી, સૂક્ષ્મ બાદર, ત્રસ–સ્થાવર, કૃત્રિમ, અકૃત્રિમ, નિત્ય, અનિત્ય, ઇત્યાદિ જગતના સર્વ પદાર્થોને જ્ઞાનથી જાણે છે. અને દર્શનથી જુએ છે. **સિવ**–(સિવં) ઉપદ્રવરહિત, **મયલ**–(અયલં) અચળ, **મરૂય**–(અરૂયં) રોગરહિત **મણંત**.(અણંત) અંત રહિત, **મક્ખય** (અક્ખય) અક્ષય (નાશ ન થાય તેવા) **મવ્વાબાહ** (અવ્વાબાહ) બાધા પીડા રહિત' **મપુણરાવિત્તિ** (અપુણરાવિત્તિ) જ્યાંથી ફરી પાછું આવવું નથી એવી **સિદ્ધિ ગઇ**–સિદ્ધ ગતિ, **નામધેયં**–નામના, **ઠાણં સંપાવિઉકામાણં**–એવું સ્થાન પામવાને ઇચ્છતા એવા અરિહંતોને.

આ તો અરિહંતના ગુણોનું યત્કિંચિત્ વર્ણન કર્યું, પરન્તુ આવા અનન્તાનન્ત ગુણોના ધારક અરિહંત ભગવાનો હોય છે.

દશ કર્મ ભૂમિક્ષેત્રના ત્રણ કાળના તીર્થંકરોની ચોવીસી (કુલ તીર્થંકર ૭૨૦) નાં નામો

જંબુદ્વીપના ભરતક્ષેત્રના ભૂતકાળના ૨૪ તીર્થંકરોનાં નામ (૧) શ્રી કેવળજ્ઞાનીજી (૨) શ્રી નિર્વાણીજી (૩) શ્રી સાગરજી (૪) શ્રી મહા-યશજી (૫) શ્રી વિમલપ્રભજી (૬) સર્વાનુભૂતિજી (૭) શ્રી શ્રીધરજી (૮) શ્રી દત્તજી (૯) શ્રી દામોદરજી (૧૦) શ્રી સુતેજજી (૧૧) શ્રી સ્વામીનાથજી (૧૨) મુનિસુવ્રતજી (૧૩) શ્રી સમિતિજીનજી (૧૪) શ્રી શિવગતિજી (૧૫) શ્રી અસ્તાંગજી (૧૬) શ્રી નમીશ્વરજી (૧૭) શ્રી અનિલનાથજી (૧૮) શ્રી યશોધરજી (૧૯) શ્રી કૃતાર્થજી (૨૦) શ્રી

જિનેશ્વરજી (૨૧) શ્રી શુદ્ધમતીજી (૨૨) શ્રી શિવશંકરજી (૨૩) શ્રી સ્યાન્દનનાથજી (૨૪) શ્રી સમ્પ્રાતજી.

જંબુદ્વીપના ભરતક્ષેત્રના વર્તમાનના ૨૪ તીર્થંકરોનાં નામ અને વિગત

૧. ભૂતકાળની ઉત્સર્પિણીની ચોવીસીના અંતિમ (૨૪મા) તીર્થંકરના મોક્ષે ગયા બાદ ૧૬૮ લાખપૂર્વ, ૭ વર્ષ અને ૫ માસે ન્યુન ૧૮ * ક્રોડાક્રોડી + સાગરોપમ બાદ ઈક્ષાગ ભૂમિ ÷ (શેરડીના ખેતરના કિનારે)માં નાભીકુલકરના પત્ની મરુદેવીની કુક્ષિથી વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજી (શ્રી આદિનાથજી)નો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સોના જેવો પીળો, વૃષભ (બળદ)નું × લક્ષણ, દેહમાન ૫૦૦ ધનુષ્યનું, આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું, જેમાં ૮૩ લાખ + પૂર્વ ગૃહવાસમાં રહ્યા, એક લાખ પૂર્વ સંયમ પાળીને ત્રીજા આરાનાં ૩ વર્ષ અને ૮।। માસ બાકી હતાં ત્યારે ૧૦ હજાર સાધુઓ સાથે મોક્ષે પધાર્યા.

૨. અયોધ્યા નગરીના જિતશત્રુ રાજાની વિજયાદેવી રાણીની કુક્ષિથી બીજા તીર્થંકર શ્રી અજિતનાથ સ્વામીનો જન્મ થયો. એમનું શરીર સુવર્ણ જેવું પીળું, હાથીનું લક્ષણ, દેહમાન ૪૫૦ ધનુષ્યનું અને આયુષ્ય ૭૨ લાખ પૂર્વનું હતું. જેમાં ૭૧ લાખ પુર્વ ગૃહવાસમાં

---

* પહેલો આરો ૪ ક્રોડાક્રોડી સાગરોપમનો, બીજો આરો ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમનો, ત્રીજો આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો આ પ્રમાણે ૯ ક્રોડાક્રોડી સાગરોપમ ઉત્સર્પિણી કાળના એમ ૭ આરાના કુલ મળી ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી તીર્થંકર ઉત્પન્ન થવાનો ઉત્કૃષ્ટો આંતરો છે,

+ કરોડની સંખ્યાને કરોડથી ગુણતાં જે સંખ્યા આવે તેને ક્રોડાક્રોડ કહે છે.

÷ તે વખતે ગામો વસ્યાં નહોતાં

× લક્ષણ એટલે ચિહ્ન. તે પગમાં હોય છે. અને છાતી ઉપર હોય છે એમ પણ કોઇ કહે છે.

+ ૭૦ લાખ ૫૬ હજાર વર્ષને એક ક્રોડથી ગુણીએ ત્યારે (૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦) આટલા વર્ષનું એક પૂર્વ થાય છે.

રહ્યા એક લાખ પૂર્વ સંયમ પાળીને એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા પહેલા તીર્થંકર અને બીજા તીર્થંકરના નિર્વાણનું અંતર ૫૮ લાખ ક્રોડ સાગર છે.

૩. શ્રાવસ્તિ નગરીના જિતાર્થ રાજાની રાણી સેનાદેવીની કુક્ષિએ ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથજીનો જન્મ થયો. એમના શરીરનો રંગ પણ સુવર્ણ જેવો પીળો, હાથીનું લક્ષણ, ૪૦૦ ધનુષ્યનું દેહમાન અને ૬૦ લાખ પૂર્વનું આયુષ્ય હતું. જેમાં ૫૯ લાખ પૂર્વ ગૃહવાસમાં પસાર કર્યાં. એક લાખ પૂર્વ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે પધાર્યા. બીજા અને ત્રીજા તીર્થંકરના નિર્વાણનું અંતર ૩૦ લાખ ક્રોડ સાગર છે.

૪. ૧૦ લાખ ક્રોડ સાગરનું અંતર ત્રીજા અને ચોથા તીર્થંકરના નિર્વાણનું છે. વનિતા નગરીના સંવર રાજાની સિદ્ધાર્થ રાણીથી ચોથા તીર્થંકર શ્રી અભિનંદનજીનો જન્મ થયો. એમનું શરીર સુવર્ણ જેવું પીળું, લક્ષણ કપિ (વાંદરાનું, દેહમાન ૩૫૦ ધનુષ્યનું અને આયુષ્ય ૫૦ લાખ પૂર્વનું હતું. જેમાં ૪૯ લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા. એક લાખ પૂર્વ સંયમ પાળી એક હજાર સાધુઓની સાથે મોક્ષે ગયા.

૫. કંચનપુર નગરના મેઘરથ રાજાની રાણી સુમંગલા દેવીથી પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, લક્ષણ ક્રૌંચ પક્ષીનું. દેહ પ્રમાણ ૩૦૦ ધનુષ્યનું અને આયુષ્ય ૪૦ લાખ પૂર્વનું હતું. ૩૯ લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા બાદ એક લાખ પૂર્વ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા. ૪ થા અને ૫ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૯ લાખ ક્રોડ સાગર છે.

૬. ૫ મા અને ૬ઠ્ઠા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૯૦ હજાર ક્રોડ સાગર છે. કૌસંબી નગરીના શ્રીધર રાજાની સુસીમા રાણીની કુક્ષિથી

છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ માણેક જેવો લાલ, પદ્મકમલનું લક્ષણ, દેહપ્રમાણ ૨૫૦ ધનુષ્યનું અને આયુષ્ય ૩૦ લાખ પૂર્વનું, જેમાં ૨૯ લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા, એક લાખ પૂર્વ સંયમ પાળીને એક હજાર સાધુ સાથે મોક્ષે ગયા.

૭ ૬ઠ્ઠા અને ૭મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૯ હજાર ક્રોડ સાગર છે. વારાણસી નગરીના રાજા પ્રતિષ્ઠની રાણી પૃથ્વી દેવીથી ૭મા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, સ્વસ્તિકનું લક્ષણ, દેહમાન ૨૦૦ ધનુષ્યનું, આયુષ્ય ૨૦ લાખ પૂર્વનું હતું. જેમાં ૧૯ લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા. એક લાખ પૂર્વ સંયમ પાળીને એક હજાર સાધુઓ સાથે મુક્તિ પહોંચ્યા.

૮. ૭મા અને ૮મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૯૦૦ ક્રોડ સાગર છે. ચંદ્રપુરી નગરીના મહાસેન રાજાની રાણી લક્ષ્મણાદેવીથી ૮મા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભજી સ્વામીનો જન્મ થયો. દેહવર્ણ હીરા જેવો સફેદ, લક્ષણ ચંદ્રમાનું, દેહમાન ૧૫૦ ધનુષ્યનું, આયુષ્ય ૧૦ લાખ પૂર્વનું, જેમાં ૯ લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા. એક લાખ પૂર્વ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૯. ૮ મા અને નવમા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૯૦ ક્રોડ સાગર છે. કાકંદી નગરીના સુગ્રીવ રાજાની રામાદેવી રાણીથી નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ સ્વામીનો જન્મ થયો. એમના શરીરનો રંગ હીરા જેવો સફેદ, મગરમચ્છનું લક્ષણ, દેહમાન ૧૦૦ ધનુષ્યનું, આયુષ્ય ૨ લાખ પૂર્વનું હતું, જેમાં એક લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા, એક લાખ પૂર્વ સંયમ પાળીને એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૧૦. ૯ મા અને ૧૦ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૯ ક્રોડ સાગર છે. ભદ્દિલપુર નગરીના દઢરથ રાજાની નંદાદેવી રાણીથી દસમા

તીર્થંકર શ્રી શીતલનાથજીનો જન્મ થયો. જેમના દેહનો વર્ણ સુવર્ણ જેવો પીળો, શ્રીવત્સ સ્વસ્તિકનું લક્ષણ, દેહમાન ૯૦ ધનુષ્ય, આયુષ્ય એક લાખ પૂર્વનું હતું, જેમાં પોણો લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા. પા લક્ષ પૂર્વ સંયમ પાળીને એક હજાર સાધુઓની સાથે મુક્ત થયા.

૧૧. ૧૦ મા અને ૧૧ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર એક કરોડ સાગરમાં સો સાગર અને ૬૬ લાખ વર્ષ ઓછાં એટલું છે. સિંહપુર નગરીના વિષ્ણુ રાજાની વિષ્ણુ દેવી રાણીથી અગિયારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ સ્વામીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, ગેંડાનું લક્ષણ, દેહ પ્રમાણ ૮૦ ધનુષ્યનું અને આયુષ્ય ૮૪ લાખ વર્ષનું હતું. જેમાં ૬૩ લાખ વર્ષ તેઓએ ગૃહવાસમાં વિતાવ્યાં, ૨૧ લાખ વર્ષ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૧૨. ૧૧ મા અને ૧૨ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૫૪ સાગર છે. ચંપાપુરી નગરીના વાસુપૂજ્ય રાજાની જયાદેવી રાણીથી ૧૨ મા તીર્થંકર શ્રી વાસુપૂજ્યનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ માણેક જેવો રાતો, પાડાનું લક્ષણ, દેહમાન ૭૦ ધનુષ્યનું, આયુષ્ય ૭૨ લાખ વર્ષનું હતું, જેમાં ૧૮ લાખ વર્ષ ગૃહવાસમાં રહ્યા, ૫૪ લાખ વર્ષ સંયમ પાળ્યો. ૬૦૦ સાધુઓની સાથે મોક્ષે ગયા.

૧૩. ૧૨ મા અને ૧૩માં તીર્થંકરોના નિર્વાણનું અંતર ૩૦ સાગર છે. કંપિલપુર નગરના કૃતવર્મ રાજાને ત્યાં શ્યામા દેવી રાણીથી ૧૩ મા તીર્થંકર શ્રી વિમલનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, વરાહનું લક્ષણ, દેહમાન ૬૦ લાખ ધનુષ્યનું, આયુષ્ય ૬૦ વર્ષનું હતું, જેમાં ૪૫ લાખ વર્ષ ગૃહવાસમાં રહ્યા. ૧૫ લાખ વર્ષ સંયમ પાળી ૬૦૦ સાધુઓ સાથે મુક્ત થયા.

૧૪. અયોધ્યા નગરીના સિંહસેન રાજાની સુયશા રાણીથી ૧૪ મા તીર્થંકર શ્રી અનંતનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, શકરા પક્ષીનું લક્ષણ, દેહમાન ૫૦ ધનુષ્યનું અને આયુષ્ય ૩૦ લાખ વર્ષનું હતું, જેમાં ૨૨॥ લાખ વર્ષ સુધી ગૃહ-વાસમાં રહી ૭॥ લાખ વર્ષ સંયમ પાળી ૭૦૦ સાધુઓ સાથે મોક્ષે પહોંચ્યા. ૧૩મા અને ૧૪ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૯ સાગર છે.

૧૫. રત્નપુરીના ભાનુ રાજાની સુવ્રતા રાણીની કુક્ષિએ ૧૫ મા તીર્થંકર શ્રી ધર્મનાથજીનો જન્મ થયો. એમના શરીરનો રંગ સોના જેવો પીળો હતો. વજ્રનું લક્ષણ, દેહમાન ૪૫ ધનુષ્યનું અને આયુષ્ય ૧૦ લાખ વર્ષનું હતું. તેમાં ૯ લાખ વર્ષ ગૃહવાસમાં રહ્યા પછી એક લાખ વર્ષ સંયમ પાળી ૮૦૦ સાધુઓ સાથે મુક્ત થયા. ૧૪ મા અને ૧૫ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૪ સાગર છે.

૧૬. ૧૫મા અને ૧૬ મા તીર્થંકરોનાં નિર્વાણનું અંતર ૩ સાગરમાં પોણો પલ્ય ઓછું છે. હસ્તિનાપુરના રાજા વિશ્વસેનની અચિરા રાણીથી ૧૬ મા તીર્થંકર શ્રી શાન્તિનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ પણ સુવર્ણ જેવો પીળો, મૃગનું લક્ષણ, દેહમાન ૪૦ ધનુષ્ય અને આયુષ્ય એક લાખ વર્ષનું હતું, જેમાં ૭૫ હજાર વર્ષ ગૃહવાસમાં રહી અને ૨૫૦૦૦ વર્ષ સંયમ પાળી ૯૦૦ સાધુઓ સાથે મોક્ષે પધાર્યા.

૧૭. ૧૬ મા અને ૧૭ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર અર્ધ પલ્ય છે. ગજપુર નગરના સુર રાજાની શ્રીદેવી રાણીથી ૧૭મા તીર્થંકર શ્રી કુંથુનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, બકરાનું લક્ષણ, દેહમાન ૩૫ ધનુષ્યનું અને આયુષ્ય ૯૫ હજાર વર્ષનું હતું. જેમાંથી ૭૧॥ હજાર વર્ષ ગૃહવાસમાં રહ્યા અને ૨૩॥ હજાર વર્ષ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૧૮. ૧૭ મા અને ૧૮ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર પા પલ્યોપમમાં એક હજાર ક્રોડ વર્ષ ઓછું હતું. હસ્તિનાપુરના સુદર્શન રાજાની દેવીરાણીથી ૧૮મા તીર્થંકર શ્રી અરહનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, નન્દાવર્ત સ્વસ્તિકનું લક્ષણ, દેહપ્રમાણ ૩૦ ધનુષ્યનું અને આયુષ્ય ૮૪ હજાર વર્ષનું હતું, જેમાંથી ૬૩ હજાર વર્ષ ગૃહવાસમાં રહી, ૨૧ હજાર વર્ષ સંયમ પાળી, એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૧૯. ૧૮મા અને ૧૯ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર એક હજાર ક્રોડ વર્ષ છે. મિથિલા નગરીના કુંભ રાજાની પ્રભાવતી રાણીથી ૧૯ મા તીર્થંકર શ્રી મલ્લિનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ પન્ના જેવો લીલો, કુંભ (ઘડા)નું લક્ષણ, દેહપ્રમાણ ૨૫ ધનુષ્યનું અને આયુષ્ય ૫૫ હજાર વર્ષનું હતું, જેમાં ૧૦૦ વર્ષ ગૃહવાસમાં રહી ૫૪૯૦૦ વર્ષ સંયમ પાળી ૫૦૦ સાધુઓ અને ૫૦૦ સાધ્વીઓ સાથે મોક્ષે ગયા.

૨૦. ૧૯મા અને ૨૦ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૫૪ લાખ વર્ષ છે. રાજગૃહી નગરીના સુમિત્ર રાજાની પદ્માવતી રાણીથી ૨૦મા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ લીલમ જેવો શ્યામ, કાચબાનું લક્ષણ, દેહમાન ૨૦ ધનુષ્યનું અને આયુષ્ય ૩૦ હજાર વર્ષનું હતું. જેમાં ૨૨॥ હજાર વર્ષ ગૃહવાસમાં રહી ૭॥ હજાર વર્ષ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૨૧. ૨૦ મા અને ૨૧ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૬ લાખ વર્ષ છે. મથુરા નગરીના વિજય રાજાની વિપ્રાદેવી રાણીથી ૨૧ મા તીર્થંકર શ્રી નમિનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, નીલોત્પલ કમળનું લક્ષણ, દેહમાન ૧૫ ધનુષ્યનું,

અને આયુષ્ય ૧૦ હજાર વર્ષનું હતું, જેમાં ૯ હજાર વર્ષ ગૃહવાસમાં રહી એક હજાર વર્ષ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૨૨. ૨૧ મા અને ૨૨ મા તીર્થંકરોનાં નિર્વાણનું અંતર ૫ લાખ વર્ષ છે. સૌરીપુર નગરના સમુદ્રવિજય રાજાની શિવાદેવી રાણીથી ૨૨મા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિનાથજીનો જન્મ થયો. એમના શરીરનો વર્ણ લીલમ જેવો શ્યામ, શંખનું લક્ષણ, દેહ પ્રમાણ ૧૦ ધનુષ્યનું અને આયુષ્ય એક હજાર વર્ષનું હતું. જેમાં ૩૦૦ વર્ષ ગૃહવાસમાં રહી ૭૦૦ વર્ષ સંયમ પાળી ૫૩૬ સાધુઓની સાથે મોક્ષે ગયા.

૨૩. વારાણસી નગરીના અશ્વસેન રાજાની વામાદેવી રાણીથી ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીનો જન્મ થયો હતો. એમના શરીરનો વર્ણ પન્ના જેવો લીલો, સર્પનું લક્ષણ, દેહમાન ૯ હાથનું અને આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું. જેમાં ૩૦ વર્ષ ગૃહવાસમાં રહી ૭૦ વર્ષ સંયમ પાળી એક હજાર સાધુઓ સાથે મોક્ષે ગયા.

૮૩૭૫૦ વર્ષ ૨૨ મા તથા ૨૩ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર કહેવાય છે. પરંતુ જો ૨૨ મા અને ૨૩મા તીર્થંકરોના નિર્વાણનું આંતરુ ૫૭૭૫૦ વર્ષ લઇએ તો ચોથા આરાનો કાળ ૧ ક્રોડાક્રોડ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઊણાં તેનો મેળ બરોબર મળી જાય છે. ૧ લા તીર્થંકરના નિર્વાણનું અને છેલ્લા તીર્થંકરના નિર્વાણનું આંતરૂં પણ એટલું જ છે, કારણ કે પહેલા તીર્થંકર ના નિર્વાણ પછી ૩ વર્ષ અને ૮॥ માસે ચોથો આરો બેસે છે અને છેલ્લા તીર્થંકરના નિર્વાણ પછી ૩ વર્ષ અને ૮॥ માસે પાંચમો આરો બેસે છે.

૨૪. ૨૩ મા અને ૨૪ મા તીર્થંકરોના નિર્વાણનું અંતર ૨૫૦ વર્ષ છે. ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાની ત્રિશલાદેવીની કુક્ષિથી

૨૪ મા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનો જન્મ થયો હતો. એમના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો, સિંહનું લક્ષણ, દેહમાન ૭ હાથનું અને આયુષ્ય ૭૨ વર્ષનું હતું, જેમાં ૩૦ વર્ષ ગૃહવાસમાં રહી અને ૪૨ વર્ષ સંયમ પાળી ચોથા આરાનાં ૩ વર્ષ ૮ાા મહિના બાકી રહ્યા ત્યારે એકલા જ મોક્ષે પધાર્યા.

આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવના જન્મથી લઈને અન્તિમ તીર્થંકર શ્રી મહાવીર સુધીનું અંતર એક કોડાકોડીથી કંઈક વધારેમાં ૪૨ હજાર વર્ષ ઓછાનું જાણવું.

ઉપર્યુક્ત વર્તમાન ચોવીસીનું અંતર શાશ્વત છે. ભૂતકાળમાં અનંત ચોવીસી આટલા જ આંતરાથી થઈ છે અને ભવિષ્યકાળમાં પણ એટલા જ અંતરથી અનંત ચોવીસી થશે. બધાય તીર્થંકરોનું દેહમાન, આયુષ્ય ઉપર કહેલ વર્તમાન ચોવીસી મુજબ જાણવું. વિશેષતા એટલી જ છે કે, અવસર્પિણીકાળમાં પ્રથમથી અન્તિમ તીર્થંકર સુધી ઉપર્યુક્ત પ્રમાણે ક્રમ ચાલે છે અને ઉત્સર્પિણીમાં અન્તિમ તીર્થંકરથી પ્રથમ તીર્થંકર સુધીનો એવો ઊલટો ક્રમ ચાલે છે.

જંબુદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રના વર્તમાન કાળમાં થયેલા

તીર્થંકરોનાં નામ		ગણધર	કેવળજ્ઞાની	મનઃપર્યવ જ્ઞાની.	અવધિ જ્ઞાની	ચૌદપૂર્વ ધર
શ્રી ઋષભદેવ	સ્વામી	૮૪	૨૦૦૦૦	૧૩૫૦૦	૯૦૦૦	૪૭૫૦
શ્રી અજિતનાથ	,,	૬૫	૨૨૦૦૦	૧૨૫૦૦	૯૪૦૦	૩૭૨૦
શ્રી સંભવનાથ	,,	૧૦૨	૧૫૦૦૦	૧૨૧૫૦	૯૬૦૦	૨૧૫૦
શ્રી અભિનંદન	,,	૧૧૧	૧૪૦૦૦	૧૧૬૫૦	૯૮૦૦	૧૫૦૦
શ્રી સુમતિનાથ	,,	૧૦૦	૧૩૦૦૦	૧૦૪૫૦	૧૧૦૦૦	૨૪૦૦
શ્રી પદ્મપ્રભુ	,,	૧૦૭	૧૨૦૦૦	૧૦૩૦૦	૧૦૦૦૦	૨૩૩૦
શ્રી સુપાર્શ્વનાથ	,,	૯૫	૧૧૦૦૦	૯૧૫૦	૯૦૦૦	૨૦૩૦
શ્રી ચંદ્રપ્રભ	,,	૯૩	૧૦૦૦૦	૮૦૦૦	૮૦૦૦	૨૦૦૦
શ્રી સુવિધિનાથ	,,	૮૮	૭૫૦૦	૭૫૦૦	૮૪૦૦	૧૫૦૦
શ્રી શીતળનાથ	,,	૮૨	૭૦૦૦	૭૫૦૦	૭૨૦૦	૧૪૦૦
શ્રી શ્રેયાંસનાથ	,,	૭૭	૬૫૦૦	૬૦૦૦	૬૦૦૦	૧૩૦૦
શ્રી વાસુપૂજ્ય	,,	૬૯	૬૦૦૦	૬૫૦૦	૫૪૦૦	૧૨૦૦
શ્રી વિમળનાથ	,,	૫૭	૫૫૦૦	૫૫૦૦	૪૮૦૦	૧૧૦૦
શ્રી અનંતનાથ	,,	૫૦	૫૦૦૦	૫૦૦૦	૪૩૦૦	૧૦૦૦
શ્રી ધર્મનાથ	,,	૪૩	૪૫૦૦	૪૫૦૦	૩૬૦૦	૯૦૦
શ્રી શાન્તિનાથ	,,	૩૬	૪૩૦૦	૪૦૦૦	૩૦૦૦	૮૦૦
શ્રી કુંથુનાથ	,,	૩૫	૩૨૦૦	૪૩૪૦	૨૫૦૦	૬૭૦
શ્રી અરનાથ	,,	૩૩	૨૮૦૦	૨૫૫૧	૨૬૦૦	૬૧૦
શ્રી મલ્લિનાથ	,,	૨૮	૨૨૦૦	૧૭૫૦	૨૨૦૦	૬૬૮
શ્રી મુનિસુવ્રત	,,	૧૮	૧૮૦૦	૧૫૦૦	૧૮૦૦	૫૦૦
શ્રી નમિનાથ	,,	૧૭	૧૬૦૦	૧૨૫૦	૧૬૦૦	૪૫૦
શ્રી નેમિનાથ	,,	૧૧	૧૫૦૦	૧૦૦૦	૧૫૦૦	૪૦૦
શ્રી પાર્શ્વનાથ	,,	૧૦	૧૦૦૦	૭૫૦	૧૦૦૦	૩૫૦
શ્રી મહાવીર	સ્વામી	૧૧	૭૦૦	૫૦૦	૭૦૦	૩૦૦

૨૪ તીર્થંકરોના ગણધર આદિ પરિવારનો કોઠો.

વૈક્રિય લબ્ધિવંત	ચર્ચાવાદી	સાધુ	સાધ્વી	શ્રાવક	શ્રાવિકા
૨૦૬૦૦	૧૨૬૫૦	૮૪૦૦૦	૩૦૦૦૦૦	૩૫૦૦૦૦	૫૫૪૦૦૦
૨૦૪૦૦	૧૨૪૦૦	૧૦૦૦૦૦	૩૩૦૦૦૦	૨૯૮૦૦૦	૫૪૫૦૦૦
૧૯૮૦૦	૧૨૦૦૦	૨૦૦૦૦૦	૩૩૬૦૦૦	૨૯૩૦૦૦	૬૩૬૦૦૦
૧૯૦૦૦	૧૧૦૦૦	૩૦૦૦૦૦	૬૩૦૦૦૦	૨૮૮૦૦૦	૫૨૭૦૦૦
૧૮૪૦૦	૧૦૪૦૦	૩૨૦૦૦૦	૫૩૦૦૦૦	૨૮૧૦૦૦	૫૧૬૦૦૦
૧૬૧૦૮	૯૬૦૦	૩૩૦૦૦૦	૪૨૦૦૦૦	૨૭૬૦૦૦	૫૦૫૦૦૦
૧૫૩૦૦	૮૪૦૦	૩૦૦૦૦૦	૪૩૦૦૦૦	૨૫૭૦૦૦	૪૯૩૦૦૦
૧૪૦૦૦	૭૬૦૦	૨૫૦૦૦૦	૩૮૦૦૦૦	૨૫૦૦૦૦	૪૭૯૦૦૦
૧૩૦૦૦	૬૦૦૦	૨૦૦૦૦૦	૧૨૦૦૦૦	૨૨૯૦૦૦	૪૭૧૦૦૦
૧૨૦૦૦	૫૮૦૦	૧૦૦૦૦૦	૧૦૬૦૦૦	૨૮૯૦૦૦	૪૫૮૦૦૦
૧૧૦૦૦	૫૦૦૦	૮૪૦૦૦	૧૦૩૦૦૦	૨૯૯૦૦૦	૪૪૮૦૦૦
૧૦૦૦૦	૪૭૦૦	૭૨૦૦૦	૧૦૦૦૦૦	૨૧૫૦૦૦	૪૩૬૦૦૦
૯૦૦૦	૩૬૦૦	૬૮૦૦૦	૧૦૦૮૦૦	૨૦૮૦૦૦	૪૨૪૦૦૦
૮૦૦૦	૩૨૦૦	૬૬૦૦૦	૬૨૦૦૦	૨૦૬૦૦૦	૪૧૪૦૦૦
૭૦૦૦	૨૮૦૦	૬૪૦૦૦	૬૨૪૦૦	૨૦૪૦૦૦	૪૧૩૦૦૦
૬૦૦૦	૧૪૦૦	૬૨૦૦૦	૬૧૬૦૦	૧૯૦૦૦૦	૩૯૦૦૦૦
૫૧૦૦	૨૦૦૦	૬૦૦૦૦	૬૦૬૦૦	૧૭૯૦૦૦	૩૮૧૦૦૦
૭૩૦૦	૧૬૦૦	૫૦૦૦૦	૬૦૦૦૦	૧૮૪૦૦૦	૩૭૨૦૦૦
૨૯૦૦	૧૪૦૦	૪૦૦૦૦	૫૫૦૦૦	૧૮૩૦૦૦	૩૭૦૦૦૦
૨૦૦૦	૧૨૦૦	૩૦૦૦૦	૫૦૦૦૦	૧૭૨૦૦૦	૩૫૦૦૦૦
૫૦૦૦	૧૦૦૦	૨૦૦૦૦	૪૧૦૦૦	૧૭૦૦૦૦	૩૪૮૦૦૦
૧૫૦૦	૮૦૦	૧૮૦૦૦	૪૦૦૦૦	૧૬૯૦૦૦	૩૩૬૦૦૦
૧૧૦૦	૬૦૦	૧૬૦૦૦	૩૮૦૦૦	૧૬૪૦૦૦	૩૩૯૦૦૦
૭૦૦	૪૦૦	૧૪૦૦૦	૩૬૦૦૦	૧૫૯૦૦૦	૩૧૮૦૦૦

જંબુદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રની (ભવિષ્યની) આવતી ચોવીસીના ૨૪ તીર્થંકરોનાં નામ.

તીર્થંકરનું નામ	કોનો જીવ ?	હાલ ક્યાં છે ?
૧ લા શ્રી પદ્મનાભજી	શ્રેણીકરાય	૧ લી નરક
૨ જા ,, સુરદેવજી	સુપાર્શ્વજી	દેવલોક
૩ જા ,, સુપાર્શ્વજી	ઉદયરાય	,,
૪ થા ,, સ્વયંપ્રભજી	પોટીલ અણગાર	,,
૫ મા ,, સર્વાનુભૂતિજી	દ્રઢાયુ શ્રાવક	,,
૬ ઠ્ઠા ,, દેવશ્રુતજી	કાર્તિકશેઠ	,,
૭ મા ,, ઉદયનાથજી	શંખ શ્રાવક	,,
૮ મા ,, પેઢાલજી	આનંદ શ્રાવક	,,
૯ મા ,, પોટિલજી	સુનંદ શ્રાવક	,,
૧૦ મા ,, શતકીર્તિજી	શતક શ્રાવક	,,
૧૧ મા ,, મુનિસુવ્રતજી	દેવકીજી	દેવલોક
૧૨ મા ,, અમમનાથ	શ્રીકૃષ્ણ	ત્રીજી નરક
૧૩ મા ,, નિષ્કષાયજી	સત્યકી	ત્રીજી નરક
૧૪ મા ,, નિષ્પુલાકજી	બળભદ્રજી	દેવલોક
૧૫ મા ,, ચિત્રગુપ્તજી	રોહિણી	,,
૧૬ મા ,, નિર્મળજી	સુલસા	,,
૧૭ મા ,, સમાધિનાથજી	રેવતી	,,
૧૮ મા ,, સંવરનાથજી	સતતીલક શ્રાવક	,,
૧૯ મા ,, અનદ્ધીકજી	કર્ણ	,,
૨૦ મા ,, યશોધરજી	દ્વીપાયન	વ્યંતરદેવ
૨૧ મા ,, વિજયજી	નારદ	દેવલોક
૨૨ મા ,, મલ્લિચંદ્રજી	અંબડ	,,
૨૩ મા ,, દેવચંદ્રજી	અમર	,,
૨૪ મા ,, અનંતવીર્યજી	સ્વાતિબુદ્ધિજી	,,

૮ મા, ૯ મા, તથા ૧૦ મા તીર્થંકરો માંડલિક અને ચક્રવતીની પદવી પામશે, એમ કહેવાય છે. **અન્ય સ્થળે*** ૧૫ મા શ્રી નિર્મળજી તે સુલસાનો જીવ હાલ તે દેવલોકમાં. ૧૬ મા શ્રી ચિત્રગુપ્તજી તે રોહિણીનો જીવ હાલ દેવલોકમાં. ૧૯ મા શ્રી યશોધરજી તે દ્વીપાયનનો જીવ. ૨૦મા શ્રી વિજયજી તે કર્ણનો જીવ. ૨૧ મા શ્રી મલ્લદેવજી મલ્લનારદનો જીવ હાલ દેવલોકમાં. ૨૨ મા શ્રી દેવચંદ્રજી તે અંબડનો જીવ હાલ દેવલોકમાં. ૨૩મા શ્રી અનંતવીર્યજી તે અમરનો જીવ. ૨૪મા શ્રી ભદ્રંકરજી તે સ્વતકજીનો જીવ, એમ મતભેદ છે, તે અહીં બતાવેલ છે.

---

* આ પ્રમાણે ક્યાંક ક્યાંક ભૂલ છે માટે તેનું યથાતથ્ય જ્ઞાન કેવળી ગમ્ય માનવું.

જંબુદ્વીપના ઐરવત ક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો.

	ભૂતકાળના ૨૪.	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪.
૧	શ્રી પંચરૂપજી	શ્રી બાલચંદ્રજી	શ્રી સિદ્ધાર્થજી
૨	,, જિનધરજી	,, સુવ્રતજી	,, વિમલસેનજી
૩	,, સંપ્રતકજી	,, અગ્નિસેનજી	,, જયઘોષજી
૪	,, ઉરમતજી	,, નંદસેનજી	,, આનંદસેનજી
૫	,, આદિછાંયજી	,, દત્તજી	,, સુરમંગલજી
૬	,, અભિનંદનજી	,, વ્રતધરજી	,, વજ્રધરજી
૭	,, રત્નસેનજી	,, સોમચંદ્રજી	,, નિર્વાણજી
૮	,, રામેશ્વરજી	,, ધૃતિધરજી	,, ધર્મદ્વિજજી
૯	,, રંગોજીતજી	,, શાન્તિપહોયજી	,, સિદ્ધસેનજી
૧૦	,, વિનપાસજી	,, શિવમતિજી	,, મહાસેનજી
૧૧	,, આરોવસજી	,, શ્રેયાંસજી	,, રવિમિત્રજી
૧૨	,, શુભધ્યાનજી	,, સુતજલજી	,, શાન્તિસેનજી
૧૩	,, વિપ્રદત્તજી	,, શ્રેયસેનજી	,, ચંદ્રદેવજી
૧૪	,, કુંવારજી	,, ઉરપશાન્તજી	,, મહાચંદ્રજી
૧૫	,, સર્વસહેલજી	,, સત્યસેનજી	,, સુતાંજનજી
૧૬	,, પરભંજનજી	,, અનંતવીર્યજી	,, નિકરણજી
૧૭	,, સૌભાગ્યજી	,, પાર્શ્વનાથજી	,, સુવ્રતજી
૧૮	,, દિવાકરજી	,, અભિધાનજી	,, જિનેન્દ્રજી
૧૯	,, વૃતુવિન્દુજી	,, મરુદેવજી	,, સુપાર્શ્વનાથજી
૨૦	,, સિદ્ધકાન્તજી	,, શ્રીધરજી	,, સુકૌશલ્યજી
૨૧	,, જ્ઞાનસરીજી	,, શ્રીકંઠજી	,, અનંતજી
૨૨	,, કલ્પદ્રુમજી	,, અગ્નિપ્રભુજી	,, વિમલપ્રભજી
૨૩	,, તીર્થફલજી	;, અગ્નિદત્તજી	,, અમૃતસેનજી
૨૪	,, બ્રહ્મપ્રભજી	,, વીરસેનજી	,, અગ્નિદત્તજી

પૂર્વ ધાતકીખંડના ભરતક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો

	ભૂતકાલના ૨૪.	વર્તમાનકાલના ૨૪.	ભવિષ્યકાલના ૨૪.
૧	શ્રી રત્નપ્રભજી	શ્રી યુગાદિદેવજી	શ્રી સિદ્ધનાથજી
૨	,, અમિતદેવજી	,, સિંહદત્તજી	,, સમકિતજી
૩	,, સંભવજી	,, મહાસેનજી	,, જિનેન્દ્રનાથજી
૪	,, અકલંકજી	,, પરમાર્થજી	,, સંપતનાથજી
૫	,, ચંદ્રનાથજી	,, વરસેનજી	,, સર્વસ્વામીજી
૬	,, શુભંકરજી	,, સમુદ્રરાયજી	,, મુનિનાથજી
૭	,, તત્ત્વનાથજી	,, બુદ્ધરાયજી	,, સુવિષ્ટજી
૮	,, સુંદરનાથજી	,, ઉદ્યોતજી	,, અઈતનાથજી
૯	,, પુરંદરજી	,, આર્યવજી	,, બ્રહ્મશાન્તિજી
૧૦	,, સ્વામીદેવજી	,, અભયજી	,, પરવનાથજી
૧૧	,, દેવદત્તજી	,, અપ્રકંપજી	,, આકામુષજી
૧૨	,, વાસુદત્તજી	,, પ્રેમનાથજી	,, ધ્યાનનાથજી
૧૩	,, શ્રેયનાથજી	,, પદ્માનન્દજી	,, કલ્પજિનેશજી
૧૪	,, વિશ્વરૂપજી	,, પ્રિયકરજી	,, સંવરનાથજી
૧૫	,, તપ્તતેજજી	,, સુકૃતજી	,, શુચિનાથજી
૧૬	,, પ્રતિબોધજી	,, ભદ્રસેનજી	,, આનંદનાથજી
૧૭	,, સિદ્ધાર્થજી	,, મુનિચંદ્રજી	,, રવિપ્રભુજી
૧૮	,, અમલપ્રભુજી	,, પંચમુષ્ટિજી	,, ચંદ્રપ્રભજી
૧૯	,, સંયમજી	,, ગંગેયકજી	,, સુનંદજી
૨૦	,, દેવેન્દ્રજી	,, ગણધરજી	,, સુકરણનાથજી
૨૧	,, પ્રિયનાથજી	,, સર્વાંગદેવજી	,, સુકર્મજી
૨૨	,, વિશ્વનાથજી	,, બ્રહ્મદત્તજી	,, અનુમાયજી
૨૩	,, મેઘનંદજી	,, ઈન્દ્રદત્તજી	,, પાર્શ્વનાથજી
૨૪	,, ત્રયનેત્રકાયજી	,, દયાનાથજી	,, સરસ્વતનાથજી

પૂર્વધાતકીખંડના ઐરવત ક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો

ભૂતકાળના ૨૪	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪
૧ શ્રી ઋષભનાથજી	શ્રી વિશ્વચન્દ્રજી	શ્રી રત્નકોષજી
૨ ,, પ્રાર્મેમિત્રજી	,, કપિલજી	,, ચઉરનજી
૩ ,, સાતિનાથજી	,, ઋષભજી	,, ઋતુનાથજી
૪ ,, સુમર્દજિનજી	,, પ્રયાતેજી	,, પરમેશ્વરજી
૫ ,, અકુજિનજી	,, પ્રશમજી	,, સુમુક્તિજી
૬ ,, અતીતાજિનજી	,, વિશમાંગજી	,, સુહત્તજી
૭ ,, કલસેણજી	,, ચારિત્રનાથજી	,, નાકેશજી
૮ ,, સર્વજિનજી	,, પ્રભાદિત્યજી	,, પ્રશસ્તજી
૯ ,, પ્રબુદ્ધનાથજી	,, મંજુકજી	,, નિરાહારજી
૧૦ ,, પ્રવજિનજી	,, પિતવાસજી	,, અમૂર્તિજી
૧૧ ,, સૌધર્માજિનજી	,, સુરેશપૂજ્યજી	,, દયાવરજી
૧૨ ,, તમોધરિપુજી	,, દયાનાથજી	,, સેતીગંધજી
૧૩ ,, વજ્રજિનજી	,, સહસ્રભુજજી	,, અરૂહનાથજી
૧૪ ,, પ્રબુદ્ધસેનજી	,, જિનસિંહજી	,, સહસ્રચિત્તજી
૧૫ ,, પ્રબંધજી	,, રેફનાથજી	,, દેવનાથજી
૧૬ ,, અજિતજિનજી	,, બાહુજિનજી	,, દયાદ્વીપજી
૧૭ ,, પ્રમુખીજિનજી	,, યમાલજી	,, પુષ્પનાથજી
૧૮ ,, પલ્યોપમજી	,, અજોગિજી	,, નરનાથજી
૧૯ ,, અકોપજિનજી	,, અભોગિજી	,, નગ્ગાર્હનાથજી
૨૦ ,, નિષ્ટાન્તજી	,, કામરિપુજી	,, તપાધિકજી
૨૧ ,, મૃગનાભિજી	,, અરણીબાહુજી	,, દશાનનજી
૨૨ ,, દેવજિનજી	,, તમનાશજી	,, અરણ્યકજી
૨૩ ,, પ્રાયછનજી	,, ગર્ભજ્ઞાનીજી	,, દશાનિકજી
૨૪ ,, શિવનાથજી	,, એકરાજજી	,, ભૌતિકજી

પૂર્વ પુષ્કરાર્ધ ભરતક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો

ભૂતકાળના ૨૪	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪
૧ શ્રી વજ્રસ્વામીજી	શ્રી પશ્ચિમજિનજી	શ્રી વીરાજી
૨ ,, ચંદ્રદત્તજી	,, પુષ્યદંતજી	,, વિજયપ્રભુજી
૩ ,, સૂર્યસ્વામીજી	,, અર્હંતજી	,, મહામૃગેન્દ્રજી
૪ ,, પુરુષજી	,, સુચરિત્રજી	,, ચિંતામણિજી
૫ ,, સ્વામસ્વામીજી	,, સિદ્ધાનંદજી	,, અશોકજી
૬ ,, અવબોધજી	,, નંદકજી	,, દ્વિમૃગેન્દ્રજી
૭ ,, વિક્રમજી	,, પદમરૂપજી	,, ઉપવાસજી
૮ ,, નિર્ઘંટજી	,, ઉદયનાભજી	,, પદમચંદ્રજી
૯ ,, કરાઇજી	,, રકમોધ્વજજી	,, બોધકેન્દ્રજી
૧૦ ,, પ્રતરીજી	,, કૃપાલજી	,, હિતહીમજી
૧૧ ,, નિર્વાણજી	,, પોટલજી	,, ઉત્તરાહિકજી
૧૨ ,, ધર્મહેતજી	,, સિદ્ધેશ્વરજી	,, અપાસિકજી
૧૩ ,, ચઉમુખજી	,, અમૃતેન્દ્રજી	,, દેવજયજી
૧૪ ,, કૃતેન્દ્રજી	,, સ્વામીનાથજી	,, નારીકજી
૧૫ ,, સ્વયંભૂયજી	,, ભોગીલગજી	,, અનોધજી
૧૬ ,, વિમલદિવ્યજી	,, સર્વાર્થસિદ્ધજી	,, નાગિન્દ્રજી
૧૭ ,, દેવપ્રભજી	,, મેઘાનંદજી	,, નિલોત્ફલજી
૧૮ ,, ધરણેન્દ્રજી	,, નંદીશ્વરજી	,, અપ્રંકરજી
૧૯ ,, સતીસ્વામીજી	,, હરહરનાથજી	,, પુરોહિતજી
૨૦ ,, ઉદયામદજી	,, અધિકશ્રાકજી	,, ઉમેન્દ્રજી
૨૧ ,, સિદ્ધાર્થજી	,, સ્વાંતિકજી	,, વિશ્વનાથજી
૨૨ ,, ધર્મોપદેશજી	,, નંદસ્વામીજી	,, તીબબજી
૨૩ ,, ક્ષેત્રસ્વામીજી	,, કુડપાસજી	,, અરહજિનેન્દ્રજી
૨૪ ,, હરિશ્ચન્દ્રજી	,, વારોચનજી	,, જયજિનેન્દ્રજી

પશ્ચિમ ધાતકીખંડ ઐરવત ક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો

ભૂતકાળના ૨૪	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪
૧ શ્રી સુમેરુજી	શ્રી ઔસાહિતજી	શ્રી સુસંભવજી
૨ ,, જિનરક્ષિતજી	,, જિનસ્વામીજી	,, પલ્યુનાથજી
૩ ,, અતીર્થજી	,, સ્તિમિતેન્દ્રજી	,, પુરવાસજી
૪ ,, પ્રશસ્તદત્તજી	,, અભિધાનજી	,, સૌંદર્યજી
૫ ,, નિરદમજી	,, પુષ્પકજી	,, ગાગીજિનજી
૬ ,, કુલાદીજી	,, મંડિકજી	,, ત્રિવિક્રમજી
૭ ,, વર્ધમાનજી	,, પ્રહરજી	,, નરસિંહજી
૮ ,, સ્મૃતેન્દ્રજી	,, મદનસિંહજી	,, મૃગવસુજી
૯ ,, સંખાનન્દ્રજી	,, હસ્તૌદજી	,, સોમેશ્વરજી
૧૦ ,, કલ્પકીર્તિજી	,, ચંદ્રપાર્શ્વજી	,, સધાસારજી
૧૧ ,, હરિદાનજી	,, અજબોધજી	,, અપ્પાપમલજી
૧૨ ,, બાહુસ્વામીજી	,, જિનાધારજી	,, વિવિધજિનજી
૧૩ ,, ભાર્ગચજી	,, જીવીભુતિકજી	,, જિક્રમજી
૧૪ ,, સુભેન્દ્રજી	,, કસૂરપંથજી	,, માનધાતાજી
૧૫ ,, પાવપતિજી	,, સુવર્ણજી	,, અશ્વસૈનજી
૧૬ ,, વિપોષિતજી	,, અશ્વાનિકજી	,, વિદ્યાધરજી
૧૭ ,, બ્રહ્મચારીજી	,, હરિવાસજી	,, સુલોભનજી
૧૮ ,, આસકૃતજી	,, ત્રયચામીજી	,, મૌનવિધાનજી
૧૯ ,, ચરિત્રસંપન્નજી	,, ધર્મદેવજી	,, પૌંડરિકજી
૨૦ ,, પરિનામકજી	,, ધર્મચંદ્રજી	,, ચિત્રણુજી
૨૧ ,, ધર્મેશજી	,, નંદીનાથજી	,, મમણુઋદ્ધિજી
૨૨ ,, કબોજિનજી	,, પાવનજી	,, સર્વકાલજી
૨૩ ,, નીતિનાથજી	,, પાર્શ્વનાથજી	,, ભુરાસરજી
૨૪ ,, કૌશિકજી	,, ચિત્રસ્વામીજી	,, નૂન્યાગજી

પૂર્વ પુષ્કારાર્ધ ભરતક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો

ભૂતકાળના ૨૪	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪
૧ શ્રી મદનકાયજી	શ્રી જગન્નાથજી	શ્રી વસંતધ્વજજી
૨ ,, સુરસ્વામીજી	,, પ્રભાસજી	,, પ્રિયજમતજી
૩ ,, નિરાગાયજી	,, સુરસ્વામીજી	,, સ્રીજયતજી
૪ ,, પ્રલંપતાપજી	,, ભારતીશજી	,, સત્તાભાયજી
૫ ,, પૃથ્વીપતિજી	,, દગનાથજી	,, પરબ્રહ્મજી
૬ ,, ચારિત્રનાથજી	,, વિજયકૃતજી	,, અમ્લિશજી
૭ ,, અપરાજિતજી	,, અવસાનનાથજી	,, પ્રબાધકજી
૮ ,, સુબોધકાયજી	,, પ્રબોધનાથજી	,, ત્રિનાયજી
૯ ,, બુદ્ધકાયજી	,, તપોનીધિજી	,, બહુસાયજી
૧૦ ,, બેતાલસહાયજી	,, પાવકાયજી	,, પ્રમાત્મપ્રસંગજી
૧૧ ,, ત્રિમુષ્ટજી	,, ત્રિપુરેશજી	,, ભૂમપ્રાયજી
૧૨ ,, મુનિબોધકજી	,, શોક્તાયજી	,, ગોસ્વામીજી
૧૩ ,, ભર્તસ્વામીજી	,, શ્રીવાસજી	,, કલ્યાણપ્રકાશજી
૧૪ ,, ધર્માધીશજી	,, મનોહરજી	,, મંડલાયજી
૧૫ ,, ધરણીશજી	,, શુભકર્મજી	;, મહાવંશજી
૧૬ ,, પ્રભાદેવજી	,, ઇષ્ટસ્વામીજી	,, તેજોદયજી
૧૭ ,, આનંદદેવજી	,, અમલેન્દ્રજી	,, દિવ્યજ્યોતિજી
૧૮ ,, આનંદપ્રભુજી	,, ધર્મવૃક્ષજી	,, પ્રબોધજી
૧૯ ,, સર્વતીર્થજી	,, પ્રશાદજી	,, અભયંકરજી
૨૦. ,, નિરુપમાજી	,, પ્રભામૃગાંકજી	,, અપ્રમિતજી
૨૧ ,, કુંબરાયજી	,, અકલંકજી	,, દિવ્યશકજી
૨૨ ,, વિહારગૃહજી	,, સકટપ્રભજી	,, વૃતસ્વામીજી
૨૩ ,, ધરણીશરાયજી	,, ગાગેન્દ્રજી	,, વિધાનજી
૨૪ ,, વિકશાયજી	,, ધ્યાનજિનજી	,, નિઃકર્મકજી

પૂર્વ પુષ્કરાર્ધના ઐરવતક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો.

	ભૂતકાળના ૨૪	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪
૧	શ્રી કાન્તનાથજી	શ્રી શંકરજી	શ્રી યશોધરજી
૨	,, ઉપદિષ્ટજી	,, અડવાસજી	,, સુકૃતજી
૩	,, આદિત્યદેવજી	,, નગનાથજી	,, અવિઘોષજી
૪	,, અસ્થાનકજી	,, નગનાદ્વીપજી	,, નિર્વાણજી
૫	,, પ્રભાચંદ્રજી	,, નષ્ટપાખંડજી	,, વૃતવસજી
૬	,, વેણુકાયજી	,, સ્વપ્નબોધજી	,, અતિરાજજી
૭	,, ત્રિભાનુજી	,, તપોધનજી	,, વિશ્વજિનનાથજી
૮	,, બ્રહ્નબ્રહ્નનાથજી	,, પુષ્પકેતજી	,, અર્જુનનાથજી
૯	,, ભુજંગજી	,, ધર્મકાયજી	,, તપેશ્વરજી
૧૦	,, અવિરાધનાથજી	,, વીતરાગજી	,, શરીરકાયજી
૧૧	,, અપાપજી	,, ચંદ્રકીર્તિજી	,, મહીશાયજી
૧૨	,, લોકંતરજી	,, અનુકૃતજી	,, સુગ્રીવજી
૧૩	, જરાધીરજી	,, ઉદ્યોતકૃતજી	,, દૃઢપ્રયાયજી
૧૪	,, બોધકજી	,, તમોવાસજી	,, દયાનિતાયજી
૧૫	,, સુમરનાથજી	,, મધુનાથજી	,, અવસરાયજી
૧૬	,, પ્રભાદિત્યજી	,, મરુદેવજી	,, તુવરાયજી
૧૭	,, વચ્છલજી	,, દયામયજી	,, સર્વસીલજી
૧૮	,, જિનાલયજી	,, વૃષભેશ્વરજી	,, પ્રતિજાતકજી
૧૯	,, તુષારનાથજી	,, શીતલતનજી	,, જીતેંદ્રજી
૨૦	,, ભુવનસ્વામીજી	,, વિશ્વનાથજી	,, તપોદ્યોતજી
૨૧	,, સુકુમારજી	,, મહાપ્રાયજી	,, રત્નકિરણજી
૨૨	,, દેવાધિદેવજી	,, નંદનાથજી	,, લછણનાથજી
૨૩	,, અકારમજી	,, તમોનિભયજી	,, દિવ્યસામજી
૨૪	,, વિનતાયજી	,, બ્રહ્માનાથજી	,, સુપ્રસાદજી

પશ્ચિમ પુષ્કરાર્ધદ્વીપ ભરતક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો

ભૂતકાળના ૨૪	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪
૧ શ્રી પદ્મચંદજી	શ્રી સર્વાંગજી	શ્રી પ્રભાવકજી
૨ " રત્નશરીરજી	" વિદ્યુતપ્રભજી	" વિનયચંદ્રજી
૩ " અજોગજી	" પદ્મકરજી	" સુભાવકજી
૪ " સિદ્ધાર્થજી	" બલનાથજી	" દિનકરજી
૫ " ઋષભનાથજી	" યોગીશ્વરજી	" અનંતતેજજી
૬ " હરિશ્ચંદ્રજી	" સુવસમંગજી	" ધનદત્તજી
૭ " ગુણાધિપજી	" ચલાપિતજી	" પોરષજી
૮ " પત્રકાયજી	" કુમલકજી	" જિનદત્તજી
૯ " બ્રહ્મનાથજી	" પ્રતિજ્ઞાયજી	" પાર્શ્વનાથજી
૧૦ " કુલાદ્વીપજી	" નીમેદકજી	" મુનિસિન્ધુજી
૧૧ " મુનિશ્ચન્દ્રજી	" પાપહરજી	" અસ્તિકજી
૧૨ " રાયઋષિજી	" મુક્તિચંદ્રજી	" ભવનકરાયજી
૧૩ " વિશ્વંવાયજી	" અવકાશજી	" નૃપનાથજી
૧૪ " આનંદદિતજી	" જયચંદ્રજી	" નારાયણજી
૧૫ " રવિસ્વામીજી	" મલધરજી	" પરસ્યમોક્ષજી
૧૬ " સોમદત્તજી	" સુસજિતજી	" ભૂપતજી
૧૭ " જયસ્વામીજી	" મલસિંધુજી	" સુદષ્ટજી
૧૮ " મોક્ષનાથજી	" અવધરાયજી	" ભવભીરુજી
૧૯ " અગ્રભાનજી	" જતંધરજી	" નંદજી
૨૦ " ધનુવાગજી	" ગણાધિપજી	" ભારંવાયજી
૨૧ " મુક્તનાથજી	" અકમિકજી	" વાસવસાયજી
૨૨ " રોમંચકજી	" બનીતમજી	" પરવાસવજી
૨૩ " પ્રસિદ્ધનાથજી	" વીતરાગજી	" પ્રભાશિવાજી
૨૪ " જિનસ્વામીજી	" રતનંદાયજી	" ભરતેશજી

પશ્ચિમ પુષ્કરાર્ધદ્વીપ ઐરવતક્ષેત્રના ૭૨ તીર્થંકરોનાં નામો.

ભૂતકાળના ૨૪	વર્તમાનકાળના ૨૪	ભવિષ્યકાળના ૨૪
૧ શ્રી ઉપશાંતજી	શ્રી ગંગકેયજી	શ્રી આદેશજી
૨ " ફાલ્ગુનજી	" મલ્લિવાસજી	" વૃદ્ધમાયજી
૩ " પૂર્વાસજી	" ભીમજી	" વિનયાનંદજી
૪ " સુંદરજી	" દયાનાથજી	" મુનિભર્તજી
૫ " ગૌવરજી	" ભદ્રનાથજી	" ઇન્દ્રકાયજી
૬ " ત્રિવિક્રમજી	" સ્વામીજિનજી	" ચંદ્રકેતુજી
૭ " નરસિંહજી	" હનકનાથજી	" ધ્વજદંતજી
૮ " ભરંવાસજી	" નંદબોધજી	" વસ્તુબોધજી
૯ " પરમસૌમ્યજી	" રૂપવિજયજી	" મુક્તિગતિજી
૧૦ " સુખદાવરજી	" વજ્રસામજી	" ધર્મબોધજી
૧૧ " અપાયજિનજી	" સંતોષજી	" દેવાંગજી
૧૨ " વિપિધાયજી	" સુધર્મજી	" મરિચજી
૧૩ " સિદ્ધિકજિનજી	" ફનેશ્વરજી	" જીવનાથજી
૧૪ " માધાપ્રિયજી	" વીરચંદ્રજી	" જસોધરજી
૧૫ " અશ્વપાયજી	" સિદ્ધાનકજી	" ગૌતમજી
૧૬ " વિદ્યાધરજી	" સ્વચ્છનાથજી	" નભીસુધાજી
૧૭ " સુલોચનજી	" કોપછાયજી	" પ્રબોધકજી
૧૮ " મુનિદ્વીપજી	" અમુકામુકજી	" સદાનિકજી
૧૯ " પુંડરિકજી	" ધર્મધામજી	" ચરિત્રનાથજી
૨૦ " ચિત્રગણજી	" શુકલસૈનજી	" સદાનંદજી
૨૧ " મતઇન્દ્રજી	" ક્ષેમકરજી	" વેદરથજી
૨૨ " શ્રવકજી	" દયાસ્વામીજી	" સુધાનકજી
૨૩ " ભુરસ્વાયજી	" કીર્તિસાયજી	" જ્યોતિર્મૂર્તિજી
૨૪ " પુન્યાગજી	" શુભકરજી	" સુરારાધજી

શ્રી અજિતનાથજીના વારામાં બિરાજતા પાંચ મહાવિદેહ ક્ષેત્રના ૧૬૦ તીર્થંકરોનાં નામ.

	જંબુદ્વીપના મહાવિદેહના ૩૨	ધાતકીખંડદ્વીપના, પૂર્વ મહાવિદેહના ૩૨	ધાતકીખંડદ્વીપના પશ્ચિમ મહાવિદેહના ૩૨
૧	શ્રી જયદેવજી	શ્રી વીરચંદ્રજી	શ્રી દત્તજી
૨	" કરણભદ્રજી	" વત્સસેનજી	" ભૂમિપતિજી
૩	" લક્ષ્મીપતિજી	" નલકાન્તજી	" મેરુદત્તજી
૪	" ગંગાધરજી	" મુજકેશજી	" સુમિત્રજી
૫	" વિશાલચંદ્રજી	" ઋક્ષ્માકજી	" સેનનાથજી
૬	" પ્રિયંકરજી	" ક્ષેમંકરજી	" પ્રભાનંદજી
૭	" અમરધરજી	" મૃગાંકજી	" પદમાકરજી
૮	" શ્રી કૃષ્ણનાથજી	" મુનિમૂર્તિજી	" મહાઘોષજી
૯	" અનંતાહૃદયજી	" વિમલચંદ્રજી	" ચંદ્રપ્રભજી
૧૦	" ગુણગુપ્તજી	" આગમિકજી	" ભૂમિપાલજી
૧૧	" પદમનાથજી	" દુષ્કરતપજી	" સુમતિસેનજી
૧૨	" જલધરજી	" વસુદ્વીપજી	" અતિઅચ્યુતજી
૧૩	" યુગાદિત્યજી	" મહલ્લનાથજી	" તીર્થભૂતજી
૧૪	" વરદત્તજી	" વનદેવજી	" લલિતાંગજી
૧૫	" ચંદ્રકેતુજી	" બલભૂતજી	" અમરચંદ્રજી
૧૬	" મહાકાયજી	" અમૃતવાહનજી	" સમાધિનાથજી
૧૭	" અમરકેતુજી	" પૌર્ણિમેન્દ્રજી	" મુનિચંદ્રજી
૧૮	" અરણ્યવાસજી	" રેવાંકિતજી	" મહેન્દ્રજી
૧૯	" હરિહરજી	" કલ્પશાખજી	" શશાંકજી
૨૦	" રામચંદ્રજી	" નલનાદિત્તજી	" જગદીશ્વરજી
૨૧	" શાંતિદેવજી	" વિદ્યાપતિજી	" દેવેન્દ્રજી
૨૨	" અન્નતર્કતજી	" સુપાર્શ્વજી	" ગુણનાથજી
૨૩	" ગજેન્દ્રપ્રભજી	" ભાનુનાથજી	" નારાયણજી
૨૪	" સાગરચંદ્રજી	" પ્રભંજનજી	" કપિલનાથજી
૨૫	" મહેશ્વરજી	" વિશિષ્ઠનાથજી	" પ્રભાકરજી
૨૬	" લક્ષ્મીચંદ્રજી	" જલપ્રભજી	" જિનરક્ષિતજી
૨૭	" ઋષભનાથજી	" મહાભીમજી	" સકલનાથજી
૨૮	" સૌમ્યકાન્તજી	" ઋષિપાલજી	" સીલારનાથજી
૨૯	" નેમીભદ્રજી	" કુંડદંતજી	" ઉદ્યોતનાથજી
૩૦	" અજિતભદ્રજી	" મહાવીરજી	" વજ્રધરજી
૩૧	" મહીધરજી	" ભૂતાનંદજી	" સહસ્રધરજી
૩૨	" રાજેન્દ્રશ્વરજી	" તીર્થેશ્વરજી	" અશોકદત્તજી

પુષ્કરાર્ધ દ્વીપના પૂર્વ મહાવિદેહના ૩૨

૧ શ્રી મેઘવાહનજી
૨ " જીવરક્ષકજી
૩ " મહાપુરુષજી
૪ " પાપહરજી
૫ " મૃગાંકજી
૬ " સુરસિંહજી
૭ " જગતપૂજ્યજી
૮ " સુમતિનાથજી
૯ " મહામહેન્દ્રજી
૧૦ " અમરભૂતિજી
૧૧ " કુમારચંદ્રજી
૧૨ " વીરસેનજી
૧૩ " રમણનાથજી
૧૪ " સ્વયંભૂનાથજી
૧૫ " અચલનાથજી
૧૬ " મકરકેતુજી
૧૭ " સિદ્ધાર્થનાથજી
૧૮ " સફરનાથજી
૧૯ " વિજયદેવજી
૨૦ " નરસિંહનાથજી
૨૧ " સીતાનંદજી
૨૨ " વૃંદાકરજી
૨૩ " ચંદ્રતપજી
૨૪ " ચંદ્રગુપ્તજી
૨૫ " દ્રઢરથનાથજી
૨૬ " મહાયશજી
૨૭ " ઉષ્માકજી
૨૮ " પ્રદ્યુમ્નજી
૨૯ " મહાતેજજી
૩૦ " પુષ્પકેતુજી
૩૧ " કામદેવજી
૩૨ " સમરકેતુજી

પુષ્કરાર્ધ દ્વીપના પશ્ચિમ મહાવિદેહના ૩૨

શ્રી પ્રસન્નચંદ્રજી
" મહાસેનજી
" વજ્રનાથજી
" સુવર્ણબાહુજી
" કુરૂવિન્દજી
" વજ્રવીર્યજી
" વિમલચંદ્રજી
" યશોધરજી
" મહાબલજી
" વજ્રસેનજી
" વિમલબોધજી
" ભીમનાથજી
" મેરૂપ્રભજી
" ભદ્રગુપ્તજી
" સુદ્રઢસિંહજી
" સુવ્રતનાથજી
" હરિશ્ચન્દ્રજી
" પ્રતિમાધારજી
" પ્રતિશ્રેયજી
" પ્રતિસેણજી
" કનકકેતુજી
" અજિતવીરજી
" ફાલ્ગુમિત્રજી
" બ્રહ્મભૂતજી
" હિતકરજી
" વરૂણદત્તજી
" યશકીર્તિજી
" નાગેન્દ્રકીર્તિજી
" મહીકૃતબ્રહ્મજી
" મહેન્દ્રજી
" વૃદ્ધમાનજી
" સુરેન્દ્રદત્તજી

* આ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં વર્તમાનકાળના બીજા તીર્થંકર શ્રી અજિતનાથજીના સમયમાં થયેલા ઉત્કૃષ્ટપદ ૧૭૦ તીર્થંકરોનાં નામ કહ્યાં, તેમાંથી ૧૬ તીર્થંકર તો નીલમ જેવા શ્યામ વર્ણના થયા, ૩૮ પન્ના જેવા લીલા વર્ણના થયા, ૩૦ માણેક જેવા લાલ વર્ણના થયા, ૩૬ સુવર્ણ જેવા પીળા રંગના અને ૫૦ હીરા જેવા સફેદ રંગના થયા. એમ ગ્રંથકારનું કથન છે.

વર્તમાનકાળમાં પંચમહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ ×તીર્થંકરોનાં નામ

પ્રથમ તીર્થંકર શ્રી સીમંધર સ્વામીજી–જંબુદ્વીપના સુદર્શન મેરુ પર્વતથી પૂર્વ દિશાના મહાવિદેહ ક્ષેત્રની ૮ મી પુષ્કલાવતી નામની વિજયની પુંડરિકીણી નગરીના શ્રેયાંસ રાજાની સત્યકી રાણીની કુક્ષિએ ઉત્પન્ન થયા. એમને વૃષભનું લક્ષણ છે અને સ્ત્રીનું નામ રૂકમણિ.

૨. શ્રી યુગમંદિર સ્વામીજી–જંબુદ્વીપના સુદર્શન મેરુપર્વતથી પશ્ચિમ દિશાના મહાવિદેહ ક્ષેત્રની ૨૫ મી વિપ્રાવિજયની વિજયાનગરીના સુસઢ રાજાની સુતારા રાણીથી થયા. એમને બકરાનું લક્ષણ છે અને સ્ત્રીનું નામ પ્રિયંગમા.

---

* ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકરોનો મેળ આવી જાય તેવી રીતે થાય છે :– ૫ ભરતના, ૫ ઇરવતના, ૧૬૦ મહાવિદેહના, કુલ ૧૭૦, જ્યારે ઉત્કૃષ્ટ તીર્થંકરો તીર્થંકર પદમાં હોય ત્યારે આ પ્રમાણે હોય છે. દરેક ભરતમાં એકેક, દરેક ઇરવતમાં એકેક, મહાવિદેહના દરેક વિજયમાં એકેક, જ્યારે ભરત ઇરવતમાં તીર્થંકર ન હોય અને મહાવિદેહમાં ઉત્કૃષ્ટા હોય તો ૧૬૦ હોય. જ્યારે ભરત ઇરવતમાં તીર્થંકર ન હોય અને મહાવિદેહમાં જઘન્ય પદે હોય તો ૨૦ તીર્થંકર હોય, જેમ અત્યારે છે.

× આ વીસ તીર્થંકર પ્રભુઓ અત્યારે આ પૃથ્વી ઉપર વિચરી રહેલ છે. જ્યારે કોઇ સાધુ સાધ્વીજીઓ ન હોય, ત્યારે આપણે ૨૦ માંના પ્રથમ શ્રી સીમંધર સ્વામીની આજ્ઞા લઇએ છીએ.

આમાંના પહેલા ચાર–શ્રી સીમંધર સ્વામી, શ્રી યુગમંદિર (યુગંધર) સ્વામી, બાહુસ્વામી અને સુબાહુ સ્વામી: એ ચાર તીર્થંકરો અત્યારે જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલ છે.

૩. શ્રી બાહુસ્વામીજી જંબુદ્રીપના સુદર્શન મેરુથી પૂર્વના મહાવિદેહ ક્ષેત્રની ૯ મી વચ્છ વિજયની સુસીમા નગરીના સુગ્રીવ રાજાની વિજયાદેવી રાણીથી થયા. લક્ષણ મૃગનું, સ્રીનું નામ મોહના.

૪. શ્રી સુબાહુ સ્વામીજી જંબુદ્રીપના સુદર્શન મેરુ પર્વતથી પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની ૨૪ મી સલીલાવતી વિજયની વીતશોકા નગરીના નિષેધ રાજાની વિજયા રાણીથી થયા. મર્કટ (વાંદરા)નું ચિહ્ન અને સ્રીનું નામ કિંપુરિયા.

૫. શ્રી સુજાત સ્વામીજી પૂર્વધાતકીખંડ દ્રીપના વિજય મેરુથી પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની ૮ મી પુષ્કલાવતી વિજયની પુંડરિકિણી નગરીના દેવસેન રાજાની દેવસેના રાણીથી થયા. એમનું ચિહ્ન સૂર્યનું અને સ્રીનું નામ જયસેના.

૬. શ્રી સ્વયંપ્રભ સ્વામીજી પૂર્વધાતકીખંડ દ્રીપના વિજય મેરુથી પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની ૨૫ મી વિપ્રા વિજયની વિજયા નગરીના ચિત્રભુવન રાજાની સુમંગલા રાણીથી થયા. લક્ષણ ચંદ્રનું અને સ્રીનું નામ વીરસેના.

બીજા ચાર–**સુજાતનાથ** સ્વામી, સ્વયંપ્રભ સ્વામી, ઋષભાનન અને અનંતવીર્ય સ્વામીઃ આ ચાર તીર્થંકરો અત્યારે પૂર્વધાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલ છે.

ત્રીજા ચાર–સુરપ્રભ સ્વામી, વિશાલપ્રભ સ્વામી, વજ્રધર સ્વામી અને ચંદ્રાનન સ્વામીઃ આ ચાર તીર્થંકરો અત્યારે પશ્ચિમધાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલ છે.

ચોથા ચાર–ચંદ્રબાહુ સ્વામી, ભુજંગદેવ સ્વામી, ઇશ્વર સ્વામી અને નેમપ્રભ સ્વામીઃ આ ચાર તીર્થંકરો અત્યારે પૂર્વ પુષ્કરાર્ધ દ્રીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલ છે.

પાંચમા ચાર–વીરસેનસ્વામી, મહાભદ્ર સ્વામી, દેવસેન (દેવયશ) સ્વામી અને અજિતસેન (અજિતવીર્ય) સ્વામીઃ આ ચાર તીર્થંકરો અત્યારે પશ્ચિમ પુષ્કરાર્ધ દ્રીપના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરી રહેલ છે.

એક–એક મહાવિદેહ ક્ષેત્રમાં ૪–૪ તીર્થંકર પ્રભુઓ હોય જ, એમ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ૨૦ તીર્થંકર પ્રભુઓ અત્યારે વિચરી રહેલ છે.

૭. શ્રી ઋષભાનન સ્વામીજી પૂર્વધાતકીખંડ દ્વીપના વિજય મેરુથી પૂર્વના મહાવિદેહ ક્ષેત્રની ૯ મી વચ્છ વિજયની સુસીમા નગરીના કીર્તિરાજાની વીરસેના રાણીથી થયા. લક્ષણ સિંહનું અને સ્ત્રીનું નામ જયવંતી

૮. શ્રી અનંતવીર્ય સ્વામીજી પૂર્વધાતકીખંડ દ્વીપના વિજય મેરુથી પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની ૨૪ મી નલિનાવતી વિજયની વીતશોકા નગરીના મેઘરાજાની મંગલા રાણીથી થયા. લક્ષણ બકરાનું અને સ્ત્રીનું નામ વિજયવંતી.

૯. શ્રી સુરપ્રભ સ્વામીજી પશ્ચિમધાતકીખંડ દ્વીપના અચલમેરુની પૂર્વ દિશાના મહાવિદેહ ક્ષેત્રની ૮મી પુષ્કલાવતી વિજયની પુંડરિકિણી

આ બધા તીર્થંકર પ્રભુઓ જુદાં જુદાં પાંચ ક્ષેત્રોમાં અત્યારે હયાત છે અને આપણા જેવા ભવ્ય જીવોને બોધ આપી રહેલ છે. આમાં કોઇ પહેલા નથી અને કોઈ પછી નથી. ૧–૨–૩ થી ૨૦ સુધી ગણાવ્યા, તે તો ફક્ત યાદ રાખવું ઠીક પડે, તેટલા માટે જ છે. બાકી બધા સાથે જ છે.

આપણા ભરત ક્ષેત્રમાં શ્રી ઋષભદેવથી માંડીને શ્રી વર્ધમાન (મહાવીર) સ્વામી સુધીના ૨૪ તીર્થંકરો થઈ ગયા. તે બધા એક પછી એક થઈ થયેલ છે. તેમનાં આયુષ્ય પણ શરૂમાં વધારે અને પછી ઓછાં છે. કારણ કે અહીં આપણે ત્યાં અવસર્પિણી કાળ ચાલે છે.

પણ મહાવિદેહ ક્ષેત્રમાં તેવું નથી. ત્યાં તો સદા ચોથા આરાની શરૂઆત જેવો જ કાળ ચાલે છે. અને ત્યાં તો સદાય તીર્થંકર પ્રભુઓ હોય જ –વિરહ પડે જ નહિ, ભલે પછી તે જુદા જુદા વિજયો (ભાગો)માં હોય.

દરેક મહાવિદેહ ક્ષેત્રના ૩૨ વિજયો (ભાગો) હોય છે અને તે હિસાબે પાંચ મહાવિદેહના ૧૬૦ વિજયો હોય છે. કોઈ વખત એવો હોય કે જ્યારે બધા ૧૬૦ વિજયોમાં તીર્થંકર પ્રભુઓ હોય, તો તે વખતે ૧૬૦ તીર્થંકરો મહાવિદેહમાં હોય. પહેલાં ખામણામાં આપણે બોલીએ છીએ કે પંચમહાવિદેહ ક્ષેત્રમાં બિરાજતા જઘન્ય વીસ અને ઉત્કૃષ્ટ ૧૬૦ તીર્થંકર પ્રભુઓ તે વાત ઉપરને હિસાબે મળી જાય છે.

અને જ્યારે આપણે ત્યાં પાંચ ભરત અને પાંચ ઈરવત ક્ષેત્રમાં ૧-૧ તીર્થંકર પ્રભુ હોય, ત્યારે પાંચ ભરતના ૫, પાંચ ઈરવતના ૫ અને પાંચ મહાવિદેહના ૧૬૦ એમ કુલ વધારેમાં વધારે ૧૭૦ તીર્થંકર પ્રભુઓ એકીસમયે હોઈ શકે છે.

નગરીના નાગ રાજાની ભદ્રારાણીથી થયા. તેમને સૂર્યનું લક્ષણ છે. અને સ્ત્રીનું નામ નિર્મળા.

૧૦. શ્રી વિશાલપ્રભ સ્વામીજી પશ્ચિમધાતકીખંડ દ્વીપના અચ-લમેરુથી પશ્ચિમના મહાવિદેહ ક્ષેત્રમાં ૨૫ મી વિપ્રાવિજયની વિજયા નગરીના વિજય રાજાની વિજયાદેવી રાણીથી થયા. લક્ષણ ચંદ્રમાનું, સ્ત્રીનું નામ નંદસેના.

૧૧. શ્રી વજ્રધર સ્વામીજી પશ્ચિમધાતકીખંડ દ્વીપના અચલ-મેરુથી પૂર્વના મહાવિદેહ ક્ષેત્રની ૯ મી વચ્છવિજયની સુસીમા નગરીના પદ્મસ્થ રાજાની સરસ્વતી રાણીથી થયા. એમને વૃષભનું લક્ષણ છે અને સ્ત્રીનું નામ વિજયાદેવી.

૧૨. શ્રી ચંદ્રાનન સ્વામીજી પશ્ચિમધાતકીખંડ દ્વીપના અચલમેરુથી પશ્ચિમ મહાવિદેહની ૨૪ મી સલીલાવતી વિજયની વીતશોકા નગરીના વાલ્મિક રાજાની પદ્માવતી રાણીથી થયા. એમને વૃષભનું લક્ષણ છે. અને સ્ત્રીનું નામ લીલાવતી.

૧૩. શ્રી ચંદ્રબાહુ સ્વામીજી પૂર્વ પુષ્કરાર્ધ દ્વીપના મંદિર મેરુથી પૂર્વ મહાવિદેહની ૮ મી પુષ્કલાવતી વિજયની પુંડરિકિની નગરીના દેવકર રાજાની યશોજ્જવલ રેણુકા રાણીથી થયા. તેમને પદ્મ-કમલનું લક્ષણ છે. અને સ્ત્રીનું નામ સુંધરાદેવી.

૧૪. શ્રી ભુજંગદેવ સ્વામીજી પૂર્વ પુષ્કરાર્ધ દ્વીપના મંદિર મેરુથી પશ્ચિમ મહાવિદેહની ૨૫ મી વિપ્રાવિજયની વિજયનગરીના કુલસેન રાજાની યશોજ્જવલા રાણીથી થયા. એમને ચંદ્રમાનું લક્ષણ છે અને સ્ત્રીનું નામ ભદ્રાવતી.

૧૫. શ્રી ઇશ્વર સ્વામીજી પૂર્વ પુષ્કરાર્ધ દ્વીપના મંદિર મેરુથી પૂર્વ મહાવિદેહની ૯ મી વચ્છવિજયની સુસીમા નગરીના મહાબલ રાજાની મહિમાવતી રાણીથી થયા. એમને પદ્મકમલનું લક્ષણ છે. અને સ્ત્રીનું નામ ગર્વસેના.

૧૬. શ્રી નેમપ્રભુ સ્વામીજી પૂર્વ પુષ્કરાર્ધ દ્વીપના મંદિર મેરુથી પશ્ચિમ મહાવિદેહની ૨૪ મી સલીલાવતી વિજયની વીતશોકા નગરીના

વીરસેન રાજાની સેનાદેવી રાણીથી થયા. એમને સૂર્યનું લક્ષણ છે અને સ્ત્રીનું નામ મોહનાદેવી.

૧૭. શ્રી વીરસેન સ્વામીજી પશ્ચિમ પુષ્કરાર્ધ દ્વીપના વિદ્યુતમાલી મેરુથી પૂર્વ મહાવિદેહની ૮ મી પુષ્કલાવતી વિજયની પુંડરિકિની નગરીના ભૂમિપાલ રાજાની ભાનુમતી રાણીથી થયા. એમને વૃષભનું લક્ષણ છે, સ્ત્રીનું નામ રાજસેના.

૧૮. શ્રી મહાભદ્ર સ્વામીજી પશ્ચિમ પુષ્કરાર્ધ દ્વીપના વિદ્યુતમાલી મેરુથી પશ્ચિમ મહાવિદેહની ૨૫ મી વિપ્રાવિજયની વિજયા નગરીના દેવસેન રાજાની ઉમાદેવી રાણીથી થયા. એમને હાથીનું લક્ષણ છે અને સ્ત્રીનું નામ સૂર્યકાંતા.

૧૯. શ્રી દેવસેન (દેવયશ) સ્વામીજી પુષ્કરાર્ધ દ્વીપના વિદ્યુત્માલી મેરુથી પૂર્વ મહાવિદેહની ૯ મી વચ્છવિજયની સુસીમા નગરીના સર્વાનુભૂતિ રાજાની ગંગાદેવી રાણીથી થયા. એમને ચંદ્રમાનુ લક્ષણ છે, અને સ્ત્રીનું નામ પદ્માવતી.

૨૦. શ્રી અજિતવીર્ય (અજિતસેન) સ્વામીજી પશ્ચિમ પુષ્કરાર્ધ દ્વીપના વિદ્યુત્માલી મેરુથી પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની ૨૪ મી સલીલાવતી વિજયની વીતશોકા નગરીના રાજપાલ રાજાની કનની રાણીથી થયા. એમનું લક્ષણ સ્વસ્તિકનું છે અને સ્ત્રીનું નામ રત્નમાલા

ઉપર્યુક્ત વીસ વિહરમાન તીર્થંકરોના જન્મ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં, સત્તરમા શ્રી કુંથુનાથજીના નિર્વાણ થયા બાદ એક જ સમયમાં થયા. અને વીસમા શ્રી મુનિસુવ્રતજીના નિર્વાણ બાદ વીસે તીર્થંકરોએ એકસાથે દીક્ષા અંગીકાર કરી અને વીસે તીર્થંકરો એક મહિના સુધી છદ્મસ્થ રહીને કેવલજ્ઞાની થયા અને વીસેય ભવિષ્યકાલની ચોવીસીના ૭ મા તીર્થંકર શ્રી ઉદયનાથજીના મોક્ષ ગયા બાદ એકીસાથે મોક્ષ જશે. એ વીસેય વિહરમાન તીર્થંકરોનું દેહમાન ૫૦૦ ધનુષ્યનું અને આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું છે. જેમાં ૮૩ લાખ પૂર્વ ગૃહવાસમાં રહ્યા અને એક લાખ પૂર્વ સંયમ પાળી મોક્ષ પધારશે. એ વીસેય વર્તમાન તીર્થંકરોના ૮૪–૮૪ ગણધરો છે, દસ દસ લાખ કેવલજ્ઞાની

છે, એક એક અબજ સાધુઓ છે, અને એક એક અબજ સાધ્વીઓ છે. એમ બધાયના કુલ્લે મળી બે હોડ કેવલજ્ઞાની, બે હજાર ક્રોડ સાધુ અને બે હજાર ક્રોડ સાધ્વીઓની સંખ્યા છે. એ વીસે તીર્થંકર જે સમયે મોક્ષ પધારશે તે જ સમયે બીજા વિજયમાં જે જે તીર્થંકરો * ઉત્પન્ન થયા હશે તે દીક્ષા ગ્રહણ કરી તીર્થંકરપદ પ્રાપ્ત કરશે, એ ક્રમ અનાદિ કાળથી ચાલ્યો આવે છે. અને આગળ પણ અનંતા કાળ સુધી ચાલશે, અર્થાત્ જઘન્ય (ઓછામાં ઓછા) ૨૦ તીર્થંકરોથી તો ઓછા અને ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) ૧૬૦ તીર્થંકરથી વધારે ભવિષ્યમાં કદી પણ થશે નહિ એમ અનંતા તીર્થંકર ભૂતકાળમાં થઇ ગયા. ૨૦ વર્તમાન-કાળમાં છે અને અનંતા તીર્થંકર ભવિષ્યકાળમાં થશે.

ભરતના અને ઈરવતના સર્વે તીર્થંકરોનું જઘન્ય આયુષ્ય ૭૨ વર્ષનું, એથી ઓછું હોય જ નહિ. અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું, એથી વધારે પણ ન જ થાય. સર્વે તીર્થંકરોનું દેહમાન જઘન્ય

---

* જઘન્ય ૨૦ તીર્થંકરોથી કદી પણ ઓછા હોય જ નહિ એટલે વર્તમાનના ૨૦ તીર્થંકરોના મોક્ષ ગયા બાદ એજ વખતે બીજા વીસ તીર્થંકર-પદને પ્રાપ્ત થવા જ જોઈએ. આ હિસાબે એક તીર્થંકર ગૃહવાસમાં એક લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરે ત્યારે બીજા ક્ષેત્રમાં બીજા તીર્થંકરનો જન્મ થઈ જ જવો જઈએ. અને તે પણ એક લાખ પૂર્વના થાય ત્યારે અન્ય ક્ષેત્રમાં ત્રીજા તીર્થંકરનો જન્મ પણ થઈ જ જવો જોઈએ. આ પ્રમાણે કોઈ એક લાખ પૂર્વના આયુષ્યવાળા, કોઈ બે લાખ પૂર્વના આયુષ્યવાળા એ જ પ્રમાણે કોઈ ૮૩ લાખ પૂર્વના આયુષ્યવાળા એક એક તીર્થંકરની પાછળ ૮૩–૮૩ તીર્થંકરો ગૃહવાસમાં રહે છે અને એક તીર્થંકરપદ ભોગવતા હોય છે. જ્યારે ચોરાસીમા તીર્થંકર મોક્ષ ચાલ્યા જાય ત્યારે ૮૩ મા તીર્થંકર અન્ય ક્ષેત્રમાં તીર્થંકરપદને પ્રાપ્ત કરે છે અને કોઈ અન્ય ક્ષેત્રમાં એક તીર્થંકરનો જન્મ થાય છે. એમ, એક એક તીર્થંકર પાછળ ૮૩–૮૩ તીર્થંકરો ગૃહસ્થવાસમાં હોવાથી ૨૦ તીર્થંકરોની પાછળ ૮૩×૨૦ કુલ ૧૬૬૦ તીર્થંકરો ગૃહસ્થાવાસમાં અને ૨૦ તીર્થંકરપદ ભોગવતા હોય એમ ૧૬૮૦ તીર્થંકરો ઓછામાં ઓછા એક જ વખતે હોવા જોઈએ. આટલા તીર્થંકર હોવા છતાં પણ ક્યારેય તેઓ પરસ્પર મળતા નથી. એ રીત અનાદિકાળથી ચાલી આવે છે. ભવિષ્યમાં પણ અનંતકાળ સુધી એ જ રીત ચાલતી રહેશે.

૭ હાથનું ×હોય છે, એથી ઓછું ન જ હોય. ઉત્કૃષ્ટું ૫૦૦ ધનુષ્યનું, એથી વધારે પણ ન થાય. + સર્વે તીર્થંકરોના શરીર રજ, મેલ, પરસેવો, કફ, શ્લેષ્મ (નાકનો મેલ) કાગરેખા આદિ દુર્લક્ષણો અને તિલ, મસા આદિ દુર્વ્યંજનોથી રહિત અને ચન્દ્ર, સૂર્ય, ધ્વજા, કુંભ, પર્વત, મગર, સાગર, ચક્ર, શંખ, સ્વસ્તિક વગેરે ૧૦૦૮ ઉત્તમોત્તમ લક્ષણોથી અલંકૃત, સૂર્યસમા પ્રકાશક, નિર્ધુમ અગ્નિ માફક તેજસ્વી અને અતિ મનોહર હોય છે.

શ્લોક – (વસંતતિલકા છંદ)

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्,
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता।
सर्वा दिशो दधति भानि सहस्र रश्मिं,
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम्॥ ભક્તામર શ્લોક ૨૨

અર્થ—જેમ ગ્રહ, નક્ષત્ર, તારાઓને જન્મ આપનારી તો અનેક દિશાઓ છે, પરન્તુ સૂર્યને જન્મ આપનારી માત્ર પૂર્વ દિશા જ છે, તેજ પ્રમાણે પુત્રનો પ્રસવ કરનારી તો અનેક માતાઓ વિશ્વમાં છે, પણ તીર્થંકર સમાં પુત્રરત્ન પેદા કરનાર તો માત્ર એક તીર્થંકરની જ માતા હોય છે. અન્ય કોઈ પણ સ્ત્રી આવા પુત્રરત્નને જન્મ નથી આપી શકતી. એટલે કે આ જગતમાં તીર્થંકર તુલ્ય બીજું કોઈ હોતું જ નથી.

× શાસ્ત્રમાં જીવોની અવગાહના (દેહપ્રમાણ)નું જે પ્રમાણ બતાવ્યું છે તે આ વર્તમાન પાંચમા આરાનાં ૧૦૫૦૦ વર્ષ પસાર થશે, એટલે કે પાંચમો આરો અર્ધો વ્યતિત થઈ જશે ત્યારે જે મનુષ્ય હશે તેમના હાથના પ્રમાણથી કહેવામાં આવ્યું છે, એ જ માપથી ઉક્ત તીર્થંકરોનું દેહમાન જાણવું અને એમ તો તીર્થંકરો પોતપોતાની આંગળીના પ્રમાણથી ૧૦૮ આંગળ ઊંચા હોય છે.

+ મહાવિદેહ ક્ષેત્રના સર્વ તીર્થંકરોનું ૮૪ લાખ પૂર્વ આયુષ્ય અને ૫૦૦ ધનુષ્ય દેહમાન હોય છે.

આવા અનંતાનંત ગુણોના ધારક, સકળ પાપોના નાશક, અખિલ વિશ્વના સુધારક, નરેન્દ્ર, સુરેન્દ્ર, મુનીન્દ્ર, ત્રિજગતના વંદનીય, પૂજનીય અરિહંત ભગવાન મહાપુરુષ હોય છે.

આર્યા છંદ :—

कित्तियवंदिय महिया
जे ए लोगस्स उत्तमा सिद्धा, आरुग्गबोहिलाभं
समाहिवरमुत्तमंदितु ॥

જે સર્વ લોકમાં ઉત્તમ સિદ્ધસ્થાનને પ્રાપ્ત થનાર તીર્થંકર ભગવાન છે તેમની હું વચન થકી કીર્તિ ગાઉં છું, કાયા થકી વંદના–નમસ્કાર કરું છું, મન થકી પૂજા–મહિમા કરું છું. અહો તીર્થંકર ભગવાન! મુજ પર પ્રસન્ન થઈને રોગરહિત, સમકિત અને ઉત્તમ, પ્રધાન સમાધિ મને અર્પણ કરો.

શાસ્ત્રોદ્ધારક બાલ બ્રહ્મચારી ઋષિ સંપ્રદાયઆચાર્ય
સ્વ. મુનિશ્રી અમોલખઋષિજી મહારાજ દ્વારા
વિરચિત 'શ્રી જૈન તત્ત્વપ્રકાશ'નું
'અરિહંતસ્તવ' નામક પ્રથમ
અધ્યયન સમાપ્ત.

પ્રકરણ બીજું

"સિદ્ધ"

सिवमयलमरुयमणंतमक्खयमव्वाबाहं
अपुणरावित्ति, सिद्धिगइ नामधेयं ॥

અર્થ—'સિવં' જ્યાં શીત, ઉષ્ણ, ક્ષુધા, પિપાસા આદિ તથા દંશ, મચ્છર, સર્પ વગેરે કોઈ પણ પ્રકારના ઉપદ્રવ નથી, તથા 'અયલ' જ્યાં કદી પણ હલન-ચલન નથી અર્થાત્ જે અચલ છે, તથા 'અરુય' જ્યાં કોઈ પ્રકારના રોગની ઉત્પત્તિ નથી, 'અણંત' જે અંતરહિત છે. 'અક્ખયં' જે ક્ષયરહિત છે. તથા 'અવ્વાબાહ' જ્યાં શારીરિક (રોગાદિ) માનસિક (શોકાદિ) બાધાપીડા નથી. 'અપુણરાવિત્તિ' જ્યાં પહોંચ્યા પછી પ્રાણીને સંસારમાં આવી ફરી ભ્રમણ (જન્મ, મરણ) કરવું પડતું નથી, એવું નિરામય, પરમાનંદ પરમસુખનું ધામ, જે લોકના અગ્રભાગે છે, તેને 'સિદ્ધગતિ' અથવા 'મોક્ષ' કહે છે, અને ત્યાં જે પરમાત્મા રહે છે, તેને સિદ્ધ ભગવાન કહે છે.

પ્રશ્ન ગાથા :—

कहिं पडिहया सिद्धा कहिं सिद्धा पइठिया ? ।
कहिं बोंदिं चइत्ताणं, कत्थ गंतूण सिज्झइ १ ॥ ઉવવાઈ સૂત્ર ૧૦૭

અર્થ—અહો ભગવન્ ! સિદ્ધ ભગવાન કયાં જઈ થોભ્યા છે ? કયાં જઈ સિદ્ધ ભગવાન સ્થિર થયા છે ? સિદ્ધ ભગવાને શરીર કયાં છોડયું છે ? અને સિદ્ધ ભગવાન કયાં જઈ સિદ્ધ થયા છે ?

ઉત્તર-ગાથા :—

अलोए पडिहया सिद्धा, लोयग्गे य पइठिया ।
इहं बोंदिं चइत्ताणं, तत्थ गंतूण सिज्झइ ॥२॥ ઉવવાઈ સૂત્ર ૧૦૮

અર્થ—હે શિષ્ય ! અલોક લાગતાં સિદ્ધ ભગવાન રોકાયેલ છે. અને લોકના અગ્રભાગમાં જઈને સિદ્ધ ભગવાન સ્થિરરૂપે રહેલા છે. અને જે સિદ્ધ ભગવાન થયા છે તેમણે આ લોકમાં દેહનો ત્યાગ કર્યો છે અને લોકના અગ્રભાગે જઈને સિદ્ધ થયા છે.

ઉપરનાં કથનનાં જાણવાથી એ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે જે લોકના અગ્રભાગમાં સિદ્ધ છે તે લોક શું છે અને કેવા આકારવાળો છે?

લોકાલોકનું વર્ણન

લોક શબ્દ 'લુક્' ધાતુથી બન્યો છે જેનો અર્થ 'જોવું' થાય છે, અર્થાત્ જે જોવામાં આવે છે તેને લોક કહેવો અને તેના પ્રતિપક્ષી અર્થાત્ જે ન જોઈ શકાય તેને અલોક કહેવાય છે. અંગ્રેજીમાં Look એટલે જોવું થાય છે અને અર્ધ માગધિને તે મળતો આવે છે.

અલોક અનંતાનંત અપરંપાર અખંડ અમૂર્તિક કેવળ આકાશાસ્તિકાય (પોલાણ)મય છે અને જેમ કોઈ વિશાળ સ્થાનમાં શીકું લટકાવ્યું હોય તેમ અલોકની મધ્યમાં લોક રહેલો છે. "વિવાહ-પ્રજ્ઞપ્તિ" સૂત્રમાં કહ્યું છે કે જેમ જમીન ઉપર એક કોડિયું ઊંધું રાખીને એના ઉપર બીજું સૂલટું કોડિયું મુકાય, અને વળી એના ઉપર ત્રીજું ઊલટું કોડિયું મૂકવાથી જેવો આકાર બને, તેવો આકાર આ લોકનો છે. આ લોક નીચે તો ૭ રજ્જુ* પહોળો છે; ત્યાંથી ઉપરની બાજુ અનુક્રમથી પ્રદેશે પ્રદેશ ઓછા થતા સાત રજ્જુ ઉપર આવે ત્યાં (બન્ને કોડિયાના સંધિભાગમાં) એક રજ્જુ પહોળો રહી ગયો છે. આગળ ક્રમથી વધતાં વધતાં (બીજા અને ત્રીજા કોડિયાના સંધિસ્થાને) ૩ાા રજ્જુ ઉપર આવે ત્યારે પાંચ રજ્જુ પહોળો છે અને આગળ ક્રમશઃ ઘટતાં ઘટતાં (ત્રીજા કોડિયાના ઉપરના અંતના છેડે) ૩ાા રજ્જુ આવે ત્યાં સુધી

---

* **રજ્જુ પ્રમાણ** ૩,૮૧,૨૭,૯૭૦ એટલા મણના વજનને એક ભાર કહે છે, એવા ૧૦૦૦ ભાર લોઢાના ગોળાને કોઈ દેવતા ઉપરથી નીચે નાખે, ત્યારે તે ગોળો ૬ માસ, ૬ દિવસ, ૬ પ્રહર અને ૬ ઘડીમાં જેટલું ક્ષેત્ર પસાર કરી નીચે આવે તેટલા ક્ષેત્રને એક રજ્જુ કહેવો જોઈએ.

રજ્જુ પહોળો છે, એમ સંપૂર્ણ લોક નીચેથી ઉપર સુધી ૧૪ રજ્જુનો લાંબો અને ઘનાકારના માપથી ૩૪૩ ઘન રજ્જુ પ્રમાણ થાય છે. અર્થાત્ સંપૂર્ણ લોકના વિષમ સ્થાનને સમ કરવાથી ૭ રજ્જુ લાંબો, ૭ રજ્જુ પહોળો અને ૭ રજ્જુ જાડો થાય છે. એ પ્રમાણે ઘનાકારમાં ૭×૭×૭=૩=૩ રજ્જુ થાય છે. અર્થાત્ એક રજ્જુ લાંબા, એક રજ્જુ પહોળા અને એક રજ્જુ જાડા એવા ખંડની કલ્પના કરીએ તો લોકના એવા ૩૪૩ ખંડ (કટકા) થઈ શકે.

જેમ ઘરના મધ્ય ભાગમાં થાંભલો ઊભો હોય છે, તેમ લોકના મધ્ય ભાગમાં એક રજ્જુ પહોળી અને ૧૪ રજ્જુ નીચેથી ઉપર સુધી લાંબી ત્રસનાલ છે. *ત્રસનાલની અંદર ત્રસ અને સ્થાવર બન્ને પ્રકારના જીવ છે. બાકીના લોકનો ભાગ કેવળ સ્થાવર જીવોથી ભરાયેલો છે.

એ લોકના ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે. અધો (નીચો) લોક, મધ્ય (વચલો) લોક, ઊર્ધ્વ (ઊંચો) લોક. એમાં પહેલા અધો-લોકનું વર્ણન કરવામાં આવશે.

અધોલોકનું વર્ણન

(નરકનું વર્ણન)

લોકની નીચે અલોકની ઉપર આવરણની અંદર એક રજ્જુ ઊંચી અને ૪૯ રજ્જુના ઘનાકાર વિસ્તારમાં ૭ મી માઘવતી (તમતમા પ્રભા) નામનું નરક છે, એમાં ૧૦૮૦૦૦ યોજન જાડો પૃથ્વીમય પિંડ છે. એમાંથી પરાા હજાર યોજન ઉપર તેમ જ નીચે છોડીને વચમાં ૩ હજાર યોજનની પોલાર છે, તેમાં એક પાથડો (ગુફા જેવી જગ્યા) છે.

× ત્રસનાલની બહાર ત્રસજીવ ત્રણ કારણોથી રહી શકે છે. (૧) કોઈ ત્રસજીવે ત્રસનાલની બહાર સ્થાવરજીવમાં ઉત્પન્ન થવાનું આયુષ્ય બાંધ્યું તે મારણાન્તિક સમુદ્ઘાત કરે ત્યારે આત્મપ્રદેશો ત્રસનાલની બહાર પ્રસરે ત્યારે (૨) ત્રસનું આયુ બાંધી વિગ્રહ ગતિથી સ્થાવર નાડીમાં તીર્છો જાય અને વક્રગતિથી બીજે અથવા ત્રીજે સમયે ત્રસ નાડીમાં ઉત્પન્ન થાય ત્યારે, (૩) કેવળી કેવળ સમુદ્ઘાત કરતી વખતે ૪ થા અથવા ૫ મા સમયે સર્વલોકમાં પ્રદેશ ફેલાવે ત્યારે.

જેમાં કાળ, મહાકાળ, રૂદ્ર અને મહારૂદ્ર અને અપઇઠ્ઠે નામક પાંચ નરકાવાસ, (નેરઈઆ)*(નરકના જીવો)ને રહેવાનાં સ્થાન છે. તેમાં અસંખ્યાત કુંભિઓ અને અસંખ્યાત 'નેરઈઆ' છે. તેમનું ૫૦૦ ધનુષ્યનું દેહમાન અને જઘન્ય ૨૨ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું આયુષ્ય છે.

એ ૭ મી નરકની હદ (સીમા) ઉપર એક રજ્જુ ઊંચું અને ૪૦ રજ્જુ ઘનાકાર વિસ્તારમાં છઠ્ઠું મઘા (તમપ્રભા) નામે નરક છે. જેમાં ૧૧૬૦૦૦ યોજનનો પૃથ્વીપિંડ છે, એમાંથી ૧૦૦૦ યોજન નીચે અને ૧૦૦૦ યોજન ઉપર છોડીને વચમાં ૧૧૪૦૦૦ યોજનની પોલાર છે, જેમાં ૩ પાથડા અને બે આંતરા છે, જેમાં પ્રત્યેક પાથડો ૩૦૦૦ યોજનનો છે. અને પ્રત્યેક આંતરો ૫૨,૫૦૦ (બાવન હજાર પાંચસો) યોજનનો છે. આંતરા તો ખાલી છે. અને પ્રત્યેક પાથડાના મધ્યની ૧૦૦૦ યોજનની પોલારમાં ૯૯૯૯૫ નરકાવાસ છે. જેમાં અસંખ્યાત કુંભિઓ અને અસંખ્યાત નેરઇયા છે, જેમનું ૨૫૦ ધનુષ્યનું દેહમાન અને જઘન્ય ૧૭ (સત્તર) સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમનું આયુષ્ય છે.

એ ૬ઠ્ઠા નરકની હદ ઉપર એક રજ્જુ ઊંચું અને ૩૪ રજ્જુ ઘનાકાર વિસ્તારમાં પાંચમું રિઠ્ઠા (ધુમ્રપ્રભા) નામે નરક છે. જેમાં ૧,૧૮૦૦૦ યોજનનો પૃથ્વીપિંડ છે. એમાંથી એક હજાર યોજન ઉપર અને ૧૦૦૦ યોજન નીચે છોડીને વચમાં ૧,૧૬૦૦૦ યોજનનો પોલાર ભાગ છે, જેમાં ૫ પાથડા અને ૪ આંતરા છે. પ્રત્યેક પાથડો ૩૦૦૦ યોજનનો ને પ્રત્યેક આંતરો ૫૨૫૦૦ યોજનનો છે. આંતરા તો ખાલી છે. પ્રત્યેક પાથડાના મધ્યની ૧૦૦૦ યોજનની પોલારમાં ૩૦૦૦૦૦

× જેમ મકાનના માળ હોય છે તેમ નરકના માળ હોય છે, અને બે માળ વચ્ચેનો ભાગ આંતરા કહેવાય છે, અને માળની વચમાં જે જમીન હોય છે તે પ્રમાણે આંતરાની વચમાં પિંડ હોય છે અને તે પાથડા કહેવાય છે. આ બધાય પાથડા ૩–૩ હજાર યોજનના જાડા અને અસંખ્યાત યોજનના લાંબા પહોળા હોય છે. એમાંથી ૧૦૦૦ યોજન ઉપર અને ૧૦૦૦ યોજન નીચેનો ભાગ છોડીને વચમાં ૧૦૦૦ યોજનના પોલા હોય છે. એમાં નરકાવાસ છે, જેમાં 'નેરઈયા' નારકીના જીવો રહે છે.

નરકાવાસ છે, જેમાં અસંખ્યાત કુંભિઓ અને અસંખ્ય નેરઇયા ' (નારકીના જીવો) છે, જેમનું ૧૨૫ ધનુષ્યનું દેહમાન અને જઘન્ય ૧૦ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૧૭ સાગરોપમનું આયુષ્ય છે.

એ પાંચમા નરકની હદ ઉપર એક રજ્જુ ઊંચું અને ૨૮ રજ્જુ ઘનાકાર વિસ્તારમાં ચોથું અંજના (પંકપ્રભા) નામે નરક છે, જેમાં ૧,૨૦,૦૦૦ યોજનનો પૃથ્વીપિંડ છે. એમાંથી ૧૦૦૦ યોજન ઉપર અને ૧૦૦૦ યોજન નીચેનો ભાગ છોડીને મધ્યમાં ૧,૧૮૦૦૦ યોજનનો પોલાર ભાગ છે, જેમાં ૭ પાથડા અને ૬ આંતરા છે. જેમાં પ્રત્યેક પાથડો ૩૦૦૦ યોજનનો છે અને પ્રત્યેક આંતરો ૧૬૧૬૬ યોજનનો છે. બધાય આંતરા ખાલી છે. અને પ્રત્યેક પાથડાના મધ્યની ૧૦૦૦ યોજનની પોલારમાં ૧૦,૦૦,૦૦૦ નરકાવાસ છે. જેમાં અસંખ્યાત કુંભિઓ અને અસંખ્યાત નારકીના જીવો છે. તેમનું દેહમાન ૬૨॥ ધનુષ્યનું અને આયુષ્ય જઘન્ય ૭ સાગરોપમનું,ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમનું છે.

આ ચોથા નરકની સીમા ઉપર એક રજ્જુ ઊંચું અને ૨૨ રજ્જુ ઘનાકાર વિસ્તારમાં ત્રીજું ' સીલા ' (વાલુપ્રભા) નામે નરક છે. જેમાં ૧,૨૮૦૦૦ યોજનનો પૃથ્વીપિંડ છે. એમાંથી ૧૦૦૦ યોજન નીચે અને ૧૦૦૦ યોજન ઉપર છોડીને વચમાં ૧૨૬૦૦૦ યોજનની પોલાર છે, જેમાં ૯ પાથડા અને ૮ આંતરા છે. તેમાં પ્રત્યેક પાથડો ૩૦૦૦ યોજનનો છે અને પ્રત્યેક આંતરો ૧૨૩૭૫ યોજનનો છે. બધા આંતરા ખાલી છે. અને પ્રત્યેક પાથડાના મધ્યની ૧૦૦૦ યોજનની પોલારમાં ૧૫૦૦૦૦૦નરકાવાસ છે, જેમાં અસંખ્યાત કુંભિઓ અને અસંખ્યાત નારકીના જીવો છે. તેમનું દેહમાન ૩૧। ધનુષ્ય અને આયુષ્ય જઘન્ય ૩ સાગરોપમ, ઉત્કૃષ્ટ ૭ સાગરોપમનું છે.

એ ત્રીજા નરકની સીમા ઉપર એક રજ્જુ ઊંચું અને સોળ રજ્જુ ઘનાકાર વિસ્તારમાં બીજું 'વંસા' (શર્કરાપ્રભા) નામે નરક છે. જેમાં ૧૩૨૦૦૦ યોજનનું પૃથ્વીપિંડ છે. જેમાંથી ૧૦૦૦ યોજન નીચે અને ૧૦૦૦ યોજન ઉપર છોડીને વચમાં ૧૩૦,૦૦૦ યોજનની પોલાર

છે. જેમાં ૧૧ પાથડા અને ૧૦ આંતરા છે. એમાં પ્રત્યેક પાથડો ૩૦૦૦ યોજનનો છે. અને પ્રત્યેક આંતરો ૯૭૦૦ યોજનનો છે. બધાય આંતરા તો ખાલી છે. અને પ્રત્યેક પાથડાના મધ્યની ૧૦૦૦ યોજનની પોલારમાં ૨૫,૦૦,૦૦૦ નરકાવાસ છે. જેમાં અસંખ્યાત કુંભિઓ અને અસંખ્યાત નારકીના જીવો છે. તેમનું દેહમાન ૧૫॥ ધનુષ્ય અને ૧૨ અંગૂલનું અને આયુષ્ય જઘન્ય ૧ સાગર, ઉત્કૃષ્ટ ૩ સાગરોપમનું છે.

એ બીજા નરકની હદ ઉપર એક રજ્જુ ઊંચું અને ૧૦ રજ્જુ ઘનાકાર વિસ્તારમાં પહેલું 'ધમા' (રત્નપ્રભા) નામે નરક છે. જેમાં કાળા કોયલા જેવાં રત્ન છે, એનો પ્રથમનો રત્નકાંડ એક હજાર યોજનનો છે. કુલ ૧૬ કાંડ છે. તે સર્વ મળી ૧૬૦૦૦ યોજનનું ખરકાંડ છે. ૮૦૦૦૦ યોજનનું અપબહુલકાંડ છે. અને ૮૪૦૦૦ યોજનનું પંકબહુલકાંડ છે. એમ બધો મળીને કુલે ૧,૮૦,૦૦૦ યોજનનો પૃથ્વીપિંડ છે. એમાંથી એક હજાર યોજન નીચે અને એક હજાર યોજન ઉપર છોડીને મધ્યમાં ૧,૭૮,૦૦૦ યોજનની પોલાર છે, જેમાં ૧૩ પાથડા અને ૧૨ આંતરા છે. પ્રત્યેક પાથડો ૩૦૦૦ યોજનનો છે, અને આંતરો ૧૧૫૮૩$\frac{1}{3}$ યોજનનો છે. એક ઉપરનો અને એક નીચેનો આંતરો ખાલી છે. બાકીના મધ્યના ૧૦ આંતરાઓમાં અસુરકુમાર આદિ ૧૦ જાતિના ભવનપતિ દેવો રહે છે. પ્રત્યેક પાથડાની મધ્યમાં એક હજાર યોજનનું પોલાર છે. જેમાં ૩૦,૦૦,૦૦૦ નરકાવાસ છે. જેમાં અસંખ્યાત કુંભિઓ અને અસંખ્યાત નારકીના જીવો છે. તેમનું દેહમાન ૭॥ ધનુષ્ય અને ૬ આંગળ અને આયુષ્ય જઘન્ય ૧૦૦૦૦ વર્ષનું, ઉત્કૃષ્ટ ૧ સાગરોપમનું છે.

આ સાત નરકોના બધા મળી ૪૯ પાથડા અને ૪૨ આંતરા તથા ૮૪૦૦૦૦ (ચોરાશી લાખ) નરકાવાસો છે. બધા નરકાવાસ અંદરથી ગોળાકાર અને બહારથી ચોખંડાકાર, પથ્થરની ફર્સ વાળા, મહાદુર્ગંધવાળા અને હજારો વીંછીઓના ડંખથી પણ અધિક દુઃખદ સ્પર્શવાળા છે. સાતમા નરકનું અપઈટ્ઠાણ નામનું નરકાવાસ ૧૦૦૦૦૦ યોજનનું લાંબું પહોળું અને ગોળાકાર છે. અને પ્રથમ નરકનો સીમંત નામે નરકાવાસ ૪૫ લાખ યોજન લાંબો, પહોળો, ગોળાકાર છે. બાકી બધા

નરકાવાસ અસંખ્યાત યોજનના લાંબા પહોળા છે. ત્રણ ત્રણ હજાર યોજનના ઊંચા છે, જેમાં એક હજાર યોજન ઉપર અને એક હજાર યોજન નીચે છોડીને મધ્યમાં એક હજાર યોજનની પોલમાં નરકના જીવો રહે છે.

પ્રત્યેક નરકની નીચે જુદા જુદા ગોલાર્ધ (અર્ધવલયાકાર) છે. પહેલું ગોળાર્ધ ઘનોદધિ (જામેલા પાણી)નું ૨૦૦૦૦ યોજનનું છે. એના નીચે બીજું ગોળાર્ધ ઘનવાત (જામેલી હવા)નું તેનાથી અસંખ્યાતગણું વધારે છે. એના નીચે અસંખ્યાત જોજન તનવાત છે. તેની નીચે અસંખ્યાત જોજન આકાશ છે. જેમ પાયા ઉપર પથ્થર અને હવામાં વાયુયાન રહે છે તેમ ઉપરના ૪ ગોળાર્ધના આધારે ૭ નરક રહેલા છે.

૧. રત્નપ્રભા નરક–કાળા રંગનાં ભયંકર રત્નોથી વ્યાપ્ત છે.
૨. શર્કરાપ્રભા નરક–ભાલા અને બરછીથી પણ વધારે તીક્ષ્ણ કાંકરાઓથી ભરપૂર છે.
૨. વાલુકાપ્રભા–ભાડભૂંજાની રેતી કરતાં પણ વધારે ઉષ્ણ રેતીથી ભરપૂર છે.
૪. પંકપ્રભા નરક–માંસ, લોહી, પરુ વગેરેના કીચડથી ભરેલી છે.
ધુમ્રપ્રભા નરક–રાઈ મરચાંના ધુમાડાથી પણ વધારે તીખા ધુમાડાથી વ્યાપ્ત છે.
૬. તમઃપ્રભા નરક ઘોર અંધકારમય છે.
૭. તમસ્તમાપ્રભા–મહાન ઘોર અંધકારથી વ્યાપ્ત છે.

નરકાવાસથી ભીંતમાં ઉપર બિલના *આકારનાં યોનિ–સ્થાનો (નારકી જીવોને ઉત્પન્ન થવાની જગ્યા) છે. ત્યાં પાપી પ્રાણીઓ ઉત્પન્ન

× સૂયગડાંગ સૂત્રના ૫ મા અધ્યયનમાં "**अहोसिरोकट्ठ उववेइ दुग्गं**" અર્થાત્ નરકમાં ઉત્પન્ન થતા જીવો નીચે માથાં કરીને પડે છે, એમ કહેલું છે. અને એ જ પ્રમાણે પ્રશ્નવ્યાકરણ સૂત્રના પહેલા આશ્રવદ્વારમાં પણ કહ્યું છે. જેથી જણાય છે કે નારકી જીવોનું ઉત્પત્તિસ્થાન નરકાવાસના ઉપરના બિલોમાં હોવું જોઈએ. આનો વિશેષ સ્પષ્ટ ખુલાસો દિગંબર ગ્રંથોમાં છે. કેટલાક કુંભિમાં ઉત્પત્તિસ્થાન માને છે.

થઈને (૧) ત્યાં રહેલા અશુભ પુદ્ગલોનો આહાર ગ્રહણ કરી આહાર-પર્યાપ્તિ પ્રાપ્ત કરે છે. (૨) તેથી વૈક્રિય શરીર પ્રાપ્ત થવાથી શરીર પર્યાયને પ્રાપ્ત કરે છે. (૩) પછી શરીરથી ઈન્દ્રિયોનો આકાર બનવાથી ઈન્દ્રિય પર્યાય પ્રાપ્ત કરે છે. (૪) પછી ઈન્દ્રિયો વડે વાયુને લેતાં અને છોડતાં હોવાથી શ્વાસોચ્છવાસ પર્યાય પ્રાપ્ત કરે છે. (૫) પછી મન અને ભાષા પર્યાયને સાથે જ બાંધીને છએ પર્યાયોથી યુક્ત થઈ બિલની નીચે રહેલી કુંભિઓમાં નીચે માથું અને ઉપર પગ કરીને પડે છે. તે કુંભિઓ ચાર પ્રકારની કહેલ છે. (૧) ઊંટના ગળા જેવી વાંકી (૨) ઘી–તેલ વગેરેના કરવાળા જેવી–ઉપરથી પહોળી અને નીચેથી સાંકડી (૩) ડબ્બા જેવી ઉપરથી નીચે સુધી એક જ સરખી (૪) અફીણના ડોડવા જેવી, પેટ પહોળું અને મોઢું સાંકડું અને અંદર ચારે બાજુ તીક્ષ્ણ ધારવાળી. આમાંથી કોઈ પણ એક કુંભિમાં પડયા પછી નારકી જીવોનું શરીર ફુલાય છે, જેથી કુંભિમાં ફસાઈને તીક્ષ્ણ ધાર વાગવાથી અતિ દુઃખી થઈ પોકાર કરે છે, ત્યારે પરમાધમીં (યમ) દેવો તેને ચીપિયાથી ખેંચી કાઢે છે. ત્યારે તેના શરીરના કટકા કટકા થઈ જાય છે, ત્યારે તેમને ઘણું દુઃખ થાય છે, પણ મરતા નથી, કેમકે કરેલાં કર્મને ભોગવ્યા વિના છુટકારો મળતો નથી. જેમ વિખરાયેલ પારો મળી જાય છે, તેમ તે નારકીના શરીરના કકડા મળીને ફરી જેમ હતું તેમ બની જાય છે.

૧૫ જાતિના પરમાધમીં દેવો દ્વારા નારકીને દેવાતાં દુઃખો.

૧. તે નારકી જીવો જ્યારે ભૂખ તરસથી વ્યાકુળ થઈ ભોજન-પાણીની યાચના કરે છે, ત્યારે જેમ કેરીને ઘોળી નરમ કરે તેમ 'અંબ' નામના પરમાધમીં નારકી જીવોને મર્દન કરી તેમની નસોને ઢીલી કરી નિર્બળ બનાવી દે છે.

૨. જેમ કેરીનો રસ કાઢી ગોટલો ને છોતરું ફેંકી દે છે તેમ 'અંબરસ' નામના પરમાધમીં દેવો નારકીના શરીરને લોહી, માંસ, હાડકાં, ચામડી, વગેરે પુદ્ગલોને જુદાં કરી ફેંકી દે છે.

૩. જેમ સિપાઈ ચોરને મારે છે તેમ 'શ્યામ' નામના પરમાધમીં નારકી જીવોને મારે છે.

૪. જેમ સિંહ, કૂતરાં, બિલાડાં, વગેરે પોતાના ભક્ષને પકડી ચિરફાડ કરી માંસ કાઢે છે, તે જ પ્રમાણે 'સબળ' નામના પરમાધમીં દેવો નારકીઓનાં શરીરને ચિરફાડ કરીને માંસ જેવાં પુદ્ગલો કાઢે છે.

૫. જેમ દેવીના ભૂવા બકરાને ત્રિશૂલથી છેદે છે; શૂળીથી ભેદે છે, તેમ 'રુદ્ર' નામના પરમાધમીં દેવો નારકીનું છેદન–ભેદન કરે છે.

૬. જેમ કસાઈ લોકો માંસના કકડા કકડા કરે છે, તેમ 'મહારુદ્ર નામના પરમાધમીં દેવો નારકીનાં શરીરના કકડા કકડા કરે છે.

૭. જેમ કંદોઈ ગરમ તેલમાં પૂરી ભજિયાં તળે છે, તેમ 'કાલ' નામના પરમાધમીં દેવો નારકીનાં માંસને કાપી કાપીને તેલમાં તળીને ખવરાવે છે.

૮. જેમ મરેલા જાનવરોનું માંસ પક્ષીઓ છૂંદી છૂંદીને ખાય છે, તેમ 'મહાકાલ' નામના પરમાધમીં દેવો ચીપિયા વડે તેનું જ માંસ છૂંદી છૂંદીને તેને જ ખવરાવે છે.

૯. જેમ વીર પુરુષ સંગ્રામમાં તલવારથી શત્રુઓનો સંહાર કરે છે તેમ 'અસિપત્ર' નામના પરમાધમીં દેવો તલવારથી નારકીનાં શરીરના તલ તલ જેવડા કકડા કરે છે.

૧૦. જેમ શિકારી, ધનુષ્ય તાણી બાણથી પશુના શરીરને ભેદે છે તેમ 'ધનુષ્ય' નામના પરમાધમીં દેવ ધનુષ્ય બાણથી નારકીને છેદે છે.

૧૧. જેમ ગૃહસ્થી લીંબુને કાપી મસાલો ભરી બરણીમાં અથાણું કરે છે, તેમ 'કુંભ' નામના પરમાધમીં દેવ નારકીનાં શરીરને કાપી મસાલો ભરી કુંભિમાં નાખે છે.

૧૨ જેમ ભાડભૂંજો ગરમ રેતીથી ચણા વગેરે ભુંજે છે તેમ 'વાલુ' નામના પરમાધમીં નારકીને ગરમ રેતમાં ભૂંજે છે, સેકે છે.

૧૩. જેમ ધોબી વસ્ત્રને ધૂએ છે તેમ વૈતરણી નામક પરમાધમી દેવ નારકીને વૈતરણી નદીની શિલાઓ ઉપર પછાડી–પછાડીને ધૂએ છે, નીચોવે છે.

૧૪. જેમ શોખીનો બગીચાઓની હવા ખાય છે તેમ 'ખરસ્વર' નામના પરમાધમી દેવ વૈક્રિયથી બનાવેલા શાલ્મલી વૃક્ષના વનમાં નારકીને બેસાડી હવા ચલાવે છે, જેથી તે તલવાર અને ભાલાની ધાર જેવાં તીક્ષ્ણ પત્તાંઓ નારકીનાં શરીર પર પડતાં જ અંગ કપાઈ જાય છે એમ આખા શરીરનું છેદનભેદન કરે છે.

૧૫. ગોવાળીઓ બકરાંને વાડામાં ઠાંસી ઠાંસીને ભરે છે તેમ 'મહાઘોષ' નામના પરમાધમી દેવો મહા અંધકારથી વ્યાપ્ત એવા સાંકડા કોઠામાં નારકીના જીવોને ઠાંસી ઠાંસીને ભરે છે.

જે માંસાહારી પ્રાણી નરકમાં ઉત્પન્ન થાય છે તેમના શરીરનું માંસ ચીપિયાથી કાપી કાપી તેલમાં તળીને, રેતમાં સેકીને તે જ જીવોને ખવરાવતા પરમાધમી દેવો કહે છે, "તું માંસ ભક્ષણમાં લુબ્ધ હતો એટલે તું આને પણ પસંદ કર! તારે આને પણ ખાવું જ જોઈએ." મદ્યપાન કરનાર તથા વગર ગળેલું પાણી પીનાર નારકીના મોઢામાં તાંબું, સીસું, વગેરેનો રસ ઉકાળીને રેડતાં કહે છે કે "લો! આ પીઓ! આ પણ ઘણું મજેદાર છે." વેશ્યા અને પરસ્ત્રીગમન કરનારને તપાવી લાલ કરેલા લોઢાના થાંભલા સાથે બલાત્કારથી બાથ ભરાવીને કહે છે કે–'અરે દુષ્ટ! તને પરસ્ત્રી સારી લાગતી હતી, તો હવે કેમ રૂએ છે?' કુમાર્ગે ચાલનાર તથા કુમાર્ગે જવાનો ઉપદેશ દેનારને આગથી ઝગમગતા અંગારા ઉપર ચલાવે છે. જાનવરો અને મનુષ્યો ઉપર વધારે ભાર લાદનારને ડુંગરોમાં, કાંટા કાંકરાવાળા રસ્તામાં સેંકડો ટન વજનનો રથ ખેંચાવે છે, ઉપર ધારવાળા ચાબુકનો પ્રહાર કરે છે.

કૂવા, તળાવ, નદીના પાણીમાં ક્રીડામસ્તી કરનારનેતથા અનગળ પાણી કામમાં લાવનારને, પાણી નકામું ઢોળનારને, વૈતરણી નદીના ઉષ્ણ

અને તીક્ષ્ણધાર પાણીમાં નાખી તેના શરીરને છિન્ન ભિન્ન કરે છે. સાપ, વીંછી, પશુ, પક્ષી, વગેરે પ્રાણીને મારનારાઓને યમદેવ સાપ, વીંછી, સિંહ, વગેરેનું સ્વરૂપ ધારણ કરી ચીરી નાંખે છે. તીક્ષ્ણ ઝેરીલા ડંખોથી તેમને ત્રાસ આપે છે. વૃક્ષછેદન કરનારના શરીરનું છેદન કરે છે.

માતાપિતા વગેરે વૃદ્ધ અને ગુરુજનોને સંતાપ પહોંચાડનારના શરીરનું ભાલાથી છેદન કરે છે. દગા, ચોરી કરનારાઓને ઊંચા પહાડોથી પછાડે છે.

"શ્રોતેન્દ્રિય પ્રિય" રાગ રાગિણીના અત્યન્ત શોખીનોના કાનમાં ઊકળતા સીસાનો રસ નાખે છે, ચક્ષુરિન્દ્રિયના વિષયમાં આસક્ત રહેનારાઓની આંખો તીક્ષ્ણ શૂળોથી ફોડી નાખે છે, ઘ્રાણેન્દ્રિયમાં આસક્ત રહેલા જીવોને તીખો રાઈ મરચાંનો ધુમાડો સુંઘાડે છે. જીભથી ચાડી, નિંદા કરનારના મોઢામાં કટાર મારે છે, એમ કેટલાંએકને ઘાણીમાં પીલે છે, અગ્નિમાં બાળે છે, હવામાં ઉડાડે છે, એમ પૂર્વકૃત્યો અનુસાર અનેક પ્રકારનાં મહાન્ દુઃખોથી દુઃખી કરે છે. તે નારકી જીવો આ દુઃખોથી ગભરાઈને ઘણી જ દીનતાથી બન્ને હાથોની દસે આંગળીઓને મોઢામાં નાખી પરમાધમીંના પગમાં પડી પ્રાર્થના કરે છે, "હવે અમે એવાં પાપો નહિ કરીએ, અમને ન મારો, અમને ન મારો." પણ એ કરુણામય શબ્દોથી પરમાધમીંઓને જરા ય દયા આવતી નથી. એમની પ્રાર્થના ઉપર જરાય લક્ષ્ય આપ્યા વગર તેમના કથનની મશ્કરી કરતાં તેમને વિશેષ દુઃખો આપે છે.

અહીં એ પ્રશ્ન થાય છે કે (૧) નારકીને પરમાધમીં દેવ કેમ દુઃખ આપે છે? (૨) અને પરમાધમીંઓને તે પાપ લાગે છે કે નહિ?

ઉત્તર—જેમ કેટલાક નિર્દય લોક શિકાર ખેલવામાં હાથી, ગોધા, પાડા, ઘેટા, કૂતરાં વગેરેને લડાવવામાં આનંદ માને છે તેવી જ રીતે પરમાધમીં દેવો નારકી જીવોને દુઃખ દેવામાં આનંદ માને છે. અગ્નિ, પાણી, વનસ્પતિ, આદિ જીવોની જેથી ઘાત થાય તેવા અજ્ઞાન

તપના પ્રભાવથી જીવો મરીને પરમાધમીં દેવો થાય છે, અને તે પરમાધમીં દેવો નારકી જીવોને સંતાપ પહોંચાડવામાં જ આનંદ માને છે, અને પાપ તો જે કરે તે બધાને લાગે જ છે. આવા પાપના યોગથી જ તે દેવો ત્યાંનું આયુષ્ય પૂરું કરીને બકરાં, મરઘાં, વગેરે નીચ યોનિમાં ઉત્પન્ન થઇ આયુ પૂર્ણ થતાં પહેલાં જ મરી જાય છે.

એ પ્રકારની પરમાધમીં કૃત વેદના તો ત્રીજા નરક સુધી જ છે. ચોથાથી સાતમા નરક સુધી અન્યોન્ય કૃત વેદના હોય છે. જેમ નવા કૂતરાના આવવાથી બધાં કૂતરાંઓ તેના ઉપર તૂટી પડે છે, તેને ત્રાસ પહોંચાડે છે. તેમ ચોથા પાંચમા નરકમાં એક નારકીનો જીવ બીજા જીવોને દુઃખ દે છે. તેમને મહા કિલામના ઉપજાવે છે, એટલે કે તેઓ પરસ્પરમાં દુઃખ દીધા કરે છે. એ વખતે જે સમ્યગ્દૃષ્ટિ જીવો હોય છે તે પૂર્વ કર્મનો ઉદયભાવ જાણી સમભાવપૂર્વક દુઃખ સહન કરે છે,બીજાને દુઃખ આપતા નથી અને જે મિથ્યાદૃષ્ટિ હોય છે તે પરસ્પર લાતો અને ધોલો મારે છે. વૈક્રિય શસ્ત્રો બનાવીને પરસ્પર પ્રહાર કરે છે, મારામારી કરે છે અને છઠ્ઠા સાતમા નરકના જીવો છાણના કીડા જેવા વજ્રમય મુખવાળા કંથવાનાં રૂપ બનાવીને પરસ્પર એકબીજાનાં શરીરમાં આરપાર નીકળી જાય છે. આખા શરીરમાં ચાળણી જેવાં છિદ્ર કરીને મહા ભયંકર પરિતાપ ઉપજાવે છે. આ પ્રમાણે મહા દુઃખ ભોગવે છે.

૧૦ પ્રકારની ક્ષેત્ર વેદના

૧. **અનંત ક્ષુધા**–જગતમાં જેટલા ખાદ્ય પદાર્થ છે એ બધા એક જ નારકી જીવને દઇ દેવામાં આવે તો પણ તેની તૃપ્તિ ન થાય એવા ક્ષુધાતુર તેઓ સદા હોય છે. કારણ કે તેમને નરકમાં ખાવાનું કંઈ જ મળતું નથી.

૨. **અનંત તૃષા**–બધા સમુદ્રનું પાણી એક જ નારકી જીવને દેવાય તો પણ તેની તૃષા શાન્ત ન થાય એવા તરસ્યા હંમેશાં તેઓ હોય છે.

૩. અનંત શીત–લાખ મણ લોઢાનો ગોળો નરકની શીત યોનિમાં મૂકવામાં આવે તો તે શીતળતાના પ્રભાવે તેનાં અણુઓ છૂટા પડી રાખ જેવા બની જાય એવી તીવ્ર ત્યાં ટાઢ હોય છે. જો કોઈ ત્યાંના નારકી જીવને ઉપાડીને હિમાલયના બરફમાં મૂકી દે, તો તેને ઘણા જ આરામનું સ્થળ સમજે એવી ઠંડી ત્યાં હંમેશાં રહે છે.

૪. અનંત તાપ–નરકના ઉષ્ણ યોનિસ્થાનમાં લાખ મણ લોઢાનો ગોળો મૂકતાં જ તે પીગળીને પાણી થઈ જાય અને જો કોઈ તે નારકી જીવને ત્યાંથી ઉપાડી બળતી ભઠ્ઠીમાં મૂકી દે, તો ઘણા જ આરામનું સ્થાન સમજે એવી ગરમી ત્યાં સદૈવ રહ્યા કરે છે.

૫. અનંત મહાજ્વર–નારકીના શરીરમાં હમેશાં ઘણો તાવ ભર્યો રહે છે, જેથી શરીર બળ્યા કરે છે.

૬. અનંત ખુજલી–નારકી જીવો હંમેશાં શરીર ખણ્યા જ કરે છે.

૭. અનંત રોગ–જલોદર, ભગંદર, ઉધરસ, શ્વાસ વગેરે ૧૬ મહારોગો અને ૫,૬૮,૯૯,૫૮૫ પ્રકારના નાના નાના રોગો નારકીના શરીરમાં સદા રહ્યા કરે છે.

૮. અનંત અનાશ્રય–નારકી જીવને કોઈ પણ કોઈ જાતનો આશરો કે મદદ આપનાર ત્યાં હોતો નથી.

૯. અનંત શોક–નારકી જીવો સદા ચિંતાગ્રસ્ત રહ્યા કરે છે.

૧૦. અનંત ભય–જ્યાં કરોડો સૂર્ય મળીને પણ પ્રકાશ ન કરી શકે એવું અંધકારમય નરકનું સ્થાન છે. વળી, નારકીઓનાં શરીર પણ કાળાં મહા ભયંકર છે. ચારે બાજુ મારકૂટ હાહાકાર હોય છે. એ કારણોથી નારકી જીવો પ્રતિક્ષણ ભયથી વ્યાકુળ બની રહે છે. આ ૧૦ પ્રકારની વેદનાને સાતે નરકના જીવો પ્રતિક્ષણ અનુભવી રહ્યા હોય છે. આંખનું મટકું મારીએ એટલો વખત પણ આરામ નથી.

ન=નથી, અર્ક=સૂર્ય, એમ ઘણે ઠેકાણે જોવામાં આવે છે પણ તે બરાબર નથી. ન+અર્ક=નાર્ક થાય, નરક ન થાય. તેની વ્યુત્પત્તિ નીચે મુજબ છે.

નિર–નિગતમ્, અયમ્–ઇષ્ટ ફલ પ્રાપ્તક કર્મ યેભ્યસ્તે નિરયા. શાસ્ત્રોમાં 'નેરઈયા' શબ્દ આવે છે. તેનું સંસ્કૃત નૈરયિકાણામ્ થાય છે.

નિર્ગતા : અયાત્ શુભાત્ ઇતિ નિરયોઃ નરકાવાસાઃ તેષુમવા નૈરયિકાઃ સાતાવેદનીય આદિ શુભરૂપ કર્મોથી જે સ્થાન નિર્ગત (રહિત) હોય છે, તે સ્થાનને નિરય કહે છે. આ નિરયોમાં (નરકાવાસમાં) જન્મ લેનારા જીવોને નૈરયિકો કહે છે. નૈરયિકોનું બીજૂં નામ નારકો છે. (જુઓ પૂ. શ્રી ઘાસીલાલજી મ. સા. કૃત સ્થાનાંગ સૂત્ર ભાગ ૧ પાનું ૧૫૬ ભગવતી ભાગ ૧ પાનું ૧૯૫)

પ્રશ્ન–આવા મહાદુઃખપ્રદ નરકમાં કયા પાપોદયથી જીવ જાય છે?

ઉત્તર–સૂયગડાંગ સૂત્રના પહેલા શ્રુત સ્કંધના ૫ મા અધ્યયનમાં કહ્યું છે:

तिव्वं तसे पाणिणो थावरे य, जे हिंसति आयसुहं पडुच्चा
जे लुसए होई अदत्तहारी, ण सिक्खति सेंय वियस किं चि ।।
पागब्मी पाणे बहुणं तिवाती, अनिव्वुए वातमुवेति बाले ।
णिहोणिसं गच्छति अंतकाले, अहोसिरं कट्टु उवेइ दुग्गं ।।४।।

અર્થાત્–જે પ્રાણી પોતાના સુખને માટે ત્રસ (બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરેંદ્રિય, પંચેન્દ્રિય) અને સ્થાવર (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ)ના જીવોની નિર્દયતાના ભાવથી હિંસા કરે છે અને અદત્તનું ગ્રહણ કરી બીજાને લૂંટી માનવોને દુઃખી કરે છે, ગ્રહણ કરવા યોગ્ય શિક્ષા–વ્રત–પ્રત્યાખ્યાન આદિને ગ્રહણ કરતો નથી. હિંસાદિ પાપકૃત્યોને પુણ્યકારી બતાવવાની ધૃષ્ટતા કરે છે, ક્રોધાદિ ચાર કષાયોથી નિવૃત્ત થતો નથી, તે અજ્ઞાની મરણ થયા બાદ નીચું માથું કરીને અંધકારમય મહાભયંકર નરક સ્થાનમાં જાય છે અને મહાદુઃખ પામે છે.

ભવનપતિ દેવનું વર્ણન

પૂર્વ કથિત પહેલા નરકનાં ૧૨ આંતરા અસંખ્યાત યોજન લાંબા-પહોળાં છે અને ૧૧૫૮૩ યોજન ઊંચાં છે. જેના બે વિભાગ છે. (૧) દક્ષિણ. (૨) ઉત્તર. ૧૨ આંતરામાંથી એક ઉપરનું અને એક નીચેનું એમ બે આંતરા ખાલી પડ્યાં છે અને વચલાં ૧૦ આંતરામાં જુદી જુદી જાતના ૧૦ ભવનવાસી દેવો રહે છે અને તે દસ વિભાગોમાંથી ઉપરના પહેલા વિભાગમાં અસુરકુમાર જાતિના દેવતા રહે છે. જેમના દક્ષિણ વિભાગમાં ૪૪ લાખ ભવનો છે. જેના માલિક ચમરેન્દ્રજી છે. ચમરેન્દ્રજીના ૬૪૦૦૦ સામાનિક દેવ, ૨,૫૬૦૦૦ આત્મરક્ષક દેવ, ૬ અગ્રમહિષી (મુખ્ય) ઇંદ્રાણીઓ અને એક એક ઇન્દ્રાણીને ૬-૬ હજારનો પરિવાર, ૭ અણિકા (સેના) * ૩ પરિષદ :-૧. આભ્યન્તર પરિષદના ૨૪,૦૦૦ દેવો ૨. મધ્ય પરિષદના ૨૮,૦૦૦ દેવો ૩. બાહિર પરિષદના ૩૨,૦૦૦ દેવો છે, અને તે જ પ્રમાણે આભ્યન્તર પરિષદની ૩૫૦ દેવીઓ, મધ્ય પરિષદની ૩૦૦ દેવીઓ અને બાહિર પરિષદની ૨૫૦ દેવીઓ પણ છે. દેવતાઓનું આયુષ્ય જઘન્ય ૧૦૦૦૦ વર્ષનું, ઉત્કૃષ્ટ ૧ સાગરોપમનું છે. એમની દેવીઓનું આયુષ્ય જઘન્ય ૧૦૦૦૦ વર્ષનું ઉત્કૃષ્ટ ૩॥ પલ્યોપમનું છે. ઉત્તરના વિભાગમાં ૪૦ લાખ ભવન છે જેમના માલિક બલેન્દ્રજીના ૬૦,૦૦૦ સામાનિક દેવો, ૨,૪૦,૦૦૦ આત્મરક્ષક દેવો, ૬ અગ્રમહિષી (મુખ્ય) ઇન્દ્રાણીઓ છે અને એક-એકને ૬-૬ હજારનો પરિવાર છે. ૭ અણિકા એટલે કે સેના છે. ૩ પરિષદ-૧ આભ્યન્તર પરિષદના ૨૦,૦૦૦ દેવો છે. તે જ પ્રમાણે આભ્યન્તર પરિષદની ૪૫૦ દેવી, મધ્ય પરિષદની ૪૦૦ દેવી અને બાહિર પરિષદની ૩૫૦ દેવી છે. એ દેવતાઓનું આયુષ્ય જઘન્ય ૧૦,૦૦૦ વર્ષથી કંઇક અધિક, ઉત્કૃષ્ટ ૧ સાગરોપમથી કંઇક અધિક છે અને

---

* સાત સેના-૧. ગંધર્વની ૨. નાટકની ૩. અશ્વની ૪. હાથીની ૫. રથની ૬. પાયદળની અને ૭. ભેંસની. આ સાત પ્રકારની સેના છે. (જુઓ સ્થાનાંગ ભાગ ૪ પાનું ૧૨૯)

એમની દેવીઓનું આયુષ્ય જઘન્ય ૧૦,૦૦૦ વર્ષથી કંઇક અધિક અને ઉત્કૃષ્ટ ૪ાા પલ્યોપમનું છે.

પંદર જાતના પરમાધાર્મિકદેવ અસુરકુમારમાં ગણવાના છે.

બીજા આંતરામાં નાગકુમાર જાતિના દેવો વસે છે. જેમના દક્ષિણના વિભાગમાં ૪૪ લાખ ભુવન છે. જેના ધરણેન્દ્રજી માલિક છે. અને ઉત્તર વિભાગમાં ૪૦ લાખ ભુવન છે, જેમના ભૂતેન્દ્રજી માલિક છે.

ત્રીજા આંતરામાં સુવર્ણકુમાર નામના દેવો રહે છે. એમના દક્ષિણ વિભાગમાં ૩૮ લાખ ભવનો છે. જેના વેણુઇન્દ્ર છે અને ઉત્તર વિભાગમાં ૩૪ લાખ ભુવન છે, જેમના માલિક વેણુદલેન્દ્રજી છે.

ચોથા આંતરામાં વિદ્યુતકુમાર જાતિના દેવતા રહે છે, દક્ષિણના ઇન્દ્ર હરિકાંત છે અને ઉત્તરના હરિશેખરેન્દ્ર છે.

પાંચમા આંતરામાં અગ્નિકુમાર જાતિના દેવતા રહે છે. દક્ષિણના ઈન્દ્ર શેખરેન્દ્ર છે અને ઉત્તરના ઇન્દ્ર માણવેન્દ્ર છે.

છઠ્ઠા આંતરામાં દ્વીપકુમાર જાતિના દેવતા રહે છે. દક્ષિણના પૂરણેન્દ્ર છે અને ઉત્તરના વિશિષ્ટેન્દ્ર છે.

સાતમા આંતરામાં ઉદધિકુમાર જાતિના દેવો રહે છે. દક્ષિણના જલકાન્તેન્દ્ર છે. ઉત્તરના જલપ્રભેન્દ્ર છે.

આઠમા આંતરામાં દિશાકુમાર જાતિના દેવો રહે છે. દક્ષિણના અમીતેન્દ્ર છે. અને ઉત્તરના અમિતવહનેન્દ્ર છે.

નવમા આંતરામાં વાયુકુમાર જાતિના દેવો રહે છે. દક્ષિણના બલવકેન્દ્ર છે અને ઉત્તરના પ્રભજનેન્દ્ર છે.

દસમા આંતરામાં સ્તનિતકુમાર જાતિના દેવો રહે છે. જેની દક્ષિણ દિશામાં ઘોષેન્દ્ર છે અને ઉત્તર દિશાના મહાઘોષેન્દ્ર છે. એમાં ચોથા વિદ્યુતકુમારથી સ્તનિતકુમાર સુધી દક્ષિણ વિભાગમાં પ્રત્યેકનાં જુદા જુદા

૪૦–૪૦ લાખ અને ઉત્તરમાં ૩૬–૩૬ લાખ ભવનો છે. બીજા નાગ કુમારથી તે દસમા સ્તનિતકુમાર સુધીના દેવોને નવનિકાય (નવજાતિ)ના દેવો કહે છે. દક્ષિણના નવનિકાયના બધા ઇન્દ્રોને જુદા જુદા ૬–૬ હજાર સામાનિક દેવો છે. ૨૪–૨૪ ચોવીસ ચોવીસ હજાર આત્મરક્ષક દેવો છે. ૫–૫ અગ્રમહિષી (ઇન્દ્રાણી)ઓ છે. અને એક–એકને ૫–૫ હજારનો પરિવાર છે, સાત સાત અણિકા છે. ત્રણ ત્રણ પરિષદો છે. અભ્યંતર પરિષદના ૬૦.૦૦૦ દેવો, મધ્ય પરિષદના ૭૦,૦૦૦ દેવો, બાહિર પરિષદના ૮૦,૦૦૦ દેવો છે.

તે જ પ્રમાણે, આભ્યંતર પરિષદની ૧૭૫ દેવીઓ, મધ્ય પરિષદની ૧૫૦ દેવીઓ અને બાહિર પરિષદની ૧૨૫ દેવીઓ છે. એ નવ જાતિના દેવતાઓનું આયુષ્ય જઘન્ય ૧૦,૦૦૦ વર્ષનું અને ઉત્કૃષ્ટ ૧॥ પલ્યોપમનું છે. અને દેવીનું આયુષ્ય જઘન્ય ૧૦,૦૦૦ વર્ષનું, ઉત્કૃષ્ટ પોણા પલ્યનું છે. અને ઉત્તરના નવનિકાયના બધાય ઇન્દ્રને પણ જુદા જુદા ૬–૬ હજાર સામાનિક દેવો છે. ૨૪–૨૪ હજાર આત્મરક્ષક દેવો છે. ૫–૫ અગ્રમહિષી (ઇન્દ્રાણી)ઓ છે. એક એકને ૫–૫ હજારનો પરિવાર છે. ૭ અણિકા (સેના) છે. ૩ પરિષદો છે.

અભ્યન્તર પરિષદના ૫૦,૦૦૦ દેવો, મધ્ય પરિષદના ૬૦,૦૦૦ દેવો, બાહિર પરિષદના ૭૦,૦૦૦ દેવો છે. તે જ પ્રમાણે અભ્યન્તર પરિષદની ૨૨૫ દેવીઓ, મધ્ય પરિષદની ૨૦૦ દેવીઓ, બાહિર પરિષદની ૧૭૫ દેવીઓ છે.

નવેય જાતિના દેવતાઓનું આયુષ્ય જઘન્ય તો ૧૦,૦૦૦ વર્ષથી કંઇક અધિક અને ઉત્કૃષ્ટ ૨ પલ્યોપમમાં થોડુંક ઓછું છે. દેવીઓનું આયુષ્ય જઘન્ય ૧૦,૦૦૦ વર્ષથી કંઇક અધિક અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમમાં કંઇક ઓછું છે.

દસેય આંતરાનાં દક્ષિણ દિશાનાં બધાં મળીને કુલે ૪,૦૬,૦૦,૦૦૦ ભવનો હોય છે અને ઉત્તર વિભાગનાં બધાં મળીને કુલ ભવન ૩,૬૬,૦૦,૦૦૦ હોય છે. એમાંથી નાનામાં નાનું ભવન તો જંબુદ્વીપ

પ્રમાણુ (એક લાખ યોજનનું) છે. મધ્ય ભવન અઢી દ્વીપ પ્રમાણુ (૪૫ લાખ યોજનનું) છે. અને મોટામાં મોટું ભવન અસંખ્ય દ્વીપ-સમુદ્ર પ્રમાણે (અસંખ્યાત યોજનનું) છે.

બધાં ભવનો અંદરથી ચોખંડાકાર, બહારથી ગોલાકાર, રત્નજડિત મહાપ્રકાશવાળાં અને સર્વ સુખ સામગ્રીઓથી પરિપૂર્ણ છે. સંખ્યાત યોજનના ભવનમાં સંખ્યાત દેવદેવીઓ અને અસંખ્યાત યોજનના ભવનમાં અસંખ્યાત દેવ દેવીઓ છે. કુમારો (બાળકો)ની જેમ ક્રીડા કરતા હોવાથી કુમારો કહેવાય છે.

ભવનપતિ દેવની જાતિ	શરીરવર્ણ	વસ્ત્રવર્ણ *	મુકુટનું ચિહ્ન ૧	
૧ અસુરકુમાર	કૃષ્ણ	લાલ	ચૂડામણિ	
૨ નાગકુમાર	સફેદ	લીલો	નાગફેણ	
૩ સુવર્ણકુમાર	સોનેરી	સફેદ	ગરૂડ	
૪ વિદ્યુત્કુમાર	રાતો	લીલો	વજ્ર	
૫ અગ્નિકુમાર	,,	,,	કલશ	
૬ દ્વીપકુમાર	,,	,,	સિંહ	
૭ ઉદધિકુમાર	સફેદ	,,	ઘોડા	
૮ દિશાકુમાર	સોનેરી	સફેદ	હાથી	
૯ વાયુકુમાર	લીલો	ગુલાબી	મગર	
૧૦ સ્તનિતકુમાર	સોનેરી	સફેદ	સરાવલુ	

* આ રંગના વસ્ત્રો પહેરવાનો શોખ વધારે છે.

૧ આ ચિહ્ન દેવતાઓના મુકુટમાં હોય છે, એથી એમની જાતિનો પરિચય મળે છે.

આ સાતમી નરકની નીચેના ચરમાન્તથી તે પહેલી રત્નપ્રભા પૃથ્વી ઉપર લોકના મધ્ય આકાશાન્તર સુધીનું ૭ રજ્જુ ઊંચા અને ૧૯૯ રજ્જુ ઘનાકારવાળા અધોલોકનું વર્ણન સંપૂર્ણ થયું.

મધ્ય (તીર્છો) લોકનું વર્ણન.

પહેલાં બતાવેલી રત્નપ્રભાની ઉપર ૧૦૦૦ યોજનનો પૃથ્વી-પિંડ છે. એમાંથી ૧૦૦ યોજન નીચે અને ૧૦૦ યોજન ઉપર છોડીને ૮૦૦ યોજનની પોલાર છે. તેમાં અસંખ્યાતા નગર છે. એમાં ૮ જાતિના વ્યન્તર દેવો રહે છે. જેમ કે (૧) પિશાચ (૨) ભૂત (૩) યક્ષ (૪) રાક્ષસ (૫) કિન્નર (૬) કિંપુરુષ (૭) મહોરગ (૮) ગાંધર્વ.

જે ૧૦૦ યોજનનો પિંડ છોડેલ તેમાંથી ૧૦ યોજન ઉપર અને ૧૦ યોજન નીચે છોડીને વચમાં ૮૦ યોજનની પોલાર છે, તેમાં પણ અસંખ્યાતા નગર છે. તેમાં પણ ૮ જાતિના વાણવ્યંતર દેવો વસે છે. તેમનાં નામો ૧. આણુપન્ની ૨. પાણુપન્ની ૩. ઈસીવાઈ ૪. ભૂઈવાઇ ૫. કન્દિય ૬. મહાકન્દિય ૭. કોહંડ ૮. પયંગદેવ.

એ ૮૦૦ યોજનની તથા ૮૦ યોજનની પોલારમાં જે અસંખ્યાત વ્યંતરનાં અને અસંખ્યાત વાણવ્યંતરનાં નગરો છે. તે નાનાં તો ભરતક્ષેત્રના પ્રમાણનાં એટલે કે ૫૨૬ યોજનથી કંઇક વિશેષ છે અને મધ્યમ નગરો મહાવિદેહ ક્ષેત્ર પ્રમાણે (૩૩,૬૮૪ યોજનથી કંઇક વિશેષ) છે. અને મોટામાં મોટાં જંબુદ્વીપ પ્રમાણ (એક લાખ) યોજનનાં છે.

એ ૮૦૦ યોજનની તથા ૮૦ યોજનની પોલારમાં પણ બે વિભાગ છે. (૧) દક્ષિણ અને (૨) ઉત્તર. જેમાં વસનારા ૧૬ જાતિના વ્યંતર અને વાણવ્યંતર દેવોની એક એક જાતિ ઉપર બબ્બે ઇંદ્રો છે. એમ ૧૬ જાતિના ૩૨ ઈન્દ્રો છે. જેમનાં નામો યંત્રમાં છે. એ એક એક ઇન્દ્રને ચાર ચાર હજાર સામાનિક દેવો છે, ૧૬–૧૬ હજાર આત્મરક્ષક દેવો છે. ૪–૪ અગ્રમહિષી–ઇન્દ્રાણીઓ છે. પ્રત્યેક ઈન્દ્રાણીને હજાર હજાર દેવીનો પરિવાર છે. ૭ અણિકા છે. ૩ પરિષદા (૧) આભ્યંતર પરિષદના ૮૦૦૦ દેવો, મધ્ય પરિષદના ૧૦,૦૦૦ દેવો, બાહિર પરિષદના

૧૨,૦૦૦ દેવો છે. એ સોળ જાતિના દેવોનું જઘન્ય આયુષ્ય ૧૦,૦૦૦ વર્ષનું, ઉત્કૃષ્ટ એક પલ્યોપમનું છે.

તેમની દેવીઓનું આયુષ્ય જઘન્ય ૧૦,૦૦૦ વર્ષનું, ઉત્કૃષ્ટ એક પલ્યોપમનું છે. વ્યંતર અને વાણવ્યંતર દેવ ચંચળ સ્વભાવવાળા મનોહર નગરમાં દેવીઓની સાથે નૃત્ય–ગાયન કરતાં ભોગ ભોગવતાં પૂર્વોપાર્જિત પુણ્યનાં ફળ અનુભવતાં વિચરે છે. વનમાં ફરવાથી વધારે આનંદ માનતા હોવાથી વાણવ્યંતર દેવ કહેવાય છે.

---

૮૦૦ યોજનના પ્રથમ પ્રતરના ૮ જાતિના વ્યંતર દેવોનો કોઠો			૮૦૦ યોજનના બીજી પ્રતરના ૮ જાતિના વાણવ્યંતર દેવોનો કોઠો			બન્ને પ્રતરના દેવોનાં શરીર વર્ણન અને મુકુટ ચિહ્ન	
વ્યંતર દેવોના નામો	દક્ષિણ દિશાના ઇન્દ્ર	ઉત્તર દિશાના ઇન્દ્ર	૮ વાણવ્યંતર દેવ	દક્ષિણ દિશાના ઇન્દ્ર	ઉત્તર દિશાના ઇન્દ્ર	શરીરવર્ણ	મુકુટ ચિહ્ન
૧. પિશાચ	કાલેન્દ્ર	મ્હાકાલેન્દ્ર	૯ આનપન્ની	સન્નિહિતેન્દ્ર	સન્માનેન્દ્ર	કાળો	કદંબ વૃક્ષ
૨. ભૂત	સુરૂપેન્દ્ર	પ્રતિરૂપેન્દ્ર	૧૦ પાનપન્ની	ધાતેન્દ્ર	વિધાતેન્દ્ર	કાળો	શાલી વૃક્ષ
૩. યક્ષ	પુર્ણભદ્રેન્દ્ર	મણિભદ્રેન્દ્ર	૧૧ ઇસીવાઈ	ઇસીન્દ્ર	ઇસીપતેન્દ્ર	કાળો	વડ વૃક્ષ
૪. રાક્ષસ	ભીમેન્દ્ર	મહાભીમેન્દ્ર	૧૨ ભુઇવાઈ	ઇશ્વરેન્દ્ર	મહેશ્વરેન્દ્ર	સફેદ	પાડલી વૃક્ષ
૫. કિન્નર	કિન્નરેન્દ્ર	કિંપુરુષેન્દ્ર	૧૩ કંદીય	સુવચ્છેન્દ્ર	વિશાલેન્દ્ર	લીલો	અશોક વૃક્ષ
૬. કિંપુરુષ	સુપુરુષેન્દ્ર	મહાપુરુષેન્દ્ર	૧૪ મહાકંદીય	હાસ્યેન્દ્ર	હાસ્યરસેન્દ્ર	સફેદ	ચંપક વૃક્ષ
૭. મહોરગ	અતિકાયેન્દ્ર	મહાકાયેન્દ્ર	૧૫ કોહંડ	શ્વેતેન્દ્ર	મહાશ્વેતેન્દ્ર	કાળો	નાગ વૃક્ષ
૮ ગંધર્વ	ગીતરતીન્દ્ર	ગીતરસેન્દ્ર	૧૬ પયંગદેવ	પહંગેન્દ્ર	પહંગપતેન્દ્ર	કાળો	ટિંબરુ વૃક્ષ

મનુષ્યલોકનું વર્ણન

જયાં આપણે રહીએ છીએ તે મનુષ્યલોક, પહેલાં કહેલી રત્નપ્રભા પૃથ્વીની ઉપર છે. એના મધ્ય ભાગમાં સુદર્શન મેરુ પર્વત છે. મેરુ પર્વતની જમીનના અંદરના ભાગમાં ગૌસ્તનના આકારના ૮ રુચક પ્રદેશ છે. ત્યાંથી ૯૦૦ યોજન નીચે અને ૯૦૦ યોજન ઉપર એમ ૧૮૦૦ યોજન ઊંચો અને ૧૦ રજ્જુ ઘનાકાર+ વિસ્તારમાં તિરછો લોક છે. એમાં ૯૦૦ યોજનના ક્ષેત્રમાં દ્વીપોની નીચે વ્યંતર અને વાણવ્યંતર દેવો રહે છે. જેમનું વર્ણન પહેલાં કરી દીધું છે. દ્વીપોને ફરતા, પ્રમાણમાં બમણા વિસ્તારના સમુદ્રો છે. ઉપરના ૯૦૦ યોજનમાં સમુદ્રનો આંશિક ભાગ અને જ્યોતિષી દેવનાં ચક્ર છે. તેનું વર્ણન કરવામાં આવે છે. સમુદ્રો ઊંડાં છે, તેથી તેની નીચે વ્યંતર કે વાણવ્યંતરનાં નગરો નથી.

મેરૂ પર્વતનું વર્ણન

પૃથ્વીના મધ્યમાં જે સુદર્શન મેરુ પર્વત છે. તે મલસ્તંભ (મબલખ)ના આકારે ગોળ છે. નીચેથી પહોળોઅને ઉપરથી અનુક્રમે સાંકડો થતો ગયો છે. નીચેથી ઉપર સુધી ૧૦૦૦૦૦ (એક લાખ) યોજન ઊંચો છે. જેમાંથી ૧૦૦૦ યોજન પૃથ્વીમાં છે. અને ૯૯૦૦૦ યોજન પૃથ્વી ઉપર છે. પૃથ્વીની અંદર મૂળમાં ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ યોજન પહોળો છે. પૃથ્વી ઉપર ૧૦૦૦૦ યોજન પહોળો છે. અને અનુક્રમે ઘટતાં ઘટતાં ટોચે ૧૦૦૦ યોજન પહોળો રહી ગયો છે.

પૂર્ણ પર્વતના ૩ વિભાગ છે. ૧ પૃથ્વીની અંદર માટી, પથ્થર, કાંકરા અને વજ્રરત્નમય ૧૦૦૦ યોજનનો પહેલો ભાગ છે. ૨. પૃથ્વી ઉપર સ્ફટિકરત્ન, અંકરત્ન, ચાંદી અને સોનાવાળો ૩૬૦૦૦ યોજનનો બીજો કાંડ (વિભાગ) છે. અને ત્યાંથી આગળ લાલ સુવર્ણમય ૩૬૦૦૦ યોજનનો ત્રીજો કાંડ છે.

+એક રજ્જુ લાંબું, એક રજ્જુ પહોળું અને એક રજ્જુ જાડું ક્ષેત્ર તે એક ઘનરજ્જુ

મેરુ પર્વત ઉપર ૪ **વન** (બાગ) છે. ૧ પૃથ્વી ઉપરના ૪ ગજદંતા પર્વત અને સીતા સીતોદા નદીથી જેના આઠ ભાગ થયા છે તથા જે પૂર્વ-પશ્ચિમમાં ૨૨૦૦૦ યોજનનું લાંબું અને ઉત્તરદક્ષિણ દિશામાં ૨૫૦ યોજન પહોળું 'ભદ્રશાલ' નામનું પહેલું વન છે. ત્યાંથી ૫૦૦ યોજન ઊંચે મેરુ પર્વતની ઉપર ચારે બાજુ ઘેરાયેલું વલયાકારે (કંકણાકૃતિ) ૫૦૦ યોજન ચક્રવાળું પહોળું બીજું (૨) નંદનવન છે. (૩) ત્યાંથી ૬૩૫૦૦ યોજન ઊંચે મેરુ પર્વતની ઉપર મેરુની ચારે બાજુ ફરતું વલયાકારે ૫૦૦ યોજનનું પહોળું ત્રીજું સોમનસ વન છે. સોમનસ-વનથી ૩૬૦૦૦ જોજન ઊંચે ચોથું (૪) પંડગ વન છે. તે ૪૯૪ જોજન ચક્રવાલ પહોળું છે.

આ પંડગ વનની ચારે દિશામાં સફેદ સુવર્ણમય અર્ધ ચન્દ્રાકાર ચાર શિલા છે. જેનાં નામો- (૧) પૂર્વમાં પાંડુક શિલા અને (૨) પશ્ચિમમાં રક્તશિલા, એ બન્ને શિલાઓ ઉપર ૨૯૨ સિંહાસન છે. જેના ઉપર જંબુદ્વીપના પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મેલા ચાર તીર્થંકરોના જન્મોત્સવ એકસાથે થાય છે. અને દક્ષિણ દિશામાં ત્રીજી પાંડુકંબલ શિલા છે. એના ઉપર ભરતક્ષેત્રમાં જન્મેલા તીર્થંકરોના અને (૪) ઉત્તરમાં રક્ત પાંડુકંબલ શિલા છે. એના ઉપર ઐરવત ક્ષેત્રમાં જન્મેલા તીર્થંકરોના જન્મોત્સવ થાય છે. ×

આ વનની મધ્યમાં ૪૦ યોજનની ઊંચી, તળિયામાં ૧૨ યોજનની, મધ્યમાં ૮ યોજનની અને અંતમાં ૪ યોજનની પહોળી વૈડૂર્ય (લીલા) રત્નમય એક ચૂલિકા (શિખા સમાન ટેકરી) છે.

જંબુદ્વીપનું વર્ણન

પૃથ્વી ઉપર મેરુની ચારે બાજુ ફરતો થાળીના આકારવાળો પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ સુધી ૧૦૦૦૦૦ (એક લાખ) યોજનનો લાંબો, પહોળો, ગોળ જંબુદ્વીપ નામનો દ્વીપ છે. એમાં મેરુ પર્વતથી

× આ ચારે શિલા પાંચસો-પાંચસો યોજનની લાંબી અને અઢીસો-અઢીસો યોજનની પહોળી છે. અને ૬ એ સિંહાસનો પાંચસો પાંચસો ધનુષ્યનાં લાંબાં પહોળાં અને અઢીસો અઢીસો ધનુષ્યનાં ઊંચાં છે.

૪૫૦૦૦ યોજન દક્ષિણ દિશામાં, વિજયદ્વારની અંદર 'ભરત' નામનું ક્ષેત્ર છે. તે વિજયદ્વારથી ચૂલહિમવંત પર્વત સુધી સીધું ૫૨૫$\frac{6}{19}$ પહોળું છે. આ ભરતક્ષેત્રના મધ્યમાં ૧૦,૭૨૦$\frac{12}{19}$ યોજન(૧૨ કલા +) ની જીહ્વાવાળો, ઉત્તર દક્ષિણમાં ૫૦ યોજન પહોળો, ૨૫ યોજન ઊંચો, ભૂમિમાં ૬। યોજન ઊંડો રૂપાનો વૈતાઢ્ય નામનો પર્વત છે. આ પર્વતમાં ૫૦ યોજન લાંબી (આરપાર) ૧૨ યોજન પહોળી અને ૮ યોજન ઊંચી મહા અંધકારથી વ્યાપ્ત બે ગુફા છે. એક તો પૂર્વમાં ખંડપ્રપાત ગુફા અને બીજી પશ્ચિમમાં તમસ ગુફા. આ ગુફાની મધ્યમાં ભીંતમાંથી નીકળેલી અને ૩–૩ યોજન દૂર જઈને ગંગા અને સિંધુ નદીમાં જઈ મળનારી ઉમગ જલા અને બીજી નિમગ જલા * નામની બે નદીઓ છે.

પૃથ્વીથી ૧૦ યોજન ઉપર વૈતાઢ્ય પર્વત ઉપર ૧૦ યોજન પહોળી અને વૈતાઢ્ય પર્વત જેટલી લાંબી બે વિદ્યાધર શ્રેણી છે. × દક્ષિણની શ્રેણીમાં ગગન વલ્લભ વગેરે ૫૦ નગરો છે અને ઉત્તરની શ્રેણીમાં રથનુપુર ચક્રવાલ પ્રમુખ ૬૦ નગર છે. જેમાં રોહિણી, પ્રજ્ઞપ્તિ, ગગન-ગામિની વગેરે હજારો વિદ્યાઓને સિદ્ધ કરનારા વિદ્યાધરો (મનુષ્ય) રહે છે. ત્યાંથી ૧૦ યોજન ઉપર એવા પ્રકારની બીજી પણ બે અભિયોગી દેવોની શ્રેણી છે.

ત્યાં પહેલા દેવલોકના શક્રેન્દ્રજીના દ્વારપાલ પૂર્વ દિશાના માલિક 'સોમ મહારાજ', દક્ષિણ દિશાના માલિક 'યમ મહારાજ,' પશ્ચિમ દિશાના 'વરુણ મહારાજ' અને ઉત્તર દિશાના માલિક વૈશ્રમણ મહા-રાજના આજ્ઞાધારક (૧) અન્નરરક્ષક 'આણજંભકા' (૨) પાણીના રક્ષક પાણજંભકા (૩) સુવર્ણ વગેરે ધાતુના રક્ષક 'લયણજંભકા' (૪) મકાન રક્ષક 'સયણજંભકા' (૫) વસ્ત્રના રક્ષક 'વત્થજંભકા' (૬) ફૂલ રક્ષક. ફૂલ

* એક યોજનના ૧૯ મા ભાગને એક કલા કહે છે.

× ઉમગજલા નદીમાં સજીવ, નિર્જીવ કોઈ પણ વસ્તુ પડી જાય તો તેને ત્રણ વખત ફેરવીને બહાર ફેંકી દે છે નિમગજલા નદીમાં પડેલી વસ્તુને ત્રણ વખત ફેરવીને પાતાલમાં બેસાડી દે છે.

× પર્વત ઉપર ફરવાની ખુલ્લી જગ્યાને શ્રેણી કહે છે.

જંભકા' (૭) ફૂલના રક્ષક પુષ્પજંભકા' (૮) ફલફૂલના રક્ષક ફલફૂલ-જંભકા' (૯) પાણીભાજીના રક્ષક અવિયતાજંભકા અને બીજ ધાન્ય વગેરેના રક્ષક 'બીજજંભકા' એ ૧૦ જાતિના દેવતાઓના આવાસ છે.

આ દેવો પોત–પોતાના નામ પ્રમાણેની વસ્તુઓની વાણવ્યંતર દેવોથી રક્ષા કરવા નિમિત્તે ત્રણે કાલ (સવાર, બપોર અને સાંજ) માં ચોકી કરવા નીકળે છે. આ ત્રણે કાલમાં સુખાભિલાષી જીવોએ જરૂર ધર્મારાધન કરવું જોઇએ. તે અભિયોગી શ્રેણીથી ૫ યોજન ઉપર, ૧૦ યોજન પહોળું અને પર્વત જેટલું લાંબું વૈતાઢય પર્વતનું શિખર છે. અહીયાં ૬। યોજનની ઊંચી જુદી જુદી નવ ડુંગરીઓ છે, ત્યાં મહાઋદ્ધિના ધણી વૈતાઢય પર્વતના માલિક "વૈતાઢયગિરિ કુમાર' દેવતાનો વાસ છે.

ભરતક્ષેત્રની મધ્યમાં વૈતાઢયગિરિના આવવાથી દક્ષિણાર્ધ ભરત અને ઉત્તરાર્ધ ભરત એવા બે વિભાગો થઇ ગયા છે અને ભરતની ઉત્તરની સીમાનો કર્તા ચુલ્લહિમવંત પર્વત છે. જેના મધ્યથી પદ્મદ્રહની પૂર્વ અને પશ્ચિમના દ્વારથી નીકળેલી ગંગા અને સિંધુ નદી વૈતાઢય પર્વતની નીચેથી નીકળીને લવણ સમુદ્રમાં જઈને મળવાથી ભરતક્ષેત્રના ૬ વિભાગ થઇ ગયા છે. જેને 'ષટ્ખંડ' (૬ વિભાગ) કહે છે.

જંબુદ્વીપના પૂર્વ દિશાના વિજયદ્વારના નીચેના નાળાથી લવણ સમુદ્રનું પાણી ભરત ક્ષેત્રમાં આવવાથી નવ યોજન વિસ્તારવાળી ખાડી છે. જેના કિનારા ઉપર ત્રણ દેવસ્થાન છે. ૧. પૂર્વમાં માગધ ૨. મધ્યમાં વરદામ અને ૩. પશ્ચિમમાં પ્રભાસ છે. એ તટ (કિનારા) ઉપર હોવાથી તીર્થ કહેવાય છે.

ગંગા નદીથી પશ્ચિમે, સિંધુ નદીની પૂર્વે, લવણની ખાડીથી ઉત્તરે અને વૈતાઢય પર્વતની દક્ષિણે એમ ચારેની મધ્યમાં ૧૧૪$\frac{૧૧}{૧૯}$ યોજનના અંતરે ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી અયોધ્યા નગરી છે. +

+ અયોધ્યા નગરીના સ્થાને જમીનમાં શાશ્વતું વજ્રમય સ્વસ્તિકનું ચિન્હ અંકિત છે. કર્મભૂમિની ઉત્પત્તિનાં સમયે ઈન્દ્ર મહારાજ તે જ સ્થળે નગર વસાવે છે તેમ વૃદ્ધ પુરુષેનું કથન છે.

કાળચક્રનું વર્ણન

ભરતક્ષેત્રમાં ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમનું કાળચક્ર (૧૨ આરાવાળું) સદા ફરતું રહે છે. જે કાળમાં પ્રત્યેક સમય શુભ પુદ્ગળો (સુખો)ની ન્યૂનતા અને અશુભ પુદ્ગળો (દુઃખો)ની વૃદ્ધિ થાય તેને અવસર્પિણી કાળ કહે છે. અશુભ પુદ્ગળોની ન્યૂનતા અને શુભ પુદ્ગળોની વૃદ્ધિ થાય તેને ઉત્સર્પિણી કાળ કહે છે. તે બન્ને કાળના ૬–૬ આરા હોય છે. તેમાંથી અહીં પહેલા અવસર્પિણી કાળના ૬ આરાનું વર્ણન કરે છે.

૧. ચાર ક્રોડાક્રોડ સાગરોપમના પહેલા 'સુખમ સુખમ' (એકાન્ત સુખ) નામક આરામાં મનુષ્યનું દેહ પ્રમાણ ૩ ગાઉનું હોય છે. આયુષ્ય ૩ પલ્યોપમનું હોય છે. તેમના શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે. અને તેઓ વજ્રઋષભ નારાચ સંહનન તથા સમચતુરસ્ર સંસ્થાન-વાળા હોય છે. મહાસ્વરૂપવાન અને સરળ સ્વભાવી હોય છે. અને સ્ત્રી-પુરુષના યુગલરૂપે સાથે જ અવતરે છે. તેમની ઈચ્છાઓ ૧૦ પ્રકારનાં કલ્પવૃક્ષો પૂર્ણ કરે છે, તેનાં નામો આ પ્રમાણે છેઃ– ૧ 'મતંગવૃક્ષ'થી ફળો મળે છે.૨.'ભિંગાવૃક્ષ'થી સુવર્ણ રત્નનાં વાસણો મળે છે.૩.'તુડિયંગા-વૃક્ષથી ૪૯ જાતિનાં વાજિંત્રોના મનોહર નાદ સંભળાય છે. ૪. 'જયોતિ-વૃક્ષ'થી રાત્રિમાં સૂર્ય સમાન પ્રકાશ કરે છે. ૫. 'દીપવૃક્ષ' દીપકની જેમ પ્રકાશ કરે છે. ૬. 'ચિતંગાવૃક્ષ' થી સુગંધી ફૂલોનાં ભૂષણ પ્રાપ્ત થાય છે. ૭. ચિત્તરંગાવૃક્ષથી ૧૮ જાતનાં મનોજ્ઞ ભોજન મળે છે. ૮. 'મનોવેગા' વૃક્ષથી સુવર્ણ રત્નનાં આભૂષણો મળે છે. ૯. 'ગિહંગારા' વૃક્ષ ૪૨ માળના મહેલ જેવા થઈ જાય છે અને ૧૦. 'અણિયગારા' વૃક્ષથી ઉત્તમોત્તમ વસ્ત્રો પ્રાપ્ત થાય છે.

પહેલા આરાના પુરૂષોને ત્રણ ત્રણ દિવસ પછી આહારની ઈચ્છા થાય છે, ત્યારે શરીર પ્રમાણે + કલ્પવૃક્ષનાં ફળ તથા માટી વગેરેનો આહાર કરે છે. તે સમયમાં માટી પણ સાકર જેવી ગળી હોય છે.

× પહેલા આરામાં તુવેરના દાણા જેટલો, બીજામાં બોર જેટલો અને ત્રીજા આરામાં આંબળા જેટલો આહાર યુગલ મનુષ્ય કરે છે એમ ગ્રંથકાર કહે છે.

પ્રથમ આરાનાં સ્ત્રી પુરૂષના આયુષ્યના ૬ મહિના બાકી રહે છે, ત્યારે યુગલણી એક પુત્રપુત્રીના જોડાનો પ્રસવ કરે છે* તે બાળક, બાળિકાનું ૪૯ દિવસ સુધી પાલનપોષણ થયા બાદ પોતે હોશિયાર અને સ્વાવલંબી થઈ સુખોપભોગનો અનુભવ કરતાં વિચરે છે. તેમનાં માતાપિતા એક ને છીંક આવતાં જ અને બીજાને બગાસું આવતાં જ મૃત્યુ પામી દેવગતિમાં × જાય છે. ક્ષેત્રાધિષ્ઠિત દેવ તે યુગલના મૃતક શરીરને ક્ષીર સમુદ્રમાં ફેંકી દે છે.

૨. આ પ્રમાણે પ્રથમ આરાની પૂર્ણતા થતાં જ ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમનો 'સુખમ '(કેવલ સુખ)' નામક બીજા આરાનો આરંભ થાય છે. તેવખતે પહેલાં કરતાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની ઉત્તમતામાં અનંતગણી હીનતા થાય છે. આયુષ્ય પણ અનુક્રમે ઘટતાં ઘટતાં ૨ પલ્યોપમનું અને દેહપ્રમાણ બે ગાઉનું થઈ જાય છે. પાંસળીઓ પણ ૧૨૮ રહી જાય છે. આહારની ૨–૨ દિવસે ઈચ્છા થયા કરે છે, ત્યારે ફળફૂલ કે માટી વગેરેનો આહાર લે છે. અને માટીનો સ્વાદ ખાંડ જેવો જ રહી જાય છે. મૃત્યુને ૬ માસ બાકી રહે છે ત્યારે યુગલણી એક પુત્રપુત્રીને પ્રસવે છે. ૬૪ દિવસ સુધી તેમની પ્રતિપાલના થયા બાદ તેઓ સ્વાવલંબી થઈ સુખોપભોગ કરતાં વિચરે છે. બાકી બધું પહેલા આરા માફક જાણવું.

૩. એમ બીજો આરો પૂર્ણ થતાં જ બે ક્રોડાક્રોડી સાગરોપમનો ત્રીજો 'સુખમ દુઃખમ' (સુખ ઘણું, દુઃખ થોડું) નામનો આરો શરૂ થાય છે ત્યારે પહેલાંથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેની ઉત્તમતામાં અનંતગણી ન્યૂનતા થાય છે. અનુક્રમે ઘટતાં ઘટતાં દેહપ્રમાણ એક ગાઉનું અને આયુષ્ય એક પલ્યોપમનું રહી જાય છે. ૬૪ પાંસળીઓ

---

* જ્યારે યુગલના આયુષ્યના ૧૫ માસ બાકી રહે છે ત્યારે યુગલણી ઋતુને પ્રાપ્ત કરે છે. ત્યારે યુગલને વેદ મોહનીય કર્મોદય તીવ્ર હોવાથી તેઓને સંબંધ થાય છે. અને સ્ત્રી ગર્ભધારણ કરે છે.

× યુગલનું જેટલું આયુષ્ય મનુષ્ય ગતિમાં હોય છે તેટલું અથવા એથી થોડુંક ઓછું આયુષ્ય દેવગતિમાં પામે છે.

રહે છે. એક દિવસના અંતરે આહારની ઇચ્છા થાય છે ત્યારે તે જ પ્રમાણે આહાર કરે છે. પૃથ્વીનો સ્વાદ ગોળ જેવો રહી જાય છે. મરવાના ૬ માસ પહેલાં યુગલણી પુત્રપુત્રીના જોડાને જન્મ આપે છે. જેમનું ૭૯ દિવસ સુધી પાલન થયા બાદ તેઓ પોતે સ્વાવલંબી બની સુખપૂર્વક વિચરે છે. બાકી બધું પહેલા આરા જેમ જાણવું. આ ત્રણે આરાનાં તિર્યંચ પંચેન્દ્રિયો પણ યુગલિયા જ હોય છે.

ત્રીજા આરાના ત્રણ વિભાગમાંથી પહેલા બે વિભાગમાં જ ઉપર મુજબરચનારહેછે.જ્યારે ૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬,૬૬ (છાસઠ લાખ ક્રોડ છાસઠ હજાર ક્રોડ છાંસઠ સો ક્રોડ, છાસઠ ક્રોડ, છાસઠ લાખ, છાસઠ હજાર, છાસઠ સો છાસઠ) સાગરોપમ ત્રીજા આરાના વ્યતીત થઈ જાય છે ત્યારે કાળ સ્વભાવના પ્રભાવે કલ્પવૃક્ષોથી જોઈતી બધી વસ્તુઓની પ્રાપ્તિ ન થવાથી તે યુગલ મનુષ્યોમાં પરસ્પર વાદવિવાદ અને કલેશ શરૂ થાય છે, જાણે તેને શાંત કરવા જ અનુક્રમથી ૧૫ કુલકરો–(વિદ્ધદ્ધર–પ્રતાપી પુરુષો) મનુષ્યોની ઉત્પત્તિ થાય છે×

પ્રથમના પાંચ કુલકરો સુધી 'હકાર' દંડ, પછીના પાંચ કુલકરો સુધી 'મકાર' દંડ અને બાકીના પાંચ કુલકરો સુધી 'ધિક્કાર' દંડની નીતિ ચાલે છે. અર્થાત્ જુગલિયાં પરસ્પર લડે ત્યારે "હુ" "મા" "ધિક્ક" શબ્દો કહેવાથી તેઓ શરમાઇ શાંત થઇ જાય છે. અહીં સુધી તો અસિ (નોકરી કરી), મસિ (વ્યાપાર કરી), કૃષિ (ખેતી

× પહેલા કુલકરનું આયુષ્ય એક પલ્યોપમના ૧૦ મા ભાગનું, બીજાનું એક પલ્યોપમના ૧૦૦મા ભાગનું, ત્રીજાનું પલ્યોપમના હજારમા ભાગનું, ચોથાનું ૧૦ હજારમા ભાગનું, પાંચમાનું લાખમાં ભાગનું, છઠ્ઠાનું ૧૦ લાખમા ભાગનું, સાતમાનું કરોડમા ભાગનું, આઠમાનું ૧૦ કરોડમા ભાગનું, નવમાનું ૧૦૦ કરોડમા ભાગનું ૧૦ માનું હજાર કરોડમા ભાગનું, ૧૧ માનું ૧૦ હજાર કરોડમા ભાગનું, ૧૨ માનું એક લાખ કરોડમા ભાગનું ૧૩ માનું ૧૦ લાખ કરોડમા ભાગનું ૧૪ માનું ક્રોડાક્રોડમા ભાગનું, અને ૧૫માનું ૮૪ લાખપૂર્વનું આયુષ્ય હોય છે, એમ પદ્મપુરાણ દિગમ્બરના ગ્રંથમાં લખ્યું છે.

કરીને) આજીવિકા કરવાની જરૂર ન હોવાથી આ અકર્મ ભૂમિ કહેવાય છે અને જોડારૂપે ઉત્પન્ન થવાથી અને જોડારૂપે રહેવાથી આ 'જુગલિયા કહેવાય છે.

પછી ત્રીજા આરાના જ્યારે ૮૪ લાખ પૂર્વ ૩ વર્ષ અને ૮॥ માસ બાકી રહે છે ત્યારે પહેલાં અયોધ્યા નગરના સ્થાને ૧૫ મા કુલકરથી પહેલા તીર્થંકર ઉત્પન્ન થાય છે. કાળના પ્રભાવે જ્યારે કલ્પવૃક્ષોથી કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ થતી નથી ત્યારે ક્ષુધાથી પીડિત મનુષ્યને વ્યાકુળ થતાં જોઈ કોઈ તીર્થંકર ભગવાન તેમના ઉપર દયા લાવી સ્વભાવથી ઉત્પન્ન થયેલાં ૨૪ પ્રકારનાં ધાન્ય મેવા વગેરે તે મનુષ્યોને બતાવે છે.

કાચું ધાન ખાવાથી તેમનું પેટ દુઃખે છે એમ જાણીને અરણી કાષ્ઠથી અગ્નિ ઉત્પન્ન કરી તેમાં શેકવાનું કહે છે. ભોળાં મનુષ્યો અગ્નિથી ધાન્ય બળતું જોઈને કહે છે કે તેનું જ પેટ નથી ભરાતું તો તે અમને શું આપશે ? ત્યારે તીર્થંકર પહેલાં કુંભારની સ્થાપના કરી વાસણ બનાવતાં શીખવે છે. પછી ૪ કુલ **A** અને ૧૮ શ્રેણી**B** અને ૧૮ પ્રશ્રેણી C એમ ૩૬ જાતિઓ સ્થપાય છે. પુરુષની ૭૨ કલા **D** ૧૮

A. ચાર કુળ—૧. કોટવાલ ન્યાયાધીશ વગેરેનું 'ઉગ્રકુળ' ૨. 'ગુરૂસ્થાની ઉચ્ચ પુરૂષોનું' ભોગ કુળ ૩. મંત્રીઓનું રાજકુળ ૪. પ્રજાનું ક્ષત્રિય કુળ.

B. C. ક્ષત્રિય કુળની ૧૮ શ્રેણી અને ૧૮ પ્રશ્રેણી એમ ૩૬ જાતિઃ—

૧. કુંભકાર (કુંભાર) ૨. માળી ૩ ખેડુત ૪. વણાટકામ કરનાર ૫ ચિત્રકાર ૬. ચૂડીગર ૭. દરજી ૮. વેપારી ૯. તંબોલી ૧૦ ખત્રી ૧૧. ગોવાળીઆ ૧૨. સુથાર ૧૩. તેલી ઘાંચી ૧૪. ધોબી ૧૫. કંદોઈ ૧૬. હજામ ૧૭. કહાર ૧૮. ભંધાર ૧૯. સીસગર ૨૦ સંગૃહી ૨૧ કાછી ૨૨. કુંદીગર ૨૩. કાગદી ૨૪ રબારી ૨૫ ઠઠેરી ૨૬. પટેલ ૨૭. કડિયા ૨૮. ભાડભુંજા ૨૯. સોની ૩૦. ચમાર ૩૧. ચુનારા ૩૨. માછી ૩૩. મિરા ૩૪ સિકલીગર ૩૫. કંસારા ૩૬. વાણિયા.

D. પુરૂષની ૭૨ કલા— ૧. લેખન ૨. ગણિત ૩. રૂપ બદલવાં ૪ નૃત્ય (નાચ) ૫. સંગીત ૬. તાલ ૭. વાજિંત્ર ૮. બંસરી ૯. નરલક્ષણ ૧૦. નારીલક્ષણ ૧૧. ગજલક્ષણ ૧૨. અશ્વલક્ષણ ૧૩. દંડ લક્ષણ ૧૪. રત્નપરીક્ષા ૧૫. ધાતુર્વાદ ૧૬, મંત્રવાદ ૧૭. કવિત્વ ૧૮. તર્કશાસ્ત્ર ૧૯. નીતિશાસ્ત્ર ૨૦. ધર્મશાસ્ત્ર ૨૧. જ્યોતિષશાસ્ત્ર ૨૨. વૈદકશાસ્ત્ર ૨૩. ષટભાષા ૨૪. યોગાભ્યાસ ૨૫ રસાયન.

લિપિ, E, સ્ત્રીની ૬૪ કલા F ૬૪ વિદ્યા G વગેરે બતાવે છે. પછી જિતાચાર મુજબ સ્વર્ગથી ઇન્દ્ર આવીને ઘણા આડંબરપૂર્વક તે તીર્થંકરનો રાજ્યાભિષેક કરી રાજા બનાવે છે. લગ્નોત્સવ પ્રસંગે પાણિગ્રહણ કરાવે છે. જેમ જેમ કુટુંબ વૃદ્ધિ થાય છે તેમ તેમ ગ્રામ-નગરાદિની વૃદ્ધિ થતી જાય છે. એમ ભરતક્ષેત્રની પણ આબાદી થતી જાય છે. પછી તીર્થંકર રાજ્યઋદ્ધિ-સિદ્ધિનો ત્યાગ કરી સંયમ લઇ, તપશ્ચર્યા કરી, ૪ ઘનઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી ૪ તીર્થની સ્થાપના કરે છે. ધર્મની વૃદ્ધિ કરી આયુષ્ય પૂર્ણ કરી મોક્ષે જાય છે.

---

૨૬. અંજન ૨૭. સ્વપ્નશાસ્ત્ર ૨૮. ઇન્દ્ર જાલ ૨૯. ખેતીવાડી-કાર્ય ૩૦. વસ્ત્ર વિધિ ૩૧. જુગાર ૩૨. વ્યાપાર ૩૩. રાજસેવા ૩૪ શકુનવિચાર ૩૫. વાયુ સ્થંભન ૩૬. અગ્નિ સ્થંભન ૩૭. મેઘ વૃષ્ટિ ૩૮. વિલેપન ૩૯. મર્દન ૪૦. ઉર્ધ્વ ગમન ૪૧. સુવર્ણ સિદ્ધિ ૪૨. રૂપસિદ્ધિ ૪૩ ઘટબંધન ૪૪. પત્રછેદન ૪૫. મર્મછેદન ૪૬, લોકાચાર ૪૭ લોકરંજન ૪૮ ફળ આકર્ષણ ૪૯. અફલાફલન (ફળ ન લાગે ત્યાં બતાવી દેવા) ૫૦. ધારબંધન ૫૧. ચિત્રકલા ૫૨. ગ્રામ વસાવવું ૫૩. મલ્લયુદ્ધ ૫૪, રથયુદ્ધ ૫૫. ગરુડયુદ્ધ ૫૬. દૃષ્ટિયુદ્ધ ૫૭. વાગ્યુદ્ધ ૫૮. મુષ્ટિયુદ્ધ ૫૯. બાહુયુદ્ધ ૬૦. દંડયુદ્ધ ૬૧. શસ્ત્રયુદ્ધ ૬૨. સર્પ મોહન ૬૩. વ્યંતર મર્દન ૬૪. મંત્રવિધિ ૬૫. તંત્રવિધિ ૬૬. યંત્રવિધિ ૬૭. રૌપ્ય-પાકવિધિ ૬૮. સુવર્ણપાકવિધિ ૬૯. બંધન ૭૦. મારન (મારી નાંખવા બેભાન કરવાની વિધિ) ૭૧. સ્થંભન (સ્થંભન કરી દેવા) ૭૨. સંજીવન ચેતના પેદા કરવી.

E લિપિ ૧૮ પ્રકારની :— ૧. હંસલિપિ ૨. ભૂતલિપિ ૩. યક્ષલિપિ ૪. રાક્ષસલિપિ ૫ યવની લિપિ ૬. તુરકી લિપિ ૭. કિરલી લિપિ ૮ દ્રાવિડી લિપિ ૯. સૈંધવી લિપિ ૧૦. માલવી લિપિ ૧૧. કન્નડી લિપિ ૧૨. નાગરી લિપિ ૧૩. લાટી લિપિ ૧૪. ફારસી લિપિ ૧૫ અનિમિસી લિપિ ૧૬. ચાણકી લિપિ ૧૭. મૂલદેવ લિપિ ૧૮. ઉડ્ડી લિપિ. અત્યારે તે લિપિઓ દેશભેદે અનેક જાતની બની ગઈ છે. જેમકે માધવી, લટી, ચોડી, ડાહલી, તેલંગી, ગુજરાતી, સોરઠી, મરાઠી, કોંકણી, ખુરસાણી, સિંહલી, હારી, કીરી, હમ્મીરી, મસ્સી, માલવી, મહાયોત્રિ વગેરે વગેરે.

પુરૂષની ૭૨ કળા અને ૧૮ પ્રકારની લિપિ માટે વધારે જાણવું હોય, તો જુઓ શ્રી "સમવાયાંગ" સૂત્રનો ૭૨ મો અને ૧૮ મો બોલ.

F. સ્ત્રીની ૬૪ કલા :— ૧. નૃત્ય ૨. ચિત્ર ૩. ઔચિત્ય ૪. વાદિત્ર ૫. મંત્ર ૬. જંત્ર ૭. જ્ઞાન ૮. વિજ્ઞાન ૯. દંભ ૧૦. જલ-સ્થંભન

ત્રીજા આરામાં એ જ અરસામાં ઉત્તમ રાજકુલમાં તીર્થંકર સમાન પણ કંઈક મંદ ૧૪ સ્વપ્ન પોતાનાં માતુશ્રીને આપી ચક્રવર્તી મહારાજ જન્મ ધારણ કરે છે. એમનું દેહમાન પણ ૫૦૦ ધનુષ્યનું અને આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હોય છે. ૪૦ લાખ અષ્ટાપદના બલના ધારક હોય છે. યુવાવસ્થા પ્રાપ્ત થતાં, પહેલાં તો માંડલિક રાજા થાય પછી ૧૩ તેલા કરી ભરતક્ષેત્રના છએ ખંડના એકછત્ર રાજ્યકર્તા ચક્રવર્તી થઈ જાય છે.

---

૧૧. ગીતગાન ૧૨. તાલમાન ૧૩. મેઘવૃષ્ટિ ૧૪. ફલાવૃષ્ટિ ૧૫. આકારગોપન (રૂપ સંતાડવું) ૧૬. ધર્મ વિચાર ૧૭ ધર્મ નીતિ ૧૮ શકુનવિચાર ૧૯. ક્રિયાકલ્પ ૨૦. આરામ રોપણ ૨૧. સંસ્કૃત જલ્પ ૨૨ પ્રસાદનીતિ ૨૩. સુવર્ણ વૃદ્ધિ ૨૪. સુગંધી તેલ કરવું ૨૫. લીલા (મયા) રચવી ૨૬ હાથી ઘોડાની પરીક્ષા ૨૭. સ્ત્રી-પુરૂષનાં લક્ષણનું જ્ઞાન ૨૮. કામ ક્રિયા ૨૯. લિપિછેદન ૩૦. તાત્કાલિક બુદ્ધિ ૩૧. વસ્તુ સિદ્ધિ ૩૨. વૈદક ક્રિયા ૩૩. સુવર્ણરત્નશુદ્ધિ ૩૪. કુંભભ્રમ ૩૫. સારી શ્રમ ૩૬. અંજન યોગ ૩૭. ચુર્ણ યોગ ૩૮. હસ્તપટુતા ૩૯. વચનપટુતા ૪૦. ભોજનવિધિ ૪૧. વાણિજ્યવિધિ ૪૨. કાવ્યશક્તિ ૪૩ વ્યાકરણ ૪૪. શાલીખંડન ૪૫. મુખમંડન ૪૬. કથાકથન ૪૭. ફૂલમાલાગુંથન ૪૮. શૃંગાર સજવા ૪૯ સર્વ ભાષા જ્ઞાન ૫૦. અભિધાન જ્ઞાન ૫૧. આભરણ વિધિ ૫૨. ભૃત્ય ઉપચાર ૫૩. ગૃહાચાર ૫૪ સચય કરવું ૫૫. નિરાકરણ ૫૬ ધાન્ય રાંધવું ૫૭. કેશગુંથન ૫૮. વીણાનાદ ૫૯. વિતંડાવાદ ૬૦. અંક વિચાર ૬૧ સત્યસાધન ૬૨. લોકવ્યવહાર ૬૩. અંત્યક્ષરી ૬૪. પ્રશ્ન પહેલી.

લોકોત્તર ૧૪. વિદ્યા—૧ ગણિતાનુયોગ ૨. કરણાનુયોગ ૩. ચરણાનુયોગ ૪ દ્રવ્યાનુયોગ. ૫. શિક્ષાકલ્પ ૬. વ્યાકરણ ૭ છંદવિદ્યા ૮. અલંકાર ૯. જ્યોતિષ ૧૦. નિર્યુક્તિ ૧૧. ઇતિહાસ ૧૨ શાસ્ત્ર ૧૩. મીમાંસા અને ૧૪ ન્યાય

— લૌકિક ૧૪ વિદ્યા—૧ બ્રહ્મ ૨. ચાતુરી ૩. બલ ૪. વાહન ૫. દેશના ૬. બાહુ ૭. જલતરણ ૮ રસાયન ૯ ગાયન ૧૦. વાદ્ય ૧૧. વ્યાકરણ ૧૨. વેદ ૧૩. જ્યોતિષ ૧૪. વૈદિક.

ઉપરના ૪ કુળ, ૩૭ જાતિ (કોમ), ૭૨ તથા ૬૪ કલા, ૧૮. લિપિ, ૧૪. વિદ્યા અનાદિ કાળથી ચાલી આવે છે. અને અનંતકાળ સુધી એવીજ રહેશે. પરંતુ કાળપ્રભાવથી ભરત ઐરવત ક્ષેત્રમાં લોપ થતી જાય છે. મહાવિદેહ ક્ષેત્રમાં તો સદા બની રહે છે.

ચક્રવર્તી મહારાજની રિદ્ધિ

સાત એકેન્દ્રિય (પૃથ્વીકાય) રત્ન—૧. ચક્રરત્ન—સેનાની આગળ આગળ આકાશમાં ગડગડાટ શબ્દ કરતું ચાલે છે. છ ખંડ જીતવાનો રસ્તો બતાવે છે.

૨. 'છત્રરત્ન' સેના ઉપર ૧૨ યોજન લાંબું અને ૯ યોજન પહોળું છત્રરૂપ બની જાય છે. અને ઠંડી, તાપ, વાયુ વગેરેથી રક્ષા કરે છે.

૩. 'દંડરત્ન' વિષમ સ્થાનને સમ કરી રસ્તો સાફ સડક જેવો કરી દે છે. અને વૈતાઢય પર્વતની બન્ને ગુફાનાં દ્વાર ખુલ્લાં કરે છે. (આ ત્રણેય રત્ન ચાર ચાર હાથ લાંબાં હોય છે.)

૪. 'ખડ્ગરત્ન' ૫૦ આંગળ લાંબું, ૧૬ આંગળ પહોળું, અર્ધો આંગળ જાડું, અતિ તીક્ષ્ણ ધારવાળું હોય છે અને હજારો ગાઉ દૂર રહેતા શત્રુનું પણ માથું છેદી નાંખે છે. (આ ચારેય રત્ન આયુધ-શાળામાં ઉત્પન્ન થાય છે;

૫. 'મણિરત્ન' ચાર આંગળ લાંબું અને બે આંગળ પહોળું હોય છે. તેને ઊંચે મૂકવાથી ચંદ્રમાની જેમ ૧૨ યોજન પ્રકાશ કરે છે. અને હાથીના મસ્તકે બાંધવાથી સ્વારને કોઈ પણ પ્રકારની બીક રહેતી નથી.

૬. 'કાંગણીરત્ન' છએ બાજુથી ચાર ચાર આંગળ લાંબું પહોળું, સોનીની એરણ સમાન ૬ તળિયા, ૮ ખૂણા અને ૧૨ હાંસિયાવાળું અને વજનમાં ૮ સોનૈયા જેટલું ભારે હોય છે. એનાથી વૈતાઢય પર્વતની બન્ને ગુફાઓમાં એક એક યોજનના આંતરે ૫૦૦ ધનુષ્યનાં ગોળાકાર ૪૯ મંડળ કરે છે. તેનો ચંદ્રમા સમાન પ્રકાશ જ્યાં સુધી ચક્રવર્તી જીવતા રહે ત્યાં સુધી રહે છે.

૭. 'ચર્મરત્ન' બે હાથનું લાંબું હોય છે, ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી નાવ (હોડી) રૂપ થઈ જાય છે. તેમાં ચક્રવર્તીની સેના સ્વાર થઈ ગંગાસિંધુ જેવી મહા નદીઓથી પાર થઇ જાય છે. (આ ત્રણેય રત્નો લક્ષ્મીભંડારમાં ઉત્પન્ન થાય છે.)

સાત પંચેન્દ્રિય રત્ન–૧ સેનાપતિરત્ન-વચલા બન્ને ખંડો તો ચક્રવર્તી જીતે છે અને ચારે ખૂણાના ચારે ખંડ સેનાપતિ જીતે છે. વૈતાઢ્ય પર્વતની ગુફાનાં દ્વાર દંડ પ્રહારથી ખોલે છે અને મ્લેચ્છોનો પરાજય કરે છે.

૨. 'ગાથાપતિ', ચર્મરત્નને પૃથ્વીના આકારે બનાવી તેના ઉપર ૨૪ પ્રકારનું ધાન્ય અને બધી જાતના મેવા, મસાલા, શાકભાજી, વગેરે દિવસના પ્રથમ પહોરમાં વાવે છે. તે બીજા પહોરમાં પાકી જાય છે. અને ત્રીજા પહોરમાં તૈયાર કરી ચક્રવર્તીને ખવરાવી દે છે.

૩. 'બઢાઈ (સુથાર) રત્ન' મુહૂર્ત માત્રમાં ૧૨ યોજન લાંબા અને ૯ યોજન પહોળા, ૪૨ માળના મહેલો, પૌષધશાળા, રથશાળા, પાકશાળા, બજાર, વગેરે બધી સામગ્રીથી પરિપૂર્ણ નગર વસાવી દે છે. જેમાં માર્ગે જતા ચક્રવર્તી સપરિવાર નિવાસ કરે છે.

૪. 'પુરોહિતરત્ન' શુભ મુહૂર્ત બતાવે છે. હાથરેખા' વગેરે (સામુદ્રિક) વ્યંજન (તલ, મસ વગેરે) સ્વપ્ન, અંગનું ફરકવું, વિગેરેનાં ફળ કહે છે. શાંતિપાઠ કરે છે, જપ કરે છે. (આ ચારે રત્ન ચક્રવર્તીના નગરમાં હોય છે.)

૫. સ્ત્રીરત્ન–(શ્રીદેવી)–વૈતાઢ્ય પર્વતની ઉત્તરની શ્રેણીના માલિક વિદ્યાધરની પુત્રી હોય છે. મહારૂપવતી અને સદા કુમારિકા જેમ યુવતી રહે છે. એનું દેહમાન ચક્રવર્તીથી ચાર આંગળ ઓછું હોય છે. એ પુત્ર પ્રસવ કરતી નથી, પણ કોઇ વખતે મુક્તાફલ પ્રસવે છે.

૬. અશ્વરત્ન (કમળાપત્ર ઘોડો)—પૂંછડીથી મુખ સુધી ૧૦૮ આંગળ લાંબો, ખુરથી કાન સુધી ૮૦ આંગળ ઊંચો, ક્ષણભરમાં ધારેલા સ્થાને પહોંચાડનારો, ભરતમાં વિજય પ્રદાન કરનાર હોય છે.

૭. 'ગજરત્ન' (હાથી) ચક્રવર્તીથી બમણો ઊંચો હોય છે. મહા સૌભાગ્યશીલ, કાર્યદક્ષ અને અતિ સુંદર હોય છે. (આ ઘોડો અને હાથી બન્ને વૈતાઢ્ય પર્વતના મૂળમાં ઉત્પન્ન થાય છે. આ બધાં રત્નો ચક્રવર્તી મહારાજાનાં હોય છે.)

નવનિધિ—૧. 'નૈસર્ગનિધિ'થી ગ્રામાદિ વસાવવાની, સેનાનો પડાવ નાખવાની સામગ્રી અને વિધિ પ્રાપ્ત થાય છે.

૨. 'પંડૂકનિધિ'થી ધન અને ફળ વગેરે મળે છે.

૩. પિંગલનિધિ'થી મનુષ્ય—પશુનાં આભૂષણોની પ્રાપ્તિ થાય છે.

૪. સવ્વ 'રયણનિધિ'થી ચક્રવર્તીનાં ૧૪ રત્નો તથા સર્વ જાતનાં રત્ન, ઝવેરાતની પ્રાપ્તિ થાય છે.

૫. 'મહાપદ્મનિધિ'થી બધી જાતનાં વસ્ત્રોની તથા વસ્ત્રોને રંગવા-ધોવાની વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

૬. 'કાલનિધિ'થી અષ્ટાંગ નિમિત્તનાં ઈતિહાસનાં તથા કુંભકારાદિ કર્મના શિલ્પશાસ્ત્રની પ્રાપ્તિ થાય છે.

૭. 'મહાકાલનિધિ'થી સોનું વગેરે બધી જાતની ધાતુનાં વાસણો તથા રોકડા ધનની પ્રાપ્તિ થાય છે.

૮. 'માણવડ મહાનિધિ' થી બધી જાતનાં અસ્ત્રશસ્ત્ર વગેરેની પ્રાપ્તિ થાય છે.

૯. 'શંખનિધિ'થી ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં સાધન બતાવનાર શાસ્ત્રની તથા પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, સંકીર્ણ, ગદ્ય-પદ્યમય શાસ્ત્રોની તથા બધી જાતનાં વાજિંત્રોની પ્રાપ્તિ થાય છે. આ

૯ મહાનિધિ પેટીની જેમ ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી, ૮ યોજન ઊંચી, ૮ પૈડાંવાળી, જ્યાં સમુદ્રની સાથે ગંગા નદી મળી છે ત્યાં રહે છે. જ્યારે ચક્રવર્તી અઠમ તપ કરીને તેનું આરાધન કરે છે ત્યારે ત્યાંથી નીકળી ચક્રવર્તીના પગમાં નીચે આવીને રહે છે. એમાંથી દ્રવ્યમય વસ્તુ તો સાક્ષાત્ નીકળે છે અને કર્મરૂપ (કાર્ય કરવારૂપ) વસ્તુને બતાવતી વિધિઓનાં પુસ્તકો નીકળે છે, જેને વાંચીને ઈષ્ટ અર્થની સિદ્ધિ કરી શકાય છે. ચક્રવર્તીનું આયુષ્ય પૂર્ણ થયા બાદ બધાં સાધનો પોતપોતાને સ્થાને ચાલ્યાં જાય છે. (વધુ વિગત માટે જુઓ સ્થાનાંગ સૂત્ર ભાગ ૫, પાનું ૨૫૨)

એ ૧૪ રત્ન અને ૯ નિધિ માટે એક હજાર દેવતા નિયુક્ત હોય છે. તે દેવો જ આ બધું કાર્ય કરે છે.

ચક્રવર્તી મહારાજની રિદ્ધિ નીચે મુજબની હોય છે.

૨૦૦૦ બે હજાર આત્મરક્ષક દેવો.

૩૨૦૦૦ બત્રીસ હજાર દેશોના A બત્રીસ હજાર મુકુટબંધ રાજાઓ તેમના સેવક હોય છે.

૬૪૦૦૦ ચોસઠ હજાર રાણીઓ હોય છે. B.

A. પુરુષ ૨૮. સ્ત્રીઓ ૩૨, એમ ૬૦ મનુષ્યનું એક કુળ, એમ ૧૦૦૦૦ કુલનું એક ગામ, ૩૦૦૦૦ ગામનો એક દેશ હોય છે. ૫. અનાર્ય એક એક ખંડમાં એવા એવા ૫૩૩૬ દેશ છે અને મધ્યના આર્ય ખંડમાં ૫૩૨૦ દેશ હોય છે. એમ બધા મળી ૩૨૦૦૦ દેશોમાં ૩૧૯૭૪॥ દેશ તો અનાર્ય હોય છે. અને ફક્ત ૨૫॥ દેશ આર્ય હોય છે.

B. કેટલાએક ૧૯૨૦૦૦ સ્ત્રીઓ હોવાનું કહે છે અને એમ બતાવે છે કે એક રાજ્યકન્યા સાથે એક પ્રધાનની પુત્રી અને એક પુરોહિત પુત્રીની આવે છે. એ હિસાબે ૬૪૦૦૦ રાણીઓ હોય તો ૬૪૦૦૦×૩ = ૧૯૨૦૦૦ સ્ત્રીઓ થાય છે. "શ્રી જંબુદ્રીપ પ્રજ્ઞપ્તિ" સૂત્ર પાનું ૨૩૪ માં લખ્યું છે કે—ચક્રીને ૩૨૦૦૦ (બત્રીસ હજાર) ઋતુ કલ્યાણિકા અને ૩૨,૦૦૦ જનપદ કલ્યાણિકા હોય છે. જેનો સ્પર્શ ઉષ્ણ ઋતુમાં શીતલ લાગે અને શીત ઋતુમાં ઉષ્ણ લાગે અને છએ ઋતુમાં સુખદાયી હોય એવી ૩૨૦૦૦ સ્ત્રીઓ અને જે બધા દેશોની સ્ત્રીઓમાં અતિ ઉત્તમ હોય એવી બીજી ૩૨૦૦૦ સ્ત્રીઓ (પૂજ્યશ્રી અમોલખ ઋષિજી કૃત—અંતકૃત)

૮૪,૦૦૦૦૦ ચોરાશી લાખ હાથી, તેટલા જ ઘોડા, તેટલા જ રથ અને ૯૬,૦૦૦૦૦૦૦ છન્નું ક્રોડ પાયદળ લશ્કર,

૩૨,૦૦૦ બત્રીસ હજાર નૃત્યકાર,

૧૬,૦૦૦ સોળ હજાર રાજ્યધાની,

૧૬,૦૦૦ ,, દ્વીપ,

૯૯,૦૦૦ નવાણું હજાર દ્રોણમુખ

૯૬,૦૦,૦,૦૦૦ છન્નુ ક્રોડ ગ્રામ,

૪૯,૦૦૦ ઓગણપચાસ હજાર બાગ,

૧૪,૦૦૦ ચૌદ હજાર મહામંત્રી

૧૬,૦૦૦ સોળ ,, મલેચ્છ રાજા સેવક,

૧૬,૦૦૦ ,, ,, રત્નની ખાણ,

૨૦,૦૦૦ વીસ ,, સોના ચાંદીના ભંડાર,

૪૮,૦૦૦ અડતાલીસ હજાર પાટણ,

૩,૦૦,૦૦૦૦૦ ત્રણ ક્રોડ ગોકુળ, (દસ હજાર ગાયોનું એક ગોકુળ)

૩૬૦ રસોઇયા

૮૦૦૦ પંડિતો

૬૪૦૦૦ ચોસઠ હજાર બેતાલીસ માળના મહેલો

૪ કરોડ મણ અન્ન રોજ વપરાય,

૧૦ દસ લાખ મણ મીઠું રોજ વપરાય,

૭૨ બોતેર મણ હિંગ રોજ વપરાય, આ ઉપરાંત ઘણાં દાસદાસીઓ, અંગરક્ષકો, વૈદ્યો, વગેરે હોય છે.

આ આરામાં સાધુસાધ્વી, શ્રાવકશ્રાવિકા અને કેવળજ્ઞાની પણ હોય છે. અને નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ અને મોક્ષ એમ પાંચે ગતિમાં જનાર જીવો હોય છે.

૪ આ પ્રમાણે ત્રીજો આરો પૂર્ણ થતાં જ એક સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ઓછો 'દુઃખમ સુખમ' (દુઃખ ઘણું, સુખ થોડું) નામનો ચોથો આરો લાગે છે. ત્યારે પહેલાંની અપેક્ષાએ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, વગેરેના પુદ્‌ગળની અનંતગુણી ન્યૂનતા થતી જાય છે. અનુક્રમે ઘટતાં ઘટતાં દેહપ્રમાણ ૫૦૦ ધનુષ્યનું, આયુષ્ય એક ક્રોડ પૂર્વનું રહી જાય છે. દિવસમાં એક વખત ભોજનની ઇચ્છા થાય છે. અને ૬ સંઘયણ × ૬ સંસ્થાન તથા ૫ ગતિઓમાં જનારા મનુષ્ય હોય છે, ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી પછી ૯ વાસુદેવ, ૯ બલદેવ, ૯ પ્રતિવાસુદેવ પણ આ જ આરામાં થાય છે.

વાસુદેવ— પૂર્વ ભવમાં નિર્મળ તપસંયમનું પાલન કરી નિયાણું કરે છે અને ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી વચમાં એક ભવ સ્વર્ગ કે નરકનો કરીને ઉત્તમ કુળમાં માતાને ૭ ઉત્તમ સ્વપ્ન આવતાની સાથે જન્મ ગ્રહણ કરે છે. શુભ મુહુર્તમાં જન્મ ધારણ કરી યુવાવસ્થાને પ્રાપ્ત કરી રાજપદ ગ્રહણ કરે છે. વાસુદેવપદની પ્રાપ્તિના સમયે ૭ રત્ન ઉત્પન્ન થાય છે. ૧. સુદર્શન ચક્ર, ૨. અમોઘ તલવાર, ૩. કૌમુદીગદા ૪. પુષ્પમાલા ૫. ધનુષ્ય—અમોઘ બાણ (શક્તિ) ૬. કૌસ્થલ મણિ અને ૭. મહારથ. ૨૦,૦૦,૦૦૦ અષ્ટાપદનું બળ એમના શરીરમાં હોય છે. એમના પહેલા પ્રતિવાસુદેવ ઉત્પન્ન થાય છે. તે દક્ષિણાર્ધ ભરતના ત્રણ ખંડનું રાજ્ય કરે છે. પછી વાસુદેવ તેને મારીને તેના રાજ્યના અધિકારી બને છે. અર્થાત્ એમનું ત્રણ ખંડમાં એક છત્ર રાજ્ય હોય છે.

× ૧ વજ્રઋષભનારાચ સંહનન-જેનું શરીર-બંધારણ અટલે કે હાડકાં હાડકાંના સાંધાઓ અને ઉપરનું પડ વગેરે વજ્રનાં હોય છે ૨. ઋષભનારાચ સંહનન—જેનાં હાડકાં અને સંધિની ખીલીઓ તો વજ્રની હોય અને હાડકાંના ઉપરનું પડ સાધારણ હોય ૩. જેને કિલ્લિ (ખીલી) તો વજ્રની હોય અને હાડકાં તથા પડ સાધારણ હોય તે નારાચ સંહનન ૪ જેના હાડમાં ખીલી આરપાર ન ગયેલ હોય, અડધીજ બેસી હોય, તે અર્ધ નારાચ સંહનન ૫. જેને હાડકાંની સંધીમાં ખીલી ન હોય, ફક્ત પડ મજબુત હોય તે કીલિકા સંહનન અને ૬. જેનાં હાડ જુદા જુદા હોય, ચામડાથી બંધાયેલ હોય તેનું નામ સેવાર્ત સહનન. સંઘયણ—એટલે હાડકા, ઋષભ—બંધન. નારાચ એટલે સંધિ.

બળદેવ—દરેક વાસુદેવના મિત્ર, સહાયક અને મોટાભાઈને સ્થાને એકેક બળદેવ હોય છે. બાપ એક અને મા જુદી જુદી હોય છે ૬૩ શ્લાઘ્ય (શલાકા) પુરુષોમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રી, ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ. ગઈ ચોવીસીમાં નીચે મુજબ અનુક્રમે બળદેવ થયા છે.

૯ બળદેવ– ૧. અંચલ, ૨. વિજય, ૩. ભદ્ર. ૪. સુપ્રભ, ૫. સુદર્શન, ૬. આનંદ, ૭. નંદન, ૮. રામચંદ્ર, ૯. બળભદ્ર, બળદેવ–એ વાસુદેવના મરણ પછી દીક્ષા લઈ મોક્ષ અથવા દેવલોકે જાય.

૨૪ કામદેવ, ૧૧, રૂદ્ર, ૯ નારદ જે વર્તમાનકાળમાં થયા છે, તેમનાં નામો ❋

૨૪ કામદેવ–૧. બાહુબલ, ૨. અમૃતતેજ, ૩. શ્રીધર, ૪. દશાર્ણભદ્ર, ૫. પ્રસન્નચંદ્ર, ૬. ચંદ્રવર્ણ, ૭. અગ્નિયુક્તિ, ૮. સનત્ કુમાર ૯. શ્રી વચ્છરાજા, ૧૦. કંકપ્રભ, ૧૧. મેઘવર્ણ, ૧૨. શાન્તિનાથ, ૧૩. કુંથુનાથ, ૧૪. અરનાથ, ૧૫. વિજયરાજ, ૧૬. શ્રીચંદ્ર, ૧૭ નલરાજ, ૧૮. હનુમાન, ૧૯, બલીરાજ, ૨૦. વસુદેવ, ૨૧. પ્રદ્યુમ્ન, ૨૨. નાગકુમાર, ૨૩. શ્રીકુમાર, ૨૪. જંબુસ્વામી.

૧૧ રૂદ્ર–૧. ભીમ, ૨. જયતિસત્ય, ૩. રૂદ્રાય, ૪. વિશ્વાનલ, ૫. સુપ્રતિષ્ઠ, ૬. અચલ, ૭. પૌંડરિક, ૮. અખિતધર, ૯. અજિતનાભી, ૧૦. પીઠા અને ૧૧. સત્યકી.

૯ નારદ– ૧. ભીમ, ૨. મહાભીમ, ૩. રૂદ્ર, ૪. મહારૂદ્ર, ૫. કાળ, ૬, મહાકાળ, ૭. ચતુર્મુખ, ૮. નર્કવદન, ૯. કચ્છુલ.

ચોથા આરાનાં ૩ વર્ષ અને ૮॥ મહિના બાકી રહે છે ત્યારે ૨૪ મા તીર્થંકર મોક્ષે પધારે છે.

૫–ઉપર પ્રમાણે ચોથો આરો પૂર્ણ થતાં જ ૨૧૦૦૦ વર્ષનો “ દુઃખમ ” નામે પાંચમો આરો બેસે છે, ત્યારે પ્રથમની અપેક્ષાએ

❋ આ નામો દિગમ્બર મતના ‘ સુદષ્ટતરંગિણી ” નામના ગ્રંથમાં છે.

વર્ણાદિક પર્યાયોની અનંતગુણ હીનતા થાય છે. ક્રમથી ઘટતાં ઘટતાં ૧૨૫ વર્ષનું આયુષ્ય, ૭ હાથનું દેહમાન તથા ૧૬ પાંસળી રહે છે. દિવસમાં બે વખત આહારની ઇચ્છા ઊપજે છે.

પાંચમા આરામાં ૧૦ બોલનો અભાવ હોય છે. ૧. કેવળ જ્ઞાન × ૨. મનઃપર્યવજ્ઞાન, ૩. પરમઅવધિજ્ઞાન =, ૪. પરિહારવિશુદ્ધ ચારિત્ર, ૫. સૂક્ષ્મસંપરાય ચારિત્ર, ૬. યથાખ્યાત ચારિત્ર, ૭. પુલાક-લબ્ધિ, ૮. આહારક શરીર, ૯. ક્ષાયિક સમ્યક્ત્વ, ૧૦. જિનકલ્પી સાધુ, અને નીચેના ૩૦ બોલમાં ફેરફાર થઈ જાય છે.

૧. શહેર ગામડાં જેવાં થઈ જાય.
૨. ગામડાં સ્મશાન જેવાં બની જાય.
૩. સુકુલોત્પન્ન તે દાસદાસી થાય.
૪. રાજાઓ યમ જેવા ક્રૂર થઈ જાય.
૫. કુલીન સ્ત્રી દુરાચારિણી થાય.
૬. પિતાની આજ્ઞા પુત્ર ન પાળે.
૭. શિષ્ય ગુરુની નિંદા કરે.
૮. કુશીલ મનુષ્યો સુખી થાય.
૯. સુશીલ મનુષ્યો દુઃખી થાય.
૧૦. સાપ, વીંછી, ડાંસ, માંકડ, આદિ ક્ષુદ્ર જીવોની ઉત્પત્તિ અધિક થાય.
૧૧. દુષ્કાળ ઘણા પડે.
૧૨. બ્રાહ્મણ લોભી બને.
૧૩. હિંસાધર્મ પ્રવર્તકોની સંખ્યા વધે.
૧૪. એક મતમાંથી અનેક મતમતાંતર ચાલે.

× ચોથા આરામાં જન્મેલાને પાંચમા આરામાં કેવળજ્ઞાન ઊપજે, પણ પાંચમા આરામાં જન્મેલાને કેવળજ્ઞાન ઊપજે નહિ.

= સમ્પૂર્ણ લોક અને લોક જેવડા અસંખ્ય ખંડ અલોકમાં હોત તો તે પણ દેખવાની શક્તિ જેમાં હોય તે પરમ અવધિજ્ઞાન. આ જ્ઞાન પાંચમા આરામાં હોતું નથી.

૧૫. મિથ્યાત્વની વૃદ્ધિ થાય.

૧૬. દેવતાનાં દર્શન દુર્લભ થાય.

૧૭. વૈતાઢ્ય પર્વતના વિદ્યાધરોની વિદ્યાનો પ્રભાવ ઓછો થાય.

૧૮. દૂધ વગેરે સરસ વસ્તુઓનું સત્ત્વ ઘટી જાય.

૧૯. પશુઓ અલ્પાયુષી થાય.

૨૦. પાખંડીઓની પૂજા વધે.

૨૧. સાધુઓને ચાતુર્માસ કરવા જેવાં ક્ષેત્રો ઘટી જાય.

૨૨. સાધુઓની ૧૨ અને શ્રાવકોની ૧૧ પ્રતિમાના ધારક રહે નહિ.

૨૩. ગુરુ શિષ્યને ભણાવે નહિ.

૨૪. શિષ્ય અવિનીત અને કલેશી થાય,

૨૫. અધર્મી, કદાગ્રહી, ધૂર્ત, દગાબાજ, ટંટાખોર એવા મનુષ્યોનો વધારો હોય.

૨૬, ધર્માત્મા, સુશીલ, સરળ સ્વભાવવાળાં મનુષ્ય થોડા હોય.

૨૭. ઉત્સૂત્ર પ્રરૂપક, લોકોને ભ્રમમાં ફસાવનાર એવાં મનુષ્યો ધર્મીજન નામ ધરાવે.

૨૮. આચાર્યો અલગ અલગ સંપ્રદાય સ્થાપી આપસ્થાપના અને પર–ઉત્થાપના કરે.

૨૯. મ્લેચ્છ રાજા ઘણા થાય.

૩૦. લોકોનો ધર્મપ્રેમ ઘટતો જાય.

આ પ્રમાણે ક્રમશઃ હાનિ થતાં થતાં પાંચમા આરાના છેલ્લા દિવસે શક્રેન્દ્રનું આસન ચલાયમાન થાય છે. ત્યારે ઇન્દ્ર કહે છેઃ 'હે લોકો, કાલે છઠ્ઠો આરો બેસવાનો છે. માટે સાવધાન થાઓ. ધર્મકરણી કરવી હોય તે કરી લો". આ સાંભળીને ઉત્તમ ધર્માત્મા મનુષ્ય હશે તે મમત્વને ત્યાગી અનશનવ્રત (સંથારો) ધારણ કરી સમાધિસ્થ બનશે. પછી મહાસંવર્તક વાયરો વાશે. તેને લીધે વૈતાઢ્ય પર્વત, ઋષભકુટ, લવણ સમુદ્રની ખાડી, ગંગા અને સિંધુ નદી

એ પાંચ સિવાયના બધા પર્વત, કિલા, મહેલ, ઘર ફૂટી–તૂટીને જમીનદોસ્ત થઇ જશે×. પહેલે પહોરે જૈન ધર્મ વિચ્છેદ થશે, બીજે પહોરે ૩૬૩ પાખંડીના મત વિચ્છેદ થશે, ત્રીજે પહોરે રાજનીતિ અને ચોથે પહોરે બાદર અગ્નિકાય વિચ્છેદ થશે.

૬. ઉપર પ્રમાણે પાંચમો આરો પૂર્ણ થાય છે. અને ૨૧૦૦૦ વર્ષનો "દુઃખમ–દુઃખમ" નામનો છઠ્ઠો આરો બેસે છે. આ સમયે ભરતક્ષેત્રના અધિષ્ઠિત દેવ પાંચમો આરો નાશ પામતાં મનુષ્યોમાંથી બીજરૂપે કેટલાંક મનુષ્યોને ઉઠાવી ગંગાઅને સિંધુ નદીના બિલમાં મૂકી દે છે. વૈતાઢ્ય પર્વતથી ઉત્તર અને દક્ષિણે ગંગા અને સિંધુ નદીના સામસામા કિનારા પર આ બિલો છે. તેની કુલ સંખ્યા ૭૨ છે. અને એકેક બિલમાં ત્રણ ત્રણ માળ હોય છે. તેમાં મનુષ્યોને મૂકી આવે છે, પાંચમા આરાની અપેક્ષાએ છઠ્ઠા આરામાં વર્ણાદિ પુદગલ પર્યાયોની ઉત્તમતામાં અનંતગુણી હાનિ થાય છે. ક્રમશઃ ઘટતાં ઘટતાં ૨૦ વર્ષનું આયુષ્ય, ૧ હાથનું દેહમાન અને આઠ પાંસળી રહે છે. આહારની ઇચ્છા અમર્યાદિત હોય છે. ગમે તેટલું ખાય તો પણ તૃપ્તિ થતી નથી. છઠ્ઠા આરામાં દિવસનો તાપ અને રાત્રિની ઠંડી અતિ પ્રબલ હોવાથી મનુષ્યો બિલની બહાર નીકળી શકતાં નથી, પરંતુ સવાર સાંજ બે ઘડી બહાર નીકળે છે. ગંગા–સિંધુ નદી સર્પાકારે વાંકીચૂંકી ગતિએ વહેતી હોય છે. ગાડાના પૈડાંના બે ચીલા વચ્ચે અંતર રહે તેટલો પહોળો અને પૈડાની ધરી ડૂબે તેટલો ઊંડો એ નદીનો પ્રવાહ રહે છે. તેમાં મચ્છ, કચ્છ ઘણાં હોય છે. તેમને તે બિલવાસી મનુષ્યો પકડીને નદીની રેતીમાં દાટી દઇ બિલમાં નાસી જાય છે. તે મચ્છ–કચ્છ ઉગ્ર તાપ અને સખ્ત ઠંડીના યોગે બફાઈ જાય છે. પછી જ્યારે બીજી વાર તે મનુષ્યો બહાર આવે છે ત્યારે રેતીમાંથી તે મચ્છકચ્છ બહાર કાઢી લે છે, તેના ઉપર બધા એકસામટા તૂટી પડે છે, અને એકબીજા કનેથી ઝુંટવીને

× દિગમ્બર ગ્રંથોમાં અવસર્પિણીકાળ પલટતી વખતે સાત દિવસની વૃષ્ટિ થાય છે; તે વૃષ્ટિના નામ આ પ્રમાણે છે : ૧. પવન ૨, શીત, ૩. ક્ષારજળ, ૪. ઝેર, ૫. વજ્રાગ્નિ ૬. વાલુરજ અને, ધુમ્રવૃષ્ટિ

ખાઈ જાય છે, મૃતક મનુષ્યની ખોપરીમાં પાણી લાવીને પીએ છે. અને એ મચ્છાદિકનાં હાડ, ચામ, વગેરેનું ભક્ષણ કરીને જાનવરો જીવનનિર્વાહ કરે છે. છઠ્ઠા આરાના મનુષ્યો દીન, હીન, દુર્બળ, દુર્ગન્ધી, રોગીષ્ટ, નગ્ન, આચાર–વિચાર–રહિત અને માતા, બહેન, પુત્રી, આદિની સાથે ગમન કરવાવાળા હોય છે. છ વર્ષની સ્ત્રી છોકરાં જણે છે. કૂતરી કે ભૂંડણની પેઠે ઘણાં બાળકોને જન્મ આપનારી અને મહાકલેશી હોય છે. ધર્મ કે પુણ્યરહિત અને કેવળ દુઃખમાં જ આયુષ્ય પૂર્ણ કરી તેઓ નરક કે તિર્યંચ ગતિમાં ચાલ્યા જાય છે.

આ દસ ક્રોડાક્રોડ સાગરોપમ પ્રમાણ અવસર્પિણી કાળનું વર્ણન સમાપ્ત થયું.

ઉત્સર્પિણી કાળનું વર્ણન

૧. ઉત્સર્પિણી કાળનો "દુઃખમ દુખમ" નામનો ૨૧૦૦૦ વર્ષનો પહેલો આરો અષાઢ વદિ ૧ ના દિવસે બેસે છે. તે અવસર્પિણી કાળના છઠ્ઠા આરા સમાન જાણવો. ફરક એટલો કે, આ આરામાં પ્રતિસમય આયુષ્ય, દેહમાન આદિની ક્રમશઃ વૃદ્ધિ થતી જાય છે.

૨. પછી ઉત્સર્પિણી કાળનો "દુઃખમ" નામનો ૨૧૦૦૦ વર્ષનો, બીજો આરો, તે પણ અષાઢ વદિ ૧ ના દિવસે બેસે છે. ત્યારે ભરતક્ષેત્રમાં સર્વત્ર પાંચ પ્રકારની વૃષ્ટિ થાય છે.

૧. આકાશ મેઘથી આચ્છાદિત થઈ વીજળી અને ગર્જના સાથે 'પુષ્કર' નામનો વરસાદ સાત અહોરાત્રિ પર્યંત સતત વરસે છે, તેથી ધરતીની ઉષ્ણતા દૂર થાય છે.

૨. પછી "ક્ષીર" નામનો દૂધ જેવો વરસાદ સાત અહોરાત્રિ વરસે છે. તેથી સઘળી દુર્ગંધ દૂર થાય છે. પછી સાત દિવસ વરસાદ બંધ રહે છે. *

× વચ્ચે બે સપ્તાહ વૃષ્ટિ બંધ રહેવાનું લખ્યું છે તે ગ્રંથકાર કહે છે.

૩. ઘૃત નામનો ઘી જેવો વરસાદ સાત અહોરાત્રિ વરસે છે. તેથી પૃથ્વીમાં સ્નિગ્ધતા (ચીકણાઇ) આવે છે.

૪. પછી 'અમૃત' નામનો અમૃત જેવો વરસાદ સાત દિવસરાત વરસવાથી ૨૪ પ્રકારનાં ધાન્ય વગેરે સર્વ વનસ્પતિના અંકુરો જમીનમાંથી ઊગી નીકળે છે. પછી ૭ દિવસ વરસાદ બંધ રહે છે.

૫. 'રસ' નામનો શેરડીના રસ જેવો ※ વરસાદ ૭ અહોરાત્રિ વરસે છે. આથી ઉક્ત વનસ્પતિમાં પાંચે રસની ઉત્પત્તિ થવા પામે છે. તે વખતે તે બિલવાસી મનુષ્યો લીલાલહેર દેખી આશ્ચર્યચકિત થઈ બહાર આવે છે. પાંદડાંના હાલવાથી પુનઃ ડરીને બિલમાં પેસી જાય છે. અંદર દુર્ગંધથી ગભરાઈને વળી બહાર આવે છે. પછી નીડર બની વૃક્ષોની પાસે આવે છે અને ફળફળાદિનો આહાર કરે છે. આ ખોરાક તેમને અતિ સ્વાદિષ્ટ લાગવાથી માંસાહારનો પરિત્યાગ કરે છે અને કેટલાંક મનુષ્યો મળીને એવો ઠરાવ કરે છે કે, 'હવે પછી જે માંસાહાર કરે તેનો પડછાયો પણ ન લેવો.' એ પ્રમાણે જાતિવિભાગ થઈ જાય છે. અને બધા રીતરિવાજ પાંચમા આરા (વર્તમાનકાળ) જેવા થઈ જાય છે.

૩. પછી 'દુઃખમ સુખમ' નામે ત્રીજો આરો બેસે છે. તે એક ક્રોડાક્રોડ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઊણો જાણવો, તે અવસર્પિણી કાળના ચોથા આરા સરખો જાણવો. આ આરો બેઠા પછી ૩ વર્ષ અને ૮॥ મહિના વીત્યા બાદ પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. આમ, પ્રથમ પ્રકરણમાં કહ્યા પ્રમાણેના આંતરે અનુક્રમે આ આરામાં ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ પ્રમુખ થાય છે. વર્ણાદિ શુભ પર્યાયોની દિનોદિન વૃદ્ધિ થતી રહે છે.

÷પાંચ સપ્તાહ વરસાદના અને બે સપ્તાહ ખુલ્લા મળી ૭ સપ્તાહના ૭×૭=૪૯ દિવસ અષાઢ વદિ ૧ થી ભાદરવા સુદિ ૫ સુધી થાય છે. વ્યવહારમાં તે દિવસે જ સંવત્સરનો આરંભ થતો હોવાથી અષાઢી પુર્ણિમા પછી ૪૯-૫૦ એ દિવસે સંવત્સરી મહાપર્વની આરાધના થાય છે. આપ્રમાણે સંવત્સરી પર્વ પણ અનાદિથી છે અને અનંતકાળ પર્યંત રહેશે.

૪. પછી 'સુખમ દુઃખમ' નામનો ચોથો આરો બે ક્રોડાક્રોડી સાગરોપમનો બેસે છે. તેના ૮૪ લાખ પૂર્વ ૩ વર્ષ અને ૮ાા મહિના થયા બાદ ચોવીસમા તીર્થંકર મોક્ષે પધારે છે અને બારમા ચક્રવર્તી આયુષ્ય પૂર્ણ કરે છે. ત્યારબાદ ક્રોડ પૂર્વ કાળ વીત્યે કલ્પવૃક્ષની ઉત્પત્તિ થવા માંડે છે. તેનાથી મનુષ્ય અને પશુઓની ઇચ્છા પૂર્ણ થાય છે ત્યારે તે લોકો બધા કામધંધા છોડી દે છે. જુગલિયાં ઉત્પન્ન થવા માંડે છે. બાદર અગ્નિ અને ધર્મ વિચ્છેદ જાય છે. આમ, ત્રીજા ભાગમાં સઘળાં અકર્મભૂમિયાં બની જાય છે. વર્ણાદિ શુભ પર્યાયોની વૃદ્ધિ થતી રહે છે.

૫. પછી 'સુખમ' નામનો પાંચમો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો બેસે છે. તેનું સઘળું વર્ણન અવસર્પિણી કાળના બીજા આરા સમાન જાણવું. વર્ણાદિ શુભ પર્યાયોની વૃદ્ધિ થતી રહે છે.

૬. પછી 'સુખમ સુખમ' નામનો છઠ્ઠો આરો ૪ કોડાકોડ સાગરનો બેસે છે. તે અવસર્પિણી કાળના પહેલા આરા જેવો જાણવો. વર્ણાદિ શુભ પર્યાયોની અનંતગુણ વૃદ્ધિ થતી રહે છે.

આમ, દસ કોડાકોડ સાગરોપમનો અવસર્પિણી કાળ પૂર્ણ થયા બાદ પુનઃ ઉત્સર્પિણી કાળ આવે છે. એમ વીસ કોડાકોડ સાગરોપમનું એક કાળચક્ર ભરત અને ઐરવત ક્ષેત્રમાં અનાદિ કાળથી ફરતું રહે છે અને અનંત કાળ પર્યંત ફરતું જ રહેશે. ઇતિ કાલચક્ર.

ગંગાકુંડથી પશ્ચિમમાં, સિંધુકુંડથી પુર્વમાં, ચુલ્લહિમવંત પર્વતના દક્ષિણના નિતમ્બ ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં ૮ યોજન ઊંચો, ૨ યોજન ઊંડો, મૂળમાં ૮ યોજન વચ્ચે ૬ યોજન ઉપર અને ૪ યોજન પહોળો ગોળાકાર ઋષભકૂટ નામે પર્વત છે. ચક્રવર્તી મહારાજ છ ખંડ સાધવા નીકળે છે ત્યારે આ ઋષભકૂટ પર પોતાનું નામ લખે છે.

જંબુદ્વીપની ઉત્તર દિશાનાં અપરાજિત નામના દ્વારની અંદર ભરત ક્ષેત્ર જેવું જ ઐરવત ક્ષેત્ર છે. તેની મધ્યમાં વહેતી નદીઓનાં નામ રક્તા અને રક્તવતી છે.

મેરુ પર્વતની દક્ષિણે ભરતક્ષેત્રની મર્યાદા કરનાર ચુલ્લહિમવંત નામે પર્વત છે. તે ૧૦૦ યોજન ઊંચો, ૨૫ યોજન જમીનમાં, ૨૪૯૩૨ યોજન લાંબો અને ૧૦૫૨૧ ૧૨/૧૯ યોજન પહોળો છે. તે પીળો સુવર્ણમય છે. તેની ઉપર ૧૧ કૂટ (ટેકરી) છે. તે પાંચસો પાંચસો યોજન ઊંચા છે. અને મધ્યમાં ૧૦૦૦ યોજન લાંબા, ૫૦૦ યોજન પહોળા અને ૧૦ યોજન ઊંડા છે. તેની ઉપર પદ્મદ્રહ નામે કુંડ છે. જેમાં રત્નમય કમળ છે. તેના પર શ્રીદેવી સપરિવાર રહે છે. આ પદ્મદ્રહમાંથી ૩ નદી નીકળી છે :—૧. ગંગા અને ૨. સિંધુ નદી ભરતક્ષેત્રમાં થઇ ચૌદ ચૌદ હજાર નદીના પરિવારથી પૂર્વ અને પશ્ચિમના લવણ સમુદ્રમાં જઈને મળી છે. ૩. રોહિતા નદી–ઉત્તરની તરફ હેમવય ક્ષેત્રમાં થઈ ૨૮૦૦૦ નદીઓના પરિવારથી પશ્ચિમના લવણ સમુદ્રમાં જઇને મળી છે.

મેરુ પર્વતની ઉતરમાં ઐરવત ક્ષેત્રની મર્યાદાનો કરનાર 'શિખરી' પર્વત છે, તે ચુલ્લહિમવંત સરખો જ જાણવો. તેના પર પદ્મદ્રહ જેવો જ "પુંડરિક" નામે દ્રહ છે. તેમાં રત્નમય કમળો પર લક્ષ્મીદેવી સપરિવાર રહે છે. આમાંથી પણ ત્રણ નદીઓ નીકળી છે. ૧. રક્તા અને ૨. રક્તવતી નદી ઉત્તર દિશાએ ઐરવત ક્ષેત્રમાં થઇ ચૌદ ચૌદ હજાર નદીઓના પરિવારથી પૂર્વ પશ્ચિમના લવણ સમુદ્રમાં જઇ મળી છે. અને ૩. 'સુવર્ણ કુલા' નદી દક્ષિણ તરફ હૈરણ્યવત ક્ષેત્રમાં થઈ ૨૮૦૦૦ નદીઓના પરિવારથી પૂર્વના લવણ સમુદ્રમાં જઇ મળી છે.

મેરુની દક્ષિણે ચુદ્લહિમવંત પર્વતની પાસે પુર્વ પશ્ચિમ ૩૭૬૭ ૧૬/૧૯ યોજન ઉત્તરના કિનારા તરફ લાંબુ ઉત્તર દક્ષિણ ૨૧૦૫ ૫/૧૯ યોજન પહોળું "હેમવય" ક્ષેત્ર છે. આમાં રહેનારાં યુગલિક મનુષ્યોનાં શરીર સોના જેવાં પીળાં ચમકે છે. અહીં સર્વદા ત્રીજા આરાના પ્રથમ ભાગ જેવી રચના રહે છે. આ ક્ષેત્રના મધ્યમાં 'રોહિતા અને 'રોહિતંસા' નદીની વચ્ચે ૧૦૦૦ યોજન ઊંચો અને ૧૦૦૦ યોજન પહોળો "શબ્દપાતિક" નામનો વૃત્ત (ગોળ) વૈતાઢ્ય પર્વત છે.

મેરુ પર્વતની ઉત્તરે શિખરી પર્વતની પાસે "હેમવય" ક્ષેત્ર જેવું જ હૈરણ્યવય ક્ષેત્ર છે. તેમાં રહેનારા યુગલિક મનુષ્યોનાં શરીર ચાંદી

જેવાં શ્વેત ચળકતાં હોય છે. તેની મધ્યમાં 'શબ્દપાતિક' વૈતાઢ્ય જેવો જ 'વિકટપાતિક' નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત છે.

મેરુની દક્ષિણે અને હૈમવય ક્ષેત્રની પાસે ઉત્તરમાં ૨૦૦ યોજન ઊંચો, ૫૦ યોજન જમીનમાં, પૂર્વ પશ્ચિમ ૫૩૯૩,$\frac{૬}{૧૯}$ યોજન લાંબો, ઉત્તર દક્ષિણ ૪૨૧૦$\frac{૧૦}{૧૯}$ યોજન પહોળો 'મહાહૈમવંત' પર્વત પીળા સુવર્ણનો છે. તે ઉપર પાંચસો પાંચસો યોજનના ઊંચા ૮ ફૂટ છે. અને તેની મધ્યમાં ૨૦૦૦ યોજન લાંબો, ૧૦૦૦ યોજન પહોળો અને ૧૦ યોજન ઊંડો મહાપદ્મ નામે દ્રહ છે. તેમાં રત્નમય કમળો પર 'હ્રીં' દેવી સપરિવાર રહે છે.

આ દ્રહમાંથી બે નદીઓ નીકળી છે: ૧. 'રોહિતંસા' નદી તે દક્ષિણ તરફ હેમવય ક્ષેત્રની મધ્યમાં થઇ ૨૮૦૦૦ નદીઓના પરિવાર સહિત પૂર્વના લવણ સમુદ્રમાં જઇ મળે છે, અને ૨. 'હરિકંતા' નદી તે ઉત્તર તરફ હરિવાસ ક્ષેત્રની મધ્યમાં થઈ ૫૬૦૦૦ નદીઓના પરિવારથી પશ્ચિમના લવણ સમુદ્રમાં મળે છે.

મેરુ પર્વતની ઉત્તરમાં 'હૈરણ્યવય' ક્ષેત્રની પાસે મહાહિમવંત પર્વતના જેવો જ 'રૂપી' પર્વત રૂપાનો છે. તેની મધ્યમાં 'મહાપદ્મદ્રહ'ના જેવો જ 'મહાપુંડરિક' દ્રહ છે. તેમાં રત્નમય કમળો પર 'બુદ્ધિ' દેવી સપરિવાર રહે છે. આમાંથી બે નદીઓ નીકળી છે. ૧. 'રૂપકળા' નદી ઉત્તર તરફ હૈરણ્યવંત ક્ષેત્રની મધ્યમાં થઈ ૨૮૦૦૦ નદીના પરિવારથી પશ્ચિમના લવણ સમુદ્રમાં મળી છે અને ૨. 'નરકંતા' નદી દક્ષિણ તરફ રમ્યકવાસ ક્ષેત્રની મધ્યમાં થઈ ૫૬૦૦૦ નદીના પરિવારથી પૂર્વના લવણ સમુદ્રમાં મળી છે.

મેરુ પર્વતની દક્ષિણ દિશામાં મહાહૈમવંત પર્વતની ઉત્તર તરફ પૂર્વ પશ્ચિમ ૭૩૯૧$\frac{૧૭}{૧૯}$ યોજન લાંબું અને ઉત્તર દક્ષિણ ૮૪૨૧$\frac{૧}{૧૯}$ યોજન પહોળું 'હરિવાસ' ક્ષેત્ર છે. એમાંનાં યુગલ મનુષ્યનાં શરીર પન્ના જેવાં લીલાં ચળકતાં હોય છે. અહીં સર્વદા બીજા આરાના જેવી રચના હોય છે. તેના મધ્યમાં 'વિકટપાતિક' વૃત્ત વૈતાઢ્ય પર્વત છે.'

મેરુની ઉત્તરમાં અને રૂપી પર્વતની દક્ષિણે 'હરિવાસ' ક્ષેત્ર જેવું જ 'રમ્યકવાસ' ક્ષેત્ર છે. અહીંના યુગલ મનુષ્યનાં શરીર ઘણાં રમણીય છે. આ ક્ષેત્રની મધ્યમાં 'ગંધપાતી' નામે વૃત્ત વૈતાઢ્ય પર્વત છે.

મેરુ પર્વતની દક્ષિણમાં અને હરિવાસ ક્ષેત્રની નજીક ઉત્તરમાં 'નિષધ' નામનો પર્વત માણેક જેવો લાલ સુવર્ણમય છે. તે ધરતીથી ૪૦૦ યોજન ઊંચો અને ૧૦૦ યોજન જમીનમાં છે. પૂર્વ પશ્ચિમ ૯૪૧૫૬ $\frac{2}{19}$ યોજન લાંબો અને ઉત્તર દક્ષિણ ૧૬૮૪૨ યોજન પહોળો છે. તેના ઉપર ૯ ફૂટ છે. તેની મધ્યમાં ૪૦૦૦ યોજન લાંબો, ૨૦૦૦ યોજન પહોળો અને ૧૦ યોજન ઊંડો 'તિગિચ્છ' નામે દ્રહ છે. તેની મધ્યમાં રત્નમય કમળો ઉપર 'ધૃતિ' દેવી સપરિવાર રહે છે.

આ દ્રહમાંથી બે નદીઓ નીકળી છે. ૧. 'હરિસલીલા' તે દક્ષિણ તરફ હરિવાસ ક્ષેત્રની મધ્યમાં થઈ ૫૬૦૦૦ નદીઓના પરિવારથી પૂર્વના લવણ સમુદ્રમાં મળે છે. અને ૨. 'સીતોદા' નદી ઉત્તર તરફ 'દેવકુરુ' ક્ષેત્રના ચિત્તવિચિત્ત પર્વતની મધ્યમાં થઇ ૧. નિષધ, ૨. દેવકુરુ, ૩. સૂર, ૪. સુલસ અને ૫. વિદ્યુત એ પાંચે*દ્રહના મધ્યમાં થઈ ભદ્રશાલ વનમાં થઇને મેરુ પર્વતથી ૯ યોજન દૂર વિદ્યુત્પ્રભ 'ગજદંત' પર્વતની નીચેથી પશ્ચિમ તરફ વળીને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રના બે ભાગ કરતી, એક એક વિજયમાંથી ૨૮૦૦૦ નદીઓને સાથે લઈ, સર્વ મળીને ૫,૩૨,૦૦૦ નદીઓના પરિવારથી પરિવૃત્ત થઇ પશ્ચિમના લવણ સમુદ્રમાં જઈ મળે છે.

નિષધ પર્વતની પાસે ઉત્તરમાં ૩૦૨૦૯ યોજન લાંબા, નિષધ પર્વતથી ૪૦૦ યોજન ઊંચા, ૫૦૦ યોજન પહોળા અને આગળ જતાં ક્રમશઃ ઊંચાઈમાં વૃદ્ધિ પામતા અને પહોળાઈમાં ઘટતા ઘટતા મેરુ પર્વ-

---

* આ એકેક દ્રહની પાસે દસ દસ પૂર્વમાં અને દસ દસ પશ્ચિમમાં એમ વીસ વીસ પર્વત છે. પાંચ દ્રહના સર્વ મળીને ૧૦૦ પર્વત દક્ષિણમાં અને ૧૦૦ પર્વત ઉત્તરમાં છે.

તેની પાસે ૫૦૦ યોજન ઊંચા અને અંગૂલના અસંખ્યાતમા ભાગ જેટલા પહોળા, હાથીદાંતના જેવા વાંકા એવા બે ગજદંતા છે. એક પૂર્વમાં રૂપા જેવો શ્વેત વર્ણનો સોમનસ અને બીજો, પશ્ચિમમાં તપ્ત સુવર્ણ જેવો રક્ત વર્ણનો વિદ્યુતપ્રભ નામે ગજદંત પર્વત છે. તે બન્ને પર્વત પર અલગ અલગ ૭ અને ૯ કૂટ છે.

મેરુ પર્વતની ઉત્તર દિશામાં અને રમ્યકવાસ ક્ષેત્રની પાસે દક્ષિણમાં નિષધ પર્વતના જેવડો જ નીલમ જેવા લીલા રંગનો "નીલવંત" નામે પર્વત છે. તેના ઉપર ૯ કૂટ છે. મધ્યમાં તિગિચ્છ દ્રહના જેવો જ "કેસરી દ્રહ" છે. તેમાં રત્નમય કમળો પર "કીર્તિદેવી" × સપરિવાર નિવાસ કરે છે.

આ દ્રહમાંથી બે નદીઓ નીકળી છે. ૧. 'નારીકંતા' નદી ઉત્તર તરફ રમ્યકવાસ ક્ષેત્રની મધ્યમાં થઈ ૫૬૦૦૦ નદીઓના પરિવારથી પશ્ચિમ દિશાના લવણ સમુદ્રમાં જઈ મળે છે અને ૨. સીતા નદી દક્ષિણ તરફ ઉત્તરકુરુ ક્ષેત્ર તથા ઝમક સમક પર્વતની મધ્યમાં થઇને તેમજ ૧. નીલવંત ૨. ઉત્તરકુરુ. ૩. ચંદ્ર, ૪. ઐરવત અને ૫. માલ્યવંત એ પાંચ દ્રહોની મધ્યમાંથી પસાર થઈ, ભદ્રશાલ વનમાં મધ્યમાં વહેતી મેરુથી બે યોજન દૂર માલ્યવંત ગજદંતની નીચે થઇ, પૂર્વ દિશા તરફ વળી મહાવિદેહ ક્ષેત્રના બે વિભાગ કરતી પૂર્વોક્ત પ્રકારે ૫,૩૨,૦૦૦ નદીઓના પરિવારથી પરિવૃત્ત થઇ પૂર્વ દિશાના સમુદ્રમાં જઈ મળે છે.

× દ્રહની મધ્યમાં કમળ પર રહેનારી ભુવનપતિ જાતિની દેવીઓ ૧ પલ્યોપમના આયુષ્યવાળી હોય છે. તેના ૪૦૦૦ સામાનિક દેવ, ૧૬૦૦૦ આત્મરક્ષક દેવ, ૮૦૦૦ અભ્યંતર પરિષદના દેવ છે, ૧૦૦૦૦ મધ્ય પરિષદના દેવ છે. ૧૨૦૦૦ બાહિર પરિષદના દેવ છે. સાત અણિકાના નાયક દેવ છે. ૪ મહત્તરી દેવી અને ૧;૨૦.૦૦૦૦૦ આભિયોગિક દેવ છે. આ બધાને રહેવાને માટે અલગ અલગ રત્નમય કમળો છે, અને ૧૦૮ ભૂષણ ધારણ કરવાનાં કમળો છે. એમ સર્વ મળી ૧૨૦,૫૦,૧૨૦ કમળ જેના ઉપર રત્નમય ભુવન છે. તેમાં દેવદેવીઓ રહે છે.

ઉક્ત નીલવંત પર્વતની પણ દક્ષિણમાં આગળ કહ્યા તેવા બે ગજદંતા છે. તેનાં નામ : ૧. પૂર્વમાં પન્નાના જેવો લીલા વર્ણનો 'માલ્યવંત' અને પશ્ચિમમાં સોના જેવા પીળા વર્ણનો 'ગંધમાદન' નામે, એમ બે ગજદંત પર્વત છે.

મેરુ પર્વતની દક્ષિણે અને નિષધ પર્વત નજીક ઉત્તરે વિદ્યુતપ્રભ અને સોમનસ એ બે ગજદંતા પર્વતની મધ્યમાં ૧૧૮૪૨ ૨/૧૯ યોજન પહોળું અને ૫૩૦૦૦ યોજન લાંબું અર્ધ ચંદ્રાકાર દેવકુરુ નામે ક્ષેત્ર છે. આમાં સર્વદા પહેલા આરા જેવી રચના રહે છે. દેવકુરૂ ક્ષેત્રમાં ૮॥ યોજન ઊંચું રત્નમય 'શાલ્મલી' નામે વૃક્ષ છે, તેમાં મહારિદ્ધિનો ધારક 'ગરુલ' નામનો દેવ રહે છે.

મેરુ પર્વતની ઉત્તરમાં અને નીલવંત પર્વત નજીક દક્ષિણમાં બન્ને ગજદંતા પર્વતની વચ્ચે દેવકુરૂ ક્ષેત્રના જેવું જ 'ઉત્તરકુરૂ' ક્ષેત્ર છે. ત્યાં શાલ્મલી વૃક્ષના જેવું જ 'જમ્બુ' નામે વૃક્ષ છે. ＊ તે ઉપર જંબુદ્વીપનો માલિક મહાઋદ્ધિધારક અષાઢી નામનો દેવ રહે છે.

મહાવિદેહ ક્ષેત્રનું વર્ણન

મેરુ પર્વતથી પૂર્વ અને પશ્ચિમમાં મેરુ, ભદ્રશાલ વન અને વિજય એ બધાંને સાથે ગણતા ૧૦૦૦૦૦ યોજન લાંબું, ઉત્તર દક્ષિણમાં નિષધ અને નીલવંત પર્વતની મધ્યમાં ૩૩૬૮૪ ૪/૧૯ યોજન પહોળું મહાવિદેહ ક્ષેત્ર છે. આમાં પૂર્વોક્ત ચોથા આરા જેવી રચના સદૈવ હોય છે.

× મેરૂ પર્વતથી દક્ષિણ અને ઉત્તરના એક લાખ યોજનનો હિસાબ :—

ક્ષેત્ર	યોજન	ક્ષેત્ર	યોજન
મેરૂ પર્વત	૧૦૦૦૦૦	રૂપીપર્વત	૪૨૧૦ ૧૦/૧૯
દેવકુરૂ ક્ષેત્ર	૧૧૮૪૨ ૨/૧૯	હેમવય ક્ષેત્ર	૨૧૦૫ ૫/૧૯
ઉત્તરકુરૂ ક્ષેત્ર	૧૧૮૪૨ ૨/૧૯	હિરણ્યવય ક્ષેત્ર	૨૧૦૫ ૫/૧૯
નિષધ પર્વત	૧૬૮૪૨ ૨/૧૯	ચુલ્લહિમવંત પર્વત	૧૦૫૨ ૧૨/૧૯
નીલવંત પર્વત	૧૬૮૪૨ ૨/૧૯	શિખરી પર્વત	૧૦૫૨ ૧૨/૧૯
હરિવાસ ક્ષેત્ર	૮૪૨૧ ૧/૧૯	ભરત ક્ષેત્ર	૫૨૬ ૬/૧૯
રમ્યકવાસ ક્ષેત્ર	૮૪૨૧ ૧/૧૯	ઐરવત ક્ષેત્ર	૫૨૬ ૬/૧૯
મહાહિમવન્ત પર્વત	૪૨૧૦ ૧૦/૧૯	કુલ યોજન	૧૦૦૦૦૦

મહાવિદેહની મધ્યમાં મેરૂ પર્વત આવવાથી તેના બે વિભાગ થઇ ગયા છે. ૧. પૂર્વ મહાવિદેહ ૨. પશ્ચિમ મહાવિદેહ.

પૂર્વ મહાવિદેહની મધ્યમાં સીતા અને પશ્ચિમ મહાવિદેહની મધ્યમાં સીતોદા નદી વહેતી હોવાથી પુનઃ તેના બે બે વિભાગો થયા. એ રીતે મહાવિદેહ ક્ષેત્રના ૪ વિભાગ થાય છે. તે દરેક વિભાગમાં આઠ આઠ વિજય છે. એટલે એક મહાવિદેહમાં ૮×૪=૩૨ વિજય છે.

મેરુ પર્વતથી પૂર્વમાં અને પશ્ચિમમાં બાવીસ હજાર યોજનનું ભદ્રશાલ વન છે. તેની પાસે નીલવંત પર્વતની દક્ષિણે, ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વતની પશ્ચિમે, માલ્યવંત ગજદંતા પર્વતની પૂર્વે અને સીતા મહાનદીની ઉત્તરે ૧૬૫૯૨$\frac{2}{19}$ યોજન ઉત્તર દક્ષિણ લાંબી અને ૨૨૧૨$\frac{7}{8}$ યોજન પૂર્વ પશ્ચિમ પહોળી પહેલી “કચ્છ” નામે વિજય છે.

આ વિજયની મધ્યમાં પૂર્વ પશ્ચિમ વિજય જેટલો જ લાંબો, ૨૫ યોજન ઊંચો, ૫૦ યોજન પહોળો, ભરત ક્ષેત્રના વૈતાઢ્ય પર્વત જેવો વૈતાઢ્ય પર્વત છે. તેની ઉત્તર દક્ષિણની બન્ને શ્રેણીઓ પર વિદ્યાધરોનાં ૫૫ નગર છે. આ વૈતાઢ્ય પર્વતની ઉપરમાં નીલવંત પર્વતના નિતમ્બમાં ૮ યોજન ઊંચો ‘ઋષભકૂટ’ છે. તે ઉપર કચ્છ વિજયના ચક્રવર્તી નામાંકિત રાજ્ય કરે છે. આ ઋષભકૂટની પૂર્વમાં ‘ગંગા’ નામનો કુંડ છે અને પશ્ચિમમાં સિંધુ નામે કુંડ છે. આ બન્ને કુંડ ૬૦ યોજન લાંબા–પહોળા અને ગોળાકાર છે.

આ બન્ને કુંડમાંથી ગંગા અને સિંધુ નદી નીકળીને વૈતાઢ્યની બન્ને ગુફાઓની નીચે થઇ ચૌદ હજાર નદીઓના પરિવારથી સીતા નદીમાં જઈ મળે છે. આથી કચ્છ વિજયના છ ખંડ થઇ જાય છે. વૈતાઢ્ય પર્વતની દક્ષિણે અને ગંગાસિંધુ નદી એ બે નદીઓની મધ્યમાં “ક્ષેમા” નામની નગરી (રાજધાની) છે. આ નગરીમાં ભરત ચક્રવર્તીના જેવા જ કચ્છ નામના ચક્રવર્તી થાય છે. તે છ ખંડમાં રાજ્ય કરે છે.

આ કચ્છ વિજયની પાસે ઉત્તર દક્ષિણમાં ૧૬૫૯ ૨/૧૯ યોજન લાંબો, નીલવન્ત પર્વતની પાસે ૪૦૦ યોજન ઊંચો અને આગળ જતાં ક્રમશઃ વૃદ્ધિ પામતો, સીતા નદી પાસે ૫૦૦ યોજન ઊંચો 'ચિત્રકૂટ' નામે વક્ષકાર (વિજયની હદનો કરનાર) પર્વત છે. તેના ઉપર ૪ કૂટ છે. આની નજીક બીજી 'સુકચ્છ' નામે વિજય છે. તે કચ્છ વિજય જેવી જ છે. તેમાં 'ક્ષેમપુરા' નામે રાજધાની છે. તેનીપાસે નીલવન્ત પર્વતની નજદીક 'ગાથાપતિ' કુંડથી નીકળેલી આદિથી અંત પર્યંત ૧૨૫ યોજન પહોળી, અને ૨।। યોજન ઊંડી નહેર જેવી ગાથાપતિ નામે નદી છે. તે સીતા નદીમાં જઈને ભળી છે. તેની પાસે પૂર્વમાં કચ્છ વિજયના જેવી જ ત્રીજી 'મહાકચ્છ' વિજય છે. તેની રાજધાની 'અરિષ્ટા' છે. તેની પાસે ચિત્રકૂટ વક્ષકાર જેવો જ 'બ્રહ્મકૂટ' વક્ષકાર પર્વત છે. તેની નજીક ચોથી ' કચ્છવતી ' વિજય છે, તેની અરિષ્ટવતી રાજધાની છે.

કચ્છવતી વિજયની પાસે ગાથાપતિ નદી જેવી "દ્રહવતી" નદી છે. તેની પાસે પાંચમી 'આવર્ત' વિજય છે. તેમાં 'ખડગી' રાજ્યધાની છે. તેની પાસે 'નલીનકુટ' વક્ષકાર પર્વત છે. તેની પાસે છઠ્ઠી 'મંગલાવતી' વિજય છે. તેમાં 'મજૂસા' રાજ્યધાની છે. તેની પાસે સાતમી 'પુષ્કર' વિજય છે, જેમાં 'ઔષધી' રાજ્યધાની છે. તેની પાસે એક 'શૈલકુટ' વક્ષકાર પર્વત છે. તેની પાસે આઠમી 'પુષ્કલાવતી' વિજય છે. જેની 'પુંડરગિણી' રાજ્યધાની છે. તેની પાસે પૂર્વમાં વિજય જેટલું (૧૬૫૯૨ ૨/૧૯ યોજન) ઉત્તર દક્ષિણ લાંબું, દક્ષિણમાં સીતા નદી પાસે ૨૯૨૨ યોજન પહોળું, ઉત્તરમાં ક્રમે ક્રમે ઘટતું, નીલવંત પર્વતની પાસે ૧/૧૯ યોજન પહોળું 'સીતામુખ' નામે વન છે. તેની પાસે પૂર્વમાં જ જંબુદ્વીપનું વિજય દ્વાર છે.

જમ્બુદ્વીપના વિજયદ્વારની અંદર, સીતા નદીની દક્ષિણે ઉક્ત 'સીતામુખ' વનના જેવું જ બીજું 'સીતામુખ' વન છે. અને તે નિષધ પર્વત પાસે ૧/૧૯ યોજન પહોળું છે. તેની પાસે મેરૂ પર્વત તરફ પશ્ચિમમાં નવમી 'વિત્સા' નામે વિજય છે. તેની રાજ્યધાની 'સુસીમા'

છે. તેની પાસે 'ત્રિકૂટ' વક્ષકાર પર્વત છે. તેની પાસે દસમી 'સુવત્સા' વિજય છે. તેની 'કુંડલા રાજ્યધાની છે. 'તપ્તતીરા' નદી છે. તેની પાસે અગ્યારમી 'મહાવત્સ' વિજય છે. તેની 'અપરાજિતા' રાજ્યધાની છે. તેની પાસે 'વૈશ્રમણ' વક્ષકાર પર્વત છે. તેની પાસે બારમી 'વત્સવતી' વિજય છે. તેની 'પ્રભંકરા' રાજ્યધાની છે. તેની પાસે 'મતાંતરી' નદી છે. તેની પાસે તેરમી 'રમ્ય' વિજય છે. તેની 'અંકાવાઈ રાજ્યધાની છે. તેની પાસે 'અંજન' વક્ષકાર પર્વત છે. તેની પાસે ચૌદમી 'રમ્યક' વિજય છે. તેની 'પદ્માવતી' રાજ્યધાની છે. તેની પાસે 'ઉન્મત્તાનીરા' નદી છે. તેની પાસે પંદરમી 'રમણી' વિજય છે. તેની 'શુભા' રાજ્યધાની છે. તેની પાસે 'માતંજનકૂટ વક્ષકાર પર્વત છે. તેની પાસે સોળમી 'મંગાવતી' વિજય છે, તેની 'રત્નસંચયા' રાજ્યધાની છે. તેની પાસે ૨૦૦૦ યોજનનું ભદ્રશાલ વન છે. આ મેરુ પર્વતથી પૂર્વ દિશાના મહાવિદેહ ક્ષેત્રની ૧૬ વિજયનું વર્ણન થયું.

મેરૂથી પશ્ચિમે નિષધ પર્વતની ઉત્તરે અને સીતોદા નદીની દક્ષિણે વિદ્યુત ગજદંતા પર્વતની પાસે સત્તરમી 'પદ્મ' વિજય છે. તેની 'અશ્વપુરી' રાજ્યધાની છે. તેની પાસે 'અંકાવતી' વક્ષકાર પર્વત છે. તેની પાસે અઢારમી 'સુપદ્મ' વિજય છે. તેની 'સહપુરા' રાજ્યધાની છે. તેની પાસે 'ક્ષીરોદા' નદી છે. તેની પાસે ઓગણીસમી 'મહાપદ્મ' વિજય છે. તેની મહાપુરા રાજ્યધાની છે. તેની પાસે 'પદ્માવતી' વક્ષકાર પર્વત છે. તેની પાસે વીસમી 'પદ્માવતી' વિજય છે. તેની 'વિજયપુરા' રાજધાની છે. તેની પાસે 'સીતશ્રોતા' નદી છે. તેની પાસે એકવીસમી 'શંખ' વિજય છે. તેની 'અપરાજિતા' રાજ્યધાની છે. તેની પાસે 'અસીવિષ' વક્ષકાર પર્વત છે. તેની પાસે બાવીસમી 'કુમુદ' વિજય છે. તેની 'અરજા' રાજ્યધાની છે. તેની પાસે 'અંતરવાહિની' નદી છે, તેની પાસે ત્રેવીસમી 'નલીન' વિજય છે. તેની 'અશોકા' રાજ્યધાની છે. તેની પાસે 'સુખવાહ' વક્ષકાર પર્વત છે. તેની પાસે ચોવીસમી 'સલીલાવતી' વિજય * છે. તેની 'વીતશોકા' રાજ્યધાની છે.

+ સલીલાવતી વિજય ક્રમશઃ નીચી ઊતરતી મધ્યમાં ૧૦૦૦ યોજન ઊંડી છે.

તેની પાસે સીતામુખ વન જેવું જ 'સીતોદામુખ' વન છે. અને તેની પાસે જંબુદ્વીપનું પશ્ચિમનું 'જયન્ત' દ્વાર છે.

જયંત દ્વારની અંદર સીતોદા નદીની ઉત્તરમાં પણ તેવું જ 'સીતોદામુખ' વન છે, તેની પાસે પૂર્વમાં મેરુની તરફ પચીસમી 'વપ્રા' વિજય છે. તેમાં 'વિજયા' રાજ્યધાની છે. તેની પાસે 'ચંદ્રકૂટ વક્ષકાર પર્વત છે. તેની પાસે છવ્વીસમી 'સુવિપ્રા' વિજય છે. તેની 'વૈજયન્તી' રાજ્યધાની છે, તેની પાસે 'ઉન્મીમાલિની' નદી છે. તેની પાસે સત્યાવીસમી 'મહાવપ્રા વિજય છે. તેની 'જયન્તી' રાજયધાની છે. તેની પાસે 'સૂરકૂટ' વક્ષકાર પર્વત છે. તેની પાસે અઠ્ઠાવીસમી 'વપ્રાવતી' વિજય છે. તેની 'અપરાજિતા' રાજ્યધાની છે, તેની પાસે 'ફેન માલતી' નદી છે, તેની પાસે ઓગણત્રીસમી 'વલ્ગુ' વિજય છે. તેમાં 'ચક્રપુરા' રાજ્યધાની છે. તેની પાસે 'નાગકૂટ' વક્ષકાર પર્વત છે. તેની પાસે ત્રીસમી 'સુવલ્ગુ' વિજય છે, તેની 'ખડગી' રાજ્યધાની છે. તેની પાસે 'ગંભીરમાલિની' નદી છે. તેની પાસે એકત્રીસમી 'ગંધિલા' વિજય છે. જેમાં 'અવધ્યા' રાજ્યધાની છે. તેની પાસે દેવકૂટ વક્ષકાર પર્વત છે. તેની પાસે બત્રીસમી 'ગંધિલાવતી' વિજય છે. તેની 'આઉજલા' રાજ્યધાની છે. તેની પાસે મેરુનું ભદ્રશાલ વન અને ગંધમાદન ગજદંત પર્વત છે.

ઉક્ત કચ્છ વિજયના જેવી જ બધી વિજય જાણવી. ચિત્રકૂટ પર્વતના જેવા સર્વ વક્ષકાર પર્વતો જાણવા. ગાથાપતિ નદી સમાન સઘળી નદીઓ જાણવી. આ પૂર્વ પશ્ચિમ ક્ષેત્રના ૧ લાખ યોજન પૂર્ણ થયા. *

\+ મેરુ પર્વતથી પૂર્વ પશ્ચિમનો ૧ લાખ યોજનનો હિસાબ –

એક એક વિજય ૨૨૧૨ ૭/૮ યોજનની છે તો ૧૬ વિજયના...યોજન... ૩૫૪૦૬
એક એક વક્ષકાર ૫૦૦ યોજન તો ૮ વક્ષકારના ... યોજન ... ૪૦૦૦
એક એક અંતર નદી ૧૨૫ યોજનની તો ૬ નદીના ...યોજન ... ૭૫૦
એક એક સીતામુખવન ૨૯૨૨ યોજન તો ૨ વનના ... યોજન ૫૮૪૪
એક એક ભદ્રશાલ વન ૨૨૦૦૦ યોજન તો બે વનના ... યોજન... ૪૪૦૦૦
મધ્યમાં મેરુ પર્વત યોજન ૧૦૦૦૦

કુલ યોજન ૧૦૦૦૦૦

જમ્બુદ્વીપને ફરતો 'જગતી' નો કોટ છે. તે ૮ યોજન ઊંચો છે, નીચે ૧૨ યોજન; મધ્યમાં ૮ યોજન અને ઉપર ૪ યોજન પહોળો છે, અને ઘેરાવામાં ૩૧૬૨૨૭ યોજન, ૩ કોસ, ૧૨૮ ધનુષ્ય અને ૧૩ાા અંગૂલથી કંઈક અધિક છે. તેની ચારે દિશાએ ૪ દરવાજા છે. તે દરેક આઠ યોજન ઊંચા અને ૪ યોજન પહોળા છે. તેનાં નામ ૧ પૂર્વમાં વિજયદ્વાર, ૨. દક્ષિણમાં જયન્તદ્વાર ૩. પશ્ચિમમાં વૈજયન્ત દ્વાર અને, ૪. ઉત્તરમાં અપરાજિત દ્વાર છે.

ઇતિ જંબુદ્વીપનું વર્ણન સમાપ્ત

લવણ સમુદ્રનું વર્ણન

જંબુદ્વીપની જગતીની બહાર વલય (ચૂડી)ને આકારે ફરતો ૨૦૦૦૦૦ (બે લાખ) યોજન પહોળો લવણ સમુદ્ર છે. તે કાંઠા ઉપર તો વાલાગ્ર જેટલો જ ઊંડો છે. પરંતુ જેમ જેમ આગળ વધીએ તેમ તેમ ક્રમશઃ ઊંડાઈમાં વધતા વધતા ૯૫૦૦૦ યોજન જઇએ ત્યારે મધ્યમાં ૧૦૦૦ યોજનની પહોળાઈમાં ૧૦૦૦ યોજન ઊંડો છે. અને ૯૬૦૦૦ યોજનથી આગળ જતાં અનુક્રમે ઊંડાઈમાં ઘટતાં ઘટતાં ધાતકીખંડ દ્વીપ પાસે વાલાગ્ર જેટલો ઊંડો રહી જાય છે.

પૂર્વોક્ત જંબુદ્વીપમાં ભરતક્ષેત્રની ઉત્તરે આવેલ 'ચુલ્લહિમવંત, પર્વતને પૂર્વ પશ્ચિમ બન્ને બાજુ હાથી દાંત જેવી વાંકી બબ્બે દાઢાઓ લવણ સમુદ્રમાં ગઈ છે, એ ચારે દાઢા પર સાત સાત અંતરદ્વીપ છે.

જગતીના કોટથી ૩૦૦ યોજન જઇએ ત્યારે ૩૦૦ યોજન લાંબાપહોળા ૧; એકરુક, ૨. આભાષિક, ૩ વેષાલિક અને, ૪. નાગેલિક આ નામના ચાર દ્વીપ છે. તેથી આગળ ૪૦૦ યોજન જઇએ ત્યાં ૪૦૦ યોજન લાંબાપહોળા ૧. હયકર્ણ, ૨. ગજકર્ણ ૩. ગોકર્ણ અને, ૪. સંકુલીકર્ણ એ ૪ દ્વીપ છે તેથી આગળ ૫૦૦ યોજન જઈએ ત્યાં ૫૦૦ યોજન લાંબાપહોળા ૧. આદર્શ મુખ ૨. મેઢામુખ ૩. અજોમુખ અને ૪. ગોમુખ એ ચાર દ્વીપ છે.

તેથી આગળ ૬૦૦ યોજન જઈએ ત્યાં ૬૦૦ યોજન લાંબા પહોળા ૧, અશ્વમુખ ૨.હસ્તીમુખ, ૩. સિંહમુખ અને, ૪. વ્યાઘ્રમુખ એ ચાર દ્વીપ છે. તેથી આગળ ૭૦૦ યોજન જઇએ ત્યાં ૭૦૦ યોજન લાંબાપહોળા, ૧, અશ્વકર્ણ, ૨; સિંહકર્ણ ૩. અકર્ણ અને ૪. કર્ણ-પાઉરણ એ ચાર દ્વીપ છે.

તેથી આગળ ૮૦૦ યોજન જઈએ ત્યાં ૮૦૦ યોજન લાંબાપહોળા ૧. ઉલ્કામુખ, ૨. મેઘમુખ ૩. વિદ્યુતમુખ અને ૪ વિજ્જુદંત એ ચાર દ્વીપ છે. તેથી આગળ ૯૦૦ યોજન જઈએ ત્યાં ૯૦૦ યોજન લાંબાપહોળા ૧. ઘનદંત, ૨. લષ્ટદંત, ૩. ગૂઢદંત અને, ૪. શુદ્ધિદંત એ નામના ચાર દ્વીપ છે.

ચુલ્લહિમવંતની પેઠે જ ઐરવત ક્ષેત્રની મર્યાદા કરનાર શિખરી પર્વતની ૪ દાઢાઓ પર પણ ઉપરોક્ત નામના ૨૮ અંતરદ્વીપ છે. બન્ને મળી ૫૬ અંતરદ્વીપ છે ×. તેમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય અને ૮૦૦ ધનુષ્યના દેહમાનવાળાં યુગલ મનુષ્યો રહે છે.

આ છપ્પન અંતરદ્વીપમાં ત્રીજા આરા જેવી રચના સદૈવ હોય છે. ત્યાંનાં મનુષ્યો પણ મરીને દેવગતિમાં જાય છે.

જંબુદ્વીપનાં ચારે દ્વારોથી પંચાણું હજાર યોજન દૂર લવણ સમુદ્રમાં જઈએ ત્યાં વજ્રરત્નના ૪ પાતાલ કલશા આવે છે. તે ૧ લાખ યોજનના ઊંડા છે, ૧૦૦૦૦ યોજન વચ્ચે પહોળા છે, ૧૦૦૦ યોજન તળિયે અને ૧૦૦૦ યોજન મોઢા પાસે પહોળા છે. ૧૦૦ યોજનની જાડી ઠીકરી છે. તેનાં નામ પૂર્વમાં વલયમુખ, દક્ષિણમાં કેતુ, પશ્ચિમમાં યૂપ અને ઉત્તરમાં ઈશ્વર.

× જીવાભિગમ સૂત્રમાં દાઢાઓનાં નામ ન હોવાથી કોઈ આચાર્ય કહે છે કે ચુલહિમવંત અને શિખરી પર્વતના બન્ને ખૂણાથી લવણ સમુદ્રમાં ઉપ-યુંક્ત અંતરથી અલગ અલગ બેટ છે. તેથી તેને અંતરદ્વીપ કહે છે.

એક એક કલશના ત્રણ ત્રણ કાંડ (વિભાગ) છે. પ્રથમ કાંડમાં ૩૩૩૩૩$\frac{૧}{૩}$ યોજનમાં વાયુ, બીજા ૩૩૩૩૩$\frac{૧}{૩}$ યોજનમાં વાયુ અને પાણી બન્ને સાથે અને ત્રીજા ૩૩૩૩૩$\frac{૧}{૩}$ યોજનમાં એકલું પાણી ભર્યું છે.

આ ચારે કલશની મધ્યના ચારે આંતરામાં વજ્રરત્નમય નાના કળશોની ૯–૯ પંક્તિઓ છે. પહેલી પંક્તિમાં ૨૧૫, બીજીમાં ૨૧૬, ત્રીજીમાં ૨૧૭, ચોથીમાં ૨૧૮, પાંચમીમાં ૨૧૯, છઠ્ઠીમાં ૨૨૦, સાતમીમાં ૨૨૧, આઠમીમાં ૨૨૨ અને નવમીમાં ૨૨૩ કલશ છે. આ નાના કલશ ૧૦૦૦ યોજન ઊંડા, વચ્ચે ૧૦૦૦ યોજન પહોળા અને તળિયે તથા મોઢીએ ૧૦૦ યોજન પહોળા છે. તેની ઠીકરી ૧૦ યોજન જાડી છે.

તે પ્રત્યેક કલશના ત્રણ કાંડ છે. તેમાં ૩૩૩ યોજન ઝાઝેરામાં વાયુ, ૩૩૩ યોજન ઝાઝેરામાં પાણી અને વાયુ તેમ જ ૩૩૩ યોજન ઝાઝેરામાં ફક્ત પાણી ભરેલું છે. નાના મોટા કલશ મળી કુલ ૭૮૮૮ છે.

આ કલશના નીચેના કાંડનો વાયુ જ્યારે ગુંજાયમાન થાય છે ત્યારે ઉપરના કાંડમાંથી પાણી ઊછળી નીચે દર્શાવેલી દગમાળાથી પાણી બે કોસ ઉપર ચડી જાય છે. આઠમ અને પાખીને દિવસે પાણી વિશેષ ઊછળે છે. જેથી સમુદ્રમાં ભરતી આવે છે.

આ કલશો પર ૧૭૪૦૦૦ નાગકુમાર જાતિના દેવ સોનાના કડછાથી પાણીને દબાવે છે. તેને વેલંધર દેવ કહે છે. લવણ સમુદ્રની મધ્યમાં ૧૦૦૦૦ યોજનની પહોળાઇમાં ૧૬૦૦૦ યોજન ઊંચો દગમાળો છે. અર્થાત્ સમુદ્રની વચ્ચે જાણે ૧૬૦૦૦ યોજનની ઊંચી અને ૧૦૦૦૦ યોજનની જાડી એવી પાણીની દીવાલ છે.

જંબુદ્રીપ અને ધાતકીખંડમાં રહેલાં તીર્થંકર, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સમ્યગ્દૃષ્ટિ આદિ ઉત્તમ પુરુષોનાં તપ, સંયમ, ધર્મ, પુણ્યના અતિશયથી સમુદ્રનું પાણી કદી પણ માઝા મૂકતું નથી.

જંબુદ્વીપનાં ચારે દ્વાર અને ચારે દિશાઓમાં બેતાલીશ હજાર યોજન ઉપર ૧૭૨૧ યોજન ઊંચા, નીચે ૧૦૨૨ યોજન પહોળા, ઉપર ૪૨૪ યોજન પહોળા ૮ પર્વતો છે + તે ઉપર વેલંધર દેવોના આવાસ છે. તેમાં તેઓ સપરિવાર વસે છે. આ ઠેકાણે ૧૦૦૦૦ (દસ હજાર) યોજનનો 'ગૌતમદ્વીપ' છે. તેમાં લવણ સમુદ્રનો માલિક 'સુસ્થિત' દેવ સપરિવાર રહે છે.

લવણ સમુદ્રની ચારે તરફ વીંટળાયેલો ચાર લાખ યોજન પહોળો 'ધાતકીખંડ' નામે દ્વીપ છે. તેની મધ્યમાં ૫૦૦ યોજન ઊંચા ધાતકીખંડની પહોળાઇ જેટલા લાંબા, ઉત્તર દક્ષિણ દ્વારથી નીકળેલા બે 'ઇક્ષુકાર' પર્વત છે. તેણે ધાતકીખંડ દ્વીપના ૧. પૂર્વ ધાતકીખંડ અને ૨. પશ્ચિમ ધાતકીખંડ એવા બે વિભાગ કર્યા છે.

બન્ને વિભાગમાં એક એક મેરુ પર્વત છે. તે બન્ને મેરુ ૮૪ હજાર યોજન ઊંચા અને ભૂમિ પર ૯૪૦૦ યોજન પહોળા છે. ઉપર ચડતાં નંદન વનમાં ૯૨૫૦ યોજન, સોમનસ વનમાં ૩૮૦૦ યોજન અને શિખર પર ૧૦૦૦ યોજન પહોળા છે.

પૂર્વ ધાતકીખંડના મધ્યમાં 'વિજય' નામનો અને પશ્ચિમ ધાતકીખંડના મધ્યમાં અચલ નામનો મેરુ છે. સમ ભૂમિ પર ભદ્રશાલ વન છે. ત્યાંથી નંદનવન ૫૦૦ યોજન ઊંચું છે અને સોમનસ વન ૫૫૦ યોજન ઊંચું છે અને ત્યાંથી ૨૮૦૦૦ યોજન ઊંચું પંડગ વન છે. ત્યાં ધાતકીખંડમાં ઉત્પન્ન થતા તીર્થંકરોનો જન્માભિષેક થાય છે. જમ્બુદ્વીપમાં કહ્યા પ્રમાણે પણ તેથી બમણી સંખ્યામાં ક્ષેત્ર, પર્વત, દ્રહ, નદી, મહાવિદેહ ક્ષેત્ર, આદિ બધા પદાર્થો છે, તે શાશ્વત છે. ધાતકીખંડની ચોતરફ 'પદ્મવરવેદિકા' છે.

× પૂર્વમાં ગોથૂભ પર્વત, દક્ષિણમાં ઉદકભાસ પર્વત, પશ્ચિમમાં શંખ પર્વત, ઉત્તરમાં દકસીમ પર્વત. એ ચાર પર્વત પર રહેવાવાળા દેવોને વેલધર નાગરાજા કહે છે. અને ઇશાન ખૂણામાં કર્ણાટક પર્વત, અગ્નિ ખૂણામાં વિદ્યુત્પ્રભ પર્વત, નૈઋત્ય ખૂણામાં કૈલાસ પર્વત, વાયવ્ય ખૂણામા અરુણપ્રભ પર્વત છે. એ ચાર પર્વત પર રહેનારા દેવોને અણુવેલંધર નાગરાજા કહે છે.

ધાતકીખંડ દ્વીપની ચારે તરફ વીંટળાયેલો ૮ લાખ યોજનનો પહોળો અને આ કાંઠેથી સામા કાંઠા સુધી એક સરખો ૧૦૦૦ યોજન ઊંડો કાલોદધિ નામે સમુદ્ર છે. તેના પાણીનો સ્વાદ સાધારણ પાણીના જેવો છે. તેમાં બે ગૌતમદ્વીપ અને ૧૦૮ ચંદ્ર સૂર્યના દ્વીપ છે.

કાલોદધિ સમુદ્રની ચારે તરફ વીંટળાયેલો ૧૬ લાખ યોજનનો પહોળો 'પુષ્કરદ્વીપ' છે. તેની મધ્યમાં ૧૭૨૧ યોજન ઊંચો, મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો અને શિખરમાં ૪૨૪ યોજન પહોળો વલયાકારે (કંકણના આકારે) માનુષ્યોત્તર નામે પર્વત છે. તેણે પુષ્કરદ્વીપના બે ભાગ કર્યા છે. માનુષ્યોત્તર પર્વતની અંદરના ભાગમાં જ મનુષ્યની વસ્તી છે.

બહાર મનુષ્ય વસતા નથી, એટલા માટે તે માનુષ્યોત્તર કહેવાય છે. ધાતકીખંડ દ્વીપ જેવા જ આ અર્ધ પુષ્કરદ્વીપમાં મધ્ય ભાગે બે ઈક્ષુકાર પર્વત છે. તેથી તેના પણ પૂર્વ અને પશ્ચિમ પુષ્કરાર્ધ એવા બે ભાગ પડી ગયા છે. ધાતકીખંડના જેવા અને જેટલા જ ઊંચા અને પહોળા બે મેરુ પર્વત આમાં પણ છે. ૧. પૂર્વ પુષ્કરાર્ધમાં 'મન્દિર' મેરુ અને ૨. પશ્ચિમ પુષ્કરાર્ધમાં 'વિદ્યુતમાલી' મેરુ છે. આ સિવાય બધા શાશ્વત પદાર્થ ધાતકીખંડ પેઠે જાણવા.

ઉપર પ્રમાણે ૧ લાખ યોજનનો જંબુદ્વીપ, બન્ને બાજુ થઈને ૪ લાખ યોજનનો લવણ સમુદ્ર, બન્ને બાજુનો ૮ લાખ યોજનનો ધાતકીખંડ, બન્ને બાજુ ૧૬ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર અને બન્ને બાજુ થઈને ૧૬ લાખ યોજનનો અર્ધ પુષ્કરદ્વીપ એ સર્વ મળી ૪૫ લાખ યોજનના અઢી દ્વીપ અને બે સમુદ્ર છે. તેમાં ૭૯૨૨૮૧૬૨,-૫૧૪૨૨૬૪૩, ૩૭૫૯૩૫૪, ૩૯૫૦૩૩૬ × મનુષ્યો હોય છે. એટલા માટે એને મનુષ્ય લોક કહે છે.

× અઢી દ્વીપમાં ૨૯ અંકે મનુષ્યની સંખ્યા કહી છે, પરંતુ ક્ષેત્રફળના હિસાબે તેટલી સંખ્યા સમાય નહિ એમ પણ અભિપ્રાય છે, તેથી કોઈ કહે છે કે, ગર્ભાંતાસમાં ઉત્કૃષ્ટ ૯ લાખ સંજ્ઞી મનુષ્ય ઊપજે તે બધાની સંખ્યા આપી હશે.

અઢી દ્વીપની બહાર ૧, મનુષ્યોત્પત્તિ, ૨. બાદર અગ્નિકાય, ૩, દ્રહ, ૪. નદી, ૫. ગર્જારવ, ૬, વિદ્યુત, ૭. વાદળાં, ૮. વરસાદ, ૯. ખાડા અને ૧૦. દુષ્કાળ, એ દસ વસ્તુ હોતી નથી. માનુષ્યોત્તર પર્વતની બહારના પુષ્કરાર્ધ દ્વીપમાં દેવોનાં તથા તિર્યંચાદિનાં નિવાસસ્થાનો છે.

હવે અહીં દ્વીપો અને સમુદ્રોનાં નામ કહેવામાં આવે છે:

પુષ્કરદ્વીપની ચોમેર વીંટળાયેલો ૩૨ લાખ યોજન પહોળો 'પુષ્કર સમુદ્ર' છે. તે પછી એક દ્વીપ અને એક સમુદ્ર એમ અનુક્રમે એકેકથી બમણી પહોળાઇના ચોમેર વીંટળાયેલા છે.

(૧) જંબુદ્વીપ પછી લવણ સમુદ્ર×. (૨) ધાતકીખંડદ્વીપ, કાલોદધિ સમુદ્ર, (૩) પુષ્કરવરદ્વીપ, પુષ્કરોદધિ સમુદ્ર, (૪) વારુણીવરદ્વીપ,

---

÷ કોઈ કહે છે: ભગવાન અજિતનાથને વારે આ સંખ્યા હતી. અઢી દ્વીપમાં જેટલું મનુષ્યનું આયુષ્ય તે પ્રમાણે હાથી અને સિંહનું આયુષ્ય, મનુષ્યના ચોથા ભાગનું ઘોડાનું આયુષ્ય, અને આઠમા ભાગનું ઘેટાં, બકરા અને શિયાળનું આયુષ્ય, પાંચમા ભાગનું ગાય, ભેંસ, ઊંટ અને ગધેડાનું આયુષ્ય, અને દશમા ભાગનું કૂતરાનું આયુષ્ય જાણવું.

× લવણ સમુદ્રમાં નીમક જેવું પાણી, કાલોદધિમાં સાધારણ પાણી જેવું પાણી, વારૂણી સમુદ્રમાં મદિરા જેવું પાણી' ક્ષીર સમુદ્રમાં દૂધ જેવું પાણી ઘૃત સમુદ્રમાં ઘી જેવું પાણી, અને અસંખ્યાત સમુદ્રોમાં ઈક્ષુરસ જેવો પાણીનો સ્વાદ છે. નંદીશ્વરદ્વીપમાં ત્રણે ચાતુર્માસીના દિવસે દેવો તીર્થંકરોના પંચકલ્યાણ આદિ શુભ દિવસોમાં આઠ દિવસનો અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. રૂચકદ્વીપ સુધી જંઘાચરણ મુનિ જાય છે.

રૂચકદ્વીપની મધ્યમાં વલયાકાર રૂચક પર્વત છે. તે ઉપર ૪૦ દિશાકુમારી દેવીઓ રહે છે. ૮ નંદનવનમાં અને ૮ ગજદંતા પર્વત પર એમ સર્વ મળી ૫૬ દિગ્ કુમારિકા છે. અઢી ઉદ્ધાર સાગરોપમ અર્થાત્ ૨૫ કોડાકોડી ઉદ્ધાર પલ્યોપમના જેટલા સમય થાય તેટલાં (અસંખ્યાતા) દ્વીપ સમુદ્ર છે. તથા જગતમાં સુપ્રશસ્ત (સારી) વસ્તુઓનાં જેટલાં નામ છે તે દરેક નામના અસંખ્યાતા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે. જમ્બુ નામના પણ અસંખ્યાતા દ્વીપો છે.

વારુણોદધિ સમુદ્ર, (૫) ક્ષીરવરદ્વીપ, ક્ષીરોદધિ સમુદ્ર, (૬) ઘૃતવરદ્વીપ, ઘૃતવર સમુદ્ર, (૭) ઈક્ષુવરદ્વીપ, ઈક્ષુદધિ સમુદ્ર, (૮) નંદીશ્વરદ્વીપ, ૧૬મો નંદીશ્વરસમુદ્ર, (૯) અરુણદ્વીપ, અરુણોદધિ સમુદ્ર, (૧૦) અરુણવરદ્વીપ, ૨૦મો અરુણવરોદધિ સમુદ્ર, (૧૧) અરુણવરાવભાસદ્વીપ, ૨૨મો અરુણવરાવભાસ સમુદ્ર, (૧૨) કુંડલદ્વીપ, કુંડલોદધિ સમુદ્ર (૧૩) કુંડલવરદ્વીપ કુંડલવરોદધિ સમુદ્ર,(૧૪) કુંડલવરાવ ભાસદ્વીપ, કુંડલવરાવભાસ સમુદ્ર, (૧૫) રુચકદ્વીપ, રુચકોદધિ સમુદ્ર, રુચકવરદ્વીપ, ૩૦મો રુચકવરોદધિ સમુદ્ર, ૩૧ મો રુચકવરભાસદ્વીપ, ૩૨મો રુચકવરભાસ સમુદ્ર, ૩૩મો હારદ્વીપ, ૩૪ મો હારોદધિ સમુદ્ર.

આ પ્રમાણે એક એક નામના ત્રણ દ્વીપ અને ત્રણ સમુદ્ર કહેવા. યાવત્ સૂર્યાવરભાસદ્વીપ, સૂર્યાવરભાસોદધિ સમુદ્ર. આગળ જતાં દેવદ્વીપ, દેવોદધિ સમુદ્ર, નાગદ્વીપ, નાગોદધિ સમુદ્ર, યક્ષદ્વીપ, યક્ષસમુદ્ર, ભૂત દ્વીપ, ભૂત સમુદ્ર, સ્વયંભૂરમણદ્વીપ, સ્વયંભૂરમણ સમુદ્ર આ પ્રમાણે એક એકને ફરતા અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્ર છે. બધાનો વિસ્તાર એક એકથી બમણો જાણવો.

છેલ્લા અર્ધા રાજ જેટલો પહોળો સ્વયંભૂરમણ સમુદ્ર છે. તેનાથી ૧૨ યોજન છેટો અલોક છે. અને ઉપર જ્યોતિષચક્રથી ૧૧૧૧ યોજન દૂર અલોક રહેલો છે.

જ્યોતિષ ચક્ર

જંબુદ્વીપના સુદર્શન મેરુ પર્વતની નજીક, સમભૂમિથી ૭૯૦ યોજન ઉપર તારામંડળ છે. અર્ધો ગાઉ લાંબા પહોળા અને પા ગાઉ ઊંચા તારાનાં વિમાન છે. જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ પા પલ્યનું તારાના દેવનું આયુષ્ય છે અને જઘન્ય પલ્યનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ પલ્યના આઠ ભાગ ઝાઝેરું તારાની દેવીઓનું આયુષ્ય છે. તારાના વિમાનને ૨૦૦૦ દેવો ઉપાડે છે, તારામંડલના ૧૦ યોજન-

ઉપર સૂર્યનું વિમાન છે, તે ૪૮/૬૧ યોજન લાંબું પહોળું તથા ૨૪/૬૧ યોજન ઊંચું અંક રત્નમય છે. સૂર્ય વિમાનવાસી દેવોનું જઘન્ય પા પલ્યનું, ઉત્કૃષ્ટ ૧ પલ્યોપમ અને ૧૦૦૦ વર્ષનું આયુષ્ય છે. તેની દેવીઓનું જઘન્ય પા પલ્યનું; ઉત્કૃષ્ટ અર્ધા પલ્ય ને ૫૦૦ વર્ષનું આયુષ્ય છે. સૂર્યના વિમાનને ૧૬૦૦૦ દેવો ઉપાડે છે, સૂર્યના વિમાનથી ૮૦ યોજન* ઉપર ચંદ્રમાનું વિમાન છે, ૫૬/૬૧ યોજન લાંબું પહોળું (a) અને ૨૮/૬૧ યોજન ઊંચું સ્ફટિક રત્નમય છે ×. ચંદ્ર વિમાનવાસી દેવોનું જઘન્ય પા પલ્યનું, ઉત્કૃષ્ટ એક પલ્યોપમ અને ૧ લાખ વર્ષનું આયુષ્ય છે. તેમની દેવીઓનું જઘન્ય પા પલ્યનું, ઉત્કૃષ્ટ અર્ધો પલ્યોપમ અને ૫૦ હજાર વર્ષનું આયુષ્ય છે. ચંદ્રવિમાનને પણ ૧૬૦૦૦ દેવો ઊપાડે છે. ચંદ્રવિમાનથી ૪ યોજન ઊપર ‘ નક્ષત્રમાળ’ છે. તેનાં વિમાન પાંચે રત્નમય છે. તે એક એક ગાઊનાં લાંબાપહોળાં અને અર્ધા ગાઊનાં ઊંચાં છે. નક્ષત્ર વિમાનવાસી દેવોનું જઘન્ય પા પલ્યોપમનું, ઉત્કૃષ્ટ અર્ધા પલ્યોપમનું આયુષ્ય છે. અને તેની દેવીઓનું જઘન્ય પા પલ્યોપમ, ઉત્કૃષ્ટ પા પલ્યોપમથી ઝાઝેરું આયુષ્ય છે. નક્ષત્રના વિમાનને ૪૦૦૦ દેવતાઓ ઉપાડે છે.

નક્ષત્રમાળની ઉપર (૪ યોજન) ઊંચે ‘ગ્રહમાલ’ છે. ગ્રહનાં વિમાનો પણ પાંચે વર્ણનાં રત્નમય છે. ગ્રહનાં વિમાન બબ્બે કોસનાં લાંબાં પહોળાં અને એક કોસનાં ઊંચાં છે. ગ્રહવિમાનવાસી દેવોનું આયુષ્ય જઘન્ય

---

* ચંદ્ર સૂર્યાદિ જ્યોતિષીનાં વિમાનોનાં યોજન, કોસ, વગેરે બધું માપ શાશ્વત જાણવું; અર્થાત્ ૪૦૦૦ અશાશ્વતા કોસનો એક શાશ્વતો યોજન થાય છે.

(a) સૂર્યનાં વિમાનોથી ૧ યોજન નીચે કેતુનું વિમાન છે અને ચંદ્રમાના વિમાનથી ૧ યોજન નીચે રાહુનું વિમાન છે.

× દિગમ્બર મતના મિથ્યાખંડન સૂત્રમાં લખ્યું છે કે ચંદ્રમાનું વિમાન સામાન્યપણે ૧૮૦૦ કોસ પહોળું છે. સૂર્યનું વિમાન ૧૬૦૦ કોસ પહોળું છે. અને ગ્રહનક્ષત્ર તારાનાં વિમાન જઘન્ય ૧૨૫ કોસ ઉત્કૃષ્ટ ૫૦૦ કોસ પહોળાં છે તેવી જ રીતે. ૧૬૦૦૦૦૦ કોસ સૂર્યનું વિમાન અને ૧૭૬૦૦૦૦ ચંદ્રમાનું વિમાન સમભૂતળથી ઊંચે છે.

આ પલ્યોપમનું, ઉત્કૃષ્ટ અર્ધા પલ્યોપમનું છે. ગ્રહનાં વિમાનને ૮૦૦૦ દેવો ઊપાડે છે A.

ગ્રહમાળથી ૪ યોજન ઊંચે લીલા રત્નમય 'બુધ'નો તારો છે. ત્યાંથી ૩ યોજન ઊંચો સ્ફટિકરત્નમય 'શુક્ર'નો તારો છે. ત્યાંથી ૩ યોજન ઊંચે પીળા રત્નનો 'બૃહસ્પતિ' નામે તારો છે. ત્યાંથી ૩ યોજન ઊંચે રક્ત રત્નમય 'મંગળ' નો તારો છે. ત્યાંથી ૩ યોજન ઊંચે જંબુનંદ રત્નમય 'શનિ' નો તારો છે. આ ચારેનાં આયુષ્ય તથા વિમાનવાહક દેવો ગ્રહમાળમાં કહ્યાં મુજબ જાણવા. ઊપર પ્રમાણે સર્વ જ્યોતિષ ચક્ર સમભૂમિથી ૯૦૦ યોજનની ઊંચાઇ સુધીમાં તિર્છા લોકમાં છે. જમ્બુદ્વીપના મેરુ પર્વતથી ૧૧૨૧ યોજન ચોતરફ દુર રહી જ્યોતિષ્ક વિમાનો ફરતાં રહે છે.

જમ્બુદ્વીપમાં ૨ ચંદ્ર અને ૨ સૂર્ય, લવણ સમુદ્રમાં ૪ ચંદ્ર અને ૪ સૂર્ય, ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય, પુષ્કરાર્ધ દ્વીપમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય એમ અઢી દ્વીપની અંદર બધા મળી ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય પાંચે મેરુ પર્વતની ચારે તરફ સદૈવ ફરતા રહે છે. અઢી દ્વીપની બહાર અસંખ્યાત ચંદ્ર, અસંખ્યાત સૂર્ય સદા સ્થિર રહે છે.B અઢી દ્વીપની બહાર ચંદ્રસૂર્યાદિ જ્યોતિષીના વિમાનોની લંબાઈ, પહોળાઇ અને ઊંચાઈ

A જ્યોતિષીના વિમાનવાહક દેવો જેટલા કહ્યા છે તેના ચાર વિભાગ કરવા, જેમાં ૧ વિભાગ પૂર્વ દિશામાં સિંહરૂપે; બીજો દક્ષિણમા હસ્તીરૂપે, ત્રીજો પશ્ચિમમાં બેલરૂપે અને ચોથો વિભાગ ઉત્તર દિશામાં ઘોડાનાં રૂપે વિમાન ઉઠાવી ફરતો રહે છે,

B અસંખ્યાત દ્વીપ સમુદ્રમાં ચંદ્રસૂર્યનાં વિમાનનું પ્રમાણ નીચેના હિસાબે છે. ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર, ૧૨ સૂર્ય કહ્યા છે. તેને ત્રણ ગુણા કરવા ૧૨ × ૩ = ૩૬ થયા તેમાં જમ્બુદ્વીપના ૨ સૂર્ય લવણ સમુદ્રના ૪ મળી ૬ ઉમેરતાં ૪૨ થયા, એ પ્રમાણે ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય કાલોદધિ સમુદ્રમાં છે પછી કાલોદધિના ૪૨ ને ત્રણે ગુણતાં ૧૨૬ થયા. તેમાં જંબુદ્વીપના ૨, લવણના ૪ અને ધાતકીખંડના ૧૨ એમ ૧૮ ભેળવતાં કુલ ૧૪૪ થયા, એ પ્રમાણે ૧૪૪, ચંદ્રમા અને ૧૪૪ સૂર્ય પુષ્કરદ્વીપમાં છે. તેમાંથી ૭૨ મનુષ્યોત્તર પર્વતની અંદર

અંદરનાં કરતાં અર્ધા જાણવાં. અઢી દ્વીપની અંદરના જ્યોતિષીનાં વિમાનો અર્ધા કવિઠ (કોઠું) ફળના આકારે, નીચેથી ગોળ અને ઉપર સમતલ છે. અને અઢી દ્વીપની બહારના જ્યોતિષીનાં વિમાનો ઇંટના આકારે (લંબાઈ વધારે અને પહોળાઇ ઓછી) છે.

બહારનાં વિમાનોનો પ્રકાશ પણ મંદ હોય છે. એટલે ઉદય થતાં સૂર્યચંદ્રના જેવું તેઓનું તેજ હોય છે. અઢી દ્વીપની અંદરના જ્યોતિષી ફરતા રહેવાથી રાત્રિદિવસ આદિ સમય પલટો થયા કરે છે. અને તેનાથી આવલિકા, મુહૂર્ત, આદિ કાળનું પ્રમાણ થઈ શકે છે. અને બહારના જ્યોતિષી સ્થિર રહેવાથી જ્યાં રાત્રિ ત્યાં રાત્રિ અને દિવસ ત્યાં દિવસ કાયમ રહે છે

સર્વ જ્યોતિષીના ઇંદ્ર ચંદ્રમા અને સૂર્ય છે. પ્રત્યેક ચંદ્રસૂર્યની સાથે ૮૮ ગ્રહ, + ૨૮ નક્ષત્ર ✻ અને છાસઠ હજાર નવસો

અને ૭૨ માનુષ્યોત્તરની બહાર છે. એ જ પ્રમાણે, આગળ ક્રમશઃ ત્રિગુણા કરતા જવા અને પાછળના દ્વીપ સમુદ્રના ભેળવતા જવું આ રીતે હરેક દ્વીપ સમુદ્રના ચંદ્રસૂર્યનું પ્રમાણ જાણી શકાય છે. અઢી દ્વીપની બહાર ચંદ્રસુર્ય વચ્ચે ૫૦૦૦૦૦ યોજનનું અંતર છે. ચંદ્ર ચંદ્ર તથા સૂર્ય સૂર્ય વચ્ચે ૧ લાખ યોજનનું અંતર છે. એ રીતે સર્વ સ્થાનમાં જાણી લેવું.

× ૮૮ ગ્રહોના નામ:– ૧. અંગારક, ૨. વિકાલક, ૩ લોહિતાક્ષ, ૪. શનિશ્ચર, ૫ આધુનિક, ૬. પ્રધુનિક, ૭. કણ, ૮. કણક, ૯. કણકણક, ૧૦. કણવિતાની, ૧૧. કણશતાની, ૧૨. સોમ, ૧૩. સહિત, ૧૪. અશ્વશત, ૧૫. કાર્યોત્વત, ૧૬. કર્બુક, ૧૭. અજકર્ક, ૧૮. દુંદુભક, ૧૯. શંખ, ૨૦. શંખનામ, ૨૧. શંખવર્ણ, ૨૨. કંશ, ૨૩. કંશનામ, ૨૪. કંશવર્ણ ૨૫. નીલ ૨૬. નીલભાસ, ૨૭. રૂપ, ૨૮. રૂપાવભાસ, ૨૯. ભસ્મ, ૩૦. ભસ્મરાસ, ૩૧. તિલ, ૩૨ તિલપુષ્પવર્ણ, ૩૩. દક, ૩૪. દકવર્ણ, ૩૫. કાય, ૩૬. બધ્ય, ૩૭. ઇંદ્રાગ્ની, ૩૮ ધુમકેતુ. ૩૯. હરિ, ૪૦. પિંગલક, ૪૧. બુદ્ધ, ૪૨. શુક્ર, ૪૩. બૃહસ્પતિ, ૪૪. રાહુ ૪૫. અગસ્ત્ય, ૪૬. માણવક, ૪૭. કાળસ્પર્શ, ૪૮. ધુરક ૪૯. પ્રમુખ, ૫૦. વિકટ, ૫૧. વિપર્નકલ્પ, ૫૨. પ્રકલ્પ, ૫૩. જયલ. ૫૪. અરુણ, ૫૫. અનિલ, ૫૬ કાળ, ૫૭. મહાકાળ, ૫૮. સ્વસ્તિક, ૫૯. સોવસ્તિક,

પંચોતેર ક્રોડાક્રોડ તારા છે. પ્રત્યેક જ્યોતિષીના માલિકને ૪ અગ્રમહિષી (ઇંદ્રાણી) છે.

પ્રત્યેક અગ્રમહિષીને ચાર ચાર હજાર દેવીઓનો પરિવાર હોય છે. ચાર હજાર સામાનિક દેવ છે. ૧૬૦૦૦ આત્મરક્ષક દેવ છે, આભ્યંતર પરિષદના ૮૦૦૦ દેવ છે, મધ્ય પરિષદના ૧૦૦૦૦ દેવ છે. અને બાહિર પરિષદના ૧૨૦૦૦ દેવ છે. ૭ પ્રકારની (અણિકા) સેના છે. બીજો પણ ઘણો પરિવાર છે. પૂર્વઉપાર્જિત પુણ્યોનાં ફળો ભોગવી રહ્યા છે.

ઉપર પ્રમાણે ૯૦૦ યોજન ઉપર અને ૯૦૦ યોજન નીચે એમ કુલ ૧૮૦૦ યોજનમાં તિરછો લોક છે. તેનું વર્ણન સંપૂર્ણ થયું.

મેરુ પર્વતે ત્રણે લોક સ્પર્શ્યા છે. તે ૧૦૦ યોજન અધોલોકમાં, ૧૮૦૦ યોજન તિરછા લોકમાં અને ૯૮૧૦૦ યોજન ઉર્ધ્વલોકમાં છે.

ઉર્ધ્વ (ઊંચા) લોકનું વર્ણન

શનિશ્ચરના વિમાનની ધ્વજાથી ૧॥ રાજ ઉપર ૧૯॥ ઘનરજ્જુ જેટલા વિસ્તારમાં ઘનોદધિના આધાર પર લગડાને આકારે જમ્બુના મેરુપર્વતથી દક્ષિણ દિશામાં પહેલું 'સુધર્મ' અને ઉત્તર દિશામાં બીજું

---

૬૦ વૃર્ધમાનક, ૬૧. પાલમ્બોક, ૬૨. નિત્યોદક, ૬૩. સ્વયંપ્રભ, ૬૪ આભાસ, ૬૫. પ્રભાસ, ૬૬. શ્રેયસ્કર, ૬૭. ક્ષેમંકર ૬૮ આભકર, ૬૯. પ્રભકર, ૭૦. અરજ, ૭૧. વિરજ ૭૨. આશોક, ૭૩. તાશોક, ૭૪. વિમલ, ૭૫. વિતત, ૭૬. વિવસ્ત્ર, ૭૭. વિશાલ. ૭૮. શાલ, ૭૯. સુવ્રત, ૮૦ અનિવૃત, ૮૧. એક જટી, ૮૨. દ્વિજટી, ૮૩. કરી, ૮૪. કરીક, ૮૫. રાજા, ૮૬. અર્ગલ, ૮૭. પુષ્પકેતું, અને, ૮૮. ભાવકેતુ.

× ૨૮ નક્ષત્રોનાં નામઃ— ૧. અભિચ. ૨. શ્રવણ, ૩. ધનિષ્ટા, ૪. શતભિષા, ૫. પુર્વાભાદ્રપદ, ૬. ઉત્તરાભાદ્રપદ, ૭. રેવતી, ૮. અશ્વિની, ૯. ભરણી, ૧૦. કૃતિકા, ૧૧. રોહિણી, ૧૨. મૃગશર, ૧૩. આદ્રા, ૧૪. પુનર્વસુ ૧૫ પુષ્પ, ૧૬, અશ્લેષા, ૧૭. મઘા, ૧૮. પૂર્વા ફાલ્ગુની, ૧૯. ઉત્તરા ફાલ્ગુની, ૨૦ હસ્ત, ૨૧. ચિત્રા, ૨૨, સ્વાતિ, ૨૩. વિશાખા, ૨૪. અનુરાધા, ૨૫. જ્યેષ્ઠા, ૨૬. મૂળ ૨૭. પૂર્વાષાઢા અને, ૨૮. ઉત્તરાષાઢા.

'ઈશાન' દેવલોક છે. આ બન્ને દેવલોકમાં ૧૩–૧૩ પ્રતર છે ૦. તેમાં પાંચસો પાંચસો યોજનનાં ઊંચાં અને ૨૭૦૦ યોજનનાં ભોંયતળિયાવાળાં પહેલા દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે અને બીજા દેવલોકમાં ૨૮ લાખ વિમાન છે. પહેલા દેવલોકના ઇંદ્રનું નામ શકેંદ્ર છે. તેને આઠ અગ્રમહિષી છે. અને બીજા દેવલોકના ઈશાનેંદ્રને પણ આઠ અગ્રમહિષી છે.

પ્રત્યેક ઇંદ્રાણીને સોળ સોળ હજાર દેવીઓનો પરિવાર છે. પહેલા દેવલોકના દેવતાનું જઘન્ય ૧ પલ્યોપમ અને ઉત્કૃષ્ટ ૨ સાગરોપમનું આયુષ્ય છે. તેની પરિગ્રહિતા દેવીનું જઘન્ય ૧ પલ્યોપમનું અને ઉત્કૃષ્ટ ૭ પલ્યોપમનું આયુષ્ય છે. બીજા દેવલોકના દેવોનું જઘન્ય ૧ પલ્યોપમ ઝાઝેરું, ઉત્કૃષ્ટ ૨ સાગરોપમ ઝાઝેરું આયુષ્ય છે. તેની પરિગ્રહિતા દેવીનું જઘન્ય ૧ પલ્યોપમ ઝાઝેરું અને ઉત્કૃષ્ટ ૯ પલ્યોપમ ઝાઝેરું આયુષ્ય છે. અહીંથી ઉપરના દેવલોકમાં દેવીઓ ઉત્પન્ન થતી નથી.

ઉપરના બન્ને દેવલોકની એક રાજ ઉપર ૧૯।। ઘનરજ્જુ વિસ્તારમાં ઘનવાતને આધારે દક્ષિણ દિશામાં ત્રીજું 'સનત્કુમાર' અને ઉત્તરમાં ચોથું 'માહેન્દ્ર' દેવલોક છે. બન્નેમાં બાર બાર પ્રતર છે. તેમાં ૬૦૦ યોજન ઊંચાં અને ૨૬૦૦ યોજન ભૂમિતલવાળાં ત્રીજામાં ૧૨ લાખ અને ચોથામાં ૮ લાખ વિમાન છે. ત્રીજા દેવલોકના દેવોનું જઘન્ય ૨ સાગરોપમનું, ઉત્કૃષ્ટ ૭ સાગરોપમનું અને ચોથા દેવલોકના દેવોનું જઘન્ય ૨ સાગરોપમ ઝાઝેરું અને ઉત્કૃષ્ટ ૭ સાગરોપમ ઝાઝેરું આયુષ્ય છે.

ઉક્ત બન્ને દેવલોકથી અર્ધો રાજ ઊંચે ૧૮।।। ઘનરજ્જુના વિસ્તારમાં મેરૂ પર્વત પર બરાબર મધ્યમાં ઘનવાતના આધારે પાંચમું બ્રહ્મલોક દેવલોક છે. તેમાં છ પ્રતર છે. તેમાં ૭૦૦ યોજન ઊંચા તથા ૨૫૦૦ યોજન ભૂમિતલવાળાં ચાર લાખ વિમાન છે. અહીંનાં દેવોનું જઘન્ય ૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમ આયુષ્ય છે.

---

૦ જેમ મકાનમાં માળ (મજલા) હોય તેમ દેવલોકમાં પ્રતર છે. જેમ માળની અંદર ઓરડા હોય છે તેમ દેવલોકમાં વિમાન છે.

પાંચમા દેવલોકના ત્રીજા અરિષ્ટ નામે પ્રતરની પાસે દક્ષિણ દિશામાં ત્રસનાલની અંદર પૃથ્વી પરિણામરૂપ કાળા રંગની અખાડાના આકારે નવ કૃષ્ણરાજુ × છે.તેમાં ૪ દિશાએ ચાર, ૪ વિદિશાએ ચાર અને એક મધ્યમાં એમ નવ વિમાન છે. તેમાં લોકાંતિક જાતિના દેવો રહે છે. તેમનાં નામ આ પ્રમાણે છે.

૧. ઇશાન કોણમાં 'અર્ચી' વિમાન' છે. તેમાં 'સારસ્વત' દેવ રહે છે.

૨. પૂર્વમાં 'અર્ચિમાલી' વિમાન છે. તેમાં 'આદિત્ય' દેવ રહે છે. એ બન્ને દેવોનો ૭૦૦ દેવનો પરિવાર છે.

૩. અગ્નિકોણમાં 'વેરોચન' વિમાન છે. તેમાં 'વહ્નિ' દેવ રહે છે.

૪. દક્ષિણમાં 'પ્રભંકર' વિમાન છે, જેમાં 'વરુણ' દેવ રહે છે. આ બન્ને દેવોનો ૧૪૦૦૦ દેવોનો પરિવાર છે.

૫. નૈઋત્ય કોણમાં 'ચંદ્રાભ' વિમાન છે, તેમાં 'ગર્દતોયા' દેવ રહે છે.

૬. પશ્ચિમમાં 'સૂર્યાભ' વિમાન છે. તેમાં 'તુષિત' દેવ રહે છે. એ બન્નેનો ૭૦૦૦ દેવોનો પરિવાર છે.

૭. વાયવ્ય કોણમાં 'શકાભ' વિમાન છે. તેમાં 'અવ્યાબાધ' દેવ રહે છે.

૮. ઉત્તર દિશામાં 'સુપ્રતિષ્ઠ' વિમાન છે, તેમાં 'અગ્નિદેવ' રહે છે.

૯. સર્વની મધ્યમાં 'રિષ્ટાભ' વિમાન છે, તેમાં 'અરિષ્ટ' દેવ રહે છે. આ ત્રણેનો ૯૦૦ દેવોનો પરિવાર છે.

× અસંખ્યાતમા અરૂણવર સમુદ્રમાંથી ૧૭૨૧ યોજન પછી ભીંત સમાન અને અંધકારમય "તમસ્કાર્ય" નીકળીને ઉપર ચઢતીને ચાર દેવલોકને પેટાળમાં લઇ પાંચમા દેવલોકના ત્રીજા પ્રતર પાસે પહોંચી છે. તે સમુદ્રમાંથી નીકળતાં એક એક પ્રદેશની હોય છે. ઉપર જતાં પ્રદેશે પ્રદેશે એક એક પ્રદેશ વધતાં પાંચમા દેવલોકે અસંખ્યાત જોજન જાડી હોય છે.

આ નવ દેવતા સમકિતી હોય છે અને તીર્થંકરોને દીક્ષા લેવાને અવસરે તેમને ચેતવણી આપે છે. થોડા જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરવાવાળા છે. લોક (ત્રસનાલ)ના કિનારા પર રહેવાવાળા હોવાથી લોકાંતિક કહેવાય છે.

ઉક્ત પાંચમા દેવલોકથી અર્ધો રાજ ઉપર ૧૮।।। ઘનરજ્જુના વિસ્તારમાં ઘનવાય અને ઘનોદધિના આધાર પર છઠ્ઠું લાંતક દેવલોક છે. તેમાં ૫ પ્રતર છે. તેમાં ૭૦૦ યોજન ઊંચાં અને ૨૫૦૦ યોજન ભૂમિતલવાળાં ૫૦ હજાર વિમાન છે. છઠ્ઠા દેવલોકના દેવનું જઘન્ય ૧૦ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૪ સાગરોપમનું આયુષ્ય છે.

છઠ્ઠા દેવલોકથી પા રાજ ઉપર ૭। ઘનરજ્જુ વિસ્તારમાં ઘનવાય અને ઘનોદધિના આધારે સાતમું 'મહાશુક્ર' દેવલોક છે. તેમાં ૪ પ્રતર છે. ૮૦૦ યોજન ઊંચાં અને ૨૪૦૦ યોજન ભૂમિતલવાળાં ૪૦ હજાર વિમાન છે. અહીંના દેવોનું જઘન્ય ૧૪ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ ૧૭ સાગરોપમનું આયુષ્ય છે.

સાતમા દેવલોકથી પા રાજ ઉપર ૭। ઘનરજ્જુ વિસ્તારમાં ઘનવાત અને ઘનોદધિના આધારે આઠમું 'સહસ્રાર' દેવલોક છે. તેમાં ૪ પ્રતર છે. અને ૮૦૦ યોજન ઊંચાં તથા ૨૪૦૦ યોજન ભૂમિતલ-વાળાં ૬૦૦૦ વિમાન છે. અહીંના દેવોનું જઘન્ય ૧૭ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૮ સાગરોપમનું આયુષ્ય છે.

આઠમા દેવલોકથી ૦।। રાજ ઊંચે ૧૨।। ઘનરજ્જુ વિસ્તારમાં મેરુથી દક્ષિણ બાજુ નવમું 'આણુત' અને ઉત્તર તરફ દસમું 'પ્રાણુત' દેવલોક છે. બન્ને દેવલોક લગડાને આકારે છે. બન્નેમાં ચાર ચાર પ્રતર છે. તેમાં ૯૦૦ યોજન ઊંચાં અને ૨૩૦૦ યોજન ભૂમિતલવાળાં બન્નેનાં મળી ૪૦૦ વિમાન છે. નવમા દેવલોકના દેવોનું જઘન્ય ૧૮ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૧૯ સાગરોપમનું આયુષ્ય છે. અને દસમા દેવલોકના દેવોનું જઘન્ય ૧૯ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૦ સાગરોપમનું આયુષ્ય છે.

નવમા દસમા દેવલોકથી અર્ધો રાજ ઊંચે ૧૦॥ ઘનરજ્જુ વિસ્તારમાં મેરુથી દક્ષિણ દિશામાં ૧૧મું 'આરણ' અને ઉત્તર દિશામાં બારમું 'અચ્યુત' દેવલોક છે. બંનેમાં ચાર ચાર પ્રતર છે. તેમાં ૧૦૦૦ યોજન ઊંચાં અને ૨૨૦૦ યોજનનાં ભૂમિતલવાળાં બંનેનાં મળી ૩૦૦ વિમાન છે. અગિયારમા દેવલોકના દેવોનું જઘન્ય ૨૦ સાગરોપમનું અને ઉત્કૃષ્ટ ૨૧ સાગરોપમનું તથા બારમા દેવલોકના દેવોનું જઘન્ય ૨૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમનું આયુષ્ય છે.

પહેલા સુધર્મા દેવલોકમાં 'અપરિગ્રહીતા' દેવીઓનાં ૬ લાખ વિમાન છે. તેમાં રહેનારી દેવીઓનું જઘન્ય ૧ પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૫૦ પલ્યોપમનું આયુષ્ય છે. તેમાંથી એક પલ્યોપમના આયુષ્યવાળી દેવીઓ જ પહેલા દેવલોકનાં ઉપભોગમાં આવે છે. એક પલ્યોપમથી એક સમય અધિકથી તે ૧૦ પલ્યોપમના આયુષ્યવાળી દેવીઓ ત્રીજા દેવલોકના દેવોને ભોગયોગ્ય હોય છે. ૧૦ પલ્યોપમથી એક સમયાધિક ૨૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી પાંચમા દેવલોકના દેવોને ભોગયોગ્ય, ૨૦ પલ્યોપમથી સમયાધિક ૩૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવીઓ સાતમા દેવલોકના દેવોને ભોગયોગ્ય હોય છે. ૩૦ પલ્યોપમથી એક સમયાધિક ૪૦ પલ્યોપમના આયુષ્યવાળી દેવીઓ નવમા દેવલોકના દેવોને ભોગ યોગ્ય હોય છે. ૪૦ પલ્યોપમથી એક સમયાધિક અને ૫૦ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવીઓ ૧૧મા દેવલોકના દેવોને ભોગયોગ્ય હોય છે.

બીજા દેવલોકમાં અપરિગ્રહીતા દેવીઓનાં ૪ લાખ વિમાન છે. તેમાં રહેનારી દેવીઓનું જઘન્ય ૧ પલ્યોપમ ઝાઝેરું અને ઉત્કૃષ્ટ ૫૫ પલ્યનું આયુષ્ય છે. જેમાંથી એક પલ્ય ઝાઝેરાના આયુષ્યવાળી દેવીઓ જ બીજા દેવલોકના દેવોના ઉપભોગમાં આવે છે. એક પલ્યોપમ ઝાઝેરા સમયાધિકથી તે ૧૫ પલ્યોપમ સુધીની ચોથા દેવલોકે, ૧૫ થી ૨૫ પલ્યોપમ સુધીની છઠ્ઠા દેવલોકે, ૨૫ થી ૩૫ આઠમા દેવલોકે, ૩૫ થી ૪૫ દસમા દેવલોકે અને ૪૫ થી ૫૫ પલ્યોપમ સુધીની બારમા દેવલોકે વસતા દેવોને ઉપભોગમાં આવે છે.

પહેલા, બીજા દેવલોકના દેવો મનુષ્યની પેઠે કામભોગ સેવે છે.

ત્રીજા, ચોથા દેવલોકના દેવો દેવીના સ્પર્શ માત્રથી તૃપ્ત થાય છે.

પાંચમા, છઠ્ઠા દેવલોકના દેવો દેવીના વિષયજનક શબ્દ સાંભળી તૃપ્ત થાય છે.

સાતમા, આઠમા દેવલોકના દેવો દેવીનાં અંગોપાંગના નિરીક્ષણ (રૂપ)થી જ તૃપ્ત થાય છે.

અહીં સુધી પહેલા બીજા દેવલોકની અપરિગ્રહિતા દેવીઓને દેવતા તેડાવે છે. નવમા, દસમા, અગિયારમા અને બારમા દેવલોકના દેવ સ્વસ્થાનકે રહી ભોગની ઇચ્છા કરે છે, તે વખતે પહેલા, બીજા દેવલોકમાં રહેલી તેમને ભોગયોગ્ય દેવીનું મન તેમના તરફ આકર્ષાય છે. દેવ અવધિજ્ઞાનથી તેના વિકારી મનનું અવલોકન કરીને જ તૃપ્ત× થઈ જાય છે. બારમા દેવલોકથી ઉપરના દેવોને ભોગ ઇચ્છા થતી નથી.

આ એકેક ઇંદ્રને ૭ પ્રકારની અણિકા (સેના) છે. ૧. ગંધર્વ ૨. નાટક, ૩. હસ્તી, ૪. ઘોડા, ૫. રથ, ૬. પાયદળ, ૭. વૃષભ.

જેમ અહીં રાજાઓને ઉમરાવ હોય છે તેમ ૬૪ ઇંદ્રોને સામાનિક દેવ હોય છે. પુરોહિતની સમાન પ્રત્યેક ઇન્દ્રને ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે. અંગરક્ષક સમાન આત્મરક્ષક દેવો હોય છે. સલાહકાર મંત્રીની પેઠે આભ્યંતર પરિષદના દેવ હોય છે. તેઓ ઇંદ્ર જ્યારે બોલાવે છે ત્યારે જ જાય છે. કામદારો સમાન શ્રેષ્ઠ કામ કરનાર મધ્યમ પરિષદના દેવો હોય છે. તેઓ ઇન્દ્રના તેડાવ્યા પણ જાય અને વણતેડાવ્યા પણ જાય. કિંકરની પેઠે સઘળાં કામ કરનારા બાહ્ય પરિષદના દેવો હોય છે. તેઓ

×જેમ નાગરવેલનાં પાન હજારો ગાઉ દૂર લઈ જવામાં આવે પણ અહીં તેની વેલને કંઈ નુકસાન પહોંચતાં દૂર રહેલું પાન ખરાબ થઈ જાય છે. તેમજ બારમા દેવલોકના દેવ દૂર રહેવા છતાં પણ બીજા દેવલોકની દેવીની સાથે માનસિક ભોગ વિચારમાત્ર (By mental thought)થી કરી શકે છે.

વણતેડાવ્યા આવે છે. અને પોતપોતાનાં કાર્યમાં તત્પર રહે છે. દ્વારપાળ સમાન ૪ લોકપાળ દેવ હોય છે. સેના સમાન સાત અણિકાના દેવ હોય છે. તેઓ પોતપોતાના અધિકાર પ્રમાણે હાથી, ઘોડા, રથ, પાયદળ, આદિનાં રૂપ બનાવી યથોચિત રીતે ઇન્દ્રના કામમાં આવે છે. ગંધર્વોની અણિકાના દેવ મધુર ગાનતાન કરે છે. નાટક-અણિકાના દેવ મનોરમ નૃત્ય કરે છે. આભિયોગિક દેવ ઇંદ્રના આદેશથી કાર્ય કરવામાં તત્પર રહે છે. અને પ્રકીર્ણ દેવ વિમાનોમાં રહેનારા પ્રજા સમાન હોય છે. દરેક ઇંદ્રોનું આયુષ્ય ઉત્કૃષ્ટ હોય છે. આ પ્રમાણે દેવતા પૂર્વોપાર્જિત પુણ્યનાં ફળ ભોગવતા થકા સુખથી કાલાતિક્રમણ કરે છે.

જેમ મનુષ્યમાં ચંડાલ આદિ નીચ જાતિના મનુષ્યો હોયછે, તેમ દેવોમાં કુરૂપ, અશુભ ક્રિયા કરનારા મિથ્યાત્વી અને અજ્ઞાની 'કિલ્વિષી' નામે દેવો ત્રણ પ્રકારના હોય છે. પહેલા બીજા દેવલોકમાં ૩ પલ્યોપમના આયુષ્યવાળા, ચોથામાં ૩ સાગર આયુષ્યવાળા અને છઠ્ઠા દેવલોકમાં ૧૩ સાગરના આયુષ્યવાળા કિલ્વિષી હોય છે. તેઓ અનુક્રમે ત્રણ પલિયા, ત્રણ સાગરિયા અને તેર સાગરિયા કહેવાય છે. દેવ ગુરુ ધર્મની નિંદા કરનાર અને તપ સંયમની ચોરી કરનારા મરીને કિલ્વિષી દેવ થાય છે.

સંખ્યાત યોજનના દેવસ્થાનમાં સંખ્યાત અને અસંખ્યાત યોજનના દેવસ્થાનમાં અસંખ્યાત દેવોને ઉત્પન્ન થવાની 'ઉત્પાત શય્યા' છે. તે ઉપર દેવદુષ્ય (વસ્ત્ર) ઢંકાયેલું રહે છે. તેમાં પુણ્યાત્માઓ ઉત્પન્ન થાય છે ત્યારે તે શય્યા અંગાર ઉપર નાખેલી રોટલીની પેઠે ફૂલે છે. ત્યારે નિકટવર્તી દેવો ઘંટનાદ કરે છે, ત્યારે તેના તાબાનાં બધાં વિમાનોમાં ઘંટનાદ થાય છે. આથી દેવદેવીઓ ઉત્પાત શય્યા પાસે એકઠાં થઇ જાય છે અને જયધ્વનિથી વિમાન ગજાવી મૂકે છે.

અંતર્મુહૂર્તમાં તે દેવ આહારાદિ છ પર્યાપ્તિથી પર્યાપ્ત થઇ, તરુણ વયવાળા જેવું શરીર ધારણ કરી તથા દેવદુષ્ય ધારણ કરી બેઠા થાય છે. ત્યારે દેવો પ્રશ્ન કરે છે કે આપે શાં દાન દીધાં ? શાં પુણ્ય કર્યા કે અમારા નાથ થયા ? ત્યારે તે અવધિજ્ઞાનથી પૂર્વ જન્મનું

દેવલોકનાં નામ	ઇંદ્રનાં નામ	સામાનિક દેવ	આત્મરક્ષક દેવ	અભ્યંતર પરિષદના દેવ	મધ્ય પરિષદના દેવ	બાહ્ય પરિષદના દેવ	ચિહ્ન	દેહમાન
૧ સુધર્મ	શક્રેન્દ્ર	૮૪૦૦૦	૩૩૬૦૦૦	૧૨૦૦૦	૧૪૦૦૦	૧૬૦૦૦	મૃગ	૭ હાથ
૨ ઈશાનેન્દ્ર	ઈશાનેંદ્ર	૮૦૦૦૦	૩૨૦૦૦૦	૧૦૦૦૦	૧૨૦૦૦	૧૪૦૦૦	મહિષ	૭ ,,
૩ સનતકુમાર	સનત્કુમારેન્દ્ર	૭૨૦૦૦	૨૮૮૦૦૦	૮૦૦૦	૧૦૦૦૦	૧૨૦૦૦	વરાહ	૬ ,,
૪ માહેન્દ્ર	માહેન્દ્ર	૭૦૦૦૦	૨૮૦૦૦૦	૬૦૦૦	૮૦૦૦	૧૦૦૦૦	સિંહ	૬ ,,
૫ બ્રહ્મલોક	બ્રહ્મેન્દ્ર	૬૦૦૦૦	૨૪૦૦૦૦	૪૦ ૦	૬૦૦૦	૮૦૦૦	બકરો	૫ ,,
૬ લાંતક	લાંતકેન્દ્ર	૫૦૦૦૦	૨૦૦૦૦૦	૨૦૦૦	૪૦૦૦	૬૦૦૦	દેડકો	૫ ,,
૭ મહાશુક્ર	મહાશુક્રેન્દ્ર	૪૦૦૦૦	૧૬૦૦૦૦	૧૦૦૦	૨૦૦૦	૩૦૦૦	અશ્વ	૫ ,,
૮ સહસ્રાર	સહસ્રારેન્દ્ર	૩૦૦૦૦	૧૨૦૦૦૦	૫૦૦	૧૦૦૦	૨૦૦૦	હાથી	૪ ,,
૯ આણત ૧૦ પ્રાણત	બન્નેનો એક પ્રાણતેન્દ્ર	૨૦૦૦૦	૮૦૦૦૦	૨૫૦	૫૦૦	૧૦૦૦	સર્પ ગેંડો વૃષભ	૪ ,,
૧૧ આરણ ૧૨ અચ્યુત	બન્નેનો એક અચ્યુતેન્દ્ર	૧૦૦૦૦	૪૦,૦૦૦	૧૨૫	૨૫૦	૫૦૦	શાહમૃગ	૩ ,,

અવલોકન કરી કહે છે કે, હું મારા સ્વજન મિત્રોને જરા સૂચન કરી આવું એમ કહી તૈયાર થાય છે. ત્યારે તે દેવદેવીઓ કહે છે કે ત્યાં જઇને આપ અહીંની શી વાત કરશો ? જરા એક મુહૂર્ત માત્ર નાટક તો જોતા જાઓ. ત્યારે નૃત્યકાર અણિકાના દેવ જમણી ભુજાથી ૧૦૮ કુંવરો તથા ડાબી ભુજાથી ૧૦૮ કુમારિકાઓ કાઢીને ૩૨ પ્રકારનું નાટક કરે છે, અને ગંધર્વની અણિકાના દેવ ૪૯ જાતિનાં વાજિંત્રોની સાથે ૬ રાગ, ૩૬ રાગિણીના મધુર સ્વરથી આલાપ કરે છે. તેમાં તો અહિંનાં બે હજાર વર્ષ વીતી જાય છે. તે દેવ ત્યાંના સુખમાં લુબ્ધ થઇ પૂર્વોપાર્જિત પુણ્યનાં ફળો ભોગવવામાં તલ્લીન થઈ જાય છે.

અગિયારમા બારમા દેવલોકથી ૨ રાજ ઉપર અને ૮ ઘનરજ્જુ વિસ્તારમાં ગાગર બેડાને આકારે ઉપરાઉપરી આકાશને આધારે 'નવ ગ્રૈવેયક' છે. તેની ત્રણ ત્રિકમાં ૯ પ્રતર છે.

પહેલી ત્રિકમાં ૧. ભદ્ર ૨. સુભદ્ર, ૩. સુજાતા આ ત્રણ ગ્રૈવેયક છે. ત્રણેનાં ૧૧૧ વિમાન છે.

બીજી ત્રિકમાં ૪. સુમાનસ, ૫. સુદર્શન ૬. પ્રિયદર્શન એ ત્રણ ગ્રૈવેયક છે. તેમાં ૧૦૭ વિમાન છે.

ત્રીજી ત્રિકમાં ૭. આમોહ ૮. સુપ્રતિભદ્ર, ૯. યશોધર એ ત્રણ ગ્રૈવેયક છે. ત્રણેના ૧૦૦ વિમાન છે. આ બધાં વિમાન ૧૦૦૦ યોજન ઊંચાં છે. અને ૨૨૦૦ યોજનનાં ભૂમિતલ છે. અહીંના દેવોનું બે હાથનું દેહમાન છે.

આયુષ્ય—પહેલી ગ્રૈવેયકમાં જઘન્ય ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ ૨૩ સાગરોપમ છે, બીજીમાં, જઘન્ય ૨૩ ઉત્કૃષ્ટ ૨૪, ત્રીજીમાં જઘન્ય ૨૪ ઉત્કૃષ્ટ ૨૫, ચોથીમાં જઘન્ય ૨૫ ઉત્કૃષ્ટ ૨૬, પાંચમીમાં જઘન્ય ૨૬ ઉત્કૃષ્ટ ૨૭, છઠ્ઠીમાં જઘન્ય ૨૭ ઉત્કૃષ્ટ ૨૮, સાતમીમાં જઘન્ય ૨૮ ઉત્કૃષ્ટ ૨૯, આઠમીમાં જઘન્ય ૨૯ ઉત્કૃષ્ટ ૩૦, નવમીમાં જઘન્ય ૩૦ ઉત્કૃષ્ટ ૩૧ સાગરોપમનું આયુષ્ય હોય છે.

નવ ગ્રૈવેયકથી ૧ રાજ ઉપર ૬ાા ઘનરજ્જુના વિસ્તારમાં ચારે દિશામાં ચાર વિમાન ૧૧૦૦ યોજન ઊંચાં અને ૨૧૦૦યોજન ભૂમિતલવાળાં અસંખ્યાત યોજનનાં લાંબાંપહોળાં છે. મધ્યમાં એક લાખ યોજન લાંબુ, પહોળું, ગોળ પાંચમું વિમાન છે, તેનાં નામ–૧. પૂર્વમાં વિજય ૨. દક્ષિણમાં વૈજયંત, ૩. પશ્ચિમમાં જયંત, ૪. ઉત્તરમાં અપરાજિત, અને ૫. મધ્યમાં સર્વાર્થસિદ્ધ વિમાન છે. એ પાંચે વિમાનવાસી દેવોનું એક હાથનું દેહમાન છે. અને ચાર વિમાનોના દેવોનું જઘન્ય ૩૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું આયુષ્ય છે. અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું જઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું આયુષ્ય છે.

બધા વિમાનોમાં આ પાંચ વિમાન શ્રેષ્ઠ હોવાથી તેને અનુત્તર વિમાન કહે છે. સર્વાર્થસિદ્ધ વિમાનની છતની મધ્યમાં ૨૫૩ મોતીનો એક ચંદરવો છે. તેમાં મધ્યનું ૧ મોતી ૬૪ મણનું છે. ચોતરફ ચાર મોતી ૩૨–૩૨ મણનાં છે. તેની પાસે આઠ મોતી ૧૬–૧૬ મણનાં છે. તેની પાસે ૧૬ મોતી ૮–૮ મણનાં છે. તેની પાસે ૩૨ મોતી ૪–૪ મણનાં છે. તેની પાસે ૬૪ મોતી ૨–૨ મણનાં છે. અને તેની પાસે ૧૨૮ મોતી એક એક મણનાં છે. તે મોતી હવાથી પરસ્પર અથડાય છે ત્યારે તેમાંથી ૬ રાગ, ૩૬ રાગણી નીકળે છે.

જેમ મધ્યાહ્નનો સૂર્ય સર્વને મસ્તક પર દેખાયછે તેમ આ ચંદરવો પણ સર્વાર્થસિદ્ધ વિમાનના સર્વ દેવોને પોતાના મસ્તક પર દેખાય છે. આ પાંચે વિમાનોમાં શુદ્ધ સંયમ પાળનાર ચૌદ પૂર્વધર સાધુ જ ઉત્પન્ન થાય છે. ત્યાં તેઓ સદૈવ જ્ઞાન ધ્યાનમાં નિમગ્ન રહે છે. જ્યારે તેમને કંઇક સંદેહ ઉત્પન્ન થાયછે, ત્યારે તે શય્યાથી નીચે ઊતરીને અહીં બિરાજમાન તીર્થંકર ભગવાનને નમસ્કાર કરી પ્રશ્ન પૂછે છે. અને ભગવાન તે પ્રશ્નના ઉત્તરને દ્રવ્ય મનોમય પુદ્ગલોમાં પરિણમાવે છે. તેને તેઓ અવધિજ્ઞાનથી ગ્રહણ કરી સમાધાન પામે છે.

પાંચે વિમાનના દેવો એકાંત સમ્યગ્દૃષ્ટિ હોય છે. ચાર અનુત્તર વિમાનના દેવો સંખ્યાત ભવ કરીને અને સર્વાર્થ સિદ્ધના દેવો એક જ ભવ કરી મોક્ષ પામે છે. અહીંના દેવો સર્વથી અધિક સુખી છે.

નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં સામાનિક, આત્મરક્ષક આદિ નાનામોટા દેવ કોઈ નથી. સઘળા સમાન રિદ્ધિવાળા છે. તેથી તેઓ 'અહમેન્દ્ર' કહેવાય છે. અહીં ફક્ત સાધુઓ જ આયુષ્ય પૂર્ણ થયે ઉત્પન્ન થાય છે.

ઉક્ત બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન એ ૨૬ સ્વર્ગના ૬૨ પ્રતર અને ૮૪,૯૭,૦૨૩ (ચોરાશી લાખ સત્તાણું હજાર ત્રેવીસ) વિમાન છે. તે બધાં રત્નમય છે. અનેક સ્થંભ પરિમંડિત, અનેકવિધ ચિત્રોથી ચિત્રિત, અનેક ખીંતીઓ તથા લીલાયુક્ત પૂતળીઓથી શોભિત, સૂર્ય જેવાં ચકચકિત અને સુગંધથી મઘમઘાયમાન હોય છે.

પ્રત્યેક વિમાનમાં ચોતરફ બગીચા હોય છે. જેમાં રત્નોની વાવડી, રત્નમય નિર્મળ જળ અને કમળોથી મનોહર છે.

રત્નોનાં સુંદર વૃક્ષ, વલ્લી, ગુચ્છ, ગુલ્મ, તૃણ, વાયુથી પરસ્પર અથડાવાથી તેમાંથી ૬ રાગ ૩૬ રાગિણી નીકળે છે. ત્યાં સોના રૂપાની રેતમાં વિધવિધ આસનો હોય છે. અતિ સુંદર સદૈવ નવયૌવનથી લલિત, દિવ્ય તેજ કાંતિના ધારક સમચતુરસ્ત્ર સંસ્થાને સંસ્થિત, અત્યુત્તમ મણિરત્નોનાં વસ્ત્રાભૂષણથી અલંકૃત દેવદેવીઓ ઈચ્છિત ભોગ ભોગવતાં પૂર્વોપાર્જિત પુણ્ય ફળ અનુભવતા વિચરે છે.

જે દેવનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય તે દેવ તેટલા પખવાડિયે શ્વાસોશ્વાસ લે છે, અને તેટલા જ હજાર વર્ષે આહારની ઇચ્છા ઊપજે છે. જેમકે સર્વાર્થ સિધ્ધવાસી દેવોનું ૩૩ સાગરનું આયુષ્ય છે તે ૩૩ પખવાડીએ (૧૬॥ મહિને) શ્વાસોશ્વાસ લે છે. અને ૩૩ હજાર વર્ષ આહાર ગ્રહણ કરે છે. દેવોને કવલ આહાર નથી, પણ રોમ આહાર છે. અર્થાત્ જ્યારે તેમને આહારની ઇચ્છા થાય છે ત્યારે અચિત શુભ પુદ્ગળોને રોમરોમથી ખેંચીને તૃપ્ત થઈ જાય છે.

ઉક્ત સર્વાર્થસિદ્ધ મહા વિમાનથી ૧૨ યોજન ઉપર ૧૧ ઘન-રજ્જુ × વિસ્તાર જેટલી જગ્યામાં શેષ બધો લોક રહ્યો છે. સર્વાર્થ-સિદ્ધથી ૧૨ યોજન ઉપર ૪૫ લાખ યોજન લાંબી, પહોળી, ગોળ, મધ્યમાં ૮ યોજન જાડી અને ચોતરફથી ક્રમશઃ ઘટતી ઘટતી કિનારા પર માખીની પાંખથી પણ પાતળી, ૧,૪૨,૩૦,૨૪૯ યોજનના પરિ-ઘવાળી, શ્વેત સુવર્ણમય, નગારાને આકારે સિદ્ધશિલા છે.

તેનાં ૧૨ નામ છે. ૧. ઈસીતિવા, ૨. ઈસીપ્રભારાતિવા, ૩. તણુતિવા ૪. તણુયરિયતિવા, ૫. સિદ્ધિતિવા, ૬. સિદ્ધાલયતિવા, ૭. મુત્તિતિવા, ૮. મુત્તાલયતિવા, ૯. લોયગ્ગતિવા, ૧૦. લોયગ્ગ થુભિયાતિવા, ૧૧. લોયગ્ગ બુજ્ઝમાનતિવા, ૧૨. સવ્વપાણભૂયજીવ સત્ત સુહવહાતિવા.

આ સિદ્ધશિલાથી ૧ યોજન ઉપર જતાં ઉપલા કોસના છઠ્ઠાભાગમાં મનુષ્યલોકની બરાબર ઉપર અગ્રભાગ પર ૪૫ લાખ યોજન લાંબા, પહોળા અને ૩૩૩ ધનુષ્ય ૩૨ અંગૂલ જેટલા ઊંચા ક્ષેત્રમાં અનંત સિદ્ધ ભગવાન રહ્યા છે.

ઈતિ લોકાલોકનું સંક્ષિપ્ત વર્ણન સમાપ્ત થયું.

× સર્વ લોકના ૩૪૩ ઘનરજ્જુનો હિસાબ–

નિગોદથી સાતમા નરક સુધી ઘનરજ્જુ	૪૬	ત્રીજું ચોથું દેવલોક . ઘનરજ્જુ	૧૬॥
સાતમાથી છઠ્ઠા નરક સુધી „ „	૪૦	પાંચમું છઠ્ઠું દેવલોક... „ „	૩૭॥
છઠ્ઠાથી પાંચમા નરક સુધી „ „	૩૪	સાતમું આઠમું દેવલોક...„ „	૧૪॥
પાંચમાથી ચોથા નરક સુધી „ „	૨૮	નવમું દસમું દેવલોક... „ „	૧૨॥
ચોથાથી ત્રીજા નરક સુધી „ „	૨૨	અગિયારમું બારમું દેવ „ „	૧૦॥
ત્રીજાથી બીજા નરક સુધી „ „	૧૬	નવગ્રૈવેયક ... ... „ „	૮॥
બીજાથી પહેલા નરક સુધી „ „	૧૦	પાંચ અનુત્તર વિમાન... „ „	૬॥
પહેલી નરકથી ત્રીછા લોક સુધી „ „	૧૦	સિદ્ધ ક્ષેત્ર ... ... „	૧૧
પહેલું બીજું દેવલોક... „ „	૧૯॥	કુલ સર્વ લોકના ઘનાકાર રજ્જુ	૩૪૩

સિદ્ધ ભગવાનનું વર્ણન

૧૫ પ્રકારે જીવો સિદ્ધ થાય છે.

૧. તીર્થંકર પદ પામીને સિદ્ધ થયા તે "તીર્થંકર સિદ્ધા."

૨. સામાન્ય કેવળી તરીકે સિદ્ધ થયા તે "અતીર્થંકર સિદ્ધા."

૩. તીર્થંકરના શાસનનાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સિદ્ધ થયાં તે "તીર્થસિદ્ધા."

૪. તીર્થની સ્થાપના થયા પહેલાં સિદ્ધ થયા તથા તીર્થ વિચ્છેદ ગયા પછી સિદ્ધ થયા તે "અતીર્થ સિદ્ધા."

૫. જાતિસ્મરણાદિ જ્ઞાનથી ગુરૂ વિના સ્વયં દીક્ષા ધારણ કરી સિદ્ધ થયા તે "સ્વયંબુદ્ધસિદ્ધા."

૬. વૃક્ષ, વૃષભ, શ્મશાન, વિયોગ, રોગાદિને જોઈ અનિત્યાદિ ભાવનાથી પ્રેરિત થઈ સ્વયમેવ દીક્ષા લઇ સિદ્ધ થયા તે "પ્રત્યેક બુદ્ધ સિદ્ધા."

૭. આચાર્યાદિના પ્રતિબોધથી દીક્ષા લઇ સિદ્ધ થયા તે 'બુદ્ધ–બોધિ' સિદ્ધા.'

૮. વેદ–વિકારનો ક્ષય કરી ફક્ત સ્રીના અવયવ રૂપ શરીરથી સિદ્ધ થયા તે 'સ્રીલિંગ સિદ્ધા.'

૯. તેવી જ રીતે, પુરુષલિંગથી સિદ્ધ થયા તે 'પુરુષલિંગ સિદ્ધા.'

૧૦. તેવી જ રીતે નપુંસક લિંગથી સિદ્ધ થયા તે નપુંસકલિંગ સિદ્ધા."

૧૧. મુહપત્તિ, રજોહરણ આદિ સાધુનો વેષ ધારણ કરી સિદ્ધ થયા તે "સ્વલિંગ સિદ્ધા."

૧૨. કોઇ અન્ય વેષે દુષ્કર તપાદિ કરી વિભંગજ્ઞાની થાય, પછી જૈન શાસનનો અનુરાગી થઇ અજ્ઞાન મટાડી અવધિજ્ઞાની થાય અને

પછી વિશુદ્ધ પરિણામે ચડતાં પરમ અવધિ અને પછી કેવળજ્ઞાન પામે અને આયુષ્ય અલ્પ હોવાથી વેષપલટો કરવા પહેલાં જ સિદ્ધ થાય તે "અન્યલિંગ સિદ્ધા."

૧૩. ગૃહસ્થલિંગમાં ધર્માચરણ કરતાં વિશુદ્ધ પરિણામોની વૃદ્ધિ થતાં કેવળજ્ઞાન થાય અને આયુષ્ય અલ્પ હોવાથી મુનિવેષ ધારણ કર્યા પહેલાં જ મોક્ષે જાય તે "ગૃહસ્થલિંગ સિદ્ધા."

૧૪. એક સમયમાં ૧ સિદ્ધ થાય તે 'એક સિદ્ધા.'

૧૫. એક સમયમાં બેથી માંડીને ૧૦૮ સિદ્ધ થાય તે 'અનેક સિદ્ધા.'

બીજા પણ ૧૪ પ્રકારે સિદ્ધ થાય તે.

૧. તીર્થની પ્રવૃત્તિમાં એક સમયમાં ૧૦૮ સિદ્ધ થાય.
૨. તીર્થના વિચ્છેદમાં* એક સમયમાં ૧૦ સિદ્ધ થાય.
૩. એક સમયમાં તીર્થંકર ૨૦ સિદ્ધ થાય.
૪. સામાન્ય કેવળી ૧૦૮ સિદ્ધ થાય.
૫, સ્વયંબુદ્ધ ૧૦૮.
૬. પ્રત્યેક બુદ્ધ ૧૦ સિદ્ધ થાય.
૭. બુદ્ધ બોધિક ૧૦૮ સિદ્ધ થાય.
૮. સ્વલિંગ પણ ૧૦૮ સિદ્ધ થાય.
૯. અન્યલિંગી ૧૦ સિદ્ધ થાય.
૧૦. ગૃહલિંગ ૪ સિદ્ધ થાય.
૧૧. સ્રીલિંગ ૨૦ સિદ્ધ થાય.
૧૨. પુરુષલિંગ ૧૦૮ સિદ્ધ થાય.

---

* નવમા સુવિધીનાથજી અને સત્તરમા કુંથુનાથજી સુધી વચ્ચેનાં આંતરામાં તીર્થ વિચ્છેદ ગયું. તે વખતે સિદ્ધ થયા તે અતીર્થ સિદ્ધા જાણવા. મરુદેવી માતા પણ અતીર્થ સિદ્ધામાં આવે;

૧૩. નપુંસક લિંગ એક સમયમાં ૧૦ સિદ્ધ થાય. અને,

૧૪. બધા એકત્ર મળી એક સમયમાં ૧૦૮ સિદ્ધ થાય.

પૂર્વ ભવ આશ્રિત-પહેલા, બીજા, ત્રીજા નરકના નીકળ્યા એક સમયમાં ૧૦ સિદ્ધ થાય. ચોથા નરકના નીકળ્યા ૪ સિદ્ધ થાય. પૃથ્વી પાણીના નીકળ્યા ૪ સિદ્ધ થાય, વનસ્પતિના નીકળ્યા ૬ સિદ્ધ થાય. પંચેન્દ્રિય ગર્ભ જ તિર્યંચ તિર્યંચણી તથા મનુષ્યના મનુષ્ય થયેલા ૧૦ સિદ્ધ થાય. મનુષ્યણીના આવેલા ૨૦ સિદ્ધ થાય. ભુવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષીના નીકળેલા ૧૦ સિદ્ધ થાય. ભુવનપતિ વાણવ્યંતરની દેવીના નીકળ્યા ૫ સિદ્ધ થાય. જ્યોતિષિણી દેવીના નીકળ્યા ૨૦ સિદ્ધ થાય. વૈમાનિક દેવના નીકળ્યા ૧૦૮ સિદ્ધ થાય અને વૈમાનિકની દેવીના નીકળ્યા ૨૦ સિદ્ધ થાય.

ક્ષેત્ર આશ્રિત–ઊંચા લોકમાં ૪ સિદ્ધ થાય, નીચા લોકમાં ૨૦ સિદ્ધ થાય. તિરછા લોકમાં ૧૦૮ સિદ્ધ થાય. સમુદ્રમાં* ૨, નદી પ્રમુખ સરોવરમાં ૩, પ્રત્યેક વિજયમાં અલગ અલગ ૨૦ સિદ્ધ થાય. (તો પણ ૧૦૮ થી અધિક એક સમયમાં સિદ્ધ ન જ થાય). મેરુ પર્વત પર ભદ્રશાલવન, નંદનવન, સોમનસ વનમાં ૪, પંડગવનમાં ૨, અકર્મભૂમિનાં ક્ષેત્રમાં ૧૦, કર્મભૂમિનાં ક્ષેત્રમાં ૧૦૮, પહેલા બીજા અને પાંચમા છઠ્ઠા આરામાં ૧૦, ત્રીજા ચોથા આરામાં એક સમયમાં ૧૦૮ સિદ્ધ થાય×

અવગાહના આશ્રિત—જઘન્ય બે હાથની અવગાહનાવાળા એક સમયમાં ૪ સિદ્ધ થાય. મધ્યમ અવગાહનાવાળા ૧૦૮ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા એક સમયમાં ૨ સિદ્ધ થાય.

---

* અકર્મભૂમિનાં ક્ષેત્રો કે પર્વતોમાં કોઈ હરણ કરી સમુદ્ર, નદી, સરોવરમાં નાખે ને ત્યાં કેવળજ્ઞાન પામીને મોક્ષ જઈ શકે છે.

× ઉપર સિદ્ધ હોવાની જે સંખ્યા દર્શાવી છે તે એક સમય આશ્રી જાણવી.

સિદ્ધ કેવી રીતે થાય ? —અઢી દ્વીપમાં રહેલા, ૧૫ કર્મભૂમિનાં ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાં મનુષ્યો કે જેમણે આઠે કર્મ ક્ષય કર્યાં હોય તે ઔદારિક, તેમ જ કાર્મણ શરીરને સર્વથા ત્યાગીને જેમ એરંડાનું બીજ ઉપરનું પડ તૂટવાથી ઉછળે છે તેમ જીવ, શરીર વિમુક્ત થવાથી મોક્ષ સુધી પહોંચે છે. જેમ પથ્થરથી બાંધેલ તુંબડું પાણીમાં ડૂબેલું હોય તે બંધન છૂટવાથી પાણીની ઉપલી સપાટીએ પહોંચે છે, તેમ કર્મબંધન છૂટવાથી ઉર્ધ્વ ગમન કરી જીવ સિદ્ધ ક્ષેત્રમાં સમશ્રેણીએ એક સમયમાત્રમાં પહોંચી જાય છે. જેટલા આકાશ પ્રદેશને તે જીવે અવગાહ્યા હોય તે સિવાયના અન્ય શ્રેણીના આકાશ પ્રદેશોને સ્પર્શ્યા વિના વાંકી ગતિરહિત સીધા મોક્ષમાં જાય છે.

સંસારાવસ્થામાં દૂધ અને પાણીની પેઠે આત્મપ્રદેશ અને કર્મ-પ્રદેશ મળેલા હોય છે. જ્યારે સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે ત્યારે કર્મપ્રદેશ ભિન્ન થઈ જાય છે અને કેવળ આત્મપ્રદેશ જ રહે છે. તે ઘનરૂપ બની જાય છે ત્યારે અહિંના શરીરથી ત્રીજો ભાગ કમ સિદ્ધ અવસ્થામાં આત્મપ્રદેશની અવગાહના રહે છે. જેમકે—અહીથી ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા સિદ્ધ થયા છે તેમની ૩૩૩ ધનુષ્ય, ૨૨ અંગૂલની અવગાહના રહે છે. જે સાત હાથના શરીરવાળા સિદ્ધ થયા છે તેમની ૪ હાથ અને ૧૬ અંગૂલની અવગાહના રહે છે. અને જે બે હાથના વામન સંસ્થાનવાળા સિદ્ધ થયા છે તેમની ૧ હાથ ૮ અંગૂલની અવગાહના રહે છે. આ ⅓ કમ અવગાહના, આત્મપ્રદેશોનો ૧૪ મા ગુણસ્થાનમાં ઘન બનવાથી થાય કે તરત સિદ્ધ ગતિ ગમન થાય છે.

સિદ્ધના ૮ ગુણ :—૧. પાંચ પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત કેવળજ્ઞાન ગુણ પ્રગટ થયો છે, જેથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણે છે.

૨. નવ પ્રકારનાં દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત કેવળદર્શન ગુણ પ્રગટ થયો છે જેથી સર્વ દ્રવ્યો દેખે છે.

૩. બંને પ્રકારનું વેદનીય કર્મક્ષય થવાથી નિરાબાધ (વ્યાધિ વેદના રહિત) આત્મિક સુખને પ્રાપ્ત થયા છે.

૪. બે પ્રકારનાં મોહનીય કર્મનો ક્ષય થવાથી ક્ષાયક સમકિત અને સર્વ ગુણોની સ્થિરતા પામ્યા છે.

૫. ચાર પ્રકારનાં આયુષ્ય કર્મ ક્ષય થવાથી અજરામર થયા છે.

૬. બે પ્રકારનાં નામકર્મ ક્ષય થવાથી અમૂર્ત (નિરાકાર) થયા છે.

૭. બે પ્રકારનાં ગોત્રકર્મ ક્ષય થવાથી અખોડ (અપલક્ષણ રહિત) અ ગુરુ-લઘુ થયા છે. ૮ પાંચ પ્રકારનાં અંતરાયકર્મ ક્ષય થવાથી અનંત શક્તિવંત થયા છે.

"આચારાંગ" સૂત્ર પ્રથમ શ્રુતસ્કંધ, પાંચમા અધ્યાયના છઠ્ઠા ઉદ્દેશામાં સિદ્ધ સ્વરૂપનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે :–

गाथा :—सव्वे सरा नियट्टंति, तक्का जत्थ न विज्जइ,
मइ तत्थ ण गाहिया, ओअे अप्पइट्ठाणस्स खेयन्ने ।

सूत्र :— से ण दीहे, ण हस्से, न वट्टे, ण तंसे ण चउरंसे, ण परिमंडले, ण आइतंसे, ण किण्हे, ण नीले, ण लोहिअे, ण हालिदे, ण सुक्किले, ण सुरभिगन्धे, ण दुरभिगन्धे, ण तित्ते, ण कडुए ण कसाए, ण अंबिले, ण कक्खडे, ण मउए; ण गुरूए, ण लहुए, ण सीए, ण उण्हे, ण निध्धे, ण लुक्खे, ण काउ, ण रूदे, ण संगे, ण इत्थी, ण पुरिसे; ण अन्नहा, परिण्णे, सण्णे, उवमा ण विज्जति,

अरूवीसत्ता, अपयस्स पयणत्थि से ण सद्दे, ण रुवे, ण गंधे ण रसे, ण फासे, इच्चेव तिबेमिः ॥

અર્થ :—સિદ્ધ અવસ્થાનું વર્ણન કરવાને કોઈ પણ શબ્દ સમર્થ નથી, કોઈ પણ કલ્પના ત્યાં પહોંચતી નથી. કેવળ સમ્પૂર્ણ જ્ઞાનમય જ આત્મા ત્યાં છે. મુક્તિસ્થાનમાં રહેલા જીવ દીર્ઘ (લાંબા) નથી. હ્રસ્વ (ટૂંકા) નથી, ગોળ નથી, ત્રિકોણાકાર નથી, ચતુષ્કોણાકાર નથી, કંકણાકારે નથી, તેઓ કાળા નથી, લીલા નથી, રાતા નથી, પીળા નથી, ધોળા નથી, સુગંધી નથી, દુર્ગંધી નથી, તીખા નથી, કડવા નથી,

કષાયેલા નથી, ખાટા નથી, મીઠા નથી, ભારે નથી, હલકા નથી, શીત નથી, ઉષ્ણ નથી, સ્નિગ્ધ નથી, રૂક્ષ નથી, કઠણ નથી, સુકુમાર નથી, તેઓ સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી. આમ હોવાથી મુક્ત જીવોને માટે કોઇ પણ પ્રકારની ઉપમા જ નથી. તેઓ અરૂપી અને અલક્ષ્ય છે. એટલે તેઓનું વર્ણન કરવાને કોઈ પણ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શમાં શક્તિ જ નથી. આ પ્રમાણે અનુપમ, અકથ્ય, નિરામય, સત્-ચિત્ આનંદરૂપ સિદ્ધ સ્વરૂપ છે. ભક્તામર સ્તોત્રકાર કહે છે :—

त्वामव्ययं विभु मचिन्त्यमसंख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम् ।
योगीश्वरं विदित योगमनेकमेकं,
ज्ञानस्वरूप ममलं प्रवदन्ति सन्त: ॥२४॥

અર્થ :—અહો પ્રભો ! આપ સ્થિર, એક સ્વભાવી હોવાથી 'અવ્યય' છો, પરમ ઐશ્વર્યયુક્ત હોવાથી 'વિભુ' છો જેની કલ્પના ન થઈ શકે એવા અચિન્ત્ય છો, ગુણવાચક નામ પર્યાય તથા પ્રદેશે કરી અસંખ્ય છો, આદિ રહિત છો, સર્વજ્ઞ હોવાથી 'બ્રહ્મ' છો, સર્વ ઐશ્વર્યયુક્ત હોવાથી 'ઈશ્વર' છો, અંત રહિત અને અનંત ગુણ યુક્ત હોવાથી 'અનંત' છો, કેતુગ્રહની સમાન કામદેવના નાશ કરનાર હોવાથી 'અનંગ કેતુ' છો, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ યોગપથના જ્ઞાતા હોવાથી 'અનેક' છો, સર્વનું એક આત્મરૂપ હોવાથી એક છો, અઢાર દોષરૂપ મળ રહિત હોવાથી 'અમળ' છો. આ પ્રમાણે સંત પુરુષ આપનું સ્વરૂપ અન્યને કહી સમજાવે છે.

आर्या —चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागर वर गंभीरा, सिद्धा सिद्धि मम दिसंतु ॥

અર્થ :—અહો ! ચંદ્ર થકી પણ નિર્મળ, સૂર્ય થકી પણ અધિક પ્રકાશ કરનાર, સમુદ્ર સમાન ગંભીર સિદ્ધ ભગવન્ત ! મને

સિદ્ધ સ્વરૂપનું દર્શન દો.

એવા અનેકાનેક શુદ્ધ ગુણાત્મમય સિદ્ધ ભગવંતને મારી ત્રિકરણ શુદ્ધિથી ત્રિકાળ વંદના હો ! શાસ્ત્રોદ્ધારક, બાલબ્રહ્મચારી, ઋષિ સમ્પ્રદાયાચાર્ય **સ્વ. મુનિશ્રી અમોલખઋષિજી** મહારાજ દ્વારા વિરચિત "શ્રી જૈન તત્વ પ્રકાશ"નું સિદ્ધસ્તવ નામક બીજું પ્રકરણ અહીં સમાપ્ત થયું.

संजयाणं च भावओ.×

ભાવાર્થ :— 'યતિ' શબ્દમાં यम् ધાતુ છે. તેનો અર્થ 'કાબૂમાં રાખવું' (To Restrain) એવો થાય છે. યતિ શબ્દને सम् ઉપસર્ગ લગાડવાથી 'સંયતિ' શબ્દ બને છે. તેનો અર્થ 'स्वयं आत्मानं जयतीति संयति' અર્થાત્ સ્વવશે કરી પોતાના આત્માને જીતે, પાપાચરણથી રોકે તે સંયતિ કહેવાય છે. કેમકે નરકાદિ ચતુર્ગતિમાં પરાધીનતાથી અનંત વાર સ્વઆત્મા વશ કરાય છે :

૧. નરકમાં પ્રત્યેક ભવમાં જઘન્ય ૧૦૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ પર્યંત અનંત ક્ષુધા, શીત, તાપ, રોગ, શોક, તાડન આદિ દુઃખો જીવ ખમે છે.

૨. તિર્યંચ ગતિમાં પરાધીનતાથી વનવાસમાં તથા નિર્દય જનોના વશે પડીને, નરક સમાન અનંત દુઃખ ભોગવે છે.

૩. મનુષ્યપણામાં દરિદ્રાવસ્થામાં, રોગાવસ્થામાં, કારાગ્રહવાસમાં પરાધીનપણે ઘણા દુઃખાનુભવ કરે છે.

× પ્રવેશિકામાં કહેલી ગાથાનું આ બીજું પદ છે. પ્રથમ પદના અર્થરૂપે બે પ્રકરણ થયાં. હવે બીજા પદના અર્થરૂપ આગળનાં ત્રણ પદ કહેવાશે. આ પદનો પરમાર્થ એ છે કે : શાસ્ત્ર પ્રરૂપક શ્રી તીર્થંકર ભગવાન પોતાનાથી સામાન્ય પદધારક આચાર્યાદિને પ્રત્યક્ષ નમન નહિ કરતા હોવાથી **भावओ** અર્થાત્ ભાવથી નમન કર્તા કહ્યા છે, તથા શાસ્ત્ર ગૂંથણ કર્તા ગણધરથી પણ તે જ પ્રકારે અર્થની યોજના કરવી ઘટે છે.

૪. દેવતાના ભવમાં પણ આભિયોગાદિ દેવપણે ઉત્પન્ન થઈ નૃત્ય ગાનાદિ કરે છે, દેવ થઈ પશુનું રૂપ ધારણ કરી પશુનાં કામ કરે છે, વજ્ર-પ્રહારાદિ કષ્ટ સહન કરે છે.

પરંતુ તે સંયતિ કહેવાતા નથી. કારણ કે: "દશ વૈકાલિક"* સૂત્રના કથનાનુસાર તો જે પ્રાપ્ત કામભોગના પદાર્થોને પીઠ દે છે–ત્યાગે છે તે જ સંયતિ કહેવાય છે.

એવા સંયતિ ત્રણ પ્રકારના હોય છે; ૧. આચાર્યજી, ૨. ઉપાધ્યાયજી, ૩. સાધુજી.

હવે પૃથક્ પૃથક્ પ્રકરણદ્વારા આ ત્રણેના ગુણોનું વર્ણન કરવામાં આવશે.

---

* "દશવૈકાલિક" સૂત્ર અધ્યયન ૨, ગાથા ૩ માં કહેલ છે કે,

जे य कंते पिए भोए, लध्धे वि पिट्ठिकुव्वइ ।
साहिणे चयइ भोए, से हु चाइत्ति वुच्चइ ॥

પ્રકરણ ત્રીજું

આચાર્ય

'આચાર' એટલે આચરવા યોગ્ય. આચરવા યોગ્ય વર્તન એ જ હોય છે કે જેનાથી સુખની પ્રાપ્તિ થઈ શકે. સુખપ્રાપ્તિના કારણભૂત પાંચ પદાર્થ છે: ૧. જ્ઞાન, ૨. દર્શન, ૩. ચારિત્ર, ૪. તપ અને ૫. વીર્ય. આ પાંચ આચારનું જેઓ સમ્યક્ પ્રકારે આચરણ કરે છે, તે આચાર્ય કહેવાય છે. આચાર્યજી ૩૬ ગુણોના ધારક હોય છે.

આચાર્યજીના ૩૬ ગુણ

ગાથા:—पंचिंदिय संवरणो, तह नवविह बंभचेर गुत्तिधरो ।
चउविह कसाय मुक्को, इह अट्ठारस गुणेहिं संजुत्तो ॥१॥
पंच महव्वयं जुतो पंचविहायार पालण समत्थो ।
पंच समिइ ति गुत्तो, इह छत्तीस गुणेहिं गुरु मज्झं ॥२॥

અર્થ:— ૫ મહાવ્રત. ૫ આચાર +, ૫ સમિતિ, ૩ ગુપ્તિ-સહિત, ૫ ઇંદ્રિય વશ કરે, ૯ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે અને ૪ કષાયને ત્યાગે. એ ૩૬ ગુણોથી યુક્ત તે આચાર્યજી છે.

પંચ મહાવ્રત.

પહેલું મહાવ્રત "सव्वाओ पाणाइवायाओ वेरमणं" અર્થાત્ પ્રાણીવધથી સર્વથા પ્રકારે નિવર્તે. પ્રાણને ધારણ કરે તે પ્રાણી. તે ૧૦ પ્રકારનાં છે.

(+) પાંચ આચારનું વિસ્તૃત વર્ણન આ જ પ્રકરણમાં આગળ કર્યું છે. જે અંદર રહીને શબ્દાદિ વિષયોને ગ્રહણ કરે છે, તે ઇંદ્રિય છે. એટલા માટે પાંચમું સ્પર્શેન્દ્રિયબલપ્રાણ તે શીત ઉષ્ણાદિ વેદવાવાળું અને આઠમું કાયબલ-પ્રાણ તે પ્રત્યક્ષમાં દેખાતું શરીર જાણવું.

૧. શ્રોતેન્દ્રિયબલપ્રાણ, ૨. ચક્ષુરિંદ્રિયબલપ્રાણ, ૩. ઘ્રાણેન્દ્રિય-બલપ્રાણ, ૪. રસેન્દ્રિયબલપ્રાણ ૫. સ્પર્શેન્દ્રિય બલપ્રાણ, ૬. મનબલપ્રાણ, ૭. વચનબલપ્રાણ, ૮. કાયબલપ્રાણ, ૯. શ્વાસોશ્વાસ બલપ્રાણ, ૧૦. આયુષ્યબલપ્રાણ ×.

આ દસ પ્રાણોમાંથી કેવળ સ્પર્શેંદ્રિય ધારણ કરવાવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આ પાંચ સ્થાવરમાં ૪ પ્રાણ હોય છે. ૧. સ્પર્શેન્દ્રિય, ૨. કાયબલ, ૩. શ્વાસોશ્વાસ ૪. આયુષ્યબલપ્રાણ, ૫. કાયા અને મુખવાળા શંખ છીપાદિ બેઈંદ્રિય જીવોને ૬. પ્રાણ હોય છે. પૂર્વોકત ૪ માં રસેન્દ્રિય અને વચનબળ એ બે પ્રાણ વધ્યા. કાયા, મુખ અને નાકવાળા તેઈંદ્રિય જીવો જૂ, માંકડ, વગેરેને ૭ પ્રાણ હોય છે. ઘ્રાણેન્દ્રિય વધી. કાયા, મુખ, નાક અને આંખવાળા ચૌરેન્દ્રિય જીવોને ૮ પ્રાણ હોય છે. ૭ પૂર્વોકત અને ૮ મું ચક્ષુ-રિન્દ્રિયબલપ્રાણ. કાયા, મુખ, નાક, આંખ અને કાનવાળા અસંજ્ઞી પંચેન્દ્રિય × જીવોમાં ૯ પ્રાણ હોય છે. પૂર્વોક્ત ૮ અને ૯ મું શ્રોતેન્દ્રિયબલપ્રાણ. મનવાળા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ૧૦ પ્રાણ હોય છે. પૂર્વોક્ત ૯ તથા ૧૦ મું મનોબલપ્રાણ. આ સર્વ પ્રાણીઓની હિંસાનો ત્રિવિધ ત્રિવિધ + ત્યાગ કરે.

આ પહેલા મહાવ્રતની ૫ ભાવના :— ૧. જમીનને જોયા કે પ્રમાર્જ્યા વિના ચાલે નહિ. તે 'ઇરિયા સમિઈ ભાવણા.'

૨. જે ધર્મ કરે તેને ભલું જાણે. પાપ કરે તેના ઉપર દયા લાવે. શત્રુમિત્ર પર તથા ધર્મી–અધર્મી પર સમભાવ રાખે તે 'મણ પરિણઈ ભાવણા.'

---

* જેના બળ (આધાર)થી જીવ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકે તેને બલપ્રાણ કહે છે.

+ જે માતાપિતાના સંયોગ વિના સમૂર્ચ્છિમ ઉત્પન્ન થાય છે, તેને મન નથી હોતું તે અસંજ્ઞી કહેવાય છે.

× ત્રિવિધ ત્રિવિધને માટે જુઓ પૃષ્ઠ ૩ ની નોંધ:—

૩. હિંસક, સદોષ, અયોગ્ય વચન ન બોલે તે ‘ વત્તિ પરિજાણઈ ભાવણા.’

૪. ભંડોપકરણ–વસ્ત્ર પાત્રાદિ પ્રમાણોપેત–પરિમિત અને યત્નાથી ગ્રહણ કરે અને રાખે તે ‘ આયાણ ભંડમતનિક્ખેવણા સમિઈ ‘ ભાવણા ’ અને.

૫. વસ્ત્ર, પાત્ર, ખાનપાનાદિ કોઈ પણ વસ્તુને દૃષ્ટિથી જોયા વિના તથા રજોહરણાદિથી પ્રમાર્જ્યા વિના ઉપયોગમાં ન લે તે ‘ અલોય પાણ ભોયણ ભાવણા. ’ +

પહેલા મહાવ્રતના ૩૬ ભાંગા–૧. પ્રાણ × ૨. ભૂત, ૩. જીવ અને ૪ સત્ત્વ એ ચારેની હિંસા ૯ કોટિએ ન કરે, એમ ૯×૪=૩૬ ભાંગા થાય છે. કેટલાક ૧. સૂક્ષ્મ × ૨. બાદર ૦ ૩. ત્રસ અને ૪. સ્થાવર આ ચારની હિંસા ૯ કોટિએ ન કરે એ રીતે ૩૬ ભાંગા કહે છે.

એ ૩૬ પ્રકારે ૧. દિવસે, ૨. રાત્રે, ૩. એકલો રહીને, ૪. પરિષદમાં રહીને, ૫. નિદ્રાવસ્થામાં, કે ૬. જાગૃતાવસ્થામાં એમ ૭ પ્રકારે હિંસા કરે નહિ. એટલે ૩૬×૬=૨૧૬ ભાંગા પહેલા મહાવ્રતના થયા.

કેટલાક ૪૮૬ ભાંગા કહે છે. તે આ પ્રમાણે ૧. પૃથ્વી, ૨. પાણી, ૩. અગ્નિ, ૪. વાયુ, ૫. વનસ્પતિ. ૬. બેઈંદ્રિય, ૭. તેઈંદ્રય, ૮. ચઉ-

---

* આચારાંગ સૂત્રના ૨૪મા અધ્યયન પ્રમાણે આ ભાવના કહી છે.

+ પ્રાણ વિકલેંદ્રિય. ભૂત=વનસ્પતિ, જીવ=પંચેંદ્રિય અને સત્ત્વ=પૃથ્વી પાણી, અગ્નિ, અને વાયુકાય.

× જે દૃષ્ટિથી દેખાય નહિં, વજ્રમય ભીંતમાંથી નીકળી જાય અને કોઈના માર્યા મરે નહિ–આયુષ્ય પૂર્ણ થયે જ મરે તે સૂક્ષ્મ જીવ તે ૩૪૩ ઘનરજ્જુ પ્રમાણ લોકમાં સર્વત્ર ઠાંસો–ઠાંસ ભરેલા છે.

* જે પ્રત્યક્ષ દેખાય છે, બીજાના મારવાથી મરે અને લોકના દેશ વિભાગમાં છે, તે બાદર જીવ, એ ઇંદ્રિયાદિ ૪ ત્રસ જીવ અને પૃથ્વી આદિ ૫ સ્થાવર જીવ.

રિંદ્રિય, અને ૯. પંચેન્દ્રિય એમ ૯ ને નવ કોટિએ ગુણતાં ૮૧ થાય અને એ ૮૧ ને દિવસ, રાત્રિ વગેરે ૬ બોલોની સાથે ગુણતાં ૪૮૬ થાય.

૨ જું મહાવ્રત :–સૂત્ર "सव्वओ मुसावायाओ वेरमणं" અર્થાત્ ક્રોધ, લોભ, ભય અને હાસ્યને વશ થઇને કદાપિ ત્રિવિધ જૂઠું બોલે નહિ.

બીજા મહાવ્રતની ૫ ભાવના.

૧. કોઈ જીવને બૂરું ન લાગે, કોઇને દુઃખ ન થાય, કોઇનો પણ ઘાત ન થાય એવું નિર્દોષ, મધુર, સત્ય, તથ્ય, પથ્ય, વચન (With deliberation) પહેલાં વિચાર કરીને પછી બોલે તે 'અણુવીઈ ભાસી ભાવણા.'

૨. ક્રોધને વશ થવાથી જૂઠું બોલી જવાય છે. એટલા માટે ક્રોધના ઉદય સમયે મૌન રહે, ક્ષમા ધારણ કરે તે 'કોહં પરિજાણઈ ભાવણા.'

૩. લોભને વશ પણ જૂઠું બોલી જવાય છે. તેથી લોભોદયમાં બોલે નહિ. સંતોષ ધારણ કરે તે 'લોહં પરિજાણઈ ભાવણા.'

૪. ભયને વશ પણ જૂઠું બોલાય છે તેથી ભયોદયમાં બોલે નહિ, ધૈર્ય ધારણ કરે તે 'ભયં પરિજાણઈ ભાવણા.'

૫. હાસ્યને વશ જૂઠું બોલાય છે, તેથી હાસ્યોદયમાં પણ મૌન ધારણ કરે તે 'હાસં પરિજાણઈ ભાવણા.'

૧. ક્રોધ, ૨. લોભ, ૩. ભય અને ૪. હાસ્ય એ ચારને ૯ કોટિએ ગુણવાથી ૩૬ ભાંગા બીજા મહાવ્રતના થાય છે, અને તે ૩૬ ને દિવસ રાત્રિ વગેરે ૬ એ ગુણવાથી ૨૧૬ ભાંગા બીજા મહાવ્રતના થાય છે.

૩ જું મહાવ્રત :–સૂત્ર " सव्वाओ अदिणादाणाओ वेरमणं " અર્થાત્ ગામ, નગર કે જંગલમાં ૧. અલ્પ (થોડી કે થોડા મૂલ્યવાળી) વસ્તુ.

૨. બહુ (ઘણી કે ઘણા મૂલ્યવાળી) વસ્તુ.

૩. અણુ (નાની) વસ્તુ.

૪. સ્થૂલ (મોટી) વસ્તુ.

૫. સચિત્ત (મનુષ્ય, પશુ, પક્ષી, ધાન્યાદિ સજીવ) વસ્તુ.

૬. અચિત્ત (વસ્ત્ર પાત્રાદિ નિર્જીવ) વસ્તુ, તેના માલિકની આજ્ઞા વિના ત્રિવિધે ત્રિવિધે ગ્રહણ કરે નહિ, સર્વથા પ્રકારે ચોરી કરે નહિ.

આ ત્રીજા મહાવ્રતની ૫ ભાવના.

૧. નિર્દોષ સ્થાનક તેના માલિકની કે નોકરની આજ્ઞાથી ગ્રહણ કરે તે ' મિઉગ્ગહ' જાતિ ભાવણા. '

૨. ગુરુ આદિ જ્યેષ્ઠ પુરુષોની આજ્ઞા વિના આહાર વસ્ત્રાદિ ભોગવે નહીં તે ' અણુણ વિણ પાણ ભોગ ભાવણા. '

૩. સદૈવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળની મર્યાદાયુક્ત ગૃહસ્થની આજ્ઞા ગ્રહણ કરે તે ' ઉગ્ગહં સિઉગ્ગહિસંતિ ભાવણા. '

૪. સચિત્ત શિષ્યાદિ, અચિત્ત તૃણાદિ, મિશ્ર ઉપકરણયુક્ત શિષ્યાદિ વારંવાર આજ્ઞા લઈને મર્યાદાયુક્ત ગ્રહણ કરે તે ' ઉગ્ગહં વા ઉગ્ગહિસા અભિખણં ભાવણા. '

૫. એક સ્થાનમાં સાથે રહેનારા સ્વધર્મીઓનાં વસ્ત્ર–પાત્રાદિ તેમની આજ્ઞા લઈને ગ્રહણ કરે તે ' અણુવીઈ મિત્તોગ્ગહ જાતી ભાવણા ' તથા ગુરુ, વૃદ્ધ, રોગી, તપસ્વી, જ્ઞાની અને નવ દીક્ષિતની વૈયાવચ્ચ કરે.

ઉપર્યુક્ત ૧. અલ્પ, ૨. બહુ, ૩. નાની, ૪. મોટી, ૫. સચિત્ત, ૬. અચિત્ત એ ૬ ને નવે ગુણવાથી ૫૪ ભાંગા ત્રીજા મહાવ્રતના થાય છે અને તે ૫૪ ને દિવસે રાત્રિએ આદિ ૬ એ ગુણવાથી ૫૪×૬=૩૨૪ ભાંગા ત્રીજા મહાવ્રતના થાય છે.

બીજી રીતે પણ અદત્ત ૪ પ્રકારનાં કહ્યાં છે. ૧. સ્વામી અદત્ત (કોઈ વસ્તુ અગર મકાન તેના માલિકની આજ્ઞા વિના અંગીકાર કરે તે).

૨. જીવ અદત્ત (કોઈ પણ જીવ પોતાને મારવાની આજ્ઞા આપતો નથી તેથી જીવ હિંસા કરવી તે).

૩. તીર્થંકર અદત્ત (તીર્થંકર ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વિપરીત વેષ કે આચાર સેવે કે પ્રરૂપે તે).

૪. ગુરુ અદત્ત (ગુર્વાદિકની આજ્ઞાનો ભંગ કરે તે).

આ ચારે પ્રકારનાં અદત્તનો ત્યાગ કરે. *

૪ થું મહાવ્રત :–સૂત્ર " सव्वाओ मेहुणाओ वेरमणं " અર્થાત્ સર્વથા પ્રકારે મૈથુનથી વિરમવું. સાધુએ દેવી, મનુષ્યણી અને તીર્યં-ચણીની સાથે અને સાધ્વીએ દેવ, મનુષ્ય કે તિર્યંચની સાથે ત્રિવિધે ત્રિવિધે મૈથુન સેવનનો ત્યાગ કરવો.

ચોથા મહાવ્રતની ૫ ભાવના—૧. સ્ત્રીના હાવભાવ, વિલાસ, શૃંગારની કથા કહે નહિ તે ' નો ઇત્થીણં કહા કહ ઇતએ ભાવણા.'

૨. સ્ત્રીનાં ગુપ્ત અંગોપાંગ વિકાર દૃષ્ટિથી જુએ નહિ તે ' નો ણિગ્ગંથે ઈત્થીણ મણોહરાઇ ઇંદિયાઇ અલોએત્તએ નિજ્ઝાઈત્તએ ભાવણા. '

૩. ગૃહસ્થાશ્રમમાં ભોગવેલા કામભોગોને સંભારે નહિ તે 'ણો ણિગ્ગંથે ઇત્થીણં પુવ્વરાયાઇ પુવ્વકિલિયાઈ સુમરિત્તએ ભાવણા '.

*વનાદિ નિર્જન સ્થાનમાં આજ્ઞા આપનારના અભાવે નિશ્રમી વસ્તુ શક્રેન્દ્રની આજ્ઞા લઇને પણ ગ્રહણ કરી શકાય છે.

૪. મર્યાદા (ભૂખ) થી અધિક તથા કામોત્તેજક સરસ આહાર સદૈવ ભોગવે નહિ તે 'પણિઅ ભત્ત પાણ ભોયણં ભોઇ ભાવણા.'

૫. જે મકાનમાં સ્ત્રી, પશુ, પંડગ (નપુંસક) રહેતાં હોય ત્યાં રહે નહિ તે 'ણો ણિગ્ગંથે ઇત્થી પશુ પંડગ સંસતાઈ સયણાસણાઈ સેવિત્તએ ભાવણા'.

સ્ત્રી, પશુ, પંડગ એ ત્રણને ૯ કોટિએ ગુણવાથી ૨૭ ભાંગા ચોથા મહાવ્રતના છે.*

૫ મું મહાવ્રત :–સૂત્ર 'સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં' અર્થાત્.

૧. અલ્પ ૨. બહુ ૩. નાના ૪. મોટા ૫. સચિત્ત અને ૬. અચિત્ત પરિગ્રહનો+ ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરે.

પાંચમા મહાવ્રતની ૫ ભાવના.

૧. શબ્દ, ૨. રૂપ, ૩. ગંધ, ૪. રસ અને ૫. સ્પર્શ. એ પાંચે મનોજ્ઞ મળવાથી રાગ ન કરે અને અમનોજ્ઞ મળવાથી દ્વેષ ન કરે, નારાજ ન થાય.

= **मूलमेय-महम्मस्स महादोससमुस्सयं ।**
तम्हा मेहुण संसग्गं, निग्गंथा वज्जयंति णं ॥ દશવૈકાલિક અધ્યાય ૬, ગાથા ૧૭.

અર્થ—મૈથુનનું સેવન મહા અનર્થનું મૂળ છે. એ વધુમાં વધુ ૯ લાખ સંજ્ઞી મનુષ્ય અને અસંખ્યાત અસંજ્ઞી મનુષ્યની ઘાતરૂપ મહાદોષનું સ્થાન અને પાંચે મહાવ્રતોનું ઘાતક છે. એટલા માટે નિર્ગ્રંથ મુનિઓ મૈથુનની ઇચ્છા થાય તેવા સંસર્ગ–પરિચયનો ત્યાગ કરે છે.

* શ્રી "દશ વૈકાલિકના" છઠ્ઠા અધ્યયનમાં કહ્યું છે કે, સંયમ પાળવા અને લજ્જાનું રક્ષણ કરવા જે વસ્ત્ર, પાત્ર, કંબલ, રજોહરણાદિ સાધુ રાખે છે તે પરિગ્રહરૂપ નથી પણ ધર્મોપકરણ છે. પરંતુ વસ્ત્રાદિ પર મમત્વભાવ રાખે તો તે પરિગ્રહ કહેવાય છે. ઉપધિ તો બાજુએ રહી પણ શરીર પરનું મમત્વ તે પરિગ્રહ છે.

ઉપરોક્ત અલ્પ, બહુ, વગેરે ૬ ને ૯ કોટિએ ગુણવાથી ૫૪ ભાંગા પાંચમા મહાવ્રતના થાય છે, અને તે ૫૪ ને દિવસે આદિ ૬ એ ગુણતાં ૩૨૪ ભાંગા થાય છે.

પંચાચાર

જ્ઞાનાચાર–ज्ञ=જાણવું એ ધાતુ પરથી જ્ઞાન શબ્દ બન્યો છે. જ્ઞાન વિના ઇપ્સિતાર્થની સિદ્ધિ ન હોય. તેથી જ્ઞાન આચરણીય છે. આચાર્યજી પોતે જ્ઞાનસંપન્ન હોય છે અને અન્યને જ્ઞાનવાન બનાવવા પ્રયત્ન કરે છે.

શ્રી તીર્થંકર પ્રણિત અને ગણધર રચિત દ્વાદશાંગી શાસ્ત્રોને નિમ્નોક્ત ૮ દોષરહિત પોતે ભણે છે અને બીજાને ભણાવે છે.

જ્ઞાનના ૮ આચાર

काले विणए बहुमाणे, उवहाणे तह अणिण्हवणे ।
वंजण अत्थ तदुभए, अट्ठविहो नाणमायारो ॥ १ ॥

અર્થ—काले–દિવસના અને રાત્રિના પહેલા અને છેલ્લા (ચોથા) પહોરમાં કાલિક સૂત્ર અને અન્ય કાળમાં ઉત્કાલિક સૂત્ર + ૩૪ અસજ્ઝાય × ટાળીને યથાયોગ્ય કાળે શાસ્ત્રપઠન કરે.

૨. विणए–જિનશાસનનું મૂળ વિનય છે. એટલા માટે જ્ઞાનીની આજ્ઞામાં રહીને તેમને આહાર, વસ્ત્ર, પાત્ર, સ્થાન આદિથી યથોચિત શાતા ઉપજાવે, તેઓ જ્ઞાનનો પ્રકાશ કરે "તહત પ્રમાણ", "જી" ઇત્યાદિ વચનોથી આદરપૂર્વક તેમનાં વચનોનો સ્વીકાર કરે. જ્ઞાનનાં સાધન પુસ્તકાદિને નીચે અગર અપવિત્ર સ્થાને ન રાખે. આ વિનય-પૂર્વક ગ્રહણ કરેલું જ્ઞાન સુપ્રાપ્ય અને ચિરસ્થાયી થાય છે.

+ ૩૨ સૂત્રોમાં ૧૧ અંગ ૭ ઉપાંગ (જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ અને નિરિયાવલિકા પંચક) ૪ છેદસૂત્ર અને ૧ ઉત્તરાધ્યયન સૂત્ર એ ૨૩ સૂત્ર કાલિક છે. બાકીનાં ૫ ઉપાંગ અને ૩ મૂળ સૂત્ર ઉત્કાલિક છે. અને ૩૨ મું આવશ્યક સૂત્ર નોકાલિક નોઉત્કાલિક છે. અર્થાત્ આવશ્યક ભણવામાં કોઈ પ્રકારના સમયનો બાધ નથી.

× ૩૪ અસજ્ઝાય—૧. ઉલ્કાપાત–તારો ખરે તો એક મુહૂર્ત અસ્વાધ્યાય, ૨. દિશાદાહ–દિશાદાહ પ્રાતઃ અને સંધ્યાકાળે લાલ રંગનાં વાદળ રહે ત્યાં સુધી

૩. **बहुमाणे—**જ્ઞાનદાતાનો બહુ આદર કરે અને ૩૩ આશાતના × ટાળે.

૪. **उवहाणे—**શાસ્ત્રપઠન કરતા પહેલાં અને કરી રહ્યા પછી ઉપધાન (આયંબિલ, આદિ તપ) વિધિસહ કરે.

અસ્વાધ્યાય ૩. ગર્જિત—અકાળે મેઘગર્જના થાય તો એક મુહૂર્ત અસ્વાધ્યાય. ૪. વિદ્યુત–અકાળે વીજળી થાય તો એક મુહૂર્ત અસ્વાધ્યાય (આર્દ્રાથી સ્વાતિ નક્ષત્ર પર્યંત ગર્જિત, વિદ્યુતની અસ્વાધ્યાય ગણાતી નથી.) ૫. નિર્ઘાત–કડાકા થાય તો ૮ પહોર અસ્વાધ્યાય. ૬. બાલચંદ્ર–શુકલ પક્ષની ૧–૨–૩ એ ત્રણ રાત્રિમાં ચંદ્રમા રહે ત્યાં લગી અસ્વાધ્યાય. ૭. યથાલિપ્ત–વાદળાંમાં મનુષ્ય, પશુ, પિશાચાદિનાં ચિહ્ન દેખાય ત્યાં સુધી અસ્વાધ્યાય. ૮. ધુમિકા—કાળા રંગનું ધુમ્મસ પડે ત્યાં લગી અસ્વાધ્યાય. ૯. મહિકા—શ્વેતરંગનો ધુમ્મસ–મેઘરવો પડે ત્યાં લગી અસ્વાધ્યાય. ૧૦. રજોવૃષ્ટિ—આકાશમાં ધૂળના ગોટા ચડેલા દેખાય ત્યાં લગી અસ્વાધ્યાય. ૧૧. માંસ–માંસ દૃષ્ટિમાં આવતાં સુધી અસ્વાધ્યાય ૧૨. શોણિત—રક્ત દેખવામાં આવે ત્યાં સુધી અસ્વાધ્યાય. ૧૩. અસ્થિ—હાડકાં દેખાય ત્યાં સુધી અસ્વાધ્યાય. ૧૪. અશુચિ—વિષ્ટા દેખાય કે વાસ આવે ત્યારથી તે દૂર થતાં સુધી અસ્વાધ્યાય. ૧૫. સ્મશાન–સ્મશાનથી ચોતરફ સો હાથ સુધી અસ્વાધ્યાય. ૧૬. રાયમરણ—રાજા, સેનાપતિ, નગરશેઠ, સંઘપતિનું મૃત્યુ થતાં તેની હડતાળ રહેતાં સુધી અસ્વાધ્યાય. ૧૭. રાજ્ય સંગ્રામ–રાજાઓ વચ્ચે યુદ્ધ ચાલતું હોય ત્યાં તે ચાલતાં સુધી અસ્વાધ્યાય. ૧૮. ચંદ્રગ્રહણ. ૧૯. સૂર્યગ્રહણ (બન્ને ગ્રહણ ખગ્રાસ હોય તો ૧૨ પહોરની અને કમ હોય તો કમી સમયનું અસ્વાધ્યાય) ૨૦. વસતિ—પંચેન્દ્રિયનું કલેવર પડયું હોય ત્યાંથી ચોતરફ ૧૦૦ હાથ પર્યંત અસ્વાધ્યાય. ૨૧. આશ્વિન શુકલા પૂર્ણિમા. ૨૨. આસો વદ ૧. ૨૩. કાર્તિક સુદિ ૧૫. ૨૪. કાર્તિક વદ ૧. ૨૫. ચૈત્ર સુદ ૧૫. ૨૬. ચૈત્ર વદ ૧. ૨૭. અષાડ સુદ ૧૫. ૨૮. અષાડ વદ ૧. ૨૯. ભાદરવા સુદ ૧૫. ૩૦. ભાદરવા વદ ૧. (આ આઠ દિવસ રાત્રિમાં દેવોનું ગમનાગમન અધિક હોવાથી અશુદ્ધ ઉચ્ચાર થતાં કદાચ વિઘ્ન પ્રાપ્ત થાય. તેથી શાસ્ત્રનો સ્વાધ્યાય ન કરવો) ૩૧. પ્રાતઃકાળ, ૩૨. મધ્યાહ્નકાળ, ૩૩. સંધ્યાકાળ ૩૪. અર્ધ રાત્રિ. ઉક્ત ૩૪ અસજ્ઝાયમાં શાસ્ત્ર ભણવાથી તીર્થંકરની આજ્ઞાના ભંગનો દોષ લાગે છે. એટલા માટે ૩૪ અસ્વાધ્યાય વર્જીને શાસ્ત્રાધ્યયન કરવું.

× **તેત્રીસ આશાતના :** ૧–૨–૩ ગુર્વાદિક વડીલોની આગળ, પાછળ કે બરાબર અડકીને બેસે. ૪–૫–૬ આગળ, પાછળ અને બરાબર ઊભો રહે. ૭–૮–૯ આગળ, પાછળ અને બરાબર ચાલે. ૧૦. ગુરુની પહેલાં શુચિ કરે. ૧૧.

૫. णिण्हवाणे જ્ઞાનદાતા, વિદ્યાગુરુ નાના હોય અથવા અતિ પ્રસિદ્ધ ન હોય તો પણ તેમના ગુણને છુપાવે નહિ. અર્થાત્ પોતાના વિદ્યાગુરુ તરીકે અન્ય કોઈ પ્રસિદ્ધ વ્યક્તિનું નામ ન આપે.

૬. वंजणे શાસ્ત્રના વ્યંજન, સ્વર, ગાથા, અક્ષર, પદ, અનુસ્વાર, વિસર્ગ, લિંગ, કાલાદિક જાણે. અર્થાત્ વ્યાકરણનો × જ્ઞાતા હોય. ન્યૂનાધિક કે વિપરીત પ્રરૂપણા કરે નહિ.

ગુરુની પહેલાં ઇરિયાવહી પ્રતિક્રમે. ૧૨. ગુરુ સાથે વાર્તાલાપ કરનાર પ્રત્યે શિષ્ય પ્રથમ વાર્તાલાપ કરે. ૧૩. રાત્રિએ ગુરુ પૂછે કે કોણ જાગે છે ત્યારે જાગતા છતાં ઉત્તર ન આપે. ૧૪. ગોચરીનાં અશનાદિ પ્રથમ ગુરુ પાસે લાવવાં જોઈએ અને ગુરુ સમીપ ગોચરી આલોવવી જોઈએ તે બીજા પાસે પ્રથમ આલોવે. ૧૫. તે પ્રમાણે બીજાને પ્રથમ દેખાડે. ૧૬. તે પ્રમાણે બીજાને પ્રથમ નિમંત્રે ૧૭. ગુરુને પૂછ્યા વિના અન્યને પોતાની ઈચ્છાનુસાર આહારાદિ આપે. ૧૮. ગુરુને નિમંત્રણ નહિ કરતાં પોતે મનોજ્ઞ આહાર ભોગવે. ૧૯. ગુરુના બોલવા છતાં ઉત્તર ન આપે. ૨૦. ગુરુ બોલાવે ત્યારે તેની સામા થઇ 'મને જ દેખ્યો છે? બીજા કોઇને કેમ બોલાવતા નથી?' વગેરે અનુચિત વચન બોલે. ૨૧. ગુરુને આસન પર બેઠાં બેઠાં ઉત્તર આપે. ૨૨. માથું ધુણાવી 'શું કહો છો?' એમ ગુરુને કહે. ૨૩. ગુરુ આદેશ કરે ત્યારે કહે કે 'આપ કરી લો.' ૨૪. ગુરુ સેવા કરવાનો ઉપદેશ આપે ત્યારે જવાબ આપે કે 'તમે કરો.' ૨૫. ગુરુ ધર્મકથા કહે ત્યારે પોતે અનુમોદના ન કરે. ૨૬. ગુરુ વ્યાખ્યાન કરે ત્યારે 'તમને સાંભરતું નથી, આનો અર્થ આ છે.' એમ કહે. ૨૭. ગુરુ કથા કહેતા હોય ત્યાં તેને છેદી પોતે બોલે. ૨૮. ગુરુ દેશના દેતા હોય ત્યારે કહે કે "ભિક્ષાદિકનો અવસર થયો છે" એમ કહી ગુરુની પરિષદાનો ભંગ કરે. ૨૯. ગુરુની પરિષદા બેઠી હોય ત્યારે બેત્રણ વાર તેની તે જ કથા પોતે કહ્યા કરે. ૩૦. ગુરુની શય્યા, સંસ્તારકને પગ વડે સંઘટ્ટો કરે. ગુરુની શય્યામાં બેસે. સૂવે કે ઊભો રહે. ૩૨. ગુરુ કરતાં પોતાનું આસન ઊંચું રાખે અને ૩૩. ગુરુની બરાબર પોતાનું આસન રાખે. આ તેત્રીસ આશાતના દશાશ્રુતસ્કંધ સૂત્રમાં છે.

× આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના ત્રીજા અધ્યયનમાં સાધુએ ૧૬ પ્રકારના વચનના જ્ઞાતા થવું એમ કહ્યું છે; ૧. એકવચન–ઘટ, પટ, મનુષ્ય, ઈત્યાદિ, ૨. દ્વિવચન–ઘટૌ, પટૌ, મનુષ્યૌ, આદિ, ૩. બહુવચન–ઘટાઃ, પટાઃ, મનુષ્યાઃ વગેરે ૪. સ્ત્રીવચન–નદી, નારી, વગેરે; ૫. પુરુષ વચન–દેવ, નર, વગેરે; ૬. નપુંસક વચન–કમલ, મુખ, ઈત્યાદિ; ૭. અધ્યાત્મક વચન–મનમાં હોય તે મુખથી

૭. अत्थ શાસ્ત્રના યથાતથ્ય અર્થ કરે, પણ મનઃકલ્પિત અર્થ કરે નહિ.

૮. तदुभए મૂળ પાઠ અને અર્થ શુદ્ધ અને સત્ય ભણે, ભણાવે, સાંભળે અને સંભળાવે.

જ્ઞાનના આચારમાંથી વિણુએ, બહુમાણે અને અણિણ્હવણે જોતાં, સાધુએ ગુરુ (દીક્ષાચાર્ય કે વાંચનાચાર્ય કે ઉપાધ્યાય) પાસેથી જ સૂત્ર જ્ઞાનનો અભ્યાસ કરવો એમ સાબિત થાય છે.

દર્શનના ૮ આચાર

દર્શનાચાર–પદાર્થના ભાવ હૃદયમાં દેખવા તેને દર્શન કહે છે.

દર્શનના બે પ્રકાર છે. ૧. સત્ય પદાર્થનું સત્ય સ્વરૂપ, અને અસત્ય પદાર્થનું અસત્ય સ્વરૂપ. એમ જે પદાર્થનું જેવું સ્વરૂપ હોય તેવો જ ભાવ હૃદયમાં દર્શાય તે 'સમ્યગ્દર્શન' અને, ૨. જેમ કમળાના રોગવાળો શ્વેત પદાર્થને પણ પીળો દેખે તેમ અસત્યને સત્ય અને સત્યને અસત્ય જે દર્શાવે તે 'મિથ્યાદર્શન'.

આચાર્યજીને મિથ્યાદર્શનનો ક્ષય થયો હોય છે અને સમ્યગ્-દર્શનના નીચે જણાવેલ ૮ દોષોથી તેઓ પોતે દૂર રહે છે અને બીજાના દોષો છોડાવે છે.

બોલે, ૮. ઉત્કર્ષ વચન–ગુણાનુવાદ ૯. અપકર્ષ વચન-અવર્ણવાદ; ૧૦. ઉત્કર્ષ અપકર્ષ–પ્રથમ ગુણાનુવાદ અને પછી અવર્ણવાદ. જેમકે સાકર મીઠી છે પણ શરદી કરે છે; ૧૧. અપકર્ષ ઉત્કર્ષ વચન-પહેલાં અવર્ણવાદ પછી ગુણાનુવાદ. જેમકે લીંમડો કડવો છે પણ આરોગ્યપ્રદ છે; ૧૨. ભૂતકાળ વચન–કર્યું, આપ્યું, લીધું, વગેરે; ૧૩. વર્તમાનકાળ વચન-કરે છે, આપે છે, લે છે, વગેરે; ૧૪. ભવિષ્યકાળ વચન–કરીશ, આપીશ, લઈશ, વગેરે; ૧૫. પ્રત્યક્ષ વચન–આ છે; ૧૬. પરોક્ષ વચન–તે છે. આમાંથી જ્યાં જેવું વચન બોલવા યોગ્ય હોય ત્યાં તેવું જ બોલે.

ગાથાઃ—निस्संकिअ निक्कंखिअ, निव्वितिगिच्छा अमूढदिट्ठि अ ।
उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥ २ ॥

અર્થ :–**૧.** निस्संकिअ–પોતાની અલ્પમતિથી શાસ્ત્રની કોઈ વાત સમજમાં ન આવે તો તેમાં શંકા કરે નહિ. કારણ કે સાગરનું પાણી જેમ ગાગરમાં સમાય નહિ તેમ અનંતજ્ઞાની પ્રણિત ગહન તત્ત્વજ્ઞાનને આપણી અલ્પ બુદ્ધિ પહોંચે નહિ, પરંતુ જેમ મૂલ્યવાન રત્નોની કિંમત નિષ્ણાત ઝવેરી કરી આપે ત્યારે તેની પર વિશ્વાસ બેસે છે, તેવી જ રીતે જિનવચન પર પ્રતીતિ રાખવી.

વીતરાગ ભગવાન કદી પણ ન્યૂનાધિક કે અસત્ય પ્રરૂપે નહિ. તેઓએ અનંત કેવળજ્ઞાનમાં જે ભાવ દીઠા તે જ પ્રકાશ્યા છે, એવો વિશ્વાસ રાખે.

૨. निक्कंखिअ અન્ય મતાવલમ્બીનાં ગાન, તાન, ભોગ, વિલાસ મહિમા, પૂજા, ચમત્કાર આદિ આડમ્બર જોઈને તે મતનો સ્વીકાર કરવાની અભિલાષા કરે નહિ તથા એમ કહે નહિ કે આપણા ધર્મમાં એવું હોત તો ઠીક થાત. મિથ્યા ઢોંગથી આત્મકલ્યાણ થતું નથી. બાહ્યાભ્યંતર ત્યાગ અને આત્મદમનથી જ કલ્યાણ થાય છે.

૩. निव्वितिगिच्छा મને તપ, સંયમાદિ ધર્માચરણ કરતાં કરતાં આટલો દીર્ઘકાળ વીત્યો, છતાં આજ પર્યંત તેનું કશું ફળ દૃષ્ટિગોચર ન થયું તો હવે શું થવાનું હતું ! ન માલૂમ આ કષ્ટનું કશું ફળ હશે કે નહિ ! આ કરણીના ફળમાં સંદેહ કદાપિ ન કરવો.

જેમ યોગ્ય ક્ષેત્રમાં વાવેલું બીજ વૃષ્ટિના યોગથી કાળાંતરે ફળદાયી નીવડે છે તેમ આત્મરૂપ ક્ષેત્રમાં વાવેલું કરણીરૂપ બીજ શુભ પરિણામરૂપ જલવૃષ્ટિથી યથાયોગ્ય કાળે પરિપકવ થઈ અવશ્ય ફળદાયી નીવડે છે. કરણી કદાપિ વાંઝણી હોતી નથી એવી દૃઢ શ્રદ્ધા રાખવી.

૪. अमूढदिट्ठी–જેમ મૂઢ મનુષ્ય ગોળ, ખોળ, સોનું, પીત્તળ સરખાં માને છે તેમ ભોળા મનુષ્યો બધા ધર્મ સમાન માને છે, પરંતુ જિનેંદ્રપ્રણિત દયામય + પરમ ધર્મની બરાબરી કોઈ પણ

---

* **आत्मन प्रतिकुलानि परेषां न समाचरेत्** જે પોતાને બૂરું લાગતું હોય તે બીજા પ્રત્યે પણ ન આચરવું.

મત કરી શકે નહિ. આવો સર્વોત્કૃષ્ટ ધર્મ મને પ્રાપ્ત થયો છે, એ મારાં અહોભાગ્ય છે. આવી દૃઢ શ્રદ્ધા રાખવી.

૫. उववुह–સમ્યક્ત્વી અને સાધર્મિકના અલ્પ ગુણની પણ શુદ્ધ મનથી પ્રશંસા તથા વૈયાવૃત્ય કરી તેને ઉત્સાહી કરવો.

૬. थिरीकरणे–કોઈ સાધર્મિકનું મન ઉપસર્ગ પ્રાપ્ત થવાથી અથવા અન્ય દર્શનીના સંસર્ગથી સત્ય ધર્મથી વિચલિત થયું હોય તો તેને સ્વયં ઉપદેશ આપીને સત્સમાગમ કરાવીને, યથોચિત સહાય દ્વારા શાતા પમાડીને તેને ધર્મમાં સ્થિર કરવો, દૃઢ શ્રદ્ધાવંત બનાવવો.

૭. वच्छल–ગાય જેમ વાછરું પર પ્રીતિ રાખે છે તેમ સાધર્મિક પ્રતિ પ્રીતિ રાખવી. રોગીને ઔષધોપચારથી, વૃદ્ધ. જ્ઞાની, બાલ અને તપસ્વીને આહાર, વસ્ત્રાદિ ઇચ્છિત પદાર્થથી શાતા ઉપજાવી વાત્સલ્ય કરે; ધર્મમાં પ્રેમની વૃદ્ધિ કરે.

૮. पभावणे–યદ્યપિ જૈન ધર્મ પોતાના ગુણોથી સ્વયં પ્રભાવક છે, તો પણ દુષ્કર ક્રિયા, વ્રતાચરણ, અભિગ્રહ, કવિત્વશક્તિ, અવધાન, સદ્‌બોધાદિ દ્વારા સદ્ધર્મને વિશેષ પ્રદીપ્ત કરે. આ બધા સદ્‌ગુણોનો સ્વીકાર આચાર્યજી સ્વયં કરે છે અને બીજાને કરાવે છે.

ચારિત્રના ૮ આચાર

૩ ચારિત્રાચાર–ક્રોધાદિ ચારે કષાયોથી અથવા નરકાદિ ચાર ગતિથી છોડાવી આત્માને મોક્ષગતિ પ્રાપ્ત કરાવે તે ચારિત્રાચાર. શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં ગમન કરાવે તે ચારિત્રાચાર.

ગાથાઃ—**पणिहाण जोग जुत्तो, पंच समिइहिं तिहिं गुत्तिहिं ।**
एस चरित्तायारो, अट्ठविह होइ नायव्वा ॥ ३ ॥

અર્થ :— **૧. ઇર્યા સમિતિ**–યતનાપૂર્વક ચાલે તેના ૪ પ્રકાર : **૧. આલંબન**–ઈર્યાસમિતિવંત સાધુને જ્ઞાન, દર્શન અને ચારિત્રનું જ અવલંબન છે.

૨. **કાળ**–રાત્રે માર્ગાતિક્રમણ કરવાથી ત્રસ સ્થાવર જીવોની તથા રાત્રિમાં સદૈવ વરસી રહેલા સૂક્ષ્મ પાણીની રક્ષા થઈ શકતી નથી. તેથી સાધુ સૂર્યાસ્ત પહેલાં મકાન, વૃક્ષાદિ જે આશ્રયસ્થાન મળે ત્યાં રહી જાય. રાત્રે લઘુશંકાદિ માટે ગમનાગમન કરવાનો પ્રસંગ પડે ત્યારે વસ્ત્રથી શરીરનું આચ્છાદન કરી, રજોહરણથી ભૂમિનું પ્રમાર્જન કરતો થકો દિવસે જોઈ રાખેલા સ્થાનમાં જઈ તત્કાળ સ્વસ્થાનમાં આવી જાય.

૩. **માર્ગ**–ઉન્માર્ગમાં ઉધઈ, કીડીનાં દર અને અસ્પૃશ્ય ભૂમિમાં સચેતપણું તેમ જ કાંટા કાંકરા હોવાથી જીવહિંસા થાય અને શરીરને બાધા પહોંચે તેથી ઉન્માર્ગમાં ગમનાગમન ન કરે,

૪. **યતના**–યતના ચાર પ્રકારે થાય છે :

૧. **દ્રવ્યથી**–નીચી દૃષ્ટિ રાખી ચાલે,

૨. **ક્ષેત્રથી**–દેહ પ્રમાણ [૧ ધનુષ્ય) આગળ જોતો ચાલે,

૩. **કાળથી**–દિવસે જોઈને અને રાત્રે પોંજીને ચાલે,

૪. **ભાવથી**–રસ્તે ચાલતાં નીચે પ્રમાણે ૧૦ બોલ વર્જે. (રસ્તે ચાલતાં બીજાં કામ કરવાથી ઉપયોગ-શૂન્યતાને લીધે બરાબર યતના જળવાતી નથી.]

૧. **શબ્દ**–વાર્તાલાપ કરે નહીં, સાંભળે નહીં.

૨. **રૂપ**–શૃંગાર તમાસાદિ જુએ નહીં.

૩. **ગંધ**–કોઈ વસ્તુ સૂંઘે નહીં.

૪. **રસ**–કોઈ વસ્તુ ચાખે નહીં.

૫. **સ્પર્શ**–કોમળ, કઠણ કે શીત ઉષ્ણાદિ સ્થાનમાં પરિણામ સ્થિર રાખે.

૬. **વાચના**–પઠન કરે નહીં.

૭. **પૃચ્છના**–પ્રશ્ન પૂછે નહીં.

૮. **પરિવર્તના**–શીખેલું ફરી ગોખે નહીં.

૯. **અનુપ્રેક્ષા**–સંભારે નહીં.

૧૦. **ધર્મકથા**–ઉપદેશ કરે નહીં.

૨. ભાષા સમિતિ–યતનાપૂર્વક બોલે તેના ૪ પ્રકાર :

૧. **દ્રવ્યથી**–કર્કશ, કઠોર, છેદકારી, ભેદકારી, હિંસક, પીડાકારી, સાવદ્ય, મિશ્ર, ક્રોધકારક, માનકારક, માયાકારક, લોભકારક, રાગકારક, દ્વેષકારક, અપ્રતીતકારી અને વિકથા એ ૧૬ પ્રકારની ભાષા બોલે નહીં.

૨. **ક્ષેત્રથી**–રસ્તે ચાલતાં વાર્તાલાપ કરે નહીં.

૩. **કાળથી**–પહોર રાત્રિ વીત્યા પછી ઉચ્ચ સ્વરે બોલે નહીં.

૪. **ભાવથી**–દેશ કાલ ઉચિત સત્ય, તથ્ય, પથ્ય વચન બોલે.

૩. એષણા સમિતિ–૧. શય્યા (સ્થાનક) ૨. આહાર, ૩. વસ્ત્ર, ૪. પાત્ર નિર્દોષ ગ્રહણ કરે. તેના ૪ ભેદ :

૧. **દ્રવ્યથી**–૪૨ તથા ૯૬ *દોષરહિત શય્યાદિ ચારે વસ્તુ ભોગવે.

---

* ૯૬ દોષ–૧. **आहाकम्म**–સમુચ્ચયે સાધુ માટે બનાવેલ આપે તે આધાકર્મી.

૨. **उद्देसियं**–એક સાધુને ઉદ્દેશીને બનાવેલ તે ઉદ્દેશિક.

૩. **पुतिकम्मं**–ગૃહસ્થ નિમિત્તો બનેલા આહારમાંથી સાધુને વહોરાવતા એક કણ પણ પડી ગયો હોય તો તે પણ લેવો કલ્પે નહીં.

૪. **मिश्र**–ગૃહસ્થ અને સાધુ માટે ભેળું બનાવે તે મિશ્ર.

૫. **ठवणा**–આ ચીજ તો સાધુને જ આપીશ એમ સ્થાપન કરી રાખે.

૬. **पाहुडिया**–કાલે સાધુજી ગોચરી કરવા પધારશે તો કાલે મહેમાનોને પણ જમાડીશ એમ કહી દે.

૭. **पाउर**–દીપક આદિથી અંધારામાં પ્રકાશ કરીને આપે.

૮. **क्रियगड**–સાધુ માટે વેચાતું લઈને આપે તે.

૯. **पामीच्चे**–ઉધાર લાવીને આપે.

૨. ક્ષેત્રથી–ખાનપાનાદિક વસ્તુ બે કોસથી વધુ દૂર લઈ જઈ ભોગવે નહીં.

---

૧૦. **परियट्टे**–બીજાની પાસે અદલબદલ કરીને આપે.

૧૧. **अभिहडे**–સ્થાનકમાં કે રસ્તામાં સામું લાવીને આપે.

૧૨. **भिन्ने**–માટી, લાખ વગેરેના બરણી કે શીશીનું મોઢું બંધ કર્યું હોય તે સાધુને માટે ખોલીને આપે.

૧૩. **मालोहड**-ઉપરથી નીચે લાવીને આપે.

૧૪. **अच्छिज्जे**–સબળ વ્યક્તિ નિર્બળની પાસેથી છીનવીને આપે.

૧૫. **अणिसिठे**–માલિક કે ભાગીદારની આજ્ઞા વિના આપે.

૧૬. **अज्झोयरे**–સાધુને આવતા સાંભળી લોટમાં લોટ, દાળમાં દાળ, ઇત્યાદિ અધિક ભેળવી દે.

આ ૧૬ દોષ ઉદ્દગમનના તે ભદ્રિક સરાગી મનુષ્ય દાન દેવાના ઉત્સાહથી લગાડે છે. પણ મુનિ તેને કર્મબંધના હેતુ જાણી કહે કે :–અહો આયુષ્યમાન ! મને આ કલ્પે નહીં.

૧૭. **धाई**–ગૃહસ્થનાં બાળકોને રમાડીને મુનિ આહાર લે તે ધાત્રીકર્મ. આથી બ્રહ્મચર્યમાં શંકાદિ ઊપજે.

૧૮. **दुई**–ગ્રામાંતરે કે ગૃહાંતરે સંદેશો પહોંચાડીને લે.

૧૯. **निमित्ते**–ભૂત, ભવિષ્યની વાત સંભળાવીને કે સ્વપ્ન સામુદ્રિકનાં ફળ બતાવીને લે.

૨૦. **आजीव**–જાતિ કે સગાઈ બતાવીને લે.

૨૧. **वणिमग्ग**–ભિક્ષુકની પેઠે દીનતા કરીને લે.

૨૨. **तिगिच्छ**–ઔષધોપચારાદિ બતાવીને લે.

૨૩. **कोहे**–ક્રોધ કરીને લે.

૨૪. **माणे**–અભિમાન કરીને લે.

૨૫. **माया**–કપટ કરીને લે.

૨૬. **लोहे**–લોભ-લાલચ આપીને લે.

૨૭. **पुव्व पच्छा संथवे**–દાન લીધા પહેલાં કે પછી દાતારના ગુણાનુવાદ કરે.

૨૮. **विज्जा**–વિદ્યાના પ્રભાવથી રૂપ બદલીને લે.

૨૯ **मंत्त**–વ્યંતર, સાપ, વીંછી, આદિના મંત્ર, વશીકરણ, સ્થંભનાદિ મંત્ર કરીને લે.

૩૦. **चुन्ने**-પાચકાદિ ચૂર્ણ કરી આપીને કે કરવાની વિધિ શીખવીને લે.

૩. **કાળથી**–પહેલે પહોરે લાવેલ ખાનપાનાદિ ચોથા પહોરમાં ભોગવે નહીં.

---

૩૧. **जोगे**–તંત્રવિદ્યા, ઇંદ્રજાળ, આદિ તમાસા બતાવીને લે.

૩૨. **मुलकम्मे**–ગર્ભધારણ, ગર્ભપાત, સ્તંભન આદિ પ્રયોગ બતાવીને લે.

આ ૧૭ થી ૩૨ સુધીના ૧૬ દોષ ઉત્પાદના, તે રસના લોલુપી સાધુ લગાડે છે.

૩૩. **संकिय**–આધાકર્મી આદિ દોષની શંકા પડવા છતાં લે.

૩૪. **मरिक्खये**–સચિત્ત પાણી આદિ હાથની રેખામાં કિંચિત્માત્ર હોય તેના હાથથી લે.

૩૫. **निक्खित्ते**–સચિત્ત પૃથ્વી, પાણી અગર કીડીનાં દર ઉપર રાખેલી વસ્તુ લે.

૩૬. **पेहिय**–સચિત્ત વસ્તુની નીચે અચિત્ત વસ્તુ રાખી હોય તે લે.

૩૭. **सारहिय**–સચિત્ત વસ્તુની મધ્યમાં રાખેલી અચિત્ત વસ્તુ લે.

૩૮. **दायगो**–અતિ વૃદ્ધ, નાનું બાળક, નપુંસક, બીમાર, ખસનો દર્દી, સ્તનપાન કરાવતી માતા, સાત મહિના થયા પછીની ગર્ભવતી સ્ત્રી, આદિ દાતાના હાથથી લે.

૩૯. **मिश्र**–ચણાના ઓળા, ઘઉં, બાજરી, જુવાર કે મકાઇનો પોંક ઇત્યાદિ મિશ્ર વસ્તુ લે.

૪૦. **अप्रणित**–તાજું ધોવણ, તરતની વાટેલી ચટણી (પૂરા જીવ ચવ્યા ન હોય) એક મુહૂર્ત વીત્યા અગાઉ લે.

૪૧. **लित्त**–તરતનું લીંપેલ હોય તે ઉપર ગમનાગમન કરે.

૪૨. **छंडिव**–ઢોળતાં કે વેરતાં થકાં વહોરાવેલું લે.

આ ૧૦ દોષ સાધુ અને ગૃહસ્થ બન્ને મળીને લગાડે.

૪૩. **संजोयणा**–ભિક્ષા લઈ સ્થાનકે આવ્યા બાદ દૂધ છે, માટે સાકર લાવો, એ રીતે સ્વાદ નિમિત્તે સંયોગ મેળવે તે.

૪૪. **पमाणे**–પ્રમાણથી અધિક લાવવું કે ખાવું તે.

૪૫. **इंगाल**–સ્વાદુ આહારની પ્રશંસા કરે તો અંગાર એટલે કોલસા જેવો સંયમ બને.

૪૬. **धुम्म**–બેસ્વાદ આહારની નિંદા કરે તો ધુમ્ર જેવો સંયમ બને.

૪૭. **कारणे**–સાધુ ૧. ક્ષુધા વેદનીય ઉપશમાવવા. ૨. ગુર્વાદિની વૈયાવચ્ચ કરવા, ૩. ઇર્યાસમિતિનું પાલન કરવા, આંખની રક્ષા માટે, ૪. સંયમનો નિર્વાહ કરવા, ૫. પ્રાણીરક્ષા કરવા, પ્રતિલેખનાદિ ક્રિયા કરવા અને, ૬. ધર્મધ્યાન કરવા એ છ કારણે આહાર કરે. અને ૧. રોગોત્પત્તિ થયે, ૨. ઉપસર્ગ આવ્યે, ૩, બ્રહ્મ

ભાવથી—સંયોજનાદિ માંડલાના ૪ દોષો વર્જીને આહારાદિ ભોગવે. આહાર, વસ્ત્ર, પાત્રાદિ પર મમત્વ રાખે નહીં. સમય પર નિર્દોષ જે મળે તેનાથી સંતોષ માને અને શાસ્ત્રોક્ત ક્રિયા સમય પર સમાચરે.

૪. ' આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ '—યતનાપૂર્વક ભંડોપકરણ ગ્રહણ કરે, સ્થાપિત કરે તે. ભંડોપકરણ બે પ્રકારનાં હોય છે.

૧. સાધુને સદૈવ ઉપયોગમાં આવે—જેવાં કે રજોહરણ, મુખવસ્ત્રિકાદિ. તેને ઉગ્ગહિક કહે છે.

૨. પ્રયોજનથી કામમાં આવે તે. પાટ—પાટલા વગેરે. તે ઉવગહિક કહેવાય છે. સાધુને ઉપકરણ સંબંધી શાસ્ત્રમાં આ પ્રમાણે આજ્ઞા છે.

ચર્યમાં દઢ રહેવા, ૪. જીવરક્ષા કરવા, ૫. તપ કરવા, ૬ અનશન કરવા, એ ૭ કારણે આહારનો ત્યાગ કરે. વિના કારણ આહાર કરે તે દોષ.

આ પાંચ મંડળના દોષ તે આહાર કરતી વેળા લગાડે.

૪૮. **उग्घाड कवाड**—દ્વાર ખોલાવીને લે તો દોષ.

૪૯ **मंडी पाहुडिआओ**—દેવદેવીને ચડાવવા કરેલ આહાર લે.

૫૦. **बलिपाहुडिआए**—બલિ—બાકુળા ઉછાળવા કરેલ આહાર લે.

૫૧. **अदिट्ठ**—ભીંત કે કપડાને અંતરે રહેલી ન દેખાતી વસ્તુ લે.

૫૨. **ठवणा पाहुडिआए**—સાધુને માટે સ્થાપના કરી રાખેલી વસ્તુ લે.

૫૩. **परिया**—પ્રથમ નીરસ આહાર આવ્યો હોય તે પરઠી દે અને બીજો સારો આહાર લાવે.

૫૪. **दाणट्ठा**—બ્રાહ્મણાદિને દાન દેવા માટે બનાવેલ આહાર લે.

૫૫. **पुण्णट्ठा**—મૃત મનુષ્યની પાછળ પુણ્યાર્થે બનાવેલ આહાર લે.

૫૬. **समणट्ठा**—શાક્યાદિ શ્રમણ, બાવા, જોગીને અર્થે બનેલો આહાર લે.

૫૭. **वणीमगट्ठा**—દાનશાળા (સદાવ્રત)નું લે.

૫૮. **नियागं**—નિત્ય એક જ ઘેરથી લે.

૫૯. **सेज्ज्ञांतर**—જેની આજ્ઞા લઈ મકાનમાં ઉતરે તેના ઘરનું લે.

૬૦. **रायपिंड**—રાજાના ઘેરથી બલીષ્ટ કામોત્તેજક આહાર કે ઔષધિ લે.

૬૧. **किमिच्छ**—કારણ વિના મનોજ્ઞ ચીજ લાવે કે ખાય.

૬૨. **संघट्ट**—માટી, પાણી, અગ્નિ, વનસ્પતિ, આદિ સચિત્તનો સંઘટ્ટો થયેલું લે.

૧. કાષ્ટનું ૨. તુંબડાનું અને, ૩. માટીનું એ ત્રણ પ્રકારનાં પાત્ર આહાર, પાણી, ઔષધાદિ-ગ્રહણ કરવા માટે રાખે; કોઈ જીવની

---

૬૩. **अप्पभोयणे**–ખાવું થોડું અને નાખી દેવું ઝાઝું એવું લે.

૬૪. **परहडी**–વેશ્યા, ભીલ, ચાંડાલાદિ નીચ કુળનો આહાર લે.

૬૫. **मामग**–જેણે મના કરી હોય કે અમારે ત્યાં આવવું નહીં તેના ઘરનો આહાર લે.

૬૬. **पुव्वकम्म पच्छाकम्म**–ગૃહસ્થ આહાર વહોરાવ્યા પહેલાં કે પછી સચિત પાણીથી હસ્તપ્રક્ષાલનાદિ દોષ લગાડે ત્યાંથી લે.

૬૭. **अचियत**–વ્યભિચારિણી સ્ત્રી કે જાતિબહાર મૂકેલા એવા અપ્રતીતકારી ઘરનો આહાર લે.

આ પંદર દોષ દશવૈકાલિકમાં કહ્યા છે.

૬૮. **सयाणपिंड**–સામુદાણી બાર કુળની ગોચરી ન કરે, પરંતુ સ્વજાતિની જ ભિક્ષા લે તો દોષ.

૬૯. **परांचाडी**–જ્ઞાતિ આદિ પંગત જમવા બેઠી હોય તેને ઓળંગીને લે.

આ બે દોષ ઉત્તરાધ્યયનમાં કહ્યા છે.

૭૦. **पाहुणभत्त**–મહેમાનોને માટે બનાવેલો આહાર તેઓ જમ્યા પહેલાં લે.

૭૧. **मंस**-જળચર, સ્થલચર, ખેચરાદિ જીવોનું માંસ લે.

૭૨. **संखडी**–સર્વ જ્ઞાતિને કિંવા ગામને જમાડવા ભોજન કર્યું હોય તે લે.

૭૩. **उल्लंघ**–દ્વાર પર ભિખારી ઊભો હોય તેને ઓળંગીને લે.

૭૪. **सागारवयंगा**–ગૃહસ્થનું કંઈ કામ કરી આપવાનું વચન આપીને લે.

આ પાંચ દોષ સ્થાનાંગ સૂત્રમાં કહ્યા છે.

૭૫. **कालाइक्कंत**–સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછી લે.

૭૬. **आणाइक्कंत**–તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને લે અથવા ભોગવે. જેમકે પહેલા પહોરનું લાવેલું ચોથા પહોરમાં ભોગવે.

૭૭. **मग्गाइक्कंत**–માર્ગની મર્યાદા (બે ગાઉ) ઉપરાંત જઈ ભોગવે.

૭૮. **आउप**–જે આમંત્રણ કરે તેના ઘરનું લે.

૭૯. **कंतारामत्त**–અટવીનું ઉલ્લંઘન કરીને આવેલ તેને માટે બનાવેલું લે.

૮૦. **दुभिक्खभत्त**–દુષ્કાળપીડિત લોકો માટે બનાવેલું લે.

૮૧. **गिलाणभत्त**–રોગી કે વૃદ્ધને માટે બનાવેલું લે.

હિંસા ન થાય તેવો ઊન, અંબાડી કે શણનો રજોહરણ ભૂમિ આદિનું પ્રમાર્જન કરવા માટે રાખે.

આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે છીંક, બગાસું અને શ્વાસોશ્વાસથી જીવહિંસા થાય છે, તેથી વસ્ત્રનાં આઠ પડની મુખવસ્ત્રિકા દોરા સહિત મુખ પર અહોનિશ બાંધી રાખે, ઊન, સૂતર, રેશમ

---

૮૨. **वाद्दलियामत्त**–અતિવૃષ્ટિ પ્રસંગે ગરીબો માટે બનાવેલું હોય તે લે.

૮૩. **रयदोष**–ખુલ્લું રાખવાથી સચિત્ત રજ ચડી ગઈ હોય તે લે. આ દોષ આચારાંગ સૂત્રમાં છે.

૮૪. **रयतदोष**–જેનાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બદલી ગયાં હોય તે લે.

૮૫. **सयगही**–ગૃહસ્થના ઘરમાંથી પોતાના હાથે ઉઠાવીને લે. (ગૃહસ્થની આજ્ઞાથી પાણી લેવાની મના નથી).

૮૬. **बाहिच**–ઘર બહાર ઊભા રાખી અંદરથી લાવીને આપે તે લે.

૮૭. **मोरंच**–દાતારના ગુણાનુવાદ કરીને લે.

૮૮. **बालट्ठा**–બાળકોને માટે બનાવ્યું હોય તે તેના ખાવા પહેલાં લે. આ ૫ દોષ પ્રશ્ન વ્યાકરણમાં છે.

૮૯. **गुव्विणीट्ठा**–ગર્ભવતી માટે બનાવેલું તેના ખાધા પહેલાં લે.

૯૦. **कित्ती**–કોઈ દાતા છે? એમ પોકારીને લે.

૯૧. **अडविभत्त**–અટવી, પર્વતાદિના નાકા પરની દાનશાળામાંથી લાવે.

૯૨. **अतित्थभत्तं**–ગૃહસ્થ ભિક્ષા કરી લાવ્યો હોય તેની પાસેથી લે.

૯૩. **पासत्थाभत्तं**–આચારભ્રષ્ટ સાધુનો વેષ પહેરી આજીવિકા કરતો હોય તેની પાસેથી લે.

૯૪. **दुगंछभत्तं**–અયોગ્ય, દુર્ગંછનીય, એઠું, વગેરે લે.

૯૫. **सागारीयनिस्सीया**–ગૃહસ્થની સહાયથી આહાર પાણી આદિ પ્રાપ્ત કરે. આ ૭ દોષ નિશીથ સૂત્રમાં કહ્યા છે.

૯૬. **परियांसय**–ભિક્ષુકોને આપવા માટે ઘણા વખતથી સંઘરી રાખેલ હોય તે ભિક્ષુક ન લઈ જાય અને પછી સાધુને આપે તે સાધુ લે તો દોષ.

આ દોષ નિશીથ તથા બૃહત્કલ્પ બન્નેમાં કહ્યો છે.

ઉપર્યુક્ત ૯૬ દોષોરહિત આહાર, વસ્ત્ર, પાત્ર, શય્યાદિ ગ્રહણ કરીને સાધુઓએ સંયમ તપનો નિર્વાહ કરવો જોઈએ.

અને શણની શ્વેત રંગની અને પ્રમાણોપેત (માપસર) વસ્ત્રની ૩ ચાદર (ઓઢવા માટે) રાખે, એક ચોલપટો (પહેરવા માટે) +રાખે, એક બિછાનાનું વસ્ત્ર રાખે, એક ગુચ્છક (ગુચ્છો) વસ્ત્ર, પાત્ર તથા શરીર પર રહેતા જીવોનું પ્રમાર્જન કરવા રાખે.

ખાળ, ગટર, વગેરેમાં લઘુનીતિ (પેશાબ) કરવાથી દુર્ગંધ ઉત્પન્ન થાય, રોગાદિ ઊપજે, ચેપી રોગનો પણ ડર રહે. તેની સાથે સમૂર્ચ્છિમ મનુષ્ય જીવની હિંસા થાય. તેથી એક પાત્રમાં લઘુનીત કરી એકાંત જગ્યામાં છૂટું છૂટું પરઠી દે.

ભિક્ષા લાવવાનાં પાત્ર રાખવાની ઝોળી, પાણી ગળવાનું ગળણું, પાત્ર સાફ કરવાનું કપડું, વગેરે ઉપકરણો સાધુ સદૈવ પાસે રાખે છે. અને ખપ પડે ત્યારે પાટ, પાટલા, પરાળ (ઘઉં કે ચાવલનાં છોતરાં) ગૃહસ્થને ત્યાંથી યાચી લાવે છે, અને કામ પતી ગયે પાછાં આપે છે.

ઉક્ત ઉપકરણોને **૧. દ્રવ્યથી**—યતનાથી ગ્રહણ કરે, યતનાથી રાખે, બિનજરૂરી બગાડ કે નાશ ન કરે.

૨. ક્ષેત્રથી—ગૃહસ્થના ઘરમાં રાખીને ગ્રામાનુગ્રામ વિહાર કરે નહીં. કારણ કે પ્રતિબદ્ધ થવાય છે અને પ્રતિલેખનના પ્રમાદનો દોષ લાગે છે.

૩ કાળથી—પ્રાતઃકાળ અને સંધ્યાકાળ બન્ને વખત બધાં વસ્ત્ર, પાત્ર અને ઉપકરણોનું પ્રતિલેખન કરે. પડિલેહણ કરતાં વાતો

× પ્રતિલેખનના ૨૫ પ્રકાર :—વસ્ત્રના ૩ વિભાગ કરી પ્રત્યેક વિભાગની ઉપર, નીચે અને મધ્યમાં એમ ૩ ઠેકાણે દૃષ્ટિથી દેખે, એ ૩ × ૩ = ૯ અખોડા થયા. એ જ પ્રમાણે, વસ્ત્રની બીજી બાજુ જુએ તો ૯ પખોડા. એમ ૧૮ થયા. તેમાં જીવની શંકા પડે તો આગળના ૩ અને પાછળના ૩ એમ ૬ વિભાગની ગુચ્છાથી પ્રમાર્જના કરે. એ છ પુરીમાએ ૨૪ પ્રકાર થાય, અને ૨૫ મો પ્રકાર શુદ્ધ ઉપયોગ રાખવો તે.

કરે નહીં તેમ જ આમતેમ જુએ નહિ, પ્રતિલેખન કરેલ વસ્ત્રાદિને પ્રતિલેખ્યા વિનાનાં વસ્ત્રાદિ સાથે ભેળવી દે નહીં. પ્રથમ મુહપત્તી, પછી ગુચ્છો, ચોલપટો, ચાદર, રજોહરણ, વગેરેની ક્રમશઃ પ્રતિલેખના કરે.

૪ **ભાવથી**—ઉપયોગ સહિત ઉપકરણો વાપરે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યયનમાં ૩૨ મી ગાથામાં કહ્યું છે કે : 'पच्चत्थय च लोगस्स ' અર્થાત્ સાધુના વેષથી લોકોને પ્રતીતિ થાય છે કે, આ સાધુ છે. એટલા માટે વસ્ત્રાદિ ધારણ કરવાની જરૂર છે; નહિ કે અભિમાન કિંવા દેહમમત્વને કારણે.

૫. **પારિઠાવણિયા સમિતિ**—'ઉચ્ચાર' વડીનીત, 'પાસવણ' લઘુનીત, 'ખેલ' બળખો, 'જલ' મેલ, 'સિંઘાણ' લીંટ વગેરેને–

૧. **દ્રવ્યથી**—યતનાપૂર્વક પરઠવે. જ્યાં જીવજંતુ ન હોય, ધ્રો, બીજ, વગેરે ન હોય ત્યાં જતનાથી નાખે.

૨. **ક્ષેત્રથી**—જેની માલિકીની તે જમીન હોય તેની આજ્ઞા લે, અગર માલિક ન હોય અને જગ્યા અપ્રતીતકારી કલેશ ઉત્પન્ન કરાવવાવાળી ન હોય તો ત્યાં શક્રેન્દ્રજીની * આજ્ઞા લઈને પરઠવે.

૩. **કાળથી**—દિવસે સારી રીતે જોઇને અને રાત્રે, દિવસે જોઇ રાખેલી નિરવદ્ય જગ્યામાં પરઠવે.

૪. **ભાવથી**—શુદ્ધ ઉપયોગયુક્ત યતનાપૂર્વક પરઠવે.

જતી વખતે 'આવસ્સહિ' (હું આવશ્યક કામે જાઉં છું) કહે. પરઠવતી વખતે માલિકની આજ્ઞા છે, એટલા માટે 'અણુજાણહ મે મિ ઉગ્ગહં'' કહે, પરઠવ્યા પછી આ વસ્તુથી હવે મારે કંઇ પ્રયોજન

× દક્ષિણાર્ધ લોકના માલિક શક્રેંદ્ર, ભગવાન મહાવીરને કહી ગયા છે કે : સાધુ આદિ ચારે તીર્થને નિરવદ્ય કામમાં મારી માલિકીના જગ્યાનો ઉપયોગ કરવાની મારી આજ્ઞા છે.

નથી, એટલા માટે 'વોસીરેહ' શબ્દ ૩ વાર કહે. સ્વસ્થાનકે પાછા આવતાં 'નિસીહિ' શબ્દ ૩ વાર કહે. પછી ઇર્યાવહી પડિક્કમે. આ પાંચ સમિતિ થઈ.

૬-૭-૮ મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ : મન, વચન અને કાયા એ ત્રણે એવાં પ્રબળ શસ્ત્ર છે કે ઘણી વાર મહાપાતકી વિચાર, ઉચ્ચાર અને આચાર વડે જીવ નિરર્થક કર્મબંધ કરી લે છે.

૧. સારંભ-પરિતાપ ઉપજાવવાનો વિચાર, ૨. સમારંભ-પરિતાપ ઉપજાવવાની સામગ્રી એકઠી કરવાનો વિચાર, અને ૩. આરંભ-જીવ કાયા જુદાં કરવાનો વિચાર, એ ત્રણે પ્રકારના વિચારથી મનનો નિગ્રહ કરી ધર્મધ્યાનમાં મનને જોડે તે મનોગુપ્તિ.

૨. વચનગુપ્તિ-ઉક્ત ત્રણ પ્રકારના સદોષ વ્યવહારથી વચનનો નિગ્રહ કરે.

૩. કાયગુપ્તિ-ઉક્ત ત્રણે પ્રકારનાં આચરણોથી કાયાનો નિગ્રહ કરી તપ, સંયમાદિ સત્યકાર્યમાં કાયાને જોડે, એ ત્રણ ગુપ્તિ થઈ. એમ ૫ સમિતિ અને ૩ ગુપ્તિ એ ચારિત્રાચારના આઠ ગુણ છે. આચાર્યજી તેવા દોષને દૂર કરી ગુણોનું પાલન પોતે કરે અને બીજા પાસે કરાવે.

તપના ૧૨ આચાર

૪. તપાચાર :—જેવી રીતે માટી મિશ્રિત સુવર્ણાદિ ધાતુને અગ્નિમાં તપાવવાથી તે ધાતુ માટીથી છૂટી પડી પોતાનું અસલી રૂપ ધારણ કરી શકે છે, તેવી રીતે કર્મરૂપ મેલથી ખરડાયેલો જીવ તપશ્ચર્યા રૂપ અગ્નિના પ્રયોગથી શુદ્ધ થઇ નિજ રૂપને પ્રાપ્ત કરે છે. શ્રી ઉત્તરાધ્યયન અધ્યાય ૩૦ માં તથા શ્રી ઉવવાઇ સૂત્રમાં તપના ભેદ નીચે પ્રમાણે કહ્યા છે :-

ગાથાઃ—सो तवो दुविहो वुत्तो, बाहिरब्भिन्तरो तहा ।
बाहिरो छव्विहो वुत्तो, एवमब्भिन्तरो तवो ॥ ७ ॥
अणसण मुणोयरिया, भिक्खायरिया य रस परीच्चाओ ।
कायकिलेसो संलीणया य, बज्झो तवो होइ ॥ ८ ॥
पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं च विउस्सग्गो, एसो अब्भिंतरो तवो ॥ ३० ॥

અર્થ:—તપના બે પ્રકાર: ૧. બાહ્ય અને ૨. અભ્યંતર. તેમાં બાહ્ય તપ છ પ્રકારનાં તેમ જ અભ્યંતર તપ પણ છ પ્રકારનાં કહ્યાં છે.

૧. અનશન, ૨. ઉણોદરી, ૩. ભિક્ષાચરી, ૪. રસપરિત્યાગ, ૫. કાયકલેશ, અને ૬. પ્રતિસંલીનતા. આ છ પ્રકારનાં તપને બાહ્ય અર્થાત્ પ્રત્યક્ષ તપ કહ્યાં છે. અને ૧. પ્રાયશ્ચિત્ત, ૨. વિનય ૩. વૈયાવૃત્ય ૪. સ્વાધ્યાય, ૫. ધ્યાન અને, ૬. વ્યુત્સર્ગ, આ છ પ્રકારનાં તપને આભ્યંતર (ગુપ્ત) કહ્યાં છે.

બાહ્ય તપ કરતાં આભ્યંતર તપમાં કર્મની નિર્જરા અધિક થાય છે. આ બારે તપનું સવિસ્તૃત વર્ણન નીચે કરવામાં આવે છે.

૧. અનશન તપઃ— ૧. અસણં–અન્ન, ૨. પાણં–પાણી, ૩. ખાઇમં–મેવો, સુખડી, ૪. સાઇમં–મુખવાસ.

આ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તેનું નામ અનશન. તેના બે ભેદ છેઃ—૧. ઇત્તરિય–અમુક મર્યાદિત કાળ માટે તપ કરવું તે ૨. અવકહિયા–જાવજ્જીવ તપ કરે તે.

ઇત્તરિય તપના ૬ પ્રકાર—૧. શ્રેણી તપ, ૨. પ્રતર તપ, ૩. ઘન તપ, ૪. વર્ગ તપ, ૫. વર્ગાવર્ગ તપ, ૬. પ્રકીર્ણ તપ. ૧ ચોથ ભક્ત (૧ ઉપવાસ) છઠ્ઠ ભક્ત (૨ ઉપવાસ) અઠ્ઠમ ભક્ત (૩ ઉપવાસ) એમ ક્રમશઃ ચઢતાં ચઢતાં પક્ષ, માસ, દ્વિમાસ, યાવત્

૭ મહિનાના ઉપવાસ. (છ મહિનાથી અધિક ઉપવાસ પાંચમા આરામાં થઇ શકતા નથી) આવું તપ કરે તે શ્રેણી તપ.

—પ્રતરતપ—			
૧	૨	૩	૪
૨	૩	૪	૧
૩	૪	૧	૨
૪	૧	૨	૩

બાજુના કોઠામાં બતાવ્યા પ્રમાણે ૧ ઉપવાસ. પછી છઠ્ઠ, પછી અઠ્ઠમ, પછી ચાર ઉપવાસ, પછી છઠ્ઠ પછી અઠ્ઠમ. એ પ્રમાણે તપ કરે તે પ્રતર તપ.

૨. એ જ પ્રકારે ૧૬×૪=૬૪ ખાનાનું કોષ્ટક કરતાં અંક આવે તે પ્રમાણે તપ કરે તે ઘન તપ.

૩. એ જ રીતે ૬૪×૬૪=૪૦૯૬ કોઠાના અંક પ્રમાણે તપ કરે તે વર્ગ તપ.

૪. એ જ પ્રમાણે ૪૦૯૬×૪૦૯૬=૧,૬૭,૭૭,૨૧૬ કોઠાના અંક પ્રમાણે તપ કરે તે વર્ગાવર્ગ તપ. અને કનકાવલી[1] તપ× રત્નાવલી[2] તપ, મુક્તાવલી[3] તપ, એકાવલી[4] તપ, બૃહત્સિંહક્રીડા[5] તપ, લઘુસિંહક્રીડા[6] તપ,ગુણરત્ન સંવત્સર[7] તપ,વજ્ર મધ્ય પ્રતિમા[8] તપ,જવ મધ્ય પ્રતિમા[9] તપ, સર્વતો ભદ્ર[10] પ્રતિમા તપ, મહાભદ્ર પ્રતિમા[11] તપ, ભદ્રપ્રતિમા[12] તપ, આયંબિલ*વર્ધમાન[13]તપ, ઈત્યાદિ પ્રકારના તપ કરે તે પ્રકીર્ણ તપ.

આ ઈત્તરિય તપના ૬ ભેદ કહ્યા, અને આયુષ્યનો અંત નજીક આવ્યો જાણી અથવા મરણાંત ઉપસર્ગ પ્રસંગે જાવજીવનો તપ કરે તે અવકહિયા તપ. તેના બે ભેદઃ—

૧. ભત્ત પ્રત્યાખ્યાન—તે જીવનપર્યંત ચારે આહાર ભોગવવાની બંધી.

× કનકાવલી આદિ તપનું સ્વરૂપ પૃષ્ટ ૧૭૩ પરનાં યંત્રોથી જાણવું.

× એક આયંબિલ કરી એક ઉપવાસ કરે, બે આયંબિલ કરી એક ઉપવાસ કરે, ત્રણ આયંબિલ કરી એક ઉપવાસ કરે, એમ ક્રમશઃ આયંબિલની વૃદ્ધિ કરે. મધ્યમાં એક એક ઉપવાસ કરે. યાવત્ ૧૦૦ આયંબિલ કરી ૧ ઉપવાસ કરે, તે આયંબિલ વર્દ્ધમાન તપ. આ તપમાં ૧૪ વર્ષ લાગે છે.

૨. પાદોપગમન—ચારે આહાર તથા શરીર બધાંનો ત્યાગ કરી વૃક્ષની શાખા સમાન હલન-ચલન રહિત એક જ આસને યાવજ્જીવન રહે તે પાદોપગમન તપ.

આમ, બે પ્રકારના સંથારા હોય છે.

૨. ઊણોદરી તપઃ—આહાર, ઉપધિ તથા કષાય કમી કરે તે ઊણોદરી તપ. તેના બે પ્રકાર—૧. દ્રવ્ય અને ૨. ભાવ.

દ્રવ્યથી ઊણોદરીના ૩ પ્રકાર—૧. વસ્ત્ર પાત્ર કમ રાખે તે ઉપકરણ-ઊણોદરી. તેથી મમત્વ ઘટે; જ્ઞાનધ્યાનમાં વૃદ્ધિ થાય; સુખે વિહાર થાય. ૨. પુરુષનો ૩૨ ગ્રાસ (કવલ)નો આહાર તેમાં ૮ ગ્રાસ લઈ સંતોષ માને તે પાદોન ઊણોદરી, ૧૬ ગ્રાસ લે તે અર્ધ ઊણોદરી, ૨૪ ગ્રાસ લે તે પાદ ઊણોદરી, ૩૧ ગ્રાસ લે તે કિંચિત્ ઊણોદરી. આહાર ઓછો લેવાથી પ્રમાદ ઘટે છે. ઇચ્છા નિરોધની ટેવ પડે છે, શરીર નીરોગી રહે છે, બુદ્ધિની વૃદ્ધિ થાય છે, ઇત્યાદિ અનેક ગુણોની પ્રાપ્તિ થાય.

૨. ભાવ ઊણોદરી—ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ચપલતાદિ દોષો કમી કરે.

૩. ભિક્ષાચરી તપઃ—ઘણાં ઘરથી થોડો થોડો આહાર લાવીને સંયમ નિર્વહે. જેમ ગાય ઉપર ઉપરથી થોડું થોડું ઘાસ ખાઈ પોતાનો નિર્વાહ કરે છે, તેમ સાધુ પણ ગૌચરી કરે છે. શ્રી દસ વૈકાલિકના પ્રથમ અધ્યયનમાં કહ્યું છે કેઃ—

ગાથા :—वयं च वित्तिं लब्भामो, ण य कोइ उवहम्मइ ।
अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ॥ ४ ॥

અર્થ:—જેમ ગૃહસ્થોએ પોતાના આરામ માટે બનાવેલ બગીચામાં જઈને ભ્રમર પુષ્પને કિંચિત્માત્ર દુઃખ દેતો નથી, અને અનેક ફૂલોમાંથી થોડો થોડો રસ ગ્રહણ કરીને પોતાના આત્માને તૃપ્ત કરે છે, તે જ પ્રમાણે સાધુ પણ ગૃહસ્થોએ પોતાના કે પોતાનાં

કુટુમ્બીજનો માટે નીપજાવેલા આહારમાંથી દાતારને સંકોચ ન પડે તેમ થોડો નિર્દોષ આહાર ઘણાં ઘરોમાંથી લઈ સંતોષ માને છે.

ભિક્ષાચરી તપના ૪ પ્રકાર છે.

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાલથી, ૪. ભાવથી.

દ્રવ્યથી ૨૬ પ્રકારનો અભિગ્રહ.

૧. ઉકિખત્ત ચરએ—વાસણમાંથી વસ્તુ કાઢીને આપે તે લેવી.

૨. નિકિખત્ત ચરએ—વાસણમાં વસ્તુ નાખતાં દે તે લેવી.

૩. ઉકિખત્ત, નિકિખત્ત ચરએ—વસ્તુ બહાર કાઢીને પાછી અંદર નાંખતાં દે તે લેવી.

૪. નિકિખત્ત ઉકિખત ચરએ—વાસણમાં નાખી પાછી કાઢતી વખતે દે તે લેવી.

૫. વટ્ટીજ્જમાણ ચરએ—બીજાને આપતાં મધ્યમાં દે, તે લેવી.

૬. સાહિરિજ્જમાણ ચરએ—બીજો લેતો હોય તેની મધ્યમાં દે તે લેવી.

૭. ઉવણિએ ચરએ—બીજાને દેવા લઇ જતો હોય ને દે તે લેવી.

૮. અવણિએ ચરએ—બીજાને દેવા માટે લાવતો હોય અને આપે તે લેવી.

૯. ઉવણિય અવણિય ચરએ—કોઇને દેવા જઇને પાછા ફરતાં આપે તે લેવી.

૧૦. અવણિય ઉવણિએ ચરએ—બીજાનું લઈને પાછું દેવા જતાં દે તે લેવી.

૧૧. સંસઠ ચરએ—ભર્યા હાથે દે તે લેવી.

૧૨. અસંસઠ ચરએ—ખાલી હાથે દે તે લેવી.

૧૩. તજ્જાએ સંસઠ ચરએ—જે વસ્તુ હાથમાં હોય તે દે તો લેવી.

૧૪. અન્નાએ ચરએ—અજ્ઞાત કુળથી લેવી.

૧૫. મોણ ચરએ–વિના બોલ્યે દે તે લેવી.

૧૬. દિઠ્ઠ લાભએ–દેખાતી વસ્તુ લે.

૧૭. અદિઠ્ઠ લાભએ– વિના દેખાતી વસ્તુ લે.

૧૮. પુઠ્ઠલાભએ–અમુક લેશો, એમ પૂછીને આપે તે લેવી.

૧૯. અપુઠ્ઠ લાભએ–વગર પૂછ્યે દે તે લેવી.

૨૦. ભિક્ખલાભએ–નિંદા કરીને દે ત્યાંથી લેવી.

૨૧. અભિક્ખ લાભએ–સ્તુતિ કરીને આપે ત્યાંથી લેવી.

૨૨. અન્નગિલાએ–દુઃખપ્રદ આહાર લે.

૨૩. ઉવણિહિએ–ગૃહસ્થ ભોજન કરતા હોય તેમાંથી દે તે લેવી.

૨૪ પરિમિત પિંડ વત્તિએ–સારો આહાર મર્યાદામાં લે.

૨૫. સુદ્ધેસણી–ચોકસાઈ કરીને લે.

૨૬. સંખાદત્તીએ–વસ્તુની કે માપની ગણતરી કરીને લે.

૨. **ક્ષેત્રથીઃ**–ભિક્ષાચરીના આઠ પ્રકારનો અભિગ્રહ.

૧. **પેટીએ** :–ચારે ખૂણાના ચારે ઘેરથી લે.

૨. **અધપેટીએ**:–બે ખૂણે આવેલાં બે ઘેરથી લે.

૩. **ગોમુત્તે–ગૌમૂત્રઃ**–જેવા વાંકા, એક ઘર આ લાઈનનું એક ઘર સામી લાઈનનું, એ રીતે લે.

૪. **પતંગીએઃ**–પતંગ આમતેમ ઊડે તે રીતે છૂટક છૂટક ઘરની ગોચરી કરે.

૫. **અભ્યંતર સંખાયનેઃ**–પહેલાં નીચેના ઘરથી પછી ઉપરના ઘરથી લે.

૬. **બાહિર સંખાયતેઃ**–પ્રથમ ઉપરના ઘરથી, પછી નીચેના ઘરથી. લે.

૭. **ગમણેઃ**–જતી વખતે લે, વળતાં ન લે.

૮. **આગમણેઃ**–જતાં ન લે, વળતાં લે.

૩. **કાળથીઃ**–ભિક્ષાચરીના અનેક પ્રકારના અભિગ્રહ. જેમકે–પ્રથમ પ્રહરનું લાવેલું ત્રીજા પ્રહરમાં ભોગવે.

બીજા પ્રહરમાં લાવેલું ચોથા પ્રહરમાં ભોગવે. બીજા પ્રહરનું ત્રીજામાં ભોગવે એમ ઘડી વગેરેના અભિગ્રહ કરે.

૪. **ભાવથી**–ભાવથી પણ ભિક્ષાચરીના અનેક પ્રકાર–જેમ કે બધી વસ્તુ અલગ અલગ લાવે અને એકઠી કરીને ખાય. ઈચ્છિત વસ્તુનો ત્યાગ કરે, આહાર કરતાં મમત્વ ન કરે. રુક્ષવૃત્તિ રાખે, ઈત્યાદિ.

૪. **રસ પરિત્યાગ**–જીભને સ્વાદિષ્ટ લાગે, બલવૃદ્ધિ થાય એવી વસ્તુઓનો ત્યાગ કરે તે રસપરિત્યાગ તપ. રસનો લોલુપી રોગી બને છે. માટે લોલુપતા ત્યાગવી. આ તપના ૧૪ પ્રકાર : ૧. **નીવિગએ**–દૂધ, દહીં, ઘી, તેલ મીઠાઈ એ પાંચ વિગય ત્યાગે. ૨. **પરિએરસ-પરિચ્ચએ**–ધારે ઘી વગેરે ન લે. ૩. **આયમસિત્થભોએ**–ઓસામણમાંથી દાણા ખાય. ૪. **અરસ આહારે**–રસ મસાલા રહિત આહાર લે. ૫. **વિરસ આહારે**–જૂનું ધાન્ય રાંધેલું લે. ૬. **અંત આહારે**-સેકેલા ચણા, અડદના બાકળા, વગેરે લે. ૭. **પંત આહારે**–ટાઢો, વાસી આહાર લે. ૮. **લુક્ખ આહારે**–લૂખો આહાર લે. ૯. **તુચ્છ આહારે**–નિઃસાર, બળેલું, સત્ત્વરહિત લે. ૧૦. **અરસ**, ૧૧. **વિરસ**, ૧૨. **અંત** ૧૩. **પ્રાંત** અને ૧૪. **રુક્ખ**–રુક્ષ આહારથી સંયમનો નિર્વાહ કરે.

૫. **કાયક્લેશ-તપ**–સ્વેચ્છાએ, સ્વાધીનપણે, નિર્જરા અર્થે કાયાને કષ્ટ દે તે કાયક્લેશ તપ. તેના અનેક પ્રકાર:—કાયોત્સર્ગ કરી ઊભા રહે તે 'ઠાણાઠિતિય.' કાયોત્સર્ગ કર્યા વિના ઊભો રહે તે 'ઠાણાઈય', બન્ને ઢીંચણ વચ્ચે શરીર ઝુકાવી કાયોત્સર્ગ કરે તે 'ઉક્કડાસણિએ' અને 'પડિમાઠાઇએ' તે સાધુની ૧૨ પડિમા (પ્રતિજ્ઞા) ધારણ કરે:—

૧. પહેલી પ્રતિજ્ઞામાં એક મહિના સુધી એક + દાત આહારની અને એક દાત પાણીની લે.

૨. બીજી પ્રતિજ્ઞામાં બે મહિના સુધી બે દાત આહારની, બે દાત પાણીની લે.

૩. ત્રીજી પ્રતિજ્ઞામાં ત્રણ મહિના સુધી ત્રણ દાત આહારની, ત્રણ દાત પાણીની લે.

૪. ચોથી પ્રતિજ્ઞામાં ચાર મહિના સુધી ચાર દાત આહારની, ચાર દાત પાણીની લે.

૫. પાંચમી પ્રતિજ્ઞામાં પાંચ મહિના સુધી પાંચ દાત આહારની, પાંચ દાત પાણીની લે.

૬. છઠ્ઠી પ્રતિજ્ઞામાં છ મહિના સુધી છ દાત આહારની, છ દાત પાણીની લે.

૭. સાતમી પ્રતિજ્ઞામાં સાત મહિના સુધી સાત દાત આહારની, સાત દાત પાણીની લે.

૮. આઠમી પ્રતિજ્ઞામાં ૭ દિન સુધી એકાંતર ચૌવિહારા ઉપવાસ કરે; દિવસે સૂર્યની આતાપના લે, રાત્રે વસ્ત્ર રહિત રહે, રાત્રિના ચત્તો અથવા એક જ પડખાભેર સૂઈ રહે અગર કાઉસ્સગ્ગમાં બેસી રહે. આ ત્રણ પૈકી કોઈ પણ એક આસને સ્થિર રહે. દેવ, મનુષ્ય, તિર્યંચના ઉપસર્ગ આવે તો સહન કરે. પણ ચલિત થાય નહીં.

× સાધુએ વહોરાવતી વખતે એક વખતે જેટલું અન્નાદિ પાતરામાં પડે તે આહારની એક દાત અને પાણીની ધાર ખંડિત ન થાય ત્યાં સુધી પાણીની એક દાત ગણાય છે. અભિગ્રહ હોય તેથી વધુ દાત ન લેવાય, ઓછી લે તો હરકત નહીં.

૯. નવમી પ્રતિજ્ઞા પણ આઠમી જેવી જાણવી, પણ એટલું વિશેષ કે, રાત્રે દંડાસન (ઊભો રહે) કે લગડાસન (પગની એડી અને માથાનું શિખાસ્થાન જમીનને લગાડી આખું શરીર કમાનની પેઠે અદ્ધર રાખે) કે ઉક્કડું આસન (બન્ને ઘૂંટણ વચ્ચે શિર ઝુકાવીને રહે) એ ત્રણમાંથી કોઇ પણ એક આસને આખી રાત રહે.

૧૦. દસમી પ્રતિજ્ઞા પણ આઠમી જેવી જાણવી. વિશેષમાં ગોદોહાસન, (ગાય દોહવા બેસે તેમ રહે) વીરાસન (ખુરશી ઉપર બેઠા પછી ખુરશી લઈ લીધી હોય અને એ જ સ્થિતિમાં રહે તે) શીર્ષાસન (માથું નીચે અને પગ ઉપર) આ ૩ માંથી કોઈ એક આસને રાત્રિ પૂર્ણ કરે.

૧૧. અગિયારમી પ્રતિજ્ઞામાં છઠ્ઠ કરે, બીજે દિવસે ગામ બહાર આઠે પહોર કાયોત્સર્ગ કરી ઊભા રહે.

૧૨. બારમી પ્રતિજ્ઞામાં અઠ્ઠમ (તેલો) કરે. ત્રીજે દિવસે મહાકાળ (ભયંકર) સ્મશાનમાં એક જ વસ્તુ પર અચળ દૃષ્ટિ સ્થાપી કાઉસ્સગ્ગ કરે. દેવ, મનુષ્ય, તિર્યંચ સંબંધી ઉપસર્ગ આવે તે સમભાવે સહે.

આમાંથી કદાચ ચલિત થઈ જાય તો ૧. વિકલતા (ઉન્માદ) પ્રાપ્ત થાય ૨. દીર્ઘકાળપર્યંત રહે તેવો રોગ ઉત્પન્ન થાય અને ૩. જિનપ્રણીત ધર્મથી ભ્રષ્ટ થાય. અને જો નિશ્ચળ રહે તો ૧. અવધિજ્ઞાન, ૨. મનઃપર્યવજ્ઞાન અને ૩. કેવળજ્ઞાન. આ ત્રણમાંથી કોઇ પણ એક જ્ઞાન ઉપજે.

આ બાર પ્રતિજ્ઞા ઉપરાંત લોચ કરવો, ગ્રામાનુગ્રામ વિચરવું, શીત તાપ સહવાં, ખરજ ખણવી નહીં, મેલ ઉતારવો નહીં. ઇત્યાદિ કષ્ટ સહે તે કાયક્લેશ તપ.

૬. પ્રતિસંલીનતા તપ– તેના ૪ ભેદ છે.

૧. રાગદ્વેષ ઉત્પન્ન થાય તેવા શબ્દથી કાનને, રૂપથી આંખને, ગંધથી નાકને, રસથી જીભને અને સ્પર્શથી શરીરને રોકી રાખે,

ઈંદ્રિયોના વિષયનો સંબંધ પ્રાપ્ત થતાં મનને વિકારી ન કરે. તે ઈંદ્રિય પ્રતિસંલીનતા તપ.

૨. ક્રોધનો ક્ષમાથી, માનનો વિનયથી, માયાનો સરળતાથી અને લોભનો સંતોષથી નિગ્રહ કરે તે કષાય પ્રતિસંલીનતા તપ.

૩-૪. અસત્ય × અને મિશ્ર મનના યોગનો નિગ્રહ કરી સત્ય

× સત્ય વિચારવું તે સત્ય મન, અસત્ય વિચારવું તે અસત્ય મન, સાચો, ખોટો મિશ્ર વિચાર તે મિશ્ર મન. અને જેમ ગામ આવ્યું, દીવો બળે છે, વગેરે વિચાર કરે તો વ્યવહાર મન. ૧. સત્ય બોલે તે સત્યભાષા, ૨. અસત્ય બોલે તે અસત્ય ભાષા, ૩. કાંઈક સત્ય કાંઈક અસત્ય બોલે તે મિશ્ર ભાષા અને લોકવ્યવહાર પ્રમાણે બોલે તે વ્યવહારભાષા. તેના વિસ્તારે ૪૨ પ્રકાર છે.

સત્ય ભાષાના ૧૦ પ્રકાર.

૧. જનપદસચ્ચ-દેશ બદલવાથી નામ બદલે, છતાં પોતાના દેશમાં જે નામ બોલતો હોય તે બોલે તે.

૨. સમન્ત સચ્ચ-સાધુ-મુનિ, શ્રમણ, વગેરે એક વ્યક્તિના ગુણની અપેક્ષાએ અનેક નામ બોલાય તે.

૩. સ્થાપના સચ્ચ-રૂપિયા, મહોર, પૈસા, મણ, શેર, વગેરે લોકોએ જે નામ સ્થાપન કર્યું હોય તે.

૪. નામ સચ્ચ-કુલવર્ધન, લક્ષ્મી વગેરે નામ (ગુણ નહીં છતાં) પાડયું હોય તે નામે બોલાવે તે.

૫. રૂપ સચ્ચ-સાધુ બ્રાહ્મણના ગુણ વિના વેષ માત્રથી તેને સાધુ બ્રાહ્મણ કહેવા તે.

૬. પ્રતીત સચ્ચ-શ્રીમંતની અપેક્ષા ગરીબ, દિવસની અપેક્ષા રાત્રિ એમ અપેક્ષાથી કહે તે.

૭. વ્યવહાર સચ્ચ-તેલ બળતું હોય છતાં કહે, કે દીવો બળે છે. પોતે ગામ તરફ જતો હોય છતાં કહે કે ગામ આવ્યું, એવી લોકમાં પ્રચલિત ભાષા બોલે તે.

૮. ભાવ સચ્ચ-બગલો શ્વેત, કાગડો કાળો, વગેરે (પાંચે રંગ છે છતાં) બોલે તે.

૯. યોગ્ય સચ્ચ-લખવાનો ધંધો કરે તે લહીઓ, ચિત્ર કાઢે તે ચિત્રકાર, સોનું ઘડે તે સોની, વગેરે કામધંધા પરથી નામ પડે તે.

૧૦. ઉપમા સચ્ચ-નગર દેવલોક જેવું, ઘી કપૂર જેવું, વગેરે ઉપમા આપવી તે.

આ દસ પ્રકારનાં સત્ય વચન જાણવાં.

અને વ્યવહાર મન પ્રવર્તાવે.અસત્ય અને મિશ્ર વચનનો ત્યાગ કરી સત્ય અને

અસત્ય ભાષાના ૧૦ પ્રકાર.

૧. ક્રોધ અસત્ય–ક્રોધવશ પિતા પુત્રને કહે–તું મારો પુત્ર નહિ.
૨. માન અસત્ય–અભિમાનથી ખોટી પ્રશંસા કરે.
૩. માયા અસત્ય–કપટયુક્ત વચન કહે.
૪. લોભ અસત્ય–લોભ વશ, વ્યાપારાદિમાં જૂઠું બોલે.
૫. રાગ અસત્ય–રાગને વશ સ્ત્રી આદિથી જૂઠું બોલે.
૬. દ્વેષ અસત્ય–દ્વેષને વશ ખોટું આળ ચડાવે.
૭. ભય અસત્ય–બીકને લીધે ચોર વગેરે જૂઠું બોલે.
૮. હાસ્ય અસત્ય–મશ્કરી કરતાં જૂઠું બોલે.
૯. આખ્યાયિકા અસત્ય–વ્યાખ્યાનાદિમાં વધારીને વાત કરે.
૧૦. શંકા અસત્ય–સંશય વશ શાહુકારને પણ ચોર કહે.

ઉપર પ્રમાણે ક્રોધાદિ દુર્ગુણોને વશ બોલાયેલાં વચનો અસત્ય કહેવાય છે.
મિશ્ર ભાષાના ૧૦ પ્રકાર.

૧. આ જ દસ જન્મ્યા એમ કહે પરંતુ ન્યૂનાધિક હોય તે ઉત્પન્ન મિશ્ર.
૨. આ જ દસ મર્યા તે વિગત મિશ્ર.
૩. આ જ દસ જન્મ્યા, દસ મર્યા તે ઉભય મિશ્ર.
૪. કીડાનો જથ્થો જોઈને કહે : સર્વ જીવ છે તેમાં કોઈક મરેલ પણ હોય તે જીવ મિશ્ર.
૫. ઘણા મરેલા જોઈ કહે : બધા મરી ગયા તે અજીવ મિશ્ર.
૬. ઉક્ત બન્ને વાત સાથે કહે તે જીવાજીવ મિશ્ર.
૭. પ્રત્યેક વનસ્પતિને અનંતકાય કહે તે અનંત મિશ્ર.
૮. અનંતકાયને પ્રત્યેક કહે તે પરિત મિશ્ર.
૯. સંધ્યા સમયને રાત્રિ કહે તે કાળ મિશ્ર.
૧૦. રોંઢાને બપોર કહે તે અધ્ધા મિશ્ર.

હવે સાચું પણ નહીં ને ખોટું પણ નહિં એવી વ્યવહાર ભાષાના ૧૨ પ્રકાર.

૧. હે દેવદત્ત ! ઈત્યાદિ નામે સંબોધન કરે. દેવદત્ત જીવનું નામ નથી, કલ્પિત નામ છે, છતાં બોલાય છે તે આમંત્રણી.

૨. તમે આમ કરો ઈત્યાદિ આજ્ઞા કરે તે આજ્ઞાપની.

વ્યવહાર–વચન પ્રવર્તે, ઔદારિક, ઔદારિક મિશ્ર, * વૈક્રિય, વૈક્રિય મિશ્ર, આહારક, આહારક મિશ્ર, અને કાર્મણ કાયયોગ એ સાત કાયયોગમાંથી અશુભને છાંડી શુભ પ્રવર્તાવે તે 'યોગ–પ્રતિસંલીનતા તપ.'

---

૩. અમુક મને આપો ઈત્યાદિ યાચના કરે તે યાચની.

૪. આ કેમ થયું ? ઈત્યાદિ પ્રશ્ન પૂછે તે પૃચ્છની.

૫. પાપ કરશે તે દુઃખી થશે એમ કહે તે પ્રજ્ઞાપની.

૬. આ કૃત્ય હું નહિ કરું એમ કહે તે પ્રત્યાખ્યાની.

૭. પ્રશ્નના ઉત્તરમાં કહે, ઈચ્છાનુસાર કરો તે ઈચ્છાનુલોમા.

૮. અર્થ સમજ્યા વિના કહે, તમારી મરજી તે અનભિગ્રહિતા.

૯. અર્થ સમજી અથવા ગભરાઈને કહે, હવે શું કરું ? તે અભિગ્રહિતા.

૧૦. કોઈ કહે સિંધવ લાવ, ત્યારે વિચારે કે ઘોડો, પુરુષ, વસ્ત્ર અને નિમક એ ચારેને સિંધવ કહે છે, હવે શું લઈ જાઉં ? તે સંશયકારિણી.

૧૧. આ એનો પિતા જ છે, એવા સ્પષ્ટ અર્થવાળી ભાષા બોલે તે વ્યાકૃત અને.

૧૨. બચ્ચાને ડરાવવા માટે કહે કે : હાઉ આવ્યું, પણ હાઉ શું ? આવી ભાષા બોલે તે અવ્યાકૃત.

આ ચાર ભાષાના ૪૨ પ્રકાર કહ્યા. તેમાંથી અસત્ય અને મિશ્ર ભાષાના ૨૦ પ્રકાર છોડીને અને વ્યવહાર ભાષાની ૨૨ પ્રકારની ભાષા પ્રયોજન નિમિત્ત યથોચિત બોલે.

× ૧ હાડ, માંસ, વગેરે સાત ધાતુનું પૂતળું–મનુષ્ય તિર્યંચનું શરીર તે ઔદારિક યોગ.

૨. ઔદારિક શરીર પૂર્ણપણે નિષ્પન્ન ન થતાં સુધી અન્ય શરીરનું મિશ્રપણું રહે, તે ઔદારિક મિશ્રયોગ.

૩. વિવિધ રૂપોને (વિક્રિયાને) ધારણ કરી શકે એટલું નાનુંમોટું, એક અનેક રૂપે થઈ શકે તેવું દેવ, નારકીનું શરીર તે વૈક્રિય યોગ.

૪. વૈક્રિય શરીર પૂર્ણ નિષ્પન્ન ન થતાં સુધી વૈક્રિય મિશ્ર યોગ

૫. ચૌદ પૂર્વધારી મુનિરાજ સંશય ઉત્પન્ન થતાં આહારક સમુદ્ઘાત કરી એક હાથનું પૂતળુ બનાવી તીર્થંકર કે કેવળી પાસે મોકલે તે આહારક યોગ.

૬. આહારક શરીર કરતી કે સમાપ્તિ વખતે પૂર્ણ ન થતાં સુધી આહારકમિશ્ર કાયયોગ.

૭. એક શરીર છોડી બીજા શરીરમાં જતાં વળાવીઆની પેઠે સાથે રહે તે 'કાર્મણ કાયયોગ.' આ સાત કાયાના યોગમાં જ્યાં જેટલા યોગ હોય તેટલાને ઉન્માર્ગે જતાં રોકે અને સન્માર્ગે પ્રવર્તાવે તે યોગપ્રતિસંલીનતા તપ.

૪. વાડી, બગીચા, ઉદ્યાન, દેવસ્થાન, પરબ, ધર્મશાળા, કોઢ, દુકાન, હવેલી, ઉપાશ્રય, પોષધશાળા, ખાલી કોઠાર, સભાસ્થાન, ગુફા, રાજસભાસ્થાન, છત્રી, શાસન, વૃક્ષની નીચે એ ૧૮ પ્રકારનાં સ્થાનમાં જ્યાં સ્ત્રી, પશુ અને નપુંસક ન રહેતાં હોય ત્યાં એક રાત્રિ આદિ યથોચિત કાળ રહે તે વિરક્ત શયનાસન પ્રતિસંલીનતા તપ.' એ છ પ્રકારનાં બાહ્ય તપ. હવે છ પ્રકારનાં આભ્યંતર તપ તે નીચે પ્રમાણે.

૭ પ્રાયશ્ચિત્ત તપ :—પાપના પર્યાયનું છેદન કરે તે પ્રાયશ્ચિત્ત તપ.

પાપ ૧૦ પ્રકારે લાગે. ૧. કંદર્પ (કામ)વશ; ૨. પ્રમાદવશ ૩. અજ્ઞાનવશ; ૪. ક્ષુધાતુરપણે, ૫. કષ્ટ પડતાં; ૬. સંશયવશ, ૭. ઉન્મત્તપણે. ૮. ભયથી ૯. દ્વેષથી અને; ૧૦ પરીક્ષા કરવાને.

ઉક્ત ૧૦ પ્રકારે લાગેલા દોષોની અવિનીત શિષ્ય ૧૦ પ્રકારે આલોચના કરે. ૧ ક્રોધ કરીને, ૨. પ્રાયશ્ચિત્તના ભેદો પૂછીને, ૩. બીજા દેખી ગયા હોય તેટલું જ કહી શેષ છુપાવે, ૪. નિંદાના ભયથી નાના નાના દોષ કહે. ૫. નાના દોષોને નિર્માલ્ય સમજી મોટા મોટા જ દોષ કહે. ૬. કંઈક સમજાય કંઈક ન સમજાય એમ ગડબડ ગોટો કરી કહે. ૭. પ્રશંસા અર્થે લોકોને સંભળાવીને કહે. ૮. ઘણાની સન્મુખ કહે. ૯. પ્રાયશ્ચિત્તની વિધિના અજાણ હોય તેની સન્મુખ કહે. ૧૦. હળવું પ્રાયશ્ચિત્ત આપે એવી ઈચ્છાથી સદોષીની સંમુખ કહે.

હવે વિનીત શિષ્ય ૧૦ ગુણોનો ધારક હોય તે શુદ્ધ આલોચના કરે છે. ૧. સ્વયંશુદ્ધ પાપભીરું. ૨. ઉત્તમ જાતિવંત ૩. ઉત્તમ કુલવંત ૪. વિનયવંત. ૫. જ્ઞાનવંત. ૬. દર્શનવંત. ૭. ચારિત્ર્યવંત. ૮. ક્ષમાવંત–વૈરાગ્યવંત, ૯. જિતેન્દ્રિય અને ૧૦. પાપનો પશ્ચાત્તાપ કરનાર.

નીચેના ૧૦ ગુણોનો ધારક પ્રાયશ્ચિત્ત આપી શકે છે. ૧. શુદ્ધાચારી. ૨. શુદ્ધ વ્યવહારી, ૩. પ્રાયશ્ચિત્તની વિધિનો જાણ, ૪. શુદ્ધ શ્રદ્ધાવંત; ૫. લજ્જા દૂર કરી પૂછવાવાળા ૬. શુદ્ધ કરવામાં

સમર્થ ૭. સાંભળેલા દોષ કોઇને કહે નહીં તેવો ગંભીર, ૮. દોષીના મુખથી દોષ કબૂલ કરાવી પ્રાયશ્ચિત આપનાર, ૯. સાનમાં સમજે તેવો વિચક્ષણ અને, ૧૦. જેને પ્રાયશ્ચિત્ત આપે તેની શક્તિનો જાણકાર.

૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત :

૧. પોતાને માટે અથવા આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, તપસ્વી, રોગી, વૃદ્ધ, બાલક સાધુને માટે આહાર, ઔષધ, વસ્ત્ર, પાત્રાદિ લેવા અથવા કોઇ કામ પ્રસંગે બહાર જાય અને પાછો ગુરુ સમીપ આવે તે દરમ્યાન જે જે અતિક્રમ–વ્યતિક્રમ થયા હોય તે બધા ગુરુ આદિ મોટેરાની સમીપ કહેવાથી અજાણપણે લાગેલા દોષોથી શુદ્ધ થવાય તે ‘આલોચના પ્રાયશ્ચિત્ત’

૨. વિહારમાં, આહારમાં, પ્રતિલેખનમાં, બોલવામાં. ચાલવામાં, અજાણતાં જે દોષ લાગ્યા હોય તેની પ્રતિક્રમણથી નિવૃત્તિ થાય તે ‘પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત’.

૩. બીજા પ્રાયશ્ચિત્તમાં કહેલાં કામોમાં ઉપયોગ સહિત દોષ લગાડયા હોય તે ગુરુ આદિ સમક્ષ કહીને મિથ્યાદુષ્કૃત આદિથી શુદ્ધ થાય તે ‘તદુભય પ્રાયશ્ચિત્ત’.

૪. અશુદ્ધ, અકલ્પનીય તથા ત્રણ પહોરથી વધારે વખત રહેલો આહાર પરઠી દેવાથી શુદ્ધ થાય તે વિવેક પ્રાયશ્ચિત્ત.

૫. દુઃસ્વપ્નાદિનું પાપ કાયોત્સર્ગ કરવાથી દૂર થાય તે ‘કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત.’

૬. પૃથિવ્યાદિ સચિત્તના સંઘટાનું પાપ આયંબિલ ઉપવાસાદિ તપ કરવાથી દૂર થાય તે ‘તપ પ્રાયશ્ચિત્ત.’

૭. અપવાદ માર્ગ સેવન કરે, કારણવશાત્ જાણીબુઝીને દોષ લગાડે તે પાંચ દિન આદિનો છેદ કરે એટલે દીક્ષાના સમયમાંથી કમી કરે તે ‘છેદ પ્રાયશ્ચિત્ત’.

૮. આકુટી જાણીબુઝીને હિંસા કરે, જૂઠું બોલે, ચોરી કરે, મૈથુન સેવે, ધાતુ પાસે રાખે, રાત્રિ ભોજન કરે તેને બીજી વખત દીક્ષા આપે તે 'મૂલ પ્રાયશ્ચિત'.

૯. જે કોઈ ક્રૂરતાથી પોતાના કે પરના શરીર પર લાકડી, મુષ્ટિ આદિનો પ્રહાર કરે, ગર્ભપાત કરે તેને સંપ્રદાયથી અલગ રાખી તેને એક જ સ્થાન પર બેસી રહેવું વગેરે દુષ્કર તપ કરાવી ફરી દીક્ષા દે, તે 'અણવટ્ઠિય પ્રાયશ્ચિત્ત.'

૧૦. પ્રવચન ઉત્થાપક, ઉન્સૂત્ર પ્રરૂપક, સાધ્વીનું વ્રત ભંગ કરનાર એવાને વેષ પરિવર્તન કરાવી જઘન્ય છ માસ, ઉત્કૃષ્ટ બાર વર્ષ પર્યંત સંપ્રદાયથી અલગ રાખી દુષ્કર તપ કરાવી ગ્રામાનુગ્રામ ફેરવીને બીજી વખત દીક્ષા આપે તે 'પારંચિય પ્રાયશ્ચિત્ત'. (છેલ્લાં બે પ્રાયશ્ચિત્ત આ કાળમાં અપાતા નથી.)

૮. **વિનય તપ**–ગુરુ આદિ વડીલોનાં, વયોવૃદ્ધનાં, ગુણવૃદ્ધનાં સત્કાર સન્માન કરે તે વિનયતપ.

વિનયતપના ૭ પ્રકાર છે :—૧. જ્ઞાન વિનય, ૨. દર્શન વિનય, ૩. ચારિત્ર વિનય, ૪. મન વિનય, ૫ વચન વિનય, ૬. કાયા વિનય, ૭. લોકવ્યવહાર વિનય.

૧. તેમાં જ્ઞાન વિનયના ૫ પ્રકાર છે–૧ ઉત્પાતિકી + આદિ બુદ્ધિના ધારક તે 'મતિજ્ઞાની.' ૨. નિર્મળ ઉપયોગી શાસ્ત્રજ્ઞ તે 'શ્રુતજ્ઞાની'. ૩. મર્યાદામાં રહેલાં રૂપી દ્રવ્યોને જાણે તે 'અવધિજ્ઞાની' ૪. અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવને જાણે તે 'મનઃપર્યવજ્ઞાની'. અને ૫. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણે તે 'કેવળજ્ઞાની'. આ પાંચ જ્ઞાનીનો વિનય કરે તે જ્ઞાન વિનય.

+ બુદ્ધિ ૪ પ્રકારની:–૧. નવી વાત ઉપજે હાજરજવાબીપણું વગેરે ઉત્પાતિકી, ૨ વિનયથી પ્રાપ્ત થાય તે વૈનયિકી. ૩. કામ કરતાં વધે તે કાર્મિકી અને, ૪. વય વધતાં વધે તે પારિણામિકી બુદ્ધિ.

૨. દર્શન વિનયના બે પ્રકાર–૧. શુદ્ધ શ્રદ્ધાવંત આવે તેને સત્કાર દે. આસનથી ઉઠી આમંત્રણ કરે, ઊંચા સ્થાને બેસાડે, વંદના ગુણાનુવાદ કરે, નમસ્કાર કરે, પોતાની પાસે ઉત્તમ વસ્તુ હોય તે તેને સમર્પણ કરે, યથાશક્તિ યથોચિત સેવાભક્તિ કરે, તે શુશ્રુષા વિનય અને ૨. અનાશાતના વિનય.

તેના ૪૫ પ્રકાર છે:–૧. અમુક અરિહંતના નામ સ્મરણથી દુઃખ કે ઉપદ્રવ થાય, ધન, સ્ત્રી, પુત્રનો વિયોગ થાય તથા શત્રુનો નાશ થાય ઈત્યાદિ કહે તે 'અરિહંત આશાતના.'

૨. જૈન ધર્મમાં સ્નાન, તિલકાદિ કંઈ અવલંબન નથી તે સારુ નહીં, એમ કહે તે 'અરિહંત પ્રણીત ધર્મની આશાતના.'

૩. પાંચ આચારના પાલક, દીક્ષા–શિક્ષાના દાતા આચાર્યજી વયમાં કે બુદ્ધિમાં ન્યૂન હોય તે કારણે તેમનો વિનય ન સાચવે તે 'આચાર્ય આશાતના.'

૪. દ્વાદશાંગી શાસ્ત્રના પાઠી, સ્વસમય પરસમયના જાણ અને શુદ્ધ સંયમના પાલણહારના અવર્ણવાદ બોલે, સત્કાર–સન્માન ન કરે તે 'ઉપાધ્યાય આશાતના.'

૫. એ પ્રમાણે વયસ્થવિર (૬૦ વર્ષની ઉમરનો), દીક્ષા સ્થવિર, ૨૦ વર્ષની દીક્ષાવાળા) અને જ્ઞાન સ્થવિર (સ્થાનાંગ સમવાયાંગ સૂત્રના રહસ્યના જાણકાર) એ ત્રણે સ્થવિરોની આશાતના કરે તે 'સ્થવિર આશાતના.'

૬. એક ગુરૂના અનેક શિષ્યો પરસ્પર આશાતના કરે તે 'કુળ આશાતના.'

૭. સંપ્રદાયના સાધુ પરસ્પર આશાતના કરે તે 'ગણ આશાતના.'

૮. સાધુ–સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની આશાતના કરે તે 'સંઘ આશાતના.'

૯. શાસ્ત્રોક્ત શુદ્ધ ક્રિયા કરનારની આશાતના કરે તે 'ક્રિયાવંતની આશાતના.'

૧૦. એક જ મંડલમાં આહાર કરવાવાળાની આશાતના કરે તે 'સંભોગીની આશાતના.'

૧૧ થી ૧૫. મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાનીઃ એ પાંચ જ્ઞાનીના ગુણ ઓળવે તે 'પાંચ જ્ઞાનની આશાતના.'

આ ૧૫ ની ૧. આશાતના વર્જે, ૨. આ ૧૫ ની પ્રેમપૂર્વક ભક્તિ કરે અને ૩. આ ૧૫ નાં ગુણકીર્તન કરે એમ ૧૫×૩=૪૫ ભેદ આશાતના વિનયના જાણવા.

૩. ચારિત્ર વિનયના ૫ પ્રકાર :–૧. સામાયિક (सम्+आय्+इक= સમભાવ રૂપ લાભમાં પ્રવર્તન), મન, વચન, કાયાના યોગોને સાવદ્ય (પાપકારી કાર્યથી ત્રિવિધે રોકે તે 'સામાયિક ચારિત્રી' ૨. છેદોપસ્થાપન (छेद+उपस्थापन) પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને જઘન્ય ૭ મે દિવસે, મધ્યમ ૪ મહિને અને ઉત્કૃષ્ટ ૬ મહિને મહાવ્રતારોપણ કરે તથા મહા દોષીને પુનઃ મહાવ્રતારોપણતપ કરે તે 'છેદોપસ્થાપન ચારિત્રી' ૩. પરિહાર વિશુદ્ધિ–૯ વર્ષની વયવાળા, ૯ પુરુષ દીક્ષા લે. ૯ પૂર્વ પૂર્ણ અને ૧૦ મા પૂર્વની ત્રીજી આચારવસ્તુ સુધી ભણીને ૨૦ વર્ષની દીક્ષા થયા બાદ તીર્થંકરના અથવા પૂર્વના પરિહાર વિશુદ્ધિ ચારિત્રીના મુખથી પરિહાર વિશુદ્ધ ચારિત્ર ગ્રહણ કરે.ઉષ્ણકાળમાં ૧–૨–૩ ઉપવાસ, શીતકાળમાં ૨–૩–૪ ઉપવાસ, વર્ષાકાળમાં ૩–૪–૫ ઉપવાસ એ રીતે ૪ પુરુષ તપ કરે, ૪ તેમની વૈયાવચ્ચ કરે અને ૧ વ્યાખ્યાન વાંચે. તે પૂર્ણ થયે તપ કરનારા વૈયાવચ્ચ કરે અને વૈયાવચ્ચ કરનારા તપ કરે, ૧ વ્યાખ્યાન દે. પુનઃ છ મહિના પૂર્ણ થયા બાદ વ્યાખ્યાન વાંચવાવાળા તપ કરે અને આઠે તેમની સેવા ભક્તિ કરે. એમ, ૧૮ મહિના આ ચારિત્રનું પાલન કરે. તેજુ, પદ્મ અને શુક્લ એ ત્રણ લેશ્યા જ પરિણમે તે 'પરિહાર વિશુદ્ધ ચારિત્રી' ૪ સૂક્ષ્મ–સંપરાય. સૂક્ષ્મ=કિંચિત્+સંપરાય=કષાય. દસમા ગુણસ્થાનવર્તી જીવને અંતર્મુહૂર્ત માત્ર સંજ્વલનનો યત્કિંચિત્ લોભ રહે તે 'સૂક્ષ્મ સંપરાય ચારિત્રી' ૫. યથાખ્યાત ચારિત્રી–સર્વજ્ઞ દેવે જે રીતે કહ્યું છે તેમ, મૂળગુણ–મહાવ્રતમાં, ઉત્તરગુણ–સમિતિ, ગુપ્તિ આદિમાં કિંચિત્ દોષ ન લગાડે, વીતરાગના કથનાનુસાર વીતરાગ-

ભાવથી ચારિત્ર પાળે તે 'યથાખ્યાત ચારિત્રી. આ ચારિત્રવાળાને અંત-મુહૂર્તમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ પાંચે ચારિત્રવાળાનો વિનય કરે તે 'ચારિત્ર વિનય'.

૪. અપ્રશસ્ત, કર્કશ, કઠોર, છેદક, ભેદક, પરિતાપકારી એવા વિચાર મનમાં ન આવવા દે અને પ્રશસ્ત, કોમળ, દયાળુ, વૈરાગી વિચાર કરે તે 'મન વિનય'.

૫. કર્કશ, કઠોર, છેદક, ભેદક પરિતાપકારી ઈત્યાદિ વચનોચ્ચાર ન કરે અને પ્રશસ્ત વચનોચ્ચાર કરે તે ' વચન વિનય.'

૬. ગમનાગમન કરતાં, ઊભા રહેતાં, બેસતાં, સૂતાં, સર્વ ઈંદ્રિયોને અપ્રશસ્ત કાર્યોથી રોકી પ્રશસ્ત કાર્યમાં પ્રવર્તાવે તે 'કાય વિનય'.

૭. લોક વ્યવહાર વિનય–તેના ૭ પ્રકાર છે– ૧. ગુરુની આજ્ઞામાં વર્તે. ૨. ગુણાધિક સ્વધર્મીની આજ્ઞામાં વર્તે ૩. સ્વધર્મીનું કાર્ય કરે. ૪. ઉપકારીનો ઉપકાર માને. ૫. અન્યની ચિંતા ટાળવાનો ઉપાય કરે. ૬. દેશકાળને ઉચિત પ્રવૃત્તિ કરે. ૭. વિચક્ષણતા, નિષ્કપટતાપૂર્વક સર્વને પ્રિય લાગે તેવાં સર્વ કામ કરે.

૯. વૈયાવચ્ચ તપના ૧૦ પ્રકાર:–૧. આચાર્ય, ૨. ઉપાધ્યાય, ૩. શિષ્ય ૪. ગ્લાન (રોગી), ૫. તપસ્વી, ૬. સ્થવિર, ૭. સ્વધર્મી, ૮. કુલ (ગુરુભાઈ), ૯. ગણ (સમ્પ્રદાયના સાધુ) અને ૧૦. સંઘ (તીર્થ).

આ દસને આહાર, વસ્ત્ર, પાત્ર, ઔષધોપચારાદિ જોઈએ તે લાવી આપે, પગ ચંપી આદિ કરે તે 'વૈયાવચ્ચ તપ.'

૧૦ સજ્ઝાય તપના ૫ પ્રકાર:– ૧. ગીતાર્થ–બહુસૂત્રીને પ્રસન્ન કરી તેની પાસે શાસ્ત્રાભ્યાસ કરે તે વાચના. ૨. સૂત્રાર્થમાં સંશય પડે તો જરા પણ શરમ રાખ્યા વિના વિનય પૂર્વક પ્રશ્નોત્તર કરી સંદેહની નિવૃત્તિ કરે તે પૃચ્છના ૩. સંદેહરહિત ગ્રહણ કરેલા જ્ઞાનને વારંવાર યાદ કરે જેથી જ્ઞાન નિશ્ચલ થાય, સ્મરણશક્તિ વધે તે 'પરિયટ્ટણા'. ૪. પુનરાવૃત્તિ કરતાં પોપટની પેઠે શૂન્યચિત્ત ન રાખે પણ તેના અર્થ પરમાર્થ પ્રતિ દીર્ઘ ઉપયોગ રાખે તે 'અનુપ્રેક્ષા,' આથી બુદ્ધિની વૃદ્ધિ અને મહાનિર્જરા થાય છે. અને, ૫. ઉક્ત ચાર પ્રકારના નિશ્ચલ નિઃસંદેહ પ્રાપ્ત કરેલા જ્ઞાનનો લાભ બીજાને પણ આપે અર્થાત્ પરિષદમાં ઉપદેશ દે તે 'ધર્મકથા', જેથી શાસનની ઉન્નતિ, ધર્મવૃદ્ધિ આદિ મહા ઉપકાર થાય, તે પાંચ પ્રકારનાં સ્વાધ્યાય તપ.

કનકાવલી તપ

	૧						૧	
	૨						૨	
	૩						૩	
૩	૩	૩				૩	૩	૩
૩	*	૩				૩	*	૩
૩	૩	૩				૩	૩	૩
	૧						૧	
	૨						૨	
	૩						૩	
	૪						૪	
	૫						૫	
	૬						૬	
	૭						૭	
	૮						૮	
	૯						૯	
	૧૦						૧૦	
	૧૧						૧૧	
	૧૨						૧૨	
	૧૩						૧૩	
	૧૪			૩			૧૪	
	૧૫		૩		૩		૧૫	
	૧૬		૩		૩		૧૬	
	૩	૩	૩		૩	૩	૩	
	૩	૩	૩		૩	૩	૩	
	૩	૩	૩		૩	૩	૩	
	*	૩	૩		૩	૩	*	
			૩		૩			
				૩				

કનકાવલી તપની એક પરિપાટીમાં તપના દિવસ ૪૩૪ અને પારણાં ૮૮. તેના માસ ૧૭, દી. ૧૨ થાય છે. ચાર પરિપાટીનાં ૫ વર્ષ ૯ માસ ૧૮ દિવસ લાગે છે.

રત્નાવલી તપ

	૧						૧	
	૨						૨	
	૩						૩	
૨	૨	૨				૨	૨	૨
૨	*	૨				૨	*	૨
૨	૨	૨				૨	૨	૨
	૧						૧	
	૨						૨	
	૩						૩	
	૪						૪	
	૫						૫	
	૬						૬	
	૭						૭	
	૮						૮	
	૯						૯	
	૧૦						૧૦	
	૧૧						૧૧	
	૧૨						૧૨	
	૧૩						૧૩	
	૧૪			૨			૧૪	
	૧૫		૨		૨		૧૫	
	૧૬	૨	૨		૨	૨	૧૬	
	૨	૨	૨		૨	૨	૨	
	૨	૨	૨		૨	૨	૨	
	૨	૨	૨		૨	૨	૨	
	*	૨	૨		૨	૨	*	
			૨		૨			
				૨				

રત્નાવલી તપની એક પરિપાટીમાં તપના દિન ૩૮૪ અને પારણાં ૮૮. તેના માસ ૧૫, દી. ૨૨ થાય છે. ચાર પરિપાટીનાં ૫ વર્ષ ૨ માસ ૨૮ દિવસ લાગે છે.

એકાવલી તપ

	૧						૧	
	૨						૨	
	૩						૩	
૧	૧	૧				૧	૧	૧
૧	*	૧				૧	*	૧
૧	૧	૧				૧	૧	૧
	૧						૧	
	૨						૨	
	૩						૩	
	૪						૪	
	૫						૫	
	૬						૬	
	૭						૭	
	૮						૮	
	૯						૯	
	૧૦						૧૦	
	૧૧						૧૧	
	૧૨						૧૨	
	૧૩						૧૩	
	૧૪			૧			૧૪	
	૧૫		૧		૧		૧૫	
	૧૬	૧	૧		૧	૧	૧૬	
	૧	૧	૧		૧	૧	૧	
	૧	૧	૧		૧	૧	૧	
	૧	૧	૧		૧	૧	૧	
	*		૧		૧			
				૧				

એકાવલી તપની એક પરિપાટીના તપના દિવસ ૩૩૪ અને પારણાં ૮૮. તેના માસ ૧૪, દીવસ ૨ થાય છે. ચાર પરિપાટીનાં ૪ વર્ષ ૮ માસ ૮ દિવસ લાગે છે.

મુક્તાવલી તપ		બૃહત્‌સિંહ ક્રીડા			લઘુસિંહ ક્રીડા		
૧	૧	૧		૧	૧		૧
૨	૨	૨		૨	૨		૨
૧	૧	૧		૧	૨		૧
૩	૩	૩		૩	૩		૩
૧	૧	૨		૧	૨		૨
૪	૪	૪		૪	૪		૪
૧	૧	૩		૩	૩		૩
૫	૫	૫		૫	૫		૫
૧	૧	૪		૪	૪		૪
૬	૬	૬		૬	૬		૬
૧	૧	૫		૫	૫		૫
૭	૭	૭		૭	૭		૭
૧	૧	૬		૬	૬		૬
૮	૮	૮		૮	૮		૮
૧	૧	૭		૭	૭		૭
૯	૯	૯		૯	૯		૯
૧	૧	૮		૮			
૧૦	૧૦	૧૦		૧૦		૮	
૧	૧	૯		૯			
૧૧	૧૧	૧૧		૧૧			
૧	૧	૧૦		૧૦			
૧૨	૧૨	૧૨		૧૨			
૧	૧	૧૧		૧૧			
૧૩	૧૩	૧૩		૧૩			
૧	૧	૧૨		૧૨			
૧૪	૧૪	૧૪		૧૪			
૧	૧	૧૩		૧૩			
૧૫	૧૫	૧૫		૧૫			
૧	૧	૧૪		૧૪			
૧૬	૧૬	૧૬	૧૫	૧૬			

વજ્ર મધ્ય પ્રતિમા

સુદિ એકમે એક ગ્રાસ લે પછી નિત્ય એક એક ગ્રાસ વધતાં અમાવાસ્યાના દિવસે પંદર ગ્રાસ ખાય. વદિ પડવાના દિવસે ચૌદ ગ્રાસ ખાય એમ ઘટતાં પૂર્ણિમાનો ઉપવાસ કરે તે વજ્ર મધ્ય પ્રતિમા.

યવ મધ્ય પ્રતિમા

સુદિ પડવાને દિવસે પંદર ગ્રાસ ખાય, પછી નિત્ય એક એક ગ્રાસ કમી કરતાં અમાવાસ્યાનો ઉપવાસ કરે અને ફરી પડવાનો એક ગ્રાસ ખાય. એમ વધતાં વધતાં પૂનમે પંદર ગ્રાસ ખાય તે યવ મધ્ય પ્રતિમા.

મુક્તાવલી તપની એક પરિપાટીના તપના દિવસ ૩૦૦ પારણાં દિવસ ૬૦ તેનું પૂરું એક વર્ષ થાય છે. ચાર પરિપાટી ૪ વર્ષમાં પૂર્ણ થાય છે.

બૃહત્સિંહ ક્રીડા તપના દિવસ ૪૯૭ પારણાં ૬૧ તેના મહિના ૧૮ દિન ૧૮ થાય છે ચારે શ્રેણી ૬ વર્ષ, ૨ મહિના ૧૧ દિવસમાં પૂર્ણ થાય છે.

લઘુસિંહ ક્રીડા તપના દિવસ ૧૫૪ પારણાં ૩૩ સર્વ માસ ૬ દિન ૭. ચાર શ્રેણીના ૨ વર્ષ ૨૮ દિવસ લાગે છે.

સર્વતો ભદ્ર પ્રતિમા						
૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૮	૯	૧૦	૧૧	૫	૬	૭
૧૧	૫	૬	૭	૮	૯	૧૦
૭	૮	૯	૧૦	૧૧	૫	૬
૧૦	૧૧	૫	૬	૭	૮	૯
૬	૭	૮	૯	૧૦	૧૧	૫
૯	૧૦	૧૧	૫	૬	૭	૮

સર્વતો ભદ્ર પ્રતિમા દિવસ ૩૯૨ પારણાં ૪૯ સર્વ મળી ૪૪૧ દિવસે તે તપ પૂર્ણ થાય. તેમાં ૧૪ મહિના ૨૧ દિવસ લાગે.

મહાભદ્ર પ્રતિમા						
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૫	૬	૭	૧	૨	૩
૭	૧	૨	૩	૪	૫	૬
૩	૪	૫	૬	૭	૧	૨
૬	૭	૧	૨	૩	૪	૫
૨	૩	૪	૫	૬	૭	૧
૫	૬	૭	૧	૨	૩	૪

મહાભદ્ર પ્રતિમા તપના દિવસ ૧૯૬ પારણાં ૪૯ સર્વ મળી ૨૪૫ દિન, આઠ માસ અને પાંચ દિવસે આ તપ પૂર્ણ થાય છે.

ભદ્ર પ્રતિજ્ઞા તપ				
૧	૨	૩	૪	૫
૩	૪	૫	૧	૨
૫	૧	૨	૩	૪
૨	૩	૪	૫	૧
૪	૫	૧	૨	૩

ભદ્રપ્રતિમા તપના દિવસ ૭૫ પારણાં ૨૫ બધા મળી દિવસ ૧૦૦ એ તપ ૩ મહિના અને ૧૦ દિવસે પૂર્ણ થાય છે.

તપ દિન	ગુણરત્ન સંવત્સર તપ	પારણાંના દિન	સર્વ દિન
૩૨	૧૬ ૧૬	૨	૩૪
૩૦	૧૫ ૧૫	૨	૩૨
૨૮	૧૪ ૧૪	૨	૩૦
૨૬	૧૩ ૧૩	૨	૨૮
૨૪	૧૨ ૧૨	૨	૨૬
૩૩	૧૧ ૧૧ ૧૧	૩	૩૬
૩૦	૧૦ ૧૦ ૧૦	૩	૩૩
૨૭	૯ ૯ ૯	૩	૩૦
૨૪	૮ ૮ ૮	૩	૨૭
૨૧	૭ ૭ ૭	૩	૨૪
૨૪	૬ ૬ ૬ ૬	૪	૨૮
૨૫	૫ ૫ ૫ ૫ ૫	૫	૩૦
૨૪	૪ ૪ ૪ ૪ ૪ ૪	૬	૩૦
૨૪	૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩	૮	૩૨
૨૦	૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨	૧૦	૩૦
૧૬	૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧	૧૬	૩૨

ઉપર્યુક્ત તપનું નામ શ્રી ઉવવાઈ સૂત્રમાં છે. અને તે તપમાંથી કેટલાક તપ કરનારનાં નામ પણ અંતગડ સૂત્રમાં છે. ઉક્ત તપની ૪ પરિપાટી કરવામાં આવે છે અર્થાત્ પૂર્ણ તપ ચાર વખત કરાય છે. તેમાં પહેલી વખત તપ કરતાં

૧૧ મું ધ્યાન તપ. તેના ૪૮ પ્રકારઃ—ધ્યાન ૪ પ્રકારનાં છે, તેમાં ૧. આર્ત અને ૨. રૌદ્ર એ બે અશુભ છે અને ૩. ધર્મ અને ૪. શુકલ એ બે શુભ છે. ૧. આર્તધ્યાનના ૪. વિચાર : ૧–૨. મનોજ્ઞ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનો સંયોગ ઇચ્છે અને અમનોજ્ઞ શબ્દાદિનો વિયોગ ઇચ્છે. ૩–૪. જ્વરાદિ રોગોનો નાશ ઇચ્છે અને પ્રાપ્ત કામભોગો અચળ રહે એમ ઇચ્છે. આ ચાર વિચાર તે આર્તધ્યાન. આર્તધ્યાનીનાં ૪ લક્ષણ ૧. આક્રંદ—રુદન કરે, ૨ શોક, ચિંતા કરે, ૩. અશ્રુપાત કરે. ૪. વલોપાત કરે.

રૌદ્રધ્યાનીના ૪ વિચાર : ૧. હિંસા કરવાનો, ૨. જૂઠું બોલવાનો ૨. ચોરી કરવાનો, અને ૪. ભોગોપભોગનો વિચાર કરે તે રૌદ્રધ્યાની. રૌદ્રધ્યાનીનાં ૪ લક્ષણ : ૧. હિંસાદિ કૃત્ય કરે. ધૃષ્ટતાપૂર્વક વારંવાર હિંસા કરે. ૨. અજ્ઞાનતાથી હિંસામય ધર્મની સ્થાપના કરે તથા કામશાસ્ત્રનો અભ્યાસ કરે, અને ૪. મૃત્યુપર્યંત પાપનું પ્રાયશ્ચિત્ત કરે નહીં.

ધર્મધ્યાનના ૪ પાયા : ૧. રે જીવ! વીતરાગ પ્રભુએ તો આરંભ પરિગ્રહને સંસાર વધારનાર કહ્યો છે અને તું તો તેમાં લુબ્ધ થઇ રહ્યો છે! તારી શી ગતિ થશે! આ પ્રમાણે વીતરાગની આજ્ઞાનો વિચાર કરે તે 'આજ્ઞાવિચય.' ૨. રે જીવ તું રાગદ્વેષરૂપ બંધનથી બંધાયો એટલે ચતુર્ગતિમાં અનંત પરિતાપ સહ્યો; હવે તો ચેત. અપાયકારક રાગદ્વેષથી નિવૃત્ત થા. આવો વિચાર કરે તે 'અપાયવિચય' ૩. રે જીવ! તારા શુભાશુભ કર્માનુસાર સુખરૂપ મીઠાં ફળ અને દુઃખરૂપ કડવાં ફળ તને પ્રાપ્ત થયાં છે; હવે તે ભોગવ્યા વિના છૂટકો નથી, માટે મિથ્યા હર્ષ, શોક શો કરે છે? એમ વિચારે તે 'વિપાક વિચય' અને, ૪, ઊર્ધ્વ અને અધો

સર્વ રસ સહિત પારણાં કરે છે. બીજી વખત તપ કરતાં પારણામાં પાંચે વિગયનો ત્યાગ કરે છે, ત્રીજી વખત પારણામાં વિગયનો લેપ માત્ર પણ વર્જે છે. અને ચોથી વખત તપ કરતાં પારણે આયંબિલ કરે છે. આ પ્રમાણે મમત્વનો ત્યાગ કરે, તે મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

તિર્યક્ એમ ત્રણ લોકના આકારનું સ્વરૂપ વિચારે તે 'સંસ્તાન વિચય.
ધર્મધ્યાનનાં ૪ લક્ષણ—૧. વીતરાગ પ્રણીત શાસ્ત્રાનુસાર ક્રિયા કરવાની રુચિ તે 'આજ્ઞારુચિ,' ૨. જીવાદિક ૯ તત્વનું સત્ય સ્વરૂપ જાણવાની સ્વાભાવિક રુચિ તે 'નિસર્ગ રુચિ.' ૩. ગુરુ આદિનો સદ્બોધ શ્રવણ કરવાની રુચિ તે 'ઉપદેશ રુચિ.' અને, ૪. આચારાંગાદિ સૂત્ર સાંભળવાની રુચિ તે 'સૂત્રરુચિ.'

ધર્મધ્યાનનાં ૪ આલંબન: ૧. વાચના, ૨. પૃચ્છના. ૩. પરિયટ્ટણા, અને ૪. ધર્મકથા (આનો અર્થ સ્વાધ્યાય તપમાં કહ્યો છે)

ધર્મધ્યાનની ૪ અનુપ્રેક્ષા. રે જીવ ! પુરણગલન એટલે ભેગા થવું અને વીખરાવું એવા સ્વભાવવાળા પૌદ્ગલિક પદાર્થોમાં તું રચ્યોપચ્યો રહે છે, પણ પુદ્ગલ પરની એ પ્રીતિ જ તને દુઃખરૂપ થઈ પડવાની છે. કારણ કે પુણ્ય ખૂટતાંની સાથે જ જોતજોતામાં તેનો નાશ થઈ જશે. અગર આયુષ્ય ખૂટતાં તે બધું છોડીને ચાલ્યા જવું પડશે. જેને તું સુખરૂપ માને છે તે સુખરૂપ નથી, કેવળ દુઃખરૂપ જ છે. એમ વિચારી એના ઉપરથી મમત્વ છોડી સુખી બન. આવો વિચાર કરે તે 'અનિત્યાનુપ્રેક્ષા.'

૨. રે ! ચૈતન્ય ! તું સ્વજનોને આધારભૂત માની રહ્યો છે, પરંતુ જ્યાં સુધી તારી પાસે ધન છે, તારું શરીર સશક્ત છે, ત્યાં સુધી તેઓ તારી સહાયતા કરશે. જ્યારે તું નિર્ધન કે અશક્ત બનશે ત્યારે તેઓ જ તારો તિરસ્કાર કરશે. સાચો મિત્ર અને સહાયક તો શ્રીજિનેશ્વર દેવ પ્રણીત ધર્મ જ છે એમ જાણી બીજાની આશા છોડ અને સદ્ધર્મનું શરણ ગ્રહણ કર. એવો વિચાર કરે તે 'અશરણાનુપ્રેક્ષા.'

૩. રે ! જીવ ! તું એકલો આવ્યો છે, એકલો જ જવાનો છે. જેને તેં પ્રાણથી પ્યારું ગણી પાળીપોષી ખૂબ સુખી રાખ્યું છે તે શરીર પણ તારી સાથે નહીં આવે, તો પછી ધન કુટુમ્બાદિનું તો કહેવું જ શું ! તું તો સત્ ચિત્ આનંદરૂપ છે અને આ સઘળો સંયોગ વિનાશી છે. સંસારના ક્ષણભંગુર પદાર્થોના સંગથી તેં આ સંસારમાં અનંત વિટંબણા ભોગવી છે, છતાં પણ તેનાથી

તારું મમત્વ છૂટતું નથી, કરોળિયાની જેમ પોતે બાંધેલી જાળમાં પોતે જ સપડાય છે અને દુઃખી થાય છે. રે! મૂઢશિરોમણિ! તને ધિક્કાર છે. અરે! હવે તો મોહનિદ્રામાંથી કંઈક જાગૃત થા. મારું શું અને પરાયું કયું તેનો વિવેક શીખ, પરપદાર્થોની પ્રીતિ છોડ. નિજ પદાર્થ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્નત્રયની પ્રીતિ કરી સુખી થા. આવો વિચાર કરે તે 'એકત્વાનુપ્રેક્ષા.'

૪. રે આત્મન્! તેં નરકમાં ક્ષેત્રવેદના, પરમાધામીકૃત વેદના, તિર્યંચમાં છેદનભેદન, તાડન તર્જન, પરાધીનતા, મનુષ્યમાં દરિદ્રતા, રોગશોકાદિ અને દેવતામાં આભિયોગિક દેવપણે હલકાં કામો કર્યાં તથા વજ્રપ્રહારો સહ્યા.

આમ, ચારે ગતિમાં અનંત દુઃખો સહન કરતાં કરતાં અનંતાનંત કાળ વીત્યો. કષ્ટોથી કર્મ નિર્જરી પુણ્યની વૃદ્ધિ થતાં મનુષ્ય-જન્માદિ સામગ્રી મળી, તો હવે તું આરંભ પરિગ્રહનો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ કરી, ક્રોધાદિ પ્રકૃતિઓનો નાશ કર કે જેથી તું આ બધી વિટંબણાથી છૂટે અને મોક્ષરૂપ પરમપદને પ્રાપ્ત કરી સુખી થાય. આવો વિચાર કરે તે 'સંસારાનુપ્રેક્ષા.'

આ ધર્મધ્યાનના ૧૬ ભેદ થયા.

હવે ચોથા શુકલધ્યાનના—૪ પાયા.

૧. અનંત દ્રવ્યાત્મક લોકમાંનું એક દ્રવ્ય ગ્રહણ કરી તેના ઉત્પત્તિ, સ્થિતિ, નાશ, મૂર્તત્વ, અમૂર્તત્વ આદિ અનેક ધર્મોનું ચિંતન કરે; અર્થ ઉપરથી શબ્દ ઉપર અને શબ્દ ઉપરથી અર્થ ઉપર ચિંતન માટે પ્રવર્તે તે ધ્યાન 'પૃથક્ત્વવિતર્ક સવિચાર' કહેવાય છે.

૨. ઉત્પાદાદિ દ્રવ્યની એક જ પર્યાયને ભેદભાવ રહિત, એક-ત્રપણે, આકાશાદિ પ્રદેશોનું અવલંબન કરી રહે. તેનો વિચાર કરે. વિચાર પલટે નહીં અને આગળ વધતો જાય અથવા આત્માના એક

શુદ્ધ ભાવપર્યાયમાં લીન થઇ જવું તે ધ્યાન 'એકત્વવિતર્ક નિર્વિચાર' કહેવાય છે.

૩. એક સમયની સ્થિતિવાળી સર્વથી અતિ સૂક્ષ્મ ઇર્યાપથિકી ક્રિયા જ માત્ર જેમને હોય છે તેવા તેરમા ગુણસ્થાનવર્તી સયોગી કેવળીનું યોગોનું રૂંધન કરતી વખતનું ધ્યાન તે 'સુક્ષ્મક્રિયા અપ્રતિપાતિ' કહેવાય છે.

૪. જ્યારે શરીરની શ્વાસ પ્રશ્વાસ આદિ સુક્ષ્મક્રિયાઓ પણ અટકી જાય ત્યારે તે આત્મ પ્રદેશનું સર્વથા મેરુની પેઠે અકંપપણું પ્રકટે. અને આત્મપ્રદેશોનો ઘન બની જાય ત્યારે તે ધ્યાન 'સમુચ્છિન્નક્રિયા અનિવૃત્તિ' ધ્યાન કહેવાય છે.

શુકલ ધ્યાનનાં ૪ લક્ષણ :

૧. જેમ તલમાં તેલ, દૂધમાં ઘી, માટીમાં ધાતુ એકરૂપ થઈ રહેલ હોય છે, પરંતુ યંત્રાદિ પ્રયોગથી તે અલગ થાય છે, તેમ જ્ઞાનાદિ ત્રણ રત્નોની ક્ષાયિકભાવે આરાધના કરવાથી આત્મા કર્મથી મુક્ત થાય છે. આ પ્રમાણે, કર્મથી અલિપ્ત રહે અને પરભાવનો ત્યાગ કરીને આત્મભાવમાં લીન થવું તે વિવેક.

૨. પૂર્વે તે માતાપિતાદિના અને પશ્ચાત્ તે સાસુસસરાદિના સંયોગ તેમજ વિષયકષાયાદિ આભ્યંતર સંયોગ એમ બન્ને પ્રકારના સંયોગનો ત્યાગ અને રાગદ્વેષનો ત્યાગ તે વ્યુત્સર્ગ.'

૩. સ્ત્રી આદિના હાવભાવ તે અનુકુળ ઉપસર્ગ અને દેવદાનવાદિકૃત દુઃખ તે પ્રતિકુળ ઉપસર્ગ, એ બન્ને પ્રકારના ઉપસર્ગથી ચલિત ન થાય. ઇંદ્રની અપ્સરા કે વિકરાળ દૈત્ય જેમને ધ્યાનમાંથી કિંચિત્ માત્ર પણ ચલાવી ન શકે તે 'અવ્વહે.'

૪. મનોજ્ઞ, અમનોજ્ઞ, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શમાં રાગદ્વેષ ન કરે તે અસંમોહ.

શુકલધ્યાનનાં ૪ અવલમ્બન :

૧. કોઇ પણ જોયેલા કે સાંભળેલા પદાર્થમાંથી સાર સાર ગ્રહણ કરે, અસારને છોડી દે, કદાપિ કિંચિત્માત્ર ક્રોધ ન કરે અને સમતારસમાં લીન રહે તે 'ક્ષાન્તિ.'

૨. કોઇ પણ વસ્તુ પર મમત્વ ન કરે અને આત્મ સંતોષમાં લીન રહે તે મુક્તિ.'

૩. કોઈનો દોષ ન જુએ, બાહ્યાભ્યંતર સરલ રહે તે 'આર્જવ.'

૪. સદૈવ દ્રવ્ય ભાવથી કોમળ–નમ્ર રહે તે 'માર્દવ.'

શુકલધ્યાનની ૪ અનુપ્રેક્ષા (વિચારણા) :

૧. હિંસાદિ પાંચે આશ્રવોને દુઃખનું મૂળ જાણી ત્યાગે તે સુખી, એવો વિચાર કરે તે 'અપાયાનુપ્રેક્ષા.'

૨. સંસાર ભ્રમણ અને તેના કારણો બધા અશુભ છે, તેને ત્યાગે તે સુખી થાય, એવો વિચાર કરે તે 'અશુભાનુપ્રેક્ષા.'

૩. આ જીવ જગતમાં અનાદિથી છે, અનન્ત પુદ્ગલ પરાવર્તન કર્યાં છે પણ ભવનો અંત આવ્યો નહીં. ભવભ્રમણથી નિવૃત્ત થાય તે જ સુખી છે, આવો વિચાર કરે તે 'અનંતવર્તિયાનુપ્રેક્ષા.'

૪. સંધ્યારાગ, ઈંદ્રધનુષ્ય, ઝાકળબિંદુ આદિ ક્ષણભર શોભનિક દેખાઇને નષ્ટ થાય છે તે જ રીતે સાંસારિક વૈભવો પણ ક્ષણભંગુર છે એમ જાણી તેની ઈચ્છાનો ત્યાગ કરે, તે સુખી. આવો વિચાર કરે તે 'વિપરિણામાનુપ્રેક્ષા.'

શુકલધ્યાનના ૧૬ ભેદ થયા, અને ચારે ધ્યાનના ૮+૮+૧૬+૧૬=૪૮ ભેદ પૂર્ણ થયા. તેમાં આર્ત રૌદ્ર ધ્યાનના ૧૬ ભેદ હેય (ત્યાજ્ય) છે અને ધર્મ અને શુકલધ્યાનના ૩૨ ભેદ ઉપાદેય (આદરવા યોગ્ય) છે. એ ધ્યાન તપ થયું.

૧૨ મું વ્યુત્સર્ગ તપ: તેના ૭ પ્રકાર–છોડવા યોગ્ય વસ્તુને છોડે તે વ્યુત્સર્ગ તપ. તેના બે પ્રકાર: ૧. દ્રવ્ય વ્યુત્સર્ગ અને ૨. ભાવ વ્યુત્સર્ગ.

દ્રવ્ય વ્યુત્સર્ગના ૪ પ્રકાર.

૧. શરીર મમત્વ છોડે. વિભૂષા–શુશ્રુષા ન કરે તે શરીર વ્યુત્સર્ગ.

૨. જ્ઞાનવંત, ક્ષમાવંત, જિતેંદ્રિય, અવસરનો જાણ, ધીર, વીર, દઢ શરીરી, શુદ્ધ શ્રદ્ધાવંત એ આઠ ગુણોનો ધારક સાધુ ગુરુની આજ્ઞા લઈ સમ્પ્રદાય છોડી એકલ વિહારી થાય તે ગણ વ્યુત્સર્ગ.

૩. વસ્ત્ર, પાત્ર ઓછા રાખે તે 'ઉપધિ વ્યુત્સર્ગ.'

૪. નમુક્કારસી, પોરસી આદિ તપ કરે તથા ખાનપાનાદિ પદાર્થોનું પરિમાણ કરે તે 'ભક્તપાન વ્યુત્સર્ગ.'

ભાવ વ્યુત્સર્ગના ૩ પ્રકાર.

૧. ક્રોધાદિ ચારે કષાયો કમ કરે 'તે કષાય વ્યુત્સર્ગ.'

૨. મહારંભ, મહાપરિગ્રહ, મદ્યમાંસસેવન અને પંચેન્દ્રિઘાત એ ૪. કારણે જીવ નરકમાં જાય છે. કપટ, વિશ્વાસઘાત, જૂઠ, અને ખોટાં તોલમાપ રાખવાં એ ૪ કારણે જીવ તિર્યંચગતિમાં જાય છે. વિનય, ભદ્રિક પરિણામ, દયાળુતા અને ગુણાનુરાગી એ ચાર કારણે જીવ મનુષ્યગતિમાં જાય છે. સરાગસંયમ (શિષ્ય કે શરીરાદિ પરનું મમત્વ તે સરાગ.) સંયમાસંયમ (શ્રાવક), અકામ નિર્જરા (પરાધીનતાથી દુઃખ સહે) અને બાલતપસ્વી (પંચધૂણી આદિ તપ કરે,) એ ચાર કારણે જીવ દેવગતિમાં જાય.

એ ચારે ગતિમાં ગમન કરાવનાર ઉપર કહેલ ૧૬ કારણોનો ત્યાગ કરે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ૪ મોક્ષગતિનાં

કારણોનું પાલન કરે તે 'સંસાર વ્યુત્સર્ગ', અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મને બાંધવાનાં × કારણોનો ત્યાગ કરે, તે 'કર્મ વ્યુત્સર્ગ'.

× આચાર રત્નાકર ગ્રંથમાં ૮ કર્મબંધનાં કારણો આ પ્રમાણે કહ્યાં છેઃ—

(૧) જ્ઞાનાવરણીય કર્મ ૭ કારણોથી બાંધે. ૧. શાસ્ત્રો વેચી આજીવિકા કરે: ૨. કુળદેવની પ્રશંસા કરે. ૩. સદ્જ્ઞાનમાં સંશય કરે, ૪. કુશાસ્ત્રની પ્રશંસા કરે. ૫. સિદ્ધાંતના મૂળ પાઠને ઉત્થાપે, ૬. અન્યનાં દૂષણ પ્રગટ કરે અને ૭. મિથ્યા શાસ્ત્રનો ઉપદેશ કરે.

(૨) દર્શનાવરણીય કર્મ ૧૦ કારણે બાંધે: ૧–૪ કુદેવ, કુગુરુ, કુધર્મ, કુશાસ્ત્રની પ્રશંસા કરે. ૫. ધર્મનિમિત્તે હિંસા કરે. ૬. મિથ્યા બુદ્ધિ રાખે ૭. અધિક ચિંતા કરે, ૮ સમ્યક્ત્વમાં દોષ લગાડે. ૯. મિથ્યા આચાર સેવે અને ૧૦. જાણીબુઝીને અન્યાયની રક્ષા કરે.

(૩) શાતાવેદનીય કર્મ ૧૪ પ્રકારે બાંધે. ૧. દયા કરે, ૨. દાન દે, ૩. ક્ષમા કરે, ૪. સત્ય બોલે, ૫. શીલ પાળે. ૬. ઇન્દ્રિયદમન કરે, ૭. સંયમ પાળે. ૮. જ્ઞાનમાં નિમગ્ન રહે, ૯. ભક્તિ કરે, ૧૦. સત્ય પુરુષને વંદન કરે. ૧૧. શાસ્ત્રાર્થ વિચારે, ૧૨. સદ્બોધ દે, ૧૩. અનુકમ્પા કરે અને, ૧૪. સત્યાચારનું સેવન કરે. અશાતા વેદનીય કર્મ ૧૬ કારણે બાંધે. ૧. હવઘાત કરે, ૨. છેદન કરે, ૩. ભેદન કરે, ૪. પરિતાપ દે, ૫, ચુગલી કરે, ૬. દુઃખી કરે, ૭. ત્રાસ દે, ૮. આક્રંદ કરાવે, ૯. દ્રોહ કરે, ૧૦. થાપણ ડૂબાવે, ૧૧. અસત્ય બોલે, ૧૨. વેર વિરોધ કરે, ૧૩. ઝઘડા કરે, ૧૪. ક્રોધ માન ઉત્પન્ન કરે, ૧૫. પરનિંદા કરે, અને ૧૬, સ્વયં દુઃખ શોક કરે.

(૪) મોહનીય કર્મ ૬ કારણે બાંધે. ૧. અર્હન્તની નિંદા કરે, ૨. અર્હન્ત–પ્રણીત શાસ્ત્રની નિંદા કરે, ૩. જૈન ધર્મની નિંદા કરે, ૪. સદ્ગુરુની નિંદા કરે, ૫. ઉત્સૂત્ર પ્રરૂપે અને, ૬. કુપંથ ચલાવે.

(૫) દેવાયુ ૧૦ કારણે બાંધે. ૧. અલ્પકષાયી હોય, ૨. નિર્મળ સમ્યક્ત્વ પાળે, ૩. શ્રાવકનાં વ્રત શુદ્ધ પાળે ૪. ગત વસ્તુ–ઇષ્ટ વિયોગની ચિંતા ન કરે. ૫. ધર્માત્માની ભક્તિ કરે, ૬. દયા દાનની વૃદ્ધિ કરે, ૭. જૈન ધર્માનુરાગી હોય. ૮. બાલતપ કરે, ૯. અકામ નિર્જરા કરે, અને, ૧૦. સાધુનાં વ્રત શુદ્ધ પાળે.

(૬) તિર્યંચનું આયુષ્ય ૨૦. કારણે બાંધે: ૧. શીયળનો ભંગ કરે, ૨. કમાઈ કરે, ૩. મિથ્યાકર્મ આચરે, ૪. ખોટો ઉપદેશ દે, ૫. કૂડાં તોલ કૂડાં માપ રાખે, ૬. દગાબાજી કરે, ૭. જૂઠું બોલે, ૮. જુઠી સાક્ષી પૂરે, ૯. સારી વસ્તુમાં ખરાબ વસ્તુ મેળવીને આપે. ૧૦ વસ્તુનું રૂપ ફેરવીને વેચે, ૧૧. પશુનું રૂપ

આ છ પ્રકારના અભ્યંતર તપનું વર્ણન થયું અને તપાચારનું વર્ણન પણ સમાપ્ત થયું.

પૂર્વોક્ત પ્રકારથી—૧. જ્ઞાનાચારના આઠ પ્રકાર : ૨. દર્શનાચારના આઠ પ્રકાર, અને, ૩. ચારિત્રાચારના આઠ પ્રકાર એમ ૮×૩×૨૪ પ્રકાર. તેમાં અતિચાર દોષ ન લગાડે અને ગુણો ગ્રહણ કરે અને કરાવે તથા તપાચારના ૧૨ પ્રકાર કહ્યા તે મુજબ તપ કરે અને કરાવે.

પલટાવીને વેચે, ૧૨. ખરાબ વસ્તુ પર ગિલિટ ચડાવીને વેચે, ૧૩. ક્લેશ કરે, ૧૪. નિંદા કરે, ૧૫. ચોરી કરે, ૧૬. અયોગ્ય કામ કરે, ૧૭–૧૮–૧૯. કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણે અશુભ લેશ્યાના પરિણામવાળા અને, ૨૦. આર્તધ્યાની. એટલાં કારણોથી તિર્યંચનું આયુષ્ય બંધાય છે.

મનુષ્યનું આયુષ્ય ૧૦ કારણે બાંધેઃ ૧. દેવગુરુની ભક્તિ કરે, ૨ જીવોની દયા કરે, ૩. શાસ્ત્રોનું પઠનપાઠન કરે. ૪ ન્યાયથી લક્ષ્મી ઉપાર્જન કરે, ૫. ઉલ્લાસ પરિણામે દાન આપે, ૬. નિંદા ન કરે, ૭. કોઈને પીડે નહીં, ૮. આરંભ ઘટાડે, ૯. મમત્વ ઘટાડે અને, ૧૦. સદૈવ સરલ સ્વભાવી રહે.

નરકનું આયુષ્ય ૨૦ કારણે બાંધેઃ ૧. અતિ લોભ કરે, ૨, મત્સર બહુ કરે, ૩. ક્રોધ બહુ કરે, ૪. મિથ્યા કર્મ આચરે, ૫. પંચેન્દ્રિયનો વધ કરે. ૬. મોટકું જૂઠું બોલે, ૭. મોટકી ચોરી કરે, ૮. વ્યભિચાર સેવન કરે, ૯. કામભોગમાં અતિ રક્ત હોય, ૧૦. પારકાં છિદ્ર ખુલ્લાં કરે, ૧૧. પાંચ ઈંદ્રિયોના વિષયમાં તીવ્ર લુબ્ધ હોય, ૧૨. સંઘની ઘાત કરે, ૧૩. જિનવચન ઉત્થાપે, ૧૪. તીર્થંકરના માર્ગની પ્રતિષ્ઠા ઓછી કરે, ૧૫. મદિરાપાન કરે, ૧૬. માંસ ખાય, ૧૭. રાત્રિભોજન કરે, ૧૮. કંદમૂળ વગેરે અભક્ષ્ય ખાય, ૧૯. રૌદ્રધ્યાન ધ્યાવે અને, ૨૦ કૃષ્ણ આદિ ત્રણ લેશ્યાના પરિણામમાં મૃત્યુ પામે.

(૬) શુભ નામ કર્મ ૩ કારણથી બાંધેઃ ૧. જૈન ધર્મમાં તલ્લીન હોય, ૨. દયાદાનવાળો હોય અને ૩. મોક્ષનો અભિલાષી હોય.

અશુભ નામ કર્મ ૮ કારણે બાંધે: ૧. મિથ્યા ઉપદેશ કરે, ૨. કુમાર્ગ ગ્રહણ કરે, ૩. દાન દે નહિ, દેવા દે નહિ, ૪. કઠોર અસત્ય વચન બોલે, ૫. મહા આરંભ કરે, ૬. પરનિંદા કરે, ૭. સર્વ જીવોનો દ્રોહ કરે અને ૮. મત્સર પરિણામ ધારણ કરે.

(૭) ઊંચ ગોત્ર ૧૬ કારણે બાંધેઃ ૧. સમકિત નિર્મળ પાળે, ૨. વિનયવંત હોય, ૩. શિયળ આદિ વ્રત નિર્મળ પાળે, ૪. જ્ઞાનમાં વારંવાર ઉપયોગ લગાડે,

એ પ્રમાણે ૨૪+૧૨=૩૬ ગુણ પણ આચાર્યજીના થાય છે. એ ૩૬ ગુણોના વિકાસમાં આચાર્યજી પોતે વીર્ય ફોરવે છે અને બીજાને વીર્ય સ્ફુરાવે છે. તે વીર્યાચાર હવે કહેવામાં આવે છે

વીર્યાચાર

૫. વીર્યાચાર—શ્રી ભગવતીજી તથા વ્યવહાર સૂત્રમાં પાંચ પ્રકારના વ્યવહાર કહ્યા છે:—સુત્ર 'पंचविहे ववहारे पण्णत्ते, तं जहा आगमे, सूए, आणा, धारणा, जिए' અર્થાત્

૧. તીર્થંકર ભગવાન, કેવળજ્ઞાની તથા ૧૪ પૂર્વથી ૧૦ પૂર્વ સુધીના સૂત્રના પાઠક (જ્ઞાતા) એમની ઉપસ્થિતિમાં એમની આજ્ઞામાં વર્તે તે 'આગમ વ્યવહાર.'

---

૫. વૈરાગ્યમાં વૃદ્ધિ કરે, ૬. યથાશક્તિ દાન દે, ૭. નિર્મળ તપ કરે. ૮. ચાર તીર્થને સમાધિ ઉપજાવે–વૈયાવૃત્ય કરે, ૯ થી ૧૨ અરિહંત, આચાર્ય, બહુશ્રુત અને શાસ્ત્રની ભક્તિ કરે, ૧૩. બન્ને વખત પ્રતિક્રમણ કરે, ૧૪. અખંડ ક્ષમા રાખે. ૧૫ જૈનમાર્ગની પ્રભાવના કરે, ૧૬. સાધર્મીઓની વાત્સલ્યતા કરે એ ૧૬ પ્રકારથી ઊંચ ગોત્ર કર્મ બાંધે.

નીચ ગોત્ર ૬ કારણે બાંધે: ૧. તીવ્ર ક્રોધાદિ કષાય કરે, ૨. અન્યના ગુણ ઓળવે, ૩. નિંદા કરે, ૪. ચૂગલી કરે, ૫. જૂઠી સાક્ષી પૂરે, અને. ૬. જીવહિંસા આદિ પાપનો આરંભ કરે.

(૮) અંતરાય કર્મ ૧૮ કારણે બાંધે: ૧. દયા-કરુણા-રહિત, ૨. દીન જીવોને અંતરાય પાડે, ૩. અસમર્થ ઉપર ક્રોધ કરે. ૪. અનેકાંતિક ગુરુની વંદનાનો નિષેધ કરે, ૫. જિનમાર્ગની ઉત્થાપના કરે, ૬. સિદ્ધાંતનો અર્થ ઉત્થાપે. ૭. જૈન ધર્મ ધારણ કરનારનો નિષેધ કરે, ૮. જ્ઞાનીજન-ગુણીજનની અવહેલના, નિંદા, આશાતના કરે, ૯. સૂત્રાર્થ ભણનારને અંતરાય પાડે, ૧૦. દાન પોતે ન દે અને બીજો દેતો હોય તેનો નિષેધ કરે, ૧૧. ધર્મકાર્યમાં વિઘ્ન કરે, ૧૨. ધર્મ કથાની હાંસી મશ્કરી કરે, ૧૩. વિપરીત ઉપદેશ કરે, ૧૪. અસત્ય બોલે, ૧૫. અદત્ત લે, ૧૬. દાન, લાભ, ભોગ, ઉપભોગની અંતરાય પાડે, ૧૭, ગુણીના ગુણ ઓળવે, અને, ૧૮. અન્યના દોષ પ્રકટ કરે. અંતરાય કર્મ બાંધનાર ઇચ્છિત વસ્તુ પામે નહિ. પામે તો ભોગવી શકે નહીં, દુઃખી દરિદ્રી હોય, એવું જાણી અશુભ કર્મ બાંધવાનાં કારણોથી આપણા આત્માને અવશ્ય બચાવવો જોઈએ. કર્મબંધનથી આત્માને બચાવવો તે કર્મવ્યુત્સર્ગ તપ.

૨. તેમની અનુપસ્થિતિમાં તીર્થંકર પ્રણિત, ગણધર ગ્રથિત આચારાંગાદિ સૂત્ર વર્તમાનમાં જેટલાં ઉપલબ્ધ હોય તેમાં કથિત આચારાનુસાર પ્રવૃત્તિ કરે તે 'સૂત્ર વ્યવહાર.'

૩. તેના અભાવે જે વખતે જે આચાર્યજી હોય તેમની આજ્ઞામાં વર્તે તથા તેઓ દેશાંતરમાં રહ્યા થકા અન્ય દ્વારા આજ્ઞા કરે તે પ્રમાણે વર્તે તે 'આજ્ઞા વ્યવહાર."

૪. તેના અભાવે આચાર્ય પાસેથી આપણા ગુર્વાદિએ જે પ્રકારની ધારણા કરી હોય તથા પરંપરાથી ધારણા ચાલી આવતી હોય તે પ્રમાણે વર્તે તે 'ધારણા વ્યવહાર.'

૫. તેના પણ અભાવે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ફરક પડયો જાણી, સંઘયણ આદિની હીનતા જોઇ, ચતુર્વિધ સંઘ એકત્ર થઇ જે નિરવદ્ય મર્યાદા–કાનૂન બાંધે અને તે પ્રમાણે વર્તે તે 'જીત વ્યવહાર.'

આ પાંચે વ્યવહારના આચાર્યજી સમ્યક્ પ્રકારે જ્ઞાતા હોય છે. અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરે–કરાવે છે. નિરંતર જ્ઞાન, ધ્યાન, તપ, સંયમમાં તથા સદુપદેશાદિ ધર્મવૃદ્ધિના પ્રત્યેક કાર્યમાં પ્રવૃત્ત રહી બળ, વીર્ય, પરાક્રમ ફોરવે છે અને અન્યને સમજાવે છે કેઃ અહો ભવ્ય જીવો ! આ જીવે ભવભ્રમણ કરતાં ક્ષુધા, તૃષા, શીત, તાપ ઇત્યાદિ દુઃખો પરવશપણે અનંત સહ્યાં, પણ તેથી કશી ગરજ સરી નહીં, સકામ નિર્જરા થઇ નહીં. ઊલટું, કર્મબંધન કરી અધિકાધિક દુઃખ પામ્યો. માટે હે જીવ ! તું પરવશે સહેલાં દુઃખોનો અનંતમો ભાગ પણ સ્વવશે ધર્માર્થે સહન કર. પ્રાપ્ત કામભોગાદિનો ત્યાગ કરી સંયમાચરણ કર, ગ્રામાનુગ્રામ વિહાર કર. આર્ય અનાર્ય તરફથી પ્રાપ્ત થતા અનુકૂળ પ્રતિકૂળ પરિષહોને સમભાવે સહન કર; આંતરિક વિષય, કષાય, મદ, મત્સર, અહંતા, મમતારૂપ શત્રુઓનું દમન કર. નિરંતર ધર્મારામમાં રમણ કર કે જેથી અલ્પકાળમાં આત્મા આધિ, વ્યાધિ ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી તેમજ ભવભ્રમણથી છુટકારો પામે, મોક્ષના પરમાનંદને પ્રાપ્ત કરે. આ પરમોત્તમ અવસર પ્રાપ્ત થયો છે, માટે

ચેતો! ચેતો! પ્રમાદ તજી અલભ્ય લાભ મેળવો, ઈત્યાદિ બોધથી સમજાવી લોકોને ધર્મમાર્ગમાં જોડે, તથા ચારે તીર્થને યથોચિત સહાય પોતે આપીને તથા બીજા પાસે અપાવીને ધર્મવૃદ્ધિના કામમાં વીર્યબળ ફોરવે છે, તે વીર્યાચાર.

વીર્યાચારના ત્રણ ભેદ:—૧. ઉપયોગપૂર્વક ધર્મ કરવું ૨. ધર્મ-કાર્યમાં વીર્ય ગોપવવું નહિ. ૩. યથાશક્તિ ધર્મકાર્ય કરવું. આચાર્યજી આ પ્રમાણે કરે અને બીજા સાધુઓ પાસે કરાવે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વર્ણન ચારિત્રાચારમાં કહેવાઈ ગયું છે.

પાંચ ઇંદ્રિય નિગ્રહ

૧. શ્રોતેન્દ્રિય— તેના ૩ વિષય: ૧. મનુષ્ય, પશુ, પક્ષી આદિ બોલે તે 'જીવ શબ્દ', ૨. ભીંત વગેરેના પડવાથી શબ્દ થાય તે 'અજીવ શબ્દ' ૩. વાજિંત્ર વગાડનાર જીવ તથા વાજિંત્ર અજીવ એ બન્નેના સંયોગે શબ્દોત્પત્તિ થાય તે 'મિશ્ર શબ્દ.'

શ્રોતેન્દ્રિયના ૧૨ વિકાર. જેમ પુણ્યાત્મા બોલે તે સારું લાગે, પાપાત્મા બોલે તે ખરાબ લાગે. એ જીવ શબ્દના બે પ્રકાર. રૂપિયાનો અવાજ સારો લાગે, ભીંત પડવાનો અવાજ ખરાબ લાગે. એ અજીવ શબ્દના બે પ્રકાર. ઉત્સવનાં વાજિંત્ર સારાં લાગે, મૃત્યુનાં વાજિંત્ર ખરાબ લાગે તે. મિશ્ર શબ્દના બે પ્રકાર. ઉક્ત ૩. શબ્દો શુભ અને ૩ અશુભ એમ છ પ્રકાર થયા. વળી, એ છ પ્રકારના શબ્દો ક્યારેક સારા લાગે અને ક્યારેક ખરાબ લાગે છે. જેમ લગ્નનાં ફટાણાં ખરાબ છતાં કોઈ સારાં માને. અને લગ્ન પ્રસંગે 'રામ બોલો ભાઈ રામ' એ વાક્ય સારું હોવા છતાં ખરાબ લાગે. ઉક્ત છને રાગદ્વેષથી બમણાં કરતાં શ્રોતેન્દ્રિયના ૧૨ વિકાર થાય છે.

શ્રોતેન્દ્રિયના વિષયમાં આસક્ત થવાથી હરણ પ્રાણમુક્ત થાય છે, સર્પ બંદીવાન બને છે, તો મનુષ્યની શી ગતિ થશે એમ વિચારી રાગદ્વેષ ઉત્પન્ન થાય તેવા શબ્દ સાંભળે નહિ, કદાપિ સાંભળવામાં આવે

તો તે ઉપર રાગદ્વેષ કરી કર્મબંધ કરે નહીં. શ્રોતેન્દ્રિયથી કર્મબંધ કરનાર પ્રાણી ભવાંતરે બહેરો તથા કાનના અનેક રોગવાળો થાય છે અથવા ચતુરિન્દ્રિયાદિ ભવ પામે છે, કે જ્યાં કાન જ હોતા નથી. એથી ઊલટું, જે શ્રોતેન્દ્રિયને કાબૂમાં રાખે છે, તે કાનનું આરોગ્ય પામવા ઉપરાંત મંગળકારી વચનો સાંભળી ક્રમશઃ વિષયોને જીતી મોક્ષ પ્રાપ્ત કરે છે.

૨. ચક્ષુરિન્દ્રિયઃ– તેના ૫ વિષયઃ ૧. કાળો, ૨. લીલો, ૩. રાતો, ૪. પીળો, ૫. ધોળો, આ પાંચ વિષયોને ઉપર્યુક્ત પ્રકારે સજીવ, નિર્જીવ અને મિશ્ર એ ત્રણે ગુણતાં ૧૫ ભેદ થયા. તેને શુભ અશુભ બેએ ગુણતાં ૩૦ થયા. તેને રાગદ્વેષ બેએ ગુણતાં ૬૦ વિકાર ચક્ષુરિન્દ્રિયના થાય છે.

ચક્ષુરિન્દ્રિયના વિષયમાં આસક્ત થવાથી પતંગ દીપક પર ઝંપાપાત કરી મરણને શરણ થાય છે. તો મનુષ્યના શા હાલ! આમ વિચારી રાગદ્વેષ ઊપજે તેવાં રૂપ જોવા નહીં. જોવામાં આવે તો તેના પર રાગદ્વેષ કરી કર્મો બાંધવાં નહીં, ચક્ષુરિન્દ્રિયથી કર્મ બાંધનાર પ્રાણી આંધળો, કાણો કે આંખના રોગવાળો થાય છે. અથવા તેઈંદ્રિય આદિની ગતિમાં જાય છે, જ્યાં આંખો હોતી નથી. જે ચક્ષુરિન્દ્રિયને કાબૂમાં રાખે છે, તે તત્સંબંધી કર્મ બાંધતો નથી અને દિવ્ય ચક્ષુ પામે છે. સારાં રૂપોનું અવલોકન કરવાવાળો થાય છે. તત્પશ્ચાત્ ઈન્દ્રિયનિગ્રહ કરી ક્રમશઃ મોક્ષ પામે છે.

૩. ઘ્રાણેન્દ્રિય– તેના ૧. સુરભિગંધ અને, ૨. દુરભિગંધ એ બે વિષય છે. તેના સચિત, અચિત અને મિશ્ર એમ છ ભેદ થયા. તે છ ઉપર રાગ અને દ્વેષ કરવાથી ઘ્રાણેન્દ્રિયના ૧૨ વિકાર હોય છે.

ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આસક્ત થઈ ભમરો પુષ્પમાં ફસાઈ મૃત્યુ પામે છે, તો મનુષ્યના શા હાલ, એમ વિચારી રાગદ્વેષ ઉપજે તેવી ગંધ સૂંઘવી નહીં. વાસ આવે ત્યારે તેના ઉપર રાગદ્વેષ કરવા નહીં.

ઘ્રાણેન્દ્રિયથી કર્મ–બંધ કરનાર જીવને નાકના વિવિધ રોગ થાય છે. નકટો થાય છે, અથવા જ્યાં નાક નથી એવી દ્વિન્દ્રિયાદિ ગતિ પામે છે. જે ઘ્રાણેન્દ્રિયને વશ કરે છે તે નાકનું આરોગ્ય પામે છે. સુરભિગંધનો ભોક્તા બને છે. અને અંતે ભોગને છોડી મોક્ષગતિ પામે છે.

૪. **રસેન્દ્રિય**– તેના પાંચ વિષયઃ ૧. તીખો, ૨. કડવો, ૩. કસાયલો, ૪. ખાટો અને, ૫. મીઠો. આ પાંચ રસમાં સચિત્ત, અચિત્ત, મિશ્ર ત્રણે પ્રકારના પદાર્થો હોય છે. એમ ૫ × ૩ = ૧૫ થયા. ૧૫ શુભ અને ૧૫ અશુભ મળી ૩૦ થયા. તેને રાગ અને દ્વેષે ગુણતાં ૬૦ વિકાર રસેન્દ્રિયના છે.

રસેન્દ્રિયની લોલુપતાને લીધે માછલાં અકાળ મૃત્યુ પામે છે. તો મનુષ્યની શી ગતિ, એમ જાણી રાગદ્વેષ ઊપજે તેવો રસ ભોગવે નહીં. ભોગવે તો રાગદ્વેષ કરે નહીં. સમભાવ રાખે.

ક્ષણમાત્રના જીભના સ્વાદને ખાતર બહુકાળ પર્યંત દુઃખી થવું પડે તેવાં કર્મ બાંધી જીવ ભવિષ્યમાં મૂંગો, તોતડો કે જીભના અનેક રોગથી પીડિત થાય છે અથવા જ્યાં જીભ નથી તેવી એકેન્દ્રિયની જાતિમાં ઉપજે છે અને જે જીભને વશ રાખે છે તે સ્પષ્ટવક્તા, મિષ્ટભાષી, અને ઇચ્છાનુસાર રસને પ્રાપ્ત કરવાવાળો થાય છે, પછી તપસ્વી બની ક્રમશઃ મોક્ષ પામે છે. એક રસેન્દ્રિયને જીતવાથી બધી ઇંદ્રિયોને જીતી શકાય છે. માટે રસલોલુપતા છોડી ખાનપાનમાં નિયમિત અને પરિમિત થવું જોઇએ.

૫. **સ્પર્શેન્દ્રિય**–તેના આઠ વિષયઃ– ૧. કર્કશ, ૨, સુંવાળો, ૩. ભારે, ૪. હળવો, ૫, શીત, ૬. ઉષ્ણ, ૭. રૂક્ષ અને, ૮. સ્નિગ્ધ, એ આઠ સચિત, અચિત અને મિશ્ર એ ત્રણે પ્રકારે હોય એટલે ૨૪ ભેદ થયા. ૨૪ શુભ અને ૨૪ અશુભ મળી ૪૮ ભેદ. તેને રાગ અને દ્વેષે ગુણતાં કુલ ૯૬ વિકાર સ્પર્શેન્દ્રિયના છે.

સ્પર્શેન્દ્રિયને વશ પડી હાથી ખાઇમાં પડી મૃત્યુ પામે છે. માટે રાગદ્વેષ વધારનારા સ્પર્શ સેવવા નહીં. પ્રાપ્ત થયેલા સ્પર્શ પર રાગદ્વેષ

કરવો નહીં. કેમકે રાગદ્વેષથી કર્મબંધ થાય છે અને તેના પરિણામે ગડ, ગુંબડ, કુષ્ટ, આદિ અનેક રોગો તથા અપંગપણું વગેરે દુઃખ પામે છે. સ્પર્શેન્દ્રિયને વશ કરવાથી નીરોગી, સશક્ત શરીર અને ભોગોપભોગની સામગ્રી પ્રાપ્ત થાય છે. અંતે તેનો પણ ત્યાગ કરી ક્રમશઃ મોક્ષનાં અનંત સુખોને પ્રાપ્ત કરે છે.

श्लोक :—कुरङ्ग मातङ्ग पतंग ! भृङ्ग मीन हता पंच भिरेव पंच ।
एकः प्रमाणीश्च कथं न हन्य, सेवते पंच भिरेच पंच ॥

અર્થ:— (સવૈયા)દીપક દેખ પતંગજલા, અરુ શબ્દ સુન મૃગ દુઃખ પાઈ
સુગંધ લેઈ મરા ભમરા, અરુ રસકે કાજ મચ્છી બિરલાઈ
કામકે કાજ ખુતા ગજરાજ, યહ પરપંચ હુએ દુઃખદાઈ,
પડે પાંચો વશ કયા ગતિ તસ, ઐસા જાન પંચોંહિ વશ કર ભાઈ.

બ્રહ્મચર્યની નવ વાડ

જેમ ખેડુત ખેતરની રક્ષા માટે ચોતરફ વાડ કરે છે, તેમ બ્રહ્મચારી પુરુષને બ્રહ્મચર્યની રક્ષાર્થે નવ વાડ ઉત્તરાધ્યયન અ. ૧૬ માં કહી છે.

आलओ थीजणाइण्णो, थीकहा य मणोरमा ।
संथवो चेव नारीणं, तासिं इंदियदरिसणं ॥ ११ ॥
कुइयं रुइयं गीयं, हसियभुत्तासियाणि य ।
पणियभत्तपाणं च, अइमायं पाणभोयणं ॥ १२ ॥
गत्तभूसणमिट्ठंच, कामभोगा य दुज्जया ।
नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥ १३ ॥

૧. આ ૦— ઉંદર અને બિલાડી સાથે રહે તો ઉંદરનું મૃત્યુ થાય, તેવી જ રીતે જ્યાં સ્ત્રી, પશુ કે નપુંસક વસતાં હોય તે જ સ્થાનમાં બ્રહ્મચારી વસે તો તેના બ્રહ્મચર્યનો નાશ થાય છે.

શ્રી "દસવૈકાલિક" માં કહ્યું છે :—

हत्थ पाय पडिच्छिन्नं, कन्न नास विगप्पियं ।
अवि वाससयं नारी, बंभयारी विवज्जए ।

અર્થ :— જેનાં હાથ પગ, નાક, કાન છેદાયેલાં હોય તેવી સો વર્ષની વૃદ્ધા પણ જે મકાનમાં રહેતી હોય ત્યાં બ્રહ્મચારીએ રહેવું નહીં.

૨. થીકહા૦—સ્ત્રીના સૌંદર્ય, શૃંગાર, હાવભાવનું વર્ણન, આદિ વિષયવર્ધક વિકથા કરવી નહીં. જેમ આંબલી કે લીંબુનું નામ માત્ર સાંભળવાથી પાણી છૂટે છે, તેવી રીતે ઉક્ત વિકથા વિકાર ઉપજાવે છે.

૩. સં૦—જેમ ઘઉંનો લોટ બાંધ્યા પછી તેની પાસે ભૂરું કોળું રાખવાથી લોટનો કસ ઊડી જાય છે, તેમ સ્ત્રી-પુરુષ એક આસને બેસવાથી બ્રહ્મચર્યનો નાસ થાય છે.

૪. ઇ૦—જેમ સૂર્યના સામું વધારે વખત જોવાથી નેત્રનું તેજ ઘટે છે, તેમ સ્ત્રીનાં અંગોપાંગ વિષય બુદ્ધિથી જોવાથી બ્રહ્મચર્ય નષ્ટ થાય છે.

૫. કુ૦—જેમ મેઘગર્જનાથી મોર હર્ષ પામે છે તેમ ભીંત કે ખપેડાને આંતરે રહેતાં સંયોગી દંપતીના શબ્દ સાંભળવાથી વિકાર ઉત્પન્ન થાય છે.

૬. પુ૦—જેમ કોઈ મુસાફરે એક ડોશીના ઘરની છાશ પીધેલી તે પછી છ મહિને પાછો આવતાં તે ડોશીએ કહ્યું, 'તમારા ગયા બાદ છાશમાંથી મરેલો સાપ નીકળ્યો હતો. તમે જીવતા રહ્યા તે જોઈ મને આનંદ થયો.' આટલું સાંભળતાં જ તે મુસાફરને ઝેર ચડયું અને તે મરી ગયો. આવી જ રીતે, સંસારાવસ્થામાં ભોગવેલા ભોગોનું સ્મરણ કરવાથી બ્રહ્મચર્ય નષ્ટ થાય છે.

૭. પ૦—જેમ સન્નિપાત જ્વરવાળાને દૂધ-સાકર અહિતકર નીવડે છે, તેવીજ રીતે હંમેશાં સરસ કામોત્તેજક આહાર લેવાથી બ્રહ્મચર્ય નાશ પામે છે.

૮. અ૦—જેમ શેરની હાંડીમાં બશેર ખીચડી કોઈ પકાવે તો હાંડી ફૂટી જાય છે, તેમ ભૂખથી અધિક ખોરાક લેવાથી બ્રહ્મચર્યનો ઘાત થાય છે.

૯. ગત૦—જેમ દરિદ્રીની પાસે ચિંતામણિ રત્ન રહેતું નથી તેવી રીતે સ્નાન, મંજન, વિલેપન, શૃંગારાદિ વડે શરીરની વિભૂષા કરવાથી બ્રહ્મચર્ય નાશ પામે છે.

આમ વિચારી બ્રહ્મચારી જનોએ ઉપર્યુક્ત નવ વાડે વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઇએ.

विभूसावत्तियं भिक्खु, कम्म बंधई चिक्कणं ।
संसारसायरे घोरे, जेणं पडइ दुरुतरे । दस०अ० ६, गाथा ६

અર્થ—જેમ સાધુ સ્નાન શૃંગારાદિથી શરીરની વિભૂષા કરે છે, તે ચીકણાં કર્મ બાંધી દુસ્તર એવા ઘોર સંસારમાં ડૂબે છે. માટે બ્રહ્મચારીએ શૃંગારાદિ વર્જવાં જોઇએ. વળી,દર્પણમાં મુખ જોવું,માથામાં તેલ નાખવું, વાળ ઓળવા, પુષ્ટિકારક ખોરાક લેવો, વગેરે પરિણામો શરીરની વિભૂષામાંથી જન્મે છે. અને તે બ્રહ્મચર્ય પાળવામાં વિઘ્નરૂપ છે.

ઉક્ત નવ વાડમાંથી કોઈ એક વાડનો ભંગ કરનાર બ્રહ્મચારી संका વા શંકા કરે કે હું બ્રહ્મચર્ય પાળું કે ન પાળું ? અથવા અન્યને શંકા ઉપજે કે તે બ્રહ્મચર્ય પાળતો હશે કે નહીં ? कंखा वा—ભોગોપભોગ ભોગવવાની કાંક્ષા (ઇચ્છા) થાય ૩. वितिगिच्छा=આટલી મુદત બ્રહ્મચર્ય પાળવા છતાં કંઈ ફળ ન મળ્યું, તો હવે આગળ શું મળવાનું હતું ! એવી વિચિકિત્સા થાય. ૪. भेयं वा लभेज्जा—આમ સંકલ્પ વિકલ્પથી કોઈ વખત બ્રહ્મચર્યને નષ્ટભ્રષ્ટ કરી નાખે. ૫. उम्मायं

वा पाउणिज्जा–મન અને શરીરમાં ઉન્માદ ઉત્પન્ન થાય અને વિશેષ અભિલાષા–વિષયાસક્તિથી. ૬. दीहकालीय वा रोगायंकं हवेज्जा–દીર્ઘ કાળ પર્યંત ટકે તેવા ચાંદી, પ્રમેહ, શૂળાદિ રોગ ઉત્પન્ન થાય અને ૭. केवलिपण्णत्ताओ धम्माओ भंसेज्जा અંતે કેવળીના પ્રરૂપેલા બ્રહ્મચર્યરૂપ ધર્મથી ભ્રષ્ટ થઈ અનંતકાળપર્યંત સંસારમાં પરિભ્રમણ કરે છે, એવું જાણી આચાર્ય ભગવંત નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય–ધર્મ પાળે છે અને બીજાને પળાવે છે.

૪ કષાયથી મુક્ત

कष=સંસાર+आय–લાભ અર્થાત્ જેનાથી સંસારની વૃદ્ધિ થાય તે કષાય. જેવી રીતે કલઈ વિનાના પીત્તળના પાત્રમાં રહેલ દૂધ આદિ ઉત્તમ વસ્તુ કટાયેલી (બદસ્વાદ) બની જાય છે, તેવી જ રીતે કષાયરૂપ દુર્ગુણથી આત્માના સંયમાદિ ગુણો નષ્ટભ્રષ્ટ થઈ જાય છે.

કષાય ૪ પ્રકારના છે. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ.

૧. ક્રોધ ×:—ક્રોધ.મોહની કર્મની પ્રકૃતિ બધા આત્મપ્રદેશોમાં હોય છે, પણ ક્રોધનો ઉદય ચહેરામાં પ્રત્યક્ષ જણાય છે, તે અપેક્ષાએ ક્રોધનું નિવાસસ્થાન કપાળ ગણાય છે. ક્રોધને શાસ્ત્રકારોએ ચાંડાલની ઉપમા આપી છે. તે મનુષ્યને ક્રૂર, નિર્દયી બનાવી દે છે.

ક્રોધાવિષ્ટ મનુષ્ય માતા, પિતા, ભ્રાતા, ભગિની, પુત્રી, સ્ત્રી, સ્વામી, સેવક, ગુરુ, શિષ્ય, ઇત્યાદિની ઘાત કરવામાં વિલંબ કરતો નથી. અધિક સંતાપ થતાં ક્રોધી મનુષ્ય આત્મહત્યા પણ કરી નાખે છે. શ્રી ઉત્તરાધ્યયનજીના ૨૩ મા અધ્યયનમાં ભગવાન કેશી સ્વામી કહે છે: "संपज्जलिया घोरा अग्गि चिट्ठइ गोयमा"। અર્થાત્ અહો ગૌતમ! સંપ્રજ્વલિત અને ઘોર–ભયંકર અગ્નિ હૃદયમાં રહ્યો છે. આ અગ્નિ તે ક્રોધાગ્નિ જ છે. જ્યારે તે પ્રગટ થાય છે ત્યારે ક્ષમા, દયા, શીલ, સંતોષ, તપ, સંયમ, જ્ઞાનાદિ ઉત્તમોત્તમ ગુણોને ભસ્મીભૂત કરી દે છે. ચૈતન્ય પર મિથ્યાત્વરૂપ કાળું પડ ચડાવી દે છે.

× તે અપેક્ષાએ ક્રોધનું નિવાસસ્થાન વ્યવહારથી કપાળ ગણાય છે.

ક્રોધાગ્નિથી બળતો મનુષ્ય બીજાને પણ બાળે છે. ક્રોધરૂપ મદિરા પીનાર માણસ બેભાન બની પોતાની અતિ પ્રિય વસ્તુને પણ તોડીફોડી નાંખે છે. અને પાછળથી પશ્ચાત્તાપ કરે છે. સારું કે નરસું કંઈ દેખી નહિ શકવાને લીધે ક્રોધી મનુષ્ય આંધળા જેવો બની જાય છે*. ઉપકારીના અનહદ ઉપકારોને ક્ષણમાત્રમાં ભૂલી જઈને ક્રોધી મનુષ્ય કૃતઘ્ની બને છે. "कोहो पीइं पणासेइ" ક્રોધ પ્રીતિનો નાશ કરે છે.

ક્રોધી મનુષ્ય મહાપ્રયત્ને પ્રાપ્ત થતા સુયોગને સહજમાં ટાળી નાખે છે. ક્રોધ કરવાથી જીવ કુરૂપ, સત્ત્વહીન, અપજશી અને અનંત જન્મમરણ કરવાવાળો થાય છે. તેથી ક્રોધ એ હળાહળ ઝેર છે. આ વગેરે અનંત દુર્ગુણોનો ધારક ક્રોધ છે, એમ જાણી આચાર્યજી કદાપિ સંતપ્ત થતા નથી. તેઓ પોતે સદૈવ શાન્ત–શીતળીભૂત રહે છે અને અન્યને પણ શાન્ત, શીતળ બનાવે છે.

૨ માન—માનમોહનીય કર્મ બધા આત્મપ્રદેશોમાં હોય છે. પણ બોલ ઉપરથી માન કળી શકાય છે. તે વચનનું ઉત્પત્તિસ્થાન ડોકમાં છે અને તે વખતે ડોક અક્કડ લાગે છે, તે અપેક્ષાએ માનનું નિવાસસ્થાન ગરદન છે. તે મનુષ્યને અક્કડ બનાવે છે. "**माणो विणय नासणो**" અર્થાત્ માન વિનયનો નાશ કરે છે. વિનય વિના જ્ઞાન નહીં, જ્ઞાન વિના જીવાજીવની ઓળખાણ નહીં, જીવાજીવની જાણ વિના દયા નહીં, દયા વિના ધર્મ નહીં, ધર્મ વિના કર્મોનો નાશ નહીં, અને કર્મના નાશ વિના મુક્તિનું શાશ્વત સુખ નહીં. એટલે મોક્ષગતિને અટકાવનાર અભિમાન છે.

---

* When passion enters at the foregate, wisdom goes out from the posterior. (Fielding's Proverbs) જ્યારે ક્રોધ આગલે બારણેથી પ્રવેશ કરે છે ત્યારે બુદ્ધિ પાછલે બારણેથી પલાયન કરી જાય છે. Anger begins with Folly and ends with repentance. (Manders' Proverbs) અર્થાત્ ક્રોધના આરંભમાં મૂર્ખતા અને અંતમાં પશ્ચાત્તાપ હોય છે.

મોટા મોટા જ્ઞાની, ધ્યાની, તપસ્વી, સંયમી પુરુષો પણ માનને વશ પડી પોતાનાં પાપોને છુપાવી રાખે છે. અને તેના પરિણામે વિરાધક (જિનાજ્ઞાનો ભંગ કરનાર) બની દુર્ગતિ પામે છે. માનથી અંધ બનેલો જીવ, ધન, કુટુંબ અને પોતાના શરીરને પણ તૃણવત્ ગણી તેનો નાશ કરતાં અચકાતો નથી અને મહા દુઃખી થાય છે. માનીનો સ્વભાવ સદૈવ અવગુણગ્રાહી હોય છે.—પરાયાં છિદ્રો શોધ્યા કરે છે. ઇત્યાદિ દુર્ધ્યાનમાં રહેવાથી નિરંતર તેને કર્મબંધ થયા કરે છે. જ્યાં માન હોય ત્યાં ક્રોધ પણ હોય જ.

માન આઠ પ્રકારે ઉત્પન્ન થાય છે. ૧. जाति ૨. कुल ૩. बल ૪. लाभ ५. रूप ६. तप ७. श्रुत ८.ऐश्वर्य.

૧. મારું મોસાળ ખાનદાન છે, મારી માતા સુશીલાદિ ગુણસંપન્ન છે, ઇત્યાદિ માતાના પક્ષનું અભિમાન કરવું તે 'જાત્યાભિમાન.'

૨. મારા પિતા, પિતામહ કેવા મહાન છે! હું બ્રાહ્મણ, ક્ષત્રિય, શેઠ, પટેલ, આદિ ઉત્તમ કુલોત્પન્ન છું, એમ પિતાના પક્ષનું અભિમાન કરે તે 'કુલાભિમાન.'

૩. મેં આવાં પરાક્રમો કર્યાં છે. કોની તાકાત છે કે મારી સામો થાય ? ઇત્યાદિ બળનું અભિમાન કરે તે 'બલાભિમાન.'

૪. હું કમાઉં છું, અથવા ગૌચરીમાં હું હોઉં ત્યારે ઇચ્છિત વસ્તુ મળે છે ઇત્યાદિ કહે તે 'લાભાભિમાન.'

૫. મારા સરખું સ્વરૂપવાન કે તેજસ્વી બીજું કોણ છે એમ કહે તે 'રૂપાભિમાન.'

૬. હું મહાન તપસ્વી છું, અમુક ઉપવાસ તો મારી ગણતરીમાં જ નહીં એમ કહે તે 'તપાભિમાન.'

૭. હું સર્વ શાસ્ત્રોનો જ્ઞાતા છું, મેં આટલા ગ્રંથો રચ્યા, વાદી મારી સામે ટકી શકે જ નહીં, ઇત્યાદિ ગર્વ કરવો તે 'શ્રુતભિમાન.'

૮. મારે આટલો પરિવાર છે, હું સમ્પ્રદાયનો સ્વામી [પૂજ્ય] છું. બધા મારી આજ્ઞાને શિરસાવંદ્ય કરે છે, એવું અભિમાન કરે તે ઐશ્વર્યાભિમાન.'

જે મનુષ્ય જે પ્રકારનું અભિમાન કરે છે તે જ પ્રકારની હીનતા ભવિષ્યકાળે પામે છે. અર્થાત્ જાત્યાભિમાની નીચ જાતિ, કુલાભિમાની નીચકુળ, બલાભિમાની નિર્બળતા, લાભાભિમાની દરિદ્રતા, રૂપાભિમાની કુરૂપતા, તપાભિમાની તપરહિતપણું, શ્રુતાભિમાની મૂર્ખતા અને ઐશ્વર્યાભિમાની નિરાધારપણું પામે છે.

જે ઉત્તમ વસ્તુ વિશેષ ઉત્તમતા પ્રાપ્ત કરવા માટે સાંપડી છે તે જ વસ્તુ દ્વારા નીચતા પ્રાપ્ત કરવી એ કેટલું શોચનીય છે! આમ વિચારી આચાર્ય મહારાજ સદૈવ નિરભિમાની—મહાવિનીત રહે છે.

૩. **માયા**—માયામોહની કર્મ પ્રકૃતિઓ સર્વ આત્મપ્રદેશોમાં છે, પણ માયા (ક્રોધ અને માનની જેમ) કળી શકાતી નથી અને પેટમાં રહેલી વસ્તુ પણ કળી શકાતી નથી, તે ઉપમાની અપેક્ષાએ માયાનું નિવાસસ્થાન પેટ છે. તે પ્રકૃતિને વક્ર બનાવે છે. શાસ્ત્રમાં સ્થાન સ્થાન પર 'માયામિથ્યા' શબ્દ કહ્યો છે. માયા હોય ત્યાં મિથ્યાત્વ પણ હોય છે.

જે પુરુષ માયા કરે છે, તે મરીને સ્ત્રી થાય છે. સ્ત્રી માયા કરે તો મરીને નપુંસક થાય છે. નપુંસક માયા કરે તો મરીને તિર્યંચ થાય છે. અને માયાવી તિર્યંચ એકેન્દ્રિયપણું પામે છે. આમ, માયાથી નીચ ગતિ થાય છે. માયા સહિત કરેલા તપસંયમનું ફળ પણ યથોચિત પ્રાપ્ત થતું નથી.

શ્રી "દશાશ્રુતસ્કંધ" સૂત્રમાં મહામોહનીય કર્મ બાંધવાનાં ત્રીસ સ્થાન કહ્યાં છે.

૧. ત્રસ જીવને પાણીમાં ડુબાડી મારે.

૨. શ્વાસનું રુંધન કરીને મારે.

૩. ધુમાડાથી રૂંધીને મારે.

૪. મસ્તકમાં ઘા કરીને મારે.

૫. મસ્તક પર ચામડાની વાધરી બાંધીને મારે.

૬, મૂર્ખ, અપંગ કે પાગલનો ઉપહાસ કરે.

૭–૮ પોતે અનાચારનું સેવન કરી છુપાવે અને બીજા પર તે દોષ ઢાળે.

૯. સભામાં મિશ્રભાષા બોલે.

૧૦. ભોગીના ભોગ બલાત્કારે છોડાવે.

૧૧. બ્રહ્મચારી ન હોય છતાં પોતાને બ્રહ્મચારી કહેવડાવે.

૧૨. બાલબ્રહ્મચારી ન હોય છતાં બાલબ્રહ્મચારી કહેવડાવે.

૧૩–૧૪. સૌએ મળીને જેને મોટેરો સ્થાપ્યો તે દુઃખદાયી નીવડે તથા સૌ તે મોટેરાને દુઃખ દે.

૧૫. સ્ત્રી–પુરુષ પરસ્પર વિશ્વાસઘાત કરે.

૧૬–૧૭. એક દેશના કિંવા અનેક દેશના રાજાની ઘાત ચિંતવે.

૧૮. સાધુને સંયમથી ભ્રષ્ટ કરે.

૧૯–૨૦–૨૧. તીર્થંકરની, તીર્થંકરપ્રણીત ધર્મની અને આચાર્ય, ઉપાધ્યાયની ભક્તિ કરે નહિં.

૨૨. આચાર્ય ઉપાધ્યાયની નિંદા કરે.

૨૩. બહુસૂત્રી ન હોવા છતાં બહુસૂત્રી કહેવડાવે.

૨૪. તપસ્વી ન હોવા છતાં તપસ્વી કહેવડાવે.

૨૫. જ્ઞાની, વૃદ્ધ, રોગી, તપસ્વી, નવદીક્ષિત એમની સેવાભક્તિ કરે નહીં.

૨૬. ચાર તીર્થમાં ફૂટ પડાવે, કલેશ કરાવે.

૨૭. જ્યોતિષ મંત્રાદિ પાપસૂત્ર રચે.

૨૮. અપ્રાપ્ત દેવ મનુષ્યનાં સુખોની ઇચ્છા કરે.

૨૯. ધર્મ કરીને દેવતા થાય, તેમની નિંદા કરે.

૩૦. પોતાની પાસે દેવતા ન આવતો હોય છતાં કહે કે દેવતા આવે છે.

આ ૩૦ માંથી કોઇપણ એક સ્થાન સેવે તે જીવ મહામોહનીય× કર્મ બાંધે છે. જેના ઉદયથી જીવને ૭૦ કોડાકોડ સાગરોપમ સુધી બોધિબીજ–સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થતી નથી. શ્રી દશવૈકાલિક સૂત્રના ૫ મા અધ્યયનમાં કહ્યું છે કે:—

गाथा–तव तेणे वय तेणे, रूव तेणे य जे नरे।
आयार भाव तेणे य, कुव्वइ देवकिव्विसं ॥ ४६ ॥

અર્થ— ૧. દુર્બળ શરીર જોઇ કોઈ પૂછે કે તપસ્વી છો કે? ત્યારે તપસ્વી ન હોય છતાં કહે: સાધુ તો સદા તપસ્વી જ હોય છે, તે તપનો ચોર.

૨. કોઈના શ્વેત વાળ જોઇ કોઇ કહે: આપ સ્થવિર છો? ત્યારે સ્થવિર ન હોવા છતાં કહે કે સાધુ તો સ્થવિર જ હોય, તે વયનો ચોર.

૩. રૂપવંત, તેજસ્વી જોઈ કોઇ પૂછે કે, અમુક રાજાએ દીક્ષા લીધી છે, તે શું આપ જ છો? ત્યારે કહે કે સાધુ છતી રિદ્ધિના ત્યાગી જ હોય છે. તે રૂપનો ચોર.

૪. અંદર તો અનાચરણ સેવે અને ઉપરથી મલિન વસ્ત્રો ધારણ કરી શુદ્ધાચારી નામ ધરાવે તે આચારનો ચોર.

૫. ચોર છતાં શાહુકારી બતાવે, ઠગ છતાં ભક્તિભાવ બતાવે તે ભાવનો ચોર.

× એક એક નરકે અનેક વાર જાય, તે મહા મોહનીય કર્મ.

આ પાંચ પ્રકારનો ચોર મરીને દેવતામાં ચાંડાળ સમાન, નીચ જાતિવાળો, મિથ્યાદૃષ્ટિ, દુર્ગંચ્છનીય, નિંદનીય એવો કિલ્વિષી દેવતા થાય છે. ત્યાંથી ચવીને બકરો વગેરે થઈ, ત્યાંથી મરી નરક તિર્યંચાદિ નીચ ગતિમાં અનંત કાળ પર્યંત પરિભ્રમણ કરતો રહે છે, પરંતુ તેને બોધિબીજની પ્રાપ્તિ થવી બહુ જ દુર્લભ હોય છે. આવું દુષ્ટ પરિણામ દગલબાજીનું છે. આમ વિચારી આચાર્યજી કદાપિ માયાનું સેવન કરતા નથી. બાહ્યાભ્યંતર વિશુદ્ધ, નિર્મળ, સદૈવ સરળ સ્વભાવી રહે છે.

૪. **લોભ**—તેનું નિવાસસ્થાન રોમેરોમમાં છે. "लोहो सव्व-विणासणो" લોભ સર્વ સદ્‌ગુણોનો નાશ કરે છે. એની જાળમાં ફસાયેલ પ્રાણી ક્ષુધા, તૃષા, શીત, તાપ, અપમાન, માર, આદિ અનેકવિધ દુઃખોનો ભોક્તા થાય છે. તે ગુલામી કરે છે, ગરીબોને ફસાવે છે, કુટુંબોને દગો દે છે, જાતિ અને ધર્મ વિરુદ્ધ કૃત્ય કરે છે. પંચેન્દ્રિયની ઘાત કરે છે. ઈત્યાદિ અનેક અકૃત્ય કરતાં કરતાં મૃત્યુના મુખમાં પડે છે ત્યાં સુધી પણ તેને તૃપ્તિ થતી નથી.

કપિલ કેવળી કહે છે—जहा लाभो तहा लोभो અર્થાત્ જેમ લાભ વધતો જાય તેમ લોભ પણ વધતો જાય છે, પણ તૃષ્ણાની ખાઈ કદી પુરાતી નથી. અંતે તો મહામુસીબતે ઉપાર્જિત કરેલ દ્રવ્ય અહીં જ છોડી કરેલાં પાપનો પોટલો સાથે લઈ નરક તિર્યંચાદિ દુર્ગતિમાં ચાલ્યા જવું પડે છે. લોભ (લોભ એટલે અસંતોષ)ને અનેક અનર્થોનું મૂળ જાણી આચાર્ય મહારાજ સદૈવ સંતોષમાં મગ્ન રહે છે.

ઉક્ત ચારે કષાયોના ૫૨૦૦ ભાંગા થાય છે.

૧. જે કષાય સમ્યક્ત્વની પ્રાપ્તિ થવા ન દે તે અનંતાનુબંધીનો ચોક. ૧. ક્રોધ–તે પર્વતની ફાટ સમાન, તે ક્રોધથી દિલમાં પડેલી ફાટ કદી પુરાય નહીં. ૨. માન–પથ્થરના સ્તંભ સમાન, તે કદી નમે નહીં. ૩. માયા–વાંસની ગાંઠ સમાન, મહા કપટી અને ૪. લોભ–કિરમજના રંગ સમાન, કપડું બળે પણ રંગ ન જાય. એ ચારે અનંતાનુબંધી કષાયની સ્થિતિ યાવજ્જીવનની. તેના ઉદયમાં સમકિતની પ્રાપ્તિ ન થાય. અને આ કષાયમાં મરવાવાળો નરક ગતિમાં જાય.

૨. જેના ઉદયમાં સકામનિર્જરા રૂપ પ્રત્યાખ્યાનનો લાભ ન થાય તે અપ્રત્યાખ્યાનાવરણીયનો ચોક. ૧. ક્રોધ–તળાવની તિરાડ સમાન, જે વરસાદ વરસતાં મળી જાય, ૨. માન–હાડકાંના સ્થંભ સમાન, જે મહા કષ્ટે નમે, ૩. માયા–મેંઢાનાં શીંગ જેવી, આંટા પ્રત્યક્ષ દેખાય, ૪. લોભ–તે નગરની ખાળના કર્દમ સમાન, જેનો ડાઘ ક્ષારના પ્રયોગથી જ જાય. એ ચોકની સ્થિતિ એક વર્ષની. ઘાત કરે શ્રાવકના વ્રતની. આ કષાયવાળો મરીને તિર્યંચ ગતિમાં જાય.

૩. જેના ઉદયથી સર્વવિરતિ (સાધુ) ન થઈ શકે તે પ્રત્યાખ્યાનાવરણીયનો ચોક. ૧. ક્રોધ–વેળુની લીટી સમાન, જે હવાથી મળી જાય. ૨. માન–કાષ્ટના સ્થંભ સમાન, જે સહેલાઈથી નમે. ૩. માયા–ચાલતા બળદના પેશાબ જેવી, જેની વક્રતા સ્પષ્ટ દેખાય. ૪. લોભ–કીચડના રંગ જેવો, જે સુકાવાથી ખરી પડે. આ ચોકની સ્થિતિ ૪ મહિનાની. તેને સાધુપણું ન આવે. આ કષાયમાં મરે તો મનુષ્ય ગતિમાં જાય.

૪. યત્કિંચિત્ કાળ રહે તે 'સંજ્વલન' ચોક : ૧. ક્રોધ–સમુદ્રમાં ભરતી વખતે થતી પાણીની લીટી (નિશાની) બીજી વખતના જુવાળ વખતે મટી જાય છે, તેના જેવો. ૨. માન–નેતરના સ્થંભ સમાન, જે પવન લાગતાં નમી જાય. ૩. માયા–વાંસની છોઈ સમાન. તરત સીધી થઈ જાય. ૪. લોભ–પતંગના રંગ સમાન, જે તડકો લાગતાં જ ઊડી જાય. આ ચોકની સ્થિતિ ૧૫ દિનની × આ કષાયવાળાને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. આ કષાયમાં આયુષ્ય પૂર્ણ કરવાવાળો દેવગતિમાં જાય છે.

આ ૪ કષાયના ૪×૪ = ૧૬ ભેદ થયા.

૧. કેટલાક જાણે છે કે કષાય અહિતકર છે, તો પણ થઈ જાય છે.

× સંજ્વલન ક્રોધની સ્થિતિ ૨ મહિનાની, માનની સ્થિતિ ૧ મહિનાની, માયાની સ્થિતિ ૧૫ દિનની અને લોભની સ્થિતિ અંતર્મુહૂર્તની. આ પ્રકારનું કથન શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં છે.

૨. કેટલાક કષાયના ફળને નહિ જાણતા થકા અજ્ઞાનવશ કષાય કરે છે.

૩. કેટલાક થોડા જાણપણામાં અને થોડા અજાણપણામાં કષાય કરે છે.

૪. કેટલાક કષાય કરવાનો હેતુ સમજતા નથી પણ દેખાદેખીથી કરવા લાગી જાય છે.

૫. કેટલાક પોતાને અર્થે કષાય કરે છે.

૬. કેટલાક બીજાને માટે કષાય કરે છે.

૭. કેટલાક પોતાના તથા પરના બન્નેના અર્થે કષાય કરે છે.

૮. કેટલાક વિના કારણુ (સ્વભાવ પડી ગયો હોવાથી) કષાય કરે છે.

૯. કેટલાક ઉપયોગ સહિત કષાય કરે છે.

૧૦. કેટલાક શૂન્ય ઉપયોગે કષાય કરે છે.

૧૧. કેટલાક કંઈક ઉપયોગ સહિત અને કંઈક ઉપયોગ રહિત એમ કષાય કરે છે.

૧૨. કેટલાક ઓઘ સંજ્ઞાથી કષાય કરે છે.

એ ૧૨ બોલને ૪ કષાયે ગુણવાથી ૧૨×૪=૪૮ થયા. અને તેમાં પૂર્વોક્ત ૧૬ કષાયના ભેદ ભેળવતાં ૬૪ થયા. તે ૬૪ને ૨૪* દંડક અને ૨૫ મો સમુચ્ચય જીવ એમ પચીસે ગુણવાથી ૬૪×૨૫=૧૬૦૦ ભાંગા થયા. તે કષાયના પુદ્‌ગલોને જીવ ૧. "ચણીયા" એકઠાં કરે. ૨. "ઉપચણીયા" જમાવે. ૩. "બંધે" બંધન કરે (એમ ત્રણ પ્રકારે બાંધે) અને, ૪. બાંધેલાં કર્મ પુદ્‌ગલોને આત્મપ્રદેશ દ્વારા "વેદે." ૫. જેમ જેમ વેદતો જાય તેમ તેમ "ઉદીરણા" થતી જાય. અને, ૬. કેટલાક ભવ્ય જીવો પશ્ચાત્તાપથી તથા કેટલાક તપશ્ચર્યાથી "નિર્જરે"–ક્ષય કરી દે.

* ૨૪ દંડક–૭ નરકનો ૧ દંડક, ૧૦ ભુવનપતિના ૧૦, પાંચ સ્થાવરના ૫, ત્રણ વિકલેંદ્રિયના ૩ એ ૧૯ થયા. ૨૦ મો તિર્યંચ પંચેન્દ્રિયનો, ૨૧ મો મનુષ્યનો, ૨૨ મો વાણવ્યંતરનો, ૨૩ મો જ્યોતિષીનો અને ૨૪ મો વૈમાનિક દેવોનો. તેનું સવિસ્તૃત વર્ણન બીજા પ્રકરણમાં થઈ ગયું છે.

એ છ બોલ ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ૩ કાળ આશ્રિત હોવાથી ત્રણ ગુણા કરે એટલે ૬×૩=૧૮ થાય. તે ૧૮ સ્વઆશ્રિત અને ૧૮ પરાશ્રિત એમ બમણા કરતાં ૩૬ થયા. તે ૩૬ ને ૨૪ દંડક અને ૨૫ મો સમુચ્ચયજીવ એમ ૩૬×૨૫=૯૦૦ થયા. તેને ૪ કષાયથી ચોગુણા કરતાં ૩૬૦૦ થયા. તેમાં પૂર્વોક્ત ૧૬૦૦ ભેળવતાં ૫૨૦૦ થયા. એટલા ભાંગા ચાર કષાયના થયા. આટલો મોટો પરિવાર ૪ કષાયોનો હોવાથી તે ભયંકર શત્રુ છે.

कोहो पीइं पणासेइ, माणो विणयनासणो।
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥

દશ વૈકાલિક અ. ૮/૩૮

અર્થ : ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વ સદ્‌ગુણોનો નાશ કરે છે. એટલા માટે તેનો નીચેની રીતે પ્રતિકાર કરવો.

उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे।
माया मज्जवभावेण, लोहो संतोसओ जिणे ॥ અ. ૮/૩૯

અર્થ : ઉપશમ (ક્ષમા)થી ક્રોધને જીતે, માર્દવ (વિનય)થી અભિમાનને જીતે, આર્જવ (સરળતા)થી માયાનો પરાજય કરે અને સંતોષથી લોભને જીતે.

આ ૫ મહાવ્રત, ૫ આચાર. ૫ ઇન્દ્રિયનિગ્રહ, ૫, સમિતિ, ૩ ગુપ્તિ, ૯ વાડ બ્રહ્મચર્યની અને ૪ કષાયનો નિગ્રહ મળી કુલ ૩૬ ગુણયુક્ત આચાર્ય ભગવાન હોય છે.

૩૬ ગુણના ધારક આચાર્ય થઈ શકે.

૧. જેમની જાતિ (માતૃપક્ષ) નિર્મળ હોય તે 'જાતિસંપન્ન' ૨. કુળ (પિતૃપક્ષ) નિર્મળ હોય તે 'કુળસંપન્ન' ૩. કાળ પ્રમાણે ઉત્તમ

સંઘયણ (પરાક્રમી) હોય તે 'બલ સંપન્ન,' ૪. સમચતુરસ્રાદિ ઉત્તમ સંસ્થાન (શરીરનો આકાર) હોય તે 'રૂપસંપન્ન,' ૫. કોમળ (નમ્ર) પ્રકૃતિ હોય તે 'વિનય સંપન્ન', ૬. મતિ શ્રુતાદિ નિર્મળ, જ્ઞાનવંત તથા અનેક મતમતાન્તરના જ્ઞાતા હોય તે 'જ્ઞાનસંપન્ન', ૭. શુદ્ધ શ્રદ્ધાવંત હોય તે 'દર્શન સંપન્ન', ૮. નિર્મળ ચારિત્રી શુદ્ધાચારી હોય તે 'ચારિત્ર સંપન્ન' ૯. અપવાદ (નિંદા)થી લજ્જિત થાય તે લજ્જાવંત' ૧૦. દ્રવ્યથી ઉપધિ (ભંડોપકરણ)એ અને ભાવથી ક્રોધાદિ કષાયોએ કરી હળવો હોય તે 'લાઘવસંપન્ન', (આ ૧૦ ગુણ અવશ્ય હોય). ૧૧ પરિષહ આવ્યે ધૈર્ય ધારણ કરે તે 'ઉયંસી' (ઓજસ્વી) ૧૨ પ્રતિભાશાળી હોય તે 'તેયંસી' (તેજસ્વી), ૧૩. કોઈની જાળમાં ન ફસાય એવી ચતુરાઈથી બોલે તે 'વચ્ચંસી' (વર્ચસ્વી), ૧૪ જસંસી–યશસ્વી (આ ચાર ગુણ સ્વાભાવિક હોય છે). ૧૫. ક્ષમાથી ક્રોધને જીતે તે 'જીય કોહે', ૧૬. વિનયથી માનનો પરાજય કરે તે 'જીયમાણે', ૧૭. સરળતાથી માયાનો પરાજય કરે તે 'જીયમાયે', ૧૮. સંતોષથી લોભને જીતે તે 'જીયલોહે', ૧૯. ઇંદ્રિયોને કાબૂમાં રાખે તે 'જીઇંદ્રિયે' ૨૦. પાપની નિંદા કરે પણ પાપીની નિંદા ન કરે તથા નિંદકોની દરકાર ન કરે તેમ જ સ્વલ્પ નિદ્રા લે તે 'જીયનિંદે', ૨૧ ક્ષુધા–તૃષાદિ બાવીસ પરિષહને જીતે તે 'જીયપરિષહે', ૨૨ જીવિતની આશા અને મૃત્યુનો ભય ન રાખે તે 'જીવિયાસમરણ–ભયવિમુક્કા' (આ ૮ના જય કરનાર હોય છે). ૨૩ મહાવ્રતાદિમાં પ્રધાન શ્રેષ્ઠ હોવાથી વયપ્પહાણે', ૨૪. ક્ષાન્તિ આદિ ગુણોમાં પ્રધાન હોવાથી 'ગુણપ્પહાણે', ૨૫. યથોચિત ક્રિયા યથાસમય (કાળે) કરે તે ક્રિયાના ૭૦ ગુણમાં પ્રધાન હોવાથી 'કરણપ્પહાણે', ૨૬. નિત્ય પાલન કરે તે ચારિત્રના ૭૦ ગુણમાં પ્રધાન હોવાથી 'ચરણપ્પહાણે', ૨૭ અનાચરણના નિષેધમાં પ્રધાન અર્થાત્ અસ્ખલિત આજ્ઞાના પ્રવર્તક હોવાથી 'નિગ્ગહપ્પહાણે', ૨૮ ઇંદ્ર કે રાજાદિથી પણ ક્ષોભ ન પામે. દ્રવ્ય, નય, પ્રમાણાદિના સૂક્ષ્મ જ્ઞાનનો નિશ્ચય કરવામાં પ્રવીણ હોવાથી 'નિશ્ચયપ્રધાન', ૨૯. રોહિણી, પ્રજ્ઞપ્તિ પ્રમુખ વિદ્યાના ધારક હોવાથી "વિદ્યા પ્રધાન", ૩૦. વિષઅપહાર, વ્યાધિનિવાર, વ્યંતરોપસર્ગનાશક આદિ મંત્રના જ્ઞાતા હોવાથી 'મંત્ર

પ્રધાન.' ×૩૧. ઋગ્વેદાદિ ચારે વેદના જ્ઞાતા હોવાથી 'વેદપ્રધાન', ૩૨. બ્રહ્મચર્યમાં સ્થિત હોવાથી તથા આત્મસ્વરૂપના યથાતથ્ય જ્ઞાતા હોવાથી (जे एगं जाणइ ते सव्वं जाणइ) અને પરમાત્મ સ્વરૂપના અનુભવી હોવાથી 'બ્રહ્મપ્રધાન', ૩૩. નિગમાદિક સાતે નય સ્થાપવામાં પ્રધાન હોવાથી 'નયપ્રધાન,' ૩૪. અભિગ્રહાદિ નિયમના ધારક તથા પ્રાયશ્ચિત્ત-વિદ્યાના જ્ઞાતા હોવાથી 'નિયમપ્રધાન' ૩૫. સત્ય અને અચલ વચન બોલતા હોવાથી 'સત્યપ્રધાન' અને, ૩૬. દ્રવ્યથી લોકો નિંદા કરે તેવાં મલિન વસ્ત્રાદિ ધારણ કરે નહિ અને ભાવથી પાપરૂપ મેલ ન રાખે તે ''શૌચપ્રધાન' (એ ૧૪ ગુણોમાં પ્રધાન હોય છે).

આ ૩૬ ગુણયુક્ત જે સાધુ હોય છે તેમને આચાર્યપદ પર સ્થાપે છે અને તેમને ચતુર્વિધ સંઘના નાયક બનાવે છે.

આચાર્યની ૮ સમ્પદા

ગૃહસ્થ જેમ ધન કુટુંબાદિની સમ્પદાથી શોભે છે તેવી રીતે આચાર્યજી ૮ સમ્પદાથી તથા પ્રત્યેક સમ્પદાના ચાર ચાર પ્રકાર એમ ૩૨ તથા ૪ વિનયના ગુણ મળી કુલ ૩૬ ગુણે કરી શોભાયમાન હોય છે.

૧. જ્ઞાનાદિ પાંચ આચાર આચરણીય છે તેનું આચરણ કરે તે 'આચારસમ્પદા'. જેના ૪ પ્રકાર–૧. મહાવ્રત, સમિતિ, ગુપ્તિરૂપ એ ૧૩ ચારિત્રના ગુણમાં ધ્રુવ, નિશ્ચલ–અડોલવૃત્તિ નિરંતર રાખે તે 'ચરણગુણ-ધ્રુવજોગ જુત્તે' ૨. જાત્યાદિ ૮ મદનું મર્દન કરી સદૈવ નિરભિમાની રહે તે ''મદ્દવ ગુણસંપન્ન', ૩. શીત, ઉષ્ણ કાળમાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિથી અધિક, વિના કારણ ન રહે અને ચાતુર્માસના ચાર માસ એક સ્થાનમાં રહે, એમ નવકલ્પી × વિહાર કરતા રહે તે

---

૦ આચાર્યજી વિદ્યામંત્રના જ્ઞાતા હોય પણ ઉપયોગ ન કરે.

× રવિવારથી રવિવાર સુધી રહે તે એક રાત્રિ અને ૫ રવિવાર પર્યંત રહે તે પાંચરાત્રિ. એક માસમાં ૫ રવિવાર આવે છે. જ્યાં એક દિનનો આહાર મળે ત્યાં એક રાત્રિથી અધિક ન રહે અને મોટું શહેર હોય ત્યાં પાંચ રાત્રિ (એક મહિનાથી) અધિક ન રહે.

અનિયત વૃત્તિ + અને, ૪. મનોહર દિવ્ય રૂપ સમ્પદાના ધારક હોવા છતાં પણ નિર્વિકારી સૌમ્ય મુદ્રાવાળા રહે તે 'અચંચલગુણ.'

૨. શાસ્ત્રના અર્થ પરમાર્થના જ્ઞાતા હોય તે બીજી 'સૂત્રસમ્પદા.' તેના ૪ પ્રકાર ૧. જે કાળમાં જેટલાં શાસ્ત્ર હોય તે સર્વના જ્ઞાતા હોવાથી સર્વ વિદ્વાનોમાં શ્રેષ્ઠ હોય તે 'યુગપ્રધાન,' ૨. શાસ્ત્રીય જ્ઞાનની પરિઅટ્ટણા (પરિવર્તના) કરતા રહી નિશ્ચલ જ્ઞાની બનવાથી 'આગમ પરિચિત', ૩. કદાપિ કિંચિત્માત્ર દોષ ન લગાડે તે ઉત્સર્ગ-માર્ગ અને અનિવાર્ય કારણે પશ્ચાત્તાપયુક્ત કિંચિત્ દોષ લાગે તો પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થઈ જાય તે 'અપવાદમાર્ગ'. તે બન્ને માર્ગના વિધિના યથાતથ્ય જ્ઞાતા હોય તે 'ઉત્સર્ગ અપવાદ કુશલા' અને, ૪ સ્વસમય (જૈનદર્શન) તથા પરસમય (અન્યદર્શન)ના શાસ્ત્રના જ્ઞાતા હોવાથી સ્વસમય-પરસમય દક્ષ ગુણ.

૩. સુંદરાકૃતિ-તેજસ્વી શરીરના ધારક હોય તે ત્રીજી 'શરીર સમ્પદા'. તેના ૪ પ્રકાર—૧. પોતાના માપથી પોતાનું શરીર એક ધનુષ્ય લાંબું હોય તે 'પ્રમાણોપેત.' ૨ લંગડો, લૂલો, કાણો ૧૯ કે ૨૧ આંગળીવાળો ઇત્યાદિ અપંગ દોષરહિત હોય તે 'અકુટ્ઠ,' ૩ બધિર, અંધત્વાદિ દોષરહિત હોય તે પૂર્ણેંદ્રિય અને, ૪ તપ વિહારાદિ સંયમના તેમ જ ઉપકારના કાર્યમાં થાકે નહીં એવા દૃઢ સંઘયણના ધારક હોય તે 'દૃઢ સંઘયણી' ગુણ.

૪. વાક્ચાતુર્યયુક્ત હોય તે ચોથી વચન સમ્પદા. તેના ૪ પ્રકાર ૧. કોઈ પણ ખંડન ન કરી શકે તેવા સદૈવ ઉત્તમ વચનના બોલનાર, કોઈને તુંકારે ન બોલાવે, એમનાં વચન સાંભળી પરપ્રવાદી પણ સાનંદાશ્ચર્ય પામે તે 'પ્રશસ્તવચની,' ૨. કોમળ, મધુર, ગાંભીર્ય-યુક્ત સુસ્વરથી બોલે તે 'મધુરતા,' ૩. રાગદ્વેષ, પક્ષપાત તથા કલુષિત-પણા રહિત બોલે તે 'અનાશ્રિત' અને, ૪. ગણગણાટ આદિ દોષરહિત, સ્પષ્ટ, બાળક પણ સમજી શકે તેવાં વચન બોલે તે 'સ્ફુટતા' ગુણ.

+ જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ અર્થે, વૃદ્ધાવસ્થા કે રોગાદિ કારણે અધિક રહેવું પડે તો તે વાત અલગ છે.

૫. શાસ્ત્ર અને ગ્રંથ વાંચવાની કુશળતા તે પાંચમી 'વાચના-સમ્પદા.' તેના ૪ પ્રકાર—૧. શિષ્યની યોગ્યતાનો જાણ, યોગ્ય શિષ્યને તે ગ્રહણ કરી શકે તેટલું જ જ્ઞાન આપે. દુગ્ધપાન સાપને વિષપણે પરિણમે છે તેવી રીતે કુશિષ્યને આપેલું જ્ઞાન દુર્ગુણવર્ધક નીવડે છે. તેથી તેવાને જ્ઞાન ન દે તે. ૨. સમજાય નહીં, રુચે નહીં, તેવું જ્ઞાન સમ્યક્ પ્રકારે પરિણમતું નથી અને દીર્ઘ કાળ ટકતું નથી એમ જાણી શિષ્યને રુચે અને તે પચાવી શકે તેટલું જ્ઞાન આપે તે 'પ્રણિત.' ૩. જે શિષ્ય વિશેષ બુદ્ધિમાન હોય, સમ્પ્રદાયનો નિર્વાહ કરવા તથા ધર્મ દીપાવવા સમર્થ હોય તેને અન્યાન્ય કાર્યોમાં થોડો રોકી, આહાર-વસ્ત્રાદિની શાતા ઉપજાવી તથા પ્રોત્સાહન આપી શીઘ્રતાથી સૂત્ર પૂર્ણ કરાવે તે 'નિરયાપયિતા' અને, ૪. જેમ પાણીમાં તેલનું બિન્દુ ફેલાઇ જાય તેમ અન્યને જ્ઞાન પરિણમે તે પ્રમાણે શબ્દ થોડા અને અર્થ ઘણો એવા સરલ શબ્દોમાં વાચના આપે તે 'નિર્વાહણા' ગુણ.

૬. બુદ્ધિ પ્રબળ હોય તે છઠ્ઠી 'મતિસમ્પદા'—તેના ૪ પ્રકારઃ ૧. શતાવધાનીની પેઠે દેખી, સાંભળી, ચાખી, સૂંઘેલી કે સ્પર્શેલી વસ્તુના ગુણને એક જ કાળમાં ગ્રહણ કરે તે 'અવગ્રહ', ૨. ઉક્ત પાંચેનો તત્કાળ નિર્ણય કરે તે 'ઈહા.' ૩. ઉક્ત પ્રકારે વિચારણા કરી તત્કાળ નિશ્ચયાત્મક બને તે 'અપાય.' અને, ૪. નિર્ણિત વસ્તુનું દીર્ઘકાળપર્યંત વિસ્મરણ ન થાય, સમય પર શીઘ્ર સ્મૃતિગોચર થાય, અચૂક હાજરજવાબી હોય તે 'ધારણા' ગુણ.

૭. પરપ્રવાદીઓનો પરાજય કરવાની કુશળતા તે સાતમી 'પ્રયોગસમ્પદા.' તેના ૪ પ્રકાર—૧. આની સાથે સંવાદમાં, પ્રશ્નોત્તરમાં હું જીતીશ કે નહીં એ પ્રમાણે પ્રતિવાદીની અને પોતાની શક્તિનો વિચાર કરી વાદ કરે તે 'શક્તિજ્ઞાન.' ૨. વાદી કયા મતનો અનુયાયી છે તે જાણી લઈ તેના જ મતનાં શાસ્ત્રોથી સમજાવે તે 'પુરુષજ્ઞાન.' ૩. આ ક્ષેત્રના લોકો ઉદ્ધતાઈથી અપમાન કરે, પ્રથમ મીઠું મીઠું બોલે અને પછી બદલાઈ જાય—પ્રતિવાદીને મળી જાય એવા કપટી તો નથી ને? મિથ્યાત્વીના આડંબરથી ચલિત થઈ જાય એવા

અસ્થિર તો નથી ને ? ઈત્યાદિ ક્ષેત્રનો વિચાર કરી વાદ કરે તે 'ક્ષેત્રજ્ઞાન.' અને, ૪. કદાચ વિવાદ પ્રસંગમાં રાજાદિકનું આગમન થઈ જાય તો તે રાજાદિક ન્યાયી છે કે અન્યાયી, સરળ છે કે કપટી, નમ્ર છે કે અભિમાની ઈત્યાદિનો જાણ હોય. કેમકે આગળ જતાં કોઈ રીતે અપમાન તો નહિ કરે ! વગેરે વિચાર કરી વાદ કરે તે 'વસ્તુજ્ઞાન.'

૮. સાધુઓને ઉપયોગી વસ્તુનો પહેલેથી જ સંગ્રહ કરી રાખે તે 'સંગ્રહસંપદા.' તેના ૪ પ્રકાર–૧. બાળક, દુર્બળ, ગીતાર્થ, તપસ્વી, રોગી, નવદીક્ષિત એવા સાધુઓનો નિર્વાહ થઈ શકે તેવાં ક્ષેત્રો ધ્યાનમાં રાખે તે 'ગણુયોગ', ૨. પોતાના કે બહારના સાધુઓને સમય પર કામમાં આવે એવાં સ્થાન, પાટ, પાટલા, પરાળ, વગેરેનો સંગ્રહ રાખે તે 'સંસક્ત', ૩. જે જે કાળમાં જે જે ક્રિયાઓ કરવાની હોય તે તે કાળમાં તે ક્રિયાનાં ઉપયોગી સાધનોનો સંગ્રહ રાખે તે 'ક્રિયાવિધિ' અને, ૪. વ્યાખ્યાનદાતા, વાદી, વિજયી, વૈયાવચ્ચી, ઈત્યાદિ શિષ્યોનો સંગ્રહ રાખે તે 'શિષ્યોપસંગ્રહ' ગુણ.

ચાર વિનય

૧. સાધુને આચરવા યોગ્ય ગુણોનું આચરણ કરે તે આચારવિનય. તેના ૪ પ્રકાર–૧. પોતે સંયમ પાળે, બીજાને પળાવે, સંયમથી ડગમગતાને સ્થિર કરે તે 'સંયમ સમાચારી.' ૨. અષ્ટમી અને પાખી આદિ પર્વનાં તપ પોતે કરે તેમ જ બીજા પાસે કરાવે તે–'તપ સમાચારી.' ૩. તપસ્વી, જ્ઞાની, નવદીક્ષિત વગેરેનું પ્રતિલેખનાદિ કાર્ય સ્વયં કરે, બીજા પાસે કરાવે, તે 'ગણસમાચારી' અને, ૪. અવસર ઉચિત પોતે એકલો વિહાર કરે, અન્યને યોગ્ય જાણી એકલો વિહાર કરાવે તે 'એકાકી વિહાર સમાચારી.'

૨. સૂત્રાદિનો વિનય કરે તે 'શ્રુત વિનય.' તેના ૪ પ્રકાર– ૧. પોતે ભણે, બીજાને ભણાવે ૨. અર્થ યથાતથ્ય ધરાવે, ૩. જે શિષ્ય જે જ્ઞાનનો અધિકારી હોય તેને તે જ્ઞાન આપે અને, ૪. આરંભેલ સૂત્ર પૂર્ણ કરાવી બીજું ભણાવે.

૩. અંતઃકરણમાં ધર્મની સ્થાપના કરે તે '**નિક્ષેપ વિનય.**' તેના ૪ પ્રકાર : ૧. મિથ્યાત્વીને સમકિતી બનાવે, ૨. સમકિતીને ચારિત્રી બનાવે, ૩. સમકિત ચારિત્રથી ભ્રષ્ટ થતાને સ્થિર કરે અને, ૪. નવા સમકિતી, નવા ચારિત્રી બનાવી ધર્મની વૃદ્ધિ કરે.

૪ કષાયાદિ દોષોનો પરિઘાત (નાશ) કરે તે 'દોષ પરિઘાત વિનય.' તેના ૪ પ્રકાર– ૧. ક્રોધીને ક્રોધના અવગુણ અને ક્ષમાના ગુણ બતાવી ક્ષમાવંત બનાવે તે 'ક્રોધ પરિઘાત.' ૨. વિષયથી ઉન્મત્ત બનેલાને વિષયના અવગુણ તથા શીલના ગુણ બતાવી નિર્વિકારી બનાવે તે 'વિષય પરિઘાત', ૩. રસલોલુપી હોય તેને લુબ્ધતાના અવગુણ અને તપના ગુણ બતાવી તપસ્વી બનાવે તે 'અન્નપરિઘાત' અને, ૪. દુર્ગુણથી દુઃખ અને સદ્‌ગુણથી સુખની પ્રાપ્તિ બતાવી નિર્દોષી બનાવે તે 'આત્મદોષ પરિઘાત.'

આ ૮ સંપદાના ૩૨ અને ૪ વિનય એમ આચાર્યજીના ૩૬ ગુણનું વર્ણન થયું. આવા જ્ઞાનપ્રધાન, દર્શનપ્રધાન, ચારિત્રપ્રધાન, તપપ્રધાન, શૂર, વીર, ધીર, સાહસિક, શાન્ત, દાન્ત, ચારે તીર્થના વાલેશ્વર, જિનેશ્વરની ગાદીના અધિકારી, જૈનશાસનના નિર્વાહક, પ્રવર્તક આદિ આદિ અનેક ગુણગણાલંકૃત આચાર્ય ભગવન્તને મારા ત્રિવિધે ત્રિવિધે વિશુદ્ધ ભાવે વારંવાર નમસ્કાર હો.

શાસ્ત્રોદ્ધારક બાલ બ્રહ્મચારી ઋષિ સંપ્રદાયઆચાર્ય સ્વ. મુનિશ્રી અમોલખઋષિજી મહારાજ દ્વારા વિરચિત 'જૈન તત્ત્વપ્રકાશ'નું 'આચાર્યસ્તવ' નામક ત્રીજું પ્રકરણ સમાપ્ત.

પ્રકરણ ૪ થું

ઉપાધ્યાય

જેઓ ગુરુ વગેરે ગીતાર્થ મહાત્માઓની પાસે હંમેશાં રહી, વિનયભક્તિ કરી, વિચક્ષણતાપૂર્વક તેઓને પ્રસન્ન રાખી તેમની આજ્ઞાનુસાર શુભયોગ તથા ઉપધાન (તપશ્ચર્યા) આદરીને મધુર વચનોથી સંપૂર્ણ શાસ્ત્રોનો અભ્યાસ કરી પારંગત થયા છે, જેઓ ઘણા સાધુ તથા ગૃહસ્થોની પાત્ર અપાત્રની પરીક્ષા કરીને યથાયોગ્ય જ્ઞાનનો અભ્યાસ કરાવે છે, તેવા સાધુઓને ઉપાધ્યાય કહે છેઃ

જ્ઞાન ગ્રહણ કરવાને અયોગ્ય માણસ માટે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૧ મા અધ્યયનમાં કહ્યું છેઃ

अह पंचहिं ठाणेहिं, जेहिं सिक्खा न लब्भइ ।
थंभा कोहा पमाएणं, रोगेणालस्सएण य ॥ ३ ॥

આ પ્રમાણે જે પાંચ કારણોથી હિતશિક્ષા મેળવાતી નથી તે પાંચ કારણોઃ ૧. અહંકાર, ૨. ક્રોધ ૩. પ્રમાદ ૪. રોગ અને, ૫. આળસ.

જ્ઞાન ગ્રહણ કરવાને યોગ્ય–૧. થોડું હસનાર, ૨. હમેશાં આત્માને દમનાર, ૩. નિરભિમાની, ૪. પરમાર્થને શોધનાર, ૫. પોતાના ચારિત્રને થોડે યા ઘણે અંશે કલંક ન લગાડનાર, ૬. રસનેંદ્રિયના અલોલુપી, ૭. ક્ષમાવંત, ૮. સત્યવાદીઃ એ આઠ ગુણવાળા મનુષ્યો હિતની વાતો ગ્રહણ કરી શકે છે.

અવિનીતનાં ૧૪ લક્ષણો–૧. વારંવાર ક્રોધ કરે અથવા દીર્ઘકષાયી, ૨. નિરર્થક કથા વાર્તા કરે, ૩. સન્મિત્રનો દ્વેષ કરે, ૪.

નિજ મિત્રની ગુપ્ત વાત પ્રગટ કરે, ૫. જ્ઞાનનો ગર્વ કરે, ૬. પોતાનો વાંક પારકા ઉપર ઓઢાડે, ૭. નિજ મિત્ર પર ગુસ્સો કરે, ૮. સંબંધરહિત (મેળ વગરનું) ભાષણ કરે, ૯. દ્રોહી, ૧૦. અહંકારી, ૧૧. અજિતેંદ્રિય, ૧૨. અસંવિભાગી (મળેલી વસ્તુ સમભાવે વહેંચી ન આપે તે), ૧૩. અપ્રતીતકારી, ૧૪. અજ્ઞાની : એ પ્રમાણે ૧૪ અવગુણવાળાને અવિનીત કહે છે. એવાને જ્ઞાન યથાતથ્ય પરિણમતું નથી. ઊલટું, નુકસાનકારક નીવડે છે.

વિનીતોનાં ૧૫ લક્ષણો–૧. ગતિમાં શાંત, નિવાસસ્થાને શાંત, વાણીમાં શાંત અને ભાષામાં શાંત એમ ચાર પ્રકારે સ્થિર કે શાન્તસ્વભાવી, ૨. સરળ ચિત્તવાળો, ૩. કુતુહલરહિત, ૪. કોઈનું અપમાન કે તિરસ્કાર ન કરનાર. ૫. વિશેષ વખત ક્રોધ ન રાખનાર, ૬. મિત્રોથી હળીમળી રહેનાર, ૭. જ્ઞાનના ગર્વ રહિત, ૮. પોતાના દોષ પ્રગટ કરનાર પણ બીજા ઉપર આળ નહિ ચડાવનાર, ૯. સ્વધર્મી ઉપર ક્રોધ ન કરનાર, ૧૦ દુશ્મનના ગુણને પણ વખાણનાર, ૧૧ કોઈની છાની વાત પ્રગટ ન કરનાર, ૧૨. વિશેષ આડંબર ન કરનાર, ૧૩. તત્ત્વને જાણનાર, ૧૪. જાતિવંત, ૧૫. લજ્જાવંત તથા જિતેંદ્રિય : એ ૧૫ ગુણો ધારણ કરનાર વિનીત કહેવાય. એવા વિનીત ઘણી સરળતાથી જ્ઞાન ગ્રહણ કરી શકે છે અને ભવિષ્યમાં સ્વપરહિત સાધી શકે છે.

ઉપાધ્યાયજીના ૨૫ ગુણો.

गाथा : बारसग विउ बुद्धा, करण चरण जुओ ।
पभावणा, जोग निग्गो, उवज्झाय गुणं वंदा ॥

અર્થ–૧૨ અંગના પાઠક, ૧૩–૧૪ કરણસિત્તરી, ચરણસિત્તરી તેના ગુણયુક્ત, ૧૫–૨૨ આઠ પ્રભાવનાથી જૈન ધર્મને દીપાવે, ૨૩–૨૫ મન, વચન કાયાના યોગને કાબૂમાં રાખે તેવા ગુણયુકત ઉપાધ્યાયને વંદન કરૂં છું.

દ્વાદશાંગસૂત્ર–જેમ અંગ (શરીર)ના આધારે જીવ જગતમાં રહે છે, તેવી જ રીતે જ્ઞાનના આધારથી ધર્મ આ વિશ્વમાં રહે છે.

આવા મુખ્ય જ્ઞાનમય જે ગ્રંથો છે તેને અંગ સૂત્ર કહે છે. તે બાર છે.

૧. આચારાંગસૂત્ર–તેના બે શ્રુતસ્કંધ છે. તેમાં પ્રથમ શ્રુતસ્કંધના ૯ અધ્યયન છે.

(૧) 'શસ્ત્રપરિજ્ઞા અધ્યયન'–તેના સાત ઉદ્દેશા છે. જેમાં અનુક્રમે દિશાઓનું, પૃથ્વીકાયનું, અપકાયનું, અગ્નિકાયનું, વનસ્પતિકાયનું, ત્રસકાયનું અને વાયુકાયનું કથન છે.

(૨) 'લોકવિજય અધ્યયન'–તેના છ ઉદ્દેશા છે. જેમાં અનુક્રમે વિષય ત્યાગનું, મદ ત્યાગનું, સ્વજનથી મમત્વ ત્યાગનું, દ્રવ્યથી મમત્વ-ત્યાગનું અને હિતશિક્ષણનું કથન છે.

(૩) 'શીતોષ્ણીય અધ્યયન'–તેના ૪ ઉદ્દેશા છે. જેમાં ક્રમશઃ સુપ્ત તથા જાગૃતનું, તત્ત્વજ્ઞ અતત્ત્વજ્ઞનું, પ્રમાદ ત્યાગનું અને 'જે એક જાણે તે સર્વ જાણે'નું કથન છે.

(૪) 'સમ્યક્ત્વ અધ્યયન'–તેના ૪ ઉદ્દેશા છે, જેમાં અનુક્રમે ધર્મનું મૂળ દયા, સજ્ઞાન અજ્ઞાન, સુખ પ્રાપ્તિનો ઉપાય અને સુસાધુનાં લક્ષણનું કથન છે.

(૬) 'આવંતી કેયાવંતી' (બીજું નામ 'લોકસાર') અધ્યયન. તેના છ ઉદ્દેશા છે, જેમાં ક્રમશઃ વિષયાક્ત સાધુ નહીં, સાવદ્યાનુષ્ઠાનના ત્યાગી તે સાધુ, કંચન કામિનીના ત્યાગી તે સાધુ, અપરિપક્વ સાધુ એકલા ન વિચરે, જ્ઞાની અજ્ઞાનીમાં શો ફરક અને પ્રમાદી અપ્રમાદીમાં શો ફરક તેનું વર્ણન છે.

(૬) ધૂતાખ્ય અધ્યયન'–તેના પાંચ ઉદ્દેશા છે. જેમાં કામાસક્તના દુઃખનું, રક્ત વિરક્તના દુઃખ સુખનું, જ્ઞાની સાધુની દશાનું, ગૌરવ(ત્રણ ગારવ) ત્યાગનું અને ઉત્તમ સાધુનાં લક્ષણનું કથન છે.

(૭) 'મહા પરિજ્ઞા' (આ અધ્યયન વિચ્છેદ ગયું છે.)

(૮) 'વિમોક્ષ'–તેના આઠ ઉદ્દેશા છે. તેમાં મતાન્તર અને સાધુ, અકલ્પનિકનો પરિત્યાગ, શંકાનું નિવારણ, વસ્ત્રત્યાગનું અને ભક્ત પ્રત્યાખ્યાન મરણ, ઈંગિત મરણ અને પાદોપગમન મરણ, આ ત્રણે પંડિત મરણનો વિધિ છે.

(૯) 'ઉપધાન શ્રુત'–તેના ચાર ઉદ્દેશા છે, જેમાં અનુક્રમે મહાવીર સ્વામી વસ્ત્ર સહિતનું, મહાવીર સ્વામીના સ્થાનનું, મહાવીર સ્વામીના પરિષહોનું. મહાવીર સ્વામીના આચાર અને તપનું વર્ણન છે.

બીજા શ્રુતસ્કંધનાં ૧૬ અધ્યયનો છે. તેમાં અનુક્રમે (૧) પિંડેષણા'–તેમાં આહાર લેવાનો વિધિ (૨) 'શય્યા' સ્થાનકનો વિધિ (૩) 'ઈર્યાખ્યા'–ઈર્યા સમિતિ, (૪) 'ભાષાસમિતિ'નું (૫) 'વસ્ત્રૈષણા' વસ્ત્ર લેવાની વિધિનું, (૬) પાત્રૈષણા'–પાત્ર ગ્રહણ કરવાનો વિધિ (૭) 'અવગ્રહ'–આજ્ઞા લેવાનો વિધિ, (૮) 'ચેષ્ટિકા' ઉભા રહેવાનો વિધિ (૯) 'નિસીહિયે'-બેસવાનો વિધિ (૧૦) 'ઉચ્ચાર પાસવણ'-લઘુનીતિ વડીનીતિ પરઠવવાનો વિધિ (૧૧) 'શબ્દ'–શબ્દ સાંભળવાનો વિધિ, (૧૨) 'રૂપાખ્યા'–રૂપ જોવાનો વિધિ, (૧૩) 'પ્રક્રિયા'–ગૃહસ્થ પાસે કામ કરવવાનો વિધિ, (૧૪) 'અન્યોન્યક્રિયાખ્યા'–પરસ્પર ક્રિયા કરવાનો વિધિ, (૧૫) 'ભાવનાખ્યા'–મહાવીર સ્વામીના ચરિત્રનું તથા પાંચ મહાવ્રતની ૨૫ ભાવનાનું કથન અને, (૧૬) 'વિમુક્ત' અધ્યયન, તેમાં સાધુની ઉપમાનું વર્ણન છે.

આચારાંગ સૂત્રનાં અગાઉ ૧૮૦૦૦ પદ* હતાં. હવે મૂળમાં ફક્ત ૨૫૦૦ શ્લોક છે.

૨. સૂયગડાંગ સૂત્ર—તેના પણ બે શ્રુત સ્કંધ છે—પ્રથમ શ્રુતસ્કંધના ૧૬ અધ્યયન છે.

* ૩૨ અક્ષરનો એક શ્લોક એવા ૧૫,૦૮,૮૬,૮૪૦ શ્લોકનું એક પદ ગણાતું હતું. આ કથન દિગમ્બર આમ્નાયના ભગવતી આરાધના શાસ્ત્રમાં છે.

(૧) 'સ્વસમય પરસમય' અધ્યયન—તેમાં ભૂતવાદી, સર્વગતવાદી તજ્જીવ તચ્છરીરવાદી, અક્રિયાવાદી, આત્મવાદી, અફલવાદી, નિયતવાદી, અજ્ઞાનવાદી, ક્રિયાવાદી, ઈશ્વરવાદી, દેવવાદી, ઈંડામાંથી લોક પેદા થયો વગેરે મત મતાન્તરોનું સ્વરૂપ દર્શાવ્યું છે, તથા કેટલુંક સાધુના આચારનું કથન છે.

(૨) 'વૈતાલય' અધ્યયન—તેમાં શ્રી ઋષભદેવજીના ૯૮ પુત્રોને ઉપદેશ છે. તથા વિષય-ત્યાગવાની યુક્તિ અને ધર્મનું માહાત્મ્ય બતાવ્યું છે.

(૩) 'ઉપસર્ગ પરિજ્ઞાખ્યા' અધ્યયન—તેમાં શ્રીકૃષ્ણ અને શિશુપાલના દષ્ટાંતથી વીરત્વ કાયરત્વનું વર્ણન કર્યું છે તથા સ્વજનોના પરિષહનો અધિકાર છે.

(૪) 'સ્ત્રી પરિજ્ઞા' અધ્યયન—આમાં સ્ત્રી ચરિત્રનું—સ્ત્રીના સંગથી દુઃખ પ્રાપ્તિનું કથન છે.

(૫) 'નરક વિભક્તિ' અધ્યયન—આમાં નરકનાં દુઃખનું વર્ણન છે.

(૬) 'વીરસ્તુતિ' અધ્યયન—આમાં મહાવીર પ્રભુની સ્તુતિ અનેક ઉપમાઓ સહિત કરેલી છે.

(૭) 'કુશીલ પરિભાષા' અધ્યયન—આમાં પરમતના કુશીલ અને સ્વમતના સુશીલનું કથન છે તથા હિંસાનું ખંડન કર્યું છે.

(૮) 'વીર્યાખ્યા' અધ્યયન—આમાં બાલવીર્ય અને પંડિતવીર્યનું સ્વરૂપ છે.

(૯) 'ધર્મ' અધ્યયન—આમાં દયાધર્મનું તથા સાધુના આચારનું વર્ણન છે.

(૧૦) 'સમાધિ' અધ્યયન-આમાં ધર્મનું સ્થાન જે સમાધિભાવ છે તેનું સ્વરૂપ દર્શાવ્યું છે.

(૧૧) 'મોક્ષમાર્ગ' અધ્યયન–આમાં સાધુના આચારના મિશ્ર પ્રશ્નોત્તર છે.

(૧૨) 'સમવસરણ' અધ્યયન–આમાં ક્રિયાવાદી વગેરે ચારે વાદીઓના મતનું ખંડન કર્યું છે.

(૧૩) 'યથાતથ્ય' અધ્યયન–આમાં સ્વચ્છંદાચારી તથા અવિનીતનાં લક્ષણ તથા શુદ્ધાચારી ધર્મોપદેશકનાં લક્ષણ બતાવ્યા છે.

(૧૪) 'ગ્રંથાખ્યા' અધ્યયન–આમાં એકલવિહારી સાધુના દોષ બતાવી હિતશિક્ષા આપી છે.

(૧૫) 'આદાનાખ્યા' અધ્યયન–આમાં શ્રદ્ધા, દયા, વીરત્વ, દઢતા, આદિ મોક્ષનાં સાધનોનું કથન છે.

(૧૬) 'ગાથા' અધ્યયન–તેમાં સાધુનાં ૪ નામોના ગુણ બતાવ્યા છે.

આ સૂત્રના બીજા શ્રુતસ્કંધનાં ૭ અધ્યયન છે.

(૧) 'પૌંડરિક' અધ્યયન–આમાં પુંડરિક કમળનાં દષ્ટાંતથી ચારે વાદીઓનું સ્વરૂપ સમજાવ્યું છે. અને પાંચમા મધ્યસ્થે ઉદ્ધાર કર્યો તે બતાવ્યું છે.

(૨) 'ક્રિયાસ્થાન' અધ્યયન–આમાં ૧૩ ક્રિયાનું કથન છે.

(૩) 'આહાર પ્રજ્ઞા' અધ્યયન–આમાં જીવોને આહાર ગ્રહણ કરવાની રીતનું તથા ઉત્પત્તિનું કથન છે.

(૪) પ્રત્યાખ્યાન' અધ્યયન–આમાં દુષ્પ્રત્યાખ્યાન અને સુપ્રત્યાખ્યાનનું સ્વરૂપ છે. તથા અવિરતિથી દુઃખપ્રાપ્તિનું કથન છે.

(૫) 'અનાચાર' શ્રુતાખ્યા' અધ્યયન–આમાં અનાચારના દોષનું તથા શૂન્યવાદીના મતનું ખંડન કર્યું છે.

(૬) 'આર્દ્રકુમાર' નું અધ્યયન—આમાં આર્દ્રકુમારે પરમત-વાદીઓની સાથે ધર્મચર્ચા કરી તે અધિકાર છે.

(૭) 'ઉદકપેઢાલ પુત્ર' નું અધ્યયન--આમાં ઉદકપેઢાલ પુત્રે શ્રી ગૌતમસ્વામી સાથે ચર્ચા કરી તે અધિકાર છે.

આ સૂયગડાંગ સૂત્રનાં પહેલાં તો ૩૬૦૦૦ પદો હતાં. હાલ ૨૧૦૦ શ્લોક મૂળના છે.

૩. ઠાણાંગ સૂત્ર—તેનો એક શ્રુતસ્કંધ છે અને ૧૦ ઠાણાં (અધ્યયનો) છે. પહેલા ઠાણામાં એક એક બોલ, બીજા ઠાણામાં બે-બે બોલ, ત્રીજામાં ત્રણ ત્રણ બોલ એમ અનુક્રમે દસમા ઠાણામાં દસ દસ બોલ. આ સંસારમાં કોણ કોણ છે તેનો અધિકાર છે. દ્વિભંગી, ત્રિભંગી ચોભંગી, સપ્તભંગી ઉપરાંત સૂક્ષ્મ બાદર અનેક બાબતોનું જ્ઞાન છે. તથા સાધુ શ્રાવકના આચાર વિચારનું કથન છે. આ ઠાણાની ગણતરી કરતાં વિદ્વાન લોકો જ્યારે ચોભંગી ગોઠવે છે ત્યારે જ્ઞાનરસની અદ્ભૂત જમાવટ અને આનંદની રેલમછેલ થાય છે. શ્રી ઠાણાંગ સૂત્રમાં પહેલાં તો ૪૨૦૦૦ પદ હતાં, હાલ ૩૭૭૦ શ્લોક મૂળ છે.

૪. સમવાયાંગ સૂત્ર—તેનો પણ એક જ શ્રુતસ્કંધ છે. અધ્યયન નથી. આમાં એક, બે યાવત્ સો, હજાર, લાખ અને ક્રોડાક્રોડ બોલ સંસારમાં કયાં કયાં લાભે છે તેનું સંક્ષિપ્ત કથન છે અને દ્વાદશાંગોની સંક્ષિપ્ત હૂંડી પણ આમાં છે. તથા જ્યોતિષચક્ર, દંડક, શરીર, અવધિજ્ઞાન, વેદના, આહાર, આયુર્બંધ, વિરાધક, સંઘયણ, સંસ્થાન, ત્રણે કાળના કુલકર, વર્તમાન ચોવીસીનું લેખું, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવનાં નામ, તેના માતાપિતાનાં પૂર્વ ભવનાં નામ, તીર્થંકરનાં પૂર્વ ભવનાં નામ, ઇરવત ક્ષેત્રની ચોવીસી, વગેરેનાં નામ છે. આ શાસ્ત્ર અનેકવિધ ગહન જ્ઞાનનો ખજાનો છે.

આ સૂત્રનાં પહેલાં ૧૬૪૦૦૦ પદ હતાં, હવે તો મૂળનાં ૧૬૬૭ શ્લોક છે.

૫. વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર)–આમાં એક જ શ્રુતસ્કંધ અને ૪૧ શતકના ૧૦૦૦ ઉદ્દેશા છે. શ્રી ગૌતમ સ્વામીએ મહાવીર પ્રભુને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોત્તર છે. બીજા પણ અનેક પ્રશ્નોત્તર છે.

૧. પ્રથમ શતકના પહેલા ઉદ્દેશામાં–નવકાર, બ્રાહ્મી લિપિ, નમોત્થુણં, ગૌતમસ્વામીના ગુણ, ૯ પ્રશ્નોત્તર, આહારના ૬૩ ભાંગા, ભવનપતિ, સ્થાવર, વિકલેન્દ્રિય, આત્મારંભી, સંવુડ, અસંવુડ, અવિરતિ અને વ્યંતર દેવોના સુખનું કથન છે. બીજા ઉદ્દેશામાં–નરકની લેશ્યાનો સંચિઠ્ઠન કાળ, બાર પ્રકારના જીવ દેવલોકમાં જાય તથા અસંજ્ઞીના આયુષ્યનું કથન છે, ત્રીજા ઉદ્દેશામાં–કાંક્ષામોહનીયકર્મ અને આરાધકનાં લક્ષણ બતાવ્યાં છે. ચોથા ઉદ્દેશામાં–કર્મપ્રકૃતિ, અપક્રમણ, કર્મ–ભોગવ્યા વિના મોક્ષ નહીં, પુદ્‌ગલ, જીવ, છદ્મસ્થ અને કેવળીનું કથન છે. પાંચમા ઉદ્દેશામાં–નરકનું, ભવનપતિનું, પૃથ્વીનું, જ્યોતિષનું, વૈમાનિકનું વર્ણન છે તથા કષાયના ભાંગા અને દંડક છે, છઠ્ઠા ઉદ્દેશામાં –સૂર્ય દૃષ્ટિ વિષય, લોકાલોક, ક્રિયા, રોહા અણગારના પ્રશ્નોત્તર, લોકની સ્થિતિ તથા આધાર, જીવ અને પુદ્‌ગલ સંબંધ અને સૂક્ષ્મ વરસાદનો અધિકાર છે. સાતમા ઉદ્દેશામાં–નારકીની ઉત્પત્તિ, વિગ્રહગતિ, દેવની દુર્ગંચ્છા, ગર્ભોત્પત્તિ, માતાનાં અંગ અને ગર્ભનો જીવ નરક અને સ્વર્ગમાં જાય તેનો અધિકાર છે. આઠમા ઉદ્દેશામાં–એકાંત બાલ પંડિતનું આયુ, મૃગવધકની ક્રિયા, અગ્નિ સળગાવવાની ક્રિયા, જય પરાજયનું કારણ અને સવીર્ય અવીર્યનું કથન છે. નવમા ઉદ્દેશામાં ગુરૂ લઘુના પ્રશ્નોત્તર, સુસાધુનું, એક સમયમાં આયુબંધનું, પ્રાશુક આહારનું અને અસ્થિર પદાર્થનું કથન છે. દશમા ઉદ્દેશામાં–અન્યતીર્થી તથા એક સમયમાં બે ક્રિયાનું કથન છે.

૨. બીજા શતકના પહેલા ઉદ્દેશામાં–શ્વાસોશ્વાસનું, પ્રાશુકભોજી સાધુનું, ખંધક સન્યાસીનું, સાંત અનન્ત જીવનું, સિદ્ધનું, બાલપંડિત મરણનું, ભિક્ષુની પ્રતિમાનું તથા ગુણરત્ન સંવત્સર તપનું વર્ણન છે. બીજા ઉદ્દેશામાં–સમુદ્‌ઘાતનું વર્ણન છે. ત્રીજા ઉદ્દેશામાં ૮

પૃથ્વીનું વર્ણન છે. ચોથા ઉદ્દેશામાં ઇન્દ્રિયોનું કથન છે.પાંચમા ઉદ્દેશામાં ગર્ભસ્થિતિનું, મનુષ્યના બીજનું, એક જીવના પિતાપુત્રનું, મૈથુનમાં હિંસાનું, તુંગીયા નગરીના શ્રાવકોનું અને દ્રહના ગરમ પાણીનું કથન છે. છઠ્ઠા ઉદ્દેશામાં–ઓહારિણી (અવધારિણી) ભાષાનું કથન છે. સાતમા ઉદ્દેશામાં–દેવતાનો અધિકાર છે, આઠમા ઉદ્દેશામાં અસુરેન્દ્રની સભાનું વર્ણન છે. નવમા ઉદ્દેશામાં અઢી દ્વીપનું વર્ણન છે અને દશમા ઉદ્દેશામાં આકાશાસ્તિકાય તથા ઉત્થાનાદિના ગુણ છે.

૩. **ત્રીજા શતકના** પહેલા ઉદ્દેશામાં–ઇન્દ્રોની રિદ્ધિનું, તિષ્યગુપ્ત અણગારનું, કુરુદત્ત અણગારનું, તામલી તાપસનું, સૌધર્મેન્દ્ર–ઇશાનેન્દ્રના ઝગડાનું, તથા સનત્કુમારેન્દ્રના પૂર્વભવનું વર્ણન છે. બીજા ઉદ્દેશામાં અસુરકુમાર, વૈમાનિક દેવની ચોરીનું, અસુરકુમાર સુધર્મ દેવલોકે ગયો તેનું, પૂરણ તાપસનું અને વજ્રની ગતિનું વર્ણન છે, ત્રીજા ઉદ્દેશામાં-મંડિતપુત્ર ગણધરના પ્રશ્નોત્તર, અંતક્રિયાનું અને સમુદ્રની ભરતીનું વર્ણન છે. ચોથા ઉદ્દેશામાં–સાધુના અને દેવના જ્ઞાનના ભાંગા, વાયુકાયના વૈક્રિયનું; વાદળાંનાં વિચિત્ર રૂપ અને પરભવની લેશ્યાનું કથન છે. પાંચમા ઉદ્દેશામાં–સાધુનું વૈક્રિય રૂપ બનાવવાનું વર્ણન છે. છઠ્ઠા ઉદ્દેશામાં વિભંગજ્ઞાનનું. સાતમા ઉદ્દેશામાં–ચાર લોકપાલનું, આઠમા ઉદ્દેશામાં દસ પ્રકારના દેવતાનું, નવમા ઉદ્દેશામાં ઇન્દ્રોની પરિષદનું વર્ણન છે.

૪. **ચોથા શતકમાં** ઇશાનેન્દ્રના ચાર લોકપાલનું, તેમની રાજધાનીનું, નારકીનું અને પરસ્પર લેશ્યાનું વર્ણન છે.

૫. **પાંચમા શતકના** પહેલા ઉદ્દેશામાં–ચારે દિશામાં સૂર્યોદયનું દિન રાત્રિનું પરિમાણ, ઋતુ પરિણમવાનું અને અઢી દ્વીપનું સૂર્યોદયનું કથન છે. બીજા ઉદ્દેશામાં–વાયુકાયનું; ધાન્ય ધાતુ આદિનું અને લવણ સમુદ્રનું પ્રમાણ છે. ત્રીજા ઉદ્દેશામાં–આયુષ્યનું કથન છે. ચોથા ઉદ્દેશામાં–છદ્મસ્થ અને કેવળીનું, હસવાથી તથા નિદ્રાથી કર્મબંધનનું, હરિણગમેષી દેવ અને ગર્ભહરણનું, એવંતાકુમારે પાતરું પાણીમાં તરાવ્યાનું, શુક્ર દેવલોકના દેવોનું, દેવ અસંયતિનું, દેવતાની

અર્ધમાગધી ભાષાનું, ચાર પ્રમાણનું, અનુત્તર વિમાનવાસી દેવના પ્રશ્નોત્તરનું, કેવળી નોઇન્દ્રિય છે અને પૂર્વધારી સાધુની શક્તિનું વર્ણન છે. પાંચમા ઉદ્દેશામાં છદ્મસ્થ સિદ્ધ ન થાય તેનું અને ભરતક્ષેત્રના ૧૫ કુલકરનાં નામ છે. છઠ્ઠા ઉદ્દેશામાં અલ્પાયુ અને દીર્ઘાયુ, શુભ આયુ અને અશુભ આયુ કેવી રીતે બંધાય, ચોરીના માલનું, વસ્તુ લેવા-વેચવાવાળાની ક્રિયાનું, અગ્નિ સળગાવનારનાં કરતાં બુઝાવનારને ઓછું પાપ લાગે તે, ધનુષ્યના બાણની ક્રિયાનું, નારકી જીવો ૪૦૦-૫૦૦ યોજન ઊંચા ઊછળે છે તેનું, સદોષ સ્થાનકનું, આચાર્યાદિકના સન્માનથી મોક્ષપ્રાપ્તિનું અને કલંકનો બદલો કલંકથી મળવાનું કથન છે. સાતમા ઉદ્દેશામાં-પરમાણુ પુદ્ગલનું અને પાંચ હેતુનું કથન છે. આઠમા ઉદ્દેશામાં નારદપુત્ર નિર્ગ્રંથની ચર્ચા, જીવની અવસ્થિતતા, સોવચયા સાવચયાનું કથન છે. નવમા ઉદ્દેશામાં-રાજગૃહીનું, ઉદ્યોત તથા અંધકારનું, મનુષ્ય-લોકમાં જ કાળ હોવાનું, અસંખ્ય લોકનું, અનંત અહોરાત્રિનું કથન છે. દસમા ઉદ્દેશામાં-ચંદ્રમાના નિવાસસ્થાનનું વર્ણન છે.

૬. છઠ્ઠા શતકના પહેલા ઉદ્દેશામાં મહાવેદના મહાનિર્જરાની ચોભંગી તથા કરણવેદના અને નિર્જરાનું, બીજા ઉદ્દેશામાં-આહારનો અધિકાર. ત્રીજા ઉદ્દેશામાં વસ્ત્ર કર્મનું દૃષ્ટાંત અને કર્મનાં ૧૯ દ્વાર. ચોથા ઉદ્દેશામાં જીવ, કાળ, સપ્રદેશી અપ્રદેશીનું તથા ૨૪ દંડકમાં પ્રત્યાખ્યાનનું. પાંચમા ઉદ્દેશામા તમસ્કાયનું, કૃષ્ણરાજીનું તથા લોકાંતિક દેવોનું વર્ણન છે. છઠ્ઠા ઉદ્દેશામાં નરક અને દેવના આવાસનું અને મારણાંતિક સમુદ્-ઘાતનું કથન છે. સાતમા ઉદ્દેશામાં 'ધાન્યની યોનિનું કાળ પ્રમાણ છે તથા પહેલા આરાનું વર્ણન છે. આઠમા ઉદ્દેશામાં નરકનું, છ પ્રકારના આયુબંધનું, લવણ સમુદ્રના પાણીનું કથન તથા દ્વીપ સમુદ્રોનાં નામ છે. નવમા ઉદ્દેશામાં એક કર્મની સાથે અન્ય કર્મ બાંધવાનું, દેવતાના વૈક્રિયનું, શુદ્ધાશુદ્ધ લેશ્યાનું વર્ણન છે, દસમા ઉદ્દેશામાં સુખદુઃખનાં પુદ્ગલનું, જીવ અને ચૈતન્ય એકનું, જીવ અને પ્રાણ અલગનું, ભવ્ય-અભવ્યનું, સુખદુઃખનું, આહારનાં ક્ષેત્રનું અને કેવળી નોઇન્દ્રિયનું કથન છે.

૭. સાતમા શતકના પ્રથમ ઉદ્દેશામાં આહારક અણાહારક, લોકના સંસ્થાનનું, શ્રાવકની સામાયિકનું, પૃથ્વી ખોદતાં ત્રસના ઘાતક નહીં હોવાનું, શુદ્ધ આહારદાતા સહાયક થઇ મોક્ષ પ્રાપ્ત કરવાનું, અકર્મો ગતિ ગમન કરવાનું, સાધુને પાપ, ઇંગાલ, ધુમ્ર, ક્ષેત્રાતિક્રાંત, કાલાતિક્રાંત, માર્ગાતિક્રાંત; શસ્ત્રાતતિ, એષણીય, ગવેષણી, સામુદાણી આહારના અર્થનું વર્ણન છે. બીજા ઉદ્દેશામાં સુપ્રત્યાખ્યાન દુપ્રત્યાખ્યાનનું અને જીવ શાશ્વત અશાશ્વતનું સ્વરૂપ છે. ત્રીજા ઉદ્દેશામાં વનસ્પતિકાય અનંતકાયનું, લેશ્યાનુસાર કર્મસંચયનું, વેદના નિર્જરાનું અને નારકીની સાતા અસાતાનું વર્ણન છે. ચોથા ઉદ્દેશામાં–સંસારી જીવનું, પાંચમા ઉદ્દેશામાં–ખેચરની ત્રણ યોનિનું, છઠ્ઠા ઉદ્દેશામાં–અહીં આયુ બાંધે ત્યાં ભોગવે, અહીં અલ્પવેદના ત્યાં મહાવેદના, આભોગી અણાભોગીનું, ૧૮ પાપથી કર્કશ કર્મબંધનનું, દયાથી શાતા પ્રાપ્ત કરવાનું, દુઃખ દેવાથી દુઃખ પ્રાપ્ત કરવાનું અને છઠ્ઠા આરાનું વર્ણન છે. સાતમા ઉદ્દેશામાં-સંવૃત્ત સાધુની ક્રિયાનું, કામભોગનું, અવધિ પરમ અવધિનું, અસંજ્ઞીની અકામ વેદનાનું કથન છે. આઠમા ઉદ્દેશામાં હાથી અને કંથવાનાં સમાન જીવનું, દસ સંજ્ઞાનું અને નરકનું વર્ણન છે. નવમા ઉદ્દેશામાં–સાધુના વૈક્રિયનું, કોણિક અને ચેડા રાજાના સંગ્રામનું, શક્રેંદ્ર કોણિક રાજાના મિત્ર, સંગ્રામમાં મરે તે દેવ કેવી રીતે થાય તેનું કથન છે. દસમા ઉદ્દેશામાં–અન્યતીર્થીનું, પાપ પુણ્યનું, અગ્નિ સળગાવનાર કરતાં બુઝાવનાર અલ્પકર્મી, અચિત્ત પુદ્‌ગલ પ્રકાશવાનું અને તેજોલેશ્યાનું કથન છે.

૮. આઠમા શતકના–પહેલા ઉદ્દેશામાં પ્રયોગસા, મિશ્રસા અને વિસ્રસા પુદ્‌ગલોનું. બીજા ઉદ્દેશામાં સાપ, વીંછી અને મનુષ્યના વિષનું, છદ્મસ્થ દસ વાતો ન જાણે તેનું તથા જ્ઞાન અને અજ્ઞાનનું કથન છે. ત્રીજા ઉદ્દેશામાં વૃક્ષોના પ્રકાર, શરીરના ટુકડામાં પ્રદેશનું, પૃથ્વીના ચરમાચરમનું કથન છે. ચોથા ઉદ્દેશામાં–પાંચ ક્રિયાનું વર્ણન છે. પાંચમા ઉદ્દેશામાં સામાયિકમાં ચોરી કોની હોય, ગતકાળના પ્રતિક્રમણાદિનું અને ગોશાળાના શ્રાવકનું વર્ણન છે. છઠ્ઠા ઉદ્દેશામાં સાધુને શુદ્ધ આહાર આપવાથી એકાંત નિર્જરા, અશુદ્ધ આપવાથી અલ્પ પાપ બહુ નિર્જરા,

તથારૂપ અસંયતીને દેવામાં પાપ, જે સાધુને માટે આહાર આણ્યો હોય તે જ સાધુને આપવો, આલોચનાનો અર્થો મરે તો પણ આરાધક, દીપકનું અને શરીરની ક્રિયાનું કથન છે. સાતમા ઉદ્દેશામાં સ્થવિર અને અન્યતીર્થીના ગતિ પ્રવાહનું કથન છે. આઠમા ઉદ્દેશામાં–ગુરુ-પુદ્ગલોની ગતિના સમૂહનું, પાંચ વ્યવહારનું, ઈરિયાવહી અને સાંપ્રાયિક ક્રિયાના ભાંગા, તથા ૨૨ પરિષહ કયા કર્મથી હોય તે, સૂર્યના તાપનું, અઢી દ્વીપની અંદર બહારના જ્યોતિષીનું કથન છે. નવમા ઉદ્દેશામાં બંધનું ઘણાં વિસ્તારથી વર્ણન છે. દસમા ઉદ્દેશામાં–જ્ઞાન-ક્રિયાની ચોભંગી છે. જ્ઞાનાદિ ત્રણે આરાધનાનો અધિકાર છે, પુદ્ગલ પરિણામ, કર્મ, જીવ, પુદ્ગલ, પુદ્ગલીનું સ્વરૂપ છે.

૯. નવમા શતકના–પહેલા ઉદ્દેશામાં જંબુદ્વીપનું વર્ણન છે. બીજા ઉદ્દેશામાં–અઢી દ્વીપના જ્યોતિષીની સંખ્યા છે. ત્રીજા ઉદ્દેશાથી ત્રીસ ઉદ્દેશા સુધી દક્ષિણ દિશાના ૨૮ અંતરદ્વીપોનું વર્ણન છે. એકત્રીસમા ઉદ્દેશામાં–અસોચા કેવળીનું વર્ણન છે. બત્રીસમા ઉદ્દેશામાં ગાંગેયઅણગારના ભાંગા, તેત્રીસમા ઉદ્દેશામાં–ઋષભદત્ત બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીનો અને જમાલીનો અધિકાર છે. ચોત્રીસમા ઉદ્દેશામાં ઘોડાની ઘાત, ઋષિને મારનાર અનન્ત જીવનો ઘાતક, એકને મારતાં અનેકથી વેર કરે અને સ્થાવરના શ્વાસોશ્વાસનું વર્ણન છે.

૧૦. દશમા શતકના–પહેલા ઉદ્દેશામાં દિશાનું તથા પાંચ શરીરનું કથન છે. બીજા ઉદ્દેશામાં સંવૃત્તસાધુનું, યોનિનું, વેદનાનું અને આલોચનાથી આરાધનાનું કથન છે. ત્રીજા ઉદ્દેશામાં આત્મરિદ્ધિનું, અલ્પરિદ્ધિનું, મહર્દ્ધિક દેવનું, અશ્વના શબ્દનું અને ભાષાનું કથન છે. ચોથા ઉદ્દેશામાં ત્રાયસ્ત્રિંશકદેવનું, પાંચમા ઉદ્દેશામાં અગ્રમહિષી દેવીનું અને છઠ્ઠા ઉદ્દેશામાં સૌધર્મ સભાનું તથા ઉત્તર દિશાના ૨૮ અંતરદ્વીપનું વર્ણન છે.

૧૧. અગિયારમા શતકના–આઠ ઉદ્દેશામાં અનુક્રમે ઉત્પલનું, સાલુનું, પલાશનું, કુંભીનું, નાલિકનું, પદ્મપત્રનું, કર્ણિકાનું અને નલિનીનું વર્ણન છે: નવમા ઉદ્દેશામાં શિવરાજ ઋષિનું વર્ણન છે. દસમા

ઉદ્દેશામાં લોકાલોકનું પ્રમાણ, અગિયારમા ઉદ્દેશામાં સુદર્શન શેઠનું અને મહાબલ કુમારનું વર્ણન છે. બારમા ઉદ્દેશામાં આલંભિકા નગરીના શ્રાવકનું, પુદ્ગલોનું અને પરિવ્રાજકનું કથન છે.

૧૨. બારમા શતકના—આઠ ઉદ્દેશામાં શંખ પોખલીજી શ્રાવકનું વર્ણન છે. ત્રણ જાગરણાનું, પરસ્પર કલેશથી કર્મબંધનું સ્વરૂપ. બીજા ઉદ્દેશામાં જયંતીબાઈના પ્રશ્નોત્તર, ત્રીજા ઉદ્દેશામાં નરકનાં નામ-ગોત્ર, ચોથા ઉદ્દેશામાં પરમાણુ પુદ્ગલનું, પુદ્ગલ પરાવર્તનનું વર્ણન, પાંચમા ઉદ્દેશામાં ૪ કષાયનાં નામ અને રૂપી અરૂપીનો થોક, છઠ્ઠા ઉદ્દેશામાં ચંદ્ર સૂર્યનાં ગ્રહણ, રાહુનું કથન. સાતમા ઉદ્દેશામાં જીવે સર્વ લોક સ્પર્શ્યો, સર્વ જીવો સાથે સર્વ પ્રકારના સંબંધ જોડચા. આઠમા ઉદ્દેશામાં દેવના નાગની મણિમાં ઉત્પન્ન થઈ પૂજાવાનું અને હિંસક પશુ કુગતિમાં જાય તેનું કથન છે. નવમા ઉદ્દેશામાં પાંચ દેવનો થોક, દસમા ઉદ્દેશામાં આઠ આત્માનો પરસ્પર સંબંધ, આત્માના પ્રશ્નોત્તર છે.

૧૩. તેરમા શતકના-પહેલા ઉદ્દેશામાં નરકાવાસમાં જીવની ઉત્પત્તિ અને લેશ્યાનાં સ્થાન બીજામાં દેવસ્થાન. ત્રીજામાં દેવતાની પરિચારણાનો અધિકાર. ચોથામાં નરકનું, ત્રણ લોકનું, દસ દિશાના લોકનું, અસ્તિકાયનું અને લોક સંકોચ વિસ્તારનું કથન છે. પાંચમામાં ત્રણ પ્રકારનો આહાર, છઠ્ઠામાં ભાંગા, ચમરચંચા રાજ્યધાનીનું અને ઉદાયન રાજાનું વર્ણન છે. સાતમામાં ભાષાનું અને પાંચ મૃત્યુનું કથન છે. આઠમામાં કર્મપ્રકૃતિનું સ્વરૂપ. નવમામાં ગગનગામી સાધુનું કથન, દસમામાં છદ્મસ્થના સમુદ્ઘાતનું વર્ણન છે.

૧૪ ચૌદમા શતકના—પહેલા ઉદ્દેશામાં સાધુનું મરણ, પર-ભવગતિ, અનન્તર પરમ્પરનું કથન. બીજામાં યક્ષના ઉન્માદથી મોહનો ઉન્માદ જ્વર, કાળથી અને ઈંદ્રથી વરસાદ વરસે, તમસ્કાયમાં દેવકૃત કાર્યનું કથન. ત્રીજામાં સાધુની વચ્ચે થઇ દેવ ન જઈ શકે. ૨૪ દંડકમાં સત્કાર, દેવની વચ્ચે થઈ દેવ જઈ શકે. અને નરકમાં પુદ્ગલ પરિણામ ચોથામાં પુદ્ગળ, સુખદુઃખની જોડ, પરમાણુનું સ્વરૂપ અને ચરમાચરમનું કથન છે. પાંચમામાં ૨૪ દંડકના જીવો અગ્નિમાં જાય કે? દસ સુખ

અને ૨૪ દંડકમાં દેવોને પુદ્ગળ ગ્રહણ કરવાનું, છઠ્ઠામાં આહાર-પરિણામ અને ઇન્દ્રોના ભોગનો અધિકાર. સાતમામાં મહાવીર પ્રતિ ગૌતમ સ્વામીનો પ્રેમ, દ્રવ્યાદિની તુલના, ભક્તપ્રત્યાખ્યાનીનો આહાર અને લવસપ્તમ દેવનું કથન છે, આઠમામાં રત્નપ્રભાથી વૈમાનિક સુધીનું અંતર, શાલ વૃક્ષનું વર્ણન, અંબડ સંન્યાસીના ૭૦૦ શિષ્યોનો આચાર, દેવનાં સુખ અને શક્તિ, જૃંભકા દેવોનું કામ. નવમામાં સાધુનાં કર્મ, લેશ્યા, સુખદુઃખનાં પુદ્ગળ, દેવ હજારો રૂપો બનાવી હજારો ભાષા બોલે, સૂર્ય શું છે? અધિક દીક્ષિત, અધિક તેજોલેશી. દસમામાં કેવળી સિદ્ધને જાણે, કેવળીને બધા દેખે.

૧૫. પંદરમા શતકનો એક ઉદ્દેશો છે. તેમાં ગોશાળો નિમિત્તજ્ઞાન ભણ્યો, તેજોલેશ્યા પ્રાપ્ત કરી, જિન નામ ધરાવ્યું, ભગવંત પાસે ગયો, સાત પટ્ટલાદિ મિથ્યાવાદ કર્યો, બે સાધુઓને બાળ્યા, ભગવંતને બાળવા જતાં પોતે જ બળ્યો. મરતી વખતે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું, રેવતી ગાથાપત્નીએ કોળાપાક વહોરાવ્યો, ભગવાન સાતા પામ્યા. આગલા ભવમાં સુમંગલ સાધુ ગોશાળાના જીવને બાળશે, ગોશાળો અનંત સંસાર રખડી દૃઢ પ્રતિજ્ઞ કેવળી થઈ મોક્ષમાં જશે વગેરે કથન છે.

૧૬. સોળમા શતકના—પહેલા ઉદ્દેશામાં અગ્નિ વાયુનો સંબંધ, ભઠ્ઠી સંડાસીની ક્રિયા, જીવની અધિકરણી ક્રિયા, બીજામાં શારીરિક માનસિક દુઃખ, શક્રેન્દ્રે ભગવાનને આજ્ઞા આપી, ઉઘાડે મોઢે બોલતાં પાપ, જીવકૃત કર્મ, ત્રીજામાં જીવ સ્વયંકૃત કર્મ વેદે, સાધુના ઔષધોપચારમાં ક્રિયા નહીં, ચોથામાં તપનું ફળ, તપથી કર્મક્ષયનું દૃષ્ટાંત, પાંચમામાં શક્રેન્દ્રથી ઉપરના દેવો અધિક તેજવાન, દેવરિદ્ધિ કેવી રીતે મળે? છઠ્ઠામાં સ્વપ્નનો અધિકાર, તીર્થંકરની માતા દેખે તે ૧૪ સ્વપ્ન, મહાવીર સ્વામીએ દેખેલાં ૧૦ સ્વપ્ન, મોક્ષગતિનાં ૧૬ સ્વપ્ન, સાતમામાં બે પ્રકારના ઉપયોગ, આઠમામાં લોકનું, દિશામાં જીવપ્રદેશનું, એક જ સમયમાં પરમાણુ લોકાંત સુધી જાય, વરસાદમાં હાથ લંબાવતાં પાપ, નવમામાં બલેન્દ્રની સભા, દસમામાં અવધિજ્ઞાન, અગિયારમામાં દ્વીપકુમારનું કથન અને બારમામાં ઉદધિકુમારનું કથન.

૧૭. સત્તરમા શતકના—પ્રથમ ઉદ્દેશામાં ઉદાયન અને ભૂતાનન્દ હાથીનું કથન તથા ક્રિયાનું કથન. બીજામાં ધર્મી અધર્મી, પંડિત-બાલ, વ્રતી–અવ્રતીનું કથન. ત્રીજામાં શૈલેશી હલનચલન ન કરે, પાંચ પ્રકારે હલનચલન, મોક્ષનાં ફળ. ચોથામાં પ્રાણાતિપાતાદિ ક્રિયા, દુઃખ આત્મકૃત. પાંચમામાં ઇશાનેંદ્રની સભા, છઠ્ઠાથી બારમા સુધી સ્થાવરનું કથન. તેરમાથી સત્તરમા સુધી ભવનપતિ દેવોનું કથન.

૧૮. અઢારમા શતકના—પહેલા ઉદ્દેશામાં ચરમાચરમનું, બીજામાં કાર્તિક શેઠનો અધિકાર, ત્રીજામાં પૃથિવ્યાદિ મનુષ્ય થાય, ચરમ નિર્જરાનાં પુદ્દગલ લોક સ્પર્શે, દ્રવ્યબંધ, ભાવબંધ, પાપ કર્યું અને કરશે તેમાં ફરક, નારકીનાં આહાર પરિણામ, ચોથામાં ૧૮ પાપ, ૧૮ ધર્મ, છ કાય, છ દ્રવ્ય, કૃત્યુગ્માદિ, પાંચમામાં બે દેવ, બે નારકી ભલાં બૂરાં કેવી રીતે ? વર્તમાન આયુ વેદે, આગલું બાંધે. છઠ્ઠામાં ભ્રમર પોપટનો વર્ણ, પરમાણું સ્કંધ, સાતમામાં કેવળી દેવાધિષ્ઠથી પણ સત્ય જ બોલે, ઉપધિ પરિગ્રહ ત્રણ પ્રકારે, સુપ્રણિધાન, દુષ્પ્રણિધાન, મંડુક શ્રાવકે અન્યમતીને હરાવ્યો, દેવતા રૂપો બનાવી પરસ્પર લડે, દેવ રુચક દ્વીપ સુધી જઇ શકે, આઠમામાં સાધુને કૂકડીના ઈંડાની ક્રિયા, ગૌતમસ્વામી સાથે અન્ય તીર્થીની ચર્ચા. છદ્મસ્થ પરમાણુ ન દેખે. નવમામાં ભવ્ય દ્રવ્યનારકીનું કથન, દસમામાં ભાવિતાત્મા સાધુ શસ્ત્રથી છેદાય નહીં, વાયુ પરમાણુંને સ્પર્શે, મહાવીર સ્વામી અને સોમિલ બ્રાહ્મણના પ્રશ્નોત્તર.

૧૯. ઓગણીસમા શતકના—પહેલા બીજા ઉદ્દેશામાં લેશ્યાધિકાર, ત્રીજામાં પૃથ્વી આદિનાં ૧૨ દ્વાર, સૂક્ષ્મ બાદરનો અલ્પબહુત્વ, પાંચે સ્થાવરમાં સૂક્ષ્મ બાદરનું દૃષ્ટાંત, પૃથ્વીના શરીરની સૂક્ષ્મતા, સંઘટ્ટાથી દુઃખ, ચોથામાં આસ્રવ ક્રિયા, નિર્જરા, વેદનાના ૧૬ ભાંગા, પાંચમામાં ચરમ પરમનો અધિકાર, ૨૪ દંડક. છઠ્ઠામાં દ્વીપ સમુદ્રનાં પરિમાણ, સાતમામાં નરક, દેવના વાસ. આઠમામાં નિવૃત્તિના ૮૨ બોલ. નવમામાં કરણના ૫૫ બોલ.

૨૦. વીસમા શતકના–પહેલા ઉદ્દેશામાં ત્રસ તિર્યંચનો આહાર; બીજામાં લોકાલોકમાં આકાશ, ત્રીજામાં ૧૮ પાપ, ચોથામાં પાંચે ઇન્દ્રિયોનો ઉપચય, પાંચમામાં પુદ્ગલોના મરણના ભાંગા, છઠ્ઠામાં ૫ સ્થાવર સ્વર્ગમાં ઊપજે, સાતમામાં ત્રણ બંધ કર્મો ઉપર, આઠમામાં કર્મભૂમિ અકર્મભૂમિ, મનુષ્ય, ભરત, ઈરવત અને મહાવિદેહ ક્ષેત્રમાં ધર્મનું વિશેષપણું, ચોવીસ તીર્થંકરનાં આંતરાનો કાળ, ભરતમાં ૧૦૦૦ વર્ષ સુધી પૂર્વનું જ્ઞાન રહે, ૨૧ હજાર વર્ષ જૈનધર્મ રહે, તીર્થંકર તે તીર્થંકર, તીર્થ તે તીર્થ, ધર્મારાધક મોક્ષ પામે. નવમામાં વિદ્યાચારણ જંઘાચારણની ગતિ વિષે, દસમામાં સોપક્રમી નિરુપક્રમીઆયુષ્ય, આત્મરિદ્ધિ પરરિદ્ધિ, આત્મપ્રયોગ, પરપ્રયોગ, કત્તિ અકત્તિ સંચય, છ બાર ચોરાશી પરિમાર્જિત.

૨૧. એકવીસમા શતકના–સાત વર્ગ. પ્રત્યેકના દસ દસ ઉદ્દેશા, જેમાં ધાન્ય તૃણનું કથન.

૨૨. બાવીસમા શતકના–છ વર્ગ, પ્રત્યેકના દસ દસ ઉદ્દેશા તેમાં તાડ આદિ વૃક્ષ, લતાદિનું કથન.

૨૩. ત્રેવીસમા શતકના–છ વર્ગ. પ્રત્યેકના દસ અધ્યયનમાં બટાટા આદિ સાધારણ વનસ્પતિનું કથન.

૨૪. ચોવીસમા શતકમાં– ૨૪ દંડકનું કથન.

૨૫. પચીસમા શતકના–પહેલા ઉદ્દેશામાં ૧૪ પ્રકારના જીવનું, બીજામાં જીવ અજીવ દ્રવ્યનો ઉપભોગ; ત્રીજામાં ૫ સંસ્થાન, આકાશશ્રેણી, દ્વાદશાંગ, ચોથામાં કૃતયુગ્માદિથી દ્રવ્યાદિનો અલ્પબહુત્વ, પાંચમામાં કાલપરિમાણ, બે પ્રકારના નિગોદનું વર્ણન, છઠ્ઠામાં ૬ પ્રકારના નિર્ગ્રંથનો થોક, સાતમામાં ૫ પ્રકારના સંયતિનો થોક, આઠમામાં નરકોત્પત્તિ, ગતિ, ગમન, નવમામાં નરક પ્રતિવાદ.

૨૬. છવ્વીસમા શતકના–૧૧ ઉદ્દેશામાં ક્રમશઃ પાપકર્મબંધનાં ૧૦ દ્વાર, અનન્તરોત્પન્નનાં ૧૧ દ્વાર, અનન્તર પરમ્પરાવગાઢ, આહાર પર્યાપ્તા અપર્યાપ્તા, ચરમાચરમનું કથન છે.

૨૭. સત્યાવીસમા શતકના–૧૧ ઉદ્દેશામાં પાપકર્મ સંબંધી ૨૬ મા શતક જેવું જ છે.

૨૮. અઠાવીસમા શતકના–૧૧ ઉદ્દેશામાં પાપકર્મ સમાચરણ બાબત.

૨૯. ઓગણત્રીસમા શતકના–૧૧ ઉદ્દેશામાં પાપકર્મ વેદવા બાબત.

૩૦. ત્રીસમા શતકના–૧૧ ઉદ્દેશામાં ક્રિયાવાદી આદિ ૪ સમવસરણ.

૩૧. એકત્રીસમા શતકના–૨૮ ઉદ્દેશામાં ખુડાગ કૃતયુગ્મ.

૩૨. બત્રીસમા શતકના–૨૮ ઉદ્દેશામાં ખુડાગ કૃતયુગ્મ, નારકીની ઉત્પત્તિ.

૩૩. તેત્રીસમા શતકના પ્રતિશતક ૧૨ છે. પ્રત્યેકના ૧૧–૧૧ ઉદ્દેશા છે. તેમાં એકેંદ્રિયનું કથન છે.

૩૪. ચોત્રીસમા શતકના પ્રતિશતક ૧૨ છે. પ્રત્યેકના ૧૧–૧૧ ઉદ્દેશા છે. તેમાં એકેંદ્રિયનું શ્રેણીસ્વરૂપ છે.

૩૫. પાંત્રીસમા શતકના પ્રતિશતક ૧૨ છે. પ્રત્યેકના ૧૧–૧૧ ઉદ્દેશા છે. તેમાં મહાકૃતયુગ્મનું કથન છે.

૩૬. છત્રીસમા શતકનાં પ્રતિશતક ૧૨ છે. પ્રત્યેકના ૧૧–૧૧ ઉદ્દેશા છે. તેમાં એકેંદ્રિયના કૃતયુગ્મનું કથન છે.

૩૭. સાડત્રીસમા શતકમાં–તેઇંદ્રિયનું.

૩૮. આડત્રીસમા શતકમાં–ચઉરિન્દ્રિયનું.

૩૯. ઓગણચાલીસમા શતકમાં–અસંજ્ઞી પંચેંદ્રિયનું.

૪૦. ચાલીસમા શતકમાં–સંજ્ઞી પંચેંદ્રિયનું.

૪૧. એકતાલીસમા શતકમાં–૧૯૬ ઉદ્દેશા છે. તેમાં–રાશિ કૃતયુગ્મ નારકી આદિ ચોવીસે દંડકનું કથન છે.

સામ્પ્રત સમયે સર્વથી મોટું અને વિધવિધ અધિકારોથી ભરપૂર આ ભગવતીજી સૂત્ર છે.

આ સૂત્રનાં પહેલાં તો ૨૨,૮૮,૦૦૦ પદ હતાં, હાલ ફક્ત ૧૫,૭૫૨ શ્લોક પ્રમાણ મૂળ સૂત્રના રહ્યા છે.

૬. "જ્ઞાતાધર્મકથાંગ"–તેના બે શ્રુતસ્કંધ છે.

પહેલા શ્રુતસ્કંધનાં ૧૯ અધ્યયન છે:– ૧. મેઘકુમારનું, ૨. ધનાસાર્થવાહનું, ૩. મોરનાં ઇંડાંનું, ૪. બે કાચબાનું, ૫. થાવચ્ચા–પુત્રનું, ૬. તુંબડીનું, ૭. રોહિણીનું, ૮. મલ્લિનાથજીનું, ૯. જિનરક્ષિત જિનપાલિતનું, ૧૦. ચંદ્રમાનું, ૧૧. દાવદ્રવ વૃક્ષનું, ૧૨. સુબુદ્ધિ પ્રધાનનું, ૧૩. નંદ મણિયારનું, ૧૪. તેતલી પ્રધાનનું, ૧૫. નંદીફળનું ૧૬. દ્રૌપદીનું, ૧૭. આકીર્ણ દેશના ઘોડાનું, ૧૮. સુસુમાપુત્રીનું અને, ૧૯. પુંડરિક કુંડરિકનું. કથારૂપે ઉત્તમ દૃષ્ટાંતો આપીને સત્યની અને શીલની વાત ઘણી મજબૂત કરી છે.

બીજા શ્રુતસ્કંધમાં ૮ વર્ગ અને ૨૦૬ અધ્યયનો છે. તેમાંથી પહેલા વર્ગના ૬ અધ્યયનમાં ચમરેન્દ્રની ૬ અગ્રમહિષીઓનું કથન છે. બીજા વર્ગનાં ૬ અધ્યયનમાં બલેન્દ્રની ૬ અગ્રમહિષીઓનું વર્ણન છે. ત્રીજા વર્ગનાં ૫૫ અધ્યયનમાં દક્ષિણ દિશાના નવનિકાય દેવોના ૯ ઇંદ્રોની પાંચ પાંચ અગ્રમહિષીઓનું કથન છે. ચોથા વર્ગનાં ૫૫ અધ્યયનમાં ઉત્તર દિશાના નવનિકાય દેવોના ૯ ઇંદ્રોની પાંચ પાંચ અગ્રમહિષીઓનું કથન છે. પાંચમા વર્ગનાં ૬૪ અધ્યયનમાં દક્ષિણના વાણવ્યંતર દેવોના ૧૬ ઇંદ્રોની ચાર ચાર અગ્રમહિષીઓનું કથન છે. છઠ્ઠા વર્ગના ૬૪ અધ્યયનમાં ઉત્તર દિશાના વાણવ્યંતર દેવોના ૧૬ ઇંદ્રોની ચાર ચાર અગ્રમહિષીઓનું કથન છે. સાતમા વર્ગનાં આઠ

અધ્યયનમાં સૌધર્મેન્દ્રની આઠ અગ્રમહિષીઓનું કથન છે. અને આઠમા વર્ગનાં આઠ અધ્યયનમાં ઇશાનેન્દ્રની આઠ અગ્રમહિષીઓનું કથન છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની ૨૯૯ આર્યાજીઓ સંયમથી શિથિલ બની દેવીઓ થઈ તેનું સંક્ષેપમાં વર્ણન છે.

પહેલાં આ સૂત્રનાં ૫૫,૫૬,૦૦૦ પદોમાં ૩૫,૦૦,૦૦,૦૦ ધર્મકથાઓ હતી. હવે તો ફક્ત ૫૫૦૦ શ્લોક વિદ્યમાન છે.

૭. **"ઉપાસક દશાંગ"**–આ સૂત્રમાં એક શ્રુતસ્કંધ છે અને તેનાં ૧૦ અધ્યયનો છે, તેમાં ભગવાન મહાવીરના ૧૦ ઉત્તમ શ્રાવકોનો અધિકાર છે. તેઓએ ૨૦ વર્ષ શ્રાવકનાં વ્રત પાળ્યાં. તેમાં ૧૪ાા વર્ષ ઘરમાં રહ્યા અને ૫ાા વર્ષ ગૃહકાર્ય છોડી પૌષધશાળામાં રહી શ્રાવકની ૧૧ પડિમાનું આરાધન કર્યું. ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં ચલાયમાન ન થયા. બધા એક મહિનાનો સંથારો કરી પહેલા દેવલોકમાં દેવપણે ઊપજ્યા. બધા ૪ પલ્યોપમનું આયુષ્ય પામ્યા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઇ મોક્ષ જશે.

આ સૂત્રમાં શ્રાવકોની દિનચર્યાનું પણ રૂડી રીતે દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. આદર્શ ગૃહસ્થ અને ઉત્તમ શ્રાવક થવા ઇચ્છનાર દરેક વ્યક્તિએ આ સૂત્રનો અભ્યાસ અવશ્યમેવ કરવો જોઇએ. કે જેથી તેમના ધાર્મિક જીવનમાં પરમ સહાયતા, ઉત્સાહ અને દૃઢતાની પ્રાપ્તિ થવા પામે, કારણ કે ગૃહસ્થધર્મનાં ૧૨ વ્રત અને ૧૧ પડિમાનું આમાં સવિસ્તૃત વર્ણન છે. શ્રાવક શબ્દ તો અવિરતિ સમકિત દૃષ્ટિ અને દેશવિરતિ એમ બન્ને ગુણસ્થાનકોને માટે રૂઢિથી પ્રચલિત છે, પરંતુ "શ્રમણોપાસક" શબ્દ તો કેવળ દેશવિરતિ ગૃહસ્થને માટે જ વપરાયેલો છે.

આ સૂત્રનાં પ્રથમ તો ૧૧,૭૦,૦૦૦ પદ હતાં, જેમાંથી અત્યારે માત્ર ૮૧૨ શ્લોક પ્રમાણ સૂત્ર રહેલ છે.

નંબર	શ્રાવકનાં નામ	નગરોનાં નામ	સ્ત્રીઓનાં નામ	ગાયોની સંખ્યા	ધનની સંખ્યા	ઉપસર્ગ	વિમાન
૧	આનંદ	વાણિજ્યગ્રામ	શિવાનંદા	૪૦૦૦૦	બાર ક્રોડ સોનૈયા	અવધિ જ્ઞાનનો	અરુણ
૨	કામદેવ	ચંપાનગરી	ભદ્રા	૬૦૦૦૦	૧૮ ક્રો. ,,	પિશાચાદિ ૩	અરુણનાભ
૩	ચૂલણી પિતા	વારાણસી	શ્યામા	૬૦૦૦૦	૨૪ ક્રો. ,,	ભદ્રા-માતાનો	અરુણપ્રભ
૪	સુરાદેવ	વારાણસી	ધન્ના	૬૦૦૦૦	૧૮ ક્રો. ,,	૧૬ રોગનો	અરુણકાંત
૫	ચૂલણીશતક	આલંભિકા	બહુલા	૬૦૦૦૦	૧૮ ક્રો. ,,	સ્ત્રીનો	અરુણરિષ્ટ
૬	કુંડકોલિક	કંપિલપુર	પુંસા	૬૦૦૦૦	૧૮ ક્રો. ,,	ધર્મ-ચર્ચાનો	અરુણાજ
૭	શકડાલપુત્ર	પોલાસપુર	અગ્નિમિત્રા	૧૦૦૦૦	૩ ક્રો. ,,	સ્ત્રીઘાતનો	અરુણભૂત
૮	મહાશતક	રાજગૃહી	રેવતી આદિ ૧૩	૮૦૦૦૦	૨૪ ક્રો ,,	રેવતી સ્ત્રીનો	અરુણા-વતંસક
૯	નંદિનીપિતા	શ્રાવસ્તી	અશ્વિની	૪૦૦૦૦૦	૧૨ ક્રો. ,,	ઉપસર્ગ નહિ	અરુણગર્વ
૧૦	સાલિહીપિતા	શ્રાવસ્તી	ફાલ્ગુની	૪૦૦૦૦	૧૨ ક્રો. ,,	ઉપસર્ગ નહિ	અરુણકિલ

૮. "અંતગડદશાંગ"—આમાં ૮ વર્ગ છે : પ્રથમ વર્ગનાં ૧૦ અધ્યયન– ૧. ગૌતમકુમાર,× ૨. સમુદ્રકુમાર, ૩. સાગરકુમાર, ૪. ગંભીરકુમાર, ૫. સ્તિમિતકુમાર, ૬. અચલકુમાર, ૭. કપિલકુમાર, ૮. અક્ષોભકુમાર, ૯. પ્રસેનકુમાર અને, ૧૦. વિષ્ણુકુમાર. એમ ૧૦ અધ્યયન છે.

× આમાં દ્વારિકા નગરીનું વર્ણન છે.

બીજા વર્ગનાં ૮ અધ્યયન—૧. અક્ષોભ, ૨. સાગર, ૩. સમુદ્રવિજય, ૪. હિમવન્ત, ૫. અચલ, ૬. ધારણ, ૭. પૂરણ અને, ૮. અભિચંદ્ર. આ આઠે અંધકવિષ્ણુના પુત્ર જાણવા.

ત્રીજા વર્ગનાં ૧૩ અધ્યયન—૧. અણિયસેન, ૨. અનન્તસેન, ૩. અજિતસેન, ૪. અનિહતરિપુ, ૫. દેવસેન, ૬. શત્રુસેન, ૭. સારનકુમાર, ૮. *ગજસુકુમાર, ૯. સુમુખ, ૧૦. દુર્મુખ, ૧૧. કુપક, ૧૨. દારુક અને, ૧૩. અનાદષ્ટિકુમાર.

ચોથા વર્ગનાં ૧૦ અધ્યયન— ૧. જાલીકુમાર, ૨. મયાલીકુમાર, ૩. ઉવયાલી, ૪. પુરુષસેન, ૫. વારિસેન, ૬. પ્રદ્યુમ્ન, ૭. સાંબ, ૮. અનિરુદ્ધ, ૯. સત્યનેમી અને, ૧૦. દૃઢનેમિ.

પાંચમા વર્ગનાં ૧૦ અધ્યયન— ૧. પદ્માવતી ÷ રાણી, ૨. ગૌરી, ૩. ગાંધારી, ૪. લક્ષ્મણા, ૫. સુસીમા, ૬. જાંબુવતી, ૭. સત્યભામા, ૮. રુક્મિણી (આ આઠ કૃષ્ણની પટરાણીઓ) ૯. મૂલશ્રી અને, ૧૦. મૂલદત્તા રાણી.

છઠ્ઠા વર્ગનાં ૧૬ અધ્યયન— ૧. મકાઈ ગાથાપતિ, ૨. કિંકર્મ ગાથાપતિ, ૩. મોગરપાણિ યક્ષ (અર્જુન માળી),+ ૪. કાશ્યપ ગાથાપતિ, ૫. ક્ષેમક ગાથાપતિ, ૬. ધૃતિધર ગાથાપતિ, ૭. કૈલાસ ગાથાપતિ, ૮. હરિચન્દન ગાથાપતિ, ૯. વારત્ત ગાથાપતિ, ૧૦. સુદર્શન ગાથાપતિ, ૧૧. પૂર્ણભદ્ર ગાથાપતિ, ૧૨. સુમનભદ્ર ગાથાપતિ, ૧૩. સુપ્રતિષ્ઠ ગાથાપતિ. ૧૪. મેઘ ગાથાપતિ, ૧૫. અતિમુક્ત કુમાર × અને, ૧૬. અલખ રાજા.

સાતમા વર્ગનાં ૧૩ અધ્યયન— ૧. નંદારાણી, ૨. નંદમતી; ૩. નંદોત્તરા, ૪. નંદસેના, ૫. મહ્યા, ૬. સુમરુતા, ૭. મહામરુતા ૮. મરુદેવી, ૯. ભદ્રા, ૧૦. સુભદ્રા, ૧૧. સુજાતા, ૧૨, સુમતિ, ૧૩. ભૂતદિન્ના રાણી. (આ તેરે શ્રેણિક રાજાની રાણીઓ જાણવી.)

---

* વિસ્તારથી રસિક વર્ણન છે.

÷ આમાં દ્વારિકા સળગી તેનું તથા શ્રીકૃષ્ણ તીર્થંકર થશે તે વર્ણન છે.

+ આ ૧૧૪૧ મનુષ્યનો ઘાતક ૭ મહિનામાં મોક્ષમાં ગયો તેનું વર્ણન છે.

× આઠ વર્ષની વયે દીક્ષા લીધી તેનું ચમત્કારિક વર્ણન છે.

આઠમા વર્ગનાં ૧૦ અધ્યયન– ૧. કાલી રાણી, ૨. સુકાલી, ૩. મહાકાલી, ૪. કૃષ્ણા, ૫. સુકૃષ્ણા, ૬. મહાકૃષ્ણા, ૭. વીરકૃષ્ણા, ૮. રામકૃષ્ણા, ૯. પિતૃસેનકૃષ્ણા, ૧૦. મહાસેનકૃષ્ણા રાણી. (આ દસે શ્રેણિક રાજાની રાણીઓ છે) આ રાણીઓએ—કનકાવલી, રત્નાવલી, મુક્તાવલી આદિ ઘોર તપ કરેલાં.

આ બધા મળી ૯૦ જીવો કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષમાં પધાર્યા છે.

પહેલાં આ અંતગડ સૂત્રમાં ૨૩,૨૮,૦૦૦ પદો હતાં, અત્યારે મૂળ પાઠના ૯૦૦ શ્લોક રહ્યા છે.

૯. '**અનુત્તરોવવાઈ**'—આ સૂત્રના ૩ વર્ગ છે.

પ્રથમ વર્ગનાં ૧૦ અધ્યયન– ૧. જાલીકુમાર,× ૨. મયાલીકુમાર, ૩.ઉપજાલીકુમાર, ૪. પુરુષસેનકુમાર, ૫. વારિષેણકુમાર, ૬. દીર્ઘદંતકુમાર ૭. લષ્ઠદાંતકુમાર, ૮.વેહલ્લકુમાર, ૯. વૈહાયસકુમાર અને, ૧૦. અભયકુમાર

બીજા વર્ગનાં ૧૩ અધ્યયન– ૧. દીર્ઘસેનકુમાર, ૨. મહાસેન-કુમાર, ૩. લષ્ઠદાંતકુમાર, ૪. ગૂઢદાંતકુમાર, ૫. શુદ્ધદાંતકુમાર, ૬. હલ્લકુમ.ર, ૭. દ્રુમકુમાર, ૮. દ્રુમસેન, ૯. મહાદ્રુમસેન, ૧૦. સિંહ, ૧૧. સિંહસેન, ૧૨. મહાસિંહસેન અને, ૧૩. પુણ્યસેનકુમાર (બન્ને વર્ગમાં કહેલા ત્રેવીસે કુમાર શ્રેણિક રાજાના પુત્રો સમજવા.)

ત્રીજા વર્ગનાં ૧૦ અધ્યયન– ૧. ધન્ના અણગાર,+ ૨. સુનક્ષત્ર અણગાર, ૩. ઋષિદાસ, ૪. પેલ્લક, ૫. રામપુત્ર, ૬. ચંદ્રિકુમાર, ૭. પુષ્ટિમાતૃક, ૮. પેઢાલકુમાર, ૯. પોટિલકુમાર અને, ૧૦. વિહલ્લ કુમાર. (આ દસે ગાથાપતિ જાણવા).

× અંતગડ સૂત્રમાં જાલીકુમાર કહ્યા છે, તે જાદવકુળના જાણવા અને અહીં જાલીકુમાર તે શ્રેણિક રાજાના પુત્ર જાણવા.

+ આ સૂત્રમાં ધન્ના અણગારનું ચરિત્ર સવિસ્તૃત છે. બાકી નવ કુમારનાં કથન સંક્ષેપમાં છે.

આ ૩૩ મહાપુરુષો અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા છે; બધા એક ભવ કરીને મોક્ષમાં જશે.

આ સૂત્રનાં પહેલાં ૯૪,૦૪,૦૦૦ પદો હતાં. હમણાં ફક્ત ૨૯૨ શ્લોક મૂળપાઠના છે.

૧૦ 'પ્રશ્નવ્યાકરણ'—આમાં બે શ્રુતસ્કંધ છે.

પ્રથમ શ્રુતસ્કંધમાં ૫ આસ્રવદ્વારનાં ૫ અધ્યયન છે. જેમાં—૧. હિંસા. ૨. જૂઠ. ૩. ચોરી. ૪. મૈથુન, અને ૫. પરિગ્રહથી પાપ નિષ્પન્ન હોવાના કારણ તથા તેનાં ફળનાં કથન છે.

બીજા શ્રુતસ્કંધમાં સંવરદ્વારનાં ૫ અધ્યયન છે. જેમાં ૧. દયા, ૨. સત્ય, ૩. અચૌર્ય, ૪. બ્રહ્મચર્ય અને, ૫. નિર્મમત્વ.

આ પાંચેનાં અનેક નામ નિષ્પન્ન થવાનાં કારણ અને તેનાં ફળનું કથન છે.

આમાં પહેલાં ૯,૩૧,૧૬,૦૦૦ પદો હતાં. હમણાં ૧૨૫૦ શ્લોક મૂળપાઠના છે.

૧૧. 'વિપાક સૂત્ર'*—આમાં પણ બે શ્રુતસ્કંધ છે.

પ્રથમ શ્રુતસ્કંધ દુઃખવિપાક છે. તેમાં ૧૦ અધ્યયન—૧. મૃગા લોઢિયો, ૨. ઉજ્જિતકુમાર, ૩. અભંગસેન ચોર, ૪ શકટકુમાર, ૫. બૃહસ્પતિદત્ત, ૬. નંદીસેનકુમાર, ૭. ઉમ્બરદત્ત, ૮. શૌર્યદત્ત મચ્છી, ૯. દેવદત્તા, રાણી અને, ૧૦. અંજુ રાણી. આ દસે જણ પાપાચરણ કરી તેનાં ફળ સ્વરૂપે ઘોર દુઃખો પામ્યાં. અનેક ભવભ્રમણ કરી મોક્ષમાં જશે.

બીજો શ્રુતસ્કંધ સુખવિપાક છે. તેમાં ૧૦ અધ્યયન....૧. સુબાહુકુમાર, ૨. ભદ્રનંદીકુમાર, ૩. સુજાતકુમાર, ૪. સુવાસવકુમાર, ૫. જિનદાસકુમાર, ૬. ધનપતિકુમાર, ૭. મહાબલકુમાર, ૮. ભદ્રનંદીકુમાર, ૯. મહાચંદ્રકુમાર અને, ૧૦. વરદત્તકુમાર.

---

* દુઃખવિપાકનું વર્ણન તો સવિસ્તર છે. સુખવિપાકમાં પ્રથમ અધ્યયન સિવાય શેષ સઘળાનું વર્ણન સંક્ષેપે છે.

આ દસે કુમારો તપોધન સાધુઓને ઉત્તમદાન આપી મહા સુખના ભોક્તા થયા. આગળ તપસંયમનું આરાધન કરી કેટલાક જીવો સાત ભવ દેવના અને આઠ ભવ મનુષ્યના કરી સુખે સુખે મોક્ષ પ્રાપ્ત કરશે અને કેટલાક જીવો તે જ ભવે મોક્ષ જશે.

આ સૂત્રનાં પહેલાં ૧૧૦ અધ્યયન અને ૧,૮૪,૩૨,૦૦૦ પદો હતાં, હમણાં ૧૨૧૬ શ્લોક મૂળપાઠના છે.

૧૨. દષ્ટિવાદ સૂત્ર—આમાં ૫ વત્થુ (વસ્તુ) છે–૧. પરિકર્મ, ૨. સૂત્ર, ૩. પૂર્વગત, ૪. અનુયોગ અને, ૫. ચૂલિકા.

આમાં પહેલા પરિકર્મના ૭ પ્રકાર–૧. સિદ્ધશ્રેણિકા, ૨. મનુષ્યશ્રેણિકા (આ બેના ૧૧ પ્રકાર છે), ૩. પુષ્ટશ્રેણિકા, ૪. અવગાઢશ્રેણિકા, ૫. ઉપસમ્પાદાન શ્રેણિકા. ૬. વિપ્રહાણુ શ્રેણિકા અને, ૭. ચ્યુતાચ્યુત શ્રેણિકા (આના ૧૧–૧૧ પ્રકાર છે)

સૂત્રના ૮૮ પ્રકાર—૧. ઋજુસૂત્ર, ૨. પરિણુતાપરિણુત, ૩. બહુભંગિક, ૪. વિજયચરિત, ૫. અનન્તર, ૬. પરસ્પર, ૭. આસાન સૂત્ર, ૮. સંયુથ, ૯. સંભિન્ન, ૧૦. યથાવાદ, ૧૧. સૌવસ્તિક, ૧૨. નંદાવર્ત, ૧૩. બહુલ, ૧૪. પૃષ્ટપૃષ્ટ, ૧૫, વ્યાવર્ત, ૧૬. એવંભૂત, ૧૭. દ્વિકાવર્ત, ૧૮. વર્તમાન પદ, ૧૯. સમભિરૂઢ, ૨૦. સર્વતોભદ્ર, ૨૧. પ્રશિષ્ય, અને ૨૨. દુષ્પ્રતિગ્રહ.

આ ૨૨ ને ૧. સંગ્રહ, ૨. વ્યવહાર, ૩. ઋજુસૂત્ર અને ૪. શબ્દ–આ ચાર નયથી ચાર ગુણા કરે ત્યારે ૮૮ થાય છે.

પૂર્વગતના ચૌદ પ્રકાર તે નીચે પ્રમાણે:

(૧) "ઉત્પાદ પૂર્વ"—એમાં છ દ્રવ્યની પર્યાય ઉત્પન્ન થવાનું કથન હતું, એ પૂર્વની ૧૦ વસ્તુ અને ૪ ચૂલિકા વત્થુ હતી અને તેનાં એક ક્રોડ પદ હતાં.

(૨) "અગ્રાહ્યણીય પૂર્વ"—એમાં દ્રવ્ય, ગુણ, પર્યાય વિષે વર્ણન હતું. એ પૂર્વની ૧૪ વસ્તુ અને ૧૨ ચૂલિકા વત્થુ હતી અને તેમાં છન્નુ લાખ પદ હતાં.

(૩) "વીર્ય પ્રવાદ પૂર્વ"–એમાં સર્વ જીવોનાં બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ વિષે વર્ણન હતું. એ પૂર્વની ૮ વસ્તુઓ તથા ૮ ચૂલિકા વત્થુ હતી અને તેમાં સિત્તેર લાખ પદ હતાં.

(૪) "અસ્તિ નાસ્તિ પ્રવાદપૂર્વ–એમાં શાશ્વતી અને અશાશ્વતી વસ્તુનું સ્વરૂપ દર્શાવેલ હતું. એ પૂર્વની ૧૮ વસ્તુઓ અને ૧૦ ચૂલિકા વત્થુ હતી અને તેમાં સાઠ લાખ પદ હતાં.

(૫) "જ્ઞાન પ્રવાદ પૂર્વ"–એમાં પાંચ જ્ઞાનનું વર્ણન હતું. એ પૂર્વની બાર વત્થુ અને તેમાં એક ક્રોડમાં એક પદ ઓછું હતું.

(૬) "સત્ય પ્રવાદ પૂર્વ"–એમાં ૧૦ પ્રકારના સત્યનું વર્ણન હતું. એ પૂર્વની બે વત્થુ અને તેમાં એક ક્રોડ ને છ પદ હતાં.

(૭) "આત્મ પ્રવાદ પૂર્વ"–એમાં આઠ પ્રકારના આત્માનું વર્ણન હતું. એ પૂર્વની ૧૬ વત્થુ અને તેમાં છવ્વીસ ક્રોડ પદ હતાં.

(૮) "કર્મ પ્રવાદ પૂર્વ"–એમાં આઠ કર્મોનું વર્ણન હતું. એ પૂર્વની ૩૦ વત્થુ અને તેમાં એક ક્રોડ ને એંશી હજાર પદ હતાં.

(૯) "પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ"–એમાં ૧૦ પચ્ચખાણના ભેદનું વર્ણન હતું. એ પૂર્વની ૨૦ વત્થુ અને તેમાં ચોરાશી લાખ પદ હતાં.

(૧૦) "વિદ્યાનું પ્રવાદ પૂર્વ"–એમાં રોહિણી, પ્રજ્ઞપ્તિ આદિ વિદ્યા, મંત્ર, જંત્ર, વગેરે વિધિયુક્ત હતાં. એ પૂર્વની ૧૫ વત્થુ અને તેમાં એક ક્રોડ દસ લાખ પદ હતાં.

(૧૧) "અવન્ધ્ય પ્રવાદ પૂર્વ"–એમાં આત્માનું તપ- સંયમથી શી રીતે કલ્યાણ થાય તેની વાતો હતી. એ પૂર્વની ૧૨ વત્થુ અને તેમાં છવ્વીસ ક્રોડ પદ હતાં.

(૧૨) "પ્રાણાયુપ્રવાદ પૂર્વ"–એમાં ચાર પ્રાણથી માંડીને દસ પ્રાણ લગીના જીવોનું વર્ણન હતું. એ પૂર્વની ૧૩ વત્થુ અને તેમાં એક ક્રોડ છપ્પન લાખ પદ હતાં.

(૧૩) "ક્રિયાવિશાલ પૂર્વ"—એમાં સાધુ અને શ્રાવકના આચાર તથા ૨૫ ક્રિયાઓનાં વર્ણન હતાં. એ પૂર્વની ૩૦ વત્થુ અને તેમાં નવ કરોડ પદ હતાં.

(૧૪) "લોક બિંદુસાર પૂર્વ—એમાં સર્વ અક્ષરોના સન્નિપાત (ઉત્પત્તિસંયોગ) અને સર્વ લોકના સાર સાર પદાર્થોનું વર્ણન હતું. એ પૂર્વની ૨૫ વત્થુ અને તેમાં સાડા બાર ક્રોડ પદ હતાં.

એમ કહેવાય છે કે, એક હાથી ડૂબી જાય તેટલી શાહી પહેલા પૂર્વનું જ્ઞાન લખતાં વાપરવી પડે. બીજા પૂર્વનું જ્ઞાન લખતાં બે હાથી ડૂબે તેટલી શાહી; ત્રીજા માટે ચાર હાથી ડૂબે તેટલી; એમ ઠામ બમણાં કરતાં ચૌદમા પૂર્વને લખતાં ૮૧૯૨ હાથી ડૂબે તેટલી શાહી જોઇએ. એ હિસાબે ચૌદે પૂર્વ લખવાને કુલ ૧૬૩૮૩ હાથી ડૂબે તેટલી શાહી જોઇએ. આમ કોઇએ લખેલ નથી; પણ અનુમાનથી દર્શાવ્યું છે.

દૃષ્ટિવાદ અંગની પાંચ વત્થુમાંની ત્રીજી વત્થુમાં ઉપર પ્રમાણેના ૧૪ પૂર્વનું જ્ઞાન હતું. હવે ચોથી વત્થુમાં છ બાબતો હતી. પહેલી બાબતમાં પાંચ હજાર પદ હતાં. બીજી, ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી બાબતનાં જુદાં જુદાં વીસ કરોડ, અઠ્ઠાણું લાખ, નવ હજાર ને બસેં પદ હતાં. દૃષ્ટિવાદ અંગની પાંચમી વત્થુને ચૂલિકા કહે છે. તેમાં દસ કરોડ, ઓગણસાઠ લાખ, છેંતાલીસ હજાર પદ હતાં. એવું મહાન્ દૃષ્ટિવાદ અંગ વિચ્છેદ થતાં જૈન ધર્મનાં જ્ઞાનને ઘણો જબરો ધક્કો લાગ્યો છે.

જે વખતે આ બારે અંગ પૂર્ણ અને વિદ્યમાન હતાં એ વખતે ઉપાધ્યાયજી એ સૌમાં પારંગત હતા. હાલ અગિયાર અંગ જે પ્રમાણે રહ્યાં છે તે પ્રમાણે જેઓ જાણે તેમને ઉપાધ્યાયજી કહીએ.

બાર ઉપાંગ

દૃષ્ટિવાદ અંગ સિવાયનાં બાકીનાં અગિયાર અંગ અને બાર ઉપાંગ શ્રીગણધર આચાર્યે બનાવ્યાં છે. અંગ એટલે શરીર અને ઉપાંગ એટલે શરીર, હાથ, પગ, આંગળી એ પ્રમાણે કહે છે. હવે બારે ઉપાંગનાં નામ અને સંક્ષેપે વર્ણન કહે છે.

૧. **શ્રી "ઉવવાઇ"**—આ ઉપાંગ "આચારાંગ" સૂત્રનું છે. આ ઉપાંગમાં ચંપાનગરી, કોણિકરાજા, શ્રી મહાવીર પ્રભુ, સાધુજીના ગુણો, તપના બાર પ્રકાર, શ્રી તીર્થંકર મહારાજના સમોસરણની રચના, ચાર ગતિમાં જવાનાં કારણો, દસ હજાર વર્ષના આયુષ્યથી માંડીને મોક્ષ મળે ત્યાં સુધીની કરણી, કેવળસમુદ્ઘાત, મોક્ષનું સુખ, ઈત્યાદિ બાબતોનું બહુ વિસ્તારથી વર્ણન છે. એ ઉપાંગના મૂળ શ્લોક ૧૧૬૭ છે.

૨. **"શ્રી રાયપસેણી"**—આ ઉપાંગ "સૂયગડાંગ" સૂત્રનું છે. એમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંતાનિયા (ચેલાના ચેલા) શ્રી કેશી સ્વામી સાથે શ્વેતાંબિકા નગરીના નાસ્તિક મતવાળા પરદેશી રાજાનો સંવાદ ✻ છે. એના મૂળ શ્લોક ૨૦૭૮ છે.

✻ શ્રી શ્વેતાંબિકા નગરીના પરદેશી રાજાને ચિત્ત નામે પ્રધાન હતો. એ ચિત્ત પ્રધાન ભેટ લઈ શ્રી સાવત્થી નગરીના જિતશત્રુ રાજા પાસે ગયો. શ્રી સાવત્થીમાં શ્રી કેશી સ્વામી પાસે ચિત્ત પ્રધાને ઉપદેશ સાંભળ્યો અને શ્રાવકનાં વ્રત અંગીકાર કર્યાં. શ્રી કેશી સ્વામી પ્રત્યે ચિત્ત પ્રધાને શ્રી શ્વેતાંબિકા નગરીએ પધારવાની વિનંતિ કરી કે જેથી ઉપદેશની અસરથી નાસ્તિક પરદેશી રાજા ધર્મ પામે અને દયા માર્ગનો પ્રભાવ વધે. ઉપકારનું કારણ જાણી શ્રી કેશી સ્વામી શ્રી શ્વેતાંબિકા નગરીએ પધાર્યા. ચિત્ત પ્રધાનને મહારાજ પધાર્યાની ખબર પડતાં અશ્વરથ ફેરવવાને બહાને પરદેશી રાજાને જે બગીચામાં શ્રી કેશી સ્વામી બિરાજતા હતા ત્યાં લાવ્યો. સાધુને જોઈ રાજાએ પ્રધાનને પૂછ્યું કે આ કોણ છે? પ્રધાને કહ્યું કે જીવ અને કાયા બંને જુદાં છે. એમ માનનાર સાધુ છે. તે ઘણા જ વિદ્વાન છે અને ઉત્તમ ઉપદેશ આપે છે, એમ મેં સાંભળ્યું છે. આથી પરદેશી રાજા તરત શ્રી કેશી મુનિ પાસે આવીને સવાલ જવાબ કરવા લાગ્યો.

૩. **જીવાભિગમ**—આ ઉપાંગ શ્રી ઠાણુંગ સૂત્રનુ છે. તેની નવ પ્રતિપત્તી છે. પ્રથમ નવકારમંત્ર છે. પછી અરૂપી રૂપી જીવના ભેદ છે, જેમાં સિદ્ધના ૧૫ પ્રકાર કહ્યા છે. ત્યારબાદ સંસારી જીવોની ૯ પ્રતિપત્તી છે.

પ્રથમ પ્રતિપત્તીમાં છ કાયમાં ત્રણ ત્રણ સ્થાવર તેના ઉપર ૨૩ દ્વાર છે.

બીજી પ્રતિપત્તીમાં ત્રણે વેદની સ્થિતિ, અંતર, અલ્પબહુત્વ અને વિષયના ભેદ છે.

ત્રીજી પ્રતિપત્તીમાં નરકના ત્રણ ઉદેશામાં નરકનું વર્ણન છે. તિર્યંચના ૨ ઉદેશામાં તિર્યંચનું વર્ણન છે. સાધુની અવધિ લેશ્યાનું, અંતરદ્વીપ મનુષ્યનું, કર્મ ભૂમિનાં મનુષ્યનું, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી દેવોનું વર્ણન છે. અસંખ્યાત દ્વીપ સમુદ્રોનું તથા જંબુદ્વીપનું વિસ્તારથી વર્ણન છે. વિજયદેવનું વિસ્તારથી વર્ણન છે. લવણસમુદ્ર, પાતાળ કળશા, પાણીની શિખા, નાગદેવ, વેલંધર દેવ, ધાતકીખંડ દ્વીપ, કાલોદધિ સમુદ્ર, પુષ્કરદ્વીપ, માનુષ્યોત્તર પર્વત, જ્યોતિષીના ઇંદ્રનું ચ્યવન, પુષ્કર સમુદ્ર, વરુણ, ક્ષીર, ઘૃત, ઈક્ષુ, નંદીશ્વર, અરુણ આ નામના દ્વીપ તથા સમુદ્રનું યાવત્ સ્વયંભૂરમણ સમુદ્ર સુધી વર્ણન છે. તથા દ્વીપ સમુદ્રોનું પરિમાણ, સમુદ્રના મચ્છનું પરિમાણ, ઇંદ્રિયોનો વિષય, સમભૂતલથી જ્યોતિષી દેવનું અંતર, જ્યોતિષીની ગતિ, ઋદ્ધિ, વૈમાનિક દેવના બે ઉદેશા ઇત્યાદિ વર્ણન છે.

પરદેશી રાજા—અરે, શું આપ જીવ અને શરીર એ બંનેને જુદાં માનો છો ?

શ્રી કેશી મુનિ—હે રાજન ? તું મારો ચોર છે.

પરદેશી રાજા—(ચમકીને) શું હું ? નહિ. મેં કોઈ દિવસ પણ ચોરી કરી નથી.

શ્રી કેશી મુનિ—શું તારા રાજમાં દાણચોરી કરે તેને તું ચોર નથી કહેતો ?

(ચતુર રાજા આ ઉપરથી તરત ચેતી ગયો કે મેં મુનિને વિધિપૂર્વક વંદના નમસ્કાર નથી કર્યાં તેથી મેં દાણચોરી જેવો જ એમનો અપરાધ કર્યો છે એમ મુનિનું કહેવું છે એમ વિચારી વંદના કરી કહેવા લાગ્યો.)

ચોથી પ્રતિપત્તીમાં એકેન્દ્રિયના ૫ પ્રકારનું વર્ણન છે.

પાંચમી પ્રતિપત્તીમાં છ કાયનું કથન.

છટ્ઠી પ્રતિપત્તીમાં સાત પ્રકારના જીવનું વર્ણન.

સાતમીમાં આઠ પ્રકારના જીવનું વર્ણન.

આઠમીમાં નવ પ્રકારના જીવનું વર્ણન.

નવમી પ્રતિપત્તીમાં દસ પ્રકારના જીવોનું વર્ણન તથા અંતમાં સમુચ્ચય જીવાભિગમ છે.

આ જીવાભિગમ સૂત્રમાં મૂળ શ્લોક ૪૭૦૦ છે.

૪. **'પન્નવણા સૂત્ર'**—આ ઉપાંગ શ્રી સમવાયાંગ સૂત્રનું છે. તેનાં ૩૬ પદ છે.

પરદેશી રાજા—મહારાજ ! હું અહીં બેસું ?

શ્રી કેશી મુનિ—આ પૃથ્વી તારી છે.

(આવા વિચિત્ર પણ અસરકારક પ્રતિઉત્તર સાંભળી રાજાને વિશ્વાસ બેઠો કે, આ સાધુ ઘણા હોશિયાર છે અને મારી ઘણા વખતની શંકાનું સમાધાન નક્કી કરશે.)

પરદેશી રાજા—આપ જીવ અને કાયા એ જુદાં જુદાં માનો છો ?

શ્રી કેશી મુનિ—હા, મરણ સમયે શરીર અહીં પડયું રહે છે અને અંદરનો જીવ બીજા શરીરમાં ઉત્પન્ન થઈ પોતાનાં પૂર્વનાં પુણ્ય-પાપનાં ફળ ભોગવે છે.

પરદેશી રાજા—મારા દાદા ઘણા પાપી હતા, તેથી આપના કહેવા પ્રમાણે તો તેઓ નરકમાં ગયા હશે અને ત્યાં ઘણું દુઃખ ભોગવતા હશે. તે જો ત્યાંથી આવી મને અહીં ચેતવે કે હે પુત્ર ! તું પાપ ન કર, પાપ ન કર. પાપ કરવાથી મારા જેવાં નરકનાં દુઃખો તારે પણ ભોગવવાં પડશે. આ પ્રમાણે જો મારા દાદા મને કહેવા આવે તો હું જીવ અને કાયા જુદાં છે એમ માનું.

શ્રી કેશી મુનિ—તારી સૂરીકંતા રાણીની સાથે કોઈ પાપી માણસને વ્યભિચાર કરતાં તેં જોયો, તો તું તે વખતે શું કરે ?

પરદેશી રાજા—તે જ ઠેકાણે ઠાર મારું.

શ્રી કેશી મુનિ—એ માણસ કદાપિ હાથ જોડી અરજ કરે કે "હે રાજન્ ! મને પા કલાકની રજા આપો, કે જેથી મારા દીકરાને ઉપદેશ આપી આવું

(૧) પ્રજ્ઞાપનાપદ–તેમાં જીવના ૫૬૩ ભેદ. સિદ્ધના ૧૫ પ્રકાર, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય, અશાલિયાની ઉત્પત્તિ, કુલકોડિની સંખ્યા, મનુષ્યના પ્રકાર, અનાર્ય દેશોનાં નામ,

---

કે "ભાઈ, કોઈ વ્યભિચાર ન કરશો, કરશો તો મારી પેઠે દુઃખી થશો." એ પ્રમાણે કહી પાછો આપની સજા ભોગવવા આવીશ એમ કહે, તો તું તે માણસને તેટલો વખત રજા આપી છોડીશ ખરો કે?

પરદેશી રાજા—એવો કોણ મૂર્ખ હોય કે ગુનેગારના બોલવા પર વિશ્વાસ રાખે!

શ્રી કેશી મુનિ—જ્યારે તું એક પાપ કરનારને તારી રાજસત્તાની અંદર જઈને પાછા આવવાની પા કલાકની રજા આપી શકતો નથી, તો તારા દાદા કે જેણે અનેક પાપો કર્યાં હતાં તેને નરકવાસમાંથી આટલે દૂર આવવા સારુ શી રીતે છૂટી મળે?

પરદેશી રાજા—ઠીક, પણ મારી દાદીમાએ બહુ ધર્મ કર્યો હતો, તેઓ પોતાને ધર્મનાં ઉત્તમ ફળ મળેલાં છે તે કહી બતાવવાને સ્વર્ગ છોડી અહીં શા માટે ન આવે?

શ્રી કેશી મુનિ—કોઈ ભંગી તને પોતાના ગંદા ઝૂંપડીમાં બોલાવે તો જશે ખરો કે?

પરદેશી રાજા—અરે! આ આપનો સવાલ કેવો વિચિત્ર છે! હું શું રાજા થઈને દુર્ગંધિના ભંડારરૂપ અપવિત્ર ઝૂંપડીમાં જવા જઉં ખરો કે? કદી નહીં.

શ્રી કેશી મુનિ—તો શું તારાં દાદીમા સ્વર્ગનાં અનેક ઉત્તમ સુખોમાં ગરકાવ થયેલાં તે દુર્ગન્ધયુક્ત આ મનુષ્યલોકમાં આવી શકે ખરાં કે? મનુષ્યલોકની દુર્ગંધિ ૪૦૦–૫૦૦ યોજન સુધી ઊંચે પ્રસાર કરે છે.

પરદેશી રાજા—ઠીક, આ બાબત પરતી મેલીએ. હું આપને બીજો પ્રશ્ન પૂછું છું. એક વખતે મેં એક ગુનેગારને લોઢાની કોઠીમાં પૂરી તે કોઠી ચારે તરફથી મજબૂત બંધ કરી. થોડી વાર પછી તે કોઠી ઉઘાડી જોયું તો તે ગુનેગાર માણસ મરણ પામ્યો હતો, પણ તેના શરીરમાંથી જીવ કોઈ તરફ જતો મેં જોયો નહિ, તો જીવ જુદો હોય તો કોઠીમાંથી શી રીતે ને ક્યાંથી નીકળી ગયો?

શ્રી કેશી મુનિ—કોઈ ગુફાનાં મજબૂત બારણાં બંધ કરી અંદરથી કોઈ માણસ મોટેથી ઢોલ વગાડે તો તે ઢોલનો અવાજ બહાર આવે છે કે નહિ?

પરદેશી રાજા—આવે છે.

સાડી પચીસ આર્ય દેશોનાં નામ, આર્યજાતિ, આર્યકર્મ, આર્યભાષા, આર્યલિપિ અને જ્ઞાન, દર્શન, ચારિત્રના પ્રકાર તથા દેવતાના ૧૯૮ ભેદોનું વર્ણન છે.

શ્રી કેશી મુનિ—એવી રીતે દેહરૂપી ગુફામાંથી જીવ નીકળી શકે છે. પણ તે દૃષ્ટિગોચર થતો નથી. પરમજ્ઞાની મહાત્મા જ તે વાત જ્ઞાનથી જાણીને દેખી શકે છે.

પરદેશી રાજા—એ પ્રમાણે એક ચોરને મેં કોઠીમાં પૂરી, તે કોઠી ચારે તરફથી સજ્જડ બંધ કરી હતી. ઘણા દિવસ ગયા બાદ મેં તે ચોરને બહાર કાઢ્યો તો તેના શરીરમાં અસંખ્ય કીડા પડી ગયા હતા, તો તે કીડા બંધ કોઠીમાં શી રીતે પેઠા ?

શ્રી કેશી મુનિ—લોઢાનો ખૂબ નક્કર ગોળો અગ્નિમાં તપાવીએ તો તેની અંદર બધી તરફ જે રીતે અગ્નિ પ્રવેશ કરે છે તે પ્રમાણે બંધ કોઠીમાં ચોરના શરીરમાં કીડા ઊપજ્યા. (જીવો બહારથી આવી કીડારૂપે ઊપજ્યા).

પરદેશી રાજા—કોઈ પણ જીવાત્મા સદા એકસરખો જ રહે છે, કે નાનો મોટો, ઓછો વધારે, એ પ્રમાણે થાય છે ?

શ્રી કેશી મુનિ—કોઈ પણ જીવાત્મા પોતે તો સદા એકસરખો જ રહે છે.

પરદેશી રાજા—જો એમ છે તો, જુવાન માણસના હાથથી જેવી રીતે બાણ છૂટે છે તેવી રીતે તે માણસ વૃદ્ધ થતાં શા માટે છૂટતું નથી ?

શ્રી કેશી મુનિ—જેમ નવું ધનુષ્ય (કામઠું) હોય, તેના પર કોઈ બાણ ચડાવીને ફેંકીએ તો જેટલે દૂર અને જેટલા જોરથી જાય તેમ જૂના ધનુષ્ય પર તે બાણ ચડાવતાં થતું નથી તેની પેઠે સમજવું.

પરદેશી રાજા—જુવાનથી જેટલો ભાર ઉપાડાય છે તેટલો ઘરડા માણસથી ઊપડતો નથી તેનું શું કારણ ?

શ્રી કેશી મુનિ—નવું શીકું, જેટલું વજન ઉઠાવે છે તેટલું જૂનું શીકું ઉઠાવતું નથી તેની પેઠે સમજવું.

પરદેશી રાજા—મેં એક જીવતા ચોરને જોખ્યો, પછી તેને ગળે ચીપ દઈ શ્વાસ રૂંધી મારી નાખીને જોખ્યો તો પ્રથમના જેટલું જ વજન થયું. જો જીવ અને કાયા અલગ અલગ માનીએ તો કાયામાંથી જીવ નીકળી ગયા પછી શરીરનું વજન ઓછું થવું જોઈએ, તે કાં ન થયું ?

શ્રી કેશી મુનિ—ચામડાની મશક (કોથળી) ને પ્રથમ તેમાં હવા ભરી જોખી જુઓ, તે પછી તેમાંથી હવા કાઢી નાંખીને તોળી જુઓ તો બંને વખતનો તોલ એક સરખો રહે છે તેની પેઠે સમજવું.

પરદેશી રાજા—મેં એક ચોરના કટકે કટકા કરી જોયું તો તેમાં મેં

(૨) સંસ્થાનપદમાં ૨૪ દંડકનાં જીવોનાં નિવાસસ્થાનનું વિસ્તારથી વર્ણન છે, સિદ્ધશિલા અને સિદ્ધ ભગવાનનું કથન છે.

કોઈ સ્થળે જીવને જોયો નહિ, તો પછી શરીરમાં જીવ ક્યાં હશે ?

શ્રી કેશી મુનિ—હે રાજન ! તું એક કઠિયારા જેવો મૂર્ખ લાગે છે.

એક વખત કેટલાક કઠિયારા વગડામાં લાકડાં કાપવા ગયા. તેઓએ પોતામાંના એક કઠિયારાને એક જગ્યાએ બેસાડી કહ્યું કે ભાઈ, તું અહીં બેસજે. આ અરણીના લાકડાંમાંથી અગ્નિ સળગાવી ભોજન તૈયાર કરજે. અમે બધા લાકડાં કાપીને આવીશું ત્યારે અમારાં લાકડામાંથી તને ભાગ આપીશું. બીજા બધા લાકડાં કાપવા ગયા. પછી આ કઠિયારે રસોઇને માટે અગ્નિ મેળવવા અરણીના છોડનાં લાકડાં લાવી તેના કટકે કટકા કરી નાંખ્યા પણ તેમાંથી દેવતા મળી શક્યો નહિ. છેવટે બધા કઠિયારા લાકડાં કાપી ત્યાં આવ્યા અને આ કઠિયારાને અરણીના લાકડાના કટકા કરતો તથા તેમાં અગ્નિ શોધતો જોઈ હસી પડયા. તરત જ તેઓએ પોતાના હાથે અરણીના લાકડાને પરસ્પર ખૂબ ઘસી અગ્નિ ઉત્પન્ન કરી રસોઈ બનાવી.

હે રાજન્ ! તું પણ પેલા કઠિયારા જેવો મૂર્ખ છે !

પરદેશી રાજા—મુનિ મહારાજ ! હું એમાં કંઈ સમજ્યો નથી. મને તો પ્રત્યક્ષ દાખલો આપી શરીરમાં જીવ છે એ સાબિત કરી બતાવો તો માનું.

શ્રી કેશી મુનિ—ભલા, આ સામેના ઝાડનાં પાંદડાં શાથી હાલે છે ?

પરદેશી રાજા—હવાથી.

શ્રી કેશી મુનિ—એ હવા કેવડી મોટી છે તથા તેનો રંગ કેવો છે !

પરદેશી રાજા—એ હવા દેખાતી નથી તેથી હું શી રીતે કહી શકું ?

શ્રી કેશી મુનિ—હવા દેખાતી નથી, છતાં તેં શી રીતે જાણ્યું કે હવા છે ?

પરદેશી રાજા—આ પાંદડાં હલે છે તેથી.

શ્રી કેશી મુનિ—બસ, એ પ્રમાણે શરીરની હાલવા-ચાલવા વગેરે ક્રિયાથી આપણે જાણીએ કે તેમાં જીવ છે.

પરદેશી રાજા—મહારાજ ! આપે કહ્યું કે બધા જીવ એકસરખા છે, તો કીડી નાની અને હાથી મોટો શી રીતે હોઈ શકે ?

શ્રી કેશી મુનિ—એક દીવો વાટકાની અંદર જેમ વાટકા જેટલી જ જગામાં પ્રકાશ ફેલાવે છે અને તે જ દીવો મહેલની અંદર મહેલ જેટલી જગામાં પ્રકાશ આપે છે તે વખતે દીવાની જ્યોત કંઈ નાનીમોટી હોતી નથી પણ એકસરખી જ હોય છે; તે પ્રમાણે જીવનું શરીરરૂપી ઘરમાં સમજવું.

(૩) બહુ વક્તવ્યપદમાં ગતિ[૧], જાતિ[૨], કાયા[૩] જોગ[૪], વેદ[૫], કષાય[૬], લેશ્યા[૭], દૃષ્ટિ[૮], જ્ઞાન[૯], દર્શન[૧૦], સંયતિ[૧૧], ઉપયોગ[૧૨], આહારક[૧૩], ભાષક[૧૪], પરિત્ત[૧૫], પર્યાપ્ત[૧૬], સૂક્ષ્મ[૧૭], સંજ્ઞા[૧૮],

---

પરદેશી રાજા—મહારાજ, આપની આ બધી વાતો તો ન્યાય પક્ષની છે. પણ મારા બાપદાદાના વખતથી જે ધર્મ હું પાળું છું તે મારાથી શી રીતે છોડાય ?

શ્રી કેશી મુનિ—નહિ છોડ તો " લોહ વાણિયા "ની પેઠે તારા હાલ થશે. લોહ વાણિયો પોતાની લોઢું રાખવાની હઠ ન છોડીને પછી ખૂબ પસ્તાવો કરવા લાગ્યો તેમ થશે.

પરદેશી રાજા—મહારાજ ! લોહવાણિયાએ શું કર્યું હતું, વાત કહેશો ?

શ્રી કેશી મુનિ—સાંભળ.

ચાર વાણિયા એક વખત કમાવા માટે પરદેશ નીકળ્યા. રસ્તામાં એક જગાએ લોઢાની ખાણ આવી. ચારે જણે તે ખાણમાંથી લોઢાની ગાંસડી બાંધી લીધી. આગળ ચાલ્યા તો એક જગાએ ત્રાંબાની ખાણ આવી. એ ખાણને જોઈ ત્રણ જણે તો લોઢાને ફેંકી દઈ ત્રાંબાની ગાંઠડી બાંધી લીધી. ચોથાએ કહ્યું કે આપણે તો લીધું તે લીધું; એમ વિચારી લોઢાની ગાંઠડી જ રાખી. આગળ જતાં રૂપાની, તે પછી સોનાની ખાણ આવી. તે વખતે ત્રણે જણે ત્રાંબાની ગાંઠડી છોડી રૂપાની અને રૂપાની ગાંઠડી છોડી સોનાની ગાંઠડી બાંધી લીધી. આખરે હીરા માણેકની ખાણ આવી ત્યારે પણ સોનાની ગાંઠડી છોડી હીરા માણેકની બાંધી લઈ કમાણી કરી ઘણા સુખી થયા પણ પેલા લોહ વાણિયાએ તો લોઢાની ગાંઠડી છેક લગી છોડી જ નહીં ને નાહક લોઢાનો બોજો ઉપાડી દુઃખી થયો અને ગરીબ રહ્યો. એ પ્રમાણે તું કદાગ્રહ (હઠ) રાખી તારા બાપદાદાનો ધર્મ નહિ છોડે તો દુઃખી થઈશ.

આ સાંભળી રાજાએ જૈન ધર્મ અંગીકાર કર્યો. સમકિત સહિત વ્રતપચ્ચખ્ખાણ ધારણ કર્યાં. પોતાની રાજલક્ષ્મીના ચાર ભાગ કરી એક ભાગ દાન માટે રાખ્યો અને છઠ છઠનાં પારણાં શરૂ કર્યાં. મહારાજ કેશી મુનિ ત્યાંથી વિહાર કરી ગયા. રાણી સૂરીકંતાએ પોતાના સ્વામી (પરદેશી રાજા) ને ધર્મયુક્ત જાણી તેમ જ સંસારના રંગરંગ ભોગવિલાસથી વિરક્ત જોઈ, મારે હવે તે નિરુપયોગી છે એમ સમજી તેરમા છઠને પારણે વિષ ખવરાવ્યું. રાજાને વિષ ખવરાવ્યાની ખબર પડી છતાં સમભાવ રાખી સમાધિભાવમાં મૃત્યુ પામી પહેલા દેવલોકના સૂર્યાભ નામના વિમાને દેવપણે ઊપજ્યા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઊપજશે, સંયમ લઈ મોક્ષ પધારશે.

ભવ્ય[૧૯], અસ્તિકાય[૨૦], ચરમ[૨૧], ક્ષેત્ર[૨૨], બંધ[૨૩], પુદ્દગલ[૨૪]. આ ૨૪ દ્વારો ઉપર ૧૪ જીવના ભેદ, ૧૪ ગુણસ્થાન, ૧૫ યોગ, ૧૨ ઉપયોગ, ૬ લેશ્યા, એ ૬૧ અને બાસઠમો અલ્પબહુત્વ. એમ ૬૨ બોલ ઉતાર્યા છે. જીવના ૨૫૬ ઢગલા અને ૯૮ બોલનો અલ્પબહુત્વ-દ્વાર પણ આમાં છે.

(૪) સ્થિતિપદમાં–૨૪ દંડકના અપર્યાપ્તા પર્યાપ્તાની, નરકના પાથડાની, ભવનપતિ દેવ, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય તથા તીર્થંકર-ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, અકર્મભૂમિ, જ્યોતિષી, દેવલોક એ બધાંની અલગ અલગ સ્થિતિ (આયુષ્ય) બતાવેલ છે.

(૫) પર્યાયપદમાં–૨૪ દંડકનાં આયુષ્ય, અવગાહના તથા રૂપી, અરૂપી, અજીવ, પરમાણુથી અનંત પ્રદેશી સ્કંધ આદિનું કથન છે.

(૬) વિરહપદમાં–ચ્યવન, ઉદ્વર્તનનું, પ્રતિ સમય આશ્રયી વિરહ (અંતર) પડવાનું, ગતાગતિનું અને પરભવના આયુબંધનું કથન છે.

(૭) શ્વાસોશ્વાસપદમાં ૨૪ દંડકના શ્વાસોશ્વાસનું પરિમાણ છે.

(૮) સંજ્ઞાપદમાં ૧૦ સંજ્ઞાનાં નામ તથા સંજ્ઞા કયા કર્મથી થાય છે, તે તથા ૨૪ દંડકમાં કેટલી સંજ્ઞા લાભે તે તથા અલ્પબહુત્વ છે.

(૯) યોનિપદમાં બાર પ્રકારની યોનિનો ૨૪ દંડક પર અલ્પબહુત્વ છે.

(૧૦) ચરમપદમાં સાતે નરકનું, લોકાલોકનું, પરમાણુથી માંડી અનંતપ્રદેશી સ્કંધ સુધીનું તથા સ્થિતિ, ભવ, ભાષાદિના ચરમાચરમનું કથન છે.

(૧૧) ભાષાપદમાં અવધારણી ભાષા, સત્ય ભાષા, અસત્ય ભાષા, મિશ્ર ભાષા અને વ્યવહાર ભાષા, આ ચાર ભાષાના ૪૨ પ્રકાર કહ્યા છે. તથા ભાષાની આદિ બતાવી છે. ભાષક, અભાષકનું, ભાષાનાં દ્રવ્ય

ગ્રહણ કરવાનું, પાંચ પુદ્‌ગલના પરિણામના ૨૬ પ્રકારથી ખુલાસો વગેરે છે.

(૧૨) શરીરપદમાં પાંચ શરીરનાં નામ અને અર્થ, ૨૪ દંડકનાં શરીર, બંધેલગા, મુક્કેલગાનું કથન છે. અઢી દ્વીપનાં મનુષ્યોની સંખ્યાના ૨૯ આંક તથા તેની ગણુતરીની વિધિ બતાવી છે.

(૧૩) પરિણામપદમાં–જીવ–પરિણામપદમાં ૪૧ ભેદ ચોવીસ દંડક ઉપર ઉતાર્યા છે. અજીવ–પરિણામના ૩૬ ભેદ કહ્યા છે. પરિણામના ૫૦ બોલ ૨૪ દંડક ઉપર ઉતાર્યા છે.

(૧૪) કષાયપદમાં ૫૨૦૦ ભાંગા ચાર કષાયના કહ્યા છે.

(૧૫) ઇન્દ્રિયપદ–તેના બે ઉદ્દેશા છે. પ્રથમ ઉદ્દેશામાં પાંચ ઇન્દ્રિયનાં ૨૫ દ્વાર છે, તે ૨૪ દંડક ઉપર ઉતાર્યા છે, ઇન્દ્રિય સ્પર્શનો વિષય બતાવ્યો છે. આરીસાના પ્રશ્નોત્તર છે. આકાશ પ્રદેશ અને અવગાહનાનું કથન છે. ૪૦ દ્વીપ સમુદ્રનાં નામ છે. અલોકના આકાશનું કથન છે. અને બીજા ઉદ્દેશામાં પાંચ ઇન્દ્રિયોનાં ૧૩ દ્વાર છે, તે ૨૪ દંડક ઉપર ઉતાર્યા છે. એક જીવ, અનેક જીવની પૃથક્ પૃથક્ તથા પરસ્પર ભાવેન્દ્રિય કેટલી હોય તે કથન છે.

(૧૬) યોગપદમાં–૧૫ યોગમાંથી ૨૪ દંડકમાં કેટલા યોગ હોય તે કથન છે તથા ૫ શરીરના ભાંગા અને પાંચ પ્રકારની ગતિ બતાવી છે.

(૧૭) લેશ્યા પદમાં–છ ઉદ્દેશા છે. તેમાંથી પહેલા ઉદ્દેશામાં લેશ્યાનાં ૯ દ્વાર છે. તે ૨૪ દંડક ઉપર ઉતાર્યા છે. બીજા ઉદ્દેશામાં ૨૪ દંડકની લેશ્યાનો અલ્પબહુત્વ અને રિદ્ધિનું કથન છે. ત્રીજા ઉદ્દેશામાં–ગતિમાં ઉત્પન્ન થવાની લેશ્યાનું, અવધિજ્ઞાનની લેશ્યાનું અને લેશ્યામાં જ્ઞાનનું કથન છે. ચોથા ઉદ્દેશામાં છ લેશ્યા ઉપર ૧૪ દ્વાર છે. પાંચમા ઉદ્દેશામાં છ લેશ્યાનાં પરસ્પર પરિણામ છે. છઠ્ઠા ઉદ્દેશામાં મનુષ્યમાં લેશ્યા પરિણામ વિશેષ બતાવ્યું છે.

(૧૮) કાયસ્થિતિપદમાં કાયસ્થિતિનાં ૨૨ દ્વારોનું વિસ્તારપૂર્વક વર્ણન છે.

(૧૯) દૃષ્ટિપદમાં ત્રણ દૃષ્ટિમાંથી ૨૪ દંડકમાં કેટલી દૃષ્ટિ લાભે તે બતાવ્યું છે.

(૨૦) અંતક્રિયાપદમાં–અંતક્રિયાનાં ૯ દ્વારો ૨૪ દંડક ઉપર ઉતાર્યાં છે. અંતક્રિયકની સંખ્યા તથા સિદ્ધસ્વરૂપ દર્શક ૮ દ્વાર ઉપર ૧૬ દ્વાર ઉતાર્યાં છે. જીવની પરસ્પર ઉત્પત્તિ, ધર્મ અને મોક્ષપ્રાપ્તિનું કથન છે. ૨૩ પદવી કયા કયા જીવો પ્રાપ્ત કરે ? કયા કયા જીવ કેવા કેવા દેવ થાય તથા અસંજ્ઞીના પ્રકાર ઈત્યાદિ વર્ણન છે.

(૨૧) શરીરપદમાં–૫ શરીરનાં આઠ દ્વાર, ૨૪ દંડકની અવગાહના, સંસ્થાન, નરકના પાથડા અને દેવલોકના પ્રતરની અલગ અલગ અવગાહના, આહારક, તૈજસ અને કાર્મણ શરીરનું સ્વરૂપ, મારણાંતિક સમુદ્‌ઘાત કેવી રીતે હોય ? શરીરનો પરસ્પર સંબંધ અને દ્રવ્ય-પ્રદેશનો અલ્પબહુત્વ છે.

(૨૨) ક્રિયાપદમાં–કાયિકી આદિ ૫ ક્રિયાઃ સક્રિય, અક્રિય, ક્રિયાથી કર્મબંધ, પરસ્પર ક્રિયા, કાલ ક્ષેત્ર જીવ આશ્રયી ક્રિયા, આરંભિયા આદિ ૫ ક્રિયા ૨૪ દંડક ઉપર, પરસ્પર ક્રિયાથી નિવૃત્તિના ચાર ભાંગા ઇત્યાદિ કથન છે.

(૨૩) કર્મબંધ પદના બે ઉદ્દેશા છે. પ્રથમ ઉદ્દેશામાં–કર્મબંધનાં ૫ દ્વાર અને કર્મબંધની વિધિ છે. બીજા ઉદ્દેશામાં–આઠ કર્મની ઉત્તર પ્રકૃતિની સ્થિતિ, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીની કર્મપ્રકૃતિની સ્થિતિ અને કર્મપ્રકૃતિના બંધનું કથન છે.

(૨૪) કર્મસ્થિતિપદમાં એક પ્રકૃતિમાં અન્ય પ્રકૃતિનો બંધ થાય અને બંધના ભાંગા બતાવ્યા છે.

(૨૫) કર્મવેદનાપદમાં એક કર્મ બાંધતાં કેટલાં કર્મ વેદે તે બતાવ્યું છે.

(૨૬) કર્મ પ્રકૃતિપદમાં એક કર્મ વેદતાં કેટલાં કર્મ બાંધે તેના ભાંગા છે.

(૨૭) ક્રિયાપદમાં એક કર્મ વેદતાં કેટલાં કર્મ વેદે તે દર્શાવ્યું છે.

(૨૮) આહારપદમાં આહારનાં ૧૧ દ્વાર ૨૪ દંડક ઉપર ઉતાર્યાં છે.

(૨૯) ઉપયોગપદમાં બાર ઉપયોગ ૨૪ દંડક ઉપર ઉતાર્યા છે.

(૩૦) પશ્યતાપદમાં દેખવાવાળા ૯ ઉપયોગનું કથન છે.

(૩૧) સંજ્ઞીપદમાં–૨૪ દંડકમાં સંજ્ઞી અસંજ્ઞીના ભેદ બતાવ્યા છે.

(૩૨) સંજયાપદમાં – સંયતિ આદિ ૨૪ દંડકમાં કોણ તે બતાવ્યું છે.

(૩૩) અવધિપદમાં – અવધિજ્ઞાનનું સ્વરૂપ ૧૦ દ્વારે કરી બતાવ્યું છે.

(૩૪) પરિચારણાપદમાં–દેવદેવીના ભોગનું વર્ણન છે.

(૩૫) વેદનાપદમાં–વિવિધ વેદનાનું કથન છે.

(૩૬) સમુદ્‌ઘાતપદમાં–સાતે સમુદ્‌ઘાતનું બહુ વિસ્તારથી કથન છે.

આ પન્નવણા સૂત્રમાંથી સેંકડો થોકડા નીકળે છે. ગહન જ્ઞાનનો સાગર આ શાસ્ત્ર છે.

તેના મૂળપાઠના ૭૭૮૭ શ્લોક છે.

૫. **જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ**–આ શ્રી ભગવતી સૂત્રનું ઉપાંગ છે. આમાં જંબુદ્વીપની જગતી, ભરતક્ષેત્ર, વૈતાઢ્ય પર્વત, ઋષભકૂટ, છ આરા, ઋષભદેવજીનું ચરિત્ર, નિર્વાણ મહોત્સવ, ઉત્સર્પિણીનું વર્ણન, વિનીતા નગરી, ભરત ચક્રવર્તીનું વર્ણન, ચક્રરત્નની ઉત્પત્તિ, દિગ્વિજય

પટ્ખંડસાધન, ત્રણ તીર્થ, વૈતાઢ્યની તિમિસ્રા ગુફા, ઉમગજલા અને નિમગજલા નદી, આપાત ચલાત, મ્લેચ્છ સાથે લડાઈ, ગંગા સિંધુ દેવી, નવ નિધિની પ્રાપ્તિ, વિનીતા નગરીમાં ચક્રવર્તીનો પ્રવેશ, રાજ્યારોહણ મહોત્સવ, ચક્રવર્તીની ઋદ્ધિ, અરીસાભવનમાં ભરતજીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ, ચુલ્લહિમવંત પર્વત, હેમવયક્ષેત્ર, મહાહિમવંત પર્વત, હરિવાસક્ષેત્ર, નિષધ પર્વત, મહાવિદેહક્ષેત્ર, ગજદંતા પર્વત, ઉત્તરકુરુક્ષેત્ર યમકદેવની રાજધાની, જંબુવૃક્ષ, કચ્છાદિ ૩૨ વિજય, સીતામુખ વન, મેરુ પર્વત, નીલવંત પર્વત, રમ્યકવાસક્ષેત્ર, રૂપીપર્વત, હિરણ્યવયક્ષેત્ર, શિખરી પર્વત, ઐરવતક્ષેત્ર, આ બધાંનું સવિસ્તર વર્ણન છે. તીર્થંકરોના જન્માભિષેકનું સવિસ્તૃત વર્ણન છે.

ખંડાજોયણનો થોક ૧૦ દ્વાર. ચંદ્ર સૂર્યની સંખ્યા, સૂર્યમંડલનું અંતર, લાંબાં પહોળાં, મેરુથી અંતર, હાનિ વૃદ્ધિ, ઉદય અસ્તની રીત, સંવત્સરનાં નામ; મહિનાનાં નામ, પક્ષનાં નામ, તિથિનાં નામ, રાત્રિનાં નામ, મુહુર્તનાં નામ, કરણનાં નામ, ચળ—સ્થિર કરણ, નક્ષત્ર, નક્ષત્રના દેવ, તારાની સંખ્યા, નક્ષત્રનાં ગોત્ર, નક્ષત્રનાં સંસ્થાન, નક્ષત્રનો ચંદ્ર સાથે સંયોગ, કુલ ઉપકુલ નક્ષત્ર, રાત્રિ પૂરનારાં નક્ષત્ર. પોરસીનું પરિમાણ, અધો ઉર્ધ્વ તારા, વિમાનવાહક દેવો; જ્યોતિષીની રિદ્ધિ, પરસ્પર, અંતર, અગ્રમહિષી, ૮૮ ગ્રહોનાં નામ, જંબુદ્વીપના ઉત્તમ પુરુષો. જંબુદ્વીપની લંબાઈ પહોળાઈ, જંબુદ્વીપની સ્થિતિ ઇત્યાદિ વર્ણન છે.

તેના મૂળ *શ્લોક ૪૧૪૬ છે.

૬—૭. ચંદ્રપ્રજ્ઞપ્તિ તથા સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર—આ જ્ઞાતા સૂત્રનાં બે ઉપાંગ છે. બન્નેનાં વીસ વીસ પ્રાભૃત છે.

પહેલા પ્રાભૃતનાં ૮ પ્રતિપ્રાભૃત છે. તેમાં પહેલા પ્રતિપ્રાભૃતમાં મંડલ પ્રમાણ છે. બીજામાં મંડલ સંસ્થાન છે. ત્રીજામાં મંડલનાં ક્ષેત્ર

---

* તેમાં અગાઉ ૩૦૫૦૦૦ પદ હતાં, ચંદ્રપ્રજ્ઞપ્તિનાં ૫૫૦૦૦ પદ હતાં સૂર્ય પ્રજ્ઞપ્તિનાં ૩૫૦૦૦૦ પદ હતાં.

છે. ચોથામાં જ્યોતિષીનાં અંતર છે, પાંચમામાં દ્વીપાદિમાં જ્યોતિષીની ગતિ અને અંતર છે. છઠ્ઠામાં રાત્રિદિનના ક્ષેત્ર સ્પર્શ છે. સાતમામાં મંડલ સંસ્થાન અને આઠમામાં પ્રમાણ બતાવ્યું છે.

બીજા પ્રાભૃતનાં ત્રણ પ્રતિપ્રાભૃત છે. તેમાં પહેલા પ્રતિપ્રાભૃતમાં તિર્છી ગતિનું પ્રમાણ છે. બીજામાં મંડલસંક્રમણ કેવી રીતે થાય તે કથન છે અને ત્રીજામાં એક મુહુર્તમાં ગતિનું પ્રમાણ છે.

ત્રીજા પ્રાભૃતમાં ક્ષેત્ર પ્રમાણ છે.

ચોથા પ્રાભૃતમાં તાપક્ષેત્રનું પ્રમાણ છે.

પાંચમા પ્રાભૃતમાં સંક્ષિપ્ત પ્રતિઘાતનું સ્વરૂપ છે.

છઠ્ઠા પ્રાભૃતમાં પ્રકાશનું પ્રમાણ છે.

સાતમા પ્રાભૃતમાં સંક્ષિપ્ત પ્રકાશનું પ્રમાણ છે.

આઠમા પ્રાભૃતમાં ઉદય અસ્તનું પ્રમાણ છે.

નવમા પ્રાભૃતમાં પુરુષ છાયાનું પ્રમાણ છે.

દસમા પ્રાભૃતનાં ૨૧ પ્રતિપ્રાભૃત છે. જેમાં પહેલા પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રના ચંદ્ર સાથે યોગ બતાવેલ છે. બીજા પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રની મુહુર્તગતિનું પ્રમાણ છે. ત્રીજામાં નક્ષત્રની દિશા બતાવી છે. ચોથામાં યુગની આદિનાં નક્ષત્ર બતાવ્યા છે. પાંચમામાં કુલ, ઉપકુલ અને કુલોપકુલ નક્ષત્ર બતાવ્યાં છે. છઠ્ઠામાં પૂર્ણિમા અમાવાસ્યાએ નક્ષત્રના યોગ બતાવ્યા છે, તથા પર્વ, તિથિ, નક્ષત્ર ગણવાની વિધિ બતાવી છે, સાતમામાં નક્ષત્રના સન્નિપાત બતાવ્યા છે. આઠમામાં નક્ષત્રનાં સંસ્થાન કહ્યાં છે. નવમામાં નક્ષત્રના તારાની સંખ્યા કહી છે. દસમામાં અહોરાત્રિ પૂર્ણ કરવાવાળાં નક્ષત્ર કહ્યાં છે. અગિયારમામાં ચંદ્ર સાથે નક્ષત્રના માર્ગ બતાવ્યા છે. બારમામાં નક્ષત્રના અધિષ્ઠિત દેવોનાં નામ કહ્યાં છે. તેરમામાં ત્રીસ મુહુર્તના નામ, ચૌદમામાં તિથિનાં નામ, પંદરમામાં તિથિ શોધવાની વિધિ બતાવી છે. સોળમામાં નક્ષત્રોનાં ગોત્ર કહ્યાં છે. સત્તરમામાં ૨૮ નક્ષત્રમાં સુખપ્રદ ભોજન બતાવ્યાં છે. અઢારમામાં ચંદ્ર, સૂર્યની

ગતિનું પ્રમાણ છે. ઓગણીસમામાં બાર મહિનાનાં નામ, વીસમામાં પાંચ સંવત્સરનું વર્ણન, એકવીસમામાં ચારે દિશાનાં નામ તથા બાવીસમા પ્રતિપ્રાભૃતમાં નક્ષત્રોના યોગ બતાવ્યા છે.

અગિયારમા પ્રાભૃતમાં સંવત્સરના આદિ-અંતનું સ્વરૂપ છે.

બારમા પ્રાભૃતમાં સંવત્સરના પરિણામ છે.

તેરમામાં ચંદ્રની હાનિવૃદ્ધિનું સ્વરૂપ છે.

ચૌદમામાં શુકલપક્ષ કૃષ્ણપક્ષનું કારણ બતાવ્યું છે.

પંદરમામાં જ્યોતિષીની શીઘ્ર-મંદ ગતિ બતાવી છે.

સોળમામાં ઉદ્યોતનાં લક્ષણ કહ્યાં છે.

સત્તરમામાં ચંદ્રસૂર્યના ચ્યવનનું કથન છે.

અઢારમામાં જ્યોતિષીની ઊંચાઈ બતાવી છે.

ઓગણીસમામાં ચંદ્ર સૂર્યની સંખ્યા કહી છે.

વીસમા પ્રાભૃતમાં ચંદ્રસૂર્યના અનુભવ, જ્યોતિષીના ભોગોની ઉત્તમતાનાં દૃષ્ટાંત અને ૮૮ ગ્રહોનાં નામ છે.

આ બન્ને ઉપાંગોનો સમાસ એકસરખો જ છે. નામમાત્રની ભિન્નતા છે. આ સૂત્રો જ્ઞાનીગમ્ય છે.

બન્નેના પૃથક્ પૃથક્ મૂળપાઠના ૨૨૦૦ શ્લોક છે.

૮. **"નિરિયાવલિકા"**–એ શ્રી ઉપાસકદશાંગનું ઉપાંગ છે. તેનાં ૧૦ અધ્યયન છે. તેમાં શ્રેણિક રાજાના ૧. કાલ, ૨. સુકાલ, ૩. મહાકાલ, ૪. કૃષ્ણકુમાર, ૫. સકૃષ્ણકુમાર, ૬. મહાકૃષ્ણકુમાર, ૭. વીરકૃષ્ણકુમાર ૮. રામકૃષ્ણકુમાર, ૯. પ્રિયસેનકુમાર અને, ૧૦. મહાસેનકૃષ્ણકુમાર એ ૧૦ કુમારોનો અધિકાર છે,

શ્રેણિકનો પુત્ર કોણિક પોતાના પિતાને મારીને રાજા થયો. ત્યારબાદ પોતાના નાના ભાઈ વિહલ્લકુમાર પાસેથી હાર અને સિંચાનક હાથી બલાત્કારે પડાવી લેવા તત્પર થયો. વિહલ્લકુમાર પોતાના નાના

ચેડા મહારાજાને શરણે ગયો. બન્ને વચ્ચે ઘોર સંગ્રામ થયો. ચેડા રાજાએ પોતાના ધર્મમિત્ર ૯ મલ્લી અને ૯ લચ્છી એમ ૧૮ રાજાઓના ૫૭ હજાર હાથી, ઘોડા રથ અને ૫૭ ક્રોડ પાયદળ સાથે અને કોણિક પોતાના ૧૦ ભાઈઓના ૩૩ હજાર હાથી, ઘોડા, રથ અને ૩૩ ક્રોડ પાયદળ સાથે સામસામા સંગ્રામમાં ઊતર્યા.

ચેડા રાજાએ કોણિકના દસ ભાઈઓને મારી નાંખ્યા. છેવટે કોણિક રાજાએ ચમરેંદ્ર અને શક્રેન્દ્રની સહાયથી રથમુશલ અને મહાશિલાકંટક સંગ્રામ કર્યો. જેમાં ૧ ક્રોડ ૮૦ લાખ મનુષ્ય માર્યા ગયા. તેમાં એક મનુષ્ય દેવગતિમાં અને એક મનુષ્યગતિમાં અને બાકીના બધા નરક તિર્યંચ ગતિમાં ગયા. હાર દેવતા લઈ ગયા અને સિંચાનક હાથી અગ્નિની ખાઈમાં પડીને મરી ગયો. ચેડા રાજાને ભુવનપતિ દેવ લઈ ગયા અને વિહલ્લકુમારે દીક્ષા લઈ આત્માર્થ સાધ્યો વગેરે વર્ણન છે.

૯. " કપ્પવડિંસિયા "– એ શ્રી અંતગડ દશાંગ સૂત્રનું ઉપાંગ છે. તેના ૧૦ અધ્યયનો છે. એમાં શ્રેણિક રાજાના પૌત્ર તે કાલિયાદિક દસ કુમારના દીકરા પદ્મ, મહાપદ્મ, વગેરેએ દીક્ષા લીધી, અને કાળ કરી દેવલોકમાં ઊપજ્યા તેનો અધિકાર છે.

૧૦. " શ્રી પુપ્ફિયા "– એ શ્રી અનુત્તરોવવાઈ સૂત્રનું ઉપાંગ છે. એનાં દસ અધ્યયનો છે અને એમાં ચંદ્ર, સૂર્ય, શુક્ર, મણિભદ્ર, પૂર્ણભદ્ર; ઈત્યાદિની પૂર્વભવની કરણીનો તથા સોમલ બ્રાહ્મણ; તથા શ્રી પાર્શ્વનાથ સ્વામીનો સંવાદ, બહુપુત્તિઆ દેવી, વગેરેનો અધિકાર છે.

૧૧. " શ્રી પુપ્ફ ચૂલિયા "– એ શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રનું ઉપાંગ છે. તેનાં ૧૨ અધ્યયનો છે. તેમાં શ્રી હ્રી ધ્રિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી, ઈલા, સુરા, રસ અને ગંધ દેવી કે જે પાર્શ્વનાથ ભગવાનની સાધ્વીઓ હતી અને સંયમની વિરાધના કરી દેવીઓ થઈ તેનો અધિકાર છે.

૧૨. " શ્રી વહ્નિ દશા "– એ શ્રી વિપાક સૂત્રનું ઉપાંગ છે; એનાં ૧૦ અધ્યયનો છે. તેમાં બળભદ્રજીના નિષઢકુમાર વગેરે કે

જેઓ સંયમ લઇ અનુત્તર વિમાનમાં દેવતા થયા તેના પૂર્વ ભવ વગેરેનું વર્ણન છે.

(નિરિયાવલિકા, કપ્પવડિંસિયા પછી પુપ્ફચૂલિયા અને વહ્નિદશા, એ ઉપાંગનું એક જૂથ છે. એ પાંચનું જૂથ "નિરિયાવલિકા" એ નામથી પ્રસિદ્ધ છે. એમા મૂળ શ્લોક ૧૧૦૯ છે.)

૪ છેદસૂત્ર

જેવી રીતે વસ્ત્ર ફાટે કે પાત્ર ફૂટે તો તેને થીગડાં આદિ લગાવી સાંધીને બરાબર ઠીક કરી લેવામાં આવે છે તેવી જ રીતે, ગ્રહણ કરેલાં સંયમવ્રતમાં નાનામોટા દોષ લાગવાથી તે ખંડિત થાય ત્યારે પ્રાયશ્ચિત લઈને તેને સાંધવા કે શુદ્ધ કરવાનું નિમ્નોક્ત સૂત્રોમાં કથન છે. તેથી તેને છેદસૂત્ર કહેવામાં આવે છે.

૧. વ્યવહાર સૂત્ર-તેના ૧૦ ઉદેશા છે.

પહેલા ઉદેશામાં નિષ્કપટ સકપટ આલોચકનું પ્રાયશ્ચિત્ત. પ્રાયશ્ચિત્ત લીધા પછી ફરી પ્રાયશ્ચિત્તનું કામ કરે તેનું, પરિહારિક તપ વચ્ચમાં છોડવાનું, એકલવિહારિનું, શિથિલને પાછો ગચ્છમાં લેવાનું કારણ અને પ્રાયશ્ચિત્ત બતાવ્યાં છે. પરમત આશ્રયી ગૃહસ્થ થઈ પુનઃ સાધુ થવાનું અને આલોચના કોની પાસે કરવી તેનું કથન છે.

બીજા ઉદેશામાં બે અથવા ઘણા સાધુ એકસરખી સમાચારીવાળા સદોષી હોય તેને સદોષી રોગીની પણ વૈયાવચ્ચ કરવાનું, અનવસ્થિત પુનઃ સંયમારોપણ, આળ ચડાવનારા, ગચ્છ છોડી પાછા ગચ્છમાં આવે તથા એકપક્ષી સાધુ સાધુના પરસ્પરના સંભોગનું કથન છે.

ત્રીજા ઉદેશામાં ગચ્છાધિપતિ કોણ થઇ શકે ? તેમના આચાર, થોડા કાળનાને પણ આચાર્ય બનાવે, યુવાવસ્થાવાળા સાધુ કેવી રીતે રહે, ગચ્છમાં રહીને કે છોડીને અનાચરણ સેવે અને મૃષાવાદીને પદવી ન દેવાનું કથન છે.

ચોથા ઉદ્દેશામાં આચાર્યનો પરિવાર, આચાર્યનો વિહાર, આચાર્યનું મૃત્યુ થયે શું કરવું ? યુવાચાર્ય સ્થાપન, ભોગાવલી ઉપશમન, વડી દીક્ષા, શાસ્ત્રાદિ અર્થ, અન્ય ગચ્છમાં જવાનું, સ્થવિરને વિના આજ્ઞાએ વિચરવાનું, ગુરુ કેવી રીતે રહે ? બન્ને બરાબરીના થઈને ન રહેવું; ઈત્યાદિ કથન છે.

પાંચમા ઉદ્દેશામાં સાધ્વીનો આચાર, સ્થવિર સૂત્ર ભૂલે તો પણ પદવી યોગ્ય, સાધુ સાધ્વીના ૧૨ સંભોગ, પ્રાયશ્ચિત્ત દેવા યોગ્ય આચાર્ય અને સાધુ સાધ્વી પરસ્પર વૈયાવચ્ચ કેવી રીતે કરે તેનું કથન છે.

છઠ્ઠા ઉદ્દેશામાં સાધુને સાંસારિક સંબંધીઓને ઘેર જવાની વિધિ, આચાર્ય, ઉપાધ્યાય આદિના અતિશય, અપંડિત તથા પંડિત સાધુ, ખુલ્લાં અને ઢંકાયેલાં સ્થાનક આશ્રયી, મૈથુન ઈચ્છાનું પ્રાયશ્ચિત, અન્ય ગચ્છથી સાધુ સાધ્વી કેમ વર્તાવ કરે ઈત્યાદિ કથન છે.

સાતમા ઉદ્દેશામાં સંભોગી સાધુ સાધ્વીનો આચાર, પરોક્ષ વિસંભોગીએ શું કરવું ? સાધુ સાધ્વીને દીક્ષા કેવી રીતે આપવી ? સાધુ સાધ્વીના આચારની ભિન્નતા, રુધિરાદિ અસજ્ઝાય ટાળવી, સાધુ-સાધ્વીને પદવી આપવાનો કાળ; અચિંતા સાધુ મૃત્યુ પામે તો શું કરવું ? સાધુ રહેલા હોય તો તે મકાનને ભાડે આપે અથવા વેચી નાંખે તો શું કરવું ? રાજાનો પલટો થાય તો આજ્ઞા લેવી ઈત્યાદિ કથન છે.

આઠમા ઉદ્દેશામાં ચોમાસાને માટે શય્યા–પાટ યાચવાની વિધિ, ભૂલેલું ઉપકરણ ગ્રહણ કરવાની વિધિ, સાધુએ અન્ય સાધુ માટે ઉપકરણ યાચવાની વિધિ બતાવી છે.

નવમા ઉદ્દેશામાં શય્યાતરના મહેમાન પાસેથી આહાર લેવાની વિધિ, સાધુની પ્રતિજ્ઞાની વિધિ બતાવી છે.

દસમા ઉદ્દેશામાં જવમધ્ય પ્રતિમા, વજ્રમધ્ય પ્રતિમા, પાંચ વ્યવહાર સવિસ્તર, વિવિધ ચૌભંગી, બાળકને દીક્ષા દેવાની વિધિ,

કેટલા વર્ષની દીક્ષાવાળા સૂત્ર ભણે ? દશપ્રકારની વૈયાવચ્ચથી મહાનિર્જરા, પ્રાયશ્ચિત્તનો ખુલાસો ઈત્યાદિ છે.

આ સૂત્ર અગ્રગણ્ય સાધુ સાધ્વીએ અવશ્ય ભણવું જોઈએ. આ વ્યવહાર સૂત્રના મૂળ શ્લોક ૬૦૦ છે.

૨. બૃહત કલ્પ સૂત્ર–તેના ૭ ઉદ્દેશા છે.

પહેલા ઉદ્દેશામાં કેળાં લેવાની વિધિ, સ્થાનક ૧૬ પ્રકારનાં કલ્પે, માતરિયા રાખવાની વિધિ, જળાશયના કાંઠે ૧૬ કામ કરવાં, પરસ્પર ક્લેશ ઉપશમાવવો, ચાતુર્માસમાં અને શેષકાળમાં કેવી રીતે રહેવું, ગૌચરી કરતાં આહાર સિવાયની વસ્તુ લેવાની વિધિ, રાત્રિએ સ્થાનક, પાટ લેવાની વિધિ, રાત્રિએ વસ્ત્રપાત્ર લેવાની તથા વિહાર કરવાની મના અને આર્યદેશની હદ બતાવી છે.

બીજા ઉદ્દેશામાં ધાન્યવાળા મકાનમાં રહેવાની વિધિ, મદિરા પાણી, મિષ્ટાન્નવાળાં મકાનમાં રહેવાની વિધિ, સાધુ સાધ્વીને રહેવા-યોગ્ય સ્થાનક, શય્યાતરના ઘરેથી આહાર લેવાની મના અને વસ્ત્ર-ગ્રહણ કરવાની વિધિ બતાવી છે.

ત્રીજા ઉદ્દેશામાં સાધુને સાધ્વીના ઉપાશ્રયમાં જવાનો નિષેધ, ચર્મ લેવાની વિધિ, વસ્ત્ર લંગોટ પહેરવાની વિધિ, ગૌચરી કરતી વખતે વસ્ત્ર લેવાની વિધિ, દીક્ષા લેતી વખતે ઉપકરણ લેવાની વિધિ, ચોમા-સામાં વસ્ત્ર લેવાની મના, નાના મોટાની મર્યાદા, ગૃહસ્થના ઘરમાં ૧૪ કામ કરવાની મના, પાટ પાટલા લેવાની વિધિ, બીજા સાધુ આવે ત્યારે મકાનની આજ્ઞા લેવાની વિધિ, વ્યંતરવાળાં અને નધણિયા મકાનમાં રહેવાની વિધિ, સેનાનો પડાવ હોય ત્યાં રહેવાની મના અને સવા યોજન આહાર આદિ કલ્પવાની વિધિ બતાવી છે.

ચોથા ઉદ્દેશામાં મોટા પ્રાયશ્ચિત્તનો અધિકારી દીક્ષાને અયોગ્ય, સૂત્રજ્ઞાન આપવાનો યોગાયોગ, સાધુ સાધ્વીનું સંઘટ્ટન, પ્રથમ પ્રહર આહાર, બે ગાઉ ઉપરનો આહાર, સદોષ આહારનું શું કરવું ? આહાર-

લેવાની ચૌભંગી, બીજા ગચ્છમાં જવાની વિધિ, અન્ય ગચ્છના સાધુ પાસેથી જ્ઞાન ગ્રહણ કરવાની વિધિ, મૃતક સાધુને પરઠવવાની વિધિ, કલેશ થાય ત્યારે ખમાવ્યા વિના આહાર કરવાની મના, પરિહાર વિશુદ્ધ ચારિત્રની વિધિ, નદી ઊતરવાની વિધિ અને તૃણના ઘરમાં રહેવાની વિધિ બતાવી છે.

પાંચમા ઉદ્દેશામાં વૈક્રિય સ્ત્રી પુરુષના સંઘટ્ટાનો દોષ, સાધુ સાધ્વીએ પરસ્પર કલેશોપશમન કરવું, સૂર્યોદય અસ્તમાં આહાર લેવાની ચોભંગી, રાત્રિએ ઓડકાર (ઘચરકો) આવે તો દોષ, સાધ્વીનો વિશેષ આચાર, માત્રા ગ્રહણ કરવાનું કારણ, પ્રથમ પ્રહરમાં લાવેલું અંતિમ પ્રહરમાં વાપરવાની મના, સુગંધી દ્રવ્ય શરીરે લગાડવાની મના, પરિહાર વિશુદ્ધિની વૈયાવચ્ચ, સરસ આહાર કરીને તરત તપ કરવો એમ કહ્યું છે.

છઠ્ઠા ઉદ્દેશામાં છ પ્રકારના વચન ન બોલે, છ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત લે, સાધુ સાધ્વીએ પરસ્પર સંઘટ્ટન કરવાનું કારણ, છ પ્રકારે પલીમન્થુ અને છ સંયમના કલ્પ બતાવ્યા છે.

આ બૃહત્કલ્પ સૂત્રના ૪૭૩ શ્લોક છે.

૩. **નિશીથસૂત્ર**–આના ૨૦ ઉદ્દેશા છે. પહેલા ઉદ્દેશામાં ગુરુ-માસિક પ્રાયશ્ચિત, બીજાથી પાંચમા ઉદ્દેશા સુધી લઘુમાસિક પ્રાયશ્ચિત્ત, છ થી અગિયારમા ઉદ્દેશામાં ગુરુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત, બારમાથી ઓગણી-સમા ઉદ્દેશા સુધી લઘુ ચૌમાસિક પ્રાયશ્ચિત્ત અને કયાં કયાં કામ કરવાથી કયાં કયાં પ્રાયશ્ચિત્ત આવે છે તેની ૧૫૯૦ કલમો (કાનૂન) બતાવેલ છે. અને વીસમા ઉદ્દેશામાં પ્રાયશ્ચિત્ત આપવાની વિધિ બતાવી છે. સાધુ સાધ્વીએ આ સૂત્ર ભણ્યા વિના અગ્રેસર થઈ વિહાર કરવો નહી

તેના મૂળ ૮૧૫ શ્લોક છે.

૪. **દશાશ્રુતસ્કંધ**–આમાં ૧૦ દશા છે. પહેલી દશામાં વીસ અસમાધિ દોષ, બીજીમાં ૨૧ સબળા દોષ, ત્રીજીમાં ૩૩ આશાતના, ચોથીમાં આચાર્યની ૮ સંપદા, પાંચમીમાં ચિત્તસમાધિના ૧૦ સ્થાન, છઠ્ઠીમાં શ્રાવકની ૧૧ પ્રતિમા, સાતમીમાં સાધુની ૧૨ પ્રતિમા, આઠ-

મીમાં મહાવીર સ્વામીનાં પાંચ કલ્યાણક, નવમીમાં મહામોહનીય કર્મ બાંધવાનાં ૩૦ સ્થાન અને દસમી દશામાં નવ નિયાણાનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

આ સૂત્રના ૧૮૦૩૦ મૂળ શ્લોક છે.

૪. મૂળ સૂત્ર

જેમ વૃક્ષનું મૂળ દૃઢ હોય તો તે ચિરકાળ ટકી સારાં ફળો આપતું રહે છે, તેમ નીચે બતાવેલાં ૪ સૂત્રોનાં પઠન અને શ્રવણથી સમ્યક્ત્વ વૃક્ષનું મૂળ દૃઢ થાય છે, તેથી તેને મૂળ સૂત્ર કહ્યાં છે.

૧. દશવૈકાલિક–આ સૂત્રનાં ૧૦ અધ્યયન છે. ૧ લા અધ્યયનમાં ધર્મનો મહિમા અને ધર્માચરણ કરવાનું કર્તવ્ય બતાવ્યું છે. બીજા અધ્યયનમાં બ્રહ્મચર્યનો મહિમા અને સાધુનું મન સ્થિર કરવાના ઉપાય બતાવ્યા છે. ૩જા અધ્યયનમાં ૫૨ અનાચરણ, ૪થામાં છકાય જીવનું, ૫ મહાવ્રતનું, જ્ઞાનથી દયા અને દયાથી ક્રમશઃ મોક્ષની પ્રાપ્તિ શી રીતે થાય તેનું વર્ણન છે. પાંચમા અધ્યયનમાં સાધુએ આહાર ગ્રહણ કરવાની તથા ભોગવવાની વિધિ, ૬ ઠ્ઠા અધ્યયનમાં સાધુને ૧૮ સ્થાન અનાચરણીય બતાવ્યાં છે. ૭ મા અધ્યયનમાં ભાષા સમિતિની વિધિ છે. ૮મા અધ્યયનમાં આત્માને તારવાનો વિવિધ પ્રકારે બોધ છે. ૯ મા અધ્યયનમાં વિનય અવિનયનું ફળ, દૃષ્ટાંત, વિનીતનાં લક્ષણ બતાવ્યાં છે. ૧૦મા અધ્યયનમાં સાધુનું કર્તવ્ય સમજાવ્યું છે.

શ્રી દશ વૈકાલિક સૂત્રના મૂળ ૭૦૦ શ્લોક છે.

૨. ઉત્તરાધ્યયન સૂત્ર–તેનાં ૩૬ અધ્યયન છે. ૧ લા અધ્યયનમાં વિનીતનાં લક્ષણ, વિનયની વિધિ અને ફળ બતાવ્યું છે. બીજામાં ૨૨ પરિષહ સહેવાની વિધિ ઉપદેશયુક્ત બતાવી છે. ૩ જામાં મનુષ્યત્વ, શ્રુતિ, શ્રદ્ધા અને સંયમમાં બળ પરાક્રમ ફોરવવું એ ચાર અંગની દુર્લભતા બતાવી છે. ૪થામાં આયુષ્ય તૂટયા પછી સંધાતું નથી માટે પ્રમાદ ન કરો વગેરે વૈરાગ્યોપદેશ છે. પાંચમામાં સકામ અકામ મરણ,

છટ્ઠામાં વિદ્યાવંત અવિદ્યાવંતનું લક્ષણ, ૭માામાં બોકડાનું દષ્ટાંત આપી રસલોલૂપી ન થવાનો બોધ, ૮મામાં કપિલ કેવળીએ તૃષ્ણાનો ત્યાગ કરવા વગેરે બાબતોનો અમૂલ્ય ઉપદેશ કરેલ છે. ૯મામાં નમિ રાજર્ષિ અને શક્રેંદ્રનો સંવાદ, ૧૦મામાં આયુષ્યની અસ્થિરતા, ૧૧મામાં વિનીત અવિનીતનાં લક્ષણ અને બહુસૂત્રીની ૧૬ ઉપમા, ૧૨મામાં ચાંડાલ જાતિમાં ઊપજેલા હરિકેશી અણગારના તપનું મહત્ત્વ અને બ્રાહ્મણોથી સંવાદ તથા જાતિથી નહિ પણ ગુણકર્મથી મહાન થવાય છે, વગેરે હકીકત છે. ૧૩મામાં ચિત્ત મુનિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીના છ ભવના સંબંધનું અને ચિત્ત મુનિએ કરેલા ઉપદેશનું વર્ણન છે. ૧૪મામાં ઇક્ષુકાર રાજા, કમળાવતી રાણી, ભૃગુ પુરોહિત, તેની ભાર્યા અને બે પુત્રો મળી છ જીવોનો અધિકાર છે. ૧૫મામાં સાધુનું કર્તવ્ય, ૧૬મામાં બ્રહ્મચર્યની ૯ વાડ અને ૧૦ મો કોટ તેનું સ્વરૂપ, ૧૭મામાં પાપ-શ્રમણકુસાધુનાં લક્ષણ, ૧૮મામાં સંયતિ રાજા શિકારે ગયો ત્યાં ગર્દભાલી મુનિનો ભેટો થયો, ગર્દભાલીના ઉપદેશથી રાજા બોધ પામ્યો, દીક્ષિત થયો, સંયતી અને ક્ષત્રિય રાજર્ષિનો સંવાદ, તેમ જ ચક્રવર્તી બલદેવ આદિ રાજાઓનાં ગુણકથન છે. ૧૯મામાં મૃગાપુત્રનો માતાપિતાથી સંવાદ છે. તેમાં સંયમની દુષ્કરતા તેમ જ દુર્ગતિનાં દુઃખોનું હૃદયદ્રાવક વર્ણન છે. ૨૦મામાં અનાથી મુનિ અને શ્રેણિક રાજાનો સંવાદ, ૨૧મામાં પાલિત શ્રાવકના પુત્ર સમુદ્રપાલજીનો વૈરાગ્ય અને આચારનું વર્ણન છે. બાવીસમામાં નેમિનાથ ભગવાને પ્રાણીરક્ષા માટે રાજુલ જેવી સ્ત્રીને છોડી, રાજુલે રથનેમિ સાધુને સંયમમાં દઢ કર્યા, વગેરે વર્ણન છે. ૨૩મામાં પાર્શ્વનાથના સંતાનિક કેશિકુમાર શ્રમણ અને ગૌતમ ગણ-ધરનો સંવાદ, ૨૪મામાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું વર્ણન, ૨૫મામાં જયઘોષ ઋષિ, વિજયઘોષ બ્રાહ્મણને યજ્ઞની હિંસાથી બચાવે છે તેનું વર્ણન, ૨૬મામાં સાધુની ૧૦ સમાચારી અને પ્રતિક્રમણની વિધિ, ૨૭મામાં ગર્ગાચાર્યે દુષ્ટ શિષ્યોનો પરિત્યાગ કર્યો તે, ૨૮મામાં દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ અને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ મોક્ષનો માર્ગ, ૨૯મામાં ૭૩ પ્રશ્નોત્તર દ્વારા ધર્મકૃત્યનું ફળ બતાવ્યું છે.

૩૦માામાં બાર પ્રકારના તપનું વર્ણન, ૩૧મામાં ચારિત્રના ગુણ, ૩૨મામાં પ્રમાદસ્થાન તેમાં પાંચ ઇંદ્રિયોને જીતવાનો ઉપદેશ, ૩૩મામાં કર્મપ્રકૃતિ, કર્મની સ્થિતિ, અનુભાગ, પ્રદેશનું કથન છે. ૩૪મામાં છ લેશ્યાનાં ૧૧ દ્વાર, ૩૫મામાં સાધુના ગુણો અને ૩૬મામાં જીવાજીવ વિભક્તિ નામના અધ્યયનમાં ૫૬૩ ભેદ જીવના, ૫૬૦ ભેદ અજીવનાનું, સ્થિતિનું, સ્થાનનું અને સિદ્ધના સ્વરૂપનું કથન છે. ભગવાન મહાવીરે મોક્ષ પધારતી વખતે ૧૮ દેશના રાજા વગેરે પરિષદ સમક્ષ વિપાકનાં ૧૧૦ અને ઉત્તરાધ્યયનનાં ૩૬ અધ્યયનનું વ્યાખ્યાન ૧૬ પ્રહર પર્યંત આપેલું.

ઉત્તરાધ્યયનના મૂળ શ્લોક ૨૧૦૦ છે.

૩. નંદી સૂત્ર–તેમાં પ્રથમ સ્થવિરાવલીમાં મહાવીર પ્રભુ પછી અનુક્રમે થયેલ ૨૭ આચાર્યોનાં ગુણ કથન, યોગ્ય અયોગ્ય શ્રોતાઓનું કથન, ૫ જ્ઞાન, ૪ બુદ્ધિ, શાસ્ત્રોનાં નામોની ટીપ, વગેરે છે.

એના મૂળ શ્લોક ૭૦૦ છે.

૪. અનુયોગદ્વાર સૂત્ર–આમાં શ્રુતજ્ઞાનનો મહિમા, દ્રવ્ય ભાવ, આવશ્યક, ઉપક્રમ, આનુપૂર્વી, સમાવતાર, અનુગમ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અનુપૂર્વી, ૧૦ નામ વિસ્તારથી ૬ ભાવ, ૭ સ્વર, ૮ વિભક્તિ, ૯ રત્નપ્રમાણ, ૩ પ્રકારનાં આંગુલ, પલ્યોપમ-સાગરોપમનું પરિમાણ, ૫ શરીર, ગર્ભજ મનુષ્યની સંખ્યા, ૪ પ્રમાણ, ૭ નય, સંખ્યાત, અસંખ્યાત, અનંતનું કથન, ૫ ઉપક્રમ, સાધુની ૮૪ ઉપમા, સામાયિકના પ્રશ્નોત્તર ઇત્યાદિ. આ શાસ્ત્રમાં ઘણો જ ગહન વિષય છે.

અનુયોગદ્વાર સૂત્રના ૧૮૯૯ મૂળ શ્લોક છે.

૧. આવશ્યક સૂત્ર–આમાં ૭ અધ્યયન છે. આમાં ૭ આવશ્યક (પ્રતિક્રમણ) સૂત્રનાં છે. તેમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાની આવશ્યક કરણી અને તેમાં દોષોત્પત્તિનાં કારણ સંક્ષિપ્તમાં પરંતુ બધા જિજ્ઞાસુ સમજી શકે એવી ખૂબીથી દર્શાવેલ છે. આનું જ્ઞાન ચતુર્વિધ સંઘને પ્રથમ આવશ્યક છે, તેથી આ સૂત્રનું 'આવશ્યક' નામ છે.

તેના મૂળપાઠના ૧૦૦ શ્લોક છે.

એ પ્રમાણે ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ છેદ અને ૪ મૂળ સૂત્ર મળી ૩૧ અને ૩૨ મું આવશ્યક સૂત્ર ગણતાં હાલ કુલે ૩૨ સૂત્રો* પ્રમાણ ગણાય છે.

(આ બધાં સૂત્રોનો સમાવેશ પૂર્વોક્ત દ્વાદશાંગી સૂત્રોમાં થઈ જાય છે. આ સર્વ શાસ્ત્રોનો પાઠ, અર્થ, હેતુ, નિર્યુક્તિ સહિત સંપૂર્ણ જાણનારા ઉપાધ્યાયજી હોય છે.)

કરણ સિત્તરી

ઉપાધ્યાયજીના ગુણ વિષેની ગાથામાં "કરણ ચરણ જુઓ" અર્થાત્ કરણના ૭૦ અને ચરણના ૭૦ બોલ કહ્યા છે. તેથી યુક્ત ચરણ એટલે ચારિત્ર અને કરણ એટલે જે વખતે જેવો અવસર તેવી ક્રિયા કરવામાં આવે તે. કરણના ૭૦ બોલ છે.

---

* શ્રી નંદીજી સૂત્રમાં સૂત્રોનાં ૭૨ નામો કહ્યાં છે. તેમાં ૪૧ સૂત્ર કાલિક છે. તેનાં નામ—૧. શ્રી આચારાંગ ૨. શ્રી સૂયગડાંગ, ૩. શ્રી ઠાણાંગ, ૪. શ્રી સમવાયાંગ, ૫. શ્રી ભગવતી, ૬. શ્રી જ્ઞાતા, ૭. શ્રી ઉપાસક દશાંગ, ૮. શ્રી અંતગડ દશાંગ, ૯. શ્રી અનુત્તરોવવાઈ, ૧૦. શ્રી પ્રશ્ન વ્યાકરણ, ૧૧ શ્રી વિપાક ૧૨. શ્રી ઉત્તરાધ્યયન, ૧૩. શ્રી દશાકલ્પ ૧૪.શ્રી વ્યવહાર, ૧૫ શ્રી નિશીથ, ૧૬ મહાનિશીથ, ૧૭, શ્રી ઋષિભાષિત. ૧૮. શ્રી જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ ૧૯. શ્રી દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિ, ૨૦. શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ, ૨૧ શ્રી ખુડિયા વિમાન વિભત્તિ ૨૨. શ્રી મહલિયા વિમાન વિભત્તિ, ૨૩. શ્રી અંગચૂલિયા, ૨૪. શ્રી વંગ ચૂલિયા, ૨૫. શ્રી વિવાહ ચૂલિયા, ૨૬. શ્રી અરુણોવવાઈ, ૨૭. શ્રી વરુણોવવાઈ ૨૮. શ્રી ગરુડોવવાઈ, ૨૯. શ્રી ધરણોવવાઈ, ૩૦. વેસમણોવવાઈ, ૩૧. વેલંધરોવવાઈ, ૩૩. ઉઠાણ સૂએ, ૩૪. સમુઠાણ સૂએ, ૩૫. નાગ પરિયાવલિયાઉ, ૩૬. નિરિયાવલિયાઓ, ૩૭. કપ્પિયાઓ, ૩૮. કપ્પવડિંસયાઓ, ૩૯. પુપ્ફિયાઓ, ૪૦. પુપ્ફચૂલિયાઓ, ૪૧. વહ્નિદશાઓ,

એ ૪૧ સૂત્રો કાલિક હોવાથી-દિવસના અને રાત્રિના પહેલા અને ચોથા પહોરમાં ભણવામાં આવે છે. બાકીના વખતમાં નહિ.

ગાથા : :–पिण्डविसोही समिइ, भावणा पडिमा इंदियनिग्गहो ।
पडिलेहणां गुत्तिओ, अभिग्गहं चेव करणं तु ॥

અર્થ :— ૪ પિંડ વિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઈંદ્રિયનિગ્રહ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ અને ૪ અભિગ્રહ એમ કુલ ૭૦ બોલ કરણ સિત્તરીના છે. તેમાં આહાર, વસ્ત્ર, પાત્ર અને સ્થાન એ ૪ નિર્દોષ ભોગવે તે પિંડવિશુદ્ધિ, તેનું વર્ણન એષણા સમિતિમાં થઈ ગયું. સમિતિના પાંચ ભેદ : તેનું વર્ણન ચારિત્રાચારમાં

---

૩૦ સૂત્ર ઉત્કાલિક છે. તેનાં નામો :—૧ દસ વૈકાલિક ૨. કપ્પિયા-કપ્પિયં, ૩. ચૂલ્લકપ્પસૂયં, ૪. મહાકપ્પસૂયં, ૫. ઊવવાઈ, ૬ રાયપસેણી, ૭. જીવાભિગમ, ૮. પન્નવણા, ૯. મહા પન્નવણા, ૧૦ પમ્માય પવાયં, ૧૧. નંદી, ૧૨. અનુયોગદ્વાર, ૧૩. દેવેંદ્રસ્તવ, ૧૪. તંદુલવેયાલિયા, ૧૫. ચંદાવિજ્ઝયં, ૧૬. સૂર પ્રજ્ઞપ્તિ, ૧૭. પોરસી મંડળ, ૧૮. મંડળપ્રવેશ, ૧૯. વિદ્યાચરણ વિણિ-ચ્છિઓ, ૨૦. ગણિતવિદ્યા, ૨૧. ઝાણ વિભત્તિ, ૨૨. મરણ વિભત્તિ, ૨૩. આય-વિસોહી, ૨૪. વીયરાસૂયં, ૨૫. સંલેહણાસૂયં ૨૬. વિહારકપ્પો, ૨૭. ચરણવિહી, ૨૮. આઉરપચ્ચખાણ, ૨૯ મહા પચ્ચખાણ, ૩૦. દષ્ટિવાદ.

આ ૩૦ સૂત્ર ઉત્કાલિક હોવાથી બત્રીસ પ્રકારની અસઝાઈ ટાળી દરેક વખતે ભણવામાં આવે છે.

ઉપરનાં ૪૧ કાલિક સૂત્ર, ૩૦ ઉત્કાલિક સૂત્ર મળી ૭૧ છે. અને ૭૨મું આવશ્યક સૂત્ર છે, તેમાં અસજ્ઝાય દોષ ટાળવાની કશી જરૂર નથી.

એ પ્રમાણે ૭૨ સૂત્રો શાસ્ત્રાનુસાર જણાવ્યાં છે. એ ૭૨માંનાં કેટલાક હાલ છે જ નહિ તે બાબતનો ખુલાસો 'પાક્ષિક' નિવૃત્તિમાં નીચે પ્રમાણે છે.

આ કાળમાં ૧. ખુડિયા વિમાન વિભત્તિ. ૨. મહાલિયા વિમાન વિભત્તિ, ૩. અંગ ચૂલિયા, ૪. વંગ ચૂલિયા, ૫. વિવાહ ચૂલિયા, ૬. અરુણોવવાઈ ૭. વરુણોવવાઈ, ૮. ગરુડોવવાઈ, ૯. ધરણોવવાઈ, ૧૦. વેસમણોવવાઈ. ૧૧. વેલધરોવવાઈ, ૧૨. દેવિંદોવવાઈ, ૧૩. ઉટ્ઠાણ સૂએ, ૧૪. સમુટ્ઠાણ સૂએ, ૧૫. નાગ પરિમાવલિયાઉ, ૧૬. કપ્પિયા કપ્પિયાણં ૧૭, આસિ વિષ ભાવણાણં, ૧૮. દિટ્ઠિ વિષ ભાવણાણં, ૧૯. ચરણ ભાવણાણં, ૨૦. મહાસુમિણ ભાવણાણં, ૨૧. તેયાગ્ગનિસગ્ગાણં

એ ૨૧ કાલિક સૂત્રની હાલ નાસ્તિ છે એટલે છે જ નહિ.

થઈ ગયું. સાધુની ૧૨ પડિમાઃ તેનું વર્ણન કાયક્લેશ તપમાં થઈ ગયું. ૫ ઇંદ્રિયનિગ્રહ કરવાનું કથન પ્રતિસંલીનતા તપમાં થયું. ૨૫ પ્રતિલેખનાનું વર્ણન ચોથી સમિતિમાં થયું. અને ૩ ગુપ્તિનું કથન ચારિત્રાચારમાં થઈ ગયું છે. એટલે બાકી રહેલું ૧૨ ભાવના અને ૪ અભિગ્રહનું વર્ણન અહીં કરવામાં આવે છે.

વળી, ૧. કપ્પિયા, ૨. ચૂલ કપ્પ સૂયં, ૩. મહા કપ્પ સૂયં, ૪. મહાપન્નવણા, ૫. પમ્માય પમાયં, ૬. પોરસી મંડળ, ૭. મંડળ પ્રવેશ, ૮. વિદ્યાચરણ વિણિચ્છઓ, ૯. જાણ વિભત્તિ, ૧૦. મરણ વિભત્તિ, ૧૧. આય વિસોહી, ૧૨. સંલેહણા સૂયં. ૧૩. વીયરાય સૂયં, ૧૪. વિહારકપ્પો, ૧૫ ચરણ વિસોહી,........ એ ૧૫ ઉત્કાલિક સૂત્રો પણ હાલ છે નહિ, પરંતુ એના નામને મળતાં બીજાં સૂત્રો હાલ જોવામાં આવે છે, તે અર્વાચીન કાળના આચાર્યોએ બનાવ્યાં હશે એમ માલૂમ પડે છે. દાખલા તરીકે—

ચંદ્રવિજય પયન્નામાં એક ગાથા છે :

> उज्जेणीए नयरीए, आवंती नामेण विस्सुओ ।
>
> आसी पाउवगग पवान्नो, सुसाण मज्झियरः था ॥

આ ગાથામાં કહેલા આવંતીસુકુમાર તો પાંચમા આરામાં થયા છે, એટલે આ સૂત્રને પ્રાચીન કેવી રીતે માની શકાય ? વળી, મહાનિશીથ સુત્ર હાલ ઉપલબ્ધ છે તે શ્રી હરિભદ્ર, શ્રી સિદ્ધસેન, વૃદ્ધવાદી, પક્ષસેન, દેવગુપ્ત, યશોધર, રવિગુપ્ત અને સ્કંદિલાચાર્ય એ આઠ આચાર્યોના બનાવેલાં કહેવાય છે. યદ્યપિ આ બધા આચાર્યો સમકાલીન નથી, તથાપિ જ્યારે જ્યારે થયા ત્યારે ત્યારે તેઓએ તેમાં અધ્યયનોની વૃદ્ધિ કરી એવો એમના લેખથી જ ભાસ થાય છે. જેમ કે એક સ્થળે લખ્યું કે: 'બે મુહપત્તી રાખનાર સાધુ મરીને જળ—મનુષ્ય થઈ ઘંટીમાં પિલાયો અને બીજે સ્થળે લખ્યું છે કે: સાધુને મૈથુનની પ્રબળ ઇચ્છા થાય તો તેણે અમુક ઉપાયથી દ્રવ્ય પ્રાપ્ત કરી તે પૂર્ણ કરવી.' વળી, એક સ્થળે લખ્યું છે કે—'કમળપ્રભ આચાર્યે પ્રથમ શુદ્ધ પ્રરૂપણા કરીને તીર્થંકર ગોત્રનાં દલિક એકત્ર કર્યાં અને પછી મંદિર બનાવવાનો ઉપદેશ કરવાથી અનંત સંસારી થયાં અને બીજે સ્થળે લખ્યું છે કે—'મંદિર પર ઝાડ ઊગ્યાં હોય તો સાધુ યતનાથી તેને કાપી નાખે, આવાં પરસ્પર વિરોધી વચનો તથા વ્રતખંડનના ઉપાયો જેમાં બતાવ્યા હોય તે શાસ્ત્ર કેવી રીતે પ્રમાણભુત માની શકાય ?

આ ઉપરાંત, શંકરાચાર્યે તથા મુસલમાન બાદશાહોએ પણ જૈનશાસ્ત્રોને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. આથી જૈન—જ્ઞાનની ભારે હાનિ થઇ છે. વિ. સંવત ૧૫૦૦ આસપાસ પડેલો બીજો મહાદુષ્કાળ વીત્યા બાદ અમદાવાદ (ગુજરાત)ના ઉપાશ્રયના જૈન જ્ઞાનભંડારમાંથી ૩૨ શાસ્ત્ર અખંડિત નીકળ્યાં.

૧૨ ભાવના

૧. અનિત્ય ભાવના–એમ ચિંતવે કે આ જગતમાં ગામ, ગઢ, બગીચા, કુવા, વાવ, મહેલ, હવેલી, દુકાન, પશુ, પક્ષી, ઘરેણાં, અનાજ, ઇત્યાદિ સર્વ વસ્તુ અનિત્ય છે. પણ હે જીવ ! તું અજ્ઞાન દશામાં મૂઢ થઈને એ સર્વ વસ્તુને શાશ્વતી (સદાકાળ રહેનારી) માની બેઠો છે. બીજા જડ પદાર્થોની ટાપટીપ કરી શરીરને અને ઘરને શણગારી તું હંમેશા ખુશી થયા કરે છે, પણ પર પુદ્ગળોથી કરેલી શોભા કદાપિ એકસરખી રહેનારી નથી. આવી ભાવના શ્રી ભરતેશ્વર ચક્રવર્તીએ ભાવી હતી.

શ્રી ઋષભદેવજીના પુત્ર અને સુમંગળા રાણીના જાયા, શ્રી ભરતેશ્વર ચક્રવર્તી રાજા હતા. તેમની રાજધાની વનિતા નગરી હતી. એક દિવસે શ્રી ભરત મહારાજા સોળ શણગાર સજી પોતાના અરીસા ભુવન (કાચના મહેલ)માં પોતાના શરીરનું પ્રતિબિંબ જોતા હતા. એવામાં હાથની ટચલી આંગળીમાંની મુદ્રિકા (વીંટી) નીકળી પડી. તેથી તે આંગળી ઘણી ખરાબ લાગવા માંડી. એ વાત ઉપર વિચાર કરતાં શ્રી ભરત મહારાજા આશ્ચર્ય પામ્યા અને પોતાના શરીર ઉપરનાં એકેક આભૂષણ તથા વસ્ત્ર અનુક્રમે ઉતારતાં ઉતારતાં નગ્નસ્વરૂપ થઈ ઊભા રહ્યા, અને પોતાના મનને કહેવા લાગ્યા કે જો, તારું રૂપ તો આવું જ છે, ફક્ત પારકા પદાર્થોના ઠાઠમાઠથી તારી શોભા હતી. એ પારકા પદાર્થો (પર પુદ્ગળો) તો તારા છે જ નહિ. એ પર–પુદ્ગળો તો વિનાશી છે અને તું (આત્મા) તો અવિનાશી છે. એ પ્રમાણે બન્નેની ભિન્ન ભિન્ન પ્રકૃતિ છે, તો પછી તારી ને તેની પ્રીતિ શી રીતે ટકી રહેશે !

---

* બાકીનાં શાસ્ત્રોને ઉધઈએ ખાધેલા. આ કારણે સ્થાનકવાસી જૈનો ૩૨ શાસ્ત્રોને સર્વાંશે માને છે. બાકીનાં શાસ્ત્રોમાંથી જે ઉપર્યુક્ત ૩૨ સુત્રોથી અવિરુદ્ધ કથન હોય તેને માનવામાં કોઈ હરકત નથી. શ્રી નંદી સુત્રમાં કહેલાં નામો પૈકી એ જ નામનાં કેટલાંક સુત્રો આજે મળી આવે છે, પરંતુ તેમાં પૂર્વાપર વિરોધ હોવાથી આ સૂત્ર વિશ્વસનીય નથી.

હે આત્મન્ ! જો તું એની સાથે વધારે પ્રીતિ કરીશ તો તારે જરૂર રોવું પડશે. તારા દેખતાં એ વસ્તુનો નાશ થશે તો તું પશ્ચાત્તાપ કરીશ કે હાય રે! મારી અમુક અમુક પ્યારી ચીજો કયાં ગઇ? જો તું એ વસ્તુઓને છોડી જતો રહીશ તો પણ તું રોવા માંડીશ કે હાય રે- "હું આ બધી સંપત્તિઓ છોડી એકલો જાઉં છું." આ પ્રમાણે આ મામલો ખરેખર વિચિત્ર હોવાથી તારી પોતાની છતી શક્તિ છે ત્યાં-લગી આ બધી નાશવંત ચીજો જેનો તું માલિક છે એમ માની બેઠો છે, તેનો ખુશીથી ત્યાગ કરી ચાલી નીકળ અને સુખી થા. એ પ્રમાણે શ્રી ભરતેશ્વર મહારાજ વિચાર પર ચડયા અને વિચારતાં વિચારતાં તરત ત્યાં જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ. તે જ વખતે શ્રી જૈન શાસનના રક્ષક દેવતાએ આવી સાધુવેશ, રજોહરણ, મુહપત્તી આદિ સમર્પણ કર્યા, તરત દીક્ષા લઈ, સભામાં આવી પ્રતિબોધ કરતાં, ૧૦ હજાર મોટા મોટા રાજાઓ દીક્ષા લેવા તૈયાર થયા. તે સૌને દીક્ષા દઈ જનપદ દેશમાં વિહાર કરી કર્મનો ક્ષય કરી તે જ ભવે મોક્ષે પધાર્યા.

૨. "**અશરણ ભાવના**"–એવો વિચાર કરે કે જીવ! આ જગતમાં તને શરણ (આધાર આપનાર) કોઇ છે જ નહિ. બધાં સગાંવહાલાં સ્વાર્થનાં જ સોબતી છે. સ્વાર્થ ન હોય તો તે તમામ તારાં સગાં છે જ નહિ. જ્યારે કર્મના ઉદયે તારા પર દુઃખ આવી પડશે ત્યારે તને સહાય કરવા કોઈ પણ માણસ ઊભું રહેશે નહિ. તારી દિલગીરી, તારો રોગ–તારા પરની આફત, તારી ગરીબાઇ, વગેરે બધાં દુઃખમાં કોઈ ભાગ પડાવશે નહિ. આ અશરણ ભાવના શ્રી અનાથી નિર્ગ્રંથ મહાત્માએ ભાવી હતી.

એક વખત રાજગૃહી નગરીના શ્રેણિક રાજા હવા ખાવા સારુ પોતાના મંડિકુક્ષી નામના બગીચામાં ગયા, ત્યાં એક ઝાડ નીચે અતિ સુંદર ને મનોહર રૂપવાળા, શાંત, દાંત અને ધ્યાનસ્થ મુનિનું રૂપ જોઇ અતિ આશ્ચર્યની સાથે વંદન કરી શ્રેણિક મહારાજ પૂછવા લાગ્યા કે, હે મહાનુભાવ મહાત્મન્! આપ આવી ભરજુવાન અવસ્થામાં સાધુ શા માટે થયા ?

મુનિ મહાત્માએ જવાબ દીધો કે હે રાજન્, હું અનાથ છું.

આવો જવાબ સાંભળી શ્રેણિક રાજાને તેમના પર દયા આવી અને કહેવા લાગ્યા કે આપ અનાથ હો તો આપનો નાથ હું બનીશ. ચાલો, મારા રાજદરબારમાં. ત્યાં હું મારી વ્હાલી કન્યા પરણાવીશ અને રાજ્ય આપી સુખી કરીશ.

શ્રી અનાથી મુનિ મહાત્માએ કહ્યું કે હે રાજન્ ! તું પોતે જ અનાથ છો તો બીજાનો નાથ તું શી રીતે થઈ શકશે ?

આ વચનો સાંભળી રાજા ઘણો દીલગીર થયો અને કહેવા લાગ્યો કે જેની આજ્ઞામાં તેત્રીસ હજાર હાથી, ઘોડા, રથ છે, તેત્રીસ ક્રોડ પાયદળ છે, પાંચસો રાણી છે અને એક કરોડ એકોતેર લાખ ગામ છે, એવી રિદ્ધિવાળા મને, આપ અનાથ કહો છો તો આપને મૃષાવાદનો દોષ શું નહિ લાગે ?

શ્રી અનાથી મુનિએ જવાબ આપ્યો કે હે રાજન્ ! તું અનાથ–સનાથનો ભેદ સમજી શકયો નથી. સાંભળ,

હું કૌશાંબી નામે નગરીના પ્રભૂતધન સંચય નામે શેઠનો પુત્ર છું. એક દિવસ મારા શરીરમાં ઇંદ્રના વજ્રના પ્રહાર જેવી અતિ આકરી મહાવેદના ઉત્પન્ન થઈ. એ વેદના કોઇ પણ ઉપાયે શાંત ન થઈ. ઘણાં ઘણાં વૈદ્ય, મંત્ર, તંત્ર, વાદી, પોતપોતાના શાસ્ત્રમાં ઘણા જ કુશળ એવા મારી વેદના મટાડવા આવ્યાં અને ઔષધ, ઉપચાર, પથ્ય, યત્ન, વગેરે તમામ કરી ચૂકયાં, પણ રોગ શમ્યો નહિ.

મને પ્રાણથી અધિક પ્યારો ગણનારા મારાં સર્વ સ્વજન હતાં, તે સૌ તન અને ધનથી મહેનત કરી કરીને થાકી ગયાં, પણ કોઇ દુઃખ મટાડી શકયું નહિ. મારી મરજી પ્રમાણે જ ચાલનારી અને મને સદા રાજી રાજી રાખનારી એવી મારી પતિવ્રતા સ્ત્રીઓએ મારી પીડાના દુઃખથી દુઃખી થઇ, ભોજન અને સ્નાનનો ત્યાગ કર્યો, અને રાતદિવસ ચિંતાતુર રહી મને રોગરહિત જોવા ઇચ્છતી એવી મારી સ્ત્રીઓ પણ મારું દુઃખ મટાડી શકી નહિ.

બધાંને થાકી ગયેલાં જોઇ, મેં મારા મન સાથે વિચાર કર્યો કે, જો હું આ વેદનામાંથી છૂટું, અને મારું દુઃખ દૂર થઇ જાય તો તરત જ આરંભ પરિગ્રહના ત્યાગી, શાંત-દાંત એવા મુનિના પદનો સ્વીકાર કરું. આટલો નિશ્ચિત વિચાર કર્યો કે તરત જ મારી વેદના અદૃશ્ય થઇ ગઈ. પછી કુટુંબીજનોની આજ્ઞા લઈ, મેં દીક્ષા ગ્રહણ કરી અને ફરતો ફરતો અહીં આવ્યો છું.

આ વૃત્તાંત સાંભળીને શ્રેણિક રાજાને અનાથ-સનાથપણાનું રહસ્ય જાણવામાં આવ્યું અને બૌદ્ધ ધર્મનો ત્યાગ કરી જૈનધર્મ સ્વીકાર્યો. મુનિને ભોગનું નિમંત્રણ કરેલું તે માટે ક્ષમા યાચી સ્વસ્થાનકે ગયો. અનાથી નિર્ગ્રંથ પણ વિશુદ્ધ કરણી વડે કર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયા. આ કથન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦ મા અધ્યયનમાં છે.

૩. **સંસાર ભાવના**–એવો વિચાર કરે કે હે જીવ! અનંત જન્મ-મરણ કરી તું સર્વ સંસારમાં ભટકયો. વાળની અણી જેટલો આ જગતનો ભાગ તારા જન્મ-મરણ વિનાનો ખાલી નથી. વળી, હે જીવ! તેં સર્વ જીવો સાથે સર્વ જાતનાં સગપણો કર્યાં. જેની તું માતા હતો તેની તું સ્ત્રી થયો, એટલે માતા મરીને સ્ત્રીરૂપે થયો, અને વળી સ્ત્રી તરીકે મરીને પાછો માતારૂપે થયો. એ જ પ્રમાણે, જ્યાં તું પિતા હતો ત્યાં તું પુત્ર થયો અને પુત્ર હતો ત્યાં પિતાપણે ઊપજ્યો. આ પ્રમાણે પરસ્પર સર્વ જાતનાં સગપણો અનંતીવાર તું કરી આવ્યો.

આ બાબતનો સૂક્ષ્મ વિચાર કરીએ તો જગતવાસી સર્વ જીવો આપણાં સ્વજન છે. આ ભાવના શ્રી મલ્લિનાથના છ મિત્રોએ ભાવી હતી.

શ્રી મિથિલા નગરીના કુંભ નામે રાજાની પ્રભાવતી નામે રાણીની કૂંખે મલ્લિકુંવરી નામે પુત્રી અવતરી. મલ્લિકુંવરી ત્રણ જ્ઞાન સહિત હતાં. એ મલ્લિકુંવરીએ એક મોહનઘર (મન હરણ કરે એવો બંગલો) બનાવ્યું, જેની બરોબર વચમાં પોતાના જેટલી જ મોટી અને રૂપાળી

સોનાની એક પોલી પૂતળી બનાવી. મલ્લિકુંવરી ભોજન કરે ત્યારે તે પૂતળીના માથા ઉપરનું ઢાંકણું ઉઘાડી તેમાં હંમેશાં ભોજનનો એક ગ્રાસ (કોળિયો) નાંખી પાછું ઢાંકણું બંધ કરી દેતાં. એક વાર છ દેશના રાજાઓ મલ્લિકુંવરીના મહારૂપનો મહિમા સાંભળી લશ્કર લઈ મિથિલા નગરીમાં આવ્યા. કુંભ રાજા પાસે માંગણી કરી કે તમારી પુત્રી અમને પરણાવો. કુંભ રાજા ચિંતામાં પડયો કે છ રાજામાંથી કોને મલ્લિકુંવરી પરણાવું ને કોને નહિ ?

પિતાની ચિંતા સાંભળી મલ્લિકુંવરીએ કહ્યું, પિતાજી! આપ ચિંતા ન કરશો. હું છએ રાજાને સમજાવી દઈશ. પછી મલ્લિકુંવરીએ છએ રાજાને જુદા જુદા તેડાવી મોહનઘરની છ કોટડીઓમાં જુદા જુદા પૂરી તે કોટડીઓ બંધ કરી દીધી. કોટડીની જાળીમાંથી છએ રાજા વચમાં રહેલી પૂતળીનું રૂપ જોઈ તેના પર અત્યંત મોહિત થયા છે એવું મલ્લિકુંવરીએ જાણ્યું કે તરત જ એ પૂતળીનું ઢાંકણું ઉઘાડી નાખ્યું. આ પૂતળીમાં ઘણો વખત થયાં રાંધેલું અનાજ નાંખવામાં આવતું; તેથી તે ભારે દુર્ગંધી સડી ગયેલા ધાનની નીકળી.

આ દુર્ગંધથી છએ રાજા અકળાઈ ગયા એટલે મલ્લિકુંવરીએ ત્યાં આવીને કહ્યું કે હે નરેંદ્રો! જે પોલી પૂતળીને જોઈને તમે સૌ મોહિત થયા હતા તેને જ દેખતા હવે ગભરાઓ છો શા માટે ? સોનાની પૂતળીમાં રોજ ભોજનનો ગ્રાસ નાંખવાથી આવી દુર્ગન્ધ નીકળી, તો આ મારા શરીરરૂપી હાડ, માંસ, ત્વચાવાળી પૂતળીમાં તો રોજ અનેક ગ્રાસ (કોળિયા) અનાજ પડે છે તેથી દુર્ગંધી કેટલી હશે ? આવી દુર્ગન્ધીના ભંડારરૂપ કોથળી જોઈને શું મોહિત થાઓ છો ? તમારા પાછલા ભવો યાદ કરો. ત્રીજે ભવે હું મહાબલ રાજા હતો, અને તમે છ મારા મંત્રીઓ હતા, આપણે સાતે જણે દીક્ષા લીધી હતી. એ દીક્ષાના સમયમાં મેં ધર્મના કામમાં કપટ કરેલું તેથી હું તમે જુઓ છો તેમ સ્રીનો અવતાર પામી છું. સંસારનુ સ્વરૂપ તો વિચારો! તમે મને પરણવા તૈયાર થયા છો !! ધિક્કાર છે આ સંસારને !

આ વાત સાંભળી છએ રાજાને જાતિસ્મરણ જ્ઞાન (પાછળના ભવો જાણવાનું જ્ઞાન) ઉત્પન્ન થયું. છએ જણ પ્રતિબોધ પામ્યા. શ્રી મલ્લિકુંવરીએ દીક્ષા લીધી અને શ્રી મલ્લિનાથ તીર્થંકરનું પદ પામ્યા. ત્યારબાદ છએ રાજાઓએ પણ તેમની પાસે દીક્ષા લીધી, છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે પધાર્યા. આ કથન શ્રી જ્ઞાતાસૂત્રના આઠમા અધ્યયનમાં છે.

૪. **એકત્વ ભાવના**–એવો વિચાર કરે કે હે જીવ! આ જગતમાં કોઈ કોઈનું સોબતી નથી. તું એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે, પાપો કરીને તેં જે ધન વગેરે રિદ્ધિસિદ્ધિનો સંગ્રહ કર્યો છે, અને પૂર્વના કર્મના યોગે તને જે કુટુંબ પરિવાર મળ્યો છે તે તારા મરવા સમયે સાથે આવનાર નથી. ધન ધરતી પર કે ધરતીમાં જ્યાં હશે ત્યાં ધર્યું રહેશે. પશુ પક્ષી ઘરમાં રહી જશે, તારી વહાલી સ્ત્રી દરવાજા લગી અને કુટુંબ પરિવાર સ્મશાન લગી આવશે. તને અત્યંત પ્રિય એવું તારું આ શરીર પણ ચિતામાં બળી ખાખ થઈ જશે પણ સાથે આવશે નહિ. એવું જાણી એકાંતપણું ધારણ કર. એવી એકાંત ભાવના શ્રી મૃગાપુત્રે ભાવી હતી.

શ્રી સુગ્રીવ નગરમાં બલભદ્ર રાજા હતા. તેને મૃગા નામે રાણી હતી. તેના પુત્રનું નામ મૃગાપુત્ર હતું. તે મૃગાપુત્ર એક પ્રસંગે પોતાની સુંદર ને મનહર સ્ત્રીઓની વચ્ચે પોતાના રત્નજડિત મહેલની અંદર બેસી બજારનો ઠાઠ જોતા હતા. એવામાં રસ્તે જતાં એક દુર્બળ પણ તપોધની (તપરૂપી ધનનો સંગ્રહ કરનાર) સાધુને જોઈ શ્રી મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. પૂર્વના ભવમાં પોતે પણ સંયમ પાળેલો તે જાણી સંયમી થવાની પ્રબળ ઈચ્છા થઈ. સંયમ લઈ જંગલના મૃગની પેઠે એકલા વનવાસી રહી ખૂબ કરણી કરી મોક્ષ પહોંચ્યા. આ કથન ઉત્તરાધ્યયનના ૧૯ મા અધ્યયનમાં છે.

૫. **અન્યત્વ ભાવના**–એવો વિચાર કરે કે હે જીવ! આ જગતમાં સૌ સ્વાર્થી છે, પોતાની મતલબ હોય ત્યાં લગી સૌ આપણને

માન આપે, આપણી આજ્ઞામાં રહે અને જી, જી કહી હુકમ ઉઠાવે. મતલબ પૂરી થઈ કે પછી કોઈ કોઈનું નથી. એવી ભાવના શ્રી નમિરાજ ઋષિએ ભાવી હતી.

શ્રી મિથિલા નગરીમાં શ્રી નમિરાજને એક વખતે દાહજ્વર (શરીરમાં અગ્નિ વ્યાપે તે)નો રોગ પેદા થયો. એ રોગની શાંતિનેમાટે એમની ૧૦૦૮ રાણીઓ બાવના ચંદનનું લાકડું ઘસીને પોતાના વ્હાલા પતિના શરીરને ચોપડતી હતી. તે વખતે તે રાણીઓના હાથમાં પહેરેલાં અનેક કંકણો (ચૂડીઓ)નો ખડખડાટ કાનમાં પડવાથી શ્રી નમિરાજને વિશેષ દર્દ થવા માંડ્યું. વિચક્ષણ રાણીઓએ દર્દનો ભેદ સમજી પોતાના હાથમાંનાં તમામ કંકણ કાઢી નાખી ફક્ત મંગળની નિશાની માટે એકએક કંકણ હાથમાં રાખી બાવના ચંદન ઘસવા લાગી. કંકણનો અવાજ બંધ થવાથી શ્રી નમિરાજે પૂછ્યું કે પહેલાં બહુ ખડખડાટ થતો હતો અને હવે કેમ નથી થતો ? રાણીઓએ સાચેસાચી વાત કરી દીધી.

અનેકથી ગડબડ પણ એકથી નહિ, એ વાત ઉપર વિચાર કરતાં કરતાં વૈરાગ્ય ઉત્પન્ન થયો અને નિશ્ચય કર્યો કે ઓહો ! હું આ બધાંના સંજોગમાં રહ્યો છું તો જ દુઃખી છું. એવો વિચાર થતાવેંત રોગ શમી ગયો, અને નિદ્રા આવી ગઈ. નિદ્રામાં સ્વપ્ન આવ્યું, તેમાં સાતમું દેવલોક દીઠું. એ દેવલોક દેખતાં આંખ ઊઘડી ગઈ. જાગૃત દશામાં પાછા એ જ વિચાર ઉપર ચડ્યા, તરત જાતિ-સ્મરણ જ્ઞાન થયું. પુત્રને રાજ આપી ચારિત્ર લઈ, વનવાસ સ્વીકાર્યો.

શ્રી નમિરાજ જેવા ઉત્તમ રાજાનો વિયોગ થતાં સર્વ પ્રજા, એ વિયોગ-દુઃખથી ગભરાઈને વિલાપ કરવા લાગી. એ વિલાપ સાંભળી શક્રેંદ્રને દયા આવી.

શ્રી નમિરાજ ઋષિના ચારિત્રબળની-દૃઢતાની પરીક્ષા લેવા માટે શક્રેંદ્રે એક વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ લઇ કહ્યું કે અહો રાજર્ષિ !

આ બધા લોકો શા માટે વિલાપ કરે છે?

નમિ રાજર્ષિએ જવાબ દીધો કે આ નગરીની બહાર એક અતિ સુંદર વૃક્ષ છે. તે ફળ, ફૂલ, પાંદડાં અને ડાળોથી ભારે ખીલ્યું છે. એ ઝાડ ઉપર ઘણાં પક્ષીઓ આવી આરામ લેતાં હતાં. એક દિવસ વાયુના તોફાનથી તે વૃક્ષ તૂટી પડ્યું અને તેનું માત્ર ઠુંઠું રહી ગયું, તે વખતે સર્વ પક્ષીઓ પોતપોતાના સ્વાર્થની વાતો યાદ કરી વિલાપ કરવા ને રોવા લાગ્યાં. હે ઇંદ્ર! તે જ રીતે નગરીના બધા લોકો પોતપોતાની મતલબનો (મારો વિયોગ નહિ) વિયોગ જોઈ રુએ છે.

એ પ્રમાણે શક્રેંદ્રે ૧૧ પ્રશ્નો પૂછ્યા. તે અગિયારેનું સમાધાન કર્યું. તેથી ઇંદ્રે શ્રી નમિરાજ ઋષિને નમસ્કાર કર્યા અને પોતાને માર્ગે સ્વર્ગમાં જતો રહ્યો. શ્રી નમિરાજર્ષિ ઉત્કૃષ્ટ કરણી કરી મોક્ષમાં પધાર્યા. (ઉત્ત૦ અ૦ ૯)

૬. **અશુચિ ભાવના**:—એવો વિચાર કરે કે હે જીવ! તું તારા શરીરને સ્નાન, મંજન, લેપન વગેરેથી શુદ્ધ કરવા ઇચ્છે છે, પણ તે કોઈ દિવસ શુદ્ધ થવાનું નથી. કારણ કે તેની ઉત્પત્તિનો તથા તેની અંદર શું છે તેનો જરા વિચાર તો કર. પ્રથમ તો તે માતાનું રક્ત (રજ) અને પિતાનું શુક્ર (વીર્ય) એ બેનો આહાર કરી બન્યું છે. માતાના ઉદરમાં તે અશુચિ સ્થાનમાં એટલે જ્યાં વિષ્ટા-મૂત્ર રહેલાં છે ત્યાં વૃદ્ધિ પામી રક્તના નાળામાંથી બહાર નીકળ્યું. બહાર આવ્યા પછી માનું દૂધ પીને મોટું થયું. માનું દૂધ પણ જેમ શરીરમાં લોહી-માંસ રહે છે તે પ્રમાણે રહે છે. હાલ એ શરીર અનાજ ખાય છે તે અનાજ પણ અશુચિમય ખાતરમાંથી પેદા થાય છે.

હવે શરીરની અંદરના પદાર્થોનો જરા વિચાર કર. શરીરમાં સાતુ ધાતુ છે (૧) રસ, (૨) લોહી, (૩) માંસ, (૪) મેદ, (૫) હાડ (૬) મજ્જા, (૭) શુક્ર. જે આહાર કરવામાં આવે છે તે પિત્તના તેજથી પાકીને પહેલા ચાર દિવસમાં રસ થાય છે. બીજા ચાર દિવસમાં

રસનું લોહી થાય છે. એમ ચાર ચાર દિવસે એકેક ધાતુ બનતાં બનતાં છેવટે ૧ મહિને છેલ્લે ધાતુ શુક્ર (વીર્ય) બને છે. શરીરમાં સાત ધાતુ છે. (૧, ૨, ૩) જીભનો, નેત્રનો અને ગળાનો મેલ અને રસ, (૪) કાનનો મેલ ને માંસ, (૫) વીસ નખનાં હાડકાંની ઉપધાતુ, (૬) આંખના ગીડ મીંજીની ધાતુ, (૭) મોં ઉપરની ચીકણાશ–શુક્રની ઉપધાતુ. માંસરૂપ જે ધાતુ છે તેને 'વસા' તથા 'ઓજ' કહે છે. એ માંસ ઘી જેવું ચીકણું, આખા શરીરમાં સર્વ ઠેકાણે રહેલું, શીતળ અને પુષ્ટિકારક બળવાન છે.

ચામડાની સાત જાત છે. (૧) ભામિની એટલે ઉપલી ચામડી. તે ચીકણી છે અને શરીરને શોભાવનારી છે. (૨) લાલ રંગની ચામડી એમાં તલ આર્ય પેદા થાય છે. (૩) શ્વેત એટલે ધોળી ચામડી, તેમાં ચર્મ દળ પેદા થાય છે. (૪) તાંબાના રંગ જેવી ચામડી, એમાં કોઢ રોગ પેદા થાય છે. (૫) છેદની ચામડી, એમાં સોળ પ્રકારના રોગ પેદા થાય છે. (૬) રોહિણી નામે ચામડી, એમાં ગૂમડાં, ગંડમાળ, વગેરે રોગ પેદા થાય છે. (૭) સ્થૂળ ત્વચા, એમાં વિદ્રધિ પેદા થાય છે.

ત્રણ દોષનું સ્વરૂપ– (૧) વાત (વાયુ), (૨) પિત્ત, (૩) કફ. એ ત્રણને કેટલાક ત્રણ દોષ કહે છે અને કોઈ ત્રણ મેલ કહે છે. તેનું વિવેચન (૧) વાયુ–શરીરમાં સર્વ ઠેકાણે વસ્તુઓના વિભાગ કરવાનું કામ વાયુ કરે છે. એ વાયુ, સૂક્ષ્મ, શીતલ, હલકો અને ચંચળ છે. જે વસ્તુ ખાવામાં આવે છે તેને એ વાયુ તરફથી નળીઓ મારફતે યોગ્ય ઠેકાણે પહોંચાડવામાં આવે છે.

એ વાયુનાં ૫ સ્થાન છે (૧) મળનું સ્થાન, (૨) કોઠો એટલે પેટ, (૩) અગ્નિસ્થાન, (૪) હૃદય, (૫) કંઠ. એ પાંચ સ્થળે વાયુ રહે છે. (૧) ગુદા (મળદ્વાર)માં રહેનાર વાયુને અપાન વાયુ કહે છે. (૨) નાભીમાં રહે છે તે વાયુને સપાન વાયુ કહે છે. (૩) હૃદયમાં રહે છે તે વાયુને પ્રાણવાયુ કહે છે. (૪) કંઠમાં રહે છે તે વાયુને ઉદાન વાયુ કહે છે. (૫) શરીરમાં સર્વ સ્થળે રમી રહેલ છે તે વાયુને વ્યાન વાયુ કહે છે.

વાયુ–પ્રકૃતિવાળાનાં લક્ષણો–માથાના વાળ ટૂંકા, રૂક્ષતાને લીધે શરીર દુઃખવું, મન ચંચળ અને બોલવામાં વાચાળ હોય છે. વાયુ–પ્રકૃતિવાળાને આકાશમાં ઊડવાનાં સ્વપ્નો આવે છે. એ પ્રકૃતિવાળાને રજોગુણી કહે છે. (૨) પિત્ત–એ ગરમ, પાતળું, પીળું, કડવું, તીખું, અને દગ્ધ હોવાથી ખાટું થઈ જાય છે. એ પિત્ત શરીરમાં પાંચ સ્થળે રહીને પાંચ પ્રકારના ગુણો પેદા કરે છે. (૧) આશયમાં તલ જેટલો અગ્નિ થઈને રહે છે. એ અગ્નિ પાંચ પ્રકારની અસર પેદા કરે છે. (૧) મંદાગ્નિથી કફ થાય છે. (૨) તીક્ષ્ણ અગ્નિથી પિત્ત થાય છે. (૩) વિષમ અગ્નિથી વાત થાય છે. (૪) સમ અગ્નિ સારો. (૫) વિષમ અગ્નિ નઠારો. (૨) ત્વચામાં (ચામડીમાં) પિત્ત રહીને સુંદરતા ઉપજાવે છે (૩) નેત્રમાં પિત્ત રહીને વસ્તુઓ દેખાડે છે. (૪) પ્રકૃતિમાં પિત્ત રહીને ખાધેલી વસ્તુઓને પચાવી તેમાંથી રસ ને લોહી બનાવે છે. (૫) હૃદયમાં પિત્ત રહીને બુદ્ધિ ઉત્પન્ન કરે છે.

બુદ્ધિનાં પાંચ નામો છે. (૧) પાચક, (૨) ભ્રંજક, (૩) રંજક, (૪) અલોચક, (૫) સાધક. પિત્તપ્રકૃતિવાળાનાં લક્ષણ–જુવાનીમાં ધોળા વાળ થાય, બુદ્ધિમાન હોય, પરસેવો ઘણો આવે, ક્રોધ હોય, અને સ્વપ્નમાં તેજ ભાળે, પિત્ત પ્રકૃતિવાળાને તમોગુણી કહે છે. (૩) કફ એ ચીકણો, ભારે, ઠંડો અને મીઠો હોય છે, દગ્ધ થાય તો ખારો થઈ જાય છે.

એને રહેવાનાં પાંચ સ્થાન છે. (૧) આશયમાં, (૨) મસ્તકમાં, (૩) કંઠમાં, (૪) હૃદયમાં, (૫) સંધિમાં, એ પાંચ ઠેકાણે કફ રહીને સ્થિરતા તથા કોમળતા પેદા કરે છે. એનાં પાંચ નામ છે (૧) ક્લેદન (૨) સ્નેહન, (૩) બોધણ, (૪) અવલંબન, (૫) ગુરુત્વ.

કફ પ્રકૃતિવાળો ગંભીર અને મંદ બુદ્ધિ હોય છે. તેનું શરીર ચીકણું અને કેશ બળવાન હોય છે. સ્વપ્નમાં પાણી દેખે છે. કફ–પ્રકૃતિવાળાને સત્ત્વગુણી કહે છે.

શરીરમાં માંસ, હાડકાં અને મેદ એને બાંધનારી જે જે નસો છે તેને સ્નાયુ કહે છે. આ શરીર હાડકાંને આધારે ઊભું રહે છે. એ હાડકાંને સ્નાયુનો આધાર છે.

શરીરમાં સૌથી મોટી ૧૬ નસો છે. એ સોળ નસોને કરંડ કહે છે. એ કરંડ શરીરને સંકોચવાનું તથા પ્રચારવાનું બળ આપે છે. માંસરંધ્રાનું સ્વરૂપ–કાનનાં, નાકનાં અને આંખનાં બબ્બે છિદ્ર મળી છ છિદ્ર–(૭) જનનેંદ્રિય–છિદ્ર, (૮) ગુદા દ્વાર, (૯) મુખદ્વાર એ પ્રમાણે ૯ છિદ્ર કે દ્વાર પુરુષને હોય છે. એ ઉપરાંત સ્ત્રીને (૧૦) ગર્ભાશયનું છિદ્ર (૧૧–૧૨) બે પરસ્થાન એટલે સ્તનનાં છિદ્ર; એ પ્રમાણે બાર છિદ્ર હોય છે. બીજાં ઝીણાં ઝીણાં છિદ્રો તો અનેક છે.

શરીરમાં કાળજાનું વજન ૨૫ પલ, આંખનું ૨ પલ, શુક્રનું ૩૦ ટાંક, લોહીનું એક અઢક, ચરબીનું અર્ધો અઢક, માથાના ભેજાનું (મગજનું) એક પાથા, મૂત્રનું એક અઢક, વિષ્ઠાનું એક પાથા, પિત્તનું એક કબલ, અને શ્લેષ્મ (કફ)નું એક કબલ છે. એ પ્રમાણે શરીરનું વજન છે. એ વજનથી વધુ થઈ જાય તો રોગ પેદા થાય અને ઘટે તો મોત નીપજે. શરીરમાં ૧૬૦ નાડીઓ નાભિની ઉપર રસ ધરનારી છે, એકસો સાઠ નાભિની નીચે છે, એકસો સાઠ ત્રીછી (બાંકી બાજુમાં) એટલે હાથ વગેરેમાં લપેટાણી છે. ૧૬૦ નાડીઓ નાભિની નીચે ગુદાને વીંટાઈ રહી છે, ૨૫ નાડી શ્લેષ્મને એટલે કફના સ્થાનને, પચીસ નાડી પિત્તનાં સ્થાનને, અને દસ નાડી શુક્રને ધરનારી છે. એ પ્રમાણે સર્વ મળી ૭૦૦ નાડીઓ છે.

શરીરમાં બે હાથ; બે પગ, એમ ચાર શાખા છે. દરેક શાખામાં ૩૦–૩૦ હાડકાં હોવાથી ૧૨૦ હાડકાં છે. વળી, ૫ જમણી કમરમાં, ૫ ડાબી કમરમાં, ચાર યોનિમાં, ચાર ગુદામાં, એક ત્રિકનમાં, બોંતેર બે પસવાડામાં, ત્રીસ વાંસામાં, આઠ હૃદયમાં, બે આંખમાં, નવ ડોકમાં, ચાર ગળામાં, બે હડપચીમાં, ૩૨ દાંત મોમાં, એક તાળવામાં, એ પ્રમાણે સર્વ મળી ૩૦૦ હાડકાં છે.

શરીરમાં સાડાત્રણ ક્રોડ રોમ એટલે રૂંવાડાં છે. જેમાંથી બે કરોડ એકાવન લાખ રૂંવાડાં ગળાથી નીચે અને નવાણું લાખ ગળાની ઉપર છે. એ પ્રમાણે અનેક રીતે શરીર અશુચિથી, અપવિત્રતાથી, આધિ, વ્યાધિ અને ઉપાધિથી પૂર્ણ ભરેલું છે.

જ્યાં લગી પુણ્યની પ્રબળતા છે, ત્યાં લગી એ બધી અપવિત્રતા —અશુચિ ગુપ્ત રહી છે અને ઉપર ગોરી, કાળી, રાતી ચામડી ઢંકાઈ રહી છે. પણ જ્યારે પાપનો ઉદય થાય છે એટલે, પાપનાં ફળ પ્રગટે છે ત્યારે શરીરને બગડતાં જરાપણ વાર લાગતી નથી. આ અશુચિ-ભાવના શ્રી સનતકુમાર ચક્રવર્તીએ ભાવી હતી.

અયોધ્યા નગરીમાં મહારૂપવંત શ્રી સનતકુમાર નામે ચક્રવર્તી રાજા હતો, તેના રૂપની પ્રશંસા પહેલા દેવલોકના ઇંદ્રે દેવસભામાં કરી, તે એક દેવતાએ માની નહિ. પરીક્ષા કરવા તે દેવ તરત વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરી ચક્રવર્તીની પાસે આવ્યો. શ્રી સનતકુમાર ચક્રવર્તીનું રૂપ જોઈ દેવ ઘણું અચરજ પામ્યો.

એ વખતે ચક્રવર્તી સ્નાન કરતો હતો, તેણે દેવને પૂછ્યું, અરે વિપ્ર ! ક્યાંથી ચાલ્યા આવો છો ?

દેવે જવાબ દીધો કે છેક નાનપણમાં આપના રૂપની પ્રશંસા સાંભળી મેં તરત જ ચાલવું શરૂ કર્યું. ચાલતાં ચાલતાં મારી આટલી વૃદ્ધ ઉંમર થઈ ગઈ. આજ મને આપનાં દર્શન થયાં અને મારો મનોરથ પૂર્ણ થયો.

આ વાત સાંભળીને ચક્રવર્તીને અભિમાન થયું અને ગર્વ આણી બોલ્યો, હમણાં તું મારું રૂપ જુએ છે તેના કરતાં જ્યારે હું સોળ શણગાર સજી રાજસભામાં તમામ પરિવાર સાથે બેસું ત્યારે જો જોઈશ તો અતિશય આશ્ચર્ય પામીશ.

આવી ગર્વિષ્ઠ વાણી કહેતાં જ ચક્રવર્તીનું શરીર એકદમ બગડી ગયું અને તેમાં કીડા પડી ગયા. શરીરની એવી દશા જોઈ ચક્રવર્તીને તરત વૈરાગ્યદશા આવી કે શરીરને મેં અતિ ઉત્તમ માલમલીદા ખવરાવ્યા, વિધવિધ શણગાર સજાવ્યા, અનેક જાતનાં સુખો આપ્યાં, તે જ શરીરે મને દગો દીધો; તો કુટુંબ પરિવાર, નોકર વગેરેનું તો કહેવું જ શું ? હું તો એમ માનતો હતો કે મારું શરીર ઠેઠ લગી

એકસરખું જ રહેશે. ધિક્કાર! ધિક્કાર! ધિક્કાર આ સંસારને! એમ કહી તરત સર્વ રાજરિદ્ધિનો ત્યાગ કરી, સાધુપદ ગ્રહણ કર્યું. સાધુ થયા પછી ૭૦૦ વર્ષ લગી એ રોગ શરીરમાં રહ્યો, પછી નીરોગી થઈ, મોક્ષે પધાર્યા. (કોઇ કહે છે કે દેવલોકમાં પધાર્યા) (ઉત્ત૦ અ૦ ૧૮ની કથામાં).

૭. આસ્રવ-ભાવના—એવો વિચાર કરે કે, હે જીવ! તેં અનંત સંસાર અનંતી વાર પરિભ્રમણ કર્યો, એ બધાનું મૂળ કારણ આસ્રવ જ છે. કારણ કે પાપને તો આ જીવે અનંતીવાર છોડયું પણ આસ્રવનાં દ્વાર બંધ કર્યા વિના ધર્મનું પૂર્ણ ફળ મળી શકતું નથી.

એ આસ્રવ વીસ પ્રકારે આવે છે. પણ તેમાં મુખ્ય પ્રકાર અવ્રતનો એટલે ઉપભોગ (જે ચીજો એક વાર જ ભોગવવામાં આવે છે તે જેવી કે આહાર વગેરે), પરિભોગ (જે ચીજો વારંવાર ભોગવવામાં આવે છે તે જેવી કે વસ્ત્ર ઘરેણાં વગેરે), ધન, ભૂમિ, વગેરેની મર્યાદા ન કરવી, આશા–તૃષ્ણા–ઇચ્છાને ન રોકવી, એ આસ્રવ જ આ ભવમાં મહાતૃષ્ણારૂપ સાગરમાં ગોથાં ખવરાવે છે અને મરણ પછી દુર્ગતિમાં લઈ જઈ અનંત કાળ સુધી વિટંબણા ભોગવાવે છે, એવું જાણી હે જીવ! હવે તો આસ્રવને છોડ, વ્રત પચ્ચખાણ જરૂર આદર. આરંભ પરિગ્રહનો બને તેટલો ત્યાગ કર. એવી આસ્રવ ભાવના શ્રી સમુદ્રપાળે ભાવી હતી.

ચંપાનગરીમાં પાલિત નામે શ્રાવકને સમુદ્રપાળ નામે પુત્ર હતો. તે એક દિવસ પોતાની સ્ત્રી સાથે હવેલીમાં ગોખમાં બેઠો બેઠો નીચે બજારની રચના જોતો હતો. એવામાં અનેક રીતે બાંધેલા એવા એક ચોરને વધસ્થાન તરફ લઇ જતો જોયો. શ્રી સમુદ્રપાળ વિચાર કરવા લાગ્યો કે જુઓ. આ અશુભ કર્મનો ઉદય! એ ચોર પણ મારા જેવો મનુષ્ય જ છે, પણ કર્મને વશ પડયો થકો અત્યારે પરવશ થઇ ગયો છે. અને કોઈ વખત મારાં અશુભ કર્મનો ઉદય આવશે તો મને કોણ છોડાવશે? એ કર્મોદય આસ્રવને લઇને જ છે, માટે ઉદય થયા પહેલાં જ આસ્રવનો ક્ષય કરી સુખી થાઉં. એ વિચારશ્રેણી પર ચડતાં છેવટે દીક્ષા

ગ્રહણ કરી, ભારે તપ સંયમ આદરી, અતિ દુષ્કર કરણીથી કર્મનો ક્ષય કરી, કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા (ઉત્ત૦ અ૦ ૨૧).

૮. સંવર ભાવના—એવો વિચાર કરે કે, હે જીવ ! સંસારમાં રખડાવનાર ખરેખર એક આસ્રવ જ છે. એ આસ્રવને રોકવાનો ઉપાય ફક્ત સંવર કરણી જ છે. માટે હવે હું મન, વચન અને કાયાની ઇચ્છાઓને રોકી એકાંત સમતા રૂપી ધર્મમાં જ તલ્લીન થાઉં. એવી ભાવના શ્રી હરિકેશી ઋષિએ ભાવી હતી. એ હરિકેશી મુનિએ પૂર્વ-ભવમાં જાતિનો મદ કર્યો હતો તેથી ચાંડાળ કુળમાં અવતર્યા હતા. તેનું બેડોળ મોઢું જોઈ હરિકેશી નામ આપ્યું. જ્યાં જાય ત્યાં કૂબડા રૂપને લીધે અપમાન થવા લાગ્યું, તેથી ગભરાઇને આપઘાત કરવા જતા હતા.

એવામાં એક સાધુજીએ દીઠા અને તેમણે ઉપદેશ કર્યો કે ભાઈ! મનુષ્ય જન્મ રૂપી ચિંતામણિ રત્ન આમ ઝંપાપાત કરી શા માટે ગુમાવે છે ? આપઘાત કર્યા પછી સુખ મળશે નહિ. ઊલટું, દુઃખનો વધારો થશે, વગેરે સદ્બોધ સાંભળતાં હરિકેશીને વૈરાગ્ય ઊપજ્યો. તે સાધુજી પાસે દીક્ષા ગ્રહણ કરી ગુરુને નમસ્કાર કરી માસ–માસનાં માસખમણ તપ આદર્યાં. ફરતાં ફરતાં બનારસી નગરીની બહાર યક્ષના દેવળમાં ધ્યાન ધરી ઊભા રહ્યા. રાજાની પુત્રી દેવળમાં કુરૂપ સાધુને જોઇ તેના ઉપર થૂંકી. થૂંકવાની સાથે જ તે રાજપુત્રીનું મોં વાંકું થઇ ગયું. રાજાને ખબર પડી. તપસ્વી ઋષિના શાપથી ડરી રાજાએ પોતાની તે કન્યા તે ધ્યાનસ્થ મુનિને અર્પણ કરી.

હરિકેશી મુનિ ધ્યાન પાળી રાજાને કહેવા લાગ્યા કે રાજન્ ! અમે બ્રહ્મચારી સાધુઓ ! સ્રીને મનથી પણ ન ઇચ્છીએ. રાજા ઘણો જ ગભરાયો. વિચાર કરવા લાગ્યો કે હવે આ કન્યાનું શું કરું ? પુરોહિતને બોલાવી પૂછ્યું. પુરોહિતે કહ્યું કે તારી રાજકન્યા ઋષિપત્ની છે, તેથી કોઇ બ્રાહ્મણને દઇ દે.

ભોળા રાજાએ તે કન્યા તે પુરોહિત બ્રાહ્મણને જ અર્પણ કરી. પાણિગ્રહણને વખતે એક યજ્ઞનો આરંભ કર્યો. જોગાનુજોગ, એ જ

યજ્ઞમાં હરિકેશી મુનિ ભિક્ષા લેવા પધાર્યા. ઘણાં બાળકો આ બેડોળ સાધુને જોઇ યજ્ઞની બહાર લાકડી, પથરા, વગેરે મારવા લાગ્યાં. ત્યારે તે રાજકન્યા બોલી કે "અરે મૂર્ખ બાળકો ! તમારું મોત આવ્યું છે કે શું ?" એટલું કહેતાં જ તે તમામ બાળકો અચેત થઈ પૃથ્વી પર પડી ગયાં. બધા બ્રાહ્મણો ગભરાઈને દોડયા. હરિકેશી મુનિ પાસે બાળકોના અપરાધની માફી માગવા લાગ્યા.

મુનિએ કહ્યું કે ભાઈ, અમે સાધુઓ ! ગમે તે દુઃખો પડે છતાં મનથી પણ કોઈનું બૂરું ઇચ્છીએ નહિ. બાળકોને બેભાન કરવાનું કામ તિંદુક નામના યક્ષથી થયું હોય તો જ્ઞાની જાણે. પછી બધા બ્રાહ્મણોએ, મુનિને પૂર્ણ ભાવથી પારણું કરાવ્યું. પછી મુનિએ બ્રાહ્મણોને ઉપદેશ આપ્યો કે, હે વિપ્રો ! આ આત્મા અનાદિ કાળથી હિંસામય ધર્મમાં વીંટાઈ રહ્યો છે. આ મનુષ્ય જન્મ પણ તેઓએ તેવી રીતે ગુમાવ્યો. હવે અધર્મરૂપી–હિંસારૂપી યજ્ઞનો ત્યાગ કરો. જીવરૂપ કુંડમાં, અશુભ કર્મરૂપ ઇંધન (લાકડાં) તપ રૂપી અગ્નિએ કરી બાળો અને પવિત્ર થાઓ. તમારો આ યજ્ઞ તો આસ્રવ યજ્ઞ છે. માટે તે આસ્રવયજ્ઞનો ત્યાગ કરી, સંવરરૂપી પવિત્ર ને દયામય યજ્ઞ આદરો. એ જ યજ્ઞ આત્માને તારનાર ને શરણરૂપી છે.

બ્રાહ્મણોને આ ઉપદેશ રુચ્યો અને હિંસાધર્મનો ત્યાગ કરી ધર્મી બન્યા. પછી મુનિ ત્યાંથી વિહાર કરી અનુક્રમે ઉત્તમ કરણી કરી કર્મને બાળી–પ્રજાળી મોક્ષમાં પધાર્યા (ઉત્ત. અ ૧૨.)

૯. નિર્જરા ભાવના–એવો વિચાર કરે કે, હે જીવ ! તેં સંવરકરણી કરી નવાં આવતાં પાપને રોકયાં, પરંતુ તેં પહેલાં કરેલાં છે તે પાપોનો ક્ષય કરનારી તો એક નિર્જરા જ છે. એ નિર્જરારૂપ તપશ્ચર્યા ૧૨ પ્રકારની છે. તેમાં છ બાહ્ય નિર્જરા અને છ અભ્યંતર નિર્જરા. એ ૧૨ પ્રકારની તપશ્ચર્યા આ લોકનાં તથા પરલોકનાં કોઈ પણ સુખ કે કીર્તિની ઇચ્છા રહિત થઇને ફક્ત મોક્ષાર્થે જ કરો, તો તમારું જરૂર પરમ કલ્યાણ થશે. એ નિર્જરાભાવના અર્જુન માળીએ ભાવી હતી.

શ્રી રાજગૃહી નગરીની બહાર એક બગીચાના અર્જુન માળીની બંધુમતી નામે સ્ત્રી મહાસ્વરૂપવાન હતી. બંધુમતીનું રૂપ જોઈ છ લંપટ પુરુષો તેના પર મોહિત થયા. તેમણે તે બગીચાના મોગરપાણિ નામના યક્ષને જે વખતે અર્જુન માળી નમસ્કાર કરતો હતો તે વખતે તેને મજબૂત બાંધી તેની બંધુમતી સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો. અર્જુન–માળીના વચનપ્રહારથી પ્રેરિત થઈ યક્ષે અર્જુન માળીના શરીરમાં પ્રવેશ કરીને છ લંપટ પુરૂષો તથા સાતમી બંધુમતી એ સાતને મારી નાંખ્યાં અને ત્યાંથી તે યક્ષ દેવતા, અર્જુન માળીના શરીરમાં રહી રોજ નિર્દોષ ગમે તે છ પુરુષ તથા સાતમી એક સ્ત્રી એ પ્રમાણે ખૂન કરવા મંડયો. એ પ્રમાણે પાંચ માસ ને ૧૩ દિવસ લગી કર્યું અને તેથી ૧૧૪૧ મનુષ્યોનો ઘાણ નીકળી ગયો. ગામના બધા લોકો ગભરાયા. એ તરફના તમામ રસ્તા ઉજ્જડ થઈ ગયા. એવામાં પુણ્યોદયે શ્રી મહાવીર સ્વામી પોતાના સાધુ–પરિવાર સાથે પધાર્યા. અને તે જ બગીચામાં ઊતર્યા.

પ્રભુના દર્શનને વાસ્તે દૃઢધર્મી સુદર્શન શેઠ નીડર બનીને નીકળ્યા. શેઠ ગામ બહાર નીકળ્યા તેવામાં અર્જુનમાળી પોતાના હાથમાં રહેલું મુદ્‌ગલ ઉછાળતો ઉછાળતો આવ્યો, પણ સુદર્શન શેઠનું ધર્મતેજ જોતાં જ અર્જુન માળીના શરીરમાંથી યક્ષ નીકળી ભાગી ગયો. તેથી અર્જુન માળી મૂર્છા ખાઈ જમીન પર પડી ગયો. શ્રી સુદર્શન શેઠ અર્જુન માળીને ઉઠાડીને શ્રી મહાવીર પ્રભુ પાસે લાવ્યા.

પ્રભુનો ઉપદેશ સાંભળીને અર્જુન માળીએ દીક્ષા લીધી. છઠછઠના ઉપવાસ શરૂ કર્યા. પારણાને દિવસે રાજગૃહી નગરીમાં ભિક્ષા લેવા જાય ત્યારે જેના જેના કુટુંબનાં માણસોને માર્યા હતાં તે સૌ અર્જુન માળીને જોઈ, ઘરમાં પૂરી ખૂબ મારકૂટ કરે, છતાં અર્જુન મુનિ સમભાવ આણી સહન કરે અને મારનારને કહે કે, મેં તો તમારાં કુટુંબીઓને પ્રાણરહિત કર્યા છે, છતાં તમે મને ફક્ત મારકૂટ જ કરો છો, પણ જીવતો છોડો છો એ મારા ઉપર અતિશય મોટો ઉપકાર છે. એવી મહા ક્ષમા ધારણ કરી, ભારે તપશ્ચર્યા કરી, છ માસમાં કર્મોના સમૂહને તોડી મોક્ષ પધાર્યા. (અંતગડ સૂત્ર.)

૧૦. લોક સંસ્થાન ભાવના–એવો વિચાર કરે કે, આ લોકનું (જગતનું) શું સંઠાણ એટલે આકાર છે? આ લોકનું સંઠાણ દીવો કરવાનાં ત્રણ કોડિયાંના જેવું છે. (લોકના સંઠાણનું વિગતવાર વર્ણન બીજા પ્રકરણમાં આવી ગયું છે). એ લોકભાવના શિવરાજ ઋષીશ્વરે ભાવી હતી.

બનારસી નગરીની બહાર ઘણા તાપસો હતા, તેમાં જબરી તપશ્ચર્યા કરનાર શિવરાજ નામે એક તાપસને 'વિભંગ જ્ઞાન' ઉત્પન્ન થયું.

એ વિભંગ જ્ઞાનના બળે તે સાત દ્વીપ અને સાત સમુદ્ર જેટલી પૃથ્વી જોઈ લોકોને કહેવા લાગ્યો કે, મને બ્રહ્મજ્ઞાન ઉત્પન્ન થયું છે. એ બ્રહ્મજ્ઞાનના જોરથી હું સાત દ્વીપ તથા સાત સમુદ્રરૂપ સંપૂર્ણ પૃથ્વી દેખું છું. બસ, આટલી જ પૃથ્વી છે અને તે પછી આગળ નરદમ અંધકાર છે. પછી તે ગામમાં ભિક્ષા લેવા આવ્યો ત્યારે ગામના બધા માણસો કહેવા લાગ્યા કે, શ્રી મહાવીર સ્વામી તો અસંખ્યાતા દ્વીપ અને અસંખ્યાતા સમુદ્રો છે એમ ફરમાવે છે. અને શિવરાજ ઋષિ સાત દ્વીપ અને સાત સમુદ્ર કહે છે એ શી રીતે મેળ ખાય?

એ વાત સાંભળી શિવરાજ ઋષિએ વિચાર્યું કે હું શ્રી મહાવીર સ્વામી પાસે જઈને ચર્ચા કરું કે મારી નજરોનજરની (પ્રત્યક્ષ) વાત શી રીતે ખોટી હોય? હું જોઉં છું તે ઉપરાંત પૃથ્વી હોય તો મને બતાવે. એમ વિચાર કરતો તે શ્રી મહાવીર ભગવાન પાસે આવ્યો. શ્રી મહાવીર પ્રભુનાં દર્શન થતાં ઋષિને વિભંગજ્ઞાનનું અવધિજ્ઞાન થયું, જેથી તે સાત દ્વીપ, સાત સમુદ્રથી વધારે જોવા લાગ્યો. ઉત્તરોત્તર તેણે અસંખ્યાત દ્વીપ અને અસંખ્ય સમુદ્ર જોયા. તરત પ્રભુજીને નમસ્કાર કરી તેમનો શિષ્ય થયો. છેવટે કર્મનો ક્ષય કરી શ્રી શિવરાજ ઋષીશ્વર મોક્ષે પધાર્યા. * (ભગવતી સૂત્ર)

---

* વૈષ્ણવ લોકો આ કારણને લીધે સાત દ્વીપ ને સાત સમુદ્ર માનતા હોય તો કોણ જાણે.

૧૧. બોધબીજ ભાવના–એવો વિચાર કરે કે હે જીવ ! તારો નિસ્તાર (મોક્ષ) કઈ કરણીથી થશે ? જીવને મોક્ષનાં સુખ પ્રાપ્ત કરવામાં મુખ્ય સાધન સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ વિના જીવ ઊંચામાં ઊંચી કરણી કરી ઠેઠ નવ ગ્રૈવેયક લગી અવતાર ધારણ કરી આવ્યો, પણ તેથી કંઈ ખરું કલ્યાણ ન થયું. હવે સમ્યક્ત્વ ફરસવાનો મહાન અવસર આવ્યો છે. માટે કષાયાદિ પ્રકૃતિને શમાવી સમ્યક્ત્વરૂપી રત્ન મેળવ. સમ્યક્ત્વ છે તે દોરો પરોવેલી સોયના જેવું છે. દોરો પરોવેલી સોય કચરામાં ખોવાઈ જતી નથી, તે પ્રમાણે સમકિતી જીવ સંસાર સાગરમાં બહુ પરિભ્રમણ કરતો નથી. વધુમાં વધુ અર્ધ પુદ્ગળ પરાવર્તનની અંદર સમકિતી જીવ અવશ્ય મોક્ષ મેળવે છે. બોધિબીજ (સમ્યક્ત્વની) ભાવના શ્રી ઋષભદેવ મહારાજના ૯૮ પુત્રોએ ભાવી હતી.

શ્રી ઋષભદેવ મહારાજના મોટા પુત્ર શ્રી ભરતેશ્વર છ ખંડ સાધી પાછા આવ્યા, છતાં ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશ ન કરે. એથી રાજના પુરોહિતને પૂછતાં તેણે કહ્યું કે, છ ખંડ સાધી આપની આણ ચોમેર વરતાણી, પણ આપના ૯૯ ભાઇઓ છે તેમણે આપની આજ્ઞા સ્વીકારી નથી. શ્રી ભરતેશ્વરે તરત દૂત મોકલી ભાઈઓને કહેવરાવ્યું કે, તમે સૌ સુખે રાજ કરો, પણ તમે સૌ મારી આજ્ઞાનો સ્વીકાર કરો.

૯૯ માંથી ૯૮ ભાઈઓ બોલ્યા કે, પિતાજી અમને રાજ આપી ગયા છે તેથી અમે તેમની પાસે જઈને પૂછીશું. તેઓ જેમ ફરમાવશે તેમ કરીશું.

એ પ્રમાણે કહી ૯૮ ભાઈઓ શ્રી ઋષભદેવ ભગવાન પાસે આવી કહેવા લાગ્યા કે ભરત બહુ રિદ્ધિના ગર્વમાં આવી અમને સતાવે છે, તેથી હવે અમે શું કરીએ ?

શ્રી ઋષભદેવ સ્વામીએ ફરમાવ્યું કે હે રાજપુત્રો ! संबुज्झह किं न बुज्झह ! संबोहि खलु पेच्च दुल्लहा ॥ પ્રતિબોધ પામો,

તમને આવું રાજ્ય તો અગાઉ અનંતીવાર મળ્યું, પણ બોધિબીજ જે સમ્યકત્વ છે તેની પ્રાપ્તિ થવી અતિશય દુર્લભ છે, માટે સમ્યકત્વ અને ચારિત્રનો સ્વીકાર કરી મોક્ષનગરીનું મહાન્ અને અક્ષય રાજ મેળવો. એ રાજ ઉપર શ્રી ભરત ચક્રવર્તીનું પણ જોર ચાલે નહિ. શ્રી ઋષભદેવ ભગવાનની ઉત્તમ બોધદાયક હિતકર વાણી સાંભળી એક સાથે ૯૮ ભાઈઓ પ્રતિબોધ પામ્યા. દીક્ષા લઈ ઉત્તમ કરણી કરી કર્મનો સંપૂર્ણ ક્ષય કરી મોક્ષ પધાર્યા. (સૂયગડાંગ અ૦ ૨ ની કથામાં.)

૧૨. ધર્મભાવના—એવો વિચાર કરે કે હે જીવ ! મનુષ્યનો અવતાર તો કેવળ નિર્વાણ (મોક્ષ) મેળવવા માટે જ છે. મનુષ્યભવ સિવાય મોક્ષગતિ પ્રાપ્ત પણ થતી નથી. એ મોક્ષ ફક્ત ધર્મકરણી કરવાથી જ મળે છે. નરભવ માત્ર ધર્મકાર્ય કરવા માટે જ મળ્યો છે.

કહ્યું છે કે, " धर्मो विशेषो खलु मानवानाम् धर्मेण हीनाः पशुभिः समानाः " પશુઓ કરતાં મનુષ્યજન્મમાં ફક્ત ધર્મ જ વિશેષ છે. ધર્મકરણી વિનાના મનુષ્યે ધર્મકરણી અવશ્ય કરવી.

શ્રી જિનેશ્વર ભગવાને ધર્મનું મૂળ દયા છે એમ ફરમાવેલું છે. કહ્યું છે કે " દયા ધર્મકા મૂલ હૈ " ધર્મનું લક્ષણ જ "અનુકંપા" છે. એ ધર્મભાવના શ્રી ધર્મરુચિ અણગારે ભાવી હતી.

શ્રી ચંપા નગરીમાં શ્રી ધર્મરુચિ અણગાર પોતાને માસખમણનું પારણું કરવાનું હોવાથી નાગેશ્રી બ્રાહ્મણીને ઘેર વહોરવા પધાર્યા. તે જ રોજ નાગેશ્રીએ કડવા તુંબડાનું શાક ભૂલથી બનાવ્યું હતું, તે શ્રી ધર્મરુચિ મહારાજને વહોરાવી દીધું. મુનિએ તે લઈ પોતાના ગુરુજીને બતાવ્યું. ગુરુજીએ હુકમ કર્યો કે ભારે તપશ્ચર્યા કરવાથી તમારો કોઠો નિર્બળ થઈ ગયો છે તેથી આ વિષમય શાક ખાશો તો તમારું અકાળ મૃત્યુ થશે, માટે કોઈ નિરવદ્ય (જ્યાં પાપ ન લાગે તેવી) જગા હોય ત્યાં પરઠી આવો. શ્રી ધર્મરુચિ મુનિએ શાક લઈ ઈંટવાડાની ભઠ્ઠી હતી ત્યાં જઈ શાકમાંથી પ્રથમ એક ટીપું નાખ્યું. તરત જ તે ટીપા પર અનેક કીડીઓ ચડી ગઈ અને મરી ગઈ.

મુનિએ વિચાર કર્યો કે ગુરુજીએ ફરમાવ્યું છે કે નિરવદ્ય (પાપરહિત જગા, જ્યાં કોઈ જીવ ન મરે તેવી) જગાએ પરઠી આવજો. એક ટીપું નાખતાં આટલી કીડીઓ મરી ગઈ ને ભારે અનર્થ થયો, તો તમામ શાક પરઠવાથી ભારે જુલમ થશે. વિચાર કરતાં છેવટે સૂઝ્યું કે ખાસ નિરવદ્ય જગા તો મારું પોતાનું પેટ જ છે; અને દેહ તો નાશવંત છે. એવા દેહમાં શાક નાખવાથી ઘણા જીવોની રક્ષા થાય. એવો ઉપકાર નાશવંત શરીરથી બને એ તો ભારે લાભનું કારણ છે, એમ ચિંતવતાં વિષમય તમામ શાક પોતે જ ખાઈ ગયા.

થોડી વાર ન થઈ ત્યાં શરીરમાં અગ્નિ (દાહ) પ્રગટ્યો, છતાં સમભાવે આયુષ્ય પૂર્ણ કર્યું અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઊપજ્યા. ભવાંતરે કર્મોનો સર્વથા ક્ષય કરી મોક્ષ પધાર્યા. (જ્ઞાતા અ૦ ૧૬)

આ બારે ભાવનામાંથી જેણે જેણે એક એક ભાવના માત્ર ભાવી તેમના આત્માનું પણ પરમ કલ્યાણ થયું, તો જે જીવ બારે ભાવના ભાવશે તે તો જરૂર મોક્ષ પામશે એવું જાણી શ્રી ઉપાધ્યાય ભગવાન બારે ભાવના સદા ભાવે છે.

૪ અભિગ્રહ

અભિગ્રહના ચાર પ્રકાર છે : ૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪ ભાવથી. એ ચાર જાતના અભિગ્રહ ઉપર શ્રી મહાવીર સ્વામીનું દૃષ્ટાંત—છદ્મસ્થ દશામાં વિહાર કરતા શ્રી વીરપ્રભુએ એક વાર ૧૩ બોલનો એવો અભિગ્રહ ધારણ કર્યો કે—(૧) દ્રવ્યથી અડદના બાકળા[૧] સૂપડાના ખૂણા[૨]માં હોય; (૨) ક્ષેત્રથી—દાન દેનારી સ્ત્રી ઘરના દરવાજા[૩]માં બેઠી હોય, દરવાજાની અંદર[૪] એક પગ હોય અને એક પગ બહાર હોય; (૩) કાળથી, દિવસ[૫]નો ત્રીજો પહોર હોય; (૪) ભાવથી—દાન દેનારી રાજાની[૬] કન્યા હોય, તેના પગમાં[૭] બેડી, હાથ[૮]માં હાથકડી, માથે[૯] મુંડો, કચ્છોટો[૧૦]વાળેલો, આંખમાં[૧૧] આંસુ અને અઠ્ઠમની તપશ્ચર્યા-[૧૨]વાળી હોય અને તે મને આહાર[૧૩] આપે તો મારે લેવો.

એવું બન્યું કે ચંપાનગરીના દધિવાહન રાજાનું રાજ, બીજા રાજાએ લઈ લીધું. તેથી દધિવાહન રાજાની ધારણી રાણી પોતાના શિયળની રક્ષા કરવા સારું જીભ કરડી એક પુત્રી ચંદનબાળાને છોડી મરણ પામી. એક સૈનિકે ચંદનબાળાને લઈ કૌશાંબી નગરીમાં એક શેઠને ત્યાં વેચી. શેઠની ગેરહાજરીમાં શેઠની સ્ત્રી મૂળાએ ચંદનબાળાનું માથું મુંડાવ્યું, કચ્છ પહેરાવ્યો, હાથમાં બેડી નાંખી, અને તલઘરમાં (ઘરના નીચેના ભંડકમાં) રાખી પોતે પિતાને ઘેર જતી રહી. ત્રણ દિવસ બાદ શેઠ આવ્યા.

તેમણે ભોંયરામાંથી ચંદનબાળાને બહાર કાઢી. એ વખતે બીજું કંઈ ન હોવાથી અડદના બાકળા સૂપડામાં નાખી તેને ખાવા આપ્યા. એવામાં શ્રી મહાવીરસ્વામી ત્યાં પધાર્યા. પ્રભુને જોઈ ચંદનબાળા ઘણો હર્ષ પામી. આંખમાં હર્ષને લીધે આંસુ આવ્યાં. એ સ્થિતિમાં સતી ચંદનબાળાએ પાંચ માસ ને પચીસ દિવસના ઉપવાસને પારણે શ્રી પ્રભુને અડદના બાકળા વહોરાવ્યા.

ઉત્તમ પ્રસંગે ઉત્તમ ભાવથી દાન દેતાં સતીએ અનંત સંસાર પરિત કર્યો. આકાશમાંથી બાર ક્રોડ સોનામહોરોનો વરસાદ વરસ્યો, સતીની બેડી તૂટી ગઈ અને માથા પર વાળ આવી ગયા. છેવટે પ્રભુને તો કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ અને મોક્ષ પધાર્યા. સતી ચંદનબાળાએ પણ સંયમ લીધો અને મોક્ષ પહોંચ્યાં.

એવો ચાર પ્રકારનો અભિગ્રહ શ્રી ઉપાધ્યાય ધારણ કરે છે.

કરણસિત્તરીના બોલમાં ૪ પિંડ વિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઈંદ્રિય નિગ્રહ, ૨૫ પડિલેહણા, ૩ ગુપ્તિ, ૪ અભિગ્રહ એ પ્રમાણે સર્વ મળી ૭૦ બોલ થયા.

ચરણ સિત્તરી

ગાથા—वय समणधम्म, संजम वेयावच्चं च बंभगुत्तीओ ॥
नाणाइ तियं तव, कोहो निग्गयहोई चरणमेय ॥

અર્થ—મહાવ્રત પાંચ, શ્રમણધર્મ દસ પ્રકારનો, સત્તર પ્રકારે સંજમ, દસ પ્રકારે વૈયાવચ્ચ, નવ પ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિ ત્રણ પ્રકારે

જ્ઞાનાદિ રત્ન, બાર પ્રકારે તપ, અને ચાર પ્રકારે ક્રોધાદિ કષાયનો નિગ્રહ એ પ્રમાણે ચારિત્ર ગુણના કુલ ૭૦ બોલ છે.

'ચરણ'ના ૭૦ બોલનો વિસ્તાર હવે દર્શાવે છે.

'વય'—એટલે વ્રત, તે પાંચ મહાવ્રત જાણવાં. તેનો અધિકાર ત્રીજા પ્રકરણની શરૂઆતમાં આવી ગયો છે.

'समण धम्म' શ્રમણ એટલે સાધુજી, તેમનો ધર્મ ૧૦ પ્રકારનો છે.

ગાથા—खंति मुत्ति य अज्जव । मद्दव लाघव सच्चं ।।
संजम तव चेईय । बंभचेरवासीयं ।। *

અર્થ—૧. ક્ષમા, ૨ .મુક્તિ (નિર્લોભતા) ૩. આર્જવ (સરળતા), ૪. માર્દવ (મૃદુતા-નમ્રતા), ૫. લાઘવ (લઘુતા), ૬. સત્ય, ૭. સંયમ, ૮. તપ, ૯. જ્ઞાન, ૧૦. બ્રહ્મચર્ય એ દસ પ્રકારનો સાધુજીનો ધર્મ છે. તેનું વિવેચન ટૂંકામાં કહે છે.

૧. ખંતિ(ક્ષમા)—ક્રોધ રૂપી મહાન શત્રુને મારવો એનું નામ ક્ષમા-છે. કોઈ ખરાબ વચન કહે તે વખતે જ્ઞાનીજન એવો વિચાર કરે કે મેં એનો અપરાધ કર્યો છે કે નહિ? જો એનો અપરાધ કર્યો હોય તો એમ માને કે મેં એનો અપરાધ કર્યો છે કે તેનો તે ખરાબ બદલો લે છે એ તો ઘણું સારું થયું. અહીં ને અહીં બદલો ચુકાવી લીધો. નહિ તો પછીના જન્મમાં વ્યાજ સહિત બદલો દેવો પડત. એવો વિચાર કરી બદલો લેનારને ક્ષમાના બળથી શાંત કરે.

હવે જો અહીં અપરાધ ન કર્યો હોય ને સામો ધણી ગાળ આપે તો એમ માને કે આપણે તેના અપરાધી નથી, માટે આપણને ગાળ

---

* धृति क्षमा दमोऽस्तेय, शौचमिन्द्रियनिग्रहः ।
धी विद्या सत्यमक्रोधो, दशकं धर्मलक्षणम् ।। મનુસ્મૃતિ
અ. ૬ શ્લોક ૨૩.

અર્થ—ધૃતિ, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇન્દ્રિયનિગ્રહ, ધૈર્ય, વિદ્યા, સત્ય, અક્રોધ અને નમ્રતા એ ધર્મનાં ૧૦ લક્ષણ મનુએ પણ કહ્યાં છે.

લાગે જ નહિ, ગાળો આપી આપીને તે પોતાની મેળે જ થાકીને ગાળો આપતો બંધ થશે *

વળી, ગાળ ખાનાર માણસે એમ વિચાર કરવો કે સામો ધણી મને ચોર, દુરાચારી, વ્યભિચારી, ઠગ, કપટી, ચાંડાળ, વગેરે શબ્દો કહે છે તો તે ગાળો મારા પૂર્વ ભવનું સ્મરણ કરાવે છે. હું અગાઉ અનંત વખત એવા ભવ કરી આવ્યો છું, છતાં હજી મારી અક્કલ ઠેકાણે નથી આવી, તે ઠેકાણે લાવવી જોઇએ.

વળી, કેટલીક ગાળો તો આશીર્વાદરૂપ છે. જેવી કે :– (૧) 'તારું નખોદ જાય', એ પ્રમાણે કહે તો સમજવું કે 'હું મોક્ષમાં જાઉં ત્યારે જ મારું નખોદ જાય.' (૨) 'કર્મહીન'–કહે તો ચિંતવે કે 'હલકાં કર્મ અગર કર્મ રહિત તો શ્રી ભગવાન જ હોય છે.'! (૩) 'અકર્મી' કહે તો એમ માને કે 'અકર્મી તો શ્રી સિદ્ધ ભગવાન છે.' (૪) 'સાલા' કહે તો વિચારે કે 'ઉત્તમ જનને સર્વ સ્ત્રીઓ બહેન સમાન છે તેથી બહેનના સ્વામીનો હું સાળો થાઉં,' એ પ્રમાણે બધી બાબતો સવળી ગ્રહણ કરે ×

---

* દોહરો—દીધી ગાળી એક પણ, પલટી ગાળ અનેક;
જો ગાળો દેશો નહીં, રહેશે પહેલી એક.

કોઇએ આપણને ગાળ દીધી, એ ગાળ આપણે સહન કરી લઇએ અને સામી ગાળ ન દઇએ તો તે માત્ર એકની એક જ રહે છે પણ જો તેણે એક ગાળ દીધી અને આપણે બે દીધી, જેથી તેણે ચાર દીધી એમ વિસ્તાર વધતો જાય છે, અને ગાળોનો પાર રહેતો નથી. માટે ચૂપ રહેવું એ ઘણું જ સારું છે.

× દોહરો—સીધી ગણતાં મોક્ષ છે, ઊલટી દુર્ગતિ દેત,
ત્રણ અક્ષરને ઓળખો, બે લઘુ છે ગુરૂ એક.

અર્થ—બે લઘુ ને એક ગુરૂ અક્ષર છે એવો શબ્દ '**समता**' છે. જો એ શબ્દને સીધો ગ્રહણ કરે તો સમતા ધારણ કરતાં મોક્ષ દશા મળે. પણ '**समता**' શબ્દને ઊંધો કરી ગ્રહણ કરે તો '**तामस**' શબ્દ થાય છે. તે તામસપણું ગ્રહણ કરવાથી દુર્ગતિમાં જવું પડે છે.

વળી, એવો વિચાર કરે કે જેવી જેની પાસે ચીજ હોય તેવી તે આપે છે; કંદોઇને ત્યાં જાઓ તો મીઠાઈ મળે છે * અને મોચીને ત્યાં જાઓ તો જોડા જ મળે છે. જો તને ગાળો કોઈ આપે અને તને ખરાબ લાગે તો તું તે ગાળો તારા પવિત્ર હૃદયમાં ગ્રહણ કરી શા માટે મલિન અંતઃકરણ કરે છે ? કોઈ પણ સારો માણસ પોતાના સોનાના થાળમાં વિષ્ટા કદી પણ ભરશે નહીં. એવી ગાળો તું ગ્રહણ નહિ કરે તો તને ક્રોધ પણ પેદા નહિ થાય.

વળી, એવો પણ વિચાર કરવો કે ગાળ દેનાર તે ઘણો જ ઉપકારી છે. કારણ કે તે પોતાનો પુણ્યનો ખજાનો લુટાડી (આપણે સહન કરીએ તો) આપણાં કર્મની નિર્જરા કરે છે. આવો વખત ફરી ફરી આવવો મુશ્કેલ છે. એવું જાણી ગાળોને સમભાવથી સહન કરવી. જો તું સહન ન કર અને તેના જેવો જ થઇશ તો * પછી જ્ઞાની ને અજ્ઞાનીમાં ફેર શો રહ્યો ? બંને સરખા જ થયા. માટે જ્ઞાની રહેવું અને ગાળો સહન કરવી.

---

* દોહરો—જે પાસે જે ચીજ છે, તેવી તે આપે જ,
રામ નામ પોપટ લહે, કા કા કાગ કહે જ.

દોહરો—ગાળ ખમો તો ગુણ ઘણા, ગાળ દીધે બહુ દોષ,
એક મેળવે નારકી, એક મેળવે મોક્ષ.

Who so ever shall smite thee on thy right cheek, turn to him the other also (જો તને કોઈ ડાબા ગાલ ઉપર તમાચો મારે તો તું જમણો ગાલ બીજો તમાચો ખાવાને તેની તરફ ધરજે.)

'Bless them that course you' [જે તને શાપ આપે તેને તું આશીર્વાદ દે.] (Matt. V.A A)

अक्कोसेजा परे भिक्खु, न तेसिं पडिसंजले ।
सरिसो होइ बालाणं, तम्हा भिक्खू, न संजले ॥ उत्त०अ०२।२४.

અર્થ—સાધુને કોઇ કઠણ વચન કહે તો તેણે તેના ઉપર ક્રોધ કરવો નહિ કારણ કે આક્રોશ વચન કહેનાર તો અજ્ઞાની છે, પણ સાધુ તો જ્ઞાની હોવાથી તેના પર કોપ કરે તો પછી અજ્ઞાની ને જ્ઞાની બન્ને એકસરખા ગણાય. એમ વિચારી એવે પ્રસંગે સાધુ ક્ષમા ધારણ કરે.

વળી, સામો માણસ ક્રોધમા આવીને કઠણ વચનો કહેવા માંડે તો તે દરેક વચનના અર્થ પર મનમાં વિચાર કરવો કે એ કહે છે તે સર્વ દુર્ગુણ મારા આત્મામાં છે કે નહિ ? જો તે બધા દુર્ગુણો મારા આત્મામાંથી નીકળી જાય તો હું ઘણો જ ખુશી થાઉં. વૈદરાજ તો નાડી જોઇને દરદીનો રોગ બતાવે છે, પણ એણે તો નાડી જોયા વગર મારો દુર્ગુણરૂપી રોગ બતાવ્યો ! તેથી એ તો મહાન્ ઉપકારી છે. હવે બતાવેલા દુર્ગુણરૂપી રોગનો ઈલાજ કરીને તેની જડ કાઢું જેથી હું પવિત્ર બનું.

વળી, તે કઠણ વચન કહેનારના જેવા દુર્ગુણો તારા આત્મામાં ન હોય તો એમ વિચાર કરવો કે, શું એના કહેવાથી હું પવિત્ર છું તે અપવિત્ર–ખોટો થઈ જવાનો હતો ? હીરો સાચો છે તેને કોઈ કાચ કહે તેથી હીરો શું કાચ થઇ જશે ? કદી નહીં.

કોઈ મારે તો જ્ઞાની પુરુષ એવો વિચાર કરે કે એ મારનાર મારા પૂર્વ જન્મના કોઈ વેરનો બદલો માગતો જ હશે, તે અત્યારે લેવા આવ્યો છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે કે कडाण कम्माण न मोक्ख अत्थि ॥ કરેલાં કર્મનો બદલો દીધા વગર કદી છુટકારો છે જ નહીં. જો હું એ બદલો અત્યારે ખુશીથી નહિ લેવા દઉં તો હવે પછીના બીજા ત્રીજા ભવમાં પણ દેવો તો પડશે જ. અત્યારે જ શાંત પરિણામ રાખી સમભાવથી બદલો લેવા દઉં તો થોડામાં છૂટકારો થશે. ×

---

* દોહરો—બૂરો બૂરો સૌને કહું, બૂરો નહિ તે હોય,
જો ઘટ શોધું માહરો, મુજ સમ બૂરો ન કોય.
બૂરો બૂરો તુજને કહે, તું ભલો કરી માન,
બૂરું મીઠું હોય છે, સર્વ બને પકવાન્ન.

×–બાઈબલમાં Luke VI 37 માં કહ્યું છે કે :—

"Forgive and you shall be forgiven" એટલે, ક્ષમા કર, તને ક્ષમા મળશે જ.

જેમ કોઈ ગરીબ માણસને સો રૂપિયાનું દેણું ભરી આપવાની શક્તિ ન હોય અને તે નરમાશથી શાહુકાર પાસે ૭૫ રૂપિયા ધરી કુલ કરજની ફારગતી માગે તો શાહુકાર નમ્રતા અને ગરીબાઈ પર ખ્યાલ કરી ફારગતી જરૂર આપે એવી સમજણ રાખી શત્રુની પાસે જઈ નમ્રતાથી કહે કે, મારાથી કોઈ અપરાધ થયો હોય તો માફ કરો. ઈત્યાદિ શાંતિવાળા ઉપયોગથી શત્રુને શાંત કરે તો તરત માફી મળે અને વૈર વધતું બંધ થાય. મહાજવાળા લાગી હોય તે પણ પાણીથી બુઝાઈ જાય છે તો હૃદયથી દેખાડેલી નમ્રતાથી કેમ શાંત ન થાય? જરૂર થાય જ. એવી નમ્રતાથી પ્રથમ શત્રુને શાંત કરી પછી તેની ભૂલ, દુર્ગુણ કે સમજફેર થઈ હોય તે બતાવી તેનામાં પણ સુધારો કરવો.

વળી, જ્ઞાનીજન એવો વિચાર કરે કે મને કોઈ મારે છે તે પુદ્ગળોથી બનેલા મારા શરીરને મારે છે. અને શરીર તો એક વખત જરૂર મરવાનું છે, મારા આત્માને કોઈ મારી શકતું નથી. મારો આત્મા તો અજર અને અમર છે, એને મારવાને ત્રણે લોકની અંદર કોઈ સમર્થ નથી. વળી, એ મારનાર તો તારી પરીક્ષા લેવા આવ્યો છે કે આ જ્ઞાનીએ ક્ષમારૂપી ધર્મ અંગીકાર કર્યો છે કે ઢોંગ કરે છે? માટે એ વખતે ક્ષમાધર્મમાંથી પાછું ન હઠવું પણ પરીક્ષા લેવા દેવી ને તેમાં પાસ થવું. એવા કસોટીના પ્રસંગો ન આવે તો ખાતરી પણ શી રીતે થાય કે મહાવીર પ્રભુએ ફરમાવેલી યતિધર્મની ૧૦ આજ્ઞામાંની પહેલી આજ્ઞા જે ખંતી (ક્ષમા) છે તે બરાબર પાળી શકાય છે કે નહિ?

નરક ગતિમાં પરમાધામીનો ભયંકર માર સહન કર્યો અને પશુ આદિ તિર્યંચ ગતિમાં અનેક જાતના પ્રહાર ને મારકુટ થઈ તે ખમી, એના જેવી તો હાલ કંઈ છે નહિ, છતાં શા માટે ભાગે છે? જો આ પ્રહાર સમભાવ રાખી સહન કરીશ તો પછી નરક વગેરે ગતિનાં દુઃખ ખમવાં નહિ પડે. કડણુ વચન કહેનાર અને મારકુટ કરનાર પુરુષ ન હોત તો શી રીતે લોકમાં ખબર પડે કે તું ક્ષમાવંત છે? એ તો તારી પ્રખ્યાતિ કરે છે.

વિચાર તો કર કે, તારા મહાન ધર્મપિતા શ્રી મહાવીરસ્વામી અનંત શક્તિઓના ધરનાર હોવા છતાં, દૃષ્ટિ માત્રથી સામા માણસને ભસ્મ કરી નાંખે એવા હોવાં છતાં, એ મહા સમર્થ પુરુષને ગોવાળિયાએ માર્યા ત્યારે તેમના ઉપર જરા પણ ક્રોધ ન આણ્યો, વળી, એમના પર ગોશાળાએ તેજોલેશ્યા ફેંકી કે જે તે પ્રભુએ છદ્મસ્થ હતા ત્યારે તેના તરફ શીતળલેશ્યા નાંખી તાપસને તેજુલેશ્યાથી બચાવી શીતળ કર્યો હતો, એ મહાન ધર્મપિતા શ્રી મહાવીર પ્રભુનું અનુકરણ તારે અવશ્ય કરવું જોઈએ.

જે વેર લેવા પૂર્ણ સમર્થ છે છતાં ક્ષમા કરે તેની જ બલિહારી છે. બાકી, નિર્બળ દશામાં નરકગતિ વગેરેમાં તો ન છૂટકે તે અશક્તિની ક્ષમા જ છે. એ ક્ષમા તો ખરી ક્ષમા નથી. ક્ષમાનો ઉત્તમ અર્થ પણ એ છે કે સબળ છતાં વેર ન લેવું. એવી ક્ષમા ધારણ કરનાર મહાપુરુષો જ મોક્ષ મેળવે છે. વેર લેવું એ તો ઘણું સહેલું છે, માફી આપવી એ જ બહુ મુશ્કેલ છે.

આવા ઉત્તમ વિચારો કરી જ્ઞાની ક્ષમાવાન્ પુરુષ સાગર, ચંદન, ફૂલ, વૃક્ષ, નદી જેવો સદા રહે છે. દુઃખ દેનારને પણ સુખી કરે છે. તારા ક્ષણભંગુર શરીરના વિનાશથી બીજાઓને સુખ થતું હોય તો થવા દે. તું બીજાઓને સુખી દેખી સુખી થા એ જ ક્ષમા છે, અને એ જ ક્ષમા આ લોકમાં અને પરલોકમાં પરમ સુખદાતા છે. સંસાર સાગર તારનારી, જ્ઞાનાદિ પરમ ગુણો ધારણ કરનારી, અનેક ગુણો પ્રગટાવનારી એક ક્ષમા જ છે. એવી ક્ષમા ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામકુંભ, કામધેનું વગેરેથી પણ અતિશય સુખકારક છે. મનને પવિત્ર કરનાર શરીરનું માતા પ્રમાણે રક્ષણ કરનાર, જગતને વશ કરવામાં મોહિનીમંત્ર બરોબર, એ ક્ષમા છે. ક્ષમાવંત પુરુષ કોઈનું પણ બૂરું ઈચ્છતો ન હોવાથી તેનો કોઈ પણ વેરી હોતો નથી. *

---

* "Forgiveness is the noblest revenge." Matt V. 39.
ક્ષમા છે તે સર્વથી ઊંચા પ્રકારનું વેર છે.

આ જગતમાં જે જે શુભ ગુણો છે તે સર્વનો સમાવેશ ક્ષમામાં થાય છે. ક્ષમાએ તે સર્વ ગુણો ધારણ કર્યા છે. ક્ષમા વિના એકે સદ્‌ગુણ ટકે જ નહીં. તેટલા માટે કહેલું છે કે ॥ क्षमया स्थाप्यते धर्मः॥ ક્ષમા ધર્મનું સ્થાપન કરે છે અર્થાત્ ધર્મને રહેવાનું સ્થાન ક્ષમા છે. વળી કહેલું છે કે:– 'क्षमा तुल्यं तपो नास्ति" ક્ષમાના જેવું બીજું એકે તપ નથી.

અધ્યાત્મ પ્રકરણમાં લખ્યું છે કે–૬,૬૦,૦૦૦,૦૦ ઉપવાસનું જે ફળ છે તેના કરતાં, સમર્થ છતાં એક ગાળ સમભાવથી સહન કરનારને વિશેષ ફળ મળે છે, એવું મહા લાભનું કારણ જાણી મુમુક્ષુ જનોએ ક્ષમાધર્મની આરાધના કરવી. શ્રી ઉપાધ્યાયજી મહારાજ ક્ષમારૂપ સદાચરણ ધારણ કરી મોક્ષરૂપ અનંત સુખને મેળવે છે.

૨. મુત્તિનિર્લોભતા—જો કદી તૃષ્ણાનો વધારો થાય તો એવો વિચાર કરે કે, જેટલી વસ્તુનો તને સંજોગ મળવાનો છે તેટલો જ મળશે. સંજોગ કરતાં વધારેની ઈચ્છા કરીશ તો ધાર્યો અર્થ સરશે નહિ, અને વધારામાં કર્મબંધનું કારણ થશે. વળી, જ્યાં વિશેષ સંપત્તિ છે ત્યાં વિશેષ દુઃખનો વાસ છે. ×

કહ્યું છે કે:– "સંપત્તિ ત્યાં વિપત્તિ". ચક્રવર્તી રાજા જેટલી અને દેવલોક જેટલી રિદ્ધિસિદ્ધિ મળી છતાં સંતોષ ન થયો, તો હવે માટીની ઝૂંપડીથી શી રીતે તૃષ્ણા મટવાની છે? સાધુને તો વિશેષ ઉપકરણો થાય તો વિહાર વગેરે સમયે ભારે કષ્ટ ઉઠાવવું પડે છે, વિશેષ ઉપકરણો હોય તો પડિલેહણ વગેરે ક્રિયામાં ઘણો વખત જાય

---

* મુસલમાની ગીઝની વંશના સુલતાન મહમુદે સોળ વખત હિંદુસ્તાન ઉપર ચડાઈ કરી બહુ જ દ્રવ્ય લૂંટયું. વેરાવળના સોમનાથ મહાદેવના મંદિરમાંથી ૨૦ મણ જવાહીર, ૨૦૦ મણ સોનું, ૨૦૦૦ મણ ચાંદી અને અગણિત રોકડ નાણું લૂંટી ભેગું કર્યું હતું. જ્યારે મરવા પડયો ત્યારે ધનનો ઢગલો કરી તેના પર બેસી રોવા લાગ્યો કે અરેરે!! આ તમામ ધનને છોડી હું તો જાઉં છું. આમાંથી એક કોડી પણ મારી સાથે નહિ આવે. એ પ્રમાણે તૃષ્ણા બહુ જ દુઃખ દેનારી છે.

તેથી જ્ઞાન ધ્યાનમાં ઘણી ખામી આવે છે. ઉપકરણો ગૃહસ્થીને ઘેર તો રખાય જ નહિ, કારણ કે મહા પ્રતિબંધ થાય છે તથા અનેક આરંભ લાગે છે. એવો વિચાર કરી સાધુને તો જેટલાં ઓછાં ઉપકરણ હોય તેટલું વિશેષ સુખનું કારણ છે.

જે સાધુઓ લાલચુ થઇ ગયા છે તેની એક કોડી જેટલી પણ કિંમત રહી નથી, તે બિચારા કોડી કોડીને વાસ્તે રખડે છે, છતાં તિરસ્કારને પાત્ર થાય છે. પણ જે સાધુઓ સંતોષી છે, અને સંગ્રહ કરતા નથી એવાને તો કોઈ વાતની ખોટ નથી. આવા સાધુઓની આજ્ઞા થતાં અનેક ધર્મકાર્ય નીપજે છે.

"संतोषो नन्दनं वनं" સંતોષી જન, નંદનવનમાં રમણ કરનારા દેવોથી પણ વિશેષ સુખી છે. એવો વિચાર કરી જે વસ્તુ મળી છે એના પર પણ મમત્વ ન રાખવું. જો સરખા સહધર્મી સાધુનો જોગ મળે તો તેવાને આમંત્રણ કરે કે હે કૃપાસિંધો! મારા ઉપર કૃપા કરી વસ્ત્ર, પાત્ર, આહાર, વગેરે છે તેમાંથી આપની ઇચ્છા હોય તે ગ્રહણ કરી મને પાવન કરો! જો તેઓ ગ્રહણ કરે તો એમ માને કે આજ હું કૃતાર્થ ને પાવન થયો. એટલી વસ્તુ મારી લેખે લાગી. આ જ મારાં ધન્ય ભાગ્ય! આ જ મારી ધન્ય ઘડી! એ પ્રમાણે પોતાને ધન્ય માને એવી નિર્લોભી, નિર્મમત્વવાળી દશા ધારણ કરવાથી આ ભવમાં સર્વ ઈચ્છિત વસ્તુ મળે છે તથા સર્વમાન્ય થવાય છે અને પરભવમાં મોક્ષગામી થવાય છે. આ પ્રમાણે મુત્તિ—ધર્મની આરાધના ઉપાધ્યાયજી કરે છે.

૩. અજ્જવ (સરળતા નિષ્કપટપણું)—કહ્યું છે કે ॥ उज्जु धम्मं गइ तच्चं ॥ જેનામાં સરળતા હશે તે જ ધર્મ ધારણ કરી શકશે. એવું જાણી જેવું બહાર તેવું જ અંદર રાખો. બની શકે તેટલી શુદ્ધ ક્રિયા કરવી. જો શક્તિ ન હોય તો સાફ કહી દે કે મારા આત્માની નબળાઈ છે, હું બરાબર સંયમવ્રત પાળી શકતો નથી. જે દિવસે હું વીતરાગ પ્રભુની આજ્ઞાનું યથાતથ્ય આરાધન કરીશ તે જ દિવસ મારો પરમ કલ્યાણકારી છે.

વળી દિવસે દિવસે યથાશક્તિ શુદ્ધ ક્રિયાનો વધારો કરે. ફક્ત * લિંગ એટલે વેશ ધારણ કરવાથી આત્મસિદ્ધિ થતી નથી. લિંગ (ભેખનાં સાધનો) તો લોકોની પ્રતીત ઉપજાવવાને માટે માત્ર છે. ભેખથી તો પરખાય છે કે આ ગૃહસ્થ છે, આ સાધુ છે, આ રાજા છે. સાધુનો વેશ રાખી ગૃહસ્થના જેવાં કામો કરે તો તે માણસ પોતાને માટે અનંત સંસાર વધારી મૂકે છે એવું જાણી સાધુપણું શું છે તેનો પહેલેથી પૂર્ણ ખ્યાલ કરીને જ ભેખ ધારણ કરવો, અને એક વખત ભેખ ગ્રહણ કર્યો તો પછી જરા પણ દોષ ન લગાડતાં શુદ્ધ પ્રવૃત્તિ રાખી જૈનશાસનને ખૂબ દીપાવવું. જે કોઈ બાહ્ય અને અભ્યંતર પ્રવૃત્તિ શુદ્ધ રાખે છે તેને થોડી ક્રિયાથી સત્વર મોક્ષ મળે છે. ઉપાધ્યાયજી સદૈવ સરળ સ્વભાવી રહે છે.

૪. **'મદ્દવ' (નમ્રતા)**—વિનય છે તે જૈનશાસનનું મૂળ છે, અને મોક્ષ દાતા છે. વિનયવંત સૌને વ્હાલો લાગે છે. વિનીત હોય તે જ સર્વોત્તમ ગુણો સંપાદન કરી શકે છે.× જો કદી અભિમાન રૂપી દુર્ગુણ આવી જાય તો અભિમાનથી છૂટવા કેવા વિચારો કરવા તે જણાવે છે.

---

* "An actor is no king Though he struts in royal oppendage બાદશાહી ઠાઠમાઠથી ઘૂમનારો અને રાજાનો પાઠ ભજવનારો નાટકીઓ કંઈ ખરેખરો રાજા નથી.

× विणओ जिण सासणे मूलं, विणओ निव्वाण साहगो ।
विणओ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ॥

અર્થ—જૈન શાસનનું મૂળ વિનય એટલે નમ્રતા છે, વિનીતને જ મોક્ષ મળે છે. જેનામાં વિનય પણ નથી તેનો ધર્મ અને તપ વ્યર્થ છે.

विणयाओ नाणं, नाणाओ दंसणं, दंसणाओ चरणं, चरणं ति मोक्खो ।

અર્થ—વિનયથી જ્ઞાન, જ્ઞાનથી સમકિત, સમકિતથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ મળે છે. એ પ્રમાણે એક વિનય ગુણથી અનુક્રમે ઉત્તમોત્તમ ગુણોની પ્રાપ્તિ થઈ અંતે મોક્ષનાં અનંત સુખો મળે છે.

'Huminity is the foundation of every virtue.'
અર્થાત્—દરેક સદ્ગુણોનો પાયો નમ્રતા છે.

'Men's merits rise in proportion their modesty'
જેમ જેમ મનુષ્ય નમ્ર થાય છે તેમ તેમ તેની લાયકાત વધતી જાય છે.

(૧) જાતિનું અભિમાન આવે તો વિચાર કરવો કે હે જીવ! તું અનંતી વાર ચંડાળ વગેરે નીચ જાતિમાં જન્મ ધારણ કરી અનેક ખરાબ કામો કરી આવ્યો છે, તે બધું ભૂલી હવે શું બડાઇ મારે છે?

(૨) કુળનું અભિમાન આવે તો વિચારવું કે, હે જીવ! તું અનેક વાર વર્ણશંકર કુળમાં જન્મ ધારણ કરી, અનેક દુરાચાર સેવી આખા જગતથી તિરસ્કારપાત્ર થઈ હવે અહીં આવ્યો છે.

(૩) બળનું અભિમાન આવે તો વિચારે કે તીર્થંકર, ચક્રવર્તી અને વાસુદેવ જેવાના બળ આગળ તારું બળ કઈ ગણત્રીમાં છે! વળી, તું અનેક વાર કીડી કંથવા જેવાં નિર્બળ પ્રાણીરૂપે ઊપજી આવ્યો છે તેનો જરાક વિચાર કર.

(૪) લાભનું અભિમાન આવે તો વિચારે તો લબ્ધિવંત મુનિરાજની આગળ તારો લાભ ખડના તણખલા બરોબર નથી. તું તે શું મેળવી શકવાનો હતો?

(૫) રૂપનું અભિમાન આવે તો વિચારે કે ઔદારિક શરીરમાં અનેક રોગ ભર્યા છે, તો તારા રૂપનો વિનાશ થતાં વાર નહિ લાગે. શ્રી તીર્થંકર મહારાજ કે જેઓ ૧૦૦૮ ઉત્તમ લક્ષણના ધણી છે અને જેની આગળ સ્વર્ગના ઈંદ્રનું તેજ પણ સૂર્યની પાસે ઘરના દીવા જેવું લાગે છે, તે શ્રી તીર્થંકર પ્રભુના રૂપ આગળ તારું રૂપ કોણ ગણતરીમાં છે? વળી, તું કુક્કર, શ્વાન, પાડો, કાગડો, વગેરે પ્રાણીરૂપે હતો ત્યારે તારું રૂપ ક્યાં ગયું હતું?

(૬) તપનું અભિમાન આવે તો એમ વિચારે કે શ્રી મહાવીર પ્રભુએ જે તપશ્ચર્યા કરી તેની અપેક્ષાએ તારું તપ તો સાગર પાસે ટીપા બરોબર છે. શ્રી મહાવીર પ્રભુ સાડાબાર વર્ષ ને પંદર દિવસ છદ્મસ્થપણે રહ્યા, તેમાં એક છમાસી તપ, એક છમાસમાં પાંચ દિવસ ઓછા એવો અભિગ્રહ તપ, ચોમાસી તપ નવ, ત્રણમાસી તપ બે, બેમાસી તપ છ, અઢીમાસી તપ બે, અર્ધા માસનો તપ બોંતેર વાર, ભદ્ર, મહાભદ્ર, અને શિવભદ્ર પડિમા અનુક્રમે સોળ, પંદર અને સોળ દિવસની, બારમી

ભિક્ખુની પડિમા, અઠ્ઠમ તપવાળી બાર વખત, છઠની તપસ્યા બસો ઓગણીસ વાર, તમામ મેળવીને ગણીએ તો તે સમર્થ પુરુષે સાડા બાર વર્ષ ને પંદર દિવસમાં માત્ર અગિયાર માસ અને ઓગણીસ દિવસ જ છૂટક છૂટક આહાર કર્યો છે. ક્યાં આ ઘોર તપશ્ચર્યા ને ક્યાં તારી અલ્પ તપશ્ચર્યા! વિચાર કર કે એ પ્રભુની તપશ્ચર્યા જોતાં તારાથી શું બનવાનું હતું?

(૭) શ્રુતિનું (જ્ઞાનનું) અભિમાન આવે તો વિચારે કે બુદ્ધિનો મદ શા માટે કરે છે? ગણધર મહારાજની બુદ્ધિ પર નજર તો કર. તેઓ એક મુહૂર્તમાં ઉપન્નેઈવા (ઉત્પન્ન થનાર પદાર્થ), વિગમેઈવા (નાશ થનાર પદાર્થ), ધુવેઈવા (શાશ્વતા પદાર્થ) એ ત્રણે પદ જાણે કે તરત જ ચૌદ પૂર્વનું જ્ઞાન કંઠાગ્ર થઈ જાય છે. એ ૧૪ પૂર્વનું જ્ઞાન લખવા બેસે તો ૧૬૩૮૩ હાથી ડૂબે તેટલી શાહી જોઈએ, તારાથી આ થઈ શકે તેમ છે? કદી નહીં.

(૮) 'ઐશ્વર્ય મદ' આવે તો વિચારે કે તીર્થંકર મહારાજના પરિવાર અને સત્તા આગળ તારી સત્તા અને પરિવાર શી ગણતરીમાં છે કે તું તેનો મદ કરે છે? આ પ્રમાણે આઠે મદના સંબંધમાં સૂક્ષ્મ ઉત્તમ વિચાર કરી જ્ઞાનીજન જરા પણ અભિમાન ન કરે, તે સર્વ-ગુણસંપન્ન થાય છે. છેવટ સર્વનો પ્રેમ મેળવી થોડા વખતમાં મોક્ષ મેળવી શકે છે. જાતિ વગેરે આઠ ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થઈ તો તે સામગ્રીને, અભિમાન કરવારૂપી નીચ કર્તવ્યમાં ન વાપરી નાખતાં, એ આઠ સામગ્રીનો વિશેષ નમ્રતા ધારણ કરવામાં, વિશેષ તપ, સંયમ અને વૈયાવચ્ચ જેવાં ઉત્તમ કામોમાં ઉપયોગ કરી ઉત્તમતા પ્રાપ્ત કરવી એ ઉત્તમ પુરુષોનું કર્તવ્ય છે.

૫. લાઘવ—જેમ સામાન્ય નદીના તારુ (તરનાર) પણ લંગોટ સિવાય વિશેષ વજન પાસે રાખતા નથી, તો આ મહાન સંસાર-રૂપી દુરંત સમુદ્ર તરવાવાળાએ તો અતિશય હલકા હોવું જોઈએ. એવી લઘુતા (હલકાપણું) બે પ્રકારે ધારણ થાય છે. ૧. દ્રવ્યથી, ૨. ભાવથી.

દ્રવ્યથી લઘુતા તે ઉપકરણો ઓછાં કરવાં અને ભાવથી લઘુતા તે પ્રકૃતિઓને મારે અને કષાયને ઘટાડે. જડ અને ચૈતન્યને એક નહીં પણ ભિન્ન સમજે. દિવસે દિવસે જડ પદાર્થો ઉપરની પ્રીતિ ઓછી કરે.

આપણો આત્મા જડની (જડ કર્મની) સાથે રહીને આજ લગી અનેક વિટંબણા ભોગવી ચૂક્યો છે, તો પણ હજી જડ સાથેની પ્રીતિ ઓછી કરી નહિ. જડ સાથેનો પ્રસંગ સમજણપૂર્વક ઓછો કરવાનો હાલ મહાન અવસર આવ્યો છે એવો વિચાર કરી કોઈ પણ પદાર્થ પર મોહ અને મમત્વ ન રાખે. એ રીતે રહેવાથી જીવનો ભાર ઓછો થતો જાય છે. અને જેમ જેમ જીવ હલકો થતો જશે તેમ તેમ તે ઊંચો આવતો જશે.

શાસ્ત્રમાં કહ્યું છે કે તુંબડી લઈ તેના પર માટીના આઠ લેપ ચડાવી પાણીમાં નાખવાથી તે ડૂબી જાય છે, પછી પાણીની અસરથી જેમ જેમ તે લેપ ગળવા માંડે અને ઓછા થાય તેમ તેમ તે તુંબડી આખર ઉપર આવે છે. એ જ દૃષ્ટાંત પ્રમાણે, જીવે પોતાના પર આ ક્ષણભંગુર સંસારની સૂક્ષ્મ (તે કામ, ક્રોધ, લોભ, વગેરે) અને સ્થૂળ (તે સ્ત્રી, ધન, વગેરે) વસ્તુઓનો ભાર લાદવો નહિ. ભાર આવી પડ્યો જ હોય તો એકદમ ન બને તો ધીમે ધીમે કમી કરવો, તો મોક્ષનાં સુખ મળતાં વાર નહિ લાગે, વળી લાઘવ ગુણ ધારણ કરનાર એમ વિચારે કે આ સંસારમાં મોટામાં મોટું દુઃખ "હું ને મારાપણું" રાખવામાં છે.*

સમુદ્રમાં જે ન્હાય છે ને ડૂબકીઓ મારે છે તેના પર કરોડો મણ પાણી આવી જાય છે છતાં તે પાણીનો જરા પણ ભાર

---

* મારાપણાને વિષે એક ઠેકાણે કહ્યું છે કે :—

મારૂં ત્યાં લગી મહાદુખી ચિંતા જ્યાં લગી શોક,
જ્ઞાન વિના એ નવ મટે, જાલીમ મોટા રોગ.

વળી, શાસ્ત્રમાં કહ્યું છે કે :—

गाथा—एगोऽहं नत्थि मे कोइ, नाह-मन्नस्स कस्सइ ॥
एवं अदीनमणसो, अप्पाणमणुसासइ

અર્થ :—હું એકલો છું, મારૂં કોઈ છે નહિ, અને હું પણ કોઈનો નથી. એમ ચિંતવતો દીનપણા રહિત આત્મા પર કાબુ રાખી વિચરે.

લાગતો નથી, પણ એ પાણીનો એક ઘડો ભરી લે છે કે તરત ઘડા જેટલા પાણીનો ભાર લાગે છે. એનો સાર એ છે કે સ્નાન વખતે સમુદ્રના પાણી ઉપર માલિકીરૂપી મમત્વભાવ (મારાપણું) ન હતું તો તેથી તેનો જરા પણ ભાર લાગ્યો નહિ, પણ જેવો એક ઘડો ભરી લીધો કે તરત જ ઘડામાંના પાણી પર મારાપણારૂપી માલિકી આવી અને તેથી તેનો ભાર લાગ્યો. બસ, આ સંસારમાં મારાપણું જ મહાદુઃખદાતા છે. હે પ્રાણી! તું જરા વિચાર કર, કે તારું પોતાનું આ જગતમાં કોણ છે?

પોતાનું તે જ કહેવાય કે જે આપણા હુકમ પ્રમાણે વર્તે, આપણી આજ્ઞા સદા ઉઠાવે. હવે જો કે તારું શરીર, જેને તું સૌથી પ્યારું અને તારું પોતાનું જ ગણે છે તે જ તારી પોતાની આજ્ઞા માનતું નથી. તું પોતે રોગ, ઘડપણ, નબળાઈ, વગેરેને જરા પણ ઇચ્છતો નથી, છતાં તારું શરીર તારી આજ્ઞા ન માની તેની સોબત કરે છે. તું તારા શરીરને માટે એમ કહે છે કે આ મારું શરીર, તારા માતાપિતા, એ જ શરીરને માટે કહે છે કે, મારો પુત્ર, તારાં ભાઈબહેન એમ કહે છે કે મારો ભાઈ, તારી વ્હાલી પત્ની કહે છે કે મારો પતિ, એ પ્રમાણે સર્વે સ્વજનો તારા શરીરને 'મારું મારું' કહી બોલાવે છે. શરીર એક અને ધણી ઘણા!

હવે વિચાર કર કે આ શરીર કોનું છે? કહ્યું છે કે 'ના ઘર તેરા, ના ઘર મેરા, ચીડિયાં રેન બસેરા હૈ.' ખરી વાત એ છે કે, આવું પ્યારામાં પ્યારું શરીર પણ તારું થતું નથી; તો ધન, કુટુંબ, વગેરે તો તારાં શી રીતે હોઈ શકે? એવા એવા વિચારો અને ચિંતવણા કરી સદા અમમત્વપણે રહે અને લઘુતા ગ્રહણ કરે.

સચ્ચે (સત્ય)—સાચ સૌને વહાલું લાગે છે. કોઈને આપણે જૂઠો કહીએ તો તેને ઘણું ખરાબ લાગે છે. જુઠું એવું ખરાબ છે છતાં દુનિયા એવી બૂરી ચીજોને શા માટે સ્વીકારતી હશે? સત્યનાસ્તિ પરો ધર્મઃ' સત્ય સમાન બીજો કોઈ ઉત્તમ ધર્મ નથી.

ધર્મનું મૂળ સત્ય છે, અને સત્ય વચનને માટે મુખમાં બંદોબસ્ત પણ બહુ છે.

દોહરો--વચન રત્ન મુખ કોટડી, હોઠ કપાટ જડાય;
પહેરેગીર બત્રીસ છે, રખે પરવશ પડી જાય.

મોંરૂપી ઘરમાં હોઠરૂપી કબાટ છે, તેમાં સત્ય વચનરૂપી મહાન રત્નો સાચવી રાખ્યાં છે, અને તેની સાચવણને માટે બત્રીસ સિપાઇ રાખ્યા છે. રખેને, તે રત્નો પારકાને હાથ જતા રહે ! મતલબ કે વચન છે તે રત્ન છે. તે કાઢતા પહેલાં ખૂબ વિચાર કરવો. પરવશ થઈને એટલે ગમાર થઇને મોંમાંથી જૂઠું વચન ન કાઢવું; પરવશપણે વચન જેમતેમ બોલી ન નાંખવું.

વળી, જૂઠું એટલે એઠું એવો અર્થ કરીએ તો એઠવાડનો કોઈ પણ ઉત્તમ પુરૂષ સ્વીકાર કરતો નથી. સત્ય છે તે મનુષ્યરૂપી ઉત્તમ અવતારનું મોટું ભૂષણ છે, એવો વિચાર કરી નિરર્થક વાતોમાં, વિકથામાં, ગપસપમાં રાજી ન થાય અને એ રીતે આ મનુષ્ય જન્મ ગુમાવી ન દે. કોઈને દુઃખ લાગે એવું વચન કહેવું એ પણ જૂઠ જ છે.

કાણાને કાણો, નપુંસકને હીજડો, કોઢવાનને કોઢીઓ, વગેરે દુઃખકારી અને નુકસાન થવાની સાથે પાપ લાગે તેવાં વચન બોલવા જ નહિ. સત્ય, તથ્ય, પ્રિય, અવસરને યોગ્ય, નિર્દોષ ભાષા ઉચ્ચારવી જોઇએ * સત્યવંત પ્રાણી આ દુનિયામાં નીડર, સાહસિક,

---

* सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्, न ब्रूयात् सत्यमप्रियम् ॥
प्रियं च नानृतं ब्रूयात् एष धर्मः सनातनः ॥१३८॥
भद्रं भद्रमिति ब्रूयात् भद्रम् भद्रमिति वदेत् ।
शुष्कं वैरं विवादं च, न कुर्यात् केनचित् सह ॥१३९॥

मनुस्मृति અધ્યાય ૪

અર્થ—સદા સત્ય અને પ્રિય બોલો. સત્ય હોય પણ અપ્રિય હોય તે ન બોલો, બીજાને ખુશ રાખવા જૂઠું કદી ન બોલો. એ સનાતન આર્યધર્મ છે.

હે ભદ્ર ! સદા હિતકર બોલો, કોઈની સાથે નાહક વેર કે વિવાદ થાય એવું ન બોલો, વચનનું ભૂષણ એ જ છે.

સતેજ અને દઢ રહી ઉજ્જવળ યશ પ્રાપ્ત કરી આગળ જતાં જરૂર મોક્ષ મેળવે છે.

૭. સંયમ— આત્માને રૂડી રીતે કાબૂમાં રાખવો એનું નામ સંયમ છે. આત્મા પર સંયમ મેળવવો મહા મુશ્કેલ કામ છે. શાસ્ત્રમાં ૩૯ જાતના મનુષ્યોને સંયમ (દીક્ષા) આપવાની મના કરેલી છે. કારણ કે અનુભવથી એમ જણાયું છે કે એ ૩૯ મનુષ્યોને દીક્ષા દેવાથી–સંયમ અદરાવવાથી કલ્યાણ નથી. એ ૩૯ મનુષ્યો આ પ્રમાણે છેઃ

(૧) આઠ વર્ષથી નાની ઉંમર હોય તેને, (૨) સિત્તેર વર્ષથી મોટી ઉંમર હોય તેને, (૩) સ્ત્રીને દેખી કામાતુર થઈ જાય તેને, (૪) પુરુષ વેદનો ઉદય વધારે હોય તેને, (૫) દેહ જડને (બહુજ જાડું શરીર હોય તેને), વચન જડને (પૂરું ન બોલી શકે તેને), સ્વભાવ જડને (કદાગ્રહીને) (૬) કોઢ, ભગંદર, સંગ્રહણી, ક્ષય વગેરે મોટા રોગ હોય તેને, (૭) રાજાના ગુનેગારને, (૮) દેવ અગર શરદી વગેરેના જોગથી ગાંડો થઈ ગયો હોય તેને, (૯) ચોરને, (૧૦) આંધળાને, (૧૧) ગોલાને (દાસીપુત્રને), (૧૨) મહાક્રોધીને, (૧૩) મૂર્ખ–ભોળાને, (૧૪) હીનાંગીને (નકટો, કાણો, લંગડો, વગેરેને) તથા હીન જાતિ તે ભંગી–ભીલ–ઢેઢને (૧૫) બહુજ કરજવાનને, (૧૬) મતલબીને, (૧૭) આગળ પાછળ કોઈ જાતનો ડર હોય તેને (૧૮) સ્વજનની આજ્ઞા ન હોય તેને, એ પ્રમાણે ૧૮ બોલ પુરુષના અને એવા જ ૧૮ બોલ સ્ત્રીના ગણવા એટલે ૩૬ અને એ ઉપરાંત સ્ત્રીના ૨ બોલ વધારે ગણવા તે (૩૭) ગર્ભવતી સ્ત્રીને (૩૮) બચ્ચુ ધાવણું હોય તેને, એ પ્રમાણે ૩૮ અને (૩૯) નપુંસક × હોય તેને, એ પ્રમાણે ૩૯ સિવાય બીજા જે કોઈ અભિલાપી જન હોય તેને દીક્ષા આપી શકાય.

× છ કારણે નપુંસક થયો હોય તેને દીક્ષા આપવામાં જરા પણ હરકત નથી ૧. રાજાના જનાનખાનામાં રહેવા સારૂ ગુપ્ત અંગ છેદન કર્યું હોય તેને, ૨. આઘાત લાગતાં અંગ શિથિલ થયું હોય તેને ૩. મંત્રથી, ૪. ઔષધથી, ૫. ઋષિ-શાપથી અને, ૬ દેવયોગથી પુરૂષાતન રહિત થયો હોય તેને, પરંતુ જે જન્મથી નપુંસક હોય તેને દીક્ષા ન અપાય.

સંયમ એ મહાગુણનું સ્થાન છે. સંયમ વિના મોક્ષ નથી. સર્વ પ્રકારની ઉપાધિ અને ચિંતાથી મુક્ત થઈ જેણે સંયમ ગ્રહણ કર્યો છે અને જેને લાભ, સુકાળ, દુકાળ, જન્મ, મરણ વગેરે સમયે કોઈ પ્રકારનો હર્ષ શોક થતો નથી, એવો સંયમધર્મ આદરવાથી પામર મનુષ્ય પણ ઇન્દ્રને અને રાજાને નમવા યોગ્ય અને પૂજ્ય થાય છે. સંયમ એ મહાન લાભનું કારણ છે. કહ્યું છે કે :-

गाथा—मासे मासे उ जो बाले, कुसग्गेणं तु भुंजए ॥
न सो सुयक्खाय धम्मस्स, कलं अग्घइ सोलसि ॥

ઉ. ૯/૪૪

અર્થાત-મિથ્યાત્વી અને હિંસાધર્મી માણસ ક્રોડ પૂર્વ લગી માસમાસખમણ તપ કરે, માસખમણના પારણાંને રોજ ડાભ નામે ખડની અણી પર રહે તેટલા જ અન્નનો માત્ર આહાર કરે, અને અંજલિમાં આવે તેટલું જ પાણી પીએ, એ પ્રમાણે આખો જન્મારો તપ કરે ને જે ફળ પામે તે ફળથી સમ્યક્ત્વી પ્રાણીની એક નોકારસી (બે ઘડીનાં પચ્ચક્ખાણ)નું ફળ વધી જાય છે.

વળી, દેશવિરતિ (પાંચમા ગુણસ્થાનકવાળા)ના આખા જન્મના વ્રત પચ્ચક્ખાણનાં ફળ કરતાં દીક્ષા લીધેલા સંયમીની એક ઘડી વધી જાય, એવું મહા લાભનું સ્થળ સંયમ છે. એવા ચિંતામણિ રત્ન જેવા સંયમને કાંકરાની પેઠે ગણી જે ફેંકી દે છે, તે મહા અધમ પ્રાણી છે. પણ એ જ સંયમને ત્રણ કરણ અને ત્રણે જોગથી શુદ્ધ આરાધના, શુદ્ધ પ્રતિપાલના અને શુદ્ધ ફરસના કરે તો આ ભવમાં પરમપૂજ્ય, પરમસુખી અને મહાપુરુષ બની, આગળ ઉપર મોક્ષરૂપી મહાલક્ષ્મીને અવશ્ય મેળવે !

૮. તવે (તપ)-જેમ માટીમાં મળી ગયેલું સોનું, અગ્નિના જોરે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરે છે અને માટી જુદી થઈ જાય છે તે પ્રમાણે કર્મરૂપી મેલ વાળો આત્મા, તપરૂપ અગ્નિના પ્રતાપે નિજ-સ્વરૂપ (સિદ્ધ સ્વરૂપ)ને પ્રાપ્ત થાય છે. ઇંદ્રિયોનું દમન કરવાને, કર્મરૂપી

મેલ બાળવાને અને આત્માને અંકુશમાં રાખી ઉત્તમ માર્ગ તરફ વળવાને તપ એ મોટો ઉપાય છે. હે જીવ ! તેં આ જગતમાં જેટલા ઉત્તમ ઉત્તમ પદાર્થ ખાવા યોગ્ય છે તે અનંતી વાર ખાધા. એક, બે નહિ, પણ અનંત મેરુ પર્વત થાય તેટલી ખાંડ અને મોટામાં મોટો સમુદ્ર–સ્વયંભૂરમણ સમુદ્ર તેવા અનંત સમુદ્ર જેટલું દૂધ અને ઘી ખાધું તો પણ તારું પેટ હજી ભરાયું નહિ. હવે વિચાર કર કે, એ તુચ્છ વસ્તુઓથી શું ઈચ્છા તૃપ્ત થવાની છે? એવું જાણી જ્ઞાનીજન અનેક પ્રકારની તપસ્યા આદરે.

કેટલાક કહે છે કે દયાધર્મી થઈને ભૂખ વગેરેનાં દુઃખ સહન કરી આત્માને શા માટે દુઃખ દો છો? તેવાને કહીએ કે ભાઈ! તમે કડવાં ઓસડ લઈને પથ્ય પાળો છો તો એ ઔષધને અને પથ્યને દુઃખ માનો છો કે સુખ? જેમ ઓસડ કડવું લાગે છે અને પથ્ય પાળવું પણ દુષ્કર ગણો છો પણ ભવિષ્યમાં તે સુખદાયક થાય છે. તે જ પ્રમાણે, તપ કરતી વખતે દુઃખ લાગે છે પણ ભવિષ્યમાં મહા સુખ આપનાર તે ઉત્તમ ચીજ છે. વળી, તપની સાથે શરીર પરના મમત્વનો ત્યાગ કરી, આત્મ ભાવમાં રહેવાથી શરીરનું દુઃખ જણાતું નથી, પણ આત્મિક સુખનો અનુભવ થાય છે.

કોઈ વળી એમ કહે છે કે, પાપ તો કાયા કરે છે અને તપ કરીને તો જીવને દુઃખી કરો છો એ ક્યાંનો ન્યાય? એવા પ્રશ્ન પૂછનારને કહેવું કે ભાઈ! તમે ઘીમાં રહેલા મેલને કાઢવા સારુ લાકડા કેમ બાળો છો? જેમ લાકડાં બાળ્યા વિના ઘીનો મેલ બળતો કે જુદો પડતો નથી અને ઘી શુદ્ધ થતું નથી તેમ દેહને તપથી તપાવ્યા વિના આત્મા શુદ્ધ થતો નથી. જેમ કાળા કોયલા અગ્નિમાં તપાવ્યાથી બળીને તેની ધોળી રાખ થઈ જાય છે તેમ મહા ઘોર પાપોથી કાળો થયેલો પ્રાણી પોતાના આત્માને તપ રૂપી અગ્નિમાં બાળી પવિત્ર થઈ જાય છે.

તપસ્વી પુરુષો મોટા મોટા દેવ અને રાજાઓ વગેરેને પૂજ્ય છે. તપના પ્રભાવે અનેક ચમત્કારી લબ્ધિઓ તથા સિદ્ધિઓ મળે છે.

કર્મ રૂપી વગડાને બાળવાને માટે તપ છે તે સાક્ષાત્ દાવાનળ છે; તપ એ કામદેવ રૂપી મહાન શત્રુનો નાશ કરવામાં મહા દેવરૂપ છે, તૃષ્ણા રૂપી વેલને ઊખેડી નાખવાનું જબરું હથિયાર છે, અને આખર મહા નિબિડ (ચીકણાં) કર્મોનું પણ નિકંદન કરી અલ્પકાળમાં મોક્ષ-સ્થાન આપે છે.

૯. **ચેઇએ** (જ્ઞાન)–વસ્તુને યથાર્થરૂપે સમજવી તેને જ્ઞાન કહે છે. શ્રી વીર પ્રભુએ ફરમાવ્યું છે કે " पढमं नाणं तओ दया, " પહેલું જ્ઞાન મેળવ્યું હશે તો દયા બરાબર પાળી શકાશે. મોક્ષ મેળ-વવાનાં ચાર સાધનોમાં પ્રથમ સાધન જ્ઞાન છે, તે જ માણસનું રૂપ છે.

ભર્તૃહરિએ પણ કહ્યું છે, કે 'विद्या विहीनः पशुः' જ્ઞાન વિના માણસ પશુ સમાન છે.

શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે જ્ઞાની સર્વથી આરાધક છે.

શ્રી ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે 'नाणेण विणा न हुंति चरणगुणा' જ્ઞાન વિના શુદ્ધ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થતી નથી.

શ્રી યજુર્વેદમાં કહ્યું છે કે ॥ विद्यायाऽमृतमश्नुते ॥ જેમાં પરમ સુખની પ્રાપ્તિ છે તેને વિદ્યા કહે છે.

એ પ્રમાણે ઘણાએ દાખલા વિદ્યાના વિષયમાં છે.

બધી વિદ્યાઓમાં ધર્મતત્ત્વજ્ઞાનરૂપી વિદ્યાને પ્રથમ દરજ્જાની ગણી છે. એટલા માટે મોક્ષસુખના ઈચ્છનારા પ્રાણીઓએ જ્ઞાનાભ્યાસ અવશ્ય કરવો જોઈએ. સાંસારિક વિદ્યાઓ કરતાં ધર્મજ્ઞાન અતિશય ફાયદાકારક છે. ધર્મજ્ઞાન જાણનાર પાપ, અકૃત્ય, અભક્ષ્ય-ભક્ષણ, વગે-રેથી ઘણો ડરે છે. ધર્મજ્ઞાનવાળો પ્રાણી નિંદ્ય કર્મોથી–નિંદવા યોગ્ય કામોમાંથી પોતાના આત્માને અલગ રાખી બચાવી લે છે.

આ સમયમાં ધન મેળવવાને આતુર ઘણા જણ હોય છે, પણ વિદ્યાના શોખીન બહુ જ થોડા હોય છે. ધનના લોભથી એમ નથી

જાણતા કે, લક્ષ્મી તો વિદ્યાની દાસી છે. સાંસારિક વિદ્યા ભણનારા કરતાં આત્માની પિછાન કરનાર-ધર્મ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનાર તો છેક ઓછા છે. જગતની જંજાળ છોડનાર અને સાધુપણું અંગીકાર કરનાર એવા પુરુષો પણ આ જમાનામાં આત્મજ્ઞાનનો અપૂર્વ અભ્યાસ છોડી કથા, કહાણી, રાસ, વગેરેમાં પડી ગયા છે, તો પછી બીજા સંસારીઓની તો વાત જ શી કરવી ?

ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી જ્ઞાની કહેવાતા નથી, પણ જેનામાં ૧૦ લક્ષણ શોભતાં હોય તે જ્ઞાની કહેવાય છે. (૧) ક્રોધ રહિત (૨) વૈરાગ્યવંત (૩) જિતેંદ્રિય, (૪) ક્ષમાવંત, (૫) દયાવંત (૬) સર્વને પ્રિયકારી, (૭) નિર્લોભી, (૮) નિર્ભય, (૯) શોકરહિત, (૧૦) દાતા. એ દસ લક્ષણવાળો જે હોય તેને જ્ઞાની કહેવામાં આવે છે.

જ્ઞાની મહાત્મા આ ભવમાં સર્વમાન્ય થાય છે, અને પરમ સુખ-શાંતિથી આયુષ્યને વ્યતીત કરે છે. પરભવમાં સ્વર્ગ અને અક્ષય મોક્ષ-સુખને મેળવે છે.

૧૦. બંભચેરવાસે-બ્રહ્મચર્ય એટલે શીલવ્રત ધારણ કરવું તે. બ્રહ્મચારીને ખુદ પરમેશ્વર तं बंभ भगवं" એ પ્રમાણે શબ્દોથી પોતાના જેવા કહે છે, એટલે બ્રહ્મચારી પોતે ભગવાન છે.

મહાભારતના શાંતિ પર્વમાં ૨૪૩મા મહા અધ્યાયમાં કહ્યું છે-

॥ ब्रह्मचर्येण वै लोकान् जनयन्ति परमर्षयः ॥

મહાઋષિઓએ બ્રહ્મચર્યના પ્રતાપથી લોકોમાં વિજય કર્યો હતો.

વળી, કહ્યું છે કે—॥ ब्रह्मचर्य मायुण्यकारणम् ॥ આયુષ્ય એટલે જિંદગીમાં બધી રીતે હિતકર્તા બ્રહ્મચર્ય જ છે.

વળી : आयुस्तेजो बलं वीर्य, प्रज्ञाश्रीश्च महाशयः ॥
पुण्यं च मत्प्रियत्वं च हयन्तेऽब्रह्मचर्यया ॥
ગૌતમસ્મૃતિ અધ્યાય ૪

એટલે જેઓ બ્રહ્મચર્યને પાળતા નથી, તેનું બળ, વીર્ય, બુદ્ધિ, આયુષ્ય, તેજ, શોભા, શૌર્ય, સૌંદર્ય, ધન, યશ, પુણ્ય, અને પ્રીતનો નાશ થાય છે.

એ પ્રમાણે અનેક શાસ્ત્રોમાં સ્થળે સ્થળે બ્રહ્મચર્યની પ્રશંસા અને ગુણો તથા અબ્રહ્મચર્યના દુર્ગુણો બતાવ્યા છે, એવું જાણી કામ-વાસનાનો નાશ કરી બ્રહ્મચર્યવ્રત અખંડ ધારણ કરવું. કદાપિ સ્ત્રી વગેરે ભોગવિલાસના પદાર્થો દેખી મન ચલાયમાન થઈ જાય તો તે પદાર્થોના દુર્ગુણો ઉપર ધ્યાન લગાવવું. તે એવી રીતે કે હે જીવ, તું શું જોઈને મોહિત થાય છે ? જો તો ખરો કે સ્ત્રીના શરીરની અંદર શી શી વસ્તુઓ ભરી છે. તેના કાનમાં મેલ છે, આંખમાં ચીપડા, નાકમાં લીંટ, મોંમાં થૂંક, પેટમાં વિષ્ટા, (મળ) અને આખા શરીરમાં હાડકાં, માંસ, લોહી, વગેરે સર્વે અપવિત્ર પદાર્થો પરિપૂર્ણ ભરેલા છે.

ગાથા : जहा सुणी पूइकण्णी, निक्कसिज्जइ सव्वसो ।
एवं दुस्सील पडिणीए, मुहरी निक्कसिज्जइ ! उत्त० अ. १/४

જેવી રીતે, એક ભૂખ્યો કુતરો સુકાઇ ગયેલો હાડકાનો કટકો મળતાં તેને આનંદથી ચાટ્યા, ચાવ્યા કરે છે, અને એમ કરતાં હાડકાંની અણીદાર કટકીઓ તેના તાળવામાં વાગતાં કાણાં પડે છે, એથી તાળવામાંનું લોહી પેલા હાડકાના કટકા ઉપર પડતાં કુતરાને વિશેષ સ્વાદ આવે છે. અને હાડકા પર ઘણો મોહિત થઇ વધારે ને વધારે ચાવે છે, આખરે તાળવામાં કાણાં વિશેષ પડે છે, તેને દુઃખ થવા માંડે છે, એટલે દુઃખનું કારણ હાડકાનો કટકો નાંખી દઈ પોતે પોતાનું લોહિયાળું મોં ચાટી આનંદ માને છે. એમ થતાં તાળવામાંનાં કાણાં સડે છે, તેમાં કીડા ઊપજે છે, મોં ઘણું જ વાસ મારે છે. તે ઘણોજ દુઃખી થાય છે અને જ્યાં જાય છે ત્યાંથી સૌ તેને કાઢી મૂકે છે, ત્યારે ભૂખ્યો તરસ્યો દૂબળો થઈ તાળવાની પીડાથી માથાં પછાડી મરી જાય છે.

કુતરાની પેઠે વિષયમાં લુબ્ધ છે તેવા માણુસો * સ્ત્રીરૂપી હાડકાંના ખોખામાં અતિ મોહિત થઇ, પોતાનું વીર્ય ક્ષય પામે છે, છતાં ખુશી માને છે! વીર્ય ક્ષય થવાથી, તેમ જ ચિત્ત વિષયમાં જ પરોવાયેલું રહે છે તેથી ચાંદી, વિસ્ફોટક, બદગાંઠ, રકતપિત, વગેરે ગરમીના રોગો થાય છે. આખરે અતિશય પસ્તાવો કરતાં કરતાં મરણ પામી દુર્ગતિમાં અવતાર લેવો પડે છે; એવો વિચાર કરી કામવાસનામાંથી મનને ખેંચી બ્રહ્મચર્ય તરફ વાળવું.

બ્રહ્મચારીએ હંમેશાં એવો વિચાર કરવો કે હે આત્મન્! તું જે ઠેકાણે અસહ્ય પીડા સહન કરી ઉત્પન્ન થયો, પાછો તે જ મલિન જગા પર મોહિત થઈ વિષયરૂપી કાદવમાં ખૂંચવા જાય, તો તને કંઇ પણ શરમ નથી થતી? આપણી માતા, બહેન, વગેરેના શરીરનો જે જે રીતે દેખાવ, રૂપ, આકાર છે તે જ પ્રમાણે સર્વ સ્ત્રીઓનું છે. છતાં ખરાબ દૃષ્ટિથી કોઈ પણ સ્ત્રીજાતિ ઉપર જોવાય જ કેમ? વગેરે વિચારો કરી કામરૂપી ઇચ્છાઓને દબાવી મનને પૂર્ણ શાંતિમાં લાવવું.

જેવી રીતે ગૂમડાને આરામ થવા માંડે છે ત્યારે તેમાં ચળ ઘણી આવે છે, એવે સમયે જો ખંજવાળવા માંડે તો ગૂમડામાંથી લોહી નીકળે છે અને તેને મટતાં ઘણો વાર લાગે છે, પણ જો આત્માને વશ રાખી ગૂમડાને હાથ ન લગાડે તો થોડા વખતમાં તે ગૂમડું મટી જાય છે અને પૂરો આરામ આવી જતાં સુખ થાય છે.

એ રીતે, આ મનુષ્ય ભવમાં કામવિકારરૂપી ગૂમડું મટી મોક્ષરૂપી આરામ મેળવવાનો સમય આવ્યો છે, ત્યારે બીજી ત્રણ ગતિ કરતાં માણસના જન્મમાં કામવાસનાનો ઉદય (મનુષ્યને મૈથુનસંજ્ઞા ઘણી) વધારે હોય છે. એ સમયે આત્માને કબજામાં રાખી વિષયનું સેવન

---

* श्लोक—दर्शनात् हरति चित्तं, स्पर्शनात् हरति बलम्, ।
संभोगात् हरति वीर्यं, नारी प्रत्यक्ष राक्षसी ॥

અર્થ—સ્ત્રીને જોવાથી તે ચિત્તને હરી લે છે, સ્પર્શ કરવાથી બળને હરી લે છે, ભોગવવાથી વીર્યનો નાશ કરે છે, એટલા માટે સ્ત્રી પ્રત્યક્ષ રાક્ષસી—સર્વ સુખનો નાશ કરનારી છે.

ન કરે, અને બ્રહ્મચર્ય પાળે તો થોડા કાળમાં જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, વગેરે સર્વ રોગોનો સંપૂર્ણ નાશ થઈ જાય અને શાંત સ્વરૂપની પ્રાપ્તિ થાય, એવા એવા વિચારો કરી તે વિચારોનું પાલન કરી જ્ઞાનીજનો આત્માને શાંત કરે અને સ્ત્રી તથા પુરુષો સર્વે અખંડ બ્રહ્મચર્ય પાળે.

શ્લોક :– ब्रह्मचर्यस्य यद्गुणं शृणु त्वं वसुधाधिप ॥
आजन्म मरणाद्यस्तु, ब्रह्मचारी भवेदिह ॥ १ ॥
न तस्य किंचिद्प्राप्य, मिति विद्धि नराधिप ।
बहवः कोट्यस्त्वृषीणां ब्रह्मलोके वसन्त्युत ॥ २ ॥
सत्ये रतानां सततं, सन्तानां मूर्ध्नि चेतसाम् ॥
ब्रह्मचर्यं वहेद्राजन्, सर्वं पापमुपशितम् ॥ ३ ॥

ભીષ્મપિતામહ યુધિષ્ઠિરને કહે છે; હે યુધિષ્ઠિર ! બ્રહ્મચર્યના ગુણો સાંભળો. જેણે મરણપર્યંત શુદ્ધ બ્રહ્મચર્ય પાળ્યું તેને કોઈ પણ શુભ ગુણની ખામી ન જ હોય. ખુદ પરમાત્મા તથા સર્વે ઋષિ મુનિઓ તેના ગુણ ગાય છે. આ જન્મમાં તે અનેક સુખો ભોગવી, છેવટે પરમ પદવી–સિદ્ધપદ–મેળવે છે. બ્રહ્મચારી જનો નિરંતર સત્યવાદી, જિતેંદ્રિય, શાંત આત્મા, શુભ ભાવોથી ભરેલા, રાગ રહિત, પરાક્રમી, શાસ્ત્રોના અનુભવી, પ્રભુના ભક્ત, ઉત્તમ ધર્મગુરુ બનીને તમામ પાપોનો નાશ કરી સિદ્ધગતિ મેળવે છે. *

સત્તર પ્રકારનો સંયમ–ચરણસિત્તરીના ૭૦ બોલમાંના ૧૭ પ્રકાર સંજમના છે તે વર્ણવે છે.

(૧) હિંસા, (૨) જૂઠું, (૩) ચોરી, (૪) મૈથુન, (૫) પરિગ્રહ, એ પાંચ આસ્રવથી નિવર્તે, (૬) શ્રોત્ર, (૭) ચક્ષુ, (૮) ઘ્રાણ (નાક). (૯) રસના (જીભ), (૧૦) સ્પર્શેન્દ્રિય (ચામડી) એ પાંચ ઇંદ્રિયો વશ

---

* સાધુ પુરૂષના ૧૦ ગુણોનો અધિકાર જાણવા ઈચ્છા હોય તો પરમ પૂજ્ય મહારાજ અમોલખઋષિજીની બનાવેલી 'ધર્મતત્ત્વ સંગ્રહ' નામની ચોપડી અવશ્ય વાંચવી, વિચારવી. આ ગ્રંથ સાદી હિંદી ભાષામાં છે.

કરે, (૧૧) ક્રોધ, (૧૨) માન, (૧૩) માયા (કપટ), (૧૪) લોભ, એ ચાર કષાયથી છૂટે, (૧૫) મનથી કોઈનું બૂરું ચિંતવવું (૧૬) વચન ખોટું બોલવું (૧૭) કાયાને અજતનાથી પ્રવર્તાવવી, એ ત્રણ દંડથી મુક્ત થવું એ પ્રમાણે સંયમ ૧૭ પ્રકારનો છે.

બીજી રીતે ૧૭ પ્રકારનો સંયમ :-

૧. **પૃથ્વીકાય સંયમ**-એક જુવારના દાણા જેટલી પૃથ્વીકાયની કણીમાં અસંખ્યાતા જીવો છે. એ માંહેનો એક જીવ નીકળીને કબૂતર જેવડી કાયા બનાવે તો તે કણીમાંના જીવો એક લાખ જોજન લાંબાપહોળા જંબુદ્વીપમાં સમાય નહિ, પૃથ્વીકાયના જીવોનું પિંડ એ પ્રમાણેનું જાણી, સંયમધારી મુનિઓ તેને જરા પણ દુઃખ ન થાય તેમ વિચરે. પૃથ્વીકાયનો સ્પર્શ ન કરે. મકાન બાંધવાં, ધૂળ ખોદવી, ખેતર ખેડવાં, બાગ કરવા, વગેરે જે જે કામોથી પૃથ્વીકાયની હિંસા થાય એવો ઉપદેશ તો મુનિથી થાય જ શી રીતે ?

૨. **'અપકાય સંયમ'**-અપ (પાણી) કાયના એક ઝીણા ટીપામાં અસંખ્યાતા જીવો છે. એમાંથી એકેકે જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો જંબુદ્વીપમાં સમાય નહિ. અપકાયના જીવોની એ પ્રમાણેની હકીકત જાણી સંયમધારી મુનિ મહારાજ કાચા પાણીનો સ્પર્શ ન કરે. સ્નાન કરવું, રસોઈ કરવી, વસ્ત્ર ધોવાં, વગેરે બાબતોનો ઉપદેશ તો તેમનાથી થાય જ શી રીતે ?

૩. **'તેઊકાય સંયમ'**-તેઉ (અગ્નિ)ના એક તણખામાં અસંખ્યાતા જીવો છે. તેમાંથી એકેક જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો જંબુદ્વીપમાં સમાય નહિ. એ પ્રમાણે જીવોનું સ્વરૂપ જાણી સંયમધારી મુનિ અગ્નિનો સ્પર્શ ન કરે. દેવતા કરવો, ભઠ્ઠી સળગાવવી, ધૂપ કરવો, વગેરે ઉપદેશ તો તેમનાથી થાય જ શી રીતે ?

૪. **વાઉકાય સંયમ**-વાયુ (હવા)ની એક નાનામાં નાની લહેરમાં અસંખ્યાત જીવો છે. અને એક વાર ઉઘાડે મોઢે બોલતાં અસંખ્યાત

જીવો હણાય છે. તેમાંનો એકેક જીવ નીકળીને વડના બી જેવડી કાયા કરે તો જંબુદ્વીપમાં સમાય નહિ. એ પ્રમાણે સમજીને સંયમધારી મુનિરાજ મુખ પર મુખવસ્ત્રિકા બાંધે છે. પંખો નાખવો, હીંચકે હીંચકવું. યંત્રો ફેરવવાં, વગેરે પવનની ઘાત થાય તેવાં કામોનો ઉપદેશ તો તેમનાથી થાય જ શી રીતે ? અગ્નિકાયના જીવોથી વાયુકાયના જીવો વધારે સૂક્ષ્મ છે.

૫. વનસ્પતિકાય સંયમ—વનસ્પતિમાં ત્રણ પ્રકારે જીવો હોય છે. કેટલીક વનસ્પતિમાં એક શરીરે એક જીવ હોય છે. જેમકે અનાજના દાણા, બી, વગેરે કેટલીએક વનસ્પતિમાં સંખ્યાતા અને અસંખ્યાતા જીવો હોય છે. જેમકે—પાંદડાં, શાક, વગેરે કેટલીએક વનસ્પતિમાં એક શરીરમાં અનંતા જીવો હોય છે. જેમકે—કંદમૂળ અને કોમળ (કુણી) વનસ્પતિ વગેરે. એવું જાણી વનસ્પતિનો સ્પર્શ સંયમધારી મુનિરાજ ન કરે તો ફૂલ તોડવાં, ફળ વાપરવાં, ફળ—ફૂલનું છેદન-ભેદન, ફૂલના હાર—ગજરા બનાવવા વગેરેના ઉપદેશ દેવાનું રહ્યું જ ક્યાં !

કોઈ કહે છે કે પૃથ્વી વગેરે પાંચ સ્થાવર કાયના જીવોમાં હલન-ચલન વગેરેની શક્તિ છે નહિ, તેથી તેને સ્પર્શ વગેરે કરતાં તેને દુઃખ શી રીતે થાય ? ન જ થાય. આ બાબતનું સમાધાન :

શ્રી આચારાંગ સૂત્રના પહેલા અધ્યયનના બીજા ઉદ્દેશામાં કહ્યું છે કે કોઈ માણસ જન્મથી આંધળો, જન્મથી બહેરો અને જન્મથી મૂંગો હોય, તેવા અસમર્થને બીજો કોઈ માણસ પગથી માંડીને ઠેઠ માથા લગી અંગ, ઉપાંગના શસ્ત્ર વડે કટકે કટકા કરે તો તેને કેવી પીડા થાય છે ? એ માણસના મનમાં જે પીડા થાય છે તે જ્ઞાનીપુરુષ જાણે છે, પણ પીડા પામનારો માણસ પોતાના ઘોર દુઃખની વાત કોઈને કહી શકતો નથી. તે પ્રમાણે પાંચ સ્થાવરના જીવોને અડવાથી, કાપવાથી, છેદનભેદનથી અસહ્ય પીડા થાય છે, પણ તે પીડા બતાવવાને તેને વાણી વગેરે સાધનો નથી. કર્મના ઉદયથી તેઓ પરવશ—લાચાર

થઈને પડયા છે તેથી તે બિચારા શું કરે? એવી રીતે એ જીવોને અશરણુ અને અનાથ જાણી સંયમી મુનિ તેના પોતાના આત્માની પેઠે રક્ષા કરે છે.

૬. **બે ઇંદ્રિય સંયમ**—કાયા અને મુખ એ બે ઇદ્રિયવાળા જળો, કોડા વગેરે

૭. **તેઈંદ્રિય સંયમ**—કાયા, મુખ, નાક એ ત્રણુ ઈન્દ્રિયવાળા કીડી, માંકડ, વગેરે.

૮. **ચોરેન્દ્રિય સંયમ**—કાયા, મુખ, નાક અને આંખ એ ચાર ઈન્દ્રિયવાળા, માખી, મચ્છર વગેરે.

એ ત્રણુ પ્રકારના વિકળ ઈન્દ્રિય જીવોની સંયમધારી મુનિ રક્ષા કરે છે.

૯. **પંચેન્દ્રિય સંયમ**—કાયા, મુખ, નાક, આંખ અને કાન એ પાંચ ઈન્દ્રિયવાળા નારકી, તિર્યંચ (પશુ, પંખી, સર્પ, માછલાં, મગર, ઊંદર, વગેરે) મનુષ્ય અને દેવતા, એ ચારની સંભાળ કરે.

એવી રીતે એકેન્દ્રિય જીવો તથા બે ઇંદ્રિયથી પંચેંદ્રિય લગીના ત્રસ પ્રાણીઓની ત્રણુ કરણુ અને ત્રણુ જોગથી રક્ષા કરી કિંચિત્ માત્ર દુઃખ ન ઉપજાવે. કેટલાક માણસો (૧) આયુષ્ય નભાવવાને અર્થે એટલે શરીરના નિર્વાહને અર્થે (૨) યશ, કીર્તિ મેળવવા સારૂ ઓચ્છવ વગેરે કરવામાં, (૩) માનની મગરૂરી વધારવા સારૂ પૂજાસત્કાર કરાવવા, (૪) જન્મ મરણથી છૂટવા સારૂ એટલે ધર્મ થાય અને મોક્ષ મળે એ હેતુથી (૫) દુઃખોથી છૂટવા સારૂ. એ પાંચ કારણે છકાયના જીવોની જેઓ હિંસા પોતે કરે છે, બીજા પાસે કરાવે છે, અને બીજાઓ જે હિંસા કરી રહ્યા છે તેને ભલું જાણે છે એ સર્વને મહામૂર્ખ જાણવા. જો કે તેઓ તો સુખ મેળવવા હિંસા કરે છે, પણ ભવિષ્યમાં તેઓને

દુઃખરૂપ જ થશે. એ પ્રમાણે શ્રી વીરપ્રભુએ શ્રી આચારાંગ સૂત્રના પહેલા અધ્યયનમાં દર્શાવેલું છે.

૧૦. અજીવકાય સંયમ—વસ્ત્ર, પાત્ર, પુસ્તક, વગેરે અજીવ વસ્તુઓને જતનાથી (સંભાળપૂર્વક) વાપરે નહિ, એથી તે ચીજો લાંબો વખત ન ટકતાં તરત નકામી થાય છે અને બીજી લેવી પડે છે, અને આરંભની ક્રિયા લાગે છે. દુનિયામાં કોઈ પણ ચીજ વગર આરંભે નીપજતી નથી, તેમ ગૃહસ્થ લોકોને તે મફત મળતી નથી. એવી વસ્તુને ગૃહસ્થ લોકો કેવળ ધર્મને અર્થે સાધુઓને વહોરાવે છે, તો સંયમધારી સાધુઓને યોગ્ય એ છે કે બીજી સારી વસ્તુની લાલચની ખાતર, અગર અજતનાથી પોતાની પાસેની વસ્તુઓનો નાશ ન કરવો જોઈએ. અજીવ વસ્તુ પર મમત્વ ન રાખવું તેમજ જતનાથી વાપરવી કે જેથી જીવહિંસા ન થાય.

૧૧. પેહા સંયમ—કોઈ વસ્તુને જોયા તપાસ્યા વિના ઉપયોગમાં લેવી નહિ. એમ, જોઈ તપાસીને વાપરવાથી ઝેરી જંતુઓ વગેરેના વિષની અસર થતી નથી અને શરીરની રક્ષા થાય છે, તેમ જ જીવરક્ષા પણ થાય છે.

૧૨. ઉપેહા સંયમ—મિથ્યાત્વીઓ અને આચારમાં ભ્રષ્ટ થયા હોય તેમનો સમાગમ છોડે–કોઈ પણ દિવસ સંગ ન કરે, મિથ્યાત્વી હોય તેને સમકિતી જૈન બનાવે. વળી, જૈન ગૃહસ્થો હોય તેમને સાધુના માર્ગની સમજણ આપે અને ધર્મથી ડગતો હોય તેને બચાવી દૃઢ કરે. સંઘની કોઈ વ્યક્તિ પડવાઈ થાય તો તેની ઉપેક્ષા ન કરવી પણ સુધારવા મહેનત કરવી. કોઈ મિથ્યાત્વી ન માને તો તેના ઉપર દ્વેષ ન કરવો પણ મધ્યસ્થ (તટસ્થ) રહેવું.

૧૩. પ્રમાર્જના સંયમ—અંધારાવાળી જગામાં તથા રાત્રિને વખતે રજોહરણથી પૃથ્વીને પૂંજ્યા વિના હાલચાલ ન કરે. વસ્ત્ર, પાત્ર, પુસ્તક અને પોતાના શરીર પર કોઈ જીવ જોવામાં કે જાણવામાં આવે તો ગુચ્છા અગર પૂંજણીથી પૂંજી પછી તેને દૂર કરે.

૧૪. પરિઠાવણીઆ સંયમ—મળ, મૂત્ર, વગેરે પરઠવાની ચીજોને જ્યાં લીલોતરી, અનાજના દાણા, કીડી વગેરે ન હોય ત્યાં સંભાળ રાખી પરઠવે.

૧૫. મન—મન વશ રાખો, સંકલ્પ વિકલ્પ (આડાઅવળા વિચાર) ન કરો.

૧૬. વચન—અસત્ય ન બોલો.

૧૭. કાયા—જતનાથી શરીરને પ્રવર્તાવે.

એવી રીતે સંયમના સત્તર પ્રકાર છે. એ સત્તર પ્રકારના સંયમને શ્રી ઉપાધ્યાય સંપૂર્ણ રીતે પાળે છે.

દસ પ્રકારની વૈયાવચ્ચ—(૧) આચાર્ય (૨) ઉપાધ્યાય, (૩) તપસ્વી, (૪) નવદીક્ષિત, (૫) ગ્લાનિ (રોગી), (૬) સ્થવિર (૭) સ્વધર્મી, (૮) કુળ, (૯) ગુણ (૧૦) સંઘ. એ દસની યથાયોગ્ય સેવાભક્તિ કરે. એ ૧૦ પ્રકારની વૈયાવચ્ચ શ્રી ઉપાધ્યાય હંમેશાં કરે છે.

બંભગુત્તિઓ—નવ વાડ વિશુદ્ધ બ્રહ્મચર્ય પાળે. એ વિષેનું વિવેચન ૩ જા આચાર્યજીના પ્રકરણમાં વિસ્તારથી કર્યું છે.

નાણાદિતિય-જ્ઞાનાદિ ત્રણ રત્નની સમ્યક્ પ્રકારે આરાધના કરે. (૧) જ્ઞાનથી હરેક વસ્તુનું યથાતથ્ય સ્વરૂપ જાણે, (૨) દર્શનથી હરેક વસ્તુને યથાતથ્ય સરધે, (૩) ચારિત્રથી ગ્રહણ કરવા યોગ્ય ગ્રહણ કરે.

તવ—બાર પ્રકારનું તપ કરે. એ બાબતનું વર્ણન આચાર્યજી વિષેના ત્રીજા પ્રકરણમાં વિસ્તારથી આપેલું છે.

કોહોનિગ્ગહિય-ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયોનો નિગ્રહ કરે.

એનું વર્ણન ત્રીજા પ્રકરણમાં સવિસ્તર આવી ગયું છે. એ પ્રમાણે ૫ મહાવ્રત, ૧૦ પ્રકારે યતિધર્મ, ૧૭ પ્રકારે સંયમ, ૧૦. પ્રકારે વૈયાવચ્ચ, ૯ પ્રકારે બ્રહ્મચર્યની વાડ, ૩ રત્ન, ૧૨ પ્રકારે તપ, ૪ કષાયનો નિગ્રહ, કુલ ૭૦ ગુણ ચરણ સિત્તરીના થયા.

કરણસિત્તરી અને ચરણસિત્તરીના સિત્તેર-સિત્તેર ગુણથી શ્રી ઉપાધ્યાય મહારાજ સદા શોભે છે. *

૮ પ્રભાવના

આગળ ચૌદ ગુણો આવી ગયા છે. હવે શ્રી ઉપાધ્યાય મહારાજ માં ૮ પ્રભાવના ગુણ હોય છે તે વર્ણવે છે.

ધર્મને ફેલાવવો, દીપાવવો, અને પ્રગટ કરવો તેને "પ્રભાવના" કહે છે. એવી ધર્મપ્રભાવના આઠ જાતની છે.

૧. પ્રવચન પ્રભાવના—જે કાળમાં જૈનનાં જેટલાં સૂત્રો અને શાસ્ત્રો હોય તેને જાણે, જે સર્વ શાસ્ત્રમાં પ્રવીણ હોય તે જ સર્વને યોગ્ય જ્ઞાન દઈને ધર્મને દીપાવશે. તીર્થંકરનાં વચનોને જગજાહેર કરવાં તે પ્રવચન પ્રભાવના છે. જૈનેતર શાસ્ત્રોએ જૈન ધર્મનું કેટલું ગ્રહણ કર્યું છે, કેવી રીતે ફેરફાર કરી ભૂલ કરી છે તે બતાવવા માટે જૈનેતર શાસ્ત્રો પણ વાંચે

૨. ધર્મકથા પ્રભાવના—શ્રી ઠાણાંગ સૂત્રમાં ચાર પ્રકારની કથા કહી છે. તે દરેકના ચાર ચાર ભેદ ગણતાં સોળ પ્રકારની દેશના થાય છે. તે સોળ દેશના એટલે ધર્મકથા કરી જૈન મતને દીપાવે. चउविहा कहा पन्नता तंजहा—(૧) આક્ષેપણી (૨) વિક્ષેપણી, (૩) સંવેદણી, (૪) નિર્વેદિની.

* જે કામ હંમેશાં કરવામાં આવે તેને "ચરણ" કહે છે અને કારણ ર એટલે પ્રયોજન આવ્યે કરવું પડે તેને "કરણ" કહે છે.

(૧) "આક્ષેપણી–સાંભળનારના હૃદયમાં જૈન ધર્મ આબેહૂબ ઠસી જાય તેવી કથા, તેના ૫ ભેદ છે: (૧) સાધુના આચાર અને શ્રાવકની ક્રિયા વગેરેનો ઉપદેશ કરે. (૨) વ્યવહારમાં શી રીતે ચાલવું, સભામાં કઇ રીતે ઉપદેશ આપવો અને પ્રાયશ્ચિત્ત આપી આત્માને શી રીતે શુદ્ધ કરવો તે બતાવે. (૩) મનમાં પ્રશ્ન ધારીને કોઈ આવેલ હોય તો તેનો સંશય દૂર થઈ જાય એવો ઉપદેશ કરે. કોઈ પ્રશ્ન વગેરે પૂછે, તો તેને એવા માર્મિક શબ્દોથી ઉત્તર આપે કે જેથી પૂછનારના રોમેરોમમાં તે વાત પાકી ઠસી જાય. (૪) વ્યાખ્યાન વખતે સાતે નયની રીતે સ્યાદ્વાદ શૈલીથી સર્વને સરળ ને શોભીતી, પરસ્પર વિરોધ ન આવે તેવી, બીજાની નિંદા ન થાય એવી, અને પોતાના ધર્મના ગુણો અને સિદ્ધાંતો બીજાના મનમાં ઠસી જાય એવી શબ્દરચનાવાળી વાણી પ્રકાશે.

(૨) વિક્ષેપણી"—સન્માર્ગ છોડી ઉન્માર્ગે જતો હોય એવાને પાછો સન્માર્ગ પર સ્થિર કરે, સન્માર્ગ પર સ્થાપી દૃઢ કરે તે વિક્ષેપણી કથા. તેના ૪ ભેદ છે. (૧) સ્વમતની દેશના આપતાં વચમાં વચમાં બીજાં ધર્મશાસ્ત્રોના એવા અર્થ કરે કે જેથી સાંભળનારને જૈનધર્મના મહત્ત્વનો વિશ્વાસ આવે. (૨) સભામાં અન્ય મતવાળાની સંખ્યા વિશેષ હોય તો તેના ધર્મની વાતો કરતાં વચમાં વચમાં શુદ્ધ ધર્મનું રહસ્ય બતાવે, જેથી અન્ય મતવાળા સમજે કે જૈન ધર્મ શુદ્ધ અને ચમત્કારી છે. તેથી મિથ્યાત્વનો ત્યાગ કરવાની મરજી થાય (૩) સમ્યક્ત્વ વગેરેનું સ્વરૂપ પ્રગટ કરતાં વચમાં મિથ્યાત્વનું સ્વરૂપ દેખાડે, જેથી શ્રોતાજન મિથ્યાત્વથી પોતાના આત્માને બચાવી શકે. (૪) મિથ્યાત્વનું સ્વરૂપ સમજાવતાં વચમાં સમ્યક્ત્વનું સ્વરૂપ પણ કહે, જેથી શ્રોતાજનની સમ્યક્ત્વ ગ્રહણ કરવાની ઇચ્છા થાય.

(૩) "સંવેદણી"—જે કથા સાંભળતાં સાંભળનારના અંતઃકરણમાં વૈરાગ્ય ઊપજે અને મોક્ષની ઇચ્છા થાય તેવી કથા. એના ૪ ભેદ છે: (૧) આ દુનિયાનું અનિત્યપણું બતાવે, અને મનુષ્ય જન્મ, સમ્યક્ત્વ ધર્મની પ્રાપ્તિ, સત્શાસ્ત્રોનું શ્રવણ, સાધુ મહારાજનો સમાગમ,

વગેરેની દુર્લભતા બતાવે. જેથી સાંભળનારનું ચિત્ત સાંસારિક પદાર્થ ઉપરથી ઊતરી, ધર્મ ગ્રહણ કરવા તરફ ખેંચાય. (૨) પરલોક, દેવતા, ઇંદ્ર અને ચક્રવર્તી મહારાજાની રિદ્ધિ, મોક્ષનું સુખ, પાપના માઠાં ફળ અને નરકગતિનાં દુઃખોનું વર્ણન એવા વિસ્તારથી કરે કે સાંભળનારા પાપનાં માઠાં ફળ અને દુઃખથી ડરી પાપકર્મો ન કરે, અને દેવલોક તથા મોક્ષનાં સુખ લેવાની ઇચ્છા કરે, (૩) સ્વજન, મિત્ર, જ્ઞાતિજન, વગેરેનું સ્વાર્થીપણું વિસ્તારથી બતાવી, એમના ઉપરનો મમત્વભાવ ઓછો કરાવે. તથા સત્સંગનો મહિમા દર્શાવી સાધુ સંગતિ કરવા ઉત્સુક બનાવે. (૪) રાતદિવસ પરપુદ્ગલોમાં જ મન રમ્યા કરે છે, જેથી મહા પવિત્ર આત્મપ્રદેશો મલિન થયેલ છે અને સત્ય વસ્તુ તથા અસત્ય વસ્તુની ખરેખરી ઓળખ થતી નથી એવું જ્ઞાન આપી, જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નોને પવિત્ર બનાવે. જેથી આત્મ સ્વરૂપ પ્રગટ થતાં અનંત સુખની પ્રાપ્તિ થાય, વગેરે વિવેચન કરી શ્રોતાજનના હૃદયમાં ઠસાવે.

(૪) " નિર્વેદની "–જે કથા સાંભળતાં સંસાર ઉપરથી મન ઊતરી, સંયમ લેવાની ઇચ્છા થાય તે " નિર્વેદની કથા. " એના ૪ ભેદ છે: (૧) કેટલાંક ફળ દુઃખદાયી થાય છે. જેમકે–ચોરી કરવાથી પગમાં બેડી જડાય છે. વ્યભિચાર કરવાથી ચાંદી, પ્રમેહ, વગેરે રોગ અને મોત પણ થાય છે વગેરે સમજાવી સંસાર ઉપર શ્રોતાજનને ઉદ્વેગ થાય એવું ઠસાવે (૨) આ ભવમાં કેટલાંક શુભ કર્મોનું ફળ આ ભવમાં જ મળે છે એવું બતાવે. જેમકે :–તપ અને સંયમ પાળવાથી તમામ જાતની ચિંતાથી મુક્ત તથા પૂજ્ય થવાય છે. (૩) આ ભવમાં કરેલાં અશુભ કર્મોના ફળ હવે પછીના ભવમાં નરક વગેરે અશુભ ગતિ પામી તે ભોગવે છે, એનું સ્વરૂપ બતાવે. (૪) ગયા ભવમાં કરેલાં શુભ કર્મોના ફળરૂપે આ લોકમાં રિદ્ધિ વગેરે સુખ મળ્યાં છે તે દર્શાવે.

૩. નિરપવાદ પ્રભાવના–કોઈ સ્થળે જૈન મતવાળાને ધર્મભ્રષ્ટ કરવાનું શરૂ કર્યું હોય અને અદેખા માણસો જૈન સાધુનો

મહિમા સાંભળી ચર્ચા કરવા આવ્યા હોય, તેવે પ્રસંગે વિવેકી સાધુ ચતુરાઈથી સ્વમતનાં અને અનેક પરમતનાં શાસ્ત્રોનાં પ્રમાણ આપી, વાદી પ્રતિવાદીરૂપે ખરાખોટા પક્ષનું સ્વરૂપ બતાવી સ્વમત (જૈનધર્મને) સ્થાપે.

૪. ત્રિકાળજ્ઞ પ્રભાવના — જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ વગેરે શાસ્ત્રોમાં ભૂગોળ, ખગોળ, નિમિત્ત, જ્યોતિષ, વગેરે જે જે વિદ્યા છે તેમાં પારંગત હોય. જેથી ભૂત, ભવિષ્ય, વર્તમાન, એ ત્રણે કાળની સારી અને નઠારી તમામ વાતનું જ્ઞાન થાય. લાભહાનિ, સુખ, દુઃખ, જીવિતવ્ય–મરણ, વગેરે જાણી ઉપકારક અને કલ્યાણકારી સ્થળ પ્રકાશે. જેથી જૈન ધર્મની શ્રદ્ધા થાય પણ નિમિત્ત ભાખે નહિ. આપદાને સમયે સાવધાન રહે.

૫. તપ પ્રભાવના — યથાશક્તિ દુષ્કર (કઠિન) તપશ્ચર્યા કરે કે જે તપશ્ચર્યા જોઈ લોકોને ચમત્કાર ઊપજે. અન્ય મતવાળાઓની તપશ્ચર્યા તો કેવળ નામની જ છે. તેઓ તો એક ઉપવાસમાં પણ મિષ્ટાન્ન જમી તપ કર્યાનું જણાવે છે, પણ જૈનની તપસ્યા તો દુષ્કર છે, જેથી લોકોને ચમત્કાર ઊપજે.

૬. વ્રત પ્રભાવના — વિગયનો ત્યાગ, અલ્પ ઉપધિ, મૌન, સખ્ત અભિગ્રહ, કાઉસગ્ગ, ભરજુવાનીમાં ઇંદ્રિયનિગ્રહ, દુષ્કર ક્રિયા, વગેરે વ્રતો ધારણ કરી લોકોને ચમત્કાર ઉપજાવે.

૭. વિદ્યા પ્રભાવના — રોહિણી, પ્રજ્ઞપ્તિ, અદૃષ્ટ, પરશરીરપ્રવેશિની, ગગનગામિની, વગેરે વિદ્યા, મંત્રશક્તિ, અંજનસિદ્ધિ, ગુટિકા, રસસિદ્ધિ, ઇત્યાદિક અનેક વિદ્યામાં પ્રવીણ હોય, છતાં એ વિદ્યાનો ઉપયોગ ન કરે. કોઈ ખાસ મોટું કારણ ઊપજે તો લોકોને જૈન ધર્મનું મહત્ત્વ બતાવીને ચમત્કાર ઉપજાવે, પણ પછી પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થાય.

કવિ પ્રભાવના — અનેક પ્રકારના છંદ, કવિતા, ઢાળ, જોડ, સ્તવન, વગેરે ઉત્તમ કાવ્ય બનાવી, તેમાં અનુભવ રસ વડે ભરપૂર

ગૂઢાર્થ મેળવી આત્મજ્ઞાનની શક્તિ ખીલવી જૈન ધર્મને દીપાવે, એટલે રગે રગે ત્યાગ વૈરાગ્ય શ્રદ્ધા પ્રગટી જાય એવી કવિતા ગાઈ બતાવે.

એ આઠ પ્રભાવના વડે જૈનમતને દીપાવે. પણ અભિમાન ન કરે કે હું કેવો વિદ્વાન, હોશિયાર અને જૈન ધર્મને શોભાવનાર છું ! અભિમાનીની વિદ્યા ફળતી નથી અને લોકોમાં અપમાન થવાનો સંભવ છે, માટે આઠ પ્રભાવનાવાળા ઉપાધ્યાય ગુણી થઈ સદા નમ્ર ભાવ રાખે.

"જોગ નિગ્રહ"—મન, વચન ને કાયા એ ત્રણ જોગને કબજામાં રાખે.

એ પ્રમાણે શ્રી ઉપાધ્યાય, (૧ થી ૧૨) અંગના જાણકાર, (૧૩–૧૪) કરણ સિત્તરી અને ચરણ સિત્તરીના ગુણો સહિત, (૧૫ થી ૨૨) આઠ પ્રભાવના યુક્ત (૨૩ થી ૨૫) ત્રણ યોગને વશ રાખે. કુલ ૨૫ ગુણ શ્રી ઉપાધ્યાય ભગવંતના પૂર્ણ થયા.

શ્રી ઉપાધ્યાયની ૧૬ ઉપમાઓ

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૧ મા અધ્યયનમાં ઉપાધ્યાયજી મહારાજને ૧૬ ઉપમાથી અલંકૃત કહ્યા છે.

(૧) "**શંખરૂપ**"–જેમ દૂધે ભરેલો શંખ શોભે છે અને તેમાંનું દૂધ બગડતું નથી તે પ્રમાણે શ્રી ઉપાધ્યાય મહારાજમાં જ્ઞાન શોભી રહે છે અને તે જ્ઞાનનો કોઈ દિવસે વિનાશ થતો નથી. વળી, જેમ શ્રી વાસુદેવના પંચાયન શંખના અવાજથી મોટું સૈન્ય પણ નાસી જાય, તે પ્રમાણે શ્રી ઉપાધ્યાય મહારાજના ઉપદેશથી સર્વે પાખંડીઓ ભાગી જાય.

(૨) "**અશ્વરૂપ**"–જેમ કંબોજ દેશનો ઘોડો બન્ને તરફ વાજિંત્રોને લીધે શોભા આપે છે. તેવી રીતે શ્રી ઉપાધ્યાય ભગવંત સજ્ઝાયરૂપી વાજિંત્રો વડે પૂર્ણ શોભા આપે છે.

(૩) " "**સુભટરૂપ**"–જેમ શૂરો સુભટ એટલે ક્ષત્રિય રાજા ચોતરફ બિરદાવલી બોલતા અનેક બંદીજનોથી શોભતો, શત્રુઓનો

પરાજય કરે છે; તેવી રીતે તે ઉપાધ્યાય ચતુર્વિધ સંઘથી શોભતા મિથ્યાત્વીઓનો પરાજય કરે છે.

(૪) "**હાથીરૂપ**"–જેવી રીતે સાઠ વર્ષનો જુવાન હાથી, હાથણીઓના પરિવારમાં શોભે છે તેવી રીતે ઉપાધ્યાય મહારાજ બહુ સૂત્રના જ્ઞાનરૂપ યુવાવસ્થા પ્રાપ્ત કરીને તથા જ્ઞાનીઓના પરિવારથી શોભે છે, અને હાથીની પેઠે સ્થિર રહી કોઈ પણ વિતંડાવાદીઓથી પાછા હઠતા નથી, કિન્તુ તેમને હઠાવે છે.

(૫) "**વૃષભરૂપ**"–જેવી રીતે બળદ પોતાનાં બન્ને અણીદાર શિંગડાંથી ગાયોના ટોળામાં શોભે છે તેમ શ્રી ઉપાધ્યાયજી મહારાજ નિશ્ચય અને વ્યવહારરૂપી શિંગડાં વડે પરમતવાદીઓને હઠાવીને મુનિમંડળમાં શોભે છે.

(૬) "**સિંહરૂપ**"–જેવી રીતે કેસરી સિંહ તીક્ષ્ણ દાઢો વડે જંગલમાં સર્વ જાનવરોને ક્ષોભ ઉપજાવે છે તેવી રીતે શ્રી ઉપાધ્યાયજી મહારાજ સાત નય વડે સર્વ કદાગ્રહીઓને હરાવે છે.

(૭) "**વાસુદેવરૂપ**"–જેવી રીતે ત્રિખંડાધિપતિ વાસુદેવ સાત રત્નની મદદથી તમામ વેરીઓને હઠાવી ત્રણ ખંડના ધણી થાય છે, તેવી રીતે શ્રી ઉપાધ્યાયજી મહારાજ તપ, સંયમ વગેરે શસ્ત્રોથી કર્મરૂપી વેરીઓનો પરાજય કરી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નના આરાધક થાય છે.

(૮) "**ચક્રવર્તીરૂપ**"–જેમ છ ખંડના સ્વામી ચક્રવર્તી મહારાજ ૧૪ રત્નો વડે નરેન્દ્ર, સુરેન્દ્ર, સૌને પૂજ્ય થાય છે, તેમ શ્રી ઉપાધ્યાયજી ૧૪ પૂર્વની વિદ્યા મેળવીને જગતમાં પૂજ્ય થાય છે,

(૯) "**ઇન્દ્રરૂપ**"–જેમ શક્રેંદ્ર પોતાની હજાર આંખોથી *

---

* પૂર્વના ભવમાં શ્રી શક્રેન્દ્રનો જીવ કાર્તિક શેઠ હતો. કાર્તિક શેઠે પોતાના ૧૦૦૮ ગુમાસ્તા સાથે દીક્ષા લીધી. એથી કાર્તિક શેઠનો જીવ ઇંદ્રની પદવી પામ્યો અને તેમાંના ૫૦૦ ગુમાસ્તાઓ મરીને સામાનિક (બરાબરીઆ) દેવ થયા, કે જે દેવો સદા ઇન્દ્રની સાથે જ રહે છે, એ રીતે ૫૦૦ દેવોના નેત્રો સાથે ગણતાં શક્રેંદ્ર સહસ્રનેત્રી કહેવાય છે.

દેવતાઓની સભાને મોહિત કરે છે, તેમ શ્રી ઉપાધ્યાય મહારાજ અનેકાંત-સ્યાદ્‌વાદ માર્ગનો પ્રકાશ કરીને ભવ્ય જીવોને મોહિત કરે છે.

(૧૦) "**સૂર્યરૂપ**"–જેમ સૂર્ય અતિ તેજસ્વી પ્રભા વડે અંધકારનો નાશ કરે છે તેમ શ્રી ઉપાધ્યાય મહારાજ નિર્મલ જ્ઞાનનો પ્રકાશ કરીને ભ્રમરૂપી અંધકારનો નાશ કરે છે.

(૧૧) "**ચંદ્રરૂપ**"–જેમ પૂર્ણ કળા વડે ચંદ્રમા, ગ્રહ, નક્ષત્ર અને તારાનાં ઝૂમખાંના પરિવાર વડે રાત્રિને મનોહર બનાવે છે, તેમ શ્રી ઉપાધ્યાય ચાર તીર્થના પરિવાર વડે જ્ઞાનરૂપી શીતળ અને પૂર્ણ કળા વડે સભાનું મન હરણ કરે છે.

(૧૨) "**કોઠારરૂપ**"–જેમ (ચોર, મુષકાદિના ઉપદ્રવ સામે) સુરક્ષિત અને વિવિધ પ્રકારનાં ધાન્યથી ભરેલા ગૃહસ્થોના કોઠાર શોભે છે તેમ નિશ્ચય વ્યવહારરૂપ દઢ કમાડો અને ૧૧ અંગ, ૧૨ ઉપાંગરૂપ ધાન્યથી ભરેલા ઉપાધ્યાયજી મહારાજ શોભે છે.

(૧૩) "**જંબુ સુદર્શન વૃક્ષરૂપ**"-જેવી રીતે ઉત્તરકુરુ ક્ષેત્રમાં જંબુદ્વીપના અધિષ્ઠાયક અણાઢિય દેવનું નિવાસસ્થાન જંબુસુદર્શન વૃક્ષ પત્ર, પુષ્પ, ફળાદિથી શોભે છે, તે રીતે શ્રી ઉપાધ્યાય મહારાજ આર્ય ક્ષેત્રમાં, જ્ઞાનરૂપી વૃક્ષના દેવ બનીને, અનેક ગુણોરૂપી પાંદડાં ફળ, ફૂલ, વગેરેથી શોભે છે.

(૧૪) "**સીતા નદી રૂપ**"–જેવી રીતે મહાવિદેહ ક્ષેત્રની સીતા નામે મોટી નદી, પાંચ લાખ બત્રીસ હજાર નદીઓના પરિવાર વડે શોભે છે, તેવી જ રીતે શ્રી ઉપાધ્યાયજી મહારાજ હજારો શ્રોતાગણોના પરિવારથી શોભે છે.

(૧૫) "**મેરૂ પર્વત**"–જેમ સર્વે પર્વતોનો રાજા મેરુ પર્વત, અનેક ઉત્તમ ઔષધિઓ તથા ચાર વનથી શોભે છે, તેમ શ્રી ઉપાધ્યાય મહારાજ અનેક લબ્ધિઓ તથા ચાર સંઘ (ચતુર્વિધ સંઘ) વડે શોભે છે.

(૧૬) **"સ્વયંભૂરમણ સમુદ્રરૂપ"**–સૌથી મોટો સ્વયંભૂરમણ મહાસમુદ્ર અક્ષય અને સ્વાદિષ્ટ પાણી વડે શોભે છે, તેમ શ્રી ઉપાધ્યાયજી મહારાજ અક્ષય જ્ઞાને કરી ભવ્ય જીવોને રુચે તેવી રીતે તે જ્ઞાનનો પ્રકાશ કરતા શોભે છે, ઈત્યાદિ અનેક શુભ ઉપમાયુક્ત શ્રી ઉપાધ્યાય મહારાજ વિરાજે છે.

વળી, શ્રી ઉપાધ્યાયજી ગુરુ મહારાજને, ભક્તિમાન, અચપળ (શાંત), કૌતુકરહિત (ગંભીર), માયા કપટ રહિત, કોઈનો પણ તિરસ્કાર ન કરે એવા, સર્વ સાથે મિત્રભાવવાળા, જ્ઞાનના ભંડાર છતાં અભિમાન રહિત, બીજાના દોષ ન જોનાર, શત્રુની પણ નિંદા (અવર્ણવાદ) નહિ કરનાર. ક્લેશરહિત ઈંદ્રિયોના દમનાર લજ્જાવંત, વગેરે અનેક વિશેષણોથી શોભે છે, એવા જિન કેવળી તો નહિ પણ "अजिणा जिण संकासा" કેવળી નહિ પણ જિન કેવળી જેવા સાક્ષાત્ જ્ઞાનનો પ્રકાશ કરનાર, શ્રી ઉપાધ્યાયજી ભગવાનને આપણા ત્રિકાળ વંદના નમસ્કાર હોજો.

ગાથા :—समुद्द-गंभीर-समा दुरासया, अचक्किया केणइ दुप्पहंसया ।
सुयस्स पुण्णा विउलस्स ताइणो, खवेत्तु कम्मं गइमुत्तमं गया ॥

[ઉત્તરાધ્યયન સૂત્ર ૧૧-૩૧]

અર્થ :—સમુદ્ર જેવા ગંભીર એટલે કોઈ દિવસ છલકે નહિ, કોઈ પરાભવ કરી ન શકે તેવા, કોઈથી પાછા હઠે નહિ તેવા, સૂત્રના જ્ઞાને કરી પૂર્ણ ભરેલા, છકાયના જીવોના રખવાળ, એવા શ્રી ઉપાધ્યાય મહારાજ કર્મનો ક્ષય કરી જરૂર મોક્ષ પધારશે. તેઓને મારી-તમારી ત્રિકાળ અને ત્રિકરણ શુદ્ધ વંદના નમસ્કાર હોજો.

શાસ્ત્રોદ્ધારક બાલબ્રહ્મચારી ઋષિ સંપ્રદાયાચાર્ય સ્વ. મુનિશ્રી
અમોલખઋષિજી મહારાજ દ્વારા વિરચિત જૈન તત્ત્વ પ્રકાશ
નું 'શ્રી ઉપાધ્યાય' નામક ચોથું પ્રકરણ સમાપ્ત.

પ્રકરણ ૫ મું

સાધુજી

જેમ મંત્રવાદી પોતાનો અર્થ સિદ્ધ કરવા સારુ તમામ લક્ષ તે તરફ ખેંચી અનેક ઉપસર્ગો પૂર્ણ દ્દઢતાથી સહન કરે છે, તેમ જે પુરુષ પોતાના આત્માની સિદ્ધિ કરવા તરફ નજર રાખીને એટલે એકાંત મોક્ષના હેતુ માટે જ આત્મસાધના કરે છે તેને સાધુ કહે છે.

શ્રી સૂયગડાંગ સૂત્રના ૧લા શ્રુતસ્કંધના ૧૬ મા અધ્યયનમાં શ્રી સાધુને ૪ નામથી વર્ણવ્યા છે.

सूत्र-"अहाह भगवं-एवं, से दंते दविए, वोसट्ठकाएत्ति वच्चे १ माहणेत्तिवा, २ समणेत्ति वा, ३ भिक्खूत्ति वा, ४ णिग्गंथेत्ति वा, तं नो बूहीं महामुणा ॥ १ ॥

पडिआह-भंते कह नु दंते दविए वोसट्ठकाएत्ति वच्च महणेत्ति वा, समणेत्ति वा, भिक्खूत्ति वा, णिग्गंत्थेति वा, तं नो बूहि महामुणी ॥ १ ॥

અર્થ-શ્રી તીર્થંકર ભગવાન દમિતેંદ્રિય, મુક્તિયોગ અને જેણે અશુભ યોગનો ત્યાગ કર્યો છે એવા સાધુને ૪ નામથી વર્ણવે છે. (૧) માહણ, (૨) સમણ, (૩) ભિખ્ખુ, (૪) નિર્ગ્રન્થ.

ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે-અહો ભગવંત! એ ચાર નામના ગુણની જુદી જુદી વ્યાખ્યા કહી બતાવશો ?"

(૧) માહણ કોને કહે? (૨) સમણ કોને કહે? (૩) ભિખ્ખુ કોને કહે? અને, (૪) નિર્ગ્રન્થ કોને કહે?

(१) सूत्र–"ईति विरओ सव्व पावकम्मेहिं, पेज्ज, दोस, कलह, अब्भक्खाण, पेसुन्न, परपरिवाय, अरइ, रइ, मायामोस, मिच्छा-दंसणसल्ल विरओ, समिओ सहिओ, सया जओ, णो कुज्झे, णो माणी, माहणेति वच्चे"

અર્થ—તેથી શ્રી ભગવંત માહણ વગેરે શબ્દના અર્થ અને ગુણ અનુક્રમે ફરમાવે છે.

હે શિષ્ય! જે કાયિક વગેરે સર્વ ક્રિયાથી તથા સર્વ પાપ કર્મ રાગ, દ્વેષ, કલેશ, ચાડી, નિંદા, હર્ષ, શોક, કપટસહિત જૂઠું બોલવું. ખોટા મતની શ્રદ્ધા, ઇત્યાદિથી નિવર્ત્યા છે અને પાંચ સમિતિ સહિત, છકાયના જીવોની અને સંયમની સદાકાળ રક્ષા કરનાર, ક્રોધ વગેરે ચાર કષાયથી રહિત અને ગુણધારી છતાં ગુણોના ગર્વ વગરના છે તેમને 'માહણ' એટલે 'મહાત્મા કહેવા.*

(२) सूत्र–"ऐत्थवि समणे अणिस्सए अणियाणे आदाणं च अतिवायं च, मुसावायं च, बहिद्धं च, कोहं च, माणं च, मायं च, लोहं च, पेज्जं च, दोसं च, इच्चेव जओ जओ आदाणं अप्पणोपद्दोस हेउ तओ तओ आदाणातो पुव्वं पडिविरिए, पाणाइवायाइ, सिया दंते दविए, वोसट्टकाए समणेत्ति वच्चे."

અર્થ—હવે સમણ (શ્રમણ–સાધુ)નાં લક્ષણો કહે છે. કોઈના પ્રતિબંધ એટલે નેશ્રા તેમ જ આશ્રયરહિત, કરણીના ફળની વાંછનારહિત; કષાયરહિત (શાંત); હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, ક્રોધ, માન, માયા લોભ, રાગ, દ્વેષ, વગેરે પાપસ્થાનકના સર્વથા ત્યાગી, જે જે એવા કર્મ બંધનના અને અવગુણકારક કારણો દેખે તેનાથી પ્રથમથી જ નિવર્તનાર, પોતાની ઈન્દ્રિયોનું સદા દમન કરે, અને જે મમતાને છોડે તેને "સમણ" અર્થાત્ સાધુ કહેવા.

* 'માહણ' શબ્દનો અર્થ 'બ્રાહ્મણ' પણ થાય છે. એ પ્રમાણે ગુણો જેનામાં હોય તેને 'બ્રાહ્મણ' કહેવા.

(૩) सूत्र–अेत्थवि भिक्खू अणुन्नए विणीए नामए, दंते दविए वोसट्ठकाए संविधुणीय, विरूवरूवे, परीसहोवसग्गे, अज्झप्पजोग, सुद्धादाणे, उवठिए, ठीअप्पा, संखाए, परदत्त भोइ भिक्खूति वच्चे.

અર્થ—"ભિખ્ખુ" અર્થાત્ "ભિક્ષુક" નાં લક્ષણો કહે છે. જેઓ નિરવદ્ય (પાપથી રહિત) ભિક્ષા માગીને પોતાના શરીરનો નિર્વાહ કરે છે, અભિમાનથી રહિત અને વિનય–નમ્રતા આદિ ગુણો સહિત છે, ઇંદ્રિયોનું દમન કરે છે, દેવ–દાનવ–માનવ વગેરેના કરેલા ઉપસર્ગો સમભાવથી સહન કરી નિરતિચાર પોતાનાં મહાવ્રતો પાળે છે, અધ્યાત્મ યોગી એટલે આત્મજ્ઞાનમાં સદા જોડાયેલા છે, મોક્ષની ગાદી મેળવવા સારુ સાવધાન થઈ સંયમ–તપ વગેરે શુભ કરણીમાં સ્થિર છે અને કોઈના નિમિત્તે બનાવેલ આહાર વગેરે ગ્રહણ કરતા નથી તેને "ભિખ્ખુ" અર્થાત્ "ભિક્ષુક કહે છે.

(૪) सूत्र–एत्थवि णिग्गंथे, एगे एग विउ, बुद्धे संछिन्नसोए सुसंजए, सुसमिए, सुसामाइये, आयवायपत्ते, विउ दुहुउ, वि सोयपलिछिन्ने णो पुयासक्कार लाभट्ठी, धम्मठ्ठी, धम्मविऊ, णियाग-पडिवणे, समियंचरे, दंते दविए वोसट्ठकाए, निग्गंथेति वच्चे.

અર્થ—હવે નિર્ગ્રંથનાં લક્ષણો દર્શાવે છે. સદા રાગદ્વેષરહિત, એકાકી, તત્ત્વજ્ઞ આસ્રવનો સર્વથા રોધ કર્યો છે એવા, ૩ે પ્રકારે આત્માને વશ કરેલ છે એવા, સુસમિતિવંત, આત્મ તત્ત્વના જાણનાર, શુદ્ધ જ્ઞાનમાં પ્રવીણ, દ્રવ્ય અને ભાવ એ બંને રીતે આસ્રવથી રહિત, સમાધિ (ચિત્તની સ્થિરતા) સહિત, મહિમા–પૂજા–સત્કાર–સન્માનની ઇચ્છા રહિત, એકાંત નિર્જરાના અને ધર્મના અર્થી, ક્ષમા, વગેરે દસ વિધિ ધર્મના જુદા જુદા ભેદો જાણનાર, મોક્ષમાર્ગ અંગીકાર કરીને, તેમાં સમ્યક્ પ્રકારે પ્રવર્તે, દમિતેન્દ્રિય, શરીરની મમતારહિત, એટલા ગુણવાળાને "નિર્ગ્રંથ" કહેવા.

સાધુના ૨૭ ગુણ

ગાથા–पंच महव्वय जुत्तो, पंचिदिय संवरणो,
चउविह कसाय मुक्को, तओ समाधारणया ॥१॥

ति सच्च संपन्न तिओ, खंति संवेग रओ ।
वेयण मच्चु भयगयं, साहु गुणसत्तवीसं ॥२॥

અર્થ—(૧ થી ૫) પાંચ મહાવ્રતો, પચીસ પ્રકારની ભાવના સાથે નિર્દોષ પાળે.

(૬ થી ૧૦) પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ જાતના વિષયોથી નિવર્તે.

(૧૧ થી ૧૪) ચાર પ્રકારના કષાયથી નિવર્તે, એ પ્રમાણે ૧૪ ગુણોનો વિસ્તાર શ્રી આચાર્યના ત્રીજા પ્રકરણમાં કર્યો છે.

(૧૫) "મન સમાધારણયા" પાપમાંથી મનને ખેંચીને ધર્મમાર્ગમાં જોડે.

(૧૬) "વય સમાધારણયા" ખપજોગી નિર્દોષ વાણી બોલે,

(૧૭) "કાય સમાધારણયા" કાયાની ચપળતા રોકે.

(૧૮) 'ભાવ સચ્ચે'—અંતઃકરણના ભાવો નિર્મળ કરી ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં આત્માને જોડે.

(૧૯) 'કરણ સચ્ચે' કરણસિત્તરીના સિત્તોર ગુણો સહિત તથા સાધુને જે જે ક્રિયાઓ જે જે રીતે કરવાનું શાસ્ત્રમાં ફરમાવ્યું છે તે સદા યોગ્ય વખતે કરે. જેમકે પાછલી રાતનો એક પહોર બાકી રહે ત્યારે જાગૃત થઈને આકાશ તરફ નજર કરી તપાસે કે કોઈ પ્રકારની 'અસજ્ઝાય' તો નથી ને? જો દિશાઓ નિર્મળ હોય તો શાસ્ત્રની સજ્ઝાય કરે. પછી 'અસજ્ઝાય' (અસ્વાધ્યાય)ની દિશા એટલે લાલ દિશા થાય ત્યારે પ્રતિક્રમણ કરે.

સૂર્યોદય થયા પછી પ્રતિલેખના (પડિલેહણ) એટલે વસ્ત્ર વગેરે સર્વ ઉપકરણ જુએ. પછી ઇરિયાવહીનો કાઉસગ્ગ કરી ગુરુ આદિ વડીલ સાધુને વંદન કરી પૂછે કે—હું સ્વાધ્યાય કરું? વૈયાવચ્ચ કરું? અથવા ઔષધાદિ લાવવાનું કામ હોય તો તે કરું? ગુર્વાદિ આજ્ઞા કરે તે પ્રમાણે

કરે. વળી, એક પહોર પૂરો થાય ત્યાં લગી સ્વાધ્યાય કરે. તથા શ્રોતાઓનો યોગ્ય સમુદાય હોય તો ધર્મોપદેશ (વ્યાખ્યાન) આપે. તે પછી ધ્યાન અને શાસ્ત્રના અર્થોનું ચિંતવન કરે. ને ભિક્ષાનો કાળ હોય તો ગોચરી નિમિત્તે જઈ શુદ્ધ આહાર, શાસ્ત્રની વિધિ પ્રમાણે લાવી શરીરને ભાડું આપે–શરીરને નભાવે.

ચોથા આરામાં એક ઘરમાં ૨૮ પુરુષ અને ૩૨ સ્ત્રી હોય તો તે ઘર ગણતરીમાં લેવાતું અને સાઠ મનુષ્યોની રસોઈ તૈયાર કરતાં સહેજે બે પહોર દિવસ વહ્યો જતો. વળી, તે વખતે બધા માણસો એક જ* વખત ભોજન લેતા હતા, એ વગેરે કારણોથી ચોથા આરામાં સાધુઓ ત્રીજે પહોરે ભિક્ષા લેવા માટે જતા હતા.

શાસ્ત્રમાં કહ્યું છે કે, 'काले कालं समायरे' એટલે જે સ્થળમાં ભિક્ષાને માટે જે કાળ હોય તે વખતે ગોચરીએ જવું. [ભિક્ષાના કાળનો વિચાર કર્યા વગર અગાઉથી કે પાછળથી જાય તો ગોચરી માટે ઘણું ફરવું પડે. ધારેલો આહાર ન મળે, શરીરને કિલામના થાય. લોકોમાં પણ નિંદા થાય કે, ટાણું કટાણું જોયા વગર સાધુ શા માટે ફરતા હશે ! સ્વાધ્યાય અને ધ્યાનનો વખત પણ ચુકાય, તેથી અંતરાય પડે, વગેરે દોષોનો વિચાર કરી સાધુએ કાળનો વિચાર કરી ભિક્ષા લેવા સારુ જવું]

એટલે શાસ્ત્રોક્ત વિધિથી આહાર કરે. પછી પાછું ધ્યાન અને શાસ્ત્રોની ચિંતવના કરે. છેવટે, દિવસના ચોથે પહોરે ફરી પડિલેહણ [પ્રતિલેખના] કરી સ્વાધ્યાય કરે, સાંજે અસજ્ઝાયને વખતે દેવસી પ્રતિક્રમણ કરે. અને અસજ્ઝાય નિવર્તી ગયા પછી રાત્રિના પહેલા પહોરે સજ્ઝાય કરે. બીજે પહોરે ધ્યાન અને શાસ્ત્રવિચારણા કરે અને ત્રીજા પહોરને અંતે નિદ્રામાંથી મુક્ત થાય. રાત દિવસની સાધુની ક્રિયા શ્રી

* પહેલા આરામાં માણસોને ત્રણ ત્રણ દિવસને આંતરે, બીજે આરે બબ્બે દિવસને અંતરે, ત્રીજે આરે એક એક દિવસને આંતરે અને ચોથા આરામાં એક દિવસમાં એક વખત ભોજનની ઈચ્છા થતી હતી.

ઉત્તરાધ્યયન સૂત્રના છવ્વીસમા અધ્યયનમાં કહેલી છે. એ સિવાય ક્રિયાના નાના નાના ભેદ ઘણા છે તે ગુરુ મહારાજ પાસેથી ધારણ કરવા.

(૨૦) 'જોગ સચ્ચે'–મન, વચન અને કાયાના યોગની સત્યતા તથા સરળતા રાખે. યોગાભ્યાસ, આત્મસાધન, શમ, દમ, ઉપશમ વગેરે સાધનાઓની પ્રતિદિન વૃદ્ધિ કરે.

(૨૧) 'સંપન્નતિઉ'–સાધુ ત્રણ વસ્તુ સહિત છે. (૧) નાણ સંપન્ન–તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અંગ, ઉપાંગ, પૂર્વ, વગેરે જ્ઞાન જે કાળમાં જેટલું હોય તેનો ઉમંગ સહિત અભ્યાસ કરે, વાચના–પૃચ્છના–પર્યટના વગેરે કરીને જ્ઞાનને દૃઢ કરે અને બીજાને યથાયોગ્ય જ્ઞાન આપી જ્ઞાન–વૃદ્ધિ કરે. (૨) દંસણ સંપન્ને–દર્શનમોહનીયનો ક્ષયોપશમ કે ક્ષય કરી શુદ્ધ સમ્યક્ત્વધારી બને. દેવાદિક ઉપસર્ગ આવી પડે તો પણ સમકિતથી ડગે નહિ, અને શંકા વગેરે દોષ ટાળી નિર્મળ સમ્યક્ત્વ પાળે. (૩) 'ચરિત્ત સંપન્ને'–સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત એ પાંચ ચારિત્ર યુક્ત થાય, (આ કાળમાં પહેલા બે ચારિત્ર છે.) ચારિત્રનું વર્ણન ત્રીજા પ્રકરણમાં વિનય તપના સાત ભેદમાં (ચારિત્ર વિનયમાં) વિસ્તારથી આવી ગયું છે.

(૨૪) 'ખંતી'–ક્ષમાવંત.

(૨૫) 'સંવેગ'–સદા વૈરાગ્યવંત. આ સંસાર શારીરિક અને માનસિક વેદનાથી અતિશય પીડિત છે, એ વેદનાને જોઈને તથા સંસારના સર્વ સંજોગો ઈન્દ્રજાળ તથા સ્વપ્ન જેવા છે એમ જાણીને સંસારથી ડરવું તેને 'સંવેગ' કહે છે.

(૨૬) વેદના સમ અહિયાસણયાએ–ક્ષુધા, તૃષા, વગેરે ૨૨ પરિષહ ઉત્પન્ન થાય, તો તે સમ પરિણામથી સહન કરે.

(૨૭) 'મારણાંતિય સમ અહિયાસણયાએ'–મારણાંતિક કષ્ટ આવે તો તે વખતે અને મરણ સમયે જરા પણ ન ડરે; પરંતુ સમાધિમરણથી આયુષ્ય પૂર્ણ કરે.

આ પ્રમાણે સાધુના ૨૭ ગુણો છે.

૨૨ પરિષહ

(૧) ક્ષુધા પરિષહ–મુનિરાજને ભૂખ લાગે ત્યારે શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ભિક્ષા માગીને પોતાની ક્ષુધાને શાંત કરે–શરીરનો નિર્વાહ કરે. કદાપિ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે આહારનો જોગ ન બને તો મરણાંત કષ્ટ સહન કરે, પણ આજ્ઞા ઉલ્લંઘી, સચેત અન્ન, વનસ્પતિ વગેરે પદાર્થ સેવે નહિ. તેમ વાણી વગેરેથી તેવા પદાર્થો બનાવડાવીને સદોષ પદાર્થો ભોગવવાની ઇચ્છા પણ ન કરે. સદૈવ ઉદયભાવમાં રહેવું, ક્ષુધાવેદનીય કર્મ જીતવું ઘણું દુર્લભ છે.

(૨) 'પિવાસા પરિષહ'–તરસ લાગે તો અચેત જળ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ઊનું પાણી, ધોવાણ, વગેરે મેળવી તૃષા શાંત કરે. પણ ઉના પાણીનો કદાપિ જોગ ન મળ્યો તો સચેત જળની ઇચ્છા પણ ન કરે.

(૩) 'સીય પરિષહ'–ઠંડીથી બચવા માટે સગડી કરવી, મર્યાદા ઉપરાંત વસ્ત્રો રાખવાં અને મર્યાદાની અંદર પણ સદોષ તથા અકલ્પનિક વસ્ત્રો ગ્રહણ કરવા વગેરે શાસ્ત્ર વિરુદ્ધ બાબતોની ઇચ્છા સરખી પણ કરે નહિ.

(૪) 'ઉસિણ પરિષહ'–ઉષ્ણતા અગર તાપથી આકુળ વ્યાકુળ થાય તો પણ સ્નાનાદિ ક્રિયા ન કરે.

(૫) 'દંસમસગ પરિષહ–ડાંસ, મચ્છર, માંકડ, વગેરે જંતુઓ પીડા કરે તો તે સમભાવથી સહન કરે.

(૬) 'અચેલ પરિષહ' વસ્ત્ર ફાટી ગયાં હોય અગર સાવ જુનાં થઈ ગયાં હોય કે ચોર વગેરે વસ્ત્ર લઈ ગયા હોય તો પણ આજીજી કરી વસ્ત્રોની માંગણી કરે નહીં. તથા દોષ લાગે તેવી રીતે વસ્ત્રો ભોગવવાની ઇચ્છા કરે નહીં.

(૭) 'અરઈ પરિષહ'–અન્ન–વસ્ત્ર વગેરેનો જોગ ન મળે તો પણ મનમાં અરતિ (ગ્લાનિ કે ચિંતા) ઊપજે નહિ. પણ નરક, તિર્યંચ, વગેરે ગતિમાં પરવશપણે જે દુઃખો સહન કર્યાં છે તેને યાદ કરી 'અરઈ પરિષહ' સમભાવથી ખમે.

(૮) 'ઈત્થી પરિષહ'—કોઈ પાપિણી સ્ત્રી વિષય ભોગવવા માટે કહે અગર તો હાવભાવ કટાક્ષ કરી મન ખેંચવાની ચેષ્ટાઓ કરે તો પણ પોતાના મનને લગામમાં રાખે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે,

समाइ पेहाई परिव्वयंतो । सिया मणो निस्सरइ बहिद्धा ॥
न सा महं नो वि अहं पितेसे । इच्चेव ताओ विणएज्ज राग ॥

અર્થ—સ્ત્રી વગેરે જોઈને કદી સાધુનું મન સંયમથી ખસી ભ્રમિત થઈ જાય તો એવો વિચાર કરે કે આ સ્ત્રી મારી નથી, તેમ હું એનો નથી. એ પ્રમાણે વિચાર કરી તેના પરનો સ્નેહ-રાગ નિવારવો. એમ છતાં મન શાંતિ ન પામે તો,

आयावयाही चय सोगमल्लं । कामे कमाहि कमियं खु दुक्खं ॥
छिंदाहि दोसं विणएज्ज रागं । एवं सुहि होहिसि संपराअे ॥५॥

અર્થ—શરીરનું સુકોમળપણું છોડી સૂર્યની આતાપના લેવી, ઊણોદરી વગેરે બાર પ્રકારનું તપ કરવું, આહાર ઓછો કરવો, ભૂખ સહન કરવી. એ પ્રમાણે કરવાથી શબ્દાદિક કામભોગ અને તેનાથી ઉત્પન્ન થતા રાગદ્વેષ દૂર રહેશે અને આત્માને સુખ પ્રાપ્ત થશે.

(૯) "ચરિયા પરિષહ"—એક જગાએ રહેવાથી પ્રેમરૂપી બંધનમાં ફસાઈ જવાય છે. માટે સાધુએ ગામાનુગામે વિચરવું જોઈએ. ૮ મહિનામાં આઠ વિહાર અને ચોમાસામાં એક એમ કુલ નવ કલ્પી વિહાર તો કરવા જ જોઈએ. વૃદ્ધ, રોગી અને તપસ્વી હોય તેને તથા તેમની સેવા કરનારને તેમ જ જ્ઞાનના અભ્યાસ નિમિત્તે રહેવામાં હરકત નહીં.

(૧૦) "નેસીહિયા પરિષહ"—ચાલતાં ચાલતાં સાધુને રસ્તામાં વિશ્રામ લેવા સારુ એક ઠેકાણે બેસવું પડે, એવે પ્રસંગે સારીનરસી જમીન મળે તો રાગદ્વેષ ન કરે.

(૧૧) "સેજ્જા પરિષહ"—કોઈ જગાએ એક રાત અને કોઈ જગાએ ચાતુર્માસાદિક, અધિક કાળ રહેવું પડે, ત્યાં મનની રુચિ પ્રમાણે

શય્યા, સ્થાનક, વગેરે ન મળે પણ ખંડેર જેવાં અને ટાઢ તાપ વગેરેનો ઉપદ્રવ થાય તેવાં મકાન અને શય્યાનો સંયોગ બને તો મનમાં જરા પણ ઉદ્વેગ ન આણે.

(૧૨) " આક્રોશ પરિષહ "—ગામમાં રહેતા સાધુની ક્રિયા, વેશ, વગેરે જોઈ કોઇ અદેખો અને પર ધર્મનો અભિમાની મનુષ્ય કઠોર વચન કહે, નિંદા કરે, આળ ચડાવે, ઠગ, પાખંડી વગેરે શબ્દો કહે, તો સમભાવ રાખી સહન કરે.

(૧૩) " વધ પરિષહ "—કોઇ મનુષ્ય ક્રોધમાં આવી જઇ મારે, તો પણ મુનિ શાંત સમાધિથી સહન કરે.

(૧૪) " જાચણા પરિષહ "—ઓસડ વગેરે ચીજોની જરૂર પડતાં યાચના કરવા જવું પડે તો એમ ન માને કે " હું મોટા ઘરનો પુત્ર થઈને શી રીતે માગું ? " એવું અભિમાન, શરમ કે ગ્લાનિ ન આણે. પણ એમ વિચારે કે સાધુનો નિર્વાહ તો યાચના (માગણી) કરવા પર જ છે.

(૧૫) " અલાભ પરિષહ "—યાચના કરવા છતાં પણ ઇચ્છિત વસ્તુ ન મળે તો જરા પણ ખેદ ન આણે.

(૧૬) " રોગ પરિષહ "—શરીરમાં કોઈ પણ જાતનો રોગ થયો હોય તો, હાય હાય ! વોય માડી ! ત્રાહિ ત્રાહિ ! વગેરે દીન શબ્દો ન બોલે.

(૧૭) " તૃણફાસ પરિષહ "—રોગથી દુર્બળ થયેલા શરીરથી પૃથ્વીનો કઠણ સ્પર્શ સહન ન થાય તેવે પ્રસંગે સાધુને ગાદીતકિયો તો ખપે નહિ પણ કમોદ વગેરેના નરમ પરાળના બિછાના પર શયન કરે. એ પરાળ–ઘાસનો સ્પર્શ પણ ન ખમાય તો ગૃહસ્થાવાસને સંભારે નહિ.

(૧૮) " જલ્લ પરિષહ "—મેલ, પરસેવો, વગેરેથી ગભરાઇને સાધુ સ્નાનની ઇચ્છા ન કરે.

(૧૯) "સક્કાર પુરક્કાર પરિષહ"—સાધુને કોઈ વંદના નમસ્કાર ન કરે, સત્કાર ન આપે, તેથી જરા પણ માઠું ન લગાડવું જોઈએ. તેમ અતિ માન મળે તો તે પણ સમ ભાવથી સહન કરવું જોઈ એ,

(૨૦) "પ્રજ્ઞા પરિષહ"—સાધુ વિશેષ જ્ઞાની હોય તેથી ઘણા જણ તેમની પાસે સૂત્રની વાંચણી લેવા આવે. કોઈ પ્રશ્ન પૂછવા આવે, તેવે પ્રસંગે કોચવાઈ જઇને કે ગભરાઇને એમ ચિંતવણા ન કરે કે હું મૂર્ખ રહ્યો હોત તો આવી તકલીફ ઉઠાવવી ન પડત.

(૨૧) "અન્નાણ પરિષહ"—ઘણી મહેનત કર્યા છતાં પણ જ્ઞાન ચડે નહિ, યાદ રહે નહિ કે સમજાય નહિ તો ખેદ ન પામે. વળી કોઈ મૂર્ખ, ભોળો, વગેરે કટુ શબ્દ કહે ત્યારે એમ ન વિચારે કે હું આયંબિલ આદિ તપ કરું છું, જ્ઞાનપ્રાપ્તિ માટે અનેક કષ્ટ સહું છું, છતાં મને જ્ઞાન પ્રાપ્ત થતું નથી તેથી મારો જન્મ વ્યર્થ છે. પરંતુ એમ વિચારે કે હું અન્યને તારી ન શકું તો ખેર, મારા આત્માનું તો કલ્યાણ કરી શકીશ. ભગવાને તો આઠ પ્રવચન (પ સમિતિ, ૩ ગુપ્તિ)ના જ્ઞાતા જઘન્ય જ્ઞાનીને પણ આરાધક કહ્યા છે.

(૨૨) "દંસણ પરિષહ"—આટલાં વર્ષથી હું સંયમ પાળું છું પણ મને કોઈ લબ્ધિ પ્રાપ્ત ન થઈ. ન કોઈ દેવ વગેરેનાં દર્શન થયાં, તો કરણીનું ફળ હશે કે નહિ, સ્વર્ગ નરક હશે કે નહિ ? આવા વિતર્ક કરે નહિ. કારણ કે "માળી સીંચે સો ઘડા, ઋતુવિણ ફળ ન હોય." સ્થિતિ પરિપકવ થયે કરણીનું ફળ અવશ્ય મળવાનું. કેવળ-જ્ઞાનીઓએ જે જે ભાવો જે પ્રકારે જોયા છે તે પ્રકારે પ્રકાશ્યા છે. તેમાં પૂર્ણ શ્રદ્ધા રાખે. લેશ માત્ર શંકા ન વેદે.

આ બાવીસ પરિષહ જે સમભાવે સહે છે તે સાધુ છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના બીજા અધ્યયનમાં આ બાવીસ પરિષહનું વિસ્તારથી વર્ણન છે.

બાવન અનાચરણ

સાધુજીએ સંયમ શુદ્ધ પાળવા માટે નીચેનાં બાવન અનાચરણથી બચવું જોઈએ.

(૧) 'ઉદ્દેશક'—આહાર, વસ્ત્ર, પાત્ર, સ્થાનક, વગેરે સાધુને માટે બનાવેલું હોય તો અનાચરણ.

(૨) 'કૃતગડ'—સાધુ માટે કોઇ પણ વસ્તુ ખરીદ કરીને આપે તો અનાચરણ.

(૩) 'નિત્યપિંડ'—એક ઘેરથી નિત્ય વહોરે તો અનાચરણ.

(૪) 'અભ્યાહત'—ઉપાશ્રયે અથવા અન્ય સ્થાને કોઈ આહારાદિ સન્મુખ લાવીને વહોરાવે તે લે તો અનાચરણ.

(૫) 'રાત્રિભક્ત'—અન્ન, પાણી, સુખડી, મુખવાસ કે સૂંઘવાની તમાકુ સરખી પણ રાત્રે ભોગવે તો અનાચરણ.

(૬) 'સ્નાન'—હાથપગ ધોવા તે દેશસ્નાન અને સર્વ શરીરે નહાવું તે સર્વસ્નાન. એ બન્ને પ્રકારનાં સ્નાન કરે તો અનાચરણ.

(૭) 'ગંધ'—ચૂવા, ચંદન, અત્તર, આદિ સુગંધી પદાર્થ, વિના કારણ શરીરે લગાવે તો અનાચરણ.

(૮) 'માલ્ય'—પુષ્પાદિ કે મણિ, મોતી, આદિની માળા પહેરે તો અનાચરણ.

(૯) 'વીચન'—પંખો, પૂંઠું કે વસ્ત્રાદિથી પવન નાંખે તો અનાચરણ.

(૧૦) 'સ્નિગ્ધ'—ઘૃત, તેલ, ગોળ, સાકર આદિ રાત્રે પાસે રાખે તો અનાચરણ.

(૧૧) 'ગૃહપાત્ર'–ગૃહસ્થનાં પાત્ર, થાળી, કટોરા, આદિમાં ભોજન કરે તો અનાચરણ.

(૧૨) 'રાજપિંડ'–ચક્રવર્તી આદિ રાજાઓને માટે બનાવેલો બલિષ્ટ આહાર ભોગવે તો અનાચરણ.

(૧૩) 'કમિચ્છિક'–દાનશાળા, સદાવ્રતની જગા વગેરે સ્થળેથી આહાર લે તો અનાચરણ.

(૧૪) 'સંબાહન'–કારણ વગર શરીરે તેલ વગેરે * ચોળે કિંવા માથામાં તેલ નાંખે તો અનાચરણ.

(૧૫) 'દંતધાવન'–રાખ, મંજન આદિ દાંતોની × શોભાને માટે ઘસે તો અનાચરણ.

(૧૬) સંપ્રશ્ન–ગૃહસ્થને કે અસંયતિને સુખશાતા પૂછે તો અનાચરણ.

(૧૭) 'દેહ પ્રલોયન'–કાચ, પાણી, વગેરેમાં પોતાનો ચહેરો જુએ તો અનાચરણ.

(૧૮) 'અષ્ટાપદ'–જુગાર રમે તથા અષ્ટાંગ નિમિત્ત પ્રકાશે તો અનાચરણ.

(૧૯) 'નાલિક'–ચોપાટ, ગંજીપો, શેતરંજ, આદિ રમે તો અનાચરણ.

(૨૦) 'છત્ર'–છત્રી ધારણ કરે તો અનાચરણ.

(૨૧) 'તિગિચ્છ'–વિના કારણ બલવૃદ્ધિ આદિને માટે ઔષધ લે તો અનાચરણ.

---

* રોગાદિ કારણે તેલ ચોળે તો હરકત નહિ.

× દાંતમાં રસી વગેરે રોગ થયો હોય તેવા પ્રસંગે ઔષધિ તરીકે વાપરે તો હરકત નહિ.

(૨૨) 'વાહની'—જોડા, ચાખડી, મોજાં, વગેરે પગમાં પહેરે તો અનાચરણ.

(૨૩) 'જયોત્યારંભ—દીપક, ચૂલો, આદિ અગ્નિનો આરંભ કરે તો અનાચરણ.

(૨૪) 'શય્યાતર પિંડ'—જેની આજ્ઞા લઈને મકાનમાં ઉતર્યા હોય તેને ત્યાંથી આહાર પાણી લે તો અનાચરણ.

(૨૫) 'આસંદી'—ખુરશી, ખાટલો, વગેરે નેતર કે સીંદરી આદિથી ભરેલા આસન પર બેસે તો અનાચરણ.

(૨૬) 'ગૃહાંતરસય્યા'—વૃદ્ધાવસ્થા, રોગ કે તપશ્ચર્યાદિ કારણ વગર ગૃહસ્થને ત્યાં બેસે તો અનાચરણ.

(૨૭) 'ગાત્રમર્દન'—પીઠી આદિ શરીરે લગાવે તો અનાચરણ.

(૨૮) 'ગૃહી વૈયાવૃત્ય'—ગૃહસ્થની વૈયાવચ્ચ કરે અથવા ગૃહસ્થ પાસે વૈયાવચ્ચ કરાવે તો અનાચરણ.

(૨૯) 'જાત્યાજીવી'—સગપણ, ઓળખાણ, વગેરે મેળવી આહાર પાણી લે તો અનાચરણ.

(૩૦) તપ્તાનિવૃત્તં—જે વાસણમાં પાણી ગરમ કર્યું હોય તે વાસણ ઉપર, નીચે તેમજ મધ્યમાં ગરમ થયું ન હોય તેવા વાસણનું પાણી લે તો અનાચરણ.

(૩૧) 'આતુર શરણ'—રોગ, દુઃખ, વગેરેથી ગભરાઇને કુટુંબીઓનું શરણ વાંછે તો અનાચરણ.

(૩૨ થી ૪૫) મૂળ, આદુ, ઇક્ષુખંડ, (શેરડી), સૂરણાદિ કંદમૂળ, જડી, ફળ, બીજ, સંચળ, સિંધાલુણ, અગરનું મીઠું, રોમ દેશનું મીઠું, સમુદ્રનું મીઠું, પાંશુક્ષાર, કાળું મીઠું એ ચૌદ વસ્તુ સચેત ગ્રહણ કરે તો અનાચરણ.

(૪૬) વસ્ત્રાદિને સુગંધી દ્રવ્યનો ધૂપ દે તો અનાચરણ.

(૪૭) વિના કારણ વમન કરે તો અનાચરણ.

(૪૮) બસ્તીકર્મ કરે, [ગુદા દ્વારા પાણી કે દવા પ્રક્ષેપ કરી મળત્યાગ કરે] તો અનાચરણ.

(૪૯) વિરેચન–વિનાકારણ જુલાબ લે તો અનાચરણ.

(૫૦) અંજન–શોભાને માટે આંખમાં કાજળ, સુરમો વગેરે આંજે તો અનાચરણ.

(૫૧) 'દંતવણે'–દાંત રંગે તો અનાચરણ.

(૫૨) 'ગાત્રભંગ'–કસરત, મલ્લકુસ્તી, વગેરે કરે તો અનાચરણ.

ઉપર્યુક્ત બાવન અનાચરણનો ત્યાગ કરી સાધુજી શુદ્ધ સંયમ પાળે.

શ્રી દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં ૫૨ અનાચરણ બતાવ્યાં છે.

૨૦ અસમાધિ દોષ

૧. જલદી જલદી ચાલે તો,

૨. પ્રકાશિત સ્થાનમાં દૃષ્ટિથી જોયા વિના ચાલે અને અપ્રકાશિત સ્થાનમાં રજોહરણાદિકથી પૂંજ્યા વિના ચાલે તો,

૩. પૂંજે બીજી જગાએ ને પગ મૂકે બીજી જગાએ તો.

૪. પાટ, પાટલા, બાજોઠ વધારે ભોગવે તો,

૫. રત્નાધિક ગુણવંતની સામે બોલે તો,

૬. સ્થવિર સાધુનું મોત ઈચ્છે તો,

૭. સર્વે પ્રાણ, ભૂત, જીવ, અને સત્ત્વની ઘાત ઇચ્છે તો.

૮. ઘડી ઘડીમાં ગુસ્સે થાય તો,

૯. નિંદા કરે તો,

૧૦. વારંવાર નિશ્ચય ભાષા (આ કામ કરીશ, આ સ્થળે જઈશ, વગેરે) બોલે તો,

૧૧. નવા નવા ઝઘડા ઉપજાવે તો,

૧૨. જૂના કજિયા ઉખેળે; ગુજરી ગયેલી વાતો પાછી સંભારે અગર ખમત ખામણાં કર્યાં પછી પાછી લડાઈ કરે તો,

૧૩. બત્રીસ પ્રકારની અસજ્ઝાયમાં સજ્ઝાય કરે તો,

૧૪. રસ્તાની ધૂળથી એટલે સચેત રજથી પગ ભર્યા હોય ને પૂંજ્યા વિના આસન ઉપર બેસે તો,

૧૫. પાછલી એક પહોર રાત હોય ત્યારથી ઠેઠ સૂર્ય ઊગે ત્યાં લગી જોરથી બોલે તો,

૧૬. મોત થાય તેવો કજિયો કરે તો,

૧૭. કટુ વચન બોલે તો,

૧૮. પોતાની અને બીજાની અસમાધિ થાય એવું વચન બોલે તો,

૧૯. સવારથી સાંજ લગી, ગામમાંથી લાવી લાવીને ખા–ખા કરે તો [નોકારસી વગેરે પચ્ચખ્ખાણ ન કરે તો,],

૨૦. ચોકસાઈ કર્યા વિના આહાર વગેરે લાવે તો,

આ ૨૦ પ્રકારે અસમાધિ દોષ લાગે છે.

જેમ માંદગી આવતાં માણસ નબળો પડી જાય છે તેમ જે કામ કરવાથી સંયમ શિથિલ પડી જાય તેવા કામને અસમાધિ દોષ કહે છે.

આત્મસુખના ઇચ્છનારા સાધુઓ અસમાધિના ૨૦ દોષ તજીને વિચરે છે.

૨૧ સબળા (મોટા) દોષ

૧. હસ્તકર્મ કરે તો,

૨. મૈથુન સેવે તો,

૩. રાત્રિએ ચાર આહાર ભોગવે તો,

૪. આધાકર્મી આહાર [એટલે સાધુને નિમિત્તે નીપજાવેલો આહાર] ભોગવે તો,

૫. 'રાજપિંડ' [બહુ જ પૌષ્ટિક આહાર, કે જે રાજવંશીઓ માટે બનાવેલો હોય, જેમાં દારૂ માંસાદિક પદાર્થ આવે તેવો] આહાર ભોગવે તો,

૬. 'કીયગડં' [વેચાતો લીધેલો] 'પામીચં' [ઉધાર લીધેલો] 'અછેજં' [નિર્બળના હાથમાંથી પડાવી લીધેલો] 'અણિસિટ્ઠં' [ધણીની રજા વિના લીધેલો], 'અભિહડં' [સામે લાવીને દેવા આવેલો] આ પાંચ દોષ લગાડીને આહાર ભોગવે તો,

૭. વારંવાર પચ્ચક્ખાણ લઈ લઈને ભાંગે તો,

૮. વગર કારણે છ મહિના પહેલાં સંપ્રદાય બદલે તો,

૯. એક મહિનામાં ૩ મોટી નદી ઊતરે તો,

૧૦. એક મહિનામાં ૩ વાર કપટ કરે તો,

૧૧. સેજ્જાંતર [મકાનમાં ઊતરવાની આજ્ઞા દેનાર]ના ઘરનો આહાર ભોગવે તો,

૧૨ થી ૧૪. આકુટી (ઇરાદાપૂર્વક) હિંસા કરે, અસત્ય બોલે, ચોરી કરે તો,

૧૫. સચેત પૃથ્વી પર બેસે તો,

૧૬. સચેત ધૂળની રજથી ભરેલા પાટ, પાટલા ભોગવે તો,

૧૭. સડેલી પાટો, જેમાં જંતુઓનાં ઇંડાં ઉત્પન્ન થયાં હોય તે ભોગવે તો,

૧૮, 'કંદ' [મૂળની જડ], 'ખંધ' [ઉપરનું થડ], 'શાખા' [મોટી ડાળો], 'પ્રતિશાખા' [નાની ડાળ], 'ત્વચા' [છાલ] 'પ્રવાલ' [કૂંપળો], પાંદડાં, ફૂલ, બીજ, હરિત એ પ્રમાણેની ૧૦ કાચી લીલોતરી ભોગવે તો,

૧૯. એક વરસમાં ૧૦ વખત નદી ઊતરે તો,

૨૦. એક વર્ષમાં દસ વખત માયાસ્થાન સેવે તો,

૨૧. સચિત્ત પાણીથી, લીલોતરીથી, કે એવા કોઇ સચિત્ત પદાર્થથી ભરેલાં ભોજનવાળાં આહાર, પાણી વગેરે લે તો,

આ પ્રમાણે ૨૧ પ્રકારે સબળા દોષ લાગે છે.

જેમ નબળો માણસ ગજા ઉપરાંત બોજો ઉપાડે તો મરી જાય છે તેમ આ ૨૧ દોષિત કામ કરવાથી સંયમરૂપી ધનનો નાશ થાય છે.

એ ૨૦ અસમાધિ દોષ અને ૨૧ સબળા દોષનું વર્ણન "દશા શ્રુતસ્કંધ" સૂત્રના પહેલા-બીજા અધ્યયનમાં છે.

બત્રીસ યોગસંગ્રહ

યોગ એટલે મન, વચન, કાયાના શુભ યોગનો બત્રીસ પ્રકારનો સંગ્રહ, જે વડે યોગાભ્યાસ રૂડી રીતે થઈ શકે એવાં ૩૨ કામો યોગીઓને હૃદયકોશમાં સંગ્રહી રાખવા યોગ્ય હોવાથી તેને યોગસંગ્રહ કહેવામાં આવે છે.

૧. જે દોષ લાગ્યો હોય તે તરત ગુરુની પાસે કહે,

૨. શિષ્યનો વાંક બીજાની આગળ ગુરુ પ્રકાશે નહિ.

૩. કષ્ટ પડે તો પણ ધર્મમાં દઢ રહે.

૪. તપસ્યા કરીને આ લોકમાં યશ-મહિમાની, સુખની ઈચ્છા, તેમ જ પરલોકમાં દેવપદ, રાજપદ મળે તેવી ઈચ્છા કરે નહિ.

૫. "આસેવના" (જ્ઞાનાભ્યાસ સંબંધી) "ગ્રહણા" (આચાર તે ગોચરી સંબંધી), શિક્ષા (શિખામણ) કોઈ આપે તે હિતકારી માને.

૬. શરીરની શોભા વિભૂષા, (ટાપટીપ, ઠાઠમાઠ) કરે નહિ.

૭. ગુપ્ત તપ કરે, (ગૃહસ્થને ખબર ન પડવા દે કે સાધુને તપ છે) તથા લોભ કરે નહિ.

૮. જે જે કુળોમાં ભિક્ષા લેવાનું શ્રી પ્રભુજીનું ફરમાન છે તે તમામ કુળોમાં ગોચરી અર્થે જાય.

૯. પરિષહ આવે તો ચડતા પરિણામ રાખી સહન કરે, પણ ક્રોધ ન કરે.

૧૦. સદા સરળતાથી એટલે નિષ્કપટપણાથી વિચરે.

૧૧. સંયમ (આત્મદમન) કરે.

૧૨. સમકિત સહિત એટલે શુદ્ધ શ્રદ્ધાયુક્ત રહે.

૧૩. ચિત્તને સ્થિર કરે.

૧૪. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારમાં પ્રવર્તે.

૧૫. વિનય એટલે નમ્રતા સહિત પ્રવર્તે.

૧૬. તપ, જપ, ક્રિયા, અનુષ્ઠાન, વગેરેમાં સદા વીર્ય-પરાક્રમ ફોરવે.

૧૭. સદા વૈરાગ્યવંત રહે.

૧૮. નિજ આત્માના ગુણને એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રને રત્નના ખજાનાની પેઠે બંદોબસ્ત કરી સાચવે.

૧૯. પાસત્થાના એટલે જેઓ ઢીલા ને શિથિલ પડી ગયા છે તેમના જેવાં પરિણામ ન આવતાં ચડતા અને વધતા પરિણામથી રહે.

૨૦. ઉપદેશરૂપે કે પ્રવૃત્તિરૂપે પણ સદા સંવરકરણીને પુષ્ટિ મળે તેમ રહે.

૨૧. પોતાના આત્માના જે જે દુર્ગુણો ધ્યાનમાં આવે તેને ટાળવાના ઉપાય કરે.

૨૨. કામ (શબ્દ, રૂપ સંબંધી), ભોગ (ગંધ, રસ ને સ્પર્શ સંબંધી)નો સંજોગ મળે તો લુબ્ધ ન થાય,

૨૩. નિયમ, અભિગ્રહ, ત્યાગ, વૈરાગ્યની હંમેશાં યથાશક્તિ વૃદ્ધિ કરે.

૨૪. ઉપધિનો=વસ્ત્ર, પાત્ર, સૂત્ર, શિષ્ય, વગેરેનો અહંકાર કરે નહિ.

૨૫. મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદનો સદા ત્યાગ કરે.

૨૬. થોડું બોલે અને જે જે વખતે જે જે ક્રિયા કરવાની છે તે બરોબર કરે.

૨૭. આર્ત્ત, રૌદ્ર એ બે ધ્યાન છોડીને ધર્મ અને શુકલ એ બે ધ્યાન હંમેશાં ધ્યાય.

૨૮. મન, વચન અને કાયાને સદા શુભ કાર્યમાં પ્રવર્તાવે.

૨૯. મારણાંતિક વેદના આવે તો પણ પરિણામની ધારા ધર્મમાં સ્થિર રાખે.

૩૦. સર્વ સંગનો ત્યાગ કરે.

૩૧. ગુરુની પાસે આલોયણા, નિંદણા કરે, એટલે ગુપ્ત પાપનો પ્રકાશ કરી પ્રાયશ્ચિત્ત લે અને પોતાના આત્માની નિંદા કરે.

૩૨. મરણનો અવસર નિકટ જાણી સંથારો કરે. આહાર અને શરીરનો પણ ત્યાગ કરી સમાધિભાવમાં કોહોત્સર્ગ કરે.

આ ૩૨ બાબતોનો સાધુએ સંગ્રહ કરી એટલે હૃદયમાં ધારી તે પ્રમાણે ચડતા પરિણામે હંમેશાં યથાશક્તિ પ્રવૃત્તિ કરવી. પુરુષાર્થ કરવાથી દરેક ચીજ સાધી શકાય છે. માટે ઉદ્યમ કરવો.

આ ૩૨ યોગ શ્રી "સમવાયાંગ" સૂત્રમાં છે.

એ પ્રમાણે સાધુને માટેની અનેક ક્રિયાઓનું શાસ્ત્રમાં વર્ણન છે, એ વર્ણન પ્રમાણે જે પવિત્ર આત્માને સંપૂર્ણ ગુણ પ્રાપ્ત થાય તો તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. આ પંચમકાળમાં સંપૂર્ણ ગુણધારી મહાત્મા મળવા મુશ્કેલ છે, છતાં એમ કદી ન માનવું કે પાંચમા આરામાં સાધુ જ નથી. એ બાબતનું સમાધાન કરવા શાસ્ત્રમાં છ પ્રકારના નિયંઠા (નિર્ગ્રંથ) કહ્યા છે.

૬ પ્રકારના નિયંઠા (નિર્ગ્રંથ)

જેઓ દ્રવ્યથી પરિગ્રહની ગાંઠ બાંધે નહિ, અને ભાવથી આઠ કર્મોનો તથા રાગ, દ્વેષ, મોહ અને મિથ્યાત્વનો નાશ કરે તેઓને નિયંઠા [નિર્ગ્રંથ] કહે છે. એના ૬ પ્રકાર છે.

૧. "પુલાક નિયંઠા"—જેમ કમોદ તથા ઘઉંનું ખેતર લણી તેનો પરાળ સહિત ઢગલો કરે, તેમાં દાણા થોડા અને ખડનો ભાગ ઘણો તેમ પુલાક નિયંઠામાં ગુણ થોડા અને દુર્ગુણ ઘણા હોય છે.

પુલાક નિયંઠાના બે ભેદ છે. [૧] લબ્ધિ પુલાક—કોઈએ મોટો અપરાધ કર્યો હોય તો તે પ્રસંગે પુલાક લબ્ધિથી ચક્રવર્તીની સેનાને પણ બાળી નાંખે. એ "લબ્ધિ પુલાક નિર્ગ્રંથ" કહેવાય.

[૨] "આસેવના પુલાક"—તે જ્ઞાન, દર્શન અને ચારિત્રની વિરાધના કરે.

આ પ્રકારના નિયંઠા હાલ છે નહિ.

૨. **" બુક્કસ નિયંઠા "**–કમોદ તથા ઘઉંના છોડના પરાળ સહિત ઢગલો હોય તેમાંથી ઘાસ જુદું પાડી નાંખે અને ઉંબીઓનો ઢગલો કરે તો તે ઢગલામાં પ્રથમના કરતાં ઘાસ થોડું છે, તો પણ દાણા કરતાં વધારે છે. તે પ્રમાણે બુક્કસ નિર્ગ્રંથમાં પણ ગુણ થોડા ને દુર્ગુણ વધારે હોય.

બુક્કસ નિયંઠાના વળી બે ભેદ છે. [૧] " ઉપકરણ બુક્કસ" તે લૂગડાં ને પાતરાં [પાત્ર–ભાજન] વિશેષ રાખે, ખારા વગેરેથી ધોવે તે [૨] "શરીર બુક્કસ " તે હાથ પગ ધોવે, કેશ નખ સમારે, શરીરની વિભૂષા કરે, પરંતુ કર્મ ખપાવવાનો ઉદ્યમ તો કરે.

૩. **"કષાય કુશીલ નિયંઠા "**–ઘઉં અને કમોદના છોડની ઉંબીના ઢગલામાંથી માટી, કચરો વગેરે તારવી, ખળામાં બળદના પગથી કચરાવી દાણા છુટા પાડયાં, તે વખતે દાણા અને કચરો લગભગ બરાબર હોય છે, તેમ કષાય કુશીલ નિર્ગ્રંથ સંયમ પાળે, જ્ઞાનાભ્યાસ કરે, તપશ્ચર્યા યથાશક્તિ કરે, બીજી પણ ક્રિયાઓ કરે, છતાં કષાયનો થોડો ઉદય થાય તે જ્ઞાન વડે દબાવે, પણ આખરે હૃદય બળ્યા કરે, કોઇનાં કડવાં વેણ અને નિંદા સાંભળી ક્રોધ કરે, પોતાનાં જ્ઞાન, ક્રિયા, તપ, વગેરેનાં વખાણ સાંભળી અભિમાન કરે, ક્રિયા કરવામાં તથા અન્ય મતવાળાની સાથે ચર્ચા કરી તેનો પરાજય કરવામાં માયા કપટ કરે, તેમ શિષ્ય, સૂત્રની વૃદ્ધિનો લોભ પણ કરે. એ ચારે કષાય થોડા થોડા આવે તો પણ આત્માની નિંદા કરી તરત શલ્યરહિત થઇ જાય.

૪. **" પ્રતિસેવના નિયંઠા "**–ખળામાં ઉંબીઓ કચરાયા પછી, પવન હોય ત્યારે તેને ઊપણે છે, એ ઊપણેલા ઢગલામાં દાણા ઘણા અને તણખલાં–કચરો–થોડો હોય છે. તે પ્રમાણે પ્રતિસેવના નિયંઠાવાળો સાધુ, મૂળ ગુણમાં, પાંચ મહાવ્રતમાં અને રાત્રિભોજનમાં જરા પણ દોષ લગાડે નહિ. પણ દસ પચ્ચખ્ખાણ વગેરે ઉત્તમ ગુણોમાં શૂન્ય ઉપયોગને લીધે જરા જરા દોષ લગાડે છે. એવા દોષની ખબર પડે ત્યારે તરત પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ થાય છે.

૫. “ નિર્ગ્રંથ નિયંઠા ”–ખળામાં ચોખ્ખા કરેલા દાણાને પાથરી, આંખે જોઈ હાથથી તમામ કાંકરા અને કચરો કાઢી વિશેષ શુદ્ધ કરે છે, તેવી રીતે નિર્ગ્રંથ નિયંઠાનું સમજવું.

એના બે ભેદ છેઃ [૧] “ ઉપશમ કષાયી ”–જેમ ચૂલામાં રાખની નીચે અગ્નિ ભારેલો છે (દબાયેલો છે) તે પ્રમાણે ક્રોધાદિ કષાયને જ્ઞાનાદિ ગુણોથી દબાયેલો, પણ હજી એ તપાવેલા કષાયનો ઉદય થવાનો સ્વભાવ છે. [૨] “ ક્ષીણ કષાયી ”–જેમ દેવતા ઉપર પાણી છાંટી તેને સાવ ઠારી નાખે છે, તે પ્રમાણે કષાયરૂપી અગ્નિને શાંત કરી પોતાના આત્માને મૂળ ગુણો, ઉત્તર ગુણો વગેરેનો જરા પણ દોષ લાગવા દે નહિ. ફક્ત કોઇ ઉપશમ નિયંઠાને મરણ સમયે સંજ્વલનનો લોભ કિંચિત્ માત્ર રહે છે, બાકી સર્વ પ્રકારે શુદ્ધ છે. ગુણસ્થાન ૧૧, ૧૨.

૬. ‘ સ્નાતક નિયંઠા ’–કચરો ને કાંકરા વીણીને શુદ્ધ કરેલા દાણા પાણીથી ધોઇ, સાફ લૂગડાથી લૂછે તો રજમેલરહિત, અતિ શુદ્ધ અને નિર્મળ થાય છે, તે પ્રમાણે સ્નાતક નિર્ગ્રંથ ચાર ઘનઘાતી કર્મ રહિત, યથાખ્યાત ચારિત્રવાળા, અને ખુદ તીર્થંકર ભગવાન અગર તો કેવળી ભગવાન સમજવા. ગુણસ્થાન ૧૩, ૧૪.

આ છ પ્રકારના નિયંઠા છે, તેમાંથી ૧, ૪, ૫, ૬ એ ચાર નિયંઠાનો જન્મ પંચમ કાળમાં નિષેધ છે. ફક્ત બીજા પ્રકારના ‘બુક્કસ ’ અને ત્રીજા પ્રકારના ‘કષાય કુશીલ ’ એ બે જાતના નિયંઠા હોય છે.

નિયંઠા સંબંધી વર્ણન જાણી, સાધુઓનું ન્યૂનાધિક જ્ઞાન અને ક્રિયા જોવામાં આવે તો પક્ષપાત વધારવો નહિ. તેમ રાગ દ્વેષની વૃદ્ધિ કરવી નહિ. માત્ર યથાતથ્ય ગુણની પરીક્ષા કરવી. સો રૂપિયાનો પણ હીરો હોય છે અને લાખ રૂપિયાનો પણ હીરો હોય છે એમ વિચારવું. સો રૂપિયાવાળા હીરાને કોઇ કાચ નહિ કહે, પણ હીરો જ કહેશે. કાચ તો તેને કહેવાય કે જેઓમાં સંયમનો જરા પણ ગુણ નથી, એવા પાંચ પ્રકારના સંયમ રહિત સાધુ અવંદનીય કહ્યા છે.

૫ પ્રકારના અવંદનીય સાધુ

(૧) 'પાસત્થા' (૨) 'ઉસન્ન' (૩) 'કુશીલિયા' (૪) 'સંસત્તા' (૫) 'અપછંદા'. હવે તેનું વર્ણન કરે છે.

૧. પાસત્થા'–એના બે ભેદ છે. (૧) 'સર્વવ્રત પાસત્થા' તે જેઓ જ્ઞાન, દર્શન અને ચારિત્રથી તદ્દન ભ્રષ્ટ હોય, બહુરૂપી ભાંડ–ભવાયાની પેઠે માત્ર વેશધારી જ હોય. (૨) 'દેશવ્રત પાસત્થા' તે છન્નુ દોષવાળો આહાર લે અને લોચ કરે નહિ.

૨. 'ઉસન્ના'–એના બે ભેદ છે. (૧) 'સર્વ ઉસન્ના'–તે સાધુને માટે નીપજાવેલાં પાટ, સ્થાનક, વગેરે ભોગવે, (૨) 'દેશ ઉસન્ના'–તે બે વખત પડિલેહણ, પડિક્રમણું, ગોચરી ન કરે, સ્થાનક છોડી ઘરો-ઘર ફરતો ફરે અને અયોગ્ય સ્થળે અથવા ગૃહસ્થને ઘેર વિના કારણ બેસે.

૩. 'કુશીલિયા' –તેના ત્રણ ભેદ છે. (૧) 'નાણકુશીલિયા' તે જ્ઞાનના આઠ અતિચાર દોષ લગાડે, (૨) દંસણ કુશીલિયા' તે દર્શનના આઠ અતિચાર દોષો લગાડે. (૩) 'ચારિત્ર કુશીલિયા' તે ચારિત્રના આઠ અતિચાર દોષો લગાડે (એ ચોવીસ પ્રકારના અતિચાર–દોષોનું વર્ણન ત્રીજા પ્રકરણમાં પંચાચારના વિષયમાં વિસ્તારથી આવી ગયું છે.

વળી, એકુશીલિયા ૭ કર્મ કરે છે. (૧) 'કૌતુક કર્મ'–ઔષધ ઉપચાર વગેરે કરે. અખંડ સૌભાગ્ય રહેવા સ્ત્રીઓને સ્નાનાદિક ક્રિયા કરાવે (૨) 'ભૂતકર્મ'–ભૂત, પલિતના તથા વાયુ વગેરેના મંત્ર, તંત્ર, જંત્ર કરે અને દોરા કરી આપે, (૩) 'પ્રશ્નકર્મ'–રમણ વિદ્યા, શકુનાવલી વિદ્યા, વગેરેના યોગ જણાવી પ્રશ્નોના ઉત્તર દે અને લાભ હાનિ બતાવે, (૪) 'નિમિત્ત કર્મ'–જ્યોતિષની રીતે નિમિત્ત ભાખે અને ભૂત, ભવિષ્ય તથા વર્તમાનની હકીકત જણાવે. (૫) 'આજીવિકા કર્મ'–એના સાત ભેદ છે. પોતાની જાતિ જણાવીને, કુળ જણાવીને, શિલ્પકળા જણાવીને, ધંધો જણાવીને, વેપાર જણાવીને, ગુણો જણાવીને અને સૂત્રજ્ઞાન જણાવીને, પોતાનો નિર્વાહ કરે. (૬) 'કલ્ક કુરૂક કર્મ'–માયા કપટ કરે,

દંભ કરે, ઢોંગ કરે અને લોકોને બિવડાવે, (૭) 'લક્ષણ કર્મ'–સ્ત્રી-પુરુષોનાં સામુદ્રિક વિદ્યાની રીતે હાથ પગ વગેરેનાં લક્ષણો બતાવે. તલ, મસ, લાખું, વગેરેના ગુણો બતાવે. એ સાત કર્મ કરે તે કુશીલિયા સાધુ છે.

૪. '**સંસત્તા**'–જેમ ગાયને ખાણુ આપતી વખતે સારું નરસું તમામ ભેગું કરીને આપે તેમ જેના આત્મામાં ગુણ અવગુણ તમામ ભેળસેળ હોય, પોતાના ગુણ અવગુણનું ભાન ન હોય, દેખાદેખીથી સાધુનો ભેખ લઈ લે, પેટભરાઈ કરે, તથા તમામ મતવાળા સાથે અને પાસત્થા વગેરે સાથે મળીને રહે, કંઈ ભિન્નભાવ સમજે નહિ એને 'સંસત્તા' કહે છે.

સંસત્તાના બે ભેદ છેઃ ૧. સંક્લિષ્ટ એટલે કલેશ યુક્ત ૨. અસંક્લિષ્ટ એટલે કલેશ રહિત.

૫. '**અપછંદા**'–ગુરુની, તીર્થંકરની અને શાસ્ત્રની આજ્ઞા તોડી, પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે. ઋદ્ધિનો, રસનો અને શાતાનો ગર્વ કરે. ઉત્સૂત્રપ્રરૂપણા મરજી માફક કરે તે *.

એ પાંચ પ્રકારના સાધુ સત્કાર, સન્માનને લાયક નથી. આપણા સનાતન અને સત્ય જૈન ધર્મમાં ગુણની પૂજા, શ્લાઘા, વંદના, સત્કાર–સન્માન છે. માટે ગુરુની પરીક્ષા જરૂર કરવી જોઈએ.

---

* આ પંચમકાળમાં ફાટફૂટ પડવાનું, સંવત્સરી જેવા મોટા ધર્મ-પર્વમાં પણ ભંગ પડવાનું, અને નજીવી બાબતમાં કલેશ કરી ધર્મને લજાવવાનું ખરું કારણ, અપછંદા સાધુને વંદના કરવી, તેની સાથે વ્યવહાર રાખવો, જે ખરા ગુરુઓની નિંદા કરે તેની જ આજ્ઞા પાળવી, જરા જ્ઞાન કે ક્રિયાનો ગુણ દેખવામાં આવે કે તરત બીજી કંઈ પણ પરીક્ષા કર્યા વગર તેમાં લુબ્ધ થઈ જવું એ વગેરે છે. ખરી વાત એ છે કે જેણે ગુરુની આજ્ઞા તોડી અને સ્વચ્છંદ-આચારી થયો તેને કોઈએ સત્કાર દેવો ન જોઈએ. એમ કરવાથી તેનો રૂડો આત્મા હશે તો તરત પોતાની મેળે ઠેકાણે આવી જશે; અને ઠેકાણે ન આવે તો તેનો આત્મા જાણે; પણ એવાને આધાર ન આપવાથી સંઘમાં ફાટફૂટ કે ફજેતી ન થાય, માટે સુજ્ઞ જનોએ શાસનની ઉન્નતિ અને સંપની વૃદ્ધિ અર્થે અપછંદાને મદદ ન કરવાની બાબત ખાસ ધ્યાનમાં રાખવી.

દોહરો–ઈર્યા, ભાષા, એષણા, ઓળખજો આચાર,
ગુણવંત સાધુ દેખીને, વંદો વારંવાર.

સાધુની ૮૪ ઉપમા

गाथा-उरग गिरि जलन, सागर नहतल तरुगण समो य जो होइ ।
भमर मिय धरणी, जलरुह रवि पवण समो य सो समणो ॥

(૧) ઉરગ (સર્પ) ૨. ગિરિ (પર્વત), ૩. જલન (અગ્નિ) ૪. સાગર ૫. નહતલ (આકાશ) ૬. તરુગણ (વૃક્ષો) ૭. ભ્રમર ૮. મિય (મૃગ), ૯. ધરણી, ૧૦. જલરુહ (કમળ) ૧૧. રવિ (સૂર્ય) ૧૨. પવન એ બાર ઉપમામાંના દરેકના સાત ગુણો ગણતાં ૧૨×૭=૮૪ ઉપમા થાય છે.

૧. 'ઉરગ'–૧. સર્પના જેવો સાધુ હોય છે. જેમ સર્પ બીજાને માટે નીપજાવેલી જગામાં રહે છે, તેમ સાધુ ગૃહસ્થે પોતાના નિમિત્તે બનાવેલા સ્થાનકમાં રહે છે. ૨. જેમ અગંધન કુળના સર્પો, વમન કરેલા ઝેરને ફરી વાર ભોગવે નહિ, તેમ સાધુ છોડેલા સાંસારિક ભોગોની વાંછા કદી કરે નહિ. ૩. જેમ સર્પ સીધો ચાલે છે તેમ સાધુ સરળપણાથી મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે. ૪. સર્પ જેમ બીલમાં સીધો પ્રવેશ કરે છે તેમ સાધુ આહારનો ગ્રાસ મોઢામાં આમતેમ નહિ મમળાવતાં સીધો ગળે ઉતારે. ૫. જેમ સર્પ પોતાની કાંચળી છોડીને તરત નાસી જાય અને તે તરફ પાછી નજર સરખી પણ ન કરે તેમ સાધુ સંસારત્યાગ કર્યા પછી તેની લેશ માત્ર ઈચ્છા ન કરે. ૬. જેમ સર્પ કાંટા, કાંકરા, વગેરેથી ડરીને પોતાનું શરીર સંભાળીને ચાલે છે તેવી રીતે સાધુ દોષોથી તથા પાખંડીઓથી સંભાળી વિચરે. ૭. જેમ સર્પથી તમામ ડરે છે તેમ લબ્ધિવંત સાધુથી રાજા, દેવ, ઈંદ્ર સૌ ડરે છે, તો બીજા સામાન્ય મનુષ્યો ડરે તેમાં શી નવાઈ!

૨. "ગિરિ"–સાધુ પર્વતના જેવા હોય છે. ૧. જેમ પર્વતમાં અનેક પ્રકારની જડીબુટી, ઔષધિઓ હોય છે તે પ્રમાણે સાધુ પણ અક્ષીણ, માણસી, વગેરે અનેક લબ્ધિ ધરાવનારા હોય છે. ૨. જેમ

પર્વતને વાયુ ડોલાવી શકતો નથી તેમ સાધુ ઉપસર્ગો, પરિષહો પડે છતાં, કંપાયમાન ન થાય, અડગ રહે. ૩. જેમ પર્વત સર્વ જીવોને આધારભૂત (ઘાસ, લાકડાં, પથ્થર, માટી, ફળ, વગેરેથી અનેકની ઉપજીવિકા ચલાવનાર) છે, તેમ સાધુ છકાયના જીવોના રક્ષક-આધારભૂત છે. ૪. જેમ પર્વતમાંથી નદીઓ વગેરે નીકળે છે તેમ સાધુમાંથી જ્ઞાન વગેરે ગુણો પ્રગટે છે. ૫. જેમ મેરુપર્વત સર્વ પર્વતોમાં ઊંચો છે તેમ સાધુ સર્વ જીવોમાં ઉચ્ચ ગુણોના ધારક હોય છે. ૬. જેમ કેટલાક પર્વતો રત્નમય છે, તેમ સાધુ ત્રણ રત્ન (જ્ઞાન-દર્શન-ચારિત્ર)ના આરાધક છે. ૭. જેમ પર્વત મેખલાથી શોભે છે તેમ સાધુ શિષ્યો તથા શ્રાવકોથી શોભે છે.

૩. "**જલણ**"-સાધુ અગ્નિ જેવા છે. ૧. જેમ અગ્નિમાં લાકડાં, ખડ, વગેરે ઇંધણ નાંખવાથી તૃપ્તિ પામે નહિ તેમ સાધુ જ્ઞાનાદિ ગુણોથી તૃપ્તિ ન પામે. ૨. જેમ અગ્નિ પોતાના તેજ વડે દીપે છે તેમ સાધુ તપ, સંયમ વગેરે ઋદ્ધિ વડે દીપે છે. ૩. જેમ અગ્નિ કચરાને બાળી નાંખે છે તેમ સાધુ કર્મરૂપી કચરાને તપ વડે બાળી નાંખે છે. ૪ જેમ અગ્નિ અંધકારનો નાશ કરી પ્રકાશ કરે છે તેમ સાધુ મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરી ધર્મનો ઉદ્યોત કરે છે. ૫. જેમ અગ્નિ સુવર્ણ, ચાંદી, વગેરે ધાતુને શોધીને નિર્મળ કરે છે તેમ સાધુ ભવ્ય જીવોને વ્યાખ્યાન, વાણી, વગેરેથી મિથ્યાત્વરૂપી મળથી રહિત કરે. ૬. જેમ અગ્નિ ધાતુ અને માટીને જુદાં પાડી આપે છે તેમ સાધુ જીવ અને કર્મને જુદાં પાડે છે. ૭. જેમ અગ્નિ માટીનાં કાચાં ઠામને પકાવીને પાકાં કરે છે તેમ સાધુ કાચા શિષ્યોને અને શ્રાવકોને ઉપદેશ આપી ધર્મમાં પાકાં-દૃઢ કરે.

૪. "**સાગર**"-સાધુ સમુદ્ર જેવા છે. ૧. સાગરની પેઠે સદા ગંભીર રહે. ૨. જેમ સમુદ્ર મોતી, પરવાળાં, વગેરે રત્નોની ખાણ છે અને તેથી રત્નાકર કહેવાય છે તેમ સાધુ જ્ઞાનાદિ રત્નોની ખાણ છે. ૩. જેમ સમુદ્ર મર્યાદા છોડે નહિ તેમ સાધુ શ્રી તીર્થંકર મહારાજની આજ્ઞાની મર્યાદા ઓળંગે નહિ. ૪. જેમ સમુદ્રમાં તમામ નદીઓ

આવીને મળે છે તેમ સાધુમાં ઉત્પાતિયા વગેરે ચારે બુદ્ધિ હોય છે. ૫. જેમ સમુદ્ર મચ્છ, મગર, વગેરેનાં તોફાનોથી ક્ષોભ પામે નહિ તેમ સાધુ પરિગ્રહથી, પાખંડીઓથી ક્ષોભ પામે નહિ. ૬. જેમ સમુદ્ર છલકે નહિ તેમ સાધુ છલકે નહિ. ૭. સમુદ્રના પાણીની પેઠે સાધુનું હૃદય સદા નિર્મળ રહે.

૫. **"નહતલ"**–સાધુ આકાશ જેવા છે. ૧. આકાશની પેઠે સાધુનું મન સદા નિર્મળ રહે. ૨. જેમ આકાશ થાંભલા, ભીંત, વગેરેના આધાર રહિત રહેલ છે, તેમ સાધુ ગૃહસ્થીઓ વગેરેના આશ્રય કે નેશ્રા રહિત વિચરે છે. ૩. જેમ આકાશમાં સર્વ પદાર્થો સમાય છે તેથી તે સર્વ પદાર્થોને રહેવાના પાત્રરૂપે છે, તેમ સાધુ જ્ઞાનાદિ સર્વ ગુણોનું પાત્ર છે. ૪. જેમ આકાશ ટાઢ, તાપ, વગેરેથી કરમાય નહિ તેમ સાધુ અપમાન, નિંદા, વગેરે થાય તો પણ ઉદાસ ન બને. ૫. જેમ આકાશ વરસાદ વગેરેના યોગથી પ્રફુલ્લિત ન બને તેમ સાધુ સત્કાર, વંદના, માન પામતાં ખુશી થાય નહિ. ૬. જેમ આકાશ શસ્ત્ર વગેરેથી છેદનભેદન ન પામે તેમ સાધુના ચારિત્ર વગેરે ગુણોનો કોઈ નાશ કરી શકે નહિ. ૭. જેમ આકાશ અનંત છે તેમ સાધુના પાંચ આચાર વગેરે ગુણો પણ અનંત છે.

૬. **"તરુગણ"**–સાધુ વૃક્ષ (ઝાડ) જેવા છે. ૧. જેમ વૃક્ષ ટાઢ, તાપ વગેરે દુઃખો સહન કરીને માણસ, પશુ, પંખી, વગેરે આશ્રિતોને શીતલ છાયા વગેરે સુખ આપે છે તેમ સાધુ પણ અનેક ઉપસર્ગ–પરિસહ સહન કરીને છ કાયના જીવોને સદ્બોધ વગેરે આપી આશ્રયભૂત ને સુખદાતા થાય છે. ૨. જેમ વૃક્ષની સેવાથી ફળની પ્રાપ્તિ થાય છે તેમ સાધુની સેવાથી દસ ગુણની પ્રાપ્તિ થાય છે. ૩. જેમ વૃક્ષ મુસાફરોને–વટેમાર્ગુઓને વિશ્રામદાતા છે તેમ સાધુ પણ ચાર ગતિમાં ભટકતા જીવોના આધારભૂત છે. ૪. જેમ ઝાડને કુહાડાથી કાપવામાં આવે છતાં ગુસ્સે થાય નહિ તેમ સાધુ પણ ઉપસર્ગ આપનાર કે નિંદા કરનાર વગેરે પર ક્રોધ કરે નહિ. ૫. જેમ ઝાડને કોઈ સુખડ, કંકુ, કેસર ચોપડે તો આનંદ ન પામે ;તેમ સાધુ સત્કાર–સન્માન

મળતાં ખુશી ન થાય. ૬. જેમ વૃક્ષ પોતાનાં ફળ, પત્ર, ફૂલ, વગેરે બીજાને આપીને બદલો લેવાનું ઇચ્છે નહિ. તેમ સાધુ જ્ઞાનાદિ ગુણ દઇને કે ઉપદેશ આપીને બદલો લેવાનું ઇચ્છે નહિ ૭. જેમ વૃક્ષ તાપ, ટાઢ, પવન, દુષ્કાળ, વગેરેની અસરથી સુકાઈ જાય છતાં પોતાનું સ્થાન છોડે નહિ, તેમ સાધુ પણ પ્રાણાંત કષ્ટ પ્રાપ્ત થાય તો પણ ચારિત્રાદિ ધર્મનો નાશ થવા ન દે, ડગે નહિ, પણ સ્થિર રહે.

૭. **"ભ્રમર"** સાધુ ભમરા જેવા છે. ૧. જેમ ભમરો ફૂલ-માંથી રસ ગ્રહણ કરે છતાં ફૂલને પીડા ન ઉપજાવે, તેમ સાધુ આહાર–પાણી વગેરે લેવા છતાં દાતારને જરા પણ દુઃખ ન ઉપજાવે. ૨. જેમ ભમરો ફૂલનો મકરંદ (રસ) ગ્રહણ કરે છતાં કોઈને અટકાવ ન કરે તેમ સાધુ ગૃહસ્થને ત્યાંથી આહારાદિક વહોરે છતાં કોઇને અંતરાય ન પાડે, ૩. જેમ ભમરો અનેક ફૂલોમાં પરિભ્રમણ કરી પોતાનો નિર્વાહ ચલાવે તેમ સાધુ અનેક ગામોમાં પરિભ્રમણ કરી, અનેક ઘરો ફરી આહારાદિ મેળવી શરીરનું પોષણ કરે. ૪. જેમ ભમરો ઘણો રસ મળવા છતાં સંગ્રહ ન કરે તેમ સાધુ આહારાદિનો સંગ્રહ ન કરે. ૫. જેમ ભમરો વગર બોલાવ્યે ફૂલોમાં ઓચિંતો ભમે છે, તેમ સાધુ પણ ભિક્ષા નિમિત્તે ગૃહસ્થના બોલાવ્યા વિના ઓચિંતા જાય છે. ૬. જેમ ભ્રમરનો પ્રેમ કમળ ઉપર વધારે હોય છે તેમ સાધુનો નિર્દોષ આહાર પર તથા ચારિત્ર ધર્મ પર અધિક પ્રેમ હોય છે. ૭. જેમ ભમરા માટે વાડી, બગીચા, વગેરે બનાવ્યા નથી, તેમ ગૃહસ્થ તરફથી જે આહાર વગેરે સાધુને માટે ન નીપજાવ્યું હોય તે જ સાધુને કામ આવે છે.

૮. **'મિય'**–સાધુ મૃગતુલ્ય છે. ૧. જેમ મૃગ સિંહથી ડરે છે તેમ સાધુ પાપથી ડરે છે. ૨. જે ઘાસ ઉપર થઇને સિંહ ચાલ્યો હોય તે ઘાસ હરણ ખાય નહિ, તેમ જે આહાર દોષિત થયો હોય, તે સાધુ કદી પણ ભોગવે નહિ. ૩. જેમ મૃગ સિંહના ડરથી એક સ્થળે રહે નહિ, તેમ સાધુ પ્રતિબંધથી ડરે, અને મર્યાદા ઉલ્લંઘી એક સ્થાનમાં ન રહે. ૪ જેમ મૃગને રોગ થાય તો પણ તે ઓસડ કરે

નહિ તેમ સાધુ પણ પાપકારી તેમ જ સચિત્ત ઔષધ કરે નહિ. ૫. જેમ રોગાદિને કારણે મૃગ એક સ્થાનમાં રહે તેમ રોગ, વૃદ્ધપણું, વગેરે કારણોથી સાધુ એક સ્થળમાં રહે. ૬. જેમ મૃગ રોગાદિ કારણોમાં સ્વજનોની સહાય ઇચ્છે નહિ તેમ સાધુ પણ રોગ પરિષહ, ઉપસર્ગ થાય ત્યારે ગૃહસ્થોનું તેમ જ સ્વજનોનું શરણ ઇચ્છે નહિ. ૭. જેમ મૃગ નીરોગી થતાં તે સ્થાન છોડી અન્ય સ્થાને વિચરે તેમ સાધુ પણ કારણમુક્ત થતાં ગ્રામાનુગ્રામ વિહાર કરે.

૯. '**ધરણી**'–સાધુ પૃથ્વીતુલ્ય છે. ૧. જેમ પૃથ્વી ટાઢ, તાપ, છેદન, ભેદન, વગેરે દુઃખ સમભાવથી સહન કરે છે, તેમ સાધુ પણ સમભાવથી પરિષહ, ઉપસર્ગ, વગેરે સહે છે. ૨. જેમ પૃથ્વી ધનધાન્ય વગેરેથી ભરપૂર છે તેમ સાધુ સંવેગ, શમ, દમ, વગેરે ગુણોથી ભરેલા છે. ૩. જેમ પૃથ્વી તમામ બીજ વગેરેની ઉત્પત્તિનું કારણ છે તેમ સાધુ, સર્વ સુખદાતા ધર્મબીજની ઉત્પત્તિનું કારણ છે. ૪. જેમ પૃથ્વી પોતાના શરીરની સંભાળ કરે નહિ તેમ સાધુ પોતાના દેહની મમત્વભાવથી સારસંભાળ કરે નહિ. ૫. જેમ પૃથ્વીને કોઈ છેદે, ભેદે, મળમૂત્ર કરે તો પણ કોઈની પાસે રાવ–ફરિયાદ ન કરે તેમ સાધુને કોઈ મારે, પછાડે, અપમાન કરે તો પણ ગૃહસ્થને જણાવે નહિ. ૬. જેમ પૃથ્વી અન્ય સંજોગોથી ઉત્પન્ન થયેલા કાદવનો નાશ કરે છે તેમ સાધુ, રાગ દ્વેષ, કલેશ, વગેરે કાદવનો નાશ કરે છે. ૭. જેમ પૃથ્વી સર્વે પ્રાણી, ભૂત, વગેરેના આધારરૂપ છે તેમ સાધુ પણ આચાર્ય–ઉપાધ્યાય, શિષ્ય, શ્રાવક, વગેરેના આધારરૂપે છે.

૧૦. '**જલરુહ**'–સાધુ કમળના ફૂલ તુલ્ય છે. ૧. જેમ કમળનું ફૂલ કાદવમાંથી ઉત્પન્ન થયું, પાણીના સંજોગથી વધ્યું, છતાં તેમાં ફરી વાર લેપાય નહિ, તેમ સાધુ ગૃહસ્થને ત્યાં ઊપજ્યા, ગૃહસ્થને ત્યાં ભોગ ભોગવી મોટા થયા, છતાં તે જ કામભોગમાં લેપાય નહિ પણ ન્યારા રહે. ૩. કમળનું ફૂલ સુગંધ, શીતળતા, વગેરેથી વટેમાર્ગુઓને સુખ ઉપજાવે છે, તેમ, સાધુ ઉપદેશ આપીને ભવ્ય જીવોને સુખ ઉપજાવે છે. ૪. જેમ પુંડરિક કમલની સુગંધ ચારે તરફ ફેલાય છે

તેમ સાધુના શીલ, સત્ય, તપ, જ્ઞાન, દર્શન, વગેરે ગુણોની સુગંધ ચોતરફ વિસ્તરે છે. ૪. જેમ ચંદ્રવિકાસી, સૂર્યવિકાસી કમળો અનુક્રમે ચંદ્ર અને સૂર્યનાં દર્શનથી ખીલે છે તેમ ગુણજ્ઞોના મેળાપથી મહામુનિઓનાં હૃદયકમળ ખીલે છે. ૬. જેમ કમળ સદા પ્રફુલ્લિત રહે છે તેમ સાધુ સદા ખુશી રહે છે. ૭. જેમ કમળ સદા સૂર્ય અને ચંદ્રની સન્મુખ રહે છે, તેમ સાધુ તીર્થંકર દેવની આજ્ઞાની સન્મુખ રહે છે એટલે આજ્ઞાનુસાર વર્તે છે. ૮. જેમ પુંડરિક કમળ ઉજ્જવળ છે તેમ સાધુનું હૃદય પણ ધર્મધ્યાન તથા શુકલધ્યાન વડે સદા ઉજ્જવળ છે.

૧૧. 'રવિ'—સાધુ સૂર્યતુલ્ય છે. ૧. જેમ સૂર્ય પોતાના તેજથી અંધકારનો નાશ કરી જગતના સર્વ પદાર્થોને પ્રકાશમાં લાવે છે તેમ સાધુ જીવ, અજીવ, વગેરે નવ પદાર્થોનું ખરેખરું સ્વરૂપ ભવ્ય જીવોના હૃદયમાં પ્રગટ કરે છે. ૨. જેમ સૂર્યના ઉદયથી કમળોનું વન પ્રફુલ્લિત થાય છે તેમ સાધુના આગમનથી ભવ્ય જીવોનાં મન પ્રફુલ્લિત થાય છે. ૩. જેમ સૂર્ય રાત્રિના ચાર પહોરના એકઠા થયેલા અંધકારનો ક્ષણ માત્રમાં નાશ કરે છે, તેમ સાધુ અનાદિકાળના મિથ્યાત્વનો નાશ કરે છે. ૪. જેમ સૂર્ય તેજના પ્રતાપે દીપે છે તેમ સાધુ તપરૂપી તેજથી શોભે છે. ૫. જેમ સૂર્યનો પ્રકાશ થતાં ગ્રહ, નક્ષત્ર અને તારાઓનું તેજ ઝાંખું પડી જાય છે તેમ સાધુના પધારવાથી મિથ્યાત્વીઓ અને પાખંડીઓનું તેજ મંદ પડી જાય છે. ૬. સૂર્યનો પ્રકાશ થતાં જેમ દેવતાનું (અગ્નિનું) તેજ ફિક્કું પડી જાય છે, તેમ સાધુનો જ્ઞાનરૂપ પ્રકાશ ક્રોધરૂપી અગ્નિને મંદ કરે છે. ૭. જેમ સૂર્ય પોતાનાં હજાર કિરણોથી શોભે છે તેમ સાધુ જ્ઞાનાદિક હજારો ગુણો વડે તથા ચાર તીર્થના પરિવાર વડે શોભે છે.

૧૨. 'પવણુ'—સાધુ પવનતુલ્ય છે. ૧. જેમ પવન સર્વ સ્થાનમાં ગમન કરે છે તેમ સાધુ સર્વ સ્થળે સ્વેચ્છાચારે વિચરે. ૨. જેમ પવન અપ્રતિબંધ વિહારી છે તેમ સાધુ ગૃહસ્થ વગેરેના પ્રતિબંધથી રહિત થઈને વિચરે છે. ૩. જેમ વાયુ હલકો છે તેમ સાધુ

દ્રવ્યે ને ભાવે (ચાર કષાય પાતળા પાડ્યા છે તેથી) હલકા છે, (૪) જેમ વાયુ ચાલતાં ચાલતાં ક્યાંનો ક્યાંય નીકળી જાય તેમ સાધુ પણ અનેક દેશમાં વિચરે. (૫) જેમ વાયુ સુગંધી અને દુર્ગંધીનો પ્રસાર કરે છે તેમ સાધુ ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ, વગેરે શુભ અશુભ પદાર્થોનું સ્વરૂપ બતાવે છે. (૬) જેમ વાયુ કોઈનો અટકાવ્યો અટકે નહિ તેમ સાધુ મર્યાદા ઉપરાંત કોઈના રોક્યા રોકાય નહિ. (૭) જેમ વાયુ ઉષ્ણતાને મટાડે છે તેમ સાધુ સંવેગ, વૈરાગ્ય અને સદ્બોધરૂપી પવનથી આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપી ઉષ્ણતાને નિવારી શાંતિ શાંતિ પ્રસરાવે છે.

સાધુજીની બીજી ૩૨ ઉપમા

૧. 'કાંસી પત્ર ઈવ' જેમ કાંસાનો વાટકો પાણીથી ભેદાય નહિ તેમ મુનિ મોહમાયાથી ભેદાય નહિ.

૨. 'સંખઈવ'–જેમ શંખને રંગ ચડે નહિ તેમ મુનિ સ્નેહથી રંગાય નહિ.

૩. 'જીવ ગઈ ઈવ'–જેમ જીવને પરભવમાં જતાં તેની ગતિ કોઈ રોકી શકે નહિ તેમ મુનિ અપ્રતિબંધ વિહારી થઈ વિચરે છે.

૪. 'સુવન્ન ઈવ'–જેમ સોનાને કાટ લાગે નહિ તેમ સાધુને પાપરૂપ કાટ લાગે નહિ.

૫. 'બિંગ ઈવ' જેમ અરીસામાં રૂપ દેખાય તેમ સાધુ જ્ઞાન વડે નિજાત્મ સ્વરૂપ દેખે.

૬. 'કુમ્મો ઈવ' જેમ કોઈ વનના સરોવરમાં ઘણા કાચબા રહેતા હતા. તેઓ આહાર કરવા સારુ પાણીમાંથી બહાર નીકળતા. તે વખતે વનમાં રહેનાર અનેક શિયાળ તેમનો ભક્ષ કરવા આવતાં. જેઓ હોશિયાર હતા તેઓ શિયાળને જોઈ આખી રાત પોતાનાં પંચાંગ (ચાર પગ અને પાંચમું માથું એમ પાંચ અંગ) ઢાલ નીચે છુપાવી સ્થિર

પડયા રહેતા. અને સૂર્ય ઉદય થવા ટાણે સૌ શિયાળ જતાં રહેતાં તેથી પોતાને ઠેકાણે (પેલા સરોવરમાં) પહોંચી સુખી થતા. પણ કેટલાક કાચબાઓ, ઉતાવળા થઈ શિયાળિયાં જતાં રહ્યાં છે કે નહિ તે જોવા ઢાલની બહાર માથું કાઢતા કે તરત જ સંતાઈ બેઠેલાં પાપી શિયાળિયાં તેમનું શરીર ખેંચી તોડી મારીને ખાઈ જતાં. એ પ્રમાણે સાધુ પાંચ ઇંદ્રિયોને જ્ઞાનરૂપી ઢાલ નીચે આખી જિંદગી દબાવી રાખે છે. સ્ત્રી, આહાર, વગેરે ભોગરૂપી શિયાળના કબજામાં આવી પડતા નથી અને છેવટે શાંતિથી આયુષ્ય પૂર્ણ કરી મોક્ષરૂપી સરોવરમાં સમાઈ સુખી થાય છે.

૭. 'પદ્મ કમળ ઈવ'—જેમ પદ્મ કમળ કાદવમાં પેદા થાય છે, પાણીમાં વૃદ્ધિ પામે છે, છતાં પાણીથી અસંગ રહે છે, લેપાતું નથી, તેમ સાધુ સંસારમાં ઉત્પન્ન થયા, મોટા થયા, પણ ત્યાગી થયા પછી સંસારના ભોગમાં લેપાતા નથી.

૮. 'ગગણ ઈવ'—જેમ આકાશને કોઈ થાંભલો નથી, નિરાધાર છતાં આબાદ ટકી રહેલ છે તેમ સાધુ કોઈના આશ્રય વિના રહી આનંદથી સંયમરૂપી જીવતર વ્યતીત કરે છે.

૯. 'વાયુ ઈવ'—વાયુ જેમ એક ઠેકાણે રહે નહિ તેમ સાધુ વિચર્યા કરે છે.

૧૦. 'ચંદ્ર ઈવ'—ચંદ્રમાની પેઠે સાધુ સદા નિર્મળ ને ઉજ્જવળ હૃદયવાળા અને શીતળ સ્વભાવી હોય છે.

૧૧. 'આઇચ્ચ ઈવ' જેમ સૂર્ય અંધકારનો નાશ કરે છે તેમ સાધુ મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરે છે.

૧૨. 'સમુદ્ર ઈવ'—જેમ સમુદ્રમાં અનેક નદીઓનું પાણી આવે છે, છતાં છલકાતો નથી—મર્યાદા ઓળંગતો નથી, તેમ સાધુ સર્વનાં શુભ-અશુભ વચનો સહે, પણ કોપ ન કરે.

૧૩. 'ભારંડ ઇવ'–ભારંડ પંખીને બે મુખ ને ત્રણ પગ હોય છે. તે પંખી સદા આકાશમાં જ રહ્યા કરે છે. ફક્ત આહાર લેવા ટાણે પૃથ્વી પર આવે છે ત્યારે પાંખો પહોળી કરી બેસે છે. એક મુખથી ચારે તરફ જોયા કરે છે કે કોઈ તરફથી મને કંઇ પણ દુઃખ ન થાય અને બીજા મોઢેથી આહાર કરે છે. જરા ખડખડાટ થાય કે શંકા પડે તો તરત જ ઊડી જાય છે. તેવી રીતે, સાધુ સદા સંયમમાં જ પોતાના સ્થાનમાં રહે. ફક્ત આહાર વગેરે સંયમના નિર્વાહના કામ પ્રસંગે ગૃહસ્થને ઘેર જાય, ત્યારે દ્રવ્ય દૃષ્ટિ (ચર્મચક્ષુ) તો બહારની તરફ રાખે, અને અંતર દૃષ્ટિથી અવલોકન કર્યા કરે કે મને કોઈ પ્રકારનો દોષ લાગી ન જાય. જો જરા પણ દોષ લાગવા જેવું દેખે અગર શંકા પડે તો તત્ક્ષણ ત્યાંથી ચાલ્યા જાય.

૧૪. 'મંદર ઇવ'–જેમ મેરુ પર્વત પવનથી કંપે નહિ તેમ સાધુ પરિષહ– ઉપસર્ગ વગેરે આવે તો સંયમથી ચલાયમાન ન થાય.

૧૫. 'તોય ઇવ'–જેમ શરદ ઋતુનું પાણી સદા નિર્મળ રહે તેમ સાધુનું હૃદય સદા નિર્મળ રહે.

૧૬. 'ખંગીહુત્થી ઇવ'–જેમ ગેંડા નામના પશુને એક જ દાંત હોય છે અને તે સૌનો પરાજય કરી શકે છે, તેમ સાધુ એક નિશ્ચય પર સ્થિર રહી, આઠ કર્મરૂપ સર્વ શત્રુઓનો પરાજય કરે છે.

૧૭. 'ગંધહત્થી ઇવ'–જેમ ગંધહસ્તીને સંગ્રામમાં જેમ જેમ ભાલાના ઘા વાગે તેમ તેમ વિશેષ શૂરો બની શત્રુઓનો પરાજય કરે છે તેમ સાધુ, જેમ જેમ પરિષહ વગેરે આવી પડે તેમ તેમ વિશેષ બળ, વીર્ય ફોરવી શૂરા બની કર્મ શત્રુનો પરાજય કરે.

૧૮. 'વૃષભ ઇવ' જેમ મારવાડ દેશનો ધોરી બળદ ઉપાડેલો ભાર પ્રાણ જાય તો પણ વચમાં પડતો મેલે નહિ પણ ઠેઠ પહોંચાડે તેમ સાધુ પાંચ મહાવ્રતરૂપી મહાન ભાર પ્રાણાંત કષ્ટ સહન કરીને વચમાં મૂકી ન દેતાં સહીસલામત ઠેઠ પાર પહોંચાડે.

૧૯. 'સિંહ ઇવ'–જેમ કેસરી સિંહ કોઈ પણ પશુનો ડરાવ્યો ડરે નહિ, તેમ સાધુ કોઈ પણ પાખંડીથી ચલાયમાન થાય નહિ.

૨૦. 'પુઢવી ઈવ'–જેમ પૃથ્વી ટાઢ, તાપ, ગંગાજળ, મૂત્ર, નિર્મળ અને મલિન ચીજો સર્વ સમભાવથી સહન કરે છે, અને ધરતી-માતા કહી જેઓ પૂજા કરે છે તેઓની તરફ તેમ એંઠવાડ, ગંદવાડ નાંખે છે અને ખોદે છે તેઓની તરફ સમભાવ રાખે છે તે જ પ્રમાણે સાધુ શત્રુ અને મિત્રો તરફ સમભાવ રાખે તેમ જ નિંદક અને પૂજક બંનેને ઉત્તમ અને એકસરખો ઉપદેશ કરી સંસાર–સાગરથી તારે છે.

૨૧. 'વહ્નિ ઇવ'–ઘી નાંખવાથી અગ્નિ જેમ દેદીપ્યમાન થાય છે તેમ સાધુ જ્ઞાનાદિ ગુણો વડે દેદીપ્યમાન થાય છે.

૨૨. 'ગોશીર્ષ ચંદન ઇવ'–જેમ ચંદનને કાપે તથા બાળે તેમ તેમ સુગંધી આપે છે તેમ સાધુ પરિષહ આપનારા તરફ તેને પોતાનાં કર્મ કાપનારો ઉપકારી જીવ જાણી સમભાવથી સહન કરે. ઉપરાંત ઉપસર્ગ દેનારને પણ ઉપદેશ આપીને તારે.

૨૩. 'દ્રહઇવ'–દ્રહ (પાણીનો ધરો) ચાર પ્રકારના છે : (૧) ચુલ્લહિમવંત પદ્માદિ વગેરે વર્ષધર પર્વતના દ્રહમાંથી પાણી બહાર નીકળે છે પણ બહારનું પાણી અંદર આવતું નથી તેમકોઈ કોઈ સાધુ બીજાને શીખવે છે પણ પોતે કોઇની પાસેથી શીખતા નથી (૨) 'સમુદ્ર' ની પેઠે પાણી અંદર આવે છે પરંતુ અંદરનું પાણી બહાર નીકળતું નથી, તેમ કેટલાક સાધુ બીજાની પાસેથી જ્ઞાન શીખે છે પણ પોતે કોઈને શીખવતા નથી. (૩) 'ગંગા પ્રપાત કુંડ' વગેરેમાં પાણી આવે પણ છે અને બહાર પણ જાય છે તેમ કેટલાક સાધુ જ્ઞાન બીજા પાસેથી ભણે અને બીજાને ભણાવે પણ છે. (૪) અઢી દ્વીપની બહારના સમુદ્રોમાં પાણી બહારથી અંદર આવતું નથી. અંદરથી બહાર પણ જતું નથી, તેમ સાધુ બીજા પાસેથી જ્ઞાન શીખતા નથી અને અન્યને શીખવતા પણ નથી. વળી, જેમ દ્રહમાંનું પાણી સદા અખૂટ હોય છે તેમ સાધુની પાસે સદા અખૂટ જ્ઞાનભંડાર હોય છે.

૨૪. 'ખિલ્લી ઇવ'–જેમ ખીલી પર હથોડી મારતાં તે એકસરખી દિશામાં પ્રવેશ કરે છે તેમ સાધુ સદા એકાંત મોક્ષ હેતુ તરફ નજર રાખી પ્રવર્તે છે.

૨૫. 'સૂન્ય ગેહ ઇવ'–જેમ ગૃહસ્થ ખંડેર જેવાં સૂનાં ઘરની સારસંભાળ કરે નહિ તેમ સાધુ શરીરરૂપી ઘરની સંભાળ કરે નહિ.

૨૬. 'દીવેઇવ'—જેમ સમુદ્રમાં ગોથાં ખાતા પ્રાણીનો દ્વીપ (બેટ) આધારભૂત છે તેમ સંસાર–સાગરરૂપી પાણીમાં પડેલા ત્રસ-સ્થાવર, વગેરે સર્વે જીવોને સાધુ આધારભૂત એટલે અનાથના નાથ છે.

૨૭. 'શસ્ત્રધાર ઇવ'–જેમ કરવતની ધાર એક જ દિશામાં વહેરતી આગળ વધે છે તેમ સાધુ કર્મ શત્રુનું નિકંદન કાઢતા એકાંત આત્મકલ્યાણના માર્ગમાં ચાલે છે.

૨૮. 'સપ્પ ઇવ'–જેમ સર્પ કાંટા વગેરેથી ડરીને ચાલે તેમ સાધુ કર્મબંધનના હેતુથી ડરીને ચાલે.

૨૦. 'સકુન ઇવ'–જેમ પક્ષી કંઇ પણ આહાર રાતવાસી ન રાખે તેમ સાધુ ચારે આહાર રાત્રે પાસે ન રાખે.

૩૦. 'મિય ઇવ'–જેમ હરણ નિત્ય નવાં નવાં સ્થાન ભોગવે, શંકાને ઠેકાણે વિશ્વાસ ન કરે, તે પ્રમાણે સાધુ ઉગ્ર વિહારી રહે છે, અને શંકાને કે દોષ લાગવાને સ્થળે જરા પણ વિશ્વાસ ન કરે.

૩૧. 'કટ્ટ ઇવ'–જેમ લાકડું કાપનારને અને પૂજનારને બંનેને સમ જાણે તેમ સાધુ શત્રુ અને મિત્રને સમ જાણે.

૩૨. 'સ્ફટિક રયણ ઇવ–જેમ સ્ફટિક રત્ન બહારથી અને અંદરથી એકસરખું નિર્મળ છે તેમ સાધુ બાહ્યાભ્યંતર સરખી વૃત્તિવાળા હોય છે, અને કપટક્રિયા જરા પણ હોતી નથી.

એવી એવી અનેક ઉત્તમ પદાર્થોની ઉપમા સાધુ મુનિરાજને આપવામાં આવે છે. જેમકે 'પારસમણિ', 'ચિંતામણિ', 'કામકુંભ',

'કલ્પવૃક્ષ', 'ચિત્રવેલી', વગેરેની ઉપમા અપાય છે એટલે એ ઉત્તમ પદાર્થો જેની પાસે હોય તેની સર્વે મનઃકામના પૂર્ણ થાય તેમ સાધુ ભવ્ય જીવોને જ્ઞાનાદિ ઉત્તમ ગુણો આપી તેઓના મનોરથ સિદ્ધ કરે.

જેમ છિદ્ર વગરનું વહાણ પોતે તરે છે અને બીજાને પણ તારીને પાર ઉતારે છે તેમ સાધુ કનક કામિનીરૂપી છિદ્રોથી રહિત છે તેથી પોતાનાં આશ્રિતજનોને સંસાર સમુદ્રથી પાર ઉતારે છે. જેમ ફળ આવેલા ઝાડને કોઇ પથરો મારે તો પણ તે ઝાડ પથરો મારનારને ફળ આપે છે, તેમ સાધુનો કોઇ અપકાર કરે તો તેવા અપકારીઓ ઉપર પણ સાધુ ઉપકાર વરસાવે છે વગેરે અનેક ઉપમાઓ સાધુ મુનિરાજને અપાય છે. એવા અનેક શુભ ઉપમાયુક્ત, આત્માર્થી, લુખવર્તી (ઉદાસી ભાવવાળા અથવા નિષ્કામવર્તી), મહાપંડિત, શૂર, વીર, ધીર, શમ, દમ, યમ, નિયમ, ઉપશમવંત, અનેક પ્રકારનાં તપના કરનાર, અનેક આસનના સાધનાર, સંસાર તરફ પીઠ દઈ મોક્ષ માર્ગને જ નજર સામે રાખનાર, સર્વે જીવોના હિતાર્થી, અનેકાનેક ઉત્તમ ગુણના ધરનાર, શ્રી સાધુ મુનિરાજને મારી ત્રણે કાળ, ત્રણે કરણથી શુદ્ધ વંદના નમસ્કાર હોજો.

ઉપસંહાર

॥ નમો અરિહંતાણં ॥ નમો સિદ્ધાણં ॥ નમો આયરિયાણં ॥ નમો ઉવજ્ઝાયાણં ॥ નમો લોએ સવ્વસાહુણં ॥ ઈતિ નવકાર (નમસ્કાર) મહામંત્ર :

એ પંચ પરમેષ્ઠી પદમાં શ્રી અરિહંત–તીર્થંકરના ૧૨ ગુણ, શ્રી સિદ્ધના ૮ ગુણ, શ્રી આચાર્યના ૩૬ ગુણ, શ્રી ઉપાધ્યાયના ૨૫ ગુણ, અને શ્રી સાધુના ૨૭ ગુણ એ પ્રમાણે સર્વે ગુણો મળી ૧૦૮ થાય છે. તેથી જ માળાના પારા (મણકા) પણ ૧૦૮ રાખ્યા છે. આ સઘળા ગુણોનું વર્ણન પૂર્વોક્ત પાંચે પ્રકરણમાં અલગ અલગ કહેવાઈ ગયું છે.

જેવી રીતે વેદાન્તી, શૈવ, વૈષ્ણવ, આદિ સંપ્રદાયોમાં 'ગાયત્રી મંત્ર' અને ઈસ્લામ ધર્મમાં 'કલમા' માનનીય છે, તેવી રીતે બલ્કે,

તેથી પણ અધિક જૈન સંપ્રદાયમાં નવકારમંત્ર માનનીય અને પરમ આદરણીય છે. ગાયત્રી અને કલમા તો મતમતાંતરને કારણે અનેક થઈ ગયાં છે, પરંતુ જૈનના સર્વ સંપ્રદાયોમાં નવકાર મહામંત્ર એક જ છે.

અંતિમ મંગલાચરણ

શાર્દુલ વિક્રીડીત છંદ

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः; सिद्धाश्च सिद्धिस्थिताः ।
आचार्या जिनशासनोन्नतिकराः; पूज्या उपाध्यायकाः ।।
श्रीसिद्धांतसुपाठका मुनिवरा, रत्नत्रयाराधकाः
पंचैते परमेष्ठिनः प्रतिदिनं, कुर्वन्तु वो मंगलम् ।।

ઈતિ પરમપૂજ્ય, ન્યાયાંભોનિધિ, સ્યાદ્વાદશૈલીદર્શક, શ્રી શ્રી ૧૦૦૮ શ્રી કહાનજી ઋષિજી મહારાજના સંપ્રદાયના, ક્રિયાપાત્ર, જ્ઞાનનિધિ શ્રી શ્રી ૧૦૦૮ શ્રી ખૂબાઋષિજી મહારાજના શિષ્ય આર્ય મુનિ શ્રી શ્રી ૧૦૦૮ શ્રી ચનાઋષિજી મહારાજના શિષ્ય બાલબ્રહ્મચારી પંડિત મુનિવર શ્રી અમોલખઋષિજી મહારાજ વિરચિત "જૈન તત્ત્વ પ્રકાશ" નામના ગ્રંથનું "સાધુજી" નામનું પાંચમું પ્રકરણ અને જૈન તત્ત્વ પ્રકાશ' ગ્રંથનો પૂર્વાર્ધ પ્રથમ ખંડ સમાપ્ત.

ॐ नमः सिद्धेभ्यः

દ્વિતીય ખંડ

પ્રવેશિકા

ઉત્તરાર્ધ ગાથા

अत्थधम्मगइं तच्चं, अणुसिट्ठिं सुणेह मे ॥

આ "જૈન તત્ત્વ પ્રકાશ" નામના ગ્રંથના પ્રારંભમાં જે ગાથા લખી છે, તેના પૂર્વાર્ધનો વિસ્તાર કરી, માંગલિક નિમિત્તે શ્રી પંચ-પરમેષ્ઠી પદને ગુણાનુવાદયુક્ત વંદના નમસ્કાર કરવામાં પ્રથમ ખંડ પૂર્ણ થયો. તેમાં શ્રી અરિહંત દેવ એટલે તીર્થંકર પ્રભુ, સિદ્ધ ભગવાન, શ્રી આચાર્યજી, શ્રી ઉપાધ્યાયજી અને શ્રી સાધુજી એ પંચ પરમેષ્ઠીના ગુણોનું સવિસ્તૃત કથન પ્રથમ ખંડમાં કરવામાં આવ્યું છે. હવે એ ગાથાના ઉત્તરાર્ધ પદનું વર્ણન આ બીજા ખંડમાં આપવામાં આવ્યું છે.

આત્માનો ઈચ્છિત અર્થ સિદ્ધ થાય એટલે જન્મ, જરા અને મરણરૂપી મહાદુઃખોનો નાશ થઈ, અનંત, અક્ષય, અવ્યાબાધ એવાં મોક્ષનાં સુખોની પ્રાપ્તિ કરે એવા, યથાતથ્ય સત્ય એવા, ઉત્તમ સુગમના અર્થીઓ એટલે મુમુક્ષુઓને ગ્રહણ કરવા યોગ્ય શ્રુત અને ચારિત્ર ધર્મ જે. મેં ગુરુ મહારાજશ્રીની કૃપાથી જાણ્યો છે તેનો ઉપદેશ અન્ય ભવ્ય જીવોને કરવા અને એ રીતે મારી જ્ઞાનદાનરૂપી ફરજ બરોબર બજાવવા, આ બીજા ખંડમાં (૧) 'ધર્મની પ્રાપ્તિ' (૨) 'સૂત્ર ધર્મ' (૩) 'મિથ્યાત્વ' (૪) 'સમ્યક્ત્વ' (૫) 'સાગારી ધર્મ' અને, (૬) 'અંતિમ શુદ્ધિ' એવાં છ પ્રકરણો ગોઠવી વર્ણન કર્યું છે.

હે ભવ્ય જીવો! હે સભ્ય જનો! એ ઉત્તમ ધર્મને નિજ આત્માનું હિત કરનાર સમજી, સારી રીતે મન, વચન અને કાયા એ ત્રણ યોગને

સ્થિર કરી, એકચિત્ત થઈ સાંભળજો, શીખજો, જેથી તમને અકથ્ય આત્મિક સુખના લાભની પ્રાપ્તિ થશે.

છદ્મસ્થ હોવાથી અગર શરતચૂકથી મારાથી કંઈ દોષ થઈ જાય તો હું જ્ઞાની પુરુષ પાસે ક્ષમા માગું છું. અને વિનંતિ કરું છું કે, હંસની પેઠે પાણીરૂપ દુર્ગુણોને દૂર કરી દૂધરૂપ સદ્‌ગુણોના ગ્રાહક બનીને જો પઠનપાઠન કરશો તો અકથ્ય આત્મિક સુખો પ્રાપ્ત કરી સ્વ-પરહિત સાધી શકશો.

પ્રકરણ પહેલુ

ધર્મની પ્રાપ્તિ

ગાથા—लब्भन्ति विमला भोए, लब्भन्ति सुरसंपया ।
लब्भन्ति पुत्तमित्तं च, अेगो धम्मो न लब्भइ ॥

આ જગતમાં તમામ જીવોને એકાંત સુખની અભિલાષા છે, તે અભિલાષા પૂર્ણ કરનાર આ વિશ્વમાં જો કોઈ પણ પદાર્થ હોય તો એક માત્ર ધર્મ છે. કેમકે જો કોઈ બીજો પદાર્થ એકાંત સુખની અભિલાષા પૂર્ણ કરનાર હોત તો કોઇ પ્રાણી આજ સુધી દુઃખી રહેત નહિ. હાલ જે ભવ છે તેની પહેલાંના ભવોમાં દરેક પ્રાણીઓ દેવતાના તથા મનુષ્યના અનેક અને અનંત ભવો કરીને પાંચે ઇન્દ્રિયોના ભોગ-વિલાસ ભોગવ્યા, દેવતાઓના રત્નજડિત મહેલો, દિવ્ય વસ્ત્રાભૂષણો, વગેરે સંપત્તિ અનંતી વાર મળી. પુત્ર, મિત્ર અને સ્વજનથી સુખ મળતું હોત તો તે પણ અનંતી વાર મળ્યું, છતાં એકાંત સુખની પ્રાપ્તિ થઈ નહિ. એ એકાંત સુખની (જે સુખ તે હમેશાં સુખ જ રહે છે, દુઃખમાં ફેરવાઈ જતું નથી તેની) પ્રાપ્તિ તો માત્ર ધર્મનું શરણ ગ્રહણ કરવાથી થાય છે. એવો મહા ઉત્તમ ધર્મ મેળવવો દુષ્કર છે.

કહ્યું છે કે—

न सा जोइ न सा जोणी, न तं कुलं न तं ठाणं ॥
न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥

અર્થ—આ જગતમાં એવી કોઈ જાતિ, યોનિ, કુળ કે સ્થાન નથી કે જ્યાં આ જીવ જન્મ્યો ન હોય, સારાંશ કે, સર્વ જાતિ, સર્વ યોનિ, સર્વ કુળ અને સ્થાનમાં આ પ્રમાણે જીવ અનંતી વાર ઉત્પન્ન થયો છે અને મરણ પામ્યો છે. આ જગતમાં જેટલા જીવો છે

તે સર્વેની સાથે માતા–પિતા–ભાઈ–બહેન–સ્ત્રી–પુત્ર વગેરે જે જે જાતના સંબંધો જગતમાં છે તે સર્વ સંબંધ અનંતાનંતવાર આપણો જીવ કરી આવ્યો છે. કોઈ પણ જીવ સાથે કોઇ પણ જાતનો×સંબંધ થવો બાકી રહ્યો નથી. છતાં કોઈ પણ તેની ઇચ્છા પૂર્ણ કરી શકયું નહિ. અને જીવને જોઇએ છે તે ઇચ્છિત અખંડ સુખ આપી શકયું નહિ. સુખ ન આપી શકવાથી જીવ તે સર્વને છોડીને આવ્યો છે.

કેટલીક વાર તો આપણા જીવને લીધે જે સ્વજનોને રોવું પડયું હતું, અને કેટલીક વાર એ સ્વજનોને લીધે આપણા જીવને રોવું પડયું હતું, જો એ બધા સ્થાનક અને સંબંધો અખંડ સુખ દેતાં હોત, તો રુદન કરી દુઃખી થવાનું શું કારણ ?

ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે :—

ગાથા—**माया पिया न्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।**
ना लं ते तव ताणाय, लुप्पंतस्स सकम्मुणा ॥

અર્થ—માતા, પિતા, પુત્રની વહુ, ભાઈ, ભાર્યા, પુત્ર, વગેરે સંબંધીઓ તને ચોક્કસ ત્રાણ શરણરૂપ (સુખદાતા) નથી. કારણ, તે બિચારાં પોતપોતાનાં કર્મના ઉદય પ્રમાણે પીડા ભોગવી રહ્યાં છે. તેથી તને શી રીતે સુખી કરી શકે ? એવું જાણી હે ભવ્ય પ્રાણીઓ ! આ વિશ્વમાં તમારું ખરેખરું હિત અને સુખ કરનાર જો કોઈ હોય તો એક જ ધર્મ જ છે, એમ સત્ય સમજજો.

એવો સુખદાતા ધર્મ મળવો બહુ જ મુશ્કેલ છે; એટલા માટે આ પ્રકરણની પહેલી ગાથામાં દર્શાવ્યું છે કે “ एगो धम्मो न लब्भइ ” તે બરોબર છે. આ જગતમાં ઉત્તમ ગણાતી વસ્તુ જેવી કે સુવર્ણ, રત્ન, વગેરે બહુ જ થોડી છે એમ વિચાર કરતાં પ્રત્યક્ષ સમજાય છે.

× આ એક વ્યાવહારિક વચન છે. જેમકે મુંબઇ ઘણાં વરસ લગી રહેનાર માણસ કહેઃ “ મેં તમામ મુંબઇનગરી જોઇ છે. ” પરંતુ ખરી રીતે જોતાં તમામ મુંબઇને તે જોઇ શકયો નથી. તેવી રીતે અવ્યવહાર રાશિમાંથી તરતના નીકળેલા જીવો સાથે આ સંબંધોની વાત બંધબેસતી નથી.

સુવર્ણ અને રત્ન જેવા પદાર્થોથી ધર્મ અનંત ગણો કીમતી છે. એ ધર્મની પ્રાપ્તિ કેટલી મુશ્કેલી ભોગવ્યા પછી થાય છે તે વિષે સાંભળો:

"अदुवा अणंत खुत्तो"× (અથવા) અનંતી વાર સર્વે જીવો સંસારમાં પરિભ્રમણ કરી આવેલા છે. એ પદમાંના "अदुवा" એટલે "અથવા" શબ્દ ઉપરથી એવો નિશ્ચય થાય છે કે આ જીવ 'ઇતર નિગોદ' એટલે 'અવ્યવહાર રાશિ' (કે જે જીવરાશિમાંથી અનંત જીવો હજી સુધી પોતાનું એકેંદ્રિયપણું છોડી બેઇંદ્રિય વગેરેમાં આવ્યા નથી તે)માં પ્રથમ હતો, એ અવ્યવહાર રાશિમાં તેનો અનંતકાળ વ્યતીત થયો; એમ કાળ વ્યતીત થતાં થતાં અકામ નિર્જરા વડે (મન વિના ટાઢ, તાપ, ક્ષુધા, સાંકડ, વગેરે

---

* Religion what treasures untold,
Reside in that heavenly world,
More precious than silver and gold,
Or all this erath can afford.

ધર્મ એ સ્વર્ગીય શબ્દમાં કેટલો અકથ્ય ખજાનો રહે છે! સોનું, રૂપું, રત્ન, મોતી અને પૃથ્વીની સર્વે ચીજોથી પણ ધર્મ અતિશય મૂલ્યવાન છે!

+ આ પાઠ શ્રી ભગવતી સૂત્રમાં તથા જંબુદ્વીપ પન્નતિ સૂત્રના છેલ્લા ભાગમાં છે. તેમ જ, શ્રી હેમાચાર્ય કૃત સ્યાદ્વાદ મંજરીની ટીકામાં પણ કહેલો છે.

ગાથા—गोल्लाय असंखिज्जा, असंख णिगोय गोलओ भणिओ।
इक्किक णिगोयम्हि, अणन्त जीवा मुणेयव्वा ॥ १ ॥

અર્થ-નિગોદમાં ગોળા અસંખ્યાતા છે, એક એક ગોળામાં અસંખ્યાતા નિગોદનાં શરીર છે, તથા એક એક શરીરમાં અનંત અનંત જીવ છે.

ગાથા—सिज्झंति जत्तिया खलु, इह संववहाररासी दो।
अेति अणाइ वणस्सइ, रासी दो तत्तिया तम्हि ॥

અર્થ—વ્યવહાર રાશિમાંથી જેટલા જીવો સિદ્ધ ગતિમાં જાય છે, તેટલા જીવો, અનાદિ નિગોદ નામની વનસ્પતિની રાશિમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવી જાય છે.

ખમતાં કંઈક કર્મો પાતળાં પડ્યાં ત્યારે વ્યવહારરાશિમાં આવ્યો અને 'अणंत खुत्तो' અનંત વાર એટલે અનંત પુદ્ગળપરાવર્તન કર્યાં. એ પુદ્ગળ પરાવર્તનનો વિષય અતિ સૂક્ષ્મ છે તે વર્ણવે છે.

પુદ્ગળ પરાવર્તન

જીવ આઠ પુદ્ગળ પરાવર્તન કરે છે. (૧) દ્રવ્યથી (૨) ક્ષેત્રથી (૩) કાળથી, (૪) ભાવથી. એ ચારમાંના દરેકના વળી બે ભેદ છે. (૧) બાદર, (૨) સૂક્ષ્મ. એ રીતે ૮ ભેદે પુદ્ગલ પરાવર્તન થાય છે. તેનો વિસ્તાર કહે છે.

૧. 'દ્રવ્યથી બાદર પુદ્ગળ પરાવર્તન'–(૧) 'ઔદારિક શરીર' કે જે શરીર હાડ, માંસ અને ચામડીના પૂતળારૂપે મનુષ્ય તથા તિર્યંચને હોય છે. (૨) 'વૈક્રિય શરીર' કે જે અન્ય નઠારાં અથવા સારાં પુદ્ગલોના પૂતળારૂપે નારકી અને દેવતાઓને હોય છે. (૩) 'તૈજસ શરીર × કે જે શરીર, અંદર રહીને, આહારને પચાવે છે તે શરીર સંસારી સર્વ જીવોની અંદર હોય છે. (૪) 'કાર્મણ શરીર' કે જે ગ્રહણ કરેલા આહાર તથા કર્મ પુદ્ગલના વિભાગ કરી તેના રસને યથાયોગ્ય ઠેકાણે પહોંચાડે છે. એ શરીર પણ સર્વ સંસારી જીવોને

શ્લોક—अतएव च विद्वत्सु, मुच्यमानेषु सततम् ।
ब्रह्माण्ड लोक जीवानामनन्तत्वात् शून्यता ॥३॥

અર્થ—એટલા માટે સંસારમાંથી જ્ઞાની જીવો નિરંતર મોક્ષગામી થાય છે. છતાં સંસારી જીવ રાશિ અનંતરૂપ હોવાથી કોઈ દિવસ એનો અંત આવતો નથી.

શ્લોક—अन्त्य न्यूनातिरिक्तत्वै, र्युज्यते परिमाणवत् ॥
वस्तुन्यपरिमेयस्तु, नूनं तेषामसंभम ॥ ४ ॥

અર્થ :– જે વસ્તુનું સંખ્યાતાની ગણતરીએ પરિમાણ થાય છે, એ વસ્તુનો કોઈ વખતે પણ અંત આવે છે, ઓછી થાય છે અને સમાપ્તિ પણ આવી જાય છે; પણ જે વસ્તુનું પરિમાણ કોઇ રીતે થતું નથી એટલે અપરિમેય છે તે વસ્તુનો કદી અંત પણ આવતો નથી, કદી ઘટતી પણ નથી અને કદી સમાપ્તિ પણ પામતી નથી.

× અહીં ત્રીજું આહારક શરીર લીધું નહિ. કારણ કે એ શરીર ચૌદ પૂર્વધારી આહારક લબ્ધિવંત મુનિને જ પ્રાપ્ત થાય છે. જ્યારે કોઈ ચતુર્દશપૂર્વીને

હોય છે. એ પ્રમાણે ચાર શરીર લેવાં : (૫) મનજોગ (૬) વચનજોગ × (૭) શ્વાસોશ્વાસ એ સાત બોલનાં જેટલાં પુદ્ગલ લોકમાં હોય તે સર્વને જીવ ફરસી આવે તો તે દ્રવ્યથી 'બાદર પુદ્ગલ પરાવર્તન' થયું કહેવાય.

૨. 'દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્તન'–ઉપર કહી તે સાત વસ્તુનાં પુદ્ગળોને અનુક્રમે ફરસે. જેમકે પ્રથમ તો ઔદારિક શરીરનાં જેટલાં પુદ્ગળો લોકમાં હોય તે સર્વને ફરસી લે, પછી વૈક્રિય શરીરનાં સર્વ પુદ્ગળો અનુક્રમે ફરસે, તે પછી તે જ પ્રમાણે તૈજસ શરીરનાં એમ કાર્મણ શરીરનાં, એમ મનજોગનાં, વચનજોગનાં અને શ્વાસોશ્વાસનાં સર્વ પુદ્ગળો અનુક્રમે ફરસે. ઔદારિક શરીરનાં પુદ્ગળો અનુક્રમે ફરસતાં ફરસતાં હજી પૂરેપૂરાં ફરસી લીધાં નથી તેવામાં જો વૈક્રિયાદિકનાં પુદ્ગળો ફરસવામાં આવે તો ઔદારિક શરીરનાં જે પુદ્ગળો પ્રથમ ફરસી લીધાં હતાં તે ગણતરીમાં ન લેતાં ફરી પહેલેથી ઔદારિક શરીરનાં પુદ્ગળ ફરસવા માંડે, એમ શરૂથી તે છેવટ સુધી ઔદારિક શરીરનાં પુદ્ગળો અનુક્રમે ફરસી લે, તો તે ગણતરીમાં લેવાય. એ રીતે સાતમાંના દરેકનાં પુદ્ગળો અનુક્રમે ફરસી પૂરાં કરે તો તેને 'દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન' કહે છે.

ગહન વિષયમાં સંદેહ થાય અને સર્વજ્ઞનું સંનિધાન ન હોય ત્યારે તે ઔદારિક શરીર વડે અન્ય ક્ષેત્રમાં જવું અસંભવિત સમજી પોતાની વિશિષ્ટ લબ્ધિનો પ્રયોગ કરે છે અને તે દ્વારા હાથ જેવડું નાનું શરીર બનાવે છે. તે શુભ પુદ્ગળોથી ઉત્પન્ન થયેલું હોવાથી સુંદર હોય છે, પ્રશસ્ત ઉદ્દેશથી બનાવેલું હોવાથી નિરવદ્ય હોય છે. અને અત્યંત સૂક્ષ્મ હોવાથી અવ્યાઘાતી હોય છે, એટલે કે કોઈને રોકે કે કોઈથી રોકાય એવું હોતું નથી. આવા શરીરથી તે અન્ય ક્ષેત્રમાં સર્વજ્ઞાની પાસે જઈ સંદેહ દૂર કરે છે; પછી એ શરીરવિખરાઈ જાય છે. આ કાર્ય ફક્ત અંતર્મુહૂર્તમાં થઈ જાય છે. લબ્ધિ ફોરવી તેનું પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થાય છે. આ મુનિ અર્ધા પુદ્ગળ પરાવર્તનથી વધારે સંસાર પરિભ્રમણ કરતા નથી, તેથી પુદ્ગળ પરાવર્તનમાં આહારક શરીરને ગણ્યું નથી.

× શરીરનાં નામો પ્રથમ આવી ગયાં છે, તેથી કાયયોગ અહીં ગણ્યો નથી.

૩. **'ક્ષેત્રથી બાદર પુદ્દગળ પરાવર્તન'**–મેરુ પર્વતથી આરંભ કરીને સર્વ દિશાઓ અને વિદિશાઓમાં આકાશ પ્રદેશની અસંખ્યાતી શ્રેણીઓ ઠેઠ અલોક લગી ગોઠવાણી છે. એ તમામ આકાશ-પ્રદેશોને જન્મ મૃત્યુથી ફરસી લે, એક વાલાગ્ર જેટલી જમીન પણ ખાલી ન છોડે તેને 'ક્ષેત્રથી બાદર પુદ્‌ગળ પરાવર્તન કહે છે.

૪ **'ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્દગળ પરાવર્તન'**–મેરુ પર્વતથી ઉપર પ્રમાણે જે આકાશની શ્રેણીઓ નીકળી છે, તેમાંની એક આકાશ-શ્રેણી ઉપર અનુક્રમે જન્મ–મરણ કરતાં કરતાં ઠેઠ અલોક લગી, વચમાં તે શ્રેણીનો એક પણ આકાશ પ્રદેશ પડતો મૂક્યા વિના ફરસે, પછી લગોલગની બીજી આકાશ શ્રેણી મેરુથી અનુક્રમે લઇ તે ઉપર જન્મ-મરણ કરે, તે પછી ત્રીજી શ્રેણી પર, એમ અનુક્રમે અસંખ્યાતી આકાશ-પ્રદેશની શ્રેણીઓ જન્મ મરણ કરી ફરસે, એક શ્રેણી મેરુથી માંડીને અનુક્રમે જન્મ મરણથી ફરસતાં ફરસતાં હજી પૂરી ફરસાણી નથી તેવામાં જો એ ને એ આકાશ પ્રદેશ પર અગર બીજા સ્થાન પર ભવ કરે તો તે શ્રેણી ગણતરીમાં ન લેવી. પ્રથમથી તે શ્રેણી જેટલી ફરસાણી તે વ્યર્થ ગણવી. મેરુથી માંડીને ફરીથી અનુક્રમે તે શ્રેણીના આકાશ પ્રદેશ ફરસે, એ પ્રમાણે લગોલગની બીજી શ્રેણી, પછી ત્રીજી શ્રેણી એમ આકાશની બધી એટલે અસંખ્યાતી શ્રેણીઓ અનુક્રમે જન્મ–મરણ કરી ફરસે તો તેને 'ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્‌ગળ પરાવર્તન' કહે છે.

૫. **'કાળથી બાદર પુદ્દગળ પરાવર્તન'**–(૧) સમય (૨) આવલિકા–આંગળીને જલદી દોરો વીંટતાં એક આંટામાં જેટલો વખત લાગે તેને એક–આવલિકા કહે છે. (૩) શ્વાસોશ્વાસ (૪) સ્તોક (સાત શ્વાસોશ્વાસ જેટલા વખતને ૧ સ્તોક કહે છે) (૫) લવ (ઘણી ઉતાવળથી ઘાસ કાપતાં જેટલા વખતમાં એક કોળી કપાય તેટલા વખતને ૧ લવ કહે છે) (૬) મુહૂર્ત–(બે ઘડી) (૭) અહોરાત્રિ (દિનરાત), (૮) પક્ષ (પખવાડિયું) (૯) માસ, (૧૦) ઋતુ (વસંત, ગ્રીષ્મ વગેરે બબ્બે માસની), (૧૧) અયન, (દક્ષિણાયન, ઉત્તરાયન તે છ છ માસનું) (૧૨) સંવત્સર (૧ વર્ષ) (૧૩) યુગ (૫ વર્ષનો એક યુગ)

(૧૪) પૂર્વ (૭૦ લાખ, ૫૬ હજાર ક્રોડ વર્ષનું ૧ પૂર્વ) (૧૫) પલ્ય (શાસ્ત્રમાં કહેલ માપનો ૧ કૂવો વાળના અગ્ર ભાગથી ભરે એ દૃષ્ટાંતે ૧ પલ્ય) (૧૬) સાગર (દસ ક્રોડાક્રોડ પલ્યનો ૧ સાગર), (૧૭) અવસર્પિણીકાળ (ઊતરતો કાળ તેના છ આરા એટલે ૧૦ ક્રોડાક્રોડ સાગર) (૧૮) ઉત્સર્પિણી કાળ (ચડતો કાળ તેના છ આરા એટલે ૧૦ ક્રોડા ક્રોડ સાગર (૧૯) કાળ ચક્ર(એક અવસર્પિણી ને એક ઉત્સર્પિણી મળીને થાય એટલે વીસ ક્રોડાક્રોડ સાગર) એ સર્વ કાળને જન્મ મરણે કરીને ફરસે તેને કાળથી બાદર પુદ્ગળ પરાવર્તન કહે છે.

૬. **'કાળથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન'**–એક સમયથી માંડીને કાળચક્ર લગી અનુક્રમે જન્મ–મરણ કરી ફરસે. જેમકે–પહેલી સર્પિણીનો કાળ બેસે તેના પહેલા સમયમાં જન્મીને મરે, પછી બીજી વખત સર્પિણી કાળ બેસે તેના બીજા સમયમાં જન્મીને મરે. એ પ્રમાણે કરતાં આવળિકાનો કાળ પૂરો ન થાય ત્યાં લગી કરે. પછી વળી સર્પિણી કાળ આવે ત્યારે તેની પહેલી આવળિકામાં જન્મીને મરે, સમયની પેઠે સ્તોક પૂરો થાય ત્યાં લગી આવળિકામાં અનુક્રમે જન્મે ને મરે. એ પ્રમાણે સ્તોક, લવ, વગેરે ૧૭ પ્રકારના કાળમાં અનુક્રમે જન્મ–મરણ કરીને ફરસી લે ત્યારે કાળથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન થયું એમ કહેવાય.

૭ **'ભાવથી બાદર પુદ્ગળ પરાવર્તન'**–કાળો, લીલો, રાતો, પીળો ને ધોળો એ પાંચ વર્ણ, સુગંધ અને દુર્ગંધ એ બે ગંધ, ખાટો, મીઠો, તીખો, કડવો ને કષાયલો એ પાંચ રસ; હલકો, ભારે, ટાઢો, ઊનો, લૂખો, ચોપડ્યો, સુંવાળો, ખરખરો એ પ્રમાણે ૮ સ્પર્શ; એ ૨૦ બોલવાળાં સર્વ પુદ્ગળોને જન્મ–મરણ કરીને ફરસે તો ભાવથી પુદ્ગલ પરાવર્તન થયું.

૮. **'ભાવથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન'**—પહેલા કાળા રંગનાં જેટલાં પુદ્ગળો લોકમાં છે તે સર્વને અનુક્રમે જન્મ–મરણ કરી ફરસે, જેમ કે, પહેલાં એક ગુણ કાળા પુદ્ગળને, પછી બે ગુણ કાળા

પુદ્ગળને એમ અનંત ગુણ કાળા પુદ્ગળ અનુક્રમે ફરસતાં ફરસતાં વચમાં બીજા વર્ણ, ગંધાદિકનાં પુદ્ગળ ફરસી લે તો ચાલી આવતી ફરસના ગણતરીમાં ન લેવાય અને ફરી પહેલેથી ફરસના શરૂ કરવી. એ પ્રમાણે વીસે બોલ પહેલેથી છેલ્લે અનુક્રમે ફરસે તો તેને ભાવથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્તન કહે છે.

એ આઠ પ્રકારે પરાવર્તન કરતાં એક પુદ્ગળ પરાવર્તન થયું, એવાં એવાં અનંત પુદ્ગળ પરાવર્તન આ સંસારમાં જીવે કર્યાં છે.

પુદ્ગળ પરાવર્તન વિષેના સૂક્ષ્મ જ્ઞાન ઉપર દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવો કે હે જીવ ! જન્મી જન્મીને અને મરી મરીને આ સંસાર અનંતી વાર પૂરો કર્યો ! એવી રીતે પરિભ્રમણ કરતાં કરતાં અનંત ભેદે અનંતા પુણ્યનો ઉદય થયો ત્યારે સર્વે પરિભ્રમણ મટાડનાર મનુષ્યદેહ માંડ માંડ પ્રાપ્ત થયો છે.+

૧. મનુષ્યભવ

૧. મનુષ્ય દેહની પ્રાપ્તિ—અનંત પુણ્યની વૃદ્ધિ થાય ત્યારે મનુષ્ય જન્મ મળે છે. જીવે પ્રથમ તો અવ્યવહાર રાશિમાં એટલે નિગોદમાં જન્મ મરણે કરી અનંતકાળ કાઢ્યો. અનંત પુણ્યની વૃદ્ધિ થઇ ત્યારે ત્યાંથી નીકળી વ્યવહાર રાશિમાં બાદર એકેંદ્રિયપણે ઊપજ્યો.

+ કાળ સૌથી બાદર દ્રવ્ય છે. તેનું દૃષ્ટાંત-(૧) જેમ ઘણાં પાનની થોકડીમાં કોઈ મહા પરાક્રમી પુરુષ જોરથી સોય ઘોંચે તે સોયને એક પાનને વીંધી બીજા પાન લગી પહોંચતાં અસંખ્યાતા સમય જેટલો કાળ વીતી જાય.

(૨) સમય કરતાં આકાશ ક્ષેત્રનો પ્રદેશ અસંખ્યાત ગણો સૂક્ષ્મ છે. કારણ કે એક આંગૂલ જેટલા ભાગમાં અસંખ્યાતા આકાશ પ્રદેશો અને તેની અસંખ્યાતી શ્રેણીઓ છે. એ શ્રેણીઓમાંથી એક શ્રેણી એક આંગૂલ જેટલી લાંબી અને એક આકાશ પ્રદેશ જેટલી માત્ર પહોળી લેવી. એક એક શ્રેણીમાંથી એક એક સમયે એક એક આકાશપ્રદેશ કાઢીએ તો અસંખ્યાતા કાલચક્રના સમય વીતી જાય તો પણ એ એક શ્રેણીના આકાશપ્રદેશ ખૂટે નહિ.

(૩) આકાશ પ્રદેશથી પુદ્ગળ પરમાણુ દ્રવ્ય અનંતગણું સૂક્ષ્મ છે. તે

એ બાદર એકેંદ્રિયના પાંચ ભેદ છે. (૧) પૃથ્વીકાય (માટી) એની ૭ લાખ જાતિ + છે અને બાર લાખ ક્રોડ કુળ છે. પૃથ્વીના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીસ હજાર વર્ષનું છે. (૨) અપકાય-(પાણી) એની સાત લાખ જાતિ છે. સાત લાખ ક્રોડ કુળ છે. એનું ઉત્કૃષ્ટ આયુષ્ય સાત હજાર

એમ કે એક આકાશ પ્રદેશ ઉપર અનંત પરમાણુ દ્રવ્ય છે તે પરમાણુઓમાંથી એક એક પરમાણુને એક એક સમયે કાઢીએ તો અનંતા કાળચક્રના સમયો વીતી જાય છતાં એક આકાશ પ્રદેશમાંનાં પરમાણુ દ્રવ્ય ખૂટે નહિ; એટલાં પરમાણુઓ એક આકાશ પ્રદેશ પર છે. એ પ્રમાણે લોકના સર્વ આકાશ પ્રદેશ પર છે એમ જાણવું.

(૪) દ્રવ્યથી ભાવ અનંતગણો સૂક્ષ્મ છે, કારણ કે એક આકાશ પ્રદેશ પર અનંતા પરમાણુઓ છે અને તે અનંતા પરમાણુઓના અનંતા પર્યાય છે. એક પરમાણુમાં જેમકે એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ છે.

વળી, વર્ણ વર્ણમાં ફેર છે. કોઈ એક ગુણ કાળો, કોઇ બે ગુણ કાળો એમ લેતાં કોઈ અનંત ગુણ કાળો પરમાણુ હોય છે. એ પ્રમાણે પાંચે વર્ણ, બે ગંધ, પાંચ રસ ને ચાર સ્પર્શનું સમજવું. વળી, એક આકાશ પ્રદેશ પર બેપ્રદેશી પુદ્‌ગળ સ્કંધ, એમ ગણતાં અનંત પ્રદેશી પુદ્‌ગળસ્કંધ પણ હોય તો તે દરેક સ્કંધના વર્ણ, ગંધ, રસ ને સ્પર્શના અનંત ભેદો થાય.

હવે આકાશ પ્રદેશ પર રહેલા પુદ્‌ગળ દ્રવ્યના ભાવના અનંતાનંત પર્યાય થયા. તેમાંનો સમયે સમયે એકેક પર્યાય કાઢતાં અનંતા કાળચક્રના સમય વીતી જાય છતાં એક આકાશ પ્રદેશ પર જે અનંતા પરમાણુઓ છૂટા છે તેના પર્યાય ખૂટે નહિ; તો પછી દ્વિપ્રદેશી પુદ્‌ગલ સ્કંધ, ત્રિપ્રદેશી પુદ્‌ગળ, વગેરેના પર્યાય કાઢવાનું તો ક્યાં રહ્યું ?

એ પ્રમાણે લોકમાંના અસંખ્યાત આકાશ પ્રદેશ ઉપર વર્ણાદિક ભાવના અનંતાનંત પર્યાય જાણવા, એ પ્રમાણે કાળથી સૂક્ષ્મ ક્ષેત્ર, ક્ષેત્રથી સૂક્ષ્મ પરમાણુ પુદ્‌ગલ દ્રવ્ય, અને પરમાણુ પુદ્‌ગળ દ્રવ્યથી ભાવ દ્રવ્ય સૂક્ષ્મ છે. વળી, સ્થૂળ દૃષ્ટાંત-કાળ ચણા પ્રમાણે, ક્ષેત્ર જુવારના દાણા પ્રમાણે, પુદ્‌ગળ દ્રવ્ય બાજરાના દાણા પ્રમાણે અને ભાવ ખસખસના દાણા પ્રમાણે છે.

+ જાતિનું પ્રમાણ એવી રીતે છે કે-પૃથ્વીકાયના મૂળ પ્રકાર, એને પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંઠાણથી અનુક્રમે ગુણતાં ૩૫૦×૫×૨×૫×૮×૫=૭૦૦૦૦૦ (સાત લાખ) જાતિ પૃથ્વીકાયની થઈ. એ પ્રમાણે અપકાય, તેઉકાય અને વાયુકાયનું સમજવું.

વનસ્પતિના મૂળ પ્રકાર ૧૨૦૦ છે. તેને પૃથ્વીકાયની પેઠે અનુક્રમે ગુણતાં ૧૨૦૦×૫×૨×૫×૮×૫=૨૪,૦૦,૦૦૦ (ચોવીસ લાખ) જાતિ થઈ. એ પ્રમાણે

વર્ષનું છે. (૩) તેઉકાય (અગ્નિ)–એની સાત લાખ જાતિ છે. ત્રણ લાખ ક્રોડ કુળ છે. એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્રિનું (ત્રણ રાત ને ત્રણ દિવસનું) છે. (૪) વાઉકાય (હવા)–એની સાત લાખ જાતિ છે. સાત લાખ ક્રોડ કુળ છે. એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષનું છે. એ ચાર સ્થાવરોમાં આપણા જીવે એકીસાથે અસંખ્યાતો કાળ વિતાવ્યો. (૫) વનસ્પતિ કાય–એની ચોવીસ લાખ + જાતિ છે. અઠ્ઠાવીસ ક્રોડ કુળ છે. એનું દસ હજાર વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય છે. એમાં નિગોદ ગણીએ તો અનંત કાળ ગુમાવ્યો. ત્યાંથી અનંત પુણ્યની વૃદ્ધિ થતાં એકેંદ્રિયમાંથી બેઇંદ્રિય (કાયા અને મુખ એ બે ઇંદ્રિયવાળા જીવો–કીડા વગેરે) માં આવ્યો.

એ બેઇંદ્રિય જીવોની બે લાખ જાતિ છે. સાત ક્રોડ કુળ છે. એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૨ વર્ષનું છે. ત્યાંથી અનંત પુણ્યની વૃદ્ધિ થઈ ત્યારે તેઇંદ્રિય (કાયા, મુખ અને નાક એ ત્રણ ઇંદ્રિયવાળા જીવો–માંકડ, કીડી, વગેરે)માં ઊપજ્યો. એની બે લાખ જાતિ છે. આઠ લાખ ક્રોડ કુળ છે, એનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૯ દિવસનું છે. ત્યાંથી અનંત પુણ્યની વૃદ્ધિ થતાં ચૌરેંદ્રિય (કાયા, મુખ, નાક અને આંખ એ ચાર ઇંદ્રિયવાળા જીવો–માખી, મચ્છર, વીંછી, વગેરે)માં જન્મ થયો. એની બે લાખ જાતિ છે. નવ લાખ ક્રોડ કુળ છે. એનું આયુષ્ય ઉત્કૃષ્ટ છ મહિનાનું છે.

જેની જેની જેટલા લાખ જાતિ હોય તેથી અર્ધા સો પ્રથમ લઈ તેને ઉપર પ્રમાણે ૫×૨×૫×૮×૫=૨૦૦૦ ગુણતાં કુલ જાતિ (યોનિ) આવશે. એ પ્રમાણે તમામ કાયની થઈને ૮૪ લાખ યોનિ થશે. જેનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંઠાણ એક હોય તેને એક જાતિ કહેવી. જાતિ છે તે માતાનો પક્ષ છે.

(૨) કુળની સમજણનું દૃષ્ટાંત–ભમરો એ એક જાતિ, તે પણ એક ભમરો ફુલમાંનો, એક ભમરો લાકડામાંનો અને એક ભમરો કચરામાંનો એ પ્રમાણે ભમરાની એક જાતિનાં ત્રણ કુળ થયાં. એ પ્રમાણે તમામ કુળોની સંખ્યા જ્ઞાનીએ ફરમાવી છે તે સત્ય કરી જાણવી.

+ વનસ્પતિકાયની ૨૪ લાખ જાતિ (યોનિ) છે. તેમાં ૧૦ લાખ જાતિ પ્રત્યેક વનસ્પતિની અને ૧૪ લાખ જાતિ સાધારણ વનસ્પતિકાયના જીવોની છે.

બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય જીવોને વિકલેંદ્રિય જીવો કહેવામાં આવે છે. એ ત્રણ વિકલેંદ્રિય જીવોમાં જન્મ મરણ કરીને એકીસાથે સંખ્યાતો કાળ કાઢ્યો.

+ ત્યાંથી અનંતી પુણ્યવૃદ્ધિ થઇ તેથી "અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય" થયો. અને ત્યાંથી પણ અનંત પુણ્યની વૃદ્ધિ થઈ ત્યારે "સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય" થયો. એ અસંજ્ઞી અને સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયની ચાર લાખ જાતિ છે અને ૫ ભેદ છે.

તે પાંચ ભેદ વર્ણવે છે.

(૧) "જળચર" (પાણીમાં રહેનારા મચ્છ, કાચબા, વગેરે જીવો) એનાં સાડાબાર લાખ ક્રોડ કુળ છે. સંજ્ઞી, અસંજ્ઞી બંને જાતના જળચર જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વનું છે.

(૨) થળચર (પૃથ્વી ઉપર ચાલનારાં ગાય, ઘોડા, વગેરે પ્રાણી) એનાં દસ લાખ ક્રોડ કુળ છે. અસંજ્ઞી થળચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ચોરાસી હજાર વર્ષનું અને સંજ્ઞીનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યનું છે.

(૩) "ખેચર" (આકાશમાં ઊડનાર કબૂતર, પોપટ, વગેરે પક્ષી) એનાં બાર લાખ ક્રોડ કુળ છે. અસંજ્ઞી ખેચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય બોંતેર હજાર વર્ષનું અને સંજ્ઞી ખેચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય પલ્યનો અસંખ્યાતમો ભાગ છે.

(૪) "ઉરપર" (પેટ પર ચાલનારાં સાપ, અજગર, વગેરે પ્રાણી), એનાં દસ લાખ ક્રોડ કુળ છે. અસંજ્ઞી ઉરપરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રેપન હજાર વર્ષનું અને સંજ્ઞી ઉરપરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વનું છે.

(૫) "ભુજપર" (ભુજાના જોરથી ચાલનાર ઉંદર વગેરે પ્રાણીઓ), એનાં નવ લાખ ક્રોડ કુળ છે. અસંજ્ઞી ભુજપરનું ઉત્કૃષ્ટ આયુષ્ય બેંતાળીસ હજાર વર્ષનું અને સંજ્ઞી ભુજપરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ પૂર્વનું છે.

+ નિગોદથી માંડીને અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિયપણે ઉપજ્યો ત્યાં લગી જીવે, પરવશપણે ભૂખ, તરસ, ટાઢ, તાપ, છેદન, વગેરે ઘણાં દુઃખો સહન કરતી વખતે "અકામનિર્જરા" થાય છે, તે પણ પુણ્યવૃદ્ધિનું કારણ છે.

એ પાંચેમાં જીવ ઉત્કૃષ્ટ ૮ ભવ લગોલગ કરે. એ આઠ ભવમાંના સાત ભવ સંખ્યાતા આયુષ્યવાળા અને એક ભવ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળો હોય છે.

ફરતો ફરતો જીવ નરક ગતિમાં અવતાર લે, તો નરકના જીવોની ૪ લાખ જાતિ છે. પચીસ લાખ ક્રોડ કુળ છે. ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરનું છે. નરકમાં જીવનો એક સાથે એક*જ ભવ થાય છે. લગોલગ બીજો ભવ થતો નથી. × પરિભ્રમણ કરતો જીવ દેવગતિમાં ઊપજે તો ત્યાં ચાર લાખ જાતિ છે. દેવતાનાં છવ્વીસ લાખ ક્રોડ કુળ છે. ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગરનું છે. દેવગતિમાં પણ જીવનો એક જ ભવ થાય છે.

એ પ્રમાણે મનુષ્ય ગતિમાં આવતા પહેલાં જીવને બીજી ત્રણ ગતિમાં અતિશય પરિભ્રમણ કરવું પડે છે. તે પરિભ્રમણ કરતાં અનંત પુણ્યનો ઉદય થાય તો તે મનુષ્ય ગતિ પામે છે.

એ મનુષ્ય ગતિમાં ચૌદ લાખ જાતિ છે. બાર લાખ ક્રોડ કુળ છે. ઉત્કૃષ્ટ આયુષ્ય ૩ પલ્યનું છે. મનુષ્ય ગતિમાં પણ જો જુગલીઆ મનુષ્ય તરીકે ઊપજે તો એક જ ભવ થાય છે. અને કર્મભૂમિ મનુષ્યમાં ભદ્રિક પરિણામી તરીકે ઊપજે તો લગોલગ સાત ભવ કર્મભૂમિ

---

* નરક અને સ્વર્ગ (દેવલોક) નો એક ભવ જ થાય છે. નરકનો જીવ મરીને નરકમાં ન ઊપજે તેમ દેવતા મરીને દેવતાપણે ન ઊપજે. વળી, નરકનો જીવ મરીને દેવતાપણે ન ઊપજે અને દેવતા મરીને નારકીપણે ન ઊપજે. કારણ કે વિશેષ શુભ અને વિશેષ અશુભ કર્મો કરવાનું સ્થળ ખાસ કરીને મૃત્યુલોકમાં (તિર્છા લોકમાં) છે. અહીંનાં કરેલાં શુભ કર્મોનો બદલો સ્વર્ગમાં દેવપણે ઊપજવાથી મળે, અને અશુભ કર્મનું ફળ નરક ગતિમાં નારકીપણે ઊપજવાથી મળે છે.

દૃષ્ટાંતઃ—કોઈ માણસ પોતાની દુકાને મોજમજા છોડી પ્રમાદરહિત થઈ કમાણી કરે તો તે પોતાને ઘેર જઈ સુખેથી આરામ પામે છે. પણ જે માણસ દુકાને મોજમજા ઉડાવી પ્રમાદી બની પોતાના પૈસામાં આગ લગાડે છે તેને પોતાને ઘેર એકાદશી કરવી પડે છે, અર્થાત્ ગરીબાઈ વગેરે દુઃખ ભોગવવું પડે છે. દુકાનને મધ્ય લોક સમજો, અને ઘર સ્વર્ગ તથા નરક ગણો.

મનુષ્યના થાય છે. * એ પ્રમાણે અનેક મુશ્કેલીઓ વટાવ્યા પછી મનુષ્ય ગતિમાં અવાય છે.

શ્રી પન્નવણા સૂત્રમાં જીવોની અઠ્ઠાણું પ્રકારે ગણતરી કરી છે. તેમાં સર્વથી થોડા ગર્ભજ મનુષ્ય કહ્યા છે. ગર્ભજ મનુષ્યને ઊપજવાનું સ્થળ ત્રીછા લોકમાં માત્ર અઢી દ્વીપની અંદર છે. આખા લોકનું ઘનાકારે પરિમાણ ૩૪૩ રાજુ છે. તેમાં અઢી દ્વીપ તો માત્ર ૪૫ લાખ જોજનમાં જ છે. વળી, તે ૪૫ લાખ જોજનમાં પણ બે લાખ ને આઠ લાખ જોજનના પહોળા એવા મોટા સમુદ્રો પડયા છે. એ સિવાય દ્વીપની ભૂમિમાં પણ નદીઓ, પહાડો, વનો, વગેરે ઘણાં સ્થળો મનુષ્ય-રહિત છે. એ બધો વિચાર કરતાં મનુષ્યભવ મળવો ઘણો દુષ્કર છે.

૨. આર્યક્ષેત્ર

૨. "આર્ય ક્ષેત્ર"—મનુષ્યનો અવતાર માત્ર મળવાથી કંઇ ધર્મપ્રાપ્તિ થઈ ગઇ એમ ન સમજવું. મનુષ્ય ગતિ તો મળી, પણ તેમાં આર્યભૂમિ + મળવી બહુ દુર્લભ છે. મનુષ્યની ઉત્પત્તિના અઢી દ્વીપની અંદર ત્રીસ ક્ષેત્ર તો અકર્મ ભૂમિ (જુગલીઆ) મનુષ્યનાં છે. અને છપ્પન ક્ષેત્ર અંતર દ્વીપનાં મનુષ્યનાં છે. એ છિયાસી ક્ષેત્રનાં મનુષ્યો ધર્મ—કર્મમાં બિલકુલ સમજતાં નથી. એ મનુષ્યો તો પોતાનાં પૂર્વે કરેલાં પુણ્યોનાં ફળો દેવતાઓની પેઠે સુખરૂપે ભોગવે છે. માટે અઢી દ્વીપમાં કર્મ ભૂમિ મનુષ્યનાં પંદર ક્ષેત્ર માત્ર ધર્મકરણી કરવાનાં રહ્યાં. એ પંદર ક્ષેત્રમાં પાંચ મહાવિદેહ ક્ષેત્ર છે ત્યાં તો સદાકાળ જૈન ધર્મ પ્રવર્તે છે, અને બાકીનાં પાંચ ભરત ક્ષેત્ર અને પાંચ ઇરવત ક્ષેત્રમાં દસ કોડાકોડી સાગરના સર્પિણી કાળમાંથી એક કોડાકોડ સાગરથી સહેજ વધારે વખત ધર્મકર્મ કરવાનો રહે છે.

* એ સર્વ મળી ૮૪ લાખ જીવ યોનિ થઈ, અને એક કરોડ સાડી-સત્તાણું લાખ એટલી કોડનાં કુળ થવાં.

+ અનાર્ય પરદેશી રાજાને શ્રી કેશીશ્રમણ આચાર્યે ધર્મ સમજાવ્યો હતો. એ આચાર્ય મહારાજ એ દેશની જેટલી જગામાં વિચર્યા તેટલી જગા આર્યભૂમિ થઈ; બાકીની અનાર્ય ભૂમિ રહી.

પાંચ ભરત ને પાંચ ઈરવત એ દસ ક્ષેત્રમાંના એકેક ક્ષેત્રમાં બત્રીસ હજાર દેશ છે. બત્રીસ હજાર દેશામાંથી પણ ધર્મકર્મ કરવાના તો માત્ર સાડીપચીસ આર્ય દેશ જ છે. સાડીપચીસ આર્ય દેશનાં નામો ×. તેનું મુખ્ય શહેર અને ગામોની સંખ્યા કહે છે.

(૧) 'મગધ દેશ'–એની રાજધાની રાજગૃહી નગરી છે અને એ દેશમાં એક ક્રોડ છાસઠ લાખ ગામો છે.

(૨) 'અંગ દેશ'–ચંપાનગરી અને પચાસ લાખ ગામો.

(૩) 'વંગ દેશ'–તામ્રલિપ્તી નગરી અને એંશી હજાર ગામો છે.

(૪) 'કલિંગ દેશ'–કંચનપુર નગર અને અઢાર હજાર ગામો છે.

(૫) 'કાશી દેશ'–વારાણસી નગરી અને એક લાખ પંચાણું હજાર ગામો છે.

(૬) 'કોશલ દેશ'–શાકેતપુર નગર અને નવ હજાર ગામ છે.

(૭) 'કુરુદેશ'–ગજપુરનગર, પંચાવન હજાર ગામ.

(૮) 'કુશાવર્તદેશ'સૌરીપુર નગર, છાસઠ હજાર ગામ.

(૯) 'પંચાળ દેશ'–કંપિલપુરનગર અને ત્રણ લાખ ને ત્યાસી હજાર ગામો છે.

(૧૦) 'જંગલ દેશ–અહિછત્રા નગરી, અઠ્ઠાવીસ હજાર ગામો.

× શ્લોક–**आसमुद्रातु वै पूर्वात् आसमुद्रातु पश्चिमात् ॥**
तयो रेवान्तरं गिर्योरार्यावर्तं विदु बुधाः ॥२२॥ મનુસ્મૃતિ

અર્થ–ઉત્તરમાં હિમાલય પર્વત, દક્ષિણમાં વિંધ્યાચળ પર્વત અને પૂર્વ પશ્ચિમે સમુદ્રો એની વચ્ચે આર્ય ભૂમિની હદ છે.

શ્લોક–**सरस्वती दवदस्यो ह्व च नद्योर्यदन्तरम् ॥**
तदेव निर्मितं देशमार्यावर्तं प्रवक्ष्यते ॥

મનુસ્મૃતિઃ શ્લોક ૧૭ અધ્યાય ૨.

અર્થ–સરસ્વતી નદીની પશ્ચિમે, અટક નદીની પૂર્વમાં, હિમાલયની દક્ષિણમાં રામેશ્વરની ઉત્તરે એ ચારે દિશાની વચ્ચે જેટલો દેશ છે તે આર્યાવર્ત કહેવાય છે.

(૧૧) 'સોરઠ દેશ'–દ્વારિકાનગરી, છ લાખ એંશી હજાર ત્રણસો તેત્રીસ ગામો.

(૧૨) 'વિદેહ દેશ'–મિથિલા નગરી, આઠ હજાર ગામો.

(૧૩) 'વત્સ દેશ'–કૌશાંબી નગરી, અઠ્ઠાવીસ હજાર ગામો.

(૧૪) 'શાંડિલ્ય દેશ'–નંદીપુર નગર, એકવીસ હજાર ગામો.

(૧૫) 'મલય દેશ'–ભદ્દિલપુર નગર, સાત હજાર ગામો.

(૧૬) 'વચ્છ દેશ'–વિરાટપુર નગર, અઠ્ઠાવીસ હજાર ગામો.

(૧૭) 'વરણ દેશ'–અચ્છા નગરી, બેતાલીસ હજાર ગામો.

(૧૮) 'દશાર્ણ દેશ'–મૃતિકાવતી નગરી, તેતાલીસ હજાર ગામો.

(૧૯) 'ચેદિ દેશ'–શૌક્તિકાવતી નગરી, તેતાલીસ હજાર ગામો.

(૨૦) સિંધુ 'સૌવીર દેશ'–વીતભય નગર, છ લાખ પંચ્યાશી હજાર ગામો.

(૨૧) 'શૂરસેન દેશ'–મથુરા નગરી, આઠ હજાર ગામો.

(૨૨) 'ભંગ દેશ'–પાવાપુર નગર, છત્રીસ હજાર ગામો.

(૨૩) 'પુરિવર્તા દેશ'–માસ નગર, એક હજાર ચારસો વીસ ગામો.

(૨૪) 'કુણાલ દેશ'–શ્રાવસ્તી નગરી, તેત્રીસ હજાર ગામો.

(૨૫) 'લાટ દેશ'–કોટિવર્ષ નગરી, બે લાખ બેતાલીસ હજાર ગામો.

(૨૫।।) 'કેકેય દેશ' (અર્ધો)-શ્વેતામ્બિકા નગરી, બે હજાર પાંચસો ગામો.

આ બધા ૨૫।। આર્યદેશો છે.

ભવ્યો ! જરા દીર્ઘદૃષ્ટિથી વિચારો કે સંપૂર્ણ લોકના હિસાબે આર્યક્ષેત્ર કેટલું કમ છે ! આ ક્ષેત્રોમાં મનુષ્ય જન્મ મળવો મહાદુર્લભ છે.

૩. ઉત્તમ કુળ

૩. "ઉત્તમ કુળ"–એવા આર્ય દેશમાં જન્મ થયા પછી ઉત્તમ કુળનો જોગ મળવો બહુ જ મુશ્કેલ છે. મહાન પુણ્યશાળી હોય તેનો જ

ઉત્તમ કુળમાં જન્મ થાય છે. કેટલાક કુલીન માણસો પુત્ર ન હોવાને લીધે ભારે આતુર રહે છે. પણ પૂર્વના મહાન પુણ્યસમૂહ વિના પુત્રપ્રાપ્તિ થતી નથી. કારણ કે આ દુનિયામાં પુણ્યશાળી જીવો થોડા હોય છે. પણ નીચ કુળોમાં જોશો તો પાપી જનોની પેદાશ ઘણી જ જોવામાં આવે છે. કારણ કે આ જગતમાં પાપી જીવો બહુ જ જોવામાં આવે છે.

વળી, કેવળ જાતિ માત્રથી જ ઊંચ-નીચ કહી શકાય નહિ. કારણ કે શરીરની આકૃતિ, અવયવ, શરીરના અંદરના વિભાગ તો સર્વ મનુષ્યોના એકસરખા જ હોય છે. પરંતુ શાસ્ત્રમાં ઊંચ-નીચપણું જાતિથી નહિ પણ ગુણ, કર્મથી કહ્યું છે. ઉત્તમ ગુણોવાળા અને સત્કર્મ કરનારા મનુષ્યો ઊંચ ગણાય છે અને નીચ કર્મ કરનારા મનુષ્યો નીચ ગણાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫ મા અધ્યયનમાં શ્રી જયઘોષ મુનિ આ પ્રમાણે કહે છે:—

गाथा—कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।
वइस्सो कम्मुणा होई, सुद्दो हवइ कम्मुणा ॥३३॥

અર્થાત્ કર્મ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્ર કહેવાય છે. "ब्रह्म जानातीति ब्राह्मण" જે બ્રહ્મ એટલે આત્માને જાણે—આત્મજ્ઞાન પ્રાપ્ત કરે તે જ બ્રાહ્મણ કહેવાય. 'क्षतात्त्रायते यः सः क्षत्रियः' અનાથોનું રક્ષણ કરે તે જ ક્ષત્રિય, વાણિજ્ય (નીતિથી વેપાર) કરે તે વૈશ્ય કહેવાય અને સેવા કરે તે શૂદ્ર કહેવાય છે.

વળી, ગ્રંથાંતરમાં નીચ જાતિનાં લક્ષણો આ પ્રમાણે બતાવ્યાં છે.

न विशेष इति वर्णानाम् सर्वं ब्रह्ममयं जगत् ।
ब्रह्मणपूर्वं श्रेष्ठं हि, कर्मणा वर्णतां गतम् ॥

(મહાભારત શાંતિ પર્વ).

અર્થ :–વર્ણનું કંઈ વિશેષપણું નથી. આ બધું જગત્ બ્રહ્મમય છે. પ્રથમ બધા બ્રાહ્મણ હતા, પછી જેવાં જેવાં કર્મ કર્યાં તેવા વર્ણને તેઓ પ્રાપ્ત થયા.

"अधर्मचर्यया पूर्वो वर्णो जघन्यं २ वर्णमापद्यते जातिपरिवृत्तो"

અર્થાત્—ઉત્તમ વર્ણવાળા પણ અધર્માચરણથી નીચતાને પ્રાપ્ત થતા જાય છે અને "धर्मचर्यया जघन्यो वर्णः पूर्वं २ वर्णमापद्यते जातिः"

અર્થાત્–નીચ વર્ણવાળા પણ ધર્માચરણથી ઉત્તમતાને પ્રાપ્ત થતા જાય છે. આ પ્રમાણે આપસ્તંબ ધર્મસૂત્રના પ્રશ્ન ૨ પટલ ૪માં કહ્યું છે.

विश्वामित्रो वसिष्ठश्च, मतंगो नारदेऽपि च ।
तपो विशेष संप्राप्ता, उत्तमत्वं न जातितः ॥

[શુક્રનીતિ અધ્યા૦ ૪, પ્રકરણ ૪]

વિશ્વામિત્ર, વસિષ્ઠ, અને નારદ ઋષિ નીચ જાતિમાં ઉત્પન્ન થયા છતાં પણ, તપશ્ચરણ કરીને ઉત્તમ થયા છે, એટલા માટે જાતિનું કશું વિશેષત્વ નથી.

जपो नास्ति, तपो नास्ति, नास्ति चेन्द्रियनिग्रहः ।
दया दानं दमो नास्ति, इति चंडाललक्षणम् ॥

અર્થાત્ :—પરમેશ્વરનો જપ, સ્મરણ, ધ્યાન, ગુણાનુવાદ, સ્તવનકીર્તન ન કરે, રાતદિન પોતાના ઘરધંધામાં જ રચ્યોપચ્યો રહે, વ્રત-નિયમ-ઉપવાસ ન કરે, પણ સદા ખાઈપીને શરીરને હૃષ્ટપુષ્ટ બનાવવામાં આનંદ માને, ભક્ષ્ય અભક્ષ્ય વસ્તુનો પણ વિચાર કરે નહિ. પણ અગ્નિની પેઠે કંઈ પણ ન છોડતાં સર્વનો આહાર કરે; પાંચ ઇંદ્રિયોને ખરાબ રસ્તે જતી રોકે નહિ, પણ હંમેશાં ગાનતાન, મોજ-મજા, નાટક ચેટક તથા પરસ્ત્રીઓ સાથે વિષયભોગ ભોગવી આનંદ માને; કોઈ પણ દુઃખી પ્રાણીને દેખીને દિલમાં અનુકંપા લાવે નહિ અને સદા પૃથિવ્યાદિક છએ કાયના જીવોની હિંસા કર્યા કરે અને

મદ્યમાંસનું ભક્ષણ કરે, કોઈને પણ કિંચિત્માત્ર દાન આપે નહિ: મહા-પરિગ્રહી, કંજૂસ અને મૂંજી બનીને બીજો કોઈ ઉદાર જન દાન કરતો હોય તેને અટકાવી અંતરાય કર્મ બાંધે. આત્મદમન, નિયમ, વ્રતપચ્ચખ્ખાણ કંઈ પણ કરે નહિ; એ પ્રમાણેનાં લક્ષણો જેમાં હોય તેને નીચ ચંડાળ જાતિનો ગણવો. એ દુર્ગુણો જેનામાં ન હોય, યથાશક્તિ જપ, તપ, ઇંદ્રિયદમન, દયા, દાન કરે તેને ઉત્તમ કુળનો કહેવો. એવું ઉત્તમ કુળ તે જૈનકુળ છે, અને જૈન કુળમાં જન્મ થવો મહા મુશ્કેલ છે.

૪. દીર્ઘ આયુષ્ય

૪. દીર્ઘ આયુષ્ય—ઉત્તમ કુળ તો મળ્યું પણ તેની સાથે લાંબું આયુષ્ય મળવું જોઇએ. એવું લાંબું આયુષ્ય મળવું પણ મહા મુશ્કેલ છે. ત્રીજા તથા ચોથા આરાના મનુષ્યોનાં આયુષ્ય પૂર્વો જેટલાં હતાં, એમના આયુષ્યના જેટલા સેંકડા થાય તેટલા શ્વાસોશ્વાસનું આયુષ્ય પણ હાલ રહ્યું નથી. સો વર્ષના કુલ શ્વાસોશ્વાસ ચાર અબજ, સાત કરોડ, અડતાલીસ લાખ અને ચાળીસ હજાર થાય છે એવાં સો વર્ષ સુખે સુખે પૂરાં કરનાર તો કોઈક મહાભાગ્યશાળી હોય છે.

શ્લોકઃ—**आयुर्वर्षशतं नृणां परिमितं, रात्रौ तदर्धंगतं ।**
तस्यार्धस्य परार्धचार्धमपरं, बालत्ववृद्धत्वयोः ॥
शेषं व्याधिवियोगदुःखसहितं, सेवादिभिर्नीयते ।
जीवे वारितरंगचंचलतरे, सौख्यं कुतः प्राणिनाम् ॥

સારાંશ—સો વર્ષની જિંદગીમાં માણસને કેટલું સુખ મળે છે, તે જરા વાણિયાની રીતે હિસાબ કરીને જોઇએ. એક વર્ષના ૩૬૦ દિવસ થાય છે તેથી ૧૦૦ વર્ષના ૩૬૦૦૦ દિવસ થયા. એ છત્રીસ હજારમાંથી અર્ધા એટલે અઢાર હજાર તો નિદ્રામાં ગયા ! કારણ કે "નિદ્રા ગુરુજી ! વણમોત મૂઆ" હે ગુરુજી ! વગર મોતે મોતરૂપ નિદ્રા છે. નિદ્રામાં સુખદુઃખ વગેરેનું કંઈ પણ ભાન રહેતું નથી. બાકીના અઢાર હજાર દિવસના ત્રણ ભાગ કરો. છ હજાર દિવસો બાળપણમાં જતા રહ્યા. તે પણ અજ્ઞાન દશામાં જ ગુમાવ્યા ગણાય, કારણ કે બાળકને સત્યાસત્યનું

જ્ઞાન હોતું નથી. બીજા છ હજાર દિવસો જરા અવસ્થા (ઘડપણ) માં કાઢ્યા. વૃદ્ધાવસ્થા પણ મહાદુઃખનું કારણ છે, એમ શાસ્ત્રમાં સ્થળે સ્થળે બતાવેલ છે. (जम्मं दुक्खं जरा दुक्खं)

એ અવસ્થામાં મન મોજશોખ ભોગવવા ઇચ્છા કરે છે પણ ઇંદ્રિયો ઘણી જ નબળી પડી જાય છે. તેથી ખાનપાનાદિ ભોગવવા છતાં દુઃખનો ખરેખર વધારો જ થાય છે × ઘડપણમાં આંખે બરાબર દેખાતું નથી, કાને સંભળાતું નથી, દાંત પડી જવાથી ખાવામાં મજા આવતી નથી અને ખોરાક ચવાતો ન હોવાથી પચતું પણ નથી. અપચો થવાથી અનેક રોગો ઉત્પન્ન થાય છે. વૃદ્ધનું શરીર અશક્ત, નકામું તથા અળખામણું લાગે એવું થતું જતું હોવાથી સ્વજનો પણ અપમાન કરે છે ઇત્યાદિ અનેક દુઃખો જરા અવસ્થામાં છે. એ રીતે બાળપણ ને ઘડપણના મળી બાર હજાર દિવસો ફોગટ ગયા.

હવે જે છ હજાર દિવસો જુવાન અવસ્થાના રહ્યા તેમાં પણ કોઈ વાર શરીરમાં અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે, રોગથી મુક્ત થાય તો કોઈ સ્વજનના વિયોગનું દુઃખ પડતાં વિલાપ કરવામાં દિવસો

શ્લોક—**वलिभिर्मुखमाक्रान्तं, पलितै रङ्कितं शिरः ॥**
गात्राणि शिथिलायन्ते, तृष्णैका तरूणायते ॥

અર્થ:—ઘડપણમાં મોંની ચામડી સુકાઈ ને કરચલીવાળી થઈ ગઈ, માથાના વાળ ધોળા થઈ ગયા, અને બીજાં બધાં અંગો ઢીલાં પડી ગયાં, છતાં એક તૃષ્ણા જૂવાન થઈ રહી છે.

શ્લોક-**भोगा न भुक्ता, वयमेव भुक्ताः । तपो न तप्तं, वयमेव तप्ताः ॥**
कालो न यातो, वयमेव याताः । तृष्णा न जीर्णा, वयमेव जीर्णाः ॥

અર્થ:—વૃદ્ધ પુરુષે ભોગોને ભોગવ્યા નહિ પણ ભોગોથી પોતે ભોગવાઈ ગયો. એટલે, પોતે ભોગને છોડયા નહિ પણ ભોગોએ તેને છોડી દીધો. તપ કરીને તેણે શરીરને સૂકવ્યું નહિ પણ દુઃખ–ઉપાધિરૂપી તાપ વડે શરીર સાવ જીર્ણ ને દૂબળું થઈ ગયું. કાળને તેણે જીત્યો નહિ પણ કાળે તેને જીતી લીધો એટલે મરણ પામ્યો. તૃષ્ણા ઘરડી ન થઈ, પણ પોતે જ ઘરડો થઈ ગયો.

જાય છે. એમાંથી પણ કંઈ આરામ મળે ત્યાં તો લેણુ, દેણુ, આબરૂ, લાભ, હાનિ, તેજી, મંદી, કજીયા, કંકાસ, સગપણ, વિવાહ, વગેરે અનેક ઉપાધિઓ આવી પડે છે, હે! હિસાબી સુજ્ઞ બંધુઓ! હવે વિચાર તો કરો કે સો સો વર્ષનું આયુષ્ય છતાં તેમાંના કેટલા દિવસો તમે સુખમાં ગાળી શકો છો?

વળી, કહ્યું છે કે :–

ગાથા—गब्भाइमज्जंति बुयाबुयाणां, नरा परा पंचसिहा कुमारा ॥
जोवणगा मज्झमा थेरगायं, ययंति आयुक्खय पलीणा ॥

સૂયગડાંગ સૂત્ર

સારાંશ–ભોગ ભોગવવા ટાણે નવ લાખ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય સ્રીના ગર્ભાશયમાં ઊપજે છે. એમાંના એક, બે કે ચાર જીવતા રહે છે. બાકીના બધા પુરુષના વીર્યના સ્પર્શથી મરી જાય છે. તે પછી પણ કેટલાક ગર્ભાશયમાં તરતજ, કેટલાક ગર્ભાશયમાં થોડા મહિના થયા પછી, કેટલાક અન્ય અસહ્ય સંયોગ થવાથી, કેટલાક પ્રસવતાંજ આડા આવે છે, ત્યારે કાપીને કાઢવા પડે છે. તેથી કેટલાક જન્મ થયા બાદ મૂર્ખાઈને લીધે બાળપણમાં અને કેટલાક ભરજુવાનીમાં મૃત્યુ પામે છે. બધા વિઘ્નોથી બચી જો કોઈ ઘડપણ લગી ટકે છે તો તેનો છેવટ કાળ તો આવે જ છે.

જેમ ફરતી ઘંટીનાં બે પડ વચ્ચે જે દાણા આવ્યા તે આખા ને આખા રહેવાનો ભરોસો રહેતો નથી, ઘંટીના કેટલાક આંટા ફર્યા પછી તેનો લોટ થવાનો જ; તે પ્રમાણે કાળરૂપ ઘંટી છે, તેનાં બે પડ છે; ભૂતકાળરૂપી નીચેનું એક સ્થિર પડ * અને ભવિષ્ય કાળરૂપી

× શ્લોક—आदित्यस्य गतागतै रहरहैः, संक्षीयते जीवितं ।
व्यापारै र्बहुकार्यभारगुरुभिः, कालो न विज्ञायते ॥
द्रृष्ट्वा जन्म जरा विपत्ति मरणं त्रासश्चनोत्पद्यते ।
पीत्वा मोहमयीं प्रमाद मदीरा, मुन्म–तीभूत जगते ॥

અર્થ:—સૂર્યનો ઉદય–અસ્ત થવાથી દિવસે દિવસે આયુષ્ય ઘટતું જાય છતાં અનેક કામકાજ અને ઉપાધિઓમાં ગૂંચાયો હોવાથી જીવને કાળની ખબર

ઉપરનું ફરતું પડ એમ બે પડ છે; એ બે પડની વચમાં સાંસારિક અનંત જીવો આવેલા છે. હવે એ જીવોની કાયાનો શો ભરોસો કે આટલા દિવસની અંદર કાયા પડી જઈ તેની ભસ્મ થશે જ ! એમની કાયાનો એક દિવસ અંત આવશે એટલી વાત તો નક્કી જ છે.

કરોડ ઉપાય કરે પણ કાળથી કોઈ બચે નહિ. વળી, કાળ ગમે ત્યારે આવીને ઊભો રહે છે. તે શુભ કે અશુભ, સુખ, દુઃખ, રાજા, રંક, બાળક, યુવાન, વૃદ્ધ, વગેરેનો કંઈ પણ વિચાર કરતો નથી; વગેરે વગેરે વિચાર કરતાં લાંબી આવરદા હોવી એ મહા દુર્લભ છે અને કદી હોય તો એ મહાભાગ્યની ને પુણ્યની નિશાની છે, પણ તેમાં ધર્મકરણી કરવાને જરા પણ પ્રમાદ ન કરવો.

૫. પૂર્ણ ઈંદ્રિયો

૫. પૂર્ણ ઇન્દ્રિયો —લાંબું આયુષ્ય પણ કોઈ પુણ્યના જોગથી મળી ગયું પણ તેટલાથી કંઈ આત્મકાર્ય સિદ્ધ થતું નથી. લાંબા આયુષ્યની સાથે 'પાંચે ઇંદ્રિય પૂરી ને નીરોગી' એ પાંચમું સાધન મળવું ઘણું કઠિન છે. પાંચ ઇંદ્રિયો નિરોગી મળ્યા વિના ધર્મકર્મ થઈ શકતું નથી.

શાસ્ત્રમાં કહ્યું છે કે :– ॥ जाविंदिया न हायंति ताव धम्मं समायरे ॥ જ્યાં લગી ઇંદ્રિયોની નિર્બળતા નથી થઇ ત્યાં લગી ધર્મ-કરણી કરી લે. કાને બહેરો હોય તે ધર્મશ્રવણ કરી શકે નહિ અને ધર્મશ્રવણ વિના મોક્ષજ્ઞાન પણ ન થાય. આંધળા માણસને પણ ધર્મશ્રવણ વિના મોક્ષજ્ઞાન ન થાય. આંધળો માણસ ધર્મશ્રવણ કરે પણ આંખો વિના જીવોની દયા (જતના) શી રીતે પાળી શકે ? માટે પંચ ઇંદ્રિયો નીરોગી મળવી મહા મુશ્કેલ છે.

પડતી નથી. વળી કેટલાકને પોતે જન્મ, જરા અને મરણનાં દુઃખો ભોગવતાં જુએ છે છતાં ત્રાસ થતો નથી કે હું પણ મરી જવાનો છું, માટે શુભ ધર્મ-કર્મ સાધી લઉં ! ! નિશ્ચય એ સત્ય છે કે મોહથી ભરેલો પ્રમાદરૂપી દારૂનો પ્યાલો પીને જગત ઉન્મત્ત (ગાંડુ) બની ગયું છે.

૬. નીરોગી શરીર

૬. "નીરોગી શરીર" પૂર્ણ તંદુરસ્ત શરીરની પ્રાપ્તિ" એ છઠ્ઠા સાધન-વિના ધર્મક્રિયા બનવી મુશ્કેલ છે. કોઇક પૂરા ભાગ્યશાળીને જ પૂર્ણ નીરોગી શરીર સદા કાળ માટે રહે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે, ॥ वाही जाव न वड्ढइ ताव धम्मं समायरे ॥ જ્યાં લગી શરીરમાં વ્યાધિએ જોર નથી કર્યું ત્યાં લગી ધર્મ કરી લે. આપણા શરીરમાં પાંચ કરોડ, અડસઠ લાખ, નવાણું હજાર, પાંચસો ચોરાસી (૫૬૮૯૯૫૮૪) રોગો ગુપ્તપણે રહેલા છે. પુણ્ય કર્મનો ઉદય છે ત્યાં સુધી તે સર્વ રોગો અંદર દબાઈ રહેલા છે. પણ જ્યારે પાપનો ઉદય થયો કે તરત તે રોગો બહાર નીકળી થોડી વારમાં શરીરનો વિનાશ કરી નાંખશે. તાવ, માથાનો દુઃખાવો, પેટમાં વાયુની પીડા, વગેરે રોગ હંમેશાં રહ્યા કરે તો ધર્મકરણી શી રીતે બને ?

કહ્યું છે કે, "પહેલું સુખ નીરોગી કાયા." જો શરીર નીરોગી હોય તો તમામ કામ સારાં લાગે છે, અને દાન, જપ, તપ, ધ્યાન, સંવર, વગેરે મોક્ષકરણી સધાય છે. માટે શરીર નીરોગી મળવું ઘણું મુશ્કેલ છે.

કોઈ કોઇ સ્થળે છઠ્ઠા સાધન તરીકે નીરોગી શરીરને બદલે "ધનની જોગવાઈ" પણ ગણાવેલ છે.

મરાઠી ભાષામાં કહે છે કે, "પહિલે પોટોબા, મગ વિઠોબા" એટલે પ્રથમ ગુજરાનનું પૂર્વ સાધન મળે તો પછી પરમેશ્વરનું નામ યાદ આવે છે. લક્ષ્મીનો રૂડો જોગ હોય અને તેમાં સંતોષરૂપી ગુણ ભળે તો નિશ્ચિંતતાથી ધર્મધ્યાન કરી શકાય છે. માટે લક્ષ્મીની જોગવાઇ પણ મળવી મુશ્કેલ છે.

૭. સદ્ગુરૂ સંગ

૭. સદ્ગુરૂ સંગ—અગાઉની છ જોગવાઈઓ તો જીવને અનંતી વાર મળી છતાં કાર્યસિદ્ધિ ન થઈ, કેમ કે સાતમું સાધન "સદ્ગુરુની

"સંગત" મળવી બહુ જ કઠણ છે. આ જગતમાં પાખંડી, દુરાચારી, સ્વાર્થી, ઢોંગી ગુરુઓ તો ઘણા છે અને એવાને માનનારા ભોળા લોકો પણ ઘણા છે.

એક સ્થળે કહ્યું છે કે :—

દોહરો—પાખંડી પૂજાય છે; પંડિત પર નહિ ધ્યાન;
ગોરસ લ્યો ઘરઘર કહે, દારૂ મળે દુકાન.

દૂધ જેવો ઉત્તમ પદાર્થ વેચવા દૂધવાળી ઘેર ઘેર ફરે છે છતાં દૂધ લેનારા ઘણા થોડા નીકળે છે ! ! પણ દારૂ–શરાબ જેવી મહા અપવિત્ર ને નિંદ્ય ચીજ તેના પીઠામાં જ વેચાય છે, છતાં ત્યાં જોઈએ તો લેનારાની કેટલી ભીડ થઈ હોય છે ! એ પ્રમાણે ગામે ગામ વિચરનારા ઉત્તમ ગુરુને માનનારા જગતમાં થોડા હોય છે. પણ પાખંડીઓને સત્કાર સન્માન આપનારા, તેમની આજ્ઞા ઉઠાવી તે પ્રમાણે ચાલનારા, તેમના પર ધન–કુટુંબ વગેરે કુરબાન કરનારા, અરે અફસોસ કે પોતાની પ્યારી ધર્મપત્નીને પણ તેમની સેવામાં પ્રેમદારૂપે હાજર કરનારા આ જગતમાં ઘણા માણસો છે. આથી વધારે અજ્ઞાનપણું ને ભોળપણ બીજું શું હોઈ શકે !

કહ્યું છે કે,

દોહરો—ગુરુ લોભી ચેલા લાલચુ, દોનોં ખેલે દાવ,
દોનોં બૂડે બાપડે, બેઠ પથ્થરકી નાવ;

લોભી ગુરુઓને ચેલા પણ લાલચુ મળે છે; બંને પોતપોતાના સ્વાર્થના દાવ ખેલી એકબીજાને અને આ દુનિયાના ભોળા લોકોને ભરમાવી અનેક ચાળે ચડાવે છે. પણ એવા ગુરુઓ અને ચેલાઓ આખરે સંસાર સાગરના કીચડમાં ખૂંચી અનેક દુઃખ ભોગવે છે; જેમ પથ્થરના બનાવેલા વહાણ પર બેસનાર ખલાસી અને ઉતારુઓ સર્વે ડૂબી મરે છે; તેવી રીતે લોભી ગુરુ અને લાલચુ ચેલાના હાલ થાય

છે. એવા પાખંડીઓને મળવાથી આત્મકલ્યાણ શી રીતે બને? જેને પોતાનો નીચ સ્વાર્થ સાધવાની જ સગાઈ છે અને ચિત્ત પણ સ્વાર્થમાં જ મશગૂલ છે તેઓ બીજાને શી રીતે તારી શકે?

દોહરો—કાનિયા! માનતા કર, તું ચેલો હું ગર,
રૂપિયો નાળિયેર ધર, ચાહે ડૂબ કે તર.

પાખંડી ગુરુ પોતાના ભોળા ભક્તને કહે છે કે-હે કાનિયા! મારી માનતા કર. કારણ કે તું મારો ચેલો થયો છે અને હું તારો ગુરુ છું. રૂપિયો ને નાળિયેર મારાં ચરણમાં ધરી દે, પછી ચાય તો તું ડૂબ કે મર, તેની મને પરવા નથી!! એ પ્રમાણે જેઓ કનક અને કાન્તાને સેવનારા, છકાયનો આરંભ કરનારા, સંસારીઓથી પણ વિશેષ ઘાતકી, લોભી ને લંપટ એવા ગુરુઓ પોતે પણ ડૂબે છે અને પોતાના ચેલાઓને પણ પાતાળમાં (નરકગતિમાં) લેતા જાય છે.

જે ગુરુ લોભી હશે તેને બીજાની ગરજ હશે જ અને તેથી ખરેખરો બોધ કે જ્ઞાન તે આપશે નહિ. તે એમ સમજશે કે જો ભક્તને વધુ કહેવાશે તો તેને ખોટું લાગશે અને ફાળામાં (ખરડામાં) ઓછા રૂપિયા મંડાવશે! એટલા માટે શ્રોતા લોકોને સારૂં સારૂં લાગે તેવું ઝટ ઝટ સંભળાવી મતલબ સાધી લે છે. શ્રોતાઓ ડૂબે કે તરે તેનું તેને કામ નથી!! તેને તો માત્ર રૂપિયો વગેરે હાથ કરવા સાથે જ લેવાદેવા છે!! એવા પાખંડી ગુરુઓને માટે નીચેનું કાવ્ય યોગ્ય છે.

સવૈયા

છોડકે સંસાર છાર, છારસે વિહાર કરે,
માયાકો નિવારી, ફિર માયા દિલ ધારી હૈ ।।
પિછલા તો ધોયા કીચ, ફિર કીચ બીચ રહે,
દોનો પંથ ખોયે, બાત બની સો બિગારી હૈ ।।

સાધુ કહલાય નારી, નિરખત લોભાય ઔર,
　　કંચનકી કરે ચ્હાય, પ્રભુતા પસારી હૈ ।।
લીની હૈં ફકીરી, ફિર અમીરીકી આશ કરે,
　　કાયકો ધિક્કાર સિરકી પગડી ઉતારી હૈ ।।

જે કોઈ સુજ્ઞજનને સુખદાતા સત્યધર્મની ઇચ્છા હોય તો તેણે કનક અને કાંતાના ત્યાગી, નિર્લોભી, સદ્‌ગુરુ શોધી તેનો સ્વીકાર કરવો. એવા સદ્‌ગુરૂ જ સત્ય ધર્મની પ્રાપ્તિ કરાવશે અને મિથ્યાત્વ રૂપ અંધકારનો * નાશ કરાવશે, શુદ્ધ ઉપદેશ કરનાર ગુરુમાં જે ૨૫ ગુણો હોય તે દર્શાવે છે.

સદ્‌વક્તાના ૨૫ ગુણો

૧. દઢ શ્રદ્ધાવંત ઉપદેશક સદ્‌ગુરૂ પૂર્ણ શ્રદ્ધાળુ હોય તો જ શ્રોતાઓને શંકારહિત કરી દઢ શ્રદ્ધાવંત બનાવી શકશે.

૨. 'વાચના કલાવંત' વાંચવા સાંભળવાની કળામાં કુશળ હોય. કોઈ પણ પ્રકારનાં શાસ્ત્રો વાંચતાં જરા પણ અટકે નહિ. શુદ્ધતા અને સરળતાથી શાસ્ત્ર સુણાવે.

૩. 'નિશ્ચય અને વ્યવહારના જાણકાર' જે વખતે જેવી પરિષદ (સભા) અને અવસર હોય તે પ્રમાણે શ્રોતાજનના આત્માને રુચે અને તેઓ ધારણ કરે તેવો સદ્‌બોધ આપે.

૪. 'જિનાજ્ઞાના ભંગથી ડરે'—એક દેશના રાજાની આજ્ઞા ભંગ કરવાથી શિક્ષા થાય છે, તો ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાનની આજ્ઞાનો ભંગ કરશે તેના શા હાલ થશે ! ! એવું જાણી વીતરાગદેવની આજ્ઞા વિરૂદ્ધ પ્રરૂપણા (ઉપદેશ) ન કરે.

---

* **गुकारस्त्वन्धकारः स्यादुकारस्तन्निरोधकः ॥**
अन्धकार विनाशित्वाद, गुरूस्त्वभिधीयते ॥

અર્થાત્:—'**गु**' પદ અંધકાર માટે છે, અને '**रू**' પદ તે અંધકારના નાશ માટે છે, માટે અંતકરણના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે તે ગુરુ કહેવાય છે.

૫. 'ક્ષમાવંત'–ક્રોધી હશે તે પોતાના દુર્ગુણથી ડરશે અને તેથી ક્ષમા વગેરે ધર્મની યથાતથ્ય સ્થાપના કરવી જોઈએ તેવી પ્રરૂપણા નહિ કરી શકે. વળી કોઇ વખત ક્રોધ કરતાં રંગમાં ભંગ કરી નાખશે; માટે ઉપદેશક (વક્તા) ક્ષમાવંત હોવા જોઇએ.

૬. 'નિરભિમાની'–વિનયવંતની બુદ્ધિ ઘણી પ્રબળ રહે છે અને તેથી યથાતથ્ય ઉપદેશ કરી શકે છે. અભિમાની સત્યાસત્યનો વિચાર કરતો નથી. પોતાની ખોટી વાતને અનેક કુહેતુ ઉપજાવીને સિદ્ધ કરશે અને બીજાની વાતને ઉત્થાપશે.

૭. 'નિષ્કપટી'–સરળ હોય તે જ યથાતથ્ય ઉપદેશ કરી શકે છે. કપટી હોય તે તો પોતાનો દુર્ગુણ છુપાવવા માટે ખરી વાતને ફેરવી નાખશે.

૮. 'નિર્લોભી'–નિર્લોભી ઉપદેશક હંમેશાં બેપરવા રહે છે. રાજા અને રંક સૌને એકસરખો સત્ય ઉપદેશ કરી શકે છે.× પણ

× દૃષ્ટાંત–કોઈ લોભી અને લાલચુ પંડિત એક મલેચ્છરાજાની સભામાં અજાણપણાથી બોલી ઉઠયો,

શ્લોક :— "तिलसर्षप मात्रंतु, ये नरा मांसं भक्षन्ति ।
ते नरा नरकं गच्छन्ति, यावच्चंद्रदिवाकरौ ॥"

અર્થાત્–જે માણસ તલ કે સરસવના દાણા જેટલું પણ માંસ ખાશે તે નરકગતિમાં જશે અને જ્યાં લગી સૂર્ય ચંદ્ર રહેશે ત્યાં લગી મહા દુઃખ પામશે.

પંડિતનો શ્લોક સાંભળી રાજા બોલ્યો, અમે તો પેટ ભરીને માંસ ખાઈએ છીએ, પણ તલ ને સરસવના દાણા જેટલું ખાતા નથી, તો અમારી શી ગતિ થશે ?

પંડિત બોલ્યા કે, આપ તો વૈકુંઠમાં જશો. કારણ કે શ્લોકમાં તો તલ જેટલું માંસ ખાનારને નરક ગતિ કહેલી છે, પણ પેટ ભરીને જે ખાશે અને પોતાના આત્મદેવને સંતોષ ઉપજાવશે તેને તો સ્વર્ગ મળશે. આ તરફ નરક કુંડ છે અને પેલી તરફ સ્વર્ગ કુંડ છે. પેટ ભરીને ખાનાર જોરથી ઠલંગ મારશે તો સ્વર્ગમાં જઈ પહોંચશે. જુઓ આ લોભી પંડિતોનો ઉપદેશ !

જે લોભી ને ખુશામતખોર હોય તે શ્રોતાનાં મનને દુઃખ ન લગાડવા સત્ય વાતને ફેરવી નાખે છે.

૯. 'શ્રોતાઓના અભિપ્રાયનો જાણનાર'–જે જે પ્રશ્નો શ્રોતાના મનમાં ઊપજે તે તેમની મુખમુદ્રાથી જાણી તેનું પોતે જ સમાધાન કરી દે.

૧૦. ધૈર્યવંત–શ્રોતાઓના હૃદયમાં ઊતરે તે રીતે દરેક બાબત ધીરજથી કહે. પ્રશ્નોના ઉત્તર પણ મધુરતાથી તેમ જ પૂછનારના મનમાં ઠસી જાય તે રીતે સંક્ષેપમાં કહે.

૧૧. 'હઠાગ્રહ નહિ'–કોઈ પણ પ્રશ્નનો ઉત્તર પોતાને ન આવડે તો હઠ પકડી જૂઠી સ્થાપના ન કરે. પણ નમ્રતાથી કહે કે મને એ પ્રશ્નનો ઉત્તર આવડતો નથી, તેથી કોઈ જ્ઞાની મહાશયને પૂછી નિશ્ચય કરી જવાબ આપીશ.

૧૨. ' નિંદ્ય કર્મથી રહિત '–ચોરી, વ્યભિચાર, વિશ્વાસઘાત, વગેરે નિંદ્ય કામો તેણે કર્યાં ન હોય. કારણ કે સદ્‌ગુણી હોય તે જ કોઇથી દબાતો નથી.

૧૩. 'કુળહીન ન હોય' (કુલીન હોય)–હલકા કુળનો હોય તો શ્રોતાઓ તેની મર્યાદા રાખે નહિ. અને તેનાં સત્ય વચન પણ માન્ય ન કરે.

૧૪. 'અંગહીન ન હોય'–અંગહીન હોય તો શોભે નહિ.

૧૫. 'કુસ્વરી ન હોય.'–ખરાબ અવાજવાળાનાં વચનો શ્રોતાને સારાં લાગતાં નથી.

૧૬. બુદ્ધિમાન હોય,

૧૭. મિષ્ટ વચની હોય,

૧૮. કાંતિવાળો હોય.

૧૯. સમર્થ હોય, એટલે ઉપદેશ દેતાં થાકે નહીં.

૨૦. ઘણા ગ્રંથોનું અવલોકન કર્યું હોય.

૨૧. અધ્યાત્મ અર્થનો જાણ હોય.

૨૨. શબ્દના રહસ્યનો જ્ઞાતા હોય.

૨૩. અર્થનો સંકોચ તથા વિસ્તાર કરી જાણે.

૨૪. અનેક યુક્તિ તથા તર્કનો જ્ઞાતા હોય.

૨૫. સર્વે શુભ ગુણયુક્ત હોય.

એ ૨૫ ગુણ જેનામાં હોય તે જ અસરકારક ને યથાર્થ સદુપદેશ આપી શકે. એવા * ગુણયુક્ત સદ્વક્તા સાધુનો જોગ મળવો ઘણો મુશ્કેલ છે.

સદ્ગુરુના સંગથી ૧૦ ગુણોની પ્રાપ્તિ થાય છે એમ શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે.

ગાથા :— **सवणे नाणेय विन्नाणेय, पच्चक्खाणे य संजमे ॥**
अणण्हये तवे चेव, वोदाणे अकिरिया सिद्धि ॥

ભગવતી ૨/૫

---

* સદ્દષ્ટ તરંગિણી નામે દિગંબર આમ્નાયના ગ્રંથમાં કહ્યું છે કે :— વક્તા આઠ ગુણનો ધારણહાર હોવો જોઈએ—

શ્લોક :— **समदमधर बहुणाणी, साद्ध लोकोय भाववेत्ताओ**
विछखिमय वीयरागो सिसाहित उच्छोया अेव गुरुपुज्जो ॥

અર્થ :—(૧) સમભાવી એટલે ક્ષમાવંત (૨) દમિતેંદ્રિય. (૩) શ્રોતાઓથી અધિક જ્ઞાની, (૪) સર્વ જીવોના સુખનો ઈચ્છનાર. (૫) લૌકિક સાધનોની કળાનો જ્ઞાતા. (૬) ક્ષમાવંત. (૭) વીતરાગી અગર વીતરાગના માર્ગનો અનુયાયી અને, (૮) શિષ્યના હિતને ઈચ્છનારો તે ગુરુ પૂજ્ય છે.

અર્થ :-સાધુના સમાગમે પ્રથમ જ્ઞાન સાંભળવાનો જોગ બને. (૨) જે સાંભળે તેને અવશ્ય જ્ઞાન પ્રાપ્ત થશે. (૩) જ્ઞાન મેળવ્યા પછી વિજ્ઞાન (વિશેષ જ્ઞાન) થવું એ સ્વાભાવિક છે. (૪) જ્ઞાન થતાં સુકૃત અને દુષ્કૃતનાં ફળનો જ્ઞાતા થાય, તેથી દુષ્કૃતનાં પચ્ચખ્ખાણ કરે. (૫) દુષ્કૃતનાં પચ્ચખ્ખાણ થવાથી સંયમ (આસ્રવનું રૂંધન કર્યું માટે) થયો. (૬) આસ્રવનું રૂંધન કર્યું એટલે તીર્થંકરની આજ્ઞાનો આરાધક થયો. (૭) આસ્રવનું રૂંધન કર્યું અને તીર્થંકરની આજ્ઞાને આરાધી તે તપ છે. (૮) એ તપના પ્રભાવે કર્મ કપાય છે. (૯) કર્મ કપાયાથી અક્રિયાવંત એટલે અજોગી અને સર્વ પાપથી રહિત થાય છે. (૧૦) સર્વ પાપથી રહિત થાય તેને મોક્ષપ્રાપ્તિ એટલે સિદ્ધગતિ છે. એ પ્રમાણે સાધુના સંગ અને દર્શનથી મોટા મોટા લાભો થાય છે.

૮, શાસ્ત્રશ્રવણ

૮. શાસ્ત્રશ્રવણ—સદુપદેશ એટલે સદ્વક્તાનો જોગ પ્રાપ્ત થયો, પણ આત્માનું કલ્યાણ ન થાય. કારણ કે શાસ્ત્ર શ્રવણ કરવું એ આઠમું સાધન ઘણું મુશ્કેલ છે. આ દુનિયામાં ધર્મશાસ્ત્ર શ્રવણ કરવામાં રુચિ રાખનારા બહુ જ થોડા હોય છે.

કોઈ કહે કે ભાઈ! સાધુ મહારાજ પધાર્યા છે, વ્યાખ્યાન વાંચે છે, સાંભળવા વાસ્તે ચાલો. તેનો ઉત્તર સામો માણસ એવો આપે કે, સાધુ તો નવરા છે! એમને એ વિના બીજું કામ જ નથી! આપણી પાછળ તો બાળબચ્ચાં, ઘરબાર, ધંધો, વગેરે અનેક ઉપાધિ લાગી છે. શું આપણે સંસાર છોડી બાવા થવું છે કે વખાણવાણી સાંભળ્યા કરીએ!

એવામાં કોઈ બીજો માણસ આવીને કહે કે, આજ નવીન પ્રકારનું નાટક આવ્યું છે. એ સાંભળતાં તરત પૂછશે કે કોનું નાટક છે? ટિકિટનો શો ભાવ છે? આજ શાનો ખેલ છે? મહેરબાની કરીને અમને સાથે લઈ જશો?

એમ કહી માબાપની આજ્ઞા લીધા સિવાય, બાળબચ્ચાંને રોતાં મૂકી, ભૂખ, તરસ, ટાઢ, તાપ, અંધારું,વગેરે કશાની દરકાર રાખ્યા વગર ટાઈમ પહેલાં ત્યાં પહોંચે. મહા પાપથી કમાયેલો પૈસો વાપરીને ટિકિટ લે, નીચ જાતિવાળાના ધક્કા ખાતો અંદર જાય, અંદર બેસવાની જગા ન મળે તો આંખો ચોળી, પાણી છાંટી પરાણે જાગૃત રહે ! જાણે કેમ બાપનો ગરાસ હાથ કરવો હોય ! પેશાબ અટકવાથી અને ટાઈમ પ્રમાણે ઊંઘ ન લેતાં ઉજાગરો કરવાથી અનેક રોગ ભોગવવા પડે છે વળી એ નાટકમાં કૃષ્ણ, રુક્મણિ, ઇત્યાદિ ઉત્તમ પુરુષો અને સતીઓની સામે કુદૃષ્ટિથી જુએ, કુચેષ્ટા કરે. જો કોઈ માણુસ પ્રેક્ષકની માબહેનનાં રૂપો બનાવી નાટકશાળામાં નાચે તો પ્રેક્ષકને કેટલું ખરાબ લાગે ?

અરે અજ્ઞાનીઓ ! જરા વિચાર તો કરો કે જેને તમે પરમેશ્વરરૂપે, સંતરૂપે અને સતીરૂપે માનો છો એનું નાટક તમે નાચી કૂદીને જુઓ છો ! કંઇ લજ્જા નથી આવતી ! જેની પૂજાભક્તિ, સ્મરણાદિથી તમે દુનિયામાં સુખ ભોગવો છો એને જ તમે ઊંચે આસન પર બેસીને દાન પુણ્ય કરો છો ? કંઇ શરમ આવે છે કે નહિ ! એવા અધર્મી, મહાપાતકી નાટકચેટક, ભાંડ ભવાયાના ખેલમાં દોડયા દોડયા જાઓ છો અને ધર્મશાસ્ત્ર શ્રવણ કરવામાં લજ્જા આણો છો અને બહાનાં બતાવો છો ! મહાપાપીના નસીબમાં ઉત્તમ ધર્મ શી રીતે આવે ?

વળી, કેટલાક કહે છે કે અમારાથી ધર્મકરણી બને નહિ. તેથી સાંભળવાથી શો લાભ ? એવાને માટે એનો જવાબ એ છે કે, ભાઇ ! જે સાંભળશે તે અવશ્ય એક દિવસ કરશે. જેમ કોઇએ સાંભળ્યું કે, ફલાણા મકાનમાં ભૂત રહે છે, તો તે મકાનમાં તેનું ચાલશે ત્યાં લગી તે જશે નહિ. કદી જવાની જરૂર પડી તો પણ મનમાં ડરશે કે અહીં ભૂત થાય છે; રખેને મને કંઈ હરકત કરે. ત્યાં એક પહોરનું કામ હશે તો એક ઘડીની અંદર તે કામ પૂરું કરી તે મકાનમાંથી તરત નીકળી જશે. એ મકાનની અંદર રહેશે ત્યાં લગી બીકણ બની રહેશે. એ પ્રમાણે શાસ્ત્ર શ્રવણ કરવા આવનાર એમ

સાંભળે કે અમુક કામથી પાપ લાગે તો બનશે ત્યાં લગી તે કામ તે નહિ કરે. કદાપિ ઘણી જરૂર પડી ને તે પાપકારી કામ કરવું પડયું તો પાપના ડરથી થોડામાં પૂરું કરશે અને પાપથી ડરતો રહેશે. એમ કરતાં કરતાં એક દિવસે પાપને પણ છોડી દેશે.

કેટલાક વળી એમ પણ કહે છે કે, ધર્મશાસ્ત્રોના શ્રવણમાં અમને સમજણ નથી પડતી. તેથી સાંભળીને શું કરવું! એનો ઉત્તર એ છે કે કોઇને સર્પ અગર વીંછી કરડે છે ત્યારે તેનું ઝેર ઉતારવા સારુ મંત્રવાદી તેની સામે બેસી મંત્ર ભણે છે. ઝેરથી પિડાતા માણસને એ મંત્રોની કોઈ સમજણ પડતી નથી, છતાં ઝેર તો ઊતરે છે. એવી રીતે સૂત્ર સાંભળવાથી પોતાનાં પાપો ઓછાં થશે. સાંભળતાં સાંભળતાં સમજણ પડવા લાગશે, એમ સાંભળવાથી અવશ્ય લાભ થશે જ.

કહ્યું છે કે :–

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ॥
उभयंऽपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥

[દશ. ૪-૧૧]

અર્થ—શાસ્ત્ર શ્રવણ કરશે તો જાણશે કે અમુક કામોથી પુણ્ય થાય છે, અને અમુક કામોથી પાપ થાય છે. પુણ્ય-પાપથી અનુક્રમે સુખ અને દુઃખ થાય છે. એ બંનેનાં ફળ જાણી જે શ્રેયકારી માલૂમ પડે તેનો સ્વીકાર કરશે. એટલા માટે અવશ્ય સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળવો જોઈએ.

શ્રોતાના ગુણો

(૧) ધર્મની ખાસ પરીક્ષા હોય. જેમ કોઇને અમુક સારી વસ્તુની પસંદગી કરવી હોય તો તે વસ્તુની કેટલીય રીતે પરીક્ષા કરે છે. જેમ કે એક પૈસાનો માટીનો ઘડો લેવો હોય તો પણ તેને ઊંચે નીચે અંદર તપાસીને લે છે. વળી, ઘરેણાંને તપાવીને પરીક્ષા કરે છે. લૂગડાનું પોત અને કુમાશ જોઈ પરીક્ષા કરે છે. ઇત્યાદિ સર્વ વસ્તુઓ જુદી જુદી રીતે પરીક્ષા કરી લેવાય છે. એવી નાશવંત વસ્તુઓ ભલે પરીક્ષા

કરીને લીધી હોય તેમ જ તેને ઘણી સંભાળથી સાચવી હોય તો પણ તેનો નાશ થાય છે. વળી, તેવી વસ્તુ સુખ દેનારી હોય છતાં દુઃખ આપનારી પણ નીવડે છે.

હવે ધર્મ જેવી વસ્તુ તો સદા સુખ જ આપનારી છે, તેમ કોઇ દિવસ તેનો વિનાશ પણ થતો નથી. તેની તો પૂર્ણ પરીક્ષા કરવી જોઇએ. એમાં કોઈ શક નથી, છતાં ધર્મની પરીક્ષા કરનારા માણસો ઘણા જ થોડા દેખાય છે.

એક કાવ્યમાં કહ્યું છે કે :–

अेक अेकके पीछे चले, रस्ता न कोई सूजता ।
अंधे फसे सब घोरमें, कहांतक पुकारे सूझता ॥
बडा उंट आगे हुवा, पीछे हुई कतार ।
सब हि डूबे बापडे, बडे उंटके लार ॥

એ પ્રમાણે દુનિયામાં અંધાધૂંધી અને આંધળાની હાર ચાલી રહી છે. અનાદિ કાળથી એવી જ રચના ચાલી આવે છે.

કેટલાક વળી એમ કહે છે કે અમારા બાપદાદાનો ધર્મ પરંપરાથી અમારા ઘરમાં પળાતો આવે તે અમે શી રીતે છોડીએ? પરંતુ એને એટલું પૂછીએ કે, ભાઇ ! તમારા બાપદાદા તો ગરીબ હતા છતાં તમે શા માટે પૈસાદાર થયા ? શું અત્યારે પૈસો છે તે ફેંકી તેમના જેવા ગરીબ થશો ? તમારા બાપદાદા તો આંધળા, લંગડા, કાણા અને બહેરા હતા, તો તમે પણ તમારું અંગ ભંગ કરી તેવા થશો ?" એવી રીતે કહીએ છીએ ત્યારે તેઓને ખરાબ લાગે છે અને ના પાડે છે. ત્યારે શું ઉત્તમ ધર્મનો સ્વીકાર કરવામાં બાપદાદા આડા આવે છે ? કે ના પાડવા આવે છે ?

ખરી રીતે, શ્રોતાઓએ ધર્મમાર્ગ વિષે જરા પણ પક્ષપાત રાખ્યા વિના તપાસ કરવી જોઇએ. જેમ સોનાની પરીક્ષા કરવા સારુ તેને કસવું, કાપવું, તપાવવું તથા ટીપવું પડે છે અને તે પછી તે ગ્રહણ

કરાય છે તેમ કુદરતી બુદ્ધિ સાથે તથા શાસ્ત્રોના ન્યાય સાથે ધર્મને* મેળવી પરીક્ષા કરી પછી ગ્રહણ કરવાની સુજ્ઞ જન ઇચ્છા રાખે છે.

(૨) દુઃખનો ડર હોય—જે નરકાદિક દુઃખથી ડરે તે જ ધર્મકથા શ્રવણ કરીને પાપકર્મ કરતાં ડરશે. પાપ કરવામાં નીડર હોય તેને ઉપદેશ શી રીતે લાગે? ×

(૩) સુખનો અભિલાષી હોય—જે સ્વર્ગ અને મોક્ષનાં સુખને માનતો હોય તે જ ધર્મકથા શ્રવણ કરી ધર્મમાર્ગમાં પોતાની શક્તિ વાપરશે.

(૪) બુદ્ધિમાન હોય-બુદ્ધિમાન હોય તે જ ધર્મનાં રહસ્યોને સમજી શકે, અને બુદ્ધિ વડે ચાળી, તોલ કરી સત્ય ધર્મનો સ્વીકાર કરશે.

(૫) મનન કર્તા હોય-સાંભળીને ત્યાં ને ત્યાં છોડી દે, તો તેને કંઈ ફાયદો થાય નહિ. જે કંઇ ધર્મની વાતો સાંભળે તે હૃદયમાં ધારી મનન કરી વિચારે તે જ સત્યાસત્યનો નિર્ણય કરનાર થાય.

(૬) ધારણ કરનાર હોય—ધર્મની બાબતો ઘણો વખત હૃદયમાં ધારણ કરી રાખે એવો હોય.

× ધર્મની પરીક્ષા કસી, છેદી અને તપાવીને કેવી રીતે કરવી તે નીચે દર્શાવ્યું છે. પ્રાણવધ વગેરે પાપસ્થાનોનો નિષેધ અને ધ્યાન અધ્યયન વગેરે સત્કર્મોની આજ્ઞા એ ધર્મનો કસ (કસોટી) છે. જે બાહ્ય ક્રિયા વડે ધર્મના વિષયમાં બાધા ન પહોંચે અર્થાત્ મલિનતા ન આવી શકે પણ પવિત્રતા વધતી રહે એને ધર્મ વિષે છેદ કહે છે. જેના વડે પૂર્વના કરેલા કર્મબંધ છૂટી જાય, અને નવીન કર્મબંધ ન થાય એ રીતે જીવાદિ પદાર્થોનું જેમાં કથન હોય એને ધર્મનો તાપ સમજવો. એ રીતે કસીને, છેદીને અને તાપ લગાડીને ધર્મની ત્રણ પરીક્ષા કરી પછી ગ્રહણ કરવો.

× દૃષ્ટાંત—કંદમૂળ ખાનાર એક જૈનને એક સાધુએ કહ્યું કે ઘણા પાપ કરશો તો નરકમાં જવું પડશે! જૈને પૂછ્યું—મહારાજ! નરકનાં સ્થાન કેટલાં? સાધુએ કહ્યું, નરક સાત છે. જૈને કહ્યું: અરે મહારાજ! હું તો પંદર નરક કમર પર બાંધીને બેઠો હતો અને આપે તો અર્ધાં પણ ન બતાવ્યાં, હવે ફિકર રહી નહિ! એવા નીડર શ્રોતાને ઉપદેશ શી રીતે લાગે?

(૭) હેય, જ્ઞેય અને ઉપાદેયના જ્ઞાતા હોય–હેય એટલે છોડવા યોગ્ય બાબત હોય તેને છોડે, જ્ઞેય એટલે જાણવાજોગ બાબત હોય તે જાણે અને ઉપાદેય એટલે અંગીકાર કરવા (આદરવા) જોગ બાબત હોય તે આદરે, એવો શ્રોતા હોવો જોઈએ.

(૮) નિશ્ચય અને વ્યવહારનો જ્ઞાતા હોય–સાંભળવામાં તો અનેક વાતો આવે છે. એમાંથી નિશ્ચયની વાતને નિશ્ચયમાં અને વ્યવહારની બાબતને વ્યવહારમાં સમજે. વિખવાદ–કલેશ કરે નહિ, જેમકે નિશ્ચયની અપેક્ષાએ તો જીવ અધૂરે આયુષ્યે મરે નહિ. પણ વ્યવહારની અપેક્ષાએ સાત કારણે આયુષ્ય તૂટી પણ જાય. એ પ્રમાણે અપેક્ષા સમજનાર હોય.

(૯) વિનયવંત હોય–સાંભળતાં સાંભળતાં સંશય ઊપજે તો અતિ નમ્રતાપૂર્વક એનો નિર્ણય કરે.

(૧૦) અવસરનો જાણ હોય–જે વખતે જેવો ઉપદેશ ચલાવવાનો અવસર હોય તે પ્રમાણે પોતે નમ્રતાથી ઉપદેશકને પ્રશ્ન પૂછી ઉપદેશ ચલાવવાનો યત્ન કરે.

(૧૧) દઢ શ્રદ્ધાવંત હોય–શાસ્ત્રના અનેક સૂક્ષ્મ ભાવ સાંભળી ચિત્તને ડામાડોળ ન કરે અને સત્ય વચનને હૃદયમાં સરધે. કોઈ વચન સમજણમાં ન ઊતરે તો પોતાની બુદ્ધિ ઓછી છે એમ ગણે.

(૧૨) ફળમાં નિશ્ચયવંત હોય–વ્યાખ્યાન સાંભળવાથી મને જરૂર ફાયદો થશે એવો દઢ નિશ્ચય રાખે.

(૧૩) ઉત્કંઠાવાળો હોય–ભૂખ્યાને ભોજનની, તરસ્યાને પાણીની, રોગીને ઓસડની, લોભીને ધનની અને ભૂલા પડેલાને સથવારાની જેટલી ઉત્કંઠા હોય છે તેટલી ઉત્કંઠા શ્રોતાને જિનેશ્વરની વાણી શ્રવણ કરવામાં હોવી જોઈએ.

(૧૪) રસગ્રાહી હોય–જેમ ક્ષુધાતુર માણસ ઇચ્છિત વસ્તુનો જોગ મળતાં પ્રેમથી તે વસ્તુ ભોગવે, તેમ જિનેશ્વરની ઉત્તમ વાણી સાંભળ-

વાનો જોગ મળ્યો હોવાથી તેમાંથી પૂર્ણ રસ ગ્રહણ કરે. ×

(૧૫) આ લોકના સુખની તથા માનકીર્તિની ઈચ્છા રહિત થઈ સુણે.

(૧૬) પરલોકમાં પણ એકાંત મોક્ષનાં હેતુ માટે જ સાંભળે.

(૧૭) વક્તા ઉપદેશકને તન, મન, ધનથી યથાયોગ્ય સહાય દે.

(૧૮) વક્તાનું મન પ્રસન્ન રાખે.

(૧૯) સાંભળેલી વાતની ચોયણા કરી નિશ્ચય કરે.

(૨૦) સાંભળ્યા પછી સગાં, સ્નેહી, પડોશી વગેરેની પાસે ધર્મ-કથા પ્રગટ કરી તેમને પણ ધર્મ ઉપર પ્રેમ ઉત્પન્ન કરાવે.

(૨૧) સર્વે શુભ ગુણોનો ગ્રાહક હોય.

× ઉત્તમ શ્રોતાના ગુણ વિષે

છપ્પય

શ્રોતા ગુણ છે પ્રથમ નેહ ભર નયણાં નીરખે,
હસ્ત વદન હોંકાર સાર પંડિત ગુણ પરખે;
શ્રવણ ધરે ગુરુ વચન, સુણતાં રાખે સરખે,
ભાવ ભેદ રસ પ્રીછ, રીઝ મન માંહી હરખે;
સમજે વિનય વિચાર, સાર ચતુરાઈ આગળા,
કહે 'કૃપા' એવી સભા, તબ દાખે પંડિત કળા. ૧

હવે કુશ્રોતાનાં લક્ષણો કહે છે.

છપ્પય

કોઇ બેઠા ઊંઘે જ, જાય કોઈ અધવચ ઊઠી,
હેરત કરે કોઈ ટોળ, કરે નિંદા બહુ રૂઠી,
કોઈ રમાડે બાળ, ધર્મ મત ગપ છે જુઠી,
કોઈ ન લેતા સાર, વચ્ચે કોઈ પાડે ત્રુટી;
ગળે હાથ 'કો' દઈ કરી, ગપ વચ્ચે ઘાલે ગળા,
કહે 'કૃપા' એવી સભા, પંડિત કયમ દાખે કળા! ૨

એટલા ૨૧ ગુણો શ્રોતામાં હોય તે યથાતથ્ય જ્ઞાન મેળવી પોતાના આત્માને તારે. ધર્મ પ્રાપ્ત કરે; માટે સદ્‌ગુરુના સમાગમ સમયે એવો શ્રોતા બનીને શાસ્ત્ર સાંભળવું ઘણું મુશ્કેલ છે *.

× સુદૃષ્ટતરંગિણી નામના દિગંબર આમ્નાય (મત) ના ગ્રંથમાં શ્રોતાના આઠ ગુણ વર્ણવ્યા છે.

ગાથા–वाच्छा सवणं गहण, धारण सम्मण पुसि उत्तराये ॥
णिच्चय एव सुमेवो, सोतागुण एव सुगासिवदे ॥

અર્થ :—

(૧) ધર્મની અને જ્ઞાનની વાંછા (ચાહના) વાળો.

(૨) એકાગ્રતાથી સાંભળનારો,

(૩) ગ્રહણ કરવા યોગ્ય ઉપદેશને યથાશક્તિ ગ્રહણ કરે એવો,

(૪) ગ્રહણ કરેલી બાબતને લાંબા કાળ સુધી ધારણ કરી રાખે એવો,

(૫) ધારેલી બાબતનું વારંવાર સ્મરણ કરે એવો,

(૬) સંશય ઊપજે તો તરત પૂછીને નિર્ણય કરે એવો,

(૭) જ્યાં લગી પૂરો ખુલાસો ન થાય ત્યાં લગી પૂછપૂછ કર્યા કરે એવો,

(૮) જે વાતનો સંવાદ કરે અગર શ્રવણ કરે તેનો નિશ્ચય કરે એવો,
એવા ૮ ગુણ શ્રોતામાં હોવા જોઈએ.

શ્રી નંદી સૂત્રમાં ૧૪ પ્રકારના શ્રોતા કહ્યા છે.

૧. 'ચાળણી જેવા'–જેમ ચારણી સારું સારું અનાજ છોડી પોતાનામાં અસાર (ફોતરાં, તણખલાં, કાંકરા, વગેરે) પદાર્થ ધરી રાખે છે. તે પ્રમાણે કેટલાક શ્રોતાઓ સદ્‌બોધ શ્રવણ કરી તેમાંથી સાર વસ્તુ, ગુણગ્રાહકપણું છોડી અસાર વસ્તુ અગર અવગુણને જ પકડે છે.

૨. 'મજ્જર જેવા'–જેમ માંજાર એટલે બિલાડી, દૂધને પ્રથમ જમીન ઉપર ઢોળી નાખે પછી જમીન પરથી તે દૂધ ચાટી ચાટીને પીએ છે એમ કેટલાક શ્રોતાઓ પ્રથમ વક્તાનું મન દુઃખાવી પછી ઉપદેશ શ્રવણ કરે છે.

૩. 'બગલા જેવા'–જેમ બગલા ઉપરથી ધોળા મજાના લાગે છે પણ અંદર કપટ રાખે છે કે ક્યારે માછલાને પકડી લઉં તેમ કેટલાક શ્રોતા ઉપરથી તો વક્તાની ભક્તિ કરે છે પણ અંતઃકરણ બગલાના જેવું મલિન હોય છે. જેણે જ્ઞાન શ્રવણ કરાવ્યું એની જ સાથે દગો કરે છે.

૯. શુદ્ધ શ્રદ્ધા

૯. શુદ્ધ શ્રદ્ધા—શાસ્ત્ર શ્રવણ કરવાનો જોગ તો મળ્યો પણ નવમું સાધન જે "શાસ્ત્ર સાંભળી તેના પર શુદ્ધ શ્રદ્ધા બેસવી" એ મહા મુશ્કેલ છે. સાંભળ્યું તો ઘણીએ વાર, પણ પ્રભુએ કહ્યું છે તેમ "सद्धा परम दुल्लहा" શ્રદ્ધા પરમ દુર્લભ છે.

જેઓ શાસ્ત્ર સાંભળવા જાય છે તેમાંના કેટલાક તો બાપદાદાના કુળની રીત છે માટે, કેટલાક પોતે જૈન કુળમાં અવતાર લીધો છે

---

૪. 'પાષાણ (પથ્થર) જેવા'--પથ્થર ઉપર વરસાદ વરસે તો ઉપર પલળ્યો લાગે છે પણ અંદર પાણીનો જરા પણ પ્રવેશ થતો નથી, તેમ કેટલાક શ્રોતાઓ સદ્‌બોધ સાંભળતાં ભારે વૈરાગ્યભાવ દેખાડે છે છતાં દુષ્કૃત્યો કરવામાં જરા પણ ડરતા નથી; તેથી જણાય છે કે અંદર તો કઠણ પથ્થર જેવા છે.

૫. 'સર્પ જેવા'—જેમ સર્પને દૂધ પાઈએ તો પણ તે દૂધનું ઝેર જ થાય છે તેમ કેટલાક શ્રોતાઓ પોતે જેની પાસેથી જ્ઞાન ગ્રહણ કર્યું તેની તથા તેના ધર્મની ઉત્થાપના કરવા મંડી જાય છે.

૬. 'ભેંસો જેવા'—જેમ પાડો પાણી પીવા ઉતરે છે ત્યારે પ્રથમ તે જ પાણીમાં પોદળો કરે છે, મૂતરે છે, અને પાણીને ડોળું મલિન બનાવી પોતે તે પીએ છે, તેમ કેટલાક શ્રોતાઓ સભામાં આવી પ્રથમ વિકથાઓ, કદાગ્રહ, કલેશ અને વિખવાદ કરી ગડબડ મચાવી દે છે, ઉપદેશ સાંભળે છે.

૭. 'ફૂટેલા ઘડા જેવા'—જેમ ફૂટેલા ઘડામાં પાણી રહેતું નથી. તેમ કેટલાક શ્રોતાઓ ઉપદેશ સાંભળીને ત્યાં ને ત્યાં મૂકી દે છે, તે બિલકુલ યાદ રાખતા નથી.

૮. 'ડાંસ જેવા'--કેટલાક શ્રોતા કુવચનરૂપી ચટકો ભરી, જ્ઞાનીના દિલને દુભાવી પછી જ્ઞાન ગ્રહણ કરે છે.

૯. 'જળો જેવા'—જળો જેમ સારુ લોહી છોડી ખરાબ લોહી પીએ છે, તેમ કેટલાક શ્રોતાઓ સદ્‌બોધને, સદ્‌બોધ દેનારને અને સદ્‌ગુણીને છોડી દુર્ગુણને તથા દુર્ગુણીને ગ્રહણ કરે છે.

એ નવ જાતના શ્રોતા અધમ, પાપાચારી અને કનિષ્ટ ગણાય.

માટે વ્યાખ્યાન સાંભળવું જોઇએ તેટલા માટે, કેટલાક પોતે નામાંકિત ગૃહસ્થ છે, સભામાં સૌથી આગળ બેસે છે, પોતાને સૌ ધર્મી કહે છે તેટલા માટે, કેટલાક પોતાના ગામમાં સાધુ પધાર્યા છે માટે ૫–૧૦ જણ મળીને સાંભળવા જવું જોઇએ. નહિ જવાય તો પોતાના ગામનું ઘણું ખરાબ કહેવાશે તેટલા માટે, કેટલાક લાભે લોભે એટલે 'કરુંગા

---

૧૦. 'પૃથ્વી જેવા' જેમ પૃથ્વીને વધારે ઊંડી ખોદે તેમ વિશેષ કોમળ (સુંવાળી) આવે છે અને બીજ ઉત્પત્તિ વિશેષ થાય છે તેમ કેટલાક શ્રોતાઓ પ્રથમ ઘણી તકલીફ આપી જ્ઞાન ગ્રહણ કરે, પણ ગુણવાન થઇ જ્ઞાનાદિ ગુણનો ફેલાવો ઘણી સારી રીતે કરે છે

૧૧. 'અત્તર જેવા'–અત્તરને જેમ મસળે તેમ તેમ વધુ ને વધુ સુગંધ આપે તેમ કેટલાક શ્રોતાઓ પ્રેરણા-બુદ્ધિવાળા હોઇ ઘણા હોશિયાર હોય છે અને જ્યાં જ્યાં જાય છે ત્યાં ધર્મરૂપી સુગંધ ફેલાવે છે.

૧૦ ને ૧૧ એ બે પ્રકારના શ્રોતા મધ્યમ છે.

૧૨. 'બકરી જેવા' જેમ બકરી નીતર્યું અને ઉપરનું જ પાણી પીએ છે, પણ પાણીને જરા પણ બગાડે નહિ તેમ કેટલાક શ્રોતાઓ ઉપદેશક વક્તાને જરા પણ તકલીફ દેતા નથી. તેમની અલ્પજ્ઞતા વગેરે દુર્ગુણ તરફ નજર કરતા નથી. પણ સદ્‌ગુણને ગ્રહણ કરી તૃપ્ત થાય છે.

૧૩. 'ગાય જેવા'–જેમ ગાય એંઠવાડ, ગંદવાડ વગેરે નિઃસાર પદાર્થને ખાઇને પણ ઉત્તમ દૂધ આપે છે, તેમ કેટલાક શ્રોતાઓ થોડું જ્ઞાન ગ્રહણ કરીને પણ, દાતાને આહાર, વસ્ત્ર, પાત્ર, શાસ્ત્ર, ઔષધ, ઇત્યાદિ ઇચ્છિત અને નિર્દોષ દાન દઇ, સત્કાર–સન્માન ગુણગ્રામ કરી ખૂબ સાતા ઉપજાવે છે,

૧૪. 'હંસ જેવા'–કેટલાક શ્રોતાઓ હંસની પેઠે શુદ્ધ મોતી જેવા, બાહ્ય ને અભ્યંતર અતિ પવિત્ર શાસ્ત્ર–વચન ગ્રહણ કરીને શાંત અને સર્વને સુખદાતા બને છે.

૧૨ થી ૧૪ એ ત્રણે પ્રકારના શ્રોતા ઉત્તમ છે.

એ પ્રમાણે ૧૪ પ્રકારના શ્રોતાના ગુણ જાણી અધમતા ત્યાગી, મધ્યમતા, ઉત્તમતા અને ગુણને યથાશક્તિ જે ગ્રહણ કરશે તે જ જ્ઞાનાદિ ગુણોને વરશે.

સમાઇ [1] તો હોવેગા કમાઇ [2]' 'કરીશ જો અઠાઈ [3] તો મળશે મીઠાઈ' એમ વિચારી સાધુ મહારાજનું મન બહુ જ ખુશ રાખે છે અને કંઈક મંત્ર, તંત્ર, જંત્ર, વગેરે બતાવી ન્યાલ કરશે, તેટલા માટે, કેટલાક માન મગરુરીથી એટલે વ્યાખ્યાનમાં જઈએ તો લોકોમાં ધર્મી કહેવાઈએ તેટલા માટે, કેટલાક દેખાદેખીથી એટલે પોતાનું કુટુંબ વગેરે સાંભળવા જાય છે તો પોતાને પણ જવું જોઈએ તેટલા માટે, કેટલાક મોટા માણસોની શરમને લીધે; એમ અનેક બહાને શ્રદ્ધા વગર જેઓ શ્રી વીતરાગની વાણી શ્રવણ કરે છે એને ધર્મજ્ઞાન અને તેના ઉત્તમ લાભ પ્રાપ્ત થવા મુશ્કેલ છે *.

દોહરો :—દીધી પણ લાગી નહિ, રીતે ચૂલે ફૂંક,
ગુરુ બિચારા શું કરે, ચેલામાંહી ચૂક.

અર્થ :—જેમ અગ્નિરહિત પણ રાખ સહિત ચૂલામાં ફૂંક મારવાથી મોઢું રાખથી ભરાઈ જાય પણ અગ્નિ પ્રદીપ્ત થાય નહિ. તેમ જ, અયોગ્ય શ્રોતાને ધર્મ સંભળાવતાં વક્તાને પરિશ્રમ પડે પણ ઉપકાર ન થાય, તેમાં જ્ઞાની ગુણી વક્તાનો કશો દોષ નથી.

વળી, ભર્તૃહરી કહે છે.

શ્લોક :—पत्र नैव यदा करीरविटपे, दोषो वसंतस्य किम् ॥
नोलुकोऽप्यवलोकते यदि दिवा, सूर्यस्य किं दुषणम् ॥
वर्षा नैव पतंति चातकमुखे, मेघस्य किं दुषणम् ॥
यद्भाग्यं विधिना ललाटलिखितं, कर्णस्य किं दुषणम् ॥

૧—સામાયિક.

૨—લાભ, કમાણી.

૩—આઠ ઉપવાસ

* यस्य नास्ति स्वयं प्रज्ञा, शास्त्र तस्य करोति किम् ।
लोचनाभ्यां विहीनस्य, दर्पणं किं करिष्यति ॥ ચાણક્યનીતિ

અર્થ :— આંધળાને દર્પણ નિરુપયોગી છે તેવી જ રીતે જેનામાં સ્વયં પ્રજ્ઞા નથી હોતી તેને શાસ્ત્ર નિરુપયોગી છે.

વસંત ઋતુ બેઠી છતાં કેરડાનાં ઝાડને પાંદડાં ન આવે તો તેમાં વસંત ઋતુનો શો દોષ ? જાજ્વલ્યમાન સૂર્યનો પ્રકાશ છતાં દિવસે ઘૂવડ ન દેખે તો તેમાં સૂર્યનો શો દોષ ? વરસાદ ખૂબ વરસ્યો છતાં ચાતક પક્ષીના મુખમાં પાણીનું ટીપું ન પડે તો તેમાં વરસાદનો શો દોષ ? એ પ્રમાણે જે જીવ ભારે કર્મી છે, જેના ભાગ્યમાં અજ્ઞાન અને મિથ્યાત્વ જ લખ્યું છે તેને સદ્‌ગુરુ ઉપદેશ આપે છતાં સુધરે નહિ, તેમ જ ધર્મ પર શ્રદ્ધા ન રાખે તો તેમાં ગુરૂ શું કરે ? તેમ, તેના કાન પણ શું કરે ?

જેને કર્મની બહોળતા છે, તેને ગમે તેટલો બોધ આપવા છતાં સુધરશે જ નહિ. કોરડું મગને હજારો મણ લાકડાં બાળી, પાણીમાં બાફતાં તે બફાતા નથી અને એવા ને એવા રહે છે, તેમ અભવ્ય તથા ભારેકર્મી જીવોનું સમજવું

દોહરો–ચાર કોસકા માંડલા, વે વાણીકે ધોરે,
ભારે કર્મી જીવડા, વહાં ભી રહ ગયે કોરે.

ગાયના આંચળમાં ઇતરડી નામે જીવડું ચોટે છે. તે એક ચામડી જેટલે આંતરે આંચળમાં મજાનું દૂધ ભર્યું છે, છતાં તે છોડી લોહીને જ ચૂસે છે તેમ ભારેકર્મી જીવો સદ્‌ગુરુના સદ્‌બોધને શ્રવણ કરી તેમાંથી સાર વસ્તુ છોડી અસારને જ ગ્રહણ કરે છે અને નિંદા કરે છે કે, શું સાંભળીએ ? સાધુ તો પોતાની જ વાત લઈને બેઠા છે. દયા પાળો, સત્ય બોલો વગેરે, પણ એવી રીતે ચાલનાર આજ છે કોણ ?

નિંદાખોર માણસે જાણવું જોઈએ કે :–

पादे पादे निधानानि, योजने रसकुम्पिका ।
भाग्यहीना न पश्यन्ति, बहुरत्ना वसुंधरा ॥

અત્યારે પણ છતી રિદ્ધિના ત્યાગી, મહા વૈરાગી, પંડિત, તપસ્વી, ક્રિયાપાત્ર એવા એવા અનેક ગુણધારક સાધુ,સાધ્વીઓ પૃથ્વીને શોભાવી રહ્યાં છે, તેમ જ દયાવંત, દાનવંત, દયાધર્મી, અલ્પારંભી, અલ્પ

પરિગ્રહી સંસારમાં રહ્યા છતાં પણ અનેક ધર્મકરણી કરીને પોતાના આત્માને સુધારનારાં ઘણાં શ્રાવક શ્રાવિકાઓ વિરાજે છે

વળી, પાંચમા આરાના છેડા લગી એવી રીતે ચારે તીર્થ (સાધુ-સાધ્વી, શ્રાવક–શ્રાવિકા) કાયમ વિરાજશે, પણ ઉત્તમ વસ્તુ થોડી મળે એ સ્વાભાવિક છે, તેથી શ્રદ્ધા વગરના માણસોની નજરે કયાંથી આવે! તેટલા માટે વારંવાર કહેવામાં આવે છે કે શ્રદ્ધા–પ્રતીતિ–આસ્થા પ્રાપ્ત થવી મહા મુશ્કેલ છે.

૧૦. શુદ્ધ ફરસના

૧૦. શુદ્ધ ફરસના–ફક્ત શ્રદ્ધાથી પણ કાર્યસિદ્ધિ થતી નથી, પણ તેની સાથે દસમું સાધન " શુદ્ધ ફરસના હોવી" એ પણ બહુ જ મુશ્કેલ છે; અર્થાત્ પોતે જાણી તો લીધું કે, શ્રી જિનેશ્વર મહારાજનો ઉપદેશ તદ્દન સત્ય છે. છતાં અશુભનો ત્યાગ ન કરે અને શુભ વસ્તુ આદરે નહિ, તો મોક્ષપ્રાપ્તિ આત્મકાર્યની સિદ્ધિ શી રીતે થાય?

ધર્મની શ્રદ્ધાવાળા સમકિતી જીવો ચારે ગતિમાં અનંતા છે, પરંતુ પૂર્ણપણે ધર્મની સ્પર્શના કરવાની શક્તિ તો કેવળ મનુષ્યમાં જ હોય છે. મનુષ્યોમાં પણ કેટલાક ઉત્તમ સાધનો પ્રાપ્ત થવા છતાં પણ ધર્મથી વંચિત રહી જાય છે.

તેનાં બે કારણ છે.

૧. સ્વાભાવિક–પ્રત્યાખ્યાનાવરણીય આદિ ચારિત્રમોહનીય કર્મ-પ્રકૃતિઓના ઉદયથી શ્રેણિક મહારાજ, કૃષ્ણ વાસુદેવ, વગેરેની પેઠે ધર્મનું સ્વરૂપ સમજવા છતાં પણ અને કરવાની ઈચ્છા છતાં પણ વ્રતા-ચરણરૂપ ધર્મ કરી શકતા નથી. તથાપિ તેમનું કર્તવ્ય છે કે, જેવી રીતે ઉક્ત બન્ને નરેશ્વરોએ તન, મન, ધન, ધર્મ અર્થે અર્પણ કરી પોતાનાં પ્રાણપ્યારાં સ્ત્રી–પુત્રાદિને દીક્ષા અપાવી દીક્ષાના મહોત્સવો કર્યા. દીક્ષા લેનારનાં કુટુંબનું પોતાના કુટુંબની પેઠે પાલન કર્યું, અનાથોની

સહાયતા કરી, અમારીપડહ વગડાવ્યો. આવી જ રીતે ધર્મવૃદ્ધિ કરી લાભ લેવો જોઇએ.

(૨) જેમણે ધર્મનું આરાધન–વ્રત પ્રત્યાખ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી છે તેમનું કર્તવ્ય છે કે, પ્રમાદનો ત્યાગ કરી બની શકે ત્યાં સુધી તે સર્વવિરતિ (સાધુ) પણું અંગીકાર કરવું જોઈએ. જો દીક્ષા લેવાની યોગ્યતા ન હોય તો શ્રાવકનાં વ્રતો અવશ્ય સ્વીકારવાં જોઈએ.

ધર્મારાધનાના શાસ્ત્રમાં પાંચ સાધનો બતાવ્યાં છે. ૧. ઉત્થાન સાવધાન થવું, ૨. કમ્મ–પ્રવૃત્ત થવું, ૩. બલ–સ્વીકાર કરવો, ૪. વીર્ય–પાલન કરવું અને, ૫. પુરૂષાકાર પરાક્રમ–પાર પહોંચાડવું.

આ પાંચેને ક્રમશઃ અંગીકાર કરનાર કર્તવ્યનું યથાતથ્ય ફળ પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે સાધકોના ઇપ્સિતાર્થની સિદ્ધિનો આ અંતિમ દસમો બોલ છે. આવા સાધકોએ કપિલ કેવળીના નિમ્નલિખિત ફરમાનને પોતાનું લક્ષ્યબિંદુ બનાવવું જોઈએ–

ગાથા :— अधुवे असासयम्मि संसारम्मि दुक्ख पउराए ॥
किं नाम होज्ज कम्मयं, जेणाहं दुग्गइं न गच्छेज्जा ઉ. ૮–૧

જગતમાંની તમામ વસ્તુ અધ્રુવ છે, નિશ્ચિત નથી, અશાસ્વત છે. જેવી અત્યારે વસ્તુ દેખાય છે તેવી સાંજે હશે નહિ, અને વણસતાં વણસતાં તેનો નાશ પણ થઈ જાય છે. વળી, અસાર સંસાર આધિ, (ચિંતા), વ્યાધિ (રોગ) અને ઉપાધિ (કામકાજ) રૂપી દુઃખોથી પૂર્ણ ભરેલો છે, એમાં રાજા કે રંક કોઇ પણ સુખી છે નહિ.

नवि सुही देवता देवलोए, नवि सुही पुढवीपइ राया ।
नवि सुही सेठ सेणावइए, एगंत सुही मुणि वीयरागी ॥

એક વીતરાગી યથાખ્યાત ચારિત્રવાન સાધુ સિવાય દેવતા, રાજા, શેઠ અને સેનાપતિ, કોઈ સંસારમાં સુખી નથી. એવાં એવાં શાસ્ત્રવચનો સાંભળી વિચાર કરવો કેઃ–મને પણ ઉંમરનાં આટલાં વર્ષ ગયાં છતાં

ખરું સુખ પ્રાપ્ત થયું નહિ. જેને જેને મેં સુખ ગણ્યું તે તો આવતી કાલે દુઃખ થઈને ઊભું રહે છે, તો હવે પછીની ઉંમરમાં એના એ જ સંસારમાં સુખ ક્યાંથી મળે? માટે કોઈ એવી કરણી છે કે જેથી મને દુર્ગતિ અને દુઃખ પ્રાપ્ત થાય જ નહિ? શુભ કર્મોનાં ફળ શુભ છે અને અશુભ કર્મોનાં ફળ અશુભ છે, એ પણ મેં સારી રીતે જાણ્યું. માટે મારે હવે અશુભ કર્મોનો ત્યાગ કરી શુભ કરણી સાધવા માંડવું જોઈએ. તે વિના સત્ય સુખની પ્રાપ્તિ કોઈને થઈ નથી અને મને પણ નહિ થાય. એમ વિચારી સંવરકરણીની સેવના કરે. એવી રીતે દસમું સાધન "ધર્મ કરણીની યથાતથ્ય ફરસના" હોવી તે અતિશય કઠિન છે.

અહો ભવ્ય ગણો! એ દસ સાધનો ઉપરથી આપ સૌ આપના મનમાં દીર્ઘદૃષ્ટિથી વિચાર કરો કે સદ્ધર્મની પ્રાપ્તિ કેટલી બધી મુશ્કેલ છે! મહાન પુણ્યના ઉદયને લીધે હાલ એમાંનાં આઠ સાધનની પ્રાપ્તિ થઈ છે એમ વિચાર કરશો તો જણાશે. અને હવે છેલ્લાં બે સાધનો શ્રદ્ધા અને સ્પર્શના આ બે જ મેળવવાં બાકી છે. અને હવે બન્ને સાધનો મળી જાય તો એ દસ સાધનનો ઉપયોગ શ્રી વીતરાગ પ્રણીત ધર્મ કરવામાં કરી મનુષ્યજન્મ સાર્થક કરવો જોઈએ, એવી મારી અતિ નમ્ર વિનંતિ છે.

મનહર-(દસ મહાન લાભની પ્રાપ્તિ વિષે)

પામ્યો નર[1] દેહ ભાઈ, આર્ય[2] ક્ષેત્ર સુખદાઈ
ઊંચા કુળની[3] વધાઈ, આયુ[4] પૂર્ણ[5] પમિયો,
પાંચ ઇંદ્રિ પૂરી ખરી, કાયા તેં નીરોગી ધરી,
લક્ષ્મી ભોગ[6] પ્રાપ્તિ ભલી, સાધુ સંગ[7] પામિયો;
સૂત્ર[8] તણી જોગવાઈ, શ્રદ્ધામાં કર[9] સવાઈ,
કરણી[10] કરે ધરાઈ, પૂર્ણ લાભ પામિયો;
"અમોલ" એ બોલ દસ, મળે સદ્ભાગ્ય વશ;
કર્મદળ બાળ બસ, મોક્ષગતિ પામિયો.

ઇતિ પરમ પૂજ્ય શ્રી કહાનજી ઋષિના સંપ્રદાયના બાલબ્રહ્મચારી અમોલખઋષિજી વિરચિત શ્રી "જૈન તત્ત્વ પ્રકાશ" ગ્રંથના દ્વિતીય ખંડનું "ધર્મપ્રાપ્તિ" નામક પ્રથમ પ્રકરણ સમાપ્ત.

પ્રકરણ બીજું

સૂત્ર ધર્મ

ગાથા :– पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्व संजअे ।
अन्नाणी किं काही, किंवा नाही सेय पावगं ॥

[દશવૈકાલિક સૂત્ર અધ્યયન ૪, ગાથા ૧૦]

" પ્રથમ જ્ઞાન અને પછી દયા " જ્ઞાનથી જીવ અજીવને જાણે તો જ તેની રક્ષા કરી શકે. માટે સર્વે ધર્માત્માઓએ પ્રથમ જ્ઞાનનો અભ્યાસ જરૂર કરવો જોઈએ. જેને જ્ઞાનનો અભ્યાસ નથી, તે પોતાના આત્માનું સુખ–કલ્યાણ કયાં કર્મોથી થાય છે, અને દુઃખો કયાં કર્મોથી આવે છે, તે જાણી નહિ શકે. જે સુખદુઃખ લાવનારાં કર્મોને નહિ જાણે તે શું કરી શકશે ? કંઈ જ નહિ.

ગાથાઃ–नाणस्स सव्वस्स पगासणाए, अन्नाण मोहस्स विवज्जणाए ।
रागस्स दोसस्स य संखएणं, एगंत सुक्खं समुवेइ मोक्खं ॥

[ઉ. ૩૨]

હૃદયમાં જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ થવાથી, અજ્ઞાન અને મોહનો નાશ થાય છે. અજ્ઞાન અને મોહનો નાશ થવાથી હૃદયમાં જ્ઞાનમય મહાન દિવ્ય પ્રકાશ પૂર્ણ સ્વરૂપે પ્રગટે છે. એ દિવ્ય પ્રકાશથી જગતના તમામ પદાર્થોનું અને રાગદ્વેષથી થતા કર્મબંધનાં ફળોનું હસ્તામલકવત્ જાણપણું થાય છે. એ જ્ઞાન વડે જે કોઈ તમામ કર્મોનું મૂળ રાગદ્વેષ જ છે એમ જાણી તેનો ત્યાગ કરશે તે એકાંત,. શાશ્વત અને અવિનાશી મોક્ષના સદૈવ ભોગવનાર થશે. માટે સાચા સુખની ઇચ્છાવાળાં પ્રાણીઓએ સદ્જ્ઞાનનો અભ્યાસ પ્રથમ કરવો જોઈએ.

એ જ્ઞાન તો અપાર અને અનંત છે. તેનો સંપૂર્ણ પાર તો શ્રી કેવળજ્ઞાની પામી શકે છે અને તેઓ જ સર્વજ્ઞ છે. તો પણ પોતપોતાની શક્તિ પ્રમાણે સૌ જ્ઞાનાભ્યાસ કરી શકે છે. શક્તિ પ્રમાણે થોડો કે વધારે જ્ઞાનાભ્યાસ જેઓ કરશે તેઓને ભવિષ્યમાં અનુક્રમે એટલે કેવળજ્ઞાનીની પદવી પ્રાપ્ત થશે જ.

હવે અહીં જ્ઞાનરૂપી મહાસાગરમાંથી બિંદુરૂપે જ્ઞાનની જે જે ખાસ બાબતોની મોક્ષાભિલાષી પ્રાણીઓને આવશ્યકતા છે, તે સંક્ષેપમાં યથામતિ દર્શાવું છું. ૯ તત્ત્વ, ૭ નય, ૪ નિક્ષેપ, ૪ પ્રમાણ, વગેરે ઉપયોગી બાબતોનું જ્ઞાન થવાથી પ્રાણી પોતાના આત્માને ક્યાંથી અને કઇ રીતે સુખ મળશે તે શોધી શકશે.

નવ તત્વ

ગાથાઃ-जीवाजीवा य बंधो× य, पुन्नपावाऽसवो तहा ।
संवरो निज्जरा मोक्खो, सन्तेए तहिया नव ॥

ઉ. અ. [૨૮/૧૪]

અર્થાત્–૧. જીવ, ૨. અજીવ, ૩. બંધ, ૪. પુણ્ય, ૫. પાપ ૬. આશ્રવ. ૭. સંવર, ૮. નિર્જરા, અને ૯. મોક્ષ, એ નવ તત્ત્વના જ્ઞાનનો જે સ્વભાવથી અર્થાત્ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી જાતિ સ્મરણાદિ જ્ઞાનને પ્રાપ્ત કરી ગુર્વાદિના ઉપદેશ વિના સ્વભાવથી જાણે અથવા ગુર્વાદિના ઉપદેશથી જાણે તે સમકિતી જાણવો. તત્વનો જ્ઞાતા હોય તે જ સમકિતી થઇ શકે છે. અને સમકિત એ મોક્ષનું પ્રથમ પગથિયું છે. સમકિત વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એટલા માટે મુમુક્ષુજનોએ પ્રથમ નવ તત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઇએ. તેથી અહીં નવ તત્વનું સ્વરૂપ નય નિક્ષેપાદિ સહિત દર્શાવવામાં આવ્યું છે.

× આ ગાથામાં બંધતત્ત્વ ત્રીજું જણાવ્યું છે, અને ખરેખર બંધતત્વ ત્રીજું જ જોઇએ. કારણ કે જીવ અને અજીવ બન્નેનો સંબંધ થવો તે બંધ છે. હાલમાં રૂઢિની પ્રબળતાથી તે આઠમું બોલાય છે. તેથી આ ગ્રંથમાં ઠેકઠેકાણે આઠમું લીધું છે.

જીવ તત્ત્વ

જીવ એ અનાદિ શાશ્વત પદાર્થ છે. જીવને કદી કોઇએ બનાવ્યો નથી. અર્થાત્ તે સ્વયંસિદ્ધ છે. સદાકાળ જીવિત રહે છે, તેથી તે જીવ કહેવાય છે. જેમ અગ્નિનો ગુણ પ્રકાશ તે અગ્નિથી ભિન્ન રહી શકે નહિ તેમ જીવનો ગુણ જ્ઞાનદર્શન તે જીવથી પૃથક ન હોય. સર્વ ભવ્ય૦ જીવ કેવળજ્ઞાન કેવળદર્શનની સત્તાના ધારક છે. પણ જેમ વાદળાંથી આચ્છાદિત સૂર્યનો પ્રકાશ દબાઇ રહે છે તેમ કર્મ સહિત જીવના જ્ઞાન, દર્શન ગુણ જ્ઞાનાવરણીયાદિ કર્મ પુદગલોથી ઢંકાઇ રહ્યાં છે.

વાદળાંથી ઢંકાયેલ હોવા છતાં પણ સૂર્ય રાત્રિ કે દિવસનો વિભાગ દર્શાવી શકે છે તેવી જ રીતે નિબિડ કર્મોથી આચ્છાદિત બનેલા આત્માના પણ જ્ઞાનાદિ ગુણો સર્વથા અપ્રકટ રહેતા નથી.અર્થાત્ ચૈતન્યનું પ્રતિભાસન સદૈવ નિરંતર થયા જ કરે છે અને તેનાથી અતિરિક્ત જડ તત્ત્વ છે તે ચેતના રહિત છે. એટલે તેને જ્ઞાન ગુણ નથી.

વાદળાંમાંથી પસાર થઇ આવતાં સૂર્યકિરણો સમાન કેવળજ્ઞાન કેવળદર્શનનાં કિરણો તે મતિ, શ્રુત, અવધિ અને મનઃ પર્યવજ્ઞાન છે અને ચક્ષુ, અચક્ષુ અને અવધિદર્શન છે. તે પૈકી મતિ, શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શન એ ત્રણ ઉપયોગ વિનાનો તો કોઇ પણ જીવ હોતોજ નથી. જેવી રીતે રંગીન કાચમાંથી પડતાં સૂર્યનાં કિરણો લાલ, લીલા, વગેરે રંગનાં દેખાય છે, તેવી જ રીતે મિથ્યાત્વના ઉદયથી જ્ઞાનનો વિપરીત પ્રકાશ પડે છે. અને તેને જ અજ્ઞાન કહે છે.

જીવ જ્ઞાનદર્શનનો ધારક હોવાથી ચૈતન્ય કહેવાય છે, અને તેથી જ સુખ દુઃખને જાણે છે અને વેદે (ભોગવે) છે અને વેદવાને કારણે તે કર્મથી બંધાય છે અને છૂટે પણ છે.

આમ કરતાં કરતાં કોઇ વખત કોઇ ભવ્યાત્મા કર્મરૂપ બધાં વાદળાંને દૂર કરી સંપૂર્ણ નિજ ગુણને પ્રગટ કરી કેવળજ્ઞાન કેવળદર્શનમય પરમાત્મા બની જાય છે. આ જ કારણે આત્મા અનંત શક્તિવંત કહેવાય છે. જેમ પરમાણુઓ એકઠા થઇ તેનો સ્કંધ બને છે, તેમ અસંખ્ય પ્રદેશાત્મક જીવ છે. પરમાણુઓનો તો સંયોગ વિયોગ થાય છે, એકઠાં મળે છે અને વળી વિખરાઈ જાય છે. પણ આત્માના પ્રદેશ કદી વિખૂટા પડતા નથી. અનંતકાળ પર્યંત આત્મા અસંખ્યાત પ્રદેશમય રહે છે.

શ્રી ઠાણાંગ સુત્રમાં બીજે ઠાણે બે પ્રકારના જીવ કહ્યા છે. "रुवी जीवा चेव अरूवी जीवा चेव" અર્થાત્ જે કર્મરહિત, શુદ્ધ, સ્વચ્છ, સચ્ચિદાનંદ સિદ્ધ પરમાત્મા છે તે અરૂપી જીવ છે. અને અરૂપી હોવાને લીધે જ રૂપી કર્મો તેમને સ્પર્શી શકતાં નથી. તેથી તેમની અવસ્થા અથવા સ્વભાવનો પલટો કદાપિ થતો નથી. અનંત કાળ સુધી તેઓ એક જ અવસ્થામાં સંસ્થિત રહે છે.

સંસારી જીવની બાબતમાં જેમ માટી અને સોનું અનાદિ કાળથી ભેળાં જ છે તેમ જીવ અને કર્મ અનાદિ કાળથી સાથે જ છે અને તે કર્મ પુદ્ગલો જ લોહચુંબકની પેઠે અન્ય કર્મ-પુદ્ગલોનું આકર્ષણ કરી ગ્રહણ કરે છે. આ કર્મોની ન્યૂનાધિકતાને લીધે જ જીવ ગુરુત્વ—લઘુત્વને પ્રાપ્ત થાય છે. (હલકો ભારે બને છે), તેથી જ તે ઊંચ નીચ યોનિમાં જાય છે. અનેક પ્રકારના શરીરો ધારણ કરી રૂપાંતર પામ્યા કરે છે.

આ બધા જીવના પર્યાય કહેવાય છે. જીવ જુદાં જુદાં રૂપો ધારણ કરે છે તેથી તેના જુદા જુદા ભેદ કહેવાય છે. એવા ભેદો જ્ઞાનીની દૃષ્ટિએ તો અનંત છે, પણ મુમુક્ષુ જીવોને સુલભતાથી બોધ થવાને માટે શ્રી જિનેશ્વર દેવે તેનો મર્યાદિત સંખ્યામાં સમાવેશ કર્યો છે.

જીવના ભેદો :—૧. ભેદ—સર્વ જીવોનું ચૈતન્ય લક્ષણ એક છે તેથી સંગ્રહનયે એક ભેદે જીવ કહેવાય. ૨. ભેદ—સિદ્ધ અને સંસારી

૦સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે કે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિમાંથી અભવ્ય જીવોને ૨૬ પ્રકૃતિનીજ સત્તા છે. સમકિત મોહનીય અને મિશ્ર મોહનીયની સત્તા નથી. એટલા માટે સમકિતની સત્તા ન હોવાથી કેવળજ્ઞાનની પણ સત્તા નહિ. આમ કેટલાક માને છે. તત્ત્વ કેવળી ગમ્ય.

૩. ભેદ–ત્રસ * સ્થાવર, અને સિદ્ધ. ૪ ભેદ–સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી, અને અવેદી. ૫ ભેદ–નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવતા અને સિદ્ધ. ૬. ભેદ-એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિ, ચઉરિન્દ્રિય, પંચેંદ્રિય અને અનિન્દ્રિય. ૭ ભેદ–પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય અને અકાય. ૮ ભેદ–નારકી, તિર્યંચ, તિર્યંચણી, મનુષ્ય, મનુષ્યણી, દેવતા, દેવી અને સિદ્ધ. ૯ ભેદ–નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ ચારના અપર્યાપ્તા + અને પર્યાપ્તા. મળી ૮ અને ૯ સિદ્ધ. ૧૦ ભેદ-પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરેંદ્રિય પંચેંદ્રિય, ૧૦ મા સિદ્ધ. ૧૧ ભેદઃ–પૃથ્વી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ એ ૫ સૂક્ષ્મ અને ૫ બાદર × એમ દશ અને ૧૧ મો સિદ્ધ. ૧૨ ભેદ–પૃથ્વી, અપ, તેજ, વાયુ, વનસ્પતિ, ત્રસ એ છ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી બાર, ૧૩ મા સિદ્ધ. ૧૪ ભેદ–નારકી, તિર્યંચ, તિર્યંચણી મનુષ્ય, મનુષ્યણી, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચાર દેવતા, અને ૪ તેની દેવીઓ મળી તેર અને ૧૪ મા સિદ્ધ. ૧૫ ભેદ–સૂક્ષ્મ એકેંદ્રિય, બાદર એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિયO એ સાતના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળી ચૌદ અને ૧૫ મા સિદ્ધ.

---

* ત્રસ એટલે હાલતા ચાલતા જીવ તે બે ઇંદ્રિયથી માંડી પાંચેઇંદ્રિય સુધી અને સ્થાવર એટલે પૃથ્વીકાય વગેરે સ્થિર રહેનારા એકેન્દ્રિય જીવો.

+ આહાર, શરીર, ઇંદ્રિય, શ્વાસોચ્છવાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિ છે. તેમાંથી પહેલી ત્રણ પર્યાપ્તિ બધા જીવ બાંધે છે. બાકીની પર્યાપ્તિમાંથી જે ગતિમાં જેટલી બાંધવાની હોય તેટલી પૂરેપૂરી ન બંધાઈ રહે ત્યાં સુધી અપર્યાપ્તો કહેવાય અને જેટલી બાંધવાની છે તેટલી બાંધી લે ત્યારે પર્યાપ્તો કહેવાય.

× પાંચે સૂક્ષ્મ સ્થાવરકાય સંપૂર્ણ લોકમાં ઠાસોઠાંસ ભરી છે, તેમનું શરીર અત્યંત બારીક હોવાથી ચર્મચક્ષુવાળા જોઈ શકતા નથી અને માટી, પાણી આદિ જે જોઇ શકાય છે તે બાદર કહેવાય છે.

O જે માતાપિતાના સંયોગથી મનુષ્ય, તિર્યંચ ઉત્પન્ન થાય, દેવતાની શય્યામાં દેવ ઉત્પન્ન થાય તે, તથા નરકની કુંભીઓમાં નારકી ઉત્પન્ન થાય છે તે સંજ્ઞી જીવ. તે સિવાયના બધા સમૂર્છિમ જીવ, જે મનુષ્ય તિર્યંચમાં ઉત્પન્ન થાય છે તે અસંજ્ઞી જીવ જાણવા. સંજ્ઞીને મન હોય છે; અસંજ્ઞીને મન હોતું નથી.

વિસ્તારથી જીવના ભેદ ૫૬૩ થાય છે. તેમાં નારકીના ૧૪ ભેદ, તિર્યંચના ૪૮ ભેદ, મનુષ્યના ૩૦૩ ભેદ અને દેવતાના ૧૯૮ ભેદ છે.

નારકીના ૧૪ ભેદ

૧. ઘમા, ૨. વંશા, ૩, શીલા, ૪. અંજના, ૫. રિઠ્ઠા, ૬. મઘા અને, ૭. માઘવઇ એ સાત નારકી જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા એટલે ૭×૨=૧૪ ભેદ નારકીના થયા.

તિર્યંચના ૪૮ ભેદ

૧. ઇંદી થાવરકાય (પૃથ્વીકાય)–તેના ૪ ભેદ–૧, સૂક્ષ્મ પૃથ્વીકાય, કે જે સર્વ લોકમાં કાજળની કૂંપીની પેઠે ઠાંસોઠાંસ ભરેલા છે પણ આપણને દૃષ્ટિગોચર થતા નથી તે ૨. બાદર પૃથ્વીકાય, કે જે લોકના દેશવિભાગમાં રહેલા છે અને તેમાંના કેટલાક આપણે જોઇ શકીએ છીએ અને કેટલાક જોઇ શકતા નથી. એ બેના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળીને ૪ ભેદ પૃથ્વીકાય જીવોના જાણવા.

હવે તેમાંથી બાદર પૃથ્વીકાયના વિશેષ ભેદ કહે છે. ૧. કાળી માટી, ૨. લીલી માટી, ૩. લાલ માટી, ૪. પીળી માટી, ૫. સફેદ માટી ૬. પાંડુ અને, ૭. ગોપીચંદન અને કોમળ માટીના ૭ પ્રકાર છે.

૧. ખાણુની માટી, ૨. મરડિયા કાંકરા, ૩. વેળુ–રેતી, ૪. પાષાણ–પથ્થર, ૫. શિલા, ૬. નિમક, ૭. સમુદ્રનો ક્ષાર, ૮. લોઢાની માટી, ૯. તાંબાની માટી, ૧૦. તરુઆની માટી, ૧૧. સીસાની માટી. ૧૨. ચાંદીની માટી, ૧૩. સોનાની માટી, ૧૪. વજ્ર હીરા, ૧૫. હરતાલ, ૧૬. હીંગળો, ૧૭. મનસીલ, ૧૮. રત્ન, ૧૯. સુરમો, ૨૦. પ્રવાલ, ૨૧. અભ્રક અને, ૨૨. પારો, એ ૨૨ પ્રકાર કઠણ પૃથ્વીકાયના છે.

તેમાંથી રત્નના ૧૮ પ્રકાર કહ્યા છેઃ ૧. ગોમી રત્ન, ૨. રુચક રત્ન, ૩. અંક રત્ન, ૪. સ્ફટિક રત્ન, ૫. લોહિતાક્ષ રત્ન,

૬. મરકત રત્ન, ૭. મસલગ રત્ન ૮. ભુજમોચક રત્ન, ૯. ઇંદ્રનીલ રત્ન, ૧૦. ચંદ્રનીલ રત્ન ૧૧. ગેરુક રત્ન, ૧૨, હંસગર્ભ રત્ન, ૧૩. પોલક રત્ન, ૧૪. ચંદ્રપ્રભ રત્ન, ૧૫. વૈડૂર્ય રત્ન. ઈત્યાદિ અનેક પ્રકાર પૃથ્વીકાય (માટી)ના જાણવા.

પૃથ્વીકાયના ૪ ભેદ છેઃ ૧. સૂક્ષ્મ પૃથ્વીકાયના અપર્યાપ્તા, ૨. સૂક્ષ્મ પૃથ્વીકાયના પર્યાપ્તા, ૩. બાદર પૃથ્વીકાયના અપર્યાપ્તા ૪. બાદર પૃથ્વીકાયના પર્યાપ્તા.

૨. બંબી થાવરકાય (અપકાય)–તેના ૪ ભેદ–૧ સર્વ લોક વ્યાપ્ત સૂક્ષ્મ અપકાય અને, ૨. લોકના દેશ વિભાગમાં રહેલા બાદર અપકાય. તે બન્નેના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ ૪ ભેદ.

તેમાંથી બાદર અપકાય (પાણી)ના વિશેષ ભેદ કહે છે–૧ વરસાદનું પાણી, ૨. સદૈવ રાત્રિના સમયે વરસે તે ઠારનું પાણી, ૩. બારીક બારીક બુંદ પડે તે મેઘરવાનું પાણી. ૪. ધૂમસનું પાણી, ૫. ઘડાનું પાણી, ૬. ઓસનું પાણી, ૭. ઊનું પાણી, (પૃથ્વીમાં ઘણે ઠેકાણે ગંધક વગેરેની ખાણની અસરથી કુદરતી ગરમ પાણી નીકળે છે. તે પણ સચેત પાણી જાણવું), ૮. ઠંડું પાણી, ૯. લવણ સમુદ્રનું તથા અન્ય કૂવાદિનું ખારું પાણી, ૧૦. ખાટું પાણી, ૧૧. દૂધ જેવું (ક્ષીર સમુદ્રનું) પાણી, ૧૨. વારુણીનું–મદિરા જેવું પાણી, ૧૩. ઘી જેવું (ઘૃત સમુદ્રનું) પાણી, ૧૪. મીઠું પાણી, (કાલોદધિ સમુદ્રનું) ૧૫. ઇક્ષુ (શેરડી)ના રસ જેવું પાણી (અસંખ્યાતા સમુદ્રનું પાણી એવું છે,) ઈત્યાદિ અનેક પ્રકારનું પાણી છે.

અપકાયના ૪ ભેદ છેઃ ૧. સૂક્ષ્મ અપકાય અપર્યાપ્તા, ૨. સૂક્ષ્મ અપકાય પર્યાપ્તા, ૩. બાદર અપકાય અપર્યાપ્તા, ૪. બાદર અપકાય પર્યાપ્તા.

૩. શપિ થાવર કાય (તેઉકાય)–તેનો પહેલો ભેદ સૂક્ષ્મ છે. તે સૂક્ષ્મ તેઉકાયના જીવો આખા લોકમાં ઠાંસોઠાંસ ભર્યા છે, સૂક્ષ્મ

તેઉકાયના બે ભેદ છે. (૧) અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય (૨) પર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાય.

તેઉકાયનો બીજો ભેદ બાદર છે. તે બાદર તેઉકાય લોકના દેશ ભાગમાં (અમુક જ ભાગમાં) છે. તેના પણ બે ભેદ છે, (૧) અપર્યાપ્તા બાદર તેઉકાય (૨) પર્યાપ્તા બાદર તેઉકાય.

બાદર તેઉકાયના ૧૪ ભેદનાં નામ. ૧. નિર્ધૂમ અગ્નિ ૨. કુંભારના નીંભાડાનો અગ્નિ. ૩. તૂટતી જ્વાળા, ૪. અખંડ જ્વાળા. ૫. ચકમકનો અગ્નિ. ૬. વીજળીનો અગ્નિ, ૭. તારા ખરે તેનો અગ્નિ ૮. અરણીના લાકડાનો અગ્નિ, ૯. વાંસનો અગ્નિ, ૧૦. કાષ્ટનો અગ્નિ ૧૧. સૂર્યકાંત કાચનો અગ્નિ (આઇગ્લાસનો) ૧૨ દાવાનળનો અગ્નિ ૧૩. ઉલ્કાપાત (આકાશમાંથી વિનાશકાળે અગ્નિ વરસે તે)નો અગ્નિ અને, ૧૪. વડવાનળનો અગ્નિ (સમુદ્રમાંથી પાણીને શોષણ કરનાર અગ્નિ). એ ચૌદ નામો અગ્નિનાં છે. ઈત્યાદિ ઘણી જાતની તેઉકાય છે.

તેઉકાયના મુખ્ય ચાર ભેદ છે. ૧. સૂક્ષ્મ તેઉકાયના અપર્યાપ્તા (૨) સૂક્ષ્મ તેઉકાયના પર્યાપ્તા (૩) બાદર તેઉકાયના અપર્યાપ્તા (૪) બાદર તેઉકાયના પર્યાપ્તા. એ પ્રમાણે ૪ ભેદ થયા.

૪. સુમતિ થાવર (વાયુ) કાય–એના બે ભેદ છે. સૂક્ષ્મ અને બાદર. એ બેના વળી બબ્બે ભેદ છે. અપર્યાપ્તા અને પર્યાપ્તા તેથી વાયુકાયના મુખ્ય ૪ ભેદ થયા. (૧) સૂક્ષ્મ વાયુકાયના અપર્યાપ્તા (૨) સૂક્ષ્મ વાયુકાયના પર્યાપ્તા (૩) બાદર વાયુકાયના અપર્યાપ્તા (૪) બાદર વાયુકાયના પર્યાપ્તા. સૂક્ષ્મ વાયુકાય દેશભરમાં ઠાંસોઠાંસ ભર્યા છે. અને બાદર વાયુકાય લોકના દેશ ભાગમાં (અમુક ભાગમાં) છે.

વળી, બાદર વાયુકાયના ૧૬ ભેદ છે. ૧. પૂર્વનો વાયુ ૨. પશ્ચિમનો વાયુ, ૩. ઉત્તરનો વાયુ, ૪. દક્ષિણનો વાયુ, ૫. ઊંચી દિશાનો વાયુ, ૬. નીચી દિશાનો વાયુ, ૭. તિરછી દિશાનો વાયુ, ૮. વિદિશાનો (ઈશાન વગેરે ચાર ખૂણાનો) વાયુ ૯. ભ્રમર વાયુ (ચક્કર પડે તે) ૧૦. મંડળવાયુ (ચાર ખૂણે ફરે તે) ૧૧. ગુંડળવાયુ

(ઊંચો ચડે તેવો,) ૧૨ ગુંજ વાયુ (વાજાં વાગે એવો અવાજ આવે તે) ૧૩. ઝંઝાવાયુ (ઝાડ ઉખેડી નાખે તે) ૧૪.. શુદ્ધ વાયુ (મધુર મધુર ચાલે તે.) ૧૫. ઘન વાયુ, ૧૬. તન વાયુ (એ બે વાયુ નરક અને સ્વર્ગની નીચે છે.) એ પ્રમાણે ૧૬ નામો છે. ઈત્યાદિ વાઉકાયના અનેક પ્રકાર છે.

૫. પયાવચ્ચ (વનસ્પતિ) સ્થાવર કાય–એના બે ભેદઃ સૂક્ષ્મ અને બાદર. તેમાં સૂક્ષ્મના વળી બે ભેદ– અપર્યાપ્તા અને પર્યાપ્તા.

બાદર વનસ્પતિ કાયના બે ભેદ છે. પ્રત્યેક અને સાધારણ એમાં ૧. સૂક્ષ્મ, ૨. પ્રત્યેક અને ૩. સાધારણ. એ ત્રણના અપર્યાપ્ત અને પર્યાપ્ત એમ વનસ્પતિ કાયના કુલ છ ભેદ થયા. (૧) સૂક્ષ્મ વનસ્પતિ કાયના અપર્યાપ્તા (૩) સૂક્ષ્મ .વનસ્પતિ કાયના પર્યાપ્તા (૩) પ્રત્યેક વનસ્પતિ કાયના અપર્યાપ્તા (૪) પ્રત્યેક વનસ્પતિ કાયના પર્યાપ્તા (૫) સાધારણ વનસ્પતિ કાયના અપર્યાપ્તા (૬) સાધારણ વનસ્પતિ કાયના પર્યાપ્તા. સૂક્ષ્મ વનસ્પતિ કાય આખા લોકમાં ઠાંસોઠાંસ ભરી છે. બાદર વનસ્પતિકાય લોકના દેશ વિભાગમાં હોય છે.

પ્રત્યેક વનસ્પતિ તેને કહે છે કે જેમાં એક શરીરે એક જીવ હોય છે.

તે પ્રત્યેક વનસ્પતિ કાયના બાર ભેદ છે. ૧. રૂખા ૨. ગુચ્છા ૩. ગુમ્મા ૪. લતા, ૫. વલ્લી, ૬. તૃણા, ૭. વલ્લયા, ૮. પવ્વગા ૯. કૂહણ ૧૦. જલરુહા. ૧૧. ઉસહી, ૧૨. હરિકાય. એ બારનો વિસ્તાર કરી દેખાડે છે.

૧. રૂખાના બે ભેદ છે. એકટ્ઠિયા અને બહુટ્ઠિયા. તેમાં એકટ્ઠિયામાં એક જ બી હોય છે. એકઠ્ઠિયાં જેમ કે હરડે, આમળાં, બહેડા, અરીઠાં, ભિલામા, આસોપાલવ, આંબો, જાંબુ, બોર, મહુડાં, રાયણ, વગેરે ઘણા ભેદો છે. બહુઠિયા જેમ કે જામફળ, સીતાફળ, દાડમ, બીલીફળ, કોઠું, કેરડાં, લીંબુ, ઈત્યાદિ બહુ ભેદો છે.

૨. ગુચ્છ–નાના છોડને ગુચ્છા કહે છે. જેમકે–રીંગણી, જવાસા, તુલસી, પુંવાડીઆ, ઈત્યાદિ બહુ ભેદ છે.

૩. ગુમ્મા–ફૂલવાનાં ઝાડોને ગુમ્મા કહે છે. જેમ કે જાઈ, જુઈ, કેતકી, કેવડો, વગેરે.

૪. લતા–જે ધરતી પર ફેલાઈને ઊંચી રહે. જેમ કે નાગલતા, આસોલતા, પદ્મલતા, વગેરે.

૫. વલ્લી–વેલા અને વેલડી ચાલે તે. જેમ કે ઘીસોડાનો, કાકડીનો, ચીભડાનો, કારેલાનો, કંકોડાનો, તુંબડાનો, તરબૂચનો, વાલોરનો, વગેરે ઘણી જાતના વેલા હોય છે.

૬. તૃણ–(ખડ, ઘાસ) જેમ કે ધરો, ડાભ, વગેરે. ઘણી જાતનાં ઘાસ છે.

૭. વલ્લયા–જે ઝાડ ઊંચે જતાં ગોળાકાર થાય. જેમ કે સોપારી, ખારેક, ખજૂર, દાલચીની (તજ), તમાલ, નાળિયેર, એલચી, લવિંગ, તાડ, કેળ. વગેરે ઘણી જાતનાં છે.

૮. પવ્વગા–જે છોડના થડ અને ડાળોમાં ગાંઠ હોય. જેમ કે શેરડી, એરડો, નેતર, વાંસ, વગેરે.

૯. કૂહણા–જે ધરતીને ફોડીને જોરથી નીકળે તે. જેમ કે મીંદડીના વેલા, કુતરાના ટોપ, વગેરે.

૧૦. જલરુહા–જે પાણીમાં પેદા થાય તે. જેમ કે કમળ, સિંઘોડું, કમળકાકડી, સેવાળ, વગેરે.

૧૧. ઓસહી–ચોવીસ પ્રકારનાં અનાજને ઓસહી કહે છે. એના બે ભેદ છે. (૧) લહા (દાળ ન થાય એવાં) (૨) કઠોળ (દાળ થાય એવાં)

એમાં લહાના ચૌદ ભેદ છે. ૧. ઘઉં ૨. જવ. ૩. જાર. ૪. બાજરો, ૫. કમોદ, ૬, વરી. ૭. વરટી. ૮. રાલ, ૯. કાંગણી ૧૦. કોદરા, ૧૧, મણચી, ૧૨. મક્કાઈ, ૧૩. કૂરી, ૧૪. અલસી

હવે કઠોળના દસ ભેદ છે. ૧. તુવેર, ૨. મઠ ૩. અડદ ૪ મગ, ૫. ચોળા. ૬. વટાણા, ૭. તિવડા ૮. કળથી, ૯. મસૂર, ૧૦ ચણા એ સર્વે મળી ૨૪ પ્રકારનાં અનાજ (ઓસહી) છે.

૧૨. હરિકાય–ભાજીપાલાને હરિકાય કહે છે. જેમ કે મૂળાની ભાજી, મેથીની ભાજી, વથવાની ભાજી, ચેદલાઇની ભાજી, સૂવાની ભાજી, વગેરે જાતની ભાજી છે.

એ બાર જાતની પ્રત્યેક વનસ્પતિમાં, ઊગતી વખત અનંત જીવો, મોટી થયા પછી લીલી રહે ત્યાં લગી અસંખ્યાતા જીવો અને પાકી ગયા પછી બી જેટલા જીવ અગર એક, બે એમ સંખ્યાતા જીવો હોય છે.

સાધારણ વનસ્પતિકાય–જમીકંદ અથવા કંદમૂળને સાધારણ વનસ્પતિકાય કહે છે. તેના ઘણા ભેદ છે. મૂળાના કાંદા, આદુ, પિંડાળુ, લસણ, ડુંગળી, સુરણ, વજ્રકંદ, ગાજર, આલુ, (બટેટા), મુસળી, ખુરશાણી, અમરવેલ, થોર, હળદર, સિંહુકરણી, સકરકંદ, વગેરે ઘણી જાત છે. સોયના અગ્રભાગ ઉપર રહે એટલી સાધારણ વનસ્પતિમાં અસંખ્યાતી શ્રેણી (ઘરાની શેરી) એમાંની એકેક શ્રેણીમાં અસંખ્યાતી પ્રતર (ઘરના માળા), એમાંની એકેક પ્રતરમાં અસંખ્યાતા ગોળા (અફીણના ગોટાની પેઠે ઘર), એકેક ગોળામાં અસંખ્યાતાં શરીર (જેમ પુદ્ગળ–સ્કંધમાં પરમાણુની રચના છે તેમ) અને એકેક શરીરમાં અનંતા જીવ રહ્યા છે.

સોયના×અગ્ર ભાગ ઉપર રહેલી સાધારણ વનસ્પતિમાં રહેલા

× કોઈ શંકા કરે કે સોયની અણી ઉપર રહેલી કંદમૂળની કટકી ઘણી નાની હોઈને જગા પણ બહુ જ થોડી રોકે છે. એટલી થોડી જગામાં અનંત જીવોનો સમાવેશ શી રીતે થાય? તો તેનો ઉત્તર એ છે કે—એક માણસે કરોડ ઔષધિઓ ભેગી કરી તેનો અર્ક કાઢી તેલ બનાવ્યું, અગર તો કરોડ ઔષધિને ખૂબ વાટી તેનું ચૂર્ણ બનાવ્યું. હવે તેમાંથી સોયના અગ્ર ભાગ ઉપર જે તેલ કે ચૂર્ણ આવે તેમાં કરોડ ઔષધિ છે તેવી રીતે સમજવું. હાલ પણ એક વીંટીમાં બાજરાના દાણા જેટલો કાચ હોય છે. તેમાં મોટા મોટા માણસોના આઠ ફોટોગ્રાફ દેખાય છે. કૃત્રિમ પદાર્થોમાં એટલી સત્તા છે તો પછી કુદરતી પદાર્થોનું તો શું કહેવું? માટે જિન પ્રભુનાં વચનોમાં જરા પણ સંદેહ લાવવો નહિ.

જીવોનો વિચાર કરતાં એ વનસ્પતિને સ્પર્શ કરતાં પણ અનંત જીવોની હાનિ થવાથી કેટલું પાપ લાગે તે સ્હેજે સમજી શકાય છે. જૈન તથા વૈષ્ણવોના ધર્મમાં બતાવ્યું છે કે એ સાધારણ વનસ્પતિનો આહાર કરવો એ મહા પાપનું કારણ છે. સાધારણ વનસ્પતિ એ નરદમ અનંત જીવોનો પીંડ છે.

જમીનમાંથી કંદમૂળ બહાર કાઢવાં એ સ્ત્રીનો કાચો ગર્ભ બહાર કાઢવા જેવું છે. જમીનમાં રહેતાં કંદમૂળ સદા કાચાં હોય છે. કોઇ દિવસ પાકતાં નથી, તેથી અભક્ષ્ય કહેલ છે. સાધારણ વનસ્પતિ કાયના જીવો એક શ્વાસોશ્વાસ જેટલા વખતમાં ૧૭ાા જન્મમરણ કરે છે. એ લેખે એક મુહુર્તમાં ૬૫૫૩૬ ભવ કરે છે × પૃથ્વી, પાણી, અપ અને તેઉ એ ચાર સ્થાવરકાયમાં અસંખ્યાતા જીવો હોય છે ત્યારે પાંચમી વનસ્પતિ–કાયમાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત જીવો હોય છે.

૬. **જંગમકાય** (ત્રસ જીવ)–છકાયના જીવના ભેદમાં છઠ્ઠો ભેદ જંગમકાય છે. જંગમ કાયના જીવોને "ત્રસ જીવો" કહે છે. એ જંગમકાયના જીવોના કુલ ૫૪૧ ભેદ છે, તેમાંથી મનુષ્યના ૩૦૩, દેવતાના ૧૯૮ અને આગળ વર્ણવ્યા તે નારકીના ૧૪ ભેદ મળી ૫૧૫ ભેદ બાદ કરતાં બાકી ૨૬ ભેદ તિર્યંચ જંગમકાયના છે. બે ઇંદ્રિય જીવ, તેઇંદ્રિય જીવ, ચૌરેન્દ્રિય જીવ, એ ત્રણ વિગલેંદ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા ગણતાં તિર્યંચ વિગલેંદ્રિયના છ ભેદ થયા.

જંગમકાય (ત્રસ)માં જે તિર્યંચ પંચેંદ્રિય છે, તેના જળચર થળચર, ઉરપર, ભુજપર અને ખેચર એમ પાંચ ભેદ છે. તે દરેકના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ એમ બે વર્ગ છે તેથી દસ ભેદ થયા. અને તે દસેના અપર્યાપ્તા અને પર્યાપ્તા ગણતા તિર્યંચ પંચેંદ્રિયના કુલ વીસ ભેદ થયા. તેમાં વિગલેંદ્રિયના છ ઉમેરતાં છવ્વીસ ભેદ થયાઃ તે

× એક મુહૂર્તમાં પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુના જીવો ૧૨૮૨૪ ભવ કરે છે. પ્રત્યેક વનસ્પતિના જીવો ૩૨૭૦૦ ભવ કરે છે. સાધારણ વનસ્પતિના જીવો ૬૫૫૩૬ ભવ કરે છે. બેઇંદ્રિયના ૮૦, તેઇંદ્રિયના ૬૦, ચઉરિંદ્રિયના ૪૦, અસંજ્ઞી પંચેંદ્રિયના ૨૪ અને સંજ્ઞી પંચેંદ્રિયના જીવો ૧ મુહૂર્તમાં ઉત્કૃષ્ટો ૧ ભવ કરે છે.

અગાઉ વર્ણવેલા પાંચ; સ્થાવર કાયના બાવીસ ભેદોમાં ઉમેરતાં અગાઉ જણાવેલ છે તેમ, તિર્યંચના કુલ ૪૮ ભેદ છે.

હવે "જંગમકાય" એટલે ત્રસ જીવોનું વિસ્તારથી વર્ણન કરીએ છીએ.

જંગમકાયના જીવો ૮ પ્રકારે ઊપજે છે; ૧. 'અંડયા' ઇંડાંથી. તે પક્ષી વગેરે, ૨. 'પોયયાં' કોથળીથી. તે હાથી વગેરે. ૩. 'જરાયુયા' ગર્ભાશયથી. તે ગાય, મનુષ્ય, વગેરે, ૪. 'રસિયા' રસથી. તે કીડા વગેરે, ૫ 'સંસેઇયા' પરસેવાથી. તે જૂ, માંકડ, વગેરે. ૬. 'સમુચ્છિંમા' સમૂચ્છિંમ તે કીડી, માખી, વગેરે, ૭, ઉબ્ભિયા' પૃથ્વી ફોડીને નીકળે તે તીડ વગેરે, ૮. 'ઉવવાઇયા' શય્યામાં કે કૂંભીમાં ઊપજે તે દેવતા, નારકી. એ પ્રમાણે ૮ રીતે ત્રસની ઉત્પત્તિ છે.

હવે ત્રસ જીવોનાં લક્ષણ કહે છે. અભિક્કંતં સામા આવે–પડિક્કંતં–પાછા જાય, 'સંકુચિય' શરીરને સંકોચે. 'પસારીય" શરીરને પસારેઃ 'રોય" રુદન કરે; 'ભંત્તં" ભયભીત થાય; 'તસીય" ત્રાસ પામે; 'પલાઇયં' નાસી જાય, આગઇ ગઇ–ગમનાગમન કરે, વગેરે ત્રસ જીવોનાં નવ લક્ષણ છે.

ત્રસ જીવોના ઇંદ્રિય પ્રમાણે ચાર ભેદ છે.

૧. બેઇંદ્રિય–કાયા અને મુખ એ બે ઇંદ્રિયવાળા જીવ. જેમ કે શંખ, છીપ, કોડા, મામણમુંડા, જળો, લટ, અળસિયાં (સાપોલિયાં), પોરા, કરમિયા, વગેરે.

૨. તેઇંદ્રિય–કાયા, મુખ અને નાક એમ ત્રણ ઇંદ્રિયવાળા જીવ. જેમ કે જૂ, લીખ, કીડી, માંકડ, કંથવા, ધનેડા, ઇતરડી, ઊધઇ, મકોડા, ગધૈયાં, વગેરે.

૩. ચૌરેન્દ્રિય–કાયા, મુખ, નાક અને આંખ એ ચાર ઇંદ્રિયવાળા જીવ. જેમ કે–ડાંસ, મચ્છર, માખી, તીડ, પતંગ, ભમરા, વીંછી,

ખડમાંકડી, કૂદાં, કરોળિયા, બગાં, કંસારી, વગેરે. એ ત્રણ જાતના ત્રસ જીવોને વિકલેંદ્રિય તિર્યંચ કહે છે.

૪. પંચેન્દ્રિય—કાયા, મુખ, નાક, આંખ અને કાન એ પાંચ ઇંદ્રિયવાળા જીવ—તેના ચાર ભેદ છે. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા. તેમાં નારકીનું વર્ણન આગળ આવી ગયું છે. અહીં તિર્યંચ પંચેન્દ્રિયનો વિસ્તાર કરે છે.

તિર્યંચ પંચેન્દ્રિના બે ભેદ છેઃ ગર્ભજ (ગર્ભથી પેદા થાય) અને સમૂર્ચ્છિમ (પોતાની મેળે પેદા થાય).

એ દરેકનાં પાંચ ભેદ છે. તે કહે છે.

૧. 'જળચર'—પાણીમાં રહેનારા જીવ. જેમ કે મચ્છ, કચ્છ, મગર, સુસુમાર, કાચબા, દેડકાં, વગેરે.

૨. 'થળચર'—પૃથ્વી પર ચાલનારા જીવ. તેના ચાર ભેદ છે. (૧) એક ખુરા—એક ખરીવાળાં તે ઘોડા, ગધેડા, ખચ્ચર વગેરે (૨) 'દોખુરા' ખરીની વચમાં ફાટ હોય તેથી બે ખરીવાળાં તે ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, વગેરે. (૩) 'ગંડીપયા' સોનીની એરણ જેવા પગવાળા તે હાથી, ઊંટ, ગેંડા, વગેરે. (૪) 'સણુપયા' પંજાવાળા તે સિંહ, ચિત્તા, બિલાડી, કૂતરાં, વાંદરાં, વગેરે.

૩. 'ઉરપર'—પેટના જોરથી ચાલનારા જીવ. તેના ચાર ભેદ છે. ૧. અહિ (સર્પ). તેમાં એક ફેણુ માંડે છે અને બીજા ફેણુ માંડતા નથી. એ સર્પ પાંચ જાતના હોય છે. ૨. 'અજગર'—માણસ વગેરેને ગળી જાય છે તે. ૩. 'અળસિયાં મોટી * સેનાઓની નીચે પેદા થાય છે તે. ૪ 'મહોરગ' લાંબી અવઘેણા

* ચક્રવર્તી મહારાજા તથા વાસુદેવનાં પુણ્ય ખૂટી જાય છે ત્યારે તેમના ઘોડાની લાદમાં ૧૨ જોજન (૪૮ ગાઉ)ની લાંબી કાયાવાળાં અળસિયાં ઊપજે છે અને મરે છે. એ અળસિયાના તરફડવાથી પૃથ્વીમાં મોટા ખાડા પડે છે. તેમાં તમામ સૈન્ય, કુટુંબ, ગામ દબાઈ જઈ નાશ પામે છે.

વાળા * લાંબામાં લાંબું એક હજાર જોજનનું શરીર હોય છે.

(૪) ' ભુજપર '–ભુજા (હાથ)ના જોરથી ચાલનારા જીવ. ઊંદર, નોળિયા, ઘૂંસ, કાકીડા, વિસ્મરા, ગરોળી, ઘોયરા, ઘો, વગેરે.

(૫) ' ખેચર '—આકાશમાં ઊડનારાં પક્ષીઓ. તેના ચાર ભેદ-૧. ' ચરમ–પંખી ચામડીની પાંખવાળાં, ચામાચીડિયાં (કાનકરડિયાં), વડવાગળાં (વડ વાંદરી). વગેરે; ૨. ' રોમપંખી ' રુવાં રોમરાય વાળ કે પીછાંની પાંખવાળાં પંખી–મોર, ચકલાં, કબૂતર, પોપટ, મેના, જળ-કૂકડી, ચીલ, બગલાં, કોયલ, તેતર, બાજ (શકરો), હોલાં, ચંડૂલ વગેરે. ૩. ' વિતત પંખી '–પાંખ સદા પહોળી જ રહે તેવાં પંખી. (૪) 'સમુગ પંખી—ડાબલાની પેઠે ગોલ અને સદા બિડાયેલી રહે તેવી પાંખવાળાં પંખી. ત્રીજી અને ચોથી જાતનાં પંખી અઢી દ્વીપની બહાર જ છે.

મનુષ્યના ૩૦૩ ભેદ

મનુષ્યના મુખ્ય બે ભેદ ગર્ભજ અને સમૂચ્છિંમ. તેમાં ગર્ભજમાં ૧૫ કર્મભૂમિ ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપવાસ મળી ૧૦૧ ભેદ છે. તે ૧૦૧ જાતના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવા બબ્બે ભેદ ગણતાં ૨૦૨ પ્રકાર ગર્ભજ મનુષ્યના થયા. એ ૧૦૧ પ્રકારના ગર્ભજ મનુષ્યમાંથી નીકળતી મળમૂત્ર વગેરે ચૌદ પ્રકારની વસ્તુઓમાં જે મનુષ્ય ઊપજે છે તેને સમૂચ્છિંમ મનુષ્ય કહે છે. તે અપર્યાપ્તા જ મરે છે તેથી સમૂચ્છિંમ મનુષ્યના ૧૦૧ ભેદ થાય છે. એમ ગર્ભજના ૨૦૨ અને સમૂચ્છિંમના ૧૦૧ મળી મનુષ્યના કુલ ૩૦૩ ભેદ છે. તેનો વિસ્તાર કરી બતાવે છે.

ગર્ભજ મનુષ્યની જાતમાં ૧૫ કર્મભૂમિ મનુષ્ય છે. જેઓ ' અસિ ' હથિયાર બાંધીને; ' મસી ' લખાણ, વેપારવણજ કરી; અને ' કસી ' કૃષિકર્મ એટલે ખેતીવાડી કરીને, એમ ત્રણ પ્રકારનાં કર્મ કરીને આજીવિકા (ઉદર પૂર્તિ) કરે છે તેને ' **કર્મભૂમિ** ' **મનુષ્ય** કહે છે.

* એ અઢી દ્વીપની બહાર થાય છે.

તેને રહેવાનાં ૧૫ ક્ષેત્ર છે. એક ભરત, એક ઇરવત અને એક મહાવિદેહ એમ કર્મભૂમિ મનુષ્યનાં ત્રણ ક્ષેત્રો જંબુદ્વીપમાં છે. બે ભરત, બે ઐરવત અને બે મહાવિદેહ એમ છ ક્ષેત્રો ધાતકીખંડ દ્વીપમાં છે; એ જ પ્રમાણે બે ભરત, બે ઐરવત અને બે મહાવિદેહ મળી છ ક્ષેત્રો પુષ્કરાર્ધ દ્વીપમાં છે; ૩, ૬. ને ૬ મળી કુલ પંદર ક્ષેત્રો કર્મભૂમિ મનુષ્યનાં અઢી દ્વીપમાં છે.

અકર્મભૂમિ મનુષ્ય—જેને અસી, મસી અને કસી એ ત્રણ પ્રકારના વ્યાપાર (કર્મ) નથી પણ દસ પ્રકારનાં * કલ્પવૃક્ષો તેની ઇચ્છા પૂરે છે તેવાં મનુષ્યને અકર્મભૂમિનાં મનુષ્ય કહે છે તેને રહેવાનાં ૩૦ ક્ષેત્ર છે. તેમાં એક દેવકુરુ, એક ઉત્તરકુરુ, એક હરિવાસ, એક રમ્યકવાસ, એક હેમવય અને એક હિરણ્યવય એમ અકર્મભૂમિ મનુષ્યનાં છ ક્ષેત્ર જંબુદ્વીપમાં છે. બે દેવકુરુ, બે ઉત્તરકુરુ, બે હરિવાસ, બે રમ્યકવાસ, બે હેમવય અને બે હિરણ્યવય એમ બાર ક્ષેત્ર ધાતકીખંડ દ્વીપમાં છે અને તે જ પ્રમાણે, બાર ક્ષેત્ર પુષ્કરાર્ધદ્વીપમાં છે. ૬,૧૨ અને ૧૨ મળી કુલ ત્રીસ ક્ષેત્રો અકર્મભૂમિ મનુષ્યનાં અઢી દ્વીપમાં છે.

અંતરદ્વીપનાં મનુષ્ય—લવણ સમુદ્રનાં પાણી ઉપર આઠ દાઢા છે તેમાં બધા મળી છપ્પન દ્વીપ છે તેને અંતરદ્વીપ કહે છે, અને તેમાં રહેનારા મનુષ્યોને અંતરદ્વીપનાં મનુષ્ય કહે છે. ભરતક્ષેત્રની ઉત્તરે 'ચુલ્લહિમવંત' તથા ઐરવતની દક્ષિણે 'શિખરી' નામે પર્વત છે. તે દરેકને બન્ને છેડે બબ્બે દાઢો (હાથીના બહાર નીકળેલા દાંતની પેઠે) નીકળીને લવણ સમુદ્રમાં ગયેલી છે. એમાંની એકેક દાઢ ઉપર સાત સાત દ્વીપ આવેલા છે. તેથી બધા મળી ૭×૮=૫૬ અંતરદ્વીપ થયા.

તેઓ પણ અકર્મભૂમિનાં મનુષ્યની પેઠે ૧૦ પ્રકારનાં કલ્પવૃક્ષ વડે સુખ ભોગવે છે. ૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના અને ૫૬

---

* કલ્પવૃક્ષ સંબંધી વિશેષ હકીકત પહેલા ખંડમાં આરાનું વર્ણન છે ત્યાં જોવી.

અંતરદ્વીપના મળી ૧૦૧ ભેદ ગર્ભજ મનુષ્યના થયા, તેના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ બબ્બે ભેદ ગણતાં ૨૦૨ ભેદ ગર્ભજ મનુષ્યના થયા.

સમુચ્છિમ મનુષ્ય—એ ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના શરીરમાંથી નીકળતી ચૌદ × વસ્તુઓમાં જે જીવ પેદા થાય છે તેને સમુચ્છિમ મનુષ્ય કહે છે. તે અપર્યાપ્તા જ મરે છે. માટે તેના ૧૦૧ ભેદ ગણતાં કુલ ૩૦૩ ભેદ મનુષ્યના થયા.

દેવતાના ૧૯૮ ભેદ

૧૦ ભવનપતિ દેવતા, ૧૫ પરમાધામી દેવતા, ૧૬ વાણવ્યંતર દેવતા, ૧૦ જંભકા દેવતા, ૧૦ જ્યોતિષી દેવતા, ૩ કિલ્વિષી દેવતા, ૧૨ દેવલોકના દેવતા, ૯ લોકાંતિક દેવતા, ૯ ગ્રૈવેયકના દેવતા, ૫ અનુત્તર વિમાનના દેવતા, એ સર્વ મળી ૯૯ જાતના દેવતા છે. તેના અપર્યાપ્તા અને પર્યાપ્તા એવા બબ્બે ભેદ છે. તેથી ૯૯×૨=૧૯૮ ભેદ દેવતાના થયા. +

× સમૂચ્છિમ મનુષ્યો ઊપજે તે ચૌદ સ્થાનકનાં નામ—૧. ઉચ્ચારેસુ વા—ઝાડા (વિષ્ઠા) માં ઊપજે, તે ૨. પાસવણેસુ વા—પેશાબમાં ઊપજે તે, ૩. ખેલેસુ વા—બળખામાં ઊપજે તે, ૪. સંઘાણેસુ વા—નાકની લીંટ (શેડા)માં ઊપજે તે, ૫. વંતેસુ વા—વમન (ઊલટી)માં ઊપજે તે, ૬. પિત્તેસુ વા—પિત્તમાં ઊપજે તે, ૭. પુએસુ વા—પરુ, રસીમાં ઊપજે તે, ૮. સોણિએસુ વા—લોહીમાં ઊપજે તે, ૯. સુક્કેસુ વા—શુક્ર-વીર્યમાં ઊપજે તે, ૧૦. સુક્ક પોગલપરિસાડિયેસુ વા—સુકાણા વીર્યાદિકનાં પુદ્ગલ ભીનાં થાય ત્યારે ઊપજે તે, ૧૧. વિગયજીવકલેવરેસુ વા—મૂએલા મનુષ્યના કલેવર (શરીર)માં ઊપજે તે, ૧૨. ઇત્થીપુરિસ સંજોગેસુ વા—સ્ત્રી પુરુષના સંજોગમાં ઊપજે તે. ૧૩. નગરનિધમણેસુ વા—નગરની ખાળ વગેરેમાં ઊપજે તે, ૧૪ સવ્વેસુ ચેવ અસુઇઠાણેસુ વા—મનુષ્ય સંબંધી સર્વે અશુચિનાં સ્થાનક (ચીપડા વગેરે)માં ઊપજે તે.

એ ચૌદ વસ્તુ મનુષ્યના શરીરમાંથી દૂર થયા પછી અંતર્મુહૂર્ત જેટલા વખતમાં તેમાં અસંખ્યાતા સમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે અને મરે છે એનો સ્પર્શ કરવાથી સમૂચ્છિમ મનુષ્યની ઘાત થાય છે માટે અશુચિનાં સ્થાનકની જતના કરો તો દ્રવ્યે (બાહ્ય) અને ભાવે (અભ્યંતર) ઘણો લાભ થશે.

* સર્વ દેવતાઓનું વિશેષ વર્ણન પ્રથમ ખંડના બીજા પ્રકરણમાં થઈ ગયું છે.

૧૪ નારકીના ભેદ; ૪૮ તિર્યંચના ભેદ, ૩૦૩ મનુષ્યના ભેદ અને ૧૯૮ દેવતાના ભેદ કુલ મળી ૫૬૩ ભેદ સર્વ જીવોના થયા. જીવના ઉત્કૃષ્ટા ભેદ તો અનંત થાય છે. એ રીતે જીવતત્ત્વ "જ્ઞેય" એટલે જાણવા યોગ્ય છે. ॥ इति जीव तत्त्वं ॥

૨. અજીવ તત્ત્વ

અજીવ તત્ત્વનાં લક્ષણ–જીવનું પ્રતિપક્ષી તત્ત્વ તે અજીવ તત્ત્વ છે. તે જડ, ચેતનારહિત, અકર્તા, અભોક્તા, અનાદિ, અનંત અને સદા શાશ્વત છે. સદૈવ કાળ નિર્જીવ (જડ) રહેવાથી તે અજીવ કહેવાય છે.

અજીવ તત્ત્વના મુખ્ય બે ભેદ છે. ૧. અરૂપીઃ તેનાં નામ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ. ૨. રૂપી. તે પુદ્‌ગલાસ્તિકાય–વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્‌ગલના ગુણ છે. તે પુદ્‌ગલથી કદી પૃથક થતા નથી. એક પરમાણુમાં ૧ વર્ણ ૧ ગંધ ૧ રસ અને ૨ સ્પર્શ લાભે છે. દ્વિપ્રદેશી સ્કંધમાં ૨ વર્ણ ૨ ગંધ, ૨ રસ, ૪ સ્પર્શ લાભે છે. આ રીતે પરમાણુઓનો સમૂહ થવાથી, તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન લાભે છે. જેના બે વિભાગની કલ્પના પણ થઈ શકે નહિ એવા સૂક્ષ્મ પુદ્‌ગલને પરમાણુ કહે છે.

બે પરમાણુ મળવાથી દ્વિપ્રદેશી સ્કંધ, ત્રણ પરમાણુ મળવાથી ત્રિપ્રદેશી સ્કંધ યાવત્ સંખ્યાતા પરમાણુ મળવાથી સંખ્યાતપ્રદેશી સ્કંધ, અસંખ્યાત પ્રદેશ મળવાથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ અને અનંત પરમાણુઓના મેળાપથી અનંત પ્રદેશી સ્કંધ કહેવાય છે. આ સ્કંધ ભેદ પડવાથી કમી પણ થાય છે અને સંયોગ પામીને અધિક પણ થાય છે.

આ રીતે પુદ્‌ગલોમાં ભેદ સંઘાતન થતાં જ રહે છે. પરંતુ પરમાણુ કદાપિ નાશ પામતો નથી. તેમ જ કોઈ પણ પરમાણુ નવીન ઉત્પન્ન થતો નથી. અનાદિ કાળથી જેટલા પરમાણુઓ છે તેટલા જ

અનંત કાળ સુધી રહેશે. અભવ્ય જીવોની રાશિથી અનંત ગુણ અધિક અને સિદ્ધની રાશિને અનંતમે ભાગે કમ એટલા પરમાણુઓનો જે સ્કંધ બને છે તે જ સકર્મક થઇ આત્માને ગ્રહણ કરવા યોગ્ય પુદ્ગલ–સ્કંધ હોય છે. એવા અનંત પુદ્ગલસ્કંધોની કર્મવર્ગણાથી કર્મપ્રકૃતિ બને છે.

આ પ્રમાણે જેટલાં પુદ્ગલો આત્મસંયોગી છે તે "પ્રયોગસા" પુદ્ગલ કહેવાય છે. આત્માને લાગીને જે પુદ્ગલો અલગ થઇ ગયાં છે તે "મિશ્રસા" પુદ્ગલ કહેવાય છે અને જે પુદ્ગલોને આત્મા સાથે સંબંધ થયો નથી તે "વિસ્રસા" પુદ્ગલ કહેવાય છે. આ ત્રણે પ્રકારના પુદ્ગલ દ્વિપ્રદેશી આદિ સ્કંધો અને પરમાણુઓ સમ્પૂર્ણ લોકમાં અનંતાનંત છે. તેથી પુદ્ગલોના ભેદ પણ અનંતાનંત થાય છે. પરંતુ ભવ્યાત્માઓને સુલભતાપૂર્વક બોધ કરાવવાને માટે અજીવના સંક્ષિપ્તમાં ૧૪ ભેદ કહ્યા છે અને વિસ્તારે ૫૬૦ ભેદ થાય છે.

અજીવ તત્ત્વના ૧૪ ભેદ–૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય. એ ત્રણના દરેક ત્રણ ત્રણ ભેદ છે ૧. સ્કંધ (ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ બે દ્રવ્ય લોક–વ્યાપક હોવાથી તે બન્નેનો સ્કંધ લોક પ્રમાણે છે અને આકાશાસ્તિકાય દ્રવ્ય લોકાલોક વ્યાપી હોવાથી તેનો સ્કંધ લોકાલોક વ્યાપી છે. ૨. દેશ (સ્કંધનો અમુક વિભાગ) ૩ પ્રદેશ (જેના બે ભાગ કલ્પી શકાય) એમ ૩×૩=૯ ભેદ થાય અને ૧૦મો કાળ એ દસ ભેદ અરૂપી અજીવના સંક્ષેપમાં થયા. અને ૪ ભેદ રૂપી અજીવના તે ૧. પુદ્ગલાસ્તિકાયનો સ્કંધ, ૨. પુદ્ગલાસ્તિકાયનો દેશ, ૩. પુદ્ગલાસ્તિકાયનો પ્રદેશ અને ૪ પરમાણુ પુદ્ગલ. (સ્કંધની સાથે જોડાયેલો પરમાણુ તે પ્રદેશ કહેવાય અને છૂટો હોય તે પરમાણુ કહેવાય) એ સામાન્ય પ્રકારે ૧૪ ભેદ અજીવતત્ત્વના થયા.

વિસ્તાર કરતાં અજીવ તત્ત્વના ૫૬૦ ભેદ થાય છે. તેમાં

અજીવના કહ્યા છે તે; બાકીના વીસ ભેદો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ એ પાંચ બોલ દરેક અરૂપી અજીવ ઉપર લગાડતાં થાય છે. તેમાં ધર્માસ્તિકાયના પાંચ ભેદ છે. ધર્માસ્તિકાય એ દ્રવ્યથી એક જ છે. ક્ષેત્રથી લોકમાં સંપૂર્ણ વ્યાપી રહેલ છે. કાળથી આદિ અંત રહિત અથવા અનાદિ અનંત છે, ભાવથી અરૂપી–અવર્ણે, અગંધે, અરસે અને અફાસે છે. ગુણ થકી સકર્મી જીવોને (સંસારી જીવોને) તથા પુદ્‌ગળોને ચલણ સહાયદાતા છે.

અધર્માસ્તિકાયના પાંચ ભેદ છે. અધર્માસ્તિકાય એ દ્રવ્યથી એક જ છે; ક્ષેત્રથી–લોકમાં સંપૂર્ણ વ્યાપી રહેલ છે; કાળથી—આદિ અંત રહિત અથવા અનાદિ અનંત છે. ભાવથી અરૂપી, અવર્ણે, અગંધે, અરસે અને અફાસે; ગુણથી—જીવ પુદ્‌ગલને સ્થિર રહેવામાં સહાયભૂત છે.

આકાશાસ્તિકાયના પાંચ ભેદ છે. આકાશાસ્તિકાય એ દ્રવ્યથી એક જ છે; ક્ષેત્રથી—લોક અને અલોકમાં સંપૂર્ણ વ્યાપી રહેલ છે. (એ પોલાર રૂપ છે. લોકાકાશમાં તો અનેક દ્રવ્યો છે, પણ અલોકાકાશમાં આકાશની શૂન્યાકાર પોલાર સિવાય કોઈ પણ દ્રવ્ય નથી.) કાળથી આદિ અંત રહિત અથવા અનાદિ અનંત છે; ભાવથી—અરૂપી, અવર્ણે, અગંધે, અરસે અને અસ્પર્શે. ગુણથી—અવગાહના દાન અવકાશ–દેવાનો.

કાળના પાંચ ભેદ છે. કાળ એ દ્રવ્યથી—અનેક રીતે છે. તેમાં અનંતકાળ વીત્યો અને ભવિષ્યમાં અનંત છે; ક્ષેત્રથી—વ્યવહાર કાળ તો અઢી દ્વીપના ચંદ્ર, સૂર્ય ચાલે છે, તેથી સમય, ઘડી, પ્રહર, રાત, દિન, પક્ષ, માસ, વર્ષ તે ઠેઠ સાગરોપમ વગેરે સુધી ગણાય છે. અઢી દ્વીપની બહાર ચંદ્ર સૂર્ય સ્થિર છે. તેથી ત્યાં રાત્રિ, દિન, વગેરે કંઈ નથી. નરક અને સ્વર્ગમાં પણ રાત્રિદિવસ છે નહિ. માટે અઢી દ્વીપની બહાર સર્વ સ્થળે કાળનું પરિમાણ નથી. છતાં અઢી દ્વીપના કાળની ગણતરી પ્રમાણે, જીવો વગેરેની સ્થિતિ બતાવી છે. બાકી મૃત્યુ કાળ તો ફક્ત—સિદ્ધ ભગવંત સિવાય સર્વ જીવોને આયુષ્ય પૂર્ણ થયે ભક્ષણ કરી રહ્યો છે, કાળથી આદિ અંત રહિત અથવા અનાદિ અનંત છે, હંમેશથી છે, અને હંમેશ હશે. ભાવથી—અરૂપી, અવર્ણે, અગંધે,

અરસે, અફાસે; ગુણથી—પર્યાયનું પરિવર્તન કરનાર, નવાને જૂનું કરે અને જૂનાને ખપાવે, એ રીતે સર્વે પર વર્તી રહ્યો છે.

એમ એકેકના પાંચ ભેદ ગણતાં ૪×૫=૨૦ ભેદ થયા તે પ્રથમ ૧૦ માં મેળવતાં અજીવ અરૂપીના વિસ્તારથી ૩૦ ભેદ થયા. એ ચારે અરૂપી અજીવ તત્ત્વ સદા શાશ્વતા છે. હવે રૂપી અજીવ તત્ત્વના વિસ્તારથી ૫૩૦ ભેદ વર્ણવે છે.

રૂપી અજીવના ૫૩૦ ભેદ—રૂપી અજીવ તત્ત્વ તે પુદ્ગળ. તેમાં ૫ વર્ણ ૨. ગંધ, ૫ રસ, ૫ સંઠાણ અને ૮ સ્પર્શ રહેલા છે. હવે પાંચ વર્ણમાંના એકેકા વર્ણમાં ૨ ગંધ, ૫ રસ, ૫ સંઠાણ અને ૮ સ્પર્શ એ ૨૦ બોલ લાભે તેથી (કાળો, લીલો, રાતો, પીળો ને ધોળો એ પાંચે વર્ણમાં) ૨૦×૫=૧૦૦ ભેદ થયા. હવે સુરભિ ગંધ એટલે સુગંધ અને દુરભિ ગંધ એટલે દુર્ગંધ એ બે ગંધમાંના દરેકમાં ૫ વર્ણ, ૫ રસ, ૫ સંઠાણ અને ૮ સ્પર્શ મળી ૨૩ બોલ લાભે, તેથી બે ગંધના ૨૩×૨=૪૬ ભેદ થયા; હવે તીખો, કડવો, કસાયલો, ખાટો અને મીઠો, એ પાંચ રસમાંના દરેકમાં ૫ રંગ, ૨ ગંધ, ૫ સંઠાણ અને ૮ સ્પર્શ મળી ૨૦ બોલ લાભે. તેથી ૫ રસના ૨૦×૫=૧૦૦ ભેદ થયા.

હવે પરિમંડલ (ચૂડલી જેવું), વટ્ટ (ગોળ લાડુ જેવું). ત્રસ (ત્રિકોણ), ચઉરસ (ચોખૂણ) અને આયત (નળાકાર લાંબુ) એ પાંચ સંઠાણમાંના દરેક સંઠાણમાં ૫ રંગ ૨ ગંધ, ૫ રસ, અને ૮ સ્પર્શ મળી ૨૦ બોલ લાભે. તેથી પાંચ સંઠાણના મળી ૨૦×૫=૧૦૦ ભેદ થયા. હવે ખરખરો, સુંવાળો, ભારે, હળવો, ટાઢો, ઊનો, ચોપડયો અને લૂખો, એ આઠમાંના એકેક સ્પર્શ ૫ રંગ ૨ ગંધ ૫ રસ, ૫ સંઠાણ અને (દરેક સ્પર્શમાં તે સ્પર્શ તથા તેનો પ્રતિપક્ષી સ્પર્શ એમ બબ્બે સ્પર્શ ન ગણવા; ખરખરો અને સુંવાળો એ બે પ્રતિપક્ષી છે, તેમ જ ભારે ને હળવો એ બે, ટાઢો ને ઊનો એ બે, ચોપડયો ને લૂખો પરસ્પર પ્રતિપક્ષી છે, તેથી) ૬ સ્પર્શ મળી, ૨૩ બોલ લાભે, તેથી આઠે સ્પર્શના ૨૩×૮=૧૮૪

ભેદ થયા. બધા મળી ૧૦૦+૪૬+૧૦૦+૧૦૦+૧૮૪=૫૩૦ ભેદ રૂપી અજીવ તત્ત્વના થયા, તેમાં અરૂપી અજીવ તત્ત્વના ૩૦ બોલ અગાઉ દર્શાવ્યા તે મેળવતાં અરૂપી, રૂપી બંને અજીવ તત્ત્વના ૫૬૦ ભેદ થયા.

૩. પુણ્ય તત્ત્વ

શુભ કમાણીએ કરી, શુભ કર્મના ઉદયે કરી જેનાં ફળ ભોગ-વતાં આત્માને મીઠાં લાગે તેને પુણ્ય કહે છે. પુણ્ય એ શુભકર્મ છે. મન, વચન, કાયાના શુભ વ્યાપારથી આત્મા જે શુભ કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે તે કર્મ પુદ્ગલોને પુણ્ય કહે છે, અને એ ત્રણે અશુભ યોગોથી જે કર્મ પુદ્ગલો ગ્રહણ કરાય છે તે પાપ કહેવાય છે. પુણ્ય સુખરૂપ ફળ આપે છે. અને પાપ દુઃખરૂપ ફળો આપે છે. જેવી રીતે સાંસારિક સુખનાં સાધનભૂત સ્થાન, વસ્ત્ર, ભોજનાદિ સામગ્રી પ્રાપ્ત કરવા જતાં પ્રથમ થોડું કષ્ટ પડે છે, પણ પછી લાંબા કાળ સુધી તે સુખ આપે છે, [illegible] જ રીતે પુણ્ય ઉપાર્જન કરવામાં પ્રથમ તો કષ્ટ સહન કરવું પડે છે, પણ પછી દીર્ઘકાલ પર્યંત ઘણું સુખ મળે છે.

કહેવત પણ છે કે, દુઃખ અંતે સુખ. પુણ્ય ઉપાર્જન કરવું મહા મુશ્કેલ છે. પુદ્ગલો પરથી મમત્વ ઊતર્યા વિના, ગુણજ્ઞ થયા વિના, આત્માને વશ કરી યોગોને શુભ કાર્યમાં લગાવ્યા વિના પુણ્યાનુબંધી પુણ્યોપાર્જન થતું નથી.

પુણ્ય નવ પ્રકારે બંધાય છે; ૧. અન્નપુન્ને- (અન્નદાન આપવાથી), પાણપુન્ને-(પાણીનું દાન આપવાથી) ૩. લયણપુન્ને-(પાત્ર-વાસણનું દાન દેવાથી) ૪ સયણપુન્ને-(શય્યા, મકાન દેવાથી), ૫. વત્થપુન્ને-(વસ્ત્ર દેવાથી) ૬. મનપુન્ને-(મનથી સર્વનું ભલું ચિંતવવાથી ૭, વચનપુન્ને-(વચનથી સૌના ગુણાનુવાદ કરવાથી તથા વૈયાવચ્ચ કરવાથી અને ગુણી મનુષ્યોને શાતા ઉપજાવવાથી), ૯. નમસ્કાર પુન્ને(-યોગ્ય ઠેકાણે નમસ્કાર કરવાથી તથા સર્વેની સાથે વિનય રાખવાથી).

એ નવ પ્રકારનાં પુણ્ય કરતી વખતે પુદ્ગળો ઉપરથી મમતા ઉતારવી પડે છે, મહેનત પણ કરવી પડે છે, એ પુણ્યનાં ફળ ભોગવતી વખતે આરામ અને સુખ મળે છે.

એ નવ પ્રકારે બાંધેલાં પુણ્યનાં ફળો ૪૨ પ્રકારે ભોગવે છે. તેનાં નામ—૧. સાતાવેદનીય, ૨. ઊંચ ગોત્ર, ૩, મનુષ્ય ગતિ, ૪. મનુષ્યાનુપૂર્વી * ૫. દેવ ગતિ, ૬ દેવાનુપૂર્વી, ૭. પંચેન્દ્રિયની જાતિ, ૮. ઔદારિક શરીર, ૯. વૈક્રિય શરીર, ૧૦. આહારક શરીર, ૧૧. તેજસ શરીર ૧૨. કાર્મણ શરીર, ૧૩. ઔદારિક શરીરનાં અંગોપાંગ×, ૧૪. વૈક્રિય શરીરનાં અંગોપાંગ, ૧૫. આહારક શરીરનાં અંગોપાંગ, ૧૬. વજ્રઋષભનારાચ સંઘયણ, ૧૭. સમચતુરસ્ર સંઠાણ, ૧૮. શુભ વર્ણ, ૧૯. શુભ ગંધ, ૨૦ શુભ રસ; ૨૧. શુભ સ્પર્શ ૨૨, અગુરુલઘુનામ (પોતાનું શરીર હલકું કે ભારે લાગે નહીં તે આ કર્મથી) ૨૩. પરાઘાત નામ (બીજાથી હારે નહિ) ૨૪. ઉશ્વાસ નામ (પૂરો ઉશ્વાસ લે) ૨૫. આતાપ નામ (પ્રતાપી) ૨૬. ઉદ્યોત નામ (તેજસ્વી) ૨૭. શુભ ચાલવાની ગતિ ૨૮. નિર્માણ નામ (અંગોપાંગ બરોબર યોગ્ય સ્થાને હોય) ૨૯ ત્રસ નામ ૩૦ બાદર નામ ૩૧. પર્યાપ્ત નામ ૩૨. પ્રત્યેક નામ (એક શરીરમાં એક જીવ), ૩૩. સ્થિર નામ (શરીરનો બાંધો દઢ હોય). ૩૪. શુભ નામ ૩૫. સૌભાગ્ય નામ ૩૬. સુસ્વર નામ, ૩૭. આદેય નામ (સર્વ જન વચન માન્ય કરે), ૩૮. યશોકીર્તિ નામ, ૩૯. દેવતાનું આયુષ્ય. ૪૦. મનુષ્યનું આયુષ્ય ૪૧. તિર્યંચનું આયુષ્ય જુગલવત્ ૪૨, તીર્થંકર નામકર્મ (તીર્થંકરની પદવી પામે) એ ૪૨ પ્રકારથી પુણ્યનાં ફળ ભોગવે છે.

પુણ્યનું જાણપણું સૂક્ષ્મ બુદ્ધિથી કરવાની ઘણી જરૂર છે. વળી પુણ્યકર્મ જ્યાં આદરવા જોગ હોય ત્યાં જરૂર આદરે અને છોડવા જોગ હોય ત્યાં જરૂર છોડે એ બાબતમાં વિવેકબુદ્ધિથી વિચાર કરવો.

---

* જીવને એક ભવમાંથી બીજા ભવમાં લઈ જનારી પ્રકૃતિ તે અનુપૂર્વી.

× અંગ એટલે શરીર અને ઉપાંગ એટલે હાથ, પગ, આંગળી વગેરે.

જોઈએ. એકાંત પક્ષ તાણવો નહિ. પુણ્ય કર્મ છોડવું જ જોઈએ એમ એકાંત કહે. તો જેનો ફળમાં તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરવાનો લાભ બતાવ્યો છે તેવી ઉત્તમ વસ્તુનું ઉથાપન થયું. વળી પુણ્ય કર્મ આદરવું જ એમ પણ એકાંત પક્ષ તાણવો નહિ; પુણ્ય કર્મ આદર્યાં કરીએ તો તેનાં ફળ ભોગવવાં જોઇએ. અને ફળ ભોગવવાપણું જ્યાં લગી છે ત્યાં લગી મોક્ષના અનુપમ સુખ શી રીતે મળે? તેથી તો મોક્ષને અટકાવનાર પુણ્ય કર્મ થાય છે. માટે જ્યાં લગી જીવ મોક્ષ નજીક નથી થયો ત્યાં લગી પુણ્ય કર્મ આદરવા યોગ્ય છે.

શાસ્ત્રમાં પુણ્યનો મહિમા ઠેકઠેકાણે બતાવ્યો છે. ઠેઠ તેરમા ગુણસ્થાનકે પણ પુણ્ય પ્રકૃતિ છે. માટે એકાંત સ્થાપન કે ઉત્થાપન ન કરવું, પુણ્ય તત્ત્વમાં વિવેક રાખવો અને પુણ્યના ફળની ઇચ્છા ન રાખવી એ સમ્યક્ત્વ લક્ષણ છે. આ વિવેક તે ગુણસ્થાન ભેદે ભિન્ન ભિન્ન વ્યવહાર સમજવો તે છે.

૪. પાપ તત્ત્વ

પાપનાં ફળ કડવાં છે. પાપ કરવું ઘણું સહેલું છે. તેનાં ફળ ભોગવવાં ઘણાં દુઃખકર છે.

અઢાર પ્રકારથી પાપ બંધાય છેઃ ૧. પ્રાણાતિપાત (જીવની હિંસા, ૨, મૃષાવાદ (જુઠું બોલવું.) ૩. અદત્તાદાન (ચોરી) ૪. મૈથુન સ્ત્રી આદિસંગ), ૫. પરિગ્રહ (ધન વગેરેનો સંગ્રહ અને મમત્વ), ૬. ક્રોધ (ગુસ્સો). ૭. માન (અહંકાર), ૮. માયા (કપટ), ૯. લોભ (તૃષ્ણા) ૧૦. રાગ (પ્રેમ–આસક્તિ, ૧૧. દ્વેષ (ઈર્ષ્યા–અદેખાઇ) ૧૨. કલહ (કલેશ) ૧૩. અભ્યાખ્યાન (ખોટું આળ), ૧૪. પૈશૂન્ય (ચાડીચૂગલી) ૧૫. પરપરિવાદ (નિંદા). ૧૬. રતિ અરતિ (હર્ષ શોક), ૧૭ માયા મોસો (કપટ સહિત જુઠું), ૧૮ મિચ્છા દંસણ સલ્લ (અસત્ય મત સંપ્ર-દાયની શ્રદ્ધા હોવી) એ ૧૮ કર્મ આચરવાથી પાપનો અશુભ બંધ પડે છે.

એ ૧૮ પાપસ્થાનકનાં અશુભ બંધના અશુભ ફળ ૮૨ પ્રકારે ભોગવે છે. તેનાં નામ–૧. મતિજ્ઞાનાવરણીય, ૨. શ્રુતજ્ઞાનાવરણીય

૩. અવધિ જ્ઞાનાવરણીય, ૪. મનઃપર્યવ જ્ઞાનાવરણીય, ૫. કેવળ જ્ઞાનાવરણીય (એ પાંચની અંતરાય પડે) ૬. દાનાંતરાય (દાન દઈ ન શકે), ૭. લાભાંતરાય (કમાણીમાં લાભ મેળવી ન શકે.) ૮. ભોગાંતરાય (એક વાર જ ભોગવાય એવી ચીજ જેવી કે, ખાનપાન વગેરે ભોગવી ન શકે) ૯. ઉપભોગાંરાય (વારેવારે ભોગવાય એવી ચીજ જેવી કે, વસ્ત્ર આભૂષણ, સ્ત્રી, ગૃહ વગેરે ન ભોગવી શકે), ૧૦. વીર્યાંતરાય (તપ, સંયમ, ધર્મ, કરી ન શકે) ૧૧. નિદ્રા (જે નિદ્રા સુખથી ન આવે અને જેમાંથી સુખેથી ન જગાય). ૧૨. નિદ્રાનિદ્રા (જે નિદ્રા મુશ્કેલીએ આવે અને જેમાંથી મુશ્કેલીએ જગાય), ૧૩ પ્રચલા (બેઠાં બેઠાં નિદ્રા આવે), ૧૪. પ્રચલા પ્રચલા (ચાલતાં ચાલતાં નિદ્રા આવે), ૧૫. થિણદ્ધિ નિદ્રા (જે નિદ્રામાં વાસુદેવનું અર્ધું પરાક્રમ આવે તે), ૧૬. ચક્ષુ દર્શનાવરણીય (આંધળો હોય તે) ૧૭. અચક્ષુ દર્શનાવરણીય (આંખ વિનાની ચાર ઇંદ્રિયોની હીનતા હોય) ૧૮. અવધિ દર્શનાવરણીય; ૧૯. કેવળ દર્શનાવરણીય, ૨૦. અસાતા વેદનીય, ૨૧. નીચ ગોત્ર, ૨૨. મિથ્યાત્વ મોહનીય (જેમ કોઈ નશો કરી બેશુદ્ધ થયેલો ઊલટું સમજે તેમ મિથ્યાત્વ મોહનીવાળો જીવ ધર્મને અધર્મ, અધર્મને ધર્મ સમજે), ૨૩. સ્થાવરપણું, ૨૪. સૂક્ષ્મપણું ૨૫. અપર્યાપ્તપણું, ૨૬. સાધારણપણું, (એક શરીરમાં અનંતા જીવ હોય તેવું), ૨૭. અસ્થિર નામ, (શરીરનો શિથિલ બાંધો) ૨૮. અશુભ નામ, ૨૯. દુર્ભાગ્ય નામ, ૩૦. દુસ્વર નામ, ૩૧. અનાદેય નામ, (કોઈ માને નહિ), ૩૨. અયશોકીર્તિ નામ, ૩૩. નરક ગતિ, ૩૪. નરકનું આયુષ્ય, ૩૫. નરકાનુપૂર્વી, ૩૬. અનંતાનુબંધી ક્રોધ, ૩૭. અનંતાનુબંધી માન ૩૮. અનંતાનુબંધી માયા ૩૯. અનંતાનુબંધી લોભ, ૪૦. અપ્રત્યાખ્યાની ક્રોધ, ૪૧. અપ્રત્યાખ્યાની માન, ૪૨ અપ્રત્યાખ્યાની માયા, ૩૪. અપ્રત્યાખ્યાની લોભ, ૪૪. પ્રત્યાખ્યાની ક્રોધ, ૪૫. પ્રત્યાખ્યાની માન, ૪૬. પ્રત્યાખ્યાની માયા, ૪૭. પ્રત્યાખ્યાની લોભ, ૪૮. સંજ્વલનનો ક્રોધ, ૪૯. સંજ્વલનનું માન, ૫૦. સંજ્વલનની માયા, ૫૧. સંજ્વલનનો લોભ, (૩૬ થી ૫૧ લગી સોળ કષાય છે *) ૫૨, હાસ્ય (હસવું), ૫૩. રતિ, ૫૪. અરતિ, ૫૫.

* એ ૧૬ પ્રકૃતિના અર્થને માટે પહેલાં ખંડનું ત્રીજું પ્રકરણ જોવું

ભય ૫૬. શોક, ૫૭. દુગંછા, ૫૮. સ્ત્રી વેદ, ૫૯. પુરુષ વેદ, ૬૦. નપુંસક વેદ, ૬૧, તિર્યંચની ગતિ, ૬૨. તિર્યંચની અનુપૂર્વી, ૬૩. એકેન્દ્રિયપણું ૬૪. બેઇંદ્રિયપણું, ૬૫. તેઇંદ્રિયપણું, ૬૬. ચૌરેંદ્રિયપણું, ૬૭. અશુભ ચાલવાની ગતિ, ૬૮. ઉપઘાત નામ કર્મ, (પોતાના શરીરથી પોતાનું મૃત્યુ થાય), ૬૯. અશુભ વર્ણ, ૭૦. અશુભ ગંધ, ૭૧. અશુભ રસ, ૭૨. અશુભ સ્પર્શ, ૭૩. ઋષભનારાચ સંઘયણ ૭૪. નારાચ સંઘયણ, ૭૫. અર્ધ નારાચ સંઘયણ, ૭૬. કિલકુ સંઘયણ, ૭૭. છેવટ્ઠુ સંઘયણ, ૭૮. નિગોહ પરિમંડળ સંઠાણ, ૭૯. સાદિ સંઠાણ, ૮૦ વામન સંઠાણ, ૮૧. કુબ્જ સંઠાણ, ૮૨. હુંડ સંઠાણ.

એ ૮૨ પ્રકારથી પાપનાં ફળ ભોગવવાં પડે છે. એ પાપ હેય એટલે છોડવા યોગ્ય છે.

૫. આસ્રવ તત્ત્વ

આસ્રવની વ્યાખ્યા—જેમ વહાણમાં કાણાની મારફતે પાણી આવવાથી તે ભરાઈ જાય છે તેમ જીવરૂપી તળાવમાં આસ્રવરૂપી છિદ્રો વાટે કર્મ પાપરૂપી પાણી આવવાથી જીવ પાપે કરીને ભરાઈ જાય છે અને સંસાર સાગરમાં ડૂબે છે.

આસ્રવનાં દ્વાર—આસ્રવ એટલે પાપ આવવાનાં નાળાં ૨૦ છે. (૧) મિથ્યાત્વ આસ્રવ (કુદેવ, કુગુરુ, અને કુધર્મની શ્રદ્ધા તથા પચીસ પ્રકારના મિથ્યાત્વનું સેવન) (૨) અવ્રત આસ્રવ (પાંચ ઇંદ્રિયો, મન, એ છ મોકળાં રાખે અને છકાયના જીવોની હિંસા એમ બાર પ્રકારે અવ્રત લાગે છે તે (૩) પ્રમાદ આસ્રવ (મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા) (૪) કષાય (૧૬ કષાય અને ૯ નોકષાય મળી ૨૫ છે) (૫) અશુભ યોગ (મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિ) (૬) પ્રાણાતિપાત (૭) મૃષાવાદ (૮) અદત્તાદાન, (૯) મૈથુન, (૧૦) પરિગ્રહ, (૧૧ થી ૧૫) શ્રોતેંદ્રિય ચક્ષુઇંદ્રિય, ઘ્રાણેંદ્રિય, રસેંદ્રિય અને સ્પર્શેન્દ્રિય એ પાંચ ઇંદ્રિયોને અશુભ કામમાં લગાવે (૧૬ થી ૧૮) મન, વચન અને કાયાના યોગને અશુભ કામમાં પ્રવર્તાવે (૧૯) ભંડ ઉપકરણ એટલે વસ્ત્ર, પાત્ર, વગેરે

જતના રહિત લે તે, (૨૦) સૂઈ કુસગ્ગ કરે (સોય અને તૃણમાત્ર જેવી વસ્તુ પણ અજતનાથી લે અને રાખે)

આસ્રવદ્વારના વિશેષે ૪૨ ભેદ છે—૧. મિથ્યાત્વ, ૨. અવ્રત, ૩. પ્રમાદ, ૪, કષાય, ૫. અશુભ યોગ, ૬. પ્રાણાતિપાત, ૭. મૃષાવાદ, ૮. અદત્તાદાન, ૯, મૈથુન, ૧૦. પરિગ્રહ, ૧૧. ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા, ૧૪. લોભ, ૧૫. અશુભ મનયોગ, ૧૬. અશુભ વચનયોગ ૧૭ અશુભ કાયયોગ એ ૧૭ અને ૨૫ ક્રિયા એમ કુલ ૪૨ ભેદ થયા.

૨૫ પ્રકારની ક્રિયા

જેનાથી કર્મ આવે તેને ક્રિયા કહે છે. એ ક્રિયાના બે ભેદ છે. (૧) જીવથી લાગે તે જીવક્રિયા, અને, (૨) અજીવથી લાગે તે અજીવ ક્રિયા.

જીવથી લાગે તેના બે ભેદ છે. (૧) સમ્યક્ત્વી જીવને લાગે તે સમકિતી જીવની ક્રિયા. (૨) મિથ્યાત્વી જીવને લાગે તે મિથ્યાત્વી જીવની ક્રિયા.

અજીવક્રિયા બે પ્રકારની છે, (૧) સામ્પરાયિક ક્રિયા–કષાયોદયવાળો આત્મા કાયયોગ આદિ ત્રણ પ્રકારે શુભ અશુભ યોગથી જે કર્મ બાંધે છે તે અને, (૨) ઇર્યાપથિક ક્રિયા–ઉપશમકષાયી, અને ક્ષીણકષાયી (અકષાયી) વીતરાગીને ફક્ત યોગની પ્રવૃત્તિથી લાગે તે. તેમાં ઇર્યાપથિક ક્રિયા ફક્ત એક પ્રકારની છે. અને સાંપરાયિક ક્રિયાના ૨૪ પ્રકાર છે.

(૧) **કાયિકી ક્રિયા**—દુષ્ટભાવયુક્ત થઈને કાયયોગ અયત્ન કરવો અથવા અજતનાનાં કાર્યોમાં કાયાને પ્રવર્તાવવી તે કાયિકી ક્રિયા. મારું શરીર દુર્બળ થઇ જશે ઇત્યાદિ વિચારથી વ્રત નિયમાદિનું પાલન કે ધર્માચરણ કરે નહિ તેને પણ કાયિકી ક્રિયા લાગે છે.

તેના બે ભેદ છેઃ (૧) અનુપરત કાયિકી ક્રિયા—જેમણે આ ભવમાં વ્રતપચ્ચખ્ખાણ દ્વારા આસ્રવનો નિરોધ કર્યો નથી તેમને સંસારમાં જેટલાં આરંભ સમારંભનાં કામો થઈ રહ્યાં છે તે બધાંની નિરંતર અવ્રતની

ક્રિયા આવ્યા કરે છે, તે અવ્રતીની કાયિકી ક્રિયા અને, (૨) દુપ્રયુક્ત કાયિકી ક્રિયા—જે સાધુ-શ્રાવક વ્રતપચ્ચખ્ખાણ કર્યા પછી પણ અયતનાએ શરીર પ્રવર્તાવે તે વ્રતની કાયિકી ક્રિયા.

(૨) **અધિકરણિકી ક્રિયા**—ચાકુ, છરી, સોય, કાતર, તલવાર, ભાલા, બરછી, ધનુષ્યબાણ, બંદૂક, તોપ, કોદાળી, પાવડા, હળ, ઘંટી, સાંબેલું, વગેરે શસ્ત્રોનો સંગ્રહ કે પ્રયોગ કરવાથી તથા કઠોર, દુઃખપ્રદ ઘાતક શસ્ત્રો સમાન દુઃખદાતા વચનોચ્ચાર કરવાથી અધિકરણિકી ક્રિયા લાગે છે.

તેના બે પ્રકાર છે : (૧) સંયોજનાધિકરણિકી-શસ્ત્ર અધૂરાં હોય તે પૂરાં કરવાં-જેમકે તલવારની મૂઠ, ઘંટીનો ખીલડો, ચપ્પુનો હાથો, વગેરે બેસાડવાં. વળી, બૂઠી ધારને તીક્ષ્ણ ધાર કરવી, જેથી તે શસ્ત્ર ઉપયોગમાં આવે અને આરંભનાં કામો ચાલુ થાય. વચનશસ્ત્રની ક્રિયા જૂના કજિયા ઉખેળવાથી લાગે (૨) નિવર્તનાધિકરણિકી —શસ્ત્રો નવાં બનાવી એકઠાં કરે અને વેચે, એ શસ્ત્રોથી જગતમાં જેટલાં જેટલાં પાપ થાય તેની ક્રિયા બનાવનારને લાગે છે. વચન-રૂપી શસ્ત્રથી નવા કજિયા ઉપજાવે તો ક્રિયા લાગે. વચનરૂપી શસ્ત્રથી મરણ પામેલા જીવો દુર્ગતિમાં અતિ દુઃખ પામે છે, માટે વચનરૂપી શસ્ત્રથી પણ અધિકરણિકી ક્રિયા લાગે છે. કોઈ શસ્ત્રનો પોતાને અર્થે ઉપયોગ કરવાથી પણ ક્રિયા લાગે છે.

(૩) **પ્રાદ્વેષિકી ક્રિયા**-અદેખાઈના વિચાર કરવાથી આ ક્રિયા લાગે છે. બીજાને ધનવાન, બળવાન, સુખી, સત્તાધીશ, વિદ્વાન દેખી દ્વેષભાવ લાવે, ઈર્ષ્યા કરે અને એવું ચિંતવે કે એ ક્યારે દુઃખી ને પાયમાલ થાય ! વળી, લોભિયો, ચોર, જૂઠો, વગેરે જીવો દુઃખ પામે અગર નુકસાન થાય તો તે ખુશી થાય અને બોલી નાંખે કે, બહુ સારું થયું. એ પાપી એ જ લાગનો હતો, દુષ્ટ જનો ઉપર તો દુઃખ પડવું જ જોઈએ, વગેરે.

પ્રાદ્વેષિકી ક્રિયાના બે ભેદ છે. (૧) જીવ ઉપર દ્વેષ લાવવો— મનુષ્ય, પશુ, વગેરે જીવોને દુઃખ થાય અગર મરી જાય અગર

નુકસાન થાય તો રૂડું માને, (૨) અજીવ ઉપર દ્વેષ લાવવો–વસ્ત્ર, ઘરેણાં, મકાન, વગેરે અજીવ ચીજોનો વિનાશ ક્યારે થશે એમ ચિંતવે એ બંને કર્મબંધના હેતુ છે. અજીવ વસ્તુ ઉપર સૂગ આવે તો પણ ક્રિયા લાગે.

(૪) **પારિતાપનિકી ક્રિયા**–તે હાથની મૂઠી, લાકડી, વગેરેથી શરીરનાં અવયવ છેદવા કે તાડન તર્જનથી પરિતાપ ઉપજાવતાં લાગે છે.

તેના બે ભેદ છેઃ (૧) 'સ્વહસ્ત'–પોતાને હાથે અને વચનથી પોતાને અને બીજાને દુઃખ દે; (૨) 'પરહસ્ત'–બીજાને હાથે અને વચનથી પોતાને કે બીજાને દુઃખ દેવરાવવું તે.

(૫) **પ્રાણાતિપાતિકી ક્રિયા**–વિષ, શસ્ત્ર, વગેરેથી જીવોની ઘાત કરે તો પ્રાણાતિપાત ક્રિયા લાગે છે.

તેના બે ભેદ છેઃ (૧) 'સ્વહસ્ત'–પોતાને હાથે જીવોને મારે, શિકાર ખેલે, વગેરે (૨) 'પરહસ્ત'–બીજાની પાસે જીવોને મરાવે, શિકારી કૂતરા, ચિત્તા, વગેરે જનાવરને છૂટાં મૂકી જીવોની ઘાત કરાવે અગર મારનારને 'માર, માર, માર, શું જોઈ રહ્યો છે ?!' વગેરે શબ્દોથી, શાબાશી દે, ઈનામ પણ દે.

(૬) **આરંભિકી ક્રિયા**–પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને હાલતાં ચાલતાં પ્રાણી, છકાયની હિંસાનો ત્યાગ નથી કર્યો ત્યાં લગી એમનો જેટલો આરંભ આ જગતમાં થઈ રહ્યો છે, તે સર્વ પાપની ક્રિયા લાગે છે.

તેના બે ભેદ છેઃ (૧) જીવોનો આરંભ થઈ રહ્યો હોય તેની (૨) અજીવ (નિર્જીવ વસ્તુ)નો આરંભ થાય તેની.

(૭) **પારિગ્રહિકી ક્રિયા**–ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ, વગેરે પરિગ્રહ રાખવાનો ત્યાગ ન હોય તો આખા લોકમાં જેટલા પરિગ્રહ છે તેની ક્રિયા તેને લાગે છે.

એના બે ભેદ છેઃ (૧) ' જીવપારિગ્રહિકી ક્રિયા '–દાસ, દાસી, પશુ, પક્ષી, અનાજ, વગેરેની મમતા કરવાથી હમેશાં લાગે (૨) 'અજીવ–પારિગ્રહિકી ક્રિયા'–વસ્ત્ર, પાત્ર, ભૂષણ, ધન, મકાન, વગેરેની મમતા કરવાથી હંમેશાં ક્રિયા આવે છે તે. ત્યાગ ન કર્યો હોય તે વસ્તુની ક્રિયા લાગે તેમ જ દ્રવ્યથી ત્યાગેલી વસ્તુ પર મમત્વ કરવાથી પણ ક્રિયા લાગે. સંયમ નિભાવવા માટે જે વસ્તુની જરૂર છે તેના પર મમત્વ કરવાથી ક્રિયા વાગે.

(૮) **માયાપ્રત્યયા ક્રિયા**–કપટ કરવાથી ક્રિયા લાગે છે તે.

તેના બે ભેદ છેઃ (૧) આત્મભાવ વક્તા–પોતે પોતાના આત્માને જ છેતરે, માયાયુક્ત વિચાર કરે, દગાબાજી કરે, જગતમાં ઉત્તમ ધર્માત્મા કહેવરાવે અને અંદર તદ્દન શ્રદ્ધારહિત હોય, વેપાર વગેરે અનેક કામોમાં કપટ કરે (૨) પરભાવ વક્તા–ખોટાં તોલાં, માપ રાખવાં, વસ્તુમાં ભેળસેળ કરવી વગેરે અનેક રીતે ભોળા જીવોને ઠગવાની કળા બીજાને શીખવે તથા ઈન્દ્રજાળ, મંત્ર–શાસ્ત્ર, વગેરે શાસ્ત્રો બીજાને ભણાવે તે.

(૯) **અપ્રત્યાખ્યાન પ્રત્યયી ક્રિયા**–ઉપભોગ (એક વાર ભોગવી શકાય તેવી ચીજ, ભોજન, મુખવાસ, વગેરે) અને પરિભોગ (વારંવાર ભોગવી શકાય તેવા પદાર્થો, વસ્ત્ર, પાત્ર, મકાન, વગેરે) એ બે જાતની વસ્તુઓ જગતમાં જે કંઈ છે તે ભોગવવામાં આવે અગર ન આવે પણ તેનો ત્યાગ નથી કર્યો ત્યાં લગી તેની ક્રિયા લાગે છે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવ'–મનુષ્ય,, પશુ, પક્ષી, ધાન્ય, વગેરેના પચ્ચખ્ખાણ ન હોય તે. (૨) 'અજીવ'–સોનું, ચાંદી, રત્ન, વગેરેનાં પચ્ચખ્ખાણ ન હોય તે.

શંકા–જે વસ્તુ કોઈ દિવસ કાને સાંભળી નથી, અને જેના પર અમારૂં મન પણ નથી, તો એની ક્રિયા અમને શી રીતે લાગે ?

સમાધાન–પોતાના મકાનમાં કચરો ભરવાની કોઈની ઈચ્છા હોતી નથી પણ જ્યાં લગી કમાડ ખુલ્લાં છે ત્યાં લગી અનેક જાતનો કચરો ઘરમાં આવવાનો જ. પણ જો બારણાં બંધ કર્યાં તો ઘરમાં

કચરો આવતો નથી. તે પ્રમાણે, જે વસ્તુ આપણે દેખી નથી, સાંભળી નથી, ઈચ્છા પણ નથી છતાં જ્યાં લગી પચ્ચખ્ખાણ લઈને આસ્રવ આવવાનાં કમાડ બંધ નથી કર્યાં ત્યાં લગી પાપરૂપ કચરો આત્મારૂપી ઘરમાં આવવાનો જ. પણ વ્રત પચ્ચખ્ખાણરૂપ દરવાજા બંધ કરવાથી આસ્રવરૂપી ક્રિયા આવતી નથી. વળી, જે વસ્તુનો ત્યાગ નથી તે વસ્તુ કદાચ હાથમાં આવી જાય તો ભોગવી પણ લેવાય. જે વસ્તુ કાને સાંભળી છે પણ દીઠી નથી તે જોવાનું મન થઈ જાય, કારણ કે મનરૂપી મહા ચંચળ ઘોડો છે અને હજી તે વસ્તુનો ત્યાગ વીતરાગની સાક્ષીએ કર્યો નથી તેથી અંદર ઈચ્છા તો ભરી છે. તે ઈચ્છા બધી ઇંદ્રિયોને ગુલામ બનાવી દે છે માટે ઈચ્છાનો નિરોધ હોય તો વ્રતપચ્ચખ્ખાણ તો શ્રી વીતરાગદેવની સાક્ષીએ કરી જ લેવાં, જેથી મન મહા દૃઢ થાય છે અને અપચ્ચખ્ખાણની ક્રિયા લાગતી નથી.

(૧૦) **મિથ્યાદર્શનપ્રત્યયી ક્રિયા**–કુદેવ, કુગુરુ અને કુધર્મની શ્રદ્ધા રાખે તે.

તેના બે ભેદ છે: (૧) 'ઓછી અધિકી મિચ્છા દંસણ વત્તિયા ક્રિયા'–શ્રી જિનેશ્વર દેવના જ્ઞાનથી ઓછું અદકું સર્દહે તથા પ્રરૂપે તે, જેમ કે કોઈ કહે કે જીવ તલમાત્ર છે, તંદુલમાત્ર છે તે ઓછી પ્રરૂપણા. કોઇ જીવ આખા લોકમાં વ્યાપી રહ્યો છે તે અધિકી પ્રરૂપણા (૨) 'વિપરીત મિચ્છાદંસણ વત્તિયા ક્રિયા'–શ્રી જિનેશ્વર દેવના માર્ગથી ઊલટી રીતે સર્દહે તથા પ્રરૂપણા કરે તે. જેમ મિથ્યાત્વના જોરથી કેટલાક કહે છે કે, પાંચમહાભૂતમાંથી આત્મા ઉત્પન્ન થયો છે, દેહ પડયા પછી આત્મા પાંચ મહાભૂતમાં મળી જશે અને પાછળ કંઇ રહેશે નહિ.

એવા નાસ્તિક મતવાદીને પૂછીએ કે, ભાઇ ! એમ હોય તો પુનર્જન્મ, પૂર્વજન્મ. પુણ્યપાપનાં ફળ, વગેરે કંઇ નથી એમ ઠરે છે. પણ દુનિયામાં જોઈએ છીએ તો તેવું પ્રત્યક્ષ દેખાતું નથી. પૂર્વજન્મ ન હોય તો અહીં એક દુઃખી અને એક સુખી કેમ થાય છે ? પંચમહાભૂતથી સૌનો આત્મા ઉત્પન્ન થયો હોય તો સૌ એકસરખા સુખી વા દુઃખી શા માટે ન હોવા જોઇએ ?

કોઈ નાસ્તિક જવાબ દે છે કે, જો આત્માનો પૂર્વજન્મ હોય તો તે પૂર્વ જન્મની અમને શા માટે ખબર ન પડે ? પાછલા ભવોનું જ્ઞાન કેમ ન હોય ? તે ભવોમાં આત્મા અનેક વર્ષો લગી રહ્યો તે બધું શી રીતે ભૂલી ગયો ?

એનો એ જવાબ છે કે, ભાઈ! પૂર્વ જન્મની વાત તો દૂર રહી, પણ તમે આ ભવમાં માતાના ઉદરમાંથી નીકળ્યા છો એ વાત તો સાવ સાચી છે. કહો ત્યારે માતાના ઉદરમાં શી શી રચના હતી ? અને તમે શી રીતે ત્યાં રહ્યા હતા ? ભાઇ, જાગૃત દશામાંથી સ્વપ્ન દશામાં આવો છો ત્યારે જાગૃતિની સ્થિતિનું અને શરીરનું ભાન પણ ભૂલી જાઓ છો તેનો, તથા સ્વપ્નની વાતો જાગૃત થતાં સાંભરતી નથી તેનો ખ્યાલ કરો. એ વિચારતાં પૂર્વ ભવની વાત તો કેટલી દૂર રહી છે તે કયાંથી યાદ આવે ?

વળી, હળુકર્મી જીવોને એવા પૂર્વ ભવોની વાતો યાદ આવી પણ જાય છે અને તેઓએ પૂર્વ ભવો તાદૃશ્ય દીઠા છે; માટે હળુકર્મી (અલ્પકર્મી) બનો અને મિથ્યાત્વીઓના કુતર્કથી ભરમાઓ નહિ. ૨૫ પ્રકારના મિથ્યાત્વ સેવવાથી તથા ૩૬૩ પાખંડીના મતોમાંથી કોઈ પણ મતનું કોઈ પણ કાર્ય સેવવાથી મિથ્યાત્વ પ્રત્યયી ક્રિયા લાગે છે.

(૧૧) **દષ્ટિકી (દિટ્ઠિયા) ક્રિયા**–કોઇ વસ્તુને જોવાથી ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવ દિટ્ઠિયા'–સ્ત્રી, પુરુષ, હાથી, ઘોડા, બાગ, બગીચા, નાટકચેટક, વગેરે જોવા જવાથી લાગે તે. (૨) 'અજીવ-દિટ્ઠિયા'–વસ્ત્ર, આભૂષણ, ધન, મકાન, વગેરે જોવા જવાથી ક્રિયા લાગે તે.

(૧૨) **સ્પૃટિકા (પુટ્ઠિયા) ક્રિયા**–કોઈ પણ વસ્તુનો સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવપુટ્ઠિયા'–સ્ત્રી, પુરુષ, પશુ, પક્ષી, વગેરે જીવોનાં અંગોપાંગનો તથા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એને

વનસ્પતિ વગેરેનો સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે તે. કેટલાક ભોળા માણસો કંઈ પણ સ્વાર્થ કે કામ વિના ધાન્યની વાટકી લઈ જોવા મંડી જાય છે. તેમ જ કોઇ પણ સજીવ ચીજ જોવામાં આવે તો તેનો સ્પર્શ કરવા મંડી જાય છે. તેમણે ખૂબ વિચાર કરવાનો છે.

જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે, કોઈ ઘણો જ વૃદ્ધ પુરુષ હોય, અને તે રોગ તથા શોકથી શરીરે સાવ જીર્ણ થઇ ગયો હોય અને કોઈ બત્રીસ વર્ષનો જુવાન યોદ્ધો મુષ્ટીપ્રહાર (ઠોંસાણાજી) કરે તેથી જેવું દુઃખ થાય તેવું દુઃખ પૃથ્વી, પાણી, દાણા, વગેરે એકેન્દ્રિય જીવોનો સ્પર્શ કરવાથી તેને થાય છે. એકેન્દ્રિયના કેટલાક સુકોમળ જીવો તો એવા સ્પર્શથી મરી પણ જાય છે. એવું અનર્થનું કારણ જાણી ખાસ કારણ વિના સજીવ વસ્તુનો સ્પર્શ ન કરવો. (૨) અજીવપુટ્ઠિયા' વસ્ત્ર, આભૂષણ વગેરે અજીવ ચીજોનો સ્પર્શ કરવાથી આ ક્રિયા લાગે છે. માટે પરીક્ષા માટે પણ વગર નિમિત્તે અજીવ ચીજોનો (અચેત વસ્તુનો) પણ સ્પર્શ ન કરવો.

(૧૩) **પ્રતીતિકા (પાડુચ્ચિયા) ક્રિયા**–કોઇના ઉપર દ્વેષભાવ× રાખવાથી જે ક્રિયા લાગે છે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવ પાડુચ્ચિયા'–મા, બાપ, સ્ત્રી, પુત્ર, મિત્ર, શિષ્ય, ગુરુ, શત્રુ, ખૂની, અધર્મી, ભેંસ, ઘોડા, સાપ, વીંછી, કૂતરાં, માંકડ, મચ્છર, કીડા, વગેરે સજીવ વસ્તુઓ ઉપર દ્વેષ લાવવાથી લાગે છે તે. (૨) 'અજીવ પાડુચ્ચિયા'–વસ્ત્ર, ઘરેણાં, મકાન, ઝેર, મળમૂત્ર, વગેરે ચીજો પર દ્વેષ રાખવાથી ક્રિયા લાગે છે તે. દ્વેષી પ્રાણીઓ દ્વેષભાવનાના જોરે આ ભવમાં અનેક પાપાચરણ આરંભી દે છે. અને પરભવમાં

---

* શતાવધાનીજી શ્રી રત્નચંદ્રજી મહારાજ દ્વારા સંપાદિત 'અર્ધમાગધી કોષ'માં પાડુચ્ચિયા ક્રિયાનો અર્થ આ પ્રમાણે છે : "બહારની વસ્તુનો આશ્રય કરવાથી લાગતી ક્રિયા—કર્મબંધ" અને પં. હરગોવિંદદાસકૃત 'પાઈઅ સદ્દ મહણ્ણવો'માં પણ એવો જ અર્થ કર્યો છે.

—અનુવાદક

હલકી ગતિમાં અવતાર ધારણ કરવો પડે છે. ધર્મી માણસ હોય પણ તેનામાં દ્વેષભાવ હોય તો તે મરીને વાણવ્યંતર દેવ થાય છે, માટે દ્વેષનો ત્યાગ કરવો.

(૧૪) **સામન્તોપનિપાતિકી (સામંતોવણીવાઈઆ) ક્રિયા**–અનેક વસ્તુઓનો સમુદાય મેળવવાથી (એકઠી કરવાથી) ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવસામંતોવણીઆ'–દાસી, દાસ, ઘોડા, હાથી, બળદ, બકરાં, કૂતરાં, ઘેટાં, બિલાડી, પોપટ, વગેરેનો સંગ્રહ કરી રાખે, તે જોવાને ઘણા લોકો આવે અને સંગ્રહની પ્રશંસા કરે તે સાંભળીને હરખાય. તેમ જ તેવી સંગ્રહ કરેલી વસ્તુઓનો વેપાર કરવો તેથી જે ક્રિયા લાગે છે તે. (૨) 'અજીવ સામંતોવણીઆ'–કરિયાણું, ઘર, મહેલ, વસ્ત્ર, વગેરે વસ્તુઓનો ઘણો કાળ સંગ્રહ કરી રાખવો, તેવા માલની પ્રશંસા સાંભળી હરખાવું તથા વેચવું તે. કેટલાક એવો અર્થ પણ કરે છે કે, દૂધ, દહીં, ઘી, તેલ, છાશ, રાબ, પાણી, વગેરે પ્રવાહી પદાર્થના ઠામ ઉઘાડાં રાખતાં, તેમાં જીવજંતુ પડીને મરણ પામે છે અગર દુઃખી થાય છે તેથી જે ક્રિયા લાગે તે.

(૧૫) **સ્વાહસ્તિકી (સાહત્થિયા) ક્રિયા**–પરસ્પર લડાઈ કરાવે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવ સાહત્થિયાં'–મેંઢાં, કુકડા, સર્પ, સાંઢ, હાથી, ગેંડા, વગેરેને પરસ્પર લડાવે, તથા મનુષ્યોને કુસ્તી કરાવે અથવા ચાડી–ચૂગલી ખટપટ કરી વઢવાડ કરાવે તે. (૨) 'અજીવ સાહત્થિયા'–લાકડીથી લાકડી ભાંગે એમ કોઈ પણ બે અજીવ વસ્તુઓને સામસામી અફાળીને તોડે તે અજીવ વસ્તુઓને માંહે માંહે અથડાવે. બીજો અર્થ એમ પણ થાય છે કે–પોતાના શરીરનો અથવા બીજા મનુષ્યો, કુતરો, વાઘ, બિલાડી, ગાય, ભેંસ, અશ્વ, પોપટ, વગેરેનો વધ યા બંધન કરે તે જીવ સાહત્થિયા' અને વસ્ત્ર, ભૂષણ વગેરે અજીવ વસ્તુઓને તોડે, બાંધે તે 'અજીવ સાહિત્થિયા' ક્રિયા કહેવાય.

(૧૬) **નૈસષ્ટિકી (નેસત્થિયા) ક્રિયા**–કોઈ વસ્તુને જતના વિના નાખી દેવી તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવ નેસત્થિયા'–જૂ, લીખ, માંકડ, વગેરે ઝીણાં જીવજંતુઓને અને મોટા જીવોને ઉપરથી ફેંકી દે, તકલીફ ઉપજાવે તેથી લાગે તે. (૨) 'અજીવ નેસત્થિયા'–શસ્ત્ર, અસ્ત્ર વગેરે અજીવ વસ્તુ અયતનાથી ફેંકી દે તેથી લાગે તે.

(૧૭) **અજ્ઞાપનિકા (આણવણિયા) ક્રિયા**–ધણીની આજ્ઞા વિના કોઈ પણ વસ્તુ ગ્રહણ કરે તે તથા કોઈ વસ્તુ મંગાવવાથી જે ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'જીવ આણવણિયા ક્રિયા'–સજીવ વસ્તુઓ મંગાવવાથી લાગે તે. (૨) 'અજીવઆણવણિયા ક્રિયા'–નિર્જીવ વસ્તુઓ મંગાવવાથી લાગે તે. બીજા, એમ પણ અર્થ કરે છે કે નોકર, મજૂર, વગેરે પાસે તેનો માલિક હુકમ દઈને જે કામ કરાવે તેની ક્રિયા માલિકને લાગે છે તે.

(૧૮) **વૈદારણિકા (વેયારણિયા) ક્રિયા**–કોઈ વસ્તુને વિદારે એટલે છેદનભેદન- ટુકડા કરે તેથી જે ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'સજીવ વેયારણિયા'–શાક, ભાજી, ફળ, ફૂલ, અનાજ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે સજીવ વસ્તુના ટુકડા કરવાથી લાગે તે. (૨) 'અજીવ વેયારણિયા'–વસ્ત્ર, ધાતુ, મકાન, લાકડા–પથ્થર, ઈંટ, વગેરેને તોડે–સહજ તોડી નાંખે, અગર કષાયને વશ થઈ કટકા કરે તેથી જે ક્રિયા લાગે તે.

કોઈ, એવો પણ અર્થ કરે છે કે, હૃદય ભેદે એવી કથા કરવાથી જે ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) 'સજીવ'–સ્ત્રીઓના, પશુઓના, વગેરેના હાવભાવ કરી, રૂપ બતાવી, હર્ષ ઉપજાવનારી અગર શોક, દિલગીરી અને મૃત્યુના દેખાવ કરી ખેદ ઉપજાવનારી કથા કરવાથી લાગે તે. (૨) 'અજીવ' –વસ્ત્ર, ભૂષણ વગેરેથી હર્ષ ઉપજાવનારી અગર ઝેર, અશુચિ, હથિયાર, વગેરેથી શોક ઉપજાવનારી કથા કરવાથી લાગે તે.

(૧૯) **અનાભોગપ્રત્યયી (અણાભોગવત્તિયા) ક્રિયા**-ઉપયોગરહિત એટલે જતના વિના કામ કરવાથી જે ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) વસ્ત્ર, પાત્ર વગેરે સાધનો વગર જોયે, અસાવધાનપણે ગ્રહણ કરે તેમ જ જ્યાં ત્યાં રાખે તેથી ક્રિયા લાગે તે. (૨) વસ્ત્ર પાત્ર વગેરે સાધનોનું અસાવધાનપણે પડિલેહણ કરે, પૂંજે તેની ક્રિયા લાગે તે. (શાસ્ત્રમાં કહ્યું છે કે, સાધુ અજતનાથી ક્રિયા કરે તેમાં કદાચ કોઈ જીવની હાનિ ન થાય તો પણ તેને હિંસક કહેવો, અને જતના ઉપયોગથી ક્રિયા કરતાં છતાં કોઈ જીવની અજાણમાં હિંસા થઈ જાય તો પણ તેને દયાળુ કહેવો)

(૨૦) **અણવકંખવત્તિયા ક્રિયા**–હિંસામાં ધર્મ દર્શાવે, તપ, સંયમ, વગેરે મહિમા માટે કરે, આ લોક તથા પરલોક વિરુદ્ધનાં કામો કરવાથી જે ક્રિયા લાગે તે. બીજો એવો પણ અર્થ થાય છે કે–કોઈ કામ કરવાની અભિલાષા નથી પણ સ્વભાવમંજે તે થઈ જ જાય. જેમ કે લૂગડાં મેલાં કરવાની ઈચ્છા નથી, છતાં કપડાં પડ્યાં પડ્યાં પણ મેલાં અને જીર્ણ થઈ જાય.

તેના બે ભેદ છેઃ (૧) પોતાના શરીરથી હલન, ચલન વગેરે કામ કરતાં લાગે તે (૨) ક્લેશને વશ થઇ પોતાના હાથથી પોતાના શરીરનો ત્યાગ કરતાં લાગે તે. ન કરવા જેવું કોઈ પણ કામ કરવાથી આ ક્રિયા લાગે.

(૨૧) **અણોપઓગવત્તિયા ક્રિયા**–બે વસ્તુઓનો સંજોગ મેળવી આપવાની પોતે દલાલી કરે તેથી જે ક્રિયા લાગે તે.

તેના બે ભેદ છેઃ (૧) "સજીવ"–સ્ત્રી પુરુષનો, ગાયબળદનો વગેરેનો સંજોગ મેળવી આપવાની દલાલીથી (૨) "અજીવ"–વેપાર કરિયાણું, ભૂષણ, વસ્ત્ર, વગેરેની દલાલી કરવાથી જે ક્રિયા લાગે તે. માટે પાપ કર્મની દલાલીથી બચવું જોઇએ. બીજો એવો અર્થ છે કે, અસાવધાનપણે પાપકારી (સાવદ્ય) ભાષા બોલે, ગમનાગમન કરે, શરીરને સંકોચે, પ્રસારે, તથા બીજાની પાસે કામ કરાવતાં હિંસા થાય તે 'અણોપઓગવત્તિયા ક્રિયા' કહેવાય.

(૨૨) **સામુદાણિયા ક્રિયા**–એક કામ ઘણા જણ મળીને કરે તે સામુદાણિયા ક્રિયા કહેવાય. કંપની કરી વેપાર કરે, ભેળા થઈ નાટક

જુએ, મંડળ બંધાઈ સોદા કરે, ટોળે મળી ચોપાટ, ગંજીપો, વગેરે રમત ખેલે. હજારો લોકો એક સાથે ફાંસીની શિક્ષા જુએ, બજારમાં વેચાતી ચીજ ઘણા જણ સહિયારી વેચાતી લે, વેશ્યાનો નાચ જોવો, મેળો, જાત્રા, મહોત્સવ વગેરેમાં માણસો એકઠાં મળે, વગેરે પ્રસંગોમાં સામુદાણિયા ક્રિયા લાગે છે.

એવા પ્રસંગોમાં સર્વ મનુષ્યોના એકસરખા પરિણામ (વિચાર) થાય છે, તેથી એકસાથે કર્મનો બંધ પણ પડે છે અને તેનાં ફળ પણ આગમાં, વહાણ–આગબોટ ડૂબે તેમાં અને પ્લેગ વગેરે મરકીના પ્રસંગે એકસાથે મરણ પામી ભોગવે છે.

સામુદાણિયા ક્રિયાના ત્રણ ભેદ છેઃ (૧) 'સાંતર'–સામુદાણી-કામ અંતરસહિત કેટલાક કરે, સૌ મળી એક વખત કર્યા પછી વચમાં થોડો વખત છોડી દે છે. વળી, ઘણા દિવસ પછી તે કામ કરે છે. 'નિરંતર—સામુદાણી' કામ કેટલાક નિરંતર કરે; વચમાં છોડી દે નહિ. (૩) 'તદુભય'—કેટલાક અંતર સહિત સામુદાણી કામ કરે અને અંતરરહિત પણ કરે.

(૨૩) **પેજ્જવત્તિયા ક્રિયા**-પ્રેમભાવના ઉદયથી જે ક્રિયા લાગે છે તે. તેના બે ભેદ છે; (૧) માયા કપટ કરવાથી (૨) લોભ કરવાથી. આ સ્થળે માયા અને લોભ તે રાગની પ્રકૃતિઓમાં ગણી છે એટલે એ બે કષાયને પેટામાં ગણી છે.

(૨૪) **દોસવત્તિયા ક્રિયા**–દ્વેષભાવના ઉદયથી જે ક્રિયા લાગે છે તે.

તેના બે ભેદ છેઃ (૧) ક્રોધ કરવાથી, (૨) માન કરવાથી. આ સ્થળે ક્રોધ અને માનને દ્વેષ કષાયની પ્રકૃતિમાં ગણી છે.

એ પ્રમાણે સંપરાય ક્રિયાના ૨૪ બોલ થયા.

(૨૫) **ઇરિયાવહિયા ક્રિયા**—૧૧-૧૨-૧૩મા ગુણસ્થાનકવર્તી વીતરાગી ભગવંતોને નામકર્મોદયથી મનાદિ ત્રણ યોગની શુભ પ્રવૃત્તિ×

× કેવળજ્ઞાનીઓના મનોયોગની પ્રવૃત્તિ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને પ્રશ્નનો ઉત્તર આપવામાં, વચનયોગની પ્રવૃત્તિ વ્યાખ્યાન તથા પ્રશ્નકારને ઉત્તર આપવામાં અને કાયયોગની પ્રવૃત્તિ ઉદયાવલીમાં આવેલાં દ્રવ્ય, ક્ષેત્રાદિની સ્પર્શનામાં ઇત્યાદિ શુદ્ધ કાર્યમાં જ હોય છે.

થાય છે. તેથી સાતા વેદનીય કર્મનાં દલિકો એકઠાં થાય છે. પરંતુ તેઓ અકષાયી હોવાથી પ્રકૃતિ અને પ્રદેશ એ બે બંધ થાય છે, પણ સ્થિતિ અને અનુભાગ એ બે બંધ થતા નથી. કેમ કે કષાય વિના કેવળ યોગ કર્મબંધક થતો નથી. આથી વીતરાગને પ્રથમ સમયે લાગેલાં સાતાવેદનીય કર્મ પુદ્ગલો બીજે સમયે વેદી ત્રીજે સમયે નિર્જરે છે. અર્થાત દૂર કરે છે.

તેના બે ભેદ છે. (૧) છદ્મસ્થિની-૧૧મા તથા ૧૨મા ગુણવસ્થાનવર્તી સાધુને હાલતાં ચાલતાં લાગે તે. (૨) 'કેવળીની'–શ્રી સયોગી (૧૩મા ગુણસ્થાનવર્તી) કેવળી ભગવાનને હાલતાં ચાલતાં જે ક્રિયા લાગે છે તે.

એ પચીસે ક્રિયા કર્મબંધનું કારણ જાણી સમદૃષ્ટિ પ્રાણીએ એ છોડી દેવી જોઈએ.

એ રીતે નવ તત્ત્વમાંથી પાંચમા આસ્રવ તત્ત્વના ૪૨ ભેદ છે. તે હેય એટલે ત્યાગવા યોગ્ય છે.

૬. સંવરતત્ત્વ

કર્મ પાપરૂપી પાણીથી જીવરૂપી વહાણ ભરાઈ ગયું છે. તેથી આસ્રવરૂપી છિદ્રોની આડે વ્રત પચ્ચખ્ખાણ આદિ પાટિયાં લગાડવાં, જેથી પાપરૂપ જળનો પ્રવાહ આવતો બંધ થાય તેને સંવર કહે છે. એ સંવરના ૨૦ ભેદ છે.

સંવર અને આસ્રવ એ પરસ્પર વિરોધી છે. જ્યાં આસ્રવ ત્યાં સંવર નહિ અને જ્યાં સંવર ત્યાં આસ્રવ નહિ. સંવરના ૨૦ પ્રકાર આસ્રવના ૨૦ પ્રકારથી ઊલટા છે.

(૧) સમ્યક્ત્વ, (૨) વ્રતપચ્ચખ્ખાણ કરે, (૩) પ્રમાદ છોડે. (૪) કષાય છોડે. (૫) યોગને સ્થિર કરે. (૬) જીવદયા પાળે. (૭) સત્યવચન બોલે (૮) દત્તવ્રત આદરે, (૯) બ્રહ્મચર્ય પાળે, (૧૦) પરિગ્રહ છોડે, (૧૧થી૧૫) શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના, સ્પર્શના એ પાંચ ઇંદ્રિયો વશ કરે, (૧૬થી૧૮) મન, વચન અને કાયાના ત્રણ યોગ વશ કરે,

(૧૯) ભંડ, ઉપકરણ ઉપયોગ સહિત લે અને મૂકે, (૨૦) સૂઈ કુસગ્ગ ન કરે એટલે સોય અને તણખલા જેવી નાની ચીજ પણ જતનાથી લે અને રાખે. એ ૨૦ પ્રકારે સંવર થાય છે.

વિશેષ રીતે સંવરના ૫૭ ભેદ થાય છે. ૧. ઇર્યા સમિતિ, ૨. ભાષા સમિતિ, ૩. એષણા સમિતિ, ૪. આદાન ભંડ નિક્ષેપના સમિતિ ૫. પરિઠાવણિયા સમિતિ, એ પાંચ સમિતિ તથા ૬. મનગુપ્તિ ૭. વચન ગુપ્તિ ૮. કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિ મળી આઠ પ્રવચન માતાને પાળે; ૯. ક્ષુધા, ૧૦. તૃષા, ૧૧. શીત, ૧૨. ઉષ્ણ, ૧૩. દંશમંસ (ડાંસ–મચ્છર), ૧૪. અચેલ, ૧૫. અરતિ, ૧૬. સ્ત્રી, ૧૭. ચરિયા (ચાલવું), ૧૮. નિસિહિયા (બેસવું), ૧૯. શય્યા, ૨૦, આક્રોશ વચન ૨૧. વધ, ૨૨, યાચના, ૨૩. અલાભ, ૨૪, રોગ, ૨૫. તૃણ સ્પર્શ, ૨૬. મેલ, ૨૭. સત્કાર પુરસ્કાર, ૨૮. પ્રજ્ઞા, ૨૯. અજ્ઞાન, ૩૦ દર્શન. એ ૨૨ પરિષહ જીતે. ૩૧. ખંતિ (ક્ષાંતિ-ક્ષમા), ૩૨. મુત્તિ [નિર્લોભતા], ૩૩. અજ્જવ [નિષ્કપટતા–સરળતા], ૩૪. મદ્દવ, [કોમળતા], ૩૫. લાઘવ [લઘુતા] ૩૬. સચ્ચે [સત્ય], ૩૭. સંયમ, ૩૮. તપ, ૩૯. ચિયાએ [ત્યાગ], ૪૦. બ્રહ્મચર્ય [શિયળ], એ દશ પ્રકારના યતિ-ધર્મને આરાધે, ૪૧. અનિત્ય, ૪૨. અશરણ, ૪૩. સંસાર, ૪૪. એકત્વ, ૪૫. અન્યત્વ, ૪૬. અશુચિ, ૪૭. આસ્રવ, ૪૮. સંવર, ૪૯ નિર્જરા, ૫૦. લોક, ૫૧. બોધિબીજ, ૫૨. ધર્મ, એ બાર ભાવના ભાવે, ૫૩. સામાયિક, ૫૪. છેદોપસ્થાપનીય, ૫૫. પરિહારવિશુદ્ધ, ૫૬. સૂક્ષ્મ સંપરાય, ૫૭. યથાખ્યાત; એ પાંચ ચારિત્ર પાળે.

એ સત્તાવન પ્રકારે સંવરકરણી આદરવાથી આત્મારૂપી વહાણમાં આસ્રવરૂપી છિદ્રોમાંથી પાપરુપ પાણી આવતું બંધ થાય છે અને વહાણ સંસાર સમુદ્રને પેલે પાર સહીસલામત પહોંચે છે.

૭. નિર્જરા તત્ત્વ

આત્મારૂપી વહાણમાં કર્મ પાપરૂપી પાણી આવતું હતું તે તો સંવર કરણીરૂપી પાટિયાં આડાં દઈ રોકયું; પણ તે પહેલાં આવી

ગયેલું પાણી ઊલેચીને વહાણને પાણી વગરનું કરવું જોઈએ, તો જ વહાણ પેલે પાર પહોંચે. માટે સંવરકરણી આદરીને પૂર્વ કર્મનાં જે જે દળિયાં આત્મ પ્રદેશમાં છે તે દળિયાંને ખપાવી આત્માને મોક્ષ ગતિને યોગ્ય કરે તેને નિર્જરા તત્ત્વ કહે છે.

એ નિર્જરાના બાર પ્રકાર છેઃ ૧. અણસણ–અન્ન વગેરે ચાર આહાર થોડો વખત અગર જાવજીવ લગી છોડે ૨. ઊણોદરી–આહાર અને ઉપકરણ ઓછાં કરે, ૩. વૃત્તિ સંક્ષેપ-ભિક્ષાચરી એટલે ગોચરી કરે; ૪. રસપરિત્યાગ–રસનો ત્યાગ કરે, ૫. કાયકલેશ–કાયાને જ્ઞાન બુદ્ધિથી કષ્ટ આપે, ૬. પડિસંલીણયા–આત્માને વશ કરે. એ છ પ્રકાર બાહ્ય એટલે પ્રગટ તપ આદરે, ૭. પ્રાયશ્ચિત–પાપનું નિવારણ–તે થયેલાં પાપોથી નિવર્તવા દંડ લે, ૮. વિનય–નમ્રતા રાખે ૯. વૈયાવૃત્ય–ગુરુ વગેરેની ભકિત–સેવા કરે, ૧૦. સજ્ઝાય–શાસ્ત્ર ભણે, ૧૧ ધ્યાન–શાસ્ત્રના અર્થની વિચારણા કરે, ૧૨. કાઉસ્સગ્ગ [કાયોત્સર્ગ] એ છ અભ્યંતર એટલે ગુપ્ત તપ છે.

કુલ ૧૨ ભેદ નિર્જરાના છે તે આદરી આત્મામાં રહેલાં કર્મનાં દળનો ક્ષય કરવો ×

૮. બંધતત્ત્વ

જેમ દૂધમાં પાણી, માટીમાં ધાતુ, ફૂલમાં અત્તર, તલમાં તેલ રહેલ છે, તેમ આત્મ પ્રદેશ અને કર્મ પુદ્ગળ એકબીજામાં બંધાઈ રહેલ છે તેને બંધતત્વ કહે છે. એ બંધતત્વના ચાર પ્રકાર છે; ૧. પ્રકૃતિબંધ ૨. સ્થિતિબંધ, ૩. અનુભાગબંધ અને ૪. પ્રદેશબંધ.

(૧) પ્રકૃતિબંધ

પ્રકૃતિબંધ તે કર્મનો સ્વભાવ તથા પરિણામ. હવે આઠે કર્મ કેટલી રીતે બાંધે છે અને તેનાં ફળ કેટલી રીતે ભોગવે છે તે વર્ણવે છે.

× નિર્જરા તત્વનો વિશેષ વિસ્તાર પ્રથમ ખંડના ત્રીજા પ્રકરણમાં 'તપાચાર' ના ભેદ છે તેમાં છે.

૧. જ્ઞાનાવરણીય કર્મ:–જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે છે. ૧ નાણપડિણિયાએ—જ્ઞાન તથા જ્ઞાનીની નિંદા કરે, ૨. નાણનિન્હવણિયાએ—જ્ઞાનીના ઉપકાર ઓળવે (છુપાવે), ૩. નાણ આસાયણાએ જ્ઞાન તથા જ્ઞાનીની આશાતના (અપમાન–તિરસ્કાર) કરે, ૪. નાણ અંતરાએણં–જ્ઞાનીને તથા શીખનારને અંતરાય પાડે, ૫. નાણ પઉસેણં–જ્ઞાની ઉપર દ્વેષ કરે. ૬. નાણ વિસંવાયણા જોગેણં–જ્ઞાની સાથે ખોટા ઝઘડા વિખવાદ કરે.

એ છ પ્રકારે બાંધેલાં જ્ઞાનાવરણીય કર્મનું ફળ દસ પ્રકારે ભોગવે છે: ૧. મતિ જ્ઞાનાવરણીય–બુદ્ધિ નિર્મળ ન મળે. ૨. શ્રુત જ્ઞાનાવરણીય–ઉપયોગ શ્રુતિ નિર્મળ ન પામે, ૩. અવધિ જ્ઞાનાવરણીય-અવધિજ્ઞાન પામે નહિ, ૪. મનઃ પર્યવ જ્ઞાનાવરણીય–મનઃપર્યવ જ્ઞાન પામે નહિ. ૫. કેવળ જ્ઞાનાવરણીય–કેવળજ્ઞાન પામે નહિં. ૬. સોયાવરણે–બહેરો હોય, નેત્તાવરણે–આંધળો હોય, ૮. ઘ્રાણાવરણે –ગૂંગો હોય, ૯. રસાવરણે–બોબડો–મંગો હોય અને સ્વાદ ન લઇ શકે, ૧૦. ફાસાવરણે–કાયા શૂન્ય હોય એટલે કાયા બહેર મારી ગઈ હોય.

૨. દર્શનાવરણીય કર્મ–દર્શનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે છે. તે છએ* બોલ જ્ઞાનાવરણીય કર્મબંધના જે રીતે છે તે રીતે અહીં દર્શની–જોનાર ઉપર ઉતારવા.

હવે છ પ્રકારે બાંધેલ દર્શનાવરણીય કર્મનાં ફળ નવ પ્રકારે ભોગવે છે. ૧. ચક્ષુ દર્શનાવરણીય ૨. અચક્ષુ દર્શનાવરણીય, ૩. અવધિ

÷ કોઈ સ્થળે નીચે પ્રમાણેના દસ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મનાં ફળ ભોગવે છે. એમ જણાવ્યું છે.

૧. શ્રોત્ર આવરણ, ૨. શ્રોત્ર વિજ્ઞાન આવરણ, ૩. નેત્ર આવરણ, ૪. નેત્ર વિજ્ઞાન આવરણ, ૫. ઘ્રાણ આવરણ, ૬. ઘ્રાણ વિજ્ઞાન આવરણ, ૭. રસ આવરણ ૮. રસ વિજ્ઞાન આવરણ, ૯. સ્પર્શ આવરણ, ૧૦. સ્પર્શ વિજ્ઞાન આવરણ.

વળી, બીજે સ્થળે ૫ પ્રકારે ભોગવે છે એમ દર્શાવે છે. પાંચ પ્રકાર. ૧. મતિ જ્ઞાનાવરણીય, ૨. શ્રુત જ્ઞાનાવરણીય, ૩. અવધિ જ્ઞાનાવરણીય, ૪. મન પર્યવ જ્ઞાનાવરણીય ૫. કેવલ જ્ઞાનાવરણીય.

દર્શનાવરણીય, ૪. કેવળ દર્શનાવરણીય, ૫. નિદ્રા (સુખે જાગૃત થાય) ૬. નિદ્રા નિદ્રા (દુઃખે જાગૃત થાય), ૭. પ્રચલા (બેઠાં બેઠાં નિદ્રા આવે), ૮. પ્રચલા પ્રચલા (રસ્તે ચાલતાં નિદ્રા આવે) ૯. થિણદ્ધિનિદ્રા (આ નિદ્રા છ મહિને આવે, તેમાં અર્ધા વાસુદેવનું બળ હોય. આ નિદ્રામાં મરે તે નર્કમાં જાય.)

૩. વેદનીય કર્મ—વેદનીય કર્મના બે ભેદ છે. ૧. સાતાવેદનીય અને, ૨. અસાતાવેદનીય.

સાતાવેદનીય કર્મ ૧૦ પ્રકારે બાંધે છે. ૧. પાણાણુકંપયાએ—પ્રાણી (બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચૌરેન્દ્રિય) પર દયા લાવે, ૨. ભુયાણુ કંપયાએ—વનસ્પતિ પર અનુકંપા લાવે, ૩. જીવાણુ કંપયાએ—પંચેન્દ્રિય જીવોની દયા લાવે, ૪. સત્તાણુકંપયાએ—પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુની દયા પાળે, બહુણં પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં ૫, અદુખણિયાએ—ઘણાં પ્રાણી, ભૂત, જીવ અને સત્વને દુઃખ ન દે. ૬. અસોયણાએ—શોક ન ઉપજાવે, ૭. અઝુરણયાએ—ઝુરણા (ત્રાસ) ન કરાવે, ૮. અટિપ્પણયાએ—રુદન ન કરાવે, ૯. અપિટ્ટણયાએ—મારે નહિ, ૧૦.અપરિતાવણયાએ—પરિતાપ ન ઉપજાવે.

એ દસ પ્રકારે બાંધેલાં સાતા વેદનીય કર્મનાં શુભ ફળ આઠ પ્રકારે ભોગવે છે. ૧. મણુન્ના સદ્દા—મનપસંદ શબ્દ—રાગ રાગણી સાંભળે, ૨. મણુન્નારૂવા—મનપસંદ રૂપ—સ્ત્રી, નાટક, વગેરે જુએ. ૩. મણુન્ના ગંધા—મનપસંદ ગંધ—અત્તરાદિ સૂંઘે. ૪. મણુન્ના રસા—મનપસંદ રસ—મીઠાઈ, મેવા, વગેરે ભોજન મળે. ૫. મણુન્ના ફાસા—મનપસંદ સ્પર્શ એટલે શય્યા, આસન, વગેરે મળે. ૬. મનસુહા—મન આનંદમાં રહે ૭. વચન સુહા—વચન મધુર હોય. ૮. કાય સુહા—કાયા નીરોગી અને સ્વરૂપવાન હોય.

અસાતા વેદનીય કર્મ બાર પ્રકારે બાંધે છે÷ ૧. પ્રાણી ભૂત,

÷ કોઈ બાર પ્રકાર આ પ્રકારે ગણે છે: ૧. પરદુખણયાએ, ૨ પરસોયણયાએ. ૩. પરઝુરણયાએ, ૪. પરટિપ્પણયાએ, ૫, પરપિટ્ટણયાએ, ૬. પરપરિયાવણયાએ, ૭. બહુણં પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં દુખણયાએ, ૮. સોયણયાએ, ૯. ઝુરણયાએ, ૧૦. ટિપ્પણયાએ. ૧૧. પિટ્ટણયાએ, ૧૨, પરિતાવણિયાએ.

જીવ, સત્વને દુઃખ દે. ૨. શોક કરાવે, ૩. ઝુરણા કરાવે, ૪. રુદન કરાવે, ૫ મારે, ૬. પરિતાપ ઉપજાવે. એ છ રીતે સામાન્યપણે કરે અને છ રીતે વિશેષપણે કરે, એમ બાર રીતે અશાતા વેદનીય કર્મ બાંધે છે.

તેનાં અશુભ ફળ આઠ પ્રકારે ભોગવે છે. ૧. અમણુન્ના સદ્દા, ૨. અમણુન્ના રૂવા; ૩. અમણુન્ના ગંધા, ૪. અમણુન્ના રસા, ૫. અમણુન્ના ફાસા, ૬. મણદુહ્યા—મન ઉદાસ રહે.—૭. વચન દુહ્યા—વચન કઠોર હોય, ૮. કાય દુહ્યા—કાયા રોગી ને કુરૂપ હોય. એ આઠ પ્રકાર સાતા વેદનીયથી બરોબર ઉલટા ગણવા.

૪. મોહનીય કર્મ—આ કર્મ છ પ્રકારે બાંધે છે. ૧. તીવ્ર ક્રોધ, ૨ તીવ્ર માન, ૩. તીવ્ર માયા, ૪. તીવ્ર લોભ, ૫. તીવ્ર દર્શન મોહનીય-ધર્મને નામે અધર્મ આચરણ કરવાથી, તીવ્ર ચારિત્ર—મોહનીય-અચારિત્રધારી અથવા કુચારિત્ર જેવાં આચરણ આચરવાથી, એમ છ પ્રકારે મોહનીય કર્મ બંધાય છે,

તેનાં ફળ પાંચ પ્રકારે ભોગવે છે. ૧. સમ્યક્ત્વ મોહનીય. ૨. મિથ્યાત્વ મોહનીય ૩. મિશ્ર મોહનીય ૪. કષાય મોહનીય—ક્રોધાદિ ચાર કષાયવંત અગર અનંતાનુબંધી વગેરે સોળ કષાયવંત થાય, ૫. નોકષાય મોહનીય—હાસ્ય વગેરે નવ નોકષાયવંત થાય.

એ પ્રમાણે પાંચ પ્રકારે અથવા વિસ્તાર કરીએ તો ૩ દર્શન મોહનીય, ૧૬ કષાય મોહનીય અને ૯ નોકષાય ચારિત્ર મોહનીય કુલ ૨૮ પ્રકારે મોહનીય કર્મનાં ફળ ભોગવે છે.

૫. આયુષ્ય કર્મ—આયુષ્ય કર્મ કુલ ૧૬ પ્રકારે બાંધે છે.

તેમાં નારકીનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે છે. ૧. મહારંભયાએ—છએ કાયના જીવોની જેમાં સદા હિંસા થયા કરે તેવાં કામ કરવાથી. ૨. મહાપરિગ્ગહિયાએ—મહાલોભી, અથવા મોટા પાયા પર પરિગ્રહનો સંગ્રહ રાખે. ૩. કુણિમંસાહારેણં—મદ્યમાંસનો આહાર કરવાથી, ૪. પંચિંદિય વહેણં—પંચેન્દ્રિય જીવોની ઘાત કરવાથી.

તિર્યંચનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે છે. ૧. માઈલયાએ-કપટ સહિત જૂઠું બોલે, ૨. નિયડિલયાએ-નિવિડ (મહા) દગાબાજ હોય, ૩. ખલિયવયણેણં-જૂઠું બોલે, ૪. કુડતોલે કુડમાણે-ખોટાં તોલ ને ખોટાં માપ રાખે.

મનુષ્યનું આયુષ્ય ચાર પ્રકારે બાંધે છે. ૧. પગઈભદ્દયાએ-સ્વભાવથી જ નિષ્કપટી, ૨. પગઈ વિણીયાએ-સ્વભાવથી જ વિનીત, ૩. સાણુકોસયાએ-સરળ અથવા દયાળુ. ૪. અમચ્છરિયાએ-ઈર્ષારહિત.

દેવતાનુ આયુષ્ય ચાર પ્રકારે બાંધે છે. ૧. સરાગ સંજમેણં-સંજમ પાળે પણ શરીર તથા શિષ્ય વગેરે પર મમત્વભાવ રાખે, ૨. સંજમા-સંજમેણં-શ્રાવકનાં વ્રત પાળે, ૩. બાળતવોકમ્મેણં-જ્ઞાનરહિત તપ કરે, ૪. અકામ નિજ્જરાએ-પરવશપણે દુઃખ સહે. પરંતુ સમભાવ રાખે.

એ રીતે ચાર ગતિનું આયુષ્ય ૧૬ પ્રકારે બાંધે છે અને તેનાં ફળ તે તે ગતિનાં આયુષ્યરૂપે ભોગવે છે.

તેના ૪ પ્રકાર છે. (૧-૨) નરક અને દેવતાનું આયુષ્ય જઘન્ય દસ હજાર વર્ષ ને અંતર્મુહુર્ત અધિકનું અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ ને પૂર્વ ક્રોડીના ત્રીજા ભાગ અધિકનું, (૩-૪) તિર્યંચ અને મનુષ્યનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું, ઉત્કૃષ્ટ ત્રણ પલ્ય ને પૂર્વ ક્રોડીનો ત્રીજો ભાગ અધિક એટલું ભોગવે છે.

૬. નામ કર્મ-નામ કર્મના ૧. શુભનામ, ૨ અશુભ નામ એવા બે ભેદ છે.

શુભનામ ચાર પ્રકારે બાંધે છે. ૧. 'કાયુજ્જુયાએ'-કાયાની સરળતા રાખે. ૨. 'ભાસુજ્જુયાએ'-ભાષાની સરળતા રાખે ૩. ભાવુજ્જુયાએ' મનની સરળતા રાખે ૪. 'અવિસંવાયણાજોગેણં'-વિખવાદ ઝઘડા રહિત પ્રવર્તે.

એ શુભ નામનાં ફળ ચૌદ પ્રકારે ભોગવે છે. ૧. 'ઇટ્ઠાસદ્દા' ઇષ્ટ એટલે મનોજ્ઞ શબ્દ, ૨. 'ઈટ્ઠા રૂવા' મનોજ્ઞ રૂપ; ૩. 'ઈટ્ઠા ગંધા' મનોજ્ઞ ગંધ;૪.

'ઇટ્ઠા રસા'—મનોજ્ઞ રસ, ૫. 'ઇટ્ઠા ફાસા—મનોજ્ઞ સ્પર્શ, ૬, 'ઇટ્ઠા ગઈ—મનોજ્ઞ ગતિ, ૭. ઇટ્ઠા ઠિઇ'—સુખકારી આયુષ્ય, ૮. 'ઇટ્ઠા લાવણ્ણે'—જેના શરીરની લાવણ્યતા મનોજ્ઞ હોય, ૯. 'ઇટ્ઠા જસોકિત્તી'—મનોજ્ઞ જશ-કીર્તિ, ૧૦. 'ઈટ્ઠે ઉટ્ઠાણ કમ્મ બલ વીરિય પુરિસાકાર પરક્કમે'—મનોજ્ઞ એટલે ઇચ્છિત, ઉઠ્ઠાણ, કર્મ બલ, વીર્ય, પુરુષાકાર અને પરાક્રમ (કોઇ ચીજ પડી છે તે લેવાની ઈચ્છા થાય તે, 'ઉટ્ઠાણ', તેને લેવા જવું તે 'કર્મ'. તેને ઉપાડવી તે 'બલ', ઉપાડીને યોગ્ય સ્થળે શરીર પર લેવી તે 'વીર્ય', ઉપાડી લઈ ચાલવું તે 'પુરુષાકાર' અને ધારેલ સ્થળે જઇ બરોબર મૂકવી તે 'પરાક્રમ;' એ છ શુભ મળે. ૧૧. 'ઇટ્ઠા' સરયા—મધુર સ્વર, જેનો સ્વર (ગાયન) સાંભળવો લોકોને ગમે ૧૨. 'કંત સરયા' વલ્લભ સ્વર, ૧૩ 'પિય સરયા'—પ્રિય સ્વર, ૧૪. મણુન્ના સરયા—મનોજ્ઞ સ્વર. એ ચૌદ પ્રકારે ભોગવે છે.

અશુભનામ કર્મ ચાર પ્રકારે બાંધે છે. (૧) કાયાણજુયાએ-કાયાની વક્રતા (૨) ભાસાણુજુયાએ—ભાષાની વક્રતા--કઠોરવચન (૩) ભાવાણુ-જુયાએ—મનની વક્રતા—મનની મલિનતા (૪) વિસંવાયણા જોગેણં—કદાગ્રહ કરે. એ ચાર પ્રકારે બાંધે તે.

તેનાં ફળ ચૌદ પ્રકારે ભોગવે છે. ૧. અણિટ્ઠા 'સદ્દા' ૨. 'અણિટ્ઠા રૂવા', ૩. અણિટ્ઠા ગંધા, ૪. 'અણિટ્ઠા રસા', ૫. 'અણિટ્ઠા ફાસા', ૬. અણિટ્ઠા ગઈ, ૭. 'અણિટ્ઠા ઠિઇ ૮. 'અણિટ્ઠા લાવણ્ણે'; ૯. 'અણિટ્ઠા જસોકિત્તી' ૧૦. અણિટ્ઠા ઉટ્ઠાણ કમ્મબલ વીર્ય પુરિસાકાર પરક્કમે', ૧૧. હીણ સરયા' હલકાં વચન, ૧૨. 'દીણ સરયા, દીન-વચન ૧૩. 'અણિટ્ઠ સરયા'--કઠોર વચન, ૧૪. 'અકંત સરયા'—અપ્રિય શબ્દ. એ પ્રમાણે ૧૪ રીતે ભોગવે છે.

નામકર્મની ૯૩ અથવા ૧૦૩ પ્રકૃતિ થાય છે—૪ ગતિ, ૫ જાતિ, ૫ શરીર, ૩ શરીરનાં અંગોપાંગ+, ૫ શરીરનાં÷ બંધન,

---

× અંગ આઠ ૮ છે. ૧, મસ્તક, ૨, છાતી, ૩, પેટ, ૪, પીઠ, ૫–૬ બે હાથ, ૭–૮ બે જાંગ; આંગળીઓ વગેરે ઉપાંગ કહેવાય છે; અને નખ વગેરે અંગોપાંગ કહેવાય છે,

÷ શરીરને ગ્રહણ કરવા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરી એકત્ર કરે તે સંઘાતન અને બાંધીને સ્થિર કરે તે બંધન કહેવાય છે,

૫ શરીરના સંઘાતન, ૬ સંઠાણ, ૬ સંઘયણ, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૪ *અનુપૂર્વી (ચાર ગતિની), ૨ વિહાયોગતિ (શુભ વિહાયોગતિ તે ગંધહસ્તી તથા રાજહંસ જેવી ચાલ અને અશુભ વિહાયોગતિ તે ઊંટ જેવી ચાલ.) એ પ્રમાણે પાંસઠ પિંડપ્રકૃતિ થઇ, ૬૬. પરાઘાત નામ–પોતાના શરીરથી સર્પની પેઠે બીજાની ઘાત થાય, ૬૭, ઉશ્વાસ નામ, ૬૮. અગુરુલઘુનામ, (લોઢાના ગોળા જેવું શરીર છતાં ફૂલ જેવું લાગે), ૬૯. આતાપ નામ,–સૂર્યની પેઠે તેજસ્વી, ૭૦. ઉદ્યોત નામ–ચંદ્રની પેઠે શીતળ; ૭૧. ઉપઘાત નામ–પોતાના શરીરથી રોઝની પેઠે પોતે જ મરે, ૭૨. તીર્થંકર નામ, ૭૩. નિર્માણ નામ, ૭૪. ત્રસ નામ, ૭૫. બાદર નામ, ૭૬. પ્રત્યેક નામ, ૭૭. પર્યાપ્ત નામ, ૭૮. સ્થિર નામ, ૭૯. શુભ નામ, ૮૦. સૌભાગ્ય નામ ૮૧. સુસ્વર નામ, ૮૨. આદેય નામ, ૮૩. જશોકીર્તિ નામ, ૮૪ સ્થાવર નામ, ૮૫. સૂક્ષ્મ નામ, ૮૬. સાધારણ નામ, ૮૭. અપર્યાપ્ત નામ, ૮૮. અશુભ નામ. ૮૯. અસ્થિર નામ, ૯૦. દુર્ભાગ્ય નામ, ૯૧. દુસ્વર નામ, ૯૨. અનાદેય નામ, ૯૩. અજશોકીર્તિ નામ; એ ૯૩ પ્રકૃતિ નામ કર્મની થાય છે.

આમાં × બંધનની પાંચના બદલે ૧૫ પ્રકૃતિ ગણતાં ૧૦૩ પ્રકૃતિ થાય છે.

---

* જે કર્મ જીવને બીજા ભવમાં લઈ જાય તે અનુપૂર્વી કહેવાય,

× નામકર્મની ૯૩ પ્રકૃતિમાં બંધન નામકર્મના ૫ ભેદ જ ગણવામાં આવ્યા છે, પરંતુ વિસ્તારથી બંધન નામકર્મની ૫ને બદલે ૧૫ પ્રકૃતિ ગણવામાં આવે છે ત્યારે નામકર્મના ૧૦૩ ભેદ થાય છે તે ૧૫ ભેદ નીચે મુજબ છે,

(૧) ઔદારિક ઔદારિક બંધનનામ (૨) ઔદારિક તૈજસ બંધન નામ (૩) ઔદારિક કાર્મણ બંધનનામ (૪) વૈક્રિય વૈક્રિય બંધનનામ (૫) વૈક્રિય તૈજસ બંધનનામ (૬) વૈક્રિય કાર્મણ બંધનનામ (૭) આહારક આહારક બંધનનામ (૮) આહારક તૈજસ બંધનનામ (૯) આહારક કાર્મણ બંધનનામ (૧૦) ઔદારિક તૈજસ કાર્મણ બંધન (૧૧) વૈક્રિય તૈજસ કાર્મણ બંધન (૧૨) આહારક તૈજસ કાર્મણ બંધન (૧૩) તૈજસ તૈજસ બંધન (૧૪) તૈજસ કાર્મણ બંધન (૧૫) કાર્મણ કાર્મણબંધન.

૭. ગોત્ર કર્મ—ગોત્ર કર્મના ઊંચ ગોત્ર અને નીચ ગોત્ર એવા બે ભેદ છે. ઊંચ ગોત્ર આઠ પ્રકારે બાંધે છે. ૧. જાઈ અમયેણં-જાતિ એટલે માતાના પક્ષનું અભિમાન ન કરે ૨. કુલ અમયેણં—કુલ એટલે પિતાના પક્ષનું અભિમાન ન કરે, ૩. બલ અમયેણં—બળ એટલે પરાક્રમનું અભિમાન ન કરે, ૪. રુપ અમયેણં—રૂપનો મદ ન કરે, ૫. તવ અમયેણં—તપશ્ચર્યાનો મદ ન કરે, ૬. સૂયઅમયેણં સૂત્રજ્ઞાન એટલે બુદ્ધિનો ગર્વ ન કરે, ૭. લાભ અમયેણં—લાભનો મદ ન કરે; ૮. ઈસ્સરિય અમયેણં—ઐશ્વર્યનો મદ કરે નહીં, એ આઠ પ્રકારે શુભ ગોત્ર બાંધે.

તેનાં ફળ પણ એ જ રીતે આઠ પ્રકારનાં ભોગવે છે. ૧. જાઇવિસિઠિયા—ઉત્તમ જાતિ પામે. ૨. કુલ વિસિઠિયા—ઉત્તમ કુળ પામે. ૩. બલ વિસિઠિયા—ભારે બળવાન થાય, ૪. રૂપ વિસિઠિયા—અતિ રૂપવંત હોય. ૫. તવ વિસિઠિયા-તપમાં શૂરવીર થાય. ૬. સૂત્ર વિસિઠિયા-સૂત્રજ્ઞાનમાં વિદ્વાન હોય. ૭. લાભવિસિઠિયા-ચાહે તે વસ્તુનો લાભ પામે. ૮. ઈસ્સરિય વિસિઠિયા-મોટા સમુદાય એટલે પરિવારનો માલિક બને. એ આઠ પ્રકારના લાભ ભોગવે છે.

નીચ ગોત્ર કર્મ આઠ પ્રકારે બાંધે. તે ઉચ્ચ ગોત્રમાં કહ્યા પ્રમાણે પણ જ્યાં 'અભિમાન ન કરે' એમ છે ત્યાં 'અભિમાન કરે' એમ સમજવું. એ આઠ પ્રકારે નીચ ગોત્ર બાંધ્યાનાં ફળ પણ ઉચ્ચ ગોત્રથી વિપરીત રીતે ભોગવે. ઉચ્ચ ગોત્રમાં ઉત્તમતા મળે છે અને નીચ ગોત્રમાં એ જ બાબતની હીનતા-નીચતા મળે છે એમ સમજવું.

૮. અંતરાય કર્મ—અંતરાયકર્મ પાંચ પ્રકારે બાંધે છે. ૧. દાનાંતરાય-કોઈને દાન આપવામાં હરકત કરે× છે. લાભાંતરાય કોઈની

× આજકાલ કેટલાક લોકો ભ્રષ્ટાચારી સાધુને દાન દેવાની મના કરે છે અને કેટલાક વળી પંચ મહાવ્રતધારી સાધુ સિવાય બીજાને દાન દેવાની મના કરે છે, એ બંને દાનાંતરાય કર્મ બાંધે છે, શ્રી સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે હિંસક દાન આપનારની જે પ્રશંસા કરે છે તેને હિંસક કહેવો અને હિંસકને દાન આપવાનો જે નિષેધ કરે તેને અંતરાય પાડનાર ગણવો.

ગાથા—जे य दाणं पसंसति, वहमिच्छंति पाणिणो, ।
जे य दाणा पडिसेयंति, अंतराद करंति ते ॥

આવકમાં હરકત કરે, ૩. ભોગાંતરાય-કોઇને ખાનપાન જેવી ચીજોની અંતરાય પાડે. ૪. ઉપભોગાંતરાય-કોઈને વસ્ત્રાભૂષણુ જેવી ચીજોની અંતરાય પાડે. * ૫. વીર્યાંતરાય-કોઈને ધર્મધ્યાન કરવા ન દે અથવા સંયમ ન લેવા દે.

એ પાંચ પ્રકારે બાંધેલાં અંતરાય કર્મનાં માઠાં ફળ પાંચ પ્રકારે ભોગવે છે તે પણ બાંધ્યા પ્રમાણે જ જાણવાં. ૧. દાનાંતરાય-દાન દઈ શકે નહિ, ૨. લાભાંતરાય-લાભ મેળવી શકે નહિ. ૩. ભોગાંતરાય અન્નાદિ જેવી એક વખત ભોગવી શકનારી ચીજો ભોગવી શકે નહિ, ૪. ઉપભોગાંતરાય-વસ્ત્રાદિ જેવી વારંવાર ભોગવી શકાય એવી ચીજો ભોગવી શકે નહિ. ૫. વીર્યાંતરાય-ધર્મ, ધ્યાન, તપ, સંયમ કરી શકે નહિ. એ પ્રમાણે ૮ કર્મ બાંધવાની તથા તેનાં ફળ ભોગવવાની રીતો જાણવી.

જ્ઞાનાવરણીય કર્મની ૬, દર્શનાવરણીય કર્મની ૬, વેદનીય કર્મની ૨૨, મોહની કર્મની ૬, આયુષ્ય કર્મની ૧૬, નામ કર્મની ૮. ગોત્ર કર્મની ૧૬. અને અંતરાય કર્મની ૫ એ સર્વ મળી ૮૫ પ્રકૃતિઓ આઠ કર્મ બાંધવાની થઇ. વળી, જ્ઞાનાવરણીયની ૧૦ દર્શનાવરણીયની ૯, વેદનીયની ૧૬ મોહનીયની ૫, આયુષ્યની ૪. નામની ૨૮, ગોત્રની ૧૬ અને અંતરાયની ૫ મળી ૯૩ પ્રકૃતિ, આઠ કર્મનાં ફળ ભોગવવાની થઈ. એમ ૮૫+૯૩ મળી એકંદર ૧૭૮ પ્રકૃતિ છે પણ તેમાં નામકર્મની ૧૦૩ પ્રકૃતિઓ વિસ્તારે કહી છે તે મેળવીએ તો ૨૮૧ પ્રકૃતિ થાય છે. એ પ્રમાણે આઠ કર્મની પ્રકૃતિનો બંધ તેને પ્રકૃતિબંધ કહે છે.

(૨) સ્થિતિ બંધ

(૨) સ્થિતિ બંધ--હવે આઠે કર્મની સ્થિતિનો કાળ કહે છે.

૧. જ્ઞાનાવરણીય.

---

* ઉપદેશ આપી વૈરાગ્ય ભાવથી કોઈને ભોગ ઉપભોગ તોડાવે તો અગર દયા નિમિત્તે છોડાવે તો તે 'અંતરાય' કર્મ નહિ.

૨. દર્શનાવરણીય.

૩. અંતરાય એ ત્રણ કર્મની સ્થિતિ, જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટિ ત્રીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તે ત્રણે કર્મનો અબાધાકાળ÷ ત્રણ હજાર વર્ષનો છે.

૪. સાતા વેદનીય કર્મની સ્થિતિ જઘન્ય ૨ સમયની (ઇરિયાવહિયા ક્રિયા આશ્રયે ગણતાં) અને ઉત્કૃષ્ટિ ૧૫ ક્રોડાક્રોડી સાગરની છે. અબાધાકાળ કરે તો જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દોઢ હજાર વર્ષનો છે. અસાતા વેદનીય કર્મની સ્થિતિ જઘન્ય ૧૨ મુહૂર્તની અને ઉત્કૃષ્ટ ત્રીસ ક્રોડાક્રોડી* સાગરની છે. એનો અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્તનો ઉત્કૃષ્ટો ત્રણ હજાર વર્ષનો છે.

૫. મોહનીય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધકાળ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટો સાત હજાર વર્ષનો છે.

૬. આયુષ્ય કર્મની સ્થિતિ, ચારે ગતિની સ્થિતિ બતાવી છે તે પ્રમાણે જાણવી. નારકી દેવતાની સ્થિતિ જઘન્ય ૧૦ હજાર વર્ષની, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની—મનુષ્ય તિર્યંચની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યની, અબાધાકાળ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળાને ભોગવતા આયુષ્યના ત્રીજા, નવમા, ૨૭મા ભાગનો યાવત્ અંતિમ આયુષ્ય અંતર્મુહુર્ત રહે તેના પણ ત્રીજા ભાગનો જાણવો. અને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળાને અબાધાકાળ ૬ મહિનાનો જાણવો.

÷કર્મ બાંધ્યા પછીથી તે ઉદય આવે (એટલે તેનાં ફળ ભોગવવાં પડે) ત્યાં લગીનો કાળ તે, અબાધાકાળ' કહેવાય, એટલે કર્મ બાંધવું. અને ભોગવવું એ બેની વચ્ચેનો કાળ,

*શ્રી પન્નવણા સુત્રમાં એક સાગરોપમના ૭ ભાગ કરીએ તેમાંના ૩ ભાગ અને એક પલ્યનો અસંખ્યાતમો ભાગ ઊણાની કહી છે તે એકેંદ્રિય આશ્રયા જાણવી.

(૭–૮) નામ અને ગોત્ર કર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્તની ઉત્કૃષ્ટિ ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. તેનો અબાધાકાળ બે હજાર વર્ષનો છે.

એ પ્રમાણે આઠ કર્મની સ્થિતિ બાંધે તેને સ્થિતિબંધ કહે છે.

(૩) અનુભાગ બંધ

(૧) જ્ઞાનાવરણીય કર્મે આત્માનો અનંત જ્ઞાનગુણ ઢાંકયો છે.

(૨) દર્શનાવરણીય કર્મે આત્માનો અનંત દર્શન ગુણ ઢાંકયો છે.

(૩) વેદનીય કર્મે આત્માનું અનંત અવ્યાબાધ આત્મિક સુખ રોકયું છે.

(૪) મોહનીય કર્મે આત્માના અનંત ક્ષાયિક સમકિતનો ગુણ રોકયો છે.

(૫) આયુષ્ય કર્મે આત્માનો અક્ષય સ્થિતિનો ગુણ રોકયો છે.

(૬) નામકર્મે આત્માનો અમૂર્તિપણાનો ગુણ રોકયો છે.

(૭) ગોત્ર કર્મે આત્માનો અગુરુલઘુ ગુણ રોકચો છે.

(૮) અંતરાય કર્મે આત્માનો અનંત આત્મિક શક્તિનો ગુણ રોકચો છે.

કર્મોનો રસોદય બે પ્રકારે થાય છે: અભવ્ય તથા એકેન્દ્રિયાદિ જીવોને તીવ્ર રસોદય હોવાથી તેઓ પરાધીન થઈ આત્મિક ગુણોને પ્રગટ કરવામાં અસમર્થ બનેલા છે. અને જે ભવ્ય જીવોના રસોદય મંદ પડતા જાય છે તે અકામ નિર્જરા કે સકામ નિર્જરાથી જેમ જેમ કર્મોના રસ પાતળા પાડે છે, તેમ તેમ ઉચ્ચત્વને પ્રાપ્ત થતાં થતાં સંપૂર્ણ આત્મિક ગુણોને પ્રગટ કરી દે છે.

(૪) પ્રદેશ બંધ

આઠે કર્મોના પ્રદેશ (કર્મ પુદ્ગલોનાં દલિકો) આત્મપ્રદેશની સાથે કેવા પ્રકારે સંબંધિત છે તે દષ્ટાંત દ્વારા દર્શાવે છે.

(૧) જેમ સૂર્યની ⁎ આડે વાદળાં આવવાથી સૂર્યનો પ્રકાશ મંદ પડે છે તેમ જ્ઞાનાવરણીય કર્મના આચ્છાદનથી આત્માનો જ્ઞાનરૂપ પ્રકાશ મંદ રહે છે.

(૨) જેમ આંખો પર પાટો બાંધવાથી પદાર્થો દેખી શકાતા નથી, અગર રંગીન ચશ્માં ચડાવવાથી વિપરીત રંગનો ભાસ થાય છે. તેમ દર્શનાવરણીય કર્મના પાટા કે ચશ્માંને લીધે પદાર્થો દેખી શકાતા નથી અથવા દેખે છે તો યથાતથ્ય સમજમાં આવતા નથી.

(૩) જેમ મધ ચોપડેલી તલવાર ચાટવાથી પ્રથમ સહજ મીઠાશ લાગે પણ પાછળથી મહા દુઃખદાયક નીવડે છે : તેવી જ રીતે. સાતાવેદનીયમાં લુબ્ધ જીવો કિંચિત્ સુખભોગમાં લુબ્ધ થવાથી મહાદુઃખ પ્રાપ્ત કરી લે છે, અને અફીણથી ખરડાયેલ તલવાર ચાટવાથી પૂર્વ પશ્ચાત્ ઉભય પ્રકારે દુઃખ થાય છે. તે જ પ્રમાણે, અસાતાવેદનીય કર્મ બાંધતાં અને ભોગવતાં બન્ને વખત દુઃખ ઊપજે છે.

(૪) જેમ દારૂડિયો સુધબુધ વીસરી ભાન ભૂલી જાય છે તેમ મોહનીય કર્મના ઉદયથી જીવ આત્મભાન ભુલી વિભાવ પરિણામી થઈ પુદગલાનંદી બની જાય છે.

(૫) જેમ જેલમાં પડેલ મનુષ્ય યથેચ્છ ગમનાગમન કરી શકતો નથી તેમ આયુષ્ય કર્મના ઉદયથી જીવ દેહરૂપી કારાગૃહમાં ફસાઇ રહે છે.

(૬) જેમ ચિત્રકાર મરજીમાં આવે તેવાં ચિત્રવિચિત્ર ચિત્રો બનાવે છે તેમ નામકર્મના યોગથી વિચિત્ર પ્રકારનાં શરીરો અને નાનાવિધ રૂપો ધારણ કરે છે.

(૭) જેમ કુંભાર એક જ માટીમાંથી અનેક પ્રકારનાં વાસણો બનાવે છે તેમ ગોત્રકર્મના ઉદયથી એક જ પ્રકારના શરીરે કરી અનેકવિધ જાતિનો અનુભવ કરે છે.

⁎ જ્ઞાનાવરણીય કર્મને કોઈ આંખના પાટા સમાન કહે છે, અને દર્શનાવરણીય કર્મને રાજાના દ્વારપાળ સમાન કહે છે.

(૮) જેમ રાજાની આજ્ઞા થઈ કે અમુક મનુષ્યોને અમુક રકમ આપવી છતાં ભંડારી (કોષાધ્યક્ષ) આપે ત્યારે જ તેને લાભની પ્રાપ્તિ થઈ શકે. તેવી જ રીતે, સત્તામાં તો સર્વ જીવની પાસે સર્વ સુખો પ્રાપ્ત કરવાની શક્તિ છે, પરંતુ અંતરાય કર્મના ઉદયથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકાતી નથી. આ પ્રમાણે આત્મપ્રદેશની સાથે કર્મ પ્રદેશનો સંબંધ થવાથી આત્મા કર્મ પુદ્ગલો (પ્રદેશો)ના ઉદયાનુસાર સંસારમાં વિચિત્રતા પામે છે.

એ ચારે બંધ ઉપર દૃષ્ટાંત—(૧) સૂંઠ, મેથી, વગેરે ચીજો નાખીને લાડુ બનાવ્યો. તે લાડુ વાયુ, પિત્ત, વગેરેનો નાશ કરે તે તેની પ્રકૃતિ (સ્વભાવ) કહેવાય. (૨) તે લાડુ એક મહિનો બે મહિના એમ જેટલો સમય તેને તે સ્વરૂપે રહે તેને સ્થિતિ (કાળનું પ્રમાણ) કહેવાય. (૩) તે લાડુ કડવો, મીઠો કે તીખો હોય તે રસ (અનુભાગ) કહેવાય. અને, (૪) તે લાડુમાં કોઈ થોડા દળને પરિણામે નીપજ્યો, કોઈ બહુ દળને પરિણામે નીપજ્યો. એમ લાડુ વિષેનું દ્રવ્યનું ઓછાવત્તાપણાનું જે પ્રમાણ (પ્રદેશ) તેને પ્રદેશબંધ કહેવાયછે. એ દૃષ્ટાંતથી ચારે બંધનું સ્વરૂપ સમજવું.

૯ મોક્ષ તત્વ

બંધનો પ્રતિપક્ષી મોક્ષ છે. ચારે બંધથી બંધાઈ રહેલો જીવ, તમામ કર્મબંધથી છૂટી મુક્ત થાય તેને મોક્ષ કહે છે. એ મોક્ષ ચાર પ્રકારે મળે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં કહ્યું છે કે—

नाणेण जाणई भावे, दंसणेण य सद्दहे ।
चरित्तेण य गिण्हाइ, तवेण परिसुज्झई ॥ ३५

અર્થ—૧. સમ્યગ્જ્ઞાને કરીને, નિત્ય, અનિત્ય, શાશ્વત, અશાશ્વત, શુદ્ધ, અશુદ્ધ, હિત, અહિત, લોક, અલોક, આત્મા, અનાત્મા, ઇત્યાદિ સર્વ વસ્તુઓનું સ્વરૂપ જાણે.

૨. સમ્યગ્દર્શને (સમ્યકત્વે) કરીને જ્ઞાન વડે જે સ્વરૂપ જાણ્યું છે તેને તથારૂપે સાચું કરીને દૃઢ માને તથા શંકા વગેરે દોષ–રહિત રહે.

૩. સમ્યક્ચારિત્ર વડે, દર્શને કરીને જે જે દૃઢ માન્યું છે તેમાંથી આત્મહિતકર–મોક્ષદાતા માલૂમ પડે તેને આચરણમાં ઉતારે, અને છોડવા યોગ્ય હોય તેને છોડે; ચારે ગતિમાંથી તરી પાંચમી મોક્ષ ગતિએ પહોંચવાના ઉપાય આદરે.

૪. તપે કરીને, ચારિત્ર વડે જે જે ઉપાયો આદર્યા છે તે વધતા જતાં શુદ્ધ ઉત્સાહથી નિભાવી પાર પાડે, એ ચાર કારણથી મોક્ષ મળે છે *

મોક્ષ શાસ્ત્રના પહેલા જ સૂત્રમાં કહ્યું છે કે " सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળી મોક્ષનું સાધન છે. એ ચારમાંથી જ્ઞાન અને દર્શન એ બન્ને તો આત્માના અનાદિ અનંત ખાસ નિજગુણો છે. તે મોક્ષ ગયા પછી પણ સર્વ કાળે શાશ્વત રહે છે. એ બન્ને ગુણો સહચારી હોય છે.

જેમ સૂર્યનો તાપ અને પ્રકાશ એકબીજાને છોડીને રહી શકતા નથી તેમ જ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એકબીજા સિવાય રહેતાં નથી. અર્થાત્ જ્ઞાન વિના દર્શન નહિ અને દર્શન વિના જ્ઞાન નહિ +

એ બન્નેને નિર્મળ કરી સંપૂર્ણતા પ્રાપ્ત કરવાનાં સાધન ચારિત્ર અને તપ છે. એ બન્ને ગુણો સાદિ સાંત છે. અર્થાત્ મોક્ષપ્રાપ્તિ થતા સુધી તેની આવશ્યકતા છે.

---

* મોક્ષ તત્ત્વનો વિશેષ વિસ્તાર પ્રથમ ખંડના ત્રીજા પ્રકરણમાં છે.

+ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં જ મતિ આદિ અજ્ઞાનરૂપે જીવોમાં હોય છે ને મિથ્યાદૃષ્ટિની નિવૃત્તિથી સમ્યગ્રૂપે પરિણત થઈ જાય છે. એટલે તે મતિ આદિ જ્ઞાન કહેવાય છે.

ઉપર્યુક્ત ચારે પ્રકારના ગુણસાધનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

નવ તત્ત્વની ચર્ચા

દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વિચાર કરીએ તો, નવે તત્ત્વનો સંક્ષેપમાં બે તત્ત્વમાં સમાવેશ થાય છે. (૧) જીવ. (૨) અજીવ.

જીવ છે તે સદા જીવ જ છે, અને અજીવ છે તે સદા અજીવ જ છે. બાકીનાં સાત તત્ત્વો પર્યાયાર્થિક નયની અપેક્ષાએ વિચારતાં જીવ અને અજીવ એ બેમાં સમાય છે. કારણ કે તે સાતે તત્ત્વો એ બેમાંથી ઉત્પન્ન થયાં છે.

પ્રથમ એ સાતમાંનાં પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ ચારનો મુખ્યતાથી ને ગૌણતાથી વિચાર કરીએ. એ ચાર તત્ત્વ મુખ્યતાએ તો અજીવમાંથી ઉત્પન્ન થયાં છે. એ ચારે કર્મ સંચયક છે અને તેને સકર્મી જીવ જ નિષ્પન્ન કરે છે અને જીવે ગ્રહેલાં એવાં ચોફરસી રૂપી પુદ્ગળો છે.

હવે ગૌણતાએ વિચારીએ તો એ ચારે તત્ત્વ જીવના પર્યાયમાં પણ મળે છે. પણ એ ચાર તત્ત્વોનું નિજ સ્વરૂપ વિચારીએ તો તે ચારે તત્ત્વ હેય (છોડવા યોગ્ય પદાર્થ) છે. કારણ કે એ ચારે ગમે તેવાં હોય તોય એ કર્મનો બંધ કરે છે અને સકર્મી જીવ જ (કર્મગ્રહિત જીવ—સંસારી જીવ જ) એ ચાર તત્ત્વોને નિપજાવી શકે છે. જીવ—અજીવના સંયોગથી એ ચારે તત્ત્વ નીપજે છે. બાકીનાં સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણ ધર્મતત્ત્વ છે અને જીવના નિજગુણથી ઉત્પન્ન થાય છે માટે તેને જીવ કહેવાં.

વળી, સંગ્રહ નયની અપેક્ષાએ વિચારીએ તો ત્રણે તત્ત્વોનો સ્વભાવ, આત્મામાંથી કર્મરૂપ પુદ્ગળોને દૂર કરવાનો છે. માટે પુદ્ગળ—સંયોગથી પુદ્ગળી પણ કહી શકાય. સંવર, નિર્જરા અને મોક્ષનાં ઉપાદાન કારણો આત્માના શુદ્ધ ભાવો છે તેથી આત્મા (જીવ) છે. તે આત્મા સાથે જે કર્મ છે તેને દૂર કરવા અને નવાં ન આવવા દેવા

માટે તે ભાવો ઉત્પન્ન થાય છે, તે ભાવમય આત્મા પુદ્ગળ સંયોગી હોવાથી પુદ્ગલી ગણાય. જેમ દંડવાળો માણસ દંડી કહેવાય તેમ. શુદ્ધ વ્યવહારની મુખ્યતાએ તો ધર્મ તત્ત્વ જ છે, જીવના નિજગુણની પેદાશ છે અને અરૂપી છે માટે નિશ્ચય નયની અપેક્ષાએ એ ત્રણે તત્ત્વને જીવ ગણવાં.

એ પ્રમાણે નવ તત્ત્વનો બે તત્ત્વ (જીવ અને અજીવ)માં સમાવેશ થયો. પુન્ય, પાપ, આસ્રવ અને બંધ તત્ત્વમાં જે કર્મ પરમાણુઓ છે તેનું ઉપાદાન કારણ પુદ્ગલ છે અને નિમિત્ત કારણ જીવના વિકારભાવ છે. તે બન્ને હેય છે, તેમાં ઉપાદાન કારણ કાર્યરૂપે પરિણમે માટે અહીં અજીવ તત્ત્વની મુખ્યતા છે.

પ્રશ્ન—જીવના અશુભ યોગને આસ્રવ કહે છે તેટલા માટે આસ્રવને જીવ ગણો તો શી હરકત છે?

સમાધાન–જીવના અશુભ ભાવ તે આશ્રવનું કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી અશુભ ભાવને આસ્રવ કહેવાય છે, પણ આસ્રવ એટલે કર્મની આવક. તે કર્મનું ઉપાદાન કારણ પુદ્ગલ છે અને નિમિત્ત કારણ જીવના અશુભ ભાવ છે અને કર્મ વિના અશુભ ભાવ ઉત્પન્ન થાય જ નહિ. જો કર્મ વિના અશુભ ભાવ ઉત્પન્ન થાય તો સિદ્ધ ભગવાન (જે કર્મરહિત છે તે)ને પણ આસ્રવ લાગે, પણ સિદ્ધ ભગવાનને તો કદી પણ આશ્રવ લાગતો જ નથી.

એ વિચારણાથી નિશ્ચય થાય છે કે જીવ અને કર્મનો સંજોગ અનાદિકાળથી છે અને સકર્મી જીવ આસ્રવને ગ્રહણ કરે છે. તેનું મુખ્ય ઉપાદાન કારણ કર્મ જ છે, માટે આસ્રવ પણ અજીવ છે. શીતલ પાણીમાં ઉષ્ણતા આણનાર અગ્નિ છે, પાણી નથી. તે પ્રમાણે આસ્રવનો નિશ્ચયથી કર્તા અજીવ છે, અને વ્યવહારથી નિમિત્તરૂપે કર્તા જીવ છે. જ્યાં ઉપાદાન કારણ જીવ છે ત્યાં તે તત્ત્વની મુખ્યતા છે. અને જ્યાં ઉપાદાન કારણ પુદ્ગળ છે ત્યાં અજીવ તત્ત્વની મુખ્યતા સમજવી.

ઉપાદાન કારણ કાર્યરૂપે પરિણમે છે તેથી તેની મુખ્યતા સમજવી અને નિમિત્ત કારણ કાર્ય ઊપજે એટલે છૂટી જાય તેથી તેની ગૌણતા સમજવી, પણ એકાંતવાદમાં ઊતરવું નહિ.

સાત નય

નયની વ્યાખ્યા ૧. અનંત ધર્માત્મક વસ્તુઓમાંથી કોઈ એક વિશેષ ધર્મને ગ્રહણ કરી, અન્ય ધર્મો તરફ ઉદાસીન ભાવ રાખીને પદાર્થનું જે વર્ણન કરવું તેનું નામ નય છે. ૨. પ્રમાણનો અંશ તે નય. ૩. નયવાદ એટલે અપેક્ષાવાદ. ૪. નયવાદ એટલે વિચારોની મીમાંસા. ૫. કોઈ પણ વિષયનું સાપેક્ષપણે નિરૂપણ કરનાર વિચાર એ નય.

આમ, વિદ્વદ્જનોએ નયની જુદી જુદી રીતે વ્યાખ્યાઓ કરેલી છે. *

સામાન્યપણે નયના બે પ્રકાર છે: ૧. વ્યવહારનય—જે વડે વસ્તુનું બાહ્ય સ્વરૂપ જાણવામાં આવે તથા જે અપવાદ માર્ગમાં લાગુ પડે તે વ્યવહારનય, અને ૨. નિશ્ચય નય—જે વડે વસ્તુનું અભ્યંતર સ્વરૂપ જાણવામાં આવે તથા ઉત્સર્ગ માર્ગમાં લાગુ પડે તે નિશ્ચયનય.

વિશેષપણે નયના ૭ પ્રકાર છેઃ—૧. નૈગમનય, ૨. સંગ્રહનય, ૩. વ્યવહારનય, ૪. ઋજુસૂત્રનય, ૫. શબ્દનય, ૬. સમભિરૂઢનય અને ૭. એવંભૂતનય.

એ સાતે નયોનું સ્વરૂપ કહે છે.

૧. નૈગમનય—"न एको गमो विकल्पो यस्य स नैगम पृथक् पृथक् सामान्य विशेषयोग्र हणात्" અનેક પ્રકારથી સામાન્ય અને વિશેષ ગ્રહણ કરવાથી નૈગમ કહેવાય છે. એક ગમથી નહિ પણ

---

* દરેક નય વસ્તુમાં પોતપોતાનો અંશ બતાવે છે, સર્વ નયોના સર્વ અંશોનો સમન્વય કરવો તેનું નામ સ્યાદ્વાદ અને સ્યાદ્વાદ અપેક્ષાવાળું હોઈને વસ્તુ સ્વરૂપ બરાબર બતાવી શકે છે, માટે તે પ્રમાણરૂપ છે. એક જ નયના અભિપ્રાયનો આગ્રહ અને બીજી નયોના અભિપ્રાયનો નિષેધ તે દુર્નય (મિથ્યાત્વ) છે. એક નય પોતાનો અભિપ્રાય બતાવીને બીજી નયોનો નિષેધ કરે તે સુનય છે અને તે સ્યાદ્વાદમાં દાખલ થઈ શકે છે.

અનેક ગમથી, અનેક પ્રકારથી અને અનેક માર્ગથી જે નય કોઈ પણ વસ્તુને માને છે તે નયને નૈગમનય કહે છે.

નૈગમનયવાળો સામાન્યને માને એટલે કોઈ પણ વસ્તુમાં તેના નામ અંશ માત્ર ગુણ હોય તો પણ તેને પૂર્ણ વસ્તુ માને.

વળી, વિશેષને પણ માને એટલે કોઈ પણ વસ્તુમાં તેના નામ પ્રમાણે પૂર્ણ ગુણ હોય તો પણ તે વસ્તુ માને. ગયા કાળમાં કામ થઈ ગયું તેને, વર્તમાન કાળમાં કામ થાય છે તેને અને આવતા કાળમાં કામ બનશે એ ત્રણે કાર્યને સત્ય માને. નૈગમનયવાળો નિક્ષેપા ચારે માને.

૨. **સંગ્રહનય**—संगृह्णाति विशेषान सामान्यतया सत्तायां क्रोडी करोति यःस संग्रह–અર્થાત્ વિશેષ પદાર્થોને જે સામાન્યપણે ગ્રહણ કરી લેવા તેનું નામ સંગ્રહનય.

જેમકે એક નામ લેવાથી તે નામને સર્વગુણ, સર્વપર્યાય, અને સર્વ પરિવાર સાથે ગ્રહણ કરે. થોડામાં ઘણું સમજે; ઉદાહરણ–કોઈ શાહુકારે તેના નોકરને કહ્યું કે 'દાતણ લાવો' ત્યારે નોકરે એક 'દાતણ' શબ્દના અનુસારે દાતણ, પાણીનો લોટો, અરીસો, દાંતિયો, દંતમંજન, સળી, સુરમો, વગેરે વસ્તુ લાવી મૂકી. વળી શેઠે કહ્યું કે, 'પાન લાવો' એટલે તેણે પાન, સોપારી, કાથો, ચૂનો, મસાલો, વગેરે આણી આગળ મૂક્યું. એ પ્રમાણે કોઈએ બગીચાનું નામ લીધું તો સંગ્રહનયવાળો ઝાડ, ફળ, ફૂલ વગેરે તમામ સમજે છે.

સંગ્રહનયવાળો સામાન્યને માને છે પણ વિશેષને બતાવતો નથી. એ નયવાળો ત્રણ કાળની વાત માને અને નિક્ષેપા ચારે માને. દ્રવ્યોના સમૂહોમાંથી જે બધાને લાગુ પડે એવી સામાન્ય સત્તા બતાવે તે સંગ્રહનય. જેમકે લોકમાં છ દ્રવ્ય અને અલોકમાં એક દ્રવ્ય તેથી દ્રવ્યત્વથી લોક અને અલોકનું એકત્વ બતાવે, ઘણા મનુષ્યો હોય તેમાં મનુષ્યત્વથી સર્વ મનુષ્યોનું એકત્વ બતાવી દે, સર્વ જીવોને એક જીવ શબ્દથી બોલાવે.

૩. વ્યવહારનય—वि विशेषतयैव सामान्यमवहरति मन्यते योऽसौ व्यवहारः અર્થાત્ સામાન્યને વિશેષતયા ગ્રહણ કરવું તે વ્યવહારનય. સંગ્રહનયથી ગ્રહણ કરેલા પદાર્થોને વિધિપૂર્વક ભિન્ન ભિન્ન કરે તેને વ્યવહારનય કહે છે.

આ નયવાળો વસ્તુના બાહ્ય સ્વરૂપના ગુણોને તે વસ્તુ માને. પ્રત્યક્ષ દેખાય તેટલા ગુણોને માને પણ અંદરના પરિણામોની વ્યવહારનયવાળાને કંઈ જરૂર નહિ. તેની દૃષ્ટિ તો આચાર, ક્રિયા અને પ્રવૃત્તિ તરફ હોય છે.

જેમ નૈગમનયવાળાને આંતરિક ગુણો વિના બાહ્ય ગુણનાં અંશ માત્રની તથા સંગ્રહનયવાળાને વસ્તુની સત્તાની જરૂર છે તેમ વ્યવહાર-વાળાને ક્રિયા તથા આચારની જરૂર છે. ઉદાહરણ :—વ્યવહારમાં કોયલ કાળી, પોપટ લીલો અને હંસને ધોળો એમ એક રંગ જ માનશે. (નિશ્ચયનયથી વિચારીએ તો દરેકમાં પાંચ રંગ છે.)

વ્યવહારનયવાળો સામાન્યને નહીં માને પણ વિશેષને માને, ત્રણે કાળની વાતને માને; અને નિક્ષેપા ચારે માને. સંગ્રહનયવાળો જેને જીવ એવા એક શબ્દથી બોલાવે તેમાં વ્યવહારનયવાળા જીવોને ગુણસ્થાન ભેદે જુદી જુદી જાતના વ્યવહારવાળા જીવોની ભિન્નતા બતાવે છે.

૪. ઋજૂસૂત્ર નય—ऋजुवर्तमानमेव सूत्रयति वस्तुतया कल्पयति, यः स ऋजुसूत्रकौ द्वंद्वे व्यवहारर्जुसूत्रकौ–જે મુખ્યતયા વર્તમાનકાળનાં દ્રવ્યનો જ સ્વીકાર કરે છે તે. ઋજુ એટલે સરળ, સૂત્ર એટલે સૂચન અથવા ચિંતવન અર્થાત્ સરળ ચિંતવન એ નયવાળાનો સદા સરળ વિચાર રહે છે.

ઋજુસૂત્ર નયવાળો સામાન્યને નહીં માને, વિશેષને માને, ભૂત અને ભવિષ્યકાળની વાતને અણુઉપયોગી જાણે, માત્ર વર્તમાન કાળની વાતને જ ગ્રહણ કરે છે. ઉદાહરણ :—કોઈએ કહ્યું કે, સો વર્ષ પહેલાં સોનૈયા (મહોરો)ની વૃષ્ટિ થઈ હતી, તથા સો વર્ષ પછી સોનૈયાની વૃષ્ટિ થશે. એ બંને વાતને એ નયવાળો નિઃસાર અને નકામી સમજે

છે. કારણ કે ભૂત અને ભવિષ્યકાળની વાતથી આપણી શી મતલબ સરી ! એ તો આકાશના ફૂલ જેવી વાત છે.

એ નયવાળો આ ચાર નિક્ષેપમાંથી એક ભાવ નિક્ષેપાને માને.

દષ્ટાંત :—કોઈ શેઠ સામાયિકમાં બેઠા હતા. તેવામાં તેમને કોઈ બોલાવવા આવ્યું ત્યારે શેઠના દીકરાની વહુ, કે જે સુજાણ અને વિચક્ષણ હતી તેણે જવાબ દીધો કે શેઠજી ચમારને ઘેર જોડા ખરીદવા ગયા છે.

તે બિચારો ચમારને ત્યાં જઈ આવ્યો અને કહેવા લાગ્યો કે બાઈ, શેઠજી ચમારની દુકાને છે નહિ. ત્યારે વહુએ કહ્યું કે, શેઠજી ગાંધીની દુકાને સૂંઠ લેવા ગયા છે. વળી ગાંધીની દુકાને જઈ આવ્યો ત્યાં પણ શેઠ મળ્યા નહિ તેથી ગભરાઈને કહેવા લાગ્યો, બાઈ ! મને નાહક આંટા શા માટે ખવરાવો છો ? શેઠ ક્યાં છે તે મહેરબાની કરી સાચું કહો.

એતામાં તો શેઠનું સામાયિક પૂરું થયું અને સામાયિક પારી શેઠ બહાર આવ્યા. વહુ ઉપર નારાજ થઈ કહેવા લાગ્યા કે, તમે આટલાં ડાહ્યા થઈને ગપ શા માટે મારી ?

વિનય સહિત વહુએ કહ્યું કે, સામાયિકમાં બેઠાં બેઠાં આપનું મન ચમાર અને ગાંધીની દુકાન પર નહોતું ગયું શું ? એ સાંભળી શેઠ આશ્ચર્ય પામી બોલ્યા કે, હા ! મન તો ગયું હતું ખરું, તમને શી રીતે માલૂમ પડ્યું ?

તે બોલી, આપની અંગ ચેષ્ટા ઉપરથી. *

એ દષ્ટાંત પ્રમાણે ઋજુસૂત્ર નયવાળો વર્તમાન કાળના ભાવને જ શ્રેષ્ઠ માને છે.

ગાથા:—वत्थगंधमलंकारं, ईत्थिओ सयणाणि य ।
अच्छंदा जे न भुंजंति, न सेचाई त्ति वुच्चई ॥
[દસ વૈ. અધ્ય. ૨ ગાથા ૨.]

* કોઈ કહે છે કે, વહુને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું.

અર્થ :—જે સર્વ સંસાર છોડીને ત્યાગી બન્યા છે તેઓ ઉત્તમ વસ્ત્ર-ભૂષણ-સ્ત્રી-શય્યા ઇત્યાદિ ભોગવતા તો નથી, પણ ભોગવવાની અભિલાષા કરે છે તેને ત્યાગી કહેવા નહિ.

ગાથાઃ—जे य कंते पिए भोए, लद्धे वि पिट्ठि कुव्वई ।
साहीणे चयई भोए, से हु "चाइ" त्ति वुच्चई ॥६॥
[દશ વૈ૦ સૂ. અ૦૨ ૨]

અર્થ :—જે ગૃહસ્થાવાસમાં રહીને વલ્લભકારી, પ્રિયકારી, ઇચ્છિત ભોગનો સંજોગ મળ્યો છે છતાં ભોગવતો નથી, તેને ત્યાગી કહેવો. આ વચન ઋજુસૂત્ર નયના આધારે જાણવું. ઋજુસૂત્ર નયવાળો ફક્ત ભાવ નિક્ષેપ જ સત્ય માને છે.

૫. શબ્દ નય-काललिंगवचनैर्वाचकेन शब्देन तुल्यं पर्यायभेदेऽपि एकमेव वाच्यं मन्यमानः शब्दो नय :— પર્યાયભેદ હોવા છતાં પણ જે કાળ લિંગ વાચક શબ્દોને એકરૂપે માનવા તે શબ્દ નય.

કોઈ વસ્તુનું જે નામ હોય તે નામના શબ્દના અર્થને જ ગ્રહણ કરે. એક વસ્તુનાં ઘણાં નામો હોય તો તે નામોના શબ્દના અર્થ ઉપરના અર્થને જ શબ્દ નયવાળો ધ્યાનમાં રાખે છે. જુદાં જુદાં નામના શબ્દોના અર્થ પ્રમાણે તે વસ્તુમાં ગુણ છે કે નહિ તે શબ્દ નયવાળો જોતો નથી પણ મૂળ નામને જ માને છે. ઇંદ્રનાં શક્રેંદ્ર, પુરંદર, શચિપતિ, દેવેંદ્ર, વગેરે ઘણાં નામો છે, છતાં તે બધા શબ્દોનો એક 'ઇંદ્ર' નામનો જ અર્થ ગ્રહણ કરે છે. જુદાં જુદાં નામના શબ્દના જુદા જુદા અર્થને ગ્રહણ કરે નહીં.

શબ્દ નયવાળો, લિંગ શબ્દમાં ભેદ માનતો નથી. સામાન્યને નહિ પણ વિશેષ ગ્રહણ કરે. વર્તમાન કાળની વાતને માને અને ચાર નિક્ષેપમાંથી ફક્ત ભાવ નિક્ષેપને માને. શબ્દ નયમાં ફક્ત શબ્દનું વિશેષપણું લીધું છે.

૬. સમભિરૂઢ નય :-स सम्यक् प्रकारेण यथापर्यायेरुढमर्थं तथैव भिन्नवाच्यं मन्यमानः समभिरुढो नय :—સમ્યક્ પ્રકારથી યથા-

રૂઢ અર્થને તે જ પ્રકારે ભિન્ન વાચ્ય જે માનવું તે સમભિરૂઢ નય.

શબ્દમાં આરૂઢ થઈ વ્યુત્પત્તિ ભેદે તેનો અર્થ કરે એટલે શબ્દના અર્થ પ્રમાણે ગુણ હોય તો માને. શબ્દના અર્થ પ્રમાણે વસ્તુમાં પૂર્ણ ગુણ પ્રગટ્યો ન હોય, પણ કંઈક ઓછો હોય તો એ માને. એમ ધારે કે પૂર્ણ ગુણ ક્યારેક પ્રગટશે જ. જેમ કે :–અરિહંત ભગવાનને પહેલા પ્રકરણમાં 'સિદ્ધ' ગણ્યા તે સમભિરૂઢ નય પ્રમાણેનું વચન ગણવું. 'શબ્દ નય' કરતાં 'સમભિરૂઢ નય'માં એટલું વધારે છે કે છઠ્ઠા નયવાળો શબ્દના અર્થને કાયમ કરે છે (સ્થાપે છે.)

ઉદાહરણ :–ઈન્દ્રનું નામ શક્રેંદ્ર ત્યારે જ માને કે જ્યારે સિંહાસન પર બેસી પોતાની શક્તિથી ન્યાય કરે, અને સર્વ દેવતાઓને પોતાના હુકમ પ્રમાણે, તે જ પ્રમાણે, હાથમાં વજ્ર લઈ દેવતાઓના બંડને મટાડે તો જ 'પુરંદર' માને, ઇંદ્રાણીઓની સભામાં બેસી બત્રીસ પ્રકારનાં નાટક જુએ ત્યારે 'શચીપતિ' છે એમ માને. અને સામાનિક આત્મરક્ષક વગેરે દેવતાઓની સભામાં બેસે ત્યારે જ 'દેવેન્દ્ર' માને.

સમભિરૂઢ નયવાળો લિંગ શબ્દમાં ભેદ માને છે. સામાન્ય નહિ માને, પણ વિશેષને માને. વર્તમાન કાળની જ વાતને માને અને ચારમાંથી એક ભાવ નિક્ષેપાને જ માને છે.

૭. એવંભૂત નય–भूतशब्दोऽत्रय तुल्यवाची एवंयथा वाचके शब्दे यो व्युत्पत्तिरुपो विद्यमानोर्थोऽस्ति तथा भूततुल्याऽर्थक्रियाकारिणमेव वस्तु वस्तुवन्मन्य मानः एवंभूतः नय—ભૂત શબ્દ તુલ્ય અર્થનો વાચક છે એટલા માટે જે શબ્દ વિદ્યમાન અર્થનો વાચક અને અર્થક્રિયાકારીમાં બરાબરી રાખે છે તેને એવંભૂતનય કહે છે.

વસ્તુનું જેવું નામ, તેવું જ તેનું કામ અને પરિણામની ધારા પણ તેવી જ: એ પ્રમાણે ત્રણે બાબત સમ્પૂર્ણ હોય તેને જ માને, વસ્તુ પોતાના ગુણમાં પૂર્ણ હોય, તે પ્રમાણે જ ક્રિયા કરે, તે વસ્તુના દ્રવ્ય, ગુણ, પર્યાય તથા વસ્તુના ધર્મો સર્વે પ્રત્યક્ષ દેખવામાં

આવે તેને જ એવંભૂત નયવાળો વસ્તુ તરીકે સ્વીકારશે. સંપૂર્ણ ગુણમાંથી એક અંશ પણ કમી હશે તો તેને વસ્તુ નહિ કહે.

આ નયવાળો સામાન્યને ન માને પણ વિશેષને જ માને. ફક્ત વર્તમાન કાળની વાતને જ માને. અને ચારમાંથી એક ભાવ નિક્ષેપને જ માને છે.

દૃષ્ટાંત–શક્રેંદ્ર જો કે સિંહાસન પર બેસીને ન્યાય તો કરે છે. પણ તેનું મન દેવીઓમાં હોય તો તે વખતે શક્રેંદ્ર ન કહેતાં 'શચિપતિ' કહેવો, એ પ્રમાણે સર્વ સ્થળે સમજી લેવું. વસ્તુનો જેવો ઉપયોગ હોય તે પ્રમાણે જ કરે. અસંખ્યાત પ્રદેશ યુક્ત જો ધર્માસ્તિકાય દ્રવ્ય હોય તો જ તેને ધર્માસ્તિકાય દ્રવ્ય માને, પણ બેચાર પ્રદેશને ધર્માસ્તિકાય દ્રવ્ય ન માને. આ નયવાળાની દૃષ્ટિ ફક્ત ઉપયોગ તરફ જ રહે. સામાયિકમાં બેઠેલા શેઠની વહુનું દૃષ્ટાંત પણ કોઈ અહીં આપે છે.

સાત નય પર દૃષ્ટાંત

હવે સાતે નય ઉપર સમુચ્ચય (એકસાથે) દૃષ્ટાંત કહે છે.

દૃષ્ટાંત પહેલું :–કોઈએ કોઇને પૂછ્યું કે, ભાઈ, તમે ક્યાં રહો છો ?

ત્યારે તેણે કહ્યું કે હું લોકમાં રહું છું.

અશુદ્ધ નૈગમ નયવાળો બોલ્યો કે લોક તો ત્રણ છે, તેમાં તમે ક્યા લોકમાં રહો છો ?

શુદ્ધ નૈગમ નયવાળાએ જવાબ દીધો કે, હું ત્રીછા લોકમાં રહું છું.

વળી પૂછ્યું કે, ત્રીછા લોકમાં તો દ્વીપ–સમુદ્ર અસંખ્યાતા છે. તેમાં તમે ક્યા દ્વીપ–સમુદ્રમાં રહો છો ?

એણે કહ્યું કે, હું જંબુદ્વીપમાં રહું છું.

વળી એણે પૂછ્યું, જંબુદ્વીપમાં તો ઘણાં ક્ષેત્ર છે, તમે કયા ક્ષેત્રમાં રહો છો ?

વિશુદ્ધ નૈગમ નયવાળો બોલ્યો, હું ભરતક્ષેત્રમાં રહું છું.

વળી પૂછ્યું, કે ભરત ક્ષેત્રમાં તો છ ખંડ છે, તમે કયા ખંડમાં રહો છો ?

અતિ શુદ્ધ નૈગમ નયવાળો બોલ્યો કે હું દક્ષિણ ભરતના મધ્ય ખંડમાં રહું છું.

વળી પૂછ્યું કે મધ્ય ખંડમાં તો ઘણા દેશ છે. તમે કયા દેશમાં રહો છો ?

જવાબ દીધો કે હું મગધ દેશમાં રહું છું.

વળી પૂછ્યું કે મગધ દેશમાં તો ઘણાં ગામો છે, તમે કયા ગામમાં રહો છો ?

જવાબ દીધો કે રાજગૃહી નગરીમાં રહું છું.

વળી પૂછ્યું કે રાજગૃહી નગરીમાં તો ૧૩ પાડા (પરાં) છે, તમે કયા પરામાં રહો છો ?

જવાબ દીધો કે હું નાલંદા પાડામાં રહું છું.

વળી પૂછ્યું કે નાલંદા પાડામાં તો સાડા ત્રણ ક્રોડ ઘર છે, તમે કયા ઘરમાં રહો છો ?

જવાબ દીધો કે હું વચલા ઘરમાં રહું છું.

એટલી વાત સાંભળી નૈગમ નયવાળો બોલતો બંધ થયો. ત્યારે સંગ્રહ નયવાળો બોલ્યો કે વચલા ઘરમાં તો ઘણા ખંડ છે. તો એમ કહો કે હું મારા બિછાના જેટલી જગામાં રહું છું.

ત્યારે વ્યવહાર નયવાળો બોલ્યો કે તમે તમારાં બધાં બિછાનામાં રહો છો ?

જવાબ દીધો કે મારા શરીરે આકાશ પ્રદેશ ગ્રહણ કર્યા છે તેટલામાં રહું છું.

ઋજુ સૂત્ર નયવાળો બોલ્યો કે શરીરમાં તો હાડ માંસ ચામડી કેશ વગેરે છે. અસંખ્ય સૂક્ષ્મ સ્થાવરકાય અને બાદરવાયુ કાય વગેરે જીવો છે તથા બેઇન્દ્રિય (કરમિયા) પ્રમુખ ઘણા રહે છે તેટલા માટે એમ કહો કે મારા આત્માએ જેટલા આકાશ પ્રદેશ અવગાહ્યા (ગ્રહણ કર્યા) છે; તેમાં હું રહું છું.

શબ્દ નયવાળો બોલ્યો કે આત્મ પ્રદેશમાં તો ધર્માસ્તિકાય વગેરે પાંચે અસ્તિકાયના અસંખ્ય પ્રદેશ છે, તેથી એમ કહો કે હું મારા સ્વભાવમાં રહું છું.

સમભિરૂઢ નયવાળો બોલ્યો કે સ્વભાવની પ્રવૃત્તિ તો ક્ષણે ક્ષણે બદલે છે. તેમાં યોગ, ઉપયોગ, લેશ્યા વગેરે ઘણી વસ્તુ છે. માટે એમ કહો કે હું મારા નિજાત્મ-ગુણમાં રહું છું.

ત્યારે છેવટે એવંભૂત નયવાળો બોલ્યો કે, નિજાત્મ ગુણમાં તો જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણ છે અને પ્રભુએ ફરમાવ્યું છે કે એક સમયે બે ઠેકાણે ઉપયોગ રહી શકે નહિ માટે એમ જ કહો કે હું મારા શુદ્ધ નિજાત્મ ગુણનો જે વખતે ઉપયોગ પ્રવર્તે છે તેમાં રહું છું.

સાત નયનું આ દૃષ્ટાંત શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં બતાવ્યું છે.

દૃષ્ટાંત બીજું—કોઈ નૈગમ નયવાળો સુતાર, પાલી (અનાજ ભરવાનું લાકડાનું માપ) બનાવવાને માટે લાકડું લેવા જતો હતો, ત્યારે વ્યવહાર નયવાળે પ્રશ્ન કર્યો કે, કયાં જાઓ છો ?

સુતારે જવાબ દીધો કે પાલી લેવા જાઉં છું.

તે પછી લાકડું કાપતી વેળા, લાકડું લઈ ઘેર આવતી વેળા, પાલી બનાવતી વેળા, એમ જે જે વખતે પૂછયું તે તે વખતે જવાબ દીધો કે પાલી બનાવું છું. જ્યારે એવો અવાજ સાંભળ્યો કે 'પાલી' બનાવી ત્યારે વ્યવહાર નયવાળો ચૂપ રહ્યો.

એ સમયે સંગ્રહ નયવાળો બોલ્યો કે, અનાજનો સંગ્રહ કરો ત્યારે પાલી કહેજો.

ઋજુસૂત્ર નયવાળો બોલ્યો કે, ધાન્યનો સંગ્રહ કરવાથી પાલી કહેવાય નહિ. પણ ધાન્યનું તેનાથી માપ કરો ત્યારે પાલી કહેવાય.

શબ્દ નયવાળો કહે કે, ધાન્યનું માપ કરી એક પાલી, બે પાલી, ત્રણ પાલી એમ ગણો ત્યારે પાલી કહેવાય.

સમભિરૂઢ નયવાળો બોલ્યો કે કોઈ કાર્યથી માપ થશે ત્યારે પાલી કહેવાશે.

એવંભૂત નયવાળે કહ્યું કે પાલીથી માપતી વખતે તે માપમાં ઉપયોગ હશે તો જ પાલી કહેવાશે.

એ પ્રમાણે અનેક દૃષ્ટાંતથી સાતે નયનું સ્વરૂપ જાણવું.

એ સાત નયથી સર્વ વસ્તુઓને માને તે સમકિતી ગણાય. જે એક નયને જ માને અગર કોઈ વાતમાં એક નય તાણે એને મિથ્યાદૃષ્ટિ જાણવો. કારણ કે એક વસ્તુથી પૂર્ણ કાર્ય થતું નથી. દરેક કાર્ય નીપજાવવામાં જેટલા જેટલા સંયોગની જરૂર છે તેટલા તેટલા સંયોગ મળે ત્યારે તે કાર્ય પૂર્ણ નીપજે છે.

દૃષ્ટાંત—કોઈએ પૂછ્યું કે અનાજ શાથી ઉત્પન્ન થાય છે? ત્યારે એકે જવાબ દીધો કે પાણીથી. બીજાએ કહ્યું કે, પૃથ્વીથી, ત્રીજાએ—હળથી, ચોથાએ—વાદળથી, પાંચમાએ—બીથી, છઠ્ઠાએ—ઋતુથી, સાતમાએ—નસીબથી નીપજે છે.

હવે કહો કે સાત જવાબમાંથી કયો જવાબ સાચો અને કયો જવાબ ખોટો કહેવાય?

જો સાતે વસ્તુ અલગ અલગ રહે તો કોઈ પણ કાર્ય નીપજે નહિ. તેથી દરેક વસ્તુ ખોટી ઠરી. પણ સાતે વસ્તુ એકત્ર થાય તો કામ વખતસર સિદ્ધ થાય, તેથી સાતે ચીજ સાચી ઠરી. એ પ્રમાણે હરેક કાર્ય સાત નયના સમાગમથી થાય છે એમ જાણી સાતે નયની અપેક્ષાથી નિષ્પક્ષપાતી વચન હોય તે જ સત્ય માનવું.

સાત નયમાં ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર અને ૪. ઋજુસૂત્ર, એ ચાર નય વ્યવહારમાં ગણાય છે; ૫. શબ્દ, ૬. સમભિરૂઢ ૭. એવંભૂત એ ત્રણ નય નિશ્ચયમાં ગણાય છે. કોઈ વખતે ઋજુસૂત્ર નયને પણ નિશ્ચયમાં ગણે છે. જેનાથી વસ્તુની મુખ્યતા (પ્રત્યક્ષ ગુણ-બાહ્ય ગુણ) તરફ વિચારણા થાય તેને નિશ્ચય નય કહે છે.

નવ તત્ત્વ ઉપર સાત નય

જીવ તત્ત્વ—૧. નૈગમ નય વાળો-પર્યાપ્તિ, પ્રાણ વગેરેના સમૂહવાળું, પ્રયોગસા પુદ્‌ગળોના સંયોગનું બનેલું જે શરીર દેખાય છે તેને જીવ કહે છે. જેમકે—બળદ, ગાય, માણસ, વગેરે વસ્તુઓમાં ગમનાગમન વગેરે ક્રિયા દેખાય છે, તેને જગત કહે છે કે એ "જીવ" છે. નૈગમનય વાળો એક અંશને પૂર્ણ વસ્તુ માને છે, અને કારણને કાર્ય માને છે.

૨. સંગ્રહ નયવાળો-અસંખ્યાત પ્રદેશી અવગાહના વાળી વસ્તુને "જીવ" કહે છે.

૩. વ્યવહારનયવાળો—ઇંદ્રિયોની સત્તા, દ્રવ્ય યોગ અને દ્રવ્ય લેશ્યાના વ્યવહારમાં હોય તેને જીવ કહે છે; કેમકે જીવ જતો રહ્યા પછી ઇંદ્રિયોની સત્તા રહેતી નથી.

૪. ઋજુસૂત્ર નયવાળો-ઉપયોગવંતને જીવ કહે છે.

૫. શબ્દ નયવાળો-જ્યાં અર્થ મળે ત્યાં જીવ માને છે. જેમ કે ભાવ પ્રાણથી જીવે તે જીવને જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય.

૬. સમભિરૂઢનયવાળો શુદ્ધ સત્તાધારક, જ્ઞાનાદિ નિજ ગુણમાં રમણ કરનાર, ક્ષાયક સમ્યક્ત્વીને જીવ માને છે.

૭. એવંભૂતનય વાળો-સિદ્ધ ભગવાનના જીવને જ 'જીવ' કહે છે.

અજીવ તત્ત્વ—અજીવ તત્ત્વના મુખ્ય ૫ પ્રકાર છે: ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. કાળ. ૫. પુદ્‌ગલાસ્તિકાય: એ પાંચ ઉપર સાત નય લાગુ પડે છે.

૧. નૈગમનયવાળો અંશને પૂર્ણરૂપે માનતો હોવાથી ધર્માસ્તિકાયના એક પ્રદેશને પણ ધર્માસ્તિકાય માને છે, કારણ કે તેના એક પ્રદેશમાં પણ ચલણસહાયની સત્તા છે.

૨. સંગ્રહનયવાળો જડ ચેતન–બધામાં ચલણગુણની સત્તા ધર્માસ્તિકાયની છે તે ચલન કરતા પ્રયોગથી પુદ્ગલને ધર્માસ્તિકાય માને છે. એ પ્રદેશાદિ ગ્રહણ કરતો નથી

૩. વ્યવહારનયવાળો–જીવ પુદ્ગલની ચલન શક્તિમાં ષડ્ગુણ × હાનિવૃદ્ધિ થાય છે તેને ધર્માસ્તિકાય માને છે.

૪. ઋજુસૂત્રનયવાળો–જીવ તથા પુદ્ગલ જે વર્તમાન કાળમાં ધર્માસ્તિકાયના ચલણસહાય ગુણથી ગતિ કરે તેને ધર્માસ્તિકાય કહે છે. ભૂત–ભવિષ્ય કાળને ગ્રહણ કરતો નથી.

૫. શબ્દનયવાળો દેશ પ્રદેશની અપેક્ષા રાખતો નથી. ધર્માસ્તિકાયના સ્વભાવ માત્રને જ ધર્માસ્તિકાય માને છે.

૬. સમભિરૂઢનયવાળો ચલણ સહાય જે સ્વભાવિક ધર્માસ્તિકાયનો ઉપકાર છે તેને ધર્માસ્તિકાય કહે.

૭. એવંભૂતનયવાળો – સપ્તભંગી * સપ્તનય ઇત્યાદિથી ધર્માસ્તિકાયના ગુણ સિદ્ધ કરી શકે એવો જ્ઞાની જ્ઞાતા હોય તેને જ ધર્માસ્તિકાય માને છે.

× ષડગુણ હાનિ વૃદ્ધિનું વર્ણન—૧. સંખ્યાત ગુણ અધિક, ૨. અસંખ્યાત ગુણ અધિક, ૨. અનંત ગુણ અધિક, ૪. સંખ્યાત ભાગ અધિક, ૫. અસંખ્યાત ભાગ અધિક, ૬. અનંત ભાગ અધિક. તેવી જ રીતે, ૭. સંખ્યાત ગુણ હીન, ૮. અસંખ્યાત ગુણ હીન, ૯. અનંત ગુણ હીન, ૧૦. સંખ્યાત ભાગ હીન, ૧૧. અસંખ્યાત ભાગ હીન ૧૨, અનંત ભાગ હીન: એમ ત્રણ બોલ ગુણ આશ્રયી. અને ત્રણ બોલ ભાગ આશ્રયી એ છ બોલ અધિકતા આશ્રયી. અને છ બોલ હીનતા આશ્રયી. તે ષડગુણ હાનિવૃદ્ધિ જાણવી.

* સપ્તભંગીની સમજણ.

૧. પ્રત્યેક પદાર્થ પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી અસ્તિરૂપ છે. તેથી પહેલો ભંગ '**સ્યાદસ્તિ**' (स्यात्+अस्ति).

૨. એ જ પદાર્થ પર દ્રવ્ય, પર ક્ષેત્ર વગેરેની અપેક્ષાથી નાસ્તિ રૂપે છે તેથી બીજો ભંગ '**સ્યાન્નાસ્તિ**' (स्यात्+नास्ति).

અધર્માસ્તિકાય પર પણ સાત નય ધર્માસ્તિકાયની પેઠે જ જાણવા. તેમાં એટલું વિશેષ કે જ્યાં, ચલનસહાય ગુણ કહ્યો છે ત્યાં અધર્માસ્તિકાયનો સ્થિતિ ગુણ સમજવો.

આકાશાસ્તિકાય પર ૭ નય–૧. નૈગમનયવાળો આકાશના એક પ્રદેશને આકાશાસ્તિકાય માને છે.

૨. સંગ્રહનયવાળો સ્કંધ, દેશની અપેક્ષા રાખ્યા વિના एगे लोए एगे अलोए અર્થાત્ એક લોકાકાશ, એક અલોકાકાશ એને આકાશાસ્તિકાય માને.

૩. વ્યવહારનયવાળો ઉર્ધ્વ, અધો અને તિર્યક લોકના આકાશને આકાશાસ્તિકાય માને છે.

૪. ઋજુસૂત્રનયવાળો આકાશ પ્રદેશમાં જે સમયે જે વસ્તુ જે આકાશ પ્રદેશમાં હોય તેને આકાશ કહે. જેમ કે, ઘટાકાશ. પટાકાશ. જે જીવ અને પુદ્ગલ રહે તેમાં ષડગુણ હાનિ વૃદ્ધિના પ્રમાણે જે ક્રિયા કરે છે તેને આકાશાસ્તિકાય કહે છે.

૫ શબ્દનયવાળો–અવગાહ (અવકાશ) લક્ષણ વાળી પોલારને આકાશાસ્તિકાય કહે છે.

૬. સમભિરૂઢનયવાળો વિકાસ ગુણને આકાશાસ્તિકાય કહે.

૭. એવંભૂતનયવાળો આકાશાસ્તિકાયના દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રુવ, એ સર્વેના જ્ઞાયકનો તેમાં ઉપયોગ હોય ત્યારે આકાશાસ્તિકાય કહે છે.

કાળ પર સાત નય–૧. નૈગમનયવાળો સમયને કાળ કહે. કારણ કે ત્રણ કાળના સમયનો એકસરખો ગુણ છે.

૨. સંગ્રહનયવાળો–એક સમયથી માંડીને કાળચક્ર લગીનાં તમામ માપને કાળ કહે.

૩. વ્યવહારનયવાળો-દિવસ, રાત, પખવાડિયું, માસ, વરસ વગેરેને કાળ કહે; તે અઢીદ્વીપની બહાર કાળ માને નહિ.

૪. ઋજુસૂત્રનયવાળો-વર્તમાન સમયને કાળ માને. અતીત (ગયો) અને અનાગત (આવતો) એ બે કાળને ન માને.

૫. શબ્દનયવાળો-જીવ અને અજીવના પર્યાયોને પલટાવતો થકો પ્રવર્તે તેને કાળ માને.

૬. સમભિરૂઢનયવાળો-જીવ અને પુદ્‌ગળની સ્થિતિ પૂરી કરવામાં સન્મુખ હોય તેને કાળ કહે છે.

૭. એવંભૂતનયવાળો-કાળના દ્રવ્ય, ગુણ, પર્યાયના જ્ઞાયકનો તેમાં ઉપયોગ પ્રવર્તે ત્યારે કાળ કહે છે.

પુદ્‌ગલાસ્તિકાય પર સાત નયઃ

૧. નૈગમનયવાળો-પુદ્‌ગળના સ્કંધના એક ગુણની મુખ્યતાને ગ્રહણ કરી વર્ણ, ગંધ, રસ, સ્પર્શના એક ગુણને પુદ્‌ગળ માને છે.

---

૩. સર્વ પદાર્થો પોતપોતાની અપેક્ષાથી અસ્તિરૂપ છે અને પરની અપેક્ષાએ નાસ્તિરૂપ છે તેથી '**સ્યાદસ્તિ સ્યાન્નાસ્તિ**'

૪. પદાર્થોનું સ્વરૂપ જેવું છે તેવું એકાંતપક્ષે કહ્યું જાય નહિ. કારણ કે અસ્તિ રૂપે કહે તો નાસ્તિ રૂપનો અભાવ થાય અને નાસ્તિ રૂપે કહે તો અસ્તિનો અભાવ થાય અથવા એકી સાથે બન્ને પક્ષની વાત થઈ શકે નહિ તેથી '**સ્યાદવક્તવ્ય**' (स्यात् अवक्तव्य)

૫. એક જ સમયમાં સર્વ સ્વપર્યાયોનો સદ્‌ભાવ અસ્તિત્વ રૂપે છે છતાં તે સર્વ ભાવ એક જ વખતે કહી શકાય નહિ. તેથી '**સ્યાદસ્તિ અવક્તવ્ય**'

૬. એ પ્રમાણે એક જ સમયે નાસ્તિત્વના સર્વ ભાવો કહી શકાય નહિ તેથી '**સ્યાન્નાસ્તિ અવક્તવ્ય.**'

૭. પદાર્થના અસ્તિત્વમાં બંને ભાવ તો એક સમયમાં અને નાસ્તિત્વ એક સાથે છે પરંતુ એક સમયમાં એકી સાથે કહી શકાય નહિ. કારણ કે વાણી તો કર્મ પુદ્‌ગળ છે. તેથી **સ્યાદસ્તિ નાસ્તિ અવક્તવ્ય** એ પ્રમાણે સપ્તભંગીથી સર્વ પદાર્થોનું સ્વરૂપ સમજવું.

સાત ભંગથી વધારે ભંગ કદાપિ થાય નહિ.

૨. સંગ્રહનયવાળો–દરેક પુદ્‌ગળની પર્યાયને એક પુદ્‌ગળ નામથી બોલાવે.

૩. વ્યવહારનયવાળો–વિશ્રસા, મિસ્રસા, અને પ્રયોગસા એ ત્રણ પ્રકારના પુદ્‌ગલોનો જે વ્યવહાર દષ્ટિગોચર થતો હોય તેને પુદ્‌ગલાસ્તિકાય કહે.

૪. ઋજુસૂત્રનયવાળો–જે પુદ્‌ગળ વર્તમાન કાળમાં પુરણ ગલન રૂપી સ્વભાવમાં વર્તે તેને પુદ્‌ગલાસ્તિકાય કહે.

૫. શબ્દનયવાળો–પુદ્‌ગલની પુરણ ગલનરૂપી જે ક્રિયા તેને પુદ્‌ગલાસ્તિકાય કહે.

૬. સમભિરૂઢિનયવાળો–પુદ્‌ગલની–ષડ્‌ગુણ હાનિ, વૃદ્ધિ, ઉત્પાદ–વ્યય, ધ્રુવતા એને પુદ્‌ગલાસ્તિકાય કહે.

૭. એવંભૂતનયવાળો–પુદ્‌ગલોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, તેના* દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેના જ્ઞાયકનો તેમાં ઉપયોગ હોય તે વખતે પુદ્‌ગલાસ્તિકાય કહે. એ પ્રમાણે અજીવ તત્ત્વ ઉપર સાત નય લગાડયા.

પુણ્ય તત્ત્વ ઉપર સાત નય:

૧. નૈગમનય પુણ્યનાં ફળને પુણ્યતત્ત્વ માને. જેમકે કોઈને ત્યાં દુપદ, ચોપદ, ધન, ધાન્ય વગેરે બહુ જ ઋદ્ધિ એટલે શુભ પુદ્‌ગલોનો સંયોગ જોઈને લોકો કહે છે કે જુઓ, આ પુણ્યશાળી જીવને પુણ્યના યોગથી આવો રૂડો સંયોગ મળ્યો છે. એ પ્રમાણે પુણ્યનાં કાર્યને (શુભ પુદ્‌ગળોના સંજોગને) કારણરૂપે એટલે પુણ્ય તત્ત્વરૂપે માને છે.

૨. સંગ્રહનય આત્મ પ્રદેશો સાથે પુણ્ય પ્રકૃતિનો બંધ અને સત્તા બતાવે છે. પુણ્ય તત્ત્વના સર્વ ભેદોને એક સામાન્ય સંજ્ઞા પુણ્યમાં દાખલ કરે છે.

---

* દ્રવ્ય બે ૧. જીવ દ્રવ્ય ૨. અજીવ દ્રવ્ય. દરેકનો ગુણ–જીવનો ગુણ જ્ઞાનાદિ, અજીવનો ગુણ પુદ્‌ગળની અપેક્ષાએ વર્ણાદિ પર્યાય બે–૧. આત્મભાવ અને, ૨. કર્મભાવ. અજીવના દ્રવ્ય ગુણ, પર્યાયમાં અજીવ અને જીવના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જીવ ગ્રહણ કરવો. અજીવનો સમુચ્ચય ગુણ–જડતા.

૩. વ્યવહાર નયનું પુન્ય તત્ત્વઃ—ઊંચ કુળ, જાતિ, પાંચ ઇન્દ્રિય, સંપૂર્ણ નીરોગી શરીર, નવ પ્રકારે પુણ્ય વ્યવહાર, વગેરે વ્યવહારમાં ઉપયોગી વસ્તુ બતાવે છે. શારીરિક, માનસિક, સુખરૂપી પુણ્ય પ્રકૃતિના વ્યવહારને જોઈ તેને પુણ્યવંત કહે છે. કારણ કે ઇંદ્રિયોના વિષયની રીતે જોતાં એ પુણ્ય પ્રકૃતિનો વ્યવહાર જણાય છે.

૪. ઋજુસૂત્રનયવાળો વર્તમાન પ્રકૃતિનો ઉદય બતાવે છે. લડાઈમાં ઊતરેલા ચક્રવર્તીને પાપતત્ત્વમાં સમજે. શુભ કર્મના ઉદયથી સંપૂર્ણ મનોજ્ઞ વસ્તુ પ્રાપ્ત થાય, એટલે જ્યાં જાય ત્યાં આદરમાન પામે. ઈચ્છિત વસ્તુનો સંયોગ મળે, વગેરે જોઈ ને કહે કે એ પુણ્યવંત છે.

૫. શબ્દનય વાળો વર્તમાન કાળમાં જે સુખ ભોગવી રહેલ છે. તેને જ પુણ્યવંત માને છે. તે પુણ્યના શુભ ભાવ અને પુણ્યના ફળના અનુભવમાં સુખરૂપી ઇષ્ટ ભાવ બતાવે છે.

વ્યવહારનયવાળો, ત્રણે કાળમાં પુણ્યના વહેવારમાં રહેનારને પુણ્યવંત માને છે. અને શબ્દનયવાળો તો એક વર્તમાન કાળમાં જે સુખ ભોગવે તે જ વખતે પુણ્યવંત માને છે. જેમકે—કોઈ ચક્રવર્તી મહારાજા ઊંઘમાં સૂતા છે. એ વખતે વ્યવહારનયવાળો તો એને પુણ્યવંત કહેશે. કારણ કે એણે ગયા કાળમાં સુખ ભોગવ્યું છે અને આવતા કાળમાં સુખ ભોગવશે પણ શબ્દનયવાળો એને પુણ્યવંત નહિ કહે. કારણ કે ઊંઘ છે તે પાપ કર્મનો ઉદય છે. જે વખતે તે ચક્રવર્તી ઊંઘમાંથી જાગી સાતાવેદનીય કર્મ ભોગવી સુખ પામશે ત્યારે પુણ્યવંત કહેશે. વર્તમાન કાળ આશ્રી ઋજુસૂત્રનય અને શબ્દનયનું એકત્વ જણાય છે. પણ ઋજુસૂત્રવાળો પુણ્ય પ્રકૃતિનો ઉદય બતાવે છે અને શબ્દનયવાળો ઇષ્ટ ભાવ બતાવે છે.

૬. સમભિરૂઢનય—પુણ્ય પ્રકૃતિનાં નિમિત્તથી આનંદમાં લીન થાય ત્યારે પુણ્યવંત માને.

૭. એવંભૂતનય—પુણ્ય પ્રકૃતિના ગુણજ્ઞાયકને પુણ્યવંત માને એટલે પુણ્ય તત્ત્વના ઉપયોગમાં વર્તતો જ્ઞાયક જીવ.

(૪) પાપ તત્ત્વ પર સાત નય:

પુણ્ય તત્ત્વની પેઠે પાપતત્ત્વને પણ સમજી લેવું.

(૫) આસ્રવ તત્ત્વ ઉપર સાત નય:

૧. નૈગમનય કર્મ રૂપે પ્રગમે એવાં પુદ્ગલ (કર્મ વર્ગણા)ને આસ્રવ કહે.

૨. સંગ્રહનય–મિથ્યાત્વ વગેરે પુદ્ગલો પ્રયોગસા પુદ્ગલ રૂપે પરિણમે તે કર્મનાં દળીઆંને આસ્રવ કહે. આઠ કર્મોનું આત્મ-પ્રદેશોમાં આગમન.

૩. વ્યવહારનય–અપ્રત્યાખ્યાનીના ઉદયથી થતી અશુભ યોગની પ્રવૃત્તિને અશુભ આસ્રવ અને શુભ યોગની પ્રવૃત્તિને શુભ આસ્રવ કહે અને શુભાશુભ યોગની પ્રવૃત્તિને મિશ્ર આસ્રવ કહે છે.

૪. ઋજુસૂત્રનય–વર્તમાન કાળમાં શુભાશુભ યોગ પ્રવર્તે તેને આસ્રવ કહે.

૫. શબ્દનય–જે આસ્રવ આવવાના મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાયરૂપી પરિણામોનું સ્થાન છે તેને આસ્રવ માને છે.

૬. સમભિરૂઢનય–કર્મ ગ્રહણ કરવાના જે ગુણો રાગ અને દ્વેષ ભાવ તેને આસ્રવ કહે.

૭. એવંભૂતનય–સંયોગી આત્માનું સકંપપણું તેને આસ્રવ કહે.

પ્રશ્ન—ઋજુસૂત્રનય વાળાએ ફક્ત યોગને જ આસ્રવ કહ્યો, તો મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને કષાય એ ચારને કેમ ન ગણ્યા ?

સમાધાન—*યોગ તે દ્રવ્ય પ્રાણનો વિષય છે અને મિથ્યાત્વ આદિ પરિણામો તે ભાવ છે.

પ્રશ્ન—આત્મા, યોગ દ્વારા અંતરાલવર્તી (દૂર)નાં પુદ્ગલોને ગ્રહણ કરે છે કે બન્ને નયોના વિષય જુદા છે? દરેક નય પોત-પોતાનો વિષય બતાવે છે ?

ઉત્તર—આત્માવગાહી પુદ્ગલોને જ ગ્રહણ કરે છે. દૂરનાં નહિ.

સૂચના—શુભાશુભ યોગમાં ષટ્ગુણ હાનિ વૃદ્ધિ થાય છે. અહીં એકાંતપણાનો સંભવ નથી. કેમકે એકાંત શુભ યોગ અગર એકાંત અશુભ યોગ મળવો મુશ્કેલ છે. કેવળીના અને સકષાયી જીવોના શુભ યોગમાં કેટલો ફરક છે તે દીર્ઘ દૃષ્ટિથી વિચારી લેવું. જ્યાં ફક્ત ઇરિયાવહિ ક્રિયા જ છે (ગુ૦ ૧૧, ૧૨, ૧૩) ત્યાં એકાંત શુભયોગ છે.

પ્રશ્ન—એક સમયમાં બે કાર્યની ના કહી છે તો પછી શુભાશુભ આસ્રવ કેવી રીતે કહ્યો?

ઉત્તર—જેવી રીતે શાસ્ત્રમાં ધમ્માવાસા, અધમ્માવાસા * અને ધમ્માધમ્માવાસા તેમ જ મિશ્રગુણસ્થાનક અને મિશ્રયોગ ઘણે ઠેકાણે કહેલ છે તેવી જ રીતે ગૌણતાથી બીજા યોગને સંબંધ હોય છે પણ મુખ્યતામાં એકી વખતે એક જ યોગમાં પ્રયત્ન અથવા ઉપયોગ હોય છે.

(૬) સંવરતત્ત્વ પર સાત નયઃ

૧. નૈગમનય–કારણને કાર્ય માને છે. અશુભ જોગમાંથી નિવૃત્તિ તેથી શુભ જોગને સંવર કહે.

૨. સંગ્રહનય–સંવરના સર્વ ભેદોને એક સંવર સામાન્ય નામથી બોલાવે. સંવર તત્ત્વમાં રહેલા સર્વ જીવોની જુદી જુદી સંવર-કરણીને એક સંવર સંજ્ઞાથી બોલાવે તે સર્વમાં સંવરરૂપે એક સામાન્ય તત્ત્વ છે.

---

* ઉપાદાન કારણ અને નિમિત્ત કારણનો ખુલાસો—દષ્ટાંતઃ—ઉપાદાન ગાય અને દોનાર નિમિત્ત મળવાથી દૂધ ઉત્પન્ન થયું. ઉપાદાન દૂધ અને નિમિત્ત છાશ (મેળવણ) તેથી દહીં ઉત્પન્ન થયું; ઉપાદાન દહીં અને નિમિત્ત રવૈયો તેથી માખણ થયું, એ પ્રમાણે ઉપાદાન માતા અને નિમિત્ત પિતા. તેથી પુત્ર થયો. એ પ્રમાણે ઉપાદાન અને નિમિત્તનો ભેદ સમજવો.

* મુખ્યતા ગૌણતાનો ખુલાસો—દષ્ટાંતઃ— મુખ્યતાએ હંસમાં એક ધોળો રંગ છે પણ ગૌણતાએ તો હંસનાં રંગમાં પાંચ રંગ છે. એ પ્રમાણે અનેક રીતિથી મુખ્યતા અને ગૌણતાનું સ્વરૂપ જાણવું.

૩. વ્યવહારનય–પંચ મહાવ્રત આદિ ચારિત્રના સર્વ વ્યાવહારિક ભેદોની ક્રિયાને સંવર કહે.

૪. ઋજુસૂત્રનય–વર્તમાન કાળમાં આસ્રવનું નિરૂંધન કરી નવા કર્મને રોકે એવા ભાવને સંવર કહે.

૫. શબ્દનય–સમ્યક્ત્વ, વ્રતપચ્ચખ્ખાણ, અપ્રમાદ, અકષાય અને યોગ સ્થિરતા એ પાંચને સંવર કહે છે.

૬. સમભિરૂઢનય—મિથ્યાત્વ વગેરે પાંચે આસ્રવની કર્મ-વર્ગણાથી અલિપ્ત રહે, એની અસરને મંદ કરે તથા લુક્ષ (લૂખા) પરિણામ કરી કર્મ પ્રકૃતિથી લેપાય નહિ. રાગદ્વેષનો અભાવ તેને સંવર કહે છે.

૭. એવંભૂત નય–શૈલેશી (પર્વતનો ઈશ જે મેરુ–તેના જેવી સ્થિર) અને અકંપ આત્માવસ્થાને સંવર કહે. એ સ્થિતિ ૧૪મા ગુણ-સ્થાનક વાળાની ગણવી.

શ્રી ભગવતી સૂત્રના નવમા ઉદ્દેશામાં काल मच्वेसिपुत्र आया संवरे, आया संवरस्स अटे એ પાઠમાં આત્માને સંવર કહેલ છે તે આધારે અહીં પણ આત્માને સંવર કહેલ છે.

(૭) નિર્જરા તત્ત્વ ઉપર સાત નયઃ

૧. નૈગમનય–અશુભ પરિણામની નિવૃત્તિથી થતી નિર્જરાને પણ નિર્જરા કહે.

૨. સંગ્રહનય–કર્મવર્ગણાના પુદ્ગલો આત્મપ્રદેશોથી અલગ થાય તેને નિર્જરા કહે.

૩. વ્યવહારનય–બાર પ્રકારની તપશ્ચર્યાના વ્યાવહારિક આચરણને નિર્જરા કહે. કારણ કે તપ છે તે કર્મની નિર્જરાનો વ્યવહાર છે.

૪. ઋજુસૂત્રનય–વર્તમાન કાળમાં શુભધ્યાનયુક્ત હોય તેને નિર્જરા કહે.

૫. શબ્દનય–ઉપશમ, ક્ષયોપશમભાવપૂર્વક શુભ ધ્યાનથી સકામ નિર્જરા કરવાવાળા, ધ્યાનાગ્નિના પ્રયોગથી કર્મરૂપી કાષ્ઠને બાળે તેને નિર્જરા કહે.

૬. સમભિરૂઢનય–આત્માના ઉજ્જવલ ગુણની સન્મુખ થઈ શુકલ ધ્યાનથી ક્ષપક શ્રેણીએ ચડે તેને નિર્જરા કહે.

૭. એવંભૂતનય–મોહનીકર્મ રૂપ કલંકથી રહિત અથવા તો જેનું નિશ્ચયથી મોક્ષ પ્રત્યે ગમન છે એવો શુદ્ધાત્મા તેને નિર્જરા કહે. ક્ષાયક ભાવમાં (૧૨, ૧૩, ૧૪ ગુણસ્થાનવર્તી) શુદ્ધાત્મા.

(૮) બંધતત્ત્વ ઉપર સાત નય–બંધનત્વઃ–

૧. નિગમનયઃ– સાંસારિક બંધન. જેમકે જેલ, ગતિબંધન, આયુષ્યબંધન, વગેરે.

૨. સંગ્રહનયઃ– આઠ કર્મનો આત્મપ્રદેશમાં બંધ તથા સત્તા.

૩. વ્યવહારનયઃ–અશુભ યોગ પ્રવૃત્તિ અથવા શુભાશુભ સંપરાય ક્રિયા યુક્ત યોગ.

૪. ઋજુસૂત્રનય–સંપરાય ક્રિયા યુક્ત માનસિક ઉપયોગ.

૫. શબ્દનય–આશ્રવનાં સર્વ પરિણામો.

૬. સમભિરૂઢનય–રાગદ્વેષ પ્રવૃત્તિ.

૭. એવંભૂતનય––રાગદ્વેષમાં વર્તતો જીવ.

(૯) મોક્ષતત્ત્વ ઉપર સાત નયઃ

નિશ્ચયનયની અપેક્ષાએ તો મોક્ષમાં નયનો વ્યવહાર છે જ નહિ. પણ પર્યાયાર્થિકનયથી ભેદ પ્રકાશવા રૂપે મોક્ષતત્ત્વ ઉપર નય ઉતારે છે.

૧. નૈગમનય–ચારે ગતિના બંધથી છૂટવું તેને મોક્ષ કહે.

૨. સંગ્રહનય–પૂર્વે કરેલાં કર્મોથી છૂટીને નિરાવરણ આત્મ પ્રદેશો તેને મોક્ષ કહે.

૩. વ્યવહારનય-યથાખ્યાત ક્ષાયક ચારિત્ર તે વ્યવહારનયનું મોક્ષ કહે.

૪. ઋજુસૂત્ર-વર્તમાન સમયે થતો સર્વ કર્મનો અભાવ-તેને મોક્ષ કહે.

૫. શબ્દનય-ક્ષાયક અને શુદ્ધ પારિણામિક ભાવ.

૬. સમભિરૂઢ-સિદ્ધગતિ ગમન.

૭. એવંભૂતનય-જે સિદ્ધ ક્ષેત્રમાં સ્થિત સિદ્ધ ભગવંતને મોક્ષ માને છે.

ચાર નિક્ષેપ

કોઈ પણ એક નામવાળી વસ્તુમાં ગુણનું કે અવગુણનું અવલોકન કરીને તેનું શુદ્ધ કે અશુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું તેને નિક્ષેપ કહે છે.

એવા નિક્ષેપ ચાર છે: ૧. નામ નિક્ષેપ, ૨. સ્થાપના નિક્ષેપ, ૩. દ્રવ્ય નિક્ષેપ, ૪. ભાવ નિક્ષેપ.

૧. નામ નિક્ષેપ-જે કહેવાથી વસ્તુનો બોધ થાય તેને નામ કહે છે. તે નામ ત્રણ પ્રકારનાં હોય છે. (૧) યથાર્થ નામ—જેમકે ઉજ્જવલ હોવાથી હંસ, ચેતનાયુક્ત હોવાથી ચૈતન્ય, સદૈવ જીવિત રહે તેથી જીવ, પ્રાણોનો ધારક હોવાથી પ્રાણી. આ પ્રકારે નામ પ્રમાણે જેમાં ગુણ હોય તેને યથાર્થ નામ જાણવું. (૨) અયથાર્થનામ-નામ પ્રમાણે જ્યાં ગુણ ન હોય; જેમકે વ્યક્તિનું નામ હીરાચંદ, મોતીબાઈ, કચરાભાઈ, વગેરે હોય છે પણ તે નામ પ્રમાણે ગુણ હોતા નથી. (૩) અર્થશૂન્ય નામ-જેનો કોઈ અર્થ ન થાય તેવું નામ. જેમકે-વાજાંના અવાજ, પશુ પક્ષીઓના અવાજ, ખાંસી, છીંક, બગાસું, વગેરે. એ નામોનો કંઈ અર્થ થતો નથી.

૨. સ્થાપના નિક્ષેપ-જે વસ્તુ મૂળ વસ્તુની પ્રતિકૃતિ, મૂર્તિ અથવા ચિત્ર હોય અથવા જેમાં મૂળ વસ્તુનો આરોપ કર્યો હોય તે. એના ૪૮ ભેદ છે. (૧) કટ્ઠ કમ્મેવા-લાકડાની, (૨) ચિત્ત કમ્મેવા

ચિત્રની, (૩) પોત કમ્મેવા–પોત (ચીડ)ની, (૪) લેપ કમ્મેવા—ખડી આદિના લેપનની, (૫) ગંઠીમેવા–દોરા, દોરી, વગેરેની ગાંઠોની, (૬) પૂરીમેવા–ભરત ભરીને અથવા ધાતુ ગાળી સંચામાં ભરી વસ્તુ બનાવે, (૭) વેઢી મેવા—કોતરણી કરીને શૃંખલાદિના વેષ્ટનથી બનેલી, (૮) સંઘાઈમેવા–કોઈ વસ્તુનો સંજોગ મેળવીને બનવો તે, (૯) અક્ખેવા –અકસ્માત, કોઈ વસ્તુના પડવાથી આકાર બની જાય તે, તથા (૧૦) વરાહુએવા–ચોખા વગેરેથી બનેલી. ઉક્ત ૧૦ પ્રકારની વસ્તુની કોઈ મનુષ્ય, પશુ, પક્ષી, દેવ તથા દ્વીપ, સમુદ્ર, મકાન, બગીચા આદિની આકૃતિ બનાવે.

તે ૧૦ પ્રકારના બબ્બે ભેદ છે. ૧. એગંવા—એક આકાર બનાવે, ૨. બહુઅંવા–વિશેષ આકાર બનાવે. એ રીતે ૨૦ પ્રકાર થયા. એ વીસ સ્થાપના બે પ્રકારે થાય છે :

૧. સદ્‌ભાવ સ્થાપના—મૂળ જેવી વસ્તુ અથવા મનુષ્ય કે પ્રાણી હોય તે પ્રમાણે આબેહૂબ, લક્ષણ, નિશાની, લંબાઈ, પહોળાઈ, જાડાઈ, વગેરે બરોબર બનાવે. જેમ હાલ ફોટોગ્રાફ પાડે છે, છબી, પૂતળાં બનાવે છે, તેમ નજરે જોતાં જ તે વસ્તુ કે પ્રાણીનો તાદૃશ્ય ભાસ થાય. એવી સ્થાપનાને સદ્‌ભાવ સ્થાપના કહે છે.

૨. અસદ્‌ભાવ સ્થાપના–મૂળ વસ્તુ કે પ્રાણીના જેવું રૂપ, લંબાઈ, પહોળાઈ, આકાર, વગેરે નહિ પણ મનઃકલ્પિત જેમ આવ્યું તેમ કોઈ પણ વસ્તુઓનો સંયોગ મેળવી તે આકાર બનાવે. જેમ કે ગોળ પથ્થરને તેલ સિંદૂર લગાવી ભૈરવી, હનુમાનની, ગણેશની મૂર્તિ સ્થાપે. એ રીતે વીસ પ્રકારના બબ્બે ભેદ ગણતાં સ્થાપના નિક્ષેપના કુલ ચાલીસ ભેદ થયા.

૩. દ્રવ્ય નિક્ષેપ—પાણી કે પદાર્થ તો છે, પરંતુ તેમાં તેના નામ પ્રમાણે ગુણ નથી અથવા હજી સુધી ગુણ પ્રગટ થયા નથી તે O દ્રવ્ય નિક્ષેપ.

O જે અર્થ ભાવનિક્ષેપનો પૂર્વરૂપ અથવા ઉત્તરરૂપ હોય અર્થાત્ એની પૂર્વ અથવા ઉત્તર અવસ્થારૂપ હોય તે દ્રવ્યનિક્ષેપ.

તેના બે ભેદ છે, (૧) આગમથી—શાસ્ત્ર ભણે, પણ તેનો કંઇ અર્થ સમજે નહિ. તેમ જ ઉપયોગ રાખ્યા વગર શૂન્ય ચિત્તથી અને પરિણામની ધારા બીજી તરફ રાખીને ભણે તેને 'આગમ'થી દ્રવ્ય નિક્ષેપ કહે છે.

(૨) નોઆગમથી—તેના ત્રણ ભેદ છે. ૧. જાણગ શરીર દ્રવ્યાવશ્યક—જેમ કોઈ શ્રાવક આવશ્યક સૂત્ર (પ્રતિક્રમણસૂત્ર)ના જાણપણાવાળો આયુષ્ય પૂરું કરી મરી ગયો. તેનું શરીર જીવરહિત પડ્યું છે, તેને એમ કહે કે, "આ શ્રાવક આવશ્યકનો જ્ઞાતા હતો. દૃષ્ટાંત—જેમાં ઘી ભરાતું હતું તેવા ખાલી ઘડાને દેખી કહે કે "આ ઘડો ઘીનો છે."

૨. ભવિય શરીર દ્રવ્યાવશ્યક—કોઈ શ્રાવકને ઘેર પુત્ર થયો, તે પુત્રને કહે કે "આ આવશ્યક સૂત્રનો જ્ઞાતા થશે." દૃષ્ટાંત—સાવ કોરો ઘડો છે તેને જોઈને કહે કે "આ ઘીનો ઘડો થશે."

૩. જાણગ ભવિય વ્યતિરિક્ત શરીર દ્રવ્યાવશ્યક. એના વળી ત્રણ ભેદ. ૧. લૌકિક; ૨. કુપ્રાવચનિક ૩. લોકોત્તર. તે ત્રણનો વિસ્તાર વર્ણવે છે. (૧) લૌકિક—રાજા, શેઠ, સેનાપતિ હંમેશ સભામાં જઈને કરવા યોગ્ય કામ કરે તે લૌકિક દ્રવ્ય આવશ્યક (૨) કુપ્રાવચનિક—જેઓ ઝાડની છાલ અને પાંદડાંનાં વસ્ત્રો પહેરનાર (ચકચિરિયા) છે. મૃગચર્મ-વ્યાઘ્રચર્મ રાખનારા (ચર્મખંડા) છે, ભગવાં વસ્ત્રો પહેરનારા (પાંડુરંગા) છે, માત્ર નામધારી તાપસ (પાસત્થા) છે, એવા અનેક જાતના સાધુ, વૈરાગીઓ, પોતાના નિત્ય નિયમ પ્રમાણે ૐકાર વગેરેનું ધ્યાન કરે, તેમ જ ક્રિયા કરે, તે કુપ્રાવચનિક દ્રવ્ય આવશ્યક (૩) લોકોત્તર—જેઓ (ઇમે સમણગુણ મુક્કા) સાધુના ગુણોથી રહિત છે, (જોગ છકાય નિરણુકંપા) છ કાયના જીવોની દયા ન પાળનારા, (હયાઇવઉદ્દમા) ઘોડાની પેઠે ઉન્મત્ત, (ગયા ઇવ નિરંકુસા) હાથીની પેઠે અંકુશ રહિત, (ઘટ્ઠા) શરીરની શુશ્રુષા-ટાપટીપ કરે (મટ્ઠા) મઠધારી, (તિપુટ્ઠા) તપ રહિત, (પંડુર પટ્ઠા) શ્વેત વસ્ત્રધારી, (જિણાણં આણા રહિતા) શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા અને

(ઉભય કાલં આવસ્સગા હવંતિ) બંને વખત પ્રતિક્રમણ કરનારા છે તેને લોકોત્તર દ્રવ્ય આવશ્યક કહે છે. તેઓ સાધુના વેષમાં છે ખરા, પણ સાધુના ગુણવાળા નથી.

૪. ભાવ નિક્ષેપ—જે અર્થમાં શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત કે પ્રવૃત્તિનિમિત્ત બરાબર ઘટતું હોય તે ભાવનિક્ષેપ (વસ્તુ નિજગુણ વસ્તુમાં હોય તેને ભાવ નિક્ષેપ કહે છે.) જીવનો નિજગુણ, જે જ્ઞાન, દર્શન, વગેરે જીવમાં હોય, પુદગળ અજીવનો નિજગુણ-વર્ણ, ગંધ, વગેરે અજીવમાં હોય તો તે ભાવ નિક્ષેપ ગણાય છે.

ભાવ નિક્ષેપના બે ભેદ છે, (૧) આગમથી ભાવ આવશ્યક—શુદ્ધ ઉપયોગ સહિત એટલે ભાવાર્થ પર ઉપયોગ લગાડી એક ચિત્તે અને અંતઃકરણની રુચિપૂર્વક શાસ્ત્ર ભણે અને તેના ભાવ ભેદ સમજે તે. (૨) નોઆગમથી ભાવ આવશ્યક સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સવાર સાંજ બંને વખત શુદ્ધ ઉપયોગ સહિત પ્રતિક્રમણ કરે તે આગમથી ભાવ આવશ્યક ગુણ રૂપ છે અને નોઆગમથી ભાવ આવશ્યક ગુણીરૂપ છે.

એ ચાર નિક્ષેપમાંના પહેલા ત્રણ (નામ, સ્થાપના ને દ્રવ્ય) નિક્ષેપ ગુણરહિત નિરુપયોગી હોવાથી 'અવત્થુ' એટલે અવસ્તુ (નકામા) કહ્યા છે અને ચોથો ભાવનિક્ષેપ ગુણયુક્ત હોવાથી ઉપયોગી કહ્યો છે. એ ચારે નિક્ષેપાનું વર્ણન શ્રી 'અનુયોગદ્વાર' સૂત્રમાં છે.

નવ તત્વ પર ચાર નિક્ષેપ

(૧) પહેલે જીવ તત્ત્વ પર નિક્ષેપ-૧. નામ નિક્ષેપ-જીવ અથવા કોઇ વસ્તુનું 'જીવ' એવું નામ રાખે તે નામ નિક્ષેપ. ૨. સ્થાપના-નિક્ષેપ-ચિત્ર, મૂર્તિ આદિની સ્થાપના કરે તે સ્થાપના-નિક્ષેપ. ૩. દ્રવ્ય નિક્ષેપ-છ દ્રવ્યમાંથી જીવ જે દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે તે ૪. ભાવ નિક્ષેપ-ઉદય ભાવ, ઉપશમ ભાવ, ક્ષયોપશમ ભાવ, ક્ષાયિક ભાવ અને પારિણામિક ભાવ એ પાંચ ભાવમાં પ્રવર્તે તે*

---

* એ પાંચ ભાવની ૫૩ પ્રકૃતિઓ છે. તેમાં ૧. ઉદયભાવની પ્રકૃતિ ૨૧ છે, ૪ ગતિની, ૬ લેશ્યાની, ૪ કષાયની, ૩ વેદની, ૧ અસિદ્ધની, ૧ અજ્ઞાણીની, ૧ અવ્રતીની અને ૧ મિથ્યાત્વની : કુલ મળી ૨૧.

(૨) અજીવ તત્ત્વ પર ચાર નિક્ષેપ–૧. નામ નિક્ષેપ–' અજીવ ' એવું નામ તે. ૨. સ્થાપના નિક્ષેપ–અજીવની સ્થાપના કરી અજીવનું

---

૨. ઉપશમ ભાવની ૨ પ્રકૃતિ છે ૧. ઉપશમ સમકિતની ૨. ઉપશમ ચારિત્રની : કુલ ૨.

૩. ક્ષાયિક ભાવની ૯ પ્રકૃતિ છે—૫ દાનાદિ અંતરાયનો ક્ષય, ૧ કેવળજ્ઞાન, ૧ કેવળ દર્શન, ૧ ક્ષાયિક સમ્યક્ત્વ અને ૧ ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર : કુલ મળી ૯.

૪. ક્ષયોપશમ ભાવની ૧૮ પ્રકૃતિ છે. ૪ પહેલાં ચાર જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ પહેલાં ત્રણ દર્શન, ૫ અંતરાય. ૧. ક્ષયોપશમ ચારિત્ર, ૧ ક્ષયોપશમ સમ્યક્ત્વ અને એક સંયમાસંયમ કુલ મળી ૧૮.

૫. પારિણામિક ભાવની પ્રકૃતિ ૩ છે. ૧. ભવ્ય પરિણામી, ૨. અભવ્ય પરિણામી ૩. જીવ પરિણામી : કુલ ૩, ૧૮, ૩ કુલ મળી ૫૩ છે.

હવે પાંચે ભાવના વિશેષ ભેદ જણાવે છે.

(૧) ઉદયભાવના બે ભેદ—૧. ' ઉદય ' અને ૨. ઉદય નિષ્પન્ન. તેમાં ૧ ઉદય એટલે આઠે કર્મોનો ઉદય થવો તે અને ૨. ઉદય નિષ્પન્નના બે ભેદ છે: ૧. જીવ ઉદય નિષ્પન્ન અને ૨. અજીવ ઉદય નિષ્પન્ન' તેમાં જીવ ઉદયનિષ્પન્નના ૩૩ ભેદ છે, ૪ ગતિ, ૬ કાય, ૬ લેશ્યા, ૪ કષાય. ૩ વેદ, ૧ મિથ્યાત્વ, ૧ અવ્રત, ૧ અજ્ઞાન, ૧ અસંજ્ઞીપણું, ૧ આહારકપણું, ૧ સંસારઅવસ્થા, ૧ છદ્મસ્થ, ૧ સયોગી, ૧ અસિદ્ધ, ૧ અકેવળી, કુલ મળી ૩૩ છે. હવે અજીવ ઉદયનિષ્પન્નના ૩૦ ભેદ છે—૫ શરીર, ૫ શરીરમાં પરિણમેલાં પુદ્ગલ, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ : કુલ મળી ૩૦.

(૨) ઉપશમભાવના બે ભેદ છે—૧. ઉપશમ તે મોહનીય કર્મનો ઉપશમ ૨. ઉપશમનિષ્પન્ન તેના ૧૧ ભેદ છે—૪કષાયનો ઉપશમ, ૫ રાગનો ઉપશમ, ૬ દ્વેષનો ઉપશમ, ૭ દર્શન મોહનીયનો ઉપશમ, ૮ ચારિત્ર મોહનીયનો ઉપશમ એવં ૮ મોહનીયની પ્રકૃતિ અને ૯ ઉવસમિયા દંસણલદ્ધિ તે સમકિત, કુલ મળી ૧૧.

(૩) ક્ષાયિકભાવના બે ભેદ છે—૧. ક્ષય આઠ કર્મોનો ક્ષય, ૨. ક્ષયનિષ્પન્ન તેના ૩૭ ભેદ છે–૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૨ વેદનીય, ૮ મોહનીય. ૪. કષાય (રાગ, દ્વેષ, દર્શન મોહનીય અને ચારિત્રમોહનીય) ૪ આયુષ્ય ૨ નામ. ૨ ગોત્ર, ૫ અંતરાય, કુલ મળી ૩૭ પ્રકૃતિનો ક્ષય કરે છે.

રૂપ બનાવે તે. ૩. દ્રવ્ય નિક્ષેપ–ધર્માસ્તિકાય દ્રવ્ય, અધર્માસ્તિકાય દ્રવ્ય, આકાશાસ્તિકાય દ્રવ્ય, કાલ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય એ પાંચ અજીવ દ્રવ્ય. ૪. ભાવ નિક્ષેપ–એ પાંચે અજીવદ્રવ્યના જે જે સદ્ભાવરૂપે (ખરેખરા) ગુણો છે તેને 'ભાવ' કહીએ. જેમકે ધર્માસ્તિકાય ચલણસહાય, અધર્મ સ્થિરસહાય, આકાશ અવગાહના દાતા, કાળની વર્તના અને પુદ્ગળના વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ.

(૩) પુણ્યતત્ત્વ ઉપર ૪ નિક્ષેપ–૧. નામનિક્ષેપ તે કોઈ પણ વસ્તુનું 'પુણ્ય' એવું નામ રાખ્યું તે ૨. સ્થાપના નિક્ષેપ તે પુણ્યના અક્ષરાદિની સ્થાપના કરે તે. ૩. દ્રવ્યનિક્ષેપ તે શુભ વર્ગણાનાં પુદ્ગલો જીવના પ્રદેશોની સાથે પરિણમે તે. ૪. ભાવનિક્ષેપ તે પુણ્ય પ્રકૃતિના ઉદયથી જીવ, હર્ષ, આહ્‌લાદ વગેરે સાતા વેદે તે.

(૪) પાપતત્ત્વ ઉપર ચાર નિક્ષેપ–૧. નામનિક્ષેપ–તે કોઈ પ્રાણી પદાર્થનું 'પાપ' એવું નામ તે. સ્થાપનાનિક્ષેપ તે અક્ષર, ચિત્ર વગેરેથી પાપને સ્થાપી બતાવે તે. ૩ દ્રવ્ય નિક્ષેપ તે અશુભ કર્મપુદ્ગળોની

(૪) ક્ષયોપશમભાવના બે ભેદ છે. ૧ ક્ષયોપશમ તે ચાર ઘાતીકર્મોનો ક્ષયોપશમ ૨. ક્ષયોપશમનિષ્પન્ન તેના ૩૦ ભેદ છે—૪ જ્ઞાન પહેલાં, ૩ અજ્ઞાન, ૩ દર્શન પહેલાં, ૩ દષ્ટિ, ૪ ચારિત્ર પહેલાં, ૫ દાનાદિલબ્ધિ, ઇંદ્રિયોની લબ્ધિ, ૧૪ પૂર્વધર, આચાર્ય દ્વાદશાંગીના જાણ એ સર્વે મળી—૩૦ પ્રકૃતિના ક્ષયોપશમ.

(૫) પારિણામિક ભાવ. તેના બે ભેદ—૧. સાદિ પરિણામી. ૨. અનાદિ પરિણામી, તેમાં સાદિ પરિણામીના અનેક ભેદ છે. જેમકે—જૂનો દારૂ (પીવાનો), જૂનું ઘી, જૂના ચોખા, અભ્ર, અભ્રરૂખ, ગંધર્વનગર, ઉલ્કાપાત, દિશિદાહ, ગર્જારવ, વીજળી, નિર્ઘાત, બાલચંદ્ર, યક્ષચિન્હ, ધુંવર, ઓસ, રજઘાત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, પ્રતિચંદ્ર, પ્રતિસૂર્ય, ઇંદ્રધનુષ, ઉદકમચ્છ, અમોઘવર્ષા, વરસાદની ધારા, ગામ, નગર, પર્વત, પાતાળકળશા, નરકાવાસ, ભુવન, સુધર્મલોકથી માંડીને ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી (મુક્તિશિલા) સુધી પરમાણુ પુદ્ગલથી માંડીને અનંત પ્રદેશી સ્કંધ સુધી એ સર્વને સાદી પરિણામી કહીએ.

હવે અનાદિ પારિણામિકના અનેક ભેદ છે. જેમ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, અદ્ધાસમય, લોક, અલોક, ભવસિદ્ધિયા, અભવસિદ્ધિયા ઈત્યાદિ છે.

એ પ્રમાણે પાંચ ભાવો છે. એ પાંચ ભાવોમાં જીવના પરિણામ પ્રવર્તે ત્યારે જીવતત્ત્વ ઉપર ભાવનિક્ષેપ લાગુ થાય છે.

વર્ગણા જીવના પ્રદેશોની સાથે પરિણમે તે. ૪. ભાવનિક્ષેપ તે પ્રકૃતિના ઉદયથી જીવ શોક, ભય વગેરે દુઃખ વેદે તે.

(૫) આશ્રવતત્ત્વ ઉપર ૪ નિક્ષેપ–૧. નામ નિક્ષેપ તે કોઈનું 'આશ્રવ' એવું નામ દે તે ૨. સ્થાપનાનિક્ષેપ તે અક્ષરાદિથી આશ્રવની સ્થાપના કરી બતાવે, ૩. દ્રવ્યનિક્ષેપ તે યોગોના કારણે કર્મ પુદ્ગળોનું આત્મ પ્રદેશોમાં આગમન તે દ્રવ્ય આશ્રવ. ભાવનિક્ષેપ તે મિથ્યાત્વ વગેરેની પ્રકૃતિઓનો ઉદય થઈ જીવના પ્રદેશો પર પરિણમે અને રાગદ્વેષરૂપી ભાવ ઊપજે તે ભાવ આશ્રવ.

(૬) સંવરતત્ત્વ ઉપર ૪ નિક્ષેપ–૧. નામનિક્ષેપ તે કોઈનું સંવર એવું નામ દે તે ૨. સ્થાપનાનિક્ષેપ તે અક્ષરાદિ સ્થાપે તે. ૩. દ્રવ્યનિક્ષેપ તે સમ્યક્ત્વ, વ્રતાદિ ધારણ કરી આત્મામાં કર્મ પુદ્ગળ આવતાં રોકે તે ૪. ભાવનિક્ષેપ તે દેશથી કે સર્વથી યોગનું નિરૂંધન કરી આત્માનું અકંપિતપણું (સ્થિરતા) પ્રાપ્ત કરવું તે તથા રાગદ્વેષનું મંદ કરવું અને તેનો અભાવ કરવો.

(૭) નિર્જરાતત્ત્વ ઉપર ચાર નિક્ષેપ ૧–૨. નામ અને સ્થાપના નિક્ષેપ અગાઉની પેઠે સમજવા. ૩. દ્રવ્યનિક્ષેપ તે જીવના પ્રદેશથી કર્મપુદ્ગલો ખરે તે. ૪. ભાવનિક્ષેપ તે આત્મા ઉજ્જવળ થઈ જ્ઞાનલબ્ધિ, ક્ષયોપશમલબ્ધિ, ક્ષાયિકલબ્ધિ ઈત્યાદિ લબ્ધિ પ્રાપ્ત કરીને પરભાવનો ત્યાગ કરીને આત્મિક સુખમાં લીન થાય.

(૮) બંધતત્ત્વ ઉપર ચાર નિક્ષેપ–૧–૨. નામ અને સ્થાપના પૂર્વવત્. ૩. દ્રવ્યનિક્ષેપ તે કર્મવર્ગણાનાં પુદ્ગલો આત્મપ્રદેશની સાથે બંધાય તે ૪. ભાવનિક્ષેપ તે મદ્યપાન (દારૂ પીધા)ની પેઠે કર્મબંધનો નશો ચડે તે રૂપી રાગ અને દ્વેષ.

(૯) મોક્ષતત્ત્વ ઉપર ચાર નિક્ષેપ—૧—૨. નામ અને સ્થાપના પૂર્વવત્. ૩. દ્રવ્યનિક્ષેપ તે જીવદ્રવ્ય કર્મરહિત નિર્મળ બને તે. અને, ૪. ભાવનિક્ષેપ તે ક્ષાયિક સમ્યક્ત્વ, કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રગટ થઈ આત્મા સિદ્ધસ્વરૂપી બને તે.

ચાર પ્રમાણ

જેના વડે વસ્તુની વસ્તુતા સિદ્ધ થાય તેને પ્રમાણ કહે છે. નય અને પ્રમાણ બન્ને જ્ઞાન જ છે. વસ્તુના અનેક ધર્મોમાંથી જ્યારે કોઈ એક ધર્મ દ્વારા વસ્તુનો નિર્ણય કરવામાં આવે ત્યારે નય કહેવાય અને અનેક ધર્મ દ્વારા વસ્તુનો અનેક રૂપથી નિશ્ચય કરવામાં આવે ત્યારે તે પ્રમાણ કહેવાય.

નય વસ્તુને એક દષ્ટિએ ગ્રહણ કરે છે અને પ્રમાણ એને અનેક દ્રષ્ટિથી ગ્રહણ કરે છે.

પ્રમાણ ચાર છે :—૧. પ્રત્યક્ષ પ્રમાણ, ૨. અનુમાન પ્રમાણ, ૩. આગમ પ્રમાણ અને ૪, ઉપમા પ્રમાણ.

૧. પ્રત્યક્ષ પ્રમાણ :—વસ્તુનું પ્રત્યક્ષપણે જ્ઞાન થાય તે. તેના બે પ્રકાર :–૧. ઇંદ્રીયપ્રત્યક્ષપ્રમાણ. ૨. નોઇંદ્રિય પ્રત્યક્ષપ્રમાણ. તેમાં ઇંદ્રિયપ્રત્યક્ષના બે પ્રકાર :–૧. દ્રવ્યેંદ્રિયપ્રત્યક્ષ. અને ૨. ભાવેંદ્રિયપ્રત્યક્ષ. તેમાં દ્રવ્યેંદ્રિયપ્રત્યક્ષના વળી બે પ્રકાર ૧. નિવૃત્તિ અને, ૨. ઉપકરણ. તેમાં નિવૃત્તિના વળી બે પ્રકાર :–૧. અભ્યંતર નિવૃત્તિ તે જે નેત્રાદિ ઇંદ્રિયની આકૃતિ રૂપ બનીને સ્વસ્થાનમાં આત્મપ્રદેશો રહે તે. અને, ૨. બાહ્યનિવૃત્તિ તે જે નામકર્મના ઉદયથી પાંચે ઇંદ્રિયના આકારરૂપ પુદ્દગલસમૂહ આત્મપ્રદેશની સત્તાને અવગાહ્યા કરે તે.

હવે બીજું ઉપકરણ (ઉપકારી હોય તે) તે પણ બે પ્રકારનું છેઃ ૧. અભ્યંતર ઉપકરણ તે જે નેત્રોમાં કૃષ્ણ શ્વેત મંડલ છે તે. અને, ૨. બાહ્ય ઉપકરણ તે જે ધૂળ, તૃણ આદિથી આંખોનું રક્ષણ કરી રહેલ છે. પોપચાં, પાંપણ, વગેરે.

ભાવઇંદ્રિયના પણ બે પ્રકાર છેઃ ૧. લબ્ધિ. તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જે ઇંદ્રિયોમાં જાણવાની શક્તિ પ્રકટે તે અને, ૨. ઉપયોગ–જે લબ્ધિના સામર્થ્યથી આત્મા ઇંદ્રિયોના વિષયમાં પ્રવૃત્ત થાય; અર્થાત્ સમયસર ઇંદ્રિયો યથોચિત કામ આપે. જેમકે—૧.

શ્રોતેંદ્રિય સાંભળવાનું, ૨. ચક્ષુરિન્દ્રિય દેખવાનું, ૩. ઘ્રાણેન્દ્રિય વાસ જાણવાનું ૪. રસેન્દ્રિય સ્વાદ જાણવાનું અને, ૫. સ્પર્શેન્દ્રિય શીત, ઉષ્ણ વગેરે સ્પર્શ જાણવાનું કામ આપે છે.

તેમાંથી (૧) એકેન્દ્રિયની સ્પર્શેન્દ્રિયનો વિષય ૪૦૦ ધનુષ્યનો છે. (૨) બે ઈંદ્રિયની બે ઈંદ્રિયોમાંથી પહેલી સ્પર્શેન્દ્રિયનો વિષય ૮૦૦ ધનુષ્યનો છે અને બીજી રસેન્દ્રિયનો વિષય ૬૪ ધનુષ્યનો છે (૩) તે-ઇન્દ્રિયની સ્પર્શેન્દ્રિયનો વિષય ૬૪ ધનુષ્યનો, રસેન્દ્રિયનો ૧૨૮ ધનુષ્યનો અને ઘ્રાણેન્દ્રિયનો ૧૦૦ ધનુષ્યનો છે. (૪) ચતુરિન્દ્રિયની સ્પર્શેન્દ્રિયનો વિષય ૩૨૦૦ ધનુષ્યનો, રસેન્દ્રિયનો વિષય ૨૫૬ ધનુષ્યનો, ઘ્રાણેન્દ્રિયનો ૨૦૦ ધનુષ્યનો, અને ચક્ષુરિન્દ્રિયનો વિષય ૨૯૫૪ ધનુષ્યનો છે. (૫) અસંજ્ઞી પંચેન્દ્રિયનો વિષય ૬૪૦૦ ધનુષ્યનો, રસેન્દ્રિયનો ૫૧૨ ધનુષ્યનો, ઘ્રાણેન્દ્રિયનો ૪૦૦ ધનુષ્યનો, ચક્ષુરિન્દ્રિયનો ૫૯૦૬ ધનુષ્યનો અને શ્રોતેન્દ્રિયનો વિષય ૮૦૦ ધનુષ્યનો છે. અને સંજ્ઞી પંચેન્દ્રિયના સ્પર્શ, રસ અને શ્રોતેન્દ્રિય એ ત્રણ ઇંદ્રિયોનો વિષય ૧૨–૧૨ યોજનનો, ઘ્રાણેન્દ્રિયનો વિષય ૬૪ યોજનનો અને ચક્ષુરિન્દ્રિયનો વિષય ૪૭૨૬૩ યોજનનો હોય છે, કેમકે આટલે દૂરથી ઊગતો સૂર્ય દૃષ્ટિગોચર થાય છે. આ બધા ઉત્કૃષ્ટ વિષય જાણવા. આ ઈન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણની વાત થઈ.

હવે નોઈન્દ્રિય પ્રત્યક્ષ ૨. પ્રકારના–૧. દેશથી અને, ૨. સર્વથી. તેમાં દેશથીના ૪ પ્રકારઃ—૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન ૩ અવધિજ્ઞાન અને ૪. મનઃપર્યવજ્ઞાન અને ૨ સર્વથી નોઇંદ્રિય પ્રત્યક્ષ પ્રમાણનો એક જ ભેદ તે કેવળજ્ઞાન. હવે આ પાંચે જ્ઞાનનું સ્વરૂપ વિસ્તારથી કહે છે.

અહીં પાંચ ઈન્દ્રિયો અને મન પ્રત્યક્ષ જે કહ્યું તે વ્યવહારિક પ્રત્યક્ષ છે. તેથી પરોક્ષ છે, આત્મા પ્રત્યક્ષ નથી તેથી તેની સહાયતાથી થતાં મતિ અને શ્રુતિજ્ઞાન પણ પરોક્ષ છે, આત્મા પ્રત્યક્ષ નથી.

૧. મતિ જ્ઞાન—૫ ઇંદ્રિય અને છઠ્ઠું મન એ છ વડે જે જાણવું થાય તે મતિજ્ઞાન. તેના ૨૮ ભેદ—૧ અવગ્રહ (અવ્યક્ત જ્ઞાન અર્થાત્

નામ, જાતિ આદિ વિશેષ કલ્પનાથી રહિત જે સામાન્ય જ્ઞાન હોય તે અવગ્રહ) ૨ ઈહા (અવગ્રહથી ગ્રહણ કરેલા સામાન્ય વિષયનો વિશેષરૂપે નિશ્ચય કરવા માટે જે વિચારણા થાય છે તે ઈહા,) ૩. અવાય (ઈહા દ્વારા ગ્રહણ કરેલા વિશેષનો કંઈક અધિક એકાગ્રતાથી જે નિશ્ચય થાય છે તે અવાય અથવા અપાય), ૪. ધારણા (અવાયરૂપ નિશ્ચય અમુક સમય ટકે, વળી લુપ્ત થાય છતાં આગળ ઉપર યોગ્ય નિમિત્ત મળતાં એ નિશ્ચિત વિષયનું સ્મરણ થઈ આવે તે ધારણા.)

ઉપરના ચાર ભેદ પૈકી અવગ્રહના* બે ભેદ છે. (૧) વ્યંજનાગ્રહ અને, અર્થાવગ્રહ.

વ્યંજનાવગ્રહ—વસ્તુની સાથે ઈન્દ્રિયોનો પ્રથમ સંયોગ તે વ્યંજનાવગ્રહ. કોઈ પણ ઈન્દ્રિયથી દ્રવ્યનું સંપૂર્ણ જ્ઞાન ન થઈ શકે. પ્રત્યેક ઈન્દ્રિયથી દ્રવ્યના અમુક પર્યાયનું જ જ્ઞાન થાય છે. ચક્ષુ અને મન સિવાયની ચાર (શ્રોતેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય) પ્રાપ્યકારી ઈન્દ્રિયોથી થતું જ્ઞાન પહેલાં વ્યંજનાવગ્રહથી થાય છે અને પછી અર્થાવગ્રહથી થાય છે.

---

* જેમ માટીના કોરા શરાવલામાં એક એક બુંદ પાણી નાખવાથી તે પાણી શોષાતાં જ્યારે બધા પ્રદેશ પૂર્ણ થઈ જાય છે, ત્યારે તેમાં પાણી ભરાતું જાય છે. તેવી જ રીતે નિદ્રાધીન મનુષ્યની ઈન્દ્રિયો દર્શનાવરણીયના ઉદયથી રૂક્ષ થઈ જાય છે. તેને અવાજ કરતાં શબ્દનાં પુદ્ગલો વડે શ્રોતેન્દ્રિયના પ્રદેશ પૂર્ણ ભરાયા પછી તે શબ્દ ગ્રહણ કરે છે. આ 'અવગ્રહ' થયો. પછી તે વિચારે છે કે, મને કોણ બોલાવે છે? આમ વિચારવું તે 'ઈહા'. પછી અમુક જ વ્યક્તિ મને બોલાવે છે એવો નિશ્ચય થાય તે 'અવાય' અને તે સાંભળેલા શબ્દોને ધારી રાખે અને ઘણા કાળ પછી પ્રસંગોપાત કહે કે આ એ જ વ્યક્તિનો અવાજ છે, કે જેણે મને તે દિવસે જગાડયો હતો, તે 'ધારણા.' જેવી રીતે શ્રોતેન્દ્રિયના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર બોલ કહ્યા, તેવી જ રીતે ચક્ષુરિન્દ્રિય ઘ્રાણેન્દ્રિય, રસેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય અને મન ઉપર ચાર ચાર બોલ તે તે ઈન્દ્રિયના વિષય આશ્રયી જાણી લેવા.

અર્થાવગ્રહ–મન અને ચક્ષુ એ બે અપ્રાપ્યકારી છે. તે દ્વારા થતું જ્ઞાન અર્થાવગ્રહથી જ થાય છે. તે દ્વારા વ્યંજનાવગ્રહ થતો જ નથી. આંખમાં નાખેલું કાજળ આંખ જોઈ શકતી નથી, પણ દૂરની વસ્તુને જોઈ શકે છે. અને મન પણ તેવા પ્રકારનું છે તેથી તે બન્ને વ્યંજનને વસ્તુના સંયોગની જરૂર હોતી નથી. અર્થાવગ્રહ છએ ઈન્દ્રિયોનો હોય છે.

મતિજ્ઞાનના ૨૮ ભેદ—પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન. તેના અવગ્રહ, ઇહા, અવાય અને ધારણા એમ ચાર ભેદ દરેકના ગણતાં ૬×૪=૨૪ થયા. તેમાં પ્રાપ્યકારી ચાર ઇન્દ્રિયોના ચાર ભેદ વ્યંજનાવગ્રહના થાય છે તે ભેળવતાં ૨૪+૪=૨૮ ભેદ થયા.

બીજી રીતે છ ઈન્દ્રિયોના ઇહા, અવાય અને ધારણા મળી ૧૮, છ ઇન્દ્રિયોના અર્થાવગ્રહ ૬ અને ચાર ઈન્દ્રિયોના વ્યંજનાવગ્રહ ૪ એમ કુલ મળી ૧૮+૬+૪=૨૮ ભેદ.

વિસ્તારથી મતિજ્ઞાનના ૩૪૦ ભેદ થાય છે. ઉપર પ્રથમ શ્રોતેન્દ્રિયનો અવગ્રહ કહ્યો તેના ૧૨ પ્રકાર છે. જેમ અનેક પ્રકારના વાજિંત્ર વાગે છે અને અનેક મનુષ્યો સાંભળી રહ્યા છે. પણ તેમાંથી મતિજ્ઞાન ક્ષયોપશમ પ્રમાણે–(૧) બહુ–કોઈ એક જ વખતે ઘણા શબ્દ ગ્રહણ કરે. (૨) અબહુ–તે કોઇ થોડા શબ્દ ગ્રહણ કરે. (૩) બહુવિધ–તે આ ઢોલ છે, આ ત્રાંસાં છે, વગેરે ભેદભાવ સહિત ગ્રહણ કરે. (૪) કોઇ ભેદભાવને સમજે નહિ. (૫) ક્ષિપ્ર–તે કોઈ શીઘ્રતાથી સમજે. (૬) અક્ષિપ્ર–તે કોઇ વિલંબથી સમજે. (૭) સલિંગ–તે કોઈ અનુમાનથી સમજે. (૮) અલિંગ–તે કોઈ અનુમાન વિના સમજે (૯) સંદિગ્ધ–તે કોઈ શંકાયુક્ત સમજે. (૧૦) અસંદિગ્ધ–તે કોઈ શંકારહિત સમજે. (૧૧) ધ્રુવ–તે કોઈ એક જ વખતમાં બધું સમજી જાય. અને, (૧૨) અધ્રુવ–તે કોઇ વારંવાર જાણવાથી સમજે.

જેવી રીતે આ શ્રોતેન્દ્રિયના અવગ્રહના ૧૨ બોલ કહ્યા તેવી જ રીતે શ્રોતેન્દ્રિયના ઇહાના ૧૨ બોલ એ પ્રમાણે જે ઉપર ૨૮ ભેદ કહ્યા છે તે દરેક બોલ ઉપર ૧૨–૧૨ બોલ ઊતારવા, એ રીતે

૨૮×૧૨=૩૩૬ ભેદ મતિજ્ઞાનના થયા. આ ૩૩૬ ભેદ શ્રુતનિશ્રિત (સાંભળ્યા વચનને અનુસારે મતિ વિસ્તરે તે શ્રુતનિશ્રિત) મતિજ્ઞાનના જાણવા.

હવે મતિજ્ઞાનનો બીજો પ્રકાર અશ્રુતનિશ્રિત (તે નહીં સાંભળ્યું, નહીં જોયું, તો પણ તેમાં મતિ વિસ્તરે તે) મતિજ્ઞાન. તેના ચાર ભેદ તે ચાર પ્રકારની બુદ્ધિ (૧) ઔત્પાતિકી (કોઈ પ્રસંગ પર કાર્ય સિદ્ધ કરવામાં બુદ્ધિ એકાએક પ્રગટ થાય છે) (૨) વૈનયિકી (ગુરુ આદિકની વિનય ભક્તિ કરવાથી પ્રાપ્તબુદ્ધિ) (૩) કાર્મિકી (જોતાં, લખતાં, ચીતરતાં, વણતાં, વાવતાં, આદિ અનેક શિલ્પકળાનો અભ્યાસ કરતાં કુશળ થાય તે) અને, (૪) પારિણામિની (વય પરિણમે તેમ બુદ્ધિ પરિણમે તથા બહુસૂત્રી, સ્થવિર, પ્રત્યેકબુદ્ધ, વગેરેને આલોચન કરતાં બુદ્ધિની વૃદ્ધિ થાય તે) આ પ્રમાણે શ્રુતનિશ્રિતના ૩૩૬ અને અશ્રુતનિશ્રિતના ૪ ભેદ મળી ૩૪૦ ભેદ મતિજ્ઞાનના થયા.

૨. **શ્રુતજ્ઞાન**—સાંભળવાથી કે દેખવાથી જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન.

તેના ૧૪ ભેદ.

અક્ષરશ્રુત. અ, ઇ. વગેરે સ્વર. અને ક, ખ, વગેરે વ્યંજન એ વડે જે જ્ઞાન થાય તે.

૨. અનક્ષર શ્રુત–તે અક્ષરના ઉચ્ચાર વગર ખાંસીથી, છીંકથી, હાથથી, નેત્રાદિની ચેષ્ટાથી જ્ઞાન પ્રાપ્ત થાય તે.

૩. સંજ્ઞીશ્રુત–વિચારવું, નિર્ણય કરવો, સમુચ્ચય અર્થ કરવો, વિશેષ અર્થ કરવો, અનુપ્રેક્ષા કરવી અને નિશ્ચય કરવો આ છ બોલ સંજ્ઞી જીવોમાં હોય છે. એ છ બોલથી સૂત્રાદિ ધારણ કરે.

૪. અસંજ્ઞી શ્રુત–ઉક્ત છ બોલ રહિત પૂર્વાપર નિર્ણય રહિત ભણે, ભણાવે, સાંભળે, સંભળાવે તે.

૫. સમ્યક્ શ્રુત–અર્હંતપ્રણીત, ગણધરગ્રથિત, તથા જઘન્ય ૧૦ પૂર્વનું પૂર્ણ જ્ઞાન ભણેલા હોય તેના રચેલાં શાસ્ત્રો તે.

૬. મિથ્યાશ્રુત–પોતાની મતિ કલ્પનાથી બનાવેલા ગ્રંથો જેમાં હિંસાદિ પાંચ આસ્રવ સેવન કરવાનો ઉપદેશ હોય, જેમકે વૈદિક, જ્યોતિષ.

૭. સાદિશ્રુત–આદિ સહિત શ્રુતજ્ઞાન.

૮. અનાદિશ્રુત–આદિ રહિત શ્રુત જ્ઞાન.

૯. સપર્યવસિત શ્રુત–અંતસહિત શ્રુતજ્ઞાન.

૧૦. અપર્યવસિત–અંતરહિત શ્રુતજ્ઞાન.*

૧૧. ગમિકશ્રુત–દૃષ્ટિવાદ અંગેનું*જ્ઞાન.

૧૨. આગમિક–શ્રુત–આચારાંગાદિ કાલિક સૂત્રનું જ્ઞાન.

૧૩. અંગપ્રવિષ્ઠ–દ્વાદશાંગ સૂત્ર.

૧૪. અંગબાહ્ય–તેના બે ભેદ (૧) આવશ્યક–સામાયિકાદિ ૬ આવશ્યક અને (૨) આવશ્યક વ્યતિરિક્ત–કાલિક ઉત્કાલિકાદિ સૂત્રો.

---

* દસ પૂર્વથી ન્યૂન જ્ઞાનવાળાના બનાવેલા ગ્રન્થો પૂર્ણ વિશ્વસનીય ન ગણાય. કારણ કે નવ પૂર્વ સુધીનું જ્ઞાન અભવ્ય જીવ પણ પ્રાપ્ત કરી શકે છે.

+ સાદિ, અનાદિ, સપર્યવસિત શ્રુતનો ખુલાસો :

(૧) દ્રવ્યથી—એક જીવ અધ્યયન કરવા બેઠો. તે અધ્યયન પૂર્ણ કરશે તેનો આદિ અંત હોવાથી એક જીવ આશ્રયી સાદિ સાંત. ઘણા જીવો ભૂતકાળમાં અનાદિકાળથી ભણ્યા છે અને ભવિષ્યમાં ભણશે. તેનો આદિ અંત ન હોવાથી અનાદિ અનંત.

(૨) ક્ષેત્રથી—ભરત ઐરવત ક્ષેત્રમાં સમયનું પરિવર્તન હોવાથી સાદિ સાંત શ્રુત હોય છે અને મહાવિદેહમાં સદૈવ સરખો કાળ હોવાથી અનાદિ શ્રુત હોય છે.

(૩) કાળથી—ઉત્સર્પિણી કાળ આશ્રી સાદિ સાંત અને નોઅવસર્પિણી નોઉત્સર્પિણી આશ્રી અનાદિ અનંત.

(૪) ભાવથી—પ્રત્યેક તીર્થંકરના પ્રકાશિત ભાવ આશ્રી સાદિ સાંત અને ક્ષયોપશમિક ભાવ આશ્રી અનાદિ અનંત શ્રુતજ્ઞાન જાણવું.

× દૃષ્ટિવાદ અંગેનો ખુલાસો પ્રથમ ખંડના ચોથા પ્રકરણમાં છે.

ઉક્ત મતિ અને શ્રુતજ્ઞાનનો પરસ્પર ક્ષીરનીરની પેઠે ઘનિષ્ટ સંબંધ છે. જગતનો કોઇ પણ જીવ આ બે જ્ઞાન વગરનો હોતો નથી. પરંતુ સમ્યગ્દષ્ટિવાળાના જ્ઞાનને જ્ઞાન કહે છે અને મિથ્યાદષ્ટિના જ્ઞાનને અજ્ઞાન કહે છે.

ઉત્કૃષ્ટ મતિશ્રુતજ્ઞાનનો ધારક સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણે છે તેથી તે શ્રુતકેવળી કહેવાય છે.

જાતિસ્મરણજ્ઞાન તે મતિજ્ઞાનનો ચોથો પ્રકાર–ધારણા–તેમાંય સમાય છે. જાતિસ્મરણ જ્ઞાનથી ઉત્કૃષ્ટ ૯૦૦ ભવ (જો સંજ્ઞી પંચેન્દ્રિયના આંતરારહિત નવસો ભવ કર્યા હોય તો) જોઈ શકાય છે.

૩. **અવધિજ્ઞાન**–મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને ઇંદ્રિયોની અપેક્ષા વિના જે જ્ઞાન વડે જાણી શકાય તે અવધિજ્ઞાન. તેના ૮ પ્રકારઃ

૧. ભેદદ્વાર–અવધિજ્ઞાન બે પ્રકારનું છે. (૧) ભવપ્રત્યય (ઉત્પત્તિની સાથે જ પ્રકટ થાય છે તે) દેવતા, નારકી અને તીર્થંકરોને હોય છે. અને (૨) લબ્ધિપ્રત્યય–મનુષ્ય–તિર્યંચને કરણી કરવાથી ક્ષયોપશમથી થાય છે.

૨. વિષયદ્વાર–અવધિજ્ઞાનથી સાતમી નરકના નારકી જઘન્ય અર્ધો ગાઉ દેખે, ઉત્કૃષ્ટ એક ગાઉ દેખે, છઠ્ઠી નરકવાળા જઘન્ય ૧ ગાઉ ઉત્કૃષ્ટ ૧॥ ગાઉ દેખે; પાંચમી નરકવાળા જઘન્ય ૧॥ ગાઉ ઉત્કૃષ્ટ ૨ ગાઉ, ચોથી નરકવાળા જઘન્ય ૨ ગાઉ, ઉત્કૃષ્ટ ૨॥ ગાઉ. ત્રીજી નરકવાળા જઘન્ય ૨॥ ગાઉ, ઉત્કૃષ્ટ ૩ ગાઉ, બીજી નરકવાળા જઘન્ય ૩ ગાઉ, ઉત્કૃષ્ટ ૩॥ ગાઉ દેખે, પહેલી નરકવાળા જઘન્ય ૩॥ ગાઉ ઉત્કૃષ્ટ ૪ ગાઉ અવધિજ્ઞાનથી જાણી દેખી શકે છે *

અસુરકુમાર દેવો જઘન્ય ૨૫ યોજન ઉત્કૃષ્ટ અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે. તેના નવનિકાયના દેવો જઘન્ય ૨૫ યોજન, ઉત્કૃષ્ટ સંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે. વાણવ્યંતર દેવો જઘન્ય ૨૫ યોજન

* નારકી જીવો મહાવેદના અનુભવવાથી કે જાતિસ્મરણજ્ઞાનથી પાછલા ભવોની વાત જાણી શકે છે પણ દેખી શકતા નથી. કારણ કે તે પરોક્ષ જ્ઞાન છે.

ઉત્કૃષ્ટ સંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે. જ્યોતિષ્ક દેવો જઘન્ય ઉત્કૃષ્ટ સંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે, વૈમાનિક દેવો ઊંચે પોતાના વિમાનની ધ્વજા સુધી દેખે * અને સાગરોપમના આયુષ્યવાળા અસંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે, અને નીચે પહેલા બીજા દેવલોકના દેવો પ્રથમ નરક સુધી દેખે. ત્રીજા ને ચોથા દેવલોકના દેવો બીજી નરક સુધી દેખે. પાંચમા છઠ્ઠા દેવલોકના દેવો ત્રીજી નરક સુધી દેખે. સાતમા આઠમા દેવલોકના દેવો ચોથી નરક સુધી દેખે. નવમા, દસમા, અગિયારમા અને બારમા દેવલોકના દેવો પાંચમી નરક સુધી દેખે. નવ ગ્રૈવેયકના દેવો છઠ્ઠી નરક સુધી દેખે. ચારO અનુત્તરવિમાનના દેવો સાતમી નરક સુધી દેખે. અને સર્વાર્થસિદ્ધિ વિમાનવાસી દેવ સમ્પૂર્ણ લોકમાં કંઈક કમ જાણે દેખે.

સંજ્ઞી તિર્યન્ચ પંચેન્દ્રિય જઘન્ય અંગૂલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અસંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે.

સંજ્ઞી મનુષ્યો જઘન્ય અંગૂલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોક અને લોક જેવડા અલોકમાં અસંખ્યાતા ખંડ દેખવાની શક્તિ છે. +

૩. સંસ્થાનદ્વાર–અવધિજ્ઞાનથી નારકી ત્રિપાઈના આકારે દેખે, ભુવનપતિવાલા (ટોપલા)ને આકારે દેખે, વ્યંતર પડાને આકારે દેખે, જ્યોતિષી ઝાલરને આકારે દેખે, બાર દેવલોકના દેવો મૃદંગને આકારે દેખે. ગ્રૈવેયકના દેવ ફૂલની છાબડીને આકારે દેખે, અનુત્તરવિમાનવાસી કુમારિકાની કંચુકીને આકારે દેખે. અને મનુષ્ય તિર્યંચ અવધિજ્ઞાનથી જાળીના આકારે અનેક પ્રકારે દેખે છે.

---

* પહેલા બીજા દેવલોકના દેવો અને કિલ્વિષી દેવો પૈકી જેમનું પલ્યોપમનું આયુષ્ય છે તે જ સાંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે છે. બાકીના બધા અસંખ્યાતા દ્વીપ સમુદ્ર દેખે છે.

O કોઈ સ્થળે પહેલેથી છઠ્ઠી ગ્રૈવેયક સુધીના દેવો છઠ્ઠી નરક સુધી અને ઉપલી ૩ ગ્રૈવેયકના દેવ સાતમી નરક સુધી દેખે છે એમ જણાવ્યું છે.

+ જે અવધિજ્ઞાન અંગૂલનો અસાંખ્યાતમો ભાગ ક્ષેત્ર દેખે છે તે કાળથી આવલિકાના અસાંખ્યાતમા ભાગના કાળની વાત જાણે છે. અંગૂલનો સાંખ્યાતમો ભાગ

૪. બાહ્યાભ્યંતર દ્વાર–નારકી અને દેવતાને અભ્યંતર અવધિજ્ઞાન હોય છે. તિર્યંચને બાહ્ય અવધિજ્ઞાન હોય છે. અને મનુષ્યને બાહ્યાભ્યંતર બન્ને પ્રકારનું અવધિજ્ઞાન હોય છે.

૫. અનુગામી અનનુગામીદ્વાર–નારકી દેવતાને અનુગામી (સાથે આવે તેવું) જ્ઞાન હોય છે. અને મનુષ્ય તિર્યંચને અનુગામી તથા અનનુગામી (જ્યાં ઉત્પન્ન થયું ત્યાં જ હોય તેવું) બંને પ્રકારનું જ્ઞાન હોય છે.

૬. દેશથી સર્વથી દ્વાર–નારકી, દેવતા અને તિર્યંચને દેશથી (અપૂર્ણ) અવધિજ્ઞાન થાય છે, અને મનુષ્યને દેશથી તથા સર્વથી (પૂર્ણ) બન્ને પ્રકારનું અવધિજ્ઞાન થાય છે.

૭. હીયમાન વર્દ્ધમાન અવટ્ઠિયાદ્વાર–ઉત્પન્ન થયા બાદ ઘટતું જાય તે હીયમાન, વધતું જાય તે વર્દ્ધમાન અને ઉત્પન્ન થતી વખતે હોય તેટલું જ રહે તે અવસ્થિત. નારકી દેવતાને અવસ્થિત અવધિજ્ઞાન હોય છે અને મનુષ્ય તિર્યંચને ત્રણે પ્રકારનું હોય છે.

૮. પડિવાઇ અપડિવાઇ દ્વાર–ઉત્પન્ન થઇને ચાલ્યું જાય તે પ્રતિપાતી અને કાયમ રહે તે અપ્રતિપાતી અવધિજ્ઞાન. નારકી દેવતાને અપ્રતિપાતી અવધિજ્ઞાન હોય છે. મનુષ્ય તિર્યંચને બન્ને પ્રકારનું હોય છે.

ક્ષેત્ર દેખે તે એક આવલિકાના સંખ્યાતમા ભાગની વાત જાણે, એક અંગૂલ ક્ષેત્ર દેખે તે આવલિકામાં કંઇક કમ કાળની વાત જાણે. પ્રત્યેક (૯) અંગૂલ ક્ષેત્ર દેખે તે પુરી આવલિકાને જાણે. એક હાથ દેખે તે અંતર્મુહૂર્તની વાત જાણે. એક ધનુષ્ય ક્ષેત્ર દેખે તે પ્રત્યેક (૯) મુહૂર્ત જાણે, એક કોસ ક્ષેત્ર દેખે તે એક દિવસની વાત જાણે. એક યોજન દેખે તે પ્રત્યેક દિવસની વાત જાણે. ૨૫ યોજન દેખે તે ૧ પક્ષમાં કંઇક કમની વાત જાણે. ભરત ક્ષેત્ર પૂર્ણ દેખે તે પૂર્ણ પક્ષની વાત જાણે. જંબુદ્વીપ દેખે તે ૧ મહિનાની જાણે. અઢી દ્વીપ દેખે તે ૧ વર્ષની જાણે. ૧૫મો રુચકદ્વીપ દેખે તે પ્રત્યેક વર્ષની જાણે. સંખ્યાત દ્વીપ સમુદ્ર દેખે તે અસંખ્યાતા કાળની વાત જાણે. પરમ અવધિજ્ઞાન ઊપજે તો લોકાલોક દેખે. અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય. અલોકમાં અવધિજ્ઞાનથી દેખવા જેવું કશું નથી, પરંતુ અવધિજ્ઞાનની ઉત્કૃષ્ટ શકિત બતાવી છે.

૪. **મનઃપર્યવજ્ઞાન**—સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવને જણાવનારું જ્ઞાન. તેના બે ભેદ; (૧) ઋજુમતિ સામાન્યરૂપે જાણે. (૨) વિપુલમતિ–વિશેષરૂપે જાણે. દૃષ્ટાંત–કોઇએ મનમાં ઘટ ચિંતવ્યો તેને ઋજુમતિવાળો ફક્ત ઘડો જ જાણશે, પણ વિપુલમતિવાળો ચિંતવેલો ઘડો દ્રવ્યથી માટીનો, કાષ્ટનો કે ધાતુનો છે, ક્ષેત્રથી પાટલીપુત્રાદિમાં બનેલો છે, કાળથી શિયાળા કે ઉનાળામાં બનેલો છે અને ભાવથી ઘી, દૂધ, આદિ ભરવાનો છે વગેરે વિગતવાર જાણે.

ઋજુગતિ તો પ્રતિપાતી પણ હોય છે. પરંતુ વિપુલમતિવાળો અવશ્ય કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. મનઃપર્યવજ્ઞાની (૧) દ્રવ્યથી રૂપી દ્રવ્યને જાણે. (૨) ક્ષેત્રથી નીચે રત્નપ્રભા નરકનું ઉપરથી નીચેનું નાનું પ્રતર, ઉપર જ્યોતિષીનું ઉપરનું તળું અને ત્રીછા અઢી દ્વીપ પ્રમાણે દેખે છે. (જેમાં ઋજુમતિવાળો ૨॥ અંગૂલ ઓછું દેખે છે.) (૩) કાળથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ભૂતકાળની અને પલ્યનો અસંખ્યાતમો ભાગ ભવિષ્ય કાળની વાત જાણે છે. અને, (૪) ભાવથી સર્વ સંજ્ઞી જીવોના મનની વાત જાણે. મનઃપર્યવજ્ઞાન કર્મભૂમિના, સંજ્ઞી, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા, પર્યાપ્તા, સમ્યગ્દૃષ્ટિ, સંયતિ, અપ્રમાદી અને લબ્ધિવંત એટલા ગુણોના ધારક મનુષ્યને જ ઉત્પન્ન થાય છે.

અવધિજ્ઞાનથી મનઃપર્યવજ્ઞાનની વિશેષતા–૧. અવધિજ્ઞાનથી મનઃપર્યવજ્ઞાનનું ક્ષેત્ર થોડું છે, પરંતુ વિશુદ્ધતા અધિક છે. ૨. અવધિજ્ઞાન ચારે ગતિવાળાને થાય છે, પણ મનઃપર્યવજ્ઞાન તો કેવળ મનુષ્યગતિમાં અપ્રમત્ત સાધુને જ થાય છે. ૩. અવધિજ્ઞાનથી જઘન્ય અંગૂલના અસંખ્યાતા ભાગ જેટલું ક્ષેત્ર જાણે છે તથા અધિક પણ જાણે છે. પણ મનઃપર્યવજ્ઞાન તો અઢી દ્વીપ પ્રમાણે જ હોય છે. ૪. જે રૂપી સૂક્ષ્મ પર્યાયોને અવધિજ્ઞાની જાણી શકતા નથી તેને મનઃપર્યવજ્ઞાની જાણી શકે છે.

૫. **કેવળજ્ઞાન**–સર્વથી નોઇન્દ્રિય આત્મ પ્રત્યક્ષ પ્રમાણનો એક જ ભેદ છે તે કેવળજ્ઞાન.

આ જ્ઞાન મનુષ્ય, સંજ્ઞી, કર્મભૂમિના, સંખ્યાત–વર્ષાયુવાળા,

પર્યાપ્તા, સમ્યગ્દૃષ્ટિ, સંયતિ, અપ્રમાદી, અવેદી, અકષાયી, ચાર ઘાતિકર્મવિનાશક, ૧૩મા ગુણસ્થાનકવર્તીને જ પ્રાપ્ત થાય છે. કેવળજ્ઞાનમાં સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવ હસ્તામલકવત્ પ્રકાશિત થાય છે. આ જ્ઞાન અપ્રતિપાતી હોય છે. અર્થાત્ કેવળજ્ઞાન પ્રકટ થયા પછી જઘન્ય અંતર્મુહૂર્તમાં અને ઉત્કૃષ્ટ ૮ વર્ષ કમ ક્રોડ પૂર્વમાં અવશ્ય મોક્ષ પ્રાપ્તિ થાય છે.

(૨) અનુમાનપ્રમાણ–અનુમાનથી વસ્તુનું જ્ઞાન થાય, તેના ત્રણ પ્રકારઃ ૧ પૂવ્વં, ૨ સે સવ્વં, ૩ દિઠ્ઠી સામ.

(૧) પૂવ્વં તે કોઇનો પુત્ર બાલ્યાવસ્થામાં પરદેશ ગયો અને યુવાન થઈ પાછો આવ્યો ત્યારે તેની માતા તેની દેહાકૃતિ, વર્ણ, તિલ, મસાદિ પૂર્વના પ્રમાણોએ કરી તેને પિછાણે તે. (૨) સે સવ્વં. તેના ૫ ભેદ; ૧. કજ્જેણં, ૨. કારણેણં, ૩. ગુણેણં, ૪. અવયવયાણં, ૫. આસરેણં. તેમાં ૧. કજ્જેણં, તે જેમ મોરને કેકારવથી, હાથીને ગુલગુલાટ શબ્દથી, ઘોડાને હણહણવાથી ઈત્યાદિ કાર્યથી પિછાણે તે કજ્જેણં. ૨. કારણેણં તે વસ્ત્રનું કારણ તંતુ પણ તંતુનું કારણ વસ્ત્ર નહિ. ગંજીનું કારણ ઘાસ, પણ ઘાસનું કારણ ગંજી નહિ. રોટલીનું કારણ લોટ પણ લોટનું કારણ રોટલી નહિ, ઘડાનું કારણ માટી પણ માટીનું કારણ ઘડો નહિ. મુક્તિનું કારણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, પણ જ્ઞાનાદિનું કારણ મુક્તિ નહિ. ઇત્યાદિ કારણથી વસ્તુને પિછાણે તે કારણેણં, ૩. ગુણેણં, તે નિમકમાં રસ ગુણ, ફૂલમાં ગંધ ગુણ, સુવર્ણમાં કસોટી ગુણ, ઇત્યાદિ ગુણે કરી વસ્તુ પિછાણે તે ગુણેણં, ૪. અવયવયાણં–તે શિંગડાથી ભેંસને, કલગીથી કૂકડાને, દાંતથી સુવરને નખથી વાઘને, કેશવાળીથી કેસરી સિંહને, સૂંઢથી હાથીને, શસ્ત્રથી સુભટને, કાવ્યાલંકારથી કવિને, એક દાણો દબાવી પકાવેલાં ધાન્યને પિછાણે ઈત્યાદિ અવયવે કરી પિછાણવું તે અવયવયાણં અને, ૫. આસરેણં ધુમ્રથી અગ્નિને, વાદળથી મેઘને, બગલાથી જલાશયને અને ઉત્તમ આચરણોથી ઉત્તમ પુરુષને પિછાણે તે આસરેણં.

(૩) દિઠ્ઠી સામ. તેના બે પ્રકાર–૧. સામાન્ય, ૨. વિશેષ, તેમાં સામાન્ય તે જેમ એક રૂપિયાને જોવાથી તેના જેવા ઘણા

રૂપિયાને જાણે. મારવાડના એક ધોરીને જોવાથી તેના જેવા ઘણા ધોરી (બળદ)ને પિછાણે. દેશાંતરના કોઇ એક મનુષ્યને જોઈ તેના જેવા ઘણા મનુષ્યોને જાણે. એક સમદષ્ટિને જોવાથી તેના જેવા ઘણા સમદષ્ટિને જાણે, ઈત્યાદિ પ્રકારથી જાણે તે સામાન્ય અને, ૨, વિશેષ–જેમ કોઇ વિચક્ષણ સાધુજીએ વિહાર કરતાં રસ્તામાં ઘણું ઘાસ ઊગેલું જોયું, પાણીનાં નવાણુ ભરેલાં જોયાં, બાગ બગીચા લીલાછમ જોયા. તેથી જાણે કે અહીં ભૂતકાળમાં વૃષ્ટિ ઘણી થઈ હતી. આગળ જતાં જોયું તો ગામ નાનું. ગામમાં શ્રાવકનાં ઘર થોડાં, શ્રાવકના ઘરમાં સંપત્તિ પણ થોડી, પણ શ્રાવક શ્રાવિકા ઘણાં જ ભક્તિવંત, ઉદાર પરિણામી, ઉત્કૃષ્ટ ભાવથી દાન દેવાવાળાં, ત્યારે અનુમાનથી જાણ્યું કે અહીં વર્તમાનકાળમાં આ શ્રાવકોનું કંઇક ભલું થવાનું છે. વળી આગળ ચાલ્યા. જુએ છે તો પહાડ પર્વતો મનોહર, હવા ઘણી જ સારી, તારા ઘણા ખરે નહિ. ગામમાંની તથા બહારની જમીન રળિયામણી લાગે ત્યારે સમજે કે આવતા કાળમાં આ જગ્યાએ કંઈક સારું થવાનું જણાય છે. એ પ્રમાણે ત્રણ કાળની સારી સ્થિતિ જાણે. એ પ્રમાણે કોઈ મુનિરાજ વિહાર કરતાં કરતાં, રસ્તામાં ખડ વગરની ભૂમિ દેખે. બાગ બગીચા સુકાઈ ગયેલા દેખે, કૂવા વગેરે નવાણુ નિર્જળ દેખે. ત્યારે સમજે કે ભૂતકાળમાં અહીં વરસાદ થોડો થયો છે. આગળ ચાલતાં ગામમાં ગયા, તો ગામ મોટું, શ્રાવકોનાં ઘર ઘણાં, ઘરમાં સંપત્તિ ઘણી, પણ શ્રાવકો વિનયરહિત, અભિમાની, લોભી, દાન દેવાના ભાવ વિનાના, ત્યારે સમજે કે વર્તમાનકાળમાં અહીં કંઇક ખરાબ થવાનું જણાય છે; વળી આગળ ચાલ્યા તો પહાડ પર્વતો અમનોજ્ઞ (નાપસંદ), હવા ઘણી ખરાબ, ગામની બહાર તથા અંદર ખાવા ધાય તેવું, ધરતી બહુ જ ધ્રુજે, તારા બહુ ખરે, વીજળી બહુ ચમકે ત્યારે એમ સમજે કે આવતા કાળમાં અહીં કંઈક અશુભ થવાનું જણાય છે. એમ દૃષ્ટિથી જોઇને ત્રણે કાળનો જ્ઞાતા થાય તે વિશેષ.

(૩) 'આગમ પ્રમાણ' તે આપ્ત પુરુષ દ્વારા કથિત શાસ્ત્રોથી પદાર્થનું જ્ઞાન થાય તે.

તેના ત્રણ ભેદ : ૧. સુત્તાગમે તે–દ્વાદશાંગી રૂપી જિનેશ્વર પ્રભુની વાણી, તથા ઓછામાં ઓછા દસ પૂર્વ લગીના જ્ઞાનવાળા મુનીશ્વરોના બનાવેલા ગ્રંથો તે 'સુત્તાગમે'.

૨. 'અત્થાગમે' તે–પૂર્વે કહેલાં સૂત્ર તથા ગ્રંથના બધા સમજી શકે તેવી ભાષામાં તેવા દસ પૂર્વ લગીના જ્ઞાનવાળા આચાર્ય મહારાજ વગેરેએ જે અર્થ રચ્યા તે 'અત્થાગમે.'

૩. 'તદુભયાગમે'–એ પ્રમાણેનાં સૂત્ર અને ગ્રંથોનો તથા તેમના અર્થનો મળતો આવતો જે સમાસ સમૂહ તે 'તદુભયાગમે.'

એ પ્રમાણે આગમ પ્રમાણ જાણવું.

(૪) 'ઉપમા પ્રમાણ'–એની ચોભંગી છે.

૧. છતી વસ્તુને છતી ઉપમા દેવી તે. જેમકે આવતા કાળમાં પહેલા પદ્મનાભ તીર્થંકર થશે, તે ચાલુ કાળમાં ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી જેવા થશે.

૨. છતી વસ્તુને અછતી ઉપમા દેવી તે. જેમકે–નરક અને દેવતામાં આયુષ્ય પલ્યોપમ અને સાગરોપમનાં છે તે વાત છતી છે પણ પલ્ય અને સાગરના વખતની ગણતરી માટે ચાર કોસના કૂવાનું અગર પાલાનું દૃષ્ટાંત આપ્યું છે. તે કૂવો કોઈએ ભર્યો નથી, ભરતો નથી અને ભરશે પણ નહિ એ અછતી ઉપમા.

૩. અછતી વસ્તુને છતી ઉપમા દેવી તે. જેમકે દ્વારકા નગરી કેવી ? મોતીના દાણા જેવી; આગિયો કેવો ? સૂર્ય જેવો વગેરે.

૪. અછતી વસ્તુને અછતી ઉપમાં દેવી તે. જેમકે ઘોડાનાં શિંગડાં કેવાં ? ગધેડાનાં શિંગડાં જેવાં, ગધેડાનાં શિંગડાં કેવાં ? ઘોડાનાં શિંગડાં જેવાં વગેરે એ પ્રમાણે ઉપમા પ્રમાણના ચાર પ્રકાર છે.

નવ તત્ત્વ ઉપર ચાર પ્રમાણ

૧. જીવતત્ત્વ—(૧) પ્રત્યક્ષ પ્રમાણથી, ચેતના લક્ષણયુક્ત, (૨) અનુમાન પ્રમાણથી. બાળક, જુવાન, વૃદ્ધ, ત્રસ અને સ્થાવરનાં શાસ્ત્રમાં કહેલાં લક્ષણવાળા, (૩) ઉપમા પ્રમાણથી, અરૂપી આકાશની પેઠે પકડાય નહિ. ધર્માસ્તિકાયની પેઠે અનાદિ અનંત, તથા તલમાં જેમ તેલ છે,

દૂધમાં જેમ ઘી છે, અને અગ્નિમાં જેમ તેજ છે તેમ શરીરમાં વ્યાપી રહેલો તે જીવ છે. (૪) આગમ પ્રમાણથી–નીચેની ગાથા પ્રમાણે.

ગાથા–"कम्मकत्ता अयं जीवो, कम्म छित्ता जीव दुयाणवो
अरुवी णिच अणाइ, एयं जीवस्स लक्खणं ॥

અર્થ—શુભાશુભ કર્મોનો કર્તા, ભોક્તા અને વિનાશક તે જીવ. તે અરૂપી અને શાશ્વત છે ઇત્યાદિ શાસ્ત્રીય પ્રમાણથી જીવનું સ્વરૂપ સિદ્ધ કરવામાં આવે તે આગમ પ્રમાણ.

૨. અજીવ તત્ત્વ—(૧) પ્રત્યક્ષ પ્રમાણથી –જડલક્ષણવાળું, જીવનું પ્રતિપક્ષી, પુદ્ગળઆશ્રી વર્ણાદિ પર્યાયો જાણી શકાય એવું અને મળવા વીખરાવવાના સ્વભાવવાળું તત્ત્વ તે. (૨) અનુમાન પ્રમાણથી–નવા જૂનાપણું કરે. પર્યાય બદલે તેથી કાળનું અનુમાન થાય છે. જીવની ગતિ સ્થિતિ, વિકાસ, વગેરેમાં સહાયક ઇત્યાદિ અનુમાનથી પિછાણે તે; જેમ કે જીવને સકંપ દેખીને અનુમાનથી જાણે કે એ ધર્માસ્તિકાયના સ્વભાવથી છે. અકંપ દેખીને જાણે કે એ અધર્માસ્તિકાયના સ્વભાવથી છે. દૂધથી પૂર્ણ ભરેલા પ્યાલામાં ખાંડ સમાઈ જાય તે દેખીને અનુમાનથી જાણે કે પુદ્ગલને સમાવવાનો આકાશાસ્તિકાયનો સ્વભાવ છે અને પુદ્ગળનો મળવાનો અને વીખરવાનો સ્વભાવ છે, વગેરે (૩) ઉપમા પ્રમાણથી–જેમ ઇંદ્રધનુષ્ય અને સંધ્યાનો વાન બદલાઈ જાય તેમ પર્યાયો બદલે. જેમ પીપળાનું પાન, કુંજરનો કાન, સંધ્યાનો ભાણુ ચંચળ છે તેમ પુદ્ગલોનો સ્વભાવ ચંચળ છે, વગેરે ઉપમાથી પુદ્ગળ અજીવને ઓળખે. (૪) આગમ પ્રમાણથી શ્રી ભગવતીસૂત્રના ૨૦મા શતકમાં પુદ્ગલપર્યાયનો ઘણો વિસ્તાર છે. ધર્મ, અધર્મ, આકાશ એ ત્રણનું એક એક દ્રવ્ય સ્કંધ, દેશ, પ્રદેશમય છે.

પ્રત્યેક પ્રદેશની અનેક પર્યાય છે. કારણ કે અનંત જીવ અને પુદ્ગલોની ગતિ, સ્થિતિ અને અવગાહનમાં તે સહાયક થઈ રહ્યા છે. તેવી જ રીતે કાલદ્રવ્ય, વસ્તુને નવી પુરાણી બનાવવામાં સહાયક છે.

આ ચારે દ્રવ્ય અનાદિ, અનંત, અરૂપી, અચેતન છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અસંખ્યાત પ્રદેશી છે, આકાશ અનંત પ્રદેશી છે, કાલ અપ્રદેશી છે. અને પુદ્ગલદ્રવ્ય પરમાણુંથી સ્કંધપર્યંત પ્રવર્તક છે.

એક પરમાણુની અપેક્ષા ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને ૨ સ્પર્શ. અનેક પરમાણુની અપેક્ષા ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૪ અથવા ૮ સ્પર્શ એમ ૧૬ અથવા ૨૦ બોલ પુદ્ગલદ્રવ્યમાં હોય છે.

આ પાંચે અજીવદ્રવ્ય ગુણપર્યાયયુક્ત છે.

૩. પુણ્યતત્ત્વ—(૧) પ્રત્યક્ષ તે શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મન આનંદી, વચન હર્ષયુક્ત, કાયાથી સાતવેદનીય વેદતો જોઈ તેને પુણ્યવંત કહે. (૨) અનુમાન–જાતિ, કુળ, બળ, રૂપ, સંપદા, ઐશ્વર્ય ઉત્તમતા જોઈ અનુમાન કરે કે આ પુણ્યવંત છે. (૩) ઉપમા–ગોળ નાખીએ તેવું ગળ્યું થાય તેવી રીતે પુણ્યના રસમાં પણ ષડ્ગુણ હાનિ-વૃદ્ધિ જાણવી. પુણ્યની અનંત પર્યાય અને અનંત વર્ગણા છે. જેમકે પુણ્યોદયથી દેવાયુનો બંધ પડયો, પણ કાળની અપેક્ષાથી ચોઠાણવડિયો રસ હોય છે. જેમ જેમ શુભયોગની પ્રવૃત્તિ વધારે તેમ તેમ પુણ્યની વૃદ્ધિ થાય છે. વળી, પણ પુણ્યાનુબંધી પુણ્ય તે તીર્થંકરવત્. પુણ્યાનુ–બંધી પાપ તે હરિકેશીવત્, પાપાનુબંધી પુણ્ય તે ગોશાલકવત્ તથા અનાર્ય રાજાવત્ અને પાપાનુબંધી પાપ તે નાગેશ્રીવત્ ઈત્યાદિ ઉપમાથી પુણ્યનું સ્વરૂપ સમજે તે ઉપમા પ્રમાણ. વળી, પુણ્યવંતને પુણ્યવંતની ઉપમાથી પિછાણે. જેમકે "દેવો દોગુંદગો જહા." અર્થાત્ ઇંદ્રના ત્રાયસ્-ત્રિંશક (ગુરુસ્થાની) દેવો સમાન પુણ્યવંત પ્રાણી સુખ ભોગવે છે, તથા "ચંદો ઈવ તારાણં ભરહો ઈવ મણુસ્સાણં" અર્થાત્ જેમ તારાગણમાં ચંદ્ર શોભે તેમ માણસોના વૃંદમાં ભરત મહારાજા શોભે છે. ઈત્યાદિ (૪) આગમપ્રમાણ—સૂત્ર "સુચિન્ના કમ્મા સુચિન્ના ફલા ભવંતિ" અર્થાત્ સારા કર્મનાં સારાં જ ફળો પ્રાપ્ત થાય છે. તથા દેવાયુ, મનુષ્યાયુ, શુભ અનુભાગ ઇત્યાદિ, પુણ્યપ્રકૃતિનું કથન શાસ્ત્રમાં છે તે આગમપ્રમાણ જાણવું.

૪. પાપતત્ત્વ—૧. પ્રત્યક્ષ—નીચ જાતિ, નીચ કુળ, કુરૂપ, સંપત્તિની હીનતા જોઈને પ્રત્યક્ષમાં પાપી જાણે તે. ૨. અનુમાન તે દુ:ખીને જોઈ અનુમાન કરે કે આને પાપનો ઉદય વર્તે છે. ૩. ઉપમા —આ બિચારો નરકનાં જેવાં દુ:ખો ભોગવે છે ૪. આગમ–પાપની

પ્રકૃતિ, સ્થિતિ, રસપ્રદેશ, ઈત્યાદિ પાપકર્મનાં બંધનનું કથન શાસ્ત્રમાં છે તે આગમ પ્રમાણ.

૫. આસ્રવતત્ત્વ—(૧) પ્રત્યક્ષ—મન, વચન, કાયાનો વ્યાપાર પ્રત્યક્ષ દેખાય તેથી પિછાણે (૨) અનુમાન–તે અવ્રતીપણું જોઈ અનુમાનથી જાણે. (૩) ઉપમા—તે તળાવનું ગરનાળું, ઘરનું દ્વાર, સોયનું નાકું, વગેરે ઉપમાથી આસ્રવનું સ્વરૂપ જાણે. (૪) આગમ–તે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ ચારે પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ એ કષાયોનો દલરૂપ સ્કંધ આત્માના પ્રદેશથી સંબંધ કરે એવું આગમથી જાણે તે આગમપ્રમાણ.

૬. સંવરતત્ત્વ—(૧) પ્રત્યક્ષ–તે યોગોને વશ કરે. સર્વ વિરતિથી અને શ્રાવક દેશ વિરતિથી યોગો પર અંકુશ લાવે તે સંવર પ્રત્યક્ષ છે. (૨) અનુંમાન—સાવદ્યયોગ–ત્યાગના અનુમાનથી સંવર કહે. (૩) ઉપમા પ્રમાણ—જેમ ગરનાળાં બંધ કરવાથી તળાવમાં પાણી આવતું બંધ થાય, દ્વાર બંધ કરવાથી કચરો આવતો અટકે, જેમ વહાણમાં છિદ્રો બંધ કરવાથી પાણીનું આવવું બંધ થાય છે તેમ, ત્યાગ વ્રત પ્રત્યાખ્યાન કરવાથી, યોગનું નિરૂંધન થતાં સંવર થાય છે. (૪) આગમ પ્રમાણથી—આત્માનું સ્થિરપણું, દેશથી કે સર્વથી મન, વચન, કાયાના યોગોનું રૂંધન તેને આગમ પ્રમાણથી સંવર કહે.

૭. નિર્જરા તત્ત્વ—(૧) પ્રત્યક્ષ—બાર પ્રકારના તપથી કર્મનું ઉચ્છેદન કરે (૨) અનુમાન–જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા સમકિતની વૃદ્ધિ થતી દેખી, અને દેવતાનું આયુષ્ય વગેરેની પ્રાપ્તિ જોઈને નિર્જરાનું અનુમાન થાય. (૩) ઉપમા–જેમ ક્ષારથી ધોતાં વસ્ત્રનો મેલ દૂર થાય છે, ટંકણખાર, નવસાર, વગેરેના સંયોગથી સોનું નિર્મળ થાય છે. અને પવનથી સૂર્ય પર છવાયેલું વાદળ દૂર થાય છે તેમ તપશ્ચર્યાથી નિર્જરા થાય એ ઉપમા પ્રમાણ. (૪) આગમપ્રમાણ–ફળની વાંછા રહિત સમ્યક્ત્વયુક્ત તપ કરવાથી સકામનિર્જરા થઈ આત્મશુદ્ધિ થાય છે એમ કહે તે આગમ પ્રમાણ.

૮. બંધ તત્ત્વ-(૧) પ્રત્યક્ષ—તે ક્ષીરનીરની પેઠે જીવ અને પુદ્‌ગળ લોલીભૂત થઈ રહેલ છે અને જેને લીધે પ્રયોગસા પુદ્‌ગળ રૂપે શરીરનો સંયોગ થયેલો પ્રત્યક્ષ દેખાય છે તે. (૨) અનુમાન પ્રમાણ—શ્રી તીર્થંકર, કેવળી, ગણધર કે સાધુજીનો ઉપદેશ ગ્રહણ કરે છતાં અસંયમ, વિભ્રમ, અજ્ઞાન જાય નહિ એ અનુમાનથી જાણે કે કર્મપ્રકૃતિનો કઠણ બંધ છે. જેમ ચિત્ત ઋષિએ બ્રહ્મદત્ત ચક્રવર્તીને કહ્યું કે નિયાણમસુહં કડં ' અર્થાત્ હે રાજન્! પૂર્વે કરેલા નિયાણાના યોગથી તને ઉપદેશની અસર થવી મુશ્કેલ છે. વળી, નીચેનાં લક્ષણોથી કઇ ગતિમાંથી જીવ આવ્યો તેનું અનુમાન કરે.

જેમકે ૧. દીર્ઘકષાયી, ૨. સદા અભિમાની ૩. મૂર્ખથી પ્રીતિ, ૪. મહાકોપવંત, ૫ સદા રોગી અને, ૬, ખુજલીના રોગવાળાને જોઈ અનુમાન કરે કે આ નરકગતિમાંથી આવેલો દેખાય છે. ૧. મહાલોભી. ૨. અન્યની સંપદાનો કામી, ૩. મહાકપટી. ૪. મૂર્ખ, ૫. ભૂખાળવો, ૬. આળસુ, એ છ લક્ષણથી અનુમાન કરે કે આ તિર્યંચ ગતિમાંથી આવ્યો જણાય છે. ૧. અલ્પલોભી, ૨. વિનયવંત, ૩. ન્યાયી ૪. પાપભીરુ, ૫. નિરભિમાની એ ૫ લક્ષણથી જાણે કે મનુષ્યગતિમાંથી આવ્યો જણાય છે. ૧. દાની, ૨, મિષ્ટવચની, ૩. માતા, પિતા, અને ગુરુનો ભક્ત, ૪. ધર્માનુરાગી, ૫. બુદ્ધિવંત. એ લક્ષણોથી જાણે કે આ દેવગતિથી આવ્યો દેખાય છે ઇત્યાદિ અનુમાન પ્રમાણ (૩) ઉપમાપ્રમાણ—પાણીમાં થોડી સાકર નાખવાથી થોડું અને વધારે નાખવાથી વધારે મીઠું થાય છે એ રીતે શુભ કર્મનાં ફળ જાણવાં. અને પાણીમાં થોડું મીઠું નાખવાથી થોડું અને અધિક નાખવાથી અધિક ખારું થાય છે. તે મુજબ અશુભ કર્મનાં ફળ જાણવાં ' એમ જ તીવ્ર મંદ રસબંધ જાણવો. વળી, જેમ અબરખના એક ટુકડામાં અનેક પડ હોય છે તેવી જ રીતે આત્મપ્રદેશ પર કર્મ વર્ગણાનાં પડ લાગેલાં છે, ઈત્યાદિ ઉપમાથી સમજાય તે ઉપમાપ્રમાણ. (૪) આગમપ્રમાણ—જીવના શુભાશુભ યોગ, ધ્યાન, લેશ્યા, પરિણામ ઈત્યાદિ તથા ૪ ગતિમાં આવવાનાં ૧૬ લક્ષણ તે આગમપ્રમાણ જાણવું.

૬ લેશ્યાનું યંત્ર

લેશ્યાનું નામ	લેશ્યાનાં વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ	લેશ્યાનાં લક્ષણ.	લેશ્યાની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ	લેશ્યાની જઘન્ય ગતિ	લેશ્યાની મધ્યમ ગતિ	લેશ્યાની ગતિ ઉત્કૃષ્ટ
કૃષ્ણ લેશ્યા	વર્ણ—કૃષ્ણ ગંધ—દુર્ગંધ રસ—કટુ સ્પર્શ—તીક્ષ્ણ	૫ આસ્રવ સેવે, સેવરાવે ૩ યોગ, ૫ ઈંદ્રિય મોકળી મૂકે. તીવ્ર પરિણામે છ કાયનો આરંભ કરે, હિંસા કરતાં ડરે નહિ. ક્ષુદ્ર પરિણામી, ઉભય લોકના દુઃખથી ડરે નહિ.	જ. અંતર્મુહૂર્ત ઉ. ૩૩ સાગરોપમ અંતર્મુહૂર્ત અધિક	ભુવનપતિ વાણવ્યંતર અનાર્ય મનુષ્ય	૫ સ્થાવર ૩ વિકલેંદ્રિય તિર્યંચ પંચેન્દ્રિય	પાંચમી, છઠ્ઠી, સાતમી નરક
નીલ લેશ્યા	વર્ણ—લીલા ગંધ—દુર્ગંધ રસ—તીખો સ્પર્શ—ખરખરો	ઈર્ષ્યાવંત, બીજાના ગુણ સહન કરી શકે નહિ જ્ઞાનાભ્યાસ આદિ કરે નહિ. કરવા દે નહિ. રસગૃદ્ધિ, ઈંદ્રિયના વિષયમાં લંપટ, સાતાનો ગવેષણહાર.	જ. અંત ઉ. ૧૦ સાગ. પલ્યનો અસંખ્યાતભાગ અધિક	ભુવનપતિ વાણવ્યંતર, કર્મભૂમિ મનુષ્ય	૫ સ્થાવર ૩ વિકલેં. તિર્યંચ પંચે.	ત્રીજી, ચોથી, પાંચમી નરક
કાપોત લેશ્યા	વર્ણ—* ગંધ—દુર્ગંધ રસ—કસાયેલો સ્પર્શ—કઠણ	વાંકું બોલે, વાંકો ચાલે, પોતાના દોષ ઢાંકે. પારકા દોષ પ્રકાશે, કઠોર વચન બોલે ચોરી કરે. પરસ્ત્રીની ઈચ્છા કરે.	જ. અંત ઉ. ૩ સાગ. પલ્યનો અસં. ભાગ અધિક	ભુવનપતિ વાણવ્યંતર, અંતરદ્વીપ મનુષ્ય	૫ સ્થાવર ૩ વિકલેં. તિર્યંચ પંચેન્દ્રિય	પહેલી, બીજી, ત્રીજી નરક
તેજો લેશ્યા	વર્ણ—લાલ ગંધ—સુગંધ રસ—ખટમીઠો સ્પર્શ—નરમ	ન્યાયી, સ્થિરચિત્ત, સરલ, કુતૂહલરહિત, વિનીત, જ્ઞાની, દમિતેંદ્રિય, દૃઢધર્મી પ્રિય ધર્મી, પાપભીરુ, તપસ્વી.	જ. અંત. ઉ. ૨ સાગરોપમ. પ. નો અંસ. અધિક	પૃથ્વી, પાણી વનસ્પતિ જુગલ મનુષ્ય	ભવનપતિ, વાણવ્યંતર જ્યોતિષી તિર્યંચ પંચેંદ્રિય	પહેલું બીજું સ્વર્ગ
પદ્મ લેશ્યા	વર્ણ—પીળો ગંધ—સુગંધ રસ—મીઠો સ્પર્શ—કોમળ	કષાય પાતળા પાડે, સદા ઉપશાંત કષાયી, ૩ યોગ વશ રાખે, અલ્પભાષી, દમિતેંદ્રિય	જ. અંત. ઉ. ૧૦ સાગ. અંતર્મુહૂર્ત અધિક	ત્રીજું સ્વર્ગ	ચોથું સ્વર્ગ	પાંચમું સ્વર્ગ
શુકલ લેશ્યા	વર્ણ—સફેદ ગંધ—સુગંધ રસ—મધુરો સ્પર્શ—સુકોમળ	આર્ત રૌદ્ર ધ્યાનવર્જ, ધર્મ શુકલ ધ્યાન ધ્યાય રાગદ્વેષ પાતળા પાડે અગર વિરમે, દમિતેંદ્રિય સમિતિ, ગુપ્તિવંત, સરાગસંયમી કે વીતરાગી સમતાવંત	જ. અંત. ઉ. ૩૩ સાગ. અંત. અધિક	છઠ્ઠાથી બારમા સ્વર્ગ સુધી	૯ ગ્રૈવેયક ૪ અનુત્તર વિમાન	સર્વાર્થસિદ્ધ વિમાન

* કાપોત લેશ્યાના વર્ણ, અળસીના ફૂલ, કોયલની પાંખ અથવા પારેવાની ડોક જેવો હોય છે,

૯. **મોક્ષ તત્ત્વ**—(૧) પ્રત્યક્ષ પ્રમાણ—તીર્થંકર કેવળી ભગવાન અને સિદ્ધ ભગવાનનું અસ્તિત્વ કેવળીને પ્રત્યક્ષ છે. મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યને કેવળી ભગવાનનું અસ્તિત્વ પ્રત્યક્ષ છે, તે પ્રત્યક્ષ પ્રમાણ. રત્નત્રયની આરાધનાથી સમતા રસ (શાંતરસ)નો અનુભવ થાય તે મોક્ષના સુખની વાનકી સ્વ-પ્રત્યક્ષ છે. (૨) અનુમાનપ્રમાણ—સદ્ધર્મના અસ્તિત્વથી અનુમાન થાય છે કે મોક્ષ છે. આત્માના અનુભવથી સુખ ઉપજે છે તે ઉપરથી અનુમાન થાય છે કે સંપૂર્ણ શુદ્ધ અને નિરાવલંબી આત્મા અનંત સુખ ભોગવે છે તે જ મોક્ષતત્વ છે. (૩) ઉપમાપ્રમાણ—જેમ બળેલા બીને વાવતાં અંકુર ન ફૂટે તેમ મોક્ષના જીવોને કર્માંકુર ન ફૂટે. જેમ અગ્નિમાં ઘી નાંખવાથી તે સતેજ થાય તેમ વીતરાગભાવે જીવોને જ્ઞાનાદિ ગુણો આવી જાય ત્યારે કર્મ ક્ષય થાય અને શુદ્ધ આત્મા પ્રગટ થાય. (૪) આગમપ્રમાણ—જેમ જેમ આગમમાં કહેલી પ્રકૃતિઓ ૪ થી ૧૪ ગુણસ્થાન સુધીમાં ખપાવે ત્યારે જીવ મોક્ષ જાય.

ચૌદ ગુણસ્થાનોના ક્રમ મુજબ એ ગુણો પ્રગટે છે. અહીં તે સંક્ષેપથી બતાવે છે.

૧. **મિથ્યાત્વ ગુણસ્થાનક**—અનાદિથી મિથ્યાત્વ ગુણસ્થાનકે પ્રવર્તતો જીવ શ્રી વીતરાગ પ્રભુની વાણીથી ઓછું, અધિક, વિપરીત સર્દહે, પ્રરૂપે અને સ્પર્શે અને તેના પરિણામે ૪. ગતિ, ૨૪ દંડક અને ૮૪ લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંતાનંત પુદગળપરાવર્તન કર્યાં.

૨. **સાસ્વાદન ગુણસ્થાનક**—દર્શન મોહનીયના ક્ષપોપશમે કરી સમકિત પ્રાપ્ત કર્યું પણ પુનઃ તે જ પ્રકૃતિઓ ઉદયમાન થતાં સમકિતથી પતન થયું. આ પતન થતી વખતે જેમ વૃક્ષથી તુટેલું ફળ પૃથ્વી પર પડયું નથી, વચ્ચમાં છે ત્યાં સુધી સાસ્વાદન ગુણ સ્થાનક રહે છે. જેમ કોઇ પુરુષે ખીરખાંડનું ભોજન કર્યું, પછી વમી નાખ્યું, વમતી વખતે પણ કંઇક સ્વાદ રહી જાય તે સમાન સાસ્વાદન. આ જીવ કૃષ્ણપક્ષી મટી શુક્લ પક્ષી થઈને દેશે ઊણા અર્ધ પુદગળપરાવર્તનમાં સંસારનો પાર પામશે.

૩. મિશ્રગુણસ્થાનક–તે મિથ્યાત્વી જીવ સમ્યક્ત્વાભિમુખ થયો પણ સમકિત પામ્યો નહિ. જેમ શિખંડ ખાવાથી કંઇક ખાટો અને કંઈક મીઠો લાગે તેમ ખટાશ સમાન મિથ્યાત્વ અને મીઠાશ સમાન સમ્યક્ત્વ, એમ મિશ્રપણું હોય છે. આ જીવ સર્વ ધર્મ સરખા માને છે, કારણ કે તેને સૂક્ષ્મતા તારવતાં આવડતી નથી. આ જીવ દેશે ઉણા અર્ધ પુદ્ગલપરાવર્તનમાં સંસારનો પાર પામે.

૪. અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે વર્તતો જીવ અનંતાનુબંધી ૪ કષાય તથા દર્શન મોહનીયની ૩ પ્રકૃતિ એ સાતનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરી સુદેવ, સુગુરુ, સુધર્મ પર શ્રદ્ધા આણે. સાધુ આદિ ચારે તીર્થનો ઉપાસક બને. જો પૂર્વે આયુષ્યનો બંધ પડયો ન હોય તો ૧. નરકગતિ, ૨. તિર્યંચગતિ, ૩. ભવનપતિ, ૪. વાણવ્યંતર, ૫. જ્યોતિષી, ૬. સ્ત્રીવેદ અને, ૭. નપુંસકવેદ એ સાત બોલનું આયુષ્ય ન બાંધે અર્થાત્ એ સાત બોલમાં ઊપજે નહીં. ક્દાચિત્ આયુબંધ પડી ગયો હોય તો તે ભોગવી પછી ઉચ્ચ ગતિને પામે છે.

૫. દેશવિરતિ ગુણસ્થાનક—પૂર્વોક્ત ૭ પ્રકૃતિનો ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય કરે અને અપ્રત્યાખ્યાનાવરણીયના ચોકનો ક્ષયોપશમ કરે, પ્રકૃતિઓનો ક્ષયોપશમ આદિ કરીને શ્રાવકનાં ૧૨ વ્રત, ૧૧ પ્રતિમા (પ્રતિજ્ઞા), નવકારશી આદિ છમાસી તપ ઇત્યાદિ ધર્મ ક્રિયામાં યથાશક્તિ ઉદ્યુકત રહે, તે જીવ જો પડિવાઈ ન થાય તો જઘન્ય ત્રીજે ભવે, ઉત્કૃષ્ટ ૧૫ ભવે મોક્ષ જાય.

૬. પ્રમત્તસંયતિ ગુણસ્થાનક—પૂર્વોકત ૧૧ પ્રકૃતિ અને પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ચોક એ ૧૫ પ્રકૃતિના ક્ષયોપશમાદિ કરી સાધુ બને, પરંતુ દૃષ્ટિચપળ, ભાવચપળ, ભાષાચપળ અને કષાયચપળ એ ચારેની ચપળતાને લીધે પ્રમાદ રહે અને શુદ્ધ સાધુવ્રતનું પાલન કરી ન શકે, તે જીવ જઘન્ય ત્રીજે ભવે, ઉત્કૃષ્ટ ૧૫ ભવે મોક્ષે જાય.

૭. અપ્રમત્તસંયતિ ગુણસ્થાનક—તે ૧. મદ, ૨. વિષય, ૩. કષાય, ૪. નિંદ્રા અને, ૫. વિકથા એ પાંચ ૦ પ્રમાદરહિત શુદ્ધ સંયમનું પાલન કરે તે જઘન્ય તે જ ભવે, ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય.

૮. નિયટ્ટીબાદર ગુણસ્થાનક—પૂર્વોક્ત ૧૫ પ્રકૃતિનો તીવ્રતાથી ક્ષયોપશમ કરે અને અહીં બે શ્રેણીની તૈયારી થાય છે. અહીં પૂર્વે કદી નહિ કરેલું એવું અપૂર્વકરણ ÷ (કષાયોની મંદતા) કરે છે. જે પ્રકૃતિઓનો ઉપશમ કરે તે ઉપશમશ્રેણી પ્રતિપન્ન થઈ ૧૧મા ગુણસ્થાનક સુધી ચડી પાછો પડે છે. અને જે પ્રકૃતિઓનો ક્ષય કરે તે ક્ષપકશ્રેણી પ્રતિપન્ન થઈ નવમા, દશમા ગુણસ્થાનકે થઈ સીધો બારમે ગુણસ્થાનકે જાય અને તત્કાળ તેરમે ગુણસ્થાનકે જઈ કેવળજ્ઞાની થાય છે.

૯. અનિયટ્ટીબાદર ગુણસ્થાનક—પૂર્વોકત ૧૫ તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા પ્રકૃતિ અને સંજવલન ત્રિક (ક્રોધ, માન, માયા) તથા ૩ વેદ (સ્ત્રી, પુરુષ, નપુંસક) એમ ૨૭ પ્રકૃતિને ઉપશમાવે અથવા ખપાવે તે અવેદી, આવો સરલ સ્વભાવી જીવ જઘન્ય તે જ ભવે ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય. ⁕

÷ **ગાથા**—सुयकेवली आहारग, रिजुमइ उवसंतगा वि उ पमाए !
हिंडंति भवमणंतं, तं अणंतरमेव चउ गइया !!

અર્થ—શ્રુતકેવળી, આહારક શરીર, ઋજુમતી મનઃપર્યવજ્ઞાની, અને ઉપશાંતમોહી એવા ઉત્તમ પુરુષો પણ પ્રમાદાચરણે કરી ચતુર્ગતિમાં અનંત સંસાર પરિભ્રમણ કરે છે. આ પાંચે પ્રમાદો મહાભયંકર છે. એટલા માટે સાધુએ તેના ફંદામાં ફસાવું ન જોઈએ.

÷ પહેલાં જે કર્મપ્રકૃતિઓનો કદી ક્ષય કર્યો ન હતો તેનો અહીં ક્ષય થવાથી અપૂર્વકરણ ગુણસ્થાન કહેવાય છે.

÷ **પ્રશ્ન**—આઠમું નિવૃત્તિબાદર અને નવમું અનિવૃત્તિબાદર એવો ઊલટો ક્રમ શા માટે કહ્યો ?

ઉત્તર—ચારિત્રમોહનીયની અપેક્ષાએ દર્શનમોહનીય બાદર છે, તેની નિવૃત્તિ આઠમે ગુણસ્થાનકે થાય છે તેથી તેને નિવૃત્તિબાદર કહ્યું અને કિંચિત્માત્ર મોહનીય કર્મની પ્રકૃતિ સત્તામાં રહી જાય છે તેથી નવમું અનિવૃત્તિબાદર ગુણસ્થાનક કહ્યું, આ બન્ને નામ સાપેક્ષ છે; તત્ત્વકેવલીગમ્ય.

૧૦ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક–પૂર્વોક્ત ૨૭ પ્રકૃતિ અને સંજવલનનો લોભ એ ૨૮ પ્રકૃતિઓને ઉપશમાવે તો ઉપશમશ્રેણી કરે. અને ખપાવે તો ક્ષપકશ્રેણી કરે. આ જીવ અવ્યામોહ, અવિભ્રમ, શાન્તિસ્વરૂપ, જઘન્ય તે જ ભવે ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય.

૧૧. ઉપશાંત મોહનીય ગુણસ્થાનક–મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓને રાખમાં ભારેલા અગ્નિની પેઠે ઉપશમાવે, તેને યથાખ્યાત ચારિત્ર હોય. અહીં જો કાળ કરે તો અનુત્તર વિમાનમાં ઉપજે. ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જાય. અને જો ઉપશમાવેલ સંજવલન લોભનો ઉદય થાય (વાયુથી રાખ ઊડે અને ભારેલો અગ્નિ પ્રજ્વલે તેમ) તો પાછો પડી દસમે નવમે ગુણસ્થાનકે થઈ આઠમે આવે, ત્યાં સાવધાન થઈ જો પાછો ક્ષપકશ્રેણી કરે તો તે જ ભવમાં મોક્ષ જાય. તેમ નહિ તો ચોથે આવી કોઈ જીવ સમકિતી રહે, તો પણ ત્રીજે ભવે મોક્ષ પ્રાપ્ત કરે છે. અને જો કર્મસંયોગે પહેલે ગુણસ્થાનકે આવી જાય તો દેશે ઉણા અર્ધપુદ્ગળ પરાવર્તનમાં મોક્ષ પામે છે.

૧૨. ક્ષીણ મોહનીય ગુણસ્થાનક–મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓને સર્વથા પ્રકારે ખપાવેલી હોવાથી (પાણીથી અગ્નિ બુઝાવે તેમ) અહીં ૨૧ ગુણ પ્રગટે છે, જેમ કે–૧. ક્ષપકશ્રેણી, ૨. ક્ષાયિક-ભાવ, ૩, ક્ષાયિક સમ્યક્ત્વ, ૪, ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર ૫. કરણસત્ય, ૬. ભાવસત્ય, ૭. જોગસત્ય, ૮. અમાયી, ૯. અકષાયી, ૧૦. વીતરાગી ૧૧. ભાવનિર્ગ્રંથ, ૧૨. સંપૂર્ણ સંવુડ, ૧૩. સંપૂર્ણ ભાવિતાત્મા, ૧૪. મહાતપસ્વી, ૧૫. મહાસુશીલ, ૧૬. અમોહી, ૧૭. અવિકારી ૧૮. મહાજ્ઞાની, ૧૯. મહાધ્યાની, ૨૦. વર્દ્ધમાન પરિણામી, ૨૧. અપ્રતિપાતી. એ ૨૧ ગુણોને પ્રાપ્ત કરી અંતર્મુહુર્તમાં ૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય અને ૫ અંતરાય કર્મ એ ત્રણે કર્મની ૧૯ પ્રકૃતિઓને ખપાવે છે અને તત્કાલ ૧૩ મું **સયોગી કેવળી ગુણસ્થાનક** પ્રાપ્ત થાય છે.

આ જીવ કેવળજ્ઞાન, કેવળદર્શન સમ્પન્ન, સયોગી, સશરીરી, સલેશી, શુકલલેશી, યથાખ્યાતચારિત્રી, ક્ષાયિક સમ્યક્ત્વી, પંડિતવીર્યવંત,

શુક્લધ્યાનયુક્ત હોય છે. જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ દેશે ઊણાં (૯ વર્ષ કમ) પૂર્વક્રોડ સુધી રહી પછી ૧૪મું **અયોગી કેવળી ગુણસ્થાન** પ્રાપ્ત કરે છે.

આ જીવ શુકલધ્યાનના ચોથા પાયાનો ધ્યાતા, સમુચ્છિન્ન ક્રિયા અનંતર, અપ્રતિપાતી અનિવૃત્તિ ધ્યાતા થઈ, મન, વચન અને કાયા એ ત્રણે યોગોનો નિગ્રહ કરી, શ્વાસોશ્વાસનું નિરૂંધન કરે છે. આ પ્રમાણે અયોગી કેવળી બની રૂપાતીત (સિદ્ધસ્વરૂપ) આત્માના અનુભવમાં અત્યંત લીન થઈને શૈલેશી (સુદર્શન મેરુ પર્વત) સમાન નિશ્ચલ રહી બાકી રહેલાં વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારે કર્મોનો ક્ષય કરે છે. અને ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણે શરીરોને છોડીને જેમ એરંડાનું બીજ બંધનમુક્ત થવાથી ઊછળે છે તેવી રીતે કર્મબંધનથી મુક્ત થયેલ જીવ મુક્તિ તરફ ગમન કરે છે. જેમ અગ્નિજ્વાલાનો ઉર્ધ્વગમનનો સ્વભાવ છે તેમ નિષ્કર્મી જીવનો ઉર્ધ્વગમનનો સ્વભાવ હોવાથી તે સમશ્રેણી ઋજુગતિ, અન્ય આકાશપ્રદેશનું અવગાહન કર્યા વિના, વિગ્રહ ગતિ રહિત, એક સમય માત્રમાં મોક્ષસ્થાનને પ્રાપ્ત કરી અનંત, અક્ષય, અવ્યાબાધ, અનુપમ સુખોનો ભોક્તા બને છે તે આગમપ્રમાણ જાણવું.

એ પ્રમાણે સાત નય, ચાર નિક્ષેપ, ચાર પ્રમાણ, ઇત્યાદિ અનેક રીતિ વડે નવ તત્વના સ્વરૂપનું સંપૂર્ણ જાણપણું હોવું તે સૂત્રધર્મ છે. વળી, આ સૂત્રધર્મના પેટામાં દ્વાદશાંગી વાણી વગેરે સર્વ જ્ઞાનનો સમાવેશ થાય છે. એ જ્ઞાનનો કોઈ પાર પામી શકે નહિ. પણ તેમાંથી યથાશક્તિ પ્રાપ્ત કરી લેવું એ જ મુમુક્ષુનું કર્તવ્ય છે.

શાસ્ત્રજ્ઞાન અનંત છે, વિદ્યાઓ ઘણી છે પરંતુ મનુષ્યનું આયુષ્ય અલ્પ છે અને વિઘ્નો અનેક છે, માટે જેમ હંસ પાણીને છોડીને દૂધને ગ્રહણ કરે છે તેમ વિવેકી પુરુષે સર્વમાંથી સાર ગ્રહણ કરી લેવો જોઈએ.

શાસ્ત્રજ્ઞાન અનેક શંકાઓનો છેદ કરનાર, મોક્ષમાર્ગદર્શક અને સર્વ જીવોના નેત્રરૂપ છે. શાસ્ત્રજ્ઞાનરૂપ નેત્ર જેમને નથી તે અંધ સમાન છે.

ગાથા :–जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करिन्ति भावेणं ।
अमला असंकिलिट्ठा, ते होन्ति परित्तसंसारी ॥
[ઉત્ત. અ. ૩૬ ગાથા ૨૬૧]

અર્થ--જે ક્લિષ્ટ પરિણામરહિત, નિર્મળ ભાવવાળા હોય છે તે શ્રી જિનવરપ્રણીત વચનમાં અનુરક્ત (પ્રીતિયુક્ત) બને છે. અને જિનવચનની જે આરાધના કરે છે તે સંસારનો પાર પામે છે.

શાસ્ત્રોદ્ધારક બાલ બ્રહ્મચારી ઋષિ સંપ્રદાયાચાર્ય સ્વ. મુનિશ્રી અમોલખઋષિજી મહારાજ વિરચિત 'જૈન તત્વ પ્રકાશ' ગ્રંથના દ્વિતીય ખંડનું "સૂત્રધર્મ" નામક દ્વિતીય પ્રકરણ સમાપ્ત.

પ્રકરણ ત્રીજું

મિથ્યાત્વ.

बुज्झिज्जत्ति तिउट्टिज्जा, बंधणं परिजाणिया !
किमाह बंधणं वीरो, किं वा जाणं तिउट्टई ? !!

(સૂયગડાંગ ૧ શ્રુતસ્કંધ અધ્ય૦ ૧)

અર્થઃ—મનુષ્યે બોધ પ્રાપ્ત કરવો જોઈએ, તથા બંધનનું સ્વરૂપ જાણી તેને તોડવું જોઈએ. શ્રી વીર પ્રભુએ બંધનનું સ્વરૂપ શું બતાવ્યું છે ? અને કેવું જ્ઞાન પ્રાપ્ત કરવાથી જીવ બંધનથી મુક્ત થઈ શકે ?

કર્મબંધનથી આત્માને બચાવવા માટે કર્મબંધનનું મુખ્ય કારણ જે "મિથ્યાત્વ" છે તેનું સ્વરૂપ બતાવે છે.

યોગશાસ્ત્રમાં કહ્યું કે :—

अनित्याशुचि दुःखानात्मसु नित्यशुचि सुखात्मख्यातिरविद्या"
અર્થાત્ અનિત્યને નિત્ય, અશુદ્ધને શુદ્ધ, દુઃખને સુખ અને આત્માને અનાત્મા માનવો તે જ અવિદ્યા (મિથ્યાત્વ) છે.

મિથ્યાત્વના ૩ પ્રકાર છે :

૧. અણાઇયા અપજ્જવસિયા (અનાદિ અનંત): જે મિથ્યાત્વની આદિ પણ નથી અને અંત પણ નથી. અભવ્ય જીવોને એવું મિથ્યાત્વ હોય, તેમ જ અનંત ભવ્ય જીવો પણ એવાં છે,

કે જે અનંતાનંત કાળથી અવકાહિક (અવ્યવહાર રાશિ) નિગોદની રાશિમાં પડેલા છે. તેઓ એકેન્દ્રિય પર્યાયને છોડી હજી સુધી બેઇંદ્રિય પણ થયા નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ. *

૨. અણાઇયા સપજ્જવસિયા (અનાદિ સાંત) : સંસારી જીવો અનાદિ મિથ્યાત્વી હોવાથી જેના મિથ્યાત્વની આદિ તો નથી, પરંતુ કેટલાક ભવ્ય જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાને યોગ્ય હોવાથી મિથ્યાત્વનો અંત કરે છે.

૩. સાઇયા સપજ્જવસિયા–જે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી પછી પડિવાઇ થઈ જાય છે એટલે પુનઃ મિથ્યાત્વી થાય છે, તેનું મિથ્યાત્વ આદિ અને અંત સહિત હોય છે.

મિથ્યાત્વના સ્વરૂપને વિસ્તારથી સમજવા માટે તેના ૨૫ પ્રકાર કહીએ છીએ.

મિથ્યાત્વના પચ્ચીસ પ્રકાર

૧. અભિગ્રહિક મિથ્યાત્વ.

કેટલાક લોકો એમ માને છે કે આપણા ધ્યાનમાં આવે તે જ સાચું, બાકી તમામ ખોટું છે, એવા લોકો, પોતે માનેલી શ્રદ્ધામાંથી રખે પડી જાય એવા વિચારથી, સદ્‌ગુરુનો સમાગમ પણ કરતા નથી. શ્રી જિનેશ્વર ભગવાનની વાણીનું શ્રવણ વાંચન પણ ન કરે.

---

* સંસારમાં જીવો ૩ પ્રકારના છે : ૧. વંધ્યા સ્ત્રી જેવા–કે જે પુરુષનો સંસર્ગ થવા છતાં પુત્રવતી થતી નથી તેવી જ રીતે અભવ્ય જીવો વ્યાવહારિક જ્ઞાનાદિની આરાધના કરી ગ્રૈવેયક સુધી જાય છે, પણ પાછા અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. પણ કદાપિ મોક્ષ પામતા નથી, ૨. વિધવા સ્ત્રી સમાન–વિધવાને પુત્ર પ્રાપ્ત કરવાની યોગ્યતા તો છે, પરંતુ પુરુષના સંયોગના અભાવે પુત્ર પ્રાપ્તિ થતી નથી. જે અવકાહી નિગોદમાં રહેલા ભવ્ય જીવો છે તે તેમાંથી કદી નીકળશે જ નહિ, ગુણ પ્રાપ્ત કરી શકશે નહિ અને મોક્ષ પણ જશે નહિ. તેવી જ રીતે નિગોદમાંથી નીકળેલા અનંત ભવ્ય જીવો એવા છે કે જેઓ સંસારમાં પરિભ્રમણ કરતા જ રહેશે. કદાપિ મોક્ષ પામશે નહિ ૩. સધવા સ્ત્રી સમાન–સધવા સ્ત્રી પુરુષના યોગથી પુત્રપ્રાપ્તિ કરી શકે છે તેવી જ રીતે નિકટભવી ભવ્ય જીવ જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરે છે અને મોક્ષમાં પણ જાય છે.

સત્યાસત્યનો નિર્ણય પણ ન કરે, હઠાગ્રહી બની પોતે માનેલા તથા રૂઢિથી ચાલ્યા આવતા માર્ગમાં મગ્ન રહે. તેવાઓને કોઈ સત્ય ધર્મની સમજણ આપે તો કહે કે, અમારા બાપદાદાનો ધર્મ અમે શી રીતે છોડીએ ? ખરી રીતે તો બાપદાદાની ધર્મ પરંપરાને જેવી રીતે વળગી રહે છે તેવી રીતે સંસારની બીજી બાબતમાં વળગી રહેતો નથી, એમ જરા વિચાર કરતાં તરત જણાશે. જેમકે—બાપદાદા કદી આંધળા, બહેરા, લૂલાં, લંગડા હોય તો આપણે, આંખ, કાન ફોડી, હાથ પગ તોડી તેવા થઈ જવું જોઈએ કે નહિ ? બાપદાદા નિર્ધન હોય અને આપણને ધન પ્રાપ્ત થયું હોય તો તે ધનને ફેંકી દઈ, નિર્ધન બનવું જોઈએ કે નહિ ?

જો સત્ય ધર્મને અંગીકાર કરવામાં બાપદાદાની પરંપરાને ન છોડે તો આ બાબતમાં પણ બાપદાદા જેવા થવું જોઈએ, પણ તેમ તો કોઈ કરતા નથી; ફક્ત ધર્મની બાબતમાં જ બાપદાદાને નાહક વચમાં લાવે છે અને મિથ્યામત–મિથ્યાધર્મનો ત્યાગ કરતા નથી.

કેટલાક વળી એમ કહે છે કે, અમારા ધર્મમાં મોટા મોટા વિદ્વાન, ધનવાન અને સત્તાવાન લોકો છે, તે બધા શું મૂર્ખ છે ? પણ એવો વિચાર ન કરે કે મોટા મોટા વિદ્વાન, ધનવાન અને સત્તાધારી લોકો જાણીબૂઝીને નાદાન બની, બેઆબરૂ બની શરાબ પીએ છે તેનું કેમ ? તે વખતે તેઓ મૂર્ખ નથી તો શું છે ?

ખરી વાત તો એ છે કે, મોહનીય કર્મની શક્તિ ઘણી પ્રબળ છે. એ શક્તિના પ્રતાપથી ખરા ધર્મની પરીક્ષા થઇ શકતી નથી. મોહરૂપી મદિરાના નશામાં બધું વિપરીત ભાસે છે. ચેતન, મોહને વશ થઈ ધર્મના નામે પણ પાપ કરવામાં અતિ આનંદ માને છે.

આત્માને પાપકર્મની પિછાન અનાદિ કાળથી છે તેથી તે વગર શીખવ્યે તેને આવડી જાય છે. જુઓ, બાળકને ગર્ભાશયથી બહાર નીકળતી વખતે તરત રોવાનું અને દુધ પીવાનું તેમ જ મોટા થયા પછી સ્ત્રીની સાથે ક્રીડા કરવાનું કોણ શીખવે છે ? અનાદિ કાળથી આત્મા એવાં કામ અનંતીવાર કરીને આવ્યો છે. એ અનુભવને લીધે તેને વગર

શીખવ્યે એવી વાતો યાદ આવી જાય છે અને કરવા મંડી જાય છે, એવું જાણી હઠાગ્રહી, કદાગ્રહી, દુરાગ્રહી ન બનતાં, તેમ જ ધનવાન્-વિદ્વાન્ તથા સંસારી જનો તરફ ન જોતાં, પોતાના આત્માના શુભાશુભ તરફ નજર કરી, આભિગ્રહિક મિથ્યાત્વ છોડી સત્ય ધર્મમાં પ્રવર્તવું.

૨. અનાભિગ્રહિક મિથ્યાત્વ

કેટલાક લોકો હઠાગ્રહી હોતા નથી, પરંતુ તેઓમાં ધર્મ-અધર્મ, નિજગુણ-પરગુણ અને સત્ય-અસત્ય પારખવાની બુદ્ધિ જ નથી હોતી. જન્મથી સ્વાભાવિક રીતે મૂઢતા હોય છે જેથી સત્ય ધર્મ અને પાખંડીના ધર્મનો નિર્ણય કરી શકતા નથી.

જેમ શીરો વગેરે અનેક રસદાર મિષ્ટાન્નમાં કડછી ફરે ખરી પણ પોતાના જડ સ્વભાવને લીધે સ્વાદની પરીક્ષા ન કરી શકે, તેમ કેટલાક ભોળા પ્રાણીઓ આ જગતમાં ઘણા વખત થયાં હોય છતાં ધર્મ સંબંધી પૂછતાં જવાબ આપે છે કે, "અમારે પક્ષપાતમાં પડવાની શી જરૂર છે? કોઈના ધર્મને ખરાબ શા માટે કહેવા જોઈએ? કોણ જાણે કયો ધર્મ સાચો હશે અને કયો ધર્મ જૂઠો હશે? વધારે વિચાર કરતાં અમને તો એમ લાગે છે કે બધા ધર્મો સરખા છે. કોઈ ખોટો નથી. કારણ કે સર્વ ધર્મમાં મોટા વિદ્વાન, મહાત્મા, પંડિત, ધર્મોપદેશક દેખાય છે, તે સર્વે શું જૂઠા છે? અમે તે કોણ બિચારા કે તેમનાથી વધુ સાચા ગણાઈએ? અમારે તો કોઈ ધર્મના ઝઘડામાં પડવું નથી. અમારે તો સર્વ સરખું અને સાચું છે. સૌના દેવ, ગુરુને પૂજીશું, વંદીશું અને આરાધીશું જેથી અમારો ઉદ્ધાર થાય."

આવી રીતનો વિચાર રાખનારા બિચારા વચમાં જ રહી જશે. ન આ તીરે કે ન પેલે તીરે, એવા ભોળા લોકોએ એટલો તો ખ્યાલ કરવો જોઈએ કે જો બધા ધર્મ એકસરખા છે તો તે સર્વમાં એટલો ભેદ અને અંતર શા માટે પડે છે? સૌ પોતપોતાનો પક્ષ શા માટે તાણે છે? એટલાથી જ સિદ્ધ થાય છે કે બધા ધર્મોમાંથી કોઈ એક ધર્મ સાચો છે.

હવે સાચો ધર્મ કયો છે તે જાણવાની જરૂર પડી છે તો આત્માનુભવથી, દીર્ઘદૃષ્ટિથી, ન્યાયદૃષ્ટિથી અને નિષ્પક્ષપાતપણે વિચાર

કરવો કે : જે એક મહાન અને સર્વમાન્ય વસ્તુને આધારે બધા ધર્મો ચાલે છે, અને જે તે બધા ધર્મવાળાએ ઉત્તમ માની છે તે વસ્તુ સંપૂર્ણ-પણે જેમાં હોય તે ધર્મ સર્વ ધર્મોથી સાચો ગણવો જોઈએ. એવી મહા પવિત્ર, માંગલિક અને વંદનિક વસ્તુ કઈ છે અને તેનું નામ શું છે? એ મહાન વસ્તુનું નામ દયા × છે. अहिंसा परमो धर्मः ॥ એવી ભગવતી દયા માતા જે ધર્મમાં સર્વાંશે વિરાજતી હોય તે ધર્મ સાચો અને બીજા સર્વ કપોળકલ્પિત માનવા.

શંકા –ધર્મની સચ્ચાઇ માટે એક દયાનું નામ લીધું, તો સત્ય, શીલ, સંતોષ, ક્ષમા, વગેરે કેમ ન ગણાય ?

સમાધાન–અહો ભાઇ ! સર્વ ગુણનો એ દયા માતામાં સમાવેશ થઈ જાય છે. દયા અનેક પ્રકારની છે.

(૧) **સ્વદયા**–પોતાના આત્માની સંસાર ભ્રમણામાંથી બચીને દયા પાળવી તે. ખાનપાન, ભોગવિલાસ કરી આત્માને પુદ્ગલાનંદમાં ગરકાવ કરી સુખી થવું તે ખરી સ્વદયા નથી. પુદ્ગળનો આનંદ એ ખરું સુખ નથી; એ તો માત્ર માની લીધેલું સુખ છે. એવા ભોગ-વિલાસમાં રચ્યા પચ્યા રહેવાથી અને પાપપુણ્ય વગેરેના વિચાર વગર જિંદગી પૂર્ણ કરવાથી તેનું પરિણામ મહા દુઃખદાતા થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે ॥ खणमित्तसुक्खा बहुकालदुक्खा खाणी अनत्थाण हु कामभोगा ॥ અર્થાત્–કામ (શબ્દ ને રૂપ) ભોગ (રસ, ગંધ ને સ્પર્શ) અપથ્ય આહારની પેઠે ક્ષણ માત્ર સુખ આપનાર અને અનંતકાળ લગી દુઃખ દેનાર અને મહા અનર્થની ખાણ છે. જે ચીજ કિંચિત્ માત્ર સુખ આપે અને ઘણા વખત લગી દુઃખ આપે, જે ઉપરથી સુખ આપતી લાગે અને અંતે દુઃખના નિવાસરૂપે હોય અને જે ખરા સુખની પ્રાપ્તિમાં અંતરાયરૂપ હોય તેને સુખકારક કેમ કહેવાય ? કદી ન કહેવાય.

શ્લોક—अद्रोहः सर्वभूतेषु, कर्मणा मनसा गिरा ॥
अनुग्रहश्च दानं च, सतां धर्मः सनातन ॥

અર્થ :– મન, વચન અને કાયાથી પ્રાણી માત્રનો દ્રોહ ન કરવો, સર્વ પ્રાણી પર અનુગ્રહ (દયા) રાખવો અને દાન એ જ સનાતન ધર્મ છે.

કહ્યું છે કે " જે સુખની અંદર દુઃખ વસે તે સુખ છે દુઃખ રૂપ " તેથી સ્વદયા તેને સમજવી કે પોતાના આત્માની સાથે જ્ઞાનપૂર્વક વિચાર કરવો કે રે આત્મન્! જો તું હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, વગેરે અઢારે પાપસ્થાનકનું સેવન કરીશ તો આ ભવમાં તો શારીરિક, માનસિક પીડા વગેરેથી પિડાઈશ એટલું જ નહિ પણ પરભવમાં નરક, તિર્યંચ વગેરેની અનંત વેદના પામીશ, એવું સમજી એ પાપકારી કર્મોથી અલગ થા, તો તું થોડા કાળમાં પરમ સુખી થઈશ. એવી સ્વદયા આણી પોતાના આત્માને અકાર્યથી બચાવી લેવો.

(૨) **પરદયા**—પૃથ્વી, પાણી, વગેરે છકાયના જીવોને પોતાના આત્મા સમાન ગણી તેમનું રક્ષણ કરવું. સ્વદયામાં પરદયાની નિયમા છે એટલે સ્વદયા પાળનાર આત્મા પરદયા પાળે છે જ. પણ પરદયામાં સ્વદયાની ભજના છે એટલે પરદયા પાળતો આત્મા સ્વદયા પાળે છે જ એમ ન કહેવાય. સ્વદયા હોય વા ન પણ હોય. એ રીતે એક દયામાં જ સર્વ સદ્‌ગુણોનો સમાવેશ થયો × એવો જે દયામય ધર્મ છે, તે જ સાચો ધર્મ છે, અને તેને જ ગ્રહણ કરો.

(૩) **દ્રવ્યદયા**—જીવોના દ્રવ્ય પ્રાણોને ઈજા કરવી નહિ.

(૪) **ભાવદયા**—જીવોના ભાવપ્રાણો, જ્ઞાન, દર્શન, સુખ, વીર્યને વિઘ્ન થાય એવું કામ કરવું નહિ—અહિંસાભાવ ધારણ કરવો.

(૫) **વ્યવહારદયા**—સાધુ અને શ્રાવકના આચાર ઉપયોગમાં લાવી જીવની રક્ષા કરવી.

(૬) **નિશ્ચયદયા**—કર્મ અગ્રહણરૂપી સંપૂર્ણ સંવર સ્વરૂપ ૧૪ મે ગુણસ્થાને પ્રાપ્ત થાય છે તેની ભાવના ભાવવી.

× अहिंसैव परोधर्मः, शेषास्तु व्रतविस्तराः ॥
यस्यास्तु परिक्षार्थे, पादपस्य यथावृतिः ॥

અર્થ— પરમ ધર્મ અહિંસા વ્રત જ છે, સત્યાદિ વ્રતનો વિસ્તાર તો અહિંસા વ્રતની સર્વ પ્રકારે રક્ષાને માટે જ છે. જેમ ઝાડની સંભાળ માટે વાડ છે તેમ.

ઘણા મહાત્માઓ, નિજ–આત્માની અને પર–આત્માની સર્વથા દયા પણ પાળવામાં સમર્થ, હાલ વિરાજે છે અને એવી જ દયા પાળે છે.

પ્રશ્ન—પંચ મહાવ્રતધારી સાધુ આહાર વિહાર વગેરે અનેક કર્તવ્ય કરે છે તેમાં હિંસા નહિ થતી હોય ?

સમાધાન—આહાર વિહારાદિ કર્તવ્યમાં ઉપયોગ રાખવા છતાં અકસ્માત રીતે હિંસા થાય છે પણ તેથી પાપકર્મનો બંધ થતો નથી.

શ્રી જિનેશ્વર દેવે ફરમાવ્યું છે કે—

जयं चरे, जयं चिटे, जय मासे, जयं सये ॥
जयं भुंजंतो भासंतो, पावकम्मं न बंधई ॥

જતનાથી ઈર્યા સમિતિ સહિત ચાલવાથી, જતનાથી ઊભા રહેવાથી, જતનાથી શયન કરવાથી, જતનાથી ભોજન કરવાથી અને જતનાથી (ભાષા સમિતિ સહિત) બોલવાથી પાપકર્મનો બંધ પડતો નથી. એ ફરમાન પ્રમાણે પંચ મહાવ્રતધારી મુનિઓ સર્વ કામ જતનાપૂર્વક કરે છે તેથી પાપકર્મનો બંધ પડતો નથી, છદ્મસ્થપણાને લીધે યોગથી ચૂકી જતાં હિંસા થાય તો પોતે પશ્ચાતાપ સાથે પ્રાયશ્ચિત્ત (દંડ) લઈને શુદ્ધ થાય છે. આથી કરી મુનિ મહારાજ સર્વથા અહિંસાવ્રતધારી કહેવાય છે.

પ્રશ્ન—સાધુ તો સર્વથા દયા પાળી શકે, પણ અમે તો ગૃહસ્થ છીએ. તેથી અમારાથી એવી સંપૂર્ણ દયા શી રીતે પળે ?

સમાધાન—તમારું કહેવું સત્ય છે. ગૃહસ્થપણાની સ્થિતિમાં સંપૂર્ણ દયા પાળવી ઘણી જ મુશ્કેલ છે. છતાં પોતાનાથી જેટલી પળે તેટલી દયા અવશ્ય પાળવી. અને જે જે હિંસા પોતાથી થાય તેને હિંસા સમજી તેનો પશ્ચાત્તાપ અવશ્ય કરવો. અને ત્યાં લગી દિન-પ્રતિદિન મર્યાદા કરી હિંસા કમી કરવી, હિંસાનો સર્વથા ત્યાગ કરવાના અભિલાષી રહેવું. સર્વથા હિંસા ત્યાગનાર મહા પુરુષોના ગુણ-ગ્રામ કરવા અને અવસર પર પોતે સર્વથા હિંસા છોડી મુનિપદ ધારણ

કરી પોતાને કૃતાર્થ અને ભાગ્યશાળી બનવાની ભાવના ભાવવી. ગૃહસ્થને માટે આ મહાન સાર છે, એવી સમજણ રાખી ભોળા, વિવેકહીન અને ભયભીત ન થતાં સત્યાસત્યનો નિર્ણય કરવો અને અનભિગ્રહિક મિથ્યાત્વનો ત્યાગ કરવો.

૩. આભિનિવેશિક મિથ્યાત્વ

કેટલાક હઠાગ્રહી લોકો પોતાના મનમાં તો પોતાનાં ધર્મ, માન્યતા અને કલ્પનાઓને જૂઠી સમજી જાય છે, પણ માન–મગરુરીને લીધે વેશનો ત્યાગ કરતા નથી; તેમ પોતે ગ્રહેલી હઠનો ત્યાગ ન કરતાં પોતાની વાતને ટકાવી રાખે છે. કોઇ શાસ્ત્ર પારંગત મહાત્મા તેમને ન્યાયપુરઃસર સમજાવે તો ન સમજતાં તેમની સામે અનેક પ્રકારનાં કુતર્કો, ખોટી રચનાઓ, કુહેતુઓ અને કુયુક્તિઓ રચી પોતાના કુમતને સ્થાપે છે, સિદ્ધ કરે છે. પોતે ઉત્સૂત્ર પ્રરૂપણા કરતાં ડરતો નથી. શ્રી જિનેશ્વર પ્રભુનું એક વચન ઉત્થાપતાં તેને લગતાં અનેક વચન ઉત્થાપી નાંખે છે; ઉત્તર ન જડે તો તત્ક્ષણ ક્રોધને વશ થઇ શુભ શિક્ષા દેનાર ગીતાર્થ મહાત્માનો તિરસ્કાર કરે છે. ગુસ્સામાં ને ગુસ્સામાં જે જે શાસ્ત્રાર્થ પોતાના મતને હરકતકર્તા હોય તે તમામ ઉલટાવી દે, સ્વમતિ–કલ્પનાથી ખોટા ખોટા ગ્રંથ, કથા, ચરિત્રમાં પોતાની વાત સ્થાપે છે અને એ રીતે અનંત સંસારની વૃદ્ધિ કરનારા પાપથી ડરતા નથી. ભોળા લોકોને પોતાના મત પ્રમાણે ભરમાવી પવિત્ર અને સાચા સાધુઓની સંગત છોડી, તેવા સાધુઓને દાન–માન–સત્કાર આપવાનું બંધ કરાવી ફૂટેલ નાવની પેઠે ડૂબી પોતાના અનુયાયીઓને ડુબાડી પાતાળમાં લઈ જાય છે.

સત્ય ધર્મની ઇચ્છાવાળા ભવ્યોને આવા ઉત્સૂત્ર પ્રરૂપક, હઠાગ્રહીની ખબર ન પડે ત્યાં સુધી તો લાચાર, પણ જ્યારે ઓળખાણ પડી કે તરત તેની સંગત છોડવી, અને એનો ઉપદેશ સાંભળવો નહિ. પોતાના આત્માનું હિત ચાહનાર સર્વની ખાસ ફરજ છે કે પોતાની માન્યતા ખોટી માલૂમ પડે ત્યારે હઠાગ્રહી, કુતર્કી તેમજ ક્રોધી ન થતાં તરત તે માન્યતાઓનો ત્યાગ કરી જે સત્ય ધર્મ માલૂમ પડે તેનો સ્વીકાર

કરવો અને આભિનિવેશિક મિથ્યાત્વથી નિવૃત્ત થવું. મિથ્યાભાવ, મિથ્યા-વચન અને ખોટી ક્રિયાને કુતર્કથી પોષવી, શાસ્ત્રના અર્થ પોતાની મરજી પ્રમાણે કરી બતાવવા કે જેથી હિંસાનું પોષણ થાય, તે સર્વ આભિનિવેશિક મિથ્યાત્વ છે.

૪. સાંશયિક મિથ્યાત્વ

કેટલાક એવા જૈન ભાઈઓ છે કે, શ્રી વીતરાગ વાણીની કેટલીક ગહન વાતો સમજણમાં ન આવે, અને બીજા ધર્મવાળાથી કે આધુનિક–પાશ્ચાત્ય માન્યતાઓથી વિરુદ્ધ માલૂમ પડે તેથી જૈનમતમા શંકા લાવી કહે છે કે આ વાત સાચી છે એમ શી રીતે માન્યું જાય ? કાં તો શ્રી પ્રભુએ જૂઠું ફરમાવ્યું છે અગર આચાર્યોએ જૂઠું લખ્યું છે, એવી ડામાડોળ સ્થિતિવાળું મન કરે છે. પણ એમ નથી વિચારતા કે સંપૂર્ણપણે દયા પાળનાર અને સત્યને સંપૂર્ણપણે જાણનાર, કેવળ નિઃસ્વાર્થી જિનેશ્વર દેવ જૂઠો ઉપદેશ શા માટે કરે ? શું વીતરાગ પ્રભુને પોતાનો મત ચલાવવાનું અભિમાન હતું ? શું તેમને પક્ષ હતો, કે જેથી જૂઠી પ્રરૂપણા કરે ? સુજ્ઞ વિચારકને શાસ્ત્રની વાત સમજમાં ન આવે તો પોતાની બુદ્ધિની મંદતા સમજવી. શ્રી તીર્થંકર પ્રભુ કે ગીતાર્થ આચાર્યનો જરા પણ દોષ કાઢવો નહિ.

જ્યારે જ્યારે જ્ઞાની આચાર્યનો જોગ મળે ત્યારે ત્યારે શંકા-ઓનું સમાધાન કરવું, છતાં શંકા રહી જાય તો જ્ઞાનાવરણીય તથા દર્શન–મોહનીય કર્મનો ઉદય જાણી કેવળીનાં વચનને સત્ય માનવું. સમુદ્રમાનું પાણી લોટામાં શી રીતે સમાય ?

તે પ્રમાણે અનંતજ્ઞાની મહારાજનાં વચનો અલ્પજ્ઞ અને છદ્મ-સ્થની સમજમાં પૂર્ણપણે ક્યાંથી આવે ? એ પ્રમાણે વિચારણા કરી સાંશયિક મિથ્યાત્વનો ત્યાગ કરવો.

૫. અનાભોગ મિથ્યાત્વ

અનાભોગ મિથ્યાત્વ, અણસમજથી, અજ્ઞાનપણાથી તથા ભોળ-પણાથી લાગે છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી-પંચેન્દ્રિય આ સર્વ જીવોને તો આ મિથ્યાત્વ નિરંતર હોય છે. બેઇન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોને મન ન હોવાથી કોઈ પ્રકારનું ભાન

હોતું નથી, તેથી તેઓ પણ સદૈવ અજ્ઞાની જ રહે છે. આ કારણે તેઓને આ મિથ્યાત્વ સહજ લાગે છે, પરંતુ કોઈ વખતે કોઈ જીવ સમકિતથી પતિત થઈ વિકલેન્દ્રિય કે અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં આવીને ઉત્પન્ન થાય છે તે વખતે તેનામાં સાસ્વાદન સમકિત લાભે છે, તેની સ્થિતિ ૬ આવલિકા ઝાઝેરી છે, તેથી તેમની અપર્યાપ્તાવસ્થામાં આ સમકિત અલ્પ કાળ માટે રહે છે, તે પછી તે નિયમા મિથ્યાત્વી બની જાય છે. આ પ્રકારે આમાં પણ અનાભોગ મિથ્યાત્વ હોય છે.

વળી, ઘણા સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ અસંજ્ઞી જેવા અજ્ઞાન છે. તેઓ બિચારા ધર્મ—અધર્મ તથા તત્વ—અતત્વમાં કંઈ સમજતા જ નથી. આવા અસંખ્યાતા પશુ પક્ષીઓ છે. અને સંખ્યાતા ભોળા મનુષ્યો પણ છે. તેઓ પણ આ જ મિથ્યાત્વે કરી ગ્રસિત થઈ રહ્યાં છે. ઉપર્યુક્ત ૪ મિથ્યાત્વ કરતાં આ પાંચમા મિથ્યાત્વવાળા જીવો વધારે છે.

૬. લૌકિક મિથ્યાત્વ

(૧) આ ભવમાં પુત્ર, પુત્રી, સગાં, સંપત્તિ, વગેરે પૌદ્‌ગલિક સુખની લાલચે ગણપતિ, હનુમાન, મેલડી, પીર, અંબિકા, શીતળા, વગેરે અનેક પ્રકારના દેવો કે જેની પૂજા મિથ્યાત્વી લોકો ઐહિક સુખ માટે કરે છે, તેની પૂજા કરવી તે લૌકિક દેવગત મિથ્યાત્વ. આ દેવોમાંના કોઈ કલ્પિત, કોઈ પૂર્વ કાળમાં થયેલ મનુષ્યને નામે, કોઈ વ્યંતરાદિ દેવ અને કોઈ ચવી ગયેલા દેવ હોય, કુળદેવ કે દેવી પણ અહીં આવી જાય છે.

(૨) લૌકિક ગુરુગત મિથ્યાત્વ —નિશાળના માસ્તર, અગાઉ કળા શીખવવા માટે કળાચાર્ય પાસે છોકરા મોકલતા તે કળાચાર્ય, વડીલો, ગૃહસ્થના વેષમાં ગુરુ તરીકે પ્રખ્યાતિ પામનાર—આ સર્વે લૌકિક ગુરુ કહેવાય છે. તેમના તરફ યોગ્ય વિનયાદિ રાખવા, પણ તેમનામાં મોક્ષ અર્થે ધર્મ બુદ્ધિ રાખવી તે મિથ્યાત્વ છે.

(૩) લૌકિક ધર્મગત મિથ્યાત્વઃ– સ્નાન, લગ્ન, કમાવા માટે જે ધંધો કે નોકરી હોય તેમાં પોતાની યોગ્ય ફરજ બજાવવી, પુત્ર પુત્રાદિનું પાલન વગેરે અનેક સંસારી કાર્યો જે વ્યવહારથી કરવાનાં હોય છે કે શરીરાદિના કારણે કરવાનાં હોય છે તે લૌકિક ધર્મ કહેવાય. તેમાં મોક્ષાર્થે ધર્મ માનવો તે મિથ્યાત્વ. જેમકે મિથ્યાત્વીઓ સ્નાનને ધર્મ માને છે.

ધર્મનું નામ તો રાખ્યું પણ ધર્મનાં કૃત્ય બિલકુલ ન કરે. એકાંત અધર્મનાં કામો કરે અને તેને ધર્મ કરી માને. જેમકે–પૃથ્વીકાયથી ધર્મસ્થાન દેવાલય આદિ બનાવે, નવાણ ખોદાવે, ઈત્યાદિ પૃથ્વીકાયનાં આરંભનાં કામો કરી સ્વર્ગમાં જવાની અભિલાષા રાખે, એ પ્રમાણે જો સ્વર્ગ મળતું હોય તો ચક્રવર્તી મહારાજાઓએ રત્નો વડે ધર્મસ્થાનક કેમ ન બંધાવ્યાં ? શા માટે સંયમ (દીક્ષા) લઇ આત્માને તપાદિ કષ્ટ આપ્યાં ? સંસારનાં કોઈ કામોને મોક્ષાર્થે માનવાં તે લૌકિક ધર્મગત મિથ્યાત્વ છે.

તીર્થસ્થાનમાં નહાવાથી જ પાપનો નાશ થતો હોય તો કડવું તુંબડું તીર્થજળમાં સો વાર સાફ કરતાં મીઠું કેમ થતું નથી ? તુંબડાની કડવાશ ન ગઈ તો સ્નાન કરનારનાં પાપ શી રીતે જશે ? તીર્થસ્થાનના પાણીમાં સ્નાન કરવાથી જ મોક્ષસુખ મળતું હોય તો ત્યાં તે પાણીમાં હંમેશાં રહેનાર માછલાં વગેરે જીવોને પણ મોક્ષસુખ મળવું જોઈએ. વળી, તીર્થસ્થાનમાં રહેવાથી જ પાપનો નાશ થતો હોય તો તે સ્થાનમાં રહેનાર મ્લેચ્છાદિ, પશુ, પક્ષી, સર્વનો મોક્ષ થવો જોઇએ. મોટા મોટા તપસ્વીઓએ મહાઘોર તપશ્ચર્યા કરી તનને શા માટે તપાવ્યું ? અરે ભાઈ ! તીર્થજળમાં અને આપણા ઘરના જળમાં એવી રીતના ફરક છે જ નહિ. પાપી લોકોને તો ગંગા પણ શુદ્ધ કરી શકતી નથી.

શ્લોક–जायंते च म्रियंते जलेष्वेव जलौकसः ।
न गच्छंति ते स्वर्गमविशुद्ध मनोमलः ॥

ગંગાજીમાં રહેનાર જળચળ પ્રાણીઓ તેમાં જ જન્મે છે અને તેમાં જ મરે છે. મનનો મેલ ગયા વિના તેમને પણ સ્વર્ગ મળતું નથી, તો પછી બીજાનું શું કહેવું ?

શ્લોક–चित्तं रागादिभि क्लिष्ट मलिकवचनैर्मुखं ।
जीवहिंसादिभिः कायो गंगा तस्य पराङ्मुखी ।।

રાગદ્વેષ વગેરે દોષોથી જેનું મન, અસત્ય વચન વડે જેનું મુખ અને હિંસાદિ પાપોથી જેની કાયા અપવિત્ર થઇ રહી છે તેનાથી તો ગંગાજી પણ મોં ફેરવીને રહે છે, અર્થાત નારાજ રહે છે અને તેવાને પવિત્ર કરી શકતી નથી,

૭. લોકોત્તર મિથ્યાત્વ

લોકોત્તર મિથ્યાત્વના પણ ૩ ભેદ છે (૧) લોકોત્તર દેવગત મિથ્યાત્વ (૨) લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ (૩) લોકોત્તર ધર્મગત મિથ્યાત્વ.

સ્વલિંગમાં અકેવળી પોતાને કેવળી માને, બીજા તેને પણ તેમ માને તે લોકોત્તર દેવગત મિથ્યાત્વ.

તીર્થંકરનું નામ તથા વેશ ધારણ કરે, પણ તીર્થંકરના લેશમાત્ર ગુણ હોય નહિ (જેમ કે જમાલી). અઢાર દોષથી ભરેલ હોય, એવાને દેવ માને તે લોકોત્તર દેવગત મિથ્યાત્વ. વળી, વીતરાગદેવના નામની માનતા તથા બાધા રાખી આ લોકમાં સુખ, ધન, પુત્ર, નીરોગી કાયા, ઘરની અનેક ઉપાધિનું નિવારણ, વગેરેની ઇચ્છા કરે અથવા તે તે કામોની સિદ્ધિને માટે તીર્થંકર દેવનું સ્મરણ, રટણ, વ્રત વગેરે કરે તેને લોકોત્તર દેવગત મિથ્યાત્વ કહે છે.

જૈન સાધુનું નામ, વેશ તથા ઉપકરણ ધારણ કર્યાં હોય, પણ જેમાં સાધુપણાના ગુણો ન હોય, પાસત્થા (ભ્રષ્ટ સાધુ)નાં પાંચ દૂષણ સહિત હોય, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરહિત હોય,

છકાયના જીવોની ઘાતના આરંભ કરે, એવા સાધુને ગુરુ તરીકે માનવા તેને લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ કહે છે. જૈનધર્મ નિરવદ્ય (પાપથી રહિત) છે. તે ધર્મને આદરવાથી નિરાબાધ અને અક્ષય મોક્ષનાં સુખ મળે છે. છતાં તેવાં ઉત્તમ સુખને છોડી ધર્મનું આચરણ આ લોકનાં સુખો પ્રાપ્ત થાય તેટલા સારું કરે. જેમકે મને પુત્ર થશે તો કનકાવલી તપ કરીશ, હું કરોડપતિ થાઉં તો રોજ બે સામાયિક કરીશ. પાખીના પૌષધવ્રતનું ફળ મને વેપારમાં લાભ થાય તે રીતે મળજો, દુશ્મનને ઘેર નુકસાન થાય તો અઠમ કરીશ, વગેરે. આ રૂઢિ જે પ્રદેશમાં હોય તે અતિશય હાનિકારક છે. તે રૂઢિને ટાળવાનો પ્રયત્ન જરૂર કરવો જ જોઈએ.

અનંત જન્મ મરણના ફેરા જેવું મહાન દુઃખ ટાળી નાંખે એવી સત્તા ધર્મના આચરણની છે. ફળ લેવાને બદલે આ જગતનાં ક્ષણિક સુખો, અશુચિમય સુખો, જે સુખનો ભરોસો નહિ તેવાં સુખો મેળવવા માટે ધર્મકરણી થાય એ તો હીરો આપી પથ્થર લેવા જેવું છે, જૈન ધર્મ પાળનાર વણિકપુત્ર ૧ રૂપિયાનો માલ પંદર આને પણ નહિ વેચે, અને વેચે તો તે મૂર્ખ ગણાય, તો અનંત સુખનું ફળ આપનાર એવા ધર્માચરણનો વેપાર ક્ષણિક સુખના બદલામાં કરે એને સુજ્ઞ જૈન શી રીતે કહેવાય? આમ વિચારી લોકોત્તર ધર્મગત મિથ્યાત્વથી આત્માને બચાવવો.

૮. કુપ્રાવચન મિથ્યાત્વ

કુપ્રાવચન મિથ્યાત્વઃ–તે મિથ્યાત્વના ત્રણ ભેદ છે.× (૧) દેવગત (૨) ગુરુગત અને, (૩) ધર્મગત મિથ્યાત્વ.

× શ્લોક–अदेवे देवबुद्धिर्या, गुरुधीरगुरौ च या ॥
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद् विपर्ययात् ॥

(૧) **દેવગત મિથ્યાત્વ**–જેમનામાં શાસ્ત્રકથિત દેવના જ્ઞાનાદિ ગુણો ન હોય એવા નામધારી દેવોને દેવ કરી માને તે દેવગત મિથ્યાત્વ કહેવાય. કેટલાક મનુષ્યો ચિત્ર, વસ્ત્ર, કાગળ, માટી, પથ્થર, કાષ્ટ, વગેરે સાધનોથી પોતાને હાથે દેવ બનાવી તેને દેવ તરીકે સ્થાપે છે; જે માત્ર જડ છે; જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્રનો બિલકુલ ગુણ નથી, છતાં તેને ધર્મદેવ કહે છે, માને છે, પૂજે છે. કોઇ દેવ પાસે સ્ત્રી હોય છે એ ઉપરથી જણાય છે કે હજી તેઓ કામશત્રુના પરાભવમાંથી બચ્યા નથી, પણ વિષયલુબ્ધ છે. કોઈ દેવે હાથમાં શસ્ત્રો ધારણ કરેલાં હોય છે તેથી શત્રુની હત્યાનું કામ કરવાનું તેમને માટે હજી બાકી લાગે છે. કેટલાક દેવ વાજિંત્ર વગાડે છે; તે જાણે હજી પોતાનાં તથા બીજાનાં મનને ઉદાસ ચિત્તમાંથી વાજિંત્રો વગાડીને પ્રસન્ન કરવા ઈચ્છે છે. કોઈએ માળા ધારણ કરી છે તે પણ અપૂર્ણ છે. ધ્યાનમાં એકાગ્ર ચિત્ત રહી શકતું ન હોવાથી અથવા ગણતરી સ્મૃતિમાં રહેતી ન હોવાથી માળાનું સાધન રાખવું પડ્યું છે. અગર માળા વડે તેનાથી પણ કોઈ અન્ય મોટા દેવનો જાપ કરવા માળા રાખી છે. જે દેવની પાસે બીજા દેવની મૂર્તિ બેસાડી છે તે નિર્બળ છે, તેને હજી બીજાની સહાયની જરૂર છે. અથવા બીજાથી પોતાની શોભામાં વૃદ્ધિ થશે એમ માને છે.

દરરોજ સ્નાન કરે છે, તેનામાં મલિનતા છે. જે માંસભક્ષી છે તે અનાર્ય છે. જે અન્ન, ફળ આદિ સચેત વસ્તુના ભોગી છે તે અવ્રતી છે. જે દેવ પુષ્પ, અત્તર આદિ સૂંઘે છે તે અતૃપ્ત છે. તેની ઇંદ્રિયો નિરંકુશ છે. જે પૂજાના ઇચ્છુક છે તે અભિમાની છે. જે દેવ રુષ્ટ થયે દુઃખ દે છે અને તુષ્ટ થયે સુખ દે છે તે રાગદ્વેષયુક્ત છે. જે દેવો પ્રતિષ્ઠાની ચાહના કરે છે તે ઢોંગી છે, તેણે હજી અભિમાન છોડયું જણાતું નથી. ઈત્યાદિ અનેક દુર્ગુણથી ભરેલ દેવોને દેવબુદ્ધિથી શી રીતે મનાય ? વળી, એ તે દેવ છે કે મનુષ્ય છે કે કોઈ અન્ય ચીજ છે તે પણ એમનાં શાસ્ત્રોથી નિશ્ચય થતો નથી.

દૃષ્ટાંત—કહે છે કે, બ્રહ્મમાંથી માયા ઉત્પન્ન થઈ. માયામાંથી સત્ત્વ, રજ અને તમસ્ એ ત્રણ ગુણ ઉત્પન્ન થયા. વળી, સત્ત્વ ગુણમાંથી વિષ્ણુદેવ, રજોગુણમાંથી બ્રહ્મદેવ અને તમોગુણમાંથી શંકરદેવ પેદા થયા. હવે તે પર વિચાર કરીએ. બ્રહ્મ છે તે ચેતન છે, માયા છે તે જડ છે, તો ચેતનમાંથી જડ શી રીતે સંભવે ?

વળી, એ જડ માયામાંથી ત્રણ ગુણ અને ત્રણ ગુણમાંથી ત્રણ ચેતનદેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, તો એ પણ શી રીતે બને ? કેમકે ગુણીમાંથી ગુણ ઊપજે પણ ગુણમાંથી ગુણી કેવી રીતે થાય ? માટીમાંથી ઘડો બને પણ ઘડામાંથી માટી રીતે શી બને ? કોઈની નિંદા અર્થે આ વાત કહેવામાં આવતી નથી, પણ સત્ય વિચારણા કરવા સારુ દર્શાવી છે. સત્ય બતાવવું તે કંઈ નિંદા નથી.

વળી, દેવના ૨૪ અવતારમાંથી કેટલાક પૂર્ણ અવતાર અને કેટલાક અંશ અવતાર જણાવે છે. એ પણ વાત નવાઈ જેવી છે. ઈશ્વરનો પૂર્ણ અવતાર થવા ટાણે, સર્વ બ્રહ્મનો પૂર્ણપણે તે અવતારમાં સમાવેશ થયો, તો બીજે ઠેકાણે બ્રહ્મનો અભાવ થતાં સર્વ જગત શૂન્યરૂપ થયું. હવે અંશ અવતાર ઈશ્વરે ધારણ કર્યો, છતાં ઈશ્વરને તો સર્વ જગતમાં વ્યાપક માનો છો, તો સર્વ જગતના જીવો અને ઈશ્વરમાં ફેર શો ? સૌ એકસરખા થયા, ઇત્યાદિ કુપ્રાવચન શાસ્ત્રોમાં દેવ વિશેની ઘણી બાબતો છે, તેમાંની કેટલીક જૈન બંધુઓને સમજવા માટે અહીં ચર્ચી છે, માટે એવા દેવોને દેવ તરીકે માનવા નહિ એ હેતુ છે.

વળી, કેટલાક જૈન ભાઈઓ પણ સુરેંદ્ર, નરેંદ્રના વંદનિક, પૂજનિક, એવા પરમ પૂજ્ય શ્રી અરિહંત તીર્થંકર દેવનું શરણ મૂકી, જે દેવો, નાચ-ગાયન-કુતૂહલ-છળકપટ-પરસ્ત્રીગમન અને પુત્રીગમન કરનારા છે, સાત મહા દુર્વ્યસન સેવે છે, જેમના મકાનમાં નજર આગળ બિચારાં નિરપરાધી પાડા, બકરાં, કૂકડાં, ઘેટાં, વગેરે અનાથ જીવો કપાય છે,

લોહીની નીક વહે છે તથા માંસના ઢગલા થાય છે; જેઓ મદિરાપાન પસંદ કરે છે, ઇત્યાદિ અનેક અનર્થના મૂળરૂપ છે, તેને માને છે, તેમનાં મંદિર–મકાન–આશ્રમમાં જાય છે, ત્યાં અનેક જાતનાં ભોજન–ખાનપાન નીપજાવી પોતે ખાય છે અને દેવને તથા દેવના આશ્રિતોને ખવરાવે છે. અનેક રીતે મદદ કરે છે અને જૈનધર્મી છતાં તેવા દેવોના અનુગ્રહથી ધન, પુત્ર, નિરોગીપણું, શત્રુક્ષય વગેરેની વાસના પૂર્ણ થવાનું માને છે, સાષ્ટાંગ દંડવત્ નમસ્કાર કરે છે, પોતે ડરે છે અને બીજાને પણ ડરાવે છે; અને ભોગ પણ ધરે છે.

એમ નથી વિચારતા કે, દેવતાની માનતા કરવાથી જ જો પુત્ર થતો હોય તો કોઇ પણ સ્ત્રીને પરણાવવાની જરૂર જ શા માટે પડે? તેમ જ વિધવા અને વંધ્યા સ્ત્રીઓ પુત્રવતી શા માટે થતી નથી? વળી, જે દેવ પોતાના ભક્ત પાસેની વસ્તુ ઉપર તૃપ્ત થાય છે તે ભક્તને શું દેશે? જો બીજાની ઇચ્છા પૂર્ણ કરે એવી શક્તિ એનામાં હોય તો તેમના ચરિત્રમાં જણાવ્યા પ્રમાણે તેઓ શા માટે દુઃખી થયા? હે ભોળા ભાઈઓ! એવું જાણી આ લૌકિક દેવગત મિથ્યાત્વનો ત્યાગ કરો અને નિઃસ્વાર્થી, નિર્માની, નિષ્કપટી, જરા પણ લાલચ વિનાના સર્વ ગુણસંપન્ન દેવને શુદ્ધ ચિત્તે ભજો.

(૨) ગુરુગત કુપ્રાવચન મિથ્યાત્વ—ગુરુ (સાધુ)નું નામ તો તારવ્યું પણ જેમાં ગુરુનાં લક્ષણ છે નહિ એવા જોગી, સંન્યાસી, ફકીર, બાવા, સાંઇ, પાદરી, વગેરે અનેક નામ ધારણ કરનારા જેઓ હિંસા કરે છે, જૂઠું બોલે છે, ચોરી કરે છે, સ્ત્રી વગેરેનું સેવન કરે છે, ધન વગેરે પરિગ્રહ રાખે છે, રાત્રિભોજન કરે છે, કંદમૂળ આરોગે છે, ગાંજો, ભાંગ, અફીણ, ચરસ, તમાકુ વગેરે પીવાની ધૂનમાં મચ્યા રહે છે; તિલક, માળા, તેલ, અત્તર, વસ્ત્ર, ભૂષણ, વગેરેથી શરીરને શણગારે છે, રંગબેરંગી કપડાં પહેરે છે, જટા વધારે છે, ભભૂત (ભસ્મ) લગાવે છે, નાગા રહે છે, અરે! મદ્ય માંસનું પણ ભક્ષણ કરે છે,

ઈત્યાદિ અનેક રૂપે પાખંડ કરી પેટભરાઇ કરી * ફરતા ફરે. એવાને માને પૂજે તેને ગુરુગત મિથ્યાત્વ કહે છે.

આ સ્થળે જૈન મતમાં દર્શાવેલા પાંચ સમવાય જાણવાની ખાસ જરૂર છે. એ પાંચ સમવાય જાણવાથી, ૩૬૩ પાખંડીઓના મતનું સ્વરૂપ લક્ષમાં આવતાં કુગુરુ વિષેનું ખરું જાણપણું થશે.

૩૬૩ પાખંડમત

પાંચ સમવાયનું સ્વરૂપ

પાંચ સમવાયનાં નામ-(૧) કાળવાદી, (૨) સ્વભાવવાદી, (૩) (૩) નિયતિ-ભવિતવ્ય-(હોનહાર વાદી), (૪) કર્મવાદી. (૫) ઉદ્યમવાદી. એકાંતવાદના (મતના) સ્થાપક ઉપર્યુક્ત પાંચ પ્રકારના હોય છે. હવે તે પાંચનું સ્વરૂપ કહે છે.

૧. **કાળવાદી**—આ જગતમાંના સર્વ પદાર્થો કાળના કબજામાં છે. એટલે સર્વ પદાર્થો પર કાળનું અધિપતિપણું છે. કાળ સૌનો કર્તા—ભર્તા—હર્તા છે. સ્ત્રી ગર્ભાધાન વિષે વિચાર કરીએ તો યોગ્ય ઉંમરનાં સ્ત્રી પુરુષના સંયોગથી સ્ત્રીને વિષે ગર્ભ ધારણ થાય

---

* પાખંડી ગુરુને માટે કહ્યું છે કે :

શ્લોક=धर्मध्वजी, सदा लुब्धश्छाद्मिको लोकदम्भकः
वैडालव्रत्तिको ज्ञेयो, हिंस्त्रःसर्वाभिसंधकः ॥
अधोदृष्टि र्नैकृतिकः स्वार्थसाधनतत्परः
शठो मिथ्याविनीतश्च, बकवृत्तिचरो द्विजः ॥

[મનુસ્મૃતિ અધ્યાય ૪]

અર્થ-ધર્મના નામથી લોકોને ઠગે, સદા લોભી, કપટી, લોકમાં પોતાની બડાઈ કરનાર, હિંસક, વૈર (ઈર્ષા) રાખે, થોડાં ગુણોવાળો છતાં બહુ જ અભિમાન કરે, ખોટું કરીને પોતાનો સ્વાર્થ સાધે, પોતાનો પક્ષ ખોટો જાણે તો પણ હઠ છોડે નહીં, જૂઠા સોગન ખાય, ઉપરથી ઉજ્જ્વલ અને અંદરથી મેલા એ પ્રમાણે બગલા જેવા ચિત્તવાળા એટલાં લક્ષણવાળાને પાખંડી દ્વિજ કહેવો.

છે, સ્ત્રી વૃદ્ધ થયા પછી પુરુષનો સંયોગ થયા છતાં ગર્ભધારણ-ક્રિયા બંધ થાય છે. ગર્ભમાં અવતાર ધારણ કરનાર જીવ ગર્ભાશયમાં યોગ્ય સમય સુધી પાકે તે પછી જ બાળકરૂપે પ્રસવે છે. એ બાળક પણ યોગ્ય ઉંમરનો થશે, ત્યારે ચાલવા, સમજવા માંડશે અને વિદ્યાભ્યાસ કરશે; યુવાન વય થતાં ઇંદ્રિયોના વિષયની વિશેષ સમજણ પડશે. વૃદ્ધ અવસ્થા થતાં કેશ ધોળા થશે, દાંત ખરી પડશે, શક્તિ મંદ પડશે, એમ કરતાં કાળ પૂર્ણ થશે ત્યારે મૃત્યુને વશ થશે.

એ પ્રમાણે માણસો ઉપર જેમ કાળની સત્તા છે તેમ સ્થાવર જીવો ઉપર પણ છે. વનસ્પતિને તેનો કાળ પરિપક્વ થાય ત્યારે જ અંકુર ફૂટે છે, પાંદડાં આવે છે, ફળફૂલ લાગે છે, બીજ રસ પ્રગટે છે, અને કાળ પૂર્ણ થતાં સડી-બગડી સુકાઇ જાય છે.

સર્વ દુનિયા કાળને આધારે જ ચાલે છે. સૂર્ય, ચંદ્ર, વગેરે પોતાના વખત પ્રમાણે ઊગે-આથમે છે, રાત્રિદિવસ થાય છે. શીત-કાળમાં ઠંડક, ઉષ્ણકાળમાં ગરમી અને ચોમાસામાં વરસાદ એ પણ કાળ પ્રમાણે જ પડે છે, કાળ પ્રમાણે ન પડે તો એ જ ઠંડી-ગરમી અને વરસાદ રોગાદિ અનેક ઉપદ્રવ ઉત્પન્ન કરે છે. સુખમ સુખમ આદિ છ આરાની અવસર્પિણી પણ કાળ પ્રમાણે જ પ્રવર્તે છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, કેવળી, સાધુ, શ્રાવક, એ પણ યોગ્ય કાળમાં ઉત્પન્ન થાય છે અને યોગ્યકાળે વિચ્છેદ પામે છે. વર્ણ, રસ, ગંધ, વગેરે પણ કાળને વશ છે, વિશેષ શું કહીએ !

સંસાર પરિભ્રમણ કરવાનું કે પરિતસંસારી બની મોક્ષ પ્રાપ્ત થવાનું પણ કાળને આધીન છે. કાળનો પૂર્ણ પરિપાક થતાં મોક્ષ થાય છે.

એ પ્રમાણે પોતાના મતને પ્રતિપાદન કરનારો કાળવાદી કહે છે કે સર્વમાં શ્રેષ્ઠ કાળ જ છે. માટે સર્વ કાળને જ કર્તા માનો. એકાંતકાળવાદી મિથ્યાત્વી છે પણ કાળને બીજા સમવાય સાથે મેળવે તો સ્યાદ્વાદી સમકિતી છે.

૨. **સ્વભાવવાદી**—જે કંઈ થાય છે તે સ્વભાવથી જ થાય છે. જો યોગ્ય કાળે કાર્ય બનતાં હોય તો સ્ત્રી જુવાન વયની થયા છતાં તેને દાઢી મૂછ શા માટે નથી આવતાં ? વંધ્યા સ્ત્રીને સંતાનપ્રાપ્તિ કેમ થતી નથી ? હથેળીમાં વાળ શા માટે ઊગતા નથી ? જીભમાં હાડકાં કેમ નથી ?

વનસ્પતિમાં પણ અનેક જાત છે. દરેક વનસ્પતિને તેના સ્વભાવ પ્રમાણે જ રસ પ્રગટે છે. કાળનો પરિપાક થવા છતાં કેટલાંક વનસ્પતિને ફળ થતાં જ નથી. એ પ્રમાણે માછલાં વગેરે જળચર પ્રાણીઓનો જળમાં રહેવાનો, પક્ષીઓનો આકાશમાં ઊડવાનો અને ઊંદર, ઘો, સર્પ, વગેરેનો ભૂમિમાં રહેવાનો સ્વભાવ છે. કાંટાની તીક્ષ્ણતા, હંસનું સરળપણું, બગલાનું કપટીપણું, મોરની રંગબેરંગી પાંખ, કોયલનો મધુર સ્વર, કાગડાની કઠોર વાણી, સર્પના મોંમાં પ્રાણહર વિષ, સર્પની મણિમાં વિષહરણ ગુણ, પૃથ્વીની કઠણાશ, પાણીનું પ્રવાહીપણું અને ઠંડક, અગ્નિની ઉષ્ણતા, હવાની ચપળતા, સિંહનું સાહસિકપણું, શિયાળની લુચ્ચાઈ, અફીણની કડવાશ, શેરડીની મીઠાશ, પથ્થરનું પાણીમાં ડૂબવાપણું, લાકડાનો પાણીમાં તરવાનો ગુણ, કાન સાંભળે, આંખ દેખે, નાક સૂંઘે, જીભ રસાસ્વાદ લે. કાયાનો સ્પર્શનો ગુણ, મનનું ચપળપણું, પગથી ચાલવું, હાથથી કામ કરવું, સૂર્યનું તેજ, ચંદ્રની શીતળતા, નરકમાં દુઃખ, દેવગતિમાં સુખ, સિદ્ધનું અરૂપીપણું, ધર્માસ્તિકાયનો ચલણ સહાય ગુણ, અધર્માસ્તિકાયનો સ્થિરસહાય ગુણ, આકાશનો વિકાસ ગુણ, કાળનો વર્તના ગુણ, જીવનો ઉપયોગ ગુણ, પુદ્ગળનો પુરણ ગલન ગુણ, ભવ્યનું મોક્ષ, ગમન, અભવ્યનું અનંત સંસાર-પરિભ્રમણ, ઈત્યાદિ વસ્તુ કોણ બનાવે છે ? કોઈ જ નહિ.

માત્ર સ્વભાવથી જ બધું થાય છે સ્વભાવથી જ રહે છે અને સ્વભાવે જ જાય છે. એ રીતે સ્વભાવવાદી કહે છે કે, મારો મત સાચો છે, માટે બીજું બધું છોડી માત્ર સ્વભાવને જ સાચો માનો (આવું એકાંતે માનનાર મિથ્યાત્વી છે, પણ સ્વભાવને બીજા સમવાય સામે જોડીને સ્યાદવાદ માને તે સમકિતી છે.)

૩. **નિયતિવાદી**—નિયતિવાદી બોલ્યો કે, અરે ! કાળવાદી અને સ્વભાવવાદી ! તમે બંને જૂઠા છો, તમારાથી કંઈ પણ બનતું

નથી. જેમ બનનાર હોય તેમ જ બધાં જ કામો બન્યા કરે છે. જુઓ, વસંત ઋતુમાં આંબાના ઝાડને પાર વગરનો મોર આવે છે, છતાં મોર પ્રમાણે ફળો થતાં નથી. ખરવાનો હોય તે મોર ખરી જાય છે. અને જેટલી કેરી લાગવાની હતી તેટલી જ કેરી લાગે છે. ગમે તેટલા યત્ન કરો પણ બનનાર વાત કોઈ રીતે મિથ્યા થતી નથી. મંદોદરી સતીએ અને વિભીષણે સીતાજીને સોંપી દેવા માટે રાવણને ઘણો જ સમજાવ્યો પણ એનું મોત આવવાનું હતું તેથી પોતાના ચક્રથી જ પોતે માર્યો ગયો. દ્વારકા બળી જશે એવું શ્રી કૃષ્ણ જાણતા હતા, પ્રયત્ન પણ ઘણો કર્યો. છતાં કૃષ્ણના દેખતાં જ દ્વારકા બળવાની હતી તેથી બળી ગઈ; પરશુરામે પોતાના પરશુ (કુહાડી)થી લાખો ક્ષત્રિયોને માર્યા, પણ એમનું મોત આવ્યું ત્યારે સુભૂમ ચક્રવર્તીના હાથથી તેનું મોત થયું.

વળી એક ખાસ દૃષ્ટાંત આપું છું, તેથી મારો મત તમોને પૂર્ણ સાચો લાગશે.

એક વખત એક ઝાડ પર હોલો ને હોલી બેઠાં હતાં. એમને મારવા માટે શિકારીએ તેના ઉપર પોતાના શકરા (બાજ પક્ષી)ને છોડી મેલ્યો, અને નીચેથી પોતે બાણ તાકવા લાગ્યો. દેવયોગે એક સર્પ ત્યાંથી નીકળી પારધિના પગમાં ડંખ માર્યો, તેથી તેના હાથમાંનું બાણ છૂટી ગયું અને પોતાના જ શકરાને વાગ્યું. તેથી શકરો મરી ગયો. અને નીચે પોતે પણ મરી ગયો અને પેલું પક્ષીનું જોડું સહીસલામત બચી ગયું !

જુઓ ભાઈઓ ! નસીબનો જોગ કેટલો બળવાન છે? મોટાં ખૂનખાર ને ભયંકર યુદ્ધોમાં અતિ વિષમ ઘા વાગવાથી સખત ઘાયલ થયેલ લડવૈયો, અને પ્લેગ જેવી ભયંકર બીમારીમાં કેવળ મૃત્યુ તુલ્ય અને ભોંયે લીધેલાં મનુષ્યો પણ હોનહારના પ્રતાપે બચી જઈ ઘણાં વર્ષો લગી જીવે છે. દરિયાના ભરતોફાનમાં મોટી મોટી સ્ટીમરો ગરક થાય છે ત્યારે, મોટાં શહેરમાં જબરી આગ લાગે છે ત્યારે, ધરતીકંપ-જ્વાળામુખીના વિકટ પ્રસંગોમાં, અને અકસ્માત મોટાં મકાનો જમીનદોસ્ત થાય છે ત્યારે, જે કેટલાંક નાનાંમોટાં માણસો

કોઈ અણધારેલા બનાવને વખતે અણિશુદ્ધ અને સલામત રહે છે તે પણ આ નિયતિ–હોનહારનો જ પ્રતાપ છે.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, નિયતિ જ સત્ય છે અને બધાંને છોડી તેને જ માનવું. (આવી રીતે) એકાંતિક નિયતવાદી મિથ્યાત્વી છે પણ નિયતિનો બીજા સમવાય સાથે યોગ્ય રીતે સમન્વય કરનાર સમકિતી છે.

૪. **કર્મવાદી**–કર્મવાદી એ ત્રણેને (કાળ, સ્વભાવ, નિયતને) જૂઠા કહીને કહે છે કે, ત્રણથી કાંઈ જ થતું નથી, પણ પોતાનાં કરેલાં કર્મોનાં ફળ પ્રમાણે જ બધું થાય છે. જેવું કર્મ કર્યું હોય તેવાં જ તેનાં ફળ મળે; કરણી તેવાં ફળ, વાવે તેવું લણે, કરે તેવું પામે.

એ બધી વાતો સાવ સાચી છે. આ જગતમાં પંડિત, મૂર્ખ, શ્રીમંત, દરિદ્રી, સ્વરૂપવાન, કુરૂપવાન, નીરોગી, રોગી, ક્રોધી, ક્ષમાશીલ, વગેરે જે જે દેખાય છે એ સર્વ પોતપોતાનાં કર્મને લીધે જ છે. જગતમાં દેખાતાં માણસો સૌ એકસરખા લાગે છે પણ તેમાં એક માણસ પાલખીમાં બેસે છે અને બીજા માણસો ઉપાડે છે, એક ઇચ્છિત ભોજન ખાય છે, અને એકને લૂખો, સૂકો જુવારનો રોટલો પણ મળતો નથી. કોઈ દેખતો તો કોઈ આંધળો, કોઈ સ્પષ્ટવક્તા તો કોઈ મૂંગો, કોઈ રાજા, કોઈ રંક, કોઈ શેઠ, તો કોઈ નોકર, એ વગેરે તમામ કર્મની વિચિત્રતા છે.

કર્મોના પ્રતાપે શ્રી આદિનાથ ભગવાનને બાર મહિના લગી અન્ન–જળ ન મળ્યું, શ્રી મહાવીર સ્વામીના કાનમાં ખીલા ઠોકાણા, પગ પર ખીર રંધાણી, ગોવાળિયાએ માર્યા, એ પ્રમાણે અનેક કષ્ટો-ઉપસર્ગો સાડાબાર વર્ષ ને એક પખવાડિયા લગી પડયાં. સગર નામે ચક્રવર્તીના સાઠ હજાર પુત્રો એકસાથે મરી ગયા, સનતકુમાર ચક્રવર્તીના શરીરમાં ૭૦૦ વર્ષ લગી કોઢ રોગ રહ્યો, રામ લક્ષ્મણ વનમાં વસ્યા, સીતાજી પર કલંક આવ્યું. લંકા અગ્નિમાં બળી, કૃષ્ણ વાસુદેવને જન્મતી વખતે આનંદ મંગળનાં ગીત ગાનાર અને મરતી વખતે કોઈ

આશ્વાસન દેનાર કે રોનાર ન રહ્યું, એવી એવી વિટંબણા ઉત્તમ પુરુષોને પડી, તો બીજાનું તો શું ગજું !

એ કર્મો જ જીવને એકેંદ્રિય, નરક વગેરે નીચ ગતિમાં અને મનુષ્ય–સ્વર્ગ વગેરે ઊંચ ગતિમાં લઈ જાય છે. વિશેષ શું કહું ?

એ કર્મ દૂર થાય ત્યારે જ મોક્ષ પ્રાપ્ત થાય છે. કર્મવાદી બોલ્યો કે, માટે જ કર્મ મહા બળવાન છે અને "કર્મવાદી"નો–મારો મત જ સાચો છે. (કર્મવાદની સાથે પુરુષાર્થ અને બાકીના ૪ સમવાયો જોડવાથી જ સ્યાદ્‌વાદ પ્રરૂપણા થાય છે. દાખલા તરીકે, એક જીવનો મોક્ષ થયો તેમાં પાંચે સમવાય આવે છે. ૧. સર્વ કર્મ અલગ થયાં, ૨. પુરુષાર્થથી સર્વ કર્મ બંધનો અલગ કર્યા. ૩. મોક્ષનો સમય પણ કાળનો જ પર્યાય છે. ૪. ભવી હોય તે જ મોક્ષની સાધના કરી શકે, કારણ કે તેનો સ્વભાવ તેવો છે. ૫. જીવનો તે વખતે મોક્ષ થવાનો હતો એટલે કે મોક્ષની સાધનામાં તે વખતે તેનો નંબર લાગ્યો અને તે કેવળી ભગવાનના જ્ઞાનમાં પણ તેમ જ હતું. લોક–સ્વભાવની વર્તનામાં તેનો વારો આવ્યો. આવી રીતે પાંચે સમવાય સાથે રહે છે.)

કર્મવાદી મતને બદલે કોઈ આ જગાએ ચોથો ઈશ્વરવાદી મત સ્થાપે છે. જે કંઈ થાય તે ઈશ્વરથી જ થાય છે, અને તે જ કર્તા છે. ઈશ્વરના હુકમ વિના એક પાંદડું પણ હાલી શકતું નથી. સુખદુઃખ, સ્વર્ગનરક, સર્વે આપનાર અને સર્વ કાર્યનો માલિક–કર્તા ઈશ્વર જ છે. ઈશ્વર=જેને ઐશ્વર્ય છે તે ઈશ્વર. ઐશ્વર્ય=સિદ્ધિ. તે ૧૦ બાહ્યપ્રાણ રૂપી બાહ્યસિદ્ધિ અને ૪ ભાવ પ્રાણરૂપી ભાવ સિદ્ધિ એટલે ઈશ્વરનો અર્થ જીવ થયો. જીવ પોતપોતાનાં કર્મ અને ભાવનો કર્તા અને ભોક્તા છે તેથી પોતપોતાની સૃષ્ટિનો કર્તા અને ભોક્તા છે. આવો અર્થ કરવાને બદલે મિથ્યાત્વીઓ ઈશ્વરને બીજી રીતે માને છે તે સર્વથા મિથ્યાત્વ છે.

૫. ઉદ્યમવાદી–ઉદ્યમથી જ તમામ બને છે અને કાળ, સ્વભાવ, નિયતિ અને કર્મથી કંઈ થતું નથી, એમ ઉદ્યમવાદી જણાવે

છે. તે કહે છે કે, કર્મ તો નિર્બળ છે, જડ છે. તેનાથી કંઇ થતું નથી. જુઓ પુરુષની ૭૨ કળા, સ્ત્રીની ૬૪ કળા ઉદ્યમ કરવાથી આવડે છે. ઘોડો, પોપટ, વાંદરો, કૂતરો, હાથી, વગેરે પશુ હોવા છતાં ઉદ્યમ કરવાથી અનેક કળા શીખી જાય છે. મહેલ, મકાન, વસ્ત્રાભૂષણ, વાસણ, પકવાન્ન સર્વે ઉદ્યમથી જ તૈયાર થાય છે અને ઉદ્યમ વડે જ ભોગવી શકાય છે. માટીમાંથી સોનું, દરિયાની છીપમાંથી મોતી અને પથ્થરમાંથી હીરા પણ ઉદ્યમ વડે જ નીકળે છે. ઉદરપોષણ પણ ઉદ્યમ કરવાથી જ થાય છે. બિલાડી ઉદ્યમ કરે છે તો જ દૂધ અને મલાઇ ખાય છે. દેશ પરદેશ અનેક જાતના ધંધા કરે છે તો જ માણસો ગુજરાન ચલાવે છે. મધમાખીઓ મધ, કરોળિયાઓ જાળ અને પક્ષીઓ પોતાના માળા ઉદ્યમથી જ બનાવે છે.

નિરુદ્યમી મનુષ્ય, નિરુદ્યમી કીડી અને નિરુદ્યમી પંખી ભૂખે મરે છે. ઉદ્યમથી જ શ્રી રામચંદ્રજી સીતાજીની ખબર મેળવી શક્યા અને તેમને લઈને આવ્યા. ઉદ્યમથી જ લક્ષ્મણે રાવણને માર્યો, ઉદ્યમ કરીને દ્રૌપદીને કૃષ્ણ લઈ આવ્યા. શ્રી. કેશી સ્વામીએ ઉદ્યમ કર્યો તો જ પરદેશી રાજા સ્વર્ગમાં ગયો. વિશેષ શું કહું ?

સાચા મનથી ઉદ્યમ કરે તો એ ઉદ્યમના પ્રતાપે સ્વલ્પ કાળમાં અજરામર અક્ષય સુખનો ભોક્તા થાય. (ઉદ્યમવાદની સાથે સમકિત છે.)

એ પ્રમાણે પાંચ સમવાયનો વિવાદ અનાદિ કાળથી ચાલી રહ્યો છે. એ પાંચે, પોતપોતાની એક એક બાબતને ગ્રહણ કરી પોતાનો પક્ષ તાણે છે અને બીજા પક્ષને ખોટો કહે છે. તેટલા માટે એ પાંચે એકાંતવાદી કુપ્રાવચન ધર્મગત મિથ્યાત્વી છે, એ પાંચ પોતપોતાના પક્ષ છોડી એકત્ર થઈ જાય તો ન્યાય પક્ષ આવે છે અને સમદૃષ્ટિ થાય છે. તે ઉપર એક દૃષ્ટાંતઃ

એક ઠેકાણે પાંચ આંધળા બેઠા હતા. તેવામાં ત્યાં એક હાથી નીકળ્યો. પાંચે આંધળા હાથી પાસે જઇ તેના એકેક અંગ પર હાથ

ફેરવી પોતપોતાને ઠેકાણે જઇ બેઠા અને હાથીના રૂપની અંદરોઅંદર પુછગાછ કરવા મંડયા. એકે કહ્યું, હાથી થાંભલા જેવો છે. બીજો કહે, નહિ, હાથી અંગરખાની બાંય જેવો છે. ત્રીજો કહે, સૂપડા જેવો છે. ચોથો બોલ્યો, સાવરણી જેવો છે. અને પાંચમો બોલ્યો કે ચબૂતરા (ઓટા) જેવો છે, એમ કહી એકબીજા લડવા મંડયા. એક કહે, હું સાચો અને તમે બધા ખોટાં, બીજો કહે, હું કહું છું તેમ જ હાથી છે, તમે બધા આંધળા છો.

એ જોઇ એક દેખતા માણસે કહ્યું કે, તમે એકેક કહો છો તેટલું જ જો મનાય તો તમે સર્વે ખોટા છો, પણ સૌનો મત ભેગો કરીએ તો સાચા છો. જે થાંભલા જેવો કહે છે તે હાથીના પગ છે. અંગરખાની બાંય જેવી હાથીની સૂંઢ છે. સૂપડા જેવા કાન છે. સાવરણી જેવી પુંછડી છે. અને ચબૂતરા જેવી પીઠ છે. એમ પાંચેના મતને એકત્ર કરવાથી હાથી થાય છે.

એ પ્રમાણે પોતપોતાના એકાંત મત સ્થાપનાર પક્ષગ્રાહીઓને મિથ્યાત્વી કહે છે. એ પાંચ સમવાયના સંયોગથી વિવિધ પ્રકારના પાખંડીઓનાં ૩૬૩ મત થાય છે તે જણાવે છે. પાખંડી મતના મૂળ ચાર પ્રકાર છે. (૧) ક્રિયાવાદી, (૨) અક્રિયાવાદી, (૩) અજ્ઞાનવાદી, અને, (૪) વિનયવાદી.

૧. ક્રિયાવાદીના ૧૮૦ પ્રકારના મત થાય છે. કાળ, સ્વભાવ, નિયત, કર્મ, અને ઉદ્યમ એ પાંચ સમવાયને સ્વ આત્મા અને પર આત્મા ઉપર લગાડતાં દસ ભેદ થયા. એ દસ ઉપર શાશ્વત અને અશાશ્વત એ બોલ લગાડતાં વીસ ભેદ થયા. નવે તત્ત્વ ઉપર એ સર્વ બોલ લગાડતાં કુલ ૧૮૦ ભેદ ક્રિયાવાદીના થયા.

૫×૨×૨×૯=૧૮૦ ભેદ કુલ છે. ક્રિયાવાદીનો એવો મત છે કે, જીવને પાપ-પુણ્યરૂપ ક્રિયા લાગે છે, અને તેથી આ લોક અને પર-લોકને તે સ્વીકારે છે. ક્રિયાવાદી હંમેશાં ક્રિયાનાં જ વખાણ કરે છે. અને એકાંતપણે ક્રિયાને જ સ્થાપી, જ્ઞાન, દર્શન વગેરેનું ઉત્થાપન કરે

છે. પણ એણે એટલો વિચાર કરવો જોઈએ કે, સત્ય જ્ઞાન વિના ક્રિયાનું સ્વરૂપ શી રીતે જાણવામાં આવશે ? જ્ઞાન વિના ક્રિયા શૂન્ય છે. જ્ઞાન એકલું પાંગળું અને ક્રિયા એકલી આંધળી છે. એ બન્ને સંયોગ મળશે તો જ ધાર્યા કામની સિદ્ધિ થશે.

દૃષ્ટાંત–કેટલાક માણસો મુસાફરી કરતા હતા, રસ્તામાં કોઈ જગાએ જંગલમાં રાત રહ્યા. સવારમાં સૌ ઊઠી પોતપોતાને માર્ગે ચાલ્યા ગયા પણ એક આંધળો અને એક લંગડો (પાંગળો) બે જણ સૂઈ રહ્યા. એટલામાં એ જંગલમાં દાવાનળ લાગ્યો, જેનાં તાપથી બંને જણ ગભરાઈને જાગી ઊઠયા. બળી મરવાની બીકથી આંધળો તો આમતેમ દોડવા લાગ્યો. તેને જોઈ પાંગળે સાદ કરીને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, જો ભાઈ! આપણે છૂટા રહીશું તો બંને દાવાનળમાં બળી મરીશું. તું મને તારી ખાંધે બેસાડ, અને હું તને કહું તે પ્રમાણે તું ચાલ, જેથી આપણે બંને બચી જઈએ; અને કોઈ ગામ ભેળા થઈ જઈએ. આંધળો તેના કહેવા પ્રમાણે ચાલ્યો તેથી બંને સુખી થયા.

એ જ પ્રમાણે સંસારરૂપ જંગલમાં મૃત્યુરૂપી સખત આગ લાગી રહી છે. તેમાંથી એકલો જ્ઞાની પણ બચતો નથી, તેમ એકલો ક્રિયાવંત પણ બચતો નથી. જે જ્ઞાનપૂર્વક ક્રિયા કરે તે જ મોતરૂપી દાવાનળમાંથી બચી આખરે શિવપુર નગરે પહોંચે છે.

૨. અક્રિયાવાદી–આ મતવાળા કહે છે કે સંસારના સર્વ પદાર્થો અસ્થિર છે તેમ જ આત્મા પણ અસ્થિર હોવાથી તેને ક્રિયા (પુણ્ય–પાપ) નથી. વળી, કોઈ કહે છે કે આત્મા આકાશવત્ સર્વવ્યાપક અને નિરાકાર હોવાથી તે સર્વદા અક્રિય છે; પુણ્ય–પાપરૂપ ક્રિયા તેને સ્પર્શી શકતી જ નથી. આત્મા નિર્લેપ હોવાથી તે પરમાત્મા છે, એનાથી પર કોઇ પરમાત્મા છે જ નહિ. જે સ્વર્ગ, નરક મોક્ષાદિ પ્રરૂપે છે તે દુનિયાને ઠગે છે.

વળી, કોઈ કહે છે કે આકાશ, વાયુ, તેજ, અપ અને પૃથ્વી એ પાંચ ભૂતોથી ૨૫ તત્ત્વ ઉત્પન્ન થયાં છે તે જ આત્મા છે અને

મૃત્યુ થાય છે ત્યારે પંચ ભૂતો પોતપોતામાં ભળી જાય છે ત્યારે આત્મા નષ્ટ થાય છે. આત્મા બીજી કોઈ વસ્તુ નથી. ન કોઈ પરમાત્મા છે, ન કોઈ પુણ્ય પાપ છે. આ બધા કુમતિઓના ભ્રમ છે, એને છોડો અને નિશ્ચિંતપણે–નિર્ભયપણે મોજમજા ઉડાવો. આવું કહેનારને અક્રિયાવાદી અને નાસ્તિક પણ કહે છે.

અક્રિયાવાદીના ૮૪ પ્રકારો છે. પાંચ સમવાય અને ઈચ્છાથી ઉત્પન્ન થયેલ જગત એમ ૬ બાબતોને સ્વ આશ્રી અને પર આશ્રી લગાડતાં ૧૨ મત થયા. એ બારને સાત તત્ત્વ (પુણ્ય પાપ સિવાયનાં) પર લગાડતાં ૮૪ મત થયા. ૬×૨×૭=૮૪.

પુણ્ય પાપનાં ફળ આત્માને ભોગવવાં પડતાં નથી એમ અક્રિયાવાદી માને છે. તેને પૂછીએ કે ભાઈ ! પુણ્ય પાપનાં ફળ કોઈને ભોગવવાં પડતાં ન હોય તો દુનિયામાં એક સુખી અને એક દુઃખી કેમ છે ? એક હંમેશાં દિન પ્રતિ ચાર વાર ઇચ્છિત ભોજનો કરાવી આનંદથી જમે છે. પાંચ વાર પોશાક બદલે છે અને સંસારનાં સુખો ભોગવે છે. ત્યારે બીજો ચાર ઘડી રાત બાકી હોય ત્યારે સવારે વહેલો ઊઠી જંગલમાંથી લાકડાંની ભારી લાવી બપોર સુધી ગામમાં રખડીને વેચે છે. તેના પૈસાનું અનાજ લાવી હાથે દળી પહોર રાત જાય ત્યારે લૂખી સૂકી રાબડી પીને સૂઈ રહે છે. વળી, હંમેશાં તેવું સંકટ સહન કરવા છતાં પેટ પૂરતું અન્ન, એબ ઢંકાય તેટલાં લૂગડાં અને રહેવાને ઝૂંપડી પણ પામતો નથી, એનું શું કારણ ?

કારણ એ જ છે કે પુણ્ય–પાપ છે જ અને તેનાં ફળ સૌ ભોગવે છે. આમ વિચારી નાસ્તિકોના ફંદમાં ન ફસાતાં સુખાભિલાષી મનુષ્યોએ ધર્મારાધન કરવું જોઈએ.

૩. અજ્ઞાનવાદી—અજ્ઞાનવાદીના ૬૭ મત છે. અજ્ઞાનવાદી સાત પ્રકારે સંકલ્પ વિકલ્પ કરે છે. ૧. જીવ છતો છે. ૨. જીવ છતો અછતો બંને છે. ૩. જીવ અછતો છે. ૪. જીવ છતો છે પણ કહેવું નહિ, ૫. જીવ અછતો છે પણ કહેવું નહિ. ૬. જીવ છતો અછતો બંને છે. ૭. જીવ છતો પણ નહિ અને અછતો પણ નહિ.

સંકલ્પ વિકલ્પની એ સાત રીતો નવ તત્ત્વ ઉપર લગાડતાં ૯×૭=૬૩ મત થાય છે. તેમાં સાંખ્યમતવાદી, શિવમતવાદી, વેદમતવાદી અને વિષ્ણુમતવાદી એ ચાર મત કોઇ કોઇ પક્ષનું ગ્રહણ કરી મેળવવાથી ૬૭ મત થાય છે.

અજ્ઞાનવાદી કહે છે કે જ્ઞાન તો સાવ ખોટું છે. કારણ કે જ્ઞાની તો વિવાદી હોય છે. અને વિવાદ કરવામાં સામા પક્ષવાળાનું ખોટું ચિંતવવું પડે છે, તેનું પાપ લાગે છે, વળી જ્ઞાની પગલે–પગલે ડરે છે, તેથી તેને હરેક વખતે કર્મનો બંધ પડયે જ જાય છે. અમે અજ્ઞાનવાદીઓ તેનાથી સારા છીએ, નહી જાણવું કે નહી તાણવું, જાણે એને તાણે, ન કોઇ સાથે વિવાદ કરવો, ન કોઈને સાચું કે ખોટું કહેવું, તેમ અમે પુણ્ય પાપમાં સમજતા પણ નથી. એટલે અમને જરા પણ દોષ લાગતો નથી

એવા અજ્ઞાનવાદીને એટલું પૂછીએ કે, તમે જે બોલો છો તે જ્ઞાન હોવાથી બોલો છો કે અજ્ઞાનતાથી બોલો છો ? જો તમે જ્ઞાનથી બોલતા હો તો તમારો મત જ જુદો થયો, કારણ, અજ્ઞાનીને વળી જ્ઞાન ક્યાંથી ? અને અજ્ઞાનથી બોલ્યા હો તો અજ્ઞાનીથી ઉત્તર જ શી રીતે દેવાય ? અને કદી ઉત્તર દેવાય તો તે ઉત્તર અપ્રમાણ છે. વળી, તમે કહો છો કે—"અમે અજ્ઞાનવાળાઓ, અજ્ઞાનતાથી—અણસમજથી પાપ કરીએ છીએ, જેથી અમને પાપ લાગતું નથી. " તો ભલા, અજ્ઞાનપણે ઝેર ખાઓ તો ઝેર ચડે કે નહીં ? જો ઝેર ચડે તો અજ્ઞાનતાથી કરેલું પાપ પણ લાગે અને તેનાં ફળ ભોગવવાં પડે.

ભાઈઓ ! ખરી વાત તો એ છે કે જ્ઞાની કરતાં અજ્ઞાનીને વધારે પાપ લાગે છે. જ્ઞાની તો જાણે છે કે, આ ઝેર છે, તે ખાઇશ તો મરી જઈશ, માટે તેનાથી તે સદા દૂર રહે છે; કદી ઔષધ વગેરે કારણે ઝેર વાપરવું પડે તો પણ પ્રમાણ જેટલું જ અને તે પણ અનુપાન વિધિ સહિત જ વાપરે છે અને તેથી ઝેર વાપરતાં છતાં મૃત્યુથી બચે છે. પણ અજ્ઞાની અજાણતાં, પ્રમાણ રહિત ઝેર ખાઇ જાય છે તેથી મૃત્યુને વશ થાય છે.

એ જ પ્રમાણે જ્ઞાની જાણે છે કે પાપ મને દુઃખદાતા છે. તેથી તે પાપથી દૂર રહે છે. પણ કદી કર્મ રોગના જોરથી પાપ કરશે તો પણ તે ખપ પૂરતું જ, એટલે કાર્ય કર્યા વિના ચાલે નહિ તેટલું જ અને તે પણ ડરતાં ડરતાં કરશે. એથી તેમનો આત્મા અનર્થ-દંડથી બચી જશે, તેમ જ વખત પર પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થશે. પણ અજ્ઞાની તો બિચારો પોતે માની લીધેલા અજ્ઞાન સાગરમાં જ ડૂબી જશે.

૪. વિનયવાદી—તેના ૩૨ મત છે. તે આ રીતે છે. ૧. સૂર્યનો વિનય; ૨. રાજાનો વિનય, ૩. જ્ઞાનીનો વિનય. ૪. વૃદ્ધનો વિનય, ૫. માતાનો વિનય, ૬. પિતાનો વિનય, ૭. ગુરુનો વિનય, ૮. ધર્મનો વિનય, એ આઠ વિનયને મનથી રૂડો જાણે, વચનથી ગુણગ્રામ કરે, કાયાથી નમસ્કાર કરે અને બહુમાનપૂર્વક ભક્તિ કરે, એ રીતે ૮×૪=૩૨ ભેદ થયા.

એ વિનયવાદીનો એવો મત છે કે, બધાય ગુણોમાં વિનય-ગુણ શ્રેષ્ઠ છે, સૌથી નમી—ભજીને રહેવું. કોઇ ગમે તેવો હોય તો પણ આપણે તો તેને એકસરખો ગણવો, અને કોઇના પક્ષને નિંદવો નહિ; એ વિનયવાદી “ અનાભિગ્રહિક મિથ્યાત્વી ” જેવા જાણવા. અહીં જ્ઞાન, ગુરુ અને ધર્મ કેવળીના વચન અનુસાર નથી. બાકીના લૌકિક વિનય છે. વળી, એકાંતવાદ પણ છે તેથી મિથ્યાત્વ છે.

એ પ્રમાણે ક્રિયાવાદીના ૧૮૦ , અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ મળી કુલ ૩૬૩ પાખંડી મત એકાંત-પક્ષીના થયા. એને માને તે લૌકિક ગુરુગત મિથ્યાત્વ ગણવું.

અગ્નિને સદા જાગતો રાખવો, ધૂપ, દીવા કરવા, ધૂણી તાપી તપ કરવો, અને યજ્ઞ અને હવન વગેરે કરવાં, એમાં કેટલાક ધર્મ માને છે. એનો પણ જરા વિચાર કરીએ.

અગ્નિ જેવી રાક્ષસી ચીજને તૃપ્ત કરવાને આ દુનિયામાં કોઇ સમર્થ નથી. જે દિશામાં અગ્નિ જાય છે તે દિશાનાં સર્વ પ્રાણીમાત્રનું

ભક્ષણ કરે છે એવો સર્વભક્ષી—સદા—અતૃપ્ત—સદા ભૂખ્યા અગ્નિનું પોષણ કરવામાં ધર્મ શી રીતે હોય?

હુવનની સુગંધીથી રોગનો નાશ થાય છે, એમ હોય તો પ્લેગ વગેરે રાક્ષસી રોગથી સૃષ્ટિનો સંહાર થતો કેમ નથી અટકતો? હુવનના ધુમાડાથી વાદળાં થઈ વૃષ્ટિ થતી હોય તો અનેક દેશોમાં દુષ્કાળને લીધે લાખો મનુષ્યો કાળનો કોળિયો થઈ રહ્યા છે, તથા સદૈવ પાણી વિના પ્રાણીમાત્ર હેરાન હેરાન થાય છે એનો અટકાવ શા માટે થતો નથી? ધુમાડાથી વૃષ્ટિ થતી હોય તો સૃષ્ટિમાં સર્વે ઘરોમાં હરહંમેશ રાંધવા, પચન પાચનની ક્રિયા થઈ રહી છે તેનો પારાવાર ધુમાડો થાય છે, છતાં દુષ્કાળ કેમ પડે છે? એ બધી સમજણ અજ્ઞાન દશાનું જ કારણ છે.

કેટલાક અનાર્ય તો વળી એટલે સુધી માને છે કે "यज्ञार्थे पशवः श्रेष्ठं" યજ્ઞને અર્થે અગ્નિમાં પશુઓને હોમવાં એ બહુ જ ઉત્તમ છે. અશ્વમેધ, ગૌમેધ, અજા (બકરી) મેધ અને નરમેધ યજ્ઞો કરી અગ્નિના કુંડમાં જીવતાં ઘોડા, ગાય, બકરી અને માણસને બાળી નાંખવાથી સ્વર્ગ મળે છે, વરસાદ થાય છે અને ઇચ્છિત સુખની પ્રાપ્તિ થાય છે.

અફસોસ! હજાર વાર અફસોસ! કેટલી અધમ અને આશ્ચર્યજનક માન્યતા! જે ઉત્તમ પ્રાણીઓથી આ સૃષ્ટિ વહેવાર રૂડી રીતે ચાલી રહ્યો છે, જેઓ ન હોય તો સર્વ સૃષ્ટિ સૂનકાર થઈ જાય, તેને જ અગ્નિમાં બાળવાથી પુણ્ય થતું હોય તો પછી પાપ શામાં ગણવું?* બિચારાં ગરીબ અને નિર્દોષ પ્રાણીઓને જ હોમવાનું ઘણાખરા

---

* શ્લોક—यूप छित्वा पशून् हत्वा, कृत्वा रुधिरं कर्दमम् ।
यद्येव गच्छते स्वर्ग, नरके केन गच्छते ॥

અર્થ—વેદોક્ત રીતે યજ્ઞના સ્થંભને છેદીને પશુઓને મારીને, પૃથ્વી પર રુધિરનો કાદવ મચાવીને જો યજ્ઞનો કર્તા સ્વર્ગે જાય, તો પછી નરકમાં કોણ જશે?

યજ્ઞાર્થે પશુભાવ: શ્રેષ્ઠ: ૧૮ પાપસ્થાન પશુભાવમાં છે, એટલે વગર વિચાર્યું પાપકર્મ છે. તે પાપસ્થાન રૂપી ભાવો છે તે ભાવોને વૃત્તિસંક્ષેપ અને ધ્યાનરૂપી યજ્ઞથી બાળી નાંખવાં એમ અર્થ કરે તો તે અર્થ બરાબર બેસે છે.

કહે છે, પણ તેવી રીતે કોઈએ વાઘ, ચિત્તા, સિંહને હોમવાનું કહ્યું હોત તો ખરી ખબર પડત. વળી, એ નિર્દય લોકો એવી શેખાઈ કરે

ધર્મ નિમિત્તે પશુહિંસા કરે તો અધોગતિ પ્રાપ્ત થાય છે. તેનો દૃષ્ટાંત

શ્લોક–देवोपहार व्याजेन, यज्ञ व्याजेन ये ऽथवा ॥
घ्नन्तिजन्तून् गतघृणा, घोरां ते यान्ति दुर्गतिं ॥

અર્થ—દેવતાને ભેટ આપવાના કે યજ્ઞના બહાના નીચે જે પુરુષો ખેદરહિત બની, બિચારાં પ્રાણીઓને મારે છે તેઓ મરીને ઘોર દુર્ગતિ (સાતમી નરક વગેરે)માં જાય છે, એમ તત્ત્વજ્ઞ પુરુષોએ ફરમાવ્યું છે.

શ્લોક–अंधे तमसि मज्जन्ति, पशुभिर्ये यजामहे ॥
हिंसानाम भवेद् धर्मो, न भूतो न भविष्यति ॥

અર્થ—જેઓ પશુઓથી દેવતાઓની પૂજા કરે છે તેઓ અન્ધ તમસ્ (સાતમી નરક અગર અંધકાર)માં ડૂબી જાય છે. કારણ કે હિંસામાં ધર્મ કદાપિ થયો નથી અને થશે પણ નહિ.

નિર્દોષ યજ્ઞ વિષે દૃષ્ટાંત :—

શ્લોક–ज्ञान पालि परिक्षिप्रं, ब्रह्मचर्ये दयामसि ।
स्नात्वीत विमले तीर्थे, पाप पङ्क तापहारिणि ॥

(શ્રી વ્યાસ ઋષિ)

અર્થ—જ્યાં જ્ઞાનરૂપી તળાવ છે, દયા અને બ્રહ્મચર્યરૂપી પાણી ભર્યું છે, એવા (આત્મ) તીર્થમાં નાહીને પાપને તથા કામક્રોધાદિ તાપને શમાવો.

વળી, નિર્દોષ યજ્ઞ માટે કહે છે કે :—

શ્લોક–ध्यानाग्नौ जीवकुंडस्थ, दम् मारुत दीपिते ।
असत्कर्म समित् क्षेपै, रग्नि होत्रं कुरुत्तमम् ॥
कषाय पशुभि र्दुष्टै, धर्म कामार्थ नाशकैः ।
शम मंत्र हुतैर्यज्ञ, र्विधेहि विहित बुध : ॥

અર્થ—૧. જીવરૂપી કુંડમાં. દમરૂપી પવનથી, દીપતો એવો જે ધ્યાનરૂપી અગ્નિ છે, તેમાં આઠ કર્મરૂપી લાકડાં નાંખી ઉત્તમ અગ્નિહોત્ર યજ્ઞ કરો. ૨. વળી, ધર્મ–અર્થ–કામનો નાશ કરનાર સમતાજપ મંત્રની આહુતિ અપાણી છે એવા દુષ્ટ કષાયો (ક્રોધાદિ) રૂપી પશુઓ વડે જ્ઞાની જનોની સહાયથી થતા યજ્ઞો કરો.

અશ્વમેધ યજ્ઞ તે મનરૂપી ઘોડાનો, ગૌમેધ યજ્ઞ તે અસત્ય વચનરૂપી ગાયનો, અજામેધ યજ્ઞ તે ઈન્દ્રિયોરૂપી બકરીનો, અને નરમેધ યજ્ઞ તે કામદેવરૂપી પુરુષનો, ઉપર લખ્યા પ્રમાણે કુંડની અગ્નિમાં યજ્ઞરૂપે કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, જો સાચો યજ્ઞ કરવો હોય તો એ કરો.

છે કે પશુ વગેરે અનાથ જીવો આ સંસારમાં અન્નજળ વિના બહુ દુઃખી થાય છે. તેમ જ બીજાં પ્રબળ પ્રાણીઓ પણ તેઓને ત્રાસ આપે છે, એ બધા દુઃખોમાંથી મુક્ત કરવા અને દેવતાઇ સુખો ભોગવવા અમે તેઓને યજ્ઞમાં હોમી સ્વર્ગે પહોંચાડીએ છીએ.

એવા પાપી લોકોને માટે ધનપાળ કવિ કહે છે કેઃ

नाहं स्वर्गतलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया ॥
संतुष्टस्तृणभक्षणेन सततं, साधो न युक्तं तव ॥
स्वर्गे यांति यदि त्वयाविनिहिता, यज्ञे ध्रुव प्राणिनो ॥
यज्ञं किं न करोषि मातृपितृभिः, पुत्रैस्तथा बांधवैः ॥

પશુ કહે છે–હે યજ્ઞકર્તા ! મને સ્વર્ગ સુખની જરા પણ ઇચ્છા નથી, તેમ મેં તારી પાસે તે સુખની યાચના પણ કરી નથી, કે મને તે સુખ આપ. હું મારા કુટુંબ પરિવાર સાથે જંગલમાં તૃણજળ ખાઇપી પૂર્ણ સંતુષ્ટ છું અને સ્વર્ગ કરતાં પણ વિશેષ સુખ માણું છું; છતાં મને નિરપરાધીને નાહક શા માટે મારે છે ? અરે ભાઈ ! યજ્ઞમાં હોમવાથી સ્વર્ગ મળે છે એવી તારી પૂર્ણ પ્રતીતિ હોય તો તારાં માતા, પિતા, ભાઇ, પુત્ર, વગેરે વહાલાં સ્વજનોને હવનના કુંડમાં હોમીને શા માટે સ્વર્ગનાં સુખો તેમને અપાવતો નથી ?

વળી શ્રીમદ્ ભાગવતમાં પ્રાચીનબર્હી રાજાને નારદ ઋષિએ ઉપદેશ આપ્યો છે કે :—

भो भो प्रजापते राजन्, पशुन पश्य त्वयाध्वरे ।
संज्ञापितान् जीव संधान् निर्धुणन् सहस्रशः ॥
एते त्वां संप्रतिक्षंते स्मरंतो वैशस तव ।
संपरेतमयः कूटैश्छिदंत्युत्थित मन्वयः ॥

[શ્રીમદ્ ભાગવત, અધ્યાય ૨૫, શ્લોક ૭–૮]

નારદે કહ્યું કે—હે પ્રજાપતિ–પ્રાચીનબર્હી રાજન્ ! તેં ઘણો જ અન્યાય કર્યો છે. કુગુરુઓના અસત્ય ઉપદેશને આધારે, અને વેદની

આજ્ઞાનાં રહસ્ય સમજ્યા વિના તેના અવળા અર્થ કરીને રાંક પશુઓની પશુતા તરફ નજર સરખી પણ ન કરતાં બિચારાં બરાડા પાડતાં હજારો પશુઓને તેં યજ્ઞમાં બાળી નાંખ્યાં છે. એ સર્વે પશુઓ તારી પાસેથી બદલો લેવા માટે તારા મૃત્યુની રાહ જોતાં બેઠાં છે. તારું આયુષ્ય ખૂટયું કે તરત જ જેવો તેં એમનો વધ કર્યો છે તેવો જ તેઓ તારો જુદો જુદો વધ કરશે !

એવું સાંભળી પ્રાચીનબર્હી રાજાએ હિંસા ધર્મનો ત્યાગ કર્યો.

જુઓ ભાઈઓ ! હિંદુ ધર્મનાં મુખ્ય શાસ્ત્રોનો કેવો સાચો ઉપદેશ છે ! એવી સત્ય વાતોને ન સ્વીકારતાં, મનસ્વીપણે લોકો અનર્થકારી હિંસા કરી રહ્યા છે, તેમની શી ગતિ થશે ? સારાંશ એ છે કે, અગ્નિનું પોષણ કરવાથી ધર્મ નથી, તેમ અગ્નિ કોઈ દિવસ તૃપ્તિ પામતો નથી, એવું નિશ્ચયપૂર્વક જાણી અગ્નિના આરંભથી બચો.

વાયુકાય હિંસા ધર્મ—કેટલાક લોકો પોતાના માનેલા પ્રભુને તથા ગુરુને હિંડોળામાં ઝુલાવે, તેમની પાસે અનેક જાતના વાજિંત્ર વગાડે, પંખાથી પવન નાંખે, વગેરે ક્રિયાથી તેમ જ તેના જેવા ઢોંગ–સોંગ, ચેનચાળાથી ધર્મની ઉન્નતિ માને છે. એ પણ એક જાતની ખોટી માન્યતા છે. એથી તો નાહક વાયુકાયના જીવોની હિંસા થાય છે. અને એવી અયતનાથી પ્રભુ રાજી થાય કે ધર્મની શોભા વધે એવું બને શી રીતે ? માટે એવી અજ્ઞાનદશામાંથી નિવર્તવું.

વનસ્પતિહિંસા—વનસ્પતિને તો હિંદુશાસ્ત્રોમાં પૂજવા યોગ્ય કહી છે.

શ્લોક–मूले ब्रह्मा त्वचा विष्णु के; शाखा शंकर मेव च ॥
पत्रे पत्रे देव नामं, वृक्षरायं नमोऽस्तुते ॥

—વિષ્ણુ પુરાણ

હરેક વૃક્ષના મૂળમાં બ્રહ્મા, છાલમાં વિષ્ણુ, ડાળીઓમાં શંકર અને પાંદડાંમાં દેવનો વાસ છે. માટે હે વૃક્ષ ! તને નમસ્કાર હજો. એવું

બોલનાર, સમજનાર અને માનનાર પણ અજ્ઞાનદશાથી અંધ બની વૃક્ષનાં અંગો જેવાં કે પત્ર, પુષ્પ, ફળ, મૂળ, વગેરેને તોડી ઇચ્છા મુજબ તેની રચના કરી દેવોને સમર્પણ કરે છે અને એમ કરવું તેને ધર્મ માને છે. તુળસીના છોડને વિષ્ણુની સ્ત્રી તરીકે તેમ જ પોતાની માતા તરીકે માને છે. તેનાં પાંદડાં તોડી ધર્મને નામે દેવોને ચડાવે છે એ થોડું ભોળપણ છે?

વૈષ્ણવ ભાઈઓ કહે છે કે, સર્વ સૃષ્ટિ વિષ્ણુ ભગવાને બનાવી છે, અને સૃષ્ટિ ઉપરના સર્વ પદાર્થોના તે જ માલિક છે. એમ છે, તો વિષ્ણુની ચીજો વિષ્ણુને દેવાથી તેઓ શી રીતે પ્રસન્ન થશે! શું વિષ્ણુ ભગવાન-પાન, ફળ-ફૂલના ભૂખ્યા છે? અને તે ભૂખ પણ તમે વસ્તુઓ આપશો ત્યારે જ ભાંગશે અને તૃપ્તિ થશે?

એવી અનેક અજ્ઞાનતાવાળી ધર્મ માન્યતાઓને લીધે કેટલાક તો મોટાં મોટાં વૃક્ષોને પણ જડમૂળથી ઉખેડી નાખે છે. છોડની કાચી કળીઓ તથા ફૂલેલાં ફૂલોને સેંકડોબંધ તોડી નાંખે છે. કુમળાં તેમ જ તાજા ચકચકિત પાંદડાને પણ તોડવામાં મોજ માને છે અને એ બધી વનસ્પતિઓ પ્રભુને ચડયા પછી ગમે ત્યાં રખડે છે, રગદોળાય છે અને હજારો માણસોના પગ તળે કચરાય છે. અગર પાણીમાં પધરાવાય છે. એ સિવાય, પ્રભુને ભોગ લગાવવા નિમિત્તે કંદમૂળાદિ વનસ્પતિઓનો સંહાર થાય છે. એથી વિશેષ અજ્ઞાનતા બીજી કઈ ગણવી?

ધર્મને નામે ત્રસ હિંસા-કેટલાક લોકો કીડી, માંકડ, ડાંસ, મચ્છર, જૂ, લીખ, વીંછી, સાપ, મંકોડા, ઈત્યાદિને પ્રલયના (મરવા માટે જ સરજાયેલા) જીવો કહે છે. તે જીવો સંસારમાં કંટક એટલે દુઃખરૂપ છે માટે મારવામાં પાપ નથી એમ પણ ગણે છે. એવા ભોળા ભાઈઓને પૂછીએ કે, ભાઈઓ! એને કંટક શા માટે કહો છો?

ત્યારે જવાબ આપે છે કે અમને દુઃખ દે છે માટે તેઓ કંટક છે. ઠીક, પણ તેઓ તો કંટક જીવો છે. વળી, અણસમજુ છે. પણ કંટક જીવોને મારનાર તમારા જેવા સમજુઓને કેવા નામથી ઓળખીશું?

તેઓનું મહાકંટક નામ કે નહિ? કંટક જીવોને (પ્રલયના જીવોને) તમે છોડતા નથી તો તમને મહાકંટકને (મહાપ્રલયના જીવોને) કોણ છોડશે?

ભાઈઓ! જો તમે ઈશ્વરને સર્વ સૃષ્ટિના કર્તા માનો છો તો જેમ તમને ઈશ્વરે પેદા કર્યા છે તેમ તે જીવોને પણ તમારા મતે ઈશ્વરે જ બનાવ્યા છે. અને કોઈ ને કોઈ હેતુથી બનાવ્યા હશે, તો એવી મહાન ઈશ્વરી સત્તાના કબજાની ચીજોને અનુપકારી સમજી એ નાનાં પ્રાણીઓનો વધ કરી તમે ઈશ્વરના ગુનેગાર બન્યા કે નહિ? કુંભારે બનાવેલો ઘડો કોઈ ફોડી નાખે તો તેને કુંભાર પણ સજા કર્યા વગર રહેતો નથી, તો ઈશ્વરી ચીજોને તમે તોડી-ફોડી-કચરી મારી નાખશો તો તે, તમને શી રીતે છોડશે? શું ઈશ્વર તમારો મિત્ર છે? અને તે બિચારાનો શત્રુ છે?

અરે! ઈશ્વરે તો કહ્યું છે કે :-

मृगोष्ट्रखरमर्कटाखुसरीसृपमक्षिकाः ।
आत्मनः पुत्रवत् पश्येत्, तेषां मध्ये किमन्तरम् ॥

મૃગ, ઊંટ, ગધેડું, વાંદરો, ઊંદર, સર્પ, પક્ષી અને માખી, વગેરે પ્રાણીઓને પણ પોતાના આત્મા જેવાં તેમ જ પોતાના પ્યારા પુત્ર જેવાં ગણવાં, જરા પણ અંતર ન રાખવું. તેમની સાથે પણ મિત્રભાવ રાખવો. શાસ્ત્રકારો આથી વધારે શું કહે?

વળી, આશ્ચર્યની વાત તો એ છે કે, જે જે પશુઓને એક વખત તે દુશ્મન ગણે છે તેની પૂજા પણ કરે છે. જે સર્પને દુશ્મન ગણી મારી નાખે છે તે જ સર્પને નાગપંચમીના રોજ દૂધ પિવરાવે છે, પૂજા કરે છે. તેના ચિત્રો ઘરની ભીંતો પર ચીતરી આનંદ ને પવિત્રતા માને છે. સાક્ષાત્ સર્પ ન મળે તો ચિત્રામણથી આળેખી પૂજા કરે છે. કૃષ્ણને સર્પની શય્યા પર સુવરાવ્યા છે. મહાદેવજીના ગળામાં સર્પ વીંટાળેલ છે. એ પ્રમાણે જે પ્રાણીઓ પ્રભુને પણ પ્રિય છે તેને મારી નાંખે તો પ્રભુના કટ્ટા વૈરી કે નહિ! વળી, કેટલાક અનાર્યો દેવને નામે અને ધર્મ થાય તે હેતુથી રંક બિચારાં બકરાં,

કૂકડા જેવાં પશુઓને મારે છે અને પછી પોતે તેનું માંસ ખાય છે, તેને મારવાનું પાપ પોતાના માથે ન લેતાં દેવને માથે રાખે છે. મતલબીપણાની હદ આવી રહીને?

અરે ભોળા ભાઈઓ! દેવ દયાળુ હોય કે હિંસક હોય? તમે પોતે જીભના લોલુપી છો, હત્યારા છો, તેથી બીચારા દેવોને પણ હત્યારા બનાવો છો. દેવનાં પણ ભક્તોને પ્રતાપે ભાગ્ય ઊઘડયાં, પણ તેઓ સમજતા નથી કે, સતીને માથે પણ વ્યભિચારીપણાનું કલંક ચડાવવાથી જેટલું પાપ છે તેટલું જ પાપ દયાળુ દેવોને હિંસક (હત્યારા) બનાવવાનું છે.

વિષ્ણુપુરાણમાં કહ્યું છે—

> जले विष्नु, स्थले विष्णु, विष्णु पर्वत मस्तके ।
> ज्वाला माला कुले विष्णु, विष्णु सर्व जगन्मयः ॥

હે પાર્થ! હું જળમાં છું, સ્થળ (પૃથ્વી) માં છું. પર્વતના માથા ઉપર (વનસ્પતિમાં) છું, જ્વાલા (અગ્નિ)માં છું, માલા (હવા)માં છું, કુલ (હાલતાં ચાલતાં પ્રાણી) માં છું. એ છ કાયારૂપી સર્વ જગતમાં વ્યાપી રહ્યો છું.

જેમ કોઈ રાજાને છ પુત્ર હોય, તેમાંથી એકને મારી કોઈ માણસ રાજાને ચડાવીને પૂછે કે, હે રાજન! તમે સંતુષ્ટ થયા? તે વખતે રાજા સંતુષ્ટ થાય કે નારાજ તેનો વિચાર કરી લેવો. એવી રીતે છકાયના જીવોની હિંસા કરી પ્રભુને ખુશી કરવા જેઓ ચાહે છે તેના ઉપર પ્રભુ ખુશી થતા જ નથી, પરંતુ અતિ નારાજ થાય છે.

---

* પદ—દેવકે આગે બેટા માગે, તબતો તો નારેલ ફૂટે;
ગોટે સો તો આપ હી આવે, ઉનકો ચડાવે ન રોટે;
જગ ચલે ઉફરંટે, જૂઠેકો સાહેબ કેસે ભેટે!
(કબીર)

ખુદ કૃષ્ણ અર્જુનને કહે છે કેઃ-

શ્લોક-पृथिव्यां मप्याहं पार्थ वायावग्नौ जलेप्यहं ॥
वनस्पतिगतश्चाहं, सर्वभूतगतोप्यहं ॥
यो मां सर्वगतं ज्ञात्वा, न विहिंसेत् कदाचन ॥
तस्याहं न प्रणश्यामि, ससच मे न प्रणश्यति ॥

અર્થ-અહો પાર્થ (અર્જુન)! હું માટી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ અને સર્વ ભૂત (હાલતાં ચાલતાં પ્રાણી)માં વ્યાપી રહ્યો છું, એ પ્રમાણે મને સર્વમાં વ્યાપક જાણીને જે મારી હિંસા કરતો નથી, (અર્થાત્ છકાયના જીવોનો વધ નથી કરતો) તેનો હું પણ વધ કરતો નથી. વળી,

કહ્યું છે કે-

શ્લોક-न सा दीक्षा न सा भिक्षा, न तद्दान न तत्तपः
न तद्ज्ञानं न तद्ध्यानं, दया यत्र न विद्यते ॥

અર્થ-જેના હૃદયમાં દયા નથી, તેની દીક્ષા, ભિક્ષા, ધ્યાન, તપ, જ્ઞાન, દાન, સર્વ મિથ્યા છે. શાસ્ત્રકારોએ તો દયાનો એવી રીતે મહિમા બતાવીને અવધિ કરી છે.

એ પ્રમાણે હિંસામાં ધર્મ માને છે તેને લૌકિક ધર્મગત મિથ્યાત્વ કહે છે.

મિથ્યા પર્વો જેવાં કે, હોળી, દિવાળી, દશેરા, રાખડી પડવા, ગુડીપડવો (ચૈત્ર સુદિ ૧), ભાઇબીજ, કાજળીત્રીજ, અક્ષયતૃતીયા (અખાત્રીજ), ગણેશચોથ, નાગપાંચમ, રાંધણ છઠ, શીતળાસાતમ, જન્માષ્ટમી, રામનવમી, ધૂપદશમી, ઝૂલણી અગિયારસ, ભીમ એકાદશી, વત્સબારસ, ધનતેરસ, રૂપચૌદશ, શરદપૂનમ, હરિયાળી, અમાવાસ્યા, વગેરે તહેવારોને માને, વ્રત કરે, એ વખતે મિથ્યાત્વી દેવોની પૂજા કરે, તે પણ લૌકિક ધર્મગત મિથ્યાત્વ છે.

કેટલાક એકાદશી વગેરેનો ઉપવાસ કરે છે, તેમાં ઉપવાસનું તો નામ માત્ર છે અને ખાય છે રોજ કરતાં ઘણું વધારે, તેથી ઉપવાસનું સાર્થક શું?

નારાયણ કવિ કહે છે કે :—

ગિરિઔર કંદ વારે ખાય, કિસમિસ ઔર બદામ ચાય;
સાંઠે ઔર સિંઘોડેસે, હોત દિલ સ્વાદી હૈ ॥
ગુંદગિરિ કલાકંદ, અરવી ઔર સરકંદ ;
કુંદન કે પેડ ખાય, લોટે બડી ગાદી હૈ ॥
ખરબૂજે તરબૂજે ઔર આંબ જાંબુ લીંબુ જોર;
સિંગોડે કે શીરેસે ભૂખકો ભગા દી હૈ ॥
કહેત હૈ નારાયણ, કરતે હૈ ફણી હાણ,
કહેનેકી એકાદશી, પન દ્વાદશીકી દાદી હૈ ॥૧॥

अन्न कंद फल त्यागं, निद्राशय्यां मैथुनम् ।
व्यापारं विक्रयं क्षौरं, स्नानं दंतधावनम् ॥

અર્થ—અન્ન, કંદ, ફળ, શય્યા, નિદ્રા, મૈથુન, લેવું, વેચવું, હજામત કરાવવી, સ્નાન અને દાતણ એ ૧૧ વાનાં એકાદશીમાં વર્જવાં જોઈએ.

ઉપર પ્રમાણેનું કષ્ટ એકાદશીને દિવસે સહન ન થવાથી હાલમાં અનેક ઢોંગ ચાલે છે. કેટલાક ભોજનના કીડા જેવા માણસો તો વળી એમ પણ કહે છે કે, નરનું શરીર છે તે નારાયણનું જ શરીર છે. તેવા શરીરને જરા પણ કષ્ટ દેવું ન જોઈએ, માટે થોડુંઘણું તો જરૂર ખાવું જોઈએ. જે પોતાના શરીરને દુ:ખ દેશે અને પેટ બાળશે તે જરૂર નરકમાં જશે.

એવા માણસોને ધાર્મિક પુરૂષો પૂછે છે કે વિશ્વામિત્ર, પરાશર વગેરે ઋષિઓએ સાઠ સાઠ હજાર વરસ સુધી તપ કરી લોઢાના કાટનું ભક્ષણ કર્યું અને શરીર સાવ સૂકવી નાખ્યું. વળી, નવનાથે (નવ જોગી લોકો) બાર બાર વર્ષ સુધી સૂયા (કાંટા) પર ઊભા રહી તપ કર્યું, એ બધા શું નરકમાં ગયા હશે? કદી નહિ. આવા ગપોડા પુરાણ કહેનારા માણસોને શી રીતે સમજાવવા? તેમની પાસે તો ચૂપ રહેવું એ જ સારું છે.

જેઓ શાસ્ત્રના આધારથી વાત કરે તેને તો પહોંચીએ-સમજાવીએ. પણ જેઓ પુદ્દગલાનંદી (વિષયમાં જ આસક્તિવાળા) છે તેમને તપની વાત કોઈ દિવસ સારી લાગતી જ નથી. એવા ભોળા ભાઈઓને ખબર નથી કે, આત્માને દમ્યા વિના આ લોકમાં અને પરલોકમાં કદી પણ સુખ મળશે જ નહિ, એ વાત ચોક્કસ છે-"दुःखांते सुखं" એટલે દુઃખને અંતે સુખ હોય છે. તેમ જ દસવૈકાલિક સૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે કે, "देह दुक्खं महा फलं" દેહને શાસ્ત્રની રીતે (દેહ પરથી મમત્વ દૂર કરવા) દુઃખ આપવું એ મહા ફળનું કારણ છે.

આ લોકમાં પણ વિદ્યાનો અભ્યાસ કરવો, વ્યાપાર કરવો, ઘરનાં અનેક કામો પાર પાડવાં, વગેરેમાં પ્રથમ દુઃખ દેખાય છે, અને છેવટે સુખની પ્રાપ્તિ થાય છે, પણ ભોળા ભાઈઓ એ દુઃખને દુઃખરૂપે ગણતા નથી. વળી, રોગ મટાડવા ઓસડ લેવું, તેનું પથ્ય પાળવું, વગેરે કામમાં પણ પ્રથમ દુઃખ જ છે. પણ રોગી તેને દુઃખ ગણતો નથી અને આશામાં કે લાલચમાં રોગ મટાડવા ઇચ્છે છે. તે જ પ્રમાણે ધર્મ કાર્યનું પણ સમજજો.

ધર્મનાં કામોમાં વ્રત, નિયમ, તપ, વગેરે કરવામાં પ્રથમ દુઃખ દેખાય છે તેને દુઃખ કહેવાય જ નહિ. કારણ કે અંતે તો તે દુઃખમાં પરમ સુખ રહેલ છે. ધર્મકાર્યમાં તો અલ્પ દુઃખ ને મહા સુખ છે એવું જાણી લૌકિક મિથ્યાત્વનો ત્યાગ કરી, સત્ય દેવ, સત્ય ગુરૂ અને સત્ય ધર્મનો સ્વીકાર કરો અને પરમ સુખી થાઓ.

૭. લોકોત્તર મિથ્યાત્વ

લોકોત્તર મિથ્યાત્વના પણ ૩ ભેદ છે (૧) લોકોત્તર મિથ્યાત્વ (૨) લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ અને, (૩) લોકોત્તર ધર્મગત મિથ્યાત્વ.

તીર્થંકરનું નામ તથા વેશ ધારણ કરે પણ તીર્થંકરના લેશમાત્ર ગુણ હોય નહિ, અઢાર દોષથી ભરેલ હોય, એવાને દેવ માને. વળી, વીતરાગદેવના નામની માનતા તથા બાધા રાખી આ લોકમાં સુખ,

ધન, પુત્ર, નિરોગી કાયા, ઘરની અનેક ઉપાધિનું નિવારણ, વગેરેની ઇચ્છા કરે અથવા તે તે કામોની સિદ્ધિને માટે તીર્થંકર દેવનું સ્મરણ, રટણ, વ્રત, વગેરે કરે તેને લોકોત્તર દેવગત મિથ્યાત્વ કહે છે.

જૈન સાધુનું નામ, વેશ તથા ઉપકરણ ધારણ કર્યાં હોય, પણ જેમાં સાધુપણાના ગુણો ન હોય, પાસત્થા (ભ્રષ્ટ સાધુ)નાં પાંચ દૂષણ સહિત હોય, પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રહિત હોય, છકાયના જીવોની ઘાતના આરંભ કરે, એવા સાધુને ગુરુ તરીકે માનવા તેને લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ કહે છે. જૈનધર્મ નિરવદ્ય (પાપથી રહિત) છે. તે ધર્મને આદરવાથી નિરાબાધ અને અક્ષય મોક્ષનાં સુખ મળે છે. છતાં તેવાં ઉત્તમ સુખને છોડી ધર્મનું આચરણ આ લોકનાં સુખો પ્રાપ્ત થાય તેટલા સારુ કરે. જેમ કે મને પુત્ર થશે તો કનકાવળી તપ કરીશ, હું કરોડપતિ થાઉં તો રોજ ૨ સામાયિક કરીશ, પાખીના પોષધવ્રતનું ફળ મને વેપારમાં લાભ થાય તે રીતે મળજો, દુશ્મનને ઘેર નુકસાન થાય તો અઠ્ઠમ કરીશ, વગેરે.

આ રૂઢિ જે પ્રદેશમાં હોય તે અતિશય હાનિકારક છે. તે રૂઢિને ટાળવાનો પ્રયત્ન જરૂર કરવો જ જોઈએ. અનંત જન્મ મરણનાં ફેરા જેવું મહાન દુઃખ ટાળી નાખે એવી સત્તા ધર્મના આચરણની છે. તે ફળ લેવાને બદલે આ જગતનાં ક્ષણિક સુખો, અશુચિમય સુખો, જે સુખનો ભરોસો નહિ તેવાં સુખો મેળવવા માટે ધર્મકરણી થાય એ તો હીરો આપી પથ્થર લેવા જેવું છે. જૈનધર્મ પાળનાર વણિક-પુત્ર ૧ રૂપિયાનો માલ પંદર આને પણ નહિ વેચે. અને વેચે તો તે મૂર્ખ ગણાય. તો અનંત સુખનું ફળ આપનાર એવા ધર્માચરણનો વેપાર ક્ષણિક સુખના બદલામાં કરે એને સુજ્ઞ જૈન શી રીતે કહેવાય? આમ વિચારી લોકોત્તર ધર્મગત મિથ્યાત્વથી આત્માને બચાવો.

૮. કુપ્રાવચનિક મિથ્યાત્વ

એના પણ ત્રણ ભેદ છે. ૧. દેવગત–તે, હરિ, હર, બ્રહ્મા, વગેરે અન્ય મતના દેવને મોક્ષ પ્રાપ્તિને માટે માને, પૂજે, ૨. ગુરુગત–

તે બાવા, જોગી, વગેરે કુગુરુઓને ખરા ગુરુ માની મોક્ષ પ્રાપ્તિને અર્થે તેમની સેવા ભક્તિ-પૂજા-શ્લાઘા કરે. ૩. ધર્મગત-તે અન્ય મતની સંધ્યા, સ્નાન, જપ, હોમ, વગેરે કરણીને મોક્ષની ઇચ્છાને માટે અંગીકાર કરે. જે દેવો અને જે ગુરુઓ પોતે મોક્ષ મેળવી નથી શક્યા તેઓ બીજાને શી રીતે મોક્ષ મેળવી આપશે? માટે મિથ્યાશાસ્ત્રોમાં એવા દેવોનો મહિમા સાંભળી સમદૃષ્ટિ જૈને એમાં મોહિત ન થવું.

૯. જિનવાણીથી ઓછી પ્રરૂપણા કરવી તે મિથ્યાત્વ

કોઈ કહે છે કે, આત્મા તલ કે સરસવ જેવડો છે, કોઈ અંગૂઠા પ્રમાણે કહે છે. તિશ્રગુપ્તાચાર્યે એક પ્રદેશ પ્રમાણ આત્મા પ્રરૂપ્યો તે ઓછી પ્રરૂપણા કહેવાય. પોતાના મતથી મળતા ન થાય તેવાં વચનોને ઉડાવી દે, પલટાવી દે, મનમાન્યા અર્થ કરે તે પણ મિથ્યાત્વ છે.

૧૦. જિનવાણીથી અધિકી પ્રરૂપણા કરવી તે મિથ્યાત્વ

જેમ કેટલાક, આત્માને સંપૂર્ણ બ્રહ્માંડમાં વ્યાપેલો માને છે વળી, કેટલાક સાધુનાં ધર્મોપકરણોને પરિગ્રહ કહી એવું પ્રરૂપે છે કે સાધુઓએ સાવ નાગા જ રહેવું જોઈએ એમ કહે. તેમ જ શ્રી મહાવીર પ્રભુના ૭૦૦ કેવળી શાસ્ત્રમાં કહ્યા છે તેને બદલે અધિક કહે અર્થાત્ ૧૫૦૦ તાપસોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું ઇત્યાદિ શ્રદ્ધા કરે તે અધિક પ્રરૂપણા. તે પણ મિથ્યાત્વ છે.

૧૧. જિનવાણીથી વિપરિત પ્રરૂપણા કરવી તે મિથ્યાત્વ

જૈન શ્વેતાંબર દિગંબર આદિ સાધુ નામ ધરાવી રક્તાંબર, પીતાંબર, કૃષ્ણાંબરાદિ ધારણ કરે. મુહપત્તિ આદિ ઉપકરણોને વિપરીત પ્રકારે રાખે. વળી, કેટલાક મતવાળા કહે છે કે :- આ દુનિયા બ્રહ્માએ બનાવી છે, * વિષ્ણુ તેનું પાલન કરે છે. અને મહેશ (શંકર)

---

* સૃષ્ટિની ઉત્પત્તિના સંબંધમાં વેદો, ઉપનિષદો અને પુરાણોમાં નાનાવિધ વિકલ્પો જોવામાં આવે છે, તેમાંથી થોડા અહીં કહીએ છીએ.

તેનો સંહાર કરે છે. બ્રહ્માને ઇચ્છા થઈ કે "एकोऽहं बहुस्याम्" અર્થાત્ હું એક છું તે અનેકરૂપ બની જાઉં.

---

(૧) કૃષ્ણ યજુર્વેદના તૈતિરિય ઉપનિષદ્દની બ્રહ્મવલ્લીમાં કહ્યું છે કે પરમાત્માથી આકાશ, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી પાણી, પાણીથી પૃથ્વી, પૃથ્વીથી ઔષધિ, ઔષધિથી અન્ન, અન્નથી વીર્ય અને વીર્યથી પુરુષ ઉત્પન્ન થયો. આમ, સૃષ્ટિ ઉત્પન્ન થઈ.

(૨) રુગવેદ ૧ ૧૪૪ ૫ માં કહ્યું છે કે "एक सद्द विप्रा बहुधा वदन्ति" અર્થાત્ તે એક અને સત્ સદૈવ સ્થિર રહે છે, પરંતુ તેને લોકો અનેક નામોથી પોકારે છે.

(૩) तेना विरुद्ध ऋग्वेद १–७१–७ मां कह्युं छे के,

અર્થાત્ દેવોની પણ પહેલાં અસત્‌થી અર્થાત્ અવ્યક્તથી સત્ અર્થાત્ વ્યક્ત સૃષ્ટિ ઉત્પન્ન થઈ.

(૪) આ સિવાયના કોઈ ને કોઈ દશ્ય–તત્ત્વથી સૃષ્ટિ ઉત્પન્ન થવાના વિષયમાં ઋગ્વેદમાં ભિન્ન ભિન્ન અનેક વર્ણનો છે; જેમકે પૃથ્વીના પ્રારંભમાં મૂળ હિરણ્યગર્ભ (બ્રહ્મ) હતો. અમૃત અને મૃત્યુ એ બન્ને તેની છાયા છે અને આગળ જતાં તેનાથી જ બધી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે.

(૫) ઋગ્વેદ ૧૦–૧૨૧–૧–૨ માં કહ્યું છે કે પ્રથમ વિરાટરૂપી પુરુષ હતો અને તેનાથી યજ્ઞ દ્વારા સમસ્ત સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે.

(૬) ઋગ્વેદ ૧૦–૯૦ માં કહ્યું છે કે : પહેલાં પાણી હતું, તેનાથી પ્રજાપતિ ઉત્પન્ન થયા.

(૭) ઋગ્વેદ ૧૦–૭૨–૬ માં તથા ૧૦–૨–૬ માં કહ્યું છે – ઋતુ અને સત્ય પહેલા ઉત્પન્ન થયાં. પછી અંધકાર (રાત્રિ) પછી સમુદ્ર (પાણી) અને પશ્ચાત સંવત્સર ઈત્યાદિ ઉત્પન્ન થયાં.

આવાં આવાં બીજાં પણ અનેક પ્રમાણ મળી શકે છે. આ બધાં પૂર્વાપર વિરોધવાળાં પ્રમાણ, જ્ઞાનની અપૂર્ણતાને સિદ્ધ કરે છે. કારણ કે એક જ શાસ્ત્રમાં અનેક વિકલ્પ હોવાનું કારણ બીજું શું માની શકાય? સત્ય કથનમાં તો બે મત કદાપિ હોતા નથી. આથી સૃષ્ટિનો કોઈ કર્તા છે એમ માનવું એ પ્રમાણસિદ્ધ નથી.

પૂર્વપક્ષી–પહેલી અવસ્થામાં કંઈક દુઃખ હોય તો જ બીજી અવસ્થા ધારણ કરવાની ઇચ્છા થાય છે. તે પ્રમાણે બ્રહ્મા જ્યારે પ્રથમ એકલા જ હતા, ત્યારે શું દુઃખ હતું, કે જેથી આ પ્રમાણે અનેકરૂપ બનાવવાની ઇચ્છા થઈ ?

પ્રતિપક્ષી–દુઃખ તો કંઈ ન હતું પણ પરબ્રહ્મે પોતાની મેળે કૌતુક કર્યું.

પૂર્વપક્ષી–સુખની જેને વિશેષ અભિલાષા હોય તે જ કૌતુક કરે છે તો પરબ્રહ્મને પ્રથમ થોડું સુખ હતું ? અને પછી બહુરૂપે થતાં વિશેષ સુખ થયું ? જો પરબ્રહ્મ પ્રથમથી જ સંપૂર્ણ સુખી હોય તો અવસ્થા શી રીતે બદલાવે ? ન જ બદલાવે. પ્રયોજન વગર કોઈ પણ કાર્ય બને જ નહિ એ સિદ્ધાંત છે. હવે પરબ્રહ્મને બહુરૂપે પ્રગટ થવાની ઇચ્છા થઈ, માટે બહુરૂપે પ્રગટ થયા તે પહેલાં તે દુઃખી હતા એ કારણ સ્પષ્ટ નીકળે છે.

પ્રતિપક્ષી–કાર્ય બનાવતાં પરબ્રહ્મને વાર લાગતી જ નથી. તેની ઇચ્છા થઈ કે કાર્ય તરત બની જાય છે.

પૂર્વપક્ષી–એ વાત તો ગણતરીમાં લાંબા કાળને માટે છે. પણ સૂક્ષ્મકાળના માપનો વિચાર કરીએ તો ઇચ્છા થવી અને કાર્ય બનવું એ બંને એક સમય જેટલા કાળમાં કદી બને જ નહિ. ઇચ્છા અને તે ઇચ્છા પ્રમાણે કાર્ય થવું એ બેની વચ્ચે થોડો કાળ પણ થવો જ જોઈએ એટલે બંને બાબતનો કાળ ભિન્ન હોવો જ જોઈએ, અથવા એમ કહો કે પ્રથમ પરબ્રહ્મની ઇચ્છા અને તે ઇચ્છા પ્રમાણેનું કાર્ય.

પ્રતિપક્ષી–પરબ્રહ્મને ઇચ્છા થાય કે તરત માયા ઉત્પન્ન થાય છે. અને પછી માયા જ સૃષ્ટિની ઉત્પત્તિ કરે છે.

પૂર્વપક્ષી–પરબ્રહ્મનું અને માયાનું એક જ રૂપ છે કે જુદું જુદું ?

પ્રતિપક્ષી—જુદું જુદું છે. પરબ્રહ્મ તો સચ્ચિદાનંદરૂપ છે. અને માયા તો જડ છે.

પૂર્વપક્ષી—તમારા માનનીય ગૌતમ ઋષિપ્રણીત ન્યાયદર્શનના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે અર્થાત્ "પ્રત્યક્ષ વસ્તુથી વસ્તુની ઉત્પત્તિ થાય છે એ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. જડથી ચેતનની કે ચેતનથી જડની ઉત્પત્તિ કદાપિ થઈ શકતી જ નથી. તો પછી ચૈતન્ય રૂપ અપ્રત્યક્ષ બ્રહ્મથી માયારૂપ જડની ઉત્પત્તિ કેમ સંભવે ?" અહીં પ્રતિપક્ષી જવાબ દઈ શકતો નથી.

પૂર્વપક્ષી—વારુ, જીવની ઉત્પત્તિ બ્રહ્મથી થઈ કે માયાથી ?

પ્રતિપક્ષી—બ્રહ્મથી.

પૂર્વપક્ષી—તો પછી માયાથી શું થયું ?

પ્રતિપક્ષી—માયા વડે તો જીવ ભ્રમમાં પડે છે.

પૂર્વપક્ષી—બ્રહ્મ અને જીવ એક છે કે જુદા ? જો તમે એક છે એમ કહેશો તો તે વચન ગંડા માણસના બકવાદ જેવું થયું. કારણ કે જીવોની પાછળ માયા લગાડીને જીવોને અજ્ઞાનમાં (ભ્રમમાં) નાખ્યા. વળી, જીવ અને બ્રહ્મ એક કહો છો ત્યારે તો જીવની પેઠે બ્રહ્મ પણ માયાના ભ્રમમાં પડેલ ગણાય. કોઈ મૂર્ખ માણસે પોતાની જ તલવારથી પોતાનો હાથ કાપ્યો, એ દૃષ્ટાંત પ્રમાણે બ્રહ્મે પોતાના અંશરૂપ જીવને અવિદ્યા રૂપી માયાથી ભ્રમમાં નાખ્યા.

હવે, જીવ ને બ્રહ્મ જુદાં છે એમ કહેશો તો બ્રહ્મ નિર્દય ગણાશે. કેમ કે કોઈ પણ કારણ વગર જીવની પાછળ માયાને લગાવી તેને દુઃખી કર્યો. જો માયાથી શરીર વગેરે ઉપાધિ થઈ એમ કહેશો તો માયા પોતે હાડ, માંસ, રુધિરરૂપ ગણાણી. અને એ શારીરિક પુદ્ગલ વર્ણ, ગંધ, રસ, સ્પર્શમય રૂપ હોવાથી અરૂપી બ્રહ્મમાં શી રીતે સમાય ? જો સમાય છે એમ કહેશો તો બ્રહ્મ પણ રૂપી ઠરશે. આથી બ્રહ્મની અરૂપી અવસ્થા નાશ થાય છે.

પ્રતિપક્ષી—માયાથી સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણો ઉત્પન્ન થાય છે.

પૂર્વપક્ષી—એ ત્રણ ગુણ તો ચેતનનો સ્વભાવ છે અને માયા તો જડ છે. જડથી ચેતનની ઉત્પત્તિ કેમ થઇ? જો થઈ એમ કહેશો તો સૂકા કાષ્ટમાથી પણ આ ત્રણ ગુણો ઉત્પન્ન થવા જોઈએ. એ ત્રણ ગુણથી ત્રણ દેવ એટલે રજોગુણથી બ્રહ્મા, સત્ત્વગુણથી વિષ્ણુ અને તમોગુણથી શંકર પેદા થાય છે. આ વાત સ્વીકારીએ તો એ શંકા થાય છે કે ગુણમાંથી ગુણી (ત્રણ દેવ) શી રીતે ઉત્પન્ન થાય? અને માયા મય વસ્તુ પૂજ્ય શી રીતે હોઇ શકે? ત્યારે કહે છે કે એ દેવો માયાને આધીન થઇને એ દેવોએ નિર્લજ કામ, ચોરી, વ્યભિચાર વગેરે કામ કેટલાંય કર્યાં છે, ત્યારે એનો જવાબ આપે છે કે એ ચોરી, જારી, વગેરે તો પ્રભુની લીલા છે.

પ્રભુની લીલાના સંબંધમાં પૂછીએ કે લીલા તે પ્રભુની ઇચ્છાથી થઈ કે વગર ઇચ્છાથી થઈ? જો ઇચ્છાથી લીલા થઇ એમ કહેશો તો સ્ત્રી સેવનની ઇચ્છા એનું નામ કામગુણ છે. અને એ ગુણ રજોગુણમાં આવે છે; યુદ્ધ કરવાની ઇચ્છા એનું નામ ક્રોધ છે તે તમોગુણમાં આવે છે. એથી સ્પષ્ટ જણાય છે કે એ દેવો માયા વશ જ છે. પ્રભુની લીલા પ્રભુની ઇચ્છા વિના થઇ જાય છે એમ કહેશો તો શું દેવો પરવશ થયા? એથી પણ તે વાત મળતી આવતી નથી, કારણ કે દેવો મહા સમર્થ હોઈને પરવશ શી રીતે બને?

દેવે કરેલી ચોરી, વગેરેને કદી લીલા કહો તો શાસ્ત્રમાં કામ, ક્રોધ, વગેરે દુર્ગુણો ત્યાગવાનો ઉપદેશ શા માટે કર્યો છે? દેવનાં કુકર્મોને લીલા કહી ઢાંકવામાં આવે તો સત્ય, શીલ, ક્ષમા, દયા, વગેરે ગુણો શું ઉપયોગી છે? અને એવા ઉત્તમ ગુણોને જૂઠા ઠરાવનાર દેવો પણ શા કામના? ત્યારે જવાબ આપે છે કે, એ દેવોએ તો સંસારીઓને સંસાર વ્યવહારની રીત શીખવવા સારુ લીલા કરી હતી, પણ આવા જવાબથી તો એ દેવોની ઊલટી અપકીર્તિ થાય છે!

કોઈ દુષ્ટ પિતા પોતાના પુત્રને વ્યભિચાર કેવી રીતે કરવો તે પ્રથમ શીખવે અને તે પછી પુત્ર વ્યભિચાર કરે એટલે તેને–ગુનો ગણી પિતા સજા કરે. એ સ્થિતિ દેવોની થાય છે. દેવોએ લીલા કરીને સંસારીઓને અનાચાર શીખવ્યા, અને તે અનાચાર પ્રમાણે લોકો વર્તવા માંડયા ત્યારે તેને નરક વગેરેની શિક્ષા કરી! એ શું ઈશ્વરનું કામ છે? એવા પ્રભુ શા કામના? એ તો અન્યાયી જ કહેવાય.

વળી, કેટલાક કહે છે કે આ દુનિયામાં ભક્તોની રક્ષા કરવા અને દુષ્ટોનો સંહાર કરવા પ્રભુ અવતાર ધારણ કરે છે. તેવા લોકોને પૂછવામાં આવે કે અવતાર લેવાનું કામ પ્રભુની પોતાની ઈચ્છાથી થયું કે ઇચ્છા વગર થયું? જો ઇચ્છાથી અવતાર ધારણ કર્યો હોય તો એવું થયું કે શેઠે પોતાના નોકરને હુકમ કરી કોઈ માણસને મારી નંખાવ્યો તે છતાં શેઠ નોકરને ગુના બદલ સજા કરવા મંડયો ÷. જો ઇચ્છા વગર એની મેળે અવતાર ધારણ થઈ ગયો હોય તો શું પ્રભુને એટલું પણ જ્ઞાન ન હતું કે આવા દુષ્ટ લોકો બનાવીશ તો તેઓ મારા ભક્તોને દુઃખ દેશે માટે તેવા દુષ્ટ લોકોને પેદા જ ન કરું. દુષ્ટો પેદા ન થાય એટલે અવતાર ધારણ કરવાનું અને નિગ્રહ કરવાનું રહ્યું જ કયાં?

એના જવાબમાં વળી એ લોકો કહે છે કે અવતાર ધારણ કર્યા વગર પરમેશ્વરની કીર્તિ શી રીતે જગતમાં ફેલાય? એ વાત માનીએ તો પછી ઈશ્વર પોતાનો મહિમા વધારવા ખાતર અથવા મહિમા વધે તો જ ભક્તનું પાલન કરે છે અને દુષ્ટનો સંહાર કરે છે. એવી ઇચ્છાવાળા ઈશ્વર તો રાગી અને દ્વેષી ગણાય, અને રાગ અને દ્વેષ તો કર્મબંધનનું–મહાન દુઃખનું મૂળ છે. ઇશ્વરનું આ કામ ઘણું જ વિકટ છે, કારણ કે માત્ર ઇચ્છાથી જ ભક્તપાલન અને દુષ્ટનું નિકંદન થઈ જતું હોય તો અવતાર ધારણ કરવાની અને લીલા કરવાની તકલીફ કોણ ઉઠાવે?

÷ એનું નામ ન્યાયી સ્વામી નહિં પણ અન્યાયી જ કહેવાય.

વળી, તેઓ કહે છે કે, સૃષ્ટિનાં તમામ સારાં-માઠાં કામો પ્રભુની ઈચ્છા પ્રમાણે થાય છે, તો એ કામો કરનારા તમામ જીવો પાસે પોતાનો મહિમા શા માટે ન મનાવ્યો? તમામ જીવો પ્રભુને ગમતાં કામો, પ્રભુનો મહિમા વધે તેવાં કામો કર્યા કરે છે? તેના જવાબમાં જણાવે છે કે, પ્રભુ પોતાની ઈચ્છા પ્રમાણે કામો કરાવી અલગ જ (ન્યારા) રહે છે. અરે ભાઈ! ઈચ્છા પ્રમાણે કામો કરાવી કર્તાનું પદ પ્રાપ્ત કરી વળી અકર્તારૂપે રહેવું એ શી રીતે બને! એ તો આકાશના ફૂલ જેવી ગલત વાત થઈ!

વળી, કહે છે કે, ત્રણ દેવોમાંના બ્રહ્મા આ દુનિયાને બનાવે છે, વિષ્ણુ દુનિયાનું રક્ષણ કરે છે અને શંકર (મહાદેવ) સૃષ્ટિનો સંહાર કરે છે, આ વાત માનીએ તો બ્રહ્મા અને શંકરને કોઈ મોટું વેર હોવું જોઈએ જ, નહિ તો શા માટે બ્રહ્માએ બનાવેલી સૃષ્ટિનો મહાદેવ નાશ કરે?

ત્યારે તેઓ કહે છે કે એમાં બંનેને વેરવિરોધ શાનો? પરિબ્રહ્મ પોતે જ પોતાનાં ત્રણ રૂપ બનાવી ઉત્પન્ન, પાલન ને સંહાર કરે છે. એમ કહી હોય તો એ પૂછીએ કે ભાઈ! પોતાની બનાવેલી સૃષ્ટિ પ્રથમ સારી લાગી અને પાછળથી ખરાબ લાગી! પાછળથી ખરાબ લાગે ને નાશ કરવો પડે તેવી સૃષ્ટિ સમર્થ દેવ થઈને પ્રથમ બનાવી જ શા માટે?

જો ઈશ્વરનો સ્વભાવ પોતાની બનાવેલી સૃષ્ટિનો નાશ કરવાનો થયો કે ફરી વળી બનાવવાનો થયો હોય તો તેવું શા કારણથી બન્યું તે જણાવો. પૃથ્વીનો પોતાનો સ્વભાવ નાશ પામવાનો થયો તો તે તો જડ છે અને બીજાથી ઉત્પન્ન થયેલી છે તે પોતાની ઈચ્છાથી બદલે-નાશ પામે-નવી થાય એમ કેમ બને?!

કોઈ ગૃહસ્થે હવેલી બનાવી હોય તો પ્રથમ ઈંટ, ચૂનો, લાકડાં, વગેરે સામગ્રી ભેગી કરે, મકાનના નમૂના માટે નકશો કરે, ત્યાર પછી બનાવવાનું બનાવવા માંડે. જો બ્રહ્માએ એ પ્રમાણે સૃષ્ટિ

બનાવવાનું કર્યું હોય તો પૃથ્વી બનાવવાની સામગ્રી બ્રહ્માએ ક્યાં ક્યાંથી ભેળી કરી? પૃથ્વી બનાવતા પહેલાં બ્રહ્મા પોતે એક જ હતા, તો પછી સામગ્રી આવી ક્યાંથી? સૃષ્ટિના નમૂના માટે નકશો શા પ્રમાણે ઉતાર્યો? વળી સૃષ્ટિ બનાવી તે પ્રથમની સૃષ્ટિઓ હતી તેના જેવી બનાવી કે સાવ નવી જ બનાવી કે પોતાનાં અનેક રૂપો કરીને એકદમ બનાવી? આ પ્રશ્નોના જે જવાબો આપશે તે તમામ એક બીજાથી ઊલટા જશે ને તૂટી જશે.

જો રાજા પોતે કડિયા, સુતાર, વગેરેને હુકમ કરે તેમ કરાવી હોય તો તેમ કહો. એવાં કામ કરનારા કારીગરો સામાન ક્યાંથી લાવ્યા? નવી સૃષ્ટિ બનાવતી વખતે તેમાં બધી સારી સારી ચીજો બનાવી કે સારી ને નરસી તમામ બનાવી? જો સારી સારી ચીજો બનાવ્યાનું કહેશો તો સૃષ્ટિમાંની સર્પ, વીંછી, વછનાગ, સોમલ, વગેરે ચીજો કોણે બનાવી?

જો સારી-નરસી બંને વસ્તુ બ્રહ્માએ બનાવી એમ કહેશો તો વછનાગ, સિંહ, માંકડ, નરક, વીંછી, વગેરે દુઃખદાયી ચીજો કે જે કોઈને સારી લાગતી નથી, તેમ બનાવનારની પણ સેવા કરતી નથી, તે શા માટે બનાવી? જો તે ખરાબ ચીજો કોઈ બીજાએ બનાવી કહેશો તો બ્રહ્મા સિવાય બીજો કોઈ બનાવનાર છે?

આના જવાબમાં તેઓ એમ કહે છે કે સૌ પ્રાણીઓ પોત-પોતાનાં કર્મને લઈને નીચ યોનિમાં અવતાર લઈને દુઃખી થાય છે. કદી એ વાત સ્વીકારીએ તો બ્રહ્મામાં કર્તા તરીકેનો ગુણ રહ્યો નહિ. પણ સૌ પોતપોતાનાં કર્મનાં ફળ ભોગવે છે એમ ઠર્યું. આમ પરસ્પર વિરોધ આવે છે.

જીવને પ્રથમ બનાવ્યા ત્યારે તે સઘળાને નિર્મળ બનાવ્યા હતા કે પાપી બનાવ્યા હતા? જો નિર્મળ બનાવ્યા હતા એમ કહેશો તો પાછળથી તેમને પાપ કેવી રીતે ચોંટયું? બનાવતી વખતે તો નિર્મળ બનાવી શકાયા પણ પાછળથી બ્રહ્માના હાથમાં નિર્મળ જ

રાખવાની સત્તા શું ન રહી ? કદી એમ કહેશો કે, પાપ તો બ્રહ્માએ પાછળથી લગાડયું તો પોતાના બનાવેલા જીવોને પાછળથી પાપ લગાવીને દુઃખી શા માટે કર્યા?

એથી બ્રહ્મા નિર્દય ઠરે છે.

ઉપરનાં કારણોથી બ્રહ્માએ સૃષ્ટિ બનાવી છે એ વાત; અથવા બ્રહ્મામાં કર્તાપણાનો ગુણ છે એ વાત ટકી શકતી નથી.

હવે વિષ્ણુદેવ સૃષ્ટિનું પાલન કરે છે એમ કહેનારાને પૂછીએ કે ભાઈ! જે બીજા બધાયને દુઃખી થવા ન દેતાં, તેમને મળેલું સુખ ખૂટી ન જાય, તેમ રક્ષા કરે, એનું નામ પાલનકર્તા કહેવાય, પણ આખા વિશ્વમાં નજર કરીએ છીએ તો તેથી ઊલટું નજરે આવે છે. જગતમાં સુખી જીવો થોડા દેખાય છે અને દુઃખી જીવો ઘણા દેખાય છે. વિશેષ ભાગ ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ, સંયોગ, વિયોગ, રોગ, શોક વગેરે ઉપાધિઓથી હેરાન થઈ રહ્યો છે, તો વિષ્ણુદેવનું રક્ષકપણું કયાં રહ્યું ?

એના જવાબમાં તેઓ કહે છે કે, જીવમાત્રનાં સુખ દુઃખ તો કર્માધીન છે. સૌ સૌના કર્માનુસાર તમામ જીવો સુખ દુઃખ ભોગવે છે. આ જવાબ તો ઠગવૈદ્યના જેવો ઠર્યો. રોગીને આરામ થાય તો ઠગવૈદ્ય કહે છે કે એને મારી દવાથી આરામ થયો છે પણ રોગીનો રોગ વધે અથવા મરી જાય તો ઠગવૈદ્ય કહે છે કે એ તો કર્માધીન છે. તેનું આયુષ્ય નહિ તેથી મરી ગયો.

એ પ્રમાણે પોતપોતાનાં કર્મોથી જ જીવોનું ભલું બૂરું થતું હોય છે, પછી તમે પ્રભુનું નામ શા માટે લો છો ? ત્યારે તેઓ કહે છે, અમે તો ઈશ્વરને ભક્તવત્સલ કહીએ છીએ. ઠીક, જો પ્રભુને તમે ભક્તવત્સલ કહો છો તો સોમનાથ પાટણનું દેવળ મહમદ ગીઝનીએ તોડયું, ત્યારે તેમણે પોતાના દેવળની રક્ષા કેમ ન કરી? અને સોમનાથ મહાદેવના અનેક ભક્તોને તે સ્થળે મ્લેચ્છ લોકોએ ઘણું દુઃખ દીધું, છતાં સહાયતા કેમ ન કરી ?

જો એમ કહેશો કે વિષ્ણુમાં એટલી શક્તિ ન હતી, તો મલેચ્છોથી પણ ઓછી શક્તિવાળા તમારા પરમેશ્વર છે? અને જો એમ કહેશો કે, મહમદ ગીઝનીના જુલમની પ્રભુને ખબર ન હતી તો પ્રભુનો અંતર્યામી, સર્વજ્ઞ વગેરે નામોનો મહિમા ક્યાં રહ્યો? પ્રભુ જાણતા હતા છતાં સહાય ન કરી એમ કહેશો તો પ્રભુનું ભક્તવત્સલ-પણું ક્યાં ગયું ?

એ રીતે પાલનકર્તા દેવ વિષ્ણુમાં ભક્તવત્સલપણું છે, અગર તો સૃષ્ટિનું રક્ષણ કરે છે, આ વાત વૃથા છે.

ત્રીજા દેવ શંકર, કે જે સૃષ્ટિનો સંહાર કરે છે તેને વિષે તે લોકોને પૂછીએ કે શંકરદેવ પ્રલયકાળ આવે ત્યારે સંહાર કરે છે કે હંમેશાં સંહાર કર્યા કરે છે? પોતાના હાથથી સંહાર કરે છે કે બીજા પાસે સંહાર કરાવે છે ? જો પોતાના હાથથી સંહાર કરતા હોય તો આ જગતમાં ક્ષણ ક્ષણમાં અનંત જીવો મરે છે તેનો સંહાર એકલે હાથે કેવી રીતે શકે ?

જો શંકર બીજાની સહાય લઇને સંહાર કરતા હોય તો તે સંહાર કરનારાનાં નામ બતાવો. જો શંકર દેવની ઇચ્છા માત્રથી સંહાર થઇ જતો હોય તો શું એવી મોટી પદવીવાળા દેવની વૃત્તિ "માર, માર ને માર" એવી અધમ હશે? થોડા જીવોનો સંહાર કરનારને દુષ્ટ પરિણામી કહેવામાં આવે છે તો આવા અનંત જીવોનો સંહાર કરનારને કેવો નિર્દય કહેવો ?

ત્યારે તેઓ કહે છે કે એ સંહારને હિંસા કહેવાય જ નહિ. એમાં હિંસા છે જ નહિ; એ તો માત્ર એક તમાશો છે. સૃષ્ટિને વિખેરી નાખવાનો પ્રસંગ આવતાં વિખેરી નાંખે એમાં હિંસા શાની? વાહ ભાઈ ! વળી તમે તમારા પ્રભુને તમાશાગીર બનાવ્યા, તમાશાગીરને સારું લાગ્યું ત્યારે તમાશો બનાવ્યો અને બૂરું લાગ્યું— ત્યારે તમાશો વિખેરી નાખ્યો. છતાં કોઈ પણ જીવની હિંસાનો દોષ ન લાગ્યો, તેમ રાગદ્વેષ પણ ન ચોટચાં, એ વાત શી રીતે માની શકાય !

વળી પૂછીએ કે, પ્રલય કાળમાં બધા જીવોનો સંહાર થતાં તે જીવો મરીને ક્યાં જશે? ત્યારે કહે છે કે ભક્ત હશે તે પરબ્રહ્મમાં મળી જશે ને બાકીના જીવો માયામાં મળી જશે. ઠીક! પ્રલય થયા પછી માયા પણ પરબ્રહ્મથી જુદી રહે છે કે એક થઇ જાય છે? જો જુદી રહે છે એમ કહેશો તો માયા પણ પરબ્રહ્મની પેઠે અનાદિ અને નિત્ય ઠરી, અને જો માયા પ્રલય કાળમાં—બ્રહ્મમાં મળી ગઈ એમ કહેશો તો સર્વ જીવો પણ બ્રહ્મમાં મળી ગયા ગણાય. અને એમ થાય તો ભક્ત અને દુષ્ટનો ભેદ ક્યાં રહ્યો? તેમ જ મોક્ષનો ઉપાય જે યમ—નિયમ, પ્રાણાયામ, સમાધિ, વગેરે શા માટે કરવાં જોઈએ?

ભલા, પ્રલય કાળ પછી જ્યારે નવી સૃષ્ટિ થશે ત્યારે અગાઉના જીવો નવી સૃષ્ટિમાં આવશે કે નવા પેદા કરવા પડશે? જો એમ કહેશો કે અગાઉના જીવો નવી સૃષ્ટિમાં આવશે તો પરબ્રહ્મમાં બધા જીવો જુદા જુદા રહ્યા ગણાય, પણ એકત્ર થયા ન ગણાય. આથી અગાઉ કહેલ બ્રહ્મમાં જીવો એકરૂપ થઈ ગયેલાની વાત જૂઠી થઈ. અને જો નવી સૃષ્ટિમાં નવા જીવો ઉપજાવ્યા એમ કહેશો તો જીવનું અસ્તિત્વ (હોવાપણું) રહ્યું નહિ. તેથી મોક્ષ મેળવવાનો ઉપાય પણ વ્યર્થ થયો. કારણ કે એક પછી એક નવી નવી સૃષ્ટિ થતાં જૂના જીવોનો નાશ થઈ જવાનો.

માયા મૂર્તિમંત (સાકાર) છે કે અમૂર્ત (નિરાકાર) છે? જો સાકાર કહેશો તો નિરાકાર બ્રહ્મમાં તેનો સમાવેશ શી રીતે થાય? વળી, મૂર્તિમંત માયા નિરાકાર બ્રહ્મમાં ભળી ગણો તો બ્રહ્મ પણ મૂર્તિમંત ગણાય અગર મૂર્તામૂર્ત (સાકાર નિરાકાર—મિશ્ર) થાય. માયાને નિરાકાર ગણશો તો પૃથ્વી, પાણી, વાયુ, વગેરે સ્પષ્ટ દેખાતા મૂર્તિમંત (સાકાર) પદાર્થો, નિરાકાર માયામાંથી શી રીતે બને? એ વગેરે યુક્તિઓથી પરબ્રહ્મ માયા, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ અને સૃષ્ટિ સંબંધી વિચાર કરતાં "ઇશ્વર સૃષ્ટિનો મહાન્ નિયંતા છે, બ્રહ્મા પેદા કરનાર છે, વિષ્ણુ પાલનકર્તા છે. અને મહાદેવ સંહારકર્તા છે" વગેરે સર્વ વાતો કપોલકલ્પિત એટલે ગોઠવી કાઢેલી જણાય છે.

માટે હે ભવ્ય જીવો ! એવા ભ્રમમાં ન પડશો, અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરેંદ્રિય, પશુ, પક્ષી, જળચર, મનુષ્ય, નરક, સ્વર્ગ એ સર્વ પદાર્થોને અનાદિ માનજો. એને કોઈ પેદા કરતું નથી. ઈંડુ અને પક્ષી, બીજ અને વૃક્ષ, સ્ત્રી અને પુરુષ, એમાં પહેલું કોને ગણવું ? સર્વ એક એકમાંથી ઉત્પન્ન થયેલ છે. તેટલા માટે અનાદિ જાણવું, તેઓનો કોઈ ઉત્પન્ન કરનાર નથી અગર પ્રલય કરનાર પણ નથી.

કેઈ પૂછે કે, એ તમામ વગર બનાવ્યે શી રીતે બને ? તો તેને પૂછીએ કે, ભાઈ! ઇશ્વરને કોણે બનાવ્યા ? ત્યારે કહેશે કે એ તો સ્વયંસિદ્ધ છે–અનાદિ છે, એને કોઈ બનાવી શકે જ નહિ. તે જ રીતે આપણે પણ તેમને કહીએ કે ભાઈ ! તમે જેમ પરબ્રહ્મને સ્વયં-સિદ્ધ માનો છો તે જ રીતે અમે પણ પૃથ્વ્યાદિક દ્રવ્યાર્થિક પદાર્થોને નયે સ્વયંસિદ્ધ એટલે અનાદિ અનંત માનીએ છીએ.

શ્રી ભાસ્કરાચાર્યે સિદ્ધાંત શિરોમણિ ગ્રંથના ગોલ નામક અધ્યાયમાં કહ્યું છે કે ચંદ્ર, બુધ, શુક્ર, સૂર્ય, મંગળ, ગુરુ, શનિ અને નક્ષત્રોના વર્તુલ માર્ગથી વેરાયેલ, કોઈના પણ આધાર વિનાના, પૃથ્વી જળ, તેજ, વાયુ અને આકાશથી વ્યાપક હોઈ આ ભૂપિંડ ગોળાકાર બની પોતાની શક્તિથી આકાશમાં નિરંતર રહે છે. અને તેના પૃષ્ઠ પર દેવ, દાનવ, માનવ, વગેરે સહિત વિશ્વ ચારે તરફ રહ્યું છે.

હવે અહીં કોઈ પ્રશ્ન કરે કે—જીવને સુખીદુઃખી કોણ કરે છે ? એનો ઉત્તર એ છે કે, જીવ પુણ્યકર્મનું ઉપાર્જન કરે તો તેનાં ફળ સુખરૂપે ભોગવે અને પાપકર્મ કરે તો તેનાં ફળ દુઃખરૂપે ભોગવે.

सुखस्य दुःखस्य न कोऽपि दाता, परो ददातीति कुबुद्धिरेषा ।
अहं करोमीति वृथाभिमानः, स्वकर्मसूत्र ग्रथितोहि लोकः ॥

અર્થ—સુખ અને દુઃખનો દેનાર કોઈ નથી. અર્થાત્ ઈશ્વર આપે છે એમ કહેવું તે કુબુદ્ધિનો હેતુ છે અને હું કરું છું એમ

માનવું એ પણ મિથ્યાભિમાન છે, ખરી વાત તો એ છે કે પોતાના કર્મરૂપ સૂત્રથી ગૂંથાયેલો આ લોક છે.

શ્રીમદ્ ભાગવતના ૧૦ મા સ્કંધના ૨૪ મા અધ્યાયમાં કહ્યું છે કેઃ—

कर्मणा जायते जंतुः, कर्मणैव विलीयते ।
सुखं दुःखं भयं क्षेमं, कर्मणैवाभिपद्यते ॥ १३ ॥

અર્થ—કર્મથી જ જીવ જન્મ લે છે અને કર્મથી જ મરે છે. સુખ, દુઃખ, ભય અને ક્ષેમકુશળ એ બધું કર્મથી જ થાય છે.

વળી, ભગવદ્ગીતાના ૫ મા અધ્યાયમાં કહ્યું છે કે,

न कर्तृत्वं न कर्माणि, लोकस्य सृजति प्रभुः ।
न कर्मफल संयोगं, स्वभावस्तु प्रवर्तते ॥

અર્થ—પ્રભુ કોઈના કર્મને સર્જતા નથી, તેમ પ્રભુ લોકોને ઉત્પન્ન કરતા નથી તેમજ કર્મનાં ફળ પણ આપતા નથી, પરંતુ સર્વ કાર્યો સ્વભાવથી જ થાય છે.

ઇસ્લામમાં પણ કહ્યું છે કે,

શેર અરબ્બી— "**એસાલી મુજરક વજાત તસર્રૂફબી ઇલ્લાત**"

અર્થાત્—જીવ દર્યાફ્ત કરવાવાળો છેઃ પોતે પોતાથી જ પોતાનો ઓજારની સાથે કબજો રાખનાર છે.

જીવ સંસારમાં સુખ દુઃખ ભોગવે છે તે પોતપોતાના સંચિત કર્માનુસાર જાણવું. અન્યનું તો શું કહેવું પણ ખુદ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સૂર્ય, ચંદ્ર, વગેરે પણ કર્માધીન સુખદુઃખ ભોગવે છે.

ब्रह्मायेन कुलालवन्नियमितु', ब्रह्मांडभाण्डोदरे ।
विष्णुर्येन दशावतारग्रहणे, क्षिप्तो महा संकटे ।
रुद्रोये न कपालपाणिपुटके, भिक्षाटनं कायते ।
सूर्यो भ्राम्यति नित्यमेव गगने, तस्मै नमः कर्मणे ॥

(ભર્તૃહરિ)

કર્મવશ બ્રહ્માને કુંભારની પેઠે જીવના શરીરરૂપ વાસણો ઘડવાં પડે છે, વિષ્ણુને દસ અવતાર ધારણ કરવારૂપ મહાસંકટ વેઠવું પડે છે, શિવજીને મનુષ્યની ખોપરી હાથમાં લઇ ભિક્ષા માગવી પડે છે અને સૂર્યને ગગનમાં રાત્રિદિવસ ભટકવાનું કષ્ટ ભોગવવું પડે છે. એટલા માટે કર્મને નમસ્કાર. જો કે આ ત્રણે દેવો કલ્પિત છે પણ ભર્તૃહરિ પણ તે દ્વારા કર્મ અને કર્મફળ કબૂલ કરે છે.

પ્રશ્ન—જીવ શુભ કર્મ કરી સુખી થવા સમર્થ છે, તો પછી અશુભ કર્મ કરી તે દુઃખી શા માટે થાય છે? દુઃખ તો કોઇને વહાલું નથી લાગતું.

ઉત્તર—અજ્ઞાનથી તેમ જ મોહોદયની પ્રબળતાથી તે દુઃખ પામે છે. જેમ વકીલ બેરિસ્ટર જાણે છે કે, મદિરાપાનથી ભાન ભૂલી જવાય છે, તન, મન, ધનની હાનિ થાય છે, છતાં તે મદિરાપાન કરી પાગલ બને છે. ન્યાયાધીશ મદિરાપાન કરનારને શિક્ષા કરે છે અને પોતે જ બ્રાંડીની બાટલી ગટગટાવી જાય છે. વિચારો! મોહની કેટલી અજબ ગતિ છે.

આવી જ રીતે ઘણા જીવો દુઃખપ્રદ કર્મો સુખને માટે કરે છે. પણ તેનું પરિણામ દુઃખરૂપ જ હોય છે. અને જે જ્ઞાનવંત પ્રાણી (મોહ મંદ પડવાથી) દુઃખપ્રદ કર્મનો ત્યાગ કરે છે તે સુખી થાય છે. માટે આ સત્ય હૃદયમાં ધારો અને સાચી શ્રદ્ધા રાખો. કુહેતુઓથી કદાપિ ભ્રમમાં પડો નહિ, સત્યનો સ્વીકાર કરો અને પરભવ છે એમ નિશ્ચય માનો!

૭ નિન્હવ

જિનપ્રણીત શાસ્ત્રોથી વિપરીત પ્રરૂપણા કરનાર ૭ નિન્હવો પ્રાચીન કાળમાં થઈ ગયા છે. એ બાબતની ટૂંકામાં હકીકત ઉવવાઇ સૂત્રમાં વર્ણવી છે.

(૧) **જમાલીજી**–શ્રી મહાવીર પ્રભુના શિષ્ય જમાલી પોતાના ૫૦૦ શિષ્યો સહિત વિચરતા હતા. તેમને એકદા તાવ ચડી આવ્યો એટલે શિષ્યોને કહ્યું, મારા માટે પથારી બિછાવો. શિષ્ય પથારી કરવા લાગ્યા, એટલામાં જમાલીએ પૂછ્યું—પથારી બિછાવી? શિષ્યે કહ્યું, હા. બિછાવી. જમાલી જઈને જુએ તો પૂરી બિછાવેલી નહિ, તેથી શિષ્યને પૂછ્યું, તું જૂઠ કેમ બોલ્યો?

શિષ્યે કહ્યું, ભગવાનમહાવીરે કહ્યું છે કે, 'कडे माणे कडे' અર્થાત્ કામ કરવા માંડ્યું તે કર્યું* કહેવાય.

જમાલી બોલ્યા, શ્રી મહાવીર સ્વામીનું એ કથન ખોટું છે. કામ પૂર્ણ થયે જ પૂરું થયું એમ કહેવું. આ પ્રમાણે ભગવાનને જૂઠા કહેવાથી તેણે મિથ્યાત્વ ઉપાર્જન કર્યું.

(૨) **તિશ્રગુપ્ત**–શ્રી વસુ આચાર્યના શિષ્ય તિશ્રગુપ્ત એક દિવસ આત્મપ્રમાદ–પૂર્વની સ્વાધ્યાય કરતા હતા તેમાં એવો અધિકાર આવ્યો કે, અહો ભગવન્! આત્માના એક પ્રદેશને જીવ કહેવો? ભગવાને કહ્યું, નહિ. આવી રીતે બે, ત્રણ યાવત્ સંખ્યાત પ્રદેશ લગી પૃચ્છા કરી તો પણ ભગવાને ના કહી.

ફરી પૂછ્યું, અહો ભગવન્! અસંખ્યાતા પ્રદેશમાં એક પ્રદેશ કમતી હોય તો તેને જીવ કહેવો? ભગવાને કહ્યું, નહિ. જેટલા આત્મ-પ્રદેશ છે તેટલા પૂરા હોય તો જ જીવ કહેવો. આ ઉપરથી તિશ્રગુપ્તે આત્માના અંતિમ પ્રદેશને જીવ માન્યો. અને એક–પ્રદેશી આત્મા પ્રરૂપવા લાગ્યો. ગુરુજીએ બહુ સમજાવ્યો, પણ સમજ્યો નહિ. છેવટે તેને ગચ્છથી બહાર કાઢ્યો.

---

* જેમ ઘેરથી કોઈ મુંબઈ જવા નીકળ્યો તે ભલે મુંબઈ પહોંચ્યો નહિ તો પણ લોકો તો મુંબઈ ગયો છે એમ જ વ્યવહારથી કહેશે. આ ન્યાયે જે કામ કરવા માંડ્યું તે કર્યું એમ કહેવાય, નિશ્ચયથી જેટલા સમયની ક્રિયા થઈ તે કરી જ ગણાય, ફક્ત છેલ્લા સમયની ક્રિયાને જ ક્રિયા કહીએ તો એક સમયમાં સર્વ ક્રિયા થઈ ન શકે માટે ખોટું છે. ભવિષ્યનું વર્તમાનમાં આરોપણ નિગમનયથી થાય છે અને કોઈ નયનો એકાંત નિષેધ કરવો તે પણ મિથ્યા છે

અન્યદા તે તિશ્રગુપ્ત અમલકંપા નગરીમાં સુમિત્ર શ્રાવકને ઘેર ભિક્ષાર્થે ગયો, ત્યારે તે શ્રાવકે દાળનો અને ચોખાનો એક એક દાણો ભિક્ષામાં આપ્યો, ત્યારે તિશ્રગુપ્ત બોલ્યો—કેમ ભાઈ, મશ્કરી કરો છો? શ્રાવક બોલ્યા—નહિ મહારાજ, હું તો આપની શ્રદ્ધા પ્રમાણે જ કરું છું. એક આત્મપ્રદેશની અવગાહના તો અંગૂલના અસંખ્યાતમા ભાગની હોય છે. અને ચાવલ, દાળની અવગાહના તો અંગૂલના સંખ્યાતમા ભાગની છે. તો આટલો આહાર પણ આપના આત્માથી અસંખ્યાત ગણો, અધિક હોવાથી વધી પડશે. આટલું સાંભળતાં જ તેની શ્રદ્ધા શુદ્ધ થઈ ગઈ. તેણે ભાવકનો ઉપકાર માન્યો.

સુમિત્રે જવાબ દીધો, મહારાજશ્રી! આપને મારા અનેકવાર નમસ્કાર છે, મારા જેવા અલ્પજ્ઞ શ્રાવક પાસેથી આપે સીધી વાત ગ્રહણ કરી તેથી આપને ધન્યવાદ છે.

(૩) **અષાઢાચાર્ય**—અષાઢાચાર્યજી અલ્પજ્ઞ શિષ્યોને છોડી આયુષ્ય પૂર્ણ કરી દેવતા થયા, અને પુનઃ પોતાના મૃતક શરીરમાં પ્રવેશ કરી શિષ્યોને ભણાવ્યા. પછી શરીર છોડી સ્વર્ગમાં જતી વખતે ભેદ ખુલ્લો કરી દીધો. આથી શિષ્યો શંકાશીલ બની ગયા કે, અરે! આટલા દિવસ આપણે અવ્રતી દેવને નમસ્કારાદિ કર્યા. કદાચ બીજા સાધુઓના શરીરમાં પણ દેવતાનો વાસ હોય. આમ વિચારી બધા સાધુઓથી વંદના વ્યવહાર બંધ કરી દીધો. એ ત્રીજા નિન્હવ થયા.

(૪) **રોહગુપ્ત**—શ્રી ગુપ્તાચાર્યના શિષ્ય રોહગુપ્ત કોઈક વાદીની સાથે ચર્ચા કરતા હતા. ચર્ચા દરમ્યાન પેલા વાદીએ જીવરાશિ અને અજીવરાશિ એમ બે રાશિની સ્થાપના કરી. તે વખતે શ્રી રોહગુપ્તજીએ સૂતરના એક દોરાને વળ ચડાવી તે દોરો નીચે મૂકી ચર્ચા કરનારને પૂછ્યું કે, આ દોરો કઈ રાશિ? જીવરાશિ કે અજીવરાશિ? જો તમે જીવરાશિ કહેશો તો સૂતર એ અજીવ પદાર્થ છે. જો તમે અજીવરાશિ કહેશો તો આ અજીવ સૂતર આ પ્રમાણે હલનચલન કેમ કરે છે?

એ પ્રમાણે સાંભળી તેમ જ સૂતરના દોરાને જોઈ ચર્ચા કરનાર ચૂપ રહ્યો ત્યારે શ્રી રોહગુપ્તજી બોલ્યા કે, ભાઈ આ સૂતરનો દોરો છે.

તે જીવરાશિ કે અજીવરાશિ ન કહેવાય. પણ "જીવાજીવ" નામની ત્રીજી રાશિમાં ગણાય. એ પ્રમાણે વાદીને (ચર્ચા કરનારને) હરાવીને પોતાના ગુરુજી પાસે આવ્યા. ચર્ચામાં જીત્યાની તમામ વાત ગુરુજીને કરી. ગુરુજીએ કહ્યું, શ્રી મહાવીર ભગવાને જીવરાશિ અને અજીવરાશિ એમ બે રાશિ જ શાસ્ત્રમાં ફરમાવી છે અને તમે આ પ્રમાણે સ્વકલ્પિત ત્રીજી રાશિ સ્થાપી તે મિથ્યા હોવાથી સભાની સમક્ષ "મિથ્યા મે દુષ્કૃત" લો.

શ્રી રોહગુપ્તજીએ માન મગરુરીને વશ થઈ પોતાની હઠ છોડી નહિ અને "મિચ્છામિ દુક્કડં" ન લીધું તેથી તેઓ નિન્હવ ગણાયા.

(૫) **શ્રી ધનગુપ્તાચાર્યના** શિષ્યે એવી વાત સ્થાપી કે "એક સમયમાં બે ક્રિયા લાગે છે." જેમકે કોઈ મનુષ્ય નદી ઊતરે છે, હવે તે વખતે તેના પગ તો નીચે નદીના ઠંડા પાણીમાં શીતળતા ભોગવે છે અને માથા પર સૂર્યનો તડકો લાગતો હોવાથી ઉષ્ણતા પણ તે જ વખતે ભોગવે છે. એ દૃષ્ટાંતે તે શિષ્યની શ્રદ્ધા ફરી ગઈ.

પણ તે શિષ્યે એમ ન જાણ્યું કે સમય એ કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ છે, કે તેટલા વખતમાં આત્મા બે ઉપયોગ રાખી શકે નહિ, તેથી બે ક્રિયા ભોગવી (વેદી) શકે જ નહિ. જે વખતે શીતળતા વેદે છે તે વખતે ઉષ્ણતા ભોગવી શકે નહિ અને ઉષ્ણતાની અસર ભોગવે તે વખતે શીતળતા (ઠંડક) ભોગવી શકે નહિ. આ સત્ય વાત તે શિષ્યને હૈયે ન બેઠી ને શ્રદ્ધા ફરી તેથી તે નિન્હવ થયા.

(૬) **પ્રજાપ્ત સાધુ**—શ્રી ભગવાને જીવ અને કર્મનો સંબંધ દૂધમાં ઘી, તલમાં તેલ, પુષ્પમાં સુગંધના જેવો કહ્યો છે, જ્યારે પ્રજાપ્ત સાધુએ સર્પ અને કાંચળીના જેવો સંબંધ છે એવી સ્થાપના કરી અને ભગવાનનાં વચન ઉત્થાપવાથી તે છઠ્ઠો નિન્હવ થયો.

(૭) **અશ્વમિત્ર**—આ સાધુએ નરકાદિ ગતિના જીવોની વિપર્યાય ક્ષણ ક્ષણમાં પરાવૃત્ત થાય છે એવી સ્થાપના કરી. બૌદ્ધના ક્ષણિકવાદ જેવી એમની શ્રદ્ધા હોવાથી તે સાતમો નિન્હવ થયો.

આ સાત સિવાય કેટલાક આઠ અને કોઈ વળી ૯ નિન્હવ કહે છે. એ પ્રમાણે ભૂતકાળમાં થયેલા સાત નિન્હવોનું વર્ણન વાંચી તે ઉપર જરા વિચાર કરતાં જણાશે કે, જે મહાત્માઓ નવ ગ્રૈવેયક સુધી પહોંચી શકે એવી જબરી ક્રિયા કરનારા હતા, તેઓએ માત્ર શ્રી પ્રભુના એક વચનને ઊલટી રીતે પ્રરૂપ્યું તો નિન્હવ તરીકે ગણાયા, ત્યારે હાલના લૂખી કરણી કરનારા અને ખાલી ડોળ ધરાવનારા સાધુઓ તથા શ્રાવકો પ્રભુનાં શાસ્ત્રોમાંથી પાઠના પાઠ ઉત્થાપી દે છે અને ઊંધા અર્થો કરી ઉપદેશ આપે છે, ઉત્તમ શાસ્ત્રને અધમ શસ્ત્રરૂપે પરિણમાવે છે, અનંત ભવોથી ઉદ્ધારનાર એવાં પરમ પવિત્ર વચનોને અનંત ભવભ્રમણ વધી જાય તેવી રીતે સ્થાપે છે અને કોઈ શાસ્ત્રજ્ઞ તથા શ્રદ્ધાવાળો તેમને ખરા અર્થ સમજાવે તો તેને તિરસ્કારી કાઢે છે. તેવાની શી ગતિ થશે ? એનો ખ્યાલ કરતાં કંપારી છૂટે છે !

હે ભવ્ય જીવો ! આપ હૃદયમાં જરા વિચાર કરજો. કેટલાક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને ધર્મક્રિયા કરવાનો મનકલ્પિત અર્થ કરી શુદ્ધ તત્ત્વમાં અશુદ્ધિની સ્થાપના કરે છે અને હોશિયારીની બડાઈ મારે છે, તેને ચક્રવૃદ્ધિ વ્યાજની માફક મિથ્યાત્વનો લાભ થાય અને અનંતો સંસાર રખડે.

શુદ્ધ જૈનધર્મ–સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાનો મહામાર્ગ છતાં આ પંચમકાળમાં તેના અનુયાયીઓની પ્રવૃત્તિ જોઈને આશ્ચર્ય થાય છે. શાસ્ત્રની કોઈ પણ બાબતનો નિર્ણય કરવામાં ઘણાની બુદ્ધિ વિભ્રમમાં પડી જાય છે. એક 'ચેઇય' શબ્દ જ લઈએ. 'ચેઈય' કે 'ચૈત્ય' શબ્દે જૈન સમાજમાં કેટલો કોલાહલ મચાવ્યો છે !

કોઈ ભાઈ 'ચેઈય' શબ્દનો અર્થ જ્ઞાન કરે છે તો કોઈ પ્રતિમા કરે છે.

શ્રીઠાણાંગજી સૂત્રમાં કહેલ છે કે "अेएसीणं चउवीसाए तित्थयराणं चउवीसं चेइय कहवा रुक्खा पण्णता" અર્થાત ૨૪ તીર્થંકરોને જ્ઞાન ઉત્પન્ન થયાનાં ૨૪ વૃક્ષ કહ્યાં છે. સૂત્રપાઠથી 'ચેઇય' નો અર્થ જ્ઞાન છે એ સિદ્ધ થાય છે અને જો ફક્ત જ્ઞાન જ અર્થ કરીએ તો ગુણશિલા નામ 'ચેઇય' તેનો અર્થ શો ? 'ગુણશિલા જ્ઞાન' એમ કરવો ?

ગુણશિલા એ તો બગીચાનું નામ છે. ઇત્યાદિ વિચારથી નિષ્પક્ષ થઈ જે સ્થળે જે અર્થ યોગ્ય હોય તે સ્થળે તે અર્થ કરવો ઉચિત છે.

(૨) આવી જ રીતે, કેટલાક કહે છે કે 'દયામાં ધર્મ', તો કેટલાક કહે છે કે 'આજ્ઞામાં ધર્મ'. હવે વિચાર કરો કે ભગવાનની આજ્ઞા અને દયા એમાં કંઇ ભિન્નતા છે? શું ભગવાન કદાપિ હિંસા કરવાની આજ્ઞા આપે છે? કદાપિ નહિ. તો પછી નિરર્થક ખેંચતાણ કરી કલેશ શા માટે કરવો?

(૩) કેટલાક ઋષભદેવજીના સમયમાં બનેલી વસ્તુને શ્રીમહાવીરસ્વામીના સમય સુધી રહી હોવાનું કહે છે. પરંતુ શ્રી ભગવતીસૂત્રના ૮મા શતકના ૯મા ઉદ્દેશામાં કૃત્રિમ વસ્તુની સ્થિતિ સંખ્યાતા કાળની જ કહી છે. અને ઋષભદેવજીને થયાં એક ક્રોડાક્રોડી સાગરોપમમાં થોડો કમ એટલો કાળ વીતી ગયો છે. એટલો કાળ વસ્તુ કેવી રીતે ટકી શકે? +

(૪) ભગવતીસૂત્રના છઠ્ઠા શતકના સાતમા ઉદ્દેશામાં ૧ વૈતાઢ્ય પર્વત, (૨) ગંગા અને, ૩. સિંધુ નદી, ૪. ઋષભકૂટ અને, ૫. લવણ સમુદ્રની ખાડી. આ પાંચ વસ્તુ ભરતક્ષેત્રમાં શાશ્વતી કહી છે. પરંતુ કેટલાક શત્રુંજય પર્વતને પણ શાશ્વતો કહે છે અને વળી કહે છે કે, શ્રીઋષભદેવજીના સમયમાં આ પર્વત બહુ જ મોટો હતો, ક્રમશઃ ઘટતાં ઘટતાં છઠ્ઠા આરામાં ઘણો નાનો રહી જશે તો શું શાશ્વતી વસ્તુ પણ નાનીમોટી થઈ શકે ખરી × ?

---

* કેટલાક કહે છે કે ઋષભકૂટ પર ભૂતકાળના ચક્રવર્તીએ પોતાનું નામ લખ્યું હોય તે ભુંસાડીને વર્તમાનકાળના ચક્રવર્તી પોતાનું નામ અંકિત કરે છે. આ મિથ્યા દાખલાથી કૃત્રિમ વસ્તુની અસંખ્યાત કાળની સ્થિતિ હોવાનું સિદ્ધ કરે છે, પરંતુ જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિમાં નામ ભુંસાડવાનો ઉલ્લેખ નથી.

× શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગરથી પ્રસિદ્ધ થતા 'આત્માનંદ પ્રકાશ' માસિકના ૧૫ મા પુસ્તકના ૧૦ મા અંકમાં લખે છે કે–"ધર્મઘોષ સૂરિએ પોતાના પ્રાકૃત કલ્પમાં સંપ્રતિ અને વિક્રમ અને શાલિવાહન રાજાને આ

(૫) પન્નવણા સૂત્રમાં મનુષ્યના શરીરથી દૂર થતી અશુચિનાં ૧૪ સ્થાનકમાં સમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ કહી છે. આમ છતાં કેટલાક થૂંકમાં તથા પરસેવામાં પણ સમૂર્ચ્છિમની ઉત્પત્તિ કહે છે. તો આ ૧૫મું અને ૧૬મું સ્થાન શાસ્ત્રપ્રમાણથી વિરુદ્ધ ક્યાંથી લાવ્યા ? તેમજ તિર્યંચના શરીરથી ઉત્પન્ન થતાં દૂધ અને માખણ વગેરેમાં પણ સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ બતાવે છે, પરંતુ આ કથન પણ શાસ્ત્રાનુકૂળ નથી.

(૬) ભગવતી સૂત્રના ૧૬ મા શતકના બીજા ઉદ્દેશામાં કહ્યું છે કે–હે ગૌતમ ! શક્રેન્દ્ર ઉઘાડે મોઢે બોલે તો સાવદ્ય ભાષા અને મુખ પર વસ્ત્રાદિ રાખીને બોલે તો નિરવદ્ય ભાષા કહેવાય. હવે જે મુનિઓ મુખ પર મુખવસ્ત્રિકા બાંધ્યા વિના બોલે છે તેમનાથી કેટલી વાર ઉઘાડે મોઢે બોલી જવાય છે તે વિચારવું જોઇએ.

(શત્રુંજય) ગિરિવરના ઉદ્ધારક બતાવ્યા છે, પણ તેની વધારે સત્યતા માટે હજી સુધી કોઈ વિશ્વસનીય પ્રમાણ મળી શક્યું નથી.

"બાહડ" મંત્રીનો ઉદ્ધાર વર્તમાનમાં જે મુખ્ય મંદિર છે તે વિશ્વસ્ત પ્રમાણથી જણાય છે કે, ગુર્જર મહાઅમાત્ય બાહડ (વાગ્ભટ) મંત્રી દ્વારા ઉધ્ધૃત થયેલ છે. વિક્રમની તેરમી સદીના પ્રારંભમાં જે વખતે મહારાજા કુમારપાળ રાજ્ય કરતા હતા, તે વખતે તેના ઉક્ત પ્રધાને પોતાના પિતા ઉદયન મંત્રીની ઇચ્છાનુસાર તે મંદિર બનાવ્યું છે.

પ્રબંધ ચિંતામણિના કર્તા મેરુતુંગસૂરિ આ ઉદ્ધારના સંબંધમાં જણાવે છે કે–કાઠિયાવાડના કોઈ સુવર નામના માંડલિક શત્રુને જીતવા માટે મહારાજા કુમારપાળે પોતાના મંત્રી ઉદયને મોટી સેના આપીને મોકલ્યો, વઢવાણ શહેરની પાસે મંત્રી પહોંચ્યો તે વખતે શત્રુંજય નજીક રહ્યો જાણી સૈન્યને આગળ કાઠિયાવાડમાં રવાના કર્યું, પોતે ગિરિરાજની યાત્રા કરવા શત્રુંજય તરફ રવાના થયો. જલદીથી શત્રુંજય પર પહોંચી ત્યાં ભાગવત પ્રતિમાનાં દર્શન, વંદન અને પૂજન કર્યું. તે વખતે તે મંદિર પથ્થરનું નહિ, પરંતુ લાકડાનું હતું. મંદિરની સ્થિતિ બહુ જ જીર્ણ હતી અને અનેક ઠેકાણે ફાટફૂટ પડી ગઈ હતી. મંત્રી પૂજન કરી પ્રભુપ્રાર્થના કરવા માટે રંગમંડપમાં બેઠા અને એકાગ્રતાથી સ્તવન કરવા લાગ્યા. તે વખતે મંદિરની કોઈ ફાટમાંથી એક ઊંદર નીકળ્યો, તે એક દીવાની વાટ મોંમાં લઈને ક્યાંક ચાલ્યો ગયો.

જેઓ મુખ પર મુહપત્તી બાંધવાનો નિષેધ કરે છે તેમના જ માનનીય ગ્રંથોમાં મુખ પર મુહપત્તી બાંધવાનું કહ્યું છે.

૧. ઓઘનિર્યુક્તિની ૧૦૬૩ અને ૧૦૬૪ની ગાથામાં લખ્યું છે કે, 'એક વેંત ચાર અંગૂલની મુહપત્તીમાં મુખના પ્રમાણ જેટલો દોરો નાખી મુખ પર મુહપત્તી બાંધવી જોઇએ.'

૨. પ્રવચન સારોદ્ધારની ૫૨૧મી ગાથામાં કહ્યું છે કે–મુખ પર મુહપત્તી આચ્છાદન કરી બાંધવી જોઈએ.

૩. મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે–મુખવસ્ત્રિકા વિના પ્રતિક્રમણ કરે, વાચના લે અથવા દે, વંદના, સ્વાધ્યાયાદિ કરે તો પુરિમઢનું પ્રાયશ્ચિત આવે.

૪. યોગશાસ્ત્ર વૃત્તિના પૃષ્ઠ ૨૬૧માં લખ્યું છે કે, હવામાં ઊડતા જીવ તથા વાયુકાયના જીવની ઉષ્ણ શ્વાસથી થતી વિરાધનાથી બચવા માટે મુહપત્તી ધારણ કરવામાં આવે છે.

આ પ્રસંગ દેખીને મંત્રીને દિલગીરી સાથે વિચાર થયો કે મંદિર કાષ્ટમય અને જીર્ણ હોવાથી આવી રીતે દીવાની વાટથી કોઈ વખતે અગ્નિ લાગી જાય તો તીર્થની ભારે આશાતના થવાનો ભય છે. મારી આટલી સંપત્તિ તથા પ્રભુતા શા કામની છે? એમ દિલગીર થઈ તે મંત્રીએ પ્રતિજ્ઞા કરી કે, આ યુદ્ધ પૂર્ણ થયા બાદ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીશ, કાષ્ટને સ્થાને પથ્થરનાં મજબૂત મંદિર બંધાવીશ, વગેરે. તદનંતર એ મંત્રી તો સંગ્રામમાં કામ આવી ગયા, પણ પિતાની આજ્ઞાનુસાર બાહડ અને અંબડ નામના તેમના બન્ને પુત્રોએ સંવત્ ૧૨૧૧માં એક ક્રોડ સાઠ લાખ રૂપિયા ખર્ચ કરી અનેક મંદિરો બનાવ્યાં.

આ કથન ઉપરથી પાઠકગણે શત્રુંજયનું શાશ્વતપણું અને જિનમંદિરો ક્યારે બન્યાં તે વિષે ખ્યાલ કરી લેવો. શત્રુંજય ઉદ્ધારકોનાં જે જે નામો બતાવ્યાં છે તેમનો પણ પ્રમાણભૂત પૂરો પત્તો તેઓ મેળવી શક્યા નથી, તો પછી અન્ય કથનોની સત્યતા કેમ સ્વીકારી શકાય? શત્રુંજય નાનોમોટો થવા બાબત ગંગા સિંધુ નદીનું દૃષ્ટાંત આપે છે પણ તે વાસ્તવિક નથી. કેમકે ગંગા સિંધુનું પાણી ઓછું અધિક થાય છે પણ તેની લંબાઈ પહોળાઈનું ક્ષેત્ર તો તેટલું જ રહે છે.

૫. આચાર દિનકર ગ્રંથમાં અને શતપદી ગ્રંથોમાં અનેક પ્રમાણ મુહપત્તી બાંધવાનાં મળી આવે છે×.

૬. શ્રી હેમચંદ્રાચાર્યની રચનાનુસાર ઉદયરત્નજીનો સં. ૧૭૬૯માં રચેલો ભુવનભાનું કેવળીનો રાસ છે તેની ૮૯ મી ઢાળમાં આ પ્રમાણે છે.

ઢાળ

મુંહપત્તી મુખ બાંધી રે, તુમ બેસો છો જેમ ગુરુજી,
તિમ મુખ ઢૂચા હઇને રે બીજાથી બેસાયે કેમ ગુરુજી ॥૩॥
મુખ બાંધી મુનિની પરે રે, પરદોષ ન વદે પ્રાહી ગુરુજી
સાધુ વિના સંસાર મેરે,કયારે કો દીઠા કયાંહી ગુરુજી ॥૪॥

એવો જ ખુલાસાવાર લેખ હિતશિક્ષાના રાસમાં તથા હરિબળ મચ્છીના રાસમાં છે. અને શ્રાવક ભીમસી માણેક તરફથી પ્રકાશિત "જૈન કથા રત્ન કોષ"ના ૭મા ભાગના ૪૦૫ મા પૃષ્ઠની ૧૬ મી પંક્તિમાં છાપેલ છે કે 'ઉપાશ્રયમાં રહેતા સાધુ માંહેલા કેટલાક સાધુઓ તો મુહપત્તી બાંધ્યા વિના જ બોલ્યા કરે છે!

× हस्ते पात्रं दधानाश्च, तुण्डे वस्त्रस्य धारकाः ।
मलिनान्येव वासांसि, धारयन्तोऽल्पभाषिणः ॥

[શિવપુરાણ અ. ૨૧]

અર્થ—હાથમાં પાત્ર અને મુખ પર વસ્ત્ર રાખવાવાળા, મલિન વસ્ત્રો ધારણ કરનાર અને થોડું બોલનાર જૈન ધર્મના સાધુ હોય છે, આ પ્રમાણે અન્ય મતાવલમ્બીઓનાં શાસ્ત્ર પ્રમાણથી પણ જૈન સાધુઓએ મુખ પર મુહ-પત્તી બાંધવી જોઇએ એવું સિદ્ધ થાય છે,

જહોન મર્ડક [એલ. એલ. ડી.] એ ઇ. સ. ૧૯૦૨ માં જગતના ધર્મો નામે પુસ્તક રચ્યું છે તેના ૧૨૮ મા પૃષ્ટ પર નીચે પ્રમાણે છે;—

The yati has to lead a life of continence. He should wear a thin cloth over his mouth to prevent insects from flying into it.

અર્થ—બ્રહ્મચર્ય પાળવું અને સૂક્ષ્મ જીવોની રક્ષાને માટે મુખ પર વસ્ત્ર બાંધી રાખવું એ યતિનો ધર્મ છે.

પ્રકરણ ગ્રંથમાં લખ્યું છે કે–ગાથા एकवीस अगुलायाय, सोलसंगुल विच्छिणो । चउक्कार संजुयाय, मुहपत्ति अरिसा होइ ॥ અર્થાત્ ૨૧ અંગૂલ લાંબો અને ૧૬ અંગૂલનો પહોળો એવા વસ્ત્ર-ખંડનાં આઠ પડ કરી દોરાથી મુખ પર બાંધે, તથા ગાથા—"मुहंणतगेण कण्णोठ्ठिया । विणा बंधइ जे को त्रि सावए । धम्मकिरिया य करंति, तस्स इक्कारस सामाइयस्सणं पायच्छित्तं भवति ॥ અર્થાત્ મુખ પર મુખવસ્ત્રિકા બાંધ્યા વિના સામાયિકાદિ ધર્મકરણી કરે તેને ૧૧ સામાયિકનું પ્રાયશ્ચિત આવે છે.

આ પ્રમાણે શાસ્ત્રોમાં તથા ગ્રંથોમાં ખુલ્લે ખુલ્લું કથન હોવા છતાં એ ગ્રંથોના માનવાવાળા જ મુખ પર મુહપત્તી બાંધ્યા વિના ધર્મક્રિયા કરે છે. તે જિનેશ્વર તેમજ ગુરુની આજ્ઞાના આરાધક કેવી રીતે કહેવાય ?

દિગમ્બર મતના ગ્રંથો ગોમટસારજી અને સુદૃષ્ટ તરંગિણીમાં લખ્યું છે કે, ૪૮ પુરુષ, ૪૦ સ્ત્રી અને ૨૦ નપુંસક એમ ૧૦૮ એક સમયમાં ઉત્કૃષ્ટ પદે મોક્ષમાં જાય. છતાં સ્ત્રી–મોક્ષનો એ જ લોકો નિષેધ કરે છે.

તત્ત્વાર્થ સૂત્રમાં કેવળજ્ઞાનીના ૧૧ પરિષહમાં ક્ષુધા પરિષહ ગ્રહણ કર્યો છે, છતાં તેને માનનાર કેવળીના આહારનો નિષેધ કરે છે અને 'एकादशजिने' એ સૂત્રનો અર્થ પણ મારી મચડીને કરે છે.

વળી, એ જ સૂત્રમાં ૧૨ સ્વર્ગ કહ્યાં છે; છતાં તેને માનનાર દિગંબર ભાઇઓ ૧૬ સ્વર્ગ કહે છે. અષ્ટપાહુડ ગ્રંથના બોધપાહુડની ૭ મી ગાથામાં સિદ્ધ સમાચીન મુનિને "સિદ્ધાયતન" કહ્યા છે. ૮મી ગાથામાં શુદ્ધ જ્ઞાનના ધારક મુનિને 'ચૈત્ય' કહ્યા છે. ત્રિરત્નના આરાધક મુનિને "પ્રતિમા" કહેલ છે; કાષ્ટ પાષાણાદિની પ્રતિમા માનવાનો નિષેધ કર્યો છે. ૧૩મી ગાથામાં જંગમ પ્રતિમા મુનિની અને સ્થાવર પ્રતિમા સિદ્ધની કહી છે. ૧૬મી ગાથામાં આચાર્યને 'જિનબિમ્બ' કહ્યા છે. અને ૨૮ થી ૪૦ સુધીની ગાથાઓના ચાર

નિક્ષેપે તીર્થંકરનું સ્વરૂપ કહ્યું છે. આમ છતાં એને માનવાવાળા જ વિપરીત વર્તાવ કરી રહ્યા છે.

ભગવતી આરાધના ગ્રંથની ૭૯મી ગાથામાં અપવાદ માર્ગથી મુનિને ૧૯ હાથ વસ્ત્ર ધારણ કરવા કહ્યું છે, ૧૧૦ મા પૃષ્ઠમાં તલનું અને ચોખાનું ધોવાણ મુનિએ ગ્રહણ કરવું એમ કહ્યું છે, છતાં એ જ લોકો વસ્ત્રધારી તેમ જ ધોવણ પાણી વહોરનાર સાધુ મહાત્માઓની નિંદા કરે છે! આ જ પ્રમાણે, સાધુમાર્ગી જૈનોમાં પણ કેટલાક, સ્થાનકમાં ઊતરનાર સાધુને પાસત્થા કહે છે, તો કેટલાક ગૃહસ્થ રહે તે મકાનમાં ઊતરનારને જિનાજ્ઞા વિરુદ્ધ વર્તનાર કહે છે. સ્થાનક નામ તો મકાનનું છે, કંઈ સ્થાનક એ નામમાં દોષ આવીને ઘૂસી ગયો નથી. મકાન ગમે તે ભલે હોય પણ શાસ્ત્રોક્ત નિર્દોષ મકાનમાં રહેવું ઉચિત છે.

વળી, કેટલાક પોતાના સંપ્રદાય સિવાયના સાધુને આહારાદિ દેવામાં, વંદના નમસ્કાર કરવામાં એકાંત પાપ બતાવે છે. જેમના નામથી પૂજ્ય બન્યા છે તે જ ભગવાન મહાવીર પ્રભુ પણ "ચૂકી ગયા" એવું કહે છે. જે ધર્મનું મૂળ દયા, દાન, વિનય છે તેના જ મૂળમાં કુહાડો મારે છે, તો બીજાનું તો શું કહેવું?

આ પ્રમાણે આ હુંડાવસર્પિણીના પાંચમા આરામાં જૈન ધર્મ ચાળણીની પેઠે ચળાઈ રહ્યો છે. હરેક સંપ્રદાયવાળા પોતપોતાના સંપ્રદાયની શ્રદ્ધાને શ્રી તીર્થંકર દેવની શ્રદ્ધા માની રહ્યા છે. સદસદ્ વિવેકબુદ્ધિથી સત્યાસત્યનો નિર્ણય કરનાર નિષ્પક્ષ પુરુષો બહુ થોડા જોવામાં આવે છે, જ્યારે આપ સ્થાપના અને પર ઉત્થાપનામાં કર્તવ્યનું પર્યવસાન સમજનારા હઠાગ્રહીઓ ઠેકઠેકાણે નજર આવે છે. મતાગ્રહને લીધે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ બહુધા મિથ્યાત્વની પુષ્ટિ કરવામાં કરી રહ્યા છે, એ કેટલું બધું શોચનીય છે?

જૈનો બધા એક મહાવીર પ્રભુના જ અનુયાયી હોવા છતાં પરસ્પર એકબીજાને મિથ્યાત્વી ઠરાવી રહ્યા છે. આવી વિષમ પરિસ્થિતિમાં

સમદૃષ્ટિઓએ મહામુસીબતે પ્રાપ્ત કરેલા સમ્યક્ત્વરત્નની જતના કરવી એ પણ અતિ મુશ્કેલ થઇ પડયું છે. આત્માર્થી મનુષ્યોએ આ પ્રકારના ઝઘડાથી દૂર રહી આત્મસાધનામાં તત્પર રહેવું અને જિનવાણીથી વિપરીત શ્રદ્ધા પ્રરૂપણાથી આત્માને બચાવવા સાવધાન રહેવું.

૧૨. ધર્મને અધર્મ સર્દહે તો મિથ્યાત્વ

શ્રી આચારંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના સમ્યક્ત્વાખ્ય નામના ચોથા અધ્યયનના પહેલા ઉદ્દેશમાં શ્રી જિનેશ્વર દેવે ધર્મનું સ્વરૂપ નીચે પ્રમાણે દર્શાવ્યું છેઃ—

से बेमि जे य अतीता, जे य पडुपन्ना, जे य आगमिस्सा, अरहंता भगवंतो, सव्वे वे एवमाइक्खंति, एवं भासंति एवं पण्णविंति, एवं परुविंतिसव्वे पाणा, सव्वे भूया, सव्वे जीवा, सव्वे-सत्ता, ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेत्तव्वा, ण परियावेयव्वा, ण उद्दवेयव्वा। एस धम्मे सुद्धे, णितिए, सासए, समेच्च लोयं खेयन्नेहिं पवेइए, तं जहा उट्ठिएसु वा, अणुट्ठिएसु, वा, उवरयदंडेसु वा, अणुवरयदंडेसु वा, सोवहिएसु वा, अणोवहिएसु वा, संजोगरएसु वा, असंजोगरएसु वा, तं आइतु न निहे ज निक्खिजवे श्रणितु, धम्मं जहा-तहा ॥

અર્થ—શ્રી સુધર્મા સ્વામી કહે છે કે, હે જંબુ ! જે અરહંત ભગવંતો પૂર્વે થઈ ગયા છે, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં થશે તે બધાયનું એમ જ કહેવું છે કે, કોઈ પણ પ્રાણી (દ્વિન્દ્રિયાદિ), ભૂત (વનસ્પતિ,) જીવ (પંચેંદ્રિય) અને સત્ત્વ (પૃથ્વી, પાણી, અગ્નિ-વાયુ) એ સર્વે પ્રકારના જીવોની હિંસા કરવી નહિ; તેમના પર હકૂમત ચલાવવી નહિ. તેમને કબજે કરવાં નહિ, તેઓને મારી નાંખવાં નહિ અને તેઓને હેરાન કરવાં નહિ. આવો પવિત્ર અને શાશ્વત ધર્મ જગતનાં દુઃખોને જાણનાર ભગવાને, સાંભળવા તૈયાર થયેલાઓને, નહિ થયેલાઓને, મુનિઓને, ગૃહસ્થોને, રાગીઓને, ત્યાગીઓને, ભોગીઓને તથા યોગીઓને બતાવ્યો છે. એ ધર્મ યથાતથ્ય-ખરેખરો જ છે અને માત્ર જિન પ્રવચનમાં જ વર્ણવેલો છે. જીવ તે સમકિતને પ્રાપ્ત કરી શ્રુત ચારિત્ર ધર્મને જાણીને તેને છોડે નહિ.

આવો પરમ હિતકારી, સદા આદરણીય અહિંસા ધર્મ છે. તેને મિથ્યાત્વ મોહનીયના ઉદયથી કુગુરુઓના ઉપદેશથી ભ્રમમાં પડીને અધર્મ કહે. જીવોની રક્ષા કરવામાં, દયા પાળવામાં, મરણાભિમુખ થયેલા જીવોને બચાવવામાં–છોડાવવામાં. પાપ સમજે, 'જીવ મારવામાં એક પાપ; બચાવવામાં ૧૮ પાપ' આવી આવી ઉત્સૂત્ર પ્રરૂપણા કરે; ખોટા હેતુ દૃષ્ટાંતો આપી અંતકરણમાંથી સમ્યક્ત્વનો ખાસ ગુણ જે અનુકંપા છે તેને જ આળગો કરે તેને અને તેના અનુયાયીઓને મિથ્યાત્વી જાણવા.

૧૨. અધર્મને ધર્મ સર્દહે તો મિથ્યાત્વ

ઉપર્યુક્ત ધર્મનાં લક્ષણોથી જે ઊલટાં કૃત્યો અર્થાત્ પ્રાણી, ભૂત, જીવ, સત્ત્વની હિંસાનાં કાર્યો, હોમ, હવન, યજ્ઞ, કન્યાદાન, ઋતુદાન, નૃત્ય, ગાનતાન, નાટક, તમાશા, રાસ રમવા, ઇત્યાદિ કૃત્યોમાં ધર્મ માને તે મિથ્યાત્વ.

જ્યાં યોગની પ્રવૃત્તિ છે ત્યાં આસ્રવ તો અવશ્ય હોય છે અને યોગની પ્રવૃત્તિ વિના ધર્મારાધન થવું પણ મુશ્કેલ છે. આવા સ્થાનમાં આસ્રવરૂપ અધર્મને, ધર્મરૂપે સર્દહવો તે મિથ્યાત્વથી આત્માની રક્ષા કેવી રીતે થઈ શકે એ વિચારણીય પ્રશ્ન છે. પરંતુ શુદ્ધ શ્રદ્ધાવંતની દૃષ્ટિ વ્યાપારીના જેવી હોય છે.

ખર્ચ કરવામાં વ્યાપારી ખુશી તો ન હોય, પરંતુ ખર્ચ કર્યા વિના વેપાર ચાલતો નથી, અને વેપાર કર્યા વિના કમાણી થવાનો સંભવ નથી; તેથી કમાણી કરવા માટે ખર્ચ કરવું પડે છે ત્યારે થોડે ખર્ચે કામ સરતું હોય ત્યાં વિશેષ ખર્ચ કરતા નથી, અને છેવટે નફા તોટાનું સરવૈયું કાઢી ખર્ચથી લાભ અધિક થયો હોય તો આનંદ પામે છે.

તેવી જ રીતે ધર્માત્માઓને ધર્મ વૃદ્ધિનાં કામ કરતાં ગમનાદિ ક્રિયારૂપ ખર્ચ થાય છે, પણ તેમાં ખુશી માનતા નથી, તેને તો પાપ જ માને છે, અને જે આત્મગુણોની વૃદ્ધિ, ધર્મોન્નતિ, સ્વ–પર આત્માના

ઉપકાર લાભ થાય છે તેમાં ધર્મ માને છે. આવી શુદ્ધ શ્રદ્ધા રાખવાથી આ મિથ્યાત્વથી બચી શકાય છે.

આ બાબતનો ખુલાસો "જતનાથી ચાલવું, ઊઠવું, બેસવું, સૂવું, વગેરે સર્વ ક્રિયા જતનાથી કરવી" ના પાઠથી થઇ જાય છે. વળી ૧૧, ૧૨, ૧૩ ગુણસ્થાને ફક્ત ઇરીયાવહિ ક્રિયા છે, ૭ માથી ૧૨મા ગુણસ્થાન સુધી ધ્યાનસ્થ અવસ્થા છે. છદ્મસ્થનો અને કાયાનો વ્યવહાર સામાન્ય રીતે છઠ્ઠા ગુણસ્થાન સુધી છે. આ બધું સમજાય તો બધો ભ્રમ આપોઆપ મટી જાય, પણ જેને કરવું નથી કંઇ અને વાતો કયાંયની કયાંય લઈ જવી છે તે એક જાતનો વિલાસ છે.

૧૪. સાધુને અસાધુ સર્દહે તો મિથ્યાત્વ

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયોની ઉપશાન્તતા, જ્ઞાન, ધ્યાન, ત્યાગ, વૈરાગ, દમિતાત્મા, ઇત્યાદિ સાધુના જે જે ગુણો શાસ્ત્રમાં કહ્યા છે એવા ગુણોએ કરી યુક્ત સાધુઓને, મિથ્યા મોહોદયથી કુગુરુના ભરમાવવાથી, વિવેકહીન અને મતાગ્રહી મનુષ્યો અસાધુ કહે છે, પ્રભુના ચોર કહે છે, ઢીલા, પાસત્થા અથવા મેલાઘેલા આદિ અપશબ્દોથી ઉપહાસ કરે છે, નિંદા કરે છે. ગચ્છમમત્વ અને સંપ્રદાયના મોહને લીધે પોતાના મતને જ સત્ય માની અન્યની નિંદા કરે છે, વંદણા નમસ્કાર કરવાથી કે આહાર પાણી આપવાથી સમ્યક્ત્વ ચાલ્યું જશે એમ માને છે. અને આવી પ્રવૃત્તિના પરિણામે જ્ઞાની, ધ્યાની, તપસ્વી, સંયમી, ઇત્યાદિ અનેક ગુણવંત મહાત્માઓનો દ્રોહ કરી મિથ્યાત્વ ઉપાર્જન કરે છે. અને અન્યને પણ ઉન્માર્ગે દોરે છે.

આવા લોકોએ વિચારવું જોઈએ કે, ભગવાન મહાવીર સ્વામીના સમયમાં ૧૪૦૦૦ સાધુઓ હતા. તે બધા સમાન ગુણના ધારક નહોતા. જો એમ હોત તો બધા જ કેવળજ્ઞાની થઈ જાત, પરંતુ કેવળી તો ૭૦૦ થયા છે, છતાં ભગવંતે સાધુ કહ્યા છે. જેમ એક હીરો બસો રૂપિયાનો હોય અને એક હીરો ક્રોડ રૂપિયાનો પણ હોય, તે બધા હીરા

જ કહેવાય, સર્વને કાચના ટુકડા ન કહેવાય. ગુણોની ન્યૂનાધિકતા હોવા છતાં સાધુનાં મહાવ્રતોમાં મૂળ દોષ ન લગાડે તો તે સાધુ જ કહેવાય.

ભગવાને પાંચ પ્રકારના નિર્ગ્રંથના આચાર પૃથક્ પૃથક્ બતાવ્યા છે. કેટલાક પોતાના સંપ્રદાયની એકતાની પ્રશંસા અને બીજા સંપ્રદાયમાં પડેલા ફાંટાઓનું પ્રદર્શન કરાવી નિંદા કરે છે. પોતાની શુદ્ધતા, સત્યતાનો પરિચય આ રીતે આપે છે. પરંતુ તેમણે વિચારવું જોઇએ કે, પ્રભુ મહાવીરના ૧૧ ગણધરોના ૯ ગચ્છ હતા. ગચ્છ અલગ હોવાથી શું તેઓ સાધુ નહોતા ? છેદ શાસ્ત્રમાં પ્રભુએ ફરમાવ્યું છે કે, છ મહિના પહેલાં ગચ્છ–સંપ્રદાય બદલે તો પ્રાયશ્ચિત આવે છે, આથી. સમજવું જોઈએ કે ગચ્છ–સંપ્રદાય તો અનાદિ કાળથી છે.

વળી, એકતાની તારીફ કરનારે જાણવું જોઇએ કે, કંઇ બધાં રૂડાં કામોમાં જ એકતા હોય છે એવું બનતું નથી. ચોરોમાં અને ધાડપાડુઓમાં પણ એકતા હોય છે. કેમ કે એકતા ન રાખે તો સપડાઈ જાય અને મરણને શરણે થવું પડે. આવી રીતે, પોતાના અનાચાર છુપાવવવા માટે એકતા રાખે છે. તેવી એકતા પ્રશંસનીય નથી.

આ બધી વાતો ધ્યાનમાં લઇ જે સાધુઓએ મૂળ ગુણોનો ભંગ કર્યો ન હોય, જે પોતાના ગુરુની આજ્ઞામાં વર્તતા હોય, જેમનો વ્યવહાર શુદ્ધ હોય તે બધા સુસાધુઓએ સમભાવ ધારણ કરી આ મિથ્યાત્વથી પોતાના આત્માને બચાવવો. સાધુ પર જુગુપ્સા કરનારને ચીકણાં પાપકર્મ બંધાય છે. તેના ફળરૂપે ચંડાલ, નીચ જાતિ, અશુચિવાળા વ્યાપાર, નીચ ગતિ, રોગ ભવાંતરે પ્રાપ્ત થાય છે.

એક બાઈએ સાધુની દુર્ગંછા કરી તેથી તેનું તે જ ભવમાં આખું શરીર સડી ગયું. તેનું કોઈ શુભ કર્મ ફરી જઈ અશુભ ફળ આપે, પણ આગળ ઘણું દુઃખ વેઠવાનું બાકી રહે છે. માટે સાધુને કદી મેલાઘેલા કહેવા નહિ. સુસાધુની નિંદા કરનાર કિલ્વિષી થાય છે, તે તો દેવનું આયુષ્ય બાંધવા જેવું કર્મ હોય તો, નહિતર દુર્ગતિમાં કેટલીય વાર ભ્રમણ કરવું પડે છે.

૧૫. અસાધુને સાધુ સર્દહે તો મિથ્યાત્વ

ઉપર્યુક્ત સાધુના ગુણોથી રહિત, ગૃહસ્થ સમાન, માત્ર વેષ-ધારી, દસ પ્રકારના યતિ ધર્મ રહિત, મહાવલંબી, અઢારે પાપોનું સ્વયં સેવન કરે, બીજા પાસે કરાવે, પાપાચરણની અનુમોદના કરે, શ્વેત અને માનોપેત (પ્રમાણ સહિત) વસ્ત્ર રાખવાને બદલે પીળાં, રાતાં, લીલાં, કાળાં, ભગવાં, ઇત્યાદિ વસ્ત્રો ધારણ કરે, છકાય જીવોની ઘાત કરે, ધાતુ, પરિગ્રહ રાખે એવા તથા મહાક્રોધી, મહા અભિમાની, દગલબાજ, મહા લાલચી, નિંદક, ઇત્યાદિ દુર્ગુણોના ધારકને સાધુ માને તો મિથ્યાત્વ.

કેટલાક ભોળા જીવો કહે છે કે, અમે તો વેષને વંદન, નમન કરીએ છીએ. તેમણે વિચારવું ઘટે છે કે, બહુરૂપી–ભાંડ અથવા નાટકનું કોઈ પાત્ર સાધુનો વેષ ધારણ કરીને આવે તો શું તેમને પણ સાધુ માની વંદન કરવું ? એવું કરનારને તો આપણે જિનશાસનનો દ્રોહી જ સમજીએ. “ અપને તો ગુણકી પૂજા, નિગુણેકો પૂજે વહ પંથ હી દૂજા. ”

કેટલાક કહે છે કે, પંચમકાળમાં શુદ્ધાચારી સાધુ છે જ નહિ. જો શુદ્ધાચાર પ્રરૂપે તો તીર્થનો જ વિચ્છેદ થઈ જાય ! એવા નાસ્તિકો અને કાર્યકરોએ સમજવું જોઈ એ કે શ્રી ભગવતી સૂત્રમાં શ્રી ભગવંતે ફરમાવ્યું છે કે પાંચમા આરાના અંત પર્યંત અર્થાત ૨૧૦૦૦ વર્ષ લગી મારું શાસન ચાલશે.

આ વાત કોઇ કાળે મિથ્યા થઈ શકે જ નહિ. હજી તો પૂરાં અઢી હજાર વર્ષ પણ વીત્યાં નથી. પહેલો જ પ્રહર છે. અત્યારે આ આર્યાવર્તમાં અનેક મહાત્યાગી મહાવૈરાગી મહાત્માઓ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ વિદ્યમાન છે અને પાંચમા આરાના છેડા સુધી ચાર જીવ એકાવતારી હશે. માટે આચારભ્રષ્ટ વેષધારીઓના ફંદામાં ન ફસાતાં સુસાધુ હોય તેને જ સાધુ માનવા. પાંચમા આરામાં કોઇ સાધુ જ નથી એમ પ્રરૂપનાર દુર્લભબોધિ થાય છે.

૧૬. જીવને અજીવ શ્રદ્ધે તો મિથ્યાત્વ

પર્યાપ્તિ, પ્રાણ, યોગ, ઉપયોગ, ઇત્યાદિ જીવનાં લક્ષણ શાસ્ત્રમાં કહ્યાં છે, તેણે કરી સહિત જે એકેંદ્રિયાદિ જીવો છે તેને જીવ ન માને તે મિથ્યાત્વ છે. કેટલાક કહે છે કે, સર્વ પદાર્થ મનુષ્યના ભોગને અર્થે જ ભગવાને બનાવ્યા છે, જો તેને ન ભોગવીએ તો તે સડીને નિરુપયોગી થઈ જશે. એથી ભગવાનનું અપમાન થશે ! આવું વચન તો મહા અજ્ઞાની ઢોંગીનું જ હોય.

વિચારવું જોઈએ કે, જો મનુષ્યના ભોગને માટે જ બધી વસ્તુઓ બનાવી હોય તો તો બધી વસ્તુ સ્વાદિષ્ટ, આરોગ્યપ્રદ, સુખપ્રદ, ઉત્પન્ન કરવી જોઈએ, પણ તેવું દેખાતું નથી. કડવી કાંટાળી, કઠણ, ઝેરી, બદસ્વાદ એવી પણ ઘણી વસ્તુઓ છે, તે ભગવાને શા માટે બનાવી ? શું ભગવાન પણ કોઈની સાથે મિત્રતા અને કોઈની સાથે શત્રુતા રાખે છે ?

તમારા ભોગને માટે અન્ન ફલાદિ જેવી રીતે ઉત્પન્ન કર્યાં છે તેવી જ રીતે સિંહ, વ્યાઘ્ર, આદિના ભોગને માટે તમને પણ બનાવ્યા હશે ! કારણ કે તમને જેમ ફળાદિ પ્રિય છે તેવી જ રીતે તેમને પણ મનુષ્યનાં લોહીમાંસ બહુ પ્રિય હોય છે. મરવું તો એક દિવસ છે જ માટે ચાલો આપણે સિંહના ભક્ષ બની જઈ એ, એવો વિચાર કદી સ્વપ્ને પણ આવે છે ખરો ? ભોગજોગે, કદી સિંહાદિનો ભેટો થઇ ગયો હોય તો તો કેવી કંપારી છૂટે ? જાન બચાવવા કેવાં વલખાં મારવાં પડે ! ! અરે સિંહ તો દૂર રહ્યો પણ માંકડનો ખોરાક તો મનુષ્યનું લોહી છે, તેના કરડવાથી મોત થતું નથી, તો પણ તેને કેટલાક નિર્દયી મનુષ્યો તરત મારી નાખે છે.

ભાઇઓ ! તમને જીવતર જેવું વહાલું છે તેવું જ તેને પણ છે. માટે જીવને જીવ તરીકે જાણી તેને જીવવા દો. નહિતર તમારી પણ તે જ દશા સમજી લેવી. પોતપોતાના કર્માનુસાર ઊંચનીચ યોનિને તેઓ પ્રાપ્ત થયા છે. પરંતુ ભગવાને કોઇને બનાવ્યા નથી એ નિશ્ચય સમજજો.

૧૭. અજીવને જીવ શ્રદ્ધે તો મિથ્યાત્વ

સૂકા કાષ્ઠની, નિર્જીવ પાષાણની, પિત્તળ આદિ ધાતુની કે વસ્ત્રાદિની જીવના જેવી આકૃતિ બનાવે, તેને સાક્ષાત્ તદ્દરૂપ માને તે પણ મિથ્યાત્વ છે. કારણ તે તો નિર્જીવ મૂર્તિ છે. વળી, જેમની મૂર્તિ બનાવી છે, તેમને નજરે પણ દીઠા નથી તો યથાર્થ આકૃતિ કેમ બની ?

કોઈ કહેશે શાસ્ત્રકથિત આકૃતિ બનાવી છે. તો તે પણ શી રીતે બની શકે ? તીર્થંકરો ૧૦૦૮ ઉત્તમ લક્ષણ અને ૩૪ અતિશયાદિથી અલંકૃત હતા. મૂર્તિમાં તો એક પણ લક્ષણ કે અતિશયનો પત્તો લાગતો નથી.

તીર્થંકરો બિરાજતા તેની ચોતરફ સો સો ગાઉમાં કોઈ પ્રકારનો ઉપદ્રવ થતો નહિ, જ્યારે મૂર્તિને તોડનાર કે તેનાં ઘરેણાં ચોરનારને પણ તે કશું કરતી નથી. રામચંદ્રજી અને કૃષ્ણજીનું નામ સાંભળતાં જ દુર્જનોના હાંજા ગગડી જતા હતા, આજે તેમની મૂર્તિનાં આભૂષણો ચોરાયાના અનેક પ્રસંગો બને છે. એટલા માટે મૂર્તિને મૂર્તિ તરીકે માને તો કંઈ હરકત નથી, પણ સાક્ષાત્ ભગવાન માને તો મિથ્યાત્વ * છે.

૧૮. સન્માર્ગને ઉન્માર્ગ શ્રદ્ધે તો મિથ્યાત્વ

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દાન, શીલ, સંતોષ, સરળતા, દયા, સત્ય, ઈત્યાદિ જે મુક્તિનો માર્ગ છે તેને કર્મબંધનો, સંસારવૃદ્ધિનો માર્ગ કહે; દયા દાનને બૂડવાનું કારણ બતાવે તે મિથ્યાત્વ. કેટલાક કહે છે, " જીવને મારવામાં તો એક હિંસાનું જ પાપ લાગે છે, પણ બચાવવાથી તે જેટલાં પાપ કરશે તે પાપનો અધિકારી તેને બચાવનારો થશે. કેમકે તેને બચાવ્યો તો તે પાપ કરવા લાગ્યો. તો તે બચાવવાવાળા અઢારે પાપના અધિકારી થાય છે ! ! "

આવી કુયુક્તિઓ લગાવી બિચારા જીવોના હૃદયમાંથી અનુકંપારૂપ કલ્પવૃક્ષના અંકુરને ઉખેડી નાખે છે. કસાઈ સમાન કઠોર હૃદયી

* જિન પ્રતિમા જિન સારખી, કહે તે મિથ્યાદ્રષ્ટિ
પ્રતિમાને પ્રતિમા કહે, ભાંડે કહે તે ભ્રષ્ટ

બનાવી દે છે, પછી તો તેમના સમક્ષ કોઈ જીવ મરતો હોય, અગ્નિમાં કોઈ જીવ બળતો હોય, પાણીમાં ડૂબતો હોય તો પણ તે બેઠા બેઠા જોયા કરે છે, પણ તેને બચાવવાનો યત્ન કરતા નથી. અરે ! કોઈ બચાવતું હોય તો તેને પાપી ઠરાવે છે ! અફસોસ ! નિર્દયી મત પણ જૈન ધર્મમાં આ કાળે પ્રવર્તી રહ્યો છે.

અગર એમને પૂછવામાં આવે કે,

(૧) શ્રી ઋષભદેવજીએ કલ્પવૃક્ષ નષ્ટ થવાથી જીવોને દુઃખી દેખી ત્રણ પ્રકારનાં કર્મોનો પ્રચાર કર્યો.

(૨) શ્રી શાંતિનાથ ભગવાન ગર્ભાશયમાં હતા, તેમના પુણ્યપ્રતાપે દેશમાં ફેલાયેલો મહામારીનો ઉપદ્રવ નાશ પામ્યો અને શાંતિનો પ્રચાર થયો, જેથી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૮ મા અધ્યયનમાં 'संति संतिकरे लोए' અર્થાત્ લોકમાં શાંતિના કરવાવાળા શાંતિનાથ ભગવાન એ પ્રમાણે પ્રશંસા છે.

(૩) શ્રી અરિષ્ટનેમિ ભગવાને પાંજરામાં પુરાયેલા જીવોને છોડાવી સારથિને ઈનામ આપ્યું તેની તારીફ ઉત્તરાધ્યયનના ૨૨મા અધ્યયનમાં છે–'साणुक्कोसो जिए हिआ'' અર્થાત અનુકંપા લાવી જીવોનું હિત કર્યું–જીવોને બંધનમુક્ત કર્યા.

(૪) પાર્શ્વનાથ ભગવાને લાકડામાં બળતાં નાગનાગણીને બચાવ્યાં તેની તારીફ કલ્પસૂત્રમાં છે.

(૫) શ્રી મહાવીર સ્વામીએ સાધુ અવસ્થામાં ગોશાલકને તેજોલેશ્યાથી બળતો બચાવ્યો.

તીર્થંકર ભગવાન વિચરે છે તેમની ચારે તરફ રોગ, દુષ્કાળ, મનુષ્ય, પશુનો ઉપદ્રવ થતો નથી અને પ્રથમ થયેલ હોય તો દૂર થઈ જાય છે, અને શ્રી સમવાયાંગ સૂત્રમાં તીર્થંકરનો અતિશય કહ્યો છે. આવી રીતે ખુદ તીર્થંકરોએ પણ જીવોની રક્ષા કરી છે, તો શું તેઓને પણ અઢાર પાપ લાગી ગયાં ? પરંતુ જે પ્રમાણે આ લોકો

ખુદ ભગવાન મહાવીરના અનુયાયી હોવા છતાં કહે છે કે "ગોશાલકને બચાવ્યો તે ભગવાનની ભૂલ થઈ." આવી રીતે તીર્થંકરો ઉપર પણ દોષારોપણ કરતાં અચકાતા નથી.

વળી, આવા ઉત્સૂત્ર પ્રરૂપકને પૂછીએ કે, ભાઈ! પાપી જીવો નરકમાં જાય છે ત્યાં તેમને વિશેષ પાપ કરવાનો પ્રસંગ પડતો નથી, પરંતુ તેમને તમારા ગુરુ ધર્મોપદેશ આપી ધર્માત્મા સાધુ શ્રાવક બનાવે તો તે ધર્મના પ્રતાપે દેવલોકમાં જશે અને દેવાંગના સાથે કામભોગ ભોગવશે. બીજા પણ અનેક પાપાચરણ કરશે તો તેનું પણ પાપ જે ગુરુના ઉપદેશથી સાધુ શ્રાવક દેવલોકમાં ગયા હશે તે તમારા ગુરુજીને લાગવું જોઈએ. ત્યારે કહેશે કે, 'જે કરશે તે ભોગવશે.'

તો એવી જ રીતે સમજવું જોઈએ કે, કોઈ દયાળુ પુરુષે મરતા જીવને ઉપદેશથી કે દ્રવ્યાદિની મદદથી બચાવ્યો તો તેને અભયદાન આપવાનો લાભ પ્રાપ્ત થયો. " दाणाण सेट्ठं अभयप्पयाणं " અર્થાત્ સર્વ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે એમ શ્રી સૂયગડાંગ સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં ફરમાવ્યું છે. બચેલો જીવ ભવિષ્યમાં જો પાપકર્મ કરશે તો તેનાં ફળ તો તે કરવાવાળો જ ભોગવશે.

વળી, આ પંથવાળા લોકો પોતાના પંથના સાધુ સિવાય બીજાને દાન દેવામાં એકાંત પાપ બતાવે છે અને શ્રી ભગવતી સૂત્રનો પાઠ બતાવી ભોળા ભાઈઓને દાન દેવાથી વંચિત કરે છે, પરંતુ એ જ સ્થળે તેનો ખુલાસો જે પૂર્વાચાર્યોએ કર્યો છે, તેને સ્વીકારતા નથી.

રાયપસેણી સૂત્રમાં શ્રી કેશી સ્વામીનો ઉપદેશ સાંભળી પ્રદેશી રાજાએ દાનશાળા સ્થાપી છે.

દશાશ્રુતસ્કંધમાં શ્રાવકની ૧૧ મી પ્રતિમા ભિક્ષોપજીવી હોવાની વિધિ ભગવાને બતાવેલ છે.

ઉવવાઇજી સૂત્રમાં અંબડ સંન્યાસીએ વૈક્રિય લબ્ધિના પ્રભાવથી નિત્યપ્રતિ ૧૦૦ ઘરે છઠનું પારણું કર્યાનું વર્ણન છે.

શાસ્ત્રમાં આવા ખુલાસા હોવા છતાં પણ સાધુ સિવાય અન્યને આપવામાં પાપ બતાવે તેને જૈન કેમ કહેવાય? આવા ઉપદેશ સાંભળીને સન્માર્ગને છોડી ઉન્માર્ગે ન જશો, અને આ મિથ્યાત્વથી આત્માને બચાવજો. જૈન ધર્મની શાખા, પ્રશાખાઓમાં જેઓ શુદ્ધ ધર્મની શ્રદ્ધાવાળા છે તેને ઉન્માર્ગમાં સમજનાર અને તેની નિંદા કરનાર ચીકણા મિથ્યાત્વનાં દલિકો એકઠાં કરે છે અને દુર્લભબોધિ થાય છે.

૧૯. ઉન્માર્ગને સન્માર્ગ શ્રદ્ધે તો મિથ્યાત્વ

પૃથિવ્યાદિક છ કાય જીવોની હિંસા, પુષ્પ, ફળ, ધૂપાદિ× દેવોને ધરવાં, યજ્ઞ હવનાદિ કરવાં, દુર્વ્યસનો સેવવાં તેમ જ સ્ત્રી આદિના ભોગ, નૃત્ય, નાટકાદિ જે સંસાર પરિભ્રમણના હેતુભૂત છે તેને તથા ઉપર જે પંથ ઉન્માર્ગરૂપ બતાવ્યો છે, તેને કર્મ ક્ષય કરવાનો મુક્તિનો માર્ગ શ્રદ્ધે તો મિથ્યાત્વ. આસ્રવના હેતુને સંવરનો હેતુ માને તે ઉન્માર્ગ છે. કોઈ જ્ઞાની આસ્રવના હેતુ પ્રાપ્ત થયે શુદ્ધ અધ્યવસાયથી સંવર નિર્જરામાં જાય પણ આસ્રવનો હેતુ તો આસ્રવનો હેતુ જ ગણાય.

૨૦ રૂપીને અરૂપી શ્રદ્ધે તો મિથ્યાત્વ

વાયુકાયાદિ કેટલાક આઠસ્પર્શી રૂપી (સાકાર—મૂર્તિમન્ત) પદાર્થો છે પરંતુ બારીક અને પારદર્શક હોવાથી તે દૃષ્ટિગોચર થઈ

× લૂખી (કોરી) નમસ્કાર—મનહર છંદ

જળ જો ચઢાઉં નાથ, કચ્છ મચ્છ પીયો કરે;
દૂધ જો ચઢાઉં દેવ વચ્છકી જમ્ભર હૈ ॥
ફૂલ જો ચઢાઉં પ્રભો, ભંગ તાથિ સૂંઘ જાત;
પત્ર જો ચઢાઉં ઇશ, વૃક્ષકા ઉજાર હૈ ॥
દીપ જો ચઢાઉં નાથ, શલભ તેહિ ભસ્મ હોત;
ધૂપ જો ચઢાઉં વહી, અગ્નિકો આહાર હૈ ॥
મેવા મિષ્ટાન તામે મખ્ખી મુખ ડાર જાત;
ફલ જો ચઢાઉં સહી, તોતકી જુઠાર હૈ ॥
એની એની વસ્તુએ હૈ સબકી હૈ દોષયુક્ત;
યાતે મહારાજ મેરી, લૂખી નમસ્કાર હૈ ॥

શકતા નથી. તેવી જ રીતે, કર્મપુદ્દગલ પણ ચારસ્પર્શી રૂપી પુદ્દગલ છે તે દૃષ્ટિગોચર ન થવાથી તેને અરૂપી કહે તો મિથ્યાત્વ.

૨૧. અરૂપીને રૂપી શ્રદ્ધે તો મિથ્યાત્વ

ધર્માસ્તિકાયાદિ જે અરૂપી છે તેને રૂપી માને. તથા શ્રી સિદ્ધ ભગવાન અવર્ણે, અગંધે, અરસે, અફાસે ઇત્યાદિ ગુણસંપન્ન છે એમ શાસ્ત્રમાં ફરમાવ્યું છે. તેમને રક્ત વર્ણ આદિ માને અથવા પ્રથમ ઈશ્વરને અરૂપી (નિરંજન નિરાકાર) કહીને પછી કહે કે, ધર્મના કે ભક્તના રક્ષણાર્થે ૨૪ અવતાર ધારણ કરે છે. તેવી જ રીતે સિદ્ધ ભગવાન અમૂર્ત છે તેમની મૂર્તિ બનાવે ઇત્યાદિ અરૂપીને રૂપી કહે તે મિથ્યાત્વ જાણવું. આકાશ અરૂપી છે, છતાં તેમાંથી શબ્દ ઉત્પન્ન થાય છે એમ કહેનારને પણ મિથ્યાત્વ મળે છે.

૨૨. અવિનય મિથ્યાત્વ

શ્રી જિનેશ્વર ભગવાનનાં તથા સદ્દગુરુનાં વચનોને ઉત્થાપે, આજ્ઞાનું ઉલ્લંઘન કરે, ભગવાન ભૂલી ગયા એમ કહે, સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, ગુણવંત, જ્ઞાનવંત, તપસ્વી, ત્યાગી, વૈરાગી, ઇત્યાદિ ઉત્તમ પુરુષોની નિંદા કરે, કૃતઘ્ની બને, છિદ્રગવેષી બને તે અવિનય મિથ્યાત્વ. જેઓ વિનય ગુણ તથા વિનય ધર્મ સાધનની આસાતના કરે છે તેઓ અવિનય મિથ્યાત્વપર્યાય મેળવે છે.

૩૩. આશાતના મિથ્યાત્વ

આશાતનાના ૩૩ પ્રકાર છે.

૧. અરિહંતની આશાતના.

૨. સિદ્ધની આશાતના.

૩. આચાર્યની આશાતના.

૪. ઉપાધ્યાયની આશાતના.

૫. સાધુની આશાતના.

૬. સાધ્વીની આશાતના.

આ પાંચે પદવીધારકના છતા ગુણોને ઓળવે અને અછતા દોષોનું આરોપણ કરે તો આશાતના.

૭. શ્રાવકની આશાતના

૮. શ્રાવિકાની આશાતના (શ્રાવક–શ્રાવિકાને કુપાત્ર કહે, ઝેરના ટુકડા કહે: તેઓને પોષવા તોષવામાં પાપ બતાવે તો આશાતના.)

૯. દેવતાની આશાતના.

૧૦. દેવીની આશાતના.

૧૧. આલોકની આશાતના.

૧૨. પરલોકની આશાતના.

૧૩. કેવળી પ્રરૂપિત ધર્મની આશાતના.

૧૪. દેવ, મનુષ્ય સહિત જે લોક છે, તેની આશાતના.

૧૫. સર્વ પ્રાણી, ભૂત, જીવ સત્ત્વની આશાતના. (જીવની હિંસામાં ધર્મ અને રક્ષામાં પાપ બતાવે તથા જીવને જીવ માને નહિ તો આશાતના લાગે).

૧૬. કાલોકાલ (યથા સમય યથોચિત ક્રિયા સમાચરે નહીં તે કાલ)ની આશાતના*

૧૭. શાસ્ત્રનાં વચનો ઉત્થાપે તથા વિપરીત પરિણમાવે તો સૂત્રની આશાતના.

૧૮. જેમની પાસેથી શાસ્ત્ર જ્ઞાન સંપાદન કર્યું તેમની આશાતના તે સૂત્રદેવની આશાતના.

---

* જૈન જ્યોતિષ વિદ્યાના પ્રચારના અભાવે સામ્પ્રત સમયે કાળનો યથાર્થ નિર્ણય કરવામાં ગોટાળો થઈ ગયો છે, તેથી પાખી, ચોમાસી, સંવત્સરી, આદિ પર્વતિથિઓની યથોચિત કાળે આરાધના–કરવાનું પણ મુશ્કેલ થઈ પડયું છે. તથાપિ ઘણા વિદ્વાનો એકમત થઈને આ સંબંધી જે નિર્ણય કરે તે પ્રમાણે પર્વારાધન કરવાથી પણ ભગવાનની આજ્ઞાના આરાધક (વ્યવહારસૂત્ર કથિત પાંચ વ્યવહારને અનુસારે) થઈ શકાય છે.

१९. જેમની પાસેથી સૂત્રાર્થ ધારણ કર્યા તેમની અશાતના કરે તે વાચનાચાર્યની અશાતના.

આ ૧૯ ના ગુણોનું આચ્છાદન કરે-ઢાંકે, અવર્ણવાદ બોલે, અપમાન કરે તો આશાતના લાગે છે.

૨૦. જંવાઈદ્ધં—શાસ્ત્રનાં પદ પહેલાંના પછી અને પછીનાં પહેલાં એમ આઘાપાછા ઉચ્ચારે તો આશાતના.

૨૧. વચ્ચામેલિયં—વચ્ચે વચ્ચે સૂત્ર પાઠ આદિ છોડી દે.

૨૨. હીણક્ખરં—સૂત્ર પાઠના સ્વર વ્યંજનાદિના પૂર્ણ ઉચ્ચાર કરે નહિ. કમી કરે તો આશાતના.

૨૩. અચ્ચક્ખરં-અધિક સ્વરાદિ બોલે તે આશાતના ×

૨૪. પયહીણં-પદ પૂર્ણ ઉચ્ચાર કરે નહિ તથા પદને અપભ્રંશ કરે તો આશાતના.

૨૫. વિણયહીણં-વિનયભક્તિ રહિત અહંકારીપણે ભણે તો આશાતના.

× જાણી બૂઝીને એક અક્ષર પણ ન્યૂનાધિક કરે તો મિથ્યાત્વી થઈ જાય, પરંતુ જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશમ થયો છે અને તદનુસાર જેટલું જ્ઞાન પ્રાપ્ત થયું છે તે પ્રમાણે પઠન પાઠન કરતાં જ્ઞાનના આરાધક ગણાય છે. કેમ કે તીર્થંકરોએ જે પ્રમાણે ફરમાવ્યું છે તેવું ગણધર મહારાજ પણ કહી શકતા નથી. કારણ, વાણી ગુણના અતિશયનો અભાવ છે. અને જેવું ગણધરોએ કહ્યું તેવું આચાર્યજી કહી શકતા નથી. કારણ, ત્રિપદી લબ્ધિનો અભાવ છે. તો પછી અલ્પજ્ઞનું શું ગજું ! જો કોઈ સૂત્ર ભણવાની મના કરે તો ભ્રમમાં ન પડતાં પોતાના ક્ષયોપશમ અનુસાર શુદ્ધ પઠન પાઠન કરતા રહેવું જોઈએ. ઈરાદા પૂર્વક અશુદ્ધ ન બોલવું અને અજાણપણે અશુદ્ધ ઉચ્ચાર થઈ જાય તો તે બદલ વાઈદ્ધં આદિ પાઠ બોલી મિચ્છામિ દુક્કડં કહી આત્માને શુદ્ધ કરી લેવો જોઈએ.

૨૬. જોગહીણું—સ્વાધ્યાયાદિ કરતી વખતે મન, વચન, કાયાના યોગોની ચપળતા કરે તો આશાતના.

૨૭. ઘોસહીણું—હ્રસ્વ દીર્ઘના ભાન વગર સ્પષ્ટ ઉચ્ચાર વિના બોલે તો આશાતના.

૨૮. સુટ્ઠુદિન્નં–વિનયવંત, ભક્તિવંત બુદ્ધિવંત, ધર્મપ્રદીપક, ઈત્યાદિ સદ્‌ગુણાલંકૃતને જ્ઞાન ન ભણાવે તો આશાતના.

૨૯. દુટ્ઠુપડિચ્છિયં–અવિનીતપણે જ્ઞાન ગ્રહણ કરે તથા અભિમાની, અવિનયી, ધર્મધ્વંસક, આજ્ઞાભંગ કરનારને જ્ઞાન ભણાવે તો આશાતના+

૩૦. અકાલે કઓ સજ્ઝાઓ–કાલિક ઉત્કાલિકની સમજણ વગર અકાળે શાસ્ત્ર ભણાવે તો આશાતના.

૩૧. કાલે ન કઓ સજ્ઝાઓ—પ્રમાદવશ સ્વાધ્યાય કરવા યોગ્ય સમયે સ્વાધ્યાય કરે નહિ તો આશાતના.

૩૨. અસજ્ઝાઈએ સજ્ઝાયં—અસ્વાધ્યાયના પ્રસંગોમાં શાસ્ત્રનો સ્વાધ્યાય કરે તો આશાતના.

૩૩. સજ્ઝાઈએ ન સજ્ઝાયં—પ્રમાદને વશ પડી બત્રીશ અસ્વાધ્યાય રહિત સ્થાનમાં અને યોગ્ય કાળે સ્વાધ્યાય કરે નહિ તો આશાતના.×

+ જેમ સાપને પાયેલું દુધ પણ વિષરૂપ પરિણમે છે, તેમ અયોગ્ય વ્યક્તિને આપેલું ઉત્તમ જ્ઞાન પણ મિથ્યાત્વની વૃદ્ધિ કરનાર નીવડે છે. જો કે હોનહાર (નિયતિ)ને તો તીર્થંકર પણ ટાળી શકતા નથી, તથાપિ યથા ઉપયોગ યોગ્યાયોગ્યતાનો ખ્યાલ તો અવશ્ય રાખવો જ જોઈએ. અને યોગ્યતાનુસાર જ્ઞાન આપવું જોઈએ.

× શાસ્ત્રનો સ્વાધ્યાય સર્વ દુઃખનો નાશ કરનારો છે, એવું શાસ્ત્રનું કથન છે. માટે સૂત્રજ્ઞાનના ધારકોએ નિત્ય થોડોઘણો સ્વાધ્યાય કરવો જોઈએ.

આ પ્રમાણે ૩૩ આશાતના કહી છે તે આશાતના જાણીબૂઝીને કરે તો મિથ્યાત્વ *

---

* નિન્હવ બે પ્રકારના છે—૧. પ્રવચન નિન્હવ અને, ૨ નિંદક નિન્હવ. તેમાં જે પ્રવચન નિન્હવ હોય છે તે તો નવગ્રૈવેયક સુધી જાય છે, પણ નિંદક નિન્હવ તો કિલ્વિપીમાં જ ઉત્પન્ન થાય છે. ભગવતીજીમાં જમાલીને નિર્મળ ચારિત્રના પાળનાર કહ્યા છે, તથાપિ તેઓ કિલ્વિપી દેવપણે ઊપજ્યા તેનું કારણ પણ એ જ છે. શાસ્ત્રમાં પ્રવચન નિન્હવના કરતાં પણ નિંદક નિન્હવને ખરાબ કહ્યા છે.

દોહરો—આચારે અદકો કહ્યો, નિંદક નિન્હવ જાણ,
પંચમ અંગે ભાંખિયો, છે પ્હેલે ગુણઠાણ,

પ્રવચન નિન્હવ માત્ર પ્રવચનની ઉત્થાપના કરે છે, પણ નિંદક નિન્હવ તો પ્રવચનની અને પ્રવચનના પ્રરૂપક કેવળજ્ઞાની, ધર્માચાર્ય, ચતુર્વિધ સંઘ એ સર્વની માયા કપટ સહિત નિંદા કરે છે અને કહે છે કે હું જે કહું છું તે જ સત્ય છે, શાસ્ત્ર તો થોથાં છે. શાસ્ત્રવચન મિથ્યા છે, અમે શોધક બુદ્ધિથી કરેલો નિર્ણય તે જ સાચો છે. ઈત્યાદિ વચનો ગર્વ સહિત ઉચ્ચારે છે; ગુરુ આદિથી પણ વિમુખ થઈ ઉદ્ધતપણું કરે છે. જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેવાં પોતાનાં દુષ્કૃત્યોને પણ અનેક કુહેતુઓ દ્વારા સુકૃત્ય બતાવે છે અને ભોળાં પામર મનુષ્યોને માર્ગચ્યુત કરવામાં મઝા માણે છે. આવા નિંદક નિન્હવ જિનશાસનના શત્રુ અને મહામિથ્યાત્વી જાણવા.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬મા અધ્યયનમાં કહ્યું છે કે શ્રુતજ્ઞાની, કેવળજ્ઞાની, ધર્માચાર્ય, ગુરુદેવ અને ચતુર્વિધ સંઘ એટલાના અવર્ણવાદ બોલવાવાળા કિલ્વિપી દેવતા થાય છે અને તેવાં વચનને માનનારા ભગવંતની આજ્ઞાથી બહાર અને મિથ્યાત્વી જ હોય છે. તેઓ ગમે તેટલા શુદ્ધ અને ઉત્કૃષ્ટ આચારનું પાલન કરે તો પણ તેમના કરતાં પાસત્થા–શિથિલાચારી લાખ દરજ્જે સારા છે. પાસત્થા તો માત્ર ચારિત્રના જ વિરાધક હોય છે, પણ સમકિતના તો આરાધક હોય છે, તેથી તેમનું આત્મકલ્યાણ શીઘ્ર થઈ જાય છે, જુઓ જ્ઞાતાસૂત્ર બીજા શ્રુતસ્કંધમાં ભગવાન પાર્શ્વનાથની ૨૫૬ આર્યા પાસત્થી હતી, પરંતુ સમકિત શુદ્ધ રહેવાથી બધી દેવલોકમાં ગઈ અને મહાવિદેહમાં જન્મ લઈ મોક્ષમાં જશે.

બીજું કારણ એ પણ છે કે, પાસત્થાની શ્રદ્ધા પ્રરૂપણા શુદ્ધ હોય છે, પરંતુ ચારિત્ર મોહનીયના ઉદયથી સ્પર્શના શુદ્ધ થઈ શકતી નથી. આથી તે પોતાના આત્માનું અહિત કરે છે પણ બીજાને ડુબાડતો નથી અને નિંદક તો

૨૪. અક્રિયા મિથ્યાત્વ

અક્રિયાવાદીની પેઠે તેઓ કહે છે કે, "આત્મા છે તે જ પરમાત્મા છે. એટલે, અક્રિય આત્માને પુણ્ય પાપની ક્રિયા લાગતી નથી. જે પુણ્ય–પાપના ભ્રમમાં પડી આત્માને દુઃખી કરે છે, અર્થાત્ ખાનપાન, ભોગવિલાસ, એશઆરામથી વંચિત રાખે છે; ભૂખ તરસ, ટાઢ, બ્રહ્મચર્યાદિ ધર્મનું પાલન કરી આત્માને દુઃખી કરે છે તે બધા નરકમાં પડશે !"

ગુર્વાદિકથી અલગ થઈ પોતાનો નિરાળો પંથ જ સ્થાપન કરે છે અને પોતાની પાછળ બીજા પણ અનેક આત્માઓને ભવસાગરમાં ડુબાડે છે.

વળી, પાસત્થા તો અનુકૂળ અવસર મળતાં નિશીથ સૂત્રના કથનાનુસાર આલોવી, પડિક્કમી, નિંદી, નિઃશલ્ય થઈને સુધરી પણ શકે છે. કિંતુ કુમત પક્ષમાં બંધાયેલા નિન્હવનું ઠેકાણે આવવું—સુધરવું—અસંભવિત છે. આ માટે શાસ્ત્રનું ફરમાન છે કે, કોઈ ગુણમાં ન્યૂનાધિક હશે તો તેનાં હાનિલાભ તેના પોતાના આત્માને જ થશે, પરંતુ પારકી ખટપટમાં પડતાં જો કદાચ સુસાધુને કુસાધુ કે ગુણીને દુર્ગુણી માનવામાં આવી જશે તો આપણો આત્મા મિથ્યાત્વ ઉપાર્જન કરી ભવસાગરમાં ગોથાં ખાશે, માટે કદાચિત્ કોઈનામાં દોષ છે એવું જાણવામાં આવી પણ જાય તો તેને દેખ્યું અણદેખ્યું, સાંભળ્યું અણસાંભળ્યું કરી દેવું. જુઓ સૂયગડાંગસૂત્ર શ્રુતસ્કંધ ૧ અધ્યયન ૧૩, ગાથા ૫ મી.

જે ક્રોધને વશ કાણાને કાણો, આંધળાને આંધળો, હિનાચારીને હિનાચારી ઇત્યાદિ જેવું દેખે તેવું કહેશે અને ઉપશમાવેલા કલેશની ઉદિરણા કરશે તે જેવી રીતે અંધ મનુષ્ય હાથમાં લાકડી હોવા છતાં પણ રસ્તે ચાલતાં પીડા પામે છે તેવી રીતે ચતુર્ગતિરૂપ સંસારમાં દુઃખો પામશે.

જ્યારે દોષીઓના દોષ પ્રકાશવામાં પણ આટલું પાપ બતાવ્યું છે તો પછી પોતાના આચાર્ય, ઉપાધ્યાય કે જ્ઞાનદાતા ગુરુજીના ગુણો ઓળવી તેના અવગુણો ગાય તેની કેવી ગતિ સ્થિતિ થાય તેનો વિચાર કરી લેવો.

સમવાયાંગ સૂત્રના ૩૦ મા ઠાણાની ૨૪—૨૫ ગાથા જુઓ. તેમાં કહ્યું છે કે 'જે આચાર્ય ઉપાધ્યાયે શાસ્ત્ર અથવા વિનયાદિની શિક્ષા આપી હોય, તેમની જો કોઈ નિંદા કરશે, તેમનાથી વિમુખ વર્તશે, તેમનાં સત્કાર સન્માન નહિ કરે તે મહામોહનીય કર્મ બાંધી ૭૦ ક્રોડા ક્રોડ સાગરોપમ સુધી બોધિબીજ સમકિતની પ્રાપ્તિ નહિ કરી શકે. એટલા માટે સર્વ જીવના ભલા માટે સૂચના કરીએ છીએ કે અવિનય અને અશાતના મિથ્યાત્વને અતિ દુઃખપ્રદ જાણી આત્માને તેમનાથી બચાવજો.

આવા મિથ્યાત્વ મતપ્રવર્તકોને જ્ઞાની પુરુષો કહે છે કે, વાહ રે ! ભાઇ ! તમે તો પરમાત્માને પણ નરકમાં ધકેલી દીધા ! ભંગી, ભીલ, ચમાર, કસાઈ, ઈત્યાદિ નીચ જાતિના અને નીચ કર્મવાળા બનાવી દીધા ! પણ ભાઈ ! આત્મરૂપ પરમાત્માને પોષવાવાળા દુ:ખી કેમ દેખાય છે ? પરભવ તો દૂર રહ્યો પરંતુ આ ભવમાં પણ જેઓ આત્માને કાબૂમાં નથી રાખતા તેઓ દુ:ખી દેખાય છે.

જેમકે અભક્ષ્ય-અપથ્યનું ભક્ષણ કરનારા વાત, પીત, કફાદિ અનેક રોગથી ઘેરાઈ પીડા પામે છે, ચોરી-કરનારા કારાગૃહમાં જાય છે, અને વ્યભિચાર કરનારને ચાંદી, પ્રમેહ, આદિ ભયંકર રોગ થાય છે, જેને પરિણામે તેઓ સડી સડીને અકાળે મરે છે. સમાજમાં હડધૂત થાય છે. શું આત્મા-પરમાત્માનાં આ લક્ષણ છે ? ભોળા લોકો આત્માને પરમાત્મા તો કહે છે અને પાછા અન્ય જીવોને હણી એ પરમાત્માના દેહનું ભક્ષણ કરી જાય છે.

આવા પાખંડીઓ, ભ્રષ્ટાચારીઓ નરકમાં જશે કે આત્માને કાબૂમાં રાખનારા નરકમાં જશે ? આનો નિર્ણય દરેક સુજ્ઞજને પોતાની સદ્‌વિવેકબુદ્ધિ દ્વારા કરી લેવો. દુષ્કર્મોથી આત્માને બચાવશે તે જ સુખી થશે.

જેઓ જૈન નામ ધરાવી ક્રિયાનો નિષેધ કરે છે તેઓ નિન્હવ થઇને પડીને મિથ્યાત્વ પામે છે અને જેઓ જૈનેતર અક્રિયાવાદી છે તેઓ પુણ્ય પાપ ધર્મ કે ક્રિયાને માનતા નથી તેઓ આર્થિક મતવાદી છે. તેથી તેઓ સર્વથા નાસ્તિક છે.

૨૫. અજ્ઞાન મિથ્યાત્વ

જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં અજ્ઞાન નિયમા હોય જ છે. અર્થાત્ મિથ્યાત્વી અજ્ઞાની જ હોય છે. મિથ્યાત્વમોહના ઉદયથી તેને બધું વિપરીત ભાસે છે. આ હુંડાવસર્પિણી કાળમાં મિથ્યાત્વનું જોર ખૂબ વધી પડ્યું છે. અજ્ઞાન અને મોહના પ્રાબલ્યથી સત્શાસ્ત્ર વિરુદ્ધ અનેક મતમતાંતરો પ્રવર્તી રહ્યા છે. એટલું જ નહિ પણ, પ્રકૃતિથી પણ પ્રતિકૂળ એવા અનેક મત પ્રચલિત થાય છે અને થતા જાય છે. જ્યાં

જુઓ, ત્યાં માનની મારામારી છે. થોડુંક વાક્ચાતુર્ય પ્રાપ્ત થયું કે તરત કુબુદ્ધિ દ્વારા કુયુક્તિઓ લગાવી આપ્ત પુરૂષોના સિદ્ધાંતોને ઉથલાવી વાણીના આડંબરથી મનકલ્પિત પંથની સ્થાપના કરે છે, માયાજાળમાં ફસાયેલા લોકોને ગમે તે પ્રકારે લાલચમાં નાખી પોતાના બનાવી લે છે અને ધર્મના નામની ઓથ લઈ મનમાન્યો શિકાર ખેલે છે,

થોડાં જ વર્ષ પૂર્વે એક 'સત્પથી' લોકોનો મત ચાલુ થયો છે. તેમની રહેણી તો બધી હિંદુના જેવી છે. પણ કરણી બધી મુસલમાનના ધર્મ પ્રમાણે છે. તેઓએ હિંદુધર્મના ગ્રંથોમાં ફેરફાર કરી નવીન ગ્રંથોની રચના ઇસ્લામ મજહબને અનુસરતી કરી છે. તેઓ કહે છે કે વિષ્ણુના મચ્છ, કચ્છાદિ ૧૦ અવતારોમાં દસમો અવતાર નિષ્કલંકીનો થયો તે મુસલમાની ધર્મના ચોથા ખલીફા 'અલી' હતા, એમણે કાશી વિશ્વનાથ નામ ધારણ કરી કાલિંગ દૈત્યને મારી પછી અવતાર લીધો. તેમના પુત્ર હસન અને હુસેન થયા. મુસા નબીકૃત 'તોરેત' કિતાબ તે 'ઋગ્વેદ', દાઉદ નબીકૃત 'જંબૂર' કિતાબ તે 'યજુર્વેદ,' ઇસારુહ અલ્લાકૃત 'અંજલિ' કિતાબ તે 'શામવેદ' અને મહમ્મદ પયગમ્બર કૃત 'કુરાન' તે 'અથર્વવેદ' એ વગેરે મનઘડંત વાતો લખી છે. અને હુગતતીર્થ (પીરાણા નામે ગામ ગુજરાતમાં છે) ને તીર્થધામ કહ્યું છે.

આ પ્રમાણે, આ પંચમકાળમાં નવા નવા મતો સ્થાપન કરી પોતાના ઈપ્સિતાર્થની સાધના કરવામાં લોકો તત્પર બન્યા છે. આવા તો બીજા અનેક મત વર્તમાનમાં પ્રચલિત છે.

આમ, અજ્ઞાનવશ મિથ્યાત્વમાં ફસેલા જીવોને જોઇ શ્રી જિનશાસનના અનુયાયીઓએ સાવધાન રહી દુર્લભતાથી પ્રાપ્ત થયેલ સમ્યક્ત્વરત્નને સંભાળી રાખવું જોઈએ.

જેઓ જ્ઞાનનો નિષેધ કરે છે અથવા જ્ઞાનાવરણીય કર્મ બંધના આસ્રવ સેવે છે તેમ જ જ્ઞાનની આશાતના કરે છે તેઓને અજ્ઞાન મિથ્યાત્વ પર્યાયવાળા સમજવા.

गाथा—सद्सद्विसेसणाओ, भवहेउ जहच्छि ओवले भाओ ।
णाण फला भावाओ, मिच्छादेट्ठिस्स अण्णाणं ॥

અર્થ—સત્ અસતનો વિવેક ન હોવાથી, સંસારના કારણરૂપ કર્મોનો બંધ જેમનો તેમ રહેવાથી અને સત્ય જ્ઞાનના અભાવથી મિથ્યાદૃષ્ટિ જીવો અજ્ઞાની જ હોય છે. અજ્ઞાનવાદીની પેઠે "જાણે તેને તાણે" ઈત્યાદિ કુહેતુ વડે અજ્ઞાનની સ્થાપના કરી ભોળા લોકોને સદ્-જ્ઞાનની પ્રાપ્તિથી વંચિત રાખે છે તેને અજ્ઞાન મિથ્યાત્વ કહેવું.

ઉપર પ્રમાણે ૨૫ પ્રકારના મિથ્યાત્વનું સંક્ષિપ્ત સ્વરૂપ વર્ણવ્યું.

गाथा—मिच्छेअ अणंत दोसा, पयडा दिसंति नवि गुण लेसा ।
तह विय त चेव जीवा, हो मोहंध निसेवंति ॥ ९ ॥
[વૈરાગ્યશતક]

અર્થ—મિથ્યાત્વમાં કિંચિત્માત્ર ગુણ નથી, પણ અનંત દોષનું પ્રત્યક્ષ સ્થાન છે, તથાપિ મોહાંધ બનેલા જીવો તેનું આચરણ કરે છે! ઈતિ સખેદાશ્ચર્ય !

શાસ્ત્રોદ્ધારક બાલબ્રહ્મચારી ઋષિ સંપ્રદાયાચાર્ય સ્વ. મુનિશ્રી
અમોલખઋષિજી મહારાજ દ્વારા વિરચિત
"જૈન તત્વ પ્રકાશ" ગ્રંથના બીજા
ખંડનું મિથ્યાત્વ નામક ત્રીજું
પ્રકરણ સમાપ્ત.

ચારિત્રધર્મ

શ્રી ઠાણાંગ સૂત્રના બીજા ઠાણામાં કહ્યું છે કે, "धम्मे दुविहे पण्णत्ते-तं जहा सुयधम्म चेव चरित्तधम्म चेव" અર્થાત્ શ્રમણ ભગવંત શ્રી મહાવીર સ્વામીએ ધર્મ બે પ્રકારના કહ્યા છે. ૧. સૂત્રધર્મ અને, ૨. ચારિત્રધર્મ. આ બે પ્રકારના ધર્મમાંથી શ્રુતધર્મ અથવા સૂત્રધર્મનું સવિસ્તર વર્ણન તો આ બીજા ખંડના બીજા પ્રકરણમાં થઈ ગયું છે. હવે ચારિત્રધર્મનું વર્ણન આગળનાં પ્રકરણોમાં કરવામાં આવશે.

સમ્યક્જ્ઞાનપૂર્વક યોગ અને કષાયોની નિવૃત્તિ થવાથી જે સ્વરુપ-રમણતા થાય તે સમ્યક્ચારિત્ર કહેવાય છે. હિંસાદિ દોષોનો પરિહાર અને પ્રાણાતિપાત વિરમણ આદિ વ્રતનું પાલન તે પણ સમ્યક્ચારિત્ર કહેવાય. ज्ञानस्य फलं विरतिः જ્ઞાનનું ફળ વિરતિ છે, ચારિત્ર છે. ચારિત્ર નરકાદિક ચાર ગતિમાંથી આત્માને તારીને પંચમગતિ મોક્ષમાં પહોંચાડે છે.

ચારિત્રધર્મના ભગવાને બે પ્રકાર કહ્યા છે. ૧. દેશથી ચારિત્ર અને, ૨. સર્વથી ચારિત્ર. તેમાં સર્વથી ચારિત્ર ધારણ કરવાવાળા તો સાધુ મુનિરાજ હોય છે. તેમના આચારનું વર્ણન પ્રથમ ખંડના ત્રીજા, ચોથા, પાંચમા પ્રકરણમાં અગાઉ થઈ ગયું છે. અને દેશથી ચારિત્ર તેના પણ બે પ્રકાર છે. ૧. સમ્યક્ત્વ અને, ૨. દેશવિરતિ. એ બન્નેનું કથન આ બીજા ખંડના ચોથા, પાંચમા પ્રકરણમાં કરી, તત્પશ્ચાત્ છઠ્ઠા 'અંતિમશુદ્ધિ' પ્રકરણમાં મનુષ્ય જન્મની તથા સમકિતી, દેશવિરતિ અને સર્વવિરતિએ આયુષ્યને અંતે કેવી રીતે શુદ્ધિ કરવી તેનું વર્ણન કરી આ ગ્રંથ સમાપ્ત કરીશું. મિથ્યાત્વનો સમૂળગો નાશ થવાથી જ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. એટલા માટે ૨૫ પ્રકારના મિથ્યાત્વનું વિસ્તૃત વર્ણન ત્રીજા પ્રકરણમાં અપાઈ ગયું છે. હવે આ ચોથા પ્રકરણમાં સમ્યક્ત્વ અથવા સમકિતનું કથન કરીએ છીએ.

પ્રકરણ ચોથું

સમ્યક્ત્વ

गाथा—नत्थि चरित्तं सम्यत्तविहूणं दंसणे उ भइयव्वं ।
सम्मत्तचरित्ताइं, जुगवं पुव्वं व सम्मत्तं ॥

[ઉત્તરાધ્યયન અ. ૨૮ ગા. ૨૯]

અર્થ–જે જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ નથી તેમને ચારિત્ર–ધર્મની પ્રાપ્તિ થતી નથી. જેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે તેમનામાં ચારિત્રધર્મની ભજના જાણવી અર્થાત્ તેમનામાં ચારિત્ર હોય અને ન પણ હોય. સમકિત ચારિત્રની સાથે પણ રહે છે અને ચારિત્ર વગર પણ રહે છે.

સમકિત વિનાના ચારિત્રથી સકામ નિર્જરા થતી નથી તેથી સમકિત વિનાની કરણીથી અકામ નિર્જરા અને પુણ્ય થાય છે. તેથી સમકિતની પ્રાપ્તિ થતાં અન્ય બધા આધ્યાત્મિક ગુણો ક્રમશઃ પ્રાપ્ત થતા જાય છે.

गाथा—नादंसणिस्स नाणं, नाणेण विणा न हुन्ति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥

[ઉ. અ. ૨૮/૩૭]

અર્થ–સમ્યક્દર્શન વિના સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, અને જ્ઞાન વિના ચારિત્રના ગુણો પ્રગટ થતા નથી. ચારિત્રના ગુણની પ્રાપ્તિ વિના કર્મબંધથી છુટકારો નથી અને કર્મોનો નાશ થયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી અર્થાત્ સમકિતથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે સમકિત થવા પહેલાં જેટલું જ્ઞાન હોય છે તે મિથ્યાજ્ઞાન કહેવાય છે અને સમકિત થતાં જ તે મિથ્યાજ્ઞાન સમ્યક્જ્ઞાન બની જાય છે.

સમ્યક્જ્ઞાન વિના અહિંસા આદિ વ્રત અને પિંડવિશુદ્ધિ આદિ ગુણ ઉત્પન્ન થતા નથી. આત્મ-વિકાસના વિચાર કરતાં જણાશે

કે, આત્મોન્નતિનું મૂળ સમકિત છે સમકિતની પ્રાપ્તિનો ઉપાય અને તેનું સ્વરૂપ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં નીચે પ્રમાણે બતાવેલ છે :–

गाथा–तहियाणं तु भावाणं, सब्भावे उवअेसणं ।
भावेणं सद्दह तस्स, सम्मतं तं वियाहियं ॥१५॥

(ઉ. અ. ૨૮–ગા. ૧૫)

અર્થ :–યથાતથ્ય (વાસ્તવિક) ભાવોના અસ્તિત્વનો ઉપદેશ દેવો અને શુદ્ધ ભાવથી તેના ઉપર શ્રદ્ધા રાખવી તેનું નામ સમ્યક્ત્વ. જે પદાર્થ જેવા સ્વરૂપે છે તેને તેવા જ સ્વરૂપે જાણે, સરધે, પ્રરૂપે તે સમકિત કહેવાય.

સમકિતની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે :

અર્થ :–તે (સમ્યક્દર્શન) ૧. નિસર્ગથી એટલે સ્વભાવથી અને, ૨. અધિગમથી એટલે ગુર્વાદિકના ઉપદેશથી એ બે પ્રકારે થાય છે. નિશ્ચયમાં તો અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનમોહનીય ત્રણ પ્રકૃતિ એ સાત પ્રકૃતિના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થવાથી ક્ષાયિક ઉપશમ કે ક્ષયોપશમ સમકિતની પ્રાપ્તિ થાય છે, તેથી મતિ, શ્રુત કે જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થાય તથા તીર્થંકરના કે સદ્ગુરૂના ઉપદેશથી જડ ચેતનના ભેદવિજ્ઞાનને પ્રાપ્ત કરી જીવાજીવ, ધર્માધર્મ વગેરેના યથાતથ્ય તાદૃશ્ય સ્વરૂપને જાણીને તેવું જ શ્રદ્ધાન કરે તેને સમકિતી કહેવો.

'લબ્ધિસાર' નામક ગ્રંથમાં મિથ્યાત્વી જીવને સમકિત પ્રાપ્ત થવાનું વિધાન નીચે પ્રમાણે દર્શાવ્યું છે.

સંજ્ઞી, પર્યાપ્ત, મંદકષાયી, ભવ્ય, ગુણદોષના વિચારવાળો, સાકારોપયોગી (જ્ઞાની), જાગૃત અવસ્થાવાળો એટલે ગુણવાળો જે જીવ હોય તે જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. સમકિત પ્રાપ્ત કરવાવાળાને પાંચ લબ્ધિ હોય છે ૧. ક્ષયોપશમ લબ્ધિ, ૨. વિશુદ્ધિ લબ્ધિ, ૩. દેશના લબ્ધિ, ૪. પ્રયોગ લબ્ધિ અને, ૫. કરણ લબ્ધિ. હવે આ પાંચે લબ્ધિનું સ્વરૂપ કહે છે.

૧. અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં કોઈ વખતે કોઈ આત્માને એવો યોગ બને કે, જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોની સર્વ અપ્રશસ્ત (બૂરી) પ્રકૃતિઓના અનુભાગ (રસ)ને સમયે સમયે અનંતગુણ ઘટાડતાં ઘટાડતાં ક્રમશઃ ઉપર આવે છે ત્યારે ક્ષયોપશમ લબ્ધિ પ્રાપ્ત થાય છે.

૨. આ ક્ષયોપશમ લબ્ધિના પ્રતાપથી અશુભ કર્મના રસોદય ઘટે છે. તેથી સંક્લિષ્ઠ પરિણામની હાનિ અને વિશુદ્ધ પરિણામની વૃદ્ધિ થવાથી જીવનો સાતાવેદનીયાદિ શુભ કર્મ પ્રકૃતિઓનો બંધ કરવાવાળા ધર્માનુરાગરૂપ શુભ પરિણામોની પ્રાપ્તિ થાય છે તે વિશુદ્ધ લબ્ધિ.

૩. આ વિશુદ્ધ લબ્ધિના પ્રભાવથી આચાર્યાદિનાં દર્શન કરવાની અને વાણી શ્રવણની અભિલાષા જાગૃત થાય છે અને સત્સમાગમ કરી ષડદ્રવ્ય, નવ તત્વ ઈત્યાદિનો જ્ઞાતા બને, તે દેશના લબ્ધિ.

૪. ઉપર્યુક્ત ત્રણ લબ્ધિ પામેલો જીવ સમય સમય વિશુદ્ધતાની વૃદ્ધિ કરતો આયુષ્ય સિવાયનાં સાતે કર્મોની સ્થિતિ એક ક્રોડાક્રોડ સાગરથી કમી કરે, ઘાતિકર્મનો અનુભાગ (રસ), જે પર્વત સમાન કઠણ હતો તેને કાષ્ઠ તથા લતા સમાન રાખે. અને અઘાતિકર્મનો અનુભાગ હળાહળ વિષરૂપ હતો તેને લીંબડા તથા કાંજી સમાન રાખવાની યોગ્યતાને પામે તે પ્રયોગ લબ્ધિ.

આ ચાર લબ્ધિ ભવ્ય તથા અભવ્ય બન્નેને હોય છે.

૫. આ પ્રયોગ લબ્ધિના પ્રથમ સમયથી માંડીને પૂર્વોક્ત એક ક્રોડાક્રોડી સાગરોપમમાં કંઈક કમ સ્થિતિ રાખી હતી તેને (આયુષ્ય સિવાયનાં બીજાં કર્મોની સ્થિતિને) પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી કમી કરે. (દિગંબર મત પ્રમાણે ૭૦૦ તથા ૮૦૦ સાગરોપમ કમતી થઈ જાય) ત્યારે પાંચમી કરણ લબ્ધિ પ્રાપ્ત થાય છે (આ લબ્ધિ ભવ્ય જીવને જ હોય છે).

અહીં ત્રણ કરણ કરે છે. ૧. અધઃપ્રવૃત્તિ કરણ, ૨. અપૂર્વ કરણ, અને, ૩. અનિવૃત્તિ કરણ (કષાયની મંદતાને કરણ કહે છે).

આ ત્રણ કરણમાં અનિવૃત્તિ કરણનો કાળ તો ફક્ત અંતર્મુહૂર્તનો જ છે. તેનાથી અસંખ્યાત ગુણો કાળ અપૂર્વકરણનો છે અને તેનાથી સંખ્યાત ગુણો કાળ અધઃપ્રવૃત્તિ કરણનો છે. તે કાળ પણ અંતર્મુહૂર્તનો જ જાણવો (અંતર્મુહૂર્તના પણ અસંખ્યાત ભેદ છે.)

આ કરણલબ્ધિને પ્રાપ્ત થયેલા ત્રણે કાળવર્તી અનેક જીવોના કરણની વિશુદ્ધતા રૂપ પરિણામ તો અસંખ્યાતા લોકપ્રમાણ થાય છે. તે પરિણામ અધઃપ્રવૃત્તિકરણના જેટલા સમય છે તે પ્રત્યેક સમયમાં વૃદ્ધિ પામે છે. કોઈ વખતે નીચેનાં પરિણામોની વિશુદ્ધતાવાળાં ઉપરનાં પરિણામોની વિશુદ્ધતામાં મળી જાય છે તેથી તેને અધઃપ્રવૃત્તિકરણ કહે છે.

આ પ્રકરણમાં ૪ આવશ્યક છે. (૧) પ્રતિસમય અનંતગુણી વિશુદ્ધતાની વૃદ્ધિ, (૨) પૂર્વોક્ત સ્થિતિબંધથી અનુક્રમે ઘટતો જતો સ્થિતિબંધ, (૩) સાતા વેદનીય આદિ પ્રશસ્ત (સારી) કર્મ પ્રકૃતિઓનો સમયે સમયે વૃદ્ધિ પામતો ગોળ, ખાંડ, સાકર અને અમૃત સમાન ચોઠાણવડિયો રસ; અર્થાત્ અનુભાગ બંધ, (૪) અસાતાવેદનીય આદિ અપ્રશસ્ત કર્મ પ્રકૃતિઓનો અનંતગુણ ઘટતો નીંબ કાંજી સમાન અનુભાગ બંધ. આ ૪ આવશ્યક થાય છે.

આ અધઃપ્રવૃત્તિકરણના અંતર્મુહૂર્તનો કાળ પૂર્ણ થયા બાદ બીજું અપૂર્વકરણ કરે છે. તેમાં ઘણા જીવોની અપેક્ષાએ તો લોકથી અસંખ્યાત ગુણી પરિણામની ધારા હોય છે, પરંતુ એક જીવની અપેક્ષાએ અંતર્મુહૂર્તના સમય જેટલા પરિણામ હોય છે. સમયે સમયે પરિણામોની વિશુદ્ધતા વધતી જાય છે, પ્રથમ સમય કરતાં બીજે સમયે પરિણામોની વિશુદ્ધતા અસંખ્યાતગુણી અધિક હોય છે. એમ ક્રમશઃ વૃદ્ધિ પામતા પરિણામોનું અપૂર્વપણું આ કરણમાં હોવાથી તેને અપૂર્વ-કરણ કહે છે. આ કરણમાં પ્રવર્તતો આત્મા, મિથ્યાત્વ મોહને મિશ્ર મોહનીયપણે પરિણમાવી પછી સમ્યકત્વ મોહનીયમાં પરિણમાવી દે છે.

અહીં પણ ૪ આવશ્યક હોય છે. ૧. ગુણશ્રેણી, ૨. ગુણ-સંક્રમણ, ૩. સ્થિતિખંડ, ૪. અનુભાગ ખંડ.

(૧) પૂર્વે બાંધેલાં અને સત્તામાં રહેલાં કર્મપુદ્ગલ દ્રવ્યની ઉદીરણા કરી પંક્તિબંધ સમયે સમયે અસંખ્યાત ગણી નિર્જરા કરે તે ગુણ શ્રેણી.

(૨) સમયે સમયે સત્તામાં રહેલાં કર્મ પ્રકૃતિનાં પરમાણુઓને પલટાવી દે, સંક્રમણ (સજાતીય એકભેદ મટી અન્ય ભેદરૂપ થવું તે) કરે તે ગુણ સંક્રમણ.

(૩) સત્તામાં રહેલી પ્રકૃતિઓમાંથી અશુભ પ્રકૃતિઓની સ્થિતિ કમી કરવી તે સ્થિતિખંડ.

(૪) પહેલાંની સત્તામાં રહેલી અશુભ પ્રકૃતિનો અનુભાગ કમ કરે તે અનુભાગ ખંડ.

આ ચાર કાર્ય અપૂર્વકરણમાં અવશ્ય થાય છે. આ પ્રમાણે સમયે સમયે અશુભ કર્મ પ્રકૃતિનો અનુભાગ અનંતગુણો કમી થાય છે અને શુભ કર્મ પ્રકૃતિનો અનુભાગ અનંત અનંત ગુણ વૃદ્ધિ પામે છે.

આમ, અનિવૃત્તિકરણના અંતિમ સમયમાં ૩ દર્શન મોહનીય અને અનંતાનુબંધી ચતુષ્ક એ સાત પ્રકૃતિનાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધનો ઉદય થવાની યોગ્યતા નષ્ટ થવાથી તે ઉપશમ રૂપે રહે છે. ત્યારે આત્મા જિનપ્રણીત તત્ત્વાર્થનું શ્રદ્ધાન યથાતથ્ય કરતો થકો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી ઉપશમ સમકિતી બની જાય છે. પાઠકગણ, આ કથનનો જરાદીર્ઘદૃષ્ટિથી વિચાર કરજો કે આ સંસારમાં આત્માને સમકિતનો લાભ પ્રાપ્ત થવો કેટલો દુર્લભ છે!

સવૈયા

ભવસ્થિતિ નિકંદ હોઈ, કર્મ કર્મબંધ મંદ હોઈ પ્રકટે પ્રકાશ નિજ, આનંદકે કંદકો ।
હિતકો દર્શાવ હોઈ, વિનયકો બઢાવ હોઈ, ઊપજે અંકુર જ્ઞાન, દ્વિતીયા કે ચંદકો ।
સુગતિ નિવાસ હોઈ, કુગતિકો નાશ હોઈ, અપને ઉત્સાહ દાહા—ફેર કર્મ કંદકો ।
સુખ ભરપૂર હોઈ, દોષ દુઃખ દૂર હોઈ, યા તે ગુણવંદક હે સમ્યકૃત્વ સુછંદ કો

અર્થાત્ જીવને જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થવાનો અવસર પ્રાપ્ત થાય છે, ત્યારે પ્રથમ તો તેની ભવસ્થિતિ પરિપકવ થઈ હોવી જોઈએ, કર્મનો બંધ પણ ક્રોડાક્રોડ સાગરની સ્થિતિની અંદર રહી અને તે પણ મંદ રસમય રહેવો જોઈએ. સુખમાં હર્ષ નહિ, દુઃખમાં ઉદાસ નહિ, સદા આનંદમય મુખમુદ્રા હોય. તેનું અંતઃકરણ પણ સાક્ષીભૂત થઈ જાય કે હવે મારી ભલાઈનો સમય પ્રાપ્ત થયો છે. સ્વાભાવિક રીતે જ તેમનામાં વિનયભાવ, કરુણાભાવ જાગૃત થઈ જાય. સર્વનું સદા કુશળ ઇચ્છે, અભિમાન, અક્કડાઈ રહે નહિ, દ્વિતીયાના ચંદ્ર સમાન જેમના હૃદયમાં જ્ઞાનનો અંકુર ફૂટી નીકળે.

આવો જીવ કોઈના દબાણથી નહિ પણ પોતાના ઉત્સાહથી જ કર્મશત્રુઓની સન્મુખ ઊભો રહી મોહનીય કર્મની માયાજાળ છે તેમાં ફસાય નહિ. ઊલટું, તેનો નાશ કરવામાં તત્પર રહે, જેથી સહેજે જ તેમની દુર્ગતિ થતી અટકે અને સદ્ગતિમાં નિવાસ થાય. પરિણામે તે સર્વ દુઃખોનો અંત કરી પરમ સુખી બની જાય છે. આટલા ગુણોનો ધારક હોય તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે.

સમકિતના પાંચ પ્રકાર

૧. ઉપશમ સમ્યક્ત્વ–જેમ નદીમાં પડેલો પથ્થર પાણીના આવાગમનથી ઘસાઈ ઘસાઈને ગોળ બની જાય છે, તે પ્રમાણે સંસારરૂપ નદીમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતો જીવરૂપ પથ્થર શારીરિક, માનસિક દુઃખોથી તથા ભૂખ, તરસ, તાપ, છેદન, ભેદન, આદિ અનેક કષ્ટો દ્વારા થતી અકામ નિર્જરારૂપ પાણીથી ઘસાઈને રાગદ્વેષ રૂપ પરિણામથી ઉત્પન્ન થયેલ અનંતાનુબંધીનો ચોક અને ત્રણ મોહનીય એ સાત કર્મપ્રકૃતિ રૂપ ગ્રંથિને રાખથી ભારેલા અગ્નિની પેઠે ઉપશમાવે–ઢાંકે, પરંતુ સત્તામાં પ્રકૃતિ રહે તેને ઉપશમ સમકિત કહે છે.

આવા ઉપશમ સમકિત તથા ઉપશમ શ્રેણી સંપન્ન પ્રાણીના ઉપશમ સમકિતની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. જેમ વાદળાં દૂર ખસવાથી સૂર્યનાં કિરણો ઝગમગાટ કરે છે, તેમ આવા જીવોનું સમ્યક્જ્ઞાન પ્રકાશમાન થાય છે. આ સમકિત સર્વભવ આશ્રી જીવને જઘન્ય

એક વાર ઉત્કૃષ્ટ પાંચ વાર આવે છે. ઉપશમ સમક્તિના કાળમાં શંકાદિ કોઈ દોષ ઉત્પન્ન થતો નથી. આ સમકિતનો કાળ પૂરો થાય એટલે કાં તો ક્ષયોપશમ સમકિતમાં જાય, નહિતર પડવાઈ થાય તો સાસ્વાદનમાં જાય. પછી પહેલા ગુણસ્થાને આવે.

૨. સાસ્વાદન સમ્યક્ત્વ–અહીં મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય એમ બે પ્રકૃતિનો ઉદય નથી અને સમકિત મોહનીયનો વિશેષ ઉદય થાય તેની સાથે અનંતાનુબંધી કષાયનો ઉદય થાય તેથી તે પડવાઈ થાય છે.

દાખલા તરીકે, કોઈ મનુષ્ય ઊંચા મિનારા ઉપરથી પૃથ્વીનું અવલોકન કરતો હોય તે વખતે ચક્કર આવવાથી નીચે પડી જાય, મિનારાની ટોચેથી પડતાં હજી ધરતીએ પહોંચ્યો નથી, મધ્યમાં છે તે પ્રકાર સાસ્વાદન સમકિતનો જાણવો. અર્થાત્ ચોથા ગુણસ્થાનવર્તી, ઉપશમ સમક્તિરૂપ મિનારા પર ચઢયો પણ પર સ્વભાવરૂપી પૃથ્વીનું અવલોકન કરતાં અનંતાનુબંધી કષાયોદયરૂપ ચક્કર આવવાથી પડયો. મિથ્યાત્વરૂપ ધરતીએ પહોંચ્યો નથી, રસ્તામાં છે ત્યાં સુધી સાસ્વાદન.

જેમ આમ્રવૃક્ષની ડાળેથી ફળ (કેરી) તૂટયું પણ ધરતીએ પહોંચ્યું નથી ત્યાં સુધી સાસ્વાદન. જીવરૂપ આંબો, તેની પરિણામરૂપી ડાળ અને સમકિતરૂપ ફળ, તે અનંતાનુબંધી કષાયરૂપ વાયુથી તૂટયું, મિથ્યાત્વરૂપ પૃથ્વીએ પહોંચ્યું નથી, રસ્તામાં છે ત્યાં સુધી સાસ્વાદન.

જેમ કોઈ મનુષ્યે ખીરખાંડનું ભોજન કર્યું, પછી તેને વમન થયું. વમન કરતી વખતે થોડો સ્વાદ રહી જાય છે તે સમાન સાસ્વાદન. જેવી રીતે ઘંટાનો નાદ પ્રથમ ગહેર ગંભીર હોય પછી રણકો રહી જાય છે. ગહેર ગંભીર સમાન સમકિત અને રણકો રહી ગયો તે સમાન સાસ્વાદન.

જેમ ઘંટાનો રણકાર અલ્પ સમયમાં નષ્ટ થાય છે તેવી રીતે સાસ્વાદન સમકિત પણ ઉત્કૃષ્ટ ૬ આવલિકા અને ૭ સમય બાદ નષ્ટ થાય છે અને તે જીવ મિથ્યાત્વી બની જાય છે. આ સમકિતની પ્રાપ્તિ જઘન્ય એક વાર ઉત્કૃષ્ટ પાંચ વાર થાય છે.

૩. ક્ષયોપશમ સમ્યક્ત્વ–ઉપશમ સમકિતનો કાળ પુરો થયે, વિશુદ્ધ થયેલા મિથ્યાત્વના પુદ્ગળના નિમિત્તથી જે ભાવ ઊપજે તે ક્ષયોપશમ સમકિત, ૭ પ્રકૃતિઓમાંથી અનંતાનુબંધી ચતુષ્ક અને મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય, એ બે મોહનીય એ ૭ પ્રકૃતિઓનો પ્રદેશ–ઉદય ખપી જાય. મંદઉદયથી સમકિત નાશ થતું નથી. પાણીથી બુઝાવેલ અગ્નિની પેઠે ક્ષય કરે અને અનુદય પ્રકૃતિઓ ઉપશમમાં રહે તેથી ક્ષયોપશમભાવ રહે તથા સમકિત મોહનીય ઢાંકેલા અગ્નિની પેઠે કંઈક ઉપશમાવે અને કંઈક ઉદયમાં રહે અથવા એક સમકિત મોહનીયની પ્રકૃતિને કંઈક ઉપશમાવે અને બાકી છ પ્રકૃતિઓનો ક્ષય કરે.

ક્ષયોપશમ સામકિતના ઘણા વિકલ્પ થાય છે. પુર્વોક્ત ૭ પ્રકૃતિમાંથી ચારનો ક્ષય કરે. બેનો ઉપશમ કરે અને જે એક પ્રકૃતિનો સત્તામાં રસ છે તેને વેદે અથવા પાંચનો ક્ષય કરે. બેનો ઉપશમ કરે અને એકને વેદે. સમકિતથી સમ્યગ્જ્ઞાન વિશેષ નિર્મળ બને છે. આ સમકિત જીવને અસંખ્યાત વાર આવે છે. તેની સ્થિતિ ૪૦ અંતર્મુહુર્તની ઉત્કૃષ્ટ ૬૬ સાગર અને ત્રણ ક્રોડ પૂર્વ અધિક. આ સમકિતમાં શંકાદિ દોષ ઉત્પન્ન થાય છે પણ તરત જ ખુલાસો કરીને દોષનું નિવારણ થાય છે એટલે સમકિત ચાલુ રહે છે.

૪. વેદક સમ્યક્ત્વ—ક્ષયોપશમ સમકિતથી આગળ વધતાં અને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત થતા પહેલાં ફક્ત એક સમય વેદક સમકિતની પ્રાપ્તિ થાય છે. ક્ષયોપશમ સમકિતનો સમકિત મોહનીયનો છેલ્લો હિસ્સો જે સમયે વેદીને ખપાવાય તે સમયે વેદક સમકિત હોય. આ સમકિત જીવને એક જ વાર આવે છે. કારણ કે તેને પામેલો જીવ તત્ક્ષણ અને અવશ્ય ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. વેદક સમકિતની સ્થિતિ માત્ર એક સમયની જ છે.

૫. ક્ષાયિક સમ્યક્ત્વ—વેદક સમકિત બીજા સમયમાં નિશ્ચય ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ઉપર્યુક્ત સાતે પ્રકૃતિઓને પાણીથી બુઝાવેલા અગ્નિની પેઠે ક્ષય કર્યા પછી પ્રાપ્ત થાય છે. આ

સમકિત આવ્યા પછી જતું નથી, ક્ષાયિક સમકિતી ઉત્કૃષ્ટ ત્રીજે ભવે મોક્ષે જાય છે.

નોંધ—

(૧) અનંતાનુબંધીનો ચોક અને ત્રણે મોહનીયનો ખુલાસો નીચે પ્રમાણે છે :–

અનંત કાળથી જેનું બંધન આત્માની સાથે ચાલી રહ્યું છે તેવાં ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયને અનંતાનુબંધી ચોક કહે છે. આ ચોકડીને દૂર કર્યા વિના મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીયનું બળ મંદ પડતું નથી અર્થાત્ તેનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થતો નથી.

હવે મોહનીય કર્મના બે પ્રકાર છેઃ– ૧. દર્શનમોહનીય અને ૨. ચારિત્રમોહનીય.

યથાર્થ શ્રદ્ધાને દર્શન કહે છે. તે દર્શનને જે મોહિત કરે (વિકૃત કરે) તે દર્શનમોહનીય અને ચારિત્ર પ્રાપ્ત કરવામાં કે પાળવામાં જીવને મુગ્ધ બનાવે તે ચારિત્ર મોહનીય.

કર્મનાં ફળ સઘન હોવાથી મિથ્યાદૃષ્ટિ થાય છે. આ વખતે તે મિથ્યાત્વની વર્ગણા કંઈક સત્તામાં રહે અને કંઈક ઉદયમાં આવે તે શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની પિછાણ થવા દે નહિ. તેથી જીવ તેનાથી વિમુખ રહે તે મિથ્યાત્વ મોહનીય.

મિશ્ર મોહનીયનું સ્વરૂપ મિશ્ર સમકિતના જેવું જાણવું. અને સમકિત મોહનીય તે ક્ષાયિક સમકિતનું ઢાંકણ છે. તેનાથી સમકિત-ગુણની પૂર્ણ ઘાત તો ન થાય પણ તેમાં ચલ, મલ અને અગાઢ દોષ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વી જીવોને આ મોહનીય હોતી નથી, પરંતુ ક્ષયોપશમ સમકિતને હોય છે. તેની ઉપસ્થિતિમાં સમકિત મલિન રહે છે. કેમકે શંકાદિ દોષયુક્ત હોય છે. જેમ કોઈ વૃદ્ધ પુરુષના હાથમાં

લાકડી હોય તે મજબૂત પકડી પણ ન શકે તેમ છોડી પણ શકે નહિ. તેવી જ રીતે તેને પણ ભગવતીસૂત્રમાં કહ્યા પ્રમાણે ચલ, મલ, અગાઢ દોષ ઉત્પન્ન થાય છે. તેથી પરિણામોમાં ગરબડ રહે છે.

કેટલાક ભોળા જીવો દેવ, ગુરુ, ધર્મ પર અનુરાગ કરવો તેને સમકિત મોહનીય કહે છે. પણ આ કથન બરાબર નથી. કારણ કે દેવ, ગુરુ, ધર્મ ઉપર અનુરાગ તો આઠમા ગુણસ્થાન સુધી હોય એમ કેટલાકનું માનવું છે પણ આ કથન અપેક્ષાવાળું સમજવું. શ્રી મહાવીરપ્રભુના ઉપર ગૌતમ સ્વામીનો અનુરાગ હતો તેમ. શ્રાવકોના ગુણમાં પણ કહ્યું છે કે 'પેમાણુરાગરત્તા' માટે આવા પ્રશસ્ત રાગને સમકિત મોહનીય ન કહેવાય. સમકિતી જીવ લૌકિક દેવગુરુને ધર્મબુદ્ધિએ કે સ્વાર્થ સાધન માટે કદાપિ માનતા નથી, પરંતુ લોકોત્તર દેવ, ગુરુ, ધર્મની ઉપાસના સ્વાર્થ સાધવાની બુદ્ધિએ કરે તો સમકિત મોહનીયરૂપી મળ વધે. આવી ભ્રમણા ક્ષાયિક સમકિતીને કદી હોતી નથી, તે તો સ્વકૃતકર્મનો જ બધો દોષ અથવા ગુણ માને છે.

(૨) ૭ પ્રકૃતિના ક્ષયોપશમાદિ વડે સમ્યક્ત્વ પ્રાપ્તિ તો થઈ ગઈ હોય, પરંતુ અંબડ સંન્યાસી તથા મરિચીની પેઠે વેષપરિવર્તન કર્યું ન હોય છતાં ભાવથી તો તે સમકિતી છે, પરંતુ વ્યવહારમાં મિથ્યાત્વી વેષે હોવાથી તેને કેટલાક મિથ્યાત્વ સમકિત કહે છે, પણ ખરી રીતે ભાવ સમકિતના હોવાથી તેઓ સમકિતી જ છે.

(૩) અભવ્ય જીવ સત્સંગના પ્રસંગથી પૌદ્ગલિક સુખ તથા માન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની અભિલાષાએ શ્રાવક તથા સાધુનાં વ્રત આચરે, વેષ પણ ધારણ કરે અને વિશુદ્ધ પ્રકારે પાલન કરે. નવ પૂર્વ સુધીનું જ્ઞાન પણ પ્રાપ્ત કરી લે છે, પરંતુ અભવ્યપણાના સ્વભાવને લીધે દર્શન મોહનીયની પ્રકૃતિઓનાં ક્ષયોપશમાદિ થતાં નથી. તેથી તેઓ વ્યવહારમાં સમકિતી નજર આવવા છતાં નિશ્ચયમાં મિથ્યાત્વી હોય છે. તેને પણ કેટલાક મિથ્યાત્વ સમકિત કહે છે, પણ આ દીપક સમકિત કહેવાય છે. તેઓ ભાવથી મિથ્યાત્વી હોવાથી મિથ્યાત્વી જ છે.

(૪) મિથ્યાત્વ ગુણસ્થાનક × (મિથ્યાત્વને પણ ગુણનું સ્થાનક) ગણેલું છે. સંસારસ્થિત અનંત જીવો મિથ્યાત્વ સ્થાનમાં જ રહેલા છે. તેઓ ત્યાં રહ્યા થકા પણ અકામ નિર્જરા દ્વારા કર્માંશ ક્ષય કરે છે, ત્યારે જ ઉપર ચડે છે. જૈન ધર્મની દ્રવ્ય કરણી કરી, ૬૯ ક્રોડાક્રોડ સાગર જેટલી કર્મ સ્થિતિ મિથ્યાત્વમાં જ ખપાવવી પડે છે. આત્માને સમ્યકૃત્વાભિમુખ કરવાનો ગુણ આ સ્થાનમાં જ ઉત્પન્ન થતો હોવાથી મિથ્યાત્વ ગુણસ્થાન કહેવાય છે. કેમકે નૈગમનયવાળા એક અંશને પણ પૂર્ણ વસ્તુ માને છે અને વ્યવહાર નયવાળા વ્યવહારને તથારૂપ માને છે. આ અપેક્ષાએ આ ગુણસ્થાન કહેવાય છે.

(૫) મિશ્ર સમ્યકૃત્વ-મિથ્યાત્વ મોહનીયનાં દળિયાં ભોગવતાં ભોગવતાં થોડાં અવશેષ રહ્યાં તે વખતે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ એ ત્રણ તત્ત્વ પ્રતિ દ્વેષભાવ પણ નહિ તેમ તેની આસ્થા પણ નહિ. તેવી જ રીતે કુદેવ, કુગુરુ, કુધર્મ પ્રતિ અંતરંગમાં અનુરાગ પણ નહિ અને તેને બૂરાં (અહિતકર) પણ જાણે નહિ. કારણ કે તેને એ બન્નેની સમજણ કે પરીક્ષા કરવાની વિવેકબુદ્ધિ પ્રકટી નથી, તેને મિશ્ર મોહનીય ગુણસ્થાન કહેવું.

દાખલા તરીકે, શીખંડમાં મીઠાશ અને ખટાશ બન્નેનું મિશ્રણ હોય છે.

ડામાડોલ ચિત્તયુક્ત અંતર્મુહૂર્ત પર્યંત રહે છે.

દૃષ્ટાંત—જેમ પ્રાતઃકાળે રાત્રિદિવસની મિશ્રતા (સંધ્યા) પ્રકાશને વધારતી જતી પૂર્ણ પ્રકાશમય બની જાય છે; તે જ પ્રમાણે નિકટભવી ભવ્ય જીવનું મિશ્ર ગુણસ્થાન તે જીવને શુદ્ધ સમકિતવંત બનાવી દે છે. જેમ સંધ્યાકાળની રાત્રિદિવસની મિશ્રતા પૂર્ણ અંધકારમય બની જાય છે તેવી જ રીતે જેમનો મોક્ષ દૂર છે તેવા ભવ્ય જીવોનું મિશ્ર ગુણસ્થાન તેને પુનઃ મિથ્યાત્વમાં ઘસડી જાય છે.

બીજું દૃષ્ટાંત—નગર બહાર સાધુ મહાપુરુષનું આગમન થયું સાંભળી તેમને વંદન કરવાની અભિલાષાએ કોઈ મનુષ્ય ત્યાં ગયો, પણ

× શાસ્ત્રમાં ગુણઠાણાને જીવઠાણાં કહ્યાં છે.

સાધુજી તો મળ્યા નહિ એટલે બાવા જોગી જે મળ્યા તેમને વંદન–નમન કરી સુસાધુનાં દર્શન જેટલું ફળ તેમાં માની લીધું. આ લક્ષણને કેટલાક મિશ્ર સમકિતનું કહે છે. આ મિશ્ર ભાવ જીવને ૧ ભવમાં ઉત્કૃષ્ટ ૯૦૦ વખત પ્રાપ્ત થઇ શકે છે, અહીં સમકિતીના ખરા ભાવ ન હોવાથી મિશ્ર ગુણસ્થાનવાળો સમકિત કહેવાય નહિ.

ક્રિયાભાવ અને રુચિની અપેક્ષાએ બીજી રીતે સમકિતના પાંચ પ્રકાર

(૧) કારક સમકિત–પાંચમા, છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકવર્તી શ્રાવક અને સાધુજીમાં આ સમકિત હોય છે. આ સમકિતવાળા મનુષ્યો અણુવ્રત તથા મહાવ્રતનું અતિચાર રહિત શુદ્ધ પાલન કરે છે. વ્રત, પ્રત્યાખ્યાન, તપ, સંયમાદિ ક્રિયા સ્વયં કરે છે અને ઉપદેશ, આદેશ દ્વારા અન્ય પાસે કરાવે છે.

(૨) રોચક સમકિત—ચોથા ગુણસ્થાનકવર્તી જીવ શ્રેણિક મહારાજા અને કૃષ્ણ વાસુદેવની માફક જિનપ્રણીત ધર્મના દૃઢ શ્રદ્ધાળુ હોય છે. તન, મન, ધનથી જિનશાસનની ઉન્નતિ કરે છે; ચારે તીર્થના સાચા ભક્ત, ભક્તિથી અને શક્તિથી પણ અન્યને ધર્મ પ્રવૃત્તિમાં જોડાવનાર હોય છે, ધર્મવૃદ્ધિ કરવામાં આનંદ માને છે, વ્રત–પ્રત્યાખ્યાન આચરવામાં ઉત્સુક હોય છે, પરંતુ પ્રત્યાખ્યાનાવરણીય કર્મોદયથી એક નવકારસી તપ પણ કરી શકતા નથી.

(૩) દીપક સમકિત—જેમ દીપક પ્રકાશ આપે છે, પરંતુ તેની નીચે તો અંધકાર રહે છે તેવી જ રીતે દ્રવ્યજ્ઞાન સંપાદન કરી સત્ય, સરળ, રુચિકર, શુદ્ધ ઉપદેશાદિ પ્રકાશ દ્વારા અન્ય અનેક વ્યક્તિઓને સદ્ધર્માવલંબી બનાવી સ્વર્ગ તથા મોક્ષના અધિકારી બનાવે છે, પણ તેમની નીચેનો અર્થાત હૃદયનો અંધકાર નાશ કરી શકતા નથી.

તે એવો ઘમંડ રાખે છે કે, આપણે તો સાધુ થયા એટલે હવે કોઈ પ્રકારનું પાપ આપણને લાગતું જ નથી અને કદાચ થોડું પણ

લાગી જશે તો ઉપદેશ દ્વારા થતા ઉપકારોથી તે દૂર થઈ જશે. આમ, તે અંતરાત્મામાં દોષનો ડર ન રાખતાં વ્યવહાર ન બગડે તેવી રીતે ગુપ્ત અપકૃત્ય પણ કરી બેસે છે. યદ્યપિ તે વ્યવહારમાં તો સાધુ કે શ્રાવકાદિ દેખાય છે, તથાપિ મિથ્યાત્વ ગુણસ્થાનકથી ઊંચે ચડ્યા હોતા નથી, તેમને અભ્યંતર ભાવે શ્રદ્ધા હોતી નથી.

(૪) નિશ્ચય સમકિત–સમકિતને આવરનારી (દર્શન મોહ) કર્મ-પ્રકૃતિઓને ક્ષય કરી જેમણે આત્મામાં સમ્યક્ત્વ ગુણ પ્રકટ કર્યો છે, તેઓ દિવ્ય પ્રકાશક નિજાત્માને દેવ માને છે, સ્વ–પર ભેદવિજ્ઞાનના દર્શક જ્ઞાનને ગુરુ માને છે અને આત્માના વિશુદ્ધ ઉપયોગમાં રમણતા-પૂર્વક વિવેકયુક્ત કરેલી ક્રિયાને ધર્મ માને છે. આ રીતે ત્રણ તત્ત્વોમાં નિશ્ચયાત્મક દૃઢ શ્રદ્ધાળુ બને છે, કારણ કે :—

૧. અભવ્ય જીવ જ્ઞાનાદિ ગુણોની આરાધના કરી શકતો નથી અને ભવ્ય જીવોમાંથી પણ જેમનો આત્મા વિશુદ્ધ થયો હશે તેઓ જ સ્વભાવથી અથવા ગુરુ ઉપદેશથી આત્મકલ્યાણાભિમુખ થઈ શકશે; દેવતત્ત્વ પ્રગટ કરવામાં પોતાનો આત્મા ઉપાદાન કારણ છે અને દેવ–ગુરુ નિમિત્ત કારણ છે. ઉપાદાન કારણ કાર્ય રૂપે પરિણમે છે ત્યારે નિમિત્ત-કારણ છૂટી જાય છે. વળી, જેઓ પરમાત્મ પદને પામ્યા છે તે આત્મા જ હતા એટલા માટે નિશ્ચયમાં સાચો દેવ આત્મા જ છે.

૨. विद्या गुरूणाम् गुरुः જે જ્ઞાનયુક્ત, જ્ઞાનાધિક હોય છે તે જ ગુરુપદ પ્રાપ્ત કરવાને યોગ્ય હોય છે. એટલા માટે ગુરુઓનો પણ ગુરુ જ્ઞાન જ હોય છે. તથા પ્રથમ જ્ઞાન ગુણ પ્રકટ થવાથી મોક્ષ-માર્ગનું સ્વરૂપ જાણી શકાય છે. એટલા માટે સાચો ગુરુ જ્ઞાન જ છે.

૩. શુદ્ધોપયોગપૂર્વક કરેલી ધર્મક્રિયા જ નિર્જરાના હેતુભૂત હોય છે તથા ઉપયોગ શુદ્ધિને અર્થે જ બધી ધર્મકરણી કરાય છે. એટલા માટે સાચો ધર્મ વિશુદ્ધ ઉપયોગમાં જ છે. આમ નિશ્ચયમાં આત્માવલંબીને આ ત્રણે સમ્યક્ત્વનાં તત્ત્વો હોય છે. આ પ્રકારની જેની શ્રદ્ધા હોય તેવા ભાવમાં રમણતા કરે તેને નિશ્ચય સમકિત જાણવો.

નિશ્ચય સમકિતનાં લક્ષણ–છપ્પય છંદ

રાગદ્વેષ અરુ મોહ, નહીં નિજમાંહી નિરખત;
દર્શન, જ્ઞાન, ચારિત્ર, શુદ્ધ આતમરસ ચક્ખત;
પરદ્રવ્યસેતી ભિન્ન ચિન્હ ચૈતન્ય પદ મંડિત;
વેદત સિદ્ધિ સમાન, શુદ્ધ નિજ રૂપ અખંડિત,
સુખ અનંત જિસ પદ વસત, સો નિશ્ચય સમ્યક્ મહત;
ભએ વિચક્ષણ ભવિકજન, શ્રી જિનંદ ઇસ વિધિ કહત.

અર્થ :—જે જીવને નિશ્ચય સમકિતની પ્રાપ્તિ થાય છે તે જીવ પોતાના આત્મામાં રાગ, દ્વેષ અને મોહને દેખતો જ નથી. એ ત્રણે દોષો તેના મંદ પડી જાય છે. એટલે તે દોષોને ઉત્પન્ન થવા દેતો નથી. પરંતુ જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ આત્મગુણોનો જે પરમ રસ છે, તેનું આસ્વાદન કરે છે. જડ ચેતનનો ભેદ સમજીને પરભાવ રૂપ પુદ્ગલ–પરિણતિથી આત્માને અળગો કરી દેહમાં રહેવા છતાં દેહાતીત–સિદ્ધ સમાન સુખનો અનુભવ કરે છે.

આ પ્રમાણે આ નિશ્ચય સમ્યક્ત્વ અનંત સુખનું સ્થાન એવી જે સિદ્ધ ગતિ છે તેને પ્રાપ્ત કરાવનાર છે, એવું શ્રી જિનેન્દ્ર ભગવાનનું ફરમાન છે. જ્યારે આત્મા પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રના અનુભવમાં લીન હોય, જ્ઞાનથી પોતાના જ આત્માને જાણે, દર્શનથી પોતાના જ આત્માને દેખે અને ચારિત્રથી પોતાના જ આત્માને અનુભવે. તેમાં લીન થાય અને આત્મિકસુખ સમતા રસનો અનુભવ કરે ત્યારે તે નિશ્ચય સમકિતમાં હોય.

(૫) વ્યવહાર સમકિત–અનંત ચતુષ્ટય, અષ્ટ પ્રાતિહાર્ય, આદિ ગુણ સહિત એવા અરિહંત પ્રભુને દેવ કરી માને, છત્રીસ તથા ૨૭ ગુણયુક્ત નિર્ગ્રંથને ગુરુ કરી માને અને કેવળીના પ્રરૂપેલા ધર્મને ધર્મ કરી માને છે.

વ્યવહાર સમકિતનાં લક્ષણ–છપ્પય છંદ

છહોં દ્રવ્ય નવ તત્ત્વ, ભેદ જાકો સબ જાને;
દોષ અઠારા રહિત, દેવ તાકો પ્રમાને;
સંયમ સહિત સુસાધુ, હોય નિર્ગ્રંથ નિરોગી;
મત અવિરોધ ગ્રંથ, તાહિ માને પર ત્યાગી;
કેવલભાષિત ધર્મધર, ગુણસ્થાન બુઝે પરમ
ભઈયા નિહાર વિવહાર યહ, સમ્યક્ લક્ષણ જિન ધરમ.

અર્થ :—જેમને ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય અને જીવાદિ નવ તત્ત્વનું જ્ઞાન, દ્રવ્ય, ગુણ, પર્યાયના ભાવ ભેદ સહિત યથાર્થ હોય, જે અઢાર દોષ રહિત અરિહંતને દેવ કરી માને, શુદ્ધ સંયમધારી નિર્ગ્રંથ સાધુને ગુરુ કરી માને, જિનેશ્વર ભાષિત ધર્મથી જે અવિરોધી હોય તેને ધર્મશાસ્ત્ર કરી માને, કેવળજ્ઞાનીનો ફરમાવેલો (દયામય) ધર્મ તેને ધર્મ કરી માને, અને જે ૧૪ ગુણસ્થાનકના મર્મનો રૂડે પ્રકારે જાણકાર હોય તેને વ્યવહાર સમકિતી જાણવો.

વ્યવહાર સમકિતના ૬૭ બોલ

૪. શ્રદ્ધાન, ૩ લિંગ, ૧૦ વિનય, ૩ શુદ્ધતા, ૫ લક્ષણ, ૫ દૂષણ, ૫ ભૂષણ, ૮ પ્રભાવના, ૬ યતના, ૬ આગાર, ૬ સ્થાનક અને, ૬ ભાવના એ સર્વ મળી ૬૭ બોલ થયા. તેનું વર્ણન :

પહેલે બોલે ૪ શ્રદ્ધા

गाथा–परमत्थ संथवो वा सुदिट्ठ परमत्थ सेवणा वावि ।
वावन्न कुदंसण वज्जणा, सम्मत्तरस सद्दहणा ॥

૧. પરમત્થ સંથવો :—આત્માનો પરમ ઉત્કૃષ્ટ અર્થ જે મોક્ષ પ્રાપ્તિ અને તે સાધવાના જે જ્ઞાનાદિ રત્નાદિ રત્નત્રયીરૂપી ઉપાય તે જ **પરમાર્થ** કહેવાય છે. મોક્ષ પ્રાપ્તિના ઉપાયરૂપ નિજ જ્ઞાન, દર્શન, ચારિત્રથી પોતાના આત્માનો અનુભવ કરવો તે પરમ અર્થનો પરિચય છે. તે નવ તત્ત્વ અને છ દ્રવ્યના જ્ઞાન થયા પછી આવે.

૨. સુદિટ્ઠ પરમત્થ સેવણા :—જેમણે સુદૃષ્ટિએ-સમ્યક્-દૃષ્ટિએ પરમાર્થને જાણ્યા છે એવા રત્નત્રયીના આરાધકની સેવા-ભક્તિ કરવી, સંગ કરવો. જેમ રાજાની સેવા કરનાર રાજરિદ્ધિનો ભોક્તા બને છે, તેમ તત્ત્વ-પરમાર્થજ્ઞ અને સુદૃષ્ટિવંતના ઉપાસક હોય તે પણ પરમાર્થજ્ઞ અને સુદૃષ્ટિવંત અર્થાત્ સમકિતી બને.

તેના જે જ્ઞાતા હોય તેમનો પરિચય કરવો-સત્સંગ કરવો. કેમ કે ચંદનવૃક્ષની આસપાસનાં બાવળનાં ઝાડ પણ સુગંધિત બની જાય છે અને લીંબડા નજીકના આંબાનાં ફળોમાં પણ કડવાશ પરિણમે છે. તેવી જ રીતે, સત્સંગતિથી સદ્‌ગુણની અને કુસંગતિથી દુર્ગુણની પ્રાપ્તિ થાય છે. વળી, યાદ રાખવું જોઈએ કે, જેટલી શીઘ્રતાથી ઝેરની અસર થાય છે તેટલી શીઘ્રતાથી ઔષધની અસર શરીરમાં થતી નથી. આ ન્યાયે કુસંગની અસર બહુ ત્વરાથી થાય છે અને તેનાં પરિણામ પણ વિષ સમાન દુઃખદાતા નીવડે છે. જ્યારે સત્સંગની અસર ધીમે ધીમે થાય છે, પણ તેનાં પરિણામ ઉત્તમ ઔષધની પેઠે સુખદાતા નીવડે છે.

૩. વાવન્ન વજ્જણા—વ્યાપન્ન એટલે સમકિત જેણે વમી નાખ્યું છે એવા ભ્રષ્ટોનો સંગ વર્જવો. કેમ કે જેવી રીતે વ્યભિચારિણી સ્ત્રી સતી સ્ત્રીના ઉપર પણ અણછતાં આળ ચડાવે છે તેવી જ રીતે જેઓ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયા છે તેઓ સાચા ધર્માત્મા સાધુ પ્રમુખ ચારે તીર્થો પર અણછતા દોષારોપણ કરે છે. ભોળા અજ્ઞાન પ્રાણીઓને ભ્રમમાં નાખી દુર્ગુણોમાં પણ સદ્‌ગુણોની ભ્રાંતિ કરાવે છે. દેવાળિયો હોય તો બીજા અનેક દેવાળિયાનાં નામો આગળ ધરી પોતે તેમના કરતાં સારો છે એમ જણાવે છે. તેવી રીતે ધર્મભ્રષ્ટ મનુષ્ય સત્પુરુષો ઉપર પણ મિથ્યા દોષારોપણ કરી પોતાની એબ ઢાંકવા યત્ન કરે છે.

દૃષ્ટાંત—કોઈક દુર્બુદ્ધિવાળા મનુષ્યને વ્યભિચારના ગુના બદલ રાજકર્મચારીઓએ પકડી તેનું નાક કાપી દેશનિકાલ કર્યો. પરદેશમાં આ માણસે પોતાની એબ છુપાવવા સાધુનો વેશ ધારણ કરી લીધો.

મુખ પર કૃત્રિમ હાસ્ય લાવી નાચવા કૂદવા લાગ્યો અને લોકોને કહેવા લાગ્યો કે, અભિમાનની નિશાનીરૂપ નકામા નાકને દૂર કરવાથી જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે, નાકનો મોહ છોડયા વિના પ્રભુ પ્રાપ્ત થતા નથી. અહો! મારાં સદ્ભાગ્ય છે કે હવે સચ્ચિદાનંદના પરમ આહ્લાદક, પરમ કલ્યાણકર દર્શન હું પ્રત્યક્ષપણે કરી શકું છું. પ્રભુ-પ્રીત્યર્થે સ્વેચ્છાપૂર્વક નાક કપાવે તેને જ આવો અપૂર્વ લાભ પ્રાપ્ત થાય છે!

આ સાંભળી ભોળા લોકો પરમાત્માનાં દર્શન માટે ઉત્સુક બન્યા અને પોતપોતાનાં નાક કપાવી તેના ચેલા બનવા લાગ્યા. ગુરુમંત્ર આપવાને બહાને પેલો નકટો ગુરુ, ચેલાને કાનમાં કહે છે કે, હું મારી એબ ઢાંકવા આમ કરું છું. હવે જો તું આમ નહિ કરે તો હું લોકોને કહીશ કે આ તો કોઈ મહાપાપી મનુષ્ય છે, તેથી તેને પરમાત્મા દર્શન આપતા નથી. વળી, લોકો પણ તને નકટો, પાપી, વગેરે કહી ધિક્કારશે.

આ ગુરુમંત્ર સાંભળી ચેલો ડરી ગયો અને વિચારવા લાગ્યો કે નાક તો ગયું, હવે પાછું આવવાનું નથી. માટે હવે તો આમનું કહ્યું માનવું તે જ ઠીક છે. આમ વિચારી તે પણ તેવા જ ઢોંગ કરવા મંડી પડયો. આવી રીતે પેલા ધૂર્ત, ઢોંગી, નકટા ગુરુએ ૫૦૦ ચેલાની જમાત જમાવી દીધી. અને તેનાં યશોગાન થવા લાગ્યાં. આ લોકોનો ઉપદેશ સાંભળી એક રાજા પોતાનું નાક કપાવવા માટે તત્પર થયો ત્યારે તેનો જૈનધર્મી પ્રધાન હતો તે બોલ્યો કે, રાજન્! નકટા થવાથી તે કંઈ પ્રભુ દેખાતા હશે? રાજાએ કહ્યું કે શું આ ૫૦૦ સાધુ જૂઠા છે?

પ્રધાન મૌન રહ્યા અને નકટાઓના ગુરુને લાલચ આપી એકાંતમાં બોલાવી પૂછયું કે બોલ, તને ખરેખર પ્રભુ દેખાય છે કે ઢોંગ કરે છે? ખોટું બોલીશ તો તારું ચામડું ઊતરડી નાખીશ. એમ કહી ચાબુક લગાવવા માંડયા. ચાબુક લાગતાં જ તે પોકારી ઊઠયો,

મને મારો નહિ, હું સાચેસાચું કહી દઉં છું. મેં ગુનો કરેલો, તેથી રાજાએ મારું નાક કપાવી નાખ્યું હતું, પરંતુ મારી એબ ઢાંકવા હું આમ કરું છું. અમે બધા ખોટા છીએ. આવી રીતે રાજા અને બીજા લોકો બચી ગયા.

આવી રીતે જિનપ્રણીત દુષ્કર કરણી અને નિરાલમ્બન વૃત્તિનો નિર્વાહ ન થવાથી કેટલાક મંત્રાદિ અનેક લાલચો આપી અથવા ઇન્દ્રિયોના ધર્મ તરીકે અપનાવીને ભોળા લોકોને ભ્રમમાં ફસાવે છે. અને સત્ય ધર્મથી ભ્રષ્ટ બનાવે છે, અને તે લાલચુ લોકો માન, પૂજા, પ્રતિષ્ઠાની લાલચમાં પડી તેમના કહ્યા પ્રમાણે કરે છે, પરંતુ પ્રધાનની પેઠે સુજ્ઞ અને બુદ્ધિવંત હોય તે પાખંડીઓનાં પાખંડને ઉઘાડાં પાડી આત્માર્થી જીવોને તેમના પંજામાંથી બચાવે છે.

૪. **કુદંસણ વજ્જણા**—કુદેવ, કુગુરુ, કુધર્મ અને કુશાસન માનવાવાળા, જિનપ્રણીત કથનથી વિપરીત ક્રિયા કરવાવાળા એવા કદાગ્રહી મિથ્યાત્વીની સંગતિ ન કરવી, કારણ કે અનંત કાળ પર્યંત આપણે મિથ્યાત્વમાં રમણ કર્યા કર્યું છે, એટલે મિથ્યાત્વનો આપણને ગાઢ સંપર્ક છે, તેથી મિથ્યાત્વીની વાતોની શીઘ્ર અસર થઈ જાય છે. આ કારણથી મિથ્યાત્વીઓથી પ્રથમથી દૂર રહેવું તે હિતાવહ છે. ભોળા જીવોને ભ્રમણામાં નાખવા કેટલાક કુદર્શનીઓ કહે છે કે, તમારા ધર્મની પેઠે જ અમારો પણ અહિંસા ધર્મ છે, વિશેષ કશો ફરક છે જ નહિ, આવું સાંભળી ભોળા લોકો તેમનો સમાગમ કરે છે, પછી તે સમજાવે છે, કે આપણા સુખભોગને અર્થે હિંસા કરવી તે પાપ છે. પરંતુ ધર્માર્થે કરેલી હિંસા તો અહિંસા ગણાય, જેમ તમારા સાધુજી ધર્મ પરમાર્થે નદી ઊતરે છે તેમ, ઇત્યાદિ સાંભળી તે ભોળા લોકો ભ્રમમાં પડે છે.

સુજ્ઞ જન હોય તો તરત ઉત્તર આપે કે, એક જ દેશમાં વિશેષ કાળ રહેવાથી સાધુને ક્ષેત્રપ્રતિબદ્ધતા આદિ દોષનો સંભવ છે તેથી બચવા તેમ જ ઉપકારનું કારણ જાણી તે હિંસાના પાપથી ડરતા અને પશ્ચાત્તાપ કરતા થકા વિધિયુક્ત યતનાપૂર્વક નદી ઊતરે છે, પણ

તેમાં તેઓ ધર્મ માનતા નથી અને દોષ લાગે તેનું પ્રાયશ્ચિત્ત લઇને શુદ્ધ થાય છે. દેશાંતરમાં વિચરી મહાન ઉપકાર કરે છે. પરંતુ તમે લોકો ધર્માર્થે હિંસા કરી આનંદ પામો છો. અને ચીકણાં કર્મો બાંધો છો તેમ તેઓ કરતા નથી. વળી, સાંસારિક કર્મોમાં થતી હિંસાને તમે પાપ માનો છો અને ધર્માર્થે થતાં પાપકાર્યોમાં પાપ માનતા નથી. આ તે કેવા પ્રકારની ધૃષ્ઠતા !!

अन्य स्थाने कृतं पापं, धर्मस्थाने विमुच्यते ।
धर्म स्थाने कृतं पापं, वज्रलेपो भविष्यति ॥

અર્થ:—સંસારમાં કરેલાં પાપોની નિવૃત્તિ માટે ધર્મસ્થાનમાં જઈ ધર્મક્રિયા કરવાથી તેની મુક્તિ થઇ શકે છે, પણ ધર્મસ્થાનમાં જઈને જે પાપો કરવામાં આવે છે તે તો વજ્રલેપ જેવાં થઈ જશે. પછી તો પાપમોચનનું સ્થાન રહ્યું જ નહિ, એટલા માટે જેમ સાધુ નામ ધારણ કરી અનાચાર સેવનાર વજ્રલેપ સમા નિવિડ કર્મો બાંધે છે, તેમ ધર્મસ્થાનમાં કે ધર્મને નામે કરાયેલી હિંસા પણ વજ્ર કર્મબંધ કરનારી નીવડે છે. વર્તમાનમાં હસતાં હસતાં જે કર્મબંધ કરો છો તે ભવિષ્યમાં રોતાં રોતાં પણ છૂટવાં મુશ્કેલ છે. આમ વિચારી પાખંડીઓથી દૂર રહેવું. તેમના ફંદમાં કદી ફસાવું નહિ. આ પ્રમાણે સમકિતની ૪ શ્રદ્ધા—આસ્થા જાણવી કુદર્શન તે મિથ્યાત્વ છે, તે ૨૫ પ્રકારનાં મિથ્યાત્વ છે તેના પેટા ભેદોમાં ૩૬૩ મત છે. તેનાં અસંખ્યાત મિથ્યા અધ્યવસાય સ્થાનો છે.

બીજે બોલે–લિંગ ૩

લિંગ એટલે ચિહ્ન. જેમ ધુમ્રના ચિહ્નથી અગ્નિનું અનુમાન થાય છે તેમ નિમ્નોક્ત ત્રણ ચિહ્નથી સમકિતની પિછાણ થાય છે.

૧. જેમ ૩૨ વર્ષનો યોદ્ધો, રૂપયૌવનસંપન્ન ૧૬ વર્ષની કુમારિકાના હાવભાવ, વિલાસ અને સંગમમાં આસક્ત બને છે, તેવી જ રીતે ભવ્ય સમકિતી જીવ જિનવાણી શ્રવણ કરવામાં આસક્ત-દત્ત ચિત્ત રહે છે. જિન પ્રણીત શાસ્ત્રનું પઠન કે શ્રવણ કરતી વખતે તેમાં તન્મય બની જાય છે.

૨. જેમ પ્રબળ જઠરાગ્નિવાળો પુરુષ કે જે એક પ્રહર પણ ભૂખ્યો રહી શકતો ન હોય, તેને કર્મયોગથી ત્રણ અથવા સાત દિવસ

સુધી ભૂખ્યા રહેવું પડયું હોય અને પછી તેને ક્ષીર આદિ ઈષ્ટ અને મિષ્ટ ભોજનની પ્રાપ્તિ થઈ હોય, ત્યારે તે ભોજન પ્રતિ તેનો કેટલો બધો આદર હોય છે! આવો જ આદર જિનવાણી શ્રવણ કરવાના પ્યાસી સમકિતી જીવને શાસ્ત્ર શ્રવણ કરવાના અવસરે હોય છે. ધર્મોપદેશકોનાં વચનોને તે પૂર્ણ પ્રેમપૂર્વક 'તહત્તિ' આદિ વચનોથી વધાવતો થકો આદરપૂર્વક ગ્રહણ કરે છે.

૩. જેમ કોઈ કુશાગ્ર બુદ્ધિવાળા મનુષ્યને વિદ્યાભ્યાસ કરવાની તીવ્ર અભિલાષા હોય અને તેને ભણાવવા માટે શાંત, તેજસ્વી, ઔત્પત્તિકી આદિ બુદ્ધિસંપન્ન પંડિતગુરુનો યોગ મળી જાય, તો તે જેવી રીતે હર્ષોત્સાહપૂર્વક વિદ્યા ગ્રહણ કરે છે અને પઠન કરેલી વિદ્યાને વારંવાર યાદ કરી હૃદયમાં ચિરસ્થાયી કરી લે છે, તેવી જ રીતે સમકિતી જીવ પણ હર્ષોત્સાહયુક્ત જિનવાણી ગ્રહણ કરે છે, અને તેનું વારંવાર સ્મરણ, મનન અને નિદિધ્યાસન કરીને તેને આત્મામાં ચિર સ્થાયી બનાવે છે.

૧. શાસ્ત્ર શ્રવણ, ૨. સામાયિક આદિ ક્રિયા, ૩. સુપાત્રદાનથી ગુરુની વૈયાવચ્ચ તથા વંદન નમસ્કાર, આ ત્રણમાંના કોઈ એક ચિહ્નમાં જે દેખાય તે ઉપરથી અનુમાન થાય છે કે આ લક્ષણ સમકિતીનું છે તેથી તે જૈન હોવો જોઈએ.

જેવી વાણી સંભળાય છે તેવા વિચાર પ્રાયઃ થાય છે. અને તે વિચારો કાલાંતરે આચારરૂપે પરિણત થાય છે. શુદ્ધ કથનના શ્રવણથી શુદ્ધ અને અશુદ્ધ કથનના શ્રવણથી અશુદ્ધ વિચાર ઘણે ભાગે થાય છે, તેમાં પણ શુદ્ધતા કરતાં અશુદ્ધની અસર ઘણી ત્વરાથી અને સચોટ થવા પામે છે. વેશ્યા કે નર્તકી આદિનાં નૃત્ય ગાયન જોવા સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં મૃદંગ, તબલામાંથી અવાજ નીકળે છે કે, "ડુબક, ડુબક" અર્થાત્ "ડૂબ્યા ડૂબ્યા" ત્યારે સારંગીમાંથી પ્રશ્નરૂપે અવાજ નીકળે છે કે, "કિન કિન? (કોણ કોણ) ત્યારે તે વેશ્યા જાણે તેનો પ્રત્યુત્તર આપતી હોય તેમ ઘૂમતી ચક્કર લગાવતી બન્ને હાથ

પહોળા કરીને કહે છે કે :– "યે જી ભલા યે! અર્થાત્ આ બધા કુદૃષ્ટિથી નિરીક્ષણ કરવાવાળા કૂએ છે.*

પરંતુ ઇંદ્રિયોના વિષયમાં લુબ્ધ બનેલા પ્રેક્ષકો મુગ્ધ (મૂઢ) બની જવાથી આ રહસ્યને સમજતા નથી; અને વેશ્યાના કામોત્તેજક હાવભાવ, કટાક્ષ, વગેરે નિહાળતાં તેના શબ્દોમાં આસક્ત થઈ વારંવાર તેનું સ્મરણ, રટણ કર્યા કરે છે, અથવા તેવાં ગાયનાદિ પોતે ગાઈ આનંદ પામે છે. આ રીતે વિષયોત્પાદક શબ્દોની શ્રોતા પર જેવી અસર થાય છે તેવી અસર વૈરાગ્યોત્પાદક શબ્દોની થવી મહા મુશ્કેલ છે.

જેવી રીતે લીમડા, કારેલાના કટુ સ્વાદમાં આનંદ માનનારો કીડો સાકરમાં રાખવાથી મૃત્યુ પામે છે, તેવી રીતે વિષયાસક્ત ભારેકર્મી જીવ કૂણવાના કામમાં મજા માને છે, અને ધર્મકથાના નામ માત્રથી ભડકે છે; એ મિથ્યાત્વીનાં ચિહ્ન છે. પરંતુ જે સમ્યક્દૃષ્ટિ છે તે તો આગળ કહી ગયા છીએ તેમ જિનવચનોમાં અનુરક્ત રહે છે. આ સમકિતનાં ૩ ચિહ્ન છે.

ત્રીજે બોલે–૧૦ પ્રકારનો વિનય

ધર્મનું મૂળ વિનય છે. એક વિનય ગુણનું જ્યાં અસ્તિત્વ હોય ત્યાં અન્ય અનેક સદ્ગુણો ક્રમશઃ આકર્ષાઈને આવે છે. સમકિત હોય ત્યાં વિનય નમ્રતાનો ગુણ સ્વાભાવિક રીતે જ હોય છે. કેટલાક ખુશામતિયા લોકો રાજા, અમલદાર કે શેઠ–શાહુકાર વગેરેનો તો બહુ વિનય કરે છે અને માને છે કે એમ કરવાથી અમને સુખની પ્રાપ્તિ થશે. તેમની સહાયતાથી અમે ઇચ્છિત સુખો પ્રાપ્ત કરી શકીશું, પરંતુ વર્તમાનમાં આથી ઊલટું જ પરિણામ ઘણી વાર આવતું નજરે આવે છે.

---

* નર રામ વિસાર કે કામ રચે, શુદ્ધ સાધુ કથા ન ગમે તિનકો ।
દામ દે કર રામા બુલાય લે, લાગત રામા નચાવનકો ॥
ધિક હૈ ધિક હૈ મૃદંગ કહે, તવ તાલ કહે કિનકો કિનકો ? ।
રામા હાથ ઘુમાકે કહે, ધિક હૈ ધિક હૈ ઈનકો ઈનકો ॥

દાખલા તરીકે, રાવબહાદુર, દીવાન બહાદુર, ઓનરરી મેજિસ્ટ્રેટ ઈત્યાદિ પદવી (ઉપાધિ)ઓ સરકારના અમલદારો પ્રસન્ન થાય ત્યારે એનાયત કરે છે. જેની તેમને એક કોડી પણ ખર્ચવી પડતી નથી, અને મફતમાં જ પોતાના નોકર સદશ બનાવી તેમને ફસાવે છે કે, તેઓને આપેલી ઉપાધિ કદાચ પાછી ખેંચી લે તો જગતમાં મોઢું દેખાડતાં પણ શરમાય છે, અને કવચિત્ કોઈ આપઘાત પણ કરી બેસે છે. આવી કૃપા અને આવી ઉપાધિ શા કામની !

વળી, શ્રીમાનો તો શ્રીમાનોને જ પસંદ કરે છે. ગરીબોને તુચ્છ સમજી તેમની સાથે વાત કરતાં પણ લજવાય છે, અચકાય છે. તેથી ગરીબો માટે તેવાઓ તરફથી સહાયતાની આશા આકાશકુસુમવત્ મિથ્યા છે. ગરીબોના બેલી એવા શ્રીમાનો આ કાળમાં બહુ થોડા છે. ચોક્કસ માનજો કે, સમય પર ગરીબો જેટલા કામમાં આવે તેટલા શ્રીમાનો કામમાં આવવા મુશ્કેલ છે. વળી જગતમાં આપણે સુખોપભોગના જે જે પદાર્થો પ્રાપ્ત કરી રહ્યા છીએ તેના ઉત્પાદનમાં વિશેષ હિસ્સો ગરીબોનો જ હોય છે. આવું જાણવા છતાં પણ અધિકાંશ લોકો રાજા અને શ્રીમાનોનો જ વિનય કરે છે, અને ધર્માત્માઓ તથા ગરીબોના વિનયથી વંચિત રહે છે, એ ઘણા જ ખેદની વાત છે.

તેમણે જાણવું જોઈએ કે રાજાદિનો વિનય સ્વાર્થ સાધનના હેતુરૂપ હોવાથી વિનયરૂપ સદ્ગુણમાં તેની ગણના થઈ શકતી નથી. પારમાર્થિક બુદ્ધિથી ગુણવૃદ્ધ વ્યક્તિઓનો વિનય કરવામાં આવે તે જ સાચો વિનય છે. અને તેવા વિનય વડે જ આધ્યાત્મિક વિકાસ થઈ શકે છે.

આવા વિનયના ૧૦ પ્રકાર કહ્યા છેઃ—૧. અરિહંતનો વિનય ૨. સિદ્ધનો વિનય, ૩. આચાર્યનો વિનય, ૪. ઉપાધ્યાયનો વિનય, ૫. સ્થવિર (જ્ઞાનવૃદ્ધ, ગુણવૃદ્ધ અને વયોવૃદ્ધ)નો વિનય ૬. તપસ્વીનો વિનય, ૭. સમાન સાધુનો વિનય, ૮. ગણસમ્પ્રદાયનો વિનય ૯. ચતુર્વિધ સંઘનો વિનય અને ૧૦. શુદ્ધ ક્રિયાવંતનો વિનય*

---

* વિશુદ્ધ ક્રિયાથી જેમનો લૌકિક વ્યવહાર શુદ્ધ હોય અને જે ઘણા લોકોના માનનીય હોય તે કદાચ જ્ઞાનમાં ચઢિયાતા ન પણ હોય, તો પણ ગચ્છ-મમત્વ છોડીને તેમનો વિનય કરવો જોઈએ.

ચોથે બોલે શુદ્ધતા ૩

જેમ લોહીથી ખરડાયેલું વસ્ત્ર લોહીમાં ધોવાથી શુદ્ધ થતું નથી. ઊલટું, વિશેષ બગડે છે. તેવી જ રીતે આરંભ સમારંભના કૃત્યો કરી જેઓ આત્મવિશુદ્ધિ કરવા ઇચ્છે છે તેમનો આત્મા ઊલટો વધારે મલિન બને છે, અને આવો મલિન બનેલો આત્મા નિરારંભી—નિરવદ્ય ક્રિયા કરવાથી જ પવિત્ર બને છે, આવું જાણી જે સમકિતી જીવ હોય છે તે પોતાના આત્માને વિશુદ્ધ કરવા માટે આરંભના કામોથી યથાશક્તિ દૂર રહે છે અને આરંભનાં કાર્યોમાં રક્ત દેવ, ગુરુ, ધર્મનો ત્યાગ કરે છે. કારણ કે જેમની ઉપાસના, સેવાભક્તિ, ધ્યાન, સ્મરણ કે સંગતિ કરવામાં આવે છે તેવી જ બુદ્ધિ થઈ જાય છે.

એમ કહેવાય છે કે, ભમરી કીડાને પકડી લાવે છે અને પછી તેને માટીનું ઘર બનાવી તેમાં ગોંધી રાખે છે, અમુક સમય બાદ તે કીડો ભમરી બની બહાર નીકળે છે. ધ્યાનનું મહત્ત્વ અને સંગીતનું ફળ સમજાવવા માટે શાસ્ત્રવેત્તાઓ આ દૃષ્ટાંત આપે છે.

આવી જ રીતે, કામાદિ ષડ્ રિપુઓના પાશમાં ફસાયેલા દેવ, ગુરુના જેઓ ઉપાસક બને છે, તેમના દર્શાવેલા ધર્મનું આચરણ કરે છે તે જીવ કામી, ક્રોધી થઇ માયાજાળમાં ફસાઈ ભવભ્રમણ વધારે છે; અને કામાદિ શત્રુઓને જીતનારા દેવ ગુરુની ઉપાસના કરે છે, તેમણે બતાવેલા ધર્મની આરાધના કરે છે, તેઓ કામાદિ શત્રુઓને જીતી આ ભવ પરભવમાં પરમ સુખી બને છે.

આવું જાણી સમકિતી જીવ નિરારંભી દેવ, ગુરુ, ધર્મને મનથી ભલા જાણે છે, વચનથી તેમનાં ગુણગાન કરે છે અને કાયાથી તેમને જ નમસ્કાર + કરે છે, આથી તેમના વિચાર, ઉચ્ચાર અને આચાર એ

+ भवन्ति नम्रास्तरवः फलोद्गमैः, नवाम्बुभिर्भूमिविलम्बिता घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः विनम्रतोह्येव परोपकारिणाम् ॥

અર્થ—ફળ આવવાથી વૃક્ષો નમે છે, જળ ભરાવાથી મેઘ પૃથ્વી પર ઝૂકે છે, તે જ પ્રમાણે સમૃદ્ધિ પ્રાપ્ત થતાં સત્પુરુષો ઉદ્ધત ન થતાં વિશેષ નમ્ર બને છે. નમ્રતા એ જ પરોપકારી જનોનું ભૂષણ છે.

ત્રણે યોગના વ્યાપારો વિશુદ્ધ રહે છે. (૧) મનથી કષાયો દૂર કરવા, (૨) વચનથી સત્ય વચન અને (૩) કાયાથી જતના પ્રવર્તન. એ પણ ત્રણ શુદ્ધિ છે.

પાંચમે બોલે–દૂષણ ૫

વાત, પિત્ત અને કફના પ્રકોપથી જેવી રીતે શરીર રોગી અને નિર્બળ બની જાય છે, તેવી જ રીતે નીચે જણાવેલાં પાંચ દૂષણો વડે સમ્યક્ત્વ દૂષિત થતાં આધ્યાત્મિક બળ ક્ષીણ થાય છે. આ પાંચ દૂષણોનાં નામ–૧. શંકા. ૨. કંખા, વિતિગિચ્છા, ૪. પરપાસંડ-પ્રશંસા અને પરપાસંડસંથવો.

૧. શંકા–શ્રી જિન વચનમાં સંદેહ રાખવો તે. જેમકે (૧) એક ટીપા પાણીમાં અસંખ્યાતા જીવ કહ્યા, અને અસંખ્યાતા સમુદ્રના બધા પાણીના મળીને પણ અસંખ્યાતા જીવ કહ્યા, તો આ કથન સત્ય કેમ મનાય ? આમ કહેનાર કે માનનારે સમજવું જોઈએ કે, બેને પણ સંખ્યા કહેવાય અને સહસ્ર, લાખ, ક્રોડ યાવત્ પરાર્ધને પણ સંખ્યા કહેવાય, પરંતુ બેમાં અને પરાર્ધમાં કેટલો બધો તફાવત છે ? આવી જ રીતે, એક ટીપાના અને અસંખ્ય સમુદ્રના પાણીના જીવો બન્ને અસંખ્યાતા તેમાં તફાવત જાણવો. અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ છે.

(૨) આવી જ રીતે, કેટલાક શંકા કરે છે કે એક ટીપા પાણીમાં તે વળી અસંખ્યાતા જીવો સમાઈ શકતા હશે ? તેમણે વિચારવું જોઈએ કે જેવી રીતે કોઈ મનુષ્યે ક્રોડ ઔષધિઓનો અર્ક કાઢી તેલ બનાવ્યું હોય તો તેલના એક ટીપામાં ક્રોડ ઔષધિઓનો સમાવેશ થયો કે નહિ ? જો મનુષ્કૃત પદાર્થોમાં પણ આ પ્રકારે સમાવેશ થઈ શકે છે, તો કુદરતી પદાર્થ એક બુંદ પાણીમાં અસંખ્ય જીવ હોય તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. અસંખ્યાતા તો શું પણ અનંત જીવોનો સમાવેશ અંગૂલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળા સાધારણ વનસ્પતિના એક શરીરમાં થઈ શકે છે.

આપણી બુદ્ધિ અતિ અલ્પ છે તે અનંત જ્ઞાનીનાં કહેલાં તત્ત્વોને સમજી ન શકે, તેવે પ્રસંગે શ્રદ્ધા રાખવી, પણ સંશય ન વેદવો. 'संकाओ सम्मत्त नासइ' એ આચારાંગ સૂત્રના કથનાનુસાર શંકાથી સમકિતનો નાશ થાય છે. આવું જાણી સમકિતી જીવ હોય તે મિથ્યાત્વીઓના કુતર્કો, કુહેતુઓથી ભ્રમમાં પડી જિનવચન પર કદી પણ શંકા રાખતો નથી, અને જો કોઈ વાત ન સમજાય તો પોતાની અલ્પજ્ઞતાનો જ દોષ જુએ છે. અને નિર્ગ્રન્થ પ્રવચનને પરમ સત્ય અને પરમ હિતકર સમજી તેના પર પૂર્ણ પ્રતીતિ આણે છે. અરિહંતદેવ સર્વજ્ઞ તેમજ વીતરાગ હોવાથી ભૂલ કરે જ નહિ તેમજ અસત્ય બોલે નહીં એમ જાણી સમકિતીએ જિન વચન પર શંકા કરવી નહિ.

૨. કંખા (કાંક્ષા)–મિથ્યાત્વદર્શનની ચાહના–અહિતકર મતનો અભિલાષ. શ્રી જિનેશ્વર પ્રણીત વિનયમૂળ, દયામય, સત્યમય ધર્મ, કે જે ઢોંગધતુરા વિનાનો સત્યધર્મ છે. ધર્મના પાળનાર પૈકી કોઈ અન્ય મતાવલંબીઓમાં થતા મિથ્યા આડંબરો, જુઠા ચમત્કાર આદિથી વ્યામોહ પામી તે મત અંગીકાર કરવાની અભિલાષા કરે તે કાંક્ષા દૂષણ. આ દૂષણનો પરિત્યાગ કરવો. ઢોંગ, ધતુરા, બાહ્યાડંબરથી કદી પણ આત્મકલ્યાણ સાધી શકાતું નથી. મિથ્યાત્વનાં પુસ્તકો પણ વાંચવાની ઇચ્છા ન કરવી. જૈન દર્શનથી વમેલા કોઈ મિથ્યાત્વીનું એક પણ વચન ગ્રહણ કરવું નહિ તેમ જ જૈન પુસ્તકમાં સામેલ કરવું નહિ.

દૃષ્ટાંત–એક કંદોઈની દુકાન પાસેથી ઊંટ પસાર થયું. તે ઊંટે દુકાન નજીક લીંડાં કર્યાં, તેમાંનું એક લીંડું ઊછળીને ચાસણીના તાવડામાં પડી ગયું અને તેના ઉપર સાકરનો ગલેપ ચડી ગયો. કંદોઈએ તેને લાડુની સાથે સામેલ કરી દીધું અને તે લાડુના ભાવમાં જ ખપી ગયું. ખાનારને જ્યાં લગી ગલેપ હતો ત્યાં લગી તે સ્વાદ મીઠો લાગ્યો અને મજા પડી પરંતુ અંતે તો લીંડું જ રહ્યું!

આવી જ રીતે, બાલ તપસ્વીઓ લાંબા નખ વધારે, ઊંચે મસ્તકે ટીંગાય, શરીર સૂકવી નાંખે, પંચાગ્નિ તપે, કંદમૂળાદિનું ભક્ષણ

કરે, ઈત્યાદિ અનેકવિધ તપાચરણ કરે છે, તેઓ કંદમૂળના અનેક જીવો, અગ્નિના અસંખ્ય જીવો અને અગ્નિના પ્રયોગે બીજા અનેક ત્રસ જીવોની હિંસા કરે છે. તેઓ બિચારા જીવ, અજીવ, પુણ્ય, પાપ, બંધ, મોક્ષ, આદિ તત્ત્વના અનભિજ્ઞ હોવાથી અન્યની દેખાદેખીથી આવું કરે છે અને અજ્ઞાન કષ્ટથી ભોળા લોકોને વ્યામોહ ઉપજાવે છે. તેઓ આ લોકમાં મહિમા–પૂજા પ્રાપ્ત કરે છે અને પરલોકમાં આભિયોગિક (ચાકર) દેવતા પણ (અકામ નિર્જરા થવાથી) થાય છે. પૌદ્ગલિક સુખોનો ભોક્તા પણ થાય છે. પરંતુ ચોરાશીના ફેરામાંથી તેનો છૂટકારો થતો નથી.

ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનમાં શ્રી નમિરાજર્ષિએ શક્રેંદ્રને કહ્યું છે કે :–

ગાથા :— मासे मासे तु जो बालो, कुसग्गेणं तु भुंजए ।
न सो सु–यक्खाय धम्मस्स, कलं अग्घइ सोलसीं * ॥४४॥

અર્થ :–જે અજ્ઞાની મનુષ્ય એક મહિનાના ઉપવાસ કરે છે, અને પારણાના દિવસે કુશ (એક જાતનું ઘાસ)ના અગ્ર ભાગ ઉપર રહે

* મોહન ગુણમાળા નામક ગ્રંથમાં ધર્મની ૧૬ કળા આ પ્રમાણે બતાવી છે. ૧ લી કળા—અક્ષરનો અનંતમો ભાગ જે ચેતનકળા ઉઘાડી રહે છે તે. ૨ જી કળા—યથાપ્રવૃત્તિકરણમાં વર્દ્ધમાન પરિણામની ધારા થતાં આયુષ્ય સિવાય બધાં કર્મની સ્થિતિ અંતોક્રોડાકોડી એટલે એક કોડાકોડ સાગરમાં કંઈક ન્યૂન રાખે તે. ૩ જી કળા—અપૂર્વકરણ અર્થાત્ ગ્રંથિભેદ કરે તે. ૪ થી કળા—અનિવૃત્તિકરણમાં મિથ્યાત્વનો પરિહાર થાય છે તે. ૫ મી કળા—શુદ્ધ શ્રદ્ધા અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ તે. ૬ ઠ્ઠી કળા—દેશવિરતિપણું પ્રાપ્ત કરવું તે. ૭ મી કળા સર્વવિરતિપણું—ચારિત્રના ગુણ પ્રકટે તે. ૮ મી કળા—ધર્મ ધ્યાનની એકાગ્ર ધારા થવી તે. ૯ મી કળા—ક્ષપક શ્રેણિ ચડે તે. ૧૦ મી કળા—અવેદી થઈ શુકલ ધ્યાનની ધારા પ્રગટે તે. ૧૧ માં કળા—સર્વથા લોભનો ક્ષય કરી, આત્મજ્યોતિ પ્રગટાવે તે. ૧૨ મી કળા—ઘનઘાતિ કર્મોનો ક્ષય થાય તે. ૧૩ મી કળા—કેવળજ્યોતિ પ્રગટે તે. ૧૪ મી કળા—યોગોનું નિરૂંધન કરે તે. ૧૫ મી કળા—અયોગી થઈ સર્વ કર્મનો ક્ષય કરે તે. ૧૬ મી કળા—સિદ્ધ પદની પ્રાપ્તિ.

ઉપર્યુક્ત ૧૬ કળામાંથી અજ્ઞાન તપ કરનાર પ્રથમ કળામાં જ રહે છે. ભલે તે ચાર વેદ, ષડશાસ્ત્રોનો પારંગત હોય છતાં અહીં ગણતરીમાં લીધા નથી. કારણ કે જીવાજીવના જાણપણા વિનાની વિદ્યા તે અજ્ઞાન જ છે. સૂત્રાખ્યાન ધર્મની જેમને પ્રાપ્તિ થઈ હોય તેમની જ કરણી ઉક્ત કળાઓને પ્રગટાવી શકે છે "કલં અગ્ઘઈ સોલસિં" એનું તાત્પર્ય આ ઉપરથી સમજાશે.

તેટલું માત્ર ભોજન કરે છે, તે મનુષ્ય તીર્થંકર ભગવાનના વર્ણન કરેલા ચારિત્રધર્મના સોળમા ભાગની બરાબરી કરી શકતો નથી. અરે ! સમ્યગ્દષ્ટિના એક નવકારસી તપની તુલના પણ કરી શકતો નથી. કારણ કે સમકિતીનો તપ ભવકટી કરવાવાળો છે.

આ પરમાર્થના અજાણ સમકિતી જીવો પૂર્વોક્ત પ્રકારની ઘોર તપશ્ચર્યા જોઈ એમ વિચારે કે આટલું કષ્ટ, આવું દુષ્કર તપ તો આપણા મતમાં નથી માટે તે પણ મુક્તિનો માર્ગ છે, તેનો સ્વીકાર કરવો જોઈએ. આવા વિચારને કાંક્ષા દોષ કહે છે.

સમકિતી તો જાણે છે કે મોક્ષના માર્ગ એ નથી. સાચો મોક્ષમાર્ગ તો વીતરાગપ્રણીત દયામૂળ ધર્મ જ છે. તે ગાન, તાન, નૃત્ય, તમાશા, સ્નાન, શૃંગાર તથા હિંસક ક્રિયાથી થતી અન્ય દર્શનીઓની ધમાલને સંસારવર્ધક જાણી તેમાં કદી પણ વ્યામોહ પામતો નથી. શ્રી વીતરાગપ્રણીત જૈનધર્મ સિવાય તે બીજા કોઈ પણ મતની કાંક્ષા–વાંછા સ્વપ્નમાં પણ કરતો જ નથી.

૩. વિતિગિચ્છા (વિચિકિત્સા)–ધર્મ કરણીનાં ફળ માટે સંદેહ આણવો તે. કેટલાક જૈનધર્માવલંબીઓ ઉપવાસાદિ તપ, સામાયિકાદિ ધર્મકરણી, દાનાદિ ધર્મ, વગેરેનું પોતે પાલન કરે છે, અને અન્યને પાલન કરતા જુએ છે, પરંતુ આ લોકમાં તેના પ્રત્યક્ષ ફળ નજરે નહિ આવવાથી તથા ધર્માત્માઓને દુઃખી દેખીને મનમાં સંદેહ આણે છે કે, આ આટલી બધી ધર્મકરણી કરે છે છતાં તેના ફળ કેમ કંઈ દેખાતા નથી ! તો શું ધર્માર્થે આટલું કષ્ટ ઉઠાવીએ છીએ તે બધું નિરર્થક–કાયા ક્લેશ–રૂપ તો નહિ હોય ? ફલાણો શ્રાવક આટલાં વર્ષથી ધર્મ કરે છે, છતાં હજી સુધી તેને કશું ફળ પ્રાપ્ત થયું નહિ, તો મને શું થવાનું હતું !! આવા આવા વિચાર કરવા તેનું નામ વિતિગિચ્છા દોષ.

આવું વિચારનારાઓએ સમજવું જોઈએ કે કરણી કદાપિ વાંઝણી હોતી નથી. સારી કે માઠી દરેક કરણીના સારાં કે માઠાં ફળ તેનો કાળ પરિપકવ થયે અવશ્ય મળવાનાં. રોગી ઓસડ પીએ છે કે

તરત આરામ થતો નથી, પરંતુ નિયમસર કેટલોક કાળ તેનું સમય સમય પર સેવન કરતો રહે અને પથ્ય બરાબર પાળે તો તેને ગુણકારી નીવડે છે. તો હે ભવ્યો ! વિચાર કરજો કે થોડા જ કાળથી ઉત્પન્ન થયેલા રોગને નાશ કરવામાં પણ આટલો કાળ લાગે છે તો અનાદિ સંબંધવાળા ભવરોગનો નાશ તત્કાળ કેમ થઈ શકે ? જેઓ વિશ્વાસપૂર્વક ધર્મ કરણીરૂપ ઔષધનું સેવન કરી, દોષત્યાગ રૂપી પથ્યનું પાલન કરતા રહેશે, તેમને તેનું ફળ સુખ સંપદાની પ્રાપ્તિ રૂપ કાલાંતરે અવશ્ય મળશે.

આમ્રાદિ વૃક્ષને નિત્ય પાણી સીંચતા રહીએ, તેનું બરાબર જતન રાખીએ તો પણ ફળની પ્રાપ્તિ તો કાળ પરિપકવ થયે જ થાય છે. આંબો રોપીને તરત જ ફળ ખાવાની ઇચ્છા તો મૂર્ખ સિવાય બીજું કોણ કરશે ? મહા પરિશ્રમે ખેતરને ખેડી શુદ્ધ કરી તેમાં વાવેલું બીજ પણ કાલાંતરે જ ફળદાયી નીવડે છે. તેવી જ રીતે, કરણીનાં ફળ પણ અબાધાકાળ પરિપકવ થયા બાદ અવશ્ય પ્રાપ્ત થાય છે.

દૃષ્ટાંત : કોઈએ વૈદ્યરાજને પૂછયું કે, બળવર્ધક કઈ વસ્તુ છે ? વૈદ્યરાજે કહ્યું કે દૂધનું સેવન કરવાથી બળ વધે છે. આ સાંભળી તે માણસે તે જ વખતે પેટ ભરીને દૂધ પી લીધું અને પછી મલ્લોની સાથે કુસ્તી લડયો, પણ મલ્લકુસ્તીમાં તે હારી ગયો, ત્યારે ક્રોધાતુર થઈ વૈદ્યરાજને કહેવા લાગ્યો કે તમે આવી જૂઠી દવા બતાવીને ફોકટ મારી ફજેતી કરાવી ! વૈદ્યરાજ હસીને બોલ્યા, ભાઈ ! મારી દવા તો સાવ સાચી છે, પણ ગુણ તો જેમ થતો હોય તેમ યોગ્ય કાળે જ થાય.

આવી જ દશા કેટલાક ઉછાંછળા મનુષ્યોની જોવામાં આવે છે કે જેઓ ધર્મકરણીનાં ફળ તત્કાળ મળવાની અપેક્ષા રાખે છે. વર્તમાનમાં ધર્માત્માની દુઃખી અવસ્થા દેખાય છે તે હમણાં કરેલ ધર્મકરણીનું ફળ નથી. પણ પૂર્વોપાર્જિત પાપ-કર્મોદયનું જ બળ છે, ધર્મ તો નિશ્ચયથી સુખદાતા જ છે, પરંતુ પૂર્વે ઉપાર્જેલાં અશુભ કર્મોનો ક્ષય થયાં વિના શુભ કર્મોદય શી રીતે થાય ?

જેવી રીતે આરોગ્ય પ્રાપ્તિને માટે વૈદ્ય પ્રથમ જુલાબ આપી પેટ સાફ કરે છે-જૂના જામેલા મળને દૂર કરે છે. અને પછી ઔષધિ આપી પથ્ય પળાવી નીરોગી બનાવે છે, તેવી રીતે ધર્મ કરતાં દુઃખ આવે તો તેને જુલાબ સમાન આત્મશુદ્ધિકર જાણી સમભાવે વેઠી લેવાં. અશુભ કર્મોદય બંધ પડતાં સુખની પ્રાપ્તિ તત્કાળ થશે. ધર્મકરણીનાં ફળ સુખરૂપ હોય તેમાં સંશય રાખવો ન જોઈએ. જેને સમતામાં રહીને કરણી કરતાં આવડે છે તેને તો ચોક્કસ સુખની પરંપરા વધે જ છે.

શ્રી ઉવવાઈસૂત્રના ઉત્તરાર્ધ વિભાગમાં કરણીનાં ફળ સંબંધી શ્રમણ ભગવંત શ્રી મહાવીરે શ્રી ગૌત્તમસ્વામીના પ્રશ્નોના ઉત્તર નીચે પ્રમાણે આપ્યા છે—

૧. ગ્રામ અગર (સુવર્ણાદિની ખાણ નજીકની વસ્તી), નગર, કવડ (કસબો), મંડપ (શહેરને નિકટવર્તી), દ્રોણમુખ (બંદર) પાટણ, આશ્રમ (તાપસોની વસ્તી), સંવાહ (પર્વત પરની વસ્તી) અને સન્નિવેશ (જ્યાં ગોપાલક લોક રહે છે તે) ઈત્યાદિ સ્થાનોમાં રહેનાર મનુષ્યો અન્ન-પાણી ન મળવાથી ક્ષુધા તૃષા સહન કરે, સ્ત્રી આદિ ન મળવાથી બ્રહ્મચર્ય પાળે, મરુસ્થલાદિ સ્થાનમાં પાણીની અત્યંત તંગી હોવાથી સ્નાન મંજન ન કરે, સ્થાનક અને વસ્ત્ર ન મળવાથી ટાઢ, તાપ, ડાંસ, મચ્છર, માંકડ આદિના દંશ ઈત્યાદિ કષ્ટ સહન કરે; આમ, ઈચ્છા વિના (અકામ) થોડો કાળ કે બહુ કાળ કષ્ટ સહન કરે છે તેઓ ઉક્ત કષ્ટો સહવાથી પુણ્યોપાર્જન કરે છે અને મૃત્યુને અવસરે જો શુભ પરિણામ રહે તો ૧૦૦૦૦ (દશ હજાર) વર્ષના આયુષ્યવાળા વાણવ્યંતર જાતિના દેવતા થાય છે.

૨. ઉક્ત ગ્રામાદિક ૧૦ સ્થાનમાં કારાગ્રહ આદિમાં રહેનારા મનુષ્યો જેમને લાકડાંની હેડમાં, લોઢાની બેડીમાં કેદ કર્યા હોય, રસ્સી આદિથી જકડીને બાંધ્યા હોય, હાથ, પગ, કાન, આંખ, નાક, હોઠ, દાંત, જીભ, મસ્તકાદિ અંગોપાંગનું છેદન કર્યું હોય, શરીરના રાઈ રાઈ જેવડા ટુકડા કર્યા હોય, ખાડામાં કે ભોંયરામાં ઉતાર્યા હોય, વૃક્ષ સાથે બાંધ્યા હોય, ચંદનાદિની પેરે શિલા પર ઘસ્યા હોય, કાષ્ટની

પેઠે વાંસલાથી શરીરને છોલ્યું હોય, શૂળીમાં પરોવ્યા હોય, ઘાણીમાં પીલ્યા હોય, ક્ષારાદિ તીક્ષ્ણ વસ્તુનાં પાણીનાં શરીર પર સિંચન કર્યાં હોય, અગ્નિમાં બાળ્યા હોય, કાદવમાં દાટયા હોય, ભૂખ્યા તરસ્યા રાખી રિબાવી રિબાવીને માર્યા હોય, તથા મૃગ, પતંગ, ભ્રમર, મચ્છ, હસ્તી, આદિની પેઠે ઇન્દ્રિયોના વશે પડી મૃત્યુ પામ્યા હોય, વ્રતની વિરાધના કરી તેની આલોચના કર્યા વિના મૃત્યુ પામ્યા હોય, વેર-વિરોધ ઉપશમાવ્યા વિના, ખમાવ્યા વિના મૃત્યુ પામ્યા હોય, પર્વતથી કે વૃક્ષથી પડીને મર્યા હોય, હાથી આદિના મૃતક કલેવરમાં પ્રવેશ કરી મર્યા હોય, અથવા વિષ કે શસ્ત્રથી મૃત્યુ પામ્ય હોય, ઈત્યાદિ કષ્ટોથી પુણ્ય ઉપાર્જન કરી મૃત્યુસમયે જો શુભ પરિણામ આવી જાય તો ૧૨૦૦૦ વર્ષના આયુષ્યવાળા વાણવ્યંતર દેવ થાય છે.

૩. ઉક્ત ગ્રામાદિમાં રહેનારા જે મનુષ્યો સ્વભાવથી જ ભદ્રિક –સરલ સ્વભાવી હોય, સ્વભાવથી જ ક્ષમાવંત–શીતળ સ્વભાવી હોય, સ્વભાવથી જ વિનીત નમ્ર હોય, સ્વભાવથી જ ક્રોધાદિ ચારે કષાયોથી ઉપશાંત હોય, ઇંદ્રિયોને ગોપાવનાર–કાબૂમાં રાખનાર હોય, ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તનાર હોય, માતાપિતાનો ભક્ત હોય, માતાપિતાની આજ્ઞાનુ ઉલ્લંઘન કરતા ન હોય, અલ્પ તૃષ્ણાવાળા, અલ્પ આરંભી, નિરવદ્ય વૃત્તિથી ઉપજીવિકા કરનાર હોય, તે આયુષ્ય પૂર્ણ કરી ૧૪૦૦૦ વર્ષના આયુષ્યવાળા વાણવ્યંતર દેવ થાય છે.

૪. ઉક્ત ગ્રામાદિકમાં જે સ્ત્રીઓ રાજ અંતઃપુર (પડદા)માં રહે છે, દીર્ઘકાળપર્યંત પતિનો સંયોગ ન મળવાથી, પતિનું વિદેશગમન હોવાથી, પતિનું મૃત્યુ થવાથી, પતિની અણમાનીતી હોવાથી, બાલવૈધવ્ય પ્રાપ્ત થવાથી, માતાની, પિતાની, પતિની, જ્ઞાતિની, સાસુની કે સસરા ઈત્યાદિની લજ્જાથી અથવા એમના તરફના પાકા બંદોબસ્તથી મનમાં ભોગની ઇચ્છા હોવા છતાં પરવશપણે બ્રહ્મચર્યનું પાલન કરે છેઃ સ્નાન, મંજન, તૈલમર્દન, પુષ્પમાલા ધારણ ઇત્યાદિ શૃંગાર તજે છે. શરીર પર મેલ, પ્રસ્વેદ આદિનો પરિષહ ખમે છે, દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, માખણ, મદિરા, માંસ ઇત્યાદિ બલિષ્ટ અને સ્વાદિષ્ટ ભોજનનો ત્યાગ કરે

છે, અલ્પ આરંભ સમારંભથી પોતાની ઉપજીવિકા કરે છે અને જેણે પોતાના પતિ સિવાય અન્ય પુરુષનું સેવન કર્યું નથી, એવી સ્ત્રીઓ મૃત્યુ પામીને ૬૪૦૦૦ વર્ષના આયુષ્યવાળા વાણવ્યંતર દેવ થાય છે.

૫. ઉક્ત ગ્રામાદિમાં રહેનાર મનુષ્યો અન્ન અને પાણી એ બે દ્રવ્ય સિવાય બીજું કશું ન ભોગવે; એ જ પ્રમાણે ત્રણ, ચાર, પાંચ યાવત્ અગિયાર દ્રવ્ય સિવાય બીજું કંઈ ન ભોગવે, ગાયની ભક્તિ કરનાર, દેવ તથા વૃદ્ધનો વિનય કરનાર, તપ વ્રતનું આચરણ કરનાર, શ્રાવકધર્મનાં શાસ્ત્રોનું શ્રવણ કરનાર, દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, મદિરા, માંસનો ત્યાગ કરનાર, ફક્ત સરસવનું તેલ જ ગ્રહણ કરનાર મરીને ૮૪૦૦૦ વર્ષના આયુષ્યવાળો વાણવ્યંતર દેવ થાય છે.

૬. ઉક્ત ગ્રામાદિમાં રહેનાર જે તપસ્વીઓ અગ્નિહોત્ર કરનાર, ફક્ત એક જ વસ્ત્ર રાખનાર, ભૂમિશય્યા કરનાર, શાસ્ત્રવચન પર શ્રદ્ધા રાખનાર, ઓછાં ઉપકરણ રાખનાર, કમંડલધારક, ફળભક્ષી, પાણીમાં રહેનાર, શરીર પર માટીનો લેપ કરનાર, સદૈવ ઊભા જ રહેનાર, ઊર્ધ્વ (ઊંચો) દંડ રાખી ફરનાર, મૃગ તાપસ, હસ્તી તાપસ, * પૂર્વાદિ ચારે દિશાને પૂજનાર, વલ્કલધારી, સદૈવ રામ રામ, કૃષ્ણ કૃષ્ણ રટનાર, ખાડામાં કે બીલમાં રહેનાર, વૃક્ષની નીચે રહેનાર, ફક્ત પાણી પીને જ રહેનાર, વાયુભક્ષી, મૂલ આહારી, કંદ આહારી, પત્ર આહારી, પુષ્પ આહારી, સ્નાન કરી ભોજન કરનાર, પંચધૂણી તપનાર, શીત–તાપાદિ કષ્ટ સહનાર, સૂર્યની આતાપના લેનાર, પ્રજ્વલિત અંગારની પાસે સદા રહેનાર, ઇત્યાદિ અનેક પ્રકારનાં અજ્ઞાન તપ કરનારા આયુષ્ય પૂર્ણ કરી ઉત્કૃષ્ટ એક પલ્યોપમ ઉપર એક લાખ વર્ષના આયુષ્યવાળા (ચંદ્ર વિમાનવાસી) જ્યોતિષી દેવ થાય છે.

---

* એકેંદ્રિયની અપેક્ષા પંચેંદ્રિયની અનંતગુણી પુનાઈ અધિક હોવાથી પંચેંદ્રિયના વધમાં બહુ પાપ થાય છે. પંચેન્દ્રિયવધ નરકાવતારના કારણભૂત છે. આ પ્રકારની સાચી સમજ આ તાપસોમાં ન હોવાથી અને સર્વ જીવોને સમાન માનતા હોવાથી માત્ર એક જ જીવના વધથી ઘણા દિવસ પર્યંત પોતાની ઉપજીવિકા ચલાવવામાં ધર્મ માનીને હાથીનો કે મૃગનો વધ કરી તેનું ભક્ષણ કરે છે તેવા તાપસો.

૭. ઉક્ત ગ્રામાદિકમાં કેટલાક જૈન દીક્ષા ધારણ કરેલા સાધુ હોય છે. તેઓ સાધુની ક્રિયાનું પાલન તો કરે છે, પરંતુ કામ જાગૃત થાય તેવી વિકથા કરવાવાળા, નેત્ર મુખાદિકની કુચેષ્ટા કરવાવાળા, અયોગ્ય નિર્લજ્જ વચન બોલવાવાળા, વાજિંત્રની સહાયથી સંગીત કરવાવાળા, સ્વયં નૃત્ય કરે, અન્યને નચાવે, ઇત્યાદિ કર્મોનું ઉપાર્જન કરતા થકા ઘણાં વર્ષ સુધીની-ક્રિયાનું પાલન કરે છે, પરંતુ ઉક્ત પાપકર્મની આલોચના, નિંદા, ગર્હા કર્યા વિના જ આયુષ્ય પૂર્ણ કરે તો એક પલ્ય પર એક હજાર વર્ષના આયુષ્યવાળા પહેલા સુધર્મ દેવલોકમાં કંદર્પ જાતિના દેવતા થાય છે.

૮. ઉક્ત ગ્રામાદિકમાં દીક્ષિત તાપસ જેવા કે—સાંખ્ય મતિ, અષ્ટાંગ યોગના જ્ઞાતા અને સાધક, કપિલકૃત * શાસ્ત્રના માનનાર, વનમાં નિવાસ કરનાર, નગ્ન રહેનાર સદૈવ પરિભ્રમણ કરનાર તથા

---

*ભરત ચક્રવર્તીના પુત્ર મરિચિએ શ્રી ઋષભદેવ ભગવાન પાસે જૈન દીક્ષા લીધી હતી, પરંતુ સાધુનાં દુષ્કર વ્રતોનું પાલન કરવા તેઓ અસમર્થ બન્યા અને પુનઃ સંસારી થવામાં શરમ માની એટલે મનઃકલ્પિત વેષ ધારણ કર્યો. તે વિચારવા લાગ્યા કે, અન્ય સાધુઓ નિર્મળ વ્રત પાળે છે અને હું તો વ્રતભંગ કરી મલિન બન્યો એટલે મારે ભગવાં વસ્ત્ર ધારણ કરવાં ઉચિત છે, અન્ય સાધુઓ તો જિનાજ્ઞારૂપ છત્રના ધારણહાર છે; મેં તો જિનાજ્ઞાનો ભંગ કર્યો એટલા માટે મારે વાંસનું છત્ર ધારણ કરવું ઉચિત છે. અન્ય સાધુ મનાદિ ત્રણ દંડથી વિરમ્યા છે, હું એ ત્રણે દંડથી દંડિત બન્યો તેથી મારે ત્રિદંડ (ત્રિકોણ લાકડી) રાખવું ઉચિત છે, ઈત્યાદિ મનઃકલ્પનાથી નવો વેષ ધારણ કરી, ઋષભદેવ ભગવાનની સાથે વિચરવા લાગ્યા. સમવસરણની બહાર રહીને લોકોને ઉપદેશ કરતા હતા; અને જેમને વૈરાગ્ય ઊપજે તેમને ભગવાન પાસે દીક્ષા લેવા મોકલતા.

અન્યદા મરિચિ બીમાર થયા ત્યારે વૈયાવૃત્ય અર્થે શિષ્ય બનાવવાની તેમને ઈચ્છા થઈ; તે અરસામાં કપિલ નામના એક ગૃહસ્થ આવ્યા અને ઉપદેશ સાંભળી વૈરાગ્યવંત થયા. તેમને ભગવાન ઋષભદેવ પાસે જવાનું કહ્યું, પણ તેઓ ગયા નહિ ત્યારે મરિચિએ તેમને પોતાના શિષ્ય બનાવ્યા, તત્પશ્ચાત્ મરિચિ મૃત્યુ પામી દેવ થયા.

ત્યારબાદ કપિલનો અસુરી નામક શિષ્ય થયો, તેને અપઠિત છોડી કપિલ પણ મૃત્યુ પામ્યા અને બ્રહ્મલોક દેવલોકમાં દેવતાપણે ઊપજ્યા; અને દેવલોક-માંથી પાછા આવી અસુરીને ભણાવ્યો, કપિલે સાંખ્યમતના શાસ્ત્રોની રચના કરી

મઠાવલંબી રહી ક્ષમા, શીલ, સંતોષાદિ ગુણોના ધારક, નારાયણના ઉપાસક, ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ, ઇતિહાસ, પુરાણ, નિઘંટુ, વ્યાકરણ, તંત્રશાસ્ત્ર, જ્યોતિષ, ઇત્યાદિ શાસ્ત્રો તથા તેના અર્થ ગુરુગમથી ધારણ કરી સ્વયં પારગામી બનેલા, બીજાને ભણાવનાર; અક્ષરોની ઉત્પત્તિ, છંદ બનાવવાની રીતિ, ઉચ્ચારણ કરવાનો વિધિ, અન્વય, પદચ્છેદ કરવા ઇત્યાદિ યોગ્યતા પ્રાપ્ત કરનાર, દાન દેવું, શુચિ રાખવી, તીર્થાટન કરવું ઇત્યાદિ ધર્મ પોતે પાળે, બીજા પાસે પળાવે, આ તાપસો બીજાની આજ્ઞા લઈને ફક્ત ગંગાજળ ગ્રહણ કરે છે, બીજા જળાશયનાં પાણી પણ લેતા નથી. ગંગાજળને પણ ગળીને ઉપયોગમાં લે છે. અણગળ પાણી પીતા નથી.

ગાડી, ઘોડા, નાવ, આદિ ફરતાં, ચરતાં કે તરતાં કોઈ પણ વાહનમાં બેસતા નથી, કોઈ પ્રકારના નાટક, ચેટક, ઉત્સવ, ખેલ, તમાશા જોતા નથી, વનસ્પતિનો આરંભ પણ સ્વયં કરતા નથી, સ્ત્રી આદિ ચાર વિકથા કરે નહિ, તુંબડું અને મૃતિકાના વાસણ સિવાય અન્ય ધાતુપાત્ર ધારણ કરે નહિ, પવિત્રી (મુદ્રિકા) સિવાય અન્ય આભરણ ધારણ કરે નહિ, ગેરુઆ રંગ સિવાય અન્ય રંગનાં વસ્ત્રો રાખે નહિ. ગોપીચંદન સિવાય બીજા કશાનું તિલક કરે નહિ—એવા આચારના પાલક, દંડધારક બ્રાહ્મણ જાતિના આઠ તપસ્વી થયા, તેનાં નામ ૧. કૃષ્ણ, ૨. કરકટ, ૩. અવડ, × ૪. પરાશર, ૫. કણિક, ૬. દ્વીપાયન, ૭. દેવપુત્ર, ૮. નારદ

નવો મત ચલાવ્યો. વૈષ્ણવ ધર્મના ગ્રંથોમાં કહ્યું છે કે, ભગવાનના પુત્ર મનુ, મનુના પુત્ર મરિચિના પુત્ર કપિલ થયા.

× કપિલપુરના અંબડ સંન્યાસીએ શ્રી મહાવીર સ્વામીના ઉપદેશથી શ્રાવકધર્મ અંગીકાર કર્યો હતો, પરંતુ પોતાના મતાવલંબીઓને જૈનધર્મી બનાવવા માટે તેમણે વેશ પલટાવ્યો નહિ. અંબડ ભદ્રિક ભાવથી છઠ છઠનાં પારણાં કરતાં હતા. ઊંચા હાથ રાખી સૂર્યની આતાપના લેતા હતા. આથી તેમને વૈક્રિયલબ્ધિ (અનેક રૂપો બનાવવાની શકિત) તથા અવધિજ્ઞાન પ્રાપ્ત થયાં હતાં. લબ્ધિના પ્રભાવે તેઓ પારણા માટે ૧૦૦ ઘરનાં આમંત્રણનો સ્વીકાર કરી ૧૦૦ ઘેર પારણું કરવા માટે જતા. તેઓ સમાધિ મરણે મૃત્યુ પામી પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવ થયા; અને ત્યાંથી ચવી મહાવિદેહમાં મનુષ્ય જન્મ લઈ મોક્ષમાં જશે. આ અંબડ સંન્યાસીને

આવી રીતે ક્ષત્રિય જાતિના પણ ૮ તપસ્વી થયા. ૧. સિલાઈ, ૨. શશિહર, ૩. નગ્ગઈ, ૪. ભગઈ, ૫. વિદેહી, ૬. રાજા, ૭. રામ, અને, ૮. બલભદ્ર. આ પ્રકારે જ્ઞાનના ધારક અને ક્રિયાના પાલક તપસ્વીઓ આયુષ્ય પૂર્ણ કરી ઉત્કૃષ્ટ ૧૦ સાગરોપમના આયુષ્યવાળા પાંચમા બ્રહ્મલોક દેવલોકમાં દેવતા થયા.

૯. ઉક્ત ગ્રામાદિકમાં વિચરતા જૈન સાધુઓ, જેઓ સાધુના આચાર તો બરાબર પાળે છે, પરંતુ આચાર્ય, ઉપાધ્યાય, કુલ, ગણ–સંપ્રદાયના સાધુ, ઇત્યાદિ ગુણવંતોના પ્રત્યનિક (વેરી) બનીને તેમની નિંદા કરે, દ્વેષભાવ ધારણ કરે તો તેના પરિણામે તે સમકિત વમી મિથ્યાદષ્ટિ બની જાય છે, અને મરીને ઉત્કૃષ્ટ ૧૩ સાગરોપમના આયુ-

૭૦૦ શિષ્ય (સન્યાસી) હતા. એકદા તેઓ જેઠ મહિનામાં કંપિલપુરથી નીકળી પુરિમતાલપુર જતા હતા, પોતાની સાથે જે પાણી હતું તે ખૂટી ગયું. અને પાણી લેવાની આજ્ઞા દેનાર અન્ય કોઈ મનુષ્ય તેમને અરણ્યમાં મળ્યું નહિ. અત્યંત તૃષાતુર થયા એટલે પરસ્પર કહેવા લાગ્યા : હવે શું કરવું ? જો આમાંથી એકાદ સન્યાસી વ્રત ભંગ કરી ગંગામાંથી પાણી લેવાની આજ્ઞા આપે તો બાકીના બધા બચી જાય; પણ પોતપોતાના વ્રતને પ્રાણથી પણ અધિક પ્રિય ગણનાર સંન્યાસીઓમાંથી કોઈ પણ વ્રત ભંગ કરી આજ્ઞા આપનાર નીકળ્યો નહિ; અને કોઈએ આજ્ઞા આપી નહિ. આથી તેઓ બધા નજીકની ગંગા નદીની ધગધગતી રેતીમાં બેસી ગયા અને અરિહંત, સિદ્ધ તથા ધર્મગુરુને નમોત્થુણંના પાઠથી નમસ્કાર કરી જાવજ્જીવને માટે ૧૮ પાપ, ૪ આહારનાં ત્રિકરણ ત્રિયોગે પ્રત્યાખ્યાન કરી સંથારો કરી લીધો અને તેઓ પણ સમાધિ મરણે મરી બ્રહ્મ દેવલોકમાં દસ સાગરોપમના આયુષ્યવાળા દેવો થયા. વ્રતની કેટલી બધી આશ્ચર્યકારક દઢતા ! !

અહીં કોઈ શંકા કરે કે, જીવ રક્ષામાં ધર્મ છે તો તે ૭૦૦ સંન્યાસીઓ-માંથી એક જણે પાણી ગ્રહણ કરવાની આજ્ઞા આપી હોત તો કેટલો મહાન ઉપકાર થાત ? આવા પ્રશ્નકારને પૂછીએ કે ભાઈ ! કોઈ કસાઈએ ૫૦૦ ગાયો કતલ માટે ઊભી કરી છે ત્યાં કોઈ દયાળુ જૈન જઈ ચડયો. તેણે કસાઈને કહ્યું; ભાઈ ! એને મારીશ નહિ; બધી ગાયોની કિંમત હું ભરી આપી તેમને મારે ત્યાં લઈ જાઉં, ત્યારે કસાઈએ કહ્યું, એમ નહિ, પણ જો તું ફક્ત એકજ ગ્રાસ ગૌમાંસનો ગ્રહણ કરી લેતો હો તો હું બધી ગાયો એમ ને એમ છોડી દઉં. કહો, તે આર્ય પુરુષ માંસ ખાશે ખરો ? કદી પણ નહિ ખાય. આ જ પ્રમાણે, તે ૭૦૦ સન્યાસીઓને પોતાનાં વ્રત પ્રાણથી પણ અધિક પ્રિય હતાં, તેથી વ્રતભંગ કરવાનું અનુચિત માની સંથારો કરી સ્વર્ગમાં ચાલ્યા ગયા.

ષ્યવાળા કિલ્વિષીદેવ થાય છે. મનુષ્યમાં જેમ ચાંડાળ જાતિ હલકી ગણાય છે તેમ દેવોમાં કિલ્વિષી દેવ હલકા ગણાય છે. આચાર્ય કે ગુરુની નિંદાથી સંયમધારી પણ ચાંડાળ જાતિના દેવતા થાય છે. આવું જાણી ઉપકારીજનોની નિંદાથી અવશ્ય બચવું.

૧૦. ઉક્ત ગ્રામાદિમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, પાણીમાં રહેનાર મચ્છાદિ જળચર, પૃથ્વી પર ચાલનાર ગવાદિ સ્થલચર, આકાશમાં ઊડનાર હંસાદિ ખેચર, તેમાંથી કોઈને વિશુદ્ધ પરિણામોની પ્રવૃત્તિ થવાથી જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થઈ જાતિસ્મરણ જ્ઞાન ઊપજી જાય છે. તે જ્ઞાનના પ્રભાવથી તેઓને ભાન થઈ આવે છે કે માનવભવ પામીને મેં વ્રત પચ્ચખાણ નિર્મળ પાળ્યાં નહિ અને વ્રતોની વિરાધનાના ફલસ્વરૂપ અત્યારે તિર્યંચપણું મને પ્રાપ્ત થયું. આમ, પશ્ચાત્તાપ કરતો પૂર્વપઠિત જ્ઞાન અને પૂર્વાચરિત વ્રતોને પુનઃ ગ્રહણ કરે છે. શ્રાવકનાં પાંચ અણુવ્રતાદિકનું પાલન કરે છે, સામાયિક *, પૌષધવ્રત, આદિ સંવરકરણી કરે છે તેઓ આયુષ્યને અંતે સંલેખણા સહિત સમાધિ મરણે મરી અઢાર સાગરોપમના આયુષ્યવાળા આઠમા દેવલોકના દેવતા થાય છે.

૧૧. ઉક્ત ગ્રામાદિમાં આજીવિક મતના શ્રમણ (ગોશાળાના સાધુ) એક, બે, યાવત્ અનેક ઘરના અંતરથી ભિક્ષા ગ્રહણ કરે એવા, અનેક પ્રકારના અભિગ્રહ ધારવાવાળા, કેટલાક નિયમ-વ્રતના પણ આચરણ કરવાવાળા હોય છે, તેઓ આયુષ્ય પૂર્ણ કરી ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમના આયુષ્યવાળા બારમા દેવલોકના દેવ થાય છે.

૧૨. ઉક્ત ગ્રામાદિમાં વિચરનાર જૈન ધર્મના સાધુ પંચમહાવ્રતાદિના પાલક હોય, પરંતુ મદમાં છકેલા, પોતાની પ્રશંસા, અન્યની નિંદા કરવાવાળા, મંત્ર, યંત્ર, તંત્ર, જ્યોતિષ, નિમિત્ત, ઔષધિના

---

* પાણીમાં રહીને સામાયિક પ્રતિક્રમણ કેવી રીતે કરતા હશે? આવી શંકા સહેજે થાય; તેનું સમાધાન એ કે જેવી રીતે ચાલતી ગાડીમાં બેસીને એકાસણું થઈ શકે છે તેવી રીતે જલચર જીવો સામાયિક પ્રતિક્રમણના કાળ દરમ્યાન નિશ્ચળ રહી વ્રતાચારણ કરે છે.

પ્રરૂપવાવાળા, પાદપ્રક્ષાલનાદિ તથા પાંડુર વસ્ત્રાદિથી શરીરની વિભૂષા કરવાવાળા, આ પ્રમાણે ઘણાં વર્ષ સુધી સાધુની ક્રિયા પાલન કરી ઉક્ત પાપની આલોચના, નિંદા કર્યા વિના જ આયુષ્ય પૂર્ણ કરી ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમના આયુષ્યવાળા બારમા દેવલોકના દેવતા થાય છે.

૧૩. ઉક્ત ગ્રામાદિમાં જિનવચનને ગોપવનાર (ઉત્થાપનાર) વિપરીત પરિણમાવનાર–૧. જમાલી, ૨. તિસગુપ્ત, ૩. આષાઢાચાર્ય, ૪. અશ્વમિત્ર, ૫. ગર્ગાચાર્ય ૬. ગોષ્ટમહિલા, અને ૭. પ્રજાપત (જેમનું વર્ણન મિથ્યાત્વ પ્રકરણમાં આવી ગયું છે તે) એ સાત નિન્હવ સમાન બીજા પણ જે કદાગ્રહી હોય તેઓ વ્યવહારમાં જૈન ધર્મની ક્રિયાના પાલક હોય છે, પરંતુ અશુભ પરિણામોથી મિથ્યાત્વનું ઉપાર્જન કરી મિથ્યાત્વી બને છે, છતાં દુષ્કર કરણીના પ્રભાવથી કદાચિત્ ઉત્કૃષ્ટ ૩૧ સાગરોપમના આયુષ્યવાળા નવ ગ્રૈવેયકવાસી દેવ થાય છે. *

૧૪. ઉક્ત ગ્રામાદિમાં રહેનાર કેટલાક મનુષ્યો મિથ્યાત્વનો ત્યાગ કરી કેટલાક અવિરતિ સમ્યગ્દૃષ્ટિ (ચોથા ગુણસ્થાનકવર્તી) અને કેટલાક દેશ વિરતિ (પંચમ ગુણસ્થાનકવર્તી) શ્રાવક બન્યા છે. તેઓ શ્રુત અને ચારિત્રધર્મનું યથાશક્તિ સ્વયં પાલન કરે છે અને અન્ય પાસે કરાવે છે. સમકિતમાં અતિચાર પણ લગાડતા નથી. સુશીલ સુવ્રતી હોય છે અને સાધુની સેવાભક્તિ કરતા હોવાથી શ્રમણોપાસક કહેવાય છે. એવા શ્રાવકમાંથી કેટલાક શ્રાવકોએ પ્રાણાતિપાતાદિ પાપોના –આરંભ સમારંભનો તથા વધ, બંધન, તાડન, તર્જનનો ત્યાગ કર્યો છે, તથા તેઓ સ્નાન, શૃંગાર, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ ઇંદ્રિયોના વિષયસેવન ઇત્યાદિમાંથી નિવૃત્તિ પામ્યા છે અને કેટલાકે ઉક્ત કાર્યોની નિવૃત્તિ ન પણ કરી હોય, પરંતુ તેઓ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકરણ, (કર્મબંધનનાં કારણ

* ઉક્ત ૧૩ કલમોમાંથી ૧૦ મી કલમમાં કહેલા જીવો સિવાય બાકીના બધા જીવોની કરણી જિનાજ્ઞાની બહાર હોવાથી તેમને આરાધક કહ્યા નથી; અર્થાત્ તેઓની કરણી વીતરાગની આજ્ઞા બહાર છે. અને પછીની કલમોમાં કહેલા સર્વ જીવો આરાધક હોય છે, તેમની ધર્મકરણી જિનેશ્વરની આજ્ઞામાં છે.

તથા શસ્ત્ર), બંધ અને મોક્ષ એ તત્ત્વોના જાણ બની જિનપ્રણીત ધર્મમાં એવા નિશ્ચલ બને છે કે, તેમને દેવ, દાનવ, માનવ, આદિ કોઈ પણ ચલાયમાન કરી શકતું નથી.

તેઓ જિનવચનમાં કદાપિ, શંકા, કાંક્ષા, વિતિગિચ્છાદિ અતિચાર સેવતા નથી, જેમની હાડ હાડની મિજ્જાએ ધર્મનો રંગ લાગી ગયો છે, તેઓ શાસ્ત્રના શ્રવણ પઠનના અવસરે શ્રવણ, પઠન કરે છે અને તેના અર્થ પરમાર્થ સમ્યક્ પ્રકારે હૃદયમાં ધારણ કરે છે તેમ કરતાં કદાચ સંશય ઊપજે તો ગીતાર્થ–બહુસૂત્રીને પૂછી નિર્ણય કરી લે છે. જ્યારે પણ અન્ય કોઈની સાથે વાર્તાલાપનો પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે તેઓ કહે છે કે હે દેવાનુપ્રિય! કેવળ એક જિનેશ્વરનો ધર્મ જ આ જગતમાં સારભૂત છે, શેષ સર્વ અસાર છે.

જેમનાં હૃદય સ્ફટિક રત્ન જેવાં નિર્મળ છે, જેઓ અનાથ, અપંગ, નિરાધાર જનોના પોષણાર્થે ઘરના દરવાજા ઉઘાડા રાખે છે, જેમણે જનતા પર એટલો વિશ્વાસ જમાવી દીધો છે કે તેઓ કદાચ રાજાના અંતઃપુરમાં કે ભંડારમાં ચાલ્યા જાય તો પણ તેમનો અવિશ્વાસ કોઈને પણ કદાપિ થતો નથી. તેઓ આઠમ, ચૌદશ, પાખી, તીર્થંકરોનાં કલ્યાણક, આદિ પર્વતિથિએ પ્રતિપૂર્ણ પૌષધવ્રત કરે છે. વળી સાધુ–સાધ્વીજીનો સુયોગ સાંપડે ત્યારે તેઓ તેમને ચાર પ્રકારના આહાર, વસ્ત્ર, પાત્ર, આદિ કલ્પતી વસ્તુ સમુલ્લાસપૂર્વક ઉદાર પરિણામે પ્રતિલાભે છે. આવા શ્રાવકો આયુષ્યને અંતે આલોચના–નિંદનાયુક્ત સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમના આયુષ્યવાળા બારમા દેવલોકના દેવ થાય છે.

૧૫. ઉક્ત ગ્રામાદિમાં વિચરનાર કેટલાક મહાત્માઓ એવા છે કે, જેમણે ત્રિવિધે ત્રિવિધે આરંભ પરિગ્રહ તથા ૧૮ પાપ, પચન, પાચન, તાડન, તર્જન, વધ, બંધન, સ્નાન, શૃંગાર, શબ્દાદિ પાંચે ઇંદ્રિયોના વિષય ઇત્યાદિનો પરિત્યાગ કરી જેઓ સાધુ બન્યા છે, જેઓ પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ઇત્યાદિના વિશુદ્ધ પાલક છે,

જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે પ્રવર્તે છે એવા સાધુ સમાધિ ભાવમાં આયુષ્ય પૂર્ણ કરી જો સર્વથા કર્મ ક્ષય થઇ ગયાં હોય તો મોક્ષ પ્રાપ્ત કરી લે છે. અને જો સાત લવ જેટલા આયુષ્યમાં તથા એક બેલાના તપથી ક્ષય થાય તેટલાં કર્મ બાકી રહી જાય તો ૩૩ સાગરોપમના આયુષ્યવાળા સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવ થાય છે.

૧૬. ઉક્ત ગ્રામાદિમાં જે મહાત્મા રાગ, દ્વેષ, વિષય, કષાય, મોહ, ઈત્યાદિ કર્મબંધના હેતુનો સર્વથા પરિત્યાગ કરી યથાખ્યાત ચારિત્ર અને શુકલ ધ્યાનથી સર્વ કર્મનો ક્ષય કરે તે મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

હે ભવ્યો ! શ્રી ઉવવાઈજી સૂત્રના આ પ્રમાણથી નિશ્ચયાત્મક માનો કે કરણીનાં ફળ અવશ્ય મળે જ છે. જિનાજ્ઞાનુસાર કરણી કરવાથી ભવભ્રમણ ઘટે છે અને આજ્ઞા વિનાની શુભ કરણીથી પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે, અશુભ કરણીથી પાપફળ પ્રાપ્ત થાય છે. માટે આસ્તિક બનીને વિતિગિચ્છા દોષથી સમ્યક્ત્વને દૂષિત ન કરશો. જિનાજ્ઞાનું આરાધન કરતા રહેશો તો સુખી થશો.

૪. પરપાસંડ પ્રશંસા—પર એટલે જૈન સિવાયના બીજા ૩૬૩ પાખંડી મતની સારંભી ક્રિયા, મિથ્યાડંબર, અજ્ઞાનકષ્ટ આદિની પ્રશંસા-મહિમા સમકિતી કદાપિ કરે નહિ. કારણ કે સારંભી ક્રિયાની અનુમોદનાથી પણ પાપના ભાગીદાર થવાય છે. એટલું જ નહિ પણ, અન્ય અનેક ધર્મી જીવોના પરિણામ અસત્ય ધર્મ તરફ ઢળે છે અને આ રીતે તે સમકિતનો ઘાતક અને મિથ્યાત્વનો પોષક બને છે. માટે આવું દૂષણ સેવી આત્માને દોષિત કરવો નહિ, મિથ્યાત્વી પુસ્તકોની પણ પ્રશંસા કરવી નહિ.

૫. પરપાસંડ સંથવો (પરિચય)—જેવી રીતે મીઠાની સંગતથી દૂધ ફાટીને બગડી જાય છે, તે દૂધરૂપે રહેતું નથી. તેમ, તેનું દહીં પણ બનતું નથી, માખણ પણ નીકળતું નથી કે છાશ પણ બનતી નથી, એમ સર્વ પ્રકારે તે નિરર્થક બની જાય છે. એવી જ રીતે,

પાખંડીઓની સોબતમાં રહેવાથી 'સોબત એવી અસર' એ કહેવત પ્રમાણે તેઓ સમ્યક્ત્વથી ભ્રષ્ટ બની જાય છે. આત્માનું સાધન કરી શકતા નથી. જેવી રીતે સતી સ્ત્રી વેશ્યાની સોબતમાં રહે તો ભ્રષ્ટ થઈ જાય છે. અને પરપુરુષની પ્રશંસાથી બદનામ થાય છે, તેવી જ રીતે, છેલ્લા બે અતિચારોનાં સેવનથી સમકિતીની પણ એવી જ દશા થવા પામે છે. મિથ્યાત્વી સાહિત્યનો વાંચવારૂપે પણ પરિચય કરવો જોઇએ નહિ.

ચોથા અને પાંચમા અતિચારની આદિમાં 'પર' શબ્દ લગાડ્યો છે તેનો જૈનોએ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરી સાર ગ્રહણ કરવાનો છે. સ્વમતના અનુયાયીઓથી મતભેદ હોય તો પણ તેમના છતા ગુણોની પ્રશંસા કરવી, પણ નિંદા તો કરવી જ નહિ. આજકાલ હેંડબિલો અને પુસ્તકો દ્વારા જૈનો પરસ્પર નિંદા અને ગાલિપ્રદાન કરી આનંદ માને છે, તે ઘણા ખેદનો વિષય છે. આવી અનિચ્છનીય પ્રવૃત્તિઓથી જૈનશાસન નબળું પડે છે. કેટલાક જૈનો શ્રદ્ધાભ્રષ્ટ થઈ અન્યમતિ બની જાય છે. માટે મતભેદ હોય છતાં પણ મહાવીરના અનુયાયીઓની નિંદા કરવાનું પાપ તો સેવવું જ નહિ.

ઉપર્યુક્ત પાંચ દૂષણોનું વિશેષરૂપે સેવન કરવાથી સમકિતનો નાશ થાય છે. અને થોડા સેવનથી સમકિત મલિન બને છે, એવું જાણી વિવેકી જનો પાંચે દૂષણોથી પોતાના આત્માને બચાવી નિર્મળ રાખે છે.

છઠ્ઠે બોલે-લક્ષણ ૫

જેમ પ્રકાશના લક્ષણ વડે સૂર્યની પિછાણ થાય છે, શીતળ પ્રકાશ વડે ચંદ્રની પિછાણ થાય છે તેવી જ રીતે નિમ્નોક્ત ૫ લક્ષણોથી સમકિતી જીવની પિછાણ થઈ શકે છે.

૧. સમ ઉપશમભાવ રાખે—શત્રુ, મિત્ર પર અને શુભાશુભ પ્રસંગોમાં સમભાવ રાખે* અર્થાત્ મિત્ર પર મોહરાગ કરે નહિ અને

---

* શુભ વસ્તુને શુભ અને અશુભને અશુભ જાણે તે સુજ્ઞજનોનું લક્ષણ છે. અગ્નિને દઝાડનાર જાણી તેનાથી દૂર રહે, વિષને પ્રાણહર જાણી તેનું ભક્ષણ ન કરે તો તે કંઈ દ્વેષ કર્યો કહેવાય નહિ, તેવી જ રીતે પાખંડીઓનો સંગ ન કરવો તે કંઈ દ્વેષ નથી. અને શરીર નિર્વાહાર્થે આહાર વસ્ત્રાદિ ગ્રહણ કરવાં, ગુરુ આદિના ગુણાનુવાદ કરવા, તે રાગ ન કહેવાય. જે વસ્તુ જે સ્વરૂપે છે તે યથાતથ્ય જાણે છે તે સમકિતી છે.

શત્રુનું બૂરું ચિંતવે નહિ. શુભાશુભ પ્રસંગોમાં સમકિતી એવા વિચાર કરે છે કે જે કંઈ ભલું બૂરું, નફો નુકસાન, યશ અપયશ, વગેરે થાય છે તેનું ઉપાદાન કારણ મેં પૂર્વે સંચેલાં શુભાશુભ કર્મો જ છે. અમુક વ્યક્તિ તો નિમિત્ત માત્ર છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦ મા અધ્યયનમાં અનાથી મુનિ શ્રેણિક રાજાને કહે છે કેઃ—

अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।
अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय, सुपट्ठिओ ॥

(ગાથા ૩૭)

અર્થ—સુખદુઃખનો કર્તા તથા નાશ કરનાર આ આત્મા જ છે. શુભ કાર્ય કરવાથી તે મિત્રની ગરજ સારે છે, અને અશુભ કાર્ય કરવાથી શત્રુ સમાન બને છે. સદાચારને સેવનાર અને દુરાચારમાં પ્રવર્તનાર પણ આત્મા જ છે. આથી સિદ્ધ થાય છે કે જે સારો માઠો બનાવ આપણે માટે બને છે તે આપણાં જ સારાં–માઠાં કર્મોનું ફળ છે. આ પ્રકારની સાચી સમજણ સમકિતીને હોવાથી તેઓ "मित्ती मे सव्व भूएसु, वेरं मज्झं न केणइ અર્થાત્ સર્વ જીવોથી મારે મૈત્રી છે. કોઈની પણ સાથે વૈર નથી, આવી મૈત્રીભાવના ભાવતા રહી સમભાવને ધારણ કરે છે.

નિશ્ચયથી તો શુભ કર્મોદયથી સુખની પ્રાપ્તિ હોય છે, પણ વ્યવહારથી સમકિતી જીવ મનથી પણ કોઈનું બૂરું ચિંતવે નહિ, વચન સાચાં, હિતકર અને પરિમિત બોલે. કાયાથી કોઈને કોઈ પ્રકારનું દુઃખ ન દે એવી પ્રવૃત્તિ કરવાથી, તથા નમ્ર અને સેવક બની રહેવાથી તે સઘળાં પ્રાણીને માટે મિત્રવત્ સુખદાતા બની રહે છે. હવે નિશ્ચયથી તો અશુભ કર્મોદયથી દુઃખની પ્રાપ્તિ થાય છે. પણ વ્યવહારથી મને કરી બીજાનું બૂરું ચિંતવે, વચને કરી અસત્ય, કટુ અને નુકસાનકારક વચન બોલે, અને કાયાથી કોઈને દુઃખ દે, તો તે સામી વ્યક્તિ દુશ્મન બની જાય છે અને દુઃખ દેવા પ્રવૃત્ત થાય છે.

હવે ધારો કે અન્યની સાથે સારો વર્તાવ કરવા છતાં પણ તે આપણી સાથે બૂરો વર્તાવ કરે તો ચિંતવવું કે તેની સાથે કોઈ પૂર્વનો વેરાનુબંધ છે તે ઉદયભાવમાં આવ્યો છે, તે તો ભોગવ્યા વિના છૂટકો જ નથી 'कडाण कम्माण न मोक्ख अत्थि" હવે જો હું પુનઃ દ્વેષભાવ આદિ વેર વિરોધ વધારીશ તો આગળ જતાં વધારે દુઃખી થઈશ. જાણી બૂઝીને કોઈનું બૂરું કરવું તે જ્ઞાનીને માટે ઉચિત નથી; દ્વેષનો નાશ દ્વેષથી નહિ, પ્રેમથી જ થવાનો છે. આમ વિચારી સમકિતી જીવ દુશ્મનનું ભલું જ ચાહે છે.

વળી, કોઈના તરફથી સુખ પ્રાપ્ત થાય છે ત્યારે વિચારે છે કે, આ મારાં શુભ કર્મના ઉદયનું ફળ છે. જગતના સર્વ જીવો પોતપોતાનો સ્વાર્થ સાધવામાં તત્પર રહે છે, સાચો—સત્ય સ્વાર્થ કોઈ સાધતું નથી, મારું ભલું બૂરું તો હું જ કરી શકું તેમ છું. આમ જાણી રાગભાવ ધારણ ન કરે*

આવી જ રીતે, શુભાશુભ પુદ્‌ગલોના સંબંધમાં પણ વિચાર કરે કે, પુદ્‌ગલોનો સ્વભાવ ક્ષણભંગૂર છે. તે સારાનાં માઠાં અને માઠાનાં સારાં થાય છે. જે ભોજન ભોગવતાં સારાં પુદ્‌ગલો લાગે છે તે જ વમન કરતાં ખરાબ લાગે છે. માટી કે પથ્થર અયોગ્ય સ્થાને પડેલાં ખરાબ લાગે છે, પરંતુ તે ઉપર કોરણી આદિ કરી યોગ્ય સ્થાને રાખવાથી સારાં દેખાય છે. આ પ્રમાણે જેનાં પરિણમન નિત્ય પલટાયા કરે છે તેના પર રાગદ્વેષ કરવો મિથ્યા છે. ઈત્યાદિ વિચાર કરી સમકિતી જીવ દરેક બનાવમાં સમભાવી રહે છે,

---

* દોહા—બંધા સોહી ભોગવે, કર્મ શુભાશુભ ભાવ;
ફલ નિર્જરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ.

શ્લોક—न कश्चित्कस्यचिन्मित्रं, न कश्चित्कस्यचिद्रिपुः ।
अर्थतस्तु निबध्यन्ते, मित्राणिरिपवस्तथा ॥

અર્થ—કોઈ કોઈનું મિત્ર કે શત્રુ નથી પરંતુ સ્વાર્થથી જ મિત્ર શત્રુ થાય છે. આમ મહાભારત શાન્તિપર્વના ૧૩૮ મા અધ્યાયમાં કહ્યું છે.

૨. સંવેગ—અંતઃકરણમાં નિરંતર વૈરાગ્યભાવ રાખે.

શ્લોક—शरीरमनसा जंतो, वेंदना प्रभवाद्भवात् ।
स्वप्नोन्द्रजाल संकल्पाद्रतिः संवेग उच्यते ॥

અર્થ—દેહ સંબંધી રોગાદિ દુઃખ તે શારીરિક અને મન સંબંધી ચિંતાદિ દુઃખ તે માનસિક: આ બન્ને પ્રકારનાં દુઃખ વડે સંસારી જીવો દુઃખી થઈ રહ્યા છે. વળી, ધન કુટુંબાદિ પૌદ્‌ગલિક સંપદા છે તે પણ સ્વપ્નવત્ * કે ઈંદ્રજાળના જેવી મિથ્યા અને નાશવંત છે, તેના સંયોગથી સુખની પ્રાપ્તિ કોઈ પણ પ્રકારે થતી નથી. એમ સમજી સમકિતી જીવ સંસારના સર્વ સંબંધથી ઉદાસીન ભાવ ધારણ કરે, નિરંતર વૈરાગ્યભાવમાં રમણ કરે તે સંવેગી કહેવાય છે.

૩. નિર્વેદ—આરંભ પરિગ્રહથી નિવૃત્તિભાવ ધારણ કરે. કારણ કે આરંભ પરિગ્રહ મહા અનર્થનું મૂળ છે, દાવાનળની પેઠે ક્ષમા, શીલ, સંતોષાદિ ગુણોનો ઘાતક છે. મિત્રતાનો નાશક અને વૈરવિરોધનો વધારનાર છે. અનેક અવગુણોનો ભંડાર છે. આરંભ પરિગ્રહનો ત્યાગ કરવાથી આત્મા નિજગુણ પ્રગટ કરી શકે છે. આવું જાણી સમકિતી જીવ તેને પ્રતિદિન કમી કરતા રહે છે. તેમ જ પાંચ ઈંદ્રિયોના ભોગોપભોગની સર્વ સામગ્રી તથા રાજરિદ્ધિ પ્રાપ્ત થવા છતાં પણ તેમાં લુબ્ધ થતા નથી, નિરંતર રુક્ષવૃત્તિ રાખે છે.

---

* કોઈ ભિક્ષુકે રાજરિદ્ધિ તથા કંદોઈની દુકાન પર ઘેવરાદિ મીઠાઈ જોઈ; રાત્રે ક્ષુધાપીડિત સૂતો. સ્વપ્નમાં જુએ છે તો શહેરમાં રાજા મૃત્યુ પામ્યો છે અને તેને સ્થાને તે રાજા બની ગયો છે, અને પેટપૂર્ણ ઘેવરાદિ મિષ્ટાન્ન ખાઈ સૂવાની તૈયારી કરે છે. એટલામાં કંઈ અવાજ થવાથી તેની આંખ ઊઘડી ગઈ. તે રોવા લાગ્યો ત્યારે કોઈએ પૂછયું ભાઈ ! કેમ રુએ છે ? તેણે કહ્યું, મારી રાજરિદ્ધિ, મીઠાઈ, વગેરે બધું ક્યાં ચાલ્યું ગયું ? અહીં તો મારી ફૂટી હાંડલી જ છે. હવે હું શું કરું ? લોકો કહેવા લાગ્યા, દીવાનો થઈ ગયો. માટે હે ભવ્ય જીવો ! આ બધી પ્રાપ્ત રિદ્ધિ સ્વપ્ન સમાન છે. તેના મોહમાં પડી માનવ જન્મનું સાર્થક નહિ કરો તો આયુષ્ય પૂર્ણ થયા બાદ ભિક્ષુકની પેઠે રોવું પડશે.

૪. **અનુકંપા**—અન્યને દુઃખી જોઇને આપણું હૃદય કંપે, દયાભાવ પ્રગટે તેનું નામ અનુકમ્પા.

श्लोक—सत्वं सर्वत्र वित्तस्य दयार्द्रत्व दयावतः ।
धर्मस्य परम मूलमनुकम्पा प्रवक्ष्यते ॥

અર્થ—ધર્મનું ઉત્કૃષ્ટ મૂળ+ અનુકંપા છે. આ મૂળ ધર્માત્માના અંતઃકરણમાં હોવાથી તેને સુખાભિલાષી જીવો પર દુઃખ પડેલું દેખીને અનુકંપા ઊપજે છે. અને દુઃખથી પિડાતાં તે બિચારાં પ્રાણીઓને યથા-શક્તિ સુખોપચાર કરી સુખી બનાવે છે. શ્રી તીર્થંકર પ્રભુ પણ સર્વ જીવો સમજી શકે તે પ્રકારના વચનાતિશય દ્વારા દેશના ફરમાવે છે.

સાધુ મહાપુરુષો પણ ક્ષુધા, તૃષા, શીત, તાપ, માર્ગાતિક્રમણનો પરિશ્રમ, ઇત્યાદિ પરિષહો સહીને પણ ગ્રામાનુગ્રામ વિહાર કરી ઉપદેશ આપતા રહે છે, તેનો પણ મુખ્ય હેતુ જગતના જીવોને શારીરિક, માનસિક દુઃખોથી છૂટવાનો ઉપાય બતાવવાનો જ હોય છે, એ પણ અનુકંપા જ છે. શ્રાવકો પણ ભૂખ્યાં ને અન્ન અને તરસ્યાને પાણી વગેરે આપી દુઃખીયાંને દુઃખમુક્ત કરે છે તે પણ અનુકંપા છે. અન્યને દુઃખી દેખી દિલમાં અનુકંપા ન આવે તે અભવ્યનું લક્ષણ છે.

ઇંગાલમર્દન આચાર્યવત્ * સામ્પ્રત સમયે કેટલાક આભિગ્રહિક

+ દોહા—દયા ધર્મકો મૂલ હે, પાય મૂલ અભિમાન,
'તુલસી' દયા ન છોડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.

* પાટલિપુત્ર નગરના ચંદ્રગુપ્ત રાજાએ પાખીનો પોષો કરેલ. રાત્રે તેમણે સ્વપ્નામાં જોયું કે ૫૦૦ હાથીનો નાયક એક ભુંડ [સૂવર] બન્યો છે. સવારે ૫૦૦ સાધુના પરિવારે ઉક્ત આચાર્ય આવ્યા. તેમની પરીક્ષાને અર્થે રાજાએ તેઓ જે સ્થાનમાં ઊતર્યા હતા તેની નજીક રાત્રિના સમયે કોલસા બિછાવી દીધા. રાત્રે માત્રુ પરઠવવા જતાં બધા સાધુ 'જીવડા' છે એવી ભ્રાન્તિથી પાછા ફરી ગયા. અને આચાર્ય તો કોલસા ખૂંદતા ચાલ્યા ગયા. બુદ્ધિવાન રાજા સમજી ગયો કે, ભુંડ સમાન અનુકમ્પા રહિત આચાર્ય કોઇ અભવ્ય જીવ દેખાય છે. પ્રાતઃકાળમાં સાધુઓને સમજાવીને તેમને આચાર્ય પદથી દૂર કર્યા અને અન્ય યોગ્ય સાધુને આચાર્ય બનાવ્યા. આ પ્રમાણે, અભવ્યને અનુકંપા હોતી નથી.

મિથ્યાત્વી દુરાગ્રહી બની વીતરાગ વચનને વિપરીત પરિણમાવી ભોળા જીવોને ભ્રમમાં ફસાવવા કહે છે કે, મરતા જીવને બચાવશો તો તે જીવિત રહી જે જે પાપ કરશે તેની ક્રિયા (પાપનો હીસ્સો) બચાવનારને લાગશે ! કેમ જાણે મૃત્યુથી જીવનો અંત આવી જતો હોય અથવા ભવાંતરે કશું પાપ તે કરવાનો જ ન હોય ! આવા લોકોના દિલમાં અનુકંપા હોતી નથી, પણ અનુકંપાવત ભોળા મનુષ્યોની અનુકંપાનો પણ ઉચ્છેદ કરી ઉત્સૂત્ર પ્રરૂપણા વડે અનંત સંસાર વધારી દે છે. પોતે ડૂબે છે, બીજાને ડૂબાડે છે.

સમકીતી જીવો તો જાણે છે કે, 'કરશે તે ભોગવશે.' તીર્થંકર પ્રભુ અને તેમના શાસનપ્રવર્તક આચાર્ય, ઉપાધ્યાય, અણગારાદિ જગજીવોને દુઃખમુક્ત કરવા માટે ધર્મોપદેશ આપે છે અને તેના પરિણામે અનેક જીવો સાધુનો કે શ્રાવકનો ધર્મ અંગીકાર કરી સદ્ગતિ પામે છે. બધા જીવો કંઇ મોક્ષમાં જતા નથી. પણ મોટો ભાગ તો દેવગતિમાં જ જાય છે. ત્યાં દેવાંગનાઓ સાથે વિષય–સેવન આદિ પાપ કરે છે, તો શું તે પાપનો હિસ્સો તીર્થંકરાદિ ધર્મોપદેશકને લાગશે ખરો ? જો આમ હોય તો પછી ધર્મ કે ધર્મોપદેશક બધું નિરર્થક જ બની જાય.

આવી જ રીતે સમકિતી કે શ્રાવકો અનાથ, અપંગ તેમ જ મૃત્યુના મુખમાં પડતા જીવોને દુઃખમુક્ત કરવાના આશયથી બચાવે છે, તેમને સૂયગડાંગ સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં કહ્યા પ્રમાણે 'दाणाण–सेट्ठं अभयप्पयाणं' સર્વ દાનમાં શ્રેષ્ઠ અભયદાનનું ફળ પ્રાપ્ત થાય છે. ચિંતામણિ રત્નના બદલામાં પ્રાણ આપવાનું કોઇને કહેવામાં આવે તો તે તત્કાલ ચિંતામણિને ફેંકી દેશે અને પોતાના પ્રાણ બચાવશે. આથી સમજાય છે કે, ત્રણ લોકની સંપદાથી પણ પ્રાણ અધિક પ્રિય છે. થોડું દ્રવ્ય આપવાથી અમૂલ્ય પ્રાણ બચે તો જીવને બચાવવા તે મહાન લાભનું કારણ છે.

'आत्मवत् सर्व भूतानि यः पश्यति सः पश्यति' અર્થાત્ સમ્યગ્દષ્ટિ તો પોતાના પ્રાણ જેવા જ સર્વના પ્રાણને પ્રિય સમજે છે અને યથાશક્ય અન્ય જીવોને અભયદાન આપવામાં તત્પર રહે છે. તેઓ તો કસાઇ આદિ દુષ્ટ પ્રાણીઓને પણ અનુકમ્પા બુદ્ધિથી દુષ્ટ કર્મોથી છોડાવવા યથાશકિત પ્રયત્ન કરતા રહે છે.

જો તેઓ પાપકર્મ છોડે તો ઠીક, ન છોડે તો તેમાં અશુભ કર્મોના ઉદયની પ્રબલતા જાણી તેમના પર દ્વેષ કરતા નથી. જેવી રીતે ગૃહસ્થ પોતાના કુટુંબને દુઃખથી બચાવવા ઉપચાર કરે છે તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ પણ સર્વ પ્રાણીઓને પોતાના મિત્ર માનીને मित्ती मे सव्व-भूएसु ' એ જિનાજ્ઞાને અનુકૂળ આચરણ કરી. ' वसुधैव कुटुम्बकं ' અર્થાત્ સર્વ જીવોને પોતાના કુટુંબવત્ માને છે અને તેમના હિતની, સુખની યોજના કરે છે.

ડાહ્યા પુરુષોએ દાનથી પણ દયા—અનુકંપા અધિક કહી છે. કારણ કે ધન ખૂટી જવાથી દાન દેવાનું બની શકતું નથી, પણ અનુ-કંપાનું ઝરણુ તો સમદૃષ્ટિ જીવોના હૃદયમાં નિરંતર વહેતું જ રહે છે. અને આ અનુકંપા એ સમકિતીનું લક્ષણ છે.

૫. આસ્થા—શ્રી જિનેશ્વરભાષિત ધર્મ અને ધર્મશાસ્ત્ર પર દૃઢ શ્રદ્ધા—પ્રતીતિ રાખે. કહેવત છે કે, 'આસતા સુખ સાસતા' અર્થાત્ આસ્તાથી શાશ્વતા સુખની પ્રાપ્તિ થાય છે. મંત્ર, યંત્ર, જડીબુટ્ટી ઔષધ, વ્યાપાર અને ધર્મ આદિ દરેક વિષયમાં વિશ્વાસ (આસ્થા) હોય તેને ફળ પ્રાપ્તિ થાય છે. ભૂતકાળ તરફ નજર કરીશું તો અર-હન્નકજી, કામદેવજી, મંડૂકજી * શ્રેણિક મહારાજા અને કૃષ્ણ વાસુદેવ આદિ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકો કેટલી બધી દૃઢ શ્રદ્ધાના ધારક હતા !

* અરહન્નક, કામદેવ, શ્રેણિક અને કૃષ્ણજીનું ચરિત્ર ઘણા જૈનબંધુઓ જાણતા હોય છે. પરંતુ મંડૂક શ્રાવક વિષે ઘણા અજ્ઞાન હોય છે, તેથી અહીં તેમનો ટૂંકો પરિચય આપીએ છીએ. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, રાજગૃહી નગરીના ગુણશીલ ચૈત્યમાં મહાવીર પ્રભુએ પંચાસ્તિકાય વિશે વ્યાખ્યાન ફરમાવ્યું તેની સમજ કાલિયાદિ અન્ય તીર્થિઓને ન પડવાથી તેઓ સમવસરણની બહાર નીકળી ઉપહાસ કરવા લાગ્યા. એટલામાં મંડૂક શ્રાવક પ્રભુ દર્શનાર્થે જતો હતો તેને જોઈ બોલ્યા કે તારા ગુરુ મહાવીર તો ગપ્પાં મારે છે. આજે વ્યાખ્યાનમાં કહ્યું કે ધર્માસ્તિકાય ચલનસહાય છે વગેરે; પણ અમે તો તેને જરા પણ જોઈ શકતા નથી. મંડૂકજી વિશેષજ્ઞ તો નહોતા, પણ ઉત્પાતિકી બુદ્ધિથી તરત જવાબ આપ્યો કે, આ વૃક્ષનાં પાંદડાં કોણ હલાવે છે? તેમણે કહ્યું કે પવન. મંડૂકજી બોલ્યા—પવનને તમે જોઈ શકો છો ? તેઓ કહે, ના. તો પછી પવનનું નામ શા માટે લો છો ? ત્યારે તેઓ કહે—પાંદડાં હાલતાં જોઈને. ત્યારે મંડૂકજી બોલ્યા—જેમ વાયુ સૂક્ષ્મ છે તેમ ધર્માસ્તિકાય પણ સૂક્ષ્મ છે, અને જેમ વાયુ પાંદડાં હલાવવામાં સહાયક છે તેમ ધર્માસ્તિકાય ચલન શક્તિમાં સહાયક છે, ઈત્યાદિ પ્રત્યુત્તરથી પ્રતિપક્ષને નિરુત્તર બનાવી તેઓ સમવસરણમાં આવ્યા. ભગવાને ચારે તીર્થ સન્મુખ તેમની તારીફ કરી.

મરણાંત ઉપસર્ગથી કે દેવતાના ડગાવવાથી તેઓ કિંચિત્ પણ ચલાયમાન થયા ન હતા. એટલું જ નહિ પણ, તેમની ધર્મદૃઢતા જોઈને ઉપસર્ગ દેનારા પણ મિથ્યાત્વનો ત્યાગ કરી સમકિતી બની ગયા હતા. આવી દૃઢ શ્રદ્ધાથી જ તેઓ એકાવતારી થયા અથવા તીર્થંકર નામ કર્મ ઉપરાજી શકયા. માટે ધર્મમાં દૃઢ શ્રદ્ધા રાખવી.

કેટલાક અન્ય મતાવલંબીઓ જૈન ધર્મને અર્વાચીન બતાવે છે. અને પોતપોતાના ધર્મને પ્રાચીન બતાવી જૈનોને શ્રદ્ધાભ્રષ્ટ બતાવે છે. પરંતુ તેમણે જાણવું જોઇએ કે, વેદ, પુરાણ તથા અન્ય અનેક ગ્રંથોથી જૈન ધર્મ બધા ધર્મથી પ્રાચીન છે–અનાદિ છે એવું સિદ્ધ થાય છે. આના અનેક પ્રમાણો છે, તેમાંથી થોડાક નીચે આપીએ છીએ.

(૧) ॐ नमोऽर्हन्तो ऋषभो वा ॐ ऋषभं पवित्रम् ।

[યજુર્વેદ અધ્યાય ૨૫, મંત્ર ૧૯]

(૨) ॐ त्रैलोक्य प्रतिष्ठतानां, चतुर्विंशति तीर्थंकराणाम् ।
ऋषभादि वर्धमानान्तानां, सिद्धानां शरणं प्रपद्यते ॥

[ઋગવેદમાં આ મંત્ર છે.]

અર્થ—ઋષભદેવથી વર્દ્ધમાનપર્યંત જે ચોવીસ તીર્થંકરો ત્રણ લોકમાં પ્રતિષ્ઠિત છે તેમનું મને શરણ હો.

(૩) ॐ रक्ष रक्ष अरिष्ठनेमि स्वाहा । वामदेव शान्त्यर्थ मुपवि-
धीयते सोऽस्माकं अरिष्टनेमि स्वाहा ॥

[યજુર્વેદ અ. ૨૫]

(૪) ॐ स्वस्तिःने इन्द्रो वृद्धश्रवाः, स्वस्तिनःपूषा विश्ववेदाः ।
स्वपस्तिनस्ताक्ष्यों अरिष्टनेमिः, स्वस्तिनो ब्रहस्पति दधातु ॥

[ઋગ્વેદ અષ્ટક ૧, અધ્યાય ૬.]

ઉક્ત બંને મંત્રોમાં બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિ ભગવાનનું નામ છે. આ પ્રમાણે વેદોમાં જૈન તીર્થંકરોનાં નામ છે. આથી સાબિત થાય છે કે વેદોની રચના થઇ તે પહેલાં પણ જૈન ધર્મ વિદ્યમાન હતો.

હવે પુરાણના દાખલા લઇએ.

(૫) रैवताद्रो जिनो नेमिः युगादि विमलाचले ।
ऋषिणामाश्रमादेव, मुक्तिमार्गस्य कारणम् ॥

[પ્રભાસ પુરાણ]

અર્થાત્—રૈવતગિરી ઉપર નેમિનાથ, વિમલાચલ ઉપર ઋષભદેવા : એમણે ઋષિઓના આશ્રમથી મુક્તિનો માર્ગ ચલાવ્યો.

(૬) नाहं रामो न मे वांछा, भावेपु च न मे मनः ।
शान्तिमास्थातु मिच्छामि, चात्मयेव जिनो यथा ॥

અર્થ—યોગવાસિષ્ઠમાં વશિષ્ઠ ઋષિને શ્રી રામચંદ્રજીએ કહ્યું છે કે, હું રામ નથી. મારી કોઇ કાર્યમાં ઇચ્છા પણ નથી. હું તો જિનદેવની પેઠે આત્મશાંતિ પ્રાપ્ત કરવા ઇચ્છું છું.

(૭) दश भोजितै विभि, यत्फल जायते कृतौग्रैः ।
मुनिमर्हन्तभक्तस्य तत्फलं जायते कलौ ॥

[નગર પુરાણ]

અર્થ—સતયુગમાં ૧૦ બ્રાહ્મણોને ભોજન દેવામાં જેટલું ફળ થતું હતું તેટલું કલિયુગમાં અહંતના ભક્ત મુનિને ભોજન આપવાથી થાય છે.

(૮) जैना एकस्मिन्नेव वस्तुनि उभये निरुपयन्ति ।

[પ્રભાસ પુરાણ]

અર્થ—જૈનો ફક્ત એક જીવમાં જ કર્તૃત્વ-ભોક્તૃત્વનું નિરૂપણ કરે છે.

(૯) दर्शनवर्त्म वीराणां, सुरासुरनमस्कृतः ।
नीतित्रितय कर्ता यो, युगादौ प्रथमो जिनः ॥

[મનુસ્મૃતિ]

અર્થ—વીર પુરુષોને માર્ગ બતાવનાર, દેવ અને દૈત્યોથી નમસ્કાર પામેલા, યુગની આદિમાં ત્રણ પ્રકારની નીતિના સ્થાપનકર્તા એવા પ્રથમ જિન થયા.

(૧૦) एको रागिषु राजते, प्रियतमा देहार्धधारी हरो ।
नीरागेषु जिनो विमुक्त ललना, सङ्गो न यस्मात्परः ॥

અર્થ—રાગીઓમાં તો એક શંકર જ શોભે છે કે જેમણે પોતાના અર્ધાંગમાં પત્નીને રાખ્યાં છે, અને નિરાગીઓમાં જેમણે લલનાનો ત્યાગ કર્યો છે એવા જિન (વીતરાગ) શ્રેષ્ઠ છે.

(૧૧) नाभिस्तु जनयेत्पुत्र, मरुदेव्यां महाद्युति ।
ऋषभं क्षत्रिय ज्येष्ठं, सर्व क्षत्रिस्य पूर्वजं ॥

[બ્રહ્મપુરાણ]

અર્થ—નાભિ રાજા અને મરુદેવીના આત્મજ મહા કાંતિવાન શ્રી ઋષભદેવજી સર્વ ક્ષત્રિયોમાં જ્યેષ્ઠ અને સર્વ ક્ષત્રિયોમાં પૂર્વજ છે.

(૧૨) प्रथमं ऋषभो देवो, जैनधर्म प्रवर्तकः ॥ ११ ॥
एकादशः सहस्राणि, शिष्याणां धरितो मुनिः ।
जैनधर्मस्य विस्तारं, करो।ते जगतितले ॥ १२ ॥

[શ્રીમાલપુરાણ]

અર્થ—પ્રથમ શ્રી ઋષભદેવજીએ ૧૧૦૦૦ શિષ્યો સહિત જૈનધર્મનો જગતમાં પ્રચાર કર્યો.

(૧૩) हस्ते पात्रं दधानाश्च, तुण्डे वस्त्रस्यधारकाः ।
मलिनान्येव वासांसि, धारयन्त्यल्प भाषिणं ॥ २५ ॥

[શિવપુરાણ ×]

અર્થ—હાથમાં પાત્ર અને મુખે વસ્ત્ર ધારણ કરનાર, મલિન વસ્ત્રો પહેરનાર અને થોડું બોલનાર જૈનમુનિ હોય છે.

ઉપરોક્ત પુરાણોનાં પ્રમાણોથી પણ સિદ્ધ થાય છે કે જૈન ધર્મના (આ યુગના) આદિ પ્રવર્તક શ્રી ઋષભદેવ ભગવાન હતા. કેટલાક કહે છે કે જૈનધર્મ ગૌતમઋષિએ પ્રવર્તાવ્યો છે. તેમનું આ કથન પ્રમાણસિદ્ધ

× શિવપુરાણ ૫૦૦૦ વર્ષ પહેલાં થઇ ગયેલા વેદવ્યાસજીએ રચ્યાનું તેમનાં શાસ્ત્રોમાં કથન છે, એટલે ૫૦૦૦ વર્ષ પહેલાં જૈન સાધુઓ મોઢે મુહપત્તી ધારણ કરતા હતા અર્થાત્ બાંધતા હતા.

નથી. ગૌતમઋષિએ તો ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી હતી.

શ્રીપાલ પુરાણના ૭૩ મા અધ્યાયમાં કહ્યું છે કે—

(૧૪) गौतमोऽपि ततो राजन् ! गतो काश्मीरके ततः ।
महावीर दिक्षया च, धत्ते जैन त्वमिप्सितम् ॥ १२ ॥

અર્થ—વસિષ્ઠ ઋષિ માંધાતાને કહે છે કે, હે રાજન્ ગૌતમ કાશ્મીર દેશમાં ગયા અને મહાવીર પાસે દીક્ષા લઈને ઇચ્છતાર્થની સિદ્ધિ કરી.

(૧૫) द्विसहस्रा गता राजन्, अद्वाः कलियुगो यदा ।
तदा जातो महावीरो, देशे काश्मीर के नृपः ॥ ३ ॥
गौतमोपि तदा तत्र, धारितुं जैनधर्मकम् ।
श्रीयावाक्येन संतुष्ठो, जगाम श्रीनिकेतनाम् ॥ ४ ॥
(શ્રીમાલપુરાણ અધ્યાય ૭૪)

અર્થ—હે રાજન્ ! જ્યારે કળિયુગનાં બે હજાર વર્ષ ગયાં ત્યારે કાશ્મીર દેશે મહાવીર ઉત્પન્ન થયા. તે વખતે લક્ષ્મીના કહેવાથી તેમની પાસે ગૌતમ દીક્ષા લેવા ગયા.

(૧૬) भो भो स्वामिन्महावीर, दीक्षां देहि मम प्रभो ।
जैनधर्म संगृहीतु मागत स्तव सन्निधौ ॥ ६ ॥

અર્થ—ગૌતમ બોલ્યા કે, હે મહાવીર પ્રભો ! મને દીક્ષા આપો. હું આપની પાસે જૈનધર્મ ધારણ કરવા આવ્યો છું.

આ બધાં પ્રમાણોથી સાબિત થાય છે કે જૈન ધર્મ ગૌતમ ઋષિથી પહેલાંનો છે.

હવે કેટલાક કહે છે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મમાંથી નીકળ્યો છે. પરંતુ આ કથન પણ સત્ય નથી. કેમકે (૧) શ્રી મહાવીર સ્વામીનો જન્મ 'ક્ષત્રિયકુંડ' નગરમાં થયો છે અને બુદ્ધ (શાક્યસિંહ) નો જન્મ 'કપિલવસ્તુ' નગરમાં થયો છે. (૨) મહાવીરસ્વામીના માતાપિતા મહાવીર સ્વામી ૨૮ વર્ષના થયા ત્યારે મૃત્યુ પામ્યાં અને બુદ્ધનાં માતા બુદ્ધનો જન્મ થતાં જ મૃત્યુ પામ્યાં છે (૩) શ્રી મહાવીરસ્વામીએ પોતાના મોટા ભાઈની આજ્ઞાથી દીક્ષા લીધી છે અને બુદ્ધે પોતાના

કુટુંબની આજ્ઞા લીધા વિના જ દીક્ષા લીધી છે. (૪) મહાવીર સ્વામીએ ૧૨॥ વર્ષ અને ૧૫ દિવસ તપશ્ચર્યા કરી અને બુદ્ધે છ વર્ષ તપશ્ચર્યા કરી છે. (૫) મહાવીરે તપશ્ચર્યાને ધર્મનું મુખ્ય અંગ એટલે મુક્તિનું કારણ બતાવેલ છે. અને બુદ્ધે તપશ્ચર્યાના સમયને ફોકટ કહ્યા છે. (૬) મહાવીર પાવાપુરીમાં નિર્વાણ પામ્યા અને બુદ્ધનો દેહોત્સર્ગ કુંડિકુંડમાં થયો.

આથી એ સિદ્ધ થાય છે કે, મહાવીર અને બુદ્ધ એ બન્ને ભિન્ન વ્યક્તિઓ હતી. તેમ જ મહાવીરે પ્રવર્તાવેલ જૈન ધર્મ અને બુદ્ધે પ્રવર્તાવેલ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોમાં પણ તફાવત છે. જૈન ધર્મે હિંસાના કારણભૂત માંસભક્ષણની સાફ મના કરી છે અને બુદ્ધે ગૃહસ્થોએ તૈયાર કરેલું માંસ પોતાના સાધુ ગ્રહણ કરે તે પ્રવૃત્તિને નિર્દોષ બતાવી છે. જૈનમત સ્યાદ્વાદ છે. બૌદ્ધ મત ક્ષણિકવાદ છે.

જૈનધર્મ એ બૌદ્ધ મતની શાખા નથી એ વાત હવે સિદ્ધ થઈ ચૂકી છે. પાશ્ચાત્ય વિદ્વાનોની એ ભ્રમણા હવે દૂર થઈ છે. કારણ કે ખુદ બૌદ્ધનાં ધર્મશાસ્ત્રોમાંથી જ એની પુષ્ટિનાં અનેક પ્રમાણો મળી આવે છે. જેવાં કે—૧. 'મહાવીર' ના છઠ્ઠા અધ્યયનમાં લખ્યું છે કે મહાવીરના સિંહ નામના શ્રાવકે બુદ્ધદેવની મુલાકાત લીધી હતી. ૨. 'મજ્ઝિમનિકાય' માં લખ્યું છે કે, મહાવીરના ઉપાલી નામના શ્રાવકે બુદ્ધદેવની સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો. આવાં આવાં ઘણાં પ્રમાણોથી સાબિત થાય છે કે બૌદ્ધ ધર્મથી પણ જૈન ધર્મ પ્રાચીન અને સ્વતંત્ર છે.

વેદમાં પણ તીર્થંકરોની સ્તુતિ હોવાથી જૈન ધર્મ વેદોથી પણ પ્રાચીન છે. પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન થઈ ગયાને અસંખ્ય વર્ષો વીત્યાં છે અને ઋષભદેવની પહેલાં પણ જૈન ધર્મ નહોતો એમ નથી. ભૂતકાળમાં અનંત ચોવીસીઓ થઈ ગઈ છે. વળી, મહાવિદેહમાં સદાકાળ જૈન ધર્મ પ્રવર્તમાન હોય છે. એટલા માટે જૈન ધર્મ સનાતન અને સત્ય છે એવી દૃઢ આસ્થા રાખી કોઈના ચળાવ્યા કદી પણ ચલાયમાન થવું નહિ. સમકિતમાં દૃઢ રહેશે તે જ આત્માનું પરમ કલ્યાણ કરી પરમાનંદ પ્રાપ્ત કરી શકશે.

હાલમાં જૈનો અને વિશેષતઃ સાધુમાર્ગી જૈનોમાં ઘણે અંશે શ્રદ્ધાની ન્યૂનતા નજર આવી રહી છે. છાણમાં ખોડેલો ખીલો જેમ નમાવે તેમ નમી જાય અને નર્મદા નદીનો ગોલક પાષાણ જેમ દોડાવે તેમ દડી જાય, એવી સ્થિતિ કેટલાક ભાઈઓની ધર્મશ્રદ્ધા વિષયે થઈ ગઈ છે. અને તેથી જ આ મહાન પ્રભાવક, પરમ કલ્યાણકારી જૈન-ધર્મના પાલક, અને ઇચ્છિત ફલદાતા નવકારમંત્રનું સ્મરણ કરનાર હોવા છતાં પણ દિન પ્રતિદિન ધનમાં, જનસંખ્યામાં, સુખમાં અને ધર્મમાં અવનતિને પ્રાપ્ત થતા રહે છે, અને ઘણો ભાગ દુઃખી દેખાય છે. એ જોઈ સખેદાશ્ચર્ય થાય છે.

તેમાંના કેટલાક શ્રીમંતો થોડા કે ઘણા કાળને માટે સુખ-સામગ્રીનો પરિત્યાગ કરે છે અને વ્યવહારિક કરણી જેવી કે, ચારે સ્કંધ ધારણ કરી લેવા, દુષ્કર વ્રતાચરણ, દુષ્કર તપશ્ચર્યા, સામાયિક, પૌષધવ્રત આદિ કરે છે, પરંતુ દૃઢ શ્રદ્ધાની અનુપસ્થિતિમાં તેઓ કરેલી કરણીનું યથાતથ્ય ફળ પ્રાપ્ત કરી શકતા નથી. કારણ કે તેઓમાંના ઘણાક તો સદ્જ્ઞાનના અભાવથી યશ અને માનપૂજાના ભૂખ્યા બની કરણી કરે છે. તેઓ કરોડોનો માલ કોડી બદલે ખોઈ બેસે છે. માટે હે ભવ્યો! દેહ, ધન, યશ અને સુખાદિની પ્રાપ્તિ તો અનંતી વાર થઈ ગઈ છે. તેનાથી જીવની કશી ગરજ સરી નહિ પરંતુ "सद्धा परम दुल्लहा". એક શ્રદ્ધા જ પરમ દુર્લભ છે.

કરણી કરવામાં તો મહા પરિશ્રમ વેઠવો પડે છે. તે તો કરી લો છો, પણ વગર પરિશ્રમે પ્રાપ્ત થઇ શકે તેવી શ્રદ્ધા રાખવામાં શિથિલ બની જાઓ છો, એ ઘણા ખેદની વાત છે. માટે ચેતો! અને સદ્ભાગ્યોદયથી પ્રાપ્ત થયેલા સત્યધર્મ પર નિશ્ચલ શ્રદ્ધાવાન્ રહી ધન, સ્ત્રી, પુત્ર, યશાદિની સ્પૃહા છોડો. શ્રધ્ધાપૂર્વક યથાશક્તિ કરણી કરી તેનું મહાન ફળ—મોક્ષને નજીક લાવનારું ફળ પ્રાપ્ત કરવા ઉદ્યુક્ત બનો.

ઉપર્યુક્ત ૧. શમ, ૨. સંવેગ, ૩. નિર્વેદ, ૪. અનુકંપા અને, ૫. આસ્થાઃ આ પાંચ લક્ષણ જેનામાં હોય તેને સમકિતી જાણવો.

આ લક્ષણોથી પોતે પોતાની અભ્યંતર ભાવે પરીક્ષા કરી શકે છે કે મને સમકિત થયું છે કે નહિ!

સાતમે બોલે ભૂષણ ૫

આભૂષણોથી જેમ મનુષ્ય શોભે છે તેમ નીચે દર્શાવેલા પાંચ પ્રકારના ગુણોરૂપ ભૂષણોથી સમકિતી શોભે છે.

૧. ધર્મમાં કુશળ હોય–ધર્મમાં કુશળતા ૩૨ સૂત્રના જ્ઞાનથી આવે છે. કુશળતાપૂર્વક કરાયેલું હરેક કાર્ય સારું હોય છે. ડાહ્યો માણસ કોઇ પણ પ્રવૃત્તિ હાથ ધરતા પહેલાં તે સંબંધીનું આવશ્યક જ્ઞાન પ્રાપ્ત કરી લે છે અને માર્ગમાં આવતી મુશ્કેલીઓનો ધીરજથી સામનો કરી તેને પાર પહોંચાડે છે. કોઇનો ડગાવ્યો ડગતો નથી.

તેવી જ રીતે, સમકિતી પણ ધર્મકાર્યને તથારૂપ તથા યથાર્થ ફલદાયી બનાવવાને માટે પ્રથમ તો ગીતાર્થ ગુરુ આદિની પાસેથી તદ્વિષયક જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મકાર્યમાં કુશળ બને છે અને પછી તે જ્ઞાનના પ્રભાવથી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મને પ્રદીપ્ત કરવા માટે અનેક નવી યુક્તિઓની યોજના કરે છે.

ઉપદેશમાં, વ્રતમાં, તપાદિમાં કૌશલ્ય (ચતુરાઈ) બતાવી અન્ય અનેક ભવ્ય આત્માઓનાં મન તે તરફ આકર્ષે છે અને પાખંડીઓના કુતર્કવાદના છલથી ચલિત ન થતાં ઉત્પાતિકી બુદ્ધિથી તેમના કુતર્કોનું ખંડન કરી ન્યાયયુક્ત સત્ય પક્ષનું સ્થાપન કરે છે.

૨. તીર્થસેવા કરે–દુસ્તર સંસાર સાગરના તીરે એટલે કિનારે રહેલું જે મોક્ષસ્થાન તેને પ્રાપ્ત કરવાના અધિકારી જે સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકા એ ચાર * તીર્થ છે, તેમને ધર્મારાધનના

---

* મુર્શિદાબાદ અજિમગંજના બાબુ ધનપતસિંહજી તરફથી પ્રકાશિત નંદીસૂત્ર પૃષ્ઠ ૨૨૪ માં કહ્યું છે કે, નદી તથા યાત્રા કરવાનાં તીર્થ તે સર્વ દ્રવ્ય તીર્થ, જિસ કર સંસાર ન તિરાય, અને સાવદ્ય કર્તવ્ય. તીર્થંકર તીરના નહીં હે,

કાર્યમાં સહાયતા દેવી, સેવાભક્તિ કરવી એ સમકિતીનું ભૂષણ છે. જેવી રીતે રાજાની સેવા કરતાં રાજ્યસુખોની પ્રાપ્તિ થાય છે તેવી રીતે ચતુર્વિધ સંઘતીર્થની સેવા પણ મુક્તિદાયક નીવડે છે.

તીર્થસેવકોનું કર્તવ્ય છે કે સાધુ સાધ્વીની અનન્યભાવે ભક્તિ કરે, ગુણગ્રામ કરે, યથોચિત નિર્દોષ સ્થાનક, આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધોપચાર આદિ જે જોઈએ તે સ્વયં આપે. અન્ય પાસેથી અપાવે, વ્યાખ્યાન શ્રવણ કરી હૃદયમાં ધારે, યથાશક્તિ વ્રત નિયમ સ્વયં કરે, અન્ય પાસે કરાવે, તન, મન, ધનથી યથોચિત ધર્મોન્નતિ સ્વયં કરે અને અન્ય પાસે કરાવે.

ચોથા આરામાં સાધુઓ ગામ બહાર ઊતરતા હતા, ત્યાં પણ લોકો ધર્મલાભ લેવા જતા હતા, સર્વસ્વનું બલિદાન કરી ધર્મોન્નતિ કરતા હતા, પરંતુ આજના જમાનામાં કેટલાક ભારેકર્મી જીવો એવા છે કે, ઘરની નજીકમાં ઊતરેલા સાધુનાં દર્શન કે વાણીશ્રવણનો લાભ પણ લઈ શકતા નથી.

જે ભાવ તીર્થ તે ચતુર્વિધ સંઘ જ જ્ઞાનાદિ સહિત, જે ભાવથકી તીરે તે ભાવ તીરથ. તથા ક્રોધાગ્નિ દાહ ઉપશમાવવો, લોભ, (તૃષ્ણા) ટાળવો, કર્મમલ ફેડવું અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર એ વિશે રહીશે તીણને ભાવતીર્થ કહીએ."

શ્રી યોગીંદ્રદેવ રચિત "શ્રી અનુભવમાળા" અપરનામ "સ્વાનુભવ દર્પણ" જેનું ભાષાંતર શ્રી માણેકલાલ ઘેલાભાઈ તથા ફતેચંદ કપૂરચંદ લાલને મળી કર્યું છે, અને જે સં. ૧૯૬૨ ના અષાઢમાં મુંબઈ નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ છે તેના બાવનમાં પૃષ્ઠ પર લખ્યું છે કે—

દોહરા—ભમે કુતીર્થે ત્યાં સુધી, કરે ધૂર્તતા ઢંગ;
સદ્ગુરુ વચન ન સાંભળે, કરે કુગુરુનો સંગ. ૪૦
તીર્થે ને દહેરાં વિશે, નિશ્ચે દેવ ન જાણ;
જિન ગુરુ વાણી ઈમ કહે, દેહમાં દેવ પ્રમાણ. ૪૫
તનમંદિરમાં જીવ જિન, મંદિર-મૂર્તિ ન દેવ;
રાજા ભિક્ષાર્થે ભમે, એવી જનને ટેવ. ૪૬
નથી દેવ દહેરા વિષે, છે મુર્તિ ચિત્રામ,
જ્ઞાની જાણે દેવને, મૂર્ખ ભમે બહુ ઠામ, ૪૭
ખરો દેવ છે દેહમાં, જ્ઞાની જાણે તેહ;
તીર્થ દેવળ દેવ નહિ, પ્રતિમા નિશ્ચય એહ. ૪૮

કહ્યું છે કે–

પુણ્યહીન પામે નહીં, ભલી વસ્તુનો જોગ;
દ્રાક્ષ પાકી ત્યાં થયો, કાગ કંઠમાં રોગ.

અર્થાત્ જ્યારે દ્રાક્ષ પાકે છે ત્યારે કાગડાને કંઠમાળનો રોગ થાય છે, તેથી તે દ્રાક્ષ ખાઈ શકતો નથી, પણ લીંબોળીઓ પાકે ત્યારે તે નીરોગી થઈ જાય છે. તેવી રીતે હે ભાઈઓ! ધન સમ્પદાદિનો યોગ તો અનંત વાર મળી ગયો છે અને ફરી પણ મળશે, પરંતુ મુનિ–દર્શનનો યોગ મળવો મહા મુશ્કેલ છે.

સુંદરદાસજીએ સત્ય જ કહ્યું છે કે :–

मात मिले, सुत भ्रात मिले, पुनि तात मिले, मनवंच्छित पाइ ।
राज मिले, गजवाजि मिले, सुख साज मिले, युवति सुखदाइ ॥
इहलोक मिले, परलोक मिले, सब थोक मिले स्वर्ग सिधाइ ।
"सुंदर" सब सम्पति आन मिले, पन साधु समागम दुर्लभ भाइ ॥

આવું જાણી સદ્ભાગ્યના ઉદયથી સાધુ સાધ્વીનો સુયોગ મળી જાય તો તેમની સેવાથી સમકિતી જીવ કદાપિ વંચિત રહેતો નથી. આ જ પ્રમાણે, સ્વધર્મી શ્રાવક શ્રાવિકાની સેવાભક્તિમાં પણ લાભ સમજવો જોઈએ.

શ્રાવક કરણીની સજ્ઝાયમાં કહ્યું છે કે "સ્વામી વત્સલ કરજે ઘણા, સગપણ મોટા સ્વામી તણા." અહીં સ્વામીનો અર્થ સાધર્મી સમજવો. (સાહમ્મી) માત, તાત, ભ્રાત, સ્ત્રી, પુત્રાદિ જે સાંસારિક સંબંધ છે તે તો બધા સ્વાર્થના છે અને આત્મોદ્ધારના કાર્યમાં વિઘ્નકર્તા છે. અને સાધર્મી ભાઈનું સગપણ છે તે પારમાર્થિક અને આત્મોન્નતિના કાર્યમાં સહાયક છે; એટલા માટે સ્વધર્મીની વાત્સલ્યતા–સેવા ભક્તિમાં સમકિતી જીવ સદૈવ તત્પર રહે છે.

જ્ઞાનના અભિલાષીને પુસ્તકાદિ જ્ઞાનનાં ઉપકરણો આપે છે, તપ–સ્વીને ઊનું પાણી લાવી આપવું, તેલ વગેરેનું મર્દન કરવું, પથારી

કરી આપવી, પડિલેહણ કરી આપવું, અતર્વારણે તેમજ પારણે સાતા ઉપજાવવી, વિશેષજ્ઞ ધર્મોપદેશકને સુખોપજીવી બનાવવા, અનાથ, સાધમીં અપંગ ગરીબોને દ્રવ્ય, આહાર, વસ્ત્રાદિની સહાયતા દેવી, વ્યાપારાદિમાં યથોચિત સહાયતા આપવી, ગુણગાન–સમકિતીના ગુણાનુવાદ, સત્કાર, સન્માન કરવાં; હરેક પ્રકારની સહાયતાથી સાધર્મીને ધર્મારાધનમાં ઉત્સાહી બનાવવા ઈત્યાદિ ધર્મ–વૃદ્ધિનાં કાર્યોમાં યથાશક્તિ સહાયતા સમકિતી જન કરતા જ રહે છે. આ પ્રકારે સેવા ભક્તિ સ્વયં કરે છે અને અન્ય પાસે પણ કરાવે છે.

૩. તીર્થના ગુણનો જાણ હોય–ઉક્ત ચાર તીર્થ કહ્યાં તેનો સમાવેશ ગુણની અપેક્ષાએ બેમાં થાય છે. ૧. સાધુ અને ૨. શ્રાવક.

તેમાં સાધુના ૨૭ અને શ્રાવકના ૨૧ ગુણ કહ્યા છે તે ગુણોનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિને અવશ્ય હોવું જોઈએ. કારણ કે આપણે તો ગુણના પૂજક છીએ, વેષ કે વયના પૂજક નથી. હાલમાં કેટલાક માયાવી મનુષ્યો ઉદરપોષણાર્થે ગુણની પ્રાપ્તિ કર્યા વિના જ સાધુ કે શ્રાવકનો વેષ ધારણ કરી કપોલકલ્પિત ગપોડા મારી ભોળા લોકોને ભરમાવે છે, ઠગાઈ કરે છે, સ્વાર્થ સાધવા અર્થે મંત્ર, તંત્ર, ઔષધાદિ કરે છે તથા કેટલાક વ્યભિચારનું સેવન કરી ધર્મને કલંકિત કરે છે.

આવાઓને જોઈને ભોળા માણસો સાચા સાધુ શ્રાવકને પણ ઠગ સમજી શ્રદ્ધાભ્રષ્ટ બને છે. પરંતુ સાધુ શ્રાવકના ગુણોના જ્ઞાતા હોય તે આવા ઢોંગીઓની ભ્રમજાળમાં ફસાશે નહિ. કારણ કે તેઓ સત્યાસત્યની પરીક્ષા કરીને યોગ્ય વ્યક્તિનો જ આદર સત્કાર કરશે. નિર્ગુણીનો કદાપિ સંગ નહિ કરે. ઢોંગીઓને પદભ્રષ્ટ કરી જૈનધર્મની જ્યોતિ પ્રસરાવશે. પોતે દૃઢ બનેલો અન્ય અનેકને પણ દ્રઢ બનાવશે.

૪. ધર્મથી અસ્થિર થયેલાને સ્થિર કરે–કોઈ સાધુ, શ્રાવક કે સમકિતી અન્ય મતાવલંબીના સંસર્ગથી શ્રદ્ધાભ્રષ્ટ થઈ જાય તો સમકિતીનું કર્તવ્ય છે કે, તેમની શંકાઓનું સમાધાન કરવાની

પોતાનામાં શક્તિ હોય તો પોતે સમાધાન કરે અને પોતે સમર્થ ન હોય તો કોઇ વિશેષજ્ઞ ગીતાર્થનો યોગ મેળવી સંવાદ દ્વારા શંકાનું સમાધાન કરાવે અને તેને દૃઢ બનાવે.

કંઇ સંકટમાં આવી પડતાં કોઈ કદાચ ધર્મભ્રષ્ટ થયો હોય તો તેના સંકટ નિવારણાર્થે પોતે સમર્થ હોય તો સ્વયં તેને સંકટથી મુક્ત કરે, અગર પોતે સમર્થ ન હોય તો અન્યની સહાયથી તેનું સંકટ નિવારી ધર્મમાં સ્થિર કરે.

કદાપિ એવું ન બને તો તેને સમજાવે કે, ભાઇ ! કર્મની ગતિ બહુ વિચિત્ર છે. ×તીર્થંકર અને ચક્રવર્તી જેવા મહાન પુરુષોને પણ કર્મે છોડયા નથી તો આપણું શું ગજું ! પરંતુ સંકટ સમયે સંત અને સતીઓ ધર્મમાં અચળ રહ્યાં છે, તેઓ અલ્પ સમયમાં સમસ્ત દુઃખોનો અંત આણી મહા સુખના ભોક્તા બની ગયાં છે અને પોતાના નામને સંસારમાં અમર કરી ગયાં છે.

શાસ્ત્રમાં, ગ્રંથોમાં, કાવ્યોમાં તેમનાં જ યશોગાન ગવાય છે કે જેમણે સુખી અવસ્થા કરતાં પણ દુઃખી અવસ્થામાં ધર્મનું અધિક પાલન કર્યું હોય છે. કર્મને નષ્ટ કરનાર ધર્મ જ છે, બીજું કોઇ નથી એટલે સંકટથી છૂટવા માટે સંકટ સમયે અધિક ઉત્સાહથી ધર્મારાધન કરવું. જેમ સન્મુખ ચાલવાથી શ્વાન પણ દૂર હઠતો જાય છે, તેમ સંકટ પણ તેનો ભય છોડી સામા થવાથી દૂર ભાગી જશે. કર્મશત્રુઓને હરાવી અક્ષય સુખ પ્રાપ્ત કરવું એ જ આ પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયેલા માનવ જન્મનું સાર્થક છે. અત્યારે જે કર્મો ઉદયભાવમાં આવેલાં છે તે તમને તે કર્મોથી મુક્ત કરવા માટે અને છેવટે સુખ આપવા માટે જ

× મનહર છંદ

આદિનાથ અન્ન બિન માસ દ્વાદશા રહે, મહાવીર સાડે બાર વર્ષ દુઃખ પાયે હૈ ।
સનતકુમાર ચક્રી કુષ્ટિ વર્ષ સાતસોંલો, બ્રહ્મ ચક્રી અંધ રહી નર્ક સિધાયે હૈ ।
ઈત્યાદિક ઇંદ્ર નરેન્દ્ર કર્મવશ બને, વિટમ્બણા સહી તેરી ગિનતી કહલાયે હૈ ।
કહત "અમોલ" જિન વચન હૃદય તોલ, સમતાસે કર્મ તોડે, સુખ સોહી પાયે હૈ ।

તમારી સન્મુખ થયાં છે માટે તેનાથી ગભરાવું નહિ, પણ સમભાવે સહી લઇ તેનો નાશ કરવો.

જે ક્ષત્રિય યુદ્ધમાં ઊતર્યા પછી પાછો ભાગે છે તેની ઘણી ખરાબી થાય છે, તેવી જ રીતે જો તમે કર્મના ઉદયથી (દુઃખથી) ડરી જઇ પાછા ભાગશો અર્થાત્ ધર્મભ્રષ્ટ થશો તો જેવી રીતે હારેલા અને પાછા હઠતા રાજાની, શત્રુ રાજા ફજેતી કરી વધુ હેરાનગતિ કરે છે, તેવી રીતે કર્મો પણ તમને વિશેષ હેરાન કરશે. મતલબ કે હાલના દુઃખ કરતાં પણ નરક તિર્યંચાદિ ગતિમાં અનંત ઘણાં અધિક દુઃખો ભોગવવાં પડશે.

એથી ઊલટું, જો ધર્મમાં દૃઢતા રાખશો તો સ્વલ્પ કાળમાં અશુભ કર્મો નષ્ટ થઇ જશે, અને આ લોકમાં તથા પરલોકમાં પરમાનંદની પ્રાપ્તિ થશે. સુવર્ણને જેમ જેમ અધિક તપાવે છે, તેમ તેમ તેના ગુણમાં અધિક વૃદ્ધિ થાય છે, પરંતુ પિત્તળ કાળું પડતું જાય છે. માટે આપણે તો સુવર્ણ સમાન જ બનવું જોઇએ.

કેટલાક અજ્ઞાની જીવો સંકટ સમયે એવો વિચાર કરે છે કે, હું જ્યારથી ધર્મ કરવા લાગ્યો છું, ત્યારથી મારા પર દુઃખ પડવા લાગ્યું છે. આવા વિચારથી ધર્મને કલંકિત કરે છે અને કર્મોનો વજ્રલેપ સમાન બંધ કરે છે. એમને ચેતવીએ છીએ કે, ભાઇ! તમે આટલો તો દૃઢ વિશ્વાસ રાખજો કે ધર્મ કરવાથી દુઃખની પ્રાપ્તિ થતી જ નથી. હાલ જે દુઃખ પ્રાપ્ત થયું છે તે પૂર્વકૃત કર્મનું ફળ છે. જેમ હાડે બેસી ગયેલો તાવ ઔષધિના પ્રયોગથી ઊભરાઇને બહાર આવીને પછી હંમેશને માટે દૂર થઇ જાય છે, અથવા જુલાબના પ્રયોગથી પેટ સાફ થઇ જાય છે, તેવી જ રીતે ધર્મના પ્રયોગથી આ કષ્ટ નષ્ટ થવાને અર્થે જ તેનો જુલાબ થઇ રહ્યો છે. જે જુલાબના અલ્પ દુઃખથી ગભરાઇ જઇ કુપથ્ય સેવે છે તે બહુ દુઃખ પામે છે.

આ જ પ્રમાણે જે કર્મોદયથી ગભરાઇને ધર્મભ્રષ્ટ થાય છે, અને અધર્માચરણ કરે છે તે આ ભવ પરભવમાં અનંત દુઃખને પામે છે. એટલા માટે આત્મબંધુઓ! નિશ્ચય રાખજો કે, અશુભ કર્મ નષ્ટ

થયા વિના સુખની પ્રાપ્તિ થતી નથી. આ દુઃખ છે તે સુખનું સાધન છે. આમ વિચારી આનંદપૂર્વક દુઃખને થોડા કાળ માટે ભોગવી લઈ સુખી બનવું જોઈએ. જેમ રાત્રિ પછી દિવસ આવે છે તેમ દુઃખને અંતે સુખ તૈયાર જ છે, ઇત્યાદિ ઉપદેશ દ્વારા તથા સહાય દ્વારા ધર્મથી પડતાને સ્થિર કરે તે સમકિતીનું ભૂષણ છે.

૫. ધર્મમાં ધૈર્યવાન હોય—ચોથા બોલમાં તો અન્યને ધૈર્ય આપવા કહ્યું છે પણ,

परोपदेशे कुशला, दृश्यन्ति बहवे नराः ।
स्ववाक्येषु अनुरक्ता, विरला कोऽपि लभ्यते ॥

અર્થાત્ અન્યને ઉપદેશ દેવામાં કુશળ તો જગતમાં ઘણા મનુષ્યો હોય છે, પણ પોતે કહે તેવું કરવાવાળા કોઈ જ વિરલ પુરુષો હોય છે. જેઓ પોતાના આત્માને સ્થિર કરી તદનુસાર વર્તન કરતા હશે તેમનો જ ઉપદેશ બીજાને સ્થિર કરવામાં સફળ થશે. એટલા માટે સમકિતીનું કર્તવ્ય છે કે ખુદ પોતાને રોગ, શોક, ઇષ્ટનો વિયોગ, અનિષ્ટનો સંયોગ, ઇત્યાદિ દુઃખનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે પોતે નિશ્ચળ રહે, આર્ત, રૌદ્ર ધ્યાન ધ્યાવે નહિ; શોક, સંતાપ, વલોપાત કરે નહિ; સંકટ સમયે પણ સુખી અવસ્થામાં હતો તેવો જ હર્ષોત્સાહી બનીને ધર્મની અધિકાધિક વૃદ્ધિ કરતો રહે. જેથી બીજાના અંતઃકરણ ઉપર પણ ધર્મની રૂડી છાપ પડે.

આવી રીતે સત્ય ધર્મનો પરિચય જગતને બતાવે, પોતાનાં સ્વજન મિત્રાદિ આર્તધ્યાન-શોક સંતાપ કરતાં હોય તો તેમને શિખામણ કે ઉપાલંભ આપી રોકે, મળવા માટે આવતા કુટુંબી કે મિત્રાદિ સમક્ષ પોતાનું કિંચિત્ પણ દુઃખ દર્શાવે નહિ, વૈરાગ્યોપદેશ કરે. આવા ધર્માવલંબી ધર્માત્મા સ્વયં સુખી રહે છે અને અન્યને પણ સુખી બનાવે છે.

વળી, સંકટના સમયમાં ધૈર્યપૂર્વક સમભાવ રાખવાના પ્રતાપે કર્મોની મહાનિર્જરા થાય છે, એટલું જ નહિ પણ, અનેક જીવોને કર્મબંધનથી બચાવીને ઉન્માર્ગે જતા રોકી સન્માર્ગે ચડાવે છે.

ઉપર્યુકત પાંચ પ્રકારનાં ભૂષણ વડે સમકિતી જીવ પોતાના સમકિતને દૃઢ કરતો તથા દીપાવતો થકો અન્યનાં મન પણ સમકિત તરફ આકર્ષે છે.

આઠમે બોલે પ્રભાવના ૮

જે સુકૃત્ય કરવાથી આપણા સ્વીકૃત ધર્મનો પ્રભાવ અન્યના ઉપર પડે, ધર્મનું માહાત્મ્ય વધે, તેની પ્રશંસા અને પ્રખ્યાતિ ચોમેર પ્રસરે, અને જનતાનું ધર્મ પ્રતિ આકર્ષણ થાય તેને પ્રભાવના કહે છે. આજકાલ પતાસાં કે સાકર વહેંચવી એટલા પૂરતો જ પ્રભાવનાનો અર્થ લોકો સમજી બેઠા છે, પરંતુ તેનો અર્થ બહુ વિશાળ અને વ્યાપક છે. પ્રભાવના નીચે જણાવેલા આઠ પ્રકારે થાય છે.

૧. પ્રવચન પ્રભાવના–શ્રી જિનેશ્વર ભગવાનનાં વચન–નિર્ગ્રંથ પ્રવચનની પ્રભાવના (પ્રચાર) કરે. વર્તમાન કાળમાં શાસ્ત્ર જ ધર્મના સત્ય પ્રભાવક છે. ભૂતકાળમાં કેવળી તથા શ્રુતકેવળી મહાપુરુષો દ્વારા જિનપ્રણીત ધર્મનો અદ્વિતીય પ્રભાવ જગતમાં પડી રહ્યો હતો, પરંતુ વર્તમાનમાં તેવા મહાપુરુષોનો અભાવ છે, છતાં આપણાં અહોભાગ્ય છે કે, તેમની વાણી શ્રી ગણધર દેવોએ ઝીલી સૂત્રરૂપે ગૂંથી છે, તે વાણી અલ્પાંશે પણ આજે મોજૂદ છે અને એ જ જિનપ્રવચન હમણાં અને ભવિષ્યમાં ધર્મના આધારસ્થંભ રૂપે રહી જગતનું કલ્યાણ સાધે છે, અને સાધશે.

શ્રી ઉત્તરાધ્યયનજીના ૧૦મા અધ્યયનમાં કહ્યું છે કે—

न हु जिणे अज्ज दिस्सइ, बहुमए दिस्सइ मग्गदेसिए ।
संपइ नेयाउए पहे, समयं गोयम मा पमायए ॥३१॥

અર્થાત ભગવંત શ્રી મહાવીરે મોક્ષ પધારતી વખતે કહ્યું છે કે, હે ગૌતમ! પાંચમા આરામાં જિન (તીર્થંકર)નાં દર્શન તો ० થશે નહિ, પરંતુ મુક્તિમાર્ગનાં દર્શક સૂત્રો—શાસ્ત્રો અને તેના ઉપ-

० ગાથામાં વર્તમાનકાળનો પ્રયોગ છતાં અર્થમાં ભવિષ્યકાળ વાપર્યો છે. આનું રહસ્ય ગીતાર્થ ગુરુ પાસેથી ધારવું. ભવિષ્યકાળનું વર્તમાનકાળમાં આરોપણ વાત સમજાવતી વખતે થઈ શકે છે તે નિગમનયનો વ્યવહાર છે. (પૂ. શ્રી ઘાસીલાલજી મ સા. કૃત ઉ. સૂત્ર પાના ૫૦૬માં વધારે ખુલાસો છે.)

દેશક ઘણા થશે, એટલા માટે ન્યાયાનુગત–ન્યાયોચિત પથ એટલે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવામાં ભવ્ય જીવોએ એક સમય માત્રનો પ્રમાદ કરવો ઉચિત નથી. એટલા માટે જિનપ્રણીત શાસ્ત્રોનું જ્ઞાન સમકિતી જનોએ પ્રાપ્ત કરવું એ પરમાવશ્યક છે.

આપ્ત પુરુષોનાં કથન ગહન અને પરમાર્થદર્શક હોવાથી ગુરુગમથી ધારી સ્વયં શાસ્ત્રનું શ્રવણ, પઠન, મનન કરે અને અન્યને કરાવે. અને એ રીતે જ્ઞાનમાં આગળ વધેલો અને તત્ત્વની યથાર્થ સમજણ અને શ્રદ્ધા પામેલો સમકિતી પોતાના તેમ જ પરના આત્માને ઉન્માર્ગે જતો રોકી સન્માર્ગે વાળવા શક્તિમાન હોવાથી તે ધર્મનો પ્રભાવક કહેવાય છે +.

૨ **ધર્મકથા પ્રભાવના**–ધર્મકથા દ્વારા જિનશાસનની પ્રભાવના કરે, અર્થાત્ ધર્મોપદેશ દ્વારા પણ ધર્મનો પ્રભાવ, પ્રચાર થઇ શકે છે, તેથી સમ્યક્ત્વી સ્ત્રી પુરુષો સભામાં, સોસાયટીમાં, કોન્ફરન્સમાં, કોંગ્રેસમાં અથવા જ્યાં જ્યાં જનસમુદાય એકત્રિત થતો હોય તેવા સમૂહમાં કે મેળાવડામાં ઉપસ્થિત થઇ દ્રવ્ય,ક્ષેત્રકાળ,ભાવને જોઇને સમયોચિત ઉપદેશ સૌ સમજી શકે અને સર્વને રુચિકર તથા હિતકર થાય તેવી ભાષામાં આપે. તેમાં જિનપ્રણીત ધર્મનાં તત્ત્વોને અનેક મતમતાંતરોનાં દાખલા દલીલો સહિત, સ્યાદ્વાદશૈલીથી સરલ બનાવીને મહામંડાણથી ધર્મકથા કરે અને એ રીતે સત્ય ધર્મનો પ્રભાવ અન્યના હૃદયમાં અંકિત કરે (પ્રથમ ખંડના ત્રીજા પ્રકરણમાં ઠાણાંગજી શાસ્ત્રકથિત ચાર પ્રકારની ધર્મકથાનું સવિસ્તર વર્ણન કર્યું છે ત્યાંથી ધર્મકથાનો વિધિ સમજી લેવો.)

૩ **નિરપવાદ પ્રભાવના**—અનંતજ્ઞાનીએ પ્રરૂપેલાં શાસ્ત્રના વચન બહુ ગહન હોય છે, સંક્ષિપ્તમાં અને અનેકાર્થી હોય છે. ગીતાર્થી

+ દક્ષિણ હૈદ્રાબાદ નિવાસી રાજા બહાદુર લાલાજી સુખદેવસહાયજી જવાલાપ્રસાદજીએ રૂ. ૪૨૦૦૦નું ખર્ચ કરી બત્રીસે સૂત્રોનો ઉદ્ધાર કરાવી ૧૦૦૦ સ્થળે શાસ્ત્રભંડાર કરી આપવાથી તેઓશ્રીએ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત કરવાની ઉત્તમ સગવડ કરી આપી છે.

વિના હરેકની સમજમાં આવવાં મહા મુશ્કેલ છે. + તેથી કોઈ અનભિજ્ઞ વિપરીત અર્થ કરી જૈન માર્ગની અવહેલના થાય તેવું અપવાદયુક્ત કંઈ કરતો હોય તો સમકિતીનું કર્તવ્ય છે કે, સત્યાર્થ પ્રકાશ દ્વારા તેનું નિરાકરણ કરી અપવાદ દૂર કરે.

આવી જ રીતે, કોઈ મિથ્યાડંબરી–પાખંડી, સમકિતીઓને ધર્મભ્રષ્ટ કરવાનો પ્રયત્ન સેવતો હોય તો સંવાદ તથા શક્તિ દ્વારા તેનો પરાજય કરી સમકિતીઓને બચાવે. કદાચિત્ કોઈ ક્ષેત્રનાં મનુષ્યોથી અનભિજ્ઞ સાધુને છળવા કોઇ પાખંડી આવે તો સાધુને સમસ્યાથી સમજાવી તેનાં છળથી કોઇ છેતરાવા ન પામે તેવો ઉપાય યોજે અને હરેક પ્રકારે ધર્મના અપવાદનું નિરાકરણ કરે અને મિથ્યા દોષારોપણ દૂર કરે.

+ શતાવધાની પંડિત મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજે માગધી ભાષાનો અપૂર્વ અને સર્વાંગસંપૂર્ણ કોષ બનાવી ગહન શબ્દોનું સ્પષ્ટીકરણ કરી શંકા સમાધાન કરવાનું અનુપમ સાહિત્ય તૈયાર કરી મહાન ઉપકાર કર્યો છે.

● વર્તમાનમાં કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનો જૈનશાસ્ત્રોનું મહત્ત્વ સમજ્યા છે તેથી તેઓએ જૈનસૂત્રોનાં અંગ્રેજી, જર્મન આદિ ભાષામાં ભાષાંતરો કર્યાં છે, પરંતુ કેટલાક સ્થળે અર્ધમાગધી ભાષાના ગુહ્ય અર્થની તેમને પૂરી સમજ ન હોવાથી અર્થના અનર્થ કરી દીધા છે. જેથી પરમ દયાળુ જૈનીઓ ઉપર પણ માંસ–મદિરાભોજી હોવાનું કલંક મૂકવાનું તેમણે સાહસ કર્યું હતું. તે અપવાદનું નિવારણ કરવા માટે પહેલા પણ કેટલાક વિદ્વાનોએ પુષ્કળ પ્રયત્ન કરી ભ્રમ દૂર કર્યો છે. આનો વિશેષ ખુલાસો પંડિત મુનિવર્ય શ્રી મોહનલાલજી વિરચિત પ્રશ્નોત્તર મોહનમાળાના ઉત્તરાર્ધમાં કર્યો છે તેનો અહીં થોડો ઉલ્લેખ કરીએ છીએ.

આચારાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પહેલા અધ્યયનમાં એવો પાઠ છે કે **मंसगं मच्छगं भोच्चा अट्ठियाइं कंटए गहाय से तं जाव परिट्ठवेज्जा** એટલે માંસ ભખેજા અઠિયં અઠિયં પરઠવેજા એમ કહેવામાં આવે છે તેનું કેમ? આ અર્થ સદંતર ખોટો છે. કેમકે શ્રી સૂત્રકૃતાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં ૭૨ મે બોલે કહ્યું છે કે સાધુ **अमज्जमंसासीणो** એટલે મદ્ય-માંસના પરિત્યાગી હોય છે, શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રના ચોથા સંવરદ્વારની પાંચમી

જૈન સૂત્રોના કોઈ પણ શબ્દનો અર્થ અહિંસા, સંયમ અને તપનો વિરોધી નથી છતાં કોઇ એવો અર્થ કરે તો તેનો ખુલાસો 'અહિંસા–સંયમ કે તપ' રૂપી તત્વ અનુસાર કરી બતાવવો.

ભાવનામાં "**महु मज्ज मंसरघज्जग विगइ परिचत्त**" એટલે મધુ, મદ્ય, માંસ, ખજ્જક આદિ વિગયનો ત્યાગ કરવા કહ્યું છે,

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા અને ૧૯ મા અધ્યયનમાં તથા ઠાણાંગજી આદિ ઘણાં સૂત્રોમાં માંસભક્ષીને અજ્ઞાની કહ્યા છે; નરકગામી બતાવ્યા છે, તેવી જ રીતે મદિરાપાનના પણ દશવૈકાલિક સૂત્રના પાંચમા અધ્યયનમાં ઘણા દોષ બતાવ્યા છે અને મદિરાપાન કરનારને પણ નરકગામી કહ્યા છે, એટલે જૈનધર્મી માંસ, મચ્છ, મદિરા, આદિ અભક્ષ્ય વસ્તુના ભોગી કદાપિ હોય જ નહિ.

એટલે સૂત્રમાં જ્યાં માંસ, મચ્છ, અટ્ઠી, વગેરે શબ્દ આવે છે ત્યાં માંસનો અર્થ વનસ્પતિનો ગીર, ફળોમાં રહેલો નરમ ભાગ એવો થાય છે.

(૧) દશવૈકાલિક અધ્ય. ૫ ગાથા ૧૩ માં ફળની ગોટલીને "અટ્ઠિય" કહેલ છે.

(૨) પન્નવણાજીમાં પ્રથમ અધ્યયનના ૧૨ મા સૂત્રમાં ફળના ગરને (ગરભલાને) માંસ કહેલ છે.

(૩) એ જ પદમાં વૃક્ષના બે પ્રકાર કહ્યા છે, '**एगट्ठिया, बहुवीया**'

(૩) હેમચંદ્રાચાર્ય કૃત કોશમાં અમુક જાતની વનસ્પતિનાં નામ છે, તેમાં નીચે મુજબ નામ આપવામાં આવ્યાં છે. '**तिक्का रिष्टा कटुमत्स्या चक्रांगी शकुलादनी**' આ છ નામોમાં ચોથું નામ 'મત્સ્યા' છે.

(૫) શબ્દ ચિંતામણિ (ગુજરાતી શબ્દકોશ) માં મત્સ્યગંધા, મત્સ્યંડી, મત્સ્યપિત્તા, મત્સ્યાક્ષી, મત્સ્યાંગી, મત્સ્યાદની એમ પાંચ વનસ્પતિ મચ્છની નામની કહી છે.

(૬) આચારાંગ સૂત્રના પિંડેષણા નામના અધ્યયનના આઠમા ઉદ્દેશામાં ફળોના ધોવાણનું પાણી લેવાનું કહ્યું ત્યાં પાણીમાં 'અટ્ઠિય' ગોટલીઓ હોય તો કાઢી નાખવા કહેલ છે.

(૭) પ્રશ્નવ્યાકરણના ચોથા સંવરદ્વારમાં '**मच्छंडी**' તે મચ્છનાં ઈંડાં નહિ પણ ખાંડ સાકરનું નામ છે. ખાંડ માછલીનાં ઈંડાં જેવી હોવાથી તેને મત્સ્યંડી કહે છે. બખંડી ખાંડ કહેવાય છે. બખંડી તે મત્સ્યંડીનું અપભ્રંશ છે

આ દાખલાથી નિશ્ચય કરવો કે શાસ્ત્રમાં સાધુના આહાર સંબંધી 'માંસ' શબ્દ આવે ત્યાં ફળનો ગર ગ્રહણ કરવો, 'મચ્છ' આવે ત્યાં મચ્છ નામની વનસ્પતિ અથવા પાણીમાં ઉત્પન્ન થનારાં શિંગોડાં આદિ ફળ સમજવાં, અને અટ્ઠિય શબ્દથી ફળની ગોટલી અથવા ઠળિયો ગ્રહણ કરવો.

૪. ત્રિકાલજ્ઞ પ્રભાવના–ભૂત, ભવિષ્ય અને વર્તમાન એમ ત્રણે કાળના બનાવોને જાણવાવાળા પણ ધર્મના પ્રભાવક થઈ શકે છે. કેમકે ભૂતકાળમાં થઈ ગયેલા ભલા કે બૂરા પુરુષોનાં જીવનવૃત્તાંત તથા વર્તમાન

હવે ભગવતી સૂત્રના ૧૫ મા શતકમાં શ્રમણ ભગવંત મહાવીર સ્વામીને લોહીખંડવાળાની બીમારી થઈ ગઈ હતી, તેના ઉપચારને માટે સિંહા અણગારને મોકલીને મેંઢિક ગ્રામમાંથી રેવતી ગાથાપત્નીને ઘેરથી ઔષધ મંગાવ્યું છે ત્યાં સૂત્રપાઠ છે કે, '**मम अट्ठा दुवे कवोयसरीरा उवक्खडिया तेहिं नो अट्ठा, से अण्णे पारियासि मज्जारकडे कुक्कुडमंसए तमाहराहि तेणं अट्ठा**' અર્થાત્ મારા માટે બે કપોતનાં શરીર તૈયાર કર્યાં છે તે લેવાં નહિ, પરંતુ બીજાને માટે માર્જારંકૃત કુક્કડમાંસ બનાવેલ છે તે લાવવું.

આમાં જે કપોત (કબૂતર), મજ્જાર (બિલાડી) અને કુક્કડ શબ્દ આવે છે, તેના પણ યથાતથ્ય અર્થ ન સમજવાથી લોકો શંકાશીલ બની જાય છે. તેમણે જાણવું જોઈએ કે, કપોત શબ્દથી કપોત પક્ષીના શરીર સરખા વર્ણવાળાં બે કૃષ્માંડ ફળ તે ભૂરા કોળાનાં ફળનો પાક, મજ્જાર શબ્દનો અર્થ વાયુરોગ તેની ઉપશાંતિને માટે તથા બિલીનાં ફળનો ગર જાણવો. કુક્કુડનો અર્થ બિજોરાં નામે ફળ જાણવું.

ડોક્ટર હોર્નલે અંગ્રેજી ભાષાન્તરમાં કબૂતર, બિલ્લી, કૂકડા, વગેરે અર્થ કરેલ છે. તે સૂત્રના અજાણપણાથી કર્યો છે તેને સત્ય માનવો નહિ. વર્તમાન કાળમાં પણ ઉદરવ્યાધિ તથા લોહીખંડવાળા ઉપર બિલી (જેનાં પાંદડાં મહાદેવને ચડાવે છે તે વૃક્ષનું ફળ)નાં ફળનો ગરભ, કુકડવેલના ફળનો ગરભ આપવામાં આવે છે, એવો અનેક વૈદ્યોનો મત છે.

વળી, મનુષ્ય તિર્યંચનાં નામની અનેક વનસ્પતિ શાસ્ત્રમાં બતાવી છે. જુઓ. પન્નવણા સૂત્રના પ્રથમ પદમાં 'નાગરુક્ખ' (નાગવૃક્ષ), માતુલિંગ (બિજોરાં), 'એરાવણ' વનસ્પતિનું નામ છે અને ગોવાળને પણ કહે છે. 'કાગલી' વનસ્પતિ છે અને પક્ષીનું (કાગડાની માદાનું) પણ નામ છે. 'અજ્જુણ' વનસ્પતિનું નામ છે અને પાંડવોના ભાઈનું પણ નામ છે. એવી જ રીતે સાધારણવનસ્પતિના નામમાં પણ અશ્વકર્ણી, સિંહકર્ણી, એવાં અનેક નામ છે.

'શાલિગ્રામ નિઘંટુ ભૂષણમ્' નામનો કોષ છે, તેમાં પ્રત્યેક વનસ્પતિનાં ૧૨ નામ છે તેમાં (૧) પૃષ્ઠ ૬–૭ માં કસ્તૂરીનું નામ મૃગમદ, મૃગનાભી, અંડુજા, મૃગી, માર્જારી, શ્યામા, ઈત્યાદિ નામ છે અને તે નામ મૃગ પશુનું પણ છે. કસ્તૂરી પશુ નથી પણ તેનાથી ઉત્પન્ન થયેલી ઔષધિ છે.

સમયના જ્ઞાતા જ્ઞાનીજન ધર્મકર્મની વિચિત્રતા અને કાળની ગહન ગતિથી ચલાયમાન થતા નથી, આશ્ચર્ય કે અફસોસ પામતા નથી તેમ જ વર્તમાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસાર સુધારણા કરી શકે છે અને જ્યોતિષ વિદ્યાના પ્રભાવથી તથા અનુમાન પ્રમાણથી ભવિષ્યને જાણતા હોવાથી દુષ્કાળ, રોગ, આદિ ઉપસર્ગોમાંથી પોતાને તેમ જ પોતાના ધર્મબંધુઓને બચાવી સુખી કરે છે. તેવી જ રીતે કાળજ્ઞાનનો જ્ઞાતા પંડિત મૃત્યુનો સમય નિકટ આવ્યો જાણી સમાધિમરણ દ્વારા પોતાના તથા અન્યના આત્માનું કલ્યાણ સાધી શકે છે.

(૨ પૃષ્ઠ ૨૮મા નગરનું નામ હસ્તી છે.

(૩) પૃષ્ઠ ૪૦ માં શેલારસને કપિનામાં કપિતેલ, કપીશ, કપિ, કપિચંચલ કહે છે કપિનો અર્થ વાંદરો પણ થાય છે.

(૪) પૃષ્ઠ ૪૮માં એલચીનાં મહિલા, કન્યાકુમારી, કુમારિકા, પૃથ્વીકાન્તા, બાળા, વગેરે નામો છે આ નામ સ્ત્રીનાં પણ હોય છે.

(૫) પૃષ્ઠ ૫૨ માં ચણકબાબને કોલ કહેલ છે. કોલ સુંસને પણ કહે છે.

(૬) પૃષ્ઠ ૫૩ માં નાગકેસરને નાગ કહેલ છે.

(૭) પૃષ્ઠ ૬૭માં ગોરોચંદનને ગોલોચન કહેલ છે.

(૮) પૃષ્ઠ ૧૦૬ માં આંબળાને અંડા કહેલ છે.

(૯) પૃષ્ઠ ૧૨૧ માં ચિત્રકને ચિત્તો કહેલ છે.

(૧૦) પૃષ્ઠ ૩૨૦ માં ગરણીનું નામ કોયલ છે.

એવી જ રીતે ઇંદ્રાણી, શક્રાણી મર્કટી, શુકા, વાનરી, લાલમૂર્ગા, કોકિલા દેવી અંડા, કાકજંઘા કાકનાસિકા, હંસી, રાજહંસી, હંસરાજ, હંસપદી, પાર્વતી, (કાજુકોળિયા) પુત્રજીવી, કૌન્તેય, કૃષ્ણ, ગોશૃંગ, નાગ, (સીસું), મયૂર (મોરથુથુ) આદિ અનેક વનસ્પતિ, પ્રાણીઓને નામે કહી છે એટલા માટે શાસ્ત્રના શબ્દોના અર્થ યથાર્થ–યથોચિત સમજવા જોઈએ.

મહાદયાળુ જૈનધર્મી સ્વપ્નમાં પણ ઉક્ત અભક્ષ્ય વસ્તુની ઈચ્છા પણ કરે નહિ, તો પછી તીર્થંકરો અને સાધુઓનું તો કહેવું જ શું ? અર્થાત્ જૈન ધર્મી માંસ, મચ્છ, મદિરાનો આહાર કરવાવાળા હોય જ નહિ, એ નિશ્ચયપૂર્વક સત્ય માનવું.

૫. દુષ્કર તપ પ્રભાવના–દુષ્કર, કઠિન, ઘોર તપશ્ચર્યાથી પણ ધર્મની ઘણી પ્રભાવના થઇ શકે છે, કારણ કે અન્ય મતાવલંબીઓ તો ફક્ત અનાજનો ત્યાગ કરી મેવા, મીઠાઈ, ફળ, કંદમૂળાદિનું લક્ષણ કરી તપ માને છે. આવી જ રીતે મુસ્લિમ ભાઇઓ પણ રાત્રે પેટપૂર્ણ ભોજન કરતા રહી દિવસે ભૂખ્યા તરસ્યા રહેવામાં તપ સમજે છે, અને આ પ્રકારના તપ કરનારને માટે પણ લોકો ધન્યવાદ આપે છે. તો પછી નિરાહાર તપથી આશ્ચર્ય પામે એ સ્વાભાવિક જ છે. એટલા માટે ઉપવાસ, બેલા, તેલા, અઠ્ઠાઈ, પક્ષોપવાસ, માસખમણ યાવત્ છમાસી તપ તથા આયુષ્યનો અંત નિકટ આવ્યો જાણી યાવજ્જીવ ચારે આહાર તથા ઉપધિનો ત્યાગ કરી વગેરે તપશ્ચર્યા દ્વારા સમ્યક્ત્વી ધર્મની પ્રભાવના કરે છે. ભરી સભામાં દુષ્કર તપની પ્રતિજ્ઞા લેવાથી પ્રભાવના થાય છે. જૈન ધર્મના શીલવ્રત–તપાદિને જાહેર કરવાથી પણ પ્રભાવના થાય છે.

૬. સર્વ વિદ્યાધારક પ્રભાવના—જગતના સર્વ પદાર્થોને પ્રકાશમાં લાવનાર એક વિદ્યા જ છે. આથી અનેક વિદ્યાના ધારણહાર પણ ધર્મના પ્રભાવક થઇ શકે. અનેક ભાષા અને અનેક લિપિનો જાણનાર, જૈન તત્ત્વોનો વિવિધ ભાષા દ્વારા પ્રચાર કરી શકે છે અને તે તે ભાષાના જાણકારનું ચિત્ત ધર્મ પ્રતિ આકર્ષી શકે છે. તેથી ધર્મનો પ્રભાવ અને ગૌરવ વધે તથા વૈદ્યકવિદ્યા, મંત્રવિદ્યા આદિનો જાણકાર સમકિતી અન્ય કોઇના ચમત્કાર જોઇ વ્યામોહ પામતો નથી, તેમ પોતે ઉદરપોષણાર્થે આવી વિદ્યાઓનો ઉપયોગ કરતો પણ નથી, પરંતુ ધર્મની હાનિના સમયે વિદ્યાઓના પ્રયોગથી ધર્મોન્નતિ કરે છે.

૭. પ્રગટ વ્રતાચરણ–પ્રભાવના–દુષ્કર વ્રતાચરણ કરવાથી પણ ધર્મનો સારો પ્રભાવ પડે છે, કારણ કે સાંસારિક મોહ મમત્વને છોડવાં, ઇંદ્રિયો અને મનને કાબૂમાં રાખવાં એ મહામુશ્કેલ કામ છે. મમતા છોડ્યા વિના વ્રતોનું સમાચરણ થવું અશક્ય છે. તેથી મમત્વ-પરાજયી સમકિતી ધર્મની પ્રભાવના અર્થે–માનકીર્તિની આકાંક્ષા રાખ્યા વિના મહોત્સવપૂર્વક બહુજન સમુદાયમાં, શરીરે સશક્ત છતાં સજોડે

બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરે, (શીલનો સ્કંધ), રાત્રિના ચારે આહાર ભોગવવાનો (ચઉવિહારનો સ્કંધ) ત્યાગ કરે, લીલોતરી જીવનભર ખાવાનો ત્યાગ કરે (લીલોતરી સ્કંધ) અને સચેત પાણીનો ત્યાગ સ્વીકારે (કાચા પાણીનો સ્કંધ) આ પ્રમાણે ચારે સ્કંધ અંગીકાર કરે તથા યુવાવસ્થામાં અનેક પ્રત્યાખ્યાન કરી મમત્વી લોકોને ચમત્કાર ઉપજાવી ધર્મનો પ્રભાવ વૃદ્ધિગત કરે છે અને આ બધું પોતાના આત્મિક વિકાસની ભાવનાએ જ કરે છે.

૮. **કવિત્વ શક્તિ પ્રભાવના**–સંગીતમાં પણ અજબ શક્તિ છે. ઘણીવાર ઉપદેશથી જે અસર ન થાય તે સંગીતથી–ઉત્તમ કાવ્યથી થાય છે. કવિતા દ્વારા પણ અન્ય જનોના ઉપર ધર્મનો સારો પ્રભાવ પાડી શકાય છે. તેથી જે સમકિતીને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી કવિત્વ-શક્તિ પ્રાપ્ત થઈ હોય તેમનું કર્તવ્ય છે કે, તેઓ કામોત્તેજક, વિકારવર્ધક, ઇત્યાદિ કુમાર્ગે પોતાની કવિત્વ શક્તિનો અપવ્યય ન કરતાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સંત, સતી, ધર્માત્મા, વગેરે ગુણવંતોના ગુણાનુવાદ રૂપ સ્તવન, પદ, સવૈયા, છંદ, વગેરે કવિતા બનાવી તથા આધ્યાત્મિક વૈરાગ્ય રસોત્પાદક ગૂઢ ગહનાર્થથી ભરપૂર કવિતાઓ રચી, યથોચિત રાગમાં સંભળાવી લોકોના દિલ પર ધર્મનો પ્રભાવ પાડે, ધર્મના અનુરાગી જે જૈનધર્મના પ્રભાવથી આપણો આત્મા ઉન્નત અને શાશ્વત સુખની સન્મુખ થયો છે તે ધર્મનો પ્રભાવ બીજાને બતાવી તેમને સદ્ધર્મના શરણે લાવી સુખી કરવાની ભાવના સમકિતીઓના હૃદયમાં સદાય જાગૃત રહે છે, અને સ્વપરહિત સાધનને તે પોતાનું સાચું કર્તવ્ય સમજે છે. આ કર્તવ્ય-પાલન અર્થે ઉપર્યુક્ત આઠ પ્રભાવનામાંથી જેમની જેટલી શક્તિ હોય તે પ્રમાણે પ્રભાવના કરી ધર્મોન્નતિ અને ધર્મવૃદ્ધિ કરે, પરંતુ પ્રભાવક થઈને હું પ્રભાવક છું, હું ધર્મદીપક છું કે શાસનદિવાકર છું એવા પ્રકારનું અભિમાન લાવી પ્રાપ્ત થયેલા મહાન ફળને નષ્ટ ન કરવું. આ વાત ખાસ લક્ષમાં રાખવા યોગ્ય છે.

નવમે બોલે જયણા–યતના ૬

૧. **અલાપ**–પ્રયોજન વિના તેમ જ પોતાને બોલાવ્યા વિના મિથ્યાત્વીની સાથે બોલે નહિ અને સમકિતી બોલાવે અથવા ન પણ બોલાવે છતાં તેમની સાથે યથોચિત વાર્તાલાપ કરે.

૨. સંલાપ–મિથ્યાત્વી છળકપટથી ભરેલા માયાવી હોય છે, તેઓ સહજમાં સમકિતને બટ્ટો લગાડી દે છે. એટલા માટે તેમની સાથે વિશેષ વાર્તાલાપ કરે નહિ, અને સમકિતીની સાથે ધર્મચર્ચાદિ વાર્તાલાપ વારંવાર કરે.

૩. દાન–દુઃખી, દરિદ્રી, અનાથ, અપંગ વગેરે ઉપર દયા લાવી દાન આપવું તે તો સમકિતીનું કર્તવ્ય છે, પરંતુ તેમને દાન આપવાથી મને મોક્ષ મળશે એવી ઈચ્છાથી મિથ્યાત્વીને દાન આપે નહિ અને પોતાની પાસે જે શ્રેષ્ઠ દેવા યોગ્ય વસ્તુ હોય તે ગ્રહણ કરવા સમકિતીને આમંત્રણ કરે, તેમને જે જોઈએ તે આપે. ગરીબ સ્વધર્મીઓને યથાશકિત સહાય અવશ્ય કરે.

૪. માન–મિથ્યાત્વીઓનું સન્માન કરે. કેમકે તે જોઈ સમકિતી-ઓનાં મન મિથ્યાત્વી તરફ આકર્ષાય અને તેઓ શિથિલ બની જાય કે અન્યમતિ બની જાય. સમકિતીનાં માન સન્માન અવશ્ય કરે, જેથી તેઓ દૃઢધર્મી બને અને સમકિતીનું માન–મહાત્મ્ય વધતું જોઈ મિથ્યાત્વીઓનાં ચિત્ત પણ સમકિતી તરફ આકર્ષિત બને અને તેઓ પણ જૈન ધર્માનુરાગી બને.

૫. વંદના–મિથ્યાત્વીઓનાં આડંબરની, તેમની રિદ્ધિસિદ્ધિની, સંપની તથા હિંસક ક્રિયાઓની પ્રશંસા કરે નહિ, અને સમકિતીએ કરેલાં ધર્મ કૃત્યોની તેમના ઔદાર્યાદિ ગુણોની વારંવાર પ્રશંસા કરે, ગુણવંતોના ગુણને દીપાવે.

૬. નમસ્કાર–મિથ્યાત્વીઓને નમસ્કાર કરે નહિ, અને જેવી રીતે શંખ શ્રાવકની સ્ત્રી ઉપ્પલાબાઈએ પોખલીજી શ્રાવકને તિખ્ખુત્તોના પાઠથી નમસ્કાર કર્યા તેવી જ રીતે પોતાનાથી ગુણમાં, જ્ઞાનમાં અને વયમાં વૃદ્ધ હોય એવા સ્વધર્મીઓને નમસ્કાર કરવા જોઈએ. દરેક સ્વધર્મી સાથે સદૈવ સવિનય નમ્રતાપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ.

જેવી રીતે વૈષ્ણવો 'જય ગોપાળ' મુસલમાનો 'સલામ' આદિ પોતપોતાના દેવનાં નામ લઈ નમન કરે છે, તેવી રીતે સમ-

કિતીઓનું પણ કર્તવ્ય છે કે જ્યારે સ્વધર્મીને નમન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે 'જય જિનેન્દ્ર' શબ્દનો ઉચ્ચાર કરે. સમકિતીઓને માટે આ પોતાના ધર્મને દર્શાવવાનું ચિહ્ન છે. પરંતુ 'જયગોપાળ', 'સલામ' વગેરે શબ્દો કહી પોતાના ધર્મને લુપ્ત, ગુપ્ત અને કલંકિત કરવો કદાપિ ઉચિત નથી.

જેવી રીતે ધનિક મનુષ્ય પોતાના ધનનું ચોરાદિકથી રક્ષણ કરવા પ્રયત્ન કરે છે તેવી જ રીતે સમકિતીએ પણ પોતાના સમ્યક્ત્વરૂપ ધનનું મિથ્યાત્વરૂપ ચોરોથી રક્ષણ કરવા ઉપર કહેલા છ પ્રકારથી યતના કરવાની પરમ આવશ્યકતા છે અને સમ્યક્ત્વના ગુણની વૃદ્ધિ કરવા તથા સમકિતીઓની વૃદ્ધિ કરવા છ યતનાનું યથોચિત સમાચરણ કરવું જોઈએ.

દશમે બોલે આગાર ૬

૧. **"રાયાભિઓગેણં"**—રાજા અથવા રાજાના સામંત નોકરાદિક કદાચિત્ સમકિતીનાં જાન, માલ, ઈજ્જત હરવાની ધમકી આપીને સમકિત વિરુદ્ધ કાર્ય કરવાનો હુકમ કરે અને સમકિતી રાજાના જુલમથી ડરી સમકિત વિરુદ્ધ કાર્ય પશ્ચાતાપયુક્ત કરે તો સમકિતનો ભંગ થાય નહિ.

૨. **ગણાભિઓગેણં**—ઉપર પ્રમાણે સમકિતીનાં કુટુંબી, જ્ઞાતિ, સમાજ, વગેરે જેઓ અન્ય મતાવલંબી હોય તેઓ જાતિ બહાર કરવા આદિની ધમકી આપીને કુલદેવ, કુલગુરુ આદિને નમન પૂજન કરવાનું દબાણ કરે અને સમકિતી ભયભીત થઈને તે કાર્ય પશ્ચાત્તાપયુક્ત કરે તો સમકિતનો ભંગ થાય નહિ.

૩. **બલાભિઓગેણં**—કદાચ કોઈ ધનબલી, જનબલી, તનબલી અથવા વિદ્યા (મંત્રાદિ) બલી સમકિતીથી વિરુદ્ધ આચરણ કરવાનું સમકિતીને કહે, અને સમકિતી તેને વશવર્તી થઈ, તેમના જુલમથી ડરી પશ્ચાત્તાપયુક્ત તે કાર્ય કરે તો સમકિતનો ભંગ થાય નહિ.

૪. **સુરાભિઓગેણું**—કદાચ કોઇ દુષ્ટ દેવતા જાનમાલનો નાશ કરવાની ધમકી આપીને સમકિતથી વિરુદ્ધાચરણ કરવાનું કહે અને તેના ઉપદ્રવથી ડરીને સમકિતી તે કામ પશ્ચાત્તાપયુક્ત કરે તો સમકિતનો ભંગ થાય નહિ.

૫. **ગુરુનિગ્ગહેણું**—(૧) કદાચિત્ કોઈ માતા, પિતા, ભાઈ તથા ઘણાના માનનીય મોટેરા પુરુષ 'ઘરમાંથી કાઢી મૂકીશ' વગેરે, ધમકી આપીને સમકિત વિરુદ્ધ કામ કરાવે. (૨) સમકિતીના દેવ ગુરૂ ધર્મની પ્રશંસા કોઈ મિથ્યાત્વી કરે અને તેના અનુરાગથી તેનાં સત્કારાદિ કરે. (૩) સમકિતીને કોઈ અન્ય ઉત્કૃષ્ટ ધર્મલાભને અર્થે અવસરોચિત સમકિતથી વિરૂદ્ધ કાર્ય કરવાનું કહે અને કરવું પડે, એ ત્રણ પ્રકારે કોઈ સમકિત વિરુદ્ધ કાર્ય કરે તો સમકિતનો ભંગ થાય નહિ.

૬. **વિત્તિકંતારેણું**—રસ્તે ભૂલા પડવાથી કોઇ સમકિતી જીવ મહા અટવીમાં જઇ ચડયો હોય તેવે પ્રસંગે પોતાના તથા પોતાના કુટુંબના રક્ષણાર્થે મર્યાદા ઉપરાંત વસ્તુને પશ્ચાત્તાપયુક્ત ભોગવે, તેમજ ત્યાં કોઇ માર્ગે ચડાવવાની લાલચ આપી સમકિત વિરૂદ્ધ આચરણ કરવાનું કહે ત્યારે સમકિતી પ્રાણ, સ્વજન, ધનાદિની રક્ષા માટે તે કાર્ય કરે તો પણ સમકિતનો ભંગ થતો નથી.

આ છને કોઈ છ આગાર પણ કહે છે અને કોઈ તેને છિંડી (ગલી) પણ કહે છે. જેમ રસ્તે ચાલતાં કોઈ પ્રકારની નડતર આવે ત્યારે ગલી કૂંચીમાં થઈને પાછા મુખ્ય રસ્તા ઉપર આવી જવાય છે, તેવી જ રીતે સમકિતનું પાલન કરતાં કોઇ પ્રકારની ગંભીર મુશ્કેલી ઊભી થવા પામે, તો, ઉપર કહેલી ગલીઓમાંથી પસાર થઈને પાછા મુખ્ય સડક (સમકિત) ઉપર આવી જાય છે.

આ આગાર કંઈ બધા સમકિતીઓ માટે નથી. જેઓ શૂર, વીર, ધીર, સાહસિક, દૃઢ સમકિતી હોય છે, જેમને હાડહાડની મજ્જાએ ધર્મનો રંગ કિરમજના રંગની પેઠે અટળ લાગી ગયો હોય છે તેઓ તો જાનમાલ, ઈજ્જત, વગેરે સર્વસ્વનો નાશ થઇ જાય તો

પણ સમ્યક્ત્વમાં કદાપિ કિંચિત્ માત્ર પણ દોષ લગાડતા નથી. અરણક, કામદેવાદિ શ્રાવકોની પેઠે પ્રાણાંત સંકટમાં પણ કદી ચલાયમાન થતા નથી.

જે કાયર છે અને સંકટમાં ધર્મનો નિર્વાહ કરી શકતા નથી તેઓ આ છ આગારો પર દૃષ્ટિ રાખીને સમકિત વિરુદ્ધ આચરણ કરવા છતાં પણ ધર્મથી ભ્રષ્ટ થતા નથી પરંતુ દોષોત્પત્તિ હોય છે. આ માટે સમકિતીઓનું કર્તવ્ય છે કે જ્યારે પણ ઉપર્યુક્ત પ્રસંગો પ્રાપ્ત થાય ત્યારે તેનાથી પોતાના સમકિતનું રક્ષણ કોઇ પ્રકારે થઈ શકે તેમ નથી એમ જણાય અને ન છુટકે વિરુદ્ધ આચરણ કરવું જ પડે, તો તેવે પ્રસંગે મનમાં તો એવો જ વિચાર રાખે કે, જો મેં દીક્ષા લીધી હોત તો—સંસાર છોડયો હોત—તો મારા માટે આવા પ્રસંગો ઉપસ્થિત થાત નહિ અને મારે દોષોનું સેવન પણ કરવું પડત નહિ. ધન્ય છે તે મહાપુરૂષોને કે જેઓ આથી પણ ઘણા વધારે પરિષહો પ્રાપ્ત થયા છતાં પણ લેશ માત્ર દોષ લગાડતા નથી. ધિક્કાર છે મને, કે હું આ પ્રકારે અકૃત્ય કરી રહ્યો છું. જ્યારે હું નિર્મળ સમકિતનું પાલન કરીશ ત્યારે જ મારાં જન્મ—જીવતર સફળ થશે અને તે જ મારો પરમ કલ્યાણકારક દિવસ હશે.

આ પ્રકારનો શુદ્ધ મનથી પશ્ચાતાપ કરી લાગેલા દોષોથી તુરત નિવૃત્ત થઈને ગુરુ આદિક પાસે તે પાપની આલોચના, નિંદા કરી પ્રાયશ્ચિત લઇને પોતાના સમ્યક્ત્વને શુદ્ધ કરે *, પણ કોઈ પણ ગામ

× સવૈયા—રાજનકા હાંસલ કૌન ભરેગા ? જો કોઈ વસ્તુ મોલ લેવેગા ભારી।
લગા તો દોષ કૌન ગિનેગા ? સાધુ શ્રાવક જો વ્રતધારી ॥
જો કોઈ દોષ લગ ગયા તો લે કર દંડ લગા દેવો કારી।
ચડેગા ચતુર પડેગા ઘોડેસે, ક્યા પડેગી કહો પીસણહારી ॥

અર્થ—જે વેપાર કરશે તે દાણ ભરશે. સાધુ શ્રાવકના વ્રત ધારણ કરશે તે લાગેલા દોષોની ગણતરી કરશે અને તેનું પ્રાયશ્ચિત્ત લઇ શુદ્ધ પણ થશે, જે ચતુર પુરુષ ઘોડે ચડશે તે પડશે, પણ દળાણું દળનારી ઘોડા પરથી કેવી રીતે પડશે ?

કે રાજ્ય, ગણ, બલવાન, સૂર કે વડીલને વહાલો થવા માટે અથવા પ્રખ્યાત થવા માટે અથવા ખાસ કારણ વગર છીંડીને સેવે તો તે મિથ્યાત્વ મેળવે. અત્યારે કુળદેવ કે કોઇ દેવ આવતા તો નથી છતાં તેમનાથી ખોટી રીતે ભય પામીને પૂજે તો તે મિથ્યાત્વ મેળવે.

અગિયારમે બોલે ભાવના

પ્રત્યેક કાર્ય સિદ્ધ કરવા માટે ભાવનાના બળની પરમાવશ્યકતા છે, 'यादृशीभावना यस्य सिद्धिर्भवति तादृशी' જેવી જેની ભાવના હોય છે તેવું જ તેને ફળ મળે. એટલા માટે ભાવનાથી વિશુદ્ધ અને તેનું બળ વધારવા નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઇએ અને તેમ કરવા માટે નીચે લખેલા ૬ પ્રકારના કથનને લક્ષબિન્દુ બનાવવાથી સમકિતી સમકિતમાં નિશ્ચલતા પ્રાપ્ત કરી શકે છે.

૧. ધર્મવૃક્ષનું સમ્યક્ત્વ મૂળ–વૃક્ષનું મૂળ મજબૂત હોય તો જ તે વાયુ આદિ ઉપદ્રવોની સામે ટકી શકે છે અને શાખા, પ્રતિશાખા, પત્ર, પુષ્પ, ફળ વગેરેથી ફાલીફૂલી ઘણા કાળ પર્યંત ટકી શકે અને ઘણાં પ્રાણીઓને વિવિધ પ્રકારનાં સુખ આપનાર નીવડે છે તેવી જ રીતે ધર્મરૂપ વૃક્ષનું સમ્યક્ત્વરૂપ મૂળ છે, તે દૃઢ રહેવાથી ધર્માત્માઓ મિથ્યાત્વરૂપ વાયુના ઉપદ્રવથી પરાભવ પામતા નથી, અને નિશ્ચળ રહી યશોકીર્તિરૂપ શાખા પ્રશાખાથી વિસ્તૃત થઈ દયારૂપ પત્રની છાયા, સદ્‌ગુણરૂપ પુષ્પ અને નિરામય સુખરૂપ ફળથી પોષકને સુખી બનાવે છે.

૨. ધર્મનગરનો સમકિતરૂપ કોટ અથવા દરવાજો–જેમ નગરનો કોટ અને દરવાજા મજબૂત હોય તો દુશ્મનો તેનો પરાભવ કરી શકતા નથી, તેવી જ રીતે વિવિધ પ્રકારની કરણીરૂપ રિદ્ધિથી ભરપૂર ધર્મરૂપ નગરનો જો સમકિતરૂપ કોટ મજબૂત હશે, તો પાખંડ રૂપ શત્રુ–સૈન્ય તેનો પરાભવ કરી શકશે નહિ. વળી, જેવી રીતે દરવાજે થઇને નગરમાંજઈ સુખ પ્રાપ્ત કરી શકાય છે તેવી રીતે સમકિત રૂપ દરવાજામાં થઇને જ ધર્મરૂપ નગરમાં પ્રવેશ કરી શકાય છે. સમકિત

એ ધર્મનો દરવાજો છે, અને ધર્મ એ આત્મિક રિદ્ધિ અને પરમ સુખની પ્રાપ્તિનું સર્વોત્કૃષ્ટ સાધન છે.

૩ ધર્મપ્રાસાદનો સમકિત પાયો—જો ઇમારત કે મહેલનો પાયો મજબૂત હોય તો તેના ઉપર ગમે તેટલા માળ કરવા હોય તો થઈ શકે અને ચિરસ્થાયી રહી શકે. તેવી જ રીતે, ધર્મરૂપ મકાન તેના સમકિતરૂપ મજબૂત પાયા વડે જ ટકી શકે છે અને તેના ઉપર સંવર-કરણી વગેરે મજલા બનાવી શકાય છે અને તે અચલ રહી શકે છે.

૪. ધર્મરત્ન સમકિતરૂપ પેટી—જેવી રીતે મજબૂત પેટી (તિજોરી)માં રાખેલું જવાહિર ચોર લઈ જઈ શકતા નથી, તેવી જ રીતે સમકિતરૂપ મજબૂત પેટીમાં સ્થાપન કરેલ ધર્મકરણીરૂપ રત્નોને કામ, ક્રોધાદિ ચોરો પણ કદી લઈ જઈ શકતા નથી.

૫ ધર્મ ભોજન, સમકિત ભાજન-જેમ ઘૃત, પકવાન્ન, સાકર, ચોખા, વગેરે ભોજનને થાળી, કટોરા વગેરે ધારણ કરી રાખે છે, તેવી જ રીતે ધર્મકરણી રૂપ આત્મગુણના પોષક ઈષ્ટ મિષ્ટ ભોજનને સમકિત રૂપ ભાજન (પાત્ર) ધારણ કરી રાખે છે. ભાજન વિના ભોજન રહી શકતું નથી તેવી જ રીતે સમકિત વિના ધર્મ પણ રહી શકતો નથી.

૬ ધર્મ કરિયાણું અને સમકિત કોઠી—જેમ મજબૂત કોઠીમાં રાખેલાં બદામ, પિસ્તાં, વગેરે કરિયાણાં કીડા, ઊંદર તથા ચોરાદિના ઉપદ્રવથી સુરક્ષિત રહી શકે છે, તેવી રીતે સમકિત રૂપ કોઠીમાં સ્થાપિત કરેલા ધર્મકરણી રૂપ કરિયાણાને મિથ્યાત્વ, વિષય, કષાય, આદિ કીડા, ઊંદર, ચોર ઉપદ્રવ કરી શકતા નથી. સમકિતી તે ધર્મનો રક્ષક છે.

ઉક્ત છ પ્રકારની ભાવના જે સમકિતી ભાવતો રહે છે અને તે પ્રમાણે વર્તન કરતો રહે છે તે સમકિત અને ધર્મને અન્યોન્ય કાર્યકારણ ભાવરૂપ જાણી તેમાં દૃઢ-નિશ્ચલ રહી શકે છે.

બારમે બોલે સ્થાનક ૬

૧. આત્મા છે–ઘટપટાદિની પેઠે આત્મા પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતો ન હોવાથી કેટલાક નાસ્તિકો કહે છે કે, જેમ સૂત્રધાર વસ્ત્ર કે કાષ્ટની પૂતળીઓને દોરીથી બાંધી નૃત્ય કરાવે છે, તેમ ઇશ્વર પણ પોતાનું ચિત્ત પ્રસન્ન રાખવા મનુષ્ય, પશુ, પક્ષી, કીડા વગેરે પૂતળાં બનાવી નચાવે છે અને તે દોરીસંચાર કરતો બંધ પડે એટલે બધું બંધ પડી જાય છે; પરંતુ આત્મા નામનો કોઇ પદાર્થ છે જ નહિ.

એમને પૂછીએ કે, ભાઈ! આ પ્રકારની કલ્પના કરે છે તે કોણ છે? શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શનું વિજ્ઞાન કોને થાય છે? સ્વપ્નાવસ્થામાં દેખેલા પદાર્થોનું જાગૃતાવસ્થામાં સ્મરણ કોણ કરે છે? શરીરમાંથી ત્યારે કોણ નીકળી જાય છે? ઈત્યાદિ પ્રત્યક્ષ લક્ષણોથી જણાય છે તે જ આત્મા છે; તે જ જીવ છે. આશ્ચર્યની વાત તો એ છે કે ખુદ આત્મા જ આત્માના વિષયમાં શંકાશીલ બને છે. તેણે સ્વયં સમજવું જોઇએ કે આ શંકાનો કરનાર છે તે જ આત્મા છે. આ પ્રમાણે નિશ્ચય કરો કે આત્મા છે. આત્મા ન હોય તો ઇશ્વર પણ ક્યાંથી હોય? આત્માના ગુણોનો સ્વ પ્રત્યક્ષ અનુભવ કરવાથી આત્મા સ્વ પ્રત્યક્ષ થાય છે. જે પોતાની જ પ્રેરણાથી ક્રિયા કરતો દૃષ્ટિગોચર થાય છે તે પરોક્ષ રીતે પણ આત્મા સાબિત થાય છે.

૨. આત્મા નિત્ય છે : ઉપર્યુક્ત યુક્તિઓથી કેટલાક આત્માના અસ્તિત્વનો તો સ્વીકાર કરે છે, પણ કહે છે કે, પૃથ્વી, પાણી અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ ભૂતોથી ૨૫ તત્ત્વની × ઉત્પત્તિ થાય છે અને તેથી જ જીવની ઉત્પત્તિ થાય છે. શરીરમાં જીવ રક્ત-

---

× (૧) કામ, ક્રોધ, શોક, મોહ અને ભય એ પાંચ તત્ત્વ આકાશનાં, (૨) ધાવન, બલન, પ્રસારણ, આકુંચન અને નિરોધન એ પાંચ તત્ત્વ વાયુનાં. (૩) ક્ષુધા, તૃષા, આલસ્ય, નિદ્રા અને મૈથુન એ પાંચ તત્ત્વ તેજનાં (૪) લાળ, મૂત્ર, રક્ત, મજ્જા અને વીર્ય એ પાંચ તત્ત્વ પાણીનાં અને (૫) હાડ, નાડી, માંસ, ત્વચા અને રોમ એ પાંચ તત્ત્વ પૃથ્વીનાં: એમ પાંચ ભૂતથી ૨૫ તત્ત્વની ઉત્પત્તિ થાય છે. આમ 'પંચીકરણ' નામક ગ્રંથમાં લખ્યું છે.

રૂપે, વાયુરૂપે તથા અગ્નિરૂપે પરિણમે છે. જ્યારે તેનો નાશ થાય છે ત્યારે જીવનો પણ નાશ થાય છે, અને જે જગતના પદાર્થ દૃષ્ટિગોચર થાય છે તે બધા ક્ષણ ક્ષણમાં રૂપાંતર પામ્યા કરે છે. તેવી જ રીતે આત્માનું પણ રૂપાંતર થયા કરે છે. એટલા માટે આત્મા પણ અનિત્ય, અશાશ્વત છે.

આવું કહેનારાઓએ જાણવું જોઇએ કે, જડમાંથી ચેતનની ઉત્પત્તિ કોઈ કાળે થાય જ નહિ અને ચેતનમાંથી જડની ઉત્પત્તિ પણ ત્રણ કાળમાં થાય જ નહિ. જડ સદાકાળ જડરૂપે રહે છે અને ચેતન સદા ચેતનરૂપે રહે છે. જેટલા જીવ છે અને જેટલા જડના પરમાણુ છે તેટલા જ તે અનાદિ કાળથી અનંત કાળ સુધી રહેશે, તેમાં એક જીવની કે એક પરમાણુની કદાપિ વધઘટ થશે નહિ, પરંતુ પરમાણુમાં એકઠા થવાનો તેમ જ વીખરાવાનો સ્વભાવ હોવાથી જડ પદાર્થોનું રૂપાંતર થતું રહે છે, પણ જીવમાં આમ થતું ન હોવાથી તે સદૈવ એકરૂપે શાશ્વતો રહે છે. તેની સાબિતી એ છે કે પહેલી ક્ષણમાં આપણને જે અનુભવ થયો હતો તેનું જ્ઞાન પછીની ક્ષણમાં પણ કાયમ રહે છે એટલે વસ્તુનો તો પલટો થાય છે પણ તેનો અનુભવ કરનાર (આત્માનો)નો પલટો થતો નથી ×. જો જીવની ઉત્પત્તિ કે નાશ થતાં હોય તેમ જ ક્ષણ ક્ષણમાં તેનો પલટો થતો રહેતો હોય તો પછી ધર્મ, અધર્મ, પુણ્ય, પાપ, વગેરેનાં ફળ ભોગવનાર જગતમાં કોઈ રહે નહિ. પણ આ વાત પ્રમાણ વિરુદ્ધ છે. કેમકે જગતમાં કોઈ સુખી, કોઈ દુઃખી, કોઈ

+ કોઈ પણ પદાર્થનો મૂળમાંથી કદાપિ નાશ થતો નથી, કેવળ રૂપાંતર જ થાય છે. જેમ ઘડો ફૂટવાથી ઘડાની પર્યાય (આકાર) નો નાશ થયો, પરંતુ મૃતિકાનો નાશ થયો નથી. મૃતિકાના બારીક અણુઓ છૂટા પડી ગયા પછી પણ કાળાંતરે તે જ પરમાણુ માટીના વાસણની પર્યાયરૂપે બની શકે. આમ, જડ પદાર્થનો પણ સમૂળ નાશ થતો નથી. તો પછી ચેતનનો તો નાશ કેવી રીતે થાય ? ઘટ પટાદિની પર્યાય જેમ પલટે છે તેમ શરીરની પર્યાયો પણ પલટતી રહે છે, પણ જીવનો નાશ કદાપિ થતો નથી. જીવ અસંખ્યાત પ્રદેશી દ્રવ્ય છે તેનું જ સદા શાશ્વત રહે છે.

શ્રીમંત, કોઈ ગરીબ, વગેરે અનેકવિધ વિચિત્રતાઓ પ્રત્યક્ષ જોઇ શકાય છે, અને તે જીવનાં સ્વકૃત કર્મનું જ ફળ છે.

વળી, ઊંદર અને બિલાડીને જન્મથી જ વેર છે એ પૂર્વજન્મને સિદ્ધ કરનારું પ્રમાણ છે. જીવો પૂર્વે કરેલાં કર્મ હમણાં ભોગવે છે; હમણાં કરે છે તેનાં ફળ ભવિષ્યમાં ભોગવશે. જીવના શરીરનો પલટો થતો રહે છે પણ જીવનો પોતાનો પલટો થતો નથી, તે તો સદા શાશ્વત છે. તેના અસંખ્યાત પ્રદેશમાં એક પ્રદેશ પણ ન્યૂનાધિક થતો નથી, આ નિશ્ચય માનવું. દ્રવ્યથી આત્મા નિત્ય છે, પર્યાય (અવસ્થા)થી અનિત્ય છે.

૩. આત્મા કર્તા છે : ઉક્ત પ્રમાણોથી કેટલાકો આત્માને નિત્ય તો માને છે પણ કહે છે કે, આત્મા સ્વાધીન નથી, પણ ઇશ્વરાધીન છે, એટલે ઇશ્વરની ઈચ્છા પ્રમાણે જ સંસારનાં સઘળાં કાર્યો થતાં રહે છે. જો આત્મા સ્વાધીન હોત તો દુઃખી શા માટે થાત? તેથી આત્મા કર્તા નથી.

આવું માનનારાઓએ સમજવું જોઇએ કે જે કરે તે જ ભોગવે. જેણે કર્મ કર્યું તેણે જ તેનું ફળ ભોગવવું જોઇએ. જો ઇશ્વર જ બધું કરનાર હોય તો કરણીનાં ફળ ઇશ્વરે જ ભોગવવાં જોઇએ. પછી ઇશ્વરમાં અને જીવમાં કશું અંતર રહ્યું નહિ. પાછલા પ્રકરણોમાં આ વિષે ઘણું વિવેચન થઈ ગયું છે, અને અનેક યુક્તિઓ અને પ્રમાણોથી સિદ્ધ કરી ચૂક્યા છીએ કે કર્મનો કર્તા આત્મા જ છે. વ્યવહારથી આત્મા કર્મનો કર્તા છે અને નિશ્ચયથી પોતાના ભાવનો કર્તા છે.

૪. આત્મા ભોક્તા છે : ઉક્ત પ્રમાણોથી આત્માના કર્તૃત્વપણાનો તો કેટલાક સ્વીકાર કરે છે અર્થાત્ આત્મા કર્મનો કર્તા છે એમ માને છે, પણ કર્મ જડ હોવાથી તે ગમનાગમન કરી શકતાં નથી તેથી તે અહીં જ રહી જાય છે અર્થાત્ જીવની સાથે જતાં નથી અને તેટલા માટે કૃતકર્મનું ફળ ભોગવનાર આત્મા નથી. આવું માનનારે વિચારવું જોઇએ કે, જેમ મદિરાપાન કરનારની સાથે મદિરાનો શીશો

જતો નથી તથાપિ તે મદિરાપાન કરનાર જ્યાં જાય છે ત્યાં તે જડ મદિરાના ગુણના પરિણામરૂપ નશો તેની મુદત પાકતાં જરૂર ચડે છે, તેવી જ રીતે કૃતકર્મનો રસ આત્મપ્રદેશમાં પરિણમી જીવની સાથે જાય છે અને તેના શુભાશુભ ફળ અબાધાકાળ (અંતર કાળ) પૂર્ણ થયા બાદ અવશ્ય ભોગવવાં જ પડે છે. વ્યવહારથી આત્મા કર્મફળનો ભોક્તા છે અને નિશ્ચયથી પોતાના ભાવનો ભોક્તા છે.

૫. આત્માનો મોક્ષ છે : ઉપર્યુક્ત પ્રમાણોથી કેટલાક આત્માનું અસ્તિત્વ, કર્તૃત્વ અને ભોક્તૃત્વ વગેરે સ્વીકારે છે; પણ કહે છે કે, જેવી રીતે આ સંસાર અનાદિ અનંત છે તેવી જ રીતે આત્મા અને કર્મનો સંબંધ પણ અનાદિ અનંત છે. કર્મ કરવાં અને તેનાં ફળ ભોગવવાં એવો વ્યવહાર અનાદિ કાળથી ચાલતો આવ્યો છે અને અનંતકાળ સુધી ચાલતો રહેશે.

કેટલાક એવું માને છે કે, જે પદાર્થની આદિ હોય તેનો જ અંત હોય અને જે અનાદિ હોય છે તે જ અનંત હોય છે. એમણે જાણવું જોઈએ કે, વંશપરંપરા અનાદિ છે. એ મનુષ્યની પિતા, પિતામહ, વગેરે પેઢીઓ ગણતાં તેની ક્યાંય આદિ હોતી નથી, મતલબ કે તે અનાદિ છે, છતાં કોઈ મનુષ્ય બાલબ્રહ્મચારી રહે અથવા નિર્વંશ મરી જાય તો વંશપરંપરાનો જે અનાદિ સંબંધ તે તૂટી જાય છે, અર્થાત્ ત્યાં અનાદિ સાંતનો વિકલ્પ લાગુ થાય છે. એવી જ રીતે મૃતિકા અને સુવર્ણનો સંબંધ અનાદિ કાળનો હોવા છતાં અગ્નિ, ક્ષાર અને સુવર્ણકાર વગેરેનો યોગ મળતાં તે અનાદિ સંબંધ છૂટી શુદ્ધ સુવર્ણ માટીથી અલગ થઈ જાય છે. એ જ પ્રમાણે આત્મા પણ અનાદિ કર્મ સંબંધથી છૂટી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

સંબંધ બે પ્રકારના છે. ૧. સમવાય અને, ૨. સંયોગ. આત્મા અને તેનો ઉપયોગ ગુણ, સુવર્ણ અને તેનો પીળાપણાનો ગુણ એ સમવાય સંબંધ કહેવાય. તે અનાદિ અનંત સંબંધ છે. પણ જીવ અને કર્મનો અથવા સુવર્ણ અને માટીનો સંબંધ તે સંયોગ સંબંધ છે; અને તે અનાદિ સાંત પણ હોઈ શકે છે. જીવને અનાદિ કાળથી કર્મ

લાગેલાં છે એ ખરું છે. પણ જે કર્મો અનાદિકાળ પહેલાં હતાં તેનાં તે જ અત્યારે પણ છે એમ નથી.

કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તો ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. એટલે કર્મ બાંધવાં, છોડવાં, વળી બાંધવાં વગેરે વ્યવહાર અનાદિ કાળથી ચાલ્યો આવતો હતો તે પૂર્વોક્ત વંશપરંપરાના દૃષ્ટાંતે બંધ પડતાં આત્માનો મોક્ષ પણ થઈ શકે છે. નવાં કર્મ આવતાં ઓછાં ઓછાં થતાં જાય અને જૂનાં કર્મ વધારે વધારે ખપતાં જાય તો એક વખત એવો આવે જ કે સર્વ કર્મનો નાશ થઇ જાય.

૬. મોક્ષનો ઉપાય છે—ઉપરનું કથન સાંભળીને મુમુક્ષુઓને મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય જાણવાની જિજ્ઞાસા થાય એ સ્વાભાવિક છે. તેમણે જાણવું જોઇએ કે, જેવી રીતે સુવર્ણકાર માટીમાંથી સોનાને પૃથક્ કરવા માટે કુલડીમાં સોનાને સ્થાપન કરી ક્ષાર અને અગ્નિના પ્રયોગ વડે માટીને બાળીને શુદ્ધ સુવર્ણ કાઢી લે છે, તેવી જ રીતે જ્ઞાનરૂપ સુવર્ણકાર દ્વારા સમજાણું કે આઠ કર્મરૂપ મૃતિકામાં આત્મસુવર્ણ મિશ્રિત છે તેને પૃથક્ કરવું ઉચિત છે.

ત્યારે બધા ગુણના ભાજન સમાન સમ્યક્ત્વરૂપ કુલડીમાં સ્થાપન કરી, તેની સાથે આત્મા અને કર્મને છૂટા પાડનાર ચારિત્રરૂપ ક્ષારનો પ્રયોગ મેળવી અર્થાત્ ચારિત્રધર્મનો સ્વીકાર કરી કર્મરૂપ મેલને ભસ્મીભૂત કરનાર તપરૂપ અગ્નિના પ્રયોગથી બાળી નાંખે, બાહ્ય તપથી બાહ્ય ઉપધિને ભસ્મ કરે, અભ્યંતર તપથી અભ્યંતર ઉપધિને ભસ્મ કરે. આ પ્રકારે આત્મા અને પરમાત્માની એકતારૂપ ધ્યાનથી કર્મરૂપ મેલથી આત્મારૂપ સુવર્ણને પૃથક્ કરે અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે.

જેવી રીતે ભટકતો માણસ સ્વસ્થાનને પ્રાપ્ત કરી સ્થિર થઈ સુખી થાય છે, તેવી જ રીતે અનાદિ કાળથી મિથ્યામાર્ગે ચડી ભૂલો પડેલો આત્મા ઉક્ત છ સ્થાનનો વિચાર કરી, સદ્ધર્મના સ્વરૂપને યથાતથ્ય સમજવાથી સમ્યક્ત્વ સ્થાનમાં સ્થિર થઈ સુખી થાય છે.

૪ શ્રદ્ધાન, ૩ લિંગ, ૧૦ વિનય, ૩ શુદ્ધતા, ૫ લક્ષણ, ૫ દૂષણ, ૫ ભૂષણ, ૮ પ્રભાવના, ૬ યતના, ૬ આગાર, ૬,

સ્થાનક અને ૬ ભાવના એમ સર્વ મળી ૬૭ બોલ વ્યવહાર સમકિતના થયા. આટલા ગુણો જે આત્મામાં હોય તેને વ્યવહારથી સમકિતી જાણવો.

સમ્યક્ત્વની ૧૦ રુચિ

૧. નિસર્ગ રુચિ—ગુરુ આદિનો ઉપદેશ સાંભળ્યા વિના જ સમ્યક્ત્વના આવરણરૂપ પ્રકૃતિઓ નષ્ટ થઈ જવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ જાય. જેમકે,

(૧) કલિંગ દેશના રાજા 'નગગતિ' સેના સહિત વનમાં ગયા. એક રમણીય આમ્રવૃક્ષને જોઈ તેની મંજરી તોડી, પછી બધી સેનાએ મંજરી, પાંદડાં વગેરે તોડી લીધાં એટલે વૃક્ષ ઠૂંઠા જેવું થઈ ગયું. પાછા ફરતી વખતે એક શોભનિક આંબાને આ પ્રમાણે અરમણિક થઈ ગયેલો જોઈને રાજાને વૈરાગ્ય ઊપજ્યો અને તે સમજ્યો કે જગત્માં સર્વ શોભા પુદ્ગલોની છે.

(૨) પંચાલ દેશનો દ્વિમુખ રાજા પ્રથમ તો મહોત્સવને માટે શણગારેલા સ્થંભને જોઈ ખુશી થયો. પછી મહોત્સવ પૂર્ણ થયે સ્તંભ તૂટી પડયો તે જોઈ વૈરાગ્ય પામ્યો, કે સંસારમાં પ્રતિષ્ઠા પુણ્યસંયોગે પ્રાપ્ત થાય છે અને પુણ્ય ખૂટવાથી આ સ્થંભના જેવી સ્થિતિ થઈ જાય છે.

(૩) વિદેહ દેશના રાજા 'નમિરાજ'ને દાહજ્વર થયેલો, તેને ઉપશમાવવા ૧૦૦૮ રાણીઓ ચંદન ઘસવા લાગી. તેમના હાથમાંનાં કંકણોનો શોર સાંભળતાં રાજા ખેદિત થયો. આથી રાણીઓએ એક એક ચૂડી રાખી બાકીની ઉતારી અળગી કરી અને શોરબકોર બંધ પડી ગયો. આ પ્રસંગથી રાજા એકત્વભાવના ભાવતાં ભાવતાં વૈરાગ્ય પામ્યા. અનેકના સંગ વડે જ દુનિયામાં દુઃખની પ્રાપ્તિ હોય છે. એકલો આત્મા સુખી થાય છે.

(૪) કંચનપુર અને ચંપાનગરીના રાજા કરકંડુએ સાંઢને ગાયોના ઝૂંડમાં ઘૂસતો જોયેલો. ત્યાર બાદ એ સાંઢ દુર્બળ થઈ નીચે પડી ગયો.

ત્યારે ગાય વગેરે કોઇને તેની પાસે ન જોયાં. આ ઉપરથી તેને વૈરાગ ઊપજ્યો કે, આ સંસારમાં બધો પ્રેમ મતલબનો છે. (આ ચારે પ્રત્યેક-બુદ્ધ રાજાઓ દીક્ષા લઈ મોક્ષ પધાર્યા છે.)

આ જ પ્રમાણે કોઈ પણ પ્રાણી કે પદાર્થને જોવાથી કે સાંભળવાથી જાતિસ્મરણ આદિ જ્ઞાનની પ્રાપ્તિ થાય, તેના પરિણામે પૂર્વ ભવમાં જે જીવાદિક નવ પદાર્થનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી યથાર્થ જાણપણું કર્યું હોય તેનું સ્મરણ થઈ આવે અને જિનપ્રણીત ધર્મ પર રુચિ થાય, ધર્મનો સ્વીકાર કરે તેમ જ કોઈ અન્ય મતાવલંબીને અજ્ઞાન તપના પ્રભાવથી કર્મનો ક્ષયોપશમ થતાં તેને વિભંગ જ્ઞાનની પ્રાપ્તિ થાય; તેને લીધે જૈન ધર્મની વિશુદ્ધ પ્રવૃત્તિ જોઈ તે જૈન ધર્મનો અનુરાગી બને અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં અજ્ઞાનનો નાશ થઈ અવધિજ્ઞાનનો પ્રકાશ થાય. તેથી નિરારંભી, નિષ્પરિગ્રહી જૈન ધર્મની આરાધના કરવાની રુચિવાળો બને તેને નિસર્ગરુચિ કહેવાય.

૨. ઉપદેશ રુચિ—જે કોઈ તીર્થંકરો, કેવળજ્ઞાનીઓ, સામાન્ય સાધુઓ તથા શ્રાવકો વગેરેના ઉપદેશથી જીવાદિ નવ પદાર્થોનું યથાતથ્ય સ્વરૂપ સમજીને તત્ત્વજ્ઞ બને અને તેને ધર્મ કરવાની રુચિ જાગૃત થાય તેને ઉપદેશ રુચિ કહીએ.

૩. **આજ્ઞા રુચિ**—તે રાગ, દ્વેષ, મિથ્યાત્વ, અજ્ઞાન, ઇત્યાદિ દુર્ગુણોનો નાશ કરી આત્માને જ્ઞાનાદિ અનેક સદ્ગુણોમાં સ્થાપન કરવાવાળી અનંત ભવભ્રમણનાં દુઃખોનો નાશ કરી મુક્તિપંથમાં પ્રવર્તાવવાવાળી એવી અનેકાનેક ગુણોની ખાણ તે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે. તેને આરાધવાની અર્થાત્ તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાની જે ઇચ્છા થવી તેનું નામ આજ્ઞારુચિ.

૪. સૂત્રરુચિ—શ્રી જિનેશ્વરપ્રણીત અને ગણધરાદિ ૧૦ પૂર્વ સુધીનું જ્ઞાન ધરાવનારાઓએ રચેલાં દ્વાદશાંગી આદિ જે સૂત્રો છે તેનું પઠન કરી કરાવી તેમાં રહેલાં અદ્ભુત જ્ઞાનને અનુભવમાં

પરિણમાવે, અપૂર્વ જ્ઞાનના રસમાં આત્માને તલ્લીન બનાવે અને ઉત્સાહપૂર્વક તેનું જ વારંવાર શ્રવણ, પઠન મનન કરવાની ઉત્કંઠા જાગૃત થાય તેને સૂત્રરુચિ કહે છે.

૫. બીજરુચિ–જેવી રીતે હળ વડે ખેડેલી, ખાતર પૂરેલી અને વૃષ્ટિથી તૃપ્ત થયેલી કરાળ ધરતીમાં વાવેલું બી અનેક બીજનું ઉત્પાદન કરનાર નીવડે છે, તેવી જ રીતે વિષય કષાય કમી કરવાથી શુદ્ધ બનેલા, ગુરુઉપદેશથી પોષણ પામેલા અને સંતોષાદિ ગુણોથી તૃપ્ત થયેલા ભવ્ય જીવના હૃદયરૂપી ખેતરમાં વાવેલું જ્ઞાનરૂપ બીજ વૃદ્ધિ પામે છે. તથા જેવી રીતે પાણીમાં નાખેલું તેલનું બિંદુ પ્રસરે છે, તેવી જ રીતે એક પદનું જ્ઞાન પ્રાપ્ત થતાં અનેક પદરૂપે પરિણમે–વિસ્તાર પામે તે બીજ રુચિવાળો કહેવાય.

૬. અભિગમરુચિ–કોઈને શ્રુતજ્ઞાનની વિશુદ્ધિ થતાં તે અંગોપાંગ, પયન્ના, દષ્ટિવાદ, આદિ સૂત્ર અને તેના અર્થરૂપ જ્ઞાનનો અભ્યાસ કરતાં વિશુદ્ધ જ્ઞાન થવાથી સમકિતની પ્રાપ્તિ થાય તેને અભિગમ રુચિ કહે છે, અને તે ભાવો બીજાને સંભળાવતાં સંભળાવતાં તે શ્રોતાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તેને પણ અભિગમ રુચિ કહેવામાં આવે છે.

૭. વિસ્તારરુચિ–જીવાદિ નવ તત્ત્વ, ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય, નૈગમાદિ ૭ નય, નામાદિ ૪ નિક્ષેપ, પ્રત્યક્ષાદિ ૪ પ્રમાણ, તેનો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી વિસ્તારપૂર્વક જ્ઞાનાભ્યાસ કરતાં કરતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તે વિસ્તાર રુચિ.

૮. ક્રિયારૂચિ–સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, ક્ષમા આદિ તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ રૂપ આઠ પ્રવચન માતાનું પાલન કરવામાં ઉત્સાહ જાગૃત થાય, પ્રતિદિન આચાર ક્રિયાની વિશુદ્ધિ કરતા રહેવાની ઈચ્છા રહે, તે ક્રિયારુચિ જાણવી.

૯. સંક્ષેપરૂચિ–કેટલાક હળુકર્મી જીવ એવા છે કે, તેઓ ધર્મ અધર્મનો કશો ભેદ જાણતા નથી હોતા, પરંતુ અનાભિગ્રહિક મિથ્યાત્વીની પેઠે બધા ધર્મને માને છે, તેવા જીવો કદાચિત્ પુણ્યોદયથી

સત્સંગતિને પ્રાપ્ત કરી સદ્ જ્ઞાન શ્રવણ કરવાનો સુયોગ મળવાથી સદ્-ગુણોનું સંક્ષિપ્ત કથન શ્રવણ કરી તત્કાળ ભાવભેદને સમજી જાય અને મિથ્યાત્વનો પરિત્યાગ કરી સદ્ધર્મનો સ્વીકાર કરી લે તેને સંક્ષેપ રુચિવાળો જાણવો.

૧૦. ધર્મરૂચિ–સમ્યક્ત્વાદિ સૂત્રધર્મ અને વ્રતાદિ ચારિત્ર-ધર્મ તથા ક્ષમા, નિર્લોભતા આદિ યતિધર્મ ઈત્યાદિ પ્રકારના ધર્મનું કથન શાસ્ત્રમાં જે પ્રમાણે કહ્યું છે તે જ પ્રમાણે તેનું શ્રદ્ધાન કરી આરાધના કરવાની રુચિ થાય, તથા ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યના સૂક્ષ્મ ભાવો તથા ગાંગેય આદિના ભાંગા શ્રવણ કરી, સંદેહ રહિત સત્ય શ્રદ્ધાન કરી ઉત્સાહપૂર્વક ધર્માનુષ્ઠાન, ધર્મકરણીનું સમાચરણ કરે તેને ધર્મ-રુચિવાળો જાણવો.

જેવી રીતે જ્વરનો નાશ થવાથી મનુષ્યને ભોજનની રુચિ જાગૃત થાય છે અને રુચિપૂર્વક કરાયેલું ભોજન સુખકર્તા નીવડે છે, તેવી જ રીતે મિથ્યાત્વરૂપ જ્વરનો નાશ થવાથી દસ પ્રકારથી ધર્મનું આરાધન કરવાની રુચિ જાગૃત થાય છે અને રુચિપૂર્વક–ઉત્સાહપૂર્વક આચરણ કરેલો ધર્મ યથાર્થ ફળદાતા બની આત્માને અક્ષય સુખી બનાવે છે.

સમકિતીને હિતશિક્ષા

પ્રથમ આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ચોથા અધ્યયનમાં શ્રમણ ભગવંત શ્રી મહાવીર સ્વામીએ નીચે પ્રમાણે સમકિતીઓને હિતશિક્ષા આપી છે.

૧. ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળના સર્વ તીર્થંકરોનું ફરમાન છે કે, બેઇન્દ્રિયાદિ પ્રાણી, વનસ્પત્યાદિ ભૂત, પંચેન્દ્રિયાદિ જીવ, તથા પૃથ્વ્યાદિ સત્ત્વની જ્યાં કિંચિત્ માત્ર પણ હિંસા કદાપિ થતી નથી, કિંચિત્ માત્ર દુઃખ ઉત્પન્ન થતું નથી ત્યાં જ સત્ય, શુદ્ધ સનાતન ધર્મ છે. રાગીઓનો, ત્યાગીઓનો, ભોગીઓનો અને યોગીઓનો એમ સર્વ-નો તે ધર્મ એકસરખો આદરણીય છે. ૨. ઉક્ત ધર્મનો સ્વીકાર કરી તેના પાલનમાં કદી પણ પ્રમાદી બનવું ન જોઇએ; પરંતુ નિરંતર સુદૃઢ–અચલ બનીને તેનું પાલન કરવું જોઇએ. ૩. મિથ્યાત્વીઓના મિથ્યા આડંબર,

પાખંડાચારને જોઈને વ્યામોહ પામવો નહિ. ૪. સંસારમાં રહેલા સમકિતીઓએ મિથ્યાત્વીઓનું અનુકરણ (દેખાદેખી) ન કરવું જોઈએ. ૫. જે મિથ્યાત્વીઓનું અનુકરણ કરતો નથી તેનાથી કુમતિ સદૈવ દૂર રહે છે. ૬. ઉક્ત ધર્મ પર શ્રદ્ધા નથી તે જ મોટામાં મોટી કુમતિ છે. ૭. સર્વ તીર્થંકરોએ કેવળદર્શનથી જોઈ, કેવળજ્ઞાનથી જાણી અને યથાખ્યાત ચારિત્રથી પૂર્ણાનુભવયુક્ત થઈને ઉપર્યુક્ત ધર્મનું ફરમાન કર્યું છે. ૮. સંસારી જીવો મિથ્યા પાશમાં ફસાયેલા રહી અનંત સંસાર પરિભ્રમણ કરે છે. ૯. તત્ત્વદર્શી મહાત્મા એ જ છે કે, જે પ્રમાદનો નિરંતર ત્યાગ કરી સાવધાનપણે ધર્મપંથે વિચરે છે. ઇતિ પ્રથમોદ્દેશ.

(૧) જે કર્મબંધનના હેતુઓ છે તે સમકિતીઓને માટે વખત પર કર્મ છોડવાના હેતુ નીવડે છે. (૨) અને જે કર્મ છોડવાના હેતુઓ છે તે મિથ્યાત્વીઓને માટે કર્મબંધનના હેતુ નીવડે છે. (૩) જેટલા કર્મ બાંધવાના હેતુ છે તેટલા જ કર્મ છોડવાના હેતુ છે. (૪) જગજ્જંતુઓને કર્મોથી પીડિત થતા જોઈને કોણ ધર્મ કરવામાં પ્રવૃત્ત નહિ થાય ? સુખાર્થી હશે તો તે અવશ્ય થશે. (૫) વિષયાસક્ત અને પ્રમાદી જીવ પણ જૈનશાસ્ત્રનું શ્રવણ કરી ધર્માત્મા બની જાય છે. (૬) અજ્ઞાનીઓ કાળનો કોળિયો બનવા છતાં પણ આરંભમાં તલ્લીન બની ભવભ્રમણની વૃદ્ધિ કરે છે. (૭) નરકના દુઃખના પણ શોખીન કેટલાક જીવો હોય છે. તેઓ પુનઃ પુનઃ નરકગમન કરવા છતાં પણ તેનાથી તૃપ્ત થતા નથી. (૮) ક્રૂર કર્મના કરનાર દુઃખ પામે છે અને તેને છોડે છે તે સુખી થાય છે. (૯) કેવળીનાં વચન જેવાં જ દસ પૂર્વના ધારક શ્રુતકેવળીનાં પણ વચન હોય છે. (૧૦) હિંસાના કામમાં જે દોષ માનતો નથી તે અનાર્ય છે. (૧૧) એવા અનાર્યનાં વચન પાગલ મનુષ્યના બકવાદ જેવાં છે. (૧૨) જીવની ઘાત કરવી તો બાજુ પર રહી, પરંતુ તેમને દુઃખ પણ દેતા નથી તે આર્ય છે. (૧૩) તેમને સુખ વ્હાલું છે કે દુઃખ ? આ પ્રશ્ન અનાર્યોને પૂછવાથી સત્ય ધર્મનો નિશ્ચય તેમના ઉત્તરમાંથી જ મળી રહેશે. ઇતિ દ્વિતીયોદ્દેશ.

૧. પાખંડી જનોની ચાલચલગત પર લક્ષ આપતા નથી તે ધર્માત્મા છે. ૨. હિંસાને દુઃખદાતા જાણી તેનો પરિત્યાગ કરે, શરીર

પર મમત્વ ન કરે, ધર્મનાં તત્ત્વોનો જ્ઞાતા બને, કપટરહિત ક્રિયાનું સમાચરણ કરે અને કર્મ તોડવામાં સદૈવ તત્પર રહે તે જ સમકિતી છે. ૩. બનતાં સુધી બીજાને દુઃખ ન દે તે જ ધર્માત્મા છે. ૪. જિનેશ્વરની આજ્ઞાનું પાલન કરે, આત્માને એકલો જાણે, તપશ્ચર્યાથી તનને તપાવે તે જ પંડિત છે. ૫. પુરાણા કાષ્ટની પેઠે દેહમમત્વનો શીઘ્રતાથી ત્યાગ કરે અને તપ અગ્નિથી કર્મને બાળે તે જ મુનિ છે. ૬. મનુષ્યનું આયુષ્ય અલ્પ જાણી ક્રોધને જીતે તે જ સંત છે. ૭. ક્રોધાદિક કષાયને વશીભૂત બનેલું જગત દુઃખી થઈ રહ્યું છે એવો વિચાર કરે તે જ જ્ઞાની છે. ૮. કષાયને ઉપશમાવી શાંત બને તે જ સુખી છે. ૯. ક્રોધાગ્નિથી પ્રજ્વલિત ન બને તે જ વિદ્વાન છે. ઇતિ તૃતીયોદ્દેશ.

(૧) પ્રથમ થોડું અને પછી વિશેષ એમ ક્રમે ક્રમે ધર્મ અને તપની વૃદ્ધિ કરવી જોઈએ. (૨) શાન્તિ, સંયમ, જ્ઞાન, ઇત્યાદિ સદ્‌ગુણોની વૃદ્ધિ કરવાનો નિરંતર ઉદ્યમ કરવો જોઈએ. (૩) મુક્તિનો માર્ગ મહા વિકટ છે. (૪) બ્રહ્મચર્યનું પાલન કરવાનો તથા મોક્ષની પ્રાપ્તિ કરવાનો મુખ્ય ઉપાય તપશ્ચર્યા જ છે. (૫) જે સંયમધર્મથી ભ્રષ્ટ બનેલા છે તે કશા કામના નથી. (૬) મોહરૂપ અંધારામાં આથડતા જીવો જિનાજ્ઞાનો લાભ પ્રાપ્ત કરી શકતા નથી. (૭) ગત જન્મમાં જેમણે જિનાજ્ઞાનું આરાધન કર્યું નથી તે હવે શું કરશે? (૮) જેઓ જ્ઞાની બનીને આરંભથી નિવર્તે છે તે જ પ્રશંસનીય છે. (૯) અનેક પ્રકારનાં દુઃખો આરંભથી જ ઉત્પન્ન થાય છે. (૧૦) જેઓ ધર્માર્થી છે તેઓ પ્રતિબંધનો ત્યાગ કરી એકાંત મોક્ષાભિમુખ હોય છે. (૧૧) કૃતકર્મનાં ફળ અવશ્ય ભોગવવાં જ પડશે, એવું જાણી કર્મબંધન કરતાં ડરવું જોઇએ અને, (૧૨) જે સદુદ્યમી, સત્યધર્માવલંબી, જ્ઞાનાદિ ગુણમાં રમણ કરનાર, પરાક્રમી, આત્મકલ્યાણ અર્થે દૃઢ લક્ષયુક્ત, પાપકાર્યથી નિવૃત્તિ પામેલો અને યથાર્થ લોકસ્વરૂપનો દર્શક હોય છે તેને કોઈ પણ દુઃખી કરી શકતું નથી. ઇતિ ચતુર્થ ઉદ્દેશ.

આ તત્ત્વદર્શી સત્પુરુષોનો અભિપ્રાય છે કે જે કોઈ તે પ્રમાણે ચાલશે તે આધિ, વ્યાધિ, ઉપાધિ આદિ સર્વ દુઃખોનો નાશ કરી અનંત, અક્ષય, અવ્યાબાધ સુખનો ભોક્તા બનશે.

ઉપર પ્રમાણે સમ્યક્ત્વનું સ્વરૂપ શાસ્ત્રો અને ગ્રંથોમાં દર્શાવ્યું છે. તે જ પ્રમાણે અહીં કહેવામાં આવ્યું છે. ધર્મનું પગથિયું સમકિત છે, અથવા સમકિત સહિત કરેલો ધર્મ જ અનંત કર્મવર્ગણાની નિર્જરારૂપ મહા ફળને આપનાર નીવડે છે.

એમ જાણી ધર્મના યથાર્થ ફળને ઈચ્છનારે સમ્યક્ત્વ રત્ન અવશ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ મા અધ્યયનમાં કહ્યું છે કે,

सम्मदंसणरत्ता, अनियाणा सुक्कलेसमोगाढा ।
इय जे मरंति जीवा, तेसिं सुलहा भवे बोही ॥२५९॥

અર્થ—જે જીવ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના મળરહિત હોય છે. તથા ક્લેશરહિત શાંત સ્વભાવી બની જાય છે અને જિનપ્રણીત શાસ્ત્રાનુસાર તથા નિયાણા રહિત નિર્મળ કરણી કરવામાં તત્પર રહે છે તે જ સ્વલ્પ સંસારી થાય છે. અર્થાત્ ભવો ભવમાં સુલભતાથી બોધિબીજને પ્રાપ્ત કરી શીઘ્ર મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

मिच्छा दंसणरत्ता, सनियाणा कण्हलेसमोगाढा ।
इय जे मरन्ति जीवा, तेसिं पुण दुलहा बोहो ॥२६०॥

અર્થ—જે જીવ મિથ્યાદર્શનમાં અનુરક્ત રહે છે, તે પાપકર્મ કરે છે અને કૃષ્ણ લેશ્યાવાળા થાય છે અને એવા જીવને બોધિ (સદ્ધર્મની પ્રાપ્તિ) દુર્લભ થઈ પડે છે.

जिणवयणे अणुरत्ता, जिणवयणं जे करेन्ति भावेण ।
अमला असंकिलिट्ठा, ते होंति परित्तसंसारी ॥

અર્થ—જે જીવ જિનવચન (સિદ્ધાંત વાણી)માં અનુરક્ત રહે છે અને તે પ્રમાણે ભાવથી આચરણમાં ઉતારી વર્તે છે તે મળરહિત અને (મોહ મત્સરાદિ) ક્લેશરહિત થાય છે અને કાળે કરીને સંસારથી મુક્ત થાય છે.

શાસ્ત્રોદ્ધારક બાલબ્રહ્મચારી ઋષિ સંપ્રદાયાચાર્ય સ્વ. મુનિશ્રી અમોલખઋષિજી મહારાજ દ્વારા વિરચિત "જૈન તત્ત્વ પ્રકાશ" ગ્રંથના બીજા ખંડનું સમ્યક્ત્વ નામક ચોથું પ્રકરણ સમાપ્ત.

પ્રકરણ પાંચમું

સાગારી ધર્મ—શ્રાવકાચાર

श्रीसर्वज्ञपदाब्जसेवनमतिः शास्त्रागमे चिन्तना ।
तत्त्वातत्त्वविचारणे निपुणता, सत्संयमे भावना ।
सम्यक्त्वे रूचिता अघोपशमता, जीवादि के रक्षणा ।
सत्सागारिगुणा जिनेन्द्रकथिता, येषां प्रसादाच्छिवम् ॥१॥

અર્થ—શ્રી જિનેન્દ્ર ભગવાને સાગારીધર્મ એટલે શ્રાવકધર્મના ગુણો આ પ્રમાણે કહ્યા છેઃ

શ્રી સર્વજ્ઞની આજ્ઞાનું પાલન કરે તે જ તેમની સેવા છે. તેમાંજ તેની મતિ જોડાયેલી રહે, આપ્ત પુરુષો દ્વારા પ્રરૂપાયેલા આગમોના અર્થ વિચારવામાં જે સદૈવ તત્પર રહે, તત્ત્વાતત્ત્વ, ધર્માધર્મ, ન્યાય, અન્યાય, વગેરેનો નિર્ણય કરવાને માટે બુદ્ધિનો સદુપયોગ કરે, સંયમની ભાવના ભાવે, સમ્યક્ત્વની રુચિવાળો હોય, પાપને ઘટાડવાનો નિરંતર પ્રયત્ન કરતો હોય, ત્રસ સ્થાવર જીવોનું રક્ષણ યથાશક્તિ કરતો હોય અને જિનેન્દ્રકથિત માર્ગનો અનુસરનાર હોય તે જીવ તેમના પ્રસાદ વડે સુખી થાય, શિવસુખ પામે.

न्यायोपात्त धनो जनो गुणा गुरुः सद्गिस्त्रिवर्गभज- ।
न्नन्योन्य गुणवांस्तथैव गृहिणी, ज्ञानालयो ह्रिमयः ।
युक्ताहार विहार आर्यसमिती, प्रज्ञः कृतज्ञा, वशी ।
श्रृण्वन्धर्मविधं दयालुरघसीः सागारधर्माचरेत् ॥२॥

અર્થ :—ન્યાયથી દ્રવ્યોપાર્જન કરનારો હોય, ગુણાનુરાગી હોય, ધર્મ, અર્થ અને કામ એ ત્રણનું યથોચિત સેવન કરનાર હોય, પરસ્પર ગુણોનો જોનારો, જ્ઞાનના ભંડારરૂપ, લોકાપવાદથી લજ્જાનો ધારક હોય, પોતાની સ્ત્રીને પણ ધર્મમાર્ગમાં પ્રવર્તાવનાર હોય, સદૈવ

કુલની, ધર્મની, રાજની મર્યાદાની અંદર રહેનાર હોય, શ્રાવક ધર્મને યોગ્ય આહાર અને વ્યાપારની આજીવિકા કરનાર હોય, સત્પુરુષોની સંગતિ કરનાર હોય, કોઈ સલાહ માગે તેને સુબુદ્ધિપૂર્વક સાચી સલાહ આપનાર હોય, મહા બુદ્ધિવંત હોય અન્યના અલ્પ ઉપકારને પણ મહાન માને, કૃતજ્ઞ હોય, કામ, ક્રોધ, મદ, મોહ, લોભ અને મત્સર આ છ રિપુઓને વશ કરનાર હોય, સત્શાસ્ત્રનું શ્રવણ કરનાર હોય, સામાયિક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન આદિ ધર્મક્રિયાનુષ્ઠાનનું વિધિપૂર્વક આરાધન કરવાવાળો હોય, મહા દયાવાન હોય, અને પાપકૃત્યથી સદા ભયભીત બની રહેતો હોય. આ બધા ગુણો શ્રાવકોને આદરણીય છે. અર્થાત્ આ ગુણોથી અલંકૃત–શોભિત હોય તેને જ શ્રાવક કહેવો.

૧. આગાર એટલે ઘર. ઘરમાં અર્થાત્ ગૃહસ્થાવાસમાં રહીને ધર્મારાધન કરાય છે તે સાગારીધર્મ કહેવાય. વ્યવહારમાં તેનો અર્થ એવો પણ કરવામાં આવે છે કે સાધુનાં વ્રત મુક્તાફળ (મોતી) સમાન છે. અર્થાત્ મોતી અખંડિત ધારણ કરાય છે. તેવી રીતે સાધુજી સાવદ્ય-યોગનાં ત્રિકરણ ત્રિયોગે એમ નવ કોટિએ પ્રત્યાખ્યાન કરી પંચ મહાવ્રત પાળે છે, પણ એકએ વ્રતના ધારક હોય તે સાધુ કહેવાતા નથી.

આવી રીતે સાધુનાં વ્રત અખંડિત હોવાથી, તેમાં કોઈ પ્રકારનો આગાર ન હોવાથી તેઓ અણગાર કહેવાય છે અથવા સાધુ ઘરના ત્યાગી હોવાથી પણ અણગાર કહેવાય છે, અને શ્રાવકનાં વ્રત સુવર્ણ સમાન છે. અર્થાત્ સોનું વાલ, બે વાલ, તોલો, બે તોલા એમ મરજી મુજબ અથવા શક્તિ મુજબ ખરીદ કરી શકાય છે. તેવી જ રીતે શ્રાવકનાં વ્રત પણ યથાશક્તિ અંગીકાર કરી શકાય છે.

કોઈની ઇચ્છા એક વ્રત ધારણ કરવાની હોય તે એક વ્રત ધારણ કરે, કોઈ બે વ્રત ધારણ કરે યાવત્ કોઈની ઇચ્છા બાર વ્રત ધારણ કરવાની હોય તે બાર વ્રત ધારણ કરે. વળી, કોઈની ઇચ્છા એક કરણ એક યોગે, કોઈની એક કરણ ત્રણ યોગે, કોઈની બે કરણ ત્રણ યોગે, વ્રત ધારણ કરવાની હોય તે પ્રમાણે તે વ્રતો અંગીકાર કરી શકે છે. જેટલી મૂડી હોય તેટલું સોનું જેમ ગૃહસ્થ ખરીદે છે, તેમ જેટલો

ક્ષયોપશમ, જેટલી શક્તિ તેટલા પ્રમાણમાં વ્રતો ધારણ કરે. શ્રાવકનાં વ્રતોમાં એવો આગ્રહ નથી કે અમુકે આટલાં વ્રતો ગ્રહણ કરવાં જ જોઈએ. આ કારણથી તે સાગારીધર્મ કહેવાય છે. અર્થાત્ આગાર સહિત વ્રતના ધારક અને પાલક તે શ્રાવક કહેવાય છે.

૨. ઉક્ત સાગારી ધર્મના પાલકનું અપર નામ શ્રાવક પણ છે. શ્રાવક એ 'શ્રુ' ધાતુ ઉપરથી બનેલો શબ્દ છે. શ્રુ એટલે સાંભળવું. જે શાસ્ત્રનું શ્રવણ કરે તે શ્રાવક કહેવાય. વળી વ્યવહારમાં શ્રાવકનો અર્થ આ પ્રમાણે પણ કરવામાં આવે છે. શ્ર=શ્રદ્ધાવંત + વ=વિવેકવંત + ક=ક્રિયાવંત. અર્થાત્ શ્રદ્ધાયુક્ત વિવેકપૂર્વક ક્રિયા કરે તે શ્રાવક. તથા શ્ર=સર+આવક=આવે. જેવી રીતે તળાવની પાળ તૂટવા ન પામે તેટલા માટે તળાવના પાણીના નિકાલ અર્થે સર (નાળું) રાખે છે તેવી જ રીતે આશ્રવરૂપ તળાવની સંવરરૂપ પાળ બાંધીને તેમાં સંસારનાં કામ ચલાવવાની અમુક અમુક છૂટછાટ રાખે તે શ્રાવક કહેવાય છે. ત્રીજું નામ શ્રમણોપાસક પણ છે. શ્રમણ = સાધુ + ઉપાસક= ભક્ત અર્થાત્ સાધુજીની સેવા ભક્તિના કરનાર તે શ્રમણોપાસક×.

× શ્રી ઠાણુંગ સૂત્રમાં ચાર પ્રકારના શ્રમણોપાસક કહ્યા છે :

चत्तारि समणोवासगा पण्णत्ता तंजहा–अम्मापिउ समाणे, भाईसमाणे, मित्त समाणे, सवतिसमाणे.

અર્થાત્ ભગવંતે ચાર પ્રકારના શ્રમણોપાસક કહ્યા છે તે આ પ્રમાણે :

૧. માતાપિતા સમાન–જેવી રીતે માતાપિતા પોતાના પુત્રનું રક્ષણ કરે છે અને સારસંભાળ કરે છે તેવી જ રીતે કેટલાક શ્રાવકો સાધુ તરફથી કોઈ પ્રકારનો પોતા પર ઉપકાર થયો ન હોય છતાં પણ સ્વભાવથી જ સાધુ સાધ્વીની સાર સંભાળ લેનાર હોય, તે શ્રાવક માતાપિતા સમાન જાણવા.

૨. ભાઈ સમાન–ભાઈઓ પરસ્પર વિશેષ પ્રેમ તો બતાવતા નથી. પણ જ્યારે ભાઈ ઉપર કંઇ આફત આવી પડી હોય ત્યારે ભાઈ પોતાનું સર્વસ્વ અર્પણ કરીને પણ તેની સહાય કરે છે, તેવી જ રીતે કેટલાક શ્રાવકો સાધુ સાધ્વી પ્રત્યે વિશેષ પ્રેમભાવ તો રાખતા નથી હોતા, પણ કોઇ વખતે સાધુના ઉપર કંઇ આપત્તિ આવી પડે તો પોતાનું સર્વસ્વ અર્પણ કરીને પણ તેમની સહાય કરે છે. હૃદયના સાચા પ્રેમથી અને વાત્સલ્યબુદ્ધિથી ભક્તિ કરે છે.

તે પદની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે : નિશ્ચયમાં દર્શનમોહનીય કર્મની ૩, અનંતાનુબંધીનો ચોક ૪ અને અપ્રત્યાખ્યાનીનો ચોક ૪, એમ મોહનીય કર્મની ૧૧ પ્રકૃતિઓનો ક્ષયોપશમ થવાથી અને વ્યવહારમાં ૨૧ ગુણ, ૨૧ લક્ષણ, ૧૨ વ્રત અને ૧૧ પ્રતિમા ઇત્યાદિ ગુણોનો સ્વીકાર કરવાથી શ્રમણોપાસક અથવા શ્રાવક કહેવાય છે.

---

૩. મિત્ર સમાન–જેવી રીતે મિત્રો પરસ્પર એકબીજાને ઉપકાર કરે છે. એક મિત્ર કંઈ ઉપકાર કરે તો બીજો સામો ઉપકાર કરે અને આપદા પડે ત્યારે યથાશક્તિ સહાય કરે તેવી જ રીતે કેટલાક શ્રાવકો સાધુ સાધ્વી પાસેથી જ્ઞાનાદિ ગુણ ગ્રહણ કરે છે અને તે સાધુ મારા ઉપકારી છે એવું જાણી તેમને આહાર, વસ્ત્ર, ઔષધોપચાર આદિથી યથોચિત સાતા ઉપજાવે છે, અને કદાચ સાધુ પર કોઈ પ્રકારની આપત્તિ આવી પડે તો યથાશક્તિ સહાય કરી સાતા ઉપજાવે છે.

૪. શોક્ય સમાન–જેવી રીતે શોક્યો પરસ્પર ઈર્ષા, નિંદા કરે છે, શાપ આપે છે, પતિ પાસે એકબીજાની ચાડી–ચુગલી કરે છે, આળ ચડાવે છે, માનભંગ કરવાનો પ્રયત્ન કરે છે, તેવી જ રીતે કેટલાક શ્રાવક સાધુની ઇર્ષા કરે, નિંદા કરે, સાધુનું બૂરું ચિંતવે, અન્યની પાસે તેના અવર્ણવાદ બોલે, આળ ચડાવે, ઇત્યાદિ પ્રકારનો વર્તાવ કરે તે શોક્ય સમાન જાણવા.

વળી પણ :

चत्तारि समणोवासगा प. तं. अद्दागसमाणे, पडागसमाणे, खाणुसमाणे, खरकंटसमाणे:

અર્થાત્ ચાર પ્રકારના શ્રમણોપાસક કહ્યા છે :

૧. અરીસા સમાન–જેવી રીતે અરીસામાં પોતાનું જેવું રૂપ હોય તેવું જ દેખાય છે, તેવી જ રીતે કેટલાક શ્રાવક **વ્યાખ્યાનાદિ** શ્રવણ કરતાં સાધુજી ઉત્સર્ગ–અપવાદ જેવો માર્ગ પ્રરૂપે તેને સત્યમેવ સરધે, સાધુનાં વચનોનો નિઃશંકપણે સ્વીકાર કરે.

૨. પતાકા સમાન–જે બાજુનો પવન હોય તે બાજુ ધજા ફરતી જાય છે, તેમ કેટલાક શ્રાવકો જેમનો ઉપદેશ સાંભળે તેમના મતમાં મળી જાય. આ સાચું કે તે ? આ ગ્રહણ કરું કે તે ? એમ ચિત્તનું ડામાડોળપણું સદા રહ્યા કરે. સાર–અસાર સમજે નહિ.

૩. ખીલા સમાન–જેમ ખીલો ઊંડો ખોડ્યા પછી તે હલે નહિ તેવી રીતે કેટલાક શ્રાવકો પોતાના કદાગ્રહને છોડે નહિ. ચર્ચા વાર્તામાં પોતાનો જ કક્કો ખરો કરવા માટે ઝઘડા કરે. હું કહું છું તે જ સાચું છે એવો હઠાગ્રહ કરે.

શ્રાવકના ૨૧ ગુણ

कार्य-अखुदो रुवर्व पग्गइसोमो लोकप्पियाओ ।
अकुरो भीरु असढो दक्खिणो लज्जालु दयालु ॥ १ ॥
मज्झत्थो सुदिट्ठी गुणानुरागी सुपक्खजुत्तो सुदीही ।
विसेसन्नु वद्धानुग विनीत कयन्नु परहियकता लद्धलक्खो ॥२॥

૧. **અક્ષુદ્ર પરિણામી હોય**-દુઃખદ સ્વભાવવાળાને ક્ષુદ્ર કહે છે. શ્રાવક પોતાના અપરાધીને પણ દુઃખપ્રદ થતો નથી તો અન્યનું તો કહેવું જ શું? અર્થાત્ કોઇને પણ દુઃખદાતા ન હોવાથી શ્રાવક અક્ષુદ્ર હોય છે.

૨. **રૂપવંત હોય**-यथाकृति स्तथा प्रकृतिः અર્થાત્ જેવી શરીરની આકૃતિ તેવી પ્રાયઃ પ્રકૃતિ પણ હોય છે. તદનુસાર શ્રાવક પૂર્વોપાર્જિત પુણ્યના પ્રયોગથી હસ્ત પાદાદિ પૂર્ણ અંગવાળો હોય છે, કર્ણ, ચક્ષુ, આદિથી પૂર્ણ ઇંદ્રિયોવાળો હોય છે અને સુંદરાકૃતિ, તેજસ્વી તથા સશક્ત શરીરવાળો હોય છે.

૩. **પ્રકૃતિ સૌમ્ય હોય**-જેવી રીતે બાહ્ય દેખાવમાં સુંદર હોય તેવી જ રીતે શાન્ત, દાન્ત, ક્ષમામાન, શીતળ સ્વભાવી, મિલનસાર, વિશ્વાસપાત્ર, ઇત્યાદિ ગુણોએ કરી અંદરથી પણ સુંદર હોય છે.

૪. **લોકપ્રિય હોય**-આ લોક અને પરલોક વિરુદ્ધ કાર્યોનો પરિત્યાગ કરવાથી શ્રાવક સર્વને પ્રિયકર હોય છે. ગુણવંતોની નિંદા, દુર્ગુણીઓ તથા મૂર્ખાઓની હાંસી મશ્કરી, પૂજ્ય પુરુષોની ઈર્ષા, જન-સમુદાયના વિરોધી સાથેની મિત્રતા, દેશાચાર ઉલ્લંઘન, અને છતી

---

૪. તીક્ષ્ણ કંટક સમાન—જેમ કાંટો વાગવાથી તે ખટકયા કરે છે, દુઃખ દે છે, ઝેરી કાંટો હોય તો અંદર સડો ઉત્પન્ન કરે છે, તેવી જ રીતે કેટલાક શ્રાવક ધનના ગર્વથી કે જ્ઞાનના અભિમાનથી ગર્વિષ્ટ થઈ, કાંટા સમાન તીક્ષ્ણવચન બોલી સાધુનાં મન દુઃખાવે, રુષ્ટ થઈ સાધુનો સમૂળગો નાશ કરવાની પણ પ્રવૃત્તિ કરે.

આ પ્રમાણે આઠ પ્રકારના શ્રમણોપાસક શાસ્ત્રમાં કહ્યા છે, તેમાંથી માતાપિતા સમાન, ભાઇ સમાન, મિત્ર સમાન, અરીસા સમાન તે સારા છે. તેમના જેવા થવું જોઇએ. અને શોકય સમાન, પતાકા સમાન, ખીલા સમાન અને કંટક સમાન એ ખરાબ છે. તેવા કદાપિ ન થવું જોઇએ.

શક્તિએ સ્વજન મિત્રોને સહાય ન કરવી, ઇત્યાદિ કાર્યો આ લોક વિરુદ્ધનાં ગણાય છે, અને કોટવાળી, ઈજારા રાખવા, વન કપાવવાં, ઇત્યાદિ કાર્યો યદ્યપિ લોક વિરુદ્ધ ગણાતાં નથી. તથાપિ પરલોકમાં દુઃખપ્રદ નીવડે છે, અને સાત + દુર્વ્યસનોનું સેવન બન્ને લોક વિરુદ્ધ અને દુઃખપ્રદ કર્મ છે. આ ત્રણે પ્રકારનાં નિંદનીય કર્મોનો પરિત્યાગ કરી શ્રાવક જગજ્જનોનો પ્રીતિપાત્ર બને છે.

× **द्युतं च मांसं च सुरा च वेश्या, पापार्ध चोरी परदार सेवा ।
एतानि सप्तानि व्यसनानि लोके, घोरातिघोरं नरकं नयन्ति ॥**

અર્થ :–૧. જુગાર-હાર જીતનાં જેટલાં કામ તથા ખેલ છે તે બધા જુગારમાં ગણાય છે. ચોપાટ તથા ગંજીપાના ખેલ તથા સટ્ટાનો ધંધો તે પણ જુગાર કહેવાય છે. જુગાર એ મનુષ્યની બુદ્ધિનો તથા તેના સદ્ગુણો અને સુખ સંપત્તિનો નાશ કરી તેને દુર્ગુણી અને દુઃખી બનાવી દે છે.

૨. માંસનો આહાર પણ હિંસાની વૃદ્ધિ કરનાર, સ્વભાવને ક્રુર બનાવનાર તથા કુષ્ટ આદિ રોગોનો ઉત્પાદક હોય છે. વળી, પશુઓના તરફ નિર્દયી બનેલાં મનુષ્યો સમય પર મનુષ્યનાં પણ ઘાતક બને છે. અને તેનાં પરિણામે તેને નરકનાં ઘોર દુઃખો ભોગવવાં પડે છે.

૩. મદિરાપાન પણ શુદ્ધિનો, બુદ્ધિનો, રૂપનો, બળનો, ધનનો અને આબરૂનો નાશ કરે છે. દારૂના નશામાં ભાન ભૂલી ન કરવાનું કરે છે. માતા, ભગિની, આદિથી વ્યભિચાર સેવે છે અને ક્લેશની વૃદ્ધિ કરી નરકમાં જાય છે.

૪. વેશ્યાગમન કરનાર પોતાની જાતિથી, ધર્મથી અને સમાજથી ભ્રષ્ટ થઈ ઈજ્જતનો નાશ કરે છે, તથા ચાંદી, પ્રમેહ, બદગાંઠ, આદિ ભયંકર રોગોનો ભોગ બની સડીને અકાળે મૃત્યુ પામે છે અને નરકગામી થાય છે.

૫. શિકાર કરવાવાળો પણ અનાથ, ગરીબ નિરપરાધી પશુઓ કે જેઓ બિચારાં ઘાસ, પાણી આદિ જે કંઈ થોડું ઘણું મળે તેનાથી નિર્વાહ ચલાવી માનવજાત પર ઉપકાર કરે છે એવાં પશુઓ તથા જલચર, ખેચર આદિ જીવોની નિર્દયપણે હિંસા કરે છે તે મૃત્યુને અંતે નરકગામી થઈ પરમાધામીના શિકાર બનશે અને મહા ભયંકર દુઃખો પામશે.

૬–૭. ચોરી અને પરસ્ત્રીગમન કરનાર પણ જગતમાં તિરસ્કૃત થઈ રાજા કે સમાજનો અપરાધી બની ઘણાં દુઃખો પામે છે અને મરીને નરકે જાય છે.

આ સાતે વ્યસનો આ લોક અને પરલોકમાં દુઃખદાતા હોવાથી ઉભયલોક વિરુદ્ધ ગણાય છે.

૫. અક્રૂર હોય—ક્રૂર સ્વભાવ અને ક્રૂર દૃષ્ટિનો પરિત્યાગ કરી સરળ સ્વભાવી અને ગુણગ્રાહી થાય. પરાયાં છિદ્રો જોનારનું ચિત્ત હંમેશાં મલિન રહે છે. આટલા માટે બીજાનાં છિદ્રો કદી પણ જુએ નહિ, અને પોતાના અવગુણોને જોતા રહે, જેથી સ્વભાવ નમ્રીભૂત બની જાય.

૬. ભીરુ હોય—લોકાપવાદથી, કર્મબંધથી તથા નરકાદિ દુર્ગતિનાં દુઃખોથી હંમેશાં ડરતો રહે. પાપકર્મનું તેમ જ લોકવિરુદ્ધ કાર્યોનું આચરણ કરે નહિ.

૭. અશઠ હોય—મૂર્ખને સારીમાઠી વસ્તુનો વિવેક હોતો નથી. તેથી તે ઘણી ગરબડ કરી દે છે, પાપના કાર્યને પુણ્યનું અને પુણ્યના કાર્યને પાપનું સમજી બેસે છે. પણ શ્રાવક પુણ્ય અને પાપના સ્વરૂપને જાણતો હોવાથી તેવી ગરબડ કરે નહિ. ધર્મના અને અધર્મનાં, પુણ્યનાં અને પાપનાં ફળને પૃથક્ પૃથક્ સમજી અધર્મ તથા પાપને ઘટાડે અને ધર્મ તથા પુણ્યની વૃદ્ધિ કરતો રહે. તે ઠગ ન હોય, શઠ—લુચ્ચો ન હોય.

૮. દક્ષ હોય—શ્રાવક ઘણો વિચક્ષણ હોય. દૃષ્ટિ માત્રથી જ મનુષ્યને તથા કાર્યને સમજી જાય. સમયોચિત કાર્ય કરવાવાળો હોય અને પાખંડીઓના છળથી કદી પણ છેતરાય નહિ એવી હોશિયારી રાખે.

૯. લજ્જાવંત હોય—અનંતજ્ઞાનીની તથા મહાપુરુષોની લજ્જા રાખતો થકો ગુપ્ત કે પ્રગટ કુકર્મોનું આચરણ કદી પણ કરે નહિ, વ્રતોનો ભંગ કરે નહિ, લજ્જા સર્વ ગુણોના ભૂષણરૂપ કહી છે. પાપી કામ કરતાં લાજે.

૧૦. દયાવંત હોય—ધર્મનું મૂળ દયા છે. એમ જાણી સર્વ જીવો ઉપર દયા કરે. + દુઃખી જોઇને અનુકંપા લાવે, યથાશક્તિ સહાય કરી દુઃખમાંથી બચાવે, મોતના પંજામાંથી છોડાવે.

× **अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।**
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ॥

અર્થ—આ મારું, આ બીજાનું, આવો વિચાર તુચ્છ બુદ્ધિવાળાને હોય છે. ઉદારચરિત મનુષ્ય તો પૃથ્વીનાં સમસ્ત પ્રાણીઓને પોતાના કુટુમ્બ સમાન જ સમજે છે.

૧૧. મધ્યસ્થ હોય—સારી કે માઠી વાતો સાંભળીને અથવા ભલી બૂરી વસ્તુને જોઇને રાગ તથા દ્વેષમય પરિણામ કરે નહિ. તેવી જ રીતે, કોઈ પણ પદાર્થમાં અત્યંત આસક્તિ ધારણ કરે નહિ. કેમકે રાગદ્વેષ અને ગૃદ્ધતા એ ચીકણાં કર્મ બાંધવાનાં મુખ્ય કારણ છે.× આમ વિચારી શ્રાવક સર્વ પદાર્થોમાં અને સારા માઠા બનાવોમાં મધ્યસ્થ રહે, રુક્ષ, શુષ્કવૃત્તિ ધારણ કરે કે જેથી ચીકણાં કર્મો બંધાય નહિ, અને પૂર્વોપાર્જિત કર્મ શિથિલ થઈ જાય, જેથી શીઘ્ર તેનો છુટકારો થઈ જાય.

૧૨. સુદૃષ્ટિવંત હોય—ઇંદ્રિયોમાં વિકાર ઉત્પન્ન કરવાવાળા પદાર્થોનું અવલોકન કરી અંતઃકરણને મલિન ન બનાવે. દૃષ્ટિને ફેરવી લે. આંખમાં અમી હોય, વિકારવાળી દૃષ્ટિ ન કરે.

૧૩. ગુણાનુરાગી હોય—જ્ઞાની, ધ્યાની, તપસ્વી, સંયમી, શુદ્ધ ક્રિયાના પાલક, બ્રહ્મચારી, ક્ષમાશીલ, ધૈર્યવંત, ધર્મપ્રદીપક, દાનેશ્વરી, ઇત્યાદિ ગુણવાનો પર પ્રેમ રાખે, તેમનું બહુમાન કરે, માહાત્મ્ય વધારે, યથાશક્તિ સહાય કરે, ગુણોની પ્રશંસા કરે, અને વિચારે કે મારા અહોભાગ્ય છે કે, મારા કુળમાં, ગામમાં કે સમાજમાં આવા આવા ગુણવાન ઉપસ્થિત છે, તેમને લીધે મારા કુળની કે ધર્મની ઉન્નતિ થશે, ઇત્યાદિ વિચારથી તેમના ગુણનો પ્રેમી હોય.

૧૪. સુપક્ષયુક્ત હોય—ન્યાયનો પક્ષ ગ્રહણ કરે અને અન્યાયનો પક્ષ છોડે. અહીં કોઈ શંકા કરે કે, સમકિતીએ રાગદ્વેષ

× સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,
અંતરથી ન્યારો રહે, જિમ ધાવ ખિલાવે બાળ.

અર્થ—જેવી રીતે ઓરમાન માતા અથવા ધાવ માતા બચ્ચાનું લાલન-પાલન કરતી હોય, પણ મનમાં સમજતી હોય કે આ બાળક મારું નથી, જ્યાં સુધી હું સ્તનપાન કરાવું છું ત્યાં સુધી તે મને માતા માને છે. દૂધ છૂટ્યા પછી તે મને સંભારશે પણ નહિ. તેવી જ રીતે **સમકિત દૃષ્ટિ** પણ કુટુંબનું પાલન-પોષણ કરતા અંતઃકરણથી સર્વને સ્વાર્થનાં સગાં જાણીને તેનાં મોહ, માયા અને પ્રપંચથી અલિપ્ત રહે.

છોડવાં જોઇએ અને જો તે ન્યાયનો પક્ષ ધારણ કરે અને અન્યાયનો પક્ષ છોડે તો રાગદ્વેષ થયો કે નહિ ? સમાધાન—ઝેરને ઝેર અને અમૃતને અમૃત જાણવું અને કહેવું તેને રાગદ્વેષ શી રીતે કહેવાય ? સમકિત દૃષ્ટિ તે જ છે કે જે વસ્તુના યથાતથ્ય સ્વરૂપને સમજીને આદરણીય હોય તે આદરે અને છાંડવા યોગ્ય છાંડે, શ્રાવકે ન્યાયપક્ષી જરૂર થવું જોઇએ. આનો બીજો એવો પણ અર્થ થાય છે કે, શ્રાવકનાં માતા, પિતા, સ્ત્રી, પુત્ર, મિત્રાદિ, સ્વજન, શુદ્ધાચારી, ધર્મપરાયણ હોવાથી શ્રાવક સુપક્ષયુક્ત કહેવાય છે. કોઇનો પણ ખોટો પક્ષ લે નહિ.

૧૫. દીર્ઘદ્રષ્ટિ હોય—કોઈ પણ કાર્યના પરિણામનો દીર્ઘદૃષ્ટિથી વિચાર કરી જે કાર્ય ભવિષ્યમાં આત્મિક ગુણનો વિકાસ કરનાર, સુખદાયક અને પ્રામાણિક મનુષ્ય દ્વારા પ્રશંસનીય હોય તેવું જ કાર્ય શ્રાવક કરે છે. અને નિંદ્ય તથા દુઃખપ્રદ કાર્ય છોડી દે છે. આમ કરે તે સુખી અને યશસ્વી થાય છે અને વગર વિચાર્યું કાર્ય કરનારને પશ્ચાત્તાપ કરવો પડે છે.

૧૬. વિશેષજ્ઞ હોય—ગાયનું અને આકડાનું દૂધ તેમજ સોનું અને પિત્તળ રંગમાં સરખાં હોય છે, પરંતુ ગુણની અપેક્ષાએ તેમાં આસમાન જમીન જેટલું અંતર હોય છે. તેની પરીક્ષા તો વિશેષજ્ઞ–વિજ્ઞાની પુરુષ હોય તે જ કરી શકે છે. તેઓ બાહ્ય દેખાવ જોઈ ભ્રમમાં પડતા નથી, પરંતુ અંદરના ગુણોની તપાસ કરી યથોચિત પ્રવૃત્તિ કરે છે. આવી જ રીતે શ્રાવક પણ નવ તત્ત્વના જ્ઞાન વડે વિશેષજ્ઞ બનીને જાણવા યોગ્ય જાણે, આચરવા યોગ્ય આચરે અને છાંડવા યોગ્ય છાંડે છે.

૧૭. વૃદ્ધાનુગામી હોય—વયોવૃદ્ધ અને ગુણવૃદ્ધની આજ્ઞામાં રહેનારો હોય, તેમના ઉત્તમ ગુણોનો સ્વીકાર કરે, તેમના જેવા સદાચરણી થવા યથાશક્તિ પ્રયત્ન કરે, તેમની યથોચિત ભક્તિ કરે, અને વૃદ્ધજનના જ્ઞાનાદિ ગુણોનું અનુકરણ કરતો રહે. ×

× **तपः श्रुतं धृति ध्यानं, विवेको यमः संयमो ।**
ये वृद्धास्तेषु ते वृद्धाः, न पुनः पलितांकुराः ।

અર્થ—જે તપમાં, જ્ઞાનમાં, ધૈર્યમાં, ધ્યાનમાં, વિવેકમાં, યમમાં, સંયમમાં ઇત્યાદિ ગુણોમાં વૃદ્ધ છે તે ખરો વૃદ્ધ છે. એકલા સફેદ વાળથી વૃદ્ધ કહેવાતો નથી

૧૮. વિનીત હોય—विणओ जीणसासणे मूलो અર્થાત્ જિનશાસનમાં ધર્મનું મૂળ વિનય કહ્યું છે. એવું જાણી માતા, પિતા, વડીલ ભાઈ, ગુરુ, આદિ વડેરાઓનો યથોચિત વિનય કરે. તેમ જ બધાની સાથે નમ્રભાવે વર્તે. ગુરુનો યથાયોગ્ય વિનય સાચવે.

૧૯. કૃતજ્ઞ હોય—કરેલા ઉપકારને જાણવા તેનું નામ કૃતજ્ઞતા. કોઇએ આપણા ઉપર કિંચિત્ માત્ર પણ ઉપકાર કર્યો હોય તો તેનો મહાન્ ઉપકાર માની ઉપકારથી ઋણ× (દેવા)માંથી મુક્ત થવાનો યથાશક્તિ પ્રયત્ન કરે, કરેલા ઉપકારને ઓળવવો તે કૃતઘ્નતા, કૃતઘ્ની મનુષ્ય આ પૃથ્વીને+ ભારરૂપ કહ્યો છે.

× શ્રી ઠાણાંગ સૂત્રમાં ૩ જણનાં ગુણનો બદલો વાળવો મુશ્કેલ કહેલ છે.

૧ ગર્ભ ધારણ કર્યો ત્યારથી યોગ્ય વય થતાં સુધી અનેક કષ્ટો સ્વયં સહન કરી અનેક ઉપાયો દ્વારા રક્ષણ કરનાર માતા અને પિતાને કોઈ પુત્ર સ્વયં સ્નાનાદિ કરાવે, વસ્ત્ર–આભૂષણોથી અલંકૃત કરે, ઇચ્છિત ભોજન આપે અને આજ્ઞાનુસાર વર્તન કરી તેમને સંતુષ્ટ રાખે–કાવડના સ્કંધ પર બેસાડી ફેરવે છતાં પણ ગુણનો બદલો મળે નહિ પરંતુ જિનેંદ્ર પ્રણીત ધર્મ તેમને અંગીકાર કરાવી, સમાધિ મરણ કરાવે તો ઋણ મુક્ત થઈ શકે.

૨ કોઈ શેઠે કોઈ દરિદ્રને દ્રવ્યાદિની મદદ આપી ધંધે ચડાવ્યો અને શ્રીમંત બનાવી દીધો. પછી કર્મયોગે તે શેઠ દરિદ્ર બની ગયા, તે વખતે તે ગુમાસ્તો શેઠને પોતાની બધી લક્ષ્મી અર્પણ કરી દે અને ઉપર્યુક્ત કથનાનુસાર આખી જિંદગી તેનો દાસ થઈ સેવા કરે તો પણ ઋણમુક્ત ન થાય, પરંતુ જિનેંદ્રભાષિત ધર્મમાં સ્થાપી સમાધિ મરણ કરાવે તો ઋણમુક્ત થાય.

૩ કોઈ ધર્માચાર્યના ધર્મોપદેશથી ધર્મ પામી ધર્મારાધનના પરિણામે દેવગતિ પામ્યો, તે દેવ તે આચાર્યની યથોચિત ભક્તિ કરે. પરિષહ–ઉપસર્ગ, દુર્ભિક્ષ, દુષ્કાળાદિથી તેમનું સંરક્ષણ કરે ઇત્યાદિ વૈયાવૃત્ય કરવા છતાં ઋણમુક્ત ન થાય. પરંતુ કદાચિત્ કર્મયોગે આચાર્ય મહારાજના પરિણામ ધર્મથી–સંયમથી ચલિત થઈ જાય તો તેમને યથોચિત ઉપાયો દ્વારા ધર્મમાં–સંયમમાં સ્થિર કરી દે તો દેવામાંથી મુક્ત થાય.

× **न मे के पर्वता भारा, न मे भाराः सर्वसागराः ।**
कृतघ्नास्तु महा भारा, भारा विश्वासघातकाः ॥

અર્થ—પૃથ્વી કહે છે કે, મને પર્વતોનો કે સમુદ્રોનો ભાર લાગતો નથી પણ કૃતઘ્ની અને વિશ્વાસઘાતીનો મને ઘણો ભાર લાગે છે.

૨૦. પરહિત કર્તા હોય—યથાશક્તિ અને યથોચિત સદૈવ પર ઉપકાર કરતો રહે. કદાપિ પરોપકારનાં કામ કરવા જતાં પોતાને દુઃખ કિંવા કોઈ પ્રકારની હાનિ થતી હોય તો પણ પરોપકાર કરવાથી વંચિત રહે નહિ. परोपकाराय सतां विभुतयः સત્પુરુષોની વિભૂતિએ પરોપકારને અર્થે જ હોય છે, વળી પણ કહ્યું છે કે, परोपकाराय पुण्याय અર્થાત્ પરોપકાર કરવો એ જ પુણ્ય છે.

૨૧. લબ્ધલક્ષી હોય—જેમ લોભીને ધનની તૃષ્ણા હોય અને કામીને સ્ત્રીની લાલસા હોય છે, તેમ શ્રાવકને જ્ઞાનાદિ ગુણની લાલસા હોય છે નિત્ય થોડું થોડું જ્ઞાન પ્રાપ્ત કરતા રહેવાથી પંડિત થઈ શકાય છે.

"પઢતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય" આવું જાણી શ્રાવક સદૈવ નવો નવો અભ્યાસ કરતો રહે છે. અને આ રીતે લબ્ધલક્ષી—ધ્યેયની પ્રાપ્તિ કરનારો બને છે. તથા જે જે ગુણવાનોની સંગતિ થાય તેમના એક એક ગુણને ગ્રહણ કરતાં કરતાં અનેક ગુણોનો ધારક બની જાય છે. તેવી જ રીતે શ્રાવક અનેક શાસ્ત્ર અને ગ્રંથોના પઠન પાઠન કરનારા હોય.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૧ મા અધ્યયનમાં કહ્યું છે કે, "निग्गंथे पाव्रयणे, सावए सेऽवि कोविऍ" અર્થાત્ ચમ્પા નગરીનો પાલિત શ્રાવક નિર્ગ્રંથ પ્રવચનમાં કોવિદ એટલે પ્રવીણ હતો. અને ૨૨ મા અધ્યયનમાં કહ્યું છે કે, "सिलवन्ता बहुस्सुया' અર્થાત્ રાજેમતીજી શીલવંત અને બહુશ્રુત હતાં. આવાં આવાં અનેક ઉદાહરણો છે. તેનો સારાંશ એ છે કે, ભૂતકાળમાં શ્રાવક શ્રાવિકાઓ અનેક શાસ્ત્રોનાં જાણકાર બનતાં હતાં. આવું જાણી સામાયિકથી શરૂ કરી દ્વાદશાંગી સુધી જ્ઞાનનો તથા સમ્યક્ત્વથી માંડી સર્વ વિરતીની ક્રિયા સુધીનો અભ્યાસ કરતાં કરતાં અવસર પ્રાપ્ત થયે સર્વ ગુણના ધારક બની જાય છે.

ઉક્ત ૨૧ પ્રકારના ગુણના જે ધારક હોય છે તે શ્રાવક કહેવાય છે એવું જાણી શ્રાવક નામ ધરાવનારનું કર્તવ્ય છે કે, એકવીસ ગુણોમાંથી યથાશક્તિ ગુણોનો સ્વીકાર કરે.

શ્રાવકનાં ૨૧ લક્ષણ

૧. અલ્પ ઇચ્છા-શ્રાવક ધનની, વિષયની તૃષ્ણા ઓછી કરી અલ્પ તૃષ્ણાવાળો હોય છે. ધન અને વિષયની પ્રાપ્ત સામગ્રીમાં પણ અત્યંત લુબ્ધ થતો ન હોવાથી અલ્પ ઇચ્છાવાન બને છે.

૨. અલ્પારંભી-જે કાર્યમાં પૃથ્વી આદિ છ કાયની હિંસા થતી હોય તેવાં કાર્યોની વૃદ્ધિ કરે નહિ, પરંતુ પ્રતિદિન કમી કરતો રહે, અનર્થાદંડથી સદૈવ દૂર રહેતો હોવાથી અલ્પારંભી હોય છે.

૩. અલ્પ પરિગ્રહ-શ્રાવકની પાસે જેટલો પરિગ્રહ (સંપત્તિ) હોય છે તેટલાથી સંતોષ માની અથવા ૯ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરી તેથી વધારે મેળવવાની ઇચ્છાનો નિરોધ કરે છે. પુણ્યોદયે પ્રાપ્ત થયેલ પરિગ્રહનો સન્માર્ગે વ્યય પણ કરતો રહે છે. અને અન્યાયોપાર્જિત દ્રવ્યોનો અણુવાંચ્છક હોવાથી અલ્પપરિગ્રહી કહેવાય છે.

૪ સુશીલ—શ્રાવક પરસ્ત્રીનો ત્યાગી તો હોય છે પણ સ્વદારાથી પણ મર્યાદિત હોવાથી શીલવંત કહેવાય છે.

૫. સુવ્રતી—શ્રાવક ગ્રહણ કરેલાં વ્રત, પ્રત્યાખ્યાનને નિરતિચારપણે અને ચડતે પરિણામે પાલન કરતો હોવાથી 'સુવ્રતી' ભલાં વ્રતવાળો કહેવાય છે.

૬. ધર્મિષ્ઠ-ધર્મકરણીમાં નિરંતર દત્તચિત્ત રહેવાથી શ્રાવક ધર્મિષ્ઠ કહેવાય છે.

૭. ધર્મવૃત્તિ-શ્રાવક મનાદિ ત્રણે યોગથી સદૈવ ધર્મમાર્ગમાં રમણ કરનાર હોવાથી ધર્મમાં જ વર્તનાર હોય છે.

૮ કલ્પ ઉગ્રવિહારી-ધર્મના જે જે કલ્પ અર્થાત્ આચાર છે તેમાં શ્રાવક ઉગ્ર એટલે અપ્રતિબદ્ધ વિહારનો કરનાર અને ઉપસર્ગ આદિ પ્રાપ્ત થયે કદાપિ ધર્મ વિરુદ્ધ આચરણ ન કરનાર હોવાથી તે પોતાના કલ્પમાં ઉગ્રવિહારી હોય છે.

૯. **મહા સંવેગવિહારી**–શ્રાવક નિવૃત્તિ માર્ગમાં (વૈરાગ્યમાં) જ સદૈવ તલ્લીન રહેતો હોવાથી મહા સંવેગવિહારી હોય છે.

૧૦. **ઉદાસી**–શ્રાવક સંસારાર્થે જે હિંસાદિ અકૃત્ય કરવાં પડે તે કરવા છતાં તેમાં ઉદાસીન (રુક્ષ) વૃત્તિ રાખે છે.

૧૧. **વૈરાગ્યવંત**–શ્રાવક આરંભ અને પરિગ્રહથી નિવૃત્તિનો ઇચ્છુક હોવાથી વૈરાગ્યવંત હોય છે.

૧૨. **એકાંત આર્ય**–શ્રાવક બાહ્યાભ્યંતર એકસરખી શુદ્ધ અને સરળ વૃત્તિવાળો હોય છે. આદર્શરૂપ, નિષ્કપટી હોવાથી તે એકાંત આર્ય કહેવાય છે.

૧૩. **સમ્યગ્માર્ગી**–સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ માર્ગમાં ચાલતો હોવાથી શ્રાવક સમ્યગ્માર્ગી કહેવાય છે.

૧૪. **સુસાધુ**–શ્રાવકે પરિણામથી તો અવ્રતની ક્રિયાઓનું રૂંધન સર્વથા કરી દીધું હોય છે. ફક્ત સંસારના કાર્ય અર્થે જે દ્રવ્યહિંસા કરવામાં આવે છે તે પણ અનિચ્છાએ, નિરુપાયે × અને ઉદાસીન ભાવે કરવી પડે છે તે કરવા છતાં પણ ધર્મની વૃદ્ધિ કરતો રહે છે તેથી તથા આત્મસાધન કરનાર અર્થાત્ મોક્ષ માર્ગનો સાધક હોવાથી સુસાધુ કહેવાય છે.

૧૫. **સુપાત્ર**–સુવર્ણપાત્રમાં જેમ સિંહણનું દૂધ જળવાઇ શકે છે તેમ શ્રાવકમાં સમ્યક્ત્વાદિ સદ્ગુણો સુરક્ષિત રહી શકતા હોવાથી તે સુપાત્ર કહેવાય છે અથવા શ્રાવકને આપેલી સહાય નિરર્થક થતી નથી તેથી તે સુપાત્ર છે.

× હિંસા–અહિંસાની ચોભંગી–૧. દ્રવ્યે અને ભાવે હિંસા તે કસાઈ, પારધિ વગેરે જીવહિંસા કરે છે તે. ૨. દ્રવ્યથી હિંસા અને ભાવથી અહિંસા. તે પંચ મહાવ્રતધારી હિંસાના ત્યાગી સાધુથી આહાર વિહારાદિ પ્રવૃત્તિ કરતાં ઉદ્વેગ રાખવા છતાં જે હિંસા થઈ જાય તે. ૩. દ્રવ્યથી અહિંસા ભાવથી હિંસા. તે અદ્રવ્ય કે દ્રવ્યલિંગી સાધુ પ્રમાર્જનાદિ કરી ગમનાગમનાદિ ક્રિયા કરે છે તે અને ૪. દ્રવ્યથી અહિંસા અને ભાવથી પણ અહિંસા તે અપ્રમાદી તથા કેવળી સાધુની અહિંસા.

૧૬ **ઉત્તમ શ્રાવક**—મિથ્યાત્વીના કરતાં અનંત ગણી વિશુદ્ધ પર્યાયનો ધારક હોવાથી ઉત્તમ છે.

૧૭. **ક્રિયાવાદી**–શ્રાવક પુણ્ય પાપનાં ફળને માનનાર તથા બંધમોક્ષનો માનવાવાળો હોવાથી ક્રિયાવાદી છે.

૧૮. **આસ્તિક**–શ્રી જિનેન્દ્રનાં તથા સુસાધુનાં વચનો પર શ્રાવકને પ્રતીતિ હોય છે, તેથી તે આસ્તિક છે.

૧૯. **આરાધક**-શ્રાવક જિનાજ્ઞાનુસાર ધર્મકરણી કરતો હોવાથી આરાધક છે.

૨૦. **જૈન માર્ગનો પ્રભાવક**–શ્રાવક મનથી સર્વ જીવો પર મૈત્રીભાવ રાખે છે, ગુણાધિક પ્રત્યે પ્રમોદ (હર્ષ) ભાવ રાખે છે. દુઃખી જીવો પર કરુણા ભાવ રાખે છે અને દુષ્ટ તરફ માધ્યસ્થ ભાવ રાખે છે. વચનથી તથ્ય પથ્ય વચનોચ્ચાર કરે છે. તથા સમકિતીથી માંડીને સિદ્ધ ભગવંત પર્યંત ગુણવંતોનાં ગુણકીર્તન કરે છે અને ધનથી ધર્મોન્નતિનાં કાર્યોમાં ઉદારતા અને વિવેકપૂર્વક દ્રવ્યનો નિરંતર સદ્વ્યય કરતો હોવાથી તે જૈન ધર્મનો પ્રભાવક, જિનશાસનનો દીપાવનાર હોય છે.

૨૧. **અર્હંતના શિષ્ય**–અર્હંત અર્થાત્ તીર્થંકર દેવના જ્યેષ્ઠ શિષ્ય તે સાધુ અને લઘુ શિષ્ય તે શ્રાવક. એટલે શ્રાવક તે અરિહંત ભગવાનના શિષ્ય છે.

ઉક્ત ૨૧ ગુણ અને લક્ષણ અર્થાત્ ચિહ્ન જેમનામાં હોય તે જ સુશ્રાવક કહેવાય છે. આ શ્રાવકો બાર પ્રકારનાં વ્રતોનું આચરણ કરે છે.

શ્રાવકના ગુણ

(મનહર છંદ)

મિથ્યા મતભેદ ટાળી, ભયા અણુવ્રત ધારી;
એકાદશ ભેદ ભારી, હિરદે વહત હૈ,
સેવા જિનરાજકી હૈ, યહ સિરતાજકી હૈ,
ભક્તિ મુનિરાજકી હૈ, ચિત્તમેં ચહત હૈ,

નિવારી વિષય અરુ, ભોજન અભક્ષ્ય પ્રીતિ,
ઇંદ્રિયાંકો જીતી, ચિત્ત સ્થિરતા ગહત હૈ,
દયાભાવ સદા ધરે, મિત્રતા પ્રમાણ કરે,
પાપ મલ પંક હરે, શ્રાવક સો કહત હૈ.

અર્થ—સમકિત પ્રાપ્ત કર્યા પછી જે શ્રાવક વ્રત ધારણ કરે છે તે મિથ્યાત્વના બધા રીતરિવાજને છોડી દે છે. અને અણુવ્રત, ગુણવ્રત તથા શીલવ્રતનું પાલન કરે છે. અવસર પ્રાપ્ત થતાં શ્રાવકની ૧૧ પડિમા પણ આદરે છે. આવા શ્રાવકો વીતરાગની આજ્ઞામાં જ ધર્મ માને છે. સદૈવ મુનિરાજોની સેવા કરતા રહે છે, વિષય કષાય મંદ પાડવામાં નિરંતર ઉદ્યમી રહે છે. રસેન્દ્રિયને કાબૂમાં રાખી ઇન્દ્રિયોની લોલુપતાનો ત્યાગ કરે છે, જિતેન્દ્રિય થઇને ચિત્તવૃત્તિને સ્થિર કરે છે. સર્વ પ્રાણીઓ પર દયાભાવ તથા મૈત્રી ભાવ રાખે છે. અનાથ, અપંગ, દુઃખી જીવોને યથાશક્તિ સહાય કરે છે અને કઠોર વૃત્તિનો ત્યાગ કરી સદા નમ્રભાવ ધારણ કરે છે. આટલા ગુણોનો ધારક હોય તે શ્રાવક કહેવાય છે.

શ્રાવકનાં ૧૨ વ્રત

જેવી રીતે તળાવમાં પાણીની આવક રોકવા માટે તેમાં જે જે પાણી આવવાનાં નાળાં હોય તેને બંધ કરી દેવાં પડે છે, તેવી રીતે આત્મારૂપ તળાવમાં પાપરૂપ પાણી આવતું રોકવા માટે ઇચ્છાનું નિરૂંધન કરવું પડે છે. ઇચ્છાઓને રોકી પાપથી વિરમવું તેને વ્રત કહેવામાં આવે છે. આ વ્રતો બે પ્રકારે ગ્રહણ કરી શકાય છે. ૧. જેઓ સર્વથા પાપ વ્યાપારથી નિવર્તે છે તેવા સાધુ સર્વવિરતિ કહેવાય છે. અને, ૨. જેઓ આવશ્યકતા અનુસાર છૂટ રાખી શક્તિ પ્રમાણે ઇચ્છાનો નિરોધ કરે છે તેઓ દેશવિરતિ (શ્રાવક) કહેવાય છે. તેમનાં ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એ પ્રમાણે બાર વ્રત હોય છે.

૫ અણુવ્રત

જેમ પિતાની અપેક્ષાએ પુત્ર નાનો હોય છે તેવી જ રીતે આ પાંચ વ્રતો સાધુઓનાં પાંચ મહાવ્રતના મુકાબલે નાનાં હોવાથી અણુવ્રત

કહેવાય છે. અણુ એટલે પાતળું. કર્મને પાતળાં પાડનાર હોવાથી પણ તે વ્રતો અણુવ્રત કહેવાય છે. તેના પાંચ પ્રકાર છે.

પહેલું અણુવ્રત સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ

પહેલા અણુ–નાના વ્રતમાં શ્રાવકે સ્થૂલ જીવોની હિંસાથી નિવર્તવું. જીવ બે પ્રકારના હોય છે: ૧. સ્થાવર જીવ અને, ૨. ત્રસ જીવ, તે સ્થૂલ. તેમાં ગૃહસ્થોને સ્થાવર જીવોની હિંસાથી નિવર્તવું દુષ્કર છે. કારણ કે સંસાર સંબંધી અનેક કાર્યોમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો અને વનસ્પતિની હિંસા કરવાનો પ્રસંગ શ્રાવકોને વારંવાર પ્રાપ્ત થાય છે. એટલા માટે "સ્થૂલ પાણાઈવાયાઓ વેરમણ" અર્થાત્ સ્થૂલ ત્રસ જીવ (બે ઇંદ્રિયથી પંચેન્દ્રિય સુધીના)ને જાણીને, પ્રીછીને એટલે ઓળખીને, મારવાનો સંકલ્પ કરીને આકુટ્ટિ–જાણી જોઈને ઉદ્દેશીને સ્વયં હણે નહિ અને બીજા પાસે હણાવે નહિ એમ ૨ પ્રકારના કરણ અને મનથી હણવા હણાવવાનો વિચાર કરે નહિ, વચનથી હણવા હણાવવાનું કહે નહિ, અને કાયાથી હણવા હણાવવાનાં કૃત્ય કરે નહિ. એ રીતે બે કરણ અને ત્રણ યોગથી ત્રસની હિંસાની નિવૃત્તિરૂપ વ્રતનું આચરણ કરે.

પહેલા વ્રતના આગાર–૧. ગૃહસ્થને ત્રસ જીવની હિંસાનાં કાર્યની અનુમોદના–પ્રશંસાથી નિવર્તવું દુર્લભ છે. કેમકે નોકર વગેરે દ્વારા કરાવેલાં ગૃહકાર્યોમાં કોઈ જીવની હિંસા થઈ ગઈ હોય તો પણ તે કાર્યને ભલું બતાવે છે. તથા રાજા પ્રમુખ સાથેના સંગ્રામમાં વેરીનો પરાજય કરી આવ્યા હોય તેની પ્રશંસા જનતાની સમક્ષ કરવી પડે, નજરાણાં તથા ઉત્સવ પણ કરવા પડે. ઈત્યાદિ કારણોથી અનુમોદન કરવાનો આગાર રાખે છે.

૨. પોતાના શરીરમાં કે માત, પિતા, સ્ત્રી, પુત્રાદિ સ્વજનના શરીરમાં; દાસ, દાસી, ગાય, ભેંસ, ઘોડા, ઈત્યાદિ આશ્રિતોના શરીરમાં કૃમિ આદિ જીવોત્પત્તિ થઈ ગઈ હોય તો તેને માટે જુલાબ વગેરે ઔષધિ, મલમપટા, આદિ ઉપચાર કરવા પડે છે.

૩. પરચક્રી આદિ શત્રુ તથા ચોર, ધાડપાડુ, વગેરે પોતાને મારવાને આવ્યા હોય, તેને પોતાની અને પોતાના કુટુંબ આશ્રિત વગેરેની રક્ષા માટે સંગ્રામ કરવો પડે–મારવા પડે.

૪. પૃથ્વી ખોદતાં કદાચિત્ ત્રસ જીવની ઘાત થઈ જાય, પાણી ગળીને વાપરવા છતાં સૂક્ષ્મ ત્રસ જીવ તેમાં રહી જાય. અગ્નિનો આરંભ કરતાં તેમાં ત્રસ જીવ પડી જાય, વાયુની ઝપટમાં આવીને ત્રસ જીવ મરી જાય, વનસ્પતિનાં છેદન ભેદન કરતાં તેમાંના ત્રસ જીવ મરી જાય, ગમનાગમન કરતાં કે શયનાશન કરતાં કોઈ ત્રસ જીવ ચંપાઇને મરી જાય; આમ બચાવવાનો ઉપયોગ રાખવા છતાં પણ **ત્રસ જીવની હિંસા થઈ જાય તેનું પાપ લાગે છે, પણ વ્રતનો ભંગ થતો નથી.**

બાર પ્રકારનાં અવ્રત કહ્યાં છે. ૬ છ કાયનાં અવ્રત, ૫ પાંચ ઇંદ્રિયોનાં અને ૧ મનનું. આ બાર અવ્રતમાંથી પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકને ત્રસ જીવના એક અવ્રત સિવાય બાકીનાં ૧૧ અવ્રત્ત લાગે છે. ત્રસ જીવની હિંસા થાય તેવાં કાર્યો જાણીબૂઝીને કરે તે શ્રાવક નહિ. એટલા માટે જે જે કાર્યોમાં ત્રસ જીવોની હિંસા થતી હોય તેવાં કાર્યોમાંથી કેટલાક અહીં દર્શાવીએ છીએ, તેનાથી શ્રાવકે નિવૃત્ત થવું જોઈએ.

૧. પ્રહર રાત્રિ ગયા બાદ અને સૂર્યોદય પહેલાં બુલંદ અવાજે બોલવું નહિ. કેમકે આવા અવાજથી હિંસક પ્રાણીઓ જાગૃત થઈ હિંસામાં પ્રવર્તે, નજીકમાં રહેનાર મનુષ્ય, પશુ જાગૃત થઈ મૈથુન, ખાંડવું, પીસવું, રાંધવું, ઇત્યાદિ આરંભ કરવા લાગી જાય છે. માટે ઉક્ત સમયે જોરથી બોલવું નહિ.

૨. રાત્રિના સમયે રાંધવું, ઝાડુ કાઢવું, છાશ ફેરવવી, સ્નાન કરવું, કપડાં ધોવાં, મુસાફરી કરવી, ખાનપાન * કરવું વગેરે પ્રવૃત્તિઓથી

---

* **मृतस्वजनगोत्रेऽपि सूतकं जायते किल ।**
अस्तं गते दिनानाथे, भोजनं क्रियते कथं ? ॥१॥

અર્થ—સ્વજન, સ્વગોત્રીનું મૃત્યુ થઈ ગયું હોય તો સૂતક પાળી આપણે ભોજન કરતા નથી, તો પછી દિનનો નાથ સૂર્ય અસ્ત થઈ ગયા બાદ ભોજન શી રીતે કરી શકાય ?

ત્રસ જીવની હિંસા થાય છે તથા સાપ, વીંછી, વગેરે ઝેરી જનાવરોથી આપણું પણ જીવન જોખમાય. તેથી ઉપર બતાવેલાં કાર્યો રાત્રિને વખતે ન કરવાં.

रक्तं भवन्ति तोयानि, अन्नानि पिशितान्यपि ।
रात्रिभोजन रक्तस्य, भोजनं क्रियते कथं ? ॥२॥

અર્થ—રાત્રિના સમયે પાણી રક્ત સમાન અને અન્ન માંસ સમાન બની જાય છે. એટલે રાત્રિ ભોજન કરનારને રક્તપાન અને માંસભક્ષણના જેવું પાપ લાગે છે. આમ મહાભારતના અનુશાસન પર્વમાં કહ્યું છે.

उदकं नैव पातव्यं, रात्रावेव युधिष्ठिर ।
तपस्विना विशेषेण, गृहिणा च विवेकिना ॥३॥

હે યુધિષ્ઠિર! વિવેકી ગૃહસ્થોએ અને ખાસ કરીને તપસ્વીઓએ રાત્રે પાણી પીવું ન જોઈએ,

ये रात्रौ सर्वदाऽऽहारं वर्जयन्ति सुमेधसः ।
तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ॥४॥

અર્થ—જે બુદ્ધિમાન મનુષ્યો રાત્રિભોજન હમેશને માટે છોડે છે તેમને દર મહિને ૧૫ ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે.

नैवाहुतिर्न च स्नानं, न श्राद्धं देवतार्चनम् ।
दानं न विहितं रात्रौ, भोजनं तु विशेषतः ॥५॥

અર્થ—રાત્રે દેવની આહુતિ સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન, દાન, એટલાં કામ કરવાં નહિ અને રાત્રિભોજન તો બિલકુલ ન કરવું.

हृन्नाभिपद्मसंकोचा, चण्डरोगश्च जायते ।
अतो नक्तं न भोक्तव्यं, सूक्ष्मजीवादनादपि ॥६॥ (આયુર્વેદ)

અર્થ—હૃદય અને નાભિકમળ સૂર્યાસ્ત થતાં સંકોચાઈ જાય છે, તેથી રાત્રિભોજન રોગોત્પાદક છે વળી, રાત્રે સૂક્ષ્મ જીવો પણ ખોરાકમાં આવી જાય છે.

मेधां पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरं ।
कुरुते मक्षिका वान्ति, कुष्टरोगं च कोलिकः ॥
कंटक दारुखंडं च, वितनोति गलव्यथाम् ।
पलितं व्यंजनादपि, तालु विध्यति वृश्चिकम् ॥

અર્થ—રાત્રિભોજનમાં જો કીડી ખવાઈ જાય તો બુદ્ધિનો નાશ થાય છે. જૂ ખાવાથી જલોદર, માખી ખાવાથી ઊલટી, કરોળિયો ખાવાથી કુષ્ટ રોગ, કાંટા ખાવાથી કંઠ રોગ, સડેલાં શાકથી ધોળા વાળ અને વીંછીનો કાંટો ખાવાથી તાળવું છેદાય છે.

આવાં આવાં અનેક નુકસાન રાત્રિભોજનથી થાય છે.

૩. પાયખાનામાં દિશાએ જવાથી અને ગટર, મોરી, વગેરેમાં પેશાબ કરવાથી અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્ય તથા કૃમિ આદિ જંતુઓની ઘાત થાય છે. વળી, દુર્ગંધથી તથા રોગી મનુષ્યોના પેશાબ પર પેશાબ કરવાથી ચાંદી વગેરે ચેપી રોગો લાગુ પડી જાય છે. માટે જાજરૂ, ગટર, વગેરેનો ઉપયોગ ન કરતાં શ્રાવકે ખુલ્લી જમીનમાં મળ-મૂત્રનો ત્યાગ કરવો.

૪. ધરતીની ફાટમાં, દરમાં, રાખ, છોતરાં, ઘાસ, છાણાંનો ઢગલો, વગેરે ઉપર પેશાબ કે ઝાડો કરવાથી તેની અંદર રહેલા ત્રસ જીવોની ઘાત થવા સંભવ છે માટે ત્યાં ન બેસવું.

૫. પ્રતિલેખન કર્યા (બારીકાઈથી નજરે જોયા) વિના વસ્ત્રો ધોબીને આપવાથી, ખાટલા વગેરે પાણીમાં ડુબાડવાથી તથા તે ઉપર ગરમ પાણી રેડવાથી તેને આશ્રિત રહેલા માંકડ વગેરે ત્રસ જીવોની ઘાત થાય છે.

૬. દશેરા, દિવાળી, આદિ પર્વ દિન ચોમાસામાં આવે છે તે વખતે દીવાલ વગેરે ઉપર માંકડ આદિ જંતુઓ હોય છે, પરંતુ લોક-રૂઢિને અનુસરી લીંપણ, ધોવણ, ધોળાવવા, વગેરે કરવાથી ત્રસ જીવની ઘાત થાય છે.

૭. લોટ, દાળ, શાક સુકવણી, પાપડ, વડી, સેવ મસાલા, પકવાન્ન, આદિ ખાદ્ય પદાર્થોનો ઘણા દિવસ સુધી સંગ્રહ કરી રાખવાથી તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે, તેમ જ તે તે ચીજો વગર જોયે ખાવાથી ત્રસ જીવોનું ભક્ષણ થઈ જાય છે.

૮. ચૂલો, ઘંટી, છાણાં, લાકડાં, લોટ, દાળ, શાક, મશાલા, વાસણ, ખાણિયો, આદિ કોઈ પણ વસ્તુને વિના દેખ્યે કામમાં લેવાથી ત્રસ જીવની ઘાત થઈ જાય છે.

૯. ચોમાસાના દિવસોમાં જમીન પર છાણાં, લાકડાં, માટીનાં વાસણ, વગેરેમાં કંથુઆ આદિ જંતુઓની ઉત્પત્તિ થઈ જાય છે, તેથી તેવી વસ્તુઓને ઊન કે શણની પોંજણીથી પોંજ્યા વિના ઉપયોગમાં લેવાથી ત્રસ જીવની ઘાત થાય છે.

૧૦. ચૂલા, પાણિયારાં, ઘંટી, ખાણિયો, રસોડું, જમવા બેસવાનું સ્થાન, વગેરે ઉપર ચંદરવા ન બાંધવાથી ઉપર છાપરામાં ચાલતા જીવો તેમાં પડી મૃત્યુ પામે છે અને વસ્તુની ખરાબી થવા પામે છે.

૧૧. અણગળ પાણી પીવા કે વાપરવાથી તેમજ પાણી ગળ્યા બાદ સંખાળાનું બરાબર જતન ન કરવાથી પણ ત્રસ જીવોની ઘાત* થાય છે.

૧૨. ધાન્યનો, કરિયાણાનો, મિલ જિનનો, મેવા મીઠાઈનો, તેલ, ઇત્યાદિ રસનો, લાખનો, ગળીનો, છાણાં, લાકડાનો, ભાજી, ફળનો, ઇત્યાદિ વેપારમાં વિશેષ કરીને ત્રસ જીવોની ઘાત થાય છે.

૧૩. દૂધ, દહીં, ઘી, તેલ, છાશ, પાણી, મુરબ્બા, ઇત્યાદિ પ્રવાહી કે અર્ધપ્રવાહી પદાર્થોનાં વાસણ તેમજ દીવા, ચૂલા, સગડી, ખાલી વાસણ, ઇત્યાદિ ખુલ્લાં વગર ઢાંકેલાં–રાખવાથી ઊંદર વગેરે ત્રસ જીવ તેમાં પડી મૃત્યુ પામે છે.

---

*सूक्ष्मानि जंतूनि जलाश्रयानि, जलस्य वर्णाकृतिसंस्थितानि ।
तस्माज्जल जीवदयानिमित्तं, निर्ग्रंथशूराः परिवर्जयन्ति ॥

અર્થ—આગમપુરાણમાં કહ્યું છે કે: પાણીના જેવા જ રંગવાળા અનેક સૂક્ષ્મ જીવો પાણીમાં રહે છે, તેથી નિર્ગ્રંથશૂરોએ–મુનિઓએ જીવદયા નિમિત્તે સચેત (કાચું) પાણી તથા અણગળ પાણી વાપરવું તેમજ પીવું નહિ,

विंशत्यंगुलमानं तु त्रिंशदंगुलमायतं ।
तद्वस्त्रं द्विगुणीकृत्य, गालयेज्जलमापियन् ॥
तस्मिन् वस्त्रे स्थितान् जीवान्, स्थापयेज्जलमध्ये तु ।
अेवं कृत्वा पिबेज्जलं, स याति परमां गतिं ॥

અર્થ—૨૦ આંગળ પહોળું અને ૩૦ આંગળ લાંબુ એવું વસ્ત્ર બેવડું કરીને તેના વડે ગળાયેલું પાણી પીવું, પાણી ગાળતાં ગળણામાં રહી ગયેલા જીવોને જે ઠેકાણેથી પાણી ભરી લાવ્યા હોઈએ તેજ પાણીમાં પાછા નાખી દેવા; આ વિધિ સાચવી પાણી પીનારા પરમગતિને પામે છે, આમ મહાભારતમાં કહ્યું છે.

૧૪. મકાઈના ડોડા શેકવાથી, ઘઉં, બાજરો કે જુવારનો પોંક પાડવાથી, ચણાના ઓળા પાડવાથી, બોર, નાગરવેલનાં પાન, મૂળા, મેથીની ભાજી, મિષ્ટ ફળ, સડેલી વસ્તુ, ઇત્યાદિમાં ત્રસ જીવ હોય છે તેથી તેવી વસ્તુ શેકવાથી કે ખાવાથી તેમાં રહેલા ત્રસ જીવની ઘાત થાય છે.

૧૫. ગાય, ભેંસ, ઘોડા, વગેરેના રહેવાના સ્થાનમાં ધુંવાડી કરવાથી ત્રસ જીવની ઘાત થાય છે.

૧૬. નાળ કે ખીલાવાળાં પગરખાં પહેરવાથી પગ નીચે ઘણા ત્રસ જીવો ચગદાઈ મરે છે.

આ તેમજ આવા જ પ્રકારનાં બીજાં જે જે કામો ત્રસ જીવની હિંસાનાં છે તેનો શ્રાવક વિવેકબુદ્ધિએ વિચાર કરી ત્યાગ કરે છે. અને એ રીતે પહેલું સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત પાળી સાચો શ્રાવક બને છે.

હવે સ્થાવર જીવોની હિંસાથી સર્વથા નિવૃત્ત ન થઈ શકાય તો પણ નીચે પ્રમાણેની સાવચેતી શ્રાવકે અવશ્ય રાખવી જોઈએ.

૧. **પૃથ્વીકાય**—ખેતીવાડી કરવાનાં, જમીન ખોદવાનાં, મીઠું, ખારો, ખડી, હિંગળો, ગેરુ, આદિ પૃથ્વીકાયના વ્યાપારનાં, સચેત ક્ષારોથી વસ્ત્ર ધોવાનાં, સચેત માટીથી દાતણ કરવાનાં તથા ચૂલા, કોઠી, આદિ ઉપકરણ અને મકાન બનાવવાં વગેરે પ્રકારનાં પૃથ્વીકાયની હિંસાથી નિવર્તવા યથાશક્તિ યતના કરે. વિના કારણ પૃથ્વીકાયની હિંસા કરે નહિ અને પૃથ્વીકાયની યતના કરે.

૨. **અપકાય**—નદી, તળાવ, કૂવા, વાવ, આદિ જળાશયોમાં અંદર પડી સ્નાન કરવાથી પાણી દુર્ગંધયુક્ત થઈ રોગિષ્ઠ બની જાય છે. અને અપકાય જીવોની તથા તેની નિશ્રાએ રહેલા ત્રસકાય જીવોની મોટા પ્રમાણમાં હિંસા થાય છે.

કેટલાક અજ્ઞાની મનુષ્યો પોતાના સ્વજન, કુટુંબી વગેરેમાં કોઈનું મૃત્યુ થયું હોય તેને સ્વર્ગે પહોંચાડવાના હેતુથી તેના શરીરની રાખ

વગેરે પાણીમાં નાંખે છે, તેના પરિણામે પાણી ગરમ થઈ તેમાં રહેલા મચ્છાદિ પંચેન્દ્રિય જીવો પણ મરી જાય છે. તો પછી પોરા વગેરે નાના જીવોનું તો કહેવું જ શું ?

રાખમાં પણ ક્ષાર હોવાથી રાખ મિશ્રિત પાણીનો વેગ જેટલે દૂર પહોંચે છે, તેટલે દૂર સુધીના ત્રસ સ્થાવર જીવો મરી જવા પામે છે. મરનાર તો મરે છે, તે તો તે જ ક્ષણે જે ગતિમાં જવાનો હોય છે ત્યાં ચાલ્યો જાય છે, ત્યાંનું જેટલું આયુષ્ય બાંધ્યું હશે તે પૂર્ણ કર્યા વિના ત્યાંથી તે નીકળવાનો નથી એ નિશ્ચય રાખજો.

ઘણાં પાપ કરીને નરકે ગયેલ મનુષ્યની રાખ કે હાડકાં ગંગાજીમાં પધરાવશો તો પણ તે જીવ નરકમાંથી ઉડીને સ્વર્ગમાં પહોંચવાનો નથી જ. વળી, કેટલાક અજ્ઞાની મનુષ્યો ગ્રહણની છાયાથી બચવા માટે ઘરમાંનું ઢાંકેલું પાણી તો બહાર ફેંકી દે છે. પણ નદી, કૂવા, વગેરેનું વગર ઢાંકેલું પાણી પવિત્ર માની પાછું ઘરમાં લઈ આવે છે !! એમને પૂછીએ કે, ભાઈ ! પાણીને ગ્રહણ લાગ્યું અને દુધ, દહીં, ઘી, તેલ, વગેરેને શા સારુ ન લાગ્યું ? ખરું કારણ તો એ છે કે, ઉક્ત પદાર્થોના પૈસા બેસે છે અને પાણી તો મફત મળે છે. આથી પાણીનો વ્યય કરવામાં ઘણી બેદરકારી રાખે છે. આ લોકો એટલું નથી સમજતા કે પાણી તો જગત બધાનું જીવન છે.

દૂધ-ઘી વિના તો કરોડો મનુષ્યો આખો જન્મ વ્યતીત કરી દે છે, પરંતુ પાણી વિના એક દિવસ કાઢવો પણ મહા મુશ્કેલ થઈ પડે છે, તેથી પાણી તે બધા પદાર્થથી અધિક મૂલ્યવાન છે એવું જાણી શ્રાવક, મિથ્યાત્વીની દેખાદેખીએ આવા પાપ કદાપિ કરતો નથી, અર્થાત્ ગ્રહણાદિ પ્રસંગે પાણી ફેંકી દેતો નથી, પાણીમાં હાડકાં કે રાખ નાખતો નથી, પાણીમાં પડી સ્નાન કરતો નથી, અણગળ પાણી પીતો કે વાપરતો નથી, વિના પ્રયોજન પાણી ઢોળતો નથી, હોળીના તહેવારે પાણી ઉછાળવું, રંગ છાંટવા, કોઈને રોળવા, વગેરે કરીને પાણીનું નુકસાન કરતો નથી.

કેટલાક ધર્મનિષ્ઠ શ્રાવકો સચેત પાણી પીવાનાં પણ પચ્ચખાણ કરી લે છે. તથા પાણી ઘીની પેઠે વાપરે છે. ઘી તો નિર્જીવ છે. પણ પાણીમાં તો અસંખ્યાતા જીવ છે.

૩. **તેઉકાય**—અગ્નિ દશધારું ખડ્ગ છે. અર્થાત્ તેની દશે દિશાએથી ઝપટે ચડતા ત્રસ સ્થાવર જીવોનું તે ભક્ષણ કરી લે છે, એમ જાણી અગ્નિના આરંભથી આત્માને વિશેષતઃ બચાવવો જોઈએ. કેટલાક લોકોને ઓઢવા પહેરવાને અનેક વસ્ત્રોનો યોગ હોવા છતાં ગરીબોની દેખાદેખીએ રસ્તાનો કચરો એકઠો કરી તાપણું કરી તાપે છે અથવા સગડી વગેરેમાં છાણાં, લાકડાં, વગેરે સળગાવી તાપવા બેસે છે. ખેતીમાં ખૂબ ઉપયોગી થતું છાણ અને અન્ય રસોઈ વગેરે અનેક કાર્યમાં ઉપયોગી થતાં લાકડાંનો પોતાના ક્ષણિક સુખને માટે આ રીતે દુર્વ્યય કરે છે. આવી રીતે તાપવાથી રૂપનો નાશ થાય છે; આગળના ભાગમાં ગરમી અને પૃષ્ઠ ભાગમાં શરદી સહેવાથી તંદુરસ્તીને હાનિ પહોંચે છે અને ભોગજોગે કદાચ વસ્ત્રાદિને ઝાળ અડી જાય તો અકાળ મૃત્યુ પણ નીપજે છે.

વળી, કેટલાક લોકો લગ્નાદિ ઉત્સવોમાં કે દીપોત્સવી આદિ પ્રસંગે ક્ષણિક મઝાને માટે દારૂખાનું ફોડે છે, તેમાં અનેક ત્રસ જીવોની ઘાત ઉપરાંત ઘણી વાર મનુષ્યની તેમ જ માલમિલકતની પણ હાનિ થઇ જાય છે અને દ્રવ્યનો પણ દુરુપયોગ થાય છે. માટે આ રિવાજ પણ અનર્થકારક છે. દીવાળીની લક્ષ્મીપૂજા લક્ષ્મીના આગમન માટે કરવામાં આવે છે, પણ ભલા ! લક્ષ્મીમાં આગ લગાડવાથી લક્ષ્મી કેવી રીતે આવશે ? આ સિવાય હમણાં હમણાં તમાકુ પીવાનાં વ્યસનો પણ ખૂબજ જ વધી ગયાં છે. તમાકુમાં કશોય સ્વાદ નથી. ખાનાર, પીનાર કે સૂંઘનારના મોઢા અને નાકમાંથી દુર્ગંધ નીકળે છે. હોઠ, હાથ અને કલેજામાં ડાઘ પડી જાય છે. કાળજું બળી જાય છે, ક્ષય વગેરે રોગની ઉત્પત્તિ થાય છે. અને વખતે અકાળ મૃત્યુ પણ થાય છે. ઈત્યાદિ હાનિઓને પ્રત્યક્ષ જાણવા છતાં પણ હુક્કા, ચલમ, બીડી, સિગારેટ, આદિ

પીએ છે ! શ્રાવકે આ પ્રકારના વ્યસનના ફંદામાં કદાપિ ન ફસાવું જોઈએ અને ઉપર બતાવેલા અગ્નિના આરંભ સમારંભથી દૂર રહેવું જોઈએ. તેવી જ રીતે, ધર્મ નિમિત્તે ધૂપ, દીપ, યજ્ઞ, હવનાદિ પણ ન કરવાં જોઈએ. અને ચૂલા, ભઠ્ઠી, દીવા, સગડી, આદિ સંસારાર્થે આરંભ કરવા પડે તો જેટલો બની શકે તેટલો ઓછામાં ઓછો આરંભ કરવો જોઈએ.

૪. **વાયુકાય**–પંખાથી, હિંડોળાથી, વાજિંત્ર વગાડવાથી, ઝાપટ નાંખવાથી, ફૂંકવાથી અને ઉઘાડે મોઢે બોલવાથી વાયુકાયના જીવોની ઘાત થાય છે. વાયુના ઝપાટામાં આવીને ત્રસ જીવો પણ મરી જાય છે. તો તેની હિંસાથી જેટલે અંશે બચી શકાય તેટલે અંશે બચવા પ્રયત્ન કરવો. વાયુકાયની રક્ષા થવી બહુ દુષ્કર છે.

૫. **વનસ્પતિકાય**–તેના ૩ પ્રકાર છે : ૧. ઘઉં, ચણા, જુવાર, બાજરી, આદિ ધાન્ય તથા સૂકાં બીજ, ગોટલી, વગેરેમાં એક જીવ હોય છે. ૨. કાચાં ફૂલ, ફળ, ભાજી, તરણાં, પાંદડાં, ડાંખળાં, વગેરેના સોયના અગ્રભાગ જેટલા એક ટુકડામાં અસંખ્યાતા જીવ હોય છે. અને, ૩. કંદમૂળ વગેરેમાં અનંત જીવ હોય છે. સચેત વસ્તુ ભોગવવાનો ત્યાગ બને તો ઘણું ઉત્તમ છે, અન્ન વિના તો કામ ચાલવું દુષ્કર છે. પરંતુ લીલોતરીના ભક્ષણથી તો જરૂર બચવું જોઇએ. અને કંદમૂલાદિનો તો સ્પર્શ સરખો કરવો પણ ઊચિત નથી, તો ભક્ષણ કરવાની વાત જ ક્યાં રહી ? અર્થાત્ અનંતકાય કંદમૂલાદિ કદાપિ ખાવાં ન જ જોઇએ.

દયાળુ મનુષ્યો પાંચ ઇંદ્રિયોમાંથી એકાદ ઈંદ્રિય કાન, આંખ, વગેરે કોઇને ઓછી હોય અર્થાત્ બહેરા, આંધળા, મૂંગા કે લૂલા લંગડા હોય તો તેમને જોઇ દયા લાવે છે. તો બિચારા એકેન્દ્રિય જીવોને તો એક નહિ પણ ચાર ઇંદ્રિયો ઓછી છે, માત્ર એક જ ઇંદ્રિય છે, એટલે તેઓ તો વિશેષ દયાપાત્ર છે. સ્થાવર જીવો બિચારા કર્મોદયે કરી પરવશ પડેલા કૃતકર્મના ફળો ભોગવી રહ્યા છે અને જેઓ તેમની ઘાત

કરે છે તેમને ઘણાં કર્મો બંધાય છે, એવું જાણી શ્રાવક યથાશકિત સ્થાવર જીવોની પણ રક્ષા કરે છે અને કરાવે છે. ÷

પહેલા વ્રતના ૫ અતિચાર

૧. બંધે—કોઈ જીવને ગાઢ બંધનમાં બાંધે તો અતિચાર *

÷ ગ્રંથમાં કહ્યું છે કે, સાધુજી વીસ વસા દયા પાળે છે, સાધુની અપેક્ષા શ્રાવકની દયા સવા વસાની હોય છે,

गाथा—जीव सुहुमा थूला, संकप्पा आरंभ भवे दुविहा ।
सवराह निरवराह, सावेक्खा एव निरवेक्खा ॥

અર્થ—સાધુજી તો ત્રસ અને સ્થાવર બન્ને પ્રકારના જીવોની દયા પાળે છે, પરંતુ શ્રાવકથી સ્થાવરની દયા પાળવી દુષ્કર હોવાથી ૨૦ વસામાંથી ૧૦ વસા કમ થયા. સાધુજી તો સંકલ્પ કરી અથવા જાણીને તથા અજાણપણે એમ બન્ને પ્રકારે હિંસાના ત્યાગી હોય છે, અને શ્રાવક સંકલ્પથી તો ત્રસ જીવની હિંસાના ત્યાગી હોય છે, પરંતુ સ્થાવરના આરંભ કરતાં કદાચિત ત્રસ જીવની હિંસા પણ થઈ જાય છે, તેથી ૧૦ વસામાંથી ૫ વસા કમ થયા.

સાધુ તો અપરાધી અને નિરપરાધી બન્નેની રક્ષા કરે છે અને શ્રાવકને તો નિરપરાધીને હણવાનો ત્યાગ છે, પરંતુ આ વ્રતના ધારણ કરનારા રાજા પણ હોય છે અને તેમને સંગ્રામાદિનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે, તથા અન્ય શ્રાવકને ચોરાદિનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે અને ચોર તથા શત્રુ મારવા માટે આવે તેને મારવાનો પ્રસંગ પણ આવી જાય છે ઇત્યાદિ કારણોથી અપરાધીની રક્ષા કરવી દુષ્કર હોવાથી ૫ વસામાંથી ૨॥ વસા કમ થયા, હવે સાધુ તો સાપેક્ષ-કારણવશાત્ અને નિરપેક્ષ-વિના કારણ બન્ને પ્રકારના હિંસાના ત્યાગી છે, અને શ્રાવક નિરપેક્ષ હિંસાના તો ત્યાગી હોય છે, પરંતુ સાપેક્ષ હિંસાનો ત્યાગ કરવો દુષ્કર છે, કેમકે ચાલતા બળદ અશ્વાદિને ચાબૂક આદિથી પ્રહાર કરે, તથા શરીરમાં કૃમિ આદિ જીવ સહેજે ઉત્પન્ન થાય તેને માટે જુલાબ આદિ ઔષધોપચાર કરે છે એટલા માટે ૨॥ વસામાંથી ૧। વસો દયા જ પાળી શકે છે.

* ૧, જેમ કોઇને અમુક વસ્તુના પ્રત્યાખ્યાન હોય છતાં તે વસ્તુ ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે તે અતિક્રમ; ૨. તે વસ્તુની પાસે જાય તે વ્યતિક્રમ; ૩. તેને ગ્રહણ કરી લે તે અતિચાર. અને, ૪. તે વસ્તુ ભોગવે તો અનાચાર, અતિક્રમનું પાપ પશ્ચાત્તાપ કરવાથી, વ્યતિક્રમનું પાપ **આલોચનાથી**, અતિચારનું પાપ પ્રાયશ્ચિતથી અને અનાચારનું પાપ મૂળ વ્રતોચ્ચાર કરવાથી પ્રાયશ્ચિત થાય. આ ચાર પ્રકારના ઉપાયથી તે પાપ દૂર થાય છે આ ચાર પ્રકારનાં પાપમાંથી અતિચાર એ ત્રીજા પ્રકારનું પાપ જાણવું.

લાગે. જેમ પુત્ર, ભાઈ, સ્ત્રી, મિત્ર, શત્રુ, દાસ, દાસી, આદિ મનુષ્ય, ગાય, ભેંશ, અશ્વ, આદિ પશુ; પોપટ, મેના, કૂકડા, આદિ પક્ષી, સાપ, અજગર, આદિ અપદ, ઇત્યાદિ પ્રાણીઓને દોરડેથી કે સાંકળથી બાંધે, હેડમાં નાંખે, હાથપગમાં બેડી નાખે, ખોડની સાથે બાંધી મૂકે, મકાનમાં, પાંજરામાં કે ટોપલા વગેરેમાં પૂરે, આ પ્રમાણે બંધનમાં નાંખવાથી અતિચાર લાગે છે. કેમકે તે બિચારા જીવો પરવશ પડી અતિ કષ્ટ પામે છે, ગભરાય છે, તરફડે છે, માટે આવાં દયાહીન કૃત્ય શ્રાવકને કરવાં યોગ્ય નહિ.

કદાચિત્ કોઈ મનુષ્ય ગુનાહિત કૃત્ય કરવાથી શિક્ષાને પાત્ર જણાય તેમજ કોઇ પશુ કાબૂમાં રહેતું ન હોય, નુકસાન કરતું હોય અને તે વચનની શિક્ષા માત્રથી સમજતું ન હોય અને તેને કદાચ બંધનમાં નાખવાની ખાસ જરૂર પડે એવો પ્રસંગ પ્રાપ્ત થતાં મજબૂત બંધને ન બાંધે કે જેથી તેને ઇજા પહોંચે અથવા આમતેમ ફરીહરી ન શકે, તેમજ અગ્નિ આદિ ઉપદ્રવ પ્રાપ્ત થતાં તે છૂટી પોતાનો બચાવ પણ ન કરી શકે.

આવા ગાઢા બંધને બાંધવાથી કોઈ વખતે તે જીવ મૃત્યુ પામી જાય તો પંચેન્દ્રિય જીવની હિંસાનું પાપ લાગી જાય છે. વળી, શ્રાવકોએ પક્ષીઓને પણ પાળવાં ન જોઇએ. પક્ષીઓને પાંજરે પૂરી તેમને મેવા મિષ્ટાન ખવરાવો તો પણ તેને બંધન સમજી બહુ દુઃખી થાય છે. કદાચિત્ ઘાયલ થયેલ પક્ષીને તેની રક્ષા નિમિત્તે પાંજરામાં રાખવું પડે તો આરામ થયા બાદ બંધનમુક્ત કરી દેવું.

૨. વહે—કોઈ પણ પ્રાણીને પ્રહાર કરે, માર મારે તો અતિ-ચાર લાગે. ઉપર કહ્યા પ્રમાણે કોઇ ગુનેગાર વચનથી કે બંધનથી સમજતા ન હોય, તેમજ પશુ વગેરે સીધે રસ્તે ચાલતાં ન હોય અને તેમને લાકડી, ચાબુક આદિથી પ્રહાર કરવાની જરૂર ઊભી થાય તો નિર્દયપણે એવો માર ન મારે કે, જેથી તેના અંગ ઉપર સોળ ઊઠી આવે, લોહી નીકળે, મૂર્છિત થઈ જાય અને મૃત્યુને પ્રાપ્ત થાય.

આવા પ્રકારના પ્રહાર શ્રાવક કદાપિ ન કરે. વળી, જે ઠેકાણે એક વાર માર માર્યો હોય તે જ ઠેકાણે બીજી વાર પ્રહાર ન કરે, તેમ જ શિર, ગુદા, ગુપ્તેંદ્રિય, હાડકાં, વગેરે મર્મસ્થાનો પર પ્રહાર કરે નહિ. કારણ કે મર્મસ્થાન પર પ્રહાર કરવાથી તેમને બહુ દુઃખ થાય છે. એવું જાણી એવા સ્થાન પર પ્રહાર ન કરે.

૩. **છવિચ્છેએ**—અંગોપાંગનું છેદનભેદન કરે તો અતિચાર લાગે. કેટલાક અજ્ઞાની જન ગાય, ભેંસ, બળદ, ઘોડા, વગેરેને આજ્ઞામાં ચલાવવા માટે તેનાં નાક વીંધી નથ નાખે છે, ઘોડાંને લોઢાના કાંટાવાળાં ચોકડાં ચડાવે છે, પગમાં ખીલા અને નાળ જડાવે છે, તથા શોભા નિમિત્તે ત્રિશૂલ ચક્રાદિ તપાવેલાં લોઢાં તેના અંગ પર ચાંપી દઈ ચામડું બાળી દે છે, કાનનું છેદન કરી કડીઓ પહેરાવે છે, પૂંછડાં છેદે છે, શીંગડાં કાપી નાંખે છે. ગુપ્તેન્દ્રિયનું છેદન કરે છે, ખસી કરી પુરુષત્વહીન કરી નાખે છે. ઇત્યાદિ નિર્દયતાનાં કામ કરવાં કે કરાવવાં તે શ્રાવકને બિલકુલ ઉચિત નથી.

કદાચિત્ કોઈ અંગ સડી જાય અથવા ગડ, ગુંબડ, રસોળી, વગેરે થવાથી તેને દુઃખમુક્ત કરવા માટે અંગોપાંગ છેદાવવાં પડે તો આરામ થતાં સુધી તેની પાસેથી કાંઇ કામ ન લે. તેવી જ રીતે, પુત્ર, પુત્રી, સ્ત્રી આદિને દાગીના પહેરાવવાને માટે તેનાં કાન, નાક આદિ વીંધાવવાં પડે તો તેમની ઇચ્છા વિરુદ્ધ બલાત્કારે કદી પણ ન વીંધાવે.

૪. **અઇભારે**—મનુષ્ય, પશુ, વગેરે પાસે તેના ગજા ઉપરાંત ભાર લાદે અથવા ખેંચાવે તો અતિચાર લાગે. જેમકે ગાડી, ઘોડાં, બળદ, પાડા, મજૂર, ઇત્યાદિ દ્વારા કોઈ સ્થળે કોઈ માલ પહોંચાડવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તો જેની પીઠ પર, કાંધ પર ગડ, ગુંબડ, ચાંદાં આદિ કોઈ પ્રકારનું દર્દ થયું હોય અથવા તો લૂલો, લંગડો, અપંગ, દુર્બળ, રોગિષ્ઠ, ઓછી ઉમરવાળો કે વૃદ્ધ ઉમરવાળો તથા હીન શક્તિવાળો હોય તો તેના ઉપર કોઈ પ્રકારનું વજન લાદે નહિ. કેમ કે તે બિચારા બહુ જ દુઃખ પામે છે, અને કોઇ વાર તેમનું મૃત્યુ પણ થઈ જાય છે.

કદાચિત્ કોઈ મજૂર ગરીબ હોય અને ઉદરનિર્વાહ અર્થે વજન ઉઠાવવું કબૂલ પણ કરી લે, તો તેના પર દયા લાવી કામ લીધા વિના જ યથાશક્તિ સાતા ઉપજાવવી તે દયાળુ શ્રાવકોનું કર્તવ્ય છે. પણ જો નીરોગી, હૃષ્ટપુષ્ટ, વજન ઉઠાવવાને સામર્થ્યવાન હોય તો પણ તેની પાસે શક્તિથી અધિક અથવા દેશકાલની પ્રચલિત મર્યાદાથી વધારે બોજો ઉપડાવે નહિ.

પશુ પર પ્રમાણસર ભાર ભર્યા પછી તે ઉપર સ્વારી કરે નહિ. સ્વારી કરવી હોય તો ઓછો ભાર ભરે. મનુષ્યને વજન ઉઠાવવા આપતી વખતે પૂછી લે કે તું આટલું વજન ઉપાડી શકીશ? વધારે ઉઠાવવાનું કદી કહે નહિ. તથા સવામણ હોય તે વસ્તુને એક મણ છે એવું અસત્ય કદાપિ બોલે નહિ, તેમ જ ગજા ઉપરાંત વધુ પડતો પંથ કરાવે નહિ.

૫. ભત્તપાણવુચ્છેએ—આહાર પાણીનો વિયોગ પડાવે, અંતરાય પાડે તો અતિચાર લાગે. સ્વજન, મિત્ર, ગુમાસ્તા, દાસી, ગાય, ઘોડા, વગેરે પશુ પોતાને આશ્રિત રહેતાં હોય તેમને ક્રોધના આવેશમાં આવી કે કોઈ ગુનાની શિક્ષા કરવા માટે અથવા મોંઘવારી કે દુષ્કાલાદિ પ્રસંગે ભૂખ્યાં તરસ્યાં રાખે નહિ.

ભૂખ તરસથી ક્રોધ અને વેરની વૃદ્ધિ થાય છે, તેના આત્મામાં બહુ જ કલુષિત ભાવ રહે છે. તેથી ચીકણાં કર્મ બંધાય છે. કેટલાક નિર્દય અને સ્વાર્થી લોકો વૃદ્ધાવસ્થાને કારણે અથવા રોગાદિથી નિર્બળ અને નિરુદ્યમી થયેલાં માતાપિતાદિ સ્વજન, દાસ, દાસી, ગાય, બળદ, આદિ પશુઓને નિઃસત્વ, વાસી અથવા ખરાબ ખોરાક આપે છે. નોકરોના પગાર ઘટાડી નાખે છે, ઘાસ, દાણાદૂણી, વગેરે ખરાબ ખોરાક આપે છે તથા કમતી આપે છે.

દૂઝણાં પશુ દૂધ આપતાં બંધ થાય એટલે તેને પેટપૂર્ણ ઘાસચારો કે ખાણ આપે નહિ, અને કેટલાક દુષ્ટો તો કૃતઘ્ની બની વૃદ્ધ અને નકામાં પશુઓને કસાઈખાને અથવા ખાટકીને વેચી દે છે. આવા ઘોર અન્યાય કરે છે. આવાં કામ કરવાં શ્રાવકોને બિલકુલ ઉચિત નથી. કેમકે સુખ

અને આરામ આપણને જેટલાં પ્રિય છે તેટલાં જ તેમને પણ પ્રિય છે. પોતે મોજશોખ ઉડાવવા અને આશ્રિતોને તલસાવવાં તે દયાળુનું કર્તવ્ય નથી.

પોતાનાં માતાપિતા, સ્વજન કે જેમણે આપણા ઉપર ઘણા ઘણા ઉપકાર કર્યા છે અને મહાકષ્ટે પ્રાપ્ત કરેલી લક્ષ્મી પણ આપણને સુપરત કરી છે, આ બધું એટલા માટે કર્યું છે કે, અમારી વૃદ્ધાવસ્થામાં તેઓ અમને સુખી કરશે, પાલન પોષણ કરશે.

આમ છતાં તેમની સાથે કૃતઘ્નતા કરવી, વિશ્વાસઘાત કરવો તે ઘોર પાપ છે. જેમની દોલત વડે પોતે સુખોપભોગ કરી રહ્યા છે, એવાં માબાપ અથવા જેમના પરિશ્રમના પરિણામે પૈસો પ્રાપ્ત થયો છે એવા ગુમાસ્તા, દાસ, દાસી કે જેમણે આખી ઉમર મહેનત મજૂરી કરી શેઠનું ઘર ભર્યું હોય, તેઓ વૃદ્ધ થાય કે રોગાદિ કારણે અશક્ત બને ત્યારે તેમને દુઃખિત દશામાં છોડી દેવાં, પગાર બંધ કરવો, આજીવિકા તોડી નાખવી એ પણ વિશ્વાસઘાત જ છે. અને એમાંથી અધિક ઉપકાર પશુઓનો છે. બિચારાં નિર્માલ્ય ઘાસચારો ખાઈ ને દૂધ, ઘી, માવો, માખણ, મલાઈ, છાશ આદિ બળપ્રદ અને સ્વાદિષ્ટ પદાર્થો આપીને આપણું પોષણ કરે છે. તેમનો જનતા ઉપર કેટલો મહાન ઉપકાર છે?

જે માતાનું વર્ષ બે વર્ષ દુગ્ધપાન કરીએ છીએ તેમની ઉમરભર સેવા કરીએ છીએ, તો પછી વર્ષોનાં વર્ષો સુધી એટલે જીવનભર દુગ્ધપાન કરાવનાર મહામાતા ગૌ આદિ પ્રાણીઓની કેટલી સેવા બજાવવી જોઈએ? વળી, એક માતાનું દૂધ પીનારા બે ભાઈઓ પરસ્પર કેવા સંબંધ રાખે છે! તો પછી ગૌમાતાના પુત્રો પ્રત્યે પણ આપણે પ્રેમભાવ શા માટે ન રાખીએ? એના ઉપર જુલમ કરીએ, અને જિંદગીભર નપુંસક બનાવી દઈએ એ કેટલી કૃતઘ્નતા! કેટલી નિર્દયતા! સગા ભાઈઓ વખતે બેઇમાન બને છે પણ પશુ તો ભાઈથી પણ વિશેષ મદદરૂપ નિમકહલાલ અને ઉપકારક હોય છે.

જરા આંખ ઉઘાડીને જુઓ તો ખરા ! ગાયના પુત્રો જગત પર કેટલો અનહદ ઉપકાર કરી રહ્યા છે ! હળ ખેંચી અન્ન, વસ્ત્ર, ઉત્પન્ન કરવામાં મદદ કરે છે, કોસ વડે કૂવામાંથી પાણી કાઢવું, ગજા ઉપરાંત ભાર ભર્યો હોય છતાં ઇચ્છિત સ્થળે પહોંચાડી દેવો, ભૂખ, તરસ, ટાઢ તાપ સહીને ખાડા, ટેકરા, પહાડ કે ઉજ્જડ જમીન વગેરેની દરકાર કર્યા વગર અવિરત પરિશ્રમ કરી માનવજાતનાં અનેકવિધ કાર્યોમાં મદદગાર થવું, સુમિત્રની પેઠે પાલક પ્રત્યે પ્રેમભાવ રાખવો, સુશિષ્યની પેઠે તાડનતર્જન સહેતાં સહેતાં સેવા કરવી, વિશ્વાસુ નોકરની પેઠે પહેરેગીરી કરવી, સાધુની પેઠે જેવો મળે તેવો ખોરાક ખાઈ સંતુષ્ટ રહેવું એ બધું પશુ વિના કોણ કરશે ?

ઊનનાં ગરમ વસ્ત્રો અને કસ્તૂરી જેવા બહુ મૂલ્યવાન્ પદાર્થો પણ પશુઓને પ્રતાપે જ પ્રાપ્ત થાય છે. વિશેષ શું કહીએ ? પશુઓના શરીરથી ઉત્પન્ન થતાં છાણ, મૂત્ર પણ નકામાં જતાં નથી. ખાતરરૂપે, બળતણરૂપે, ઔષધરૂપે, ઘર સ્વચ્છ કરવામાં એમ અનેક પ્રકારે ઉપયોગી નીવડે છે. તેઓ મરી ગયા પછી પણ તેમના શરીરનો કોઈ પદાર્થ નકામો જતો નથી. તેમના ચામડાનાં પગરખાં બને, તે કાંટા કાંકરા, તાપ, ટાઢથી પગનું રક્ષણ કરે, હાડકાં ખાતરમાં ઉપયોગી થાય; એવાં ઉપયોગી અને ઉપકારક પ્રાણીઓ સાથે વિશ્વાસઘાત કરવો, કૃતઘ્નતા કરવી એ મહાપાપ છે. આમ વિચારી જે ધર્માત્મા હોય તે પશુઓનું તેમની જિંદગી સુધી પોતાનાં કુટુંબીઓની પેઠે પાલનપોષણ ÷ કરે છે. દૂધ દેતાં બંધ થાય, વૃદ્ધ, અશક્ત કે રોગી થાય તો પણ તેમને ખાનપાનની અંતરાય પાડતા નથી, કાઢી મૂકતા નથી કે ઘાતકી મનુષ્યોને સ્વાધીન કરતા નથી.

કદાચિત્ મનુષ્ય અથવા પશુ દ્વારા કંઈ બગાડ થઈ જાય તો વિચારવું કે જાણી જોઈને તો કોઈ ખરાબી કરતું જ નથી, કોઈ કારણથી

÷ यस्मिन जीवति जीवन्ति, बहवः सन्तु जीवति !
काकोपि किं न कुरुते, चंच्वा स्वोदरपूरणम् !!

અર્થ—જેના આશ્રયથી ઘણા જીવ જીવિત રહે તે જ જીવતર છે, નહિ તો પોતાનું પેટ તો કાગડા પણ ભરે છે.

ભૂલથી કે પરવશપણાથી આ ખરાબી થઈ હશે, તો જેવી રીતે અજ્ઞાન બચ્ચું કંઈ બગાડ કરે તો તેને નાદાન જાણી ક્ષમા કરવી જોઈએ, વચન દ્વારા કરાતી શિક્ષા ઘણી માની લેવી, પરંતુ ભૂખ્યાં તરસ્યાં રાખવાં અનુચિત છે.

કદાચિત્ એમ પણ બનવા જોગ છે કે, ભૂખ તરસનો દંડ આપ્યા વિના તે સુધરે તેમ નથી તો જ્યાં સુધી તેમને ખવરાવે પીવરાવે નહિ ત્યાં સુધી પોતે પણ ખાનપાન ભોગવે નહિ. જ્વરાદિ રોગની નિવૃત્તિ માટે લાંઘણ કરાવવી પડે તો તે વાત અલગ છે ×.

ઉક્ત પહેલા વ્રતના પાંચ અતિચાર અધોગતિમાં લઈ જવાવાળા છે. તેનાથી આત્માને બચાવવાને માટે તેનું જાણપણું તો જરૂર કરવું જોઈએ. પણ તે અતિચારોને આચરવા નહિ–અંગીકાર કરવા નહિ. આ પ્રમાણે પ્રથમ વ્રતનું અર્થાત્ ભગવતી દયાનું જે જીવ સમ્યક્ પ્રકારે આરાધન કરશે તે બન્ને લોકમાં આરોગ્ય પ્રાપ્ત કરશે, બળવંત થશે, જય અને ઐશ્વર્યાદિ અનેક સુખોનો ભોક્તા બની ક્રમશઃ થોડા જ ભવમાં મોક્ષનાં અનંત સુખો પ્રાપ્ત કરશે.

× શ્રી ઉપાસક દશાંગ સૂત્રના પ્રથમ અધ્યયનમાં ભગવંત શ્રી મહાવીર સ્વામીએ આનંદ શ્રાવકને વ્રતોના અતિચાર બતાવતાં પ્રથમ વ્રતના પાંચમા અતિચારમાં કહ્યું છે કે **'भत्तपाण वुच्छेए'** અર્થાત્ શક્તિ હોવા છતાં પણ જો કોઈને આહાર પાણીની અંતરાય પાડીશ તો તારા પહેલા વ્રતમાં અતિચાર લાગશે. એટલા માટે શ્રાવકો સવા પહોર દિવસ ચડે ત્યાં સુધી પોતાનાં ઘરનાં દ્વાર ઉઘાડાં (અભંગદ્વાર) રાખતા હતા, કોઈ પણ ભૂખ્યો તરસ્યો પોતાનાં દ્વાર પર આવી નિરાશ થઈ પાછો ન ફરે.

અહીં કોઈ કહે કે, શ્રાવક તો સાધુને દાન દેવા માટે ઉઘાડાં દ્વાર રાખતાં હતા. તો આ કથન શાસ્ત્રથી મળતું નથી. કેમ કે ચોથા આરામાં તો સાધુઓ બે પહોર દિવસ ચડયા પછી જ ગોચરીએ જતા હતા. તેથી આ નિયમ અભ્યાગતોને માટે જ હતો, અફસોસની વાત તો એ છે કે, આ શાસ્ત્રને માનનારા જ ભૂખ્યાં તરસ્યાં અભ્યાગતોને અન્નપાન દેવામાં એકાંત પાપ બતાવે છે, તેઓ ઉક્ત જિનવાણીને વિપરીત પરિણમાવી ભોળાઓને ભ્રમમાં નાંખે છે, સુજ્ઞ જનોએ આવા ઉત્સૂત્ર પ્રરૂપકોના ફંદામાં ફસાવું ન જોઈએ,

जहा धन्नाण रक्खणट्ठा, करंति वइओ जहन हे वत्थ !
तह पढम वय रक्खणट्ठा, करंति वयाइ सेसाइ !!

અર્થ– જેમ ધાન્યના ખેતરની રક્ષાને અર્થે તેની ચારે તરફ કાંટાની વાડ કરે છે, તેવી જ રીતે આ પ્રથમ વ્રતના રક્ષણાર્થે આગળ કહીએ છીએ તે બધાં વ્રત વાડરૂપે જાણવાં.

બીજું અણુવ્રત સ્થૂલ–મૃષાવાદ વેરમણું

સાધુની પેઠે સર્વથા મૃષાવાદથી નિવૃત્ત થવું એ ગૃહસ્થને માટે મુશ્કેલ છે. કેમકે ગૃહસ્થથી સહજમાં બોલાઇ જાય છે કે, ઊઠ ! ઊઠ ! પહોર દી ચડી ગયો, અને દિવસ તો એક ઘડી પણ ચડયો ન હોય ઇત્યાદિ અનેક પ્રકારનાં નાનાં નાનાં જૂઠ વચન સહેજે બોલાઈ જાય.

સ્થૂલ મૃષાવાદ પાંચ પ્રકારનાં કહ્યા છે. તેનો ત્યાગ કરવો.

૧. **કન્નાલિક**–કન્યા સંબંધી મૃષાવાદઃ જેમ કેટલાક શ્રીમાનો પોતાની પુત્રીને શ્રીમન્તને ઘેર આપવાને માટે, દ્રવ્યના લાલચુઓ દ્રવ્યોપાર્જન કરવાને માટે, તેમ જ સગાં સંબંધીઓ તથા મહાજનના મોવડીઓ ખુશામત કરવાને માટે ઈત્યાદિ અનેક કારણોથી વેવિશાળના કામમાં વરકન્યાની યોગ્યાયોગ્યતા કે ઉમ્મરના સંબંધમાં અસત્ય બોલે છે. આંધળી, કાણી, બહેરી, લૂલી, લંગડી, કુલક્ષણી, અંગહીન, રૂપહીન, બુદ્ધિહીન, ઇત્યાદિ દુર્ગુણો કન્યામાં હોવા છતાં તેને છુપાવી, કન્યાની ખોટી પ્રશંસા કરીને સંબંધીઓને ફસાવી દે છે. લગ્ન થયા બાદ જ્યારે તે કન્યાના દુર્ગુણ પ્રગટ થાય છે, ત્યારે તેના પતિને તેમ જ કુટુંબીઓને ઘણો પશ્ચાત્તાપ થાય છે. અનેક ઝઘડા ઊભા થાય છે, સંતાપ અને કલેશથી તે દંપતીનો જન્મારો વ્યતીત થાય છે. આઘાત પણ લાગે છે.

આ જ પ્રમાણે, ૧૨ વર્ષની બાળકીને ૬૦ વર્ષના બુઢ્ઢા સાથે પરણાવી દે છે, બીબી ઘરજોગ થાય ત્યારે મિયાં ઘોર (કબર) જોગ થાય એ કહેવતને ચરિતાર્થ કરે છે. વળી, ૧૬ વર્ષની કન્યા અને ૧૦ વર્ષનો પતિ એવાં કજોડાં જોડી આપે છે. આ પ્રકારના અયોગ્ય સંબંધ જોડવાથી અનેક અનર્થ ઉત્પન્ન થાય છે. દયામૂળ પરમ જૈન ધર્મના

પાળનારા અને મહાજન નામ ધરાવનારામાં આવું બને તો તે સખેદા-શ્ચર્યની વાત છે.

કેટલીક હલકી ગણાતી કોમોમાં પણ અત્યંત ગરીબીના દુઃખથી પીડિત હોવા છતાં પણ તેઓ કન્યાવિક્રય નિમિત્તે એક કોડી પણ લેતા નથી. બલ્કે કન્યાને યથાશક્તિ કરિયાવર કરે છે. વળી કેટલીક કોમમાં પુત્રીના ઘરનું પાણી પીવાનું પણ નિષેધ કર્યું છે. તેઓ પુત્રીના ઘરનું પાણી પણ કદી પીતા નથી. ઘણા લોકો દ્રવ્યની લાલચે પોતાના પેટની દીકરીને ગાય બકરીની પેઠે વેચે છે. મડે મીંઢળ બાંધે છે. તે બિચારી આખો જન્મારો રોઈ રોઇ પૂરો કરે છે. આવા દુઃખની ખાઇમાં દીકરીને ધકેલી દેતા માબાપને જરા પણ દયા કે શરમ આવતી નથી! અરે, કસાઇથી પણ અધિક નિર્દય કઠોર હૈયાવાળા બનીને પોતાની પ્યારી પુત્રીના રક્તમાંસનું શોષણ થઇ જાય, બિચારી ઝુરી ઝુરીને મરે, એવાં ઘોર અપકૃત્ય કરતાં લગાર પણ અચકાતા નથી, કજોડાં અને કન્યાવિક્રયના કારણથી બાલવિધવાઓનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. એટલું જ નહિ પણ વ્યભિચાર, ગર્ભપાત, બાલહત્યા અને આત્મહત્યા જેવા ઘોર અનર્થો થઈ રહ્યા છે છતાં પણ મહાજનોની આંખ હજી ઉઘડતી નથી. આવાં કૃત્ય કરે છે તે શ્રાવકપદને તો લાયક નથી. પણ તેમનામાં માણસાઈ પણ નથી, એમ કહીએ તો પણ જરાય અતિશયોક્તિ નથી. આટલા માટે જે શ્રાવક હોય છે તે કન્નાલિકનો ત્યાગ અવશ્ય કરે છે. કન્નાલિક શબ્દમાં વર × અલિક એટલે વર સંબંધી જૂઠું બોલવું તેનો પણ સમાવેશ થઈ જાય છે. વિષયલોલુપી વૃદ્ધ વયે પરણવાને તૈયાર થનાર લોક પણ સમાજને શાપ સમાન છે. આવા લોકોને સહકાર આપવો એ પણ મહા અનર્થનું કારણ છે. બુઢાપામાં વરરાજા બનવાની અભિલાષાએ કલપ લગાવી ધોળા વાળને કાળા કરે છે, પથ્થરના દાંતની બત્રીશી ચડાવે છે, વગેરે ઢોંગથી પોતાની ઉમ્મર નાની બતાવી બીજાઓને ફસાવે છે. કોઈ પૂછે કે કેટલાં વર્ષ થયાં? તો વાક્ પટુતાથી તેને છેતરે. આવાં કૃત્ય શ્રાવકોને માટે તદ્દન અનુચિત છે.

આવી જ રીતે. દત્તક પુત્ર લેવા માટે કે આપવા માટે, ગુમાસ્તા નોકર રાખવાને માટે તેમના યથાર્થ ગુણ અવગુણને છુપાવી અસત્ય બોલે છે. આ માણુસ સત્યવંત છે, શીલવંત છે, દયાળુ છે, પ્રમાણિક છે, સાહસિક છે, ઉદ્યમી છે, ઈત્યાદિ ખોટું બોલીને અન્યને ફસાવે છે. પછી તે ચોર, ભરાડી, વ્યભિચારી, આદિ દુર્ગુણવાળો નીકળે તો પરસ્પર બંનેને અનેક કષ્ટ ઉઠાવવાં પડે છે. આ જ પ્રમાણે, પોપટ, મેના, કબૂતર; આદિ બધાં દ્વિપદી પક્ષીઓના સંબંધમાં પણ જાણવું. શ્રાવકોએ આવી જાતના મૃષાવાદથી નિવર્તવું જોઈએ.

૨. ગવાલિક—ગૌ સંબંધી મૃષાવાદ–ચતુષ્પદોમાં ગાય શ્રેષ્ઠ હોવાને લીધે અહીં ગૌ શબ્દ ગ્રહણ કર્યો છે પરંતુ બધાં ચતુષ્પદોનો આમાં સમાવેશ થાય છે. એટલા માટે ગાય, ભેંસ, ઘોડાં, હાથી, બળદ, પાડા, ઊંટ, બકરાં, વગેરે પશુઓનો વેપાર કરવો તો શ્રાવકોને અનુચિત છે જ; પણ કદાપિ ઘર સંબંધી પશુ આદિ વેચવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો શ્રાવક જરા પણ અસત્ય બોલે નહિ.

જેવી રીતે અજ્ઞ લોભીજનો ઔષધાદિ પ્રયોગ કરી ગાય, ભેંસ, વગેરેના આઉ મોટા બનાવે છે. અથવા શીંગડાં વાંકાંચૂકાં કે ખરાબ આકૃતિમાં હોય તેને સારી આકૃતિમાં બનાવી દે છે અને કહે છે કે, આ ગાય વા ભેંશ બહુ સારી છે, સોજી છે, ઘણું દૂધ દે છે. આ બળદ કે ઘોડા ચાલવામાં તેજ છે, ઉમરમાં નાનો છે, વગેરે ખોટા ગુણ બતાવી વેચે છે. અને પછી કહ્યા પ્રમાણે ન હોય તો ખરીદનારને ઘણો પસ્તાવો થાય છે અને પશુ દુઃખ પામે છે માટે એવું કૃત્ય શ્રાવકે કરવું અનુચિત છે. શ્રાવકે ચતુષ્પદ સંબંધના જૂઠથી નિવર્તવું જોઈએ.

૩. ભોમાલિક–જમીન સંબંધી મૃષાવાદ–જમીન બે પ્રકારની હોય છે. ૧. ક્ષેત્ર–ખુલ્લી જમીન તે ખેતર, વાડી, બાગ, જંગલ, કૂવા, તળાવ, વાવડી, વગેરે અને, ૨. વત્થુ–ઢાંકી જમીન તે ઘર, હવેલી, દુકાન, વખાર, વગેરે જમીન સંબંધી જૂઠ બોલે. જેમકે, જે ખેતર કે બાગ બગીચામાં ધાન્ય કે ફળાદિની ઉત્પત્તિ થોડી હોય અથવા હલકા પ્રકારની હોય તેને વિશેષ અને ઊંચા પ્રકારની ઉત્પત્તિ થતી હોવાનું

કહે, જે જળાશયનું પાણી ખરાબ અને રોગિષ્ઠ હોય તેને સ્વાદિષ્ટ, સ્વચ્છ, આરોગ્યપ્રદ અને અખૂટ બતાવે, મકાનમાં વ્યંતરાદિનો કે સર્પાદિનો ઉપદ્રવ હોય—વિષમ સ્થાન આદિ દોષયુક્ત હોવા છતાં નિરૂપદ્રવી સાતાકારી કહે.

આ પ્રમાણે ખરાબ વસ્તુને સારી કહી બીજાને ઊંચી કિંમતે વેચે, વિશ્વાસઘાત કરી બીજાને ફસાવે, તથા દુશ્મનોની સારી વસ્તુને ખરાબ બતાવી તેના ગ્રાહકોને ભરમાવી લાભાંતરાય પાડવાથી અનેક ઝઘડા ઉત્પન્ન થાય છે, અને શ્રાવકનો વિશ્વાસ ઉઠી જાય છે. બીજા પણ ઘણા અનર્થ થવા પામે છે. એટલા માટે ઉપર કહેલાં જૂઠ બોલવાં નહિ, દગો કરવો નહિ. ભોમાલિક શબ્દમાં બધી અપદ (પગ વગરની) વસ્તુઓનો સમાવેશ થાય છે. આથી સચેત માટી, પાણી, વનસ્પતિ, ફળ, ફૂલ, ધાન્યાદિ માટે તથા અચેત વસ્તુ વસ્ત્ર, ભૂષણ, સૂવર્ણ, ચાંદી, વાસણ, વગેરેને માટે, મિશ્ર વસ્તુ કરિયાણા આદિને માટે પણ અસત્ય ન બોલવું. કેમકે જેઓ ઉક્ત પ્રકારનું જુઠ બોલે છે તે પણ અનર્થનું કારણ છે. એવું જાણી શ્રાવકે અપદ વસ્તુઓને માટે પણ જુઠ બોલવું ન જોઈએ.

૪. **થાપણમોસો**:—કોઈની થાપણ ઓળવવા જુઠું બોલવું તે થાપણમોસો. કોઇ મનુષ્ય મહા પરિશ્રમે યોગ્યાયોગ્ય કર્મો કરીને દ્રવ્યોપાર્જન કરે અને તે દ્રવ્ય સમય પર મને કામમાં આવશે ઇત્યાદિ વિચાર કરી પોતાનાં સંબંધી જનોને તે પ્રાણથી પણ અધિક પ્રિય એવું દ્રવ્ય ગુપ્ત રાખવા માટે આપે. મિત્ર અથવા શાહુકાર ઉપર વિશ્વાસ રાખી છાની રીતે સોંપી જાય, પછી તે દ્રવ્યના લોભમાં લોભાઇને મિત્ર અથવા શાહુકાર તે દ્રવ્ય અથવા આભૂષણાદિક (થાપણ મૂકેલ પદાર્થોને) છુપાવી દે, ભાંગફોડ કરી તેનું રૂપાંતર કરી નાખે અથવા વેચી નાખે. અને જ્યારે તે પાછો લેવા આવે ત્યારે "ચોર કોટવાલને દંડે" એ કહેવત પ્રમાણે પોતાની ચોરી છુપાવવા માટે તે બિચારાને ચોર ઠરાવી તેના પર જુઠાં કલંક ચડાવે, બિચારા નિર્દોષ ગરીબની ફજેતી કરે, કેમકે તેનું સાક્ષીભૂત તો કોઈ હોતું નથી.

આવા જુલમ જોઈને તે બિચારા દિગ્મૂઢ થઇ જાય છે. કેટલાક તો ગાંડા બની જાય છે. કોઇ તો તે જ વખતે દહેશતનો માર્યો હેબતાઇને મરી જાય છે. અને કોઈ જિંદગીભર ઝૂરીઝૂરીને મરે છે. આવા વિશ્વાસઘાતી, મિત્રદ્રોહી મનુષ્યોનો પાપનો ઘડો જ્યારે ભરાય છે ત્યારે ફૂટી જાય છે. અને તે આ ભવમાં બધે ફિટકાર પામે છે, અનેક કષ્ટ ભોગવે છે અને મરીને દુર્ગતિમાં જાય છે.

અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય કદાપિ સુખદાતા નીવડતું નથી અને વિશેષ ટકતું પણ નથી. થાપણ ઓળવવાવાળા કુકર્મીઓ આગામી ભવોમાં વિધવાપણું, વાંઝિયાપણું, દરિદ્રીપણું પામે છે તથા નરક, તિર્યંચગતિનાં ઘોર દુઃખોને પામે છે. આવું અનર્થનું કારણ મૃષાવાદને જાણી શ્રાવકોએ એવા હરામના ધનની સ્વપ્ને પણ ઇચ્છા ન કરવી.

૫ કૂડી સાક્ષી—ન્યાયાલયમાં ખોટી સાક્ષી આપવી એ પણ મહા અનર્થનું કારણ છે. કેટલાક વકીલ, બેરિસ્ટરો દ્રવ્યની લાલચમાં પડીને, કેટલાક ન્યાયાધીશો લાંચ રુશ્વત ખાઇને, કેટલાક હરામખોરો પૈસાની લાલચે કોર્ટ કચેરીમાં ખોટી સાક્ષી આપીને, કેટલાક ખુશામતિયા લોકો મિત્ર સ્વજનાદિના મોહમાં કે શરમમાં પડીને રાજસભામાં, પંચ સમક્ષ, અથવા અન્ય જનસમૂહમાં ખોટી સાક્ષી પૂરે છે, ખોટાને સાચો અને સાચાને ખોટો ઠરાવે છે, ન્યાયીને અન્યાયી અને અન્યાયીને ન્યાયી ઠરાવે છે.

જ્યારે એક સાચો માણસ ખોટો ઠરે અને તેનો વાજબી હક માર્યો જાય ત્યારે તેના આત્માને કેટલું અપરિમિત દુઃખ થતું હશે તેનો ખ્યાલ કરતાં પણ કંપારી છૂટે છે. ઘણી વાર આવા વિષમ પ્રસંગે કેટલાકને આપઘાત કરવા પડયા છે. કૂડી સાક્ષીરૂપ મૃષાવાદ મહાપાપનું કારણ છે. તે આ ભવ અને પરભવમાં પરમ દુઃખદાતા છે.

सत्यमेव जयते અંતે સત્યનો જ જય છે. એ કહેવત પ્રમાણે જ્યારે સત્ય પ્રકટ થઈ જાય છે. + ત્યારે તે અસત્ય સાક્ષીદારોને રાજદંડ,

---

+ પાપ છિપાયા ના છિપે, છિપે તો મોટો ભાગ્ય,
દાબી દુબી ના રહે, રૂઇ લપેટી આગ.

અર્થ—જેમ રૂમાં અંગારા છુપાવી શકાતા નથી, તેમ પાપ પણ છાનું રહી શકતું નથી.

પંચ દંડ, અપયશઆદિ અનેક સંકટોની પ્રાપ્તિ થાય છે, શ્રાવક ખોટી સાક્ષી કદાપિ આપતો જ નથી.

ઉપર્યુક્ત પાંચે પ્રકારનાં જૂઠમાં પ્રાયઃ બધાં જૂઠનો સમાવેશ થઇ જાય છે. શ્રાવક તેનાં પ્રત્યાખ્યાન પહેલા વ્રતની પેઠે બે કરણ ત્રણ જોગે કરે છે. ફક્ત અનુમોદન ખુલ્લું રહે છે. કેમકે કદાચ કોઈ કહે કે, તમારી ભોળી કન્યાનું વેવિશાળ સાચું ખોટું બોલીને અમુક સારે ઠેકાણે કરી આવ્યો છું, અથવા તમારું મકાન કે ખેતર સારા ભાવે વેચી નાંખ્યું છે. તમારા પુત્રને છોડાવવા માટે મારે કોર્ટમાં આટલું ખોટું તો બોલવું જ પડયું. થાપણ મૂકવાવાળો મરી ગયો અથવા નિર્વંશ ગયો વગેરે સાંભળતાં ચિત્તમાં પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે-થઈ જાય છે. જો કે સુજ્ઞ શ્રાવકોએ તો આ પ્રકારની અનુમોદનાથી પણ આત્માને બચાવવો જોઇએ.

બીજા વ્રતના ૫ અતિચાર

૧. સહસા અબ્ભક્ખાણે—સહસાભ્યાખ્યાન અર્થાત્ કોઇને ધ્રાસકો પડે તેવું બોલે તો અતિચાર લાગે. જેમ કાગડો હૃષ્ટપુષ્ટ પશુને જોઇને દુઃખિત થાય છે, કેમકે ત્યાં તેને ખાવાનું કશું મળતું નથી. પણ ભાઠું પડયું હોય, કોઈ અંગ સડયું હોય, વગેરે જોઇને તે ખુશી થાય છે. આવી જ રીતે છિદ્રગવેષી માણસો જ્ઞાની, ગુણી, શુદ્ધાચારી, શ્રીમાન, બુદ્ધિમાન, તપસ્વી, ક્ષમાવંત ઈત્યાદિ ગુણોથી અલંકૃત મહાપુરુષોને જોઇને, તેમની કીર્તિ-મહિમાને સાંભળીને તેને સહન ન કરતાં ઊલટો માત્સર્યભાવ ધારણ કરે છે. કેમકે સત્પુરુષોનાં સદાચરણ જોઇને સામાન્ય મનુષ્યો એવા દુર્ગુણીઓનાં દુરાચરણને જાણી શકે છે, તેથી દુરાચરણી અને કુકર્મીઓને પોતાની યથેચ્છ પ્રવૃત્તિઓ ચલાવવામાં અંતરાય ઊભા થાય છે.

આથી તેઓ પોતાની નીચતા છુપાવવા તેમ જ પાપ-પ્રવૃત્તિઓ ચાલુ રાખવા સત્પુરુષોના ઉપર મિથ્યા કલંક ચડાવે છે અને કહે છે કે, અમે એમને બહુ સારી રીતે ઓળખીએ છીએ. તેઓ બ્રહ્મચારી કહેવરાવે

છે પણ ગુપ્તપણે વ્યભિચાર સેવે છે, ક્ષમાવંત દેખાય છે પણ પ્રસંગ પડતાં અમારાથી પણ વિશેષ ક્રોધોદ્ધત બની જાય છે, ઉપરથી શુદ્ધાચારી દેખાય છે પણ અંદરખાને બધું પોલંપોલ ચલાવે છે, પંડિતાઈનો ડોળ કરે છે, પણ અમે પ્રશ્નાદિ દ્વારા પરીક્ષા કરી લીધી છે; કંઈ જાણતા નથી. ઇત્યાદિ અનેક પ્રકારનાં મિથ્યા દોષારોપણ કરી, જ્ઞાની ગુણી મહાપુરુષો કે મહાસતીઓની નિંદા કરી ચીકણાં કર્મ બાંધે છે.

આ કર્મોના ઉદયે કરી આ ભવમાં અને પરભવમાં અનેક પ્રકારના કલંકથી કલંકિત થાય છે, એમ ભગવતી સૂત્રના ૫ મા શતકના છઠ્ઠા ઉદ્દેશામાં કહ્યું છે. એટલું જ નહિ પણ, તે મુખપાકાદિ અનેક રોગોથી પિડાય છે અને નરક તિર્યંચાદિ ગતિઓમાં અનંત કાળ પર્યંત પરિભ્રમણ કરે છે. માટે આ અતિચારને દુઃખનું કારણ જાણી આત્માર્થી શ્રાવક તેનો પરિત્યાગ કરે છે. વગર વિચાર્યું બોલવું નહિ. કોઈને આઘાત થાય એવું બોલવું નહિ.

૨. રહસા અબ્ભક્ખાણે—કોઈનાં રહસ્ય એટલે છાની વાત કે છિદ્ર ઉઘાડાં પાડે તો અતિચાર લાગે. છદ્મસ્થ ભૂલને પાત્ર હોય છે. વીતરાગ સિવાયનાં બધાં મનુષ્યોમાં ગુણ અને અવગુણ બન્ને હોય છે. કોઈક જ એવો વિરલ મનુષ્ય હોય છે કે જેમાં કોઈ દુર્ગુણ ન હોય. દુર્ગુણી મનુષ્ય પોતાના દુર્ગુણ તરફ તો લેશમાત્ર લક્ષ આપતો નથી; પરંતુ છિદ્રગ્રાહી થઈને અન્યના અવગુણોને ગ્રહણ કરી લે છે. અને ઝઘડા આદિ પ્રસંગમાં પોતાની બડાઈ અને અન્યની લઘુતા બતાવવા માટે સામાના દુર્ગુણોને જાહેર કરતો થકો કહે છે કે–શું મોઢું લઈને મારી સામે બોલે છે! હું તને અને તારા બાપદાદાને સારી પેઠે ઓળખું છું! અમુક અપકૃત્ય તેં નથી કર્યું કે? તારા અમુક સગાએ કે બાપદાદાએ આમ નહોતું કર્યું?

આવાં વાકયો સાંભળીને સામો માણસ અત્યંત શરમિંદો બની જાય છે અને તેના દિલને ઘણો જ આઘાત પહોંચે છે. જનતામાં પોતે પ્રતિષ્ઠિત ગણાતો હોય અને આ રીતે એકદમ તેનાં છિદ્રો ખુલ્લાં પડવાથી

તેને મોઢું બતાવવું ભારે થઈ પડે છે, અને કેટલાક તો આપઘાત કરી બેસે છે. આવી જ રીતે કોઈ એકાંતમાં વાર્તાલાપ કરતાં હોય તેમને જોઈ તેમની અંગચેષ્ટા આદિથી સંશય લાવી રાજમાં જઈ ચાડી કરે કે ફલાણો રાજ વિરુદ્ધ ષડ્યંત્ર રચી રહ્યો છે. આના પરિણામે તે બિચારા બિનગુનેગાર ઉપર રાજાનો કે રાજકર્મચારીઓનો કોપ થાય, તેને પકડી કેદમાં પૂરે અથવા બીજી રીતે હેરાન કરે.

વળી, કેટલાક વિઘ્નસંતોષીઓ મિત્રોમાં ફાટફૂટ પડાવવા ચાડી-ચુગલી કરી ઝઘડા કરાવે છે, ગુપ્ત વાતો પ્રગટ કરી નિંદા કરે છે, માનહાનિ કરે છે, પ્રીતિ તોડાવે છે, કલેશ કરાવે છે, ફજેતી કરે છે અને તેના પરિણામે તે વજ્રકર્મો બાંધે છે. આ ભવ પરભવમાં અનેક પ્રકારનાં દુઃખો તે કર્મોદયે કરીને પામે છે, એમ જાણી શ્રાવકોએ બધાને પોતાના આત્મા સમાન જાણી 'સાગર વર ગંભીરા' સમુદ્ર જેવા ગંભીર બનવું જોઈએ.

દેખવામાં કે સાંભળવામાં આવેલી કોઈની ખરાબ વાતને કદાપિ પ્રગટ કરવી જ નહિ. આ પ્રમાણે પારકાના રહસ્યને પ્રગટ કરવાના ત્યાગી હોય તે જ શ્રાવક કહેવાય છે.

૩. **સદારમંતભેએ**—પોતાની સ્ત્રીના મર્મ ઉઘાડા પાડે તો અતિચાર લાગે.

સ્ત્રીના હૃદયમાં વાત ઓછી ટકે છે, એટલે તે પોતાના પ્યારા પતિ ઉપર વિશ્વાસ રાખી તેની પાસે હૃદય ખાલી કરે છે. ન કહેવાની વાત પણ કહી દે છે. આવી વાતોમાંથી સ્ત્રીની કોઈ છાની રાખવા જેવી અયોગ્ય વાત પુરુષ બીજા કોઈ પાસે પ્રગટ કરી દે અને સ્ત્રીની જાણમાં આવી જાય તો તેને જબરો આઘાત પહોંચે છે. અને સ્ત્રીની જાત પાછળમતિલી હોવાથી તે આપઘાત પણ કરી બેસે છે. ઈત્યાદિ અનર્થનું કારણ જાણી સ્ત્રીની કહેલી ગુપ્ત વાત અન્યને કહેવી નહિ. તેમ જ સ્ત્રીઓનું પણ કર્તવ્ય છે કે, પતિએ મોહાધીન બની કંઈ મર્મ વાત કહી દીધી હોય તે બીજા કોઈને કહેવી નહિ.

આ પ્રમાણે જ મિત્ર સ્વજનાદિ પણ વિશ્વાસે રહી કોઈ ગુપ્ત વાત કહે તે કોઈ ને કહેવી નહિ.

ઉક્ત ત્રણે અતિચારોનો સારાંશ એ છે કે, જો આપણાથી બની શકે તો ગુણવંતોના ગુણાનુવાદ કરવા, પરંતુ દુર્ગુણ તો કોઈના પણ કદાપિ પ્રગટ કરવા જ નહિ.

૪. **મોસોવએસે**—મૃષા એટલે જૂઠો ઉપદેશ આપે તો અતિચાર લાગે. જેમકે હિંસા વગેરે પાંચ આશ્રવ સેવવાનો ઉપદેશ, અષ્ટાંગ નિમિત્તનો ઉપદેશ, મંત્ર, યંત્ર, તંત્ર, ઔષધાદિનો ઉપદેશ, પૂજા, યજ્ઞ, હવનનો ઉપદેશ, સ્નાનનો તથા ફળ, ફૂલ, પત્રાદિ તોડવાનો ઉપદેશ, ગરીબ, અનાથોને અન્નાદિથી પોષવામાં પાપ છે એવો ઉપદેશ, કલેશ ઉત્પાદક કે કલેશવર્ધક ઉપદેશ, પિતા–પુત્ર, સ્ત્રી–ભર્તાર, શેઠ–નોકર ભાઈ–ભાઈ, વગેરેમાં પરસ્પર વિરોધ પાડવાનો ઉપદેશ, સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા, ઈત્યાદિ વિકથાઓ કરવી, ખોટા પ્રપંચ રચીને અન્યનો પરાજય કરવાની સંમતિ આપવી, ઈત્યાદિ પ્રકારના ઉપદેશ તે મૃષા–ઉપદેશ કહેવાય છે.

જેના ઉપદેશથી જે આરંભ અથવા કલેશ નિષ્પન્ન થાય છે તે પાપનો અધિકારી તે ઉપદેશક થાય છે. અસત્ય ઉપદેશ આપવો, અનુચિત કે અનુપયોગી વાતો કરવી તે શ્રાવકનું કામ નથી. પ્રસંગ પ્રાપ્ત થયે પ્રમાણોપેત સત્ય + નિર્દોષ વચનોચ્ચાર કરી આત્માને પાપથી બચાવે તે જ શ્રાવક કહેવાય છે.

× શ્રાવકે ભાષાના ૮ ગુણ ધારણ કરવા જોઈએ.

૧. અવસરે થોડું બોલે, બહુ બોલ બોલ કરવાથી કિંમત ઘટે છે.

૨. થોડું બોલે તે પણ ઈષ્ટ, મિષ્ટ અને મનોજ્ઞ બોલે. કોઈને જરા પણ દુઃખ ઊપજે તેવું કે નિંદાયુક્ત ન બોલે.

૩. મિષ્ટ વચન બોલે, અને તે પણ સમયોચિત બોલે. રામ નામ સારું છે છતાં લગ્ન પ્રસંગે "રામ બોલો ભાઈ રામ," એમ ન બોલાય.

૪. સમયોચિત બોલે અને તે પણ ચતુરાઈ સહિત બોલે. વાક્ચાતુર્યથી રાજા મહારાજા તેમજ મોટી પરિષદને મંત્રમુગ્ધ બનાવી શકાય છે

૫. ફૂડ લેહ કરણે–ખોટા લેખ લખે તો અતિચાર લાગે. કેટલાક લાલચુ લોકો ભોળા લોકોને લૂંટવા અથવા અદાવતથી બીજાને ફસાવવા દગાબાજી કરે છે. જેમકે, સોના આંક ઉપર મીંડુ ચડાવી હજાર બનાવી દે છે. બીજાના જેવા અક્ષરો લખી ખોટી હૂંડી ચિઠ્ઠી પત્ર લખે છે, ખોટા દસ્તાવેજ બનાવે છે. ગરજવાન મનુષ્યને રૂ. ૧૦૦) ધીરી રૂ. ૨૦૦) નું ખાતું પડાવી લે છે અને તેને ફસાવી વ્યાજ સહિત રૂ. ૨૦૦) વસૂલ કરે છે. લાંચ આપીને ખોટા સાક્ષી ઊભા કરે છે, અને રાજમાં ખોટી અરજી અને ખોટા સાક્ષીઓ આપી ફરિયાદ કરે છે.

દેણદારને જ્યારે આ હકીકત જાણવામાં આવે છે ત્યારે તે બિચારા ગરીબને ફાળ પડે છે. તે ઘણો જ કકળાટ કરે છે. પણ સત્તાવાન લેણિયાત આગળ તેનું કશું ચાલતું નથી. બિચારો પોતાની આબરૂ જાળવવા દાગીના, કપડાં, મકાન વેચી અથવા ગીરો મૂકી તેના પંજામાંથી મહામહેનતે છૂટે છે. અને કેટલાક તો આવી આપત્તિમાં ફસાઈ પ્રાણમુક્ત પણ થઈ જાય છે, કદાચિત્ આવી કપટજાળ પ્રગટ થઈ જાય તો તે દગલબાજના ઘરની અને આબરૂની પાયમાલી થાય છે, જનસમાજમાં હડધૂત થાય છે અને તેને જેલમાં પણ જવું પડે છે.

---

૫. ચતુરાઈથી બોલે અને તે પણ અભિમાનરહિત બોલે. પોતાની પ્રશંસા પોતે ન કરે; તેમ કરવાથી લઘુતા થાય છે, પરંતુ અન્યના ગુણોને પ્રસિદ્ધિમાં લાવવાથી ગૌરવ વધે છે.

૬. અભિમાન રહિત બોલે અને તે પણ મર્મભેદક ન બોલે. માર્મિક વચનો બોલવાથી, અન્યના દુર્ગુણ પ્રકાશવાથી ઘણાં અનિષ્ટ નીપજે છે.

૭. મર્મભેદક ન બોલે અને તે પણ શાસ્ત્રની સાક્ષીયુક્ત બોલે. કારણ, એવાં વચન સર્વમાન્ય થઈ શકે છે.

૮. શાસ્ત્રની સાક્ષીયુક્ત બોલે. અને તે પણ સર્વ પ્રાણીઓને સાતાકારી બોલે.

શાસ્ત્રમાં જ્ઞેય (જાણવા યોગ્ય), હેય (છાંડવા યોગ્ય), ઉપાદેય (આદરવા યોગ્ય) એમ ત્રણ પ્રકારનાં કથન છે. તેથી કેટલાંક શાસ્ત્રનાં કથન પણ અનધિકારી અજ્ઞજનોને દુઃખપ્રદ થઈ પડે છે, જેમકે "**भूता दियाणं तमं तमेणं**" આ પાઠનો અર્થ અવસર જોઈને જ કરી શકાય.

અને ગરીબોની આંતરડી કકળાવીને અન્યાયથી મેળવેલું ધન પણ વિશેષ વખત ટકતું નથી.

अन्यायोपार्जितं वित्तं, दश वर्षाणि तिष्ठति ।
प्राप्तेतु अेकादशे वर्षे, समूलं च विनश्यति ॥

અર્થ:—અન્યાયથી મેળવેલું દ્રવ્ય દશ વર્ષથી અધિક ટકતું નથી, અને કદાચિત્ ૧૧મું વર્ષ ટકી જાય તો પહેલાંનું પ્રાપ્ત કરેલું દ્રવ્ય પણ તેની સાથે નાશ પામે છે.

આ પ્રમાણે બીજા વ્રતના ૫ અતિચારનું સ્વરૂપ સમજીને સુજ્ઞ શ્રાવકો પોતાના વ્રતની રક્ષા માટે તે પાંચ પ્રકારના દોષથી હંમેશાં દૂર રહે છે.

જૂઠ બોલવાનાં મુખ્ય ૧૪ કારણો

૧. ક્રોધ–ક્રોધને વશીભૂત થયેલો મનુષ્ય કોઇ વાર એવું અસત્ય બોલી નાખે છે કે જેથી પંચેંદ્રિય જીવની ઘાત થઈ જાય છે.

૨. માન–અભિમાનને વશ પડીને પણ એવાં વચન બોલે છે કે જાણે મારા સરખો સંસારમાં કોઇ થયો નથી, થશે નહિ.

૩. કપટબાજી એ તો જૂઠનું મૂળ જ છે.

૪. લોભ–લોભને વશ પડી વેપારીઓ, બ્રાહ્મણો અને નામધારી સાધુઓ જૂઠ બોલે છે.

૫. રાગ–રાગને વશ પુત્રાદિને રમાડતાં જૂઠ બોલે છે.

૬. દ્વેષ–દ્વેષને લીધે રુષ્ટ થઇ દુશ્મનો ઉપર કલંક ચડાવે છે, જૂઠી સાક્ષી પૂરે છે.

૭. હાંસી–હાંસી મશ્કરી કરતાં, ગપ્પાં મારતાં જૂઠ બોલે છે.

૮. ભય–બીકનો માર્યો રાજા, શેઠ કે અધિકારી સન્મુખ પોતાનું અપકૃત્ય છુપાવવા જૂઠ બોલે છે.

૯. લજ્જા–શરમનો માર્યો દુર્ગુણ છુપાવવા જૂઠ બોલે છે.

૧૦. ક્રીડા–સ્રી સન્મુખ જૂઠ બોલે છે.

૧૧. હર્ષોત્સાહ–ઉત્સવાદિ પ્રસંગે હર્ષાવેશમાં જૂઠ બોલે છે.

૧૨. શોક–વિયોગાદિ પ્રસંગે શોકાકુલ થઇ જૂઠ બોલે છે.

૧૩. દાક્ષિણ્ય-પોતાની ચતુરાઈ બીજાને બતાવવા વકીલ, બેરિસ્ટર, આદિ જૂઠ બોલે છે.

૧૪. બહુ બોલવાથી–બહુ બોલ બોલ કરવાની ટેવ હોય છે. તેનાથી પણ જૂઠું બોલાઇ જાય છે.

શ્રાવકોએ ઉપરનાં ૧૪ કારણોને વશ પડવું નહિ, અને કદાચિત્ વશ થવાય તો પણ જૂઠ તો બોલવું જ નહિ.

બીજાં કેટલાક સત્ય વચન પણ અસત્યના જેવાં જ હોય છે; જેમ કે, આંધળાને આંધળો, કાણાને કાણો, કોઢિયાને કોઢિયો, નપુંસકને નામર્દ, હીજડો, ચોરને ચોર, લબાડને લબાડ, વ્યભિચારીને વ્યભિચારી, ગોલાને ગોલો, વિધવાને રાંડ અને વંધ્યા સ્રીને વાંઝણી કહે. ઇત્યાદિ વચન યદ્યપિ સત્ય છે, તો પણ તે વચનો મનુષ્યને દુઃખપ્રદ અને અમનોજ્ઞ હોવાથી ભગવાને તેવાં વચનોને પણ જૂઠમાં ગણ્યાં છે. શ્રાવકે એવાં વચન બોલવાં ઉચિત * નથી.

જૂઠ વચનનું ફળ–જૂઠ બોલનારના બધા સદ્ગુણો નાશ પામે છે, જૂઠ બોલનારનો કોઇ વિશ્વાસ કરતું નથી. તેનાં મંત્ર, યંત્ર તંત્ર, વિદ્યા, ઔષધિ આદિ નિષ્ફળ જાય છે. જૂઠ બોલનારને વખતે કમોતે મરવું પડે છે. જૂઠાને લોકો ગપ્પી, લબાડ, લુચ્ચો, ઠગ,

---

× न सत्यमपि भाषेत् परपीडाकारकं च ।
लोके पि जयते, यस्मात् कौशिको नरकं गतः ॥

અર્થ:–જે વચનો અન્યને પીડાકારી તે સત્ય હોય તો પણ બોલવાં નહિ. કેમ કે લૌકિક શાસ્ત્રમાં એમ સંભળાય છે કે, કૌશિક મુનિ અન્યને દુઃખપ્રદ વચન બોલવાથી નરકમાં ચાલ્યા ગયા.

બદમાશ, ધૂર્ત, આદિ લજ્જાસ્પદ નામોથી સંબોધે છે. આ પ્રમાણે લોકમાં અનેક હાનિ થાય છે અને મૃત્યુ બાદ પરલોકમાં તે મૂંગો, તોતડો, કટુભાષી, દુર્ગંધયુક્ત મુખવાળો આદિ મોઢાના અનેક રોગોથી ગ્રસ્ત થઈ દુઃખી થાય છે. એકેન્દ્રિયાદિ જાતિમાં ઉત્પન્ન થાય છે. તથા નરકગતિમાં જાય તો ત્યાં પરમાધામી તેના મોઢામાં કાંટા કે મેખો મારે છે, જીભ ખેંચી કાઢે છે, ઈત્યાદિ જૂઠ વચનનાં માઠાં ફળને જાણીને સુજ્ઞ જીવોએ જૂઠનો સર્વદા સર્વથા પરિત્યાગ કરવો જોઈએ.

સત્યનું ફળ—સત્ય સઘળા સદ્‌ગુણોને ખેંચી લાવે છે. સત્યવંત સર્વનો વિશ્વાસપાત્ર હોય છે. કરેલાં શુભ કર્મ કે ધર્મનાં સર્વોત્તમ ફળનો દાતા સત્ય * જ છે.

કહેવત છે કે, 'સત્યકી બાંધી લક્ષ્મી ફિર મિલેગી આય.'

જ્યાં સત્ય છે ત્યાં લક્ષ્મીનો નિવાસ છે. સત્યવંતનું કાર્ય શીઘ્ર સિદ્ધ થાય છે. સત્યના પ્રભાવથી મહા ભયંકર રોગો પણ નાશ પામે છે. સત્યથી સંગ્રામમાં તથા સંવાદમાં વિજય પ્રાપ્ત થાય છે. સત્યવંતનાં મંત્ર, યંત્ર, તંત્ર, વિદ્યા, ઔષધાદિ તત્કાળ ફળદાયી નીવડે છે. સત્યવંત સદૈવ નિશ્ચિંત અને નિર્ભય હોય છે. તેને ક્યારેય પણ મોઢું સંતાડવું

* અથર્વવેદ મંડુકોપનિષદમાં કહ્યું છે કે, **सत्यमेव जयते नानृतं** અર્થાત્ સત્યનો જ જય છે; અસત્યનો નહિ.

नास्ति सत्य समो धर्मो, न सत्याद्विद्यते परं ।
न हि तीव्रतरं किंचिदनृतादिह विद्यते ॥

[મહાભારત આદિ પર્વ]

અર્થ–જગતમાં સત્ય સમાન કોઈ ધર્મ નથી અને સત્યથી કોઈ શ્રેષ્ઠ નથી અને અસત્ય સમાન કોઈ પાપ નથી અને તેના જેવું કોઈ બૂરું પણ નથી.

सत्यप्रतिष्ठायाम् क्रियाफलाश्रयत्वम् ।

[પાતંજલ યોગદર્શન]

અર્થ–સત્યની સિદ્ધિ થતાં અર્થાત્ સત્યનું આચરણ કરતાં ક્રિયાના ફળની સિદ્ધિ થાય છે. એટલે કે સત્ય આચરનાર જે કંઈ કહે તે પ્રમાણે ક્રિયાનું પરિણામ આવે છે.

પડતું નથી. સત્યવંતનાં કથન નરેંદ્ર, સુરેંન્દ્રને પણ માનનીય હોય છે. સત્યવંતની પાસે મહાન પુરુષો પણ સલાહ પૂછવા આવે છે. સત્યથી દુશ્મન પણ વશ થઇ દાસ બની રહે છે. સત્યવંત આ લોકમાં નરેંદ્ર—દેવેન્દ્રનો પૂજ્ય હોય છે અને ભવિષ્યમાં પણ ઇષ્ટ, મિષ્ટ, પ્રિય, આદેય વચની અને સ્વર્ગ મોક્ષનાં સુખોનો ભોક્તા બને છે.

ત્રીજું અણુવ્રત—થૂલાઓ અદિન્નાદાણાઓ વેરમણં

સાધુની પેઠે સર્વથા પ્રકારે અણદીધી વસ્તુ ગ્રહણ કરવાથી અર્થાત્ ચોરીથી નિવર્તવું ગૃહસ્થને માટે મુશ્કેલ છે. કારણ કે ધૂળ, કાંકરા, તૃણ, આદિ નિર્માલ્ય વસ્તુઓ ગ્રહણ કરતી વખતે ગૃહસ્થ કોઇની આજ્ઞા મેળવવાની દરકાર કરતા નથી. તેમ જ ખરીદીને લાવેલી વસ્તુ કદાચિત્ સામાની નજરચૂકથી થોડી અધિક આવી ગઈ હોય તો તે પાછી આપવા પણ કોઇ ભાગ્યે જ જાય છે. આમ, સંસારવ્યવહારનાં અનેક કામોમાં નાની નાની ચોરીના દોષ સેવાઇ જાય છે.

આ પ્રકારની ચોરીઓ યદ્યપિ લોકવિરુદ્ધ ગણાતી નથી, તથાપિ લોકોત્તર વિરુદ્ધ તો અવશ્ય છે. આનાથી બચાય તો ઘણી સારી વાત છે. નહિ તો નીચે જણાવેલી ચાર પ્રકારની સ્થૂલ ચોરી કરવાનાં પચ્ચખ્ખાણ તો દરેક શ્રાવકે અવશ્ય કરવાં જોઇએ.

૧. ખાતરખણી—ગૃહસ્થોને ધન પ્રાણથી પણ અધિક વહાલું હોય છે. ધનવાન મનુષ્યો ધનના રક્ષણ માટે પોતપોતાની બુદ્ધિ પ્રમાણે ઉપાયો યોજે છે. જમીનમાં દાટે છે, તિજોરીમાં મૂકે છે, ચોકી પહેરો ગોઠવે છે. જાગતો સૂવે છે, ઇત્યાદિ પ્રયત્નો ધનની સંભાળ માટે કરે છે. પરંતુ જેઓ અન્યાયથી દ્રવ્યોપાર્જન કરનાર હોય છે તેમને ધનવાનોનાં તેવાં દુઃખની કશી પણ પરવા હોતી નથી. તેઓ તો કોશ, કોદાળી, આદિ શસ્ત્રપ્રયોગથી ભીંત વગેરેમાં બાકોરું પાડી, બારીબારણાં તોડી, વંડી વગેરે ઓળંગી ગુપ્તપણે રાખેલા ધનને ઉઠાવી જાય છે.

માલિક જ્યારે આ વાત જાણે છે ત્યારે તે બિચારાને બહુ આઘાત થાય છે, ખૂબ ખૂબ દુઃખ થાય છે અને વલોપાત કરે છે.

કેટલાક તો પ્રાણમુક્ત પણ થઈ જાય છે. કદાચિત્ તે ચોર પકડાઈ જાય તો તેને પણ મારપીટ, કારાવાસનાં કષ્ટ, ક્ષુધા, તૃષાદિ અનેક પરિતાપ વેઠવા પડે છે. અને વખત પર અકાળ મરણે મરી નરક, તિર્યંચ ગતિનાં અપાર દુઃખનો ભોક્તા બને છે. માટે ચોરીને બન્ને લોકમાં દુઃખદાતા જાણીને શ્રાવક ચોરીનો પરિત્યાગ કરે છે.

૨. **ગાંસડી છોડી**–કોઈ ગ્રામાંતર કે દેશાંતર જતી વખતે તથા ચોરાદિકથી બચવા માટે પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય ધનને પેટી, પટારા, કબાટ, ડબ્બા, કોથળી, વગેરેમાં રાખી અથવા ગાંસડી પોટલી બાંધી પોતાના પાડોશી કે મિત્ર સ્વજન પર ભરોસો રાખીને તેમને ત્યાં સાચવવા મૂકે છે, પછી તે ધનને સાચવનારની બુદ્ધિ બગડે અને લાલચમાં પડી તે પેટી, ગાંસડી, વગેરેને ખોલી તેમાંથી માલ કાઢી લે અને પોતે શાહુકાર છે એવું બતાવવા તેમાં બીજો ખરાબ અથવા ઓછી કિંમતનો માલ ભરી દે અને પેટી, ગાંસડી, વગેરે જે સ્થિતિમાં હતાં તેવી જ સ્થિતિમાં રહેવા દે.

જ્યારે મૂળ માલિક તે વસ્તુ પાછી લેવા આવે ત્યારે તેને તે સોંપી દે અને પોતાની શાહુકારી દેખાડવા કહે કે ભાઈ! જોઈ લેજે; બરાબર સંભાળી લેજે. પછી અમે જવાબદાર નથી. તે બિચારો ભોળો અને વિશ્વાસુ તેના ઉપર વિશ્વાસ રાખી બહારથી બધું હતું તેમનું તેમ જોવાથી વગર ખોલ્યે જ પોતાને ઘેર લઈ જાય છે. અને ઘણા જ ઉત્સાહપૂર્વક પેટી આદિ ખોલે છે. પરંતુ જ્યારે પોતે મૂકેલો માલ તેમાંથી નીકળતો નથી ત્યારે તે બિચારો ગભરાઈ જાય છે.

એક પૈસાનું પણ નુકસાન થતાં ગૃહસ્થને ખાવું ભાવતું નથી. તો પછી જેના ઉપર આખી જિંદગીનો આધાર હોય તેવી વસ્તુઓ ચાલી જવાથી તેને કેટલું બધું દુઃખ થાય! તે વાચકે જ વિચારી લેવું. આવા વિશ્વાસઘાત-મહાપાપનો શ્રાવક પરિત્યાગ કરે છે.

૩. **તાળું પર કૂંચીએ કરી**–કોઈ મનુષ્ય ઘર, દુકાન, વખાર, તિજોરી, પેટી, વગેરેને તાળું વાસી પોતાના વિશ્વાસુ મનુષ્યને તેની

ચાવી સોંપી દે છે. પછી ચાવી લેવાવાળા માણુસ ધનની લાલચમાં પડી ધણીની ગેરહાજરીમાં તે ચાવી વડે તાળું ખોલી માલ કાઢી લઇ પાછું તાળું વાસી દે. તે જ પ્રમાણે, કેટલાક મુનીમ, ગુમાસ્તા, પાડોશી, એક માળામાં રહેવાવાળા, વગેરે મનુષ્યો ઘરધણીની ગેરહાજરીમાં બીજી કૂંચી લાગુ કરી તે વડે અથવા ખીલા વગેરે સાધન વડે તાળું ખોલી તેમાંથી સાર સાર વસ્તુ કાઢી લે અને પાછું તાળું વાસી દે છે.

બિચારા માલિકને ઘર આદિમાં પોતે રાખેલી વસ્તુ મળતી નથી ત્યારે તે બહુ ફિકરમાં પડી જાય છે. પણ શું કરે? કોનું નામ લે? અને કદાચ નામ લે તો પણ શું વળે? ચોરનાર સહેલાઈથી તો કબૂલ કરે જ શેનો? આવાં વિશ્વાસઘાત અને ચોરીનાં કૃત્ય બંને ભવમાં ભયંકર દુઃખદાતા નીવડે છે એવું જાણી શ્રાવક તેવાં કર્મોનો પરિત્યાગ કરે છે.

૪. પડી વસ્તુ ધણિયાતી જાણી ગ્રહણ કરે—કોઈની કંઈ વસ્તુ કદાચ રસ્તામાં પડી ગયેલી હોય, અથવા ક્યાંય મૂકીને પછી તે લેવી ભૂલી ગયો હોય તે વસ્તુ શ્રાવકને નજરે ચડે અને તે જાણે કે આ વસ્તુ ફલાણા માણસની છે, ગ્રહણ કરે અને છુપાવીને પોતાની કરી રાખે તે શ્રાવકનું કામ નહિ.

આવા પ્રસંગે પંચની સાક્ષીએ તે વસ્તુ સંભાળી રાખે અને માલિક આવે ત્યારે તેને સોંપી દે અને માલિક ન મળે તો પ્રાપ્ત દ્રવ્યને પરોપકારના કામમાં વાપરી નાંખે અથવા સરકારને સ્વાધીન કરે. પણ અણહકનું દ્રવ્ય શ્રાવક કદાપિ પોતાનું કરીને રાખે નહિ.

ઉક્ત ચાર પ્રકારની ચોરી કરનાર રાજ્યથી દંડાય છે, લોકોમાં નિંદાય છે, મરીને દુર્ગતિમાં જાય છે અને અનેક દુઃખ પામે છે. ચોરી કરવી તે લૌકિક લોકોત્તર બન્નેથી વિરૂદ્ધ કૃત્ય છે, એવું જાણી શ્રાવક તેનો સર્વથા પરિત્યાગ કરે છે.

ત્રીજા વ્રતના ૫ અતિચાર

૧. તેનાહડે—ચોરીનો માલ ખરીદે કે રાખે તો અતિચાર લાગે. કેટલાક ચોરીનો ત્યાગ તો કરે છે, પણ પ્રસંગોપાત મૂલ્યવાન

વસ્તુ સસ્તામાં મળતી જોઈ લલચાઈને ખરીદી લે છે. તેઓ મનમાં તો સમજે છે કે, આ ચોરીનો માલ હોવો જોઈએ. પણ વિચારે છે કે, મારે ચોરીનો ત્યાગ છે, પણ ચોરાઉ માલ લેવામાં મને શી હરકત છે, ઇત્યાદિ કુવિચારથી ચોરાઉ માલ ખરીદી મનમાં પ્રસન્ન થાય છે કે આજે મને ઠીક કમાણી થઈ. પણ એવું નથી વિચારતો કે, જો આ વાત પ્રકટ થઈ જશે તો અનેકગણું દ્રવ્ય દેવા છતાં પણ ઇજ્જતની રક્ષા થવી મુશ્કેલ થશે.

કેટલાક તો સ્પષ્ટતાપૂર્વક કહે છે કે, અમને શી ખબર કે આ ચોરીનો માલ છે? પણ લાલચનાં પડળોને દૂર કરી જરા દીર્ઘદૃષ્ટિથી વિચારે તો સહેજે માલૂમ પડી જાય કે આ ૧૦૦ નો માલ ૭૫ માં આપે છે તેનું કંઇ કારણ હોવું જોઇએ. વિવેકી શ્રાવક આવી લાલચમાં કદી ફસાતો નથી, પરંતુ ચોરીનો માલ ખરીદ કરવો તે પણ ચોરી સમાન જાણી તેનો પરિત્યાગ કરે છે.

૨. તક્કરપ્પઓગે—ચોરને ચોરી કરવાની પ્રેરણા કરી ઉત્તેજન આપે, તો અતિચાર× લાગે. કેટલાક લોભી મનુષ્યો ચોરીના માલમાં અધિક લાભ જાણી તે ચોરને ચોરી કરવાના ઉપાય બતાવે,

× શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં ચોરની ૧૮ પ્રસુક્તિ કહી છે.
૧. ચોરને કહે, હું તારી સાથે છું, કામ પડયે મદદ કરીશ.
૨. ચોરની સુખસાતા પૂછે.
૩. આંગળી ચીંધી ચોરીનું સ્થાન બતાવે.
૪. પ્રથમ શાહુકાર બની રાજા, શેઠ, વગેરેનાં સ્થાન જોઈ આવે, પછી તે સ્થાનની માહિતી ચોરને આપે.
૫. ચોરને સંતાવાનું સ્થાન બતાવે.
૬. ચોરને કોઈ પકડવા આવે ત્યારે તે પૂર્વમાં ગયો હોય તો પશ્ચિમમાં ગયો એમ વિપરીત બતાવે.
૭. ચોરને રહેવા મકાન, બેસવાને આસન, સુવાને પથારી, વગેરે આપે.
૮. ચોર પડી જવાથી અથવા શસ્ત્રાદિથી ઘાયલ થતાં તેને ઘેર પહોંચવા અશ્વાદિ વાહન આપે.
૯. ચોરની ઘેર જવાની શક્તિ ન હોય તો પોતાના ઘરમાં છુપાવી રાખે.
૧૦. ચોરનો માલ ખરીદે.

ખાનપાન, શસ્ત્ર, મકાનાદિ જે જોઈએ તે સહાય આપે. ચોરને કહે–ડરવું નહિ, સંકટ પડયે હું મદદ કરીશ: તારો સઘળો માલ વેચી આપીશ, ઈત્યાદિ પ્રકારે ચોરને સહાય કરે છે તેઓ પણ ચોર કહેવાય છે. અને રાજથી દંડાય છે. આવા કૃત્યને શ્રાવકો અનુચિત જાણી તેનો સર્વથા પરિત્યાગ કરે છે.

૩ વિરૂદ્ધ રજ્જાઈક્કમે—રાજ્ય વિરુદ્ધ પ્રવૃત્તિ કરે તો અતિ-ચાર લાગે. રાજના લાભાર્થે અને પ્રજાના સુખાર્થે રાજ્ય કાયદા કાનૂન ઘડે છે. તેનું પાલન કરવું એ પ્રજાનું કર્તવ્ય છે. તેનો ભંગ કરે, અર્થાત્ દાણચોરી કરે, પ્રતિબંધિત ચીજોનો વેપાર કરે, રાજકર્મચારી-ઓને લાંચ આપી પોતાનો સ્વાર્થ સાધે, ઈત્યાદિ રાજ્યવિરૂદ્ધ કામ કરવાથી કારાવાસ આદિ શિક્ષા ભોગવવી પડે છે. લોકોનો વિશ્વાસ ઊઠી જાય છે, બેઈજ્જતી આદિ કષ્ટ ભોગવવાં પડે છે. આથી પ્રજાનું હિત કરવાવાળા રાજ્યના કાયદાઓનો ભંગ શ્રાવકોએ કરવો નહિ.

૪. કૂડતોલે કૂડમાણે—ખોટાં તોલાં કે ખોટાં માપ રાખે તો અતિચાર લાગે. કેટલાક લોભી લોકો અન્યાયથી દ્રવ્યોપાર્જન કરવા

---

૧૧. ચોરનો સત્કાર કરી ઊંચા આસને બેસાડે.

૧૨. ઘરમાં ચોર હોય અને પકડવા આવે ત્યારે નથી એમ કહે.

૧૩. ઘર આવેલા ચોરને અન્ન વસ્ત્રાદિથી સાતા ઉપજાવે અને જતી વખતે ભાથું આપે.

૧૪. ચોરને જે જે વખતે જે જે ચીજો જ્યાં જ્યાં જોઈએ તે તે વખતે તે તે ચીજો ત્યાં ત્યાં પહોંચાડે.

૧૫. થાકેલા ચોરને તેલાદિનું મર્દન કરે, કરાવે, સ્નાન કરાવે, ગોળ, ફટકડી, વગેરે ખવરાવે, શેક કે મલમપટ્ટી કરે.

૧૬. ચોરને ભોજન બનાવવા અગ્નિ આદિ સામગ્રી આપે.

૧૭. ચોરી લાવેલ ધન, ધાન્ય, વસ્ત્રાભૂષણ, ગૌ, ઘોડા, પશુ વગેરેને રાખવા ઘરમાં સર્વ પ્રકારનો બંદોબસ્ત કરી રાખે.

૧૮. ચોરને સર્વ પ્રકારની સાતા ઉપજાવે.

આ ૧૮ પ્રકારે ચોરને સહાય દેનાર પણ ચોર કહેવાય છે, અને રાજ્યના કાનૂન પ્રમાણે પણ તે ચોર સમાન શિક્ષાને પાત્ર થાય છે.

માટે વ્યાપારમાં દગાફટકા કરે છે. લેવાનાં તોલાં (મણ, શેર, આદિ અને માપ (પાલી, ગજ, વગેરે) મોટાં રાખે છે. દેવાનાં તોલ, માપ ઓછાં રાખે છે, અને દેખાડવાનાં તોલ, માપ બરાબર રાખે છે.

આમ, જુદાં જુદાં તોલમાપ રાખી લોકોને છેતરી, વિશ્વાસઘાત કરે છે. તેવી જ રીતે, તોલમાપ કરતી વખતે છેતરપિંડી કરીને ઓછું આપે છે અને વધુ લઈ લે છે. ગરીબ બિચારા દિનભર તનતોડ પરિશ્રમ કરી રોજના ચાર છ આના મુશ્કેલીએ કમાય છે, અને તેના ઉપર તેના આખા કુટુંબના નિર્વાહનો આધાર હોય છે તેનો કશો વિચાર કે કશી દરકાર કરતાં નથી. તેઓ નામે શાહુકાર છતાં કર્મે ચોર * છે.

ગરીબોની સાથે આ પ્રકારનો વિશ્વાસ કરવો એ અક્ષમ્ય ગુનો છે. આમ કરવાથી તાત્કાલિક થોડોઘણો લાભ માલૂમ પડે છે, પણ પરિણામે ઘણી હાનિ થાય છે. આવું કરનાર વેપારીઓ જનતાનો વિશ્વાસ ગુમાવે અને પરિણામે ધંધો સાવ પડી ભાંગે છે, રાજદંડ વગેરે અનેક

---

* વર્તમાનમાં ભેળસેળવાળી વસ્તુઓનો પ્રચાર ખૂબ જ વધી ગયો છે. ઊંચી કિંમતની સારી વસ્તુમાં છૂપી રીતે નીચી કિંમતની હલકી વસ્તુ ભેળવી તેને સારી વસ્તુના ભાવમાં વેચી ધન કમાનારા વધી પડ્યા છે. વિદેશી સાકરમાં હાડકાંનો ભૂકો ભેળવે છે. તેને સફેદ બનાવવા ગાય અને સુવર વગેરેના લોહીથી તે ધૂએ છે. ઘીમાં ચરબી ભેળવે છે. ભેંસના ઘીમાં વેજિટેબલ ઘી મેળવી તેને ભેંસનું ઘી કહી વેચે છે, તલના તેલમાં માંડવીનું તેલ ભેળવી તલનું તેલ કહી વેચે છે. સાબુમાં ચરબી મેળવે છે. કેસરમાં પણ ગાયની નસોના બારીક તંતુ વગેરે મેળવે છે.

આવી રીતે આપણા વપરાશમાં આવતી વસ્તુઓને વિદેશી લોકોએ ભ્રષ્ટ બનાવી મૂકી છે, અને સસ્તી જાણી બધા તે લેવા લલચાય છે. ધર્મભ્રષ્ટ થઈશું તેનો કશો ખ્યાલ કરતા નથી, અને તેને ખરીદી પંચેંદ્રિય જીવોના વધને ઉત્તેજન આપી મહાપાપના ભાગીદાર બને છે. ખાંડ વગેરેમાં ગાય અને સુવરનાં હાડકાં, લોહી, વગેરેનો ઉપયોગ થતો હોવાની વાત હવે જગજાહેર થઈ ચૂકી છે. તો હિંદુ મુસલમાન દરેકની ફરજ છે કે આવી ધર્મભ્રષ્ટ કરનારી ચીજોનો સ્પર્શ પણ ન કરવો. પોતાના ધર્મકર્મમાં પવિત્ર રહેવું તે ધર્માત્માઓ અને ઈમાનદાર મનુષ્યનું ખાસ કર્તવ્ય છે.

આપત્તિઓનો સામનો કરવો પડે છે. આવું જાણી શ્રાવકોએ ચોરીના આવા દરેક કામમાંથી સર્વથા દૂર રહેવું.

૫. **તપ્પડિરૂવગવવહારે**—તત્પ્રતિરૂપ વસ્તુ મેળવીને આપે તો અતિચાર લાગે. લાલચું લોકો બહુમૂલ્ય વસ્તુઓમાં તેના જેવી જ હલકી કિંમતની વસ્તુઓ ભેળવી વેચે છે. જેમકે ઘીમાં ચરબી અથવા વેજીટેબલ ઘી, સ્વદેશી ખાંડમાં પરદેશી ખાંડ, દૂધમાં પાણી, ઇત્યાદિ ભેળવીને સારા ભાવમાં વેચે છે.

કેટલાક નમૂનો સારો બતાવે છે પણ માલ હલકો આપે છે. ચોરાઉ વસ્તુનું રૂપ પરિવર્તન કરી વેચે છે. પશુઓનાં અંગોપાંગ છેદી તેના રૂપમાં ફેરફાર કરી વેચે છે. ઇત્યાદિ મોટી ચોરીઓ કહેવાય છે. ધર્માત્મા શ્રાવકોએ આવી ચોરીઓનો સર્વથા ત્યાગ કરવો જોઇએ.

ઉપર મુજબ ત્રીજા વ્રતના અતિચારોનું સ્વરૂપ સમજીને જે જે ચોરીનાં કૃત્યો છે તેને પ્રથમ કમી કરે છે ત્યાં સુધી તો તે અતિચાર રૂપે રહે, પણ લોભ વધતાં તે કર્મ અનાચાર રૂપે કરવા લાગી જાય છે, તેથી વ્રતનો ભંગ થાય છે. આ પ્રકારના વ્યવહારથી વ્યાપારીઓનો વિશ્વાસ ઘટતો જાય છે. ચોરી તથા દગાબાજીથી વેપારીને ઘણો ફટકો પડ્યો છે. ભારતની દરિદ્રતાનું એ પણ એક કારણ છે.

ન્યાયાલયમાં ન્યાયાધીશો જેટલો વિશ્વાસ મજુર વર્ગના માણસોનો કરે છે તેટલો શાહુકારોનો કરતા નથી એ શરમની વાત છે. માટે જાતિ અને ધર્મનું ગૌરવ જાળવવા અને વધારવા તથા પાપથી બચવા ન્યાયથી ઉપાર્જિત દ્રવ્યથી જ સંતોષ ધારણ કરવો જોઇએ. દુષ્કાળ વગેરે પ્રસંગે ધાન્યાદિ ઘણાં જ મોંઘાં થઈ ગયાં હોય ત્યારે શ્રાવકનું કર્તવ્ય છે કે, પોતાના ધર્મનો પ્રભાવ જનતા પર પાડવા માટે તેમ જ ગરીબોના પર અનુકંપા લાવી થોડે નફે સંતોષ માને.

વ્યાજ પણ ગરીબો પાસેથી વાજબી જ લે, પણ સામાની નિરાધારતા કે ગરજનો લાભ લઈ ગરીબોનાં ગળાં કરવાં એ શ્રાવકનું

કામ નથી. સંતોષી રહી ગરીબોની આશિષ મેળવવાથી લોકોમાં એવી છાપ પડશે કે, જૈનો ઘણા જ દયાળુ અને સંતોષી હોય છે. આમ, ધર્મની પ્રભાવના કરવી એ શ્રાવકનું ખાસ કર્તવ્ય છે.

ત્રીજા વ્રતની સમ્યક્ પ્રકારે આરાધના કરનારો શ્રાવક, રાજાના ભંડારમાં, શાહુકારની દુકાનમાં કદાપિ ચાલ્યો જાય તો તેની કોઈ અપ્રતીતિ કરતું નથી. રાજા પ્રજાનો તે માનનીય અને વિશ્વાસપાત્ર હોય છે. તેમની ન્યાયોપાર્જિત લક્ષ્મી બહુ કાળ પર્યંત સ્થિર રહે છે, વૃદ્ધિ પામે છે અને સુખદાતા પણ નીવડે છે. આ ત્રીજું વ્રત આદરનારા સદૈવ નિર્ભય રહે છે, તેમના હૃદયમાં ભગવતી દયાનું નિવાસસ્થાન હોય છે. તે વ્રતપ્રત્યાખ્યાનનો નિર્મળપણે નિર્વાહ કરી શકે છે. અનેક વિઘ્નોથી પોતાના આત્માને બચાવે છે. સંતોષના પ્રતાપે આ ભવમાં સુખી રહે છે અને પરલોકમાં પણ સ્વર્ગ અને ક્રમથી મોક્ષનાં સુખો પ્રાપ્ત કરે છે.

ચોથું અણુવ્રત–થુલાઓ મેહુણાઓ વેરમણં

સાધુની પેઠે સર્વથા બ્રહ્મચર્યવ્રત પાળવું તો ગૃહસ્થને માટે દુષ્કર છે. અન્ય ગતિની અપેક્ષાએ મનુષ્યગતિમાં મૈથુન સંજ્ઞાનો ઉદય અધિક હોય છે. * તત્ત્વનો જાણ અને શૂર, વીર, ધીર, એવો જ મનુષ્ય મોહરાજાના પ્રબળ આક્રમણ સામે ટકી શકે છે અને સર્વથા બ્રહ્મચર્યધર્મનું પાલન કરે છે. તે પોતાના ઈષ્ટ અર્થની સિદ્ધિ–મોક્ષ–પ્રાપ્તિ કરી શકે છે. નવ નવ કોટિએ આવા અતિ દુષ્કર બ્રહ્મચર્ય વ્રતનું પાલન તો સર્વસંગપરિત્યાગી સાધુ મુનિરાજો જ કરી શકે છે.

શ્રાવકોથી તેમ એકાએક ન બને, તો પણ ધીમે ધીમે કર્મોનો સંગ છોડવા માટે પ્રથમ "સ્થૂલ મૈથુન" થી નિવર્તે છે. અર્થાત્ સ્વદારાથી સંતોષ રાખી શેષ મૈથુન સેવનનો પરિત્યાગ કરે છે. કારણ કે પંચની સાક્ષીએ જેનું પાણિગ્રહણ કર્યું એવી સ્ત્રીને પતિના આજીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવાના વિચારથી ભારે આઘાત પહોંચે.

* નરકમાં ભય સંજ્ઞા અધિક, તિર્યંચમાં આહારસંજ્ઞા અધિક, દેવતામાં પરિગ્રહ સંજ્ઞા અધિક અને મનુષ્યમાં મૈથુન સંજ્ઞા અધિક હોય છે.

કદાચ તે આપઘાત પણ કરી બેસે અથવા વ્યભિચારનું સેવન કરી કૂળને કલંક લગાડે. આથી ભયભીત થયેલો શ્રાવક સ્વસ્ત્રીથી સંબંધ કરે છે, પણ વિષયલોલુપીપણાથી સ્ત્રીસંગ કરતો નથી, કેમકે જિનવાણીનું પાન કર્યું હોવાથી તે સમજે છે કે, વિષયાસક્તિ એ ચીકણાં કર્મ બાંધવાનું અને ભવભ્રમણનું કારણ છે. વિષયાસક્ત મનુષ્યની બુદ્ધિ મંદ પડે છે અને બળ ક્ષીણ થાય છે.

જ્ઞાનદૃષ્ટિ વડે આ કુશવૃત્તિ ધારણ કરનારા શ્રાવકોને દૃઢ પ્રતીતિ હોય છે કે હજારો વર્ષ * કાયમ રહે એવા ભોગ હજારો દેવાંગનાઓની સાથે આપણે અનંતી વાર ભોગવી આવ્યા છીએ, તો પણ તૃપ્તિ થઈ નહિ. તો પછી મનુષ્ય સંબંધી અશુચિમય અને ક્ષણભંગુર ભોગથી તૃપ્તિ શી રીતે થાય ?

ભોગ ભોગવવાથી તૃપ્તિ કદાપિ થતી નથી, પરંતુ તેનો ત્યાગ કરવાથી જ સંતોષ થાય છે. આવા સુવિચારથી શ્રાવક સંતોષ ધારણ કરે છે. અને પોતાની સ્ત્રીથી પણ તેમજ બીજ, પાંચમ, આઠમ, અગિયારશ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા તથા તીર્થંકરોનાં કલ્યાણક આદિ પર્વતિથિએ સર્વથા બ્રહ્મચર્ય પાળે છે. કેમ કે દિવસે સ્ત્રીસંગ કરવાથી વિષયાસક્તિ, નિર્બળતા અને ખરાબ સંતતિની ઉત્પત્તિ વગેરે દોષોત્પત્તિ આવે છે. અને તિથિઓને દિવસે સ્ત્રીસંગ કરવાથી દુર્ગતિનો આયુર્બંધ પડે છે, * તથા કુગર્ભની ઉત્પત્તિ થાય છે, આવી જ રીતે

* વૈમાનિક દેવોનો ૨૦૦૦ વર્ષ પર્યંત, જ્યોતિષી દેવોનો ૧૫૦૦ વર્ષ પર્યંત, ભવનપતિનો ૧૦૦૦ વર્ષ પર્યંત અને વાણવ્યંતરનો ૫૦૦ વર્ષ પર્યંત સંયોગ રહે છે, એમ ગ્રંથોમાં કહેલ છે.

+ પંચ પર્વોમાં બ્રહ્મચર્યનું પાલન કરવાનું કારણ એ છે કે—શાસ્ત્રનું કથન છે કે—અસંખ્યાત વર્ષાયુવાળા નારકી દેવતા અને યુગલિક મનુષ્યો જ્યારે છ મહિના આયુષ્ય બાકી રહે છે ત્યારે આગલા ભવનું આયુષ્ય બાંધે છે અને સંખ્યાત વર્ષના આયુવાળા તિર્યંચ અને મનુષ્યો આયુષ્યનો ત્રીજો, નવમો, સત્તાવીસમો વગેરે ભાગ બાકી રહે ત્યારે અથવા અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે પરભવનો આયુબંધ કરે છે.

સંભવત: એ કારણથી કરુણાસિંધુ જિનેન્દ્ર પ્રભુએ અને આચાર્યોએ અશુભ આયુનો બંધ ન પડે તેટલા માટે પર્વ તિથિઓ કાયમ કરી છે. જેમ કે

શ્રાવક એક રાત્રિમાં બે વાર મૈથુન સેવે નહિ, કારણ કે તંદુલવિયાલિય પયન્નામાં કહ્યું છે કે, એક વખત મૈથુન સેવ્યા બાદ ૧૨ મુહૂર્તપર્યંત યોનિ સચેત રહે છે. ઉત્કૃષ્ટ ૯ લાખ ૦ સંજ્ઞી મનુષ્ય અને અસંખ્ય અસંજ્ઞી મનુષ્યની ઉત્પત્તિ થાય છે. બીજી વખતના સંભોગમાં તે બધાનો નાશ થઈ જાય છે. ગૃહસ્થોને માત્ર પુત્રપ્રાપ્તિને અર્થે જ સ્ત્રી-સંગની આવશ્યકતા હોવી ઘટે. અધિક ભોગ ભોગવવાથી પુત્રોત્પત્તિનો સંભવ પણ ઓછો રહે છે. વેશ્યાને અધિક સંતતિ થતી નથી તે પણ એ જ કારણ જણાય છે. એટલા માટે શ્રાવકે મિતવ્યયી અને સંયમી રહેવું એ પરમ હિતાવહ છે.

ત્રીજ અને ચોથ એ બે ભાગ ગયા એટલે ત્રીજો ભાગ પાંચમનો આવે, એવી જ રીતે છઠ અને સાતમ બે ભાગ ગયા એટલે ત્રીજો ભાગ આઠમ આવે એમ ક્રમશ: એકાદશી તથા ચતુર્દશી આવે છે.

આમ, આ તિથિઓ ત્રીજા ભાગમાં આવે છે (પૂર્ણિમા અને અમાવસ્યા એ પાક્ષિક પર્વ છે). આ દિવસોમાં પરભવનું આયુષ્ય બંધાવાનો સંભવ છે. એટલા માટે હંમેશ બ્રહ્મચર્ય પળાય તો ઠીક, નહિ તો પર્વ તિથિઓમાં તો સંસારનાં કાર્યોથી વિરક્ત થઈ દયા, શીલ, સંતોષ, સામાયિક, પૌષધ, આદિ ધર્મકરણી કરવી જ જોઈએ, કે જેથી દુર્ગતિનું આયુષ્ય ન બંધાવા પામે.

० मेहुणसण्णारूढो णवलक्ख, हणेइ सुहुमजीवाणं ।
केवलिया पण्णत्त, सद्दहियव्वा सया कालं ॥१॥
इत्थीजोणिए संभवति, बेइंदिया उ जे जीव ।
इक्को वा दो वा तिण्णि वा, लक्ख पुहुत्तं तु उक्कोसं ॥२॥
पुरिसेण सह गयाए, तेसिं जीवाणं होइ उद्दवणं ।
वेणुगदिट्ठंतेणं, तत्तायसलागणाएणं ॥४॥

અર્થ—શ્રી સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે કે, સ્ત્રીની યોનિમાં કોઈ વાર બે, કોઈ વાર ત્રણ એમ ઉત્કૃષ્ટ નવ લાખ સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે. જેમ વાંસની નળીમાં ભરેલા તલમાં તપાવેલો લોઢાનો સળિયો નાખવાથી તે તલ બળી જાય છે તેવી જ રીતે સ્ત્રી પુરુષના સમાગમથી તે બધા જીવો મૃત્યુ પામે છે. આ કથનનું સત્ય શ્રદ્ધાન કરી એવાં પાપથી બચો.

ચોથા વ્રતના ૫ અતિચાર

૧. ઇત્તરિય પરિગ્ગહિયાગમણે—પોતાની પરણેલી નાની ઉમ્મરની સ્ત્રી સાથે ગમન કર્યું હોય, લગ્ન થઈ ગયા પછી પણ જ્યાં સુધી સ્ત્રી ઋતુમતી ન થાય ત્યાં સુધી તેની સાથે ગમન કરે તો અતિચાર લાગે.

કોઈ એવો વિચાર કરે કે, મારે પરસ્ત્રીનાં પચ્ચખ્ખાણ છે પરંતુ વેશ્યા તો કોઈની સ્ત્રી નથી. માટે તેને થોડું દ્રવ્ય આપીને પરપુરુષથી તે અમુક સમય પર્યંત ગમન ન કરે તેવો બંદોબસ્ત કરી તેટલા સમય માટે મારી સ્ત્રી બનાવી લઉં તો શી હરકત છે? ઇત્યાદિ વિચારથી વેશ્યા સાથે ગમન કરે તો દોષ લાગે. કેમ કે જ્યારે તે કોઈની પણ સ્ત્રી નથી તો તમારી પણ શી રીતે થઈ શકે? સ્વદારા તો તે જ કહેવાય છે કે, જેનું પંચની સાક્ષીએ પાણિગ્રહણ કરવામાં આવ્યું હોય, તે સિવાયની બધી પરસ્ત્રી જાણવી. જે ઉક્ત વિચારથી વેશ્યાગમન કરે છે તેને અનાચાર લાગે છે અર્થાત્ તેના વ્રતનો ભંગ થાય છે.

૨. અપરિગ્ગહિયા ગમણે—પાણિગ્રહણ થયા અગાઉ જેની સાથે માત્ર સગપણ જ થયું છે તેવી સ્ત્રી સાથે ગમન કરે તો અતિચાર લાગે.

पंचिंदिया मणुस्सा, एगगर भुत्तणारिनब्भम्मि ।
उक्कोसं णवलक्खा, जायंति एगवेलाए ॥ १ ॥
णवलक्खाणं मज्झे जायइ, इक्कस्स दोण्ह व समत्ती ।
सेसा पुण एमेव य, विलयं वच्चंति तत्थेव ॥२॥

અર્થ—એક વખતના સ્ત્રી સમાગમમાં ઉત્કૃષ્ટ નવ લાખ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય, ગર્ભમાં ઉત્પન્ન થાય છે, તેમાંથી કોઈ વાર એક, ક્યારેક બે અને ક્યારેક ત્રણ બચે છે. બાકીના બધા નાશ પામે છે, એમ તંદુલ વિયાલીમાં કહ્યું છે.

સ્ત્રી સંભોગ બાદ બાર મુહૂર્ત યોનિ સચેત રહે છે, અર્થાત્ તેમાં જીવોની ઉત્પત્તિ અને મૃત્યુ થયાં કરે છે. તે ૧૨ મુહૂર્તની અંદર કોઈ પણ ગતિમાંથી મનુષ્યનું આયુષ્ય બાંધ્યું હોય તેવો જીવ તે યોનિમાં મનુષ્યયોનિપણે ઉત્પન્ન થઈ શકે છે.

(૧) કોઈ એવો વિચાર કરે કે, મારે પરસ્ત્રીગમનનાં પચ્ચખ્ખાણ છે, પરંતુ આ કુમારિકા હજી કોઈની સ્ત્રી થઈ નથી તો તેની સાથે ગમન કરવામાં શો દોષ છે ? આમ વિચારી કુમારિકા સાથે ગમન કરે તો અનાચાર લાગે. કારણ કે તે કામ રાજ્યવિરુદ્ધ, જાતિવિરુદ્ધ અને અનીતિનું છે. જો કદાચિત્ ગર્ભ રહી જાય તો જગતમાં બહુ નિંદા થાય છે અને ગર્ભપાત તથા આત્મઘાત આદિ મહા ભયંકર દોષો નીપજે છે. (૨) કોઇ એવો તર્ક કરે કે વિધવાનો કોઈ માલિક નથી, તેથી વિધવાને મારી સ્ત્રી બનાવીને રાખું તો શો દોષ છે ? આમ વિચારી વિધવા સાથે ગમન કરે તો અનાચાર લાગે. કારણ કે પતિના મૃત્યુ પછી પણ તે વિધવા તેની સ્ત્રી કહેવાય છે, તેથી પરસ્ત્રી જ છે. વિધવાગમનથી લોકાપવાદ, વ્યાભિચારની વૃદ્ધિ, ગર્ભપાત, બાળહત્યા કે આત્મઘાત આદિ અનેક મહા ભયંકર દોષોત્પત્તિ હોય છે (૩) કોઈ એવો વિચાર કરે કે, વેશ્યા તો કોઇની સ્ત્રી નથી એમ વિચારી તેની સાથે ગમન કરે તો અનાચાર લાગે.

ચાહે કુમારિકા હો, વિધવા હો કે વેશ્યા હો, તે બધી જ પરસ્ત્રી કહેવાય છે. તેનું સેવન ઉત્તમ પુરુષો કદાપિ કરતા નથી. તેમ કરવું એ લૌકિક તેમજ લોકોત્તર બન્ને પ્રકારે નિષિદ્ધ છે. તેમ જ આ ભવ અને પરભવ બન્ને લોકમાં દુઃખપ્રદ છે. વળી, વેશ્યા તો જગતની એંઠ છે. સ્વાર્થની સગી છે. સ્વાર્થવશ આંધળા, લૂલા, લંગડા, કુષ્ટરોગી, ચંડાલ, આદિને પણ તે પોતાના પ્રાણપ્યારા બનાવી તેની સાથે ગમન કરે છે. અને સ્વાર્થ સરતો બંધ પડે એટલે તે પ્રાણપ્યારાને પણ ધક્કો મારી બહાર કાઢી મૂકે છે. વળી, વેશ્યાગામી પુરુષો વખતસર માતા, બહેન કે પુત્રીની સાથે ગમન કરવાનું મહા ભયંકર પાપ પણ વ્હોરી લે છે. કારણ કે વેશ્યાના મકાન ઉપર એવું સાઈનબોર્ડ લગાવેલું હોતું નથી કે અમુક સાહેબ અહીં પધારે છે.

જો વેશ્યાને ત્યાં બાપ જતો હોય છે ત્યાં બેટો પણ જાય તો તેને માતૃગામી કહેવામાં શી હરકત છે? અને બાપના સંબંધથી ઉત્પન્ન થયેલી વેશ્યાની છોકરી સાથે ગમન કરનારને ભગિનીગામી (બહેનની સાથે

ભોગ ભોગવનારો) કહેવામાં શી હરકત છે? અને પોતાના જ સંબંધથી ઉત્પન્ન થયેલી વેશ્યાની પુત્રી સાથે પણ રંડીબાજ લોકો ભોગ ભોગવતાં લજવાતા નથી! આવા પુરુષોને પુત્રગામી કહેવામાં પણ શી હરકત છે? અહા! જે શબ્દ જગતમાં મા બહેનની ગાળરૂપે સાંભળતાં લોકો ક્રોધાતુર બની જાય છે, તેવા જ કુકર્મ કરવામાં તેઓ તત્પર બને છે! આથી વધારે ઘૃણાસ્પદ અને ખેદજનક બીજું શું હોઈ શકે! આવાં મહાન અનર્થ અને જુલમનાં કામ વેશ્યાગમનના પરિણામે થાય છે.

આ સિવાય વેશ્યાગામીને ચાંદી, પ્રમેહ, આદિ અનેક ખરાબ રોગો લાગુ પડતાં તે રીબાઈ રીબાઈને, સડી સડીને અકાળે મરે છે. મર્યા પછી પણ નરકમાં પરમાધામી દેવો તેને ધગધગતી લોહ પૂતળીની સાથે, લોઢાના તીક્ષ્ણ ખીલાયુક્ત તથા તપ્ત શય્યા પર સુવાડી આલિંગન કરાવે છે. ઉપર મુદ્દગલોના પ્રહાર કરે છે. આવી રીતે બન્ને ભવમાં વ્યભિચાર ભયંકર દુઃખોનું કારણ જાણી શ્રાવક પરસ્ત્રીગમનનો સર્વથા પરિત્યાગ કરે છે.

૩. અનંગક્રીડા–કૂચમર્દનાદિ અનેરે અંગે કામક્રીડા કરે તો અતિચાર લાગે. કોઈ એમ વિચારે કે મારે પરસ્ત્રીગમનનાં માત્ર એક કાયાની કોટિએ પચ્ચખ્ખાણ છે. પછી પરસ્ત્રીના અધર (હોઠ) ચુંબન, કૂચમર્દન, આલિંગનાદિ કરવામાં શો દોષ છે? આમ કરે તો અતિચાર લાગે. કેમકે તે પણ એક પ્રકારનો વ્યભિચાર છે અને અનંગક્રીડા બાદ બ્રહ્મચર્ય પાળવું મુશ્કેલ છે. બ્રહ્મચારીને માટે તો ગુપ્ત અંગોપાંગનું દૂરથી નિહાળવાનું પણ શાસ્ત્રમાં નિષિદ્ધ છે. તેવી જ રીતે કાષ્ટ, મૃત્તિકા, વસ્ત્ર, ચર્માદિની પૂતળીની સાથે પણ કામક્રીડા કરવાથી અનંગક્રીડાનો અતિચાર લાગે છે.

વળી, કેટલાક હસ્તકર્મ તથા નપુંસક ગમનને પણ અનંગક્રીડા કહે છે. આ કર્મ મોહોત્પાદક, વિષયવર્ધક છે અને એ રીતે વીર્યપાત થવાથી શારીરિક, માનસિક ભારે હાનિ થાય છે. અનેક ભયંકર રોગો

ઉત્પન્ન થાય છે. તેથી તેવાં નીચ, નિંદ્ય, નિરર્થક અને નાલાયકીભર્યાં કર્મોનો શ્રાવક સર્વથા પરિત્યાગ કરે છે.

૪. પરવિવાહ કરણે—સ્વજન સિવાય અન્યના લગ્નસંબંધ કરાવે તો અતિચાર લાગે. કેટલાક અન્ય મતાવલંબીઓ કન્યાદાન કરવામાં ધર્મ માની અને કેટલાક મિથ્યાભિમાની લોકો નામનાને ખાતર પાડોશીના, ગામના, જાતિના કે દેશના મનુષ્યોના વિવાહ સંબંધ જોડી આપે છે. આવાં કાર્ય શ્રાવકને માટે અનુચિત છે. કેમકે આવાં કામ મૈથુન-વૃદ્ધિનાં અને સંસાર વૃદ્ધિનાં કારણરૂપ છે. વળી, દંપતી સમાન આચાર વિચારનાં ન હોય અને તેઓમાં જીવનભર કલેશ રહે કે કજોડાં થાય વગેરે કારણે અપયશ ફેલાય છે. કોઈના નિસાસા લેવા પડે છે. તેથી શ્રાવક પારકા વિવાહ સંબંધ જોડવાનાં પચ્ચખ્ખાણ કરે છે. પોતાનાં પુત્ર, પુત્રી વગેરેના સંબંધ કર્યા વિના છૂટકો થતો નથી. એટલા માટે સ્વકુટુંબીઓ સિવાય અન્યના સંબંધ જોડવાની ઝંઝટમાં તે પડતો નથી.

૫. કામભોગેસુ તિવ્વાભિલાસા—કામભોગ સેવવાની તીવ્ર અભિલાષા કરે તો અતિચાર લાગે. શ્રોતેંદ્રિય અને ચક્ષુરિંદ્રિયના વિષયને કામ કહ્યો છે અને શેષ ત્રણ ઇંદ્રિયોના વિષયને ભોગ કહ્યો છે.

૧. શ્રોતેંદ્રિયથી વિવિધ પ્રકારનાં વાજિંત્રોની સહાયથી રાગરાગણી અને ગાનતાનમાં તલ્લીન રહે.

૨. ચક્ષુરિન્દ્રિયથી ગુપ્ત અંગોપાંગનાં નિરીક્ષણમાં તથા નગ્ન ચિત્ર, નાટક, ચેટક કે સિનેમાના નિરીક્ષણમાં લુબ્ધ બને તેનું નામ કામ.

૩. ઘ્રાણેન્દ્રિયથી અત્તર, પુષ્પાદિ સૂંઘવામાં લુબ્ધ બને.

૪. રસેન્દ્રિયથી, દૂધ, દહીં, ઘી, તેલ, મીઠાઈ એ પાંચ વિગય તથા માખણ, મધ, મદિરા અને માંસ એ ચાર મહાવિગય ભોગવવામાં અને મનોજ્ઞ ભોજન આરોગવામાં તન્મય બને.

૫. સ્પર્શેન્દ્રિયથી વસ્ત્રાભૂષણ, શય્યાસન તથા સ્ત્રી આદિકના સ્પર્શ સેવનમાં તલ્લીન બને.

એ પ્રમાણે પાંચ ઇંદ્રિયોના વિષયમાં લુબ્ધ બને તેને કામભોગમાં તીવ્રાભિલાષી કહે છે. કેટલાક લોકો વિષયાસક્ત બની સ્નાન શૃંગારાદિથી પોતાના રૂપને આકર્ષક બનાવે છે. ગુપ્ત અંગોપાંગ દેખાય તેવાં બારીક * નિર્લજ્જ વસ્ત્રો ધારણ કરે છે. અત્તર, પુષ્પ તેમ જ કામોત્તેજક ભૂષણો સજીને, રસાયણ, સ્થંભનગુટિકા વગેરેનું સેવન કરીને વિષયવૃદ્ધિ કરે છે અને ભોગોપભોગમાં લુબ્ધ બને છે તેથી ચીકણાં કર્મ બંધાય છે. અને વખતે રસાયણાદિ ફૂટી નીકળે તો કુષ્ટાદિ રાજરોગોનો ભોગ બને છે. ગરમી, શૂલ, ચિત્તભ્રમ, કમ્પવા, મૂર્ચ્છા, સુસ્તી, વિકલતા, ક્ષય, નિર્બળતા, આદિ અનેક રોગોથી સડી સડીને મરે છે.

'कामे भोगे पत्थेमाणा अकामा जन्ति दोग्गई' અર્થાત્ કામભોગના પ્રાર્થી મનુષ્યો કામભોગનું સેવન કર્યા વિના જ મરીને નરકાદિ દુર્ગતિમાં ચાલ્યા જાય છે. આવું જાણી શ્રાવક જન આ પાંચમા અતિચાર દોષથી આત્માને બચાવી વિષયવૃદ્ધિનાં કામથી અલગ રહે છે. કામભોગની ઇચ્છાનો નિરોધ કરવા માટે પોતાની સ્ત્રી સાથે પણ એક પથારી પર શયન કરતો નથી. આયંબિલ, ઉપવાસ, આદિ તપ કરતો રહે છે.

---

* વસ્ત્ર પહેરવાનો મૂળ ઉદ્દેશ શરીરનું અને લજ્જાનું રક્ષણ કરવાનો છે; પરંતુ બારીક વસ્ત્રો તે બેમાંથી એકેયનું રક્ષણ કરી શકતાં નથી, ઊલટાનું તે બંનેને હાનિકર નીવડે છે. ઉત્તમ જાતિની સ્ત્રીઓમાં પણ આજકાલ બહુ બારીક વસ્ત્રો પહેરવાનો રિવાજ જોવામાં આવે છે. આવાં વસ્ત્રો પહેરીને લગ્નાદિ માંગલિક પ્રસંગે ભરબજારમાં ફટાણાં ગાતી કેટલીક સ્ત્રીઓ ધોળે દિવસે નીકળે છે, એ ઘણી જ શરમની વાત છે. પતિ આવાં બારીક વસ્ત્રો લાવી આપે છે તે પણ ઘણું અયોગ્ય છે.

एक रात्रौ विनस्याय, या गति ब्रह्मचारिणा ।
न सा ऋतु सहस्रेण, प्राप्त सक्या युधिष्ठिर ॥

અર્થ—અહો યુધિષ્ઠિર ! એક રાત્રિ બ્રહ્મચર્ય પાળનારની જેવી ઉત્તમ ગતિ થાય તેવી ઉત્તમ ગતિ હજાર યજ્ઞ કરવાથી પણ થતી નથી.

બ્રહ્મચારી સતીસંતોના ગુણકીર્તન કરી, તેમનાં ઉજ્જવળ ચરિત્રોનું પઠનપાઠન કરતો રહી વિશુદ્ધ ચારિત્રવાન બને છે.

બ્રહ્મચર્ય રૂપ શ્રેષ્ઠ વ્રતનું પાલન કરનારની દેવો પણ સેવા કરે છે. વિશ્વમાં તેમની કીર્તિ વિસ્તરે છે. બુદ્ધિ, બળ અને તેજની વૃદ્ધિ થાય છે, દુષ્ટો તરફથી થતાં મંત્ર, તંત્ર, યંત્ર, કામણટૂમણ, વગેરે તેમને કશી અસર કરી શકતાં નથી. વ્યંતરાદિ દુષ્ટ દેવો ઉપદ્રવ કરી શકતા નથી. અગ્નિ પાણી સમાન, અને સમુદ્ર સ્થળ સમાન થઈ જાય છે.

સિંહ વગેરે વિકરાળ પ્રાણીઓ તેમની આગળ બકરી સમાન બની જાય છે. સર્પ પુષ્પમાળા સમાન, વન ગામ સમાન અને વિષ અમૃત સમાન બની જાય છે. આમ, અનેક અનિષ્ટ પદાર્થો ઇષ્ટકારી બની જાય છે. પ્રતિદિન કરોડ સૌનૈયાનું દાન દેવાથી જે ફળ નથી થતું તે ફળ એક દિવસના બ્રહ્મચર્યથી પ્રાપ્ત થાય છે. બ્રહ્મચારી આ લોકમાં અનેક સુખોના ભોક્તા થાય છે અને ભવાંતરે સ્વર્ગ, મોક્ષનાં સુખો પામે છે.

પાંચમું અણુવ્રત–થૂલાઓ પરિગ્ગહાઓ વેરમણં

સાધુજીની પેઠે સર્વથા નિષ્પરિગ્રહી રહેવું એ ગૃહસ્થને માટે મુશ્કેલ છે. કહેવત છે કે, "સાધુ કોડી રાખે તો કોડીની કિમ્મતનો, અને ગૃહસ્થની પાસે કોડી ન હોય તો કોડીનો" આ પ્રમાણે પોતાની આબરૂનું સંરક્ષણ કરવા, શરીર અને કુટુંબનો નિર્વાહ કરવા ઇત્યાદિ કાર્યને અર્થે ગૃહસ્થને દ્રવ્યની આવશ્યકતા રહે છે, એટલા માટે પૂર્વ પુણ્યોદયથી અથવા ન્યાયપૂર્વક કરેલા વ્યાપારાદિથી જે દ્રવ્ય પ્રાપ્ત થાય છે તેમાં શ્રાવક સંતોષ ધારણ કરે છે; તૃષ્ણાને અધિક વધારતો નથી.

તૃષ્ણા પરમ દુઃખનું કારણ છે. "તૃષ્ણા ગુરૂજી ! બિન પાલ સરવર" અર્થાત્ જેવી રીતે પાળ વિનાના સરોવરમાં ગમે તેટલું પાણી આવતું હોય તો પણ તે કદી ભરાતું નથી, તેવી જ રીતે તૃષ્ણાતુર મનુષ્યને ગમે તેટલું દ્રવ્ય મળી જાય તો પણ સંતોષ થતો નથી.

"जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई" જેમ જેમ લાભની વૃદ્ધિ થાય તેમ તેમ લોભની પણ વૃદ્ધિ થાય છે. પ્રત્યક્ષ પ્રમાણથી પણ જોઈ શકાય છે કે જેમના પૂર્વજો ઝાડનાં પાંદડાનાં વસ્ત્રો પહેરતા, માટીથી શરીર રંગતા, પશુનાં ચામડાંથી મઢેલી વાંસની હોડીમાં બેસીને શિકાર કરતા એવી હીનહીન સ્થિતિને બદલે આજે તેઓના વંશજો રાજામહારાજા બની બેઠા છે, તો પણ તેમને હજી સુધી તૃપ્તિ થતી નથી, અને રાજ સંપદાની વૃદ્ધિને માટે આશ્રિતોનો દ્રોહ કરે છે, તથા કરોડો મનુષ્ય, પશુઓનો સંહાર કરે છે, એવાઓને કવચિત્ આખી પૃથ્વીનું રાજ્ય પ્રાપ્ત થઈ જાય તો પણ તૃપ્તિ થવાની જ નહિ.

આવી હીન સ્થિતિના લોકો આટલી ઊંચ સ્થિતિ પામ્યા છતાં તૃપ્ત થયા નહિ તો પછી હજારપતિ, લખપતિ કે ક્રોડપતિ થવાથી સામાન્ય જનો તૃપ્ત શી રીતે થવાના હતા! એક સંતોષ વિના કોઈ પણ તૃપ્ત થઈ શકવાનું નથી. માટે સુખાર્થી જીવોએ પ્રાપ્ત દ્રવ્યથી જ સંતુષ્ટ રહેવું જોઈએ. કેટલાક એવા હેતુથી દ્રવ્ય સંચય કરે છે કે, અમારી ગેરહાજરીમાં અમારા પુત્ર પૌત્રાદિ ધનના પ્રતાપે સુખોપભોગી બને. પરંતુ તેમણે વિચારવું જોઈએ કે જો પુત્ર કુપાત્ર થશે તો દ્રવ્યને બરબાદ કરી દેશે અને જો પુત્ર સુપાત્ર હશે તો તમારા દ્રવ્યની દરકાર પણ નહિ કરે. એટલે પુત્રને માટે દ્રવ્યસંચય કરવાનું કષ્ટ ઉઠાવી તમારા પોતાના માટે પાપકર્મોનો સંચય શા માટે કરો છો?

કોઈ કોઈને સુખી કે દુઃખી કરી શકતું જ નથી. કૃત કર્માનુસાર બધા જીવો સુખદુઃખ ભોગવે છે. કોઈ નિર્ધન માતાપિતાનો પુત્ર કરોડપતિ બની જાય છે અને તાલેવંતનો પુત્ર ભિખારી પણ બની જાય છે. અત્યારે તમે પુત્રરક્ષણની અને શરીર રક્ષણની ચિંતા કરો છો, પણ ગર્ભમાં જ્યારે જઠરાગ્નિ પર ઊંધે માથે લટકતા હતા ત્યારે તમારું રક્ષણ ત્યાં કોણે કર્યું હતું? બહાર આવતાં વેંત માતાના દુગ્ધપાનની આવશ્યકતા રહે છે તે કોણ ઉત્પન્ન કરી શકે છે?

આ બધું તમારા આયુષ્યબળ અને પુણ્યબળના પ્રતાપે થયા કરે છે. તો હવે પેટ ભરવાની, શરીર પોષવાની અને પુત્રાદિની

આજીવિકાની આટલી બધી ચિંતા શા સારુ કરો છો? સૌને પોતપોતાનાં પૂર્વકૃત કર્મના ઉદયાનુસાર સાધન સામગ્રી મળતી જ રહે છે, અને ભવિષ્યમાં પણ મળતી રહેશે. આવું જાણી અન્યને માટે અનુચિત કર્મ કરી કર્મબંધથી આત્માને ભારે કરવો ન જોઈએ.

આનંદજી આદિ સુશ્રાવકોએ જે પ્રમાણે દ્રવ્ય–મર્યાદા (પરિગ્રહ–પરિમાણ) કરી લીધી, પોતાની પાસે હતું તેટલા જ દ્રવ્યથી સંતોષ માન્યો, અધિક રાખવાના પચ્ચખ્ખાણ કર્યાં, તેવી રીતે શ્રાવકે પરિગ્રહની મર્યાદા કરી સંતોષ રાખવો જોઈએ. કદાચિત્ તે પ્રમાણે તૃષ્ણાનો નિરોધ ન થઈ શકે તો પોતાની ઇચ્છાનુસાર પરિમાણ કરી લઈ વધારે રાખવાનાં પચ્ચખ્ખાણ અવશ્ય કરવાં જોઈએ.

કોઈ કહેશે કે, પાસે ૧૦૦ રૂપિયાની પૂંજી ન હોય અને લાખ ઉપરાંત રૂપિયા ન રાખવા, એવાં પચ્ચખ્ખાણ કરવાથી શું ફળ? તેમણે જાણવું જોઈએ કે, "स्त्रीचरित्र पुरुषस्य भाग्य देवोऽपि न जानाति, कुतो मनुष्यः" અર્થાત્ પુરુષના ભાગ્યને દેવો પણ જાણી શકતા નથી, તો મનુષ્યનું શું ગજું! પ્રત્યક્ષ જ જોઈએ છીએ કે ગાય અને બકરાંના ચારનારા રાજા મહારાજા બની ગયા છે. જેમને પરિગ્રહની મર્યાદા હશે તેઓ અધિક પ્રાપ્તિના સમયે સંતોષ ધારણ કરી મર્યાદા ઉપરાંત ગ્રહણ નહિ કરે. પરિગ્રહ અધિક નહિ વધારે તો પાપથી તેમનો આત્મા બચશે. પ્રત્યાખ્યાન કર્યા વિના સંતોષ થવો મુશ્કેલ છે. * આવું જાણી શ્રાવક નિમ્નોક્ત ૯ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરે છે

૧. "ખેત્ત યથા પરિમાણ"—ખેત્ત=ક્ષેત્ર એટલે ખુલ્લી જમીનનું ઈચ્છિત પરિમાણ કરે. બાગ, બગીચા, ખેતર, વાડી, જંગલ, ઇત્યાદિ ખુલ્લી જમીનનો પરિગ્રહ રાખવાનું બનતાં સુધી તો શ્રાવક ઉચિત સમજતા નથી. કારણ કે તેમાં બહુ કાળ પર્યંત છકાય જીવોનો

---

* जहा जहा अप्प लोहो, जह जह अप्प परिग्गहारंभो ।
तह तह सुह पवड्ढइ, धम्मस्स य होइ सिद्धि ॥

અર્થ—જેમ જેમ લોભ ઘટે છે તેમ તેમ આરંભ અને પરિગ્રહ પણ ઘટતા જાય છે. અને તેમ તેમ સુખ અને ધર્મની પણ વૃદ્ધિ થતી જાય છે.

આરંભ થતો રહે છે. વખતે પંચેન્દ્રિય જીવોની પણ હિંસા થઈ જાય છે. તેમ છતાં કદાચિત્ રાખવો પડે તો તેવાં તેવાં સ્થાનોની લંબાઈ, પહોળાઈ અને સંખ્યાનું પરિમાણ કરી અધિક રાખવાનાં પ્રત્યાખ્યાન કરે. વિશેષ રાખે નહિ અને રાખ્યાં હોય તેમાંથી પણ કમી કરતો જાય.

૨. **"વત્થુ પરિમાણ"**—ઢાંકેલી જમીનનું ઈચ્છાનુસાર પરિમાણ કરે. ઘર (માળ વિનાનું), મહેલ (માળવાળાં મકાન), પ્રાસાદ (શિખરબંધ), દુકાન, વખાર, તલઘર (ભોંયરામાંનું ઘર), બંગલા (બગીચામાંનું મકાન) કુટિર (ઘાસનું ઝુંપડું), ઈત્યાદિ પ્રકારનાં મકાનોમાંથી જેટલાંની જરૂર હોય તેની લંબાઈ પહોળાઈ અને સંખ્યાની મર્યાદા કરી અધિક રાખવાનાં પ્રત્યાખ્યાન કરે. રહેવાપૂરતી મકાનની સગવડ હોય તો નવાં મકાન બાંધવાનો આરંભ સમારંભ કરે નહિ. કારણ કે તેમાં પણ છકાય જીવોની અને વખતે પંચેન્દ્રિય જીવોની પણ હિંસા થઈ જાય છે.

કદાચિત્ રહેવા યોગ્ય મકાન ન હોય અને તૈયાર મકાન વેચાણ મળી શકતાં હોય તો ખર્ચ વધુ થાય તે તરફ ન જોતાં પોતાના આત્માને આરંભનાં કામથી બચાવવા તરફ અધિક લક્ષ આપવું. તેમ છતાં પણ કામ ચાલે તેમ ન હોય તો મકાનની સંખ્યા, લંબાઈ, પહોળાઈની મર્યાદા કરી તેથી અધિક મકાન બનાવવાનો તથા પોતાની નેશ્રાયમાં પણ રાખવાનો ત્યાગ કરી દે.

૩-૪. **હિરણ્ણ સોવન પરિમાણ**—હિરણ્ણ=ચાંદી અને સોવન સોનું, તેનું ઈચ્છિત પરિમાણ કરે. જેમકે લગડી, પાટ, વગેરે, વગર ઘડેલું સોનું, રૂપું, અને વીંટી, કંઠી કડાં, હાર, નેપુર, આદિ દાગીના તે ઘડેલું સોનું રૂપું, તેની કિંમતની, નંગની, વજન આદિની મર્યાદા કરે, જૂના દાગીનાથી કામ ચાલતું હોય ત્યાં સુધી નવા દાગીના ન બનાવે. કારણ કે જ્યાં અગ્નિનો આરંભ થાય છે, ત્યાં છયે કાયના જીવોની ઘાત થાય છે. અને ધાતુને ગળાવવામાં પણ ઘણું પાપ કહ્યું છે.

ઘડેલા તૈયાર દાગીના મળતા હોય તો આરંભ કરી નાહક કર્મબંધન કરવાં તે શ્રાવકને ઉચિત નથી. કદાચિત્ કામ ન ચાલે તો

બનાવરાવવાનાં નંગ, તોલ અને કિંમતનું પરિમાણ કરે તથા પોતાની નેશ્રાયમાં રાખવાનું પણ પરિમાણ કરે. તેનાથી અધિકનો ત્યાગ કરે.

૫. **ધન પરિમાણ**—રોકડ નાણાંનું ઈચ્છિત પરિમાણ કરે. જેમ પાઇ, પૈસા, આની, બેઆની, પાવલી, અર્ધો, રૂપિયો આદિ જે સિક્કા ચાલતા હોય તે તથા હીરા, પન્ના, માણેક, મોતી, પરવાળાં, આદિની કિંમતની તથા સંખ્યાની મર્યાદા કરે, અધિક રાખવાનાં પચ્ચખાણ કરે. પૃથ્વી ખોદાવી પથ્થર ફોડાવી ઝવેરાત કાઢવાનાં તથા છીપો ચિરાવી મોતી કાઢવાનાં કામ કદી ન કરે. કેમકે પૃથ્વીને ખોદવાથી તથા અનેક પ્રકારના મશાલાના પ્રયોગથી ત્રસ જીવની પણ ઘાત થાય છે. અને છીપો તો પ્રત્યક્ષ બેઇંદ્રિય પ્રાણી છે. તેને ચીરવાથી લાલ રંગનાં રક્ત જેવાં પાણી નીકળે છે. તથા તેઓ અરેરાટ શબ્દથી રુદન પણ કરે છે. આવું નિર્દય કૃત્ય શ્રાવકે કરવું તે ઘણું અનુચિત છે.

સર્વ પ્રકારના પદાર્થ તૈયાર મળી શકે છે તો પછી અનર્થ કરી કર્મ બાંધવાનું શું પ્રયોજન? છીપ ચિરાવવાના ધંધા તો કદાપિ કરવા જ નહિ અને ઝવેરાત રાખવાની મર્યાદાથી અધિકનાં પચ્ચખ્ખાણ કરી લેવાં.

૬. **ધાન પરિમાણ**—ધાન્યનું ઈચ્છિત પરિમાણ કરે, જેમ કે ચોખા, ઘઉં, જુવાર, બાજરી, મઠ, મકાઈ, મગ, ચણા, આદિ ૨૪ પ્રકારનાં ધાન્ય અને ધાન્યના જ જેવાં રાજગરો, ખસખસ વગેરે અનેક છે તે તથા ધાન્ય શબ્દમાં મેવા, મીઠાઈ પકવાન્ન, ઘી, ગોળ, સાકર, કરિયાણા, તેલ, મીઠું, વગેરે અનેક વસ્તુ છે તેની ઘરખર્ચ માટે આવશ્યકતા હોય તેટલું જ રાખવાનું. શેર, મણ, આદિનું પરિમાણ કરે અને તેથી વિશેષ રાખવાનો ત્યાગ કરે. આ વસ્તુઓને વિશેષ કાળ રાખવાથી તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે, તેથી તેને રાખવાના કાળની પણ મર્યાદા કરવી ઉચિત છે.

અધિક સમય સુધી સંગ્રહ કરી રાખવો ઉચિત નથી, અને તેનો વ્યાપાર કરવો તે પણ શ્રાવકોને માટે ઉચિત નથી, કારણ કે તેને આશ્ર-

ચીને રહેલા ત્રસ જીવોની પણ ઘાત થાય છે. વળી, આવી ચીજોનો વેપાર કરનાર દુષ્કાળ પડવાની પણ ભાવના ભાવ્યા કરે છે. કારણ કે તેવા પ્રસંગે પોતે અધિક લાભ પ્રાપ્ત કરી શકે છે. આવા આર્ત રૌદ્ર ધ્યાનથી ચીકણાં કર્મ બંધાય છે.

કદાચિત્ તેવા વેપાર વિના કામ ચાલી ન શકે તો વસ્તુના વજનનું અને રાખવાના કાળનું પરિમાણ કરે. મર્યાદા ઉપરાંત વસ્તુ રાખે નહિ તેમ જ દુષ્કાળ પડે તો ઠીક એવા વિચાર કદાપિ મનમાં આવવા દે નહિ પ્રાણીમાત્રનું હિત ચિંતવે.

૭. દ્વિપદ યથા પરિમાણ—દ્વિપદ (બેપગવાળા)નું ઇચ્છિત પરિમાણ કરે. દાસ, દાસી, નોકર, ચાકર, તથા પોપટ આદિ પક્ષીઓ તે દ્વિપદ પરિગ્રહ ગણાય છે. શ્રાવકોએ દાસ, દાસી, નોકરચાકર અધિક રાખવાં તે ઉચિત નથી. કારણ કે તેમ કરવાથી પ્રમાદની વૃદ્ધિ થાય છે. વળી, જાતે કામ કરવાથી જેટલી જતના થાય છે તેટલી અન્ય પાસેથી કામ લેતાં થઈ શકતી નથી.

આમ છતાં નોકરચાકર રાખવાં જ પડે તો જ્યાં સુધી સ્વધર્મીનો જોગ મળે ત્યાં સુધી અન્ય ધર્મીને રાખે નહિ. સ્વધર્મીને સહાય પહોંચે અને તે યતનાપૂર્વક તેમ જ નિષ્કપટતાથી કામ કરે છે. વળી, તેમ કરવાથી પાખંડીના સંસ્તવ પરિચયરૂપ સમકિતના અતિચારથી પણ બચી શકાય છે. કદાચિત્ અન્ય ધર્મીને રાખવા પડે તો તેમને સ્વ-ધર્માનુરાગી બનાવવાનો પ્રયાસ કરે. તેમના કામ પર પૂરી દેખરેખ રાખે કે જેથી કોઈ કામ અજતનાથી ન થવા પામે અને ધર્માત્માની સંગતિનું ફળ તેને પણ પ્રાપ્ત થતાં તે પણ દયાળુ ધર્માત્મા બની જાય.

તેવી જ રીતે, ગાડી, રથ, વગેરે વાહન પણ અધિક રાખવાં ન જોઈએ, કેમકે તેથી પણ પ્રમાદની અને અજતનાની વૃદ્ધિ થાય છે. કદાચિત રાખવાં પડે તો અજતના ઓછી થાય તેવો વિવેક રાખે. દાસાદિની તેમજ શકટ (ગાડી) આદિની મર્યાદા કરે. મર્યાદાથી અધિક રાખવાનાં પચ્ચખ્ખાણ કરે. પક્ષીઓનો તો પ્રથમ વ્રતમાં જ નિષેધ કરી દીધો છે.

વળી, એવું પણ પરિમાણ કરે કે, આટલાં પુત્રપુત્રી થયા બાદ હું અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરી લઈશ.

૮. ચતુષ્પદ યથા પરિમાણ—ચોપગાં પશુઓનું ઇચ્છિત પરિમાણ કરે. જેમકે ગાય, ભેંસ, ઘોડા, હાથી, ઊંટ, ગધેડાં, બકરાં, કૂતરાં, ઇત્યાદિ પશુઓનો આવશ્યકતાથી અધિક સંગ્રહ કરવો શ્રાવકોને ઉચિત નથી. કેમકે તેના માટે વનસ્પતિ, પાણી, આદિનો અધિક આરંભ કરવો પડે છે.

કદાચિત્ પશુઓ રાખવાં જ પડે તો અંતરાય—કર્મબંધનથી તેમ જ હિંસાકૃત્યથી જેટલું બચાય તેટલું બચવા કાળજી રાખે, તેમ જ અમુક પ્રમાણથી અધિક ચતુષ્પદ નહિ રાખું તેવાં પચ્ચખ્ખાણ કરે.

૯. કુવિય યથા પરિમાણ—ઘરવખરીની ઇચ્છિત મર્યાદા કરે. વસ્ત્ર, પાત્ર, ફર્નિચર, વગેરે સામગ્રી આવશ્યકતાથી અધિક ન રાખે. પરિગ્રહ થોડો તેટલી ઉપાધિ પણ થોડી. કહ્યું છે કે "સંપત્તિ તેટલી વિપત્તિ" દાખલા તરીકે, વપરાશમાં થોડાં વાસણો આવતાં હોય છતાં સારસંભાળ તો ઘરમાં જેટલાં વાસણો હોય તેટલાં બધાંની કરવી પડે છે.

વળી, ઘરવખરી અધિક પ્રમાણમાં હોય ને તેમાં લીલફૂગ વગેરે અનંતકાય જીવોની તેમજ ત્રસ જીવોની ઉત્પત્તિ થવાનો સંભવ છે. તેમની સારસંભાળ કરતાં તેવા જીવોની હિંસા થઈ જાય છે, એવું જાણી સુજ્ઞ શ્રાવકે અધિક ઉપાધિ વધારવી નહિ. જરૂર પૂરતાં રાખવાની મર્યાદા કરી તેનાથી અધિક રાખવાનાં પચ્ચખ્ખાણ કરી લેવાં.

આ પાંચમું વ્રત એક કરણ, ત્રણ યોગથી ગ્રહણ કરાય છે. અર્થાત્ અમુક પરિમાણથી અધિક પરિગ્રહણ મન, વચન, કાયાના યોગથી હું નહિ રાખું, એવો નિયમ શ્રાવક કરે છે. કારણ કે પ્રસંગોપાત પુત્રાદિને વ્યાપારાદિ દ્વારા ધન વૃદ્ધિ કરવાનું કહી દેવાય છે. તેમ જ તેને ધનપ્રાપ્તિ થયાનું જાણી ખુશાલી પણ ઊપજે છે.

પાંચમા વ્રતના ૫ અતિચાર

૧. **ખેત્તવત્થુ પમાણાઇક્કમે**—ક્ષેત્ર અને ઘર વગેરેનું પરિમાણ અતિક્રમે-ઉલ્લંઘે તો અતિચાર લાગે. જેમકે મર્યાદા કરતી વખતે એક ખેતર રાખ્યું હોય પછી તેને લગતું બીજું ખેતર મળી જાય તો મર્યાદા ઓળંગી બીજું ખેતર પ્રથમનામાં ભેળવી દઈ એકનું એક ખેતર રહ્યું એમ મનાવે. તેવી જ રીતે, ઘર સાથે (દીવાલ તોડીને) બીજું ઘર ભેળવી દઈ સંખ્યાનું પરિમાણ કાયમ રાખી જગ્યા વધારે તો અતિચાર લાગે. કેમકે પરિમાણ કરતી વખતે લંબાઈ પહોળાઈનું કદાચ માપ ન રાખ્યું હોય તો મન તો સાક્ષી પૂરે છે કે આ ઘર કે ખેતર બીજાનાં છે અને હવે હું મારામાં ભેળવી દઉં છું. તેથી શ્રાવકે તેમ કરવું ઉચિત નથી. કદાચિત્ અધિક ઘર આવી જાય તો તેને પરોપકારાર્થે સમર્પણ કરી દે.

૨. **હિરણ્ણ સોવન્ન પમાણાઇક્કમે**—ચાંદી સોનાનું પરિમાણ અતિક્રમે તો અતિચાર લાગે. મર્યાદાથી અધિક ચાંદી સોનું આવી જાય તો તેને પ્રથમની ઢાળમાં, લંગડીમાં કે દાગીનામાં ભેળવી દે અથવા સ્વયં કમાઈને પુત્રાદિને આપી દે તો અતિચાર લાગે. જો પરોપકારાર્થે વાપરે તો પુણ્ય ઉપાર્જન કરે. O

O કેટલાક કહે છે કે, 'પરિગ્રહ અનર્થનું મૂળ છે. તેનાથી ધર્મ કે પુણ્ય થતું જ નથી.' તેમને પૂછીએ કે, ઉક્ત નવ પ્રકારના પરિગ્રહમાં બગીચા, ઘર પણ છે. તે જો સાધુજીને ઊતરવા આપે તો શું ફળ મળે? દ્વિપદ—પુત્ર પુત્રી તે પણ પરિગ્રહ છે. તેને દીક્ષા અપાવે તો શું ફળ મળે? તેને એ જ ઉત્તર મળશે કે, સાધુજીને દાન દેવાથી કે દીક્ષા આપવાથી એકાંત ધર્મ થાય છે. જે પ્રમાણે આ ધર્મ પરિગ્રહના ત્યાગથી થયો તે જ પ્રમાણે જાણવું જોઈએ કે, જે સુકૃત્યમાં પરિગ્રહનો સદ્વ્યય કરશે તેને ધર્મ તથા પુણ્ય બંને થશે કેમ કે અન્ન, પાણી, લયણ, સયણ, આદિ પરિગ્રહ જ છે અને તેનાથી પુણ્ય થાય છે એવું ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે. અને જે દુષ્કૃત્યમાં પરિગ્રહનો ઉપયોગ કરશે તેને પાપ પણ થશે.

૩. ધનધાન પમાણાઇક્કમે–રોકડ નાણું, ઝવેરાત અને ધાન્યનું જે પરિમાણ કર્યું હોય તેનાથી અધિક રાખે અથવા પોતે ઉત્પન્ન કરી પુત્રાદિને આપે તો અતિચાર લાગે. કેમકે ઇચ્છાનો નિરોધ કરવા તથા પાપ ઘટાડવા માટે જ પરિમાણ કરાય છે. તેમ ન કરતાં સ્વયં વ્યાપારાદિ દ્વારા દ્રવ્ય ઉત્પન્ન કરી તે પુત્રાદિની માલિકીનું બતાવી પોતે સંતોષી બનવા ચાહે, પરંતુ કેવળજ્ઞાનીથી તે ભાવ છૂપા રહેતા નથી. મર્યાદાથી અધિક ધનધાન્ય થઈ જાય તેને ધર્મના કે પુણ્યના કામમાં વાપરે તો દોષિત ન બને.

૪. દુપ્પદ ચઉપ્પદ પમાણાઇક્કમે-દ્વિપદ નોકરાદિ તથા ચતુષ્પદ તે પશુ તેનું જે પરિમાણ કર્યું છે તેનાથી અધિક રાખે તો અતિચાર લાગે. ગાય વગેરે ઘરમાં રાખેલાં પશુઓનાં બચ્ચાં માટે પચ્ચખ્ખાણ કરતી વખતે આગાર રાખવાનો ઉપયોગ રાખે તો ઠીક છે, નહિ તો તેમને સુખ સ્થાનકે પહોંચાડે તો જ અતિચારથી બચી શકે. કદાચિત્ લૂલાં, લંગડા પશુને તથા મૃત્યુના મુખમાંથી બચાવેલાં પશુ–પક્ષીને અન્ય સ્થાને મોકલવાને યોગ્ય તે ન થાય ત્યાં સુધી અનુકંપા–બુદ્ધિથી રક્ષણ કરવા સારુ રાખે તો દોષ નહિ, લોભ નિમિત્તે ન રાખવાં જોઈએ.

૫. કુવિય પમાણાઇક્કમે—ઘરવખરીનાં વાસણ, કૂસણ, ફર્નિચર, વગેરે અધિક થઈ ગયાં હોય તેને પુત્રાદિના નામનાં કરી લઈ રાખે તો અતિચાર લાગે. એક સોય સરખી પણ મર્યાદાથી અધિક રાખવાથી દોષપાત્ર થવાય છે.

તૃષ્ણા એ દુઃખનું મૂળ છે. દ્રવ્યોપાર્જન કરવાને માટે ટાઢ, તડકો, ભૂખ, તરસ, ગુલામી, આદિ અનેક કષ્ટો સહેવાં પડે છે. ધનની વૃદ્ધિ થતાં કુટુંબના તથા રાજ્યના અનેક ઝઘડા ઉપસ્થિત થાય છે. કૃપણ મનુષ્ય તો ખાતાં–ખર્ચતાં પણ દુઃખી થાય છે, અગ્નિ, પાણી, ચોર, ઈત્યાદિના પ્રયોગે કદાચિત્ ધનનો નાશ થઈ જાય, તો પણ ધનનો માલિક દુઃખ વેઠે છે. આમ જાણી શ્રાવક સર્વથા તૃષ્ણાનો પરાજય કરી ન શકે તો પણ આસ્તે આસ્તે મમત્વ ઘટાડવાનો પ્રયત્ન કરે. પરિગ્રહની મર્યાદા શ્રાવકે અવશ્ય કરવી જોઈએ.

વળી, વિચારવું કે ગમે તેટલી દ્રવ્યની વૃદ્ધિ થાય તો પણ મને શા કામની છે? હજાર ઘોડા ઘરઆંગણે હોય તો પણ સવારીમાં તો એક જ ઘોડો કામ આવવાનો છે. ગમે તેટલા મકાન હશે તો પણ હું તો એક જ મકાનમાં રહીશ. આમ છે તો વિના કારણ પરિગ્રહ વધારી નકામી ઉપાધિ અને આરંભ સમારંભનાં પાપ શા માટે વધારવાં? આ પ્રમાણે વિચાર કરી સંતોષ ધારણ કરી મર્યાદિત થવું અને જે ધર્મ તથા પુણ્યના પ્રતાપથી દ્રવ્ય પ્રાપ્ત થયું છે તે જ માર્ગે પ્રાપ્ત દ્રવ્યનો સદ્વ્યય કરવો.

જ્ઞાન વૃદ્ધિ, ધર્મોન્નતિ, દયા, દાન, ઈત્યાદિ સુકૃત્યમાં જેટલું દ્રવ્ય વપરાશે તેટલું જ દ્રવ્ય તમારું છે. બાકી રહેશે તેના માલિક તો તમારી હયાતીમાં અગર હયાતી બાદ બીજા બનશે અને તે ધનને ઉપાર્જન કરવામાં જે જે પાપ થયું હશે તેની ગાંસડી તો તમારી સાથે જ આવશે. તે પાપ પુણ્યનાં ફળ ભોગવતી વખતે તમારા દ્રવ્યથી મોજમજા ઉડાવનારા સ્વજન કે મિત્રો કોઈ સહાય કરવા કે દુઃખમાં ભાગ લેવા આવનાર નથી, આટલું તો સર્વ કોઈ સમજી શકે છે. છતાં વ્યર્થ મોહમાં ફસાઈને કુટુંબાદિના કારણે કષ્ટો વેઠી દ્રવ્યોપાર્જન કરી દુઃખને નોતરવું એ સુજ્ઞ શ્રાવકો માટે ઉચિત નથી. માટે શ્રાવકે સંતોષ ધારણ કરવો.

વળી, ધર્મમાં દ્રવ્યનો અમુક હિસ્સો લગાડવાના સંકલ્પવાળાની લક્ષ્મી અચળ રહે છે. યશોકીર્તિની પણ વૃદ્ધિ થાય છે. જનસમાજમાં પણ માન મહત્ત્વ મળે છે. હૃદય સંતુષ્ટ રહે છે. આ પ્રમાણે સુખપૂર્વક જીવન વ્યતીત કરી આગળ ઉપર સ્વર્ગનાં અને અનુક્રમે મોક્ષનાં સુખ પ્રાપ્ત કરી શકે છે.

ત્રણ ગુણવ્રત

જેવી રીતે કોઠારમાં રાખેલું ધાન્ય વિનાશ પામતું નથી તે જ પ્રમાણે નિમ્નોક્ત ગુણવ્રત ધારણ કરવાથી ઉક્ત પાંચે અણુવ્રતનું સંરક્ષણ થઈ શકે છે. તથા સર્વ દિશાની અને સર્વ પદાર્થોની નિરંતર

અવ્રતની ક્રિયા આવતી રહે છે તેનો સંકોચ થવાથી આત્મગુણોની વિશુદ્ધતા અને વૃદ્ધિ ગુણવ્રત કહેવાય છે. છઠ્ઠું વ્રત ક્ષેત્રથી, ૭મું વ્રત દ્રવ્યોથી અને ૮મું વ્રત ભાવથી મર્યાદા કરીને આશ્રવનો સંકોચ કરે છે અને સંવરગુણનો વધારો કરે છે.

મુખ્ય દિશા ત્રણ છે. ૧. ઉર્ધ્વ (ઊંચી) દિશા. ૨. અધો (નીચી) દિશા અને, ૩. તિરછી દિશા. તેના ૧. પૂર્વ, ૨. દક્ષિણ, ૩. પશ્ચિમ, ૪. ઉત્તર, ૫. ઊર્ધ્વ અને, ૬. અધો એમ ૭ પ્રકાર પણ કહી શકાય. ૧. પૂર્વ, ૨. અગ્નિ, ૩. દક્ષિણ, ૪. નૈઋત્ય, ૫. પશ્ચિમ ૬. વાયવ્ય, ૭. ઉત્તર, ૮. ઇશાન, ૯. ઊર્ધ્વ અને, ૧૦. અધો એ રીતે ૧૦ પ્રકાર પણ થઇ શકે અને વિસ્તારે ૧૮ પ્રકારની દિશાઓ કહી છે–૪ દિશા, ૪ વિદિશા (ખૂણા) એ ૮ તથા ૮ આંતરા એ ૧૬ તથા ઊર્ધ્વ અને અધો મળી ૧૮ પ્રકારની + દિશા છે; પરંતુ અહીં મુખ્યતાએ પ્રથમ કહી તે ૩ દિશા જ ગ્રહણ કરી છે.

તેમાં ગમનાગમન કરવાની મર્યાદા ન હોવાથી જેવી રીતે બારી–બારણાં ખુલ્લાં રાખવાથી ઘરમાં કચરો ભરાય છે તેવી રીતે દિશા–પરિમાણ ન કરનારને સમસ્ત જગતમાં થતાં પાપકર્મોનો હિસ્સો (રાવી) આવે છે. અને મર્યાદા કરનારને તો જેટલું ક્ષેત્ર ખુલ્લું રાખ્યું છે તેટલાનો જ પાપનો હિસ્સો આવે છે. બાકી આખા લોકનો આસ્રવ બંધ થાય છે, એટલા માટે શ્રાવક–

૧. ઊર્ધ્વ દિશાનું યથાપરિમાણ–ઊંચી દિશામાં ગમન કરવાનું પરિમાણ કરે. જેમ કે પહાડ પર, વૃક્ષ પર, મહેલ પર, મિનારા પર,

* ૧૮ ભાવ દિશા—૧. પૃથ્વી, ૨. પાણી, ૩. અગ્નિ, ૪. વાયુ (એ ૪ સત્ત્વ), ૫. અગ્રબીજ, ૬. મૂલબીજ, ૭. સ્કંધબીજ. ૮. પર્વ બીજ (એ ચાર ભેદ વનસ્પતિ), ૯. બેઈન્દ્રિય, ૧૦. તેઈન્દ્રિય, ૧૧. ચઉરિન્દ્રિય, ૧૨. પંચેન્દ્રિય (એ ૪ તિર્યંચ), ૧૩. સમૂચ્છિંમ, ૧૪. કર્મભૂમિ, ૧૫. અકર્મભૂમિ, ૧૬. અંતરદ્વીપ (એ ૪ ભેદ મનુષ્યના, ૧૭. નરક અને ૧૮. દેવના એમાં બધા સકર્મી જીવો ગમનાગમન કરે છે.

તથા દેવનાં કે વિદ્યાધરનાં વિમાનમાં બેસીને અથવા હવાઈ જહાજ (બલૂન)માં બેસીને આકાશમાં ગમન કરવું પડે ને તેના માઈલનું પરિમાણ કરે.

૨. 'અધો દિશાનું યથા પરિમાણ' અર્થાત્ નીચી દિશામાં ગમન કરવાનું પરિમાણ કરે, જેમ કે–તલઘર, ભોંયરાં, સુવર્ણાદિની ખાણ ગુફા, કૂવા, વાવડી, વગેરેનું કેટલા માઈલ જવું તેનું પરિમાણ કરે.

૩. "ત્રીછી દિશાનું યથા પરિમાણ" અર્થાત્ ત્રીછી દિશામાં ગમન કરવાનું પરિમાણ કરે, જેમકે પૂર્વમાં, દક્ષિણમાં, પશ્ચિમમાં ઉત્તરમાં આટલા કોસથી અધિક મારે જવું નહિ એમ પચ્ચખ્ખાણ કરે. આ પચ્ચખ્ખાણ બે કરણ ત્રણ યોગથી થાય છે. તેનો હેતુ મર્યાદિત ક્ષેત્રની બહાર જઈને ૧૮ પાપ અને ૫ આસ્રવથી નિવર્તવાનો છે. પરંતુ કોઈ જીવને બચાવવા માટે, સાધુનાં દર્શનાર્થે, કોઈ મહા ઉપકારનાં કામને માટે તેમ જ દીક્ષા ધારણ કર્યા પછી મર્યાદિત ક્ષેત્ર બહાર જાય તો વ્રતભંગ થતો નથી.

છઠ્ઠા વ્રતના ૫ અતિચાર

૧-૨-૩ ઉર્ધ્વ, અધો, તિર્યગદશા પરિમાણઅતિક્રમ– ઊંચી, નીચી અને ત્રીછી દિશામાં ગમન કરવાનું જે પરિમાણ કર્યું છે તેનું સમજણપૂર્વક ઉલ્લંઘન કરે તો અનાચાર લાગે અને કરેલાં પરિમાણને ભૂલીને નશાના વશમાં બેભાન થઈને, મહાવાયુ–હવામાં હવાઈ જહાજ દ્વારા ઊડી જાય તો, રેલમાં, મોટરમાં નિદ્રા આવી જવાથી, જહાજ કે સ્ટીમરમાં તોફાન આદિ થઈ જવાથી અને દેવ તથા વિદ્યાધર હરણ કરી લઈ જવાથી કદાચિત્ મર્યાદા ઉપરાંત ચાલ્યો જાય અને ત્યાં જઈને પાંચ આશ્રવમાંથી કોઈ આશ્રવનું સેવન કરે તો અતિચાર લાગે અને એવી રીતે મર્યાદા બહાર જવાનું જ્યાં ભાન થયું ત્યાંથી જ પાછો ફરે અને મર્યાદિત ક્ષેત્રની અંદર આવે ત્યાં સુધી આશ્રવનું સેવન કરે નહિ. તેવી જ રીતે, વાયુમાં ઊડીને કોઈ વસ્તુ મર્યાદિત ક્ષેત્રની બહાર ચાલી ગઈ હોય, કૂપાદિમાં પડી ગઈ હોય તેને લેવા

માટે પોતે જાય અથવા બીજા પાસે મંગાવે તો અતિચાર લાગે, પરંતુ કોઇને કહ્યા વિના જ બીજું કોઈ લાવી આપે તેને ગ્રહણ કરી લે તો દોષ લાગે નહિ.

૪. **ક્ષેત્રવૃદ્ધિ**—ક્ષેત્રમાં વૃદ્ધિ કરે તો અતિચાર લાગે, જેમકે ચારે દિશાએ ૫૦–૫૦ ગાઉ ક્ષેત્ર રાખ્યું હોય અને કદાચિત્ પૂર્વમાં ૧૦૦ ગાઉ જવાનો પ્રસંગ પડે ત્યારે વિચાર કરે કે, પશ્ચિમમાં જવાનું મારે કંઈ કામ પડતું નથી, માટે પશ્ચિમના ૫૦ ગાઉ છે તે પૂર્વમાં મેળવી દઉં. આમ વિચારી પૂર્વમાં ૫૦ ગાઉથી અધિક જાય તો અતિચાર લાગે. આમ શ્રાવકે ન કરવું જોઇએ.

૫. **સઇઅંતરધાએ**—સંદેહ પડ્યા છતાં આગળ વધ્યો હોય. ચિત્તભ્રમ આદિ કારણે વિસ્મરણ થઇ જાય કે મેં પૂર્વમાં ૫૦ ગાઉ રાખ્યા છે કે ૭૫ ગાઉ? જ્યાં સુધી સ્મરણ ન થાય ત્યાં સુધી ૫૦ ગાઉથી અધિક જાય તો અતિચાર લાગે.

છઠું વ્રત ધારણ કરવાથી ૩૪૩ ઘનરજ્જુના વિસ્તારવાળા સંપૂર્ણ લોકનું જે પાપ આવતું હતું તે રોકાઈને જેટલા ગાઉની મર્યાદા કરી હોય તેટલા જ ક્ષેત્રનું પાપ આવે છે. તૃષ્ણાનો નિરોધ થઈ જાય છે, અને મનને શાન્તિ થાય છે. વ્રતધારી શ્રાવક સ્વર્ગનાં અને ક્રમે કરી મોક્ષનાં સુખ પ્રાપ્ત કરી લે છે.

સાતમું ઉપભોગ–પરિભોગ પરિમાણ વ્રત

આહાર—અન્ન, પાણી, પકવાન, શાક, અત્તર, તંબોલાદિ જે વસ્તુ એક જ વાર ભોગવવામાં આવે તે ઉપભોગ, અને સ્થાન, વસ્ત્ર, ભૂષણ, સ્ત્રી, શયનાસન, વાસણ, આદિ જે વસ્તુ વારંવાર ભોગવવામાં આવે તે પરિભોગ, એ બન્ને પ્રકારની વસ્તુના મુખ્યત્વે ૨૬ પ્રકાર કહ્યા છે તેની મર્યાદા, શ્રાવક કરે છે.

૧. ઉલ્લણિયાવિહિં—શરીર સાફ કરવાના કે શોખ નિમિત્તે રાખવાના રૂમાલ ટુવાલની મર્યાદા.

૨. દંતણ વિહિં-દાતણની મર્યાદા.

૩. ફળવિહિં-કેરી, જાંબુ, નાળિયેર, નારંગી, આદિ ફળ ખાવાનાં તેમ જ માથામાં નાંખવાનાં આંબળાં વગેરેની મર્યાદા,

૪. અબ્ભંગણવિહિં-અત્તર, તેલ, ફૂલેલ, આદિ શરીરે ચોળ-વાનાં તેલોની મર્યાદા,

૫. ઉબ્વટ્ટણવિહિં-શરીરને સ્વચ્છ સતેજ કરવા માટે પીઠી વગેરે ચોળવાની મર્યાદા.

૬. મજ્જણવિહિં-સ્નાન પાણીની મર્યાદા.

૭. વત્થવિહિં-વસ્ત્રની × જાત અને સંખ્યાનું માપ,

૮. વિલેવણવિહિં-વિલેપન જેવાં કે સુખડ, કેસર, અગર અત્તર, તેલ, સેન્ટ વગેરેની જાત અને માપ.

૯. પુપ્ફવિહિં-ફૂલની જાત અને સંખ્યા,

૧૦. આભરણવિહિં-ઘરેણાંની જાત અને સંખ્યા

---

* એક ગજ રેશમ બનાવવામાં હજારો કીડાની ઘાત થાય છે. રેશમના કીડાએ પોતાના મુખમાંથી લાળ કાઢી પોતાના જ શરીર પર લપેટેલી હોય છે. તે જો અંદરનો કીડો એની મેળે જ યોગ્ય સમયે બહાર નીકળે તો બધા તંતુ કાપીને નીકળે એટલે તેને ઊના ખદખદતા પાણીમાં નાખી કીડાઓને મારી નાખે છે અને પછી રેશમ ઉકેલી લે છે, રેશમી વસ્ત્ર પહેરનાર આ પાપનો ભાગીદાર થાય છે. માટે શ્રાવકે રેશમી વસ્ત્ર પહેરવાં નહિ.

× ફૂલ અધિક કોમળ હોવાથી તેમાં અનંત જીવો હોય છે, તેમ જ તેમાં ત્રસ જીવોનું નિવાસસ્થાન પણ હોય છે, તેનું છેદનભેદન કરવાથી ત્રસ જીવોની હિંસા થઈ જાય છે. કેટલાક અજ્ઞ જીવો દેવદેવીને ફૂલ ચડાવવામાં ધર્મ માને છે. શ્રાવકે આમ કરવું ઉચિત નથી.

નાગરવેલનાં પાન સદૈવ પાણીમાં ભીંજાયેલ રહેતાં હોવાથી તેમાં તેવા જ રંગના ત્રસ જીવો તથા લીલફૂગની ઉત્પત્તિ થાય છે, તેથી તે ખાવા યોગ્ય નથી.

૧૧. ધૂપ વિહિં—ધૂપની જાત અને વજન,

૧૨. પેજ્જવિહિં—દૂધ, રાબડી, શરબત, ચા, કૉફી, ઉકાળા આદિ પીવાની વસ્તુની મર્યાદા.

૧૩. ભખ્ખણુવિહિં—પકવાન્ન કે મીઠાઇની જાત,

૧૪. ઓદણુવિહિં—ચોખા, ખીચડી, થૂલી આદિની જાત,

૧૫. સૂપવિહિં—ચણા, મગ, મઠ અડદ, આદિની દાળ તથા ૨૪ પ્રકારનાં ધાન્ય.

૧૬. વિગયવિહિં—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકર,

૧૭. સાગવિહિં—મેથી, તાંદલજો પ્રમુખ ભાજી—તથા તુરિયાં, કાકડી, ગલકાં, ભીંડો, વાલોળ, આદિ શાકની જાત,

૧૮. માહુરવિહિં—બદામ, પિસ્તાં, ચારોળી, ખારેક, દ્રાક્ષ, અંગુર આદિ મેવા તથા આંબળા આદિના મુરબ્બા ગુલકંદ આદિ.

૧૯. જમણુવિહિં—ભોજનમાં જેટલા પદાર્થ ભોગવવામાં આવે તે.

૨૦. પાણીવિહિં—નદી, તળાવ, કુવા, નળ, નહેર, કુંડ અથવા વરસાદનું પાણી, તેવી જ રીતે ખારું, મીઠું, મોળું, આદિ પાણીની જાત.

૨૧. મુખવાસવિહિં—પાન, સોપારી, લવિંગ, એલચી, જાયફળ, ચૂર્ણ, ખટાઈ, પાપડ આદિ મુખવાસની જાત.

૨૨. વાહનવિહિં—હાથી, ઘોડા, ઊંટ, બળદ, પ્રમુખ ચરતાં, ગાડી, બગી, મોટર, સાયકલ, મ્યાના, પાલખી પ્રમુખ ફરતાં; વહાણ, મછવા, હોડી, સ્ટીમર, આદિ તરતાં; વિમાન ગભારા આદિ ઊડતાં ઇત્યાદિ જેટલાં સવારીના ઉપયોગમાં આવે તે વાહન.

૨૩. ઉવાહનવિહિં—પગરખાં, ચંપલ, ચાખડી, મોજાં, વગેરેની જાત.

૨૪. સયણુવિહિં—ખાટલા, પલંગ, પાટ, કોચ, ટેબલ, ખુરશી, બિછાનાં, વગેરેની જાત.

૨૫. સચિત્તવિહિં—કાચા દાણા, કાચી લીલોતરી, કાચું પાણી, મીઠું, ઇત્યાદિ સચેત વસ્તુ.

૨૬, દવ્વવિહિં—જેટલા સ્વાદ પલટે તેટલા દ્રવ્ય. જેમકે; ઘઉં એક વસ્તુ છે પણ તેની રોટલી, પુરી, થુલી, આદિ ઘણી ચીજો બને તે જુદાં જુદાં દ્રવ્ય થયાં. વળી, તળેલી પુરી, અને તવામાં કરેલી પુરી એમ બે દ્રવ્ય થઈ ગયાં. એમ દરેકમાં દ્રવ્યના ભેદ જાણવા.

ઉપર કહેલી ૨૬ વસ્તુમાં કેટલીક તો ઉપભોગની છે અને કેટલીક પરિભોગની છે. તેમાં સર્વ વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે. શ્રાવકોનું કર્તવ્ય છે કે જે અધિક પાપકારી વસ્તુ હોય તેનો ત્યાગ કરે અને જે વસ્તુ ભોગવ્યા વિના ચાલી શકતું નથી તેની ગણતરી તથા વજનનું પરિમાણ કરે અને બાકીનાં પચ્ચખ્ખાણ કરે. પરિમાણ કરેલી વસ્તુમાંથી પણ અવસરોચિત કમી કરતો રહે, પરંતુ લુબ્ધતા કદાપિ ધારણ કરે નહિ.

* ૨૨ અભક્ષ્ય

૧–૫. વડ, પીપળો, પીપર, ઉંબરો અને કોઠ એ પાંચેનાં ફળોમાં ઝીણાં જંતુઓ ઘણાં હોય છે. અને તેમાં ત્રસ જીવની ઉત્પત્તિ પણ અધિક થાય છે. ઉમ્બરાનાં ફળને ફોડવાથી પ્રત્યક્ષ ઊડતા જીવો તેમાંથી નીકળતા દેખાય છે.

૬. મદિરા—મહુડાં, ખજૂર તથા દ્રાક્ષાદિને સોડવે છે, તેમાં બેસુમાર કીડા ઉત્પન્ન થાય છે. તેનો અર્ક કાઢતી વખતે કીડાનો પણ અર્ક નીકળે છે. તેને મદિરા અથવા દારૂ કહે છે. તેનું સેવન કરનાર પાગલ બની જાય છે, જેમતેમ બકે છે, મળ મૂત્ર આદિ ગંદકીનાં સ્થાનમાં પડી જાય, માતા, ભગિની, પુત્રી, આદિની સાથે કુકર્મ પણ કરી લે છે. ધન, માલ બરબાદ કરી દે છે, અને કંગાલ બની જાય છે.

* આ ૨૨ અભક્ષ્યનાં નામ ગ્રંથમાંથી લીધાં છે તે બધાંને એકસરખાં સમજવાં ન જોઈએ. કેટલાંક બહુ પાપનાં સ્થાન છે, કેટલાંક થોડા પાપનાં સ્થાન છે. કેટલાંક સ્પર્શ કરવા યોગ્ય પણ નથી અને કેટલાંકને ઔષધિમાં ગ્રહણ પણ કરે છે. વિવેકી શ્રાવકો માટે જેટલું ઓછું પાપ થાય તેમ સારું છે.

નશાબાજ ભક્ષ્યાભક્ષ્યનો કશો વિચાર કરતો નથી. તેના ઘરમાં નિરંતર લડાઈ ઝઘડા ચાલુ રહે છે. તે માતા, પિતા, સ્ત્રી, પુત્રાદિને મારેપીટે છે. કદાચ વધુ પડતો દારૂ પીએ છે તો અકાળે મૃત્યુ પામી નરકમાં ચાલ્યો જાય છે. આવું મહાન અનર્થનું કારણ જાણી ઈસ્લામ-ધર્મના કુરાને શરીફમાં પણ નશા માત્રને હરામ બતાવ્યો છે. માટે તેનું સેવન કરવું તે હિંદુ-મુસલમાન સર્વેને માટે અનુચિત છે.

૭. માંસ—મચ્છ, કચ્છ વગેરે જળચર પ્રાણી, ગાય, ભેંસ, બકરાં, આદિ ગામમાં રહેનારા સ્થળચર પ્રાણી, હરણ, સસલાં, સૂવર આદિ જંગલમાં, રહેનારાં પ્રાણી, ચકલાં, કુકડાં, કબૂતર, આદિ ઊડતાં પ્રાણી; ઈત્યાદિ જીવોની હિંસા થવાથી જ માંસ તૈયાર થઈ શકે છે, માત્ર પેટનો ખાડો પૂરવા માટે જ ઉપયોગી અને ઉપકારી પ્રાણીઓ દૂધ જેવા પૌષ્ટિક પદાર્થો, ઊન જેવાં વસ્ત્રાદિ દેનારા અને ઘાસ, તરણાં, આદિ નિર્માલ્ય વસ્તુથી પોતાની આજીવિકા ચલાવનારાં બિચારાં નિરપરાધી જીવોની કતલ કરવી તે ઘણું જ કૃતઘ્નતાનું કામ છે.

પ્રાચીન કાળમાં એવી નીતિ પ્રચલિત હતી કે જો કટ્ટર શત્રુ પણ મુખમાં તરણું લઇ લે તો તેને પણ અભયદાન મળતું, તો પછી નિત્ય તૃણ ભક્ષણ કરનારાં પશુઓ પર ઘાતકીપણું તો મુદ્દલ ન જ કરવું જોઇએ. કોઇ પણ પશુની ઘાત કદી પણ ન કરવી જોઈએ, તેમ જ માંસ પણ ખાવું ન જોઈએ.

ઈસ્લામ ધર્મના પાલક પેશાબને ઘણો નાપાક સમજે છે અને તેનો ડાઘ કપડાંને ન લાગે તેટલાં માટે જ વજુ કરે છે, માટીના ઢેફાથી ગુપ્ત અંગ સાફ કરે છે, તો પછી પેશાબથી ઉત્પન્ન થયેલી વસ્તુ માંસ તો સ્પર્શ કરવા યોગ્ય પણ નથી. કુરાને શરીફના સુરાયના પારામાં ગોસ્તને હરામ બતાવ્યું છે. સુરાહ હજની ૩૬ મી આયાતમાં ખુદ અલ્લાહતાલાએ ફરમાવ્યું છે, કે ગોસ્ત અને લોહી મને પહોંચી શકશે નહિ, પરંતુ એક પરહેજગારી પાપનો ડર જ પહોંચશે.

બાઈબલના ૨૦ મા પ્રકરણમાં કહ્યું છે કે, "Thou shalt not kill" અર્થાત્ હિંસા કરવી નહિ. આ પ્રમાણે હિંસા કરવાની મના

બધા ધર્મનાં માનનીય શાસ્ત્રોમાં છે અને હિંસા વિના માંસ થતું નથી. તેથી માંસ ખાવાની કુદરતી જ મના થઈ ગઈ. વળી, માંસ અશુચિથી ભરેલું અને દુર્ગંધીયુક્ત હોય છે. અને ક્ષય, ગંડમાળ, રક્તપિત્ત, વાત, પિત્ત, સંધીવા, તાવ, અતિસાર, આદિ અનેક રોગોનો ઉત્પાદક માંસનો ખોરાક છે. તેવી જ રીતે જાતિ અને ધર્મથી ભ્રષ્ટ કરનાર તથા ભવિષ્યમાં નરકગતિમાં * લઈ જનાર અને મહા દુઃખ-દાતા માંસનો ખોરાક છે. તેથી તે અભક્ષ્ય છે.

---

* तुहं पियाइं मंसाइं । खंडाइं सोल्लगाणि य ॥
खाइओ मि-स-मंसाइ । अग्गिवण्णाइणेगसो ॥
(ઉ. અ. ૧૯. ગાથા. ૬૯)

અર્થ—નારકીને પરમાધામી કહે છે કે તને માંસ બહુ પ્રિય હતું, તું, માંસના ટુકડાને તળીને ખાતો હતો, તો હવે તારા જ શરીરનું ગરમાગરમ માંસ અમે તને ખવરાવીએ છીએ, તે તારે ખાવું જોઈએ. આમ કહી તેના શરીરનું માંસ ચીમટા વડે તોડી તોડી તેને અગ્નિમાં ગરમ કરી ખવરાવે છે. આમ, માંસાહારીની નરકમાં ભયંકર દુર્દશા થાય છે.

हिंसामूल ममेध्य मांस्यदमंलं ध्यानस्य रौद्रस्य यद् ।
बीभत्सं रूधिराविल कृमिगृहं दुर्गन्धिपूयादिकं ॥
शुक्रा सृकप्रभवं नितांत मलिनं सद्भिः सदा निन्दितं ।
को भूक्ते नरकाय राक्षस समो, मांस तदात्मद्रुह ॥

અર્થ—માંસ તે હિંસાના મૂળ કારણભૂત છે, અપવિત્ર છે, રૌદ્રધ્યાનનું કારણ છે. દેખાવમાં મલિન છે. લોહીથી ભરેલું, દુર્ગંધવાળું, વીર્ય તથા લોહીથી ઉત્પન્ન થયેલું એટલા માટે અત્યંત મલિન છે. સર્વ સત્પુરુષોએ તેની નિંદા કરી છે. આવા માંસનું ભક્ષણ તો તે જ કરે છે કે જે આત્મદ્રોહી અને રાક્ષસ સમાન હોય છે. પરંતુ સારા માણસો કદાપિ માંસભક્ષણની ઈચ્છા પણ કરતા નથી.

योऽति यस्य च तन्मांस, मुभयो पश्यतांतरं ।
एकस्य क्षणिको तृप्ति, रन्य प्राणैर्वियुज्यते ॥

અર્થ—જે માંસ ખાય છે, અને જેનું માંસ ખવાય છે તે બંનેના સુખદુઃખમાં કેટલો બધો તફાવત છે? તેનો જરા વિચાર કરો! માંસ ખાનારને ક્ષણિક તૃપ્તિ થાય છે અને તે બિચારાં પ્રાણીનાં અમૂલ્ય પ્રાણોનો સમૂળ નાશ થઈ જાય છે.

૮. મધ પણ અભક્ષ્ય છે. મધમાખીઓ અનેક વનસ્પતિનો રસ એક સ્થાને એકઠો કરી તે ઉપર બેસી રહે છે. વાઘરી; ભીલ, વગેરે હલકી જાતનાં મનુષ્યો અગ્નિપ્રયોગથી માખીઓને દઝાડી, ભગાડી તેના મહા-મુસીબતે તૈયાર કરેલા મધપૂડાને કપડામાં બાંધી નીચોવી લે છે. તેમાં માખીઓનાં ઇંડાનો પણ રસ ભળેલો હોય છે. આથી ઘૃણાસ્પદ અને પાપથી પેદા થતા પદાર્થ ખાવાયોગ્ય નથી.

૯. માખણ-છાશથી અલગ થયા બાદ થોડા જ કાળમાં માખણમાં કૃમિ અને જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. તથા લીલ ફૂગ પણ આવી જાય છે તેમ જ માખણ કામવિકારને વધારનાર હોવાથી પણ અભક્ષ્ય છે.

કેટલાક કહે છે : અમે હાથથી હિંસા કરતા નથી, પરંતુ તૈયાર માંસ ખરીદ કરી ખાઈએ છીએ તો એમાં અમને શો દોષ? પણ તે એમનું કથન અજ્ઞાનતાનું છે. કારણ કે મનુસ્મૃતિના પાંચમા અધ્યાયના ત્રીજા ભાગમાં મનુ મહારાજે આઠ જણને ઘાતક કહ્યા છે.

अनुमन्ता विशसिता, निन्हन्ता क्रयविक्रया ।
संस्कृता चोपहर्ता च, खादकश्चेति घातका ॥

અર્થ—૧. પ્રાણી વધની આજ્ઞા દેનાર, ૨. શરીરને ઘા કરનાર, ૩. મારનાર, ૪. વેચાતું લેનાર, ૫. વેચનાર, ૬. પકાવનાર, ૭. પીરસનાર અને, ૮. ખાનાર એ આઠેય ઘાતક હિંસક છે.

मांस भक्षयिताऽमुत्र, यस्य मांस मिहाद्मयहं ।
अेतन्मांसस्य मां स्तत्र, निरुक्तं मनुरब्रवित ॥

અર્થ—મનુજી કહે છે કે નિરુક્તથી માંસનો અર્થ આ પ્રમાણે થાય છે. **मां** મારા—**स**—સમાન અર્થાત્ જે પ્રમાણે તું મારું ભક્ષણ કરે છે તે જ પ્રમાણે ભવાંતરે હું તારું ભક્ષણ કરીશ. આવો માંસનો અર્થ થાય છે.

अमासु य पक्कासु विपच्चमाणासु य मांसपेसीसु ।
आय तिय मुववाओ, भणिओ हुणिगो य जीवाणं ॥

અર્થ—દિગમ્બર જૈન આમ્નાયના શાસ્ત્રમાં કહ્યું છે કે, કાચા માંસમાં, પાકા માંસમાં, રંધાતા માંસમાં અને માંસની પ્રત્યેક અવસ્થામાં અનંત નિગો-દિયા જીવોની તેમાં ઉત્પત્તિ થતી જ રહે છે.

૧૦. હિમ–બરફ તે કાચા પાણીનો જમાવેલ હોવાથી અસંખ્ય જીવોનો પિંડ હોવાથી અભક્ષ્ય છે.

૧૧. વિષ–ઝેરી પદાર્થો જેવા કે, અફીણ, વચ્છનાગ, સોમલ, ભાંગ, ગાંજો, તમાકુ, ઈત્યાદિ નશો ઉત્પન્ન કરનાર વસ્તુ પણ અભક્ષ્ય છે. આવી વસ્તુઓ કેટલાક શોખ નિમિત્તે ખાય છે અને કેટલાક રોગાદિને કારણે ખાય છે. એક વાર ખાવું શરૂ કર્યા પછી તે છોડવું ઘણું જ મુશ્કેલ થઈ જાય છે. આવા પદાર્થો ક્ષણિક જુસ્સો આપે છે, પણ પરિણામે શરીરની ઘણી જ ખરાબી કરી નાખે છે. કેફી વસ્તુને સેવનાર મનુષ્ય બલહીન, તેજહીન, રૂપહીન બની જાય છે. તેનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે. સમય પર કેફ કરવાની વસ્તુ ન મળે તો રોઈ–રોઈ, તરફડી તરફડી અકાળ મૃત્યુ પામે છે. વળી, અફીણ આદિ ઝેરી પદાર્થો બનાવવામાં અનેક ત્રસ જીવોની ઘાત થાય છે. એટલા માટે કોઈ પણ પ્રકારના કેફી પદાર્થો સેવન કરવા યોગ્ય નથી.

૧૨. કરા–આકાશમાંથી પડતા કરા પણ અસંખ્ય અપકાય જીવોનો પિંડ અને રોગોત્પાદક હોવાથી ખાવા યોગ્ય નથી.

૧૩. માટી, ગેરુ, ગોપીચંદન, ખડી, મનશીલ, પાંચે રંગની માટી ખાવાથી પથરી, પાંડુરોગ, ઉદરવૃદ્ધિ, મંદાગ્નિ, બંધકોશ, આદિ અનેક રોગ ઉત્પન્ન થાય છે. તથા અસંખ્ય જીવોનો પિંડ હોવાથી તે વસ્તુ ખાવાયોગ્ય નથી.

૧૪. રાત્રિભોજન–સૂર્યાસ્ત પછી અને સૂર્યાસ્ત પહેલાં કોઈ પણ વસ્તુનું ખાનપાન કરવું તે તદ્દન અનુચિત છે. કારણ કે રાત્રિભોજનને આંધળું ભોજન કહ્યું છે. તેમ કરવાથી અનેક ત્રસ જીવોનું ભક્ષણ અને રોગોત્પત્તિ થાય છે. કરોળિયા, ગરોળી અને સર્પની ગરલ આદિ રાત્રિભોજનમાં ખાઈને ઘણા મૃત્યુ પામ્યાના દાખલા મોજૂદ છે.

૧૫. પંપોટ ફલ–દાડમ, જામફળ, અંજીર, ઈત્યાદિ ફળો કે જેમાં ઘણાં બીજ હોય છે. અને જેટલાં બીજ તેટલા જીવ તેમાં જાણવા.

૧૬. અનંતકાય *–(૧) સૂરણ. (૨) વજ્રકંદ. (૩) લીલી હળદર, (૪) આદુ (૫) કચુરા, (૬) સવતારી, (૭) બિરાલી (૮) કુંવાર, (૯) થોર, (૧૦) ગુલબેલ, (૧૧) લસણુ, (૧૨) વંશ કારેલી, (૧૩) ગાજર, (૧૪) સાજીવૃક્ષ, (૧૫) પદ્મકંદી, (૧૬) ગિરકરણી (નવાં પાંદડાંની વેલ) (૧૭) ખીરકંદ (૧૮) થેગી, (૧૯) લીલીમોથ (૨૦) લોણ વૃક્ષની છાલ (૨૧) ખિલુડા કંદ, (૨૨) અમરવેલ (૨૩) મૂળા, (૨૪) ભૂમિફોડા, (૨૫) વિરુડા (ધાન્યના અંકુરા) (૨૬) ઢગ બથવા (૨૭) ડુંગળી, (૨૮) પાલનું શાક, (૨૯) આમલિયો ન બંધાણો હોય તેવી કાચી આમલી, (૩૦) આલુ, (૩૧) પિંડાલું અને, (૩૨) જેને તોડવાથી દૂધ નીકળે તથા જેની સંધિ તૂટયા બાદ ઉષ્ણુ લાગે. ગાંઠ પ્રત્યક્ષ દેખાતી હોય, કોઈ પણ ગોટલીવાળા ફળમાં ગોટલી બંધાણી ન હોય તેમ જ મગ, ચણા, મઠ, આદિ પાણીમાં ભીંજવવાથી તેમાં અંકુરા ફૂટી ગયા હોય તે બધા અનંતકાય જાણવા. તેમાં અનંતાનંત જીવોનો પિંડ હોવાથી તે અનંતકાય ખાવા યોગ્ય નથી.

૧૭. અથાણાં—કેરી, લીંબુ, મરચાં, આદિનાં અથાણાં આથ્યા બાદ તે ઝટ ગળતાં નથી, ઘણા દિવસ બાદ તેમાં લીલફુગ તથા ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે, સડી જાય છે. એવાં અથાણાં પણ ખાવા યોગ્ય નથી.

૧૮. દહીંવડાં—કાચા દહીંમાં પાણી ભેળવી તેનું ઘોળવું કરી તેમાં વડાં નાંખે છે. તે અમુક કાળ પછી ખદબદી જાય છે.

---

* પદ્મપુરાણમાં કહ્યું છે કે—

लसुनं गजनं चैव, पलांड, पिण्डमूलकं ।
मत्स्यो मांस सुरा चैव, मूल कसतु तो अधिकं ॥१॥
वरं भुक्तं पुत्रमांसं, न च मूल तु भक्षणं ॥
भक्षणं जायंति नरकं, वर्जनं स्वर्ग गच्छता ॥२॥

અર્થ—લસણ, ડુંગળી, મૂળા, માંસ અને મદિરા તેનું કદાપિ ભક્ષણ ન કરવું. કદાપિ દુષ્કાળ પડી જાય તો મરેલા પુત્રનું માંસ ખાવું સારું પણ કંદમૂળ કદાપિ ન ખાવું. કેમ કે કંદાદિ ખાનાર નરકમાં જાય છે અને તેનો ત્યાગ કરનાર સ્વર્ગમાં જાય છે.

૧૯. રીંગણાં–તેમાં ઘણાં બીજ હોવાથી અભક્ષ્ય છે.

૨૦. અજાણ્યાં ફળ—જેનું નામ અને ગુણદોષ જાણવામાં ન હોય તેવાં ફળ ખાવાં નહિ. કેમકે તેમ કરવાથી રોગોત્પત્તિ થાય છે અને વખતે અકાળ મૃત્યુ પણ થઈ જાય છે.

૨૧. તુચ્છફળ–જેમાં ખાવું થોડું અને નાંખી દેવું ઘણું. શેરડી, સીતાફળ, બોર, જાંબુડાં, વગેરે.

૨૨. રસ ચલિત–જે વસ્તુ બગડીને તેનો રસ પલટી ગયો હોય, દુર્ગંધવાળી બની ગઈ હોય એવી વસ્તુથી પણ રોગોત્પત્તિ તથા અસંખ્ય જીવોની ઘાત થવાનો સંભવ છે.

સાતમા વ્રતના ૨૦ અતિચાર

ભોજન સંબંધી ૫ અતિચાર :

૧. સચિતાહારે–શ્રાવકને સચેત વસ્તુ–કાચું પાણી, લીલોતરી આદિનાં પચ્ચખ્ખાણ હોય અને ભોજનમાં તેવી કોઈ વસ્તુ આવી ગઈ હોય ત્યારે તે સચેત છે કે અચેત તેનો પૂરો નિર્ણય થયા વિના તે વસ્તુ ભોગવવી ન જોઈએ. છતાં ભોગવે તો અતિચાર લાગે. કદાચિત્ સર્વથા સચેતનાં પ્રત્યાખ્યાન ન થઈ શકે તો તેનું ઇચ્છિત પરિમાણ કરે અને તેનાથી અધિક ભોગવવાનાં પચ્ચખ્ખાણ કરે. પરિમાણ કેટલું કર્યું તેનું વિસ્મરણ થઈ જાય તો જ્યાં સુધી પૂરું સ્મરણ ન થાય ત્યાં સુધી સચેત વસ્તુ ખાવી નહિ. ખાઈ લે તો અતિચાર લાગે.

૨. સચિત પડિબદ્ધાહારે–કેરી, તરબૂચ વગેરે ઉપરથી તો નિર્જીવ છે પણ અંદરની ગોટલી, બીજ સચેત છે તથા વૃક્ષથી તરતનો લીધેલો ગુંદ, તરતની વાટેલી ચટણી, તરતનું ધોવાણ પાણી, વગેરે સચિત્ત પ્રતિબદ્ધ આહાર કહેવાય છે. આમ્રાદિ ફળની ગોટલી અલગ કર્યા પહેલાં તથા ચટણી આદિ પર પૂરું શસ્ત્ર પરિણમ્યા પહેલાં સચેતનાં પચ્ચખ્ખાણ–વાળા તેને ભોગવે તો અતિચાર લાગે.

૩. અપ્પઉલિઓસહિ ભખ્ખણયા—કાચી કેરી, કેળાં, વગેરે પકાવવા માટે ઘાસ આદિમાં દબાવી મૂક્યાં, પરંતુ પૂરાં પાક્યાં નહિ; તેમ જ શાક પૂરું ચોડવ્યું નહિ, કંઈક સચેત, કંઈક અચેત હોય તેવું ઉતારી લીધું; ઘઉં, ચણા, બાજરો, મકાઈ, વગેરેનો પોંક ઘાસના અગ્નિમાં શેકીને પાડે તેમાં પણ ઘણા દાણા સચેત રહી ગયા હોય તેને અચેતની બુદ્ધિથી ખાઈ જાય તો અતિચાર લાગે.

૪. દુપ્પઉલિઓસહિ ભખ્ખણયા—જે વસ્તુ બહુ પાકીને બગડી ગઈ હોય, સડી ગઈ હોય, વાસી થઈ ગઈ હોય, ત્રસ જીવ ઉત્પન્ન થઈ ગયા હોય અથવા ભડથું કરી દુષ્ટ રીતે પકવેલ હોય એવી વસ્તુ ખાય તો અતિચાર લાગે.

૫. તુચ્છો સહિ ભખ્ખણયા—શેરડી, સીતાફળ O, બોર આદિ જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું ઘણું એવી વસ્તુ ખાય તો અતિચાર લાગે.

કર્મ (વ્યાપાર) સંબંધી ૧૫ અતિચાર—

(૧) અંગાર કર્મ—કોયલા બનાવી વેચવાનો વેપાર તથા લુહાર, સુતાર, કુંભાર, હલવાઈ, ભાડભુંજા, ધોબી, કંસારા, મિલ, કારખાનાં, વગેરે જે વેપાર અગ્નિના આરંભથી થાય છે તે.

(૨) વનકર્મ—બાગ, બગીચા, વાડી, આદિમાં ફળ, ફૂલ, શાકભાજી, વગેરે ઉત્પન્ન કરી વેચે. બકાલાંનો વેપાર કરે તથા વનમાંથી ઘાસ, લાકડાં, કંદમૂળ, આદિ લાવીને વેચે, વૃક્ષાદિનું છેદન કરી લાકડાનો વેપાર કરે.

(૩) શકટ કર્મ—ગાડાં, ગાડી, રથ, ઘોડાગાડી, મ્યાના, પાલખી, નાવ, ઇત્યાદિ બનાવીને વેચે તથા તેનાં ઉપકરણ, પૈડાં વગેરે વેચે.

O શેરડીનાં છોતાં, સીતાફળનાં બીજ રસ્તામાં ફેંકી દેવાથી કીડીઓ તથા માખીઓનો કચ્ચરઘાણ નીકળી જાય છે તેનો બચાવ કરવો.

(૪) **ભાટક કર્મ**—ઉંટ, ઘોડા, ગધેડાં, બેલગાડી, જહાજ, આદિ અન્યને ભાડે આપે તે ભાડી કર્મ.

(૫) **સ્ફોટ કર્મ**—ખાણ, કૂવા, તળાવ, ખેતર, આદિ ખોદવા-ખોદાવવાના વેપાર કરે તે ફોડી કમ્મે.

(૬) **દંત વાણિજ્ય**—× હાથીદાંત, શીંગડાં, હાડકાં, જીભ, છીપ, વગેરેનો વેપાર કરવો કરાવવો તે.

(૭) **લખ વાણિજ્ય**—લાખO, ચપડી, ગુંદ, મનસીલ, ધાવડીનાં ફૂલ, હડતાળ, ગળી, મહૂડાં, સાજી આદિ ક્ષાર, સાબુ ઈત્યાદિ વસ્તુઓનો વેપાર + લખવાણિજ્યમાં ગણાય છે.

(૮) **રસ વાણિજ્ય**—દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકર, શરબત, મુરબ્બા, મધ, મદિરા, વગેરે પ્રવાહી * પદાર્થોના વેપારને રસ વાણિજ્ય કહે છે.

---

* ઊંડો ખાડો ખોદી તેના ઉપર પાતળા વાંસ બિછાવી તેના ઉપર કાગળની હાથણી ઊભી રાખી છે. તેના ભોગને માટે જંગલી હાથી આવે છે. અને ખાડામાં પડી મૃત્યુ પામે છે. તેનાં હાડકાંના ચૂડા વગેરે બનાવે છે. સાંભળ્યું છે કે, ચૂડા માટે પ્રતિવર્ષ ૭૦ હજાર હાથીઓને મારી નાખવામાં આવે છે. તેના પાપના ભાગીદાર હાથીદાંતનાં વાપરનારાં બને છે. જૈન જેવી દયાળુ જાતિમાં આવી હલકી પ્રથા છે તેનો નાશ કરવો જોઈએ.

O મિલમાં અને જિનમાં ચામડાંનો પુષ્કળ ઉપયોગ થાય છે. વેપારીઓ ચોપડાનાં પૂંઠાં પણ ચામડાનાં રાખે છે. પાકીટ, કમ્મરપટ્ટા, ગાદીઓ, વગેરે ઘણી ચીજોમાં ચામડું વપરાય છે. આથી ચામડું મોંઘું થયું છે. અને અનાર્ય લોકો દ્રવ્યના લોભે હજારો પશુઓની ઘાત ચામડા માટે કરે છે. તેના પાપનો હિસ્સો ચામડાની વસ્તુઓ વાપરનારને આવે છે. ચામડું અપવિત્ર છે એમ જાણી તેની બનેલી વસ્તુઓ વાપરવી ન જોઈએ.

+ વૃક્ષોને છેદી કે ટોચી તેમાંથી રસ કાઢે છે તેની લાખ બનાવે છે. લાખ આદિમાં અનેક ત્રસ જીવોની હિંસા થાય છે.

× પ્રવાહી વસ્તુઓમાં વખતે પંચેંદ્રિય જીવો પડી મરી જાય છે. તથા મીઠાઈમાં કીડા મકોડા આદિ જીવોની ઉત્પત્તિ અધિક થાય છે, તે જીવો પગ નીચે ચંપાઈને મરી જાય છે, તેમ જ વસ્તુ વાપરતાં પણ તેમની ઘાત થઈ જાય છે.

(૯) વિષ વાણિજ્ય—ઝેરી પ્રાણઘાતક વસ્તુ જેવી કે, અફીણ, વચ્છનાગ, સોમલ, ધતૂરો, ઈત્યાદિ ઝેરી ઔષધિઓ તેમ જ ઉપલક્ષણથી તલવાર, ધનુષ્ય, ચક્ર, ભાલા, બરછી, બંદૂક, તોપ, તમંચા, ચપ્પુ, છરી, કટારી, * ઇત્યાદિનો વેપાર પણ વિષ વાણિજ્ય કહેવાય છે.

(૧૦) કેશ વાણિજ્ય—મનુષ્ય, પશુ, પક્ષીના વાળ કે પીછાંની બનેલી વસ્તુ × જેવી કે, ધાબળા, શાલ, ઊનનાં વસ્ત્ર, મોજાં, ટોપી, તથા ચમરી ગાયના વાળનાં બનેલાં ચમર આદિ વેચે તથા મનુષ્ય, પશુ, પક્ષીને વેચવાં તે પણ કેશ વાણિજ્યમાં ગણાય છે.

(૧૧) યંત્ર પીલન કર્મ—તલ વગેરે પીલવાની ઘાણી, કપાસ લોઢવાના ચરખા, શેરડી પીલવાના ચીંચોડા, જિન +, મિલ, ચક્કી, વગેરે વેચે અથવા તેનાં ચક્ર, પટા, પુલી, ખીલા, આદિ સામાન વેચે તે યંત્રપીલન કર્મ જાણવું.

(૧૨) નિલંછન કર્મ—બળદ, ઘોડા આદિ પશુઓને ખસી કરે (ગુહ્યાંગનું × છેદન કરે); કાન, નાક, શીંગ કે પૂંછડાનું છેદન કરે; મનુષ્યને નાજર O બનાવે છે. આ બધાં નિલંછન કર્મ છે.

---

* શસ્ત્રોથી જેટલી જીવહિંસા થાય છે તેના પાપનો હિસ્સો શસ્ત્ર બનાવનારને, વેચનારને અને વાપરનારને સૌને લાગે છે.

× ટોપી આદિ પર પક્ષીઓનાં પીછાં લગાવવા માટે હિંસક લોકો જીવતાં પક્ષીઓની પાંખો ઉખેડી લે છે. તે બિચારાં તરફડી તરફડીને મરી જાય છે.

+ કપાસમાં જીવડાં બહુ હોય છે. તે ચરખાના વેલમાં પિલાઈને મરી જાય છે. તેમ જ મિલ તો મહા આરંભનું સ્થાન છે. તેમાં તો વખત પર મનુષ્ય જેવા પણ અકસ્માતથી મરી જાય છે.

O બિચારાં પરાધીન પડેલાં અનાથ પશુઓનાં ગુપ્ત અંગોનું છેદન કરતી વખતે કેટલાંક પશુ તો અકાળ મૃત્યુ પામે છે; ખૂબ—ખૂબ અસહ્ય દુઃખો ભોગવે છે. આ કામ ઘણું જ નિર્દય અને નિંદનીય છે.

= રજવાડાંમાં કેટલેક ઠેકાણે દાસીપુત્રને નાનપણથી જ અંગભંગ કરી નામર્દ બનાવે છે. અને પછી તે મોટો થાય ત્યારે રાણીઓના રક્ષણાર્થે પહેરેગીર તરીકે તેને રાખે છે. આ લોકોને નાજર કહેવામાં આવે છે.

(૧૩) **દવાગ્નિદાપન કર્મ**—જંગલ ખેતર, બાગ, બગીચા, આદિમાંથી કચરો ઘાસ વગેરે સાફ કરવા માટે આગ * લગાડે.

(૧૪) **સરદ્રહ તલાવ શોષણ કર્મ**—તલાવ, દ્રહ (કુંડ), કૂવા, વાવ, નદી, નાળાં, આદિ જળાશયનાં પાણી ઉલેચાવે તથા તળાવ આદિની પાળ ફોડી ખેતર, બગીચા, વગેરેને પાણી પાવાને માટે નીકો વહેવરાવે તેમ જ જળાશય સાફ કરવાને માટે પાણી ઉલેચાવે તે સરદ્રહ તલાવ પરિશોષણ કર્મ.

(૧૫) **અસતીજન પોષણ કર્મ**—અસતીનું પોષણ કરે અર્થાત્ છોકરીઓને વેચાણ લઈને કે દાસીઓનું ખાન, પાન, વસ્ત્રાભૂષણ, આદિથી પોષણ કરીને તેમની પાસે વેશ્યા જેવાં કર્મ કરાવે અને તેનાથી પ્રાપ્ત થયેલાં દ્રવ્યને ગ્રહણ કરે; તથા ઉંદર મારવાને બિલાડી પાળે, બિલાડીને મારવા કૂતરા પાળે, ઇત્યાદિ જીવઘાત કરવાની અભિલાષાથી જીવોનું પોષણ કરે, શિકારી, બિલાડી, કૂતરા, શકરા, આદિનું પોષણ કરીને તેને વેચે. પોપટ, મેના, કાબર, કબૂતર, મરઘાં, આદિનું પોષણ કરી વેચે × ઇત્યાદિ વેપાર કરે તે. દયા કે રક્ષા નિમિત્તે પોષે તો હરકત નહિ.

---

* જંગલમાં દવ લગાડવાથી એકેંદ્રિયથી માંડી પંચેન્દ્રિય પર્યંત ઘણા જીવો ભસ્મીભૂત બની જાય છે.

× અસતીઓનો વેપાર એ ઘણું નિર્લજ્જ કર્મ છે. પ્રસંગોપાત તે ગર્ભપાતાદિ મહા દોષનું સ્થાન થઈ પડે છે. કેટલાક "અસઈ જણ પોસણયા" પાઠ ફેરવી તેને બદલે "અસંજઈ જણ પોષણયા" બોલે છે અને કહે છે કે શ્રાવકોએ અસંજઈનું પોષણ ન કરવું જોઈએ. પણ આ પાઠ અને અર્થ શાસ્ત્ર વિરુદ્ધ છે. કેમ કે ઉપાસક દશાંગમાં કહ્યું છે કે આનંદ આદિ શ્રાવકોને ૪૦ હજાર ગાયો હતી. ભગવતી સૂત્રના તુંગિયા નગરીના શ્રાવકોની રિદ્ધિનું વર્ણન કરતાં કહ્યું છે કે, શ્રાવકોને ત્યાં ગાય, ભેંસ, બકરાં આદિ પશુઓ ઘણાં હતાં. આ બધાં પશુઓ અસંયતી હોય છે. અને શ્રાવકો તેનું પાલનપોષણ કરે છે. કારણ કે જો પોષણ ન કરે તો પહેલા વ્રતનો પાંચમો અતિચાર "ભત્તપાણ વોછેએ" લાગે. આવી રીતે જેઓ સૂત્રપાઠ પલટાવીને ઊલટા અર્થ કરે છે, તેમને કર્મનો વજ્રબંધ થાય છે, માટે ભ્રમમાં ન પડતાં ઉપર દર્શાવેલો શાસ્ત્રોક્ત અર્થ માનવો જોઈએ અને દયા પાળવા તથા દાન દેવાથી વંચિત રહેવું ન જોઈએ. ઉપર્યુક્ત ૧૫ કર્માદાનનાં કાર્ય બંને લોકમાં ઘોર દુઃખનાં દેનાર છે એવું જાણી યથાશક્તિ તેનો ત્યાગ કરવો જોઈએ.

ઉક્ત ૧૫ કર્માદાન (કર્મબંધન)નાં કાર્ય છે. કેમ કે આ વેપારમાં ત્રસ જીવોની ઘણી હિંસા થાય છે. આમાંના કેટલાક વેપાર અનર્થકારી અને નિંદનીય શ્રાવકોએ કરવા યોગ્ય નથી, કદાચિત એ વેપારથી આજીવિકા ચાલતી હોય અને બીજો કોઈ ઉપાય ન હોય તો તેની મર્યાદા કરવી જોઈએ. જેમ કે આનંદજીએ ૫૦૦ હળની મર્યાદા રાખી, શકડાલજી કુંભાર નિંભાડા પકવીને જ ઉપજીવિકા ચલાવતા હતા. આ પ્રમાણે ૨૦ અતિચાર રહિત સાતમા વ્રતનું પાલન કરે છે તેનું મેરુ પર્વત જેટલું પાપ તો રોકાઈ જાય છે અને ફક્ત રાઈ જેટલું પાપ વ્યતીત કરી ભવિષ્યમાં સ્વર્ગ અને મોક્ષના અનંત સુખોનો ભોક્તા બને છે.

આઠમું અનર્થ દંડ વિરમણ વ્રત

દંડ બે પ્રકારના કહ્યા છે, ૧. અર્થ દંડ અને, ૨. અનર્થ દંડ.

૧. શરીર, કુટુંબ, આદિ આશ્રિતોનું પાલન–પોષણ કરવાને છકાય જીવોનો આરંભ કરવો પડે છે તે અર્થદંડ કહેવાય છે.

૨. વિના કારણ તથા જરૂરતથી વધારે પાપ કરવામાં આવે છે તે અનર્થદંડ કહેવાય છે.

અનર્થદંડને મુકાબલે અર્થદંડમાં પાપ ઓછું હોય છે. કેમકે તે કર્યા વિના સંસારનું ગાડું ચાલવું મુશ્કેલ છે. એટલા માટે અર્થદંડ શ્રાવકે કરવો પડે છે, તથાપિ શ્રાવક તેમાં અનુરક્ત બનતો નથી. જે કામમાં આરંભ થાય છે તે કરતા થકા અનુકંપા અને વિવેક રાખે છે, અને અવસર આવ્યે સર્વથા ત્યાગવાની અભિલાષા સેવે છે, અને જેમાં પોતાનો કશો સ્વાર્થ ન હોય એવાં હિંસાદિ પાપ બનતાં સુધી શ્રાવક કરતા નથી.

અનર્થદંડના મુખ્ય ૪ પ્રકાર કહ્યા છે.

૧. અપધ્યાનાચરિત—ખોટા વિચાર કરે. જેવા કે, (૧) ઈષ્ટકારી (સ્ત્રી, પુત્ર, સ્વજન, મિત્ર, સ્થાન, ખાન, પાન, વસ્ત્ર, ભૂષણ,

આદિ) પદાર્થોનો સંયોગ મળે ત્યારે આનંદમાં તલ્લીન બનીને હર્ષિત થવું અને ધન સ્વજનાદિના વિયોગે હાય હાય કરવું, માથું કૂટવું તેને આર્તધ્યાન કહે છે.

૨. હિંસાનાં, જૂઠનાં, ચોરીનાં કામમાં તથા ભોગોપભોગનાં સંરક્ષણનાં કામમાં આનંદ માનવો; દુશ્મનોની ઘાતનું કે નુકસાનનું ચિંતન કરવું તેને **રૌદ્રધ્યાન** કહે છે.

આ બન્ને પ્રકારનાં ધ્યાન ધ્યાવાં તે અપધ્યાન આચરિત અનર્થાદંડ છે. આ પ્રકારના વિચાર શ્રાવકે કરવા તે ઉચિત નથી. કદાચિત્ તેવા વિચારો મનમાં આવે તો ચિંતવવું કે રે ચેતન ! તું દેવતાઓનાં સુખ અને નરકનાં દુઃખ અનંત વાર ભોગવી આવ્યો છે. તેના અનંતમે ભાગે પણ આ સુખ-દુઃખ નથી. વળી, પાપારંભનાં કામોમાં આનંદ માનવાથી ચીકણાં કર્મ બંધાય છે. તે ભોગવતી વખતે ઘણું દુઃખ થાય છે, માટે વિના કારણ કર્મબંધ ન કર, ઈત્યાદિ વિચારથી સમભાવ ધારણ કરવો. એક મુહૂર્તથી અધિક ખોટો વિચાર રહેવા ન દેવો.

૨. પ્રમાદાચરિત—પ્રમાદનું આચરણ કરે.

પ્રમાદ પાંચ પ્રકારના છે.

मद विषय कसाया, निद्दा विकहा पंचमा भणिया ।
ए ए पंच पमाया, जीवा पाडंति संसारे ॥

અર્થ—(૧) મદ–જાતિ આદિ ૮ પ્રકારના મદ, (૨) વિષય –પાંચ ઇંદ્રિયોના ૨૩ વિષયોની લોલુપતા (૩) કષાય–ક્રોધાદિ ચાર કષાયનો ઉદ્ભાવ, (૪) નિદ્દા–નિદ્રા અને, (૫) વિકહા–સ્ત્રી આદિ ૪ પ્રકારની વિકથા. એ પાંચમાંથી એક એક પ્રમાદનું આચરણ કરનાર મહાપુરુષ પણ અનંત સંસાર પરિભ્રમણ કરે છે, તો જે પાંચેનું આચરણ કરશે તેની કેવી કુગતિ થશે ? માટે શ્રાવકોએ પાંચે પ્રમાદોને ઓછા કરવા સદૈવ ઉદ્યમવંત રહેવું જોઈએ.

બીજી રીતે પણ ૮ પ્રમાદ કહ્યા છે; (૧) અજ્ઞાનતામાં રમણ કરવું, (૨) વાતવાતમાં શંકા કરવી, (૩) પાપોત્પાદક કહાણીઓ, નોવેલ, કોકશાસ્ત્રાદિ પુસ્તકોનું પઠન, (૪) ધન, કુટુંબાદિ પર અત્યંત લુબ્ધ બનવું, (૫) દુશ્મન પર તથા મલિન વસ્તુ પર દ્વેષભાવ ધારણ કરવો. (૬) ધર્માત્માનો આદર સત્કાર ન કરવો, (૭) ધર્મકરણી આદર-પૂર્વક ન કરવી, અને, (૮) ખોટા વિચાર, ઉચ્ચાર અને આચારથી ત્રણ યોગોને મલિન કરવા. આ આઠ પ્રમાદ સંસાર સમુદ્ર તરવાના અભિલાષીએ સદૈવ ત્યાગવા જોઈએ. તેનાથી કોઈ પણ પ્રકારનો લાભ નથી અને કર્મબંધ તો સહેજે જ થઈ જાય છે.

કેટલાક લોકો ગંજીપો, ચોપાટ, શેતરંજ આદિની રમતોમાં, ફોગટના ગપોડા મારવામાં કે ખરાબ પુસ્તકો વાંચવામાં એવા તો મશગૂલ થઈ જાય છે કે તેમને વખતનો કે ભૂખ, તરસ, ટાઢ, તડકાનો પણ ખ્યાલ રહેતો નથી; આથી તેઓ અનેક વ્યાધિઓના ભોગ બની બેસે છે, તેમાંથી તરેહ તરેહના ઝઘડા ઉત્પન્ન થાય છે, સજ્જ-નોને પણ શત્રુ માની લે છે. રમતમાં જે હારી જાય છે તે અત્યંત શરમિંદા અને દુર્ધ્યાની બની જાય છે. આમ, ખેલતાં ખેલતાં તેને જુગારનો શોખ પણ લાગી જાય છે. પછી તે જુગારી સટ્ટાબાજ બની, ધન અને આબરૂની ધૂળધાણી કરી વખતે રાજનો પણ કેદી બની જાય છે અથવા અકાળ મૃત્યુ પામે છે.

સમયનો આ પ્રમાણે અપવ્યય કરવાને બદલે જો વ્યાખ્યાનશ્રવણ, ધર્મપુસ્તકનું પઠન, સત્પુરુષોના ગુણાનુવાદ કે સદુપદેશાદિ રૂડાં કાર્યમાં સદ્વ્યય કરે તો તે ધર્માત્મા સત્પુરુષ કહેવાય છે. અનેક મનુષ્યોના તે પ્રિય કે પૂજનીય બને છે. યશસ્વી અને સુખી થાય છે. આવું જાણી શ્રાવકોએ નિવૃત્તિનો સમય ખરાબ કામમાં ન વિતાવતાં ધર્મલાભ લેવો. કેટલાક અજ્ઞ મનુષ્યો નિર્દોષ માર્ગ છોડીને આડે માર્ગે ચાલે છે; તથા કાચી માટી, પાણી, લીલોતરી, કીડીયારાં આદિને ખૂંદતા ચાલે છે. વિના કારણ વૃક્ષની ડાળ, પાંદડાં, પુષ્પ આદિ તોડી નાખે છે. હાથમાં સોટી હોય તો વૃક્ષને, ગાયને કે શ્વાન આદિને મારતા ચાલે છે.

સારી જમીન છોડીને માટી, મીઠું કે અનાજના ઢગલા પર, ગુણો ઉપર કે લીલા ઘાસ ઉપર બેસી જાય છે. દૂધ, દહીં, ઘી, તેલ, પાણી, છાશ, વગેરેનાં વાસણ ઉઘાડાં મૂકી દે છે. ખાંડવું, દળવું, લીંપવું, રાંધવું, ધોવું, સીવવું, વગેરે કામ તથા ખાણિયો, સાંબેલું, ઘંટી, ચૂલો, વસ્ત્ર, વાસણ, વગેરે વસ્તુઓને વગર જોયે જ કામમાં લે છે, તેથી ઘણી વખત ત્રસ જીવની ઘાત થઈ જાય છે.

આ બધાં કામ પ્રમાદાચરિત જાણવાં. આમાં લાભ તો મુદ્દલ નથી, પરંતુ હિંસાદિ પાપોનું આચરણ થતાં વજ્ર કર્મબંધ થવા પામે છે, કે જે રોતાં પણ છૂટવાં મુશ્કેલ છે. આવું જાણી શ્રાવકોએ પ્રમાદાચરણ અનર્થાદંડ સેવવો ઉચિત નથી.

હિંસપ્પયાણં—હિંસાકારી શસ્ત્રોનું પ્રદાન, જે શસ્ત્રો વડે જીવની ઘાત થાય તેવાં શસ્ત્રો સંગ્રહી રાખે અને જરૂર પડતાં પાડોશી વગેરેને તેવાં શસ્ત્રો–છરી, ચાકુ, ત્રિકમ, કોદાળી, પાવડા, વગેરે વાપરવા આપે. આમ કરવામાં પોતાનો કશો સ્વાર્થ ન હોવા છતાં વિના કારણ પાપના ભાગીદાર થઈ પોતાના આત્માને દંડે છે. શ્રાવકે આવું કરવું તે ઉચિત નથી.

૪. **પાવકમ્મોવએસે**—પાપકર્મોપદેશ. પાપ કર્મનો ઉપદેશ. પાપકર્મનો ઉપદેશ આપે, જેમ કે ધર્મશાળા, દેવાલયને માટે મકાન બંધાવવામાં, કૂવાદિ જલાશય ખોદાવવા તથા બંધાવવામાં; તીર્થ–સ્નાનાદિ કરવામાં, ધર્મસ્થાનમાં પંખા લગાવવામાં, નગારાં, ઝાંઝ આદિ વાજિંત્ર બજાવવામાં, પત્ર, પુષ્પ, ફળ, ધાન્ય, આદિ દેવને ચડાવવામાં, માંકડ, મચ્છર, સાપ, વીંછી આદિ ક્ષુદ્ર જાનવરને મારવામાં; ભેંસ, બકરાં, પાડા, કૂકડા, આદિનો રુદ્રાણી, ભૈરવ આદિને ભોગ ચડાવવામાં; ઋતુદાન દેવામાં, લગ્નાદિ કરાવવામાં ઈત્યાદિ હિંસક કાર્યોમાં ધર્મ થાય છે એવો ઉપદેશ કરે. તથા લડાઈ ઝઘડાનો, બીજાને હેરાન કરવા ખોટા મુકર્દમા કરવાનો, ભોગનાં ૮૪ આસન વગેરે કોકશાસ્ત્રનો, જ્યોતિષ, નિમિત્તનો, યંત્ર મંત્ર તંત્રનો, ત્રસ જીવોની હિંસા થાય એવા ઔષધોપચારનાં શાસ્ત્રોનો ઉપદેશ કરે.

તેને સાંભળીને મનુષ્ય જે જે પાપકર્મનું આચરણ કરશે તે તે હિંસાનો ભાગીદાર તે ઉપદેશક બનશે તથા મિથ્યાધર્મની વૃદ્ધિ થવાથી અનેક આત્માઓ સંસારમાં ડૂબશે. તે બધાં પાપ તે ઉપદેશકને લાગે છે અને તેના હાથમાં કશું આવતું નથી. આવા અનર્થદંડથી પોતાના આત્માને દંડિત કરવો તે શ્રાવકને ઉચિત નથી, એટલા માટે આ અનર્થદંડનો બે કરણ અને ત્રણ જોગથી ત્યાગ કરી પ્રથમ વ્રત પ્રમાણે આ વ્રત પણ શ્રાવક અંગીકાર કરે છે.

આઠમા વ્રતના ૫ અતિચાર

૧. **કંદપ્પે**—કંદર્પ-કામોત્પાદક કથા કરે. જેમકે સ્ત્રીઓ સમક્ષ પુરુષના કે પુરુષો સમક્ષ સ્ત્રીના હાવભાવ, વિલાસ, ખાન, પાન, શૃંગાર, ભોગોપભોગ, ગમનાગમન, હાંસી, મશ્કરી, ગુપ્ત અંગોપાંગનું વર્ણન, ઇત્યાદિની વિકારોત્પાદક કથાઓ કરવાથી કહેનાર અને સાંભળનાર સર્વને વિકાર ઉત્પન્ન થાય, અનેક પ્રકારની માઠી કલ્પનાઓ જન્મ પામે, કુકર્મ કરવા પ્રેરાય, ઇત્યાદિ અનર્થ થવાથી અતિચાર લાગે છે.

૨. **કુક્કુઈએ**—કૌકુચ્ય અર્થાત્ કુચેષ્ટા, જેમ કે ભ્રકુટી ચડાવવી, આંખના ઇશારા કરવા, હોઠ વગાડવા, નાક મરોડવું, મુખ મલકાવવું, હાથપગની આંગળી વગાડવી, હાથપગ નચાવવા, હીન વચન અથવા બીભત્સ શબ્દોચ્ચાર કરી વિકારોદ્‌ભવ થાય તેવી અંગચેષ્ટા કરવી, તેવી જ રીતે હોળીના તહેવારોમાં નગ્ન પૂતળું બેસાડવું, નગ્ન રૂપ ધારણ કરી બીભત્સ નૃત્ય-ગાનાદિ કરવાં, કામવિકારની વૃદ્ધિ થાય એવાં નૃત્ય કરવાં, વગેરે પ્રવૃત્તિથી અતિચાર લાગે છે.

૩. **મોહરિએ**—મૌખર્ય, લુચ્ચાઇ આદિથી મુખનું નિરર્થક વાચાળપણું, બહુ બોલવાપણું, અથવા વેરીની પેઠે વચન બોલે, જે વચન બોલવાથી પોતાના અને પરના આત્મગુણોનું, દ્રવ્યનું કે મનુષ્યનું નુકસાન થાય, અસંબદ્ધ વચન બોલે, વચનની ચપળતા કરે, ગાળો દે. તુચ્છ વચન બોલે, ઇત્યાદિ ખરાબ વચનોચ્ચાર કરે તો અતિચાર લાગે. આવાં વચન બોલવાથી જગતમાં નિંદા થાય, ઝઘડા થાય, મારામારી

વગેરે અનેક આપત્તિ ઉત્પન્ન થાય છે. આવાં કૃત્ય અજ્ઞાની માણસો જ કરે છે. અજ્ઞાનીની દેખાદેખીથી શ્રાવક આવું કૃત્ય કરે જ નહિ છતાં કરે તો તેને અતિચાર લાગે.

૨. સંજુત્તાહિગરણે—સંયુક્તાધિકરણ–અર્થાત્ શસ્ત્રનો સંબંધ મેળવે. જેમકે ખાણિયો હોય તો સાંબેલું અને સાંબેલું હોય તો ખાણિયો નવો બનાવે. ઘંટીનું એક પડ હોય તો બીજું પડ નવું બનાવે. ચપ્પુ, છરી, તલવાર, વગેરેને હાથા કે મૂઠ બનાવે. ધાર બુઠ્ઠી થઈ ગઈ હોય તો તીક્ષ્ણ બનાવે. કુહાડી, ભાલાં, બરછી, વગેરેને હાથા કે ભલકા લગાવે. આમ, અપૂર્ણ ઉપકરણને પૂર્ણ કરવાથી તે શસ્ત્ર આરંભની વૃદ્ધિ કરનારું બની જાય છે. બીજો કોઈ માગે તો તેને પણ દેવું પડે છે તેથી અતિચાર લાગે છે. જો તે અપૂર્ણ હોય તો સહેજે બચી જવાય છે. આવું જાણી અપૂર્ણ શસ્ત્રને પ્રયોજન પૂર્ણ ન કરવું તથા આવશ્યકતાથી અધિક શસ્ત્રનો સંગ્રહ પણ ન કરવો.

ઘરમાં જે શસ્ત્રો હોય તેને પણ એવી રીતે ગુપ્ત રાખવા કે તે બીજાના હાથમાં જવા ન પામે. વળી, કેટલાક માનના ભૂખ્યા નાતપટેલ કે મહાજનના મોવડી બની બેસે છે અને લગ્ન, કારજ આદિ આરંભનાં કામમાં આગેવાન થઈને તાવડા બેસાડવાની, ખાંડ, સાકર, વગેરેની ચાસણી કરવાની, શાક વગેરે સુધારવાની આજ્ઞા આપે છે. તથા પાપારંભનાં કાર્યને ઉત્તેજન આપે છે. એવાં કામ પોતે કરે છે અને બીજા પાસે કરાવે છે.

દિવાળી, દશેરા, હોળી, આદિ પર્વને માટે લીંપણ, ગૂંપણ, રંગવું, ધોવું, રાંધવું, તળવું, મકાન ધોળાવવાં આદિ આરંભનાં કાર્યો બધાંની પહેલાં પ્રારંભ કરી દે છે. તે જોઈ બીજાઓ પણ આરંભ કરવા મંડી પડે છે. આથી તેવાં કામની પાપની ક્રિયાનો અધિકારી તે પ્રારંભ કરનાર બને છે, આ પણ અનર્થદંડ છે. આત્મા તેથી વિના કારણ દંડાય છે. માટે શ્રાવકોએ તેમ કરવું નહિ.

૫. ઉપભોગ પરિભોગ અઇરત્તે—ઉપભોગ—પરિભોગમાં અતિ આસક્ત બને. જેમકે નાટક, ચેટક, ખેલ, તમાશા, સ્ત્રી—પુરુષાદિના

રૂપનું નિરીક્ષણ કરવામાં, રાગ, રાગણી, વાજિંત્રો સાંભળવામાં, અત્તર, પુષ્પાદિની સુગંધમાં, મનોજ્ઞ રસવતીના ઉપભોગમાં, સ્ત્રી આદિના સંબંધમાં ઇત્યાદિ પ્રવૃત્તિમાં અતિ આસક્ત બને. વાહ! કેવી મજા પડે છે ! ! ઇત્યાદિ શબ્દોચ્ચાર કરે. આ પ્રમાણે ભોગોપભોગમાં મશગૂલ બનવાથી જીવ તીવ્ર રસે ચીકણાં અને દીર્ઘ સ્થિતિનાં કઠણ, દુર્ભેદ્ય કર્મો બાંધે છે. આવું જાણી શ્રાવક અપ્રાપ્ત ભોગોની ઇચ્છા માત્ર કરતા નથી, અને ભોગોમાં પણ લુબ્ધ બનતા નથી.

લાલા રણજિતસિંહજીએ બૃહદાલોયણામાં કહ્યું છે કે—

समझा संके पापसे, जन समझा हर्षन्त;
वे लुक्खे चीकने, इस विध कर्म बँधन्त.
समझ सार संसारमें, समझा टाले दोष,
समझ समझ कर जीवडे, गये अनंते मोक्ष.

અર્થ—સમજુ માણસ તો પાપકર્મનું આચરણ કરતો જ નથી. કદાચિત્ કારણવશાત્ કરવું પડે તો તે મનમાં શંકાય છે. પાપથી ડરીને કામ કરે છે તેથી તેની રુક્ષવૃત્તિ રહે છે. આને લીધે જેમ રેતીની મૂઠી ભીંત ઉપર ફેંકવાથી ત્યાં ચોંટતી નથી પણ તરત નીચે પડી જાય છે, તેવી જ રીતે તેનાં કર્મ પણ તપ, જપ અને પશ્ચાત્તાપાદિ કરવાથી છૂટી જાય છે.

સંસારમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યાનો સાર એજ છે કે, સમજણ (જ્ઞાન) પ્રાપ્ત કરી જ્ઞાની બનવું. જ્ઞાની હશે તે પાપ પુણ્યનાં ફળને યથાતથ્ય સમજશે. પુણ્યનાં ફળ સુખદાતા અને પાપનાં ફળ દુઃખદાતા છે એવું જ્ઞાન જેનામાં હશે તે પુણ્યની વૃદ્ધિ કરશે અને પાપને કમી કરતાં કરતાં કોઈ વખતે તે સર્વ—પાપરહિત બની જશે અને પુણ્યથી સ્વભાવતઃ નિવૃત્તિ પામીને મોક્ષ પ્રાપ્ત કરી લેશે.

હવે જે અજ્ઞાની મનુષ્ય છે તે પાપાચરણ કરીને આનંદ પામશે. આથી જેમ ભીનો ચીકણો કાદવ ભીંત ઉપર ફેંકવાથી તે ત્યાં તરત

ચોંટી જાય છે અને મુશ્કેલીએ ત્યાંથી છૂટો પડે છે, તેવી જ રીતે તેનાં કર્મ પણ નરક તિર્યંચાદિ દુર્ગતિનાં મહાદુઃખ દેનારાં રોતાં રોતાં ભોગવ્યા છતાં જલદી છુટકારો ન થઈ શકે તેવાં ચીકણાં બંધાય છે. રુક્ષતાથી ભોગોપભોગ ભોગવો, ચાહે લુબ્ધતાથી ભોગવો, જેમકે સાકરને રુક્ષભાવે ખાનારને પણ તે મીઠી લાગે છે અને લોલુપતાથી ખાનારને પણ તે મીઠી લાગશે. તો પછી લુબ્ધ બનીને ચીકણાં કર્મ શા માટે બાંધવાં ? અલ્પ સુખને માટે મહાદુઃખ ઉપાર્જન કરી લેવું તે સુજ્ઞ મનુષ્યોને ઉચિત નથી.

આઠમા વ્રતનું આ સંક્ષિપ્ત સ્વરૂપ સમજી જઈને જેટલાં અનર્થદંડનાં કામ છે તેનાથી સુજ્ઞ શ્રાવકોએ પોતાના આત્માને બચાવવો, કે જેથી તે અનેક પ્રકારનાં પાપોથી અને ચીકણાં કર્મબંધનથી બચી જઈ આ જગતમાં સુખોપજીવી થઈ ભવિષ્યમાં સ્વર્ગ અને મોક્ષનાં સુખો પ્રાપ્ત કરી શકશે. ઉપર્યુક્ત ૫ અણુવ્રત અને ૩ ગુણવ્રત એ આઠ વ્રત જાવજ્જીવ ધારણ કરી શકાય છે.

૪. શિક્ષા વ્રત

૧. જેવી રીતે રત્નાદિ મૂલ્યવાન પદાર્થ કોઈને સોંપીને આપણે એવી શિખામણ આપીએ છીએ કે, આને રૂડી રીતે સાચવજો, ગુમાવશો નહિ, તેવી જ રીતે ઉક્ત આઠ વ્રતાચરણ રૂપ રત્નની પ્રાપ્તિ કરનાર જીવોને નીચે જણાવેલાં ચાર વ્રતોમાં પ્રવૃત્તિ કરવાથી ભૂતકાળમાં લાગેલાં પાપોની સમજ અને ભવિષ્યમાં નિર્દોષ રહેવાની સાવધાનીરૂપ શિક્ષા (શિક્ષણ) પ્રાપ્ત થાય છે, આથી તે શિક્ષાવ્રત કહેવાય છે.

૨. જેમ પાઠક શિક્ષકની ઉપાસના કરી વિદ્યાપાત્ર બની સંસારમાં સુખી થાય છે તેવી જ રીતે નિમ્નોક્ત ચારે શિક્ષાવ્રતો અંગીકાર કરનાર જીવો આઠે વ્રતોનું વારંવાર સ્મરણ ચિંતન આદિ કરી તેનો સુખથી નિર્વાહ થઈ શકે તે પ્રકારનું આત્મબળ પ્રાપ્ત કરે છે તે કારણે પણ તે શિક્ષાવ્રત કહેવાય છે.

શિક્ષાવ્રત આત્મભાવમાં દાખલ થવાનો અભ્યાસ કરાવે છે, અનુભવજ્ઞાન સ્વાનુભૂતિ શીખવે છે.

૯ નવમું સામાયિક વ્રત

જીવાજીવ સર્વ પદાર્થો પર તથા શત્રુ મિત્ર પર જ્યારે સમભાવ થવારૂપ લાભની પ્રાપ્તિ થાય ત્યારે તે નિશ્ચય સામાયિક [1] કહેવાય. સામાયિક કરતી વખતે સંસારનાં સર્વ કાર્યોથી નિવૃત્તિભાવ ધારણ કરી પૃથ્વી, પાણી, અગ્નિ, પુષ્પ, ફળ, ધાન્યાદિ જે સચિત વસ્તુ છે તે બધાથી અલગ એકાંત સ્થાન—પોષધશાળા, ઉપાશ્રય, સ્થાનકાદિમાં સાંસારિક સ્વરૂપનાં દર્શક પાઘડી, અંગરખુ, દાગીના[2] વગેરે દૂર કરી, ઓઢવાના વસ્ત્રમાં કોઈ પણ સચેત વસ્તુ કે જંતુ આદિ રહેવા ન પામે તેટલા માટે તેનું પ્રતિલેખન કરી નિર્જીવ ફાસુક ભૂમિકાને ગુચ્છા કે પોંજણીથી પોંજી પ્રમાર્જી એક આસન (પાથરણું) ઊન, સૂતર કે શણનું બિછાવે તેમજ આઠ પડવાળી મુહપત્તી[3] પડિલેહીને (બારીકાઈથી નજરે જોઈને) મુખ પર બાંધે.

પછી સાધુ સાધ્વીજી હોય તો તેમને નમસ્કાર કરી સામાયિકની આજ્ઞા માગે. ન હોય તો પૂર્વ તથા ઉત્તર દિશા સન્મુખ મુખ રાખી પ્રથમ નવકાર મંત્ર ભણે, પછી શ્રી સીમંધરસ્વામીને 'તિખ્ખુત્તો'—ત્રણ વાર ઊઠબેસ કરી, 'આયાહિણ'—બે હાથ જોડી, જમણા કાનથી ફરી

---

૧ **सम**=સમભાવ+**आय**=લાભ+**इक**—વાળું—જેનાથી સમભાવનો લાભ થાય તે સામાયિક અથવા જેમાં આત્માનો શાંત રસ પ્રાપ્ત કરનાર જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપનો લાભ તે સામાયિક.

૨ ઉપાસક દશાંગ સૂત્રમાં કુંડકોલિક શ્રાવકે સામાયિક કર્યું હતું ત્યારે નામાંકિત મુદ્રિકા (વીંટી) દૂર રાખી હતી. આથી એમ સમજાય છે કે, સામાયિકમાં અંગ ઉપર કોઈ પ્રકારનો દાગીનો રાખવો ન જોઈએ.

૩ एगवीसंगुलायाय, सोलसंगुल विच्छिणो । चउक्कार संजुयाय, मुहपत्ति अेरिसा होइ ॥

અર્થ—૨૧ અંગુલ લાંબા અને ૧૬ અંગુલ પહોળા વસ્ત્ર ખંડનાં આઠ પડ કરીને તેના મધ્યમાં દોરો નાખીને મુખ પર બાંધે તેને મુહપત્તી કહેવાય છે.

मुहणंतगेण कण्णाट्ठिया विणा बंधइ जे कोवि सावाए
धम्म किरियाय करंति, तस्स अेकारस्स सामाधिएणं पायच्छितं भवई ॥

અર્થાત્—મુહપત્તી બાંધ્યા વિના સામાયિક કરે તો ૧૧ સામાયિકનું પ્રાયશ્ચિત્ત આવે.

જમણા કાન સુધી 'પયાહિણ'–પ્રદક્ષિણા કરીને, 'વંદામિ'–ગુણગ્રામ કરે, 'નમંસામિ'–નમસ્કાર કરે, 'સક્કારેમિ'–સત્કાર દે, 'સમ્માણેમિ'–સન્માન દે, 'કલ્લાણં'–કલ્યાણકારી જાણે, 'મંગલં'–મંગલકારી માને, 'દેવયં'–ધર્મદેવ[1]માને 'ચેઇયં'–જ્ઞાનવંત માને, 'પજ્જુવાસામિ'–પર્યુપાસના–સેવા કરે 'મત્થએણ–વંદામિ' મસ્તકે કરી વંદે.

આ પાઠથી નમસ્કાર કરીને પછી ઊભા રહીને કહે કે, અહો ભગવન્ ! આપની આજ્ઞા હોય તો હું સામાયિક વ્રત આદરું. આ પછી 'ઇચ્છામિ પડિક્કમિઉં' ઇચ્છું છું પાપથી નિવર્તવાને, 'ઇરિયાવહિયાએ'–રસ્તામાં ચાલતાં, 'વિરાહણાએ'–વિરાધના થઈ હોય, 'ગમણાગમણે'–ગમનાગમન કરતાં, 'પાણક્કમણે'–પ્રાણીને કચર્યાં હોય, 'બીયક્કમણે'–બીજ કચર્યાં હોય, 'હરિયક્કમણે'–વનસ્પતિ કચરી હોય, 'ઓસા' ઝાકળનું પાણી, ઉત્તિંગ–કીડીઓનાં દર, 'પણગ'–લીલ ફુગ. 'દગ'–પાણી, 'મટ્ટી'–માટી, 'મક્કડા'–કરોળિયાનાં પડ, 'સંતાણા'–કરોળિયાની જાળ, 'સંક્કમણે'–કચર્યાં હોય, 'જે મે જીવા વિરાહિયા'–મેં જે કોઈ જીવની વિરાધના કરી હોય, 'એગિંદિયા'–એકેન્દ્રિય, 'બેઇંદિયા'–બેઇંદ્રિય, 'તેઈંદિયા'–તેઈંદ્રિય, 'ચઉરિંદિયા'–ચતુરિંદ્રિય, પંચિન્દિયા'–પંચેન્દ્રિય, 'અભિહયા' સામા આવતાં હણ્યા હોય, 'વત્તિયા'–ધૂળ આદિથી ઢાંક્યા હોય, 'લેસિયા'–મસળ્યા હોય, 'સંઘાઇયા'–માંહોમાંહે અથડાવ્યા હોય, 'સંઘટ્ટિયા'–સ્પર્શ કર્યો હોય, 'પરિયાવિયા' પરિતાપ ઉપજાવ્યો હોય, 'કિલામિયા'–દુઃખ દીધું હોય, 'ઉદ્દવિયા'–ફાળ પાડી હોય, 'ઠાણાઓઠાણં'–એક સ્થાનેથી બીજે સ્થાને 'સંકામિયા'–મૂક્યા હોય, 'જીવિયાઓ'–જીવતરથી 'વવરોવિયા'–જુદા કર્યા હોય' 'તસ્સ મિચ્છામિ દુક્કડં'–તે ખોટું કીધેલું નિષ્ફળ થાઓ.

તસ્સ ઉત્તરીકરણેણં–તેને વિશેષ શુદ્ધ કરવા માટે, 'પાયચ્છિત્ત કરણેણં'–પ્રાયશ્ચિત કરવા માટે, 'વિસોહીકરણેણં'–વિશુદ્ધિકરવા કરવા માટે 'વિસલ્લી

---

૧ ભગવતી સૂત્રમાં ૫ પ્રકારના દેવ કહ્યા છે : ૧. 'ભવિય દ્રવ્ય દેવ'–જે જીવો મરીને દેવતા થશે તે, ૨. 'નરદેવ–ચક્રવર્તી' મહારાજા, ૩. 'દેવાધિદેવ–તીર્થંકર ભગવાન, ૪. 'ધર્મદેવ'–સાધુ મુનિરાજ અને, ૫. 'ભાવદેવ'–ચારે જાતિના દેવોને કહેવાય છે.

કરણેણું'' શલ્યરહિત કરવા માટે,'પાવાણું કમ્માણું'–પાપકર્મોને,નિગ્ઘાયણટ્ઠાએ' –ટાળવાને, 'ઠામિકાઉસ્સગ્ગ''–કાયોત્સર્ગ કરું છું, અન્નત્થ–આટલી છૂટ રાખું છું, 'ઊસસિએણું'–ઊંચો શ્વાસ લેવાથી, નીસસિએણું'–નીચો શ્વાસ મૂકવાથી 'ખાસિએણું'–ખાંસી–ઉધરસ આવવાથી, 'છીએણું'–છીંક આવવાથી, 'જંભાઈએણું''–બગાસું આવવાથી. ઉડ્ડુએણું''–ઓડકાર આવવાથી, 'વાયનિસગ્ગેણું''–વા સરવાથી, 'ભમલિએ'–ચક્કર આવવાથી, 'પિત્તમુચ્છાએ'–પિત્તકોપથી–મૂર્છા આવવાથી, 'સુહુમેહિં અંગસંચાલેહિં' —જરાક શરીર હલવાથી, 'સુહુમેહિં ખેલસંચાલેહિં'—જરાક બળખો હલવાથી, 'સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં'—જરાક દૃષ્ટિ હલવાથી. 'એવમાઈએહિં''—એ વગેરે, 'આગારેહિં''—આગાર એટલે છૂટથી,' અભગ્ગો' —અભંગ, 'અવિરાહિઓ'—અખંડિત, 'હુજ્જ'—હોજો, 'મે'–મારો, કાઉસ્સગ્ગો–કાઉસ્સગ્ગ, 'જાવ'—જ્યાં સુધી, 'અરિહંતાણં ભગવંતાણં'—અરિહંતભગવંતોને ''નમોક્કારેણં''—નમસ્કાર કરીને, 'ન પારેમિ'—પારું નહિ, 'તાવ'—ત્યાં સુધી, 'કાય''—કાયાને, 'ઠાણેણં''—સ્થિર રાખીને, 'મોણેણું'....મૌન રહીને, 'ઝાણેણં''—ધ્યાન વડે 'અપ્પાણં''—આત્માને 'વોસિરામિ'—પાપથી દૂર કરું છું. (આ પ્રમાણે પાઠ કહીને બન્ને હાથ બરાબર સીધા લટકતા રાખી; પગના અંગૂઠા ઉપર દૃષ્ટિ રાખી સ્થિર થઈ ઇરિયાવહીનો કાઉસ્સગ્ગ કરે, અને નમો અરિહંતાણં કહી કાઉસ્સગ્ગ પારે) પછી બે હાથ જોડી નીચે પ્રમાણે સામાયિકનો પાંચમો પાઠ કહે—

'લોગસ્સ ઉજ્જોયગરે'—લોકમાં ઉદ્યોત કરનાર, 'ધમ્મતિત્થયરે' —ધર્મરૂપ તીર્થના સ્થાપનાર, 'જિણે'—રાગદ્વેષ જીતનાર, 'અરિહંતે' —અર્હન્તોને, 'કિત્તઈસ્સં''—સ્તવીશ, 'ચઉવિસં પિ કેવલી—ચોવીસ તીર્થંકરઃ અને કેવળજ્ઞાની, 'ઉસભ''—૧. ઋષભદેવ, 'મજિયંચ'—અને ૨. અજીતનાથને, 'વંદે'—વાંદુ છું, 'સંભવ'—૩. સંભવનાથ, 'મભિનંદણં ચ'—અને ૪. અભિનંદન, 'સુમઈં ચ'—૫. સુમતિનાથ અને પઉમપ્પહં' —૬. પદ્મપ્રભ, 'સુપાસં—૭. સુપાર્શ્વનાથ, 'જિણં'—જિન 'ચ'—અને 'ચંદપ્પહં'—૮ ચંદ્રપ્રભ, 'વંદે'–વાંદુ છું. 'સુવિહિં' ચ ૯. સુવિધિનાથ, પુષ્ફદંત'' બીજું નામ પુષ્પદંત, 'સીઅલ'–૧૦. શીતળનાથ, 'સિજ્જંસ'–૧૧.

શ્રેયાંસનાથ, 'વાસુપુજ્જં'ચ –૧૨. વાસુપૂજ્ય અને 'વિમલ'–૧૩ વિમલનાથ, 'મણુંત ચ'–અને ૧૪. અનંતનાથ 'જિણું–જિન, 'ધમ્મ''–૧૫. ધર્મનાથ 'સંતિ'–૧૬.-શાંતિનાથ,'ચ'–અને 'વંદામિ'–વાંદુ છું. કુંથું.–૧૭.કુંથુનાથ, 'અરં ચ'–અને ૧૮. અરનાથ, 'મલ્લિં'–૧૯. મલ્લિનાથ, 'વંદે'–વાંદુ છું. 'મુણિસુવ્વય''–૨૦. મુનિસુવ્રત,'નમિજિણં ચ' અને–૨૧. નમિ જિનેશ્વરને, 'વંદામિ'–વાંદુ છું. 'રિટ્ઠ નેમિં'–૨૨. નેમિનાથ, 'પાસં'–૨૩. પાર્શ્વનાથ 'તહ'–તેમજ 'વદ્ધમાણં ચ'–૨૪. વર્દ્ધમાન સ્વામીને, 'એવ''–એ પ્રમાણે 'મએ'–મેં'', અભિથુયા'–સ્તુતિ કરી. 'વિહુયરયમલા'–કર્મરૂપ રજમેલને ટાળ્યા છે, 'પહીણ જર–મરણા'–જરા અને મૃત્યુના દુઃખને ખપાવ્યાં છે, ચઉવિસં પિ જિણવરા'–ચોવીસે જિનેશ્વર 'તિત્થયરા મે પસીયંતુ'–તીર્થ-કરો મારા ઉપર પ્રસન્ન થાઓ, 'કિત્તિય'–વચનથી કીર્તન કર્યું', 'વંદિય' કાયાથી વાંધા, મહિયા'–મનથી બહુમાન–સેવા ભક્તિ કરી, 'જે એ લોગસ્સ'–જે આ લોકમાં 'ઉત્તમાસિદ્ધા' ઉત્તમ સિદ્ધ ભગવંત, 'આરૂગ્ગ–રોગ રહિત, 'બોહિલાભ'' સમકિતની પ્રાપ્તિ 'સમાહિ વર મુત્તમ'' ઉત્તમ સમાધિ, 'દિંતુ–આપો. 'ચંદેસુ નિમ્મલયરા'–આપ ચંદ્રમાથી અધિક નિર્મળ છો, 'આઇચ્ચેસુ અહિયં પયાસયરા'–સૂર્યથી અધિક પ્રકાશ કર–નારા, 'સાગર વર ગંભીરા'–મોટા સાગર જેવા ગંભીર, 'સિદ્ધા સિદ્ધ' મમ દિસંતુ'–હે ભગવંતો મને સિધ્ધપદ (મોક્ષ) આપો. (આ પ્રમાણે વિધિ કરીને જે સાધુ, સાધ્વી કે વડીલ શ્રાવક હાજર હોય તેમની પાસેથી અને કોઈ મોટેરા ન હોય તો ઇશાન કોણ તરફ મુખ રાખી હાથ જોડી પછી નીચે મુજબ સામાયિક અંગીકાર કરવાનો પાઠ બોલવો.)

'કરેમિ'–કરું છું, 'ભંતે–અહો ભગવાન્! સામાઇયં''–સામાયિક વ્રત. 'સાવજ્જ જોગં' પચ્ચખ્ખામિ'–પાપકારી વ્યાપારની બંધી, 'જાવ નિયમં'–જ્યાં સુધી નિયમને (એક સામાયિક માટે ૪૮ મિનિટ) 'પજ્જુવાસામિ'–સેવું. પાલન કરું ત્યાં સુધી, 'દુવિહં,–બે કરણે અને ''તિવિહેણું''–ત્રણ જોગે પાપનાં કામ, 'ન કરેમિ'–હું કરું નહિ, 'ન કારવેમિ'–કરાવું નહિ, 'મણસા'–મને કરી, 'વયસા' વચને કરી, 'કાયસા'

—કાયાએ કરી * 'તસ્સ' તે પાપ વ્યાપારોને 'ભંતે'—અહો ભગવાન ! 'પડિક્કમામિ'—પ્રતિક્રમું છું, 'નિંદામિ'—નિંદું છું. 'ગરહામિ'—ગુરુ સાક્ષીએ નિંદું છું. અપ્પાણં વોસરામિ—આત્માને પાપ કાર્યોથી અલગ રાખું છું. આ પ્રમાણે વ્રત ગ્રહણ કરી, પછી ડાબો ઢીંચણ ઊંચો રાખી બેસે અને બે હાથ જોડી પ્રથમ સિદ્ધને અને પછી અરિહંતને એમ નમોત્થુણં બોલે.

નવમા વ્રતના ૫ અતિચાર

૧. **'મણ દુપ્પણિહાણે'** મનમાં ખરાબ વિચાર કરે તો અતિચાર લાગે. જંગલી ઘોડાની પેઠે મન સન્માર્ગ છોડી ઉન્માર્ગે દોડી જાય છે, તેટલા માટે જ્ઞાનરૂપ લગામથી મનરૂપ ઘોડાને કાબૂમાં રાખી સન્માર્ગે પ્રવર્તાવવો તે સામાયિકધારી શ્રાવકનું કર્તવ્ય છે.

મનના ૧૦ દોષ કહ્યા છે.

(૧) 'અવિવેક દોષ'—વિવેક વિના સામાયિક કરે તે

(૩) 'લાભવાંછા દોષ'—ધનાદિ લાભની ઇચ્છાથી કરે તે.

(૨) 'યશોવાંછા દોષ'—યશકીર્તિ અર્થે કરે તે.

(૪) 'ગર્વ દોષ'—મારા જેવું શુદ્ધ સામાયિક કોણ કરી શકે એવો ગર્વ કરે તે.

(૫) 'ભયદોષ'—કોઈ વ્યક્તિ કે નિંદાના ભયથી સામાયિક કરે તે.

(૬) 'નિદાન દોષ'—સામાયિક કરીને તેનું ફળ ધન, સ્ત્રી, આદિ ઇચ્છે તે.

---

૧ બે કરણ અને ત્રણ જોગના છ ભાંગા થાય છે, ૨. કરું નહિ મનથી, ૨. કરું નહિ—વચનથી, ૩. કરું નહિ કાયાથી, ૪. કરાવું નહિ મનથી, ૫. કરાવું નહિ વચનથી, ૬. કરાવું નહિ કાયાથી, આમાં અનુમોદના એટલે ભલું જાણવાના ૩ ભાંગા ખુલ્લા રહી જાય છે. કારણ કે ગૃહસ્થથી મનોનિગ્રહ થવો બહુ મુશ્કેલ છે. જેમ કે, સામાયિક અંગીકાર કર્યા પછી કોઈ કહે કે તમારે પુત્રાદિનો લાભ થયો છે ઇત્યાદિ આવાં વચન સાંભળતાં મનમાં ખુશાલી ઊપજે છે. વચનથી હુંકારાદિ શબ્દ નીકળી જાય છે અને કાયા પ્રફુલ્લિત પણ બની જાય છે. એટલા માટે અનુમોદનાના ત્રણે બોલ શ્રાવક શ્રાવિકા ખુલ્લા રાખે છે.

(૭) 'સંશય દોષ'–સામાયિકનું ફળ હશે કે નહિ એવો સંદેહ આણે તે.

(૮) કષાય દોષ–સામાયિકમાં ક્રોધ, માન, માયા, લોભ કરે તે.

(૯) અવિનય દોષ–દેવ, ગુરુ અને ધર્મની આશાતના કરવી તે.

(૧૦) 'અબહુમાન દોષ'–બહુ માનથી, ભક્તિપૂર્વક સામાયિક ન કરે તે.

આ દસ પ્રકારના દોષ ટાળીને સામાયિક કરવું.

૨. 'વય દુપ્પણિહાણે'–વચન માઠું પ્રવર્તાવે–ખરાબ વચન બોલે. ઘણું બોલ બોલ કરવાથી સહજમાં સાવદ્ય વચન બોલાઈ જાય છે, માટે સામાયિકમાં વિના પ્રયોજન બોલવું નહિ અને પ્રયોજન હોય તો નીચેના ૧૦ દોષ ટાળીને બોલવું.

(૧) 'કુવચન દોષ'–સામાયિકમાં કુવચન બોલે.

(૨) સહસ્સાત્કાર દોષ'–વિચાર્યા વગર બોલે

(૩) 'સ્નેહ દોષ'–સામાયિકમાં રાગ ઉત્પન્ન કરનારાં સંસાર સંબંધી ગાયન ગાય.

(૪) સંક્ષેપ દોષ–સામાયિકનાં પાઠ અને વાક્યો ટૂંકી રીતે બોલે.

(૫) 'કલહ દોષ–કલહકારી વચન બોલે.

(૬) 'વિકથા દોષ'–સ્ત્રીકથા વગેરે ૪ વિકથા કરે.

(૭) 'હાસ્ય દોષ–કોઈની હાંસી મશ્કરી કરે.

(૮) 'અશુદ્ધિ દોષ'–સૂત્રપાઠ ન્યૂનાધિક કે અશુદ્ધ બોલે.

(૯) 'નિરપેક્ષા દોષ'–સામાયિકમાં ઉપયોગ વિના બોલે.

(૧૦) 'મુમ્મણ દોષ'–સ્પષ્ટ ઉચ્ચાર ન કરતાં ગુંણુ ગુંણુ અવાજથી બોલે.

૩. કાય દુપ્પણિહાણે—શરીરની અધિક ચપળતા કરવાથી દોષ લાગે છે. માટે સામાયિકમાં વિના પ્રયોજન હલન ચલન કરવું નહિ અને કાયાના ૧૨ દોષ વર્જીને સામાયિક કરવું.

(૧) 'કુઆસન દોષ'–સામયિકમાં અયોગ્ય આસનથી બેસે.

(૨) 'ચલાસન દોષ'–સામાયિકમાં સ્થિર આસન રાખે નહિ. આસન બદલે, ચપળતા કરે.

(૩) 'ચલદૃષ્ટિ દોષ'–સામાયિકમાં દૃષ્ટિ સ્થિર ન રાખતાં જ્યાં ત્યાં નજર ફેરવે.

(૪) 'સાવદ્યક્રિયા દોષ'–સામાયિકમાં કંઈ પાપક્રિયા કે તેની સંજ્ઞા કરે.

(૫) 'આલંબન દોષ'–સામાયિકમાં ભીંતાદિકનું ઓઠીંગણ લે.

(૬) 'આકુંચન પ્રસારણ દોષ'–સામાયિકમાં વિના પ્રયોજન હાથ–પગ લાંબા–ટૂંકા કરે.

(૭) 'આલસ્ય દોષ'–સામાયિકમાં અંગ મરોડે, બગાસાં ખાય.

(૮) 'મોટન દોષ'–હાથપગના ટચાકા ફોડે.

(૯) 'મલ દોષ–સામાયિકમાં મેલ ઉતારે.

(૧૦) 'વિમાસણ દોષ'–લમણે કે ગાલે હાથે રાખી શોકાસને બેસે, પૂંજ્યા વિના ખણે, પૂંજ્યા વિના હાલેચાલે.

(૧૧) 'નિદ્રા દોષ'–સામાયિકમાં નિંદ્રા લે.

(૧૨) 'વસ્ત્રસંકોચન દોષ'–સામાયિકમાં ટાઢ પ્રમુખની બીકથી વસ્ત્ર સંકોચે તે.

ઉપર કહેલા કાયાના ૧૨ દોષ ટાળીને સામાયિક કરવું.

આમ ૩૨ દોષરહિત સામાયિક વ્રતનું પાલન કરવાથી શુદ્ધ સામાયિક થાય છે.

૪ '**સામાઇયસ્સ સઇ અકરણયાએ**'–નિદ્રા, મૂર્છા, ચિત્તભ્રમ, આદિ કારણથી સામાયિકના કાળમાં સંશય ઉત્પન્ન થાય કે, વખત પૂરો થયો કે નહિ? તો જ્યાં સુધી એ સંશયનું નિરાકરણ ન થાય, સમય પૂરો થયાનો નિશ્ચય ન થાય અને સામાયિક પારે તો અતિચાર લાગે. જેવું જોઈએ તેવું બરાબર વ્રત ન થયું હોય તો અતિચાર.

૫. **'સામાઇયસ્સ અણુવઠિયસ્સ કરણયાએ'**–સામાયિક અવ્યસ્થિતપણે કર્યું હોય, નિંદા, વિકથા, આદિ પ્રપંચમાં પડીને સામાયિકનો કાળ વ્યર્થ ગુમાવે.

ઉપર્યુક્ત **પાંચે** અતિચાર રહિત શુદ્ધ સામાયિક સમાચરવાથી નવમા વ્રતનું આરાધન થાય છે.

પ્રશ્ન-આ કાળમાં આવું શુદ્ધ સામાયિક થવું મુશ્કેલ છે. તેથી અશુદ્ધ સામાયિક કરવા કરતાં ન જ કરીએ તો શું?

સમાધાન-આ કથન તો એવું થયું કે, ખાવું તો પકવાન્ન જ ખાવું, નહિ તો ભૂખે મરી જવું; પહેરવું તો રત્નકંબલ જ પહેરવું, નહિ તો નાગા ફરવું. આવા વિચારવાળા વણમોતે મરશે. પરંતુ પકવાન્ન ખાવાની ઈચ્છા મનમાં હોવા છતાં જ્યાં સુધી પકવાન્ન ન મળે ત્યાં સુધી રોટલા રોટલીથી કામ ચલાવશે અને પકવાન્ન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતો રહેશે તો વખત આવ્યે પકવાન્ન પણ પ્રાપ્ત કરી શકશે.

આવી જ રીતે, ઊતરતા કાળના કારણે, સંઘયણની હીનતાને લીધે તથા પ્રમાદાદિના કારણથી કદાચિત્ શુદ્ધ સામાયિક ન બની શકે તો જેવું બને તેવું કરે. દોષ લાગી જાય તેનો પશ્ચાત્તાપ કરે, અને શુદ્ધ કરવાનો ઉદ્યમ જારી રાખે તો કોઈક વખતે શુદ્ધ સામાયિક પણ કરી શકશો. જેટલી સાકર નાખશો તેટલી મિઠાશ જરૂર આવશે.

યાદ રાખવું કે કોઈ પણ કામ એકદમ સુધરી જવું મુશ્કેલ છે. વિદ્યા પ્રાપ્ત કરવી એ બહુ દુષ્કર છે એમ જાણી કોઈ ભણવું જ છોડી દે, તો તે મૂર્ખ જ ગણાય અથવા પ્રથમ છાપેલ અક્ષર જેવા સુંદર અક્ષર ન થવાથી લખવું જ છોડી દે તો તે પણ મૂઢ ગણાય, પછી તેને સુધરવાની આશા આકાશકુસુમવત્ છે.

'પઢતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય' એ ન્યાયે હંમેશ સામાયિક કરતાં કરતાં કોઈ વખતે શુદ્ધ સામાયિક પણ બની જશે. એક સમય માત્ર પણ સમભાવ આવી જાય તો તે નિશ્ચય સામાયિક

થઈ જાય છે, તો શું એક મુહૂર્ત જેટલા કાળમાં એક સમય પણ શુદ્ધ પરિણામ નહિ આવે? શુદ્ધ સામાયિક કરવાના ઉદ્યમીને એક સમય તો શું પણ વિશેષ કાળ સુધી પરિણામ શુદ્ધ રહી શકે છે. આવો વિશ્વાસ રાખીને હંમેશાં બને તેટલાં સામાયિક અવશ્ય કરવાં જોઈએ.

સામાયિક વ્રત એ **સંયમ ધર્મની** વાનગી છે. સંયમ જાવજ્જીવનો હોવાથી સંયમી સાધુજી શાસ્ત્રવિધિ પ્રમાણે ખાન, પાન, શયનાદિ કરી શકે છે. અને ગૃહસ્થનું સામાયિક વ્રત સ્વલ્પ કાળનું હોવાથી તેઓ ખાન, પાન, શયનાદિ કરી શકતા નથી.

સામાયિકનું ફળ

આર્યા:–दिवस दिवस लक्खं, देइ सुवणस्स खंडियं एगो ।
इयरो पुण्ण सामाइयं, न पहुप्पहो तस्स कोइ ॥

[સંબોધ સિત્તરી]

અર્થ–નિત્યપ્રતિ લાખ ખાંડી સોનાનું લાખ વર્ષ પર્યંત * કોઈ દાન દે તેનું પુણ્ય તે એક સામાયિક વ્રતના ફળની બરાબરી કરી શકે નહિ. કારણ કે તે દાન પુણ્યવૃદ્ધિનું કારણ છે. તેથી ભવિષ્યમાં સુખ સંપદાની પ્રાપ્તિ થઈ શકે છે, પરંતુ સામાયિક તો ભવભ્રમણથી છોડાવી મોક્ષનાં અનંત સુખોને આપનારું છે.

ગાથા–सामाइयं कुणतो समभावं, सावओ घडीय दुग्गं ।
आउ सुरस्स बंधइ, इति अगिताई पलियाइं ॥१॥
वाणवइ कोडिओ, लक्ख गुणसट्ठी सहस्सं पणवीसं ।
नवसीए पणवीसाए; सत्तिय अडभाग पलियस्स ॥२॥

[પુણ્ય પ્રમાણ]

અર્થ–જે શ્રાવક સમભાવથી બે ઘડી (૪૮ મિનિટ)નું એક સામાયિક યથાવિધિ કરશે તે ૯૨, ૫૯, ૨૫, ૯૨૫$\frac{3}{8}$ (બાણું કરોડ, ઓગણસાઠ લાખ, પચીસ હજાર, નવસો પચીસ પલ્યોપમ અને એક પલ્યોપમના આઠ ભાગ કરીએ તેમાંના ૩ ભાગ) એટલું દેવગતિનું આયુષ્ય બાંધશે.

---

* દોહરો—લાખ ખાંડી સોના તણું, લાખ વર્ષ દે દાન,
સામાયિક તુલ્યે નહીં, ભાખ્યું શ્રી ભગવાન.

પારણામાં કુશાગ્ર ઊપર રહે તેટલું અન્ન અને અંજલિમાં રહે તેટલું પાણી ગ્રહણ કરી માસ માસ ખમણનાં તપ ક્રોડ વર્ષ સુધી કરનાર અજ્ઞાન તપસ્વીના તપનું ફળ સમકિતી શ્રાવકના એક સામાયિકના ફળના સોળમા ભાગની પણ બરાબરી કરી શકતું નથી. આવા મહાન લાભને આપનારું સામાયિક વ્રત છે. એટલા માટે જો વધારે ન બની શકે તો સવાર–બપોર, સાંજ મળી ત્રણ સામાયિક જરૂર કરવાં જોઈએ. કદાચિત્ ત્રણ વાર ન બની શકે તો સવાર સાંજ મળી બે સામાયિક અવશ્ય કરવાં જોઈએ. 'આઠ પ્રહર કાજ કી તો દો ઘડી જિનરાજકી' આઠે પહોર ઘર ધંધામાં રચ્યા પચ્યા રહેવાને બદલે બે ઘડી આત્માના ઉદ્ધારાર્થે જરૂર બચાવવી જોઈએ.

સામાયિક વ્રતનું સમ્યક્ પ્રકારે આરાધન કરવાથી ચિત્તસમાધિ પ્રાપ્ત થાય છે. આત્માની અનંત શક્તિ પ્રકટ થાય છે. રાગદ્વેષ રૂપી દુર્જય શત્રુનો નાશ થાય છે. જ્ઞાનાદિ ત્રણ રત્નોનો લાભ થાય છે. જન્મ, જરા, મૃત્યુરૂપ જાલિમ દુઃખોનો અંત આવે છે અને ભવિષ્યમાં સ્વર્ગનાં અને ક્રમશઃ મોક્ષનાં અનંત સુખો પ્રાપ્ત થાય છે.

દસમું દેશાવકાશિક વ્રત

પૂર્વોક્ત છઠ્ઠા વ્રતમાં દિશાનું અને સાતમા વ્રતમાં ભોગોપભોગનું પરિમાણ જાવજ્જીવને માટે કર્યું છે. પરંતુ એટલા બધા ક્ષેત્રમાં જવાનું અને ભોગોપભોગ ભોગવવાનું નિરંતર કામ પડતું નથી. અને અવ્રતની ક્રિયા તો ચાલુ જ રહે છે, માટે આત્માર્થી સુજ્ઞ શ્રાવકે પોતાના આત્માને પાપથી બચાવવાને માટે હંમેશાં પ્રાતઃકાળમાં એક ઘડીનાં, એક પહોરનાં, એક અહોરાત્રિનાં અથવા પખવાડિયું કે માસનાં એમ જેટલા કાળની મર્યાદા કરવી ઘટે, તેટલા કાળમાં અને જેટલા ક્ષેત્રની બહાર જઇ હિંસા, જુઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાંચે આશ્રવો સેવવાનાં પચ્ચખ્ખાણ સામાયિક વ્રતની પેઠે બે કરણ ત્રણ જોગે કરી લેવાં.

તેમ જ મર્યાદાની અંદર રહીને પણ સાતમા વ્રતમાં ભોગોપભોગનાં છવ્વીસ બોલની જે મર્યાદા કરી હોય તેમાંથી જેટલી આવશ્યકતા

હોય તે ઉપરાંત ભોગોપભોગનાં પચ્ચખ્ખાણ એક કરણ ત્રણ જોગે કરવાં, તેમાં આગાર–જો રાજાની આજ્ઞાથી મર્યાદા ઉપરાંત જવું પડે, દેવતા કે વિદ્યાધર હરણ કરી મર્યાદા બહાર લઈ જાય, ઉન્માદાદિ રોગથી વિવશ થઈ મર્યાદા બહાર ચાલ્યું જવાય, અને સાધુજીનાં દર્શનાર્થે જવું પડે કે મરતા જીવને બચાવવા આદિ મોટા ઉપકારના કામ માટે જવું પડે તો વ્રતભંગ થાય નહિ. મર્યાદા બહાર ગયા બાદ બને ત્યાં સુધી હિંસાદિ ૫ આશ્રવ સેવવા નહિ.

૧૭ નિયમ

દસમા વ્રતનું સહેલાઇથી સમાચરણ કરવા માટે નીચેના ૧૭ નિયમો યોજ્યા છે.

(૧) 'સચિત્ત'–સજીવ વસ્તુ જેવી કે નિમક આદિ કાચી માટી; નળ, કૂવા, વાવ, તળાવ, આદિનાં પાણી; ચૂલા, સગડી, ચલમ, બીડી, હુક્કા, દીપક, આદિ અગ્નિ; પંખા, ઝૂલા, વાજિંત્ર આદિ વાયુ; ફળ, ફૂલ, ભાજી, આદિ કાચી વનસ્પતિ, કાચું ધાન્ય, મેવા આદિ સજીવ વસ્તુ;

(૨) દ્રવ્ય–ખાવા, પીવા કે સૂંઘવાના પદાર્થો

(૩) 'વિગય'–ઘી, દૂધ, દહીં, તેલ, મીઠાઈ તથા તળેલી વસ્તુ-આ વિગયમાંથી એકાદ તો અવશ્ય છોડવી જોઈએ.

(૪) 'પન્ની'–પગરખાં, મોજાં, ચાખડી, આદિ પગમાં પહેરવાની વસ્તુ,

(૫) 'તંબોલ'–સોપારી, લવિંગ, એલચી, ચૂરણ, વગેરે.

(૬) 'કુસુમ'–તમાકુ, અત્તર, પુષ્પાદિ સૂંઘવાની વસ્તુ.

(૭) 'વત્થ'–પહેરવા ઓઢવાનાં વસ્ત્રો

(૮) 'સયણ'–પલંગ, ગાદી, શેત્રંજી, આદિ બિછાનાં,

(૯) 'વાહન'—ઘોડા, બળદ, ગાડી, ટાંગા, રેલ, મોટર, સાયકલ, જહાજ, વિમાન, આદિ સ્વારી.

(૧૦) 'વિલેવણુ'–તેલ, પીઠી, કેસર, ચંદન, ઈત્યાદિ

(૧૧) 'અબંભ'–સ્ત્રી પુરુષથી કુશીલ સેવવાની.

(૧૨) 'દિશા'–પૂર્વાદિ છ દિશામાં ગમનાગમન કરવાનું.

(૧૩) 'નાવણુ ધોવણુ'–નાનાં મોટાં સ્નાનનાં તથા વસ્ત્રાદિ ધોવાનાં.

(૧૪) 'ભત્તેસુ'–ખાવાપીવાની બધી વસ્તુના સામાન્ય વજનનું પરિમાણ.

(૧૫) 'અસિ'–પંચેન્દ્રિયની ઘાત થાય તેવાં તલવાર આદિ શસ્ત્રોનો ત્યાગ અને ચાકુ, સુડી, છરી, વગેરેની મર્યાદા.

(૧૬) 'મસિ'–ખડિયો, કલમ, કાગળ, ચોપડા તથા ઝવેરાત, કપડાં, કરિયાણાં; વ્યાજ આદિ વેપાર.

(૧૭) 'કસિ'–ખેતર, બગીચા, વાડી, વગેરે.

આ ૧૭ પ્રકારના નિયમોમાં કેટલાકમાં સંખ્યાનું અને કેટલાકમાં વજનનું પરિમાણ કરવાનું હોય છે. પરિમાણથી અધિક વસ્તુ ભોગવવાના પચ્ચખ્ખાણ એક કરણ અને ત્રણ યોગથી કરે, મન, વચન, કાયાથી સ્વયં ભોગવે નહિ. કુટુંબાદિનું પાલનપોષણ કરવાને જે જે ભોજનાદિનો આરંભ કરવો પડે, વસ્ત્રાદિ દેવાં પડે તેનો આગાર છે. સવારે ધારેલા નિયમો સંધ્યા સમયે યાદ કરી લે, ભૂલથી કોઈ વસ્તુ અધિક ભોગવાઈ ગઈ હોય તો મિથ્યા દુષ્કૃત્ય કરે. ઉક્ત ૧૭ નિયમોનું સવિસ્તર વર્ણન સાતમા વ્રતમાં થઈ ગયું છે.

દયાપાલન વ્રત

એક અહોરાત્રિ અથવા અધિક કાલ પર્યંત સચેત વસ્તુ ભોગવવાનાં, ઉઘાડે મોઢે બોલવાનાં; પગરખાં આદિ પહેરવાનાં, પુરૂષને સ્ત્રી અને સ્ત્રીને પુરૂષનો સંઘટ્ટો કરવાનાં, વ્યાપારાદિ સંસારી કાર્ય કરવાનાં પચ્ચક્ખાણ કરે અને અન્યને માટે બનાવેલાં તૈયાર અચેત આહાર પાણી ભોગવીને આઠે પહોર ધર્મધ્યાનમાં વિતાવે; કમમાં કમ

૧૧ સામાયિક તો અવશ્ય કરે. આવું દયાપાલન વ્રત તે પણ દસમા વ્રતમાં છે.

૧૦ પ્રત્યાખ્યાન

૧. નમુક્કાર સહિયં—"ઉગ્ગએ સૂરે, નમુક્કાર સહિયં પચ્ચખ્ખામિ ચઉવ્વિહં પિ આહારં–અસણં, પાણં;× ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં, વોસિરામિ." પહેલા≡ નવકારસીના પ્રત્યાખ્યાનમાં બે આગાર : ૧. ભૂલથી કોઈ વસ્તુ મોંમાં નખાઈ જાય અને, ૨. કાર્ય કરતાં વસ્તુ મોઢામાં પડી જાય, જેમકે ગાય દો'તાં દૂધના છાંટા મુખમાં પડી જાય તો આગાર.

૨. પોરિસી*– "ઉગ્ગએ સૂરે પોરિસિં પચ્ચખ્ખામિ, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, સહસા ગારેણં, પચ્છન્નકાલેણં, દિસા મોહેણં, સાહુવયણેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ." આ પોરિસી પ્રત્યાખ્યાનના છ આગાર : ૧–૨ ઉપર પ્રમાણે, ૩. વાદળામાં સૂર્ય ઢંકાવાથી માલૂમ ન પડે, ૪. ગુરુ આજ્ઞા કરે તો, ૫. રોગાદિ કારણે ઔષધ લેવું પડે તો અને, ૬. પરવશ પડી જાય તો.

૩. દોપોરિસી●—"ઉગ્ગએ સૂરે પુરિમડ્ઢં+ પચ્ચક્ખામિ, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ." તેના ૭ આગાર: છ ઉપર મુજબ અને ૭ અધિક ઉપકારના કામ માટે આહાર કરી લે તો.

\+ ભગવતીજી સૂત્રમાં તુંગિયા નગરીના પોખલિજી આદિ શ્રાવકોએ ભોજન કરીને પોષધ વ્રત કરવાનો અધિકાર આવ્યો છે તે આ દયાપાલન વ્રત હોવું જોઈએ

× પાણી સિવાયના ૩ આહારનાં પચ્ચખ્ખાણ કરતી વખતે પાણં શબ્દ ન બોલવો.

≡ દિવસના ૧૬ મા ભાગને નવકારશી કહે છે, તથા નવકાર મંત્ર ભણીને જે પ્રત્યાખ્યાન પાળવામાં આવે છે તે.

* દિવસના ચોથા ભાગને (પહોરને) પોરિસી કહે છે.

● મધ્યાહ્ન કાળને બે પોરિસી કહે છે.

૪. એગાસણ + પચ્ચખાણ—"એગાસણં પચ્ચખ્ખામિ; અસણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં (સાગારી આગારેણં), આઉટ્ટણં-પસારેણં, ગુરૂઅબ્ભુટ્ઠાણેણં (પારિઠાવણિયાગારેણં), મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ." તેના ૮ આગારઃ ૧-૨ ઉપર પ્રમાણે, ૩ ગૃહસ્થના આગમનથી ઊઠે તો, ૪. હાથપગ લાંબાટૂંકા કરે તો, ૫ ગુરુના આગમનથી સત્કાર આપવા માટે ઊભો થાય તો. ૬. અન્ય સાધુનો આહાર વધી જાય તો પરઠવવાનો આહાર ભોગવે તો, ૭-૮ ઉપર પ્રમાણે,

૫. એકલઠાણાનાં પચ્ચક્ખાણ +—"એગટ્ઠાણં પચ્ચખ્ખામિ, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં, (સાગારી આગારેણં) ગુરુઅબ્ભુટ્ઠાણેણં (પારિઠાવણિયાગારેણં), સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરામિ." તેના ૭ આગાર ઉપર પ્રમાણે.

૬ નિવિગઇનાં પચ્ચખ્ખાણ=—"નિવ્વિગઇય પચ્ચખ્ખામિ; અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, (ગિહત્થ સંસટ્ઠેણં) ઉક્ખિત્ત વિવેગેણં, પડુચ્ચ વિગએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરામિ" તેના ૯ આગાર છે, તેમાંથી ૫ આગારનો અર્થ ઉપર પ્રમાણે જાણવો. ૬. લૂખી રોટલી ચોપડેલી પર રાખવાથી લેપ લગે તો, ૭. દાતાર વિગયવાળા હાથે વસ્તુ દે તો, ૮. ગોળ આદિ સૂકી વસ્તુ આયંબિલની વસ્તુ ઉપર રાખી દે અને તેનો પાસ લાગી જાય તો અને, ૯. પૂરી, રોટલી વગેરેના પડમાં કોઈ વિગયનો લેપ લાગેલ હોય તો.

∷ એક આસને બેસી એક વખત આહાર કરે તે એકાસણું.

+ એક જ સ્થળે બેસી આહાર-પાણી કરી લે, પછી આખો દિવસ અને આખી રાત કશું પણ ખાયપીએ નહિ તે.

= આમાં ૫ વિગયનો ત્યાગ કરવામાં આવે છે; લૂખી રોટલી અને છાશ ખવાય છે.

૭. **આયંબિલનાં પચ્ચખાણ**—આયંબિલં પચ્ચખ્ખામિ, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં (ગિહત્થ સંસટ્ઠેણં). ઉક્ખિત્ત વિવેગેણં (પારિટ્ઠાવણિયાગારેણં) + મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરામિ." તેના ૮ આગાર ઉપર પ્રમાણે જાણવા.

૮ અભત્તઠ (ઉપવાસ)નાં પચ્ચખ્ખાણ +—"ઉગ્ગએ સૂરે અભત્તઠં પચ્ચખ્ખામિ. અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં (પારિટ્ઠાવણિયાગારેણં), મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં વોસિરામિ." તેના ૫ આગાર ઉપર પ્રમાણે.

૯. **દિવસચરિમ પચ્ચખ્ખાણ**—×દિવસચરિમં પચ્ચખ્ખામિ, અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, વોસિરામિ. તેના ૪ આગારના અર્થ ઉપર પ્રમાણે જાણવા.

૧૦ ગંઠી મુઠ્ઠિના પચ્ચખ્ખાણ+— "ગંઠી સહિય પચ્ચખ્ખામિ; અસણં, પાણં, ખાઇમં, સાઇમં, અન્નત્થાણાભોગેણં સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વ સમાહિવત્તિયાગારેણં, વોસિરામિ.

* શેકેલું કે રાંધેલું લૂખું ધાન્ય પાણીમાં ભીંજવી એક જ વખત ખાય, પછી રાત્રિ દિવસ કંઈ ન ખાય તે આયંબિલ તપ.

× જે શબ્દો ( ) કોંસમાં છે તે સાધુ આશ્રી આગાર જાણવા.

= ઉપવાસને અભત્તઠં પણ કહે છે અને ચઉત્થભત્તં અર્થાત્ ચોથભક્ત પણ કહે છે. બેલાને છઠભક્ત, તેલાને અઠમભક્ત કહે છે. એમ બબ્બે ભક્ત વધારીને ઇચ્છિત ઉપવાસના પચ્ચખ્ખાણ આ પાઠથી કરી શકાય છે.

// આમાં દિવસનો થોડો ભાગ બાકી હોય ત્યારથી સંપૂર્ણ રાત્રિ પર્યંત ચારે આહારનો ત્યાગ કરે છે.

+ વસ્ત્ર કે ચોટલીની ગાંઠ વાળી પછી તે છોડે નહિ ત્યાં સુધી કોઈ વસ્તુને ભોગવે નહિ તે ગંઠી પચ્ચખ્ખાણ અને ડાબા હાથની મૂઠી ખોલ્યા બાદ ખાય નહિ તે મૂઠી સહિય પચ્ચખ્ખાણ. આ પચ્ચખ્ખાણ કરતી વખતે ગંઠીને બદલે મૂઠી શબ્દ બોલવો.

ઉપરનાં દસ પચ્ચખ્ખાણનો સમાવેશ આ દસમા વ્રતમાં થઈ જાય છે. તેમ જ અતિથિ સંવિભાગ વ્રત સિવાયના ૧૧ વ્રતોનો પણ તેમાં સમાવેશ થાય છે.

વર્તમાન કાળે આ વ્રત આદરવાના બે પ્રકાર છે.

ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ આદિ દેશના શ્રાવકો તો આ વ્રતના પાઠના કથનાનુસાર પ્રાતઃકાળથી જ ધર્મસ્થાનકે જઈને દિશાની અને ઉપભોગ-પરિભોગની મર્યાદા કરીને, બધી સચેત વસ્તુ ભોગવવાના, સ્ત્રીનો સંઘટો નહિ કરવો, વગેરે પૂર્વોક્ત દયાપાલન વ્રતમાં કહ્યા પ્રમાણે મર્યાદાનું પાલન કરે છે. બીજાને માટે બનાવેલો આહાર પ્રાપ્ત કરી ભોગવે છે.

(૨) માળવા, મારવાડ, મેવાડ, દક્ષિણાદિ દેશોમાં શ્રાવકે ઉપવાસમાં પાણી પીધું હોય, અફીણ લીધું હોય, તમાકુ સૂંઘી હોય એમ કોઈ પણ વસ્તુનું સેવન કર્યું હોય તે. તેમ જ ઉપવાસ કરનારા આખો દિવસ સંસારનાં કાર્યો કરી થોડો દિવસ બાકી રહે ત્યારે સંવર કરવા સ્થાનકમાં આવે છે અને તે દસમું વ્રત અંગીકાર કરે છે.

દસમા વ્રતના ૫ અતિચાર

૧. **આણવણપ્પઓગે**—મર્યાદાની બહારથી કોઈ વસ્તુ અન્ય દ્વારા મંગાવવી તે.

૨. **પેસવણપ્પઓગે**—મર્યાદાની બહાર કોઈ ચીજ મોકલવી તે.

૩. **સદ્દાણુવાએ**—મર્યાદાની બહાર રહેલા મનુષ્યાદિને શબ્દ-પ્રયોગ કરી બોલાવવો તે.

૪. **રુવાણુવાએ**—મર્યાદાની બહાર પોતે ન જતાં મુખ આદિ અંગ દેખાડીને મનુષ્યાદિને બોલાવવાની ચેષ્ટા કરે તે.

૫. **બહિયા પુગ્ગલ પક્ખેવે**—મર્યાદિત ક્ષેત્રની બહાર પથ્થર, કાંકરી, આદિ ફેંકી બોલાવવાનો સંકેત કરે તે.

આ પાંચે પ્રકારથી અતિચાર લાગે છે, કારણ કે દિશાની મર્યાદા બે કરણ અને ત્રણ યોગથી કરેલી છે. ઉક્ત પાંચે કાર્યોમાં ત્રણે યોગની પ્રવૃત્તિ થાય છે.

ઉક્ત ૫ અતિચાર તો કેવળ દિશાની મર્યાદાના જ કહ્યા છે, પરંતુ આ વ્રતમાં ઉપભોગની પણ મર્યાદા કરેલી છે અને ૧૭ નિયમ તથા ૧૦ પ્રત્યાખ્યાન પણ આ વ્રતમાં જ છે. તેથી તેના પણ ૫ અતિચાર આ પ્રમાણે કહ્યા છે.

(૧) જેટલાં દ્રવ્યાદિ રાખ્યાં હોય તેનાથી અધિકની પ્રાપ્તિ થયે પ્રથમનામાં તે સ્વાદ નિમિત્તે ભેળવીને ભોગવે. જેમકે દૂધમાં સાકર ભેળવીને એક દ્રવ્ય માને.

(૨) મર્યાદા બહારની વસ્તુને માટે અન્યને કહે કે, હમણાં આ વસ્તુ રહેવા દો, મારાં પચ્ચખ્ખાણ પૂરાં થયે હું તે ખાઇશ કે પહેરીશ અથવા અમુક કામ કરીશ.

(૩) પ્રત્યાખ્યાન કરેલી વસ્તુનો સ્વીકાર કરવા અર્થે તેની આકૃતિ ચિત્રાદિ કરીને બતાવે.

(૪) પત્ર પર લખી પોતાના માટે જગા રહેવા દેવી એવો સંકેત કરે.

(૫) મર્યાદિત વસ્તુ ભોગવતાં તેમાં અત્યંત આસક્તિ રાખે.

આ પાંચ અતિચારથી આત્માને બચાવવો જોઇએ.

૧૧ અગિયારમું પોષધવ્રત

જ્ઞાનાદિ ત્રિરત્ન રૂપ ધર્મનું પોષક અને નિજગુણોમાં રમણ કરાવી અભ્યંતર સંયમથી આત્માને પોષનાર તેમ જ છકાય જીવના રક્ષણ દ્વારા બાહ્યસંયમથી આત્માનું પોષણ કરે તે પોષધવ્રત, તેને ધારણ કરવાની વિધિ; જે દિવસે પોષો કરવાનો હોય તેના આગલા

દિવસે ' एगं भत्तं च भोयणं ' અર્થાત્ એક વખત ઉપરાંત ભોજન કરે નહિ, અહોરાત્રિ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરે.

બીજે દિવસે પ્રાતઃકાળમાં પૌષધશાળા, ઉપાશ્રય, આદિ ધર્મ-સ્થાનમાં અથવા ઘરના એકાંત સ્થાનમાં જ્યાં ગૃહકાર્ય દૃષ્ટિગોચર ન થતું હોય, જ્યાં ધાન્ય, કાચું પાણી, વનસ્પતિ તથા કીડી વગેરેનાં દર ન હોય, તથા જ્યાં સ્ત્રી, પશુ કે નપુંસક રહેતાં ન હોય એવા પ્રકારના સ્થાનમાં એક મુહૂર્ત રાત્રિ બાકી હોય ત્યારે રાત્રિપ્રતિક્રમણ કરે, પછી જંગલમાં જવું વગેરે કામ પતાવી સૂર્યોદય થતાં જ ઓઢવા, પાથરવાનાં વસ્ત્રોની પ્રતિલેખના કરે. ૭૨ હાથથી વધારે વસ્ત્ર ન રાખે. પછી રજોહરણથી ભૂમિપ્રમાર્જન કરે, જેથી કીડી વગેરે જંતુ પ્રવેશ કરવા ન પામે.

આ પ્રમાણે આસન જમાવી મોઢે મુહપત્તી બાંધે, પછી ઇરિયાવહી, તસ્સઉત્તરીનો પાઠ સંપૂર્ણ બોલીને ઇરિયાવહીનો કાઉસ્સગ્ગ કરે, નમો અરિહંતાણં" કહી કાઉસગ્ગ પારીને લોગસ્સ બોલે.

પછી નીચે મુજબ પાઠ બોલે. 'પડિક્કમામિ'–પાપથી નિવર્તું છું. 'ચઉકાલં' દિવસ તથા રાત્રિના પહેલા તથા ચોથા પહોરમાં 'સજ્ઝાયસ્સ'–શાસ્ત્રની સ્વાધ્યાય, ' અકરણયાએ'–ન કરી હોય 'ઉભઓ કાલં'–દિવસના પહેલા અને છેલ્લા પહોરમાં ' ભંડોવગરણસ્સ(વસ્ત્રાદિની, રજોહરણાદિ, ' અપ્પડિલેહણાએ'–પ્રતિલેખના ન કરી હોય, ' દુપ્પડિલેહણાએ'–ચક્ષુથી સારી રીતે નિરીક્ષણ કર્યું ન હોય, ' અપ્પમજ્જણાએ'–રજોહરણાદિથી પ્રમાર્જન ન કર્યું હોય ' દુપ્પમજ્જણાએ ' – માઠી રીતે પ્રમાર્જન કર્યું હોય, 'અઇક્કમે'–અતિક્રમ (ખરાબ વિચાર,), ' વઇક્કમે'–વ્યતિક્રમ (ખરાબ પ્રવૃત્તિ), ' અઇયારે ' – અતિચાર (ખરાબ સામગ્રી મેળવવી) 'અણાચારે–અનાચાર (ખરાબ કામ કરવું તે,) 'જો મે'–એ પાપમાંથી જે કોઈ પાપ મેં, 'દેવસિઓ'–દિવસ સંબંધી 'અઇઆરો કઓ'–આચરણ કર્યું હોય તો, ' તસ્સ મિચ્છામિ દુક્કડં'–તે મારું પાપ દૂર થાઓ, એટલું કહીને પછી 'ઇરિયાવહી અને તસ્સઉત્તરી'નો પાઠ બોલે, પછી કાઉસ્સગ્ગ પારીને 'લોગસ્સ' બોલે.

પછી જો સાધુ સાધ્વીજી હોય તો તેમના મુખારવિંદથી પોષધનાં પચ્ચખ્ખાણ કરે, સાધુ સાધ્વીજી ન હોય તો વયોવૃદ્ધ વ્રતી શ્રાવક પાસે અને તે પણ ન હોય તો સ્વયં પૂર્વ તથા ઉત્તર દિશા સન્મુખ મુખ રાખી શ્રી સીમંધર સ્વામીની આજ્ઞા માગીને પંચ પરમેષ્ઠિને વંદના-નમસ્કાર કરીને નિમ્નોક્ત પાઠથી પોષધ વ્રતનો સ્વીકાર કરે.

'અગિયારમું પોષધવ્રત અસણં, પાણં, ખાઇમં, સાઇમં ચઉવિહં પિ આહારં, પચ્ચખ્ખામિ, અબંભં, પચ્ચખ્ખામિ, માલાવન્નગ વિલેવણં પચ્ચખ્ખામિ, મણિસોવન્ન પચ્ચખ્ખામિ, સત્થમુસલાદિ સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ, જાવઅહોરત્તં પજ્જુવાસામિ, દુવિહં, તિવિહેણં, નકરેમિ નકારવેમિ, મણસા, વયસા, કાયસા, તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

અર્થાત્-અગિયારમા પોષધવ્રતમાં અન્ન, પાણી, સુખડી અને મુખવાસ એ ચારે આહારનાં તથા પિ શબ્દથી બીજા પણ સૂંઘવા આદિ વસ્તુનાં, મૈથુન સેવવાનાં, પુષ્પ સુવર્ણાદિની માળા આદિ ભૂષણોનાં-હીરા, પન્ના, મોતી, રત્નાદિ ઝવેરાતનાં તથા સુવર્ણાદિના આભૂષણોના, તેલ, ચંદનાદિ વિલેપનનાં, કેસર આદિ તિલકનાં, મુશલ, ચક્ર, ખડ્ગ, આદિ શસ્ત્રનાં અને અન્યને દુઃખ ઊપજે તેવા મન, વચન અને કાયાના યોગ પ્રવર્તાવવા પ્રથમ વ્રતની પેઠે બે કરણે અને ત્રણ યોગે પ્રત્યાખ્યાન કરે.

પછી સાધુ-સાધ્વીજી સન્મુખ અથવા પૂર્વ ઉત્તરાભિમુખ બેસે. પછી ડાબો ઢીંચણ ઊભો રાખીને બે હાથ કમળ ડોડાની પેઠે જોડીને મસ્તકે સ્થાપી, નીચે ઝુકીને બે વાર 'નમુત્થુણં' કહે. પછી જેણે વ્રત સમાચર્યું નથી એવા ગૃહસ્થની પાસેથી પોષધશાલામાં રહેલા ગુચ્છો, રજોહરણ, લઘુનીત પરઠવવાનું ભાજન વગેરે લેવા મૂકવાની આજ્ઞા લે.

આમ વિધિપૂર્વક પોષધવ્રત ગ્રહણ કરીને પછી અહોરાત્રિ વ્યાખ્યાનશ્રવણ, પઠનપાઠન, જ્ઞાન ધ્યાન, પરિયટ્ટણા (પરાવર્તન) નામ-સ્મરણ, ધર્મકથા આદિ ધર્મધ્યાનમાં વ્યતીત કરે. જો કદાચ લઘુનીતની

જરુર પડે તો ઉપાશ્રયમાં રહેલા મૃતિકાદિકના ભાજનમાં કારણથી નિવૃત્ત થઇ સ્થાનક બહાર પરિઠવે. પરિઠવવા જતી વખતે 'આવસ્સહિ' શબ્દ ત્રણ વાર કહે અને નિર્જીવ જગ્યા જોઇ રજોહરણથી પ્રમાર્જન કરી કહે કે "અણુજાણહ જસ ઉગહં" આ શબ્દથી શક્રેંદ્રની આજ્ઞા માગે, પછી માત્રા (પેશાબ) છૂટું છૂટું પરઠવીને 'વોસિરામિ' શબ્દ ૩ વાર કહે. પછી સ્થાનકમાં આવતી વખતે 'નિસીહિ' શબ્દ ત્રણ વાર કહી પ્રવેશ કરે. ભાજનને સૂકવી યતનાથી એક બાજુ મૂકે. પછી ઇરિયાવહી પડિક્કમે, કાઉસ્સગ્ગ પારીને લોગસ્સ બોલે અને પછી કહે કે, 'પરિઠવવાની ક્રિયા યથાવિધિ કરી ન હોય, છકાય જીવની વિરાધના થઇ હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં'.

કદાચિત્ વડી નીતનું કારણ ઉત્પન્ન થાય તો પોષધમાં ધારણ કરેલાં વસ્ત્ર, મુહપત્તી વગેરે તેમ જ રહેવા દઇ કોઈ ગૃહસ્થના ઘેરથી અચેત પાણી લોટા વગેરેમાં ગ્રહણ કરી, એકાંત નિરવદ્ય ભૂમિકામાં જઇ નિવૃત્ત થઇ બધી વિધિ લઘુનીતમાં કહ્યા પ્રમાણે કરે. કદાચિત્ પિત્તકોપ થઇ જાય-ઊલટી થાય તો પણ તે પરઠવવાની વિધિ પણ ઉપર મુજબ કરે અને તે ઉપર ધૂળ, રાખ, વગેરે નાંખી દેવાથી ત્રસ જીવની ઘાત તેમ જ સમૂર્ચ્છિમની ઉત્પત્તિથી બચી શકાય છે. શ્લેષ્માદિ પરઠવવાની વિધિ પણ તે જ પ્રમાણે જાણવી.

પોષધવ્રતમાં વિના કારણે દિવસે સૂવું નહિ. દિવસના ચોથા પહોરમાં પોતાના વાપરવાનાં વસ્ત્રો, રજોહરણ, ગુચ્છો, વગેરેની પ્રતિલેખના કરે, તેમજ રાત્રે લઘુનીતનું કામ પડે તે માટેની ભૂમિની પણ પ્રતિલેખના કરે. ઉપર પ્રમાણે ઇરિયાવહી પડિક્કમે, સાંજે દેવસી પ્રતિક્રમણ કરે. પહોર રાત્રિ વીતે ત્યાં સુધી ધર્મધ્યાન કરે.

પછી નિદ્રા લેવાની જરૂર હોય તો ભૂમિ અને બિછાનાની રજોહરણથી પ્રમાર્જના કરે. ધ્યાન સ્મરણ કરીને પછી હાથ પગને લાંબા-ટૂંકા ન કરતાં નિદ્રા લે. નિદ્રામાંથી પહોર રાત્રિ બાકી રહે ત્યારે જાગૃત થઈ ઇરિયાવહિ પડિક્કમે તથા ૪ લોગસ્સનો અને પહેલા સમણ સૂત્રનો

કાઉસ્સગ્ગ કરે. નમો અરિહંતાણું કહી કાઉસ્સગ્ગ પારે. પછી પ્રગટ લોગસ્સ બોલે. પછી નીચે મુજબ પહેલા સમણસૂત્રનો પાઠ બોલે.

'ઇચ્છામિ' ઇચ્છું છું. પડિક્કમિઉં – પાપથી નિવર્તવાને, 'પગામસિજ્જાએ'–મર્યાદાથી અધિક ઉપકરણોવાળા બિછાનામાં ઘણું સૂઇ રહ્યો હોઉં, નિગામસિજ્જાએ–વધારે પડતું સૂઇ રહ્યો હોઉં. 'સંથારા ઉવ્વટ્ટણાએ'-પથારીમાં સૂતાં સૂતાં વગર પૂંજ્યે પડખું બદલવાથી પરિયટ્ટણાએ'–વારંવાર પાસું ફેરવવાથી, આઉટ્ટણાએ–હાથપગ વગેરે અંગ સંકોચવાથી, 'પસારણાએ'–અંગ પસારવાથી, 'છપ્પઇસંઘટ્ટણાએ-છ પગી (જૂ)ને દાબી હોય, 'કુઇએ' ખુલ્લે મોઢે બોલવાથી, કક્કરાઇએ –દાંત પીસ્યા હોય, 'છીઇએ'-ખુલ્લે મોઢે છીંક ખાધી હોય. 'જંભાઇએ, –ખુલ્લે મોઢે બગાસું ખાધું હોય, 'આમોસે'–શરીર પૂંજ્યા વિના ખાજ ખણી હોય, 'સસરખ્ખામોસે'–સચિત્ત રજથી ભરેલા બિછાના ઉપર વગર પૂંજ્યે સૂતો બેઠો હોઉં, 'આઉલમાઉલાએ'–આકુળ વ્યાકુળ બન્યો હોઉં; 'સોઅણવત્તિયાએ'-ખરાબ સ્વપ્ન આવ્યાં હોય, 'ઇત્થીવિપ્પરિયાસિયાએ'–સ્વપ્નમાં સ્ત્રીસેવન કર્યું હોય, દિટ્ઠીવિપ્પરિયાસિયાએ'–સ્વપ્નમાં દૃષ્ટિનું વિપરીત પરિણામ થયું હોય, 'મણવિપ્પરિયાસિયાએ'–સ્વપ્નમાં મન ખરાબ પ્રવર્ત્યું હોય, 'પાણભોયણ વિપ્પરિયાસિયાએ'–સ્વપ્નમાં આહાર પાણી ભોગવ્યાં હોય, 'જો મે' જે કંઈ મને, 'રાઇઓ'–રાત્રિમાં, 'અઇઆરો કઓ'–અતિચાર લાગ્યા હોય તો 'તસ્સ મિચ્છામિ દુક્કડં' તે મારું પાપ મિથ્યા થાઓ. આટલું કહીને પુનઃ મૌનસ્થ થઇ ધર્મધ્યાન કરે.

સૂર્યોદય થયા પહેલાં રાત્રિ પ્રતિક્રમણ કરે. સૂર્યોદય પછી વસ્ત્રાદિકની પ્રતિલેખના કરે, કદાચ તેમાં કોઇ જંતુનું કલેવર નીકળે તો તેને યતનાથી એકાંતમાં પરઠવીને તેનું પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થાય.

પોષધવ્રતના ૧૮ દોષ

પોષધ નિમિત્તે પોષધને આગલે દિવસે (૧) હજામત કે સ્નાનાદિ દેહભૂષા કરે, (૨) મૈથુન સેવે, (૩) સરસ આહાર ભોગવે, (૪) વસ્ત્ર ધોવે

(૫) દાગીના પહેરે અને, (૬) વસ્ત્ર તથા હસ્તાદિ રંગે, એટલાં કાર્યો પોષધનિમિત્તે આગલે દિવસે કરે તો દોષ લાગે. તથા પોષધ કર્યા બાદ (૭) અવિરતિને સત્કાર કે આસન આપે, વૈયાવચ્ચ કરે, (૮) શરીરની વિભૂષા કરે. જેમ કે શરીરના વાળ, દાઢી, મૂછ, સમારે, ધોતીની પાટલી જમાવે, (૯) પોતાના કે પરના શરીરનો મેલ ઉતારે. (૧૦) દિવસે શયન કરે અને રાત્રે બે પહોરથી અધિક નિદ્રા લે, (૧૧) ગુચ્છા વગેરેથી શરીરને પૂંજ્યા વિના ખરજ ખણે, (૧૨) દેશ દેશાન્તરની, રાજ-રજવાડાની, લડાઇ ઝઘડાની, સ્ત્રીના શૃંગાર, હાવભાવ, ભોગવિલાસની, ભોજન બનાવવાની, સ્વાદની, ઇત્યાદિ વિકથા કરે, (૧૩) ચાડી ચુગલી નિંદા કે ઠઠ્ઠા મશ્કરી કરે, (૧૪) વ્યાપારની, લેણદેણની, હિસાબની કથા કરે, ગપ્પાં મારે, (૧૫) પોતાના શરીરનું કે સ્ત્રી આદિના શરીરનું સરાગદૃષ્ટિથી નિરીક્ષણ કરે, ગોત્ર, જાતિ, જ્ઞાતિ, વગેરે સાંસારિક સંબંધની વાતો કરે, (૧૭) ઉઘાડે મોઢે બોલે તથા જેમની કને સચેતવસ્તુ હોય તેની સાથે વાર્તાલાપ કરે અને (૧૮) પોષધમાં રુદન કરે તો દોષ લાગે.

પોષધવ્રતનું સમાચરણ કરનારે ઉપરના ૧૮ દોષનો પરિત્યાગ કરવો જોઈએ.

પોષધવ્રતના ૫ અતિચાર

૧. અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય સિજ્જા સંથારે—જે સ્થાનમાં પોષો કર્યો હોય તે સ્થાનનું તથા બિછાનું, ઓઢવાના વસ્ત્ર, પરાલ; પાટ આદિનું સૂક્ષ્મ દૃષ્ટિથી પ્રતિલેખન કર્યું ન હોય, પૂરેપૂરું દેખ્યા વિના પ્રતિલેખન કરી કામમાં લીધાં હોય તથા હલનચલન કરતાં, ગમનાગમન કરતાં જમીનની કે પથારીની પ્રતિલેખના ન કરે અથવા ખરાબ રીતે પ્રતિલેખના કરે તો અતિચાર લાગે. કારણ તેમ કરવાથી ત્રસસ્થાવર જીવોની હિંસા થવાનો સંભવ છે

પ્રતિલેખનઃ—જોવું, તપાસવું, નિરીક્ષણ કરવું.

૨. અપ્પમજ્જિય—દુપ્પમજ્જિય સિજ્જાસંથારએ —ઉપર મુજબ દૃષ્ટિથી દેખવા છતાં કોઇ સ્થળે જીવની શંકા પડે તો ત્યાં અગર દૃષ્ટિ બરાબર ન પહોંચે તેવા અંધકારવાળા સ્થાનમાં રજોહરણ, ગુચ્છકાદિથી પ્રમાર્જન કર્યા વિના ગમનાગમન કરે તથા સ્થાન, પાટ, બિછાનનાં તેમ જ ઓઢવાનાં વસ્ત્રાદિ પ્રમાર્જન કર્યા વિના કામમા લે અથવા ખરાબ રીતે પ્રમાર્જન કરે તો અતિચાર લાગે.

૩. અપ્પડિલેહિય-દુપ્પડિલેહિય ઉચ્ચારપાસવણ ભૂમિ —વડી નીત, લઘુ નીત, વમન, આદિ પરઠવવાની ભૂમિને સૂક્ષ્મ દૃષ્ટિથી દેખ્યા વિના તેમ જ રાખ, છાણ, કચરો, વગેરેના ઢગલા ઉપર પરઠવે અથવા નજર બીજે હોય અને પરઠવે બીજે તો અતિચાર લાગે. કારણ કે આ પ્રમાણે પરિઠવવામાં હિંસા થવાનો સંભવ છે.

૪. અપ્પમજ્જિય દુપ્પમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમિ —નજરે જોયા છતાં કોઈ પણ જીવજંતુ હોવાની શંકા હોય તો અથવા અંધકારાદિના કારણે દૃષ્ટિનો ઉપયોગ ન પહોંચે તેવા સ્થાનમાં ગુચ્છો કે રજોહરણથી પ્રમાર્જન કર્યા વિના લઘુ નીત, વડી નીત આદિ પરઠવે તો અતિચાર લાગે અથવા દુષ્ટ રીતે પ્રમાર્જન કરવાથી અતિચાર લાગે.

૫. પોસહસ્સ સમં અણણુપાલણયા—પોષધોપવાસ વ્રતનું સમ્યક્ પ્રકારે અનુપાલન ન કરે. તેની જે વિધિ કહી છે તે પ્રમાણે કરે નહિ અથવા કર્યા બાદ સમ્યક્ પ્રકારે પાળે નહિ.

ઉપર્યુક્ત ૧૮ દોષોમાંથી કોઈ પણ દોષ લગાડે. આજ મારે અમુક કાર્ય કરવાનું હતું, મેં નાહક પોષો કર્યો, ઇત્યાદિ પશ્ચાત્તાપ કરે, પારણામાં ખાવાપીવાની વસ્તુ વિષે વિચાર કરે. પોષો કર્યા પછી અમુક સમારંભનાં કાર્યો કરીશ એવો નિશ્ચય કરે. અસંબદ્ધ વચન બોલે, આરંભની વૃદ્ધિનાં વચન બોલે, અયતનાથી ગમનાગમન કરે, સાધુ, સાધ્વી તથા શ્રાવક શ્રાવિકાનું અપમાન કરે, પોષાનો સમય પૂર્ણ થયા પહેલાં પોષો પારવાની ગરબડ કરે. પોષો પારવાની, પ્રતિલેખના

કરવાની, ચતુર્વિંશતિ સ્તવન કરવાની પૂરી વિધિ કરે નહિ, તો અતિચાર લાગે.

ઉપર પ્રમાણે પાંચ અતિચાર તથા ૧૮ દોષરહિત નિર્દોષ પોષધવ્રતનું સમાચરણ કરવાથી ૨૭,૭૭,૭૭,૭૭,૭૭૭$\frac{7}{9}$ (સત્તાવીસ અબજ, ૭૭ કરોડ, ૭૭ લાખ, ૭૭ હજાર સાતસો સિત્તોત્તર પલ્યોપમ અને એક પલ્યનો નવમો ભાગ અધિક) જેટલું દેવગતિનું આયુષ્ય બંધાય છે. આ વ્યાવહારિક ફળ જાણવું, અને નિશ્ચયમાં તો એક જ પોષધવ્રતનું સમ્યક્ પ્રકારે આરાધન કરનાર અનંત ભવભ્રમણથી મુક્ત થઈ થોડા જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરી લે છે. ચક્રવર્તી મહારાજા સ્વાર્થ–સાધનાર્થે દ્રવ્ય તપ–દ્રવ્ય પોષો કરે છે, તો પણ અઠમ પોષાથી છ ખંડના રાજ્યના ભોક્તા બની જાય છે. હજારો દેવ તેમની આજ્ઞામાં પ્રવર્તે છે. ૯ નિધાન, ૧૪ રત્ન આદિ મહારિદ્ધિ પ્રાપ્ત કરે છે.

આવી જ રીતે, વાસુદેવાદિ અનેક પુરુષોએ એક જ તેલાના પોષધવ્રતમાં મોટા મોટા દેવતાઓને પોતાના વશવર્તી બનાવી દીધા છે, તેમની પાસે અનેક કાર્યો કરાવ્યાં છે. તો જેઓ નિશ્ચય પોષધવ્રત કરશે, જિનાજ્ઞાનુસાર તેના આરાધક બનશે તો તેનું ફળ તો અકથ્ય છે.

પોષધવ્રતને આમ આત્મગુણનાં અનંત સુખોનો દાતા સમજીને સુજ્ઞ શ્રાવક મહિનામાં છ પોષા (બે આઠમના બે અને ચૌદશ પાખીના બે છઠ પોષા) અવશ્ય કરે. કદાચિત્ છ ન બની શકે તો બે આઠમ અને બે પાખી એમ મહિનામાં ૪ પોષા તો જરૂર કરે. અને ૪ પણ ન બને તો બે પાખીના બે પોષા તો જરૂર જ કરે. મહિનામાં ૨૮ દિવસ ભલે પેટ ભરીને ખાઓ, પણ બે દિવસ તો ઉપવાસ સહિત પોષા અવશ્ય કરવા જોઈએ.

કેટલાક જીવો દેખાદેખીથી પાખીના ઉપવાસ તો કરે છે પણ સંસારના ધંધા રોજગાર તેમને એટલા પ્રિય હોય છે કે, ઉપવાસને દિવસે પણ તેઓ તેને છોડી શકતા નથી. કદાચિત્ કોઈ પોષધવ્રત કરવાનો ઇરાદો કરે છે, તો આખો દિવસ ધંધો કરી દિવસ અસ્ત

થવાને વખતે દોડતો દોડતો ઉપાશ્રયે આવે છે અને બિછાનું નીચે પટકી ઝટપટ કપડાં ખોલી, હાથ જોડી મુનિરાજને કહે છે કે, મેં પાણી પીધું નથી, મને પોષો કરાવો, પોષો પચ્ચખીને પડિક્કમણું કર્યા બાદ સોડ તાણી સૂઈ જાય છે. અને છેક દિવસ ઊગે ત્યારે જાગે છે. અને 'નમો હત્યાણું', 'નમો સધ્યાણું' બોલતાં કપડાં પહેરી બિછાનું બગલમાં દબાવી 'મત્થએણં વંદામિ' કહેતાં એવી રીતે ભાગે છે કે જાણે જેલમાંથી છૂટયા !

વિચારવું જોઈએ કે સંસારની લાલસા કેટલી બધી જબ્બર છે! અને ધર્મને કેવો નકામો સમજે છે! સુજ્ઞ આત્માર્થી શ્રાવકનું તો કર્તવ્ય છે કે, આવી કુરૂઢિને છોડી સાચું શુદ્ધ પૌષધવ્રત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને અન્યને પણ સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. શુદ્ધ પૌષધવ્રતના સમાચરણથી આનંદ, કામદેવ, આદિ શ્રાવકો એકાવતારી થયા છે.

બારમું અતિથિ સંવિભાગ વ્રત

જેઓ નિત્ય ભિક્ષાર્થે ન આવે, વારો નક્કી કરી તે પ્રમાણે પણ ભિક્ષાર્થે ન આવે તથા આમંત્રણ આપવા છતાં પણ ન આવે અર્થાત્ જેમના આવવાની કોઈ મુકરર તિથિ નથી તે[1] અતિથિ કહેવાય છે. એવા અતિથિ વિષય કષાયના શમાવનારા, શુદ્ધિ માટે શ્રમ કરનારા શ્રમણ કહેવાય છે. તથા દ્રવ્યથી પરિગ્રહ રહિત અને ભાવથી કર્મગ્રંથિનો ભેદ કરનાર હોવાથી નિર્ગ્રંથ કહેવાય છે. એવા શ્રમણ નિર્ગ્રંથ સાધુઓને માટે સદૈવ અચિત્ત અને એષણિક નિર્દોષ ભોજનાદિનો સમવિભાગ કરે અર્થાત્ પ્રાપ્ત ભોજનાદિમાંથી અમુક હિસ્સો વહોરાવવાનો મનોરથ શ્રાવક કરે અને સાધુનો યોગ પ્રાપ્ત થયે પ્રતિલાભે તેને 'અતિથિ સંવિભાગ' વ્રત કહે છે.

---

१ तिथिपर्वोत्सवा सर्वे, त्यक्ता येन महात्मना ।
अतिथिः स विजानीया, च्छेषमभ्यागतं विदुः ॥

અર્થ—જે મહાત્માએ તિથિ પર્વ, ઉત્સવાદિનો ત્યાગ કર્યો છે અર્થાત્ ફલાણે દિવસે જ ફલાણાને ત્યાં ભિક્ષાર્થે જવું એવો નિયમ બાંધીને આવતા નથી તેઓ જ અતિથિ કહેવાય છે શેષ ભિક્ષુક અભ્યાગત કહેવાય છે.

ગૃહસ્થના ઘરમાં જે ભોજન નિષ્પન્ન થયું છે, તેમાં કુટુંબાદિ ભોગવવાવાળા સર્વનો હિસ્સો છે, પરંતુ જમતી વખતે થાળીમાં પિરસાયેલા ભોજનના માલિક આપણે પોતે છીએ. આપણા હિસ્સામાંથી મુનિરાજને વહોરાવતાં આપણને મહાન લાભની પ્રાપ્તિ થાય છે. આ પ્રકારના લાભનો અભિલાષી શ્રાવક જમવા બેસે ત્યારે સચેત વસ્તુનો સંગ જરા પણ થાય તેવું ન રાખે. ગામમાં સાધુજી હોય કે ન હોય તો પણ ભોજનનો ગ્રાસ ગ્રહણ કરવા પહેલાં થોડો સમય ધીરજ રાખી બારણા તરફ નજર કરે અને મનમાં ચિંતવે કે, કોઈ સાધુ સાધ્વી પધારે તો તેને દાન દઈ કૃતાર્થ થાઉં. કેમ કે અપ્રતિબદ્ધ વિહારી સાધુ કદાચિત્ અચાનક પણ આવી ચડે છે.

સાધુ સાધ્વી દૃષ્ટિગોચર થઈ જાય તો ભાણામાં કોઈ જંતુ ન પડે તેવો બંદોબસ્ત કરીને તત્કાળ સાધુજીની સન્મુખ આવી નમસ્કાર કરે, અતિ આદરપૂર્વક ભોજનશાળામાં લઈ જઈને ઉત્કૃષ્ટ ઊલટભાવથી આહાર પ્રતિલાભે.

સાધુજીને ૧૪ પ્રકારની વસ્તુઓ અપાય છે.

(૧) '**અસણં**'—અન્ન, પકાવેલા અન્નમાંથી જે જોઈએ તે આપે.

(૨) '**પાણં**'—પાણી, ઊનું પાણી, દ્રાક્ષાદિના ધોવણનું પાણી, છાશની પરાશ, શરબત, શેરડીનો રસ, આદિ હાજર હોય તે વહોરાવે.

(૩) '**ખાઇમં**'—પકવાન્ન, સુખડી [1] અચેત મેવો, મીઠાઈ.

(૪) '**સાઇમં**'—સોપારી, એલચી, લવિંગ, ચૂર્ણ, આદિ.

(૫) '**વત્થં**'—સૂતર, શણ કે રેશમનાં શ્વેત વસ્ત્ર.

---

૧ છાલ રહિત પાકાં કેળાં, આમ્રરસ, પાકી કેરીની કાતરી, પોપૈયાં (બીજરહિત), તૂટેલી બદામ, પિસ્તાં, કોપરું, ઇત્યાદિ અચેત મેવો સાધુજીને કામમાં આવી શકે છે.

(૬) '**પડિગ્ગહં**'—પાત્ર; લાકડાનાં તુંબડાનાં કે માટીનાં.

(૭) '**કંબલં**'—ઊનનાં વસ્ત્ર, ધાબળો, બનાત, ફલાલીન, આદિ.

(૮) '**પાયપુચ્છણેણં**'—રજોહરણ, ગુચ્છો તથા બિછાવવાનું જાડું વસ્ત્ર.

આ આઠ વસ્તુ તો આપ્યા પછી પાછી લેવાતી નથી.

(૯) '**પીઢ**'—આહાર પાણી રાખવા તથા બેસવાનો નાનો પાટલો.

(૧૦) '**ફલગં**'—સૂવાની પાટ અથવા પૃષ્ઠ વિભાગમાં સ્થાપન કરવાનું પાટિયું.

(૧૧) '**સેજ્જા**'—રહેવા માટેનું મકાન.

(૧૨) '**સંથારએ**'—વૃદ્ધ, તપસ્વી, રોગી, સાધુઓની પથારી માટે ઘઉંનું, શાળીનું, કોદ્રવા, વગેરેનું પરાળ.

(૧૩) '**ઓસહ**'—ઔષધ, સૂંઠ, અચેત મીઠું, હિમેજ, મરી, આદિ.

(૧૪) '**ભેસજ**'—શતપાકાદિ તેલ, ચૂર્ણ, ગોળી, વગેરે તૈયાર કરેલી દવા.

આમાંથી જે જે વસ્તુઓની આપણે ત્યાં જોગવાઈ હોય તેનું આમંત્રણ કરવું. વહોરાવતી વખતે ગરબડ કરવી નહિ, ગભરાવું નહિ, સાધુના પૂછવાથી જેવી હોય તેવી સત્ય વાત કહેવી. અકલ્પતું કે અસૂઝતું વહોરાવવું નહિ. અસૂઝતું વહોરાવવાથી ટૂંકું આયુષ્ય બંધાય છે, એટલા માટે જેવું છે તેવું કહી દેવું, અને સાધુ કહે કે અહો ! આયુષ્યમન્ ! આ અમારે કલ્પે નહિ. આવે પ્રસંગે શ્રાવક પોતાના દાનાંતરાય કર્મનો ઉદય જાણી પશ્ચાત્તાપ કરે. અને તે દિવસે કંઈક પચ્ચખ્ખાણ કરે અને કદાચિત જેવું હોય તેવું કહી દીધા બાદ કોઈ

રસલોલુપી પ્રમાદી સાધુ તે અશુદ્ધ આહાર ગ્રહણ કરે તો તેમાં ગૃહસ્થને દોષ નથી. કેમ કે શ્રાવકનાં તો અભંગ દ્વાર કહ્યાં છે.

સાધુ મુનિરાજ આહારાદિ ગ્રહણ કરી પાછા ફરે ત્યારે તેમને સાતઆઠ ડગલાં પહોંચાડી નમસ્કાર કરી કહે કે, અહો પૂજ્ય ! આજે તો આપે મહાન લાભ આપ્યો. આવી દયા વારંવાર કરજો. જો સાધુ-સાધ્વીને પ્રતિલાભવાનો અવસર મળતો ન હોય તો એમ વિચારે કે ધન્ય છે તે ગામ-નગરને કે જ્યાં સાધુ સાધ્વી બિરાજે છે અને ધન્ય છે તે પુણ્યશાળી જીવોને કે, જેઓ ૧૪ પ્રકારનાં દાન પ્રતિલાભે છે.

બારમા વ્રતના ૫ અતિચાર

૧-૨. 'સચિત્ત નિખ્ખેવણયા' અને 'સચિત્ત' પેહણયા' અર્થાત્ સાધુજી સચિત્ત વસ્તુના સંઘટ્ટાવાળી કોઈ પણ વસ્તુ ગ્રહણ કરતા નથી. આવું જાણવા છતાં પણ સાધુને દેવા યોગ્ય વસ્તુ ન દેવાના ઇરાદાથી, સચિત્ત વસ્તુ ઉપર રાખે અથવા નીચે રાખે તો અતિચાર લાગે.

વિચારે કે યાચના કરશે ત્યારે વસ્તુ હોવા છતાં ના તો નહિ કહી શકું, પરંતુ સચિત્તનો સંઘટ્ટો હશે તો તેઓ ગ્રહણ નહિ કરે. આવા વિચારથી જબરું અંતરાય કર્મ બંધાય છે. આ બે અતિ-ચારથી બચવા માટે દાતાનું કર્તવ્ય છે કે, સાધુને માટે તો સચિત્ત વસ્તુને અચિત્ત વસ્તુથી અલગ ન કરે, પરંતુ ગૃહકાર્યને માટે સહેજે જ અલગ કરી હોય તો ફરીથી તેને સચિત્તના સંઘટ્ટામાં રાખે નહિ.

૩. 'કાલાઇક્કમે'—ભિક્ષાનો કાળ વીતી ગયા પછી સાધુજીને દાન આપવાનું નિમંત્રણ કરે અથવા વસ્તુનો કાળ વીતી ગયા પછી બગડી ગયેલી વસ્તુ વહોરાવવાનું મન કરવું તે.

૪. 'પરોવએસે'—પોતે સૂઝતો હોવા છતાં આળસ કે અભિમાનને લીધે ઊઠે નહિ અને હુકમ ચલાવે કે, સાધુજી આવ્યા છે, એમને કંઈક આપી દો; અથવા ન દેવાની ઇચ્છાથી પોતાની વસ્તુ હોવા છતાં તે પરની છે એમ કહે તો અતિચાર લાગે.

૫. '**મચ્છરિયાએ**'—મત્સરભાવ ધારણ કરે. જેમ કે, (૧) સાધુ તો મંડયા જ છે, જો નહિ આપું તો નિંદા કરશે એવા વિચારથી આપે (૨) સારી વસ્તુ હોવા છતાં પણ ખરાબ વસ્તુ આપે. (૩) મારા જેવો કોઈ પણ દાતા નથી તેથી જ તો સાધુ ફરી ફરીને મારે ઘેર આવે છે, એવું અભિમાન કરે. (૪) સાધુનું શરીર તથા વસ્ત્ર મલિન જોઈને દુર્ગંચ્છા કરે. (૫) આ સાધુ અમારા ગચ્છના નથી એમ જાણી યથોચિત ભક્તિભાવ ન કરે, ફક્ત લોકલજ્જાએ દાન આપે. (૬) આ સાધુ સાધ્વી સંસારપક્ષે મારાં સંબંધી છે, તેમને દેવું જ જોઈએ, આ રાગભાવ અને આ બિચારા સાધુ આપણા જૈનના છે, તેમને આપણે નહિ આપીએ તો બીજું કોણ આપશે એ દ્વેષભાવ એ બન્ને પ્રકારના ભાવથી આપે તો અતિચાર લાગે. [૧]

ઠાણાંગજી સૂત્રમાં દસ પ્રકારનાં દાન કહ્યાં છે તેમાં સર્વ દાન કરતાં ધર્મદાનને એકાંત [૨] નિરવદ્ય બતાવ્યું છે, અને તેનું ફળ સંસાર પરિત્ત કરી મોક્ષપ્રાપ્તિ છે.

---

૧ तहारुवं समणं वा माहणं वा हीलिता निंदिता खिंसिता गरिहिता अवमानिता अन्नयरेणं अमणुन्नेणं अपीइकारणं असणं पाणं खाइमं साइमेणं पडिलभिता एवं खलु जीवा असुह दीहाउताय कम्मं पकरेंति।-भगवती सूत्र.

અર્થ—તથારૂપ જિનશાસનના લિંગતા ધારણ કરનાર સાધુ કે શ્રાવકની કોઈ હેલના, નિંદા, ગર્હા, અપમાન કરશે અને અમનોજ્ઞ અપ્રિયકારી રોગોત્પાદક આહાર, પાણી, પકવાન્ન, મુખવાસ આદિ આપશે તે દીર્ઘાયુષ્ય તો પામશે, પરંતુ દુઃખથી પીડિત થઈ જન્મ પૂરો કરશે.

૨ गाथा—अणुकंपा संगहे चेव, भये कालुणिइय । लज्जाए गारवेणं च, अहम्मे पुण सत्तमं ॥ धम्मेय अट्ठमं वुत्ते, काउइय कय तिय ॥

[ઠાણાંગ સૂત્ર, ભાગ ૫, પાનું ૫૫૧]

૧ 'અનુકંપાદાન'—દુઃખી જીવોને દુઃખમુક્ત કરવાને કોઈ વસ્તુ આપે.
૨ 'સંગ્રહદાન'—સંકટગ્રસ્ત જીવોને સંકટમાંથી છોડાવે.

આ પ્રમાણે બારમા વ્રતના અતિચારોના સેવનથી દુઃખોત્પત્તિ થાય છે. એમ જાણી સુજ્ઞ જનો એવાં કામથી આત્માને બચાવશે અને સુપાત્ર દાનનો યથોચિત લાભ પ્રાપ્ત કરશે તે અહીં પણ યશ, સુખ, સંપત્તિનો ભોક્તા બનશે અને પરલોકમાં દેવાદિકનો પૂજનિક બનશે અને કદાચિત્ ઉત્કૃષ્ટ રસ આવી જશે તો તીર્થંકર ગોત્ર બાંધી ત્રીજે ભવે તીર્થંકર થઈ સર્વ જગતનો પૂજનિક બની જશે અને મોક્ષ પ્રાપ્ત કરી લેશે.

કેટલાક નામધારી મહાત્મા અને શ્રાવક એવા છે કે, જે પોતે દાન આપવા–અપાવવા સમર્થ હોવા છતાં પણ પક્ષપાત, દ્વેષ અથવા લોભને વશ પડી પોતે દાન આપતા નથી અને બીજા આપતા હોય તો તેમને અટકાવે છે. પોતાના સંપ્રદાય સિવાય બીજાને મિથ્યાત્વી, પાખંડી, ભગવાનના ચોર, આદિ મિથ્યા કલંક ચડાવે છે.

બીજાને દેવામાં સમકિતનો નાશ થાય અને નરકગામી થવાય એવું કહી ભ્રમમાં ફસાવે છે. પોતાના સિવાય બીજાને દાન આપવાનાં પચ્ચખ્ખાણ પણ કરાવે છે.

ભોળા ભક્તો એવા પાખંડીઓના મિથ્યા ઉપદેશને સત્ય માની તેનો સ્વીકાર કરે છે અને તેઓ ત્યાગી, વૈરાગી, જિનાજ્ઞામાં વર્તતા સુસાધુઓના દ્વેષી બની જાય છે. અને બાવા, જોગી, ફકીર અને બ્રાહ્મ-

---

૩ 'અભયદાન'—સાત પ્રકારના ભયથી ભયભીન બનેલા જીવોને અભય કરવા અને મરણોન્મુખ પ્રાણીને મૃત્યુથી બચાવવા વસ્તુ આપે તે અભયદાન.

૪ 'કારુણ્યદાન'—સ્વજનાદિના મૃત્યુ બાદ અભ્યાગતાદિને આપે તે.

૫ 'લજ્જાદાન'—કોઈની શરમમાં આવી કંઈક દાન કરે તે.

૬ 'ગૌરવદાન'—અભિમાનમાં આવીને કંઈક આપે તે.

૭ 'અધર્મદાન'—વેશ્યા આદિ કુકર્મ કરનારને આપે તે.

૮ 'ધર્મદાન'—સાધુ શ્રાવકને ફાસુક આહારાદિ આપે તે.

૯ 'કરિષ્યતિદાન'—આણે મારા ઉપર ઉપકાર કર્યો છે માટે તેને કંઈક આપવું જોઈએ એવા વિચારથી આપે તે.

૧૦ 'કૃતદાન'—આ માણસે મારા ઉપર ઘણા ઉપકારો કર્યા છે. આ ભાવનાથી પ્રેરાઈને દાન દેવાય છે તે.

ણાદિથી પણ જૈન સાધુઓને ખરાબ સમજે છે. માન સન્માન આપવું તો બાજુએ રહ્યું, પણ તેમનું ચાલે ત્યાં સુધી સુસાધુઓને પરિષહ આપવામાં પણ પ્રયત્નશીલ રહે છે.

વધારે શું કહીએ ? કેટલાક દુષ્ટો તો સાધુની ઘાત કરવાનું પણ ચૂકતા નથી. આવા જૈનાભાસીઓથી ચેતતા રહેવું. ભગવંતે તો શ્રાવકના પહેલા વ્રતમાં ભાત પાણીની અંતરાય પડાવવી તેને અતિચાર કહ્યો છે. ઋષભદેવજીએ પૂર્વભવમાં એક બળદને મોંઢે છીંકુ ચડાવ્યું હતું તો ૧૨ મહિના સુધી આહાર ન મળ્યો.

તીર્થંકરોને પણ કર્મે ન છોડયા તો બીજાનું શું ગજું ? માટે દાનમાં અંતરાય ન પડાવવો અને સુપાત્રનો યોગ પ્રાપ્ત થતાં યથોચિત લાભ લેવો [1] જોઈએ. કેમ કે શ્રાવકનાં ૧૧ વ્રત તો તિર્યંચ પણ ધારણ કરી શકે છે[2]. પરંતુ બારમું વ્રત આર્ય મનુષ્ય સિવાય અન્ય કોઈ પણ નિષ્પન્ન કરી શકતું નથી.

---

૧ સુશ્રાવક પ્રથમ સાધુ સાધ્વીને યથાવિધિ દાન આપી પછી પારણું કરે. કદાચિત્ યોગ ન હોય તો દિશાવલોકન કરી પારણું કરે. સાધુને દેવા—યોગ વસ્તુ જો સાધુનો યોગ હોય તો તેમને આપ્યા વિના પોતે ભોગવે નહિ. સ્થાન, શય્યાશન, આહાર, પાણી, ઔષધ, વસ્ત્ર, પાત્ર, આદિ જે પોતાની પાસે હોય તેમાંથી કંઈક પણ હિસ્સો સાધુને અવશ્ય આપવો જોઈએ. વિશેષ દેવાનો અવસર ન હોય તો થોડામાંથી થોડું પણ દેતા રહેવું. આમ ઉપદેશમાલામાં કહ્યું છે.

૨ અહીં મનુષ્ય લોકમાં શ્રાવકનું વ્રત લઈ પછી તેનો ભંગ કરે છે, તેમાંથી કેટલાક મનુષ્ય આયુષ્ય પૂર્ણ કરી અસંખ્યાતમા 'અરુણવર' નામના દ્વીપમાં સંખ્યાતા જોજન લાંબુંપહોળું માન સરોવર છે, તેમાં મચ્છાદિપણે ઉત્પન્ન થાય છે. તે સરોવરના કંઠસ્થળ ઉપર રત્નમય રેતી છે અને સિંહાસન—ભદ્રાસન બિછાવેલાં છે ત્યાં જ્યોતિષી દેવો ક્રીડા કરવા આવે છે. તે દેવદેવીઓને જોઈને જલચર જીવોને અવગ્રહ, ઈહા, અવાય, અનુપ્રેક્ષા કરવાથી જાતિસ્મરણ—જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે. તેથી તેઓ ભૂતકાળમાં મનુષ્યના ભવમાં કરેલાં વ્રતભંગ માટે પશ્ચાત્તાપ કરે છે અને ભવિષ્યમાં પોતાના આત્માનું શ્રેય કરવા માટે શ્રાવકનાં ૧૧ વ્રત અંગીકાર કરે છે. પાણીમાં રહ્યા થકા

વર્તમાનમાં સુભાગ્યોદયથી સાધુ સાધ્વીને દાન દેવાનો સુઅવસર સાંપડયો છે, તો ઉત્સુક ભાવે ભક્તિપૂર્વક યથોચિત દાન દઈ મહાલાભ પ્રાપ્ત કરશે તે આ લોક પરલોકમાં સુખી થશે અને અનુક્રમે મોક્ષનાં અનંત સુખોને મેળવશે.

આ ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત એ ૧૨ વ્રતનું સંક્ષિપ્ત વર્ણન કર્યું.

જો શક્તિ હોય તો બારે વ્રતોનું પાલન કરવું. નહિ તો શક્તિ અનુસાર બને તેટલાં વ્રત અંગીકાર કરી જેમ જેમ અવસર પ્રાપ્ત થતો જાય તેમ તેમ વ્રતોમાં વૃદ્ધિ કરી બાર વ્રતધારી શ્રાવક બનવું જોઈએ.

શ્રાવકની ૧૧ પ્રતિમા

ઉપર્યુક્ત બારે વ્રતોનું યથાવિધિ શુદ્ધ સમાચરણ કરતાં કરતાં વૈરાગ્યભાવમાં વૃદ્ધિ કરતાં કરતાં જ્યારે વિશેષ વૈરાગ્યભાવ આવે છે ત્યારે શ્રાવક અધિક ધર્મવૃદ્ધિ કરવાના અભિલાષી ગૃહકાર્ય અને પરિગ્રહાદિનો ભાર પોતાના પુત્ર કે ભ્રાતા વગેરે, જે તેનું નિર્વહન કરવાને સમર્થ હોય તેને સોંપી દે છે, અને પોતે ગૃહકુટુંબના મમત્વથી નિવૃત્તિ પામે છે. અને ધર્મવૃદ્ધિનાં ઉપકરણ જેવાં કે, આસન, ગુચ્છો, રજોહરણ, મુખવસ્ત્રિકા, માળા, પુસ્તક તથા ઓઢવા બિછાવવાનાં વસ્ત્ર આદિ ગ્રહણ કરીને પોષધશાલા આદિ ધર્મસ્થાનકમાં ચાલ્યા જાય છે. અને પછી નીચે પ્રમાણે શ્રાવકની ૧૧ પડિમા (પ્રતિમા)નું યથાવિધિ સમાચરણ કરે છે.

૧ દંસણ પડિમા–એક મહિના પર્યંત નિર્મળ સમકિત પાળે, શંકા, કાંક્ષાદિ પાંચ અતિચારમાંથી કોઈ પણ અતિચાર કિંચિન્માત્ર

પણ શરીરને સ્થિર રાખી સંવર, સામાયિક, પ્રતિક્રમણ, પોષધોપવાસ આદિ ધર્મનું પાલન કરે છે, પરંતુ મનુષ્ય લોકની બહાર સાધુનો યોગ ન હોવાથી અતિથિસંવિભાગ વ્રત નિષ્પન્ન ન થતું હોવાથી પશ્ચાત્તાપ કરે છે. યથાશક્તિ ધર્મનું આરાધન કરી આયુષ્યને અંતે સમાધિમરણે મરી ઉત્કૃષ્ટ આઠમા દેવલોકમાં દેવપણે ઊપજે છે અને થોડા જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

સેવે નહિ. ગૃહસ્થને તથા અન્ય તીર્થીને નમસ્કારાદિ કરે નહિ.

૨. **'વ્રત પડિમા'**–બે મહિના પર્યંત સમ્યક્‌ત્વપૂર્વક ઉક્ત બારે વ્રતોનું ૭૫ અતિચાર રહિત નિર્મળ પાલન કરે. કોઇ પણ અતિચારના સેવનરૂપ કિંચિત્ દોષ લગાડે નહિ.

૩. **'સામાયિક પ્રતિમા'**–અર્થાત્ ૩ મહિના પર્યંત સદૈવ સમ્યક્‌ત્વપૂર્વક પ્રાતઃ, મધ્યાહ્ન અને સંધ્યા એમ ત્રિકાલ ૩૨ દોષરહિત શુદ્ધ સામાયિક નિરંતર કરે.

૪. **'પૌષધ પ્રતિમા'**–ચાર મહિના સુધી સમ્યક્‌ત્વ, વ્રત અને સામાયિકપૂર્વક ૧૮ દોષરહિત દર માસે છ પોષા કરે (૨ આઠમ, ૨ ચૌદશ, ૧ અમાવાસ્યા અને ૧ પૂર્ણિમા).

૫. **'નિયમ પ્રતિમા'**—પાંચ માસ સુધી સમકિત, વ્રત, સામાયિક અને પોષધપૂર્વક પાંચ પ્રકારના નિયમનું સમાચરણ કરે. (૧) બારે સ્નાન કરે નહિ, (૨) રાત્રિભોજન કરે નહિ) (૩) ધોતીની એક લાંગ ખુલ્લી રાખે (છેડો ખોસે નહિ), (૪) દિવસે બ્રહ્મચર્ય પાળે અને, (૫) રાત્રિમાં મૈથુનનું પરિમાણ કરે તેમ જ એક રાત્રિની ઉપાસક પ્રતિમાનું પણ સારી રીતે પાલન કરે.

૬. **'બ્રહ્મચર્ય પ્રતિમા'**–છ મહિના સુધી સમકિત, વ્રત સામાયિક, પોષધ નિયમપૂર્વક કરે. નવ વાડ વિશુદ્ધ અખંડિત બ્રહ્મચર્યનું પાલન કરે.

૭. **'સચિત્ત પરિત્યાગ પ્રતિમા'**–સાત મહિના સુધી સમકિત, વ્રત, સામાયિક, પોષધ, નિયમ અને બ્રહ્મચર્યપૂર્વક સર્વ પ્રકારની સચિત્ત વસ્તુના ઉપભોગ પરિભોગનો પરિત્યાગ કરે.

૮. **'અણારંભ પ્રતિમા'**–આઠ મહિના પર્યંત સમકિત, વ્રત, સામાયિક, પોષધ, નિયમ, બ્રહ્મચર્ય અને સચિત્ત પરિત્યાગપૂર્વક છ કાયનો સ્વયં આરંભ કરે નહિ.

૯. **'પેસારંભ પ્રતિમા'**-નવ મહિના સુધી સમકિત, વ્રત, સામાયિક, પોષધ, નિયમ, બ્રહ્મચર્ય, સચિત્ત ત્યાગ અને અણારંભપૂર્વક છ કાય જીવોનો આરંભ અન્ય પાસે પણ કરાવે નહિ.

૧૦ **'ઉદ્દિષ્ટભક્ત પ્રતિજ્ઞા'**-દસ મહિના સુધી સમકિત, વ્રત, સામાયિક, પોષધ, નિયમ, બ્રહ્મચર્ય, સચિત્તત્યાગ, અણારંભ અને પેસારંભના પરિત્યાગપૂર્વક પોતાને માટે બીજા કોઈએ છ કાયનો આરંભ કરી વસ્તુ બનાવેલી હોય તેને ગ્રહણ ન કરે તેમ જ તે હજામત કરાવે છે અથવા બાલ રાખે છે. હું જાણું છું કે હું નથી જાણતો એ બે ભાષા જ બોલવી તેને કલ્પે છે.

૧૧. **'સમણભુય પ્રતિમા'**-સમ્યક્ત્વાદિ ૧૦ બોલપૂર્વક ૧૧ મહિના સુધી જૈન સાધુનો વેષ ધારણ કરે. ત્રણ કરણ ત્રણ યોગથી સાવદ્ય કર્મનો ત્યાગ કરે. મસ્તક, દાઢી અને મૂછનો લોચ કરે, શિખા (ચોટલી) રાખે, શક્તિ ન હોય તો હજામત પણ કરાવે. રજોહરણની દાંડી પર કપડું ન બાંધે, ખુલ્લી દાંડીનો રજોહરણ રાખે, ધાતુનાં પાત્ર રાખે અને સ્વજાતિમાં ભિક્ષાવૃત્તિથી ૪૨ દોષરહિત આહારપાણી આદિ જે વસ્તુની જરૂર હોય તેને ગ્રહણ કરે, કોઈ ગૃહસ્થ સાધુ અથવા મહારાજ આદિ શબ્દથી સંબોધન કરે ત્યારે સ્પષ્ટ કહી દે કે, 'હું સાધુ નથી, પણ પડિમાધારી શ્રાવક છું.' ભિક્ષાવૃત્તિથી ગ્રહણ કરેલા આહાર આદિને ઉપાશ્રય આદિ સ્થાનકમાં લાવીને મૂર્ચ્છા રહિત ભોગવે.

આ પ્રમાણે ૧૧ પ્રતિમાનું પાલન કરવામાં પાા વર્ષ લાગે છે. પછી શારીરિક શક્તિ ક્ષીણ થઈ જાય, આયુષ્યનો અંત નજીક જણાય તો સંથારો કરી દે. અને આયુષ્ય અધિક હોય તો દીક્ષા લેવી હોય, તો દીક્ષા લે.

પૂર્વોક્ત પ્રકારથી ૧. જઘન્ય શ્રાવક સમકિતી કહેવાય છે. ૨. મધ્યમ શ્રાવક વ્રતધારી કહેવાય છે. અને, ૩. ઉત્કૃષ્ટ શ્રાવક પડિમાધારી કહેવાય છે. એમ ૩ પ્રકારના શ્રાવક હોય છે.

સાચા શ્રાવકનાં લક્ષણો

आर्या-कय वय कम्मो तह, सीलवं च गुणवं च उज्जु ववहारी ।
गुरु सुसुओ पवयण कुसलो, खलु भवओ सड्ढो ॥

અર્થ—૧. સમકિત વ્રતાદિ શ્રાવકનાં કર્મનું સમ્યક્ પ્રકારે સમાચરણ કર્યું હોય. ૨. ક્ષમા શીલાદિ ગુણે અલંકૃત હોય. ૩. ન્યાયપક્ષી, સત્યવાદી, ગુણગ્રાહી હોય. ૪. નિષ્કપટ સરળતાથી વ્યવહાર ચલાવતો હોય. ૫. ગુરુ આદિ સાધુની તથા ચતુર્વિધ સંઘની તન, મન, ધનથી સેવા ભક્તિ કરતો હોય. અને ૬. પ્રવચન શાસ્ત્રોના અભ્યાસથી કુશળ બન્યો હોય તે જ સાચો શ્રાવક કહેવાય છે.

अगारिसामाइयं गाणि, सड्ढी काएण फासए ।
पोसहं दुहओ पक्खं, एगरायं न हावए ॥ २३ ॥
एवं सिक्खासमावन्ने, गिहवासे वि सुव्वए ।
मुच्चई छविपव्वाओ, गच्छे जक्खसलोगयं ॥ २४ ॥

(ઉત્ત. અ. ૫)

અર્થ—દીક્ષા ગ્રહણ કરવામાં અશક્ત હોય તે ગૃહવાસમાં રહીને પણ સમકિતપૂર્વક સામાયિક આદિ વ્રતોનું શ્રદ્ધાન અને સ્પર્શન કરે છે, બન્ને પાખીના પોષા કરે છે તે અને રુક્ષવૃત્તિથી સંસાર પક્ષનું અને પ્રેમાનુરાગ રક્ત થઈ ધર્મપક્ષનું પાલન કરે છે. ધર્મની કરણી કરવામાં એક રાત્રિની પણ હાનિ કરતો નથી, અર્થાત્ નિત્ય નિયમ પ્રમાણે ધર્મકરણીનું સમાચરણ કરે છે.

આ પ્રમાણેની શિક્ષાએ સંપન્ન જે ગૃહસ્થ છે તેને વિશુદ્ધવ્રતી કહેવો. તે હાડ, ચર્મ, માંસાદિ અશુદ્ધિથી ભરેલું આ ઔદારિક શરીર છોડી અત્યુત્તમ વૈક્રિય શરીરનો ધારક—ઈચ્છા પ્રમાણે રૂપ બનાવનાર મહારિદ્ધિવંત દેવતા થશે અને ભવિષ્યમાં થોડા જ ભવમાં જન્મ, જરા, મરણ અને આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ સર્વ દુઃખોનો અંત કરી મોક્ષનાં અનંત સુખોનો ભોક્તા થશે.

શાસ્ત્રોદ્ધારક બાલબ્રહ્મચારી ઋષિ સંપ્રદાયાચાર્ય સ્વ.
મુનિશ્રી અમોલખઋષિજી મહારાજ વિરચિત
'જૈન તત્ત્વ પ્રકાશનું' 'સાગારી ધર્મ'
નામક પાંચમું પ્રકરણ સમાપ્ત

પ્રકરણ ૬ ઠું

અંતિમ શુદ્ધિ

मृत्युमार्गे प्रवर्तस्य, वीतरागो, ददातु मे ।
समाधिबोधपाथेयं, यावन्मुक्तिपुरी पुरः ॥

(મૃત્યુ મહોત્સવ)

અર્થાત્ જેવી રીતે પરદેશમાં રહેલા પોતાના પુત્રને ઘેર બોલાવવાને માટે દયાળુ પિતા પત્ર દ્વારા રસ્તાની માહિતી આપે છે અને ખરચીને માટે દ્રવ્ય પણ મોકલે છે, જેથી તે સુખે સુખે રસ્તો પસાર કરી ઘેર પહોંચી શકે. તેવી જ રીતે, હે પરમ દયાળુ પિતા વીતરાગ દેવ ! હું પણ મૃત્યુમાર્ગમાં પ્રવૃત્ત અને મુક્તિપુરી પ્રાપ્ત કરવાનો અભિલાષી છું, એટલા માટે આપ મારા ઉપર કૃપા કરીને મુક્તિને સુખેથી પ્રાપ્ત કરી શકું એવી ચિત્તની સમાધિ અને જ્ઞાનાદિ ત્રણ રત્નરૂપ બોધિનું ભાથું આપીને મુક્તિપુરીમાં મને તેડાવી લો.

મૃત્યુના ૧૭ પ્રકાર

૧. ઉત્પન્ન થયા પછી પ્રતિસમય આયુષ્ય કમતી થતું જાય છે તે **'અવિચિય મૃત્યુ.'**

૨. વર્તમાન કાળમાં જે શરીરરૂપ પર્યાય પ્રાપ્ત થઈ છે તેનો અભાવ થાય તે **'તદ્ભવ મૃત્યુ.'**

૩. ગત ભવમાં આયુબંધ કરી અહીં ઉત્પન્ન થાય તે આયુ અને અહીં પૂર્ણ થાય તે **'અવાધ મૃત્યુ.'**

૪. સર્વથી અને દેશથી આયુ ક્ષીણ થાય તથા બંને ભવમાં એક જ પ્રકારનું મૃત્યુ થાય તે **'આદ્યંત મૃત્યુ'**

૫. ઝેરથી, શસ્ત્રથી, અગ્નિથી, પાણીથી, પહાડથી પડીને ઇત્યાદિ પ્રકારથી આત્મઘાત કરી મરે, તથા જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના રહિત અજ્ઞાનતાથી મૃત્યુ પામે તે '**બાલ મૃત્યુ**'

૬. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહિત સમાધિભાવથી આયુષ્ય પૂર્ણ થાય તે '**પંડિત મૃત્યુ**'

૭. સંયમવ્રતથી ભ્રષ્ટ થઈને મૃત્યુ પામે તે '**આસન મૃત્યુ**'.

૮. સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં વ્રતોનું આચરણ કર્યા બાદ સમાધિ-ભાવથી મૃત્યુ પામે તે '**બાલપંડિત મૃત્યુ.**'

૯. માયા, નિદાન અને મિથ્યાત્વદર્શન શલ્ય એ ત્રણમાં કોઈ પણ એક શલ્ય સહિત મૃત્યુ પામે તે '**સશલ્ય મૃત્યુ.**'

૧૦. પ્રમાદને વશ થઈ તથા અત્યંત સંકલ્પ વિકલ્પ પરિણામોથી પ્રાણમુક્ત થઈ જાય તે '**પલાય મૃત્યુ.**'

૧૧. ઇંદ્રિયોને વશ પડી, કષાય, વેદના કે હાંસીને વશ પડીને મૃત્યુ પામે તે '**વશાત મૃત્યુ.**'

૧૨. સંયમ શીલવ્રતાદિનો નિર્વાહ ન થવાથી આપઘાત કરે તે '**વિપ્રાણ મૃત્યુ.**'

૧૩. સંગ્રામમાં શૌર્ય ધારણ કરી મરણ પામે તે '**ગૃદ્ધપૃષ્ટ મૃત્યુ.**'

૧૪. યથાવિધિ ત્રણ આહારમાં યાવજ્જીવ પચ્ચખ્ખાણ કરી મૃત્યુ પામે તે '**ભક્ત પ્રત્યાખ્યાન મૃત્યુ.**'

૧૫. સંથારો કર્યા બાદ અન્યની પાસે સેવા ચાકરી ન કરાવતાં થકા મૃત્યુ પામે તે '**ઇંગિત મૃત્યુ.**'

૧૬. આહાર અને શરીર બન્નેનો યાવજ્જીવ ત્યાગ કરી સ્વવશ હલનચલન કર્યા વગર મૃત્યુ પામે તે '**પાદોપગમન મૃત્યુ.**'

૧૭. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ દેહોત્સર્ગ થાય તે '**કેવળી મૃત્યુ.**'

આ ૧૭ પ્રકારનાં મૃત્યુનું કથન અષ્ટપાહુડ ગ્રંથના પાંચમા ભાવપાહુડમાં કહ્યું છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા અધ્યયનમાં મૃત્યુના મુખ્ય બે પ્રકાર કહ્યા છે.

बालाणं अकामं तु, मरणं असई भवे ।
पंडियाणं सकामं तु, उक्कोसेणं सई भवे ॥३॥

અર્થ—બાલ અજ્ઞાની જીવો અકામ મરણે મરે છે. તેમને વારંવાર મરવું પડે છે અને પંડિત પુરુષો જે સકામ મરણે મરે છે તેને ઉત્કૃષ્ટ એક જ વખત મરવું પડે છે. અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. એટલા માટે આત્મહિતાર્થીઓએ બંને પ્રકારનું સ્વરૂપ સમજવાની આવશ્યકતા છે. પરલોકને નહિ માનનારા એવા કેટલાંક અજ્ઞાની મનુષ્યો કહે છે કે, 'જો પરલોક હોત તો આપણાં આટલાં આટલાં સગાં સ્નેહીઓ મરીને ગયાં તેમાંથી કોઈના પણ સમાચાર આવ્યા હોત.

વળી, હમણાં જે કામભોગો પ્રાપ્ત થયા છે તેને છોડી દેવા અને ભવિષ્યના સુખની આશાએ ભૂખ, તરસ, ટાઢ, તાપ, આદિ કષ્ટો ઉઠાવવાં એ તો નરી મૂર્ખાઈ જ છે. તેનાં કરતાં તો હાલમાં જે ભોગો પ્રાપ્ત થયા છે તે જ ભોગવી લેવા સારા છે. 'આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો' આવો બકવાદ કરવાની ધૃષ્ટતા કરે છે અને હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, આદિ પાપાચરણ કરતાં જરા પણ અચકાતા નથી. સ્વાર્થે કે વિના સ્વાર્થે સહજમાં ત્રસ, સ્થાવર જીવોની હિંસા કરે છે, માંસ–મદિરા સેવે છે, પરસ્ત્રી કે વેશ્યાનું સેવન કરે છે.

આમ, વિષયમાં અત્યંત આસકત બનીને ગાઢાં કર્મ બાંધે છે. ધર્મના નામથી ભડકે છે, પાપકાર્યોમાં હર્ષોત્સાહ ધારણ કરે છે. સાધુજી કે સત્પુરુષોની સંગતિથી દૂર ભાગે છે. ચોર, ઠગ, વ્યભિચારીની સોબતમાં આનંદ માને છે. આવી રીતે જીવનભર પાપકર્મનું આચરણ કરે છે. પછી જ્યારે મૃત્યુના મોઢામાં પડે છે—અતિસાર, કોઢ, જલોદર, ભગંદર,

શૂળ, ક્ષય, આદિ દુષ્ટ રોગોથી ઘેરાઈને ત્રાસ પામે છે અને બરાડા પાડે છે કે હાય ! હાય ! હવે હું મહાકષ્ટે પ્રાપ્ત કરેલી સુખોપભોગની આ સર્વ સામગ્રી તથા પ્રાણપ્યારા કુટુંબને છોડી ચાલ્યો જઈશ.

આ પ્રમાણે મૃત્યુની ઈચ્છા વિના જ જે ઝુરણા કરતો, ત્રાસ પામતો મૃત્યુને પ્રાપ્ત થાય છે તેને અકામ મરણ કહે છે. આ મરણથી મરનાર પ્રાણી આ સંસારમાં અનંત જન્મ મરણને પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી આવાં અકામ મરણે મરે છે ત્યાં સુધી સંસારનાં દુઃખોથી છૂટી શકતો નથી. મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. આવાં મરણો કરી અનંત કાળ વિતાવી દીધો. આમ, સંસારનાં મહાકષ્ટ ભોગવતાં–ભોગવતાં જ્યારે કોઈ ભવી જીવ સર્વ કર્મોની સ્થિતિ એક ક્રોડાક્રોડ સાગરોપમની અંદર રહે તેટલો હળુકર્મી થાય ત્યારે કંઈક ધર્મારાધનની ભાવના જાગૃત થાય છે.

સદ્ભાગ્યોદયથી સદ્ગુરુની સંગતિ પામીને સંસારના સ્વરૂપને સમજે છે, ભવભ્રમણનાં દુઃખોને જાણે છે ત્યારે તે દુઃખોથી ત્રાસિત બને છે. જન્મ, જરા, મરણનું સ્વરૂપ સમજવાની સહેજે અભિલાષા ઉત્પન્ન થાય છે. અને સકામ મરણને માટે જેમ કોઈ શૂર, વીર, ધીર ક્ષત્રિય રાજા પર કોઈ પરચક્રી રાજા ચડાઈ લઈને આવ્યો હોય ત્યારે તેના આગમનના સમાચાર સાંભળતાં જ તે વીર ક્ષત્રિયના રોમરોમમાં વીરરસ વ્યાપ્ત થઈ જાય છે અને તે તત્કાળ ચતુરંગિણી સેના સાથે સજ્જ થઈ રાજસુખનો પરિત્યાગ કરી દે છે, ભૂખ, તરસ, ટાઢ, તાપ, આદિ કષ્ટોનો તથા શસ્ત્ર તથા અસ્ત્રાદિના પ્રહારની લેશ પણ પરવા કરતો નથી. ઊલટો, તે દુઃખોને પણ સુખનું સાધન સમજી પોતાના પરાક્રમથી, કૌશલ્યથી શત્રુ સેનાને ધ્રુજાવતો તેનો પરાજય કરી પોતે વિજયવંત બને છે અને પોતાના રાજ્યને નિર્વિઘ્ન બનાવે છે.

આવી જ રીતે સકામ મરણનો ઈચ્છુક મહાત્મા કાળરૂપ શત્રુને રોગાદિ દૂત દ્વારા નિકટ આવ્યો જાણી તત્કાળ સાવધાન થઈ જાય છે અને શારીરિક સુખોનો પરિત્યાગ કરી ક્ષુધા, તૃષાદિ દુઃખની કિંચિત્

પણ દરકાર ન કરતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, તપરૂપ ચતુરંગિણી સેનાથી સજ્જ થઈને સકામ મરણરૂપ સંગ્રામ દ્વારા કાળરૂપ દુર્દંત શત્રુનો પરાજય કરે છે, તેથી અનંત અક્ષય આત્મિક સુખની પ્રાપ્તિ રૂપ મોક્ષરાજ્યને પ્રાપ્ત કરી સદાને માટે નિર્વિઘ્ન થઇ જાય છે.

જેનો જન્મ થયો તેનું મૃત્યુ તો એક દિવસ અવશ્ય થવાનું છે. મૃત્યુથી બચવાનો જગતમાં કોઇ ઉપાય છે જ નહિ, તો પછી મૃત્યુને વણસાડી આત્માની ખરાબી શા માટે કરવી જોઇએ? શા માટે અનંત મરણોને વધારવાં જોઈએ? એક જ વખતના મૃત્યુથી ફરી કદી પણ મરવું જ ન પડે એવો ઉપાય શા માટે ન કરવો? આ ઉપાય ચાહે તેટલો વિકટ હોય તો પણ એક વખતના મૃત્યુથી જેટલું દુ:ખ થાય છે તેટલું દુઃખ સમાધિ મરણે મરતાં થતું નથી, આવો * નિશ્ચય કરી શૂરવીર મહાત્મા જ સકામ મરણે મરી શકે છે અને મૃત્યુના દુ:ખથી સદાને માટે છૂટી શકે છે.

સકામ મરણનાં ગુણનિષ્પન્ન ૫ નામ છે.

૧. **'સકામ મરણ'**—મુમુક્ષુઓની કામના મૃત્યુથી બચવાની છે, તે સિદ્ધ થાય અર્થાત્ પુનઃ મરવું ન પડે તે સકામ મરણ.

૨. **'સમાધિ મરણ'**—સર્વ પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિથી પોતાના ચિત્તની નિવૃત્તિ કરીને સમાધિભાવ ધારણ કરે છે તે.

---

* અદૃશ્ય થવાનું અંજન આંજીને એક ચોર હંમેશ રાજાની સાથે ભોજન કરી જતો હતો. ચતુર પ્રધાને રસ્તામાં સૂકાં પાંદડાં બિછાવી દીધાં. ચોરના ચાલવા વડે પાંદડાંનો ખડખડાટ થતાંની સાથે તેને પકડી લીધો. રાજાએ આ ચોરને મહાભયંકર જાણી હુકમ કર્યો કે, ૩ા કરોડ સોય ગરમ કરી ચોરને રુંવાડે રુંવાડે ઘુસાડી દો. પછી લીલા ચામડામાં તેને મઢી દઈ દડીરૂપ બનાવી ચોકમાં રાખી જાહેર કરો કે, રસ્તે ચાલનાર દરેક મનુષ્ય તેને ઠોકરે ચડાવતો જાય. હવે કહો કે તે ચોરને કેટલું દુ:ખ થતું હશે? આવું દુ:ખ ગર્ભાશયમાં રહેલા જીવને પહેલા મહિનામાં થાય છે. બીજા મહિનામાં તેથી બમણું, ત્રીજામાં ત્રણગણું અને નવમા મહિનામાં નવગણું દુ:ખ થાય છે. અને જન્મતી વખતે ક્રોડગણું દુ:ખ થાય છે. અને મરતી વખતે તે ચોરના દુ:ખથી ક્રોડાક્રોડગણું દુ:ખ થાય છે. જન્મ મરણનાં આવાં મહા ભયંકર દુ:ખો છે એવું શાસ્ત્રવચન છે.

૩. '**અનશન**' –જાવજ્જીવ ત્રણ કે ચાર આહારનાં પચ્ચખ્ખાણ કરી લેવાં તે.

૪. '**સંથારો**'—મૃત્યુના બિછાનામાં છેલ્લી વખતનું શયન કરવા સજ્જ બને તે.

૫. '**સંલેખના**'—માયા, નિદાન અને મિથ્યાત્વ એ ત્રણે શલ્યની આલોચના, નિંદણા, ગર્હણા કરી શુદ્ધ બને તે, ઈત્યાદિ નામ સકામ મરણનાં કહ્યાં છે.

સાગારી સંથારો

મૃત્યુનો ભરોસો નથી, કોઈ વખતે અણચિંતવ્યું મૃત્યુ થતાં આત્મા ખાલી હાથે પરભવમાં ચાલ્યો જાય એવો ડર લાવીને, ધર્માત્મા સદૈવ સૂતી વખતે ઈત્વર (અલ્પ) કાળને માટે અર્થાત્ જાગૃત થતાં સુધીનાં અને કદાચ નિદ્રામાં જ મૃત્યુ થઇ જાય તો યાવજ્જીવનનાં પ્રત્યાખ્યાન કરી લે છે તેને સાગારી × સંથારો કહે છે. તે આ પ્રમાણે કરી શકાય છે.

શયન કર્યા પહેલાં નવકાર, તિખ્ખુત્તો, ઇરિયાવહી તથા તસ્સ-ઉત્તરીનો પાઠ કહી ચાર લોગસ્સનો કાઉસ્સગ કરે, પછી એક લોગસ્સ પ્રગટ કહી બે હાથ જોડી કહે કે,– "ભખ્ખંતિ, ડજ્ઝન્તિ, મારંતિ કિંવિ ઉવસગ્ગેણં મમ આઉ અંતં ભવંતિ તથા શરીર સંબંધ મોહ મમત્ત અઠ્ઠારસ પાવઠાણં ચઉવિહં વિ આહારં વોસિરે' સુહ સમાહિએણં નિદ્દા વઈક્કંત્તિ તઓ આગાર' અર્થાત્–નિદ્રામાં કદાચિત્ સર્પ સિંહાદિ ભક્ષણ કરી લે તેથી મૃત્યુ થઈ જાય, અગ્નિ પ્રયોગથી ભસ્મીભૂત થઇ જાઉં, પાણીમાં તણાઇ જાઉં, શત્રુ આદિ મારી નાખે, આયુષ્ય પૂર્ણ થતાં મરી જાઉં, તથા અન્ય કોઇ પણ ઉપસર્ગ દ્વારા મારા આયુષ્યનો અંત થઈ જાય, તો મારો શરીર સંબંધ, મોહ, મમત્વ,

---

× સંક્ષેપમાં સાગારી સંથારો નીચેના એક દોહરાથી થઈ શકે છે.

આહાર શરીર ને ઉપધિ, પચ્ચખું પાપ અઢાર,
મરણ આવે તો વોસિરું, જીવું તો આગાર.

૧૮ પાપસ્થાનક અને ચાર પ્રકારના આહાર ભોગવવાનો ત્યાગ કરું છું. અને જો સુખે સમાધિએ જાગૃત થઈ જાઉં તો હું સર્વ પ્રકારે ખુલ્લો છું.

પછી નવકાર મંત્રનું સ્મરણ કરતો થકો શયન કરે. જાગૃત થયા બાદ પૂર્વોક્ત પ્રકારે ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી કહે કે,– "પડિક્કમામિ પગામસિજ્જાએ જાવ જો મે રાઈ અઈયારો કઓ તસ્સ મિચ્છામિ દુક્કડં" પછી સાગારી અણસણનું પચ્ચખ્ખાણ પારતાં આ પ્રમાણે બોલે. "સાગારી અણસણનાં પચ્ચખ્ખાણ કર્યાં હતાં તે સમ્મકાએણં, ફાસીયં, પાલિયં, સોહિયં, તીરિયં, કીત્તિયં, આરાહિયં આણાએ અણુપાલિતા ન ભવઈ, તસ્સ મિચ્છામિ દુક્કડં" * આ સાગારી સંથારાની વિધિ કહી.

ચોર, સિંહ, સાપ, વ્યંતર, અગ્નિ, પાણી, આદિ કોઈ પણ પ્રકારે પ્રાણાંત ઉપસર્ગ પ્રાપ્ત થાય તથા બીમારી આદિ પ્રાપ્ત થતાં જો અણગારી સંથારો કરવાનો અવસર ન હોય તો ત્યાં પણ ઉપર પ્રમાણે સાગારી સંથારો કરવો ઉચિત છે.

અણગારી સંથારો–સંલેખના

પ્રાણાંત ઉપસર્ગ આવે, અન્નપાણી ન મળે એવો દુર્ભિક્ષ–દુષ્કાળ પડે, વૃદ્ધાવસ્થાથી શરીર અતિ જીર્ણ થઈ જાય, અસાધ્ય રોગ ઉત્પન્ન થાય, ઈત્યાદિ પ્રસંગોમાં પ્રાણ બચાવવાનો કોઈ પણ ઉપાય ન હોય ત્યારે તથા કાળજ્ઞાન ગ્રંથમાં વર્ણવેલાં + લક્ષણોથી પોતાનો અંતઃ

---

* નમુક્કારસી આદિ ૧૦, પ્રત્યાખ્યાન તથા સામાયિક, પૌષધ આદિ પારતી વખતે આ પાઠ બોલવો.

+ દોહા—અતિ ગાજ, અતિ વિજ નહિ, મૂત્ર ન ખંડે ધાર;
કર દીસે જો સ્થંભ સમ, હંસો હાલણહાર.

અર્થ—કાનમાં આંગળીઓ નાખ્યા બાદ ગણગણાટ થતો અવાજ સાંભળવામાં ન આવે, આંખની ઉપરનો ભાગ દબાવવાથી વીજળી જેવો ચમકાર દેખાય નહિ, પેશાબ કરતી વખતે મધ્યમાં રોકી શકે નહિ, મસ્તક ઉપર પંજો રાખી હાથનું કાંડું જોતાં જો હાથ સ્થંભ જેવો જાડો દેખાય, ઈત્યાદિ લક્ષણથી માલૂમ પડે કે હવે આ હંસ રવાના થવાનો છે.

સમય નિકટ જાણે ત્યારે પોતાના ધર્મના રક્ષણાર્થે જે શરીરાદિનો ત્યાગ કરે છે તેને સંલેખના તપ કહ્યું છે.

संलेहणा दुविहा, अब्भंतरिया य बाहिरा चेव ।
अब्भंतर कसाएसु, बाहिरा होइ हु सरीरे ॥
[૨૧૧—ભ૦ આ૦]

અર્થ—૧. ક્રોધાદિ કષાયોને ક્ષીણ કરવા તે અભ્યંતર સંલેખણા અને, ૨. શરીરનો પરિત્યાગ કરવો તે બાહ્ય સંલેખણા એમ બે પ્રકારની સંલેખણા હોય છે.

હવે સંલેખણા કરવાની વિધિનો સૂત્રાર્થ કહે છે—'**અપચ્છિમ મારણંતિય સંલેહણા ઝુસણા આરાહણા**'— હવે સંસારનું કોઇ પણ કામ બાકી રહ્યું નથી એવાં સાંસારિક કામોથી મનઃકામના

---

*ससल्लो जई वि कट्ठुग्गं घोर वीर तवं चरे ।
दिव्वं वास सहस्सं तु, तओ वि तस्स निष्फलं ॥

અર્થ—અંતઃકરણમાં માયા આદિ શલ્ય ધારણ કરીને હજારો વર્ષ પર્યંત કરેલી તપશ્ચર્યા પણ નિષ્ફળ થઈ જાય છે.

लहु आहलाद जणणं, अत्थ परिनिविति अज्जवं सोही ।
दुक्करं करण आढाणं, निसल्लं तस्स सोईगुणा ॥

અર્થ—માસ માસખમણનાં તપ કરવાથી પણ આત્મોદ્ધાર થતો નથી, પરંતુ અંતઃકરણના શલ્ય રહિત આલોચના, નિંદણા કરવાથી આત્માનો ઉદ્ધાર થાય છે. માસ ખમણ તપ અને આલોચના વગેરે બન્ને કરવાથી વધારે ને વધારે લાભ થાય છે.

નિશીથ સૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે કે, 'तं न दुक्करं जं पडिसेविज्जइ ते दुक्करं जं सम्मं आलोइज्जइति' અર્થાત્ અન્ય તપાદિ ધર્મક્રિયા કરવી જેટલી દુષ્કર નથી તેટલી દુષ્કર આલોચના કરવી તે છે.

निठविय पावपंका, सम्मं आलोईय गुरु सगासे ।
पत्ता तणंत सत्ता, सासयसुहं अणाबाहं ॥

અર્થ—શુદ્ધ પરિણામથી અંતઃકરણના શલ્ય રહિત થઇ આલોચના કરવાવાળા અનંત જીવોએ પાપરૂપ કર્મોનો સર્વથા નાશ કરી અવ્યાબાધ શાશ્વત મોક્ષનાં સુખો પ્રાપ્ત કરેલાં છે એવું જાણી ગુરુ સમીપે નિઃશંકપણે અને નિઃસંકોચે આલોચના કરવી જોઇએ.

નિવૃત્તિ પામી છે તેથી **'અપચ્છિમ'**-છેલ્લી **'મારણંતિય'** મરણને અવસરે કરાતી **'સંલેહણા'**-તપથી શરીર અને કષાયને પાતળા પાડવાની ક્રિયા, **'ઝુસણા'**-સેવવાની **'આરાહણા'**-આરાધના કરવાની ક્રિયાને પ્રસંગે પૌષધશાળાને પોંજી પ્રમાર્જી અંતઃ સમયે આત્મસાધનમાં તત્પર થયો થકો, પ્રથમ આ ભવમાં સમ્યક્ત્વપૂર્વક વ્રત ધારણ કર્યા બાદ તે સમકિત તથા વ્રતમાં સઉપયોગે જે જે દોષ અતિચાર લાગ્યો હોય તેની ગવેષણા (સ્મરણ) કરે અને સ્મૃતિગોચર દોષો જે સ્વવશે, પરવશે, મોહવશે, જાણ્યે કે અજાણ્યે લાગ્યા હોય તે નાના મોટા સઘળા દોષોની આલોચના પ્રગટ કરવાને માટે ગાંભીર્યાદિ ગુણોયુક્ત આચાર્ય, ઉપાધ્યાય કે સાધુજી જે નિકટ હોય તેમના સન્મુખ પ્રગટ કરે.

કદાચિત્ આલોયણા સંભળાવવા યોગ્ય એવા કોઈ સાધુજીનો યોગ ન હોય તો ઉક્ત ગુણયુક્ત સાધ્વીજી સન્મુખ આલોયણા કરે. સાધ્વીજીનો યોગ ન હોય તો પૂર્વોક્ત ગુણે કરી સહિત શ્રાવકજી સન્મુખ દોષ પ્રકાશ કરે અને શ્રાવકનો પણ યોગ ન હોય તો ઉક્ત ગુણયુક્ત શ્રાવિકાજી સન્મુખ અને તેવો પણ યોગ ન હોય તો જંગલમાં જઈને પૂર્વ તથા ઉત્તર દિશા સન્મુખ ઊભો રહી, બે હાથ જોડી સીમંધર સ્વામીને નમસ્કાર કરી ઉચ્ચ સ્વરે કહે કે અહો પ્રભો ! મેં અમુક અમુક અનાચરણનું આચરણ કર્યું છે, જેનું પ્રાયશ્ચિત્ત અમુક મારી ધારણામાં છે, તેનો હું આપની સાક્ષીએ સ્વીકાર કરૂં છું. ન્યૂનાધિક હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં. આ પ્રમાણે નિઃશલ્ય બની પછી જેમ કાળા કોયલા અગ્નિમાં પડયાથી તેની સફેદ રાખ બની જાય છે, તે પ્રમાણે આત્માને ઉજ્જવળ કરવા માટે સંથારા (તપ)રૂપ આગમાં ઝુકાવવું.

જ્યાં ખાનપાન, ભોગવિલાસના પદાર્થો ન હોય, સાંસારિક શબ્દ સાંભળવામાં આવતા ન હોય, જ્યાં ત્રસ સ્થાવર જીવોની હિંસાનો સંભવ ન હોય એવા નિર્દોષ પોષધશાળા, ઉપાશ્રયાદિ સ્થાનમાં અથવા જંગલ, પહાડ, ગુફા આદિ સ્થાનમાં શિલા આદિની ઉપર જ્યાં ચિત્તસમાધિને યોગ્ય જગા હોય તે સ્થાનને રજોહરણાદિથી ધીમે ધીમે પ્રમાર્જન કરે, પછી લઘુ

નીત-પીત્ત, શ્લેષ્માદિ પરઠવવાની જગ્યાનું પ્રતિલેખન કરે, જે જીવ જંતુ કે વનસ્પતિ રહિત હોય તેને આંખથી સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈ લે, પછી સંથારો કરવાના સ્થાન પર આવી ગમનાગમનના પાપની નિવૃત્તિ અર્થે ઇરિયાવહિ પડિક્કમે. કાયોત્સર્ગ પારી લોગસ્સ બોલી કહે કે, પ્રતિલેખનામાં પૃથ્વીકાય આદિ છકાયની વિરાધના થઇ હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

પછી જો કષ્ટ સહવા શરીર સમર્થ હોય તો જમીન પર તથા શિલા આદિ પર વસ્ત્રનું બિછાનું કરી તે ઉપર સંથારો કરે અને જો અસમર્થ હોય તો ઘઉં, ચોખા, કોદ્રવા, આદિનું પરાળ કે તૃણાદિ જો તદ્દન સાફ (ધાન્યરહિત) મળી જાય તો તે લાવી તેનું ૩ા હાથ લાંબું અને ૧ા હાથ પહોળું બિછાનું કરે, તેને શ્વેત વસ્ત્રથી ઢાંકીને તે ઉપર પૂર્વ તથા ઉત્તરાભિમુખ પલ્યંકાદિ (પલાંઠી કે પદ્માસન,) આસને બેસે. અથવા જે આસન સુખદ માલૂમ પડે, જેનાથી ચિત્તની સમાધિ રહે તે આસને બેસે.

જો બેસવાની શક્તિ ન હોય તો ભીંતાદિકને ઓઠીંગણે બેસે અથવા સૂઈ જઈને પણ ઇચ્છા મુજબ સ્થિર આસન કરે. પછી બન્ને હાથ જોડી દસે આંગળીઓ એકત્ર કરે. અને જે પ્રમાણે અન્ય દર્શની આરતી ઉતારે છે, તે પ્રમાણે જોડેલા હાથોને જમણી બાજુથી શરૂ કરી, ફરી જમણી બાજુ તરફ ત્રણ વાર લઈ મસ્તકે સ્થાપન કરે.

પછી નમોત્થુણંનો પાઠ ભણે. પહેલું નમોત્થુણં શ્રી સિદ્ધ ભગવંતને અને બીજું શ્રી અરિહંત ભગવાનને કહેવું, વિશેષમાં છેલ્લું પદ-'ઠાણં સંપત્તાણં' ને બદલે 'ઠાણં સંપાવિઉ કામાણં' (એટલે સિદ્ધ પદ પામવાના ઇચ્છુક) કહેવું, પછી ત્રીજું નમોત્થુણં 'મમ ધમ્મગુરૂ ધમ્માયરિય ધમ્મોવદેસગસ્સ જાવ સંપાવિઓ કામસ્સ' અર્થાત્ મારા ધર્મગુરૂ, ધર્માચાર્ય, ધર્મોપદેશના દાતાર યાવત્ મોક્ષ પ્રાપ્ત કરવાના અભિલાષી તેમને નમસ્કાર હો. આ પ્રમાણે વંદન-નમન કરીને પછી પૂર્વે સમાચરણ કરેલાં સમકિત, વ્રત-નિયમમાં આજ સુધી સ્વવશે, પરવશે, જાણપણે, અજાણપણે જે કંઇ દોષ અતિચાર લાગ્યા હોય તેની આલોચના-વિચારણા કરી તેનાથી નિવર્તું છું,

ગુરૂની સાક્ષીએ ગર્હા (તે પાપની નિંદા) કરું છું. એમ કહી પછી ભવિષ્યને માટે પ્રત્યાખ્યાન કરી માયા, નિયાણું અને મિથ્યાત્વદર્શન એ ત્રણ શલ્ય રહિત બને.

આ પ્રમાણે શુદ્ધ નિર્મળ થઇને ભવિષ્યમાં 'સવ્વં પાણાઇવાયં પચ્ચક્ખામિ–સર્વથા પ્રાણાતિપાતનો ત્યાગ કરું છું, 'સવ્વં મુસાવાયં પચ્ચક્ખામિ'–સર્વથા મૃષાવાદનો ત્યાગ કરું છું, 'સવ્વં અદિન્નાદાણું પચ્ચક્ખામિ'–સર્વથા અદત્તાદાન ત્યાગું છું. સવ્વં મેહુણં પચ્ચક્ખામિ–સર્વથા મૈથુનનો ત્યાગ કરું છું. સવ્વં પરિગ્ગહં પચ્ચક્ખામિ' સર્વથા પરિગ્રહનો ત્યાગ કરું છું. 'સવ્વં કોહં', માણં, માયં, લોહં, રાગં, દોસં, કલહં જાવ મિચ્છા દંસણં સલ્લં, અકરણિજ્જં જોગં પચ્ચખામિ –સર્વ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, પરપરિવાદ, રતિ, અરતિ, માયામૃષા, મિથ્યાદર્શનશલ્ય એ અનાચરણીય જોગનાં પ્રત્યાખ્યાન 'જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં–જીવું ત્યાં સુધી ત્રણ કરણ ત્રણ યોગથી કરું છું. અર્થાત્ 'ન કરેમિ, ન કારવેમિ, કરંતં પિ અન્નં ન સમણુજાણામિ મણસા, વયસા, કાયસા'–ઉક્ત અઢારે પાપોને હું પોતે કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ અને અન્ય કોઈ કરતું હશે તેને રૂડું પણ જાણીશ નહિ.

મનથી, વચનથી અને કાયાથી આમ અઢારે પાપનાં પ્રત્યાખ્યાન કરીને પછી 'સવ્વં અસણં', પાણં, ખાઇમં, સાઇમં, ચઉવિહં, પિ આહારં પચ્ચક્ખામિ–સર્વથા પ્રકારે કંઇ પણ આગાર રહિત અન્ન, પાણી, સુખડી, મુખવાસ અને અપિ શબ્દથી સૂંઘવાની કે આંખમાં આંજવાની વસ્તુ ઇત્યાદિ સર્વ વસ્તુનાં પચ્ચક્ખાણ કરું છું.

આમ, ચારે આહારનાં પ્રત્યાખ્યાન કરીને પછી કહે કે, 'જં પિયં ઇમં શરીરં'–આ શરીર જે મને ઇષ્ટ–ઇષ્ટકારી છે, 'કંતં'–કાંત –સુંદર છે, 'પિયં'–પ્રિય વહાલું છે, 'મણુન્નં'–મનોજ્ઞ છે, 'મણામં'–મનોરમ છે, 'ધિજ્જં'–ધિજ્જ=ધૈર્યરૂપ છે, 'વિસાસિયં'–વિશ્વસનીય છે, 'સમયં'–માનનીય છે, અણુમયં'–વિશેષ માનવા યોગ્ય. 'બહુમયં'–ઘણું માનવા યોગ્ય છે, 'ભંડ કરંડગ સમાણું'–આભૂષણોના કરંડ (પેટી)

સમાન, 'રયણ કરડંગભૂયં'–રત્નના કરંડિયા સમાન છે, તે શરીરને 'માણંસીઅં'–રખે ટાઢ વાય. 'માણં ઉણ્હં'–રખે ગરમી લાગે. 'માણં ખુહા' –રખે ભૂખ લાગે. 'માણંપીવાસા'–રખે તરસ લાગે, 'માણં બાલા'–રખે સર્પાદિ (વ્યાલ) ડંસે, 'માણં ચોરા'–રખે ચોર આદિ ઉપદ્રવ કરે, 'માણંદંસા'–રખે ડાંસ કરડે, 'માણં મસગા–રખે મચ્છર ત્રાસ આપે, 'માણંવાઇયં–પિત્તિયં–સંભીમં–સન્નિવાઇયં'–રખે વાત, સળેખમ, સન્નિપાત, વગેરે 'વિવિહા રોગાયંકા પરિસહોવસગ્ગા'–વિવિધ પ્રકારની વ્યાધિઓ, પરિષહો અને ઉપસર્ગો 'ફાસા ફુસંતુ'–મારા શરીરને સ્પર્શે ઇત્યાદિ જે જે દુઃખપ્રદ સંયોગો ઉત્પન્ન થયા તે તે સર્વ ઉપદ્રવો તથા દુઃખોનો પ્રતિકાર કરી તથા સત્કાર સન્માન કરીને આ શરીરનું રક્ષણ કર્યું.

મારી આ અજ્ઞાનતાનો હવે મને ખેદ થાય છે કે, જે શરીરને મેં પ્રાણથી પ્યારું ગણી સાચવ્યું તે જ મારું શરીર આજ મને દુઃખ દઈ રહ્યું છે. આ દગલબાજ શરીરનો મોહ હવે હું છોડું છું. એયં પિયણં ચરમેહિં ઉસ્સાસ–નિસાસેહિં વોસિરામિ–આવા શરીરને પણ અંતિમ શ્વાસોચ્છ્વાસ પર્યંત વોસિરાવું છું. હવેથી આ શરીર મારું નહિ અને હું એનો નહિ.

આ પ્રમાણે મમત્વભાવ પરિત્યાગ કરીને પછી કહે કે હવે જીવન–પર્યંત આ શરીરનું રક્ષણ કે સુશ્રૂષોપચાર નહિ કરું. આમ, શરીર વોસિરાવીને 'કાલ અણવકંખમાણે વિહરામિ'–મૃત્યુને નહિ વાંછતો થકો વિચરીશ. આ અણગારી સંથારાનું કથન સંથારો કરવાની વિધિ સહિત પૂર્ણ થયું.

સંલેખનાના પાંચ અતિચાર

૧. 'ઇહલોગાસંસપ્પઓગે'— મારા સંથારાના ફળરૂપે મને મૃત્યુ બાદ રાજા, રાણી, પ્રધાન, શેઠ, શેઠાણી, આદિ પદની પ્રાપ્તિ થાઓ, સેના, પરિવાર, રિદ્ધિ, સંપદાનું શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થાઓ, બધાનો વંદનીય, માનનીય, પૂજનીય બનું, ઇત્યાદિ આ લોક સંબંધી સુખની વાંછા કરે તો અતિચાર લાગે.

૨. 'પરલોગાસંસપ્પઓગે'—આવી જ રીતે પરલોક સંબંધી સુખની વાંછા કરે. જેવી કે મને ઇંદ્ર, ઇંદ્રાણી, દેવ, દેવી કે અહમેન્દ્રાદિની O પદવી પ્રાપ્ત થાઓ, તો અતિચાર લાગે.

૩. 'જીવિયાસંસપ્પઓગે'—સંથારો કરવાથી મહિમા—પૂજા થતી જોઈ, વિશેષ લોકોનું આગમન જોઇ ઇચ્છા કરે કે, હું વધારે વખત જીવતો રહું તો ઠીક. આમ ચિંતવે તો અતિચાર લાગે.

૪. 'મરણાસંસપ્પઓગે'—* ક્ષુધા તૃષાદિ વેદનાએ વ્યાકુળ થઈ વિચાર કરે કે જલદી મરી જાઉં તો ઠીક. તો પણ અતિચાર લાગે.

૫. 'કામભોગાસંસપ્પઓગે'—સારાં રાગ, રાગિણી, વાજિંત્ર વગેરે સાંભળવાનું, નાટક, ચેટક, સ્ત્રી, આદિનાં રૂપ નિરીક્ષણ કરવાનું, અત્તર પુષ્પાદિ સુગંધી દ્રવ્ય સૂંઘવાનું, ષડ્ રસ ભોગવવાનું, સ્ત્રી શયનાસનાદિ ભોગવવાનું નિયાણું કરે તો અતિચાર લાગે.

સંથારો કરનાર મહાત્માએ ઉક્ત પાંચે પ્રકારના વિચાર કદાપિ ન કરવા જોઇએ. અને સંથારાથી પ્રાપ્ત થતા પરમાનન્દ સુખના લાભને ગુમાવવો ન જોઇએ.

વિશેષ લખવાની કશી આવશ્યકતા નથી. સંક્ષેપમાં એટલું જ કહેવાનું કે, મોક્ષાભિલાષીઓએ વિષય માત્રનો સર્વથા પરિત્યાગ કરવો જોઇએ કે જેથી શીઘ્ર આત્મકલ્યાણ થાય.

O તપશ્ચર્યા તથા સંથારા આદિ ધર્મકરણી કરીને જે ઉક્ત પ્રકારે આ લોક—પરલોક સંબંધી રિદ્ધિસિદ્ધિ સુખપ્રાપ્તિનો અનુબંધ બાંધે છે તે ક્રોડોનો લાભ કોડીમાં ગુમાવી બેસે છે. થોડી કરણીનું વિશેષ ફળ મળતું નથી, તેમજ કરણીનું ફળ પણ નિષ્ફળ જતું નથી. તો પછી વાંછા કરીને કરણીનું ફળ શા માટે ગુમાવવું જોઈએ? નિર્વાંછક કરણી દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે કેવળ મોક્ષને અર્થે જ કરણી કરવી અને તેનો મહાલાભ પ્રાપ્ત કરી લેવો.

* વધારે જીવવું કે ઝટ મરવું એ કોઈના હાથની બાજી નથી. ઇચ્છા કરવાથી આયુષ્ય ઓછું—અધિકું તો થતું નથી, પરંતુ કર્મબંધ તો અવશ્ય થાય છે. માટે નકામા વિચાર કરીને વિનાકારણ કર્મ બાંધવાં ન જોઈએ.

સમાધિમરણ (સંથારા)વાળાની ભાવના

૧. અહો ! ઇતિ આશ્ચર્ય ! કે અનંત પરમાણુ પુદ્ગલોનો સમૂહ મળીને આ શરીરપિંડ નિર્માણ થયું હતું અને જોતજોતામાં તો તે પ્રલય થવા લાગ્યું. અહો ! પુદ્ગલોની કેવી વિચિત્રતા છે !

૨. અહો ! જિનેન્દ્ર ભગવાન્ ! આપે કહ્યું છે કે 'અધુવે અસાસયમ્મિ' અર્થાત્ આ પુદ્ગલપિંડ અધ્રુવ અને અશાશ્વત છે. આ કથનનો આટલા દિવસ મેં ખ્યાલ કર્યો નહિ, પરંતુ હવે શરીરની આ વિનાશક રચના જોઈને નિશ્ચયાત્મક બન્યો છું કે , આપનું કથન યથાતથ્ય છે.

૩. જે પ્રમાણે મનુષ્યનો મેળો કાળાંતરે વિખરાઈ જાય છે તેવી જ રીતે કુટુંબનો સંબંધ પણ સંસારરૂપ મેળો છે. તેનો પણ વિખરવાનો સ્વભાવ છે. જેમ મેળામાં ભેળા થયેલા લોકો મેળો વિખરાઈ જશે તેની કોઈ ફિકર કરતા નથી, તેવી જ રીતે હું (ચૈતન્ય) પણ પ્રેક્ષક છું. મને પણ આ શરીરપર્યાય છૂટવાની ફિકર કરવી તે ઉચિત નથી.

૪. જગતનો કર્તાહર્તા કોઈ નથી. સર્વ સંયોગ સ્વભાવથી જ મળે છે અને સ્વભાવથી જ વિખરાય છે. તેવી જ રીતે, આ શરીરનો સંયોગ પણ સ્વભાવથી જ મળ્યો છે અને સ્વભાવથી જ વિખરાશે. મારો રાખ્યો રહેશે નહિ, અને વિખેર્યો વિખરાશે નહિ, તો પછી તેના વિયોગની ફિકર શા માટે કરવી જોઈએ ? થવાનું હશે તે થયા કરશે.

૫. હું ચૈતન્ય જ્ઞાયક, સ્વભાવનો કર્તા, ભોક્તા, અનુભવી અને જ્ઞાનમય છું. મારો જ્ઞાયક સ્વભાવ અવિનાશી છે અને આ શરીર નાશવંત છે. શરીરનો નાશ થવા છતાં પણ મારા સ્વભાવનો નાશ થતો નથી. માટે મારે શરીરની ચિંતા કરવી અનુચિત છે.

૬. અહો ! જિનેન્દ્ર ! આટલા દિવસ હું શરીરને મારું માનતો હતો, પરંતુ હવે મને સત્ય ભાસ થયો કે, આ મારી અજ્ઞા-

નતા છે. કારણ કે આ શરીર મારી ઈચ્છા વિના જ મારા કટ્ટર શત્રુ, જે રોગ અને વૃદ્ધાવસ્થા છે તેને મળી ગયું અને મૃત્યુને ભેટવાની પણ તૈયારી કરી રહ્યું છે. જો એ મારું હોત તો મારા શત્રુઓને મળી મને દુઃખી કરવાને તત્પર કેમ થાત? આવા સ્વામીદ્રોહીને મારું માનવું તે ઉચિત નથી. એટલા માટે હવે તે મારું નથી, માટે ભલે તે રહો, ચાહે જાઓ.

૭. રે ભોળા જીવ! આ શરીરને માતાપિતા મારો પુત્ર કહે છે. ભાઈબહેન મારો ભાઈ કહે છે, કાકાકાકી ભત્રીજો કહે છે, મામામામી ભાણેજ કહે છે. સ્ત્રી પતિ કહે છે. પુત્રપુત્રી પિતા કહે છે, ઈત્યાદિ સૌ પોતપોતાનું કહે છે અને તું તારું માને છે. હવે વિચાર કર કે, આ શરીર કોનું છે? તત્ત્વદૃષ્ટિથી જોતાં તે કોઈનું નથી. કારણ કે તેને રોકવા કોઈ પણ સમર્થ નથી. માટે કુટુંબ-સંબંધીઓના મમત્વભાવનો પરિત્યાગ કર. અળગો થઈ નિશ્ચયાત્મક બન કે તું સચ્ચિદાનંદ છો. એટલા માટે હવે નિજ સ્વભાવમાં રમણ કરવું તે જ મને શ્રેયસ્કર છે.

૮. રે આત્મન્! આ શરીર સંપદા ઈંદ્રજાળ સમાન છે.

बालो यौवन सम्पदा परिगतः क्षिप्रं क्षितो लक्ष्यते ।
वृद्धत्वेन युवा जरा परिणतो, व्यक्तं समालोक्यते ।
सोऽपि क्यापिगतः कृतान्तवशतो, न ज्ञायते सर्वथा ।
पश्यैतदि कौतुकं किमपरे, स्तौतिन्द्रजालः सखे ॥

(વૈરાગ્યશતક)

અર્થ—આ શરીર કાળને વશ પડી ઈંદ્રજાળના તમાશાની પેઠે ક્ષણમાં પરિવર્તન પામે છે. તેનું જરા અવલોકન કર. બાલ્યાવસ્થામાં આ શરીર સર્વને પ્રિય લાગે છે, પછી શનૈઃ શનૈઃ પુદ્‌ગલો પ્રાદુર્ભાવને પામતાં પામતાં યુવાવસ્થામાં પ્રવેશ કરી આ શરીર છટાદાર મનોહર બની જાય છે. સ્ત્રી પુરુષોનાં મનને હરણ કરવા લાગે છે અને એ જ રીતે પલટતાં પલટતાં વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થઈ આ શરીર ગલિત (ગળેલું), પલિત (પળી-ધોળા વાળવાળું) થઈ ઘૃણાસ્પદ થઈ જાય છે, તેનાથી

પ્રેમ કરનારને જ તે ખારું ઝેર લાગવા માંડે છે. તેમ જ તેના પાલકને પણ તે ગ્લાનિનું ઉત્પાદક બની જાય છે. અંતે મૃત્યુનો ગ્રાસ બની તે મુડદું બની જાય છે ત્યારે તે જ સ્વજનો તત્કાલ તે શરીરથી મોહનો પરિત્યાગ કરીને અગ્નિમાં ભસ્મીભૂત કરી દે છે. આવી આ શરીરની અને કુટુંબીઓની હાલત જાણવા જોવા છતાં પણ શરીર અને સ્વજનથી મોહ છૂટતો નથી, એ સખેદાશ્ચર્યની વાત છે!

૯. જે જીવે છે તે મરતો નથી અને જે મરે છે તે સદા જીવિત રહેતો નથી, અર્થાત્ આત્મા અવિનાશી છે અને શરીર વિનાશી છે. તેથી મૃત્યુ માત્ર શરીરનો ગ્રાસ કરી શકે છે, નહિ કે આત્માનો. જ્યારથી શરીર ઉત્પન્ન થયું છે ત્યારથી ક્ષણે ક્ષણે તે ક્ષીણ થઇ રહ્યું છે. પરંતુ હું તો જેવો હતો તેવો જ છું અને હોઇશ. મૃત્યુ મને પ્રાપ્ત થયું નથી, થતું નથી, અને થશે પણ નહિ; આવો નિશ્ચય જેમને સમ્યગ્જ્ઞાન દ્વારા થઇ ચૂકયો છે તેમને મૃત્યુનો ભય કદાપિ હોતો જ નથી.

૧૦. હું આકાશવત્ છું, એટલા માટે અગ્નિમાં બળતો નથી, પાણીમાં ભીંજાતો નથી, વાયુથી ઊડતો નથી. હસ્તાદિથી ગ્રહણ કરી શકાતો નથી, નાશ પણ પામતો નથી. વિશેષમાં આકાશ અચૈતન્ય, અમૂર્ત છે, અને હું તો ચૈતન્યવંત મૂર્ત હોવાથી અધિક સત્તાવંત છું, તેથી મને કોઇનો પણ ભય કદાપિ હોય જ નહિ.

૧૧. જેવી રીતે શ્રીમંતના પુત્રના બંને બાજુનાં ગજવામાં મેવા ભરેલા હોય તો તે જે બાજુએ હાથ નાંખે તે બાજુથી સ્વાદિષ્ટ પદાર્થ જ મળે છે, તેવી જ રીતે મારા પણ બંને હાથમાં મેવા છે. અર્થાત્ જીવતો છું તો સંયમ પાળું છું—સ્વાધ્યાય, ધ્યાન, દાનાદિ કરું છું, અને મરીશ તો સ્વર્ગ કે મોક્ષના સુખનો ભોક્તા બનીશ. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી આદિ તીર્થંકરોનાં, ગણધરોનાં, સાધુ–સાધ્વીઓનાં દર્શનનો લાભ પ્રાપ્ત કરીશ, ધર્મોપદેશ સાંભળીશ, પ્રશ્નોત્તર દ્વારા સંશયનું નિવારણ કરી તત્ત્વજ્ઞ બનીશ, જેથી રાગદ્વેષનું ઉચ્છેદન કરવામાં સમર્થ બનીશ. અને પછી મનુષ્યજન્મને પ્રાપ્ત કરી સંયમ તપથી કર્મોનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરીશ.

૧૨. જેમ કોઇ ગૃહસ્થ શ્રીમંત બની પોતાના તૂટયા ફૂટયા જીર્ણ થઇ ગયેલા ઘરનો પરિત્યાગ કરવાને માટે ઘણું દ્રવ્ય ખર્ચી નવી હવેલી બનાવે છે, અને પછી તે તૈયાર થયેલી હવેલીમાં ઘણા ઉત્સાહ અને હર્ષપૂર્વક પુરાણા મકાનનો ત્યાગ કરી નવી હવેલીમાં નિવાસ કરે છે, તેવી જ રીતે આ મારો આત્મા તપ સંયમાદિરૂપ સદ્દ્રવ્યથી શ્રીમંત બન્યો છે. હવે આ આધિ, વ્યાધિ, ઉપાધિથી પૂરિત અસ્થિ, માંસ, ચર્મમય, સડન, પડન સ્વભાવવાળા ઔદારિક શરીરરૂપ ઝૂંપડીનો ત્યાગ કરવાને માટે પુણ્યરૂપ દ્રવ્યના વ્યયથી તૈયાર કરેલ મનોવાંછિત રૂપોને કરી શકાય તેવી દિવ્ય દેવતાના શરીરરૂપ હવેલીમાં પહોંચાડનાર મૃત્યુરૂપ સહાયક પ્રાપ્ત થયો છે, તો હવે દેવલોકરૂપ હવેલીમાં નિવાસ કરવાને માટે હર્ષોત્સાહપૂર્વક આ ઝૂંપડીનો ત્યાગ કરવો જોઇએ.

૧૩. જેમ લોભી વણિક ભૂખ, તરસ, ટાઢ, તાપ સહી અનેક દેશોમાં ભ્રમણ કરી માલનો સંગ્રહ કરે છે, તેને ભંડારમાં ભરી અનેક બંદોબસ્ત કરી સાચવે છે અને ભાવ વધવાની રાહ જુએ છે. અને તેજીનો રંગ આવે છે ત્યારે અતિ કષ્ટે સંગ્રહેલા માલનું મમત્વ છોડી તરત તેનો પરિત્યાગ કરી દે છે અને વેચીને લાભ પ્રાપ્ત કરી લે છે. તેવી જ રીતે હે જીવ ! પ્રાણપ્યારા ધન કુટુંબનો પરિત્યાગ કરી, અનેક કષ્ટો સહન કરીને શરીરથી તપ, સંયમ, ધર્મરૂપ જે માલ સંગ્રહ કર્યો છે અને દોષોથી બચાવી તેને સાચવ્યો છે તે માલને બદલે હવે સ્વર્ગ–મોક્ષ રૂપ લાભ પ્રાપ્ત કરવાને માટે આ મૃત્યુરૂપ તેજીનો ભાવ આવ્યો છે, તો હવે શરીરથી મમત્વનો પરિત્યાગ કરી સ્વર્ગ, મોક્ષરૂપ લાભ પ્રાપ્ત કરી લે.

૧૪. જેમ દિવસભર કરેલી મજૂરીનું ફળ શેઠ આપે છે તેવી જ રીતે જિંદગીપર્યંત કરેલી કરણીનું ફળ મૃત્યુરૂપ શેઠથી પ્રાપ્ત થાય છે, તો હવે ફળ પ્રાપ્ત કરવાનો ઇન્કાર શા માટે કરે છે ? તેનો તો આદર કરવો જોઈએ.

૧૫. જેમ કોઇ રાજાને કોઇ પરચક્રી રાજાએ પકડીને કેદમાં કે કાષ્ટપિંજરમાં નાખ્યો, અને ક્ષુધા, તૃષા, તાડન, તર્જનાદિ દુઃખથી

પીડિત કરવા લાગ્યો. આ સમાચાર તેનો કોઇ મિત્ર–રાજા સાંભળી સેના સહિત આવે અને કારાગૃહ કે કાષ્ટ પિંજરથી તેને છોડાવી સુખી કરે; તેવી જ રીતે ચૈતન્યરૂપ રાજાને કર્મરૂપ પરચક્રીએ સંસાર કારાગૃહમાં અને શરીરરૂપ કાષ્ટપિંજરમાં કબજે કરી રાખ્યો હતો. રોગ–શોક, વિયોગ, પરાધીનતા, આદિ વિવિધ દુઃખોથી પીડિત કરી રહ્યો હતો, તે દુઃખથી મુક્ત કરવાને માટે આ મૃત્યુરૂપ મિત્ર રોગરૂપ સેનાથી સજ્જ થઇ મને દુઃખથી મુક્ત કરવાને માટે આવ્યો છે તેથી તે ઉપકારક છે. તેના પ્રતાપથી જ હું આ સાંસારિક દુઃખોથી છૂટી ક્ષણમાત્રમાં પરમ સુખી બની જઇશ. આવો ઉત્સાહ રાખી સમાધિમરણ કરે.

૧૬. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જેઓએ ઉત્તમ એવાં સ્વર્ગ અને મોક્ષનાં સુખો પ્રાપ્ત કર્યાં છે, કરે છે અને કરશે તે બધો સમાધિમરણનો જ પ્રતાપ છે એમ જાણવું જોઇએ. માટે હે સુખાર્થી આત્મન્! તારે પણ સમાધિમરણ કરવું ઉચિત છે.

૧૭. કલ્પવૃક્ષની છાયામાં બેસીને મનુષ્ય સારી કે બૂરી જેવી ઇચ્છા કરે તેવાં ફળ તેને મળે છે. તેવી જ રીતે, મૃત્યુ પણ કલ્પવૃક્ષ સમાન છે. તેની છાયામાં બેસીને અર્થાત્ મૃત્યુ સમયે જે વિષય, કષાય, મોહ–મમત્વાદિ ખરાબ ઇચ્છા કરે છે તે નરક તિર્યંચાદિ દુર્ગતિનાં દુઃખો પામે છે અને જે સમકિતયુક્ત ત્યાગ, વૈરાગ્ય, વ્રત, નિયમ, સત્ય, શીલ, દયા, ક્ષમા, આદિ ગુણોના આરાધન સહિત સમાધિભાવ ધારણ કરે છે તે સ્વર્ગ મોક્ષનાં સુખો મેળવે છે. એટલા માટે મૃત્યુરૂપ કલ્પવૃક્ષને પ્રાપ્ત કરીને હવે શુદ્ધ અને શુભ ભાવ રાખવો જ શ્રેષ્ઠ છે, કે જેથી આત્મા પરમાનંદી, પરમસુખી બની શકે.

૧૮. અશુચિથી ભરેલા ફૂટેલા હાંડલા સમાન સદૈવ સ્વેદ, મલ, મૂત્રાદિ અશુચિ ઝરતાં એવા આ અપવિત્ર અને જર્જરિત ઔદારિક શરીરના ફંદાથી છોડાવી અશરીરી બનાવનાર તથા દિવ્ય દેવતાના શરીરને પ્રાપ્ત કરાવનાર મૃત્યુ જ છે. એટલા માટે મૃત્યુનું સ્વાગત કરવું પરમ હિતાવહ છે.

૧૯. જેવી રીતે ધર્મોપદેશક મુનિ મહાત્મા અનેક નય, ઉપનય, પ્રત્યક્ષ, પરોક્ષ, હેતુ, દૃષ્ટાંત આદિ દ્વારા શરીરનું સ્વરૂપ સમજાવી મમત્વ કમી કરાવે છે, એવી રીતે મારા શરીરમાં ઉત્પન્ન થયેલો આ રોગ પણ મને પ્રત્યક્ષ પ્રમાણથી ઉપદેશ આપે છે કે હે જીવ! તું આ શરીરનું મમત્વ શા માટે કરે છે? કેમ કે આ શરીર તારું નથી પણ મારા સ્વામી કાળનો ભક્ષ છે. તો હવે તેનાથી મમતા ન કર.

૨૦. કિંબહુના! મુનિરાજથી પણ અધિક અસરકારક ઉપદેશદાતા મને તો આ રોગ માલૂમ પડે છે. કેમકે જે શરીરને મેં પ્રાણપ્યારું ગણી અનેક સુખોપચારોથી પોષ્યું તેમ જ તેની ખૂબસૂરતી અને કોમળતા આદિ ગુણોમાં લુબ્ધ બની રહ્યો હતો તે પ્રેમ મુનિરાજના અનેક ઉપદેશથી પણ છૂટવો મુશ્કેલ હતો. હવે અનેક ઉપચારોથી રોગ નષ્ટ થતો નથી ત્યારે સ્વભાવથી જ નષ્ટ થઈ જાય છે.

૨૧. રે જીવ! જો આ રોગોદયના દુઃખથી તું ગભરાતો હોય, ખરેખર! તને આ રોગ ખરાબ માલૂમ પડતો હોય અને તેનાથી પૂરેપૂરો કંટાળો આવ્યો હોય, તો તું હવે બાહ્યોપચારનો પરિત્યાગ કરી દે. કેમકે આ રોગ કર્માધીન છે; બાહ્યોપચારમાં રોગ મટાડવાની સત્તા નથી. કદાચિત્ એકાદ રોગ કમતી પણ થઈ ગયો તો શું થયું? કાળે કરી પુનઃ તેનો પ્રાદુર્ભાવ થવાનો જ છે. પરંતુ સર્વ રોગોના અને તેની અચૂક ચિકિત્સાના જ્ઞાતા શ્રી જિનેંદ્ર ભગવાનરૂપ પરમ વૈદ્યની બતાવેલી પરમૌષધિ સમાધિમૃત્યુરૂપી છે, તેનું સાચા દિલથી સેવન કર કે જેથી આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ સર્વ દુઃખો સમૂલ નાશ પામી અનંત, અક્ષય, અજરામર, અવ્યાબાધ મોક્ષનાં સુખો પ્રાપ્ત થઈ શકે.

૨૨. જેમ જેમ વેદનીયનું જોર અતિ પ્રબળ થતું જાય તેમ તેમ પોતે અધિક ખુશી થતો જાય. કેમકે જેવી રીતે અધિકાધિક તાપ લાગવાથી સુવર્ણ અધિક સ્વચ્છ, શુદ્ધ, નિર્મળ થઈ કુંદન બની જાય છે, તેવી જ રીતે તીવ્ર વેદનીયના ઉદય સમયે સમ પરિણામ ધારણ

કરવાથી કઠણ કર્મોનો સમૂળ શીઘ્ર નાશ થઈ જાય છે અને આત્મારૂપ સુવર્ણ શુદ્ધ, સ્વચ્છ, નિર્મળ થઈ સિદ્ધ સ્વરૂપ બની જાય છે. અગર દેવ તો અવશ્ય થઈ શકે છે.

૨૩. જેવી રીતે ગજસુકુમાલજીના મસ્તક પર સોમિલ બ્રાહ્મણે અંગારા ભર્યા તેની મહાવેદના સહી, સ્કંદકજીના શરીરની સર્વ ચામડી તેમના બનેવીના અનુચરોએ ઉતારી લીધી તેની મહાવેદના તેઓએ સમભાવે વેદી, સ્કંદકજીના ૫૦૦ શિષ્યોને પાલક પ્રધાને ઘાણીમાં પીલ્યા તેની મહાવેદના સહી. * ઇત્યાદિ મહાપુરુષોએ તીવ્ર વેદનાના ઉદય સમયે સમભાવ રાખ્યો તો તેમણે તત્કાલ મુક્તિ પ્રાપ્ત કરી લીધી. તેવી જ રીતે, તું પણ સમભાવ રાખીશ તો તારું પણ શીઘ્ર આત્મ-કલ્યાણ થઇ જશે તેમાં સંશય નથી.

૨૪. હે આત્મન્! તેં નરકમાં ૧૦ પ્રકારની મહાક્ષેત્રવેદના સહન કરી છે. પરમાધામીના માર આદિ મહાકષ્ટો સહન કર્યા છે. તિર્યંચ યોનિમાં, ક્ષુધા, તૃષા, તાડન, પરવશતા, આદિ ઘણાં કષ્ટો સહન કર્યાં છે. દેવતામાં આભિયોગિક દેવ થઇને વજ્રપ્રહારાદિ કષ્ટો સહન કર્યાં છે. આમ, અનાદિ કાળથી મહા દુઃખો વેઠયાં છે, તેવું કષ્ટ તો અહીં નથી જ. પરંતુ, જેટલા કર્મની નિર્જરા અનંત કાળમાં કષ્ટ સહન કરવાથી નથી થઈ તેટલી બલ્કે તેથી પણ અનંત ગણી નિર્જરા અહીં જો આ પ્રબલ વેદનાને સમભાવે સહીશ તો થઈ જશે અને તે બધાં કષ્ટોથી મુક્ત થઇ પરમાનંદી પરમ સુખી બની જઈશ.

૨૫. સંસારમાં જેમ લેણદેણના વ્યવહારમાં જો કોઈ કરજદાર શાહુકારને ૧૦૦ રૂપિયાના બદલામાં ૯૫ રૂપીયા આપીને નમ્રતાથી ફારગતી માગે તો તે આપી દે છે, અને જો તે ધૃષ્ઠતા કરે તો સવાયા દામ આપવાથી પણ છૂટકારો થવો મુશ્કેલ થઈ જાય છે. તેવી જ રીતે,

* ઉક્ત બન્ને સ્કંદકજી અલગ જાણવા. જેમની ખાલ ઉતારી તે મહાવીર સ્વામીના સમયમાં થયા અને જેમના શિષ્યોને ઘાણીમાં પીલ્યા તેઓ શ્રી મુનિસુવ્રત સ્વામીના વખતમાં થયા.

આ વેદનીય કર્મરૂપ પૂર્વભવના લેણિયાતો લેણું લેવા આવ્યા છે, તેનો નમ્રતાથી છુટકારો કરી દે, જેથી થોડામાં જ તારો છુટકારો થઈ જાય.

૨૬. 'કડાણ કમ્માણ ન મોખ્ખ અત્થિ' અર્થાત્ કૃતકર્મ ભોગવ્યાં વિના છુટકારો નથી. આ સિદ્ધાંત-વચન છે. કર્મનો બદલો દેવાને સમયે તું સમર્થ થઈને મોઢું શા માટે છુપાવે છે? વ્યાજ શા માટે વધારે છે? સઘળાં દેવાંનો શીઘ્ર ચુકાદો કરી ફારેગ થઈ જવું જ સારું છે, કે જેથી આગળ કોઈ હરકત કરે નહિ; સીધા મોક્ષમાં ચાલ્યા જવાય.

૨૭. જેવી રીતે વિચક્ષણ વણિક મહામૂલ્યવાન વસ્તુ, થોડા દામમાં મળતી હોય તો ગુપચૂપ હર્ષોત્સાહપૂર્વક ખરીદી લે છે, તેવી જ રીતે જે સ્વર્ગ મોક્ષનાં સુખો મુનિ મહાત્માએ દુષ્કર તપ, સંયમ, ધ્યાન, મૌનાદિ કરણી દ્વારા પ્રાપ્ત કરેલ છે, તે કેવળ સમાધિ મરણથી જ પ્રાપ્ત થઈ શકે છે. મહામૂલ્ય નિર્વાણના સુખની પ્રાપ્તિ પણ સમાધિ–મરણરૂપ અલ્પ મૂલ્યમાં પ્રાપ્ત કરવાનો અત્યુત્તમ અવસર પ્રાપ્ત થયો છે. તો હવે કોઈ પણ પ્રકારની આનાકાની કે ગરબડ ન કરતાં વ્યવહારમાં ગુપચૂપ (મૌન) રહીને અને નિશ્ચયમાં સમાધિભાવ ધારણ કરીને ઝટપટ કરી લે.

૨૮. જેવી રીતે સુભટો ધનુર્વિદ્યાદિનો અભ્યાસ કરી, સાધન દ્વારા સિદ્ધિ કરી સજ્જ રહે છે, અને જ્યારે શત્રુનો પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે તે સિદ્ધ કરેલી વિદ્યા દ્વારા શત્રુનો પરાજય કરીને કરેલી મહેનતને સફળ કરે છે, તેવી જ રીતે હે આત્મન્! તેં આટલા દિવસ જે જ્ઞાનાભ્યાસ અને તપ સંયમાદિનું સાધન કર્યું છે, તે આ અવસરે આત્મકાર્ય સિદ્ધ કરવા માટે જ કર્યું છે. તે અવસર અત્યારે પ્રાપ્ત થઈ ચૂક્યો છે. માટે હવે સાચા દિલથી રોગ, મૃત્યુ, આદિ શત્રુઓની સન્મુખ થઈને સમભાવ રાખી ઇચ્છિતાર્થની સિદ્ધિ કરી લે. કર્મશત્રુઓનો પરાજય કરી સુખી થા.

૨૯. જેનો વિશેષ પરિચય હોય છે તેનો સ્વાભાવિક રીતે જ પ્રેમ ઓછો થઈ જાય છે. તેવી જ રીતે ઔદારિકાદિ શરીરનો પરિચય

પણ તને અનાદિ કાળનો છે. તો તેનો પ્રેમ ઓછો કરવો જોઇએ. અર્થાત્ આ શરીર ઉપર મમત્વ ન રાખવું જોઇએ.

૩૦. વાપરતાં વાપરતાં જ્યારે વસ્ત્રો જીર્ણ થઈ જાય છે ત્યારે તેનું મમત્વ ત્યાગીને નવાં વસ્ત્રો હર્ષપૂર્વક ધારણ કરે છે, તેવી જ રીતે આ શરીર પણ અનેક કામધંધામાં વપરાવાથી અને રોગાદિ સંયોગથી તથા તપ, સંયમ, વૈયાવૃત્યમાં વપરાવાથી જીર્ણ થઇ ગયું છે, હવે તેનો ત્યાગ કરી દિવ્ય દેવ શરીરની પ્રાપ્તિ કરવાની છે. એટલા માટે તેના પરનાં મોહ મમત્વ કમતી કરવાં જોઈએ. પુરાણાં વસ્ત્ર ઉતારવાથી જ નવાં વસ્ત્ર ધારણ કરી શકાય છે. તેમ, આ શરીર છૂટયા સિવાય દેવતાનું શરીર મળવાનું નથી.

પ્રશ્ન—મૃત્યુ આવ્યા પહેલાં જ આહાર પાણી આદિનો પરિત્યાગ કરી મૃત્યુની સન્મુખ થઇ મરવું; તેમાં આત્મહત્યા (આપઘાત)નું મહાપાતક નથી લાગતું શું ?

સમાધાન—જે ક્રોધ, માન, માયા, લોભ, વિષય, કષાય, ઇત્યાદિને વશ પડી અન્ન, પાણી, આદિનો ત્યાગ કરી મરે તો, તથા ક્રોધાદિના આવેશમાં અગ્નિમાં બળીને, પાણીમાં ડૂબીને, ઝેર ખાઈને ઇત્યાદિ પ્રકારે મૃત્યુ કરે તો આત્મઘાતનું પાપ ગણાય છે. પરંતુ ક્રોધાદિ કોઈ પણ કારણ વિના ફક્ત પોતાના આત્માના કલ્યાણને માટે સંસારના મોહ–મમત્વનો પરિત્યાગ કરી, ચારે આરાધનાપૂર્વક જે આહાર પાણી આદિનો પરિત્યાગ કરી સમાધિભાવથી દેહમમત્વ છોડી સંલેખના સહિત મૃત્યુ કરે છે તેને આત્મહત્યા કહેવાતી નથી.

વ્યવહારનું પ્રત્યક્ષ દૃષ્ટાંત પણ જોઇ લો–સુદ્રઢ અને નીરોગી મનુષ્યો સંગ્રામમાં મરે છે તેને આત્મઘાતી કોઈ પણ કહેતું નથી, તો પછી કર્મશત્રુઓનો સંહાર કરવા ભાવ–સંગ્રામમાં પ્રવૃત્ત થઈને જે શરીરનો ત્યાગ કરે છે, સમાધિમરણે મરે છે તેને આત્મઘાતી કેવી રીતે કહેવાય ? ન જ કહેવાય. ‘પુરુષાર્થ સિદ્ધયુપાય’ નામક ગ્રંથમાં કહ્યું છે કેઃ ‘હિંસાના કારણરૂપ જે કષાય છે તેને ઘટાડવાની પ્રવૃત્તિ તે અહિંસા જ

કહેવાય છે. સંલેખના વ્રત અહિંસાની સિદ્ધિ અર્થે કરાય છે. તેમાં આત્મઘાતનો દોષ કિંચિત્ પણ નથી.'

પ્રશ્ન—શાસ્ત્રકારોએ મનુષ્યજન્મને ઘણો દુર્લભ બતાવ્યો છે. વળી, આ શરીરનું પાલનપોષણ કરવાથી જ શુદ્ધ ઉપયોગ, વ્રત, સંયમાદિ ધર્મારાધન પણ થઈ શકે છે. તેથી એવા ઉપકારક શરીરનું રક્ષણ કરવું એ જ ઉચિત છે. પરંતુ તમે સંથારો કરીને તેનો નાશ કરવાનું શા માટે કહો છો ?

ઉત્તર— તમારું કથન સત્ય છે. અમે પણ એમ જ માનીએ છીએ. પરંતુ જેમ કોઈ શાહુકાર દ્રવ્યપ્રાપ્તિને માટે દુકાનની સારસંભાળ કરતો હોય, તેવામાં દૈવયોગે અગ્નિપ્રયોગ થઈ જાય તેવે પ્રસંગે તે શાહુકાર પોતાનું જોર ચાલે ત્યાં સુધી દુકાન અને દ્રવ્ય બન્ને બચાવવાનો પ્રયત્ન કરે છે, પણ જ્યારે કોઈ પણ ઉપાયે દુકાનની રક્ષા થઈ શકશે નહિ એમ તેને જણાય છે, ત્યારે તેમાંથી દ્રવ્યને જ બચાવવાનો પ્રયત્ન કરે છે, પરંતુ દુકાનની સાથે ધનનો પણ નાશ થવા દેતો નથી.

તેવી જ રીતે, અમે પણ આ શરીરરૂપ દુકાનની સહાયથી તપ, સંયમ, પરોપકારાદિ અનેક લાભો ઉપાર્જન કરતા હતા, અને એ લાભની આશાએ તેનું અન્નવસ્ત્રાદિથી પોષણ પણ કરતા હતા, પરંતુ જ્યારે મૃત્યુરૂપી ભયંકર આગ લાગવાનો પ્રસંગ પડયો અને આ શરીરનો બચાવ કોઈ પણ ઉપાયે થઈ શકશે નહિ એમ લાગ્યું, ત્યારે આ બળતી ઝૂંપડીને છોડીને અને તેના રક્ષણનો પ્રયત્ન પણ છોડીને અમે અમારા પોતીકા જ્ઞાનાદિ આત્મિક ગુણો રૂપ રત્નોના રક્ષણ (સ્વરક્ષણ) માટે ઉદ્યત થયા છીએ. કેમ કે આત્મિક ગુણના પ્રસાદ વડે જ અમે અક્ષય, અનંત, નિરાબાધ મોક્ષનાં સુખોને પ્રાપ્ત કરી શકીશું.

यस्त्वविज्ञानज्ञान भवत्यमनस्कः सदाऽशुचिः ।
न स तत्पद्माप्नोति, स सारं नाधिगच्छति ॥ १ ॥
यस्तु विज्ञानवान भवति, समनस्कः सदा शुचि ।
संतु तत्पदमाप्नोति यस्माद् भूयो न जायते ॥ २ ॥

અર્થ—જે વિવેક રહિત મનુષ્ય મનની પાછળ ચાલે છે, તે હંમેશ અપવિત્ર રહે છે, અનંત સંસાર પરિભ્રમણ કરે છે, પરંતુ

શાંતપદ (મોક્ષ) પ્રાપ્ત કરી શકતો નથી. અને જે વિવેકી મનુષ્ય મનને વશ કરી નિરંતર શુદ્ધ ભાવમાં રમણ કરે છે તેને ફરીથી પુનરાવૃત્તિ કરવી ન પડે એવા આનંદમય (મોક્ષ) પદને પ્રાપ્ત થાય છે. *

સમાધિ મૃત્યુસ્થિતનાં ૪ ધ્યાન

૧. પદસ્થ ધ્યાન—નવકાર મંત્ર, લોગસ્સ (ચતુર્વિંશતિ સ્તવ) નમોત્થુણં, શાસ્ત્રસ્વાધ્યાય, આલોચના પાઠ, સ્તવન, છંદ, મહાપુરુષો અને સતીઓનાં ચરિત્ર ઈત્યાદિનાં પઠન, શ્રવણમાં મનને સ્થિર કરે, તન્મય કરી દે તે પદસ્થ ધ્યાન.

૨. પિંડસ્થ ધ્યાન—શરીરોત્પત્તિથી શરૂ કરીને શરીરને પ્રલય અવસ્થા પર્યંત થતી શરીરની વિચિત્રતાના અર્થાત્ પુદ્ગલોના પરાવર્તનના રોગાદિ અસમાધિ સમયના વૈરાગ્યમય વિચારોના, શરીરના બાહ્યાભ્યંતર અશુદ્ધ પદાર્થોના, આકૃતિના પરિવર્તનના તેમ જ **શરીર અને આત્માની ભિન્નતાના વિચારોમાં મનને સ્થિર** કરે તે પિંડસ્થ ધ્યાન અથવા લોકના સંસ્થાનનું તેમ જ બીજા પ્રકરણમાં દર્શાવેલ લોકમાં રહેલાં સ્થાનોનું ચિંતન કરે તે પણ પિંડસ્થ ધ્યાન.

૩. રૂપસ્થ ધ્યાન—પ્રથમ ખંડના પ્રથમ પ્રકરણમાં વર્ણવેલા અરિહંત પરમાત્માના ગુણોની સાથે પોતાના આત્માના ગુણોની એકતાનો તથા ભિન્નત્વ (પૃથક્ત્વ) પણામાંથી અભિન્ન બનવાના સાધનના વિચાર કરી તે ગુણોમાં તલ્લીન બને તે રૂપસ્થ ધ્યાન.

૪. રૂપાતીત ધ્યાન—સિદ્ધના ગુણોની સાથે આત્માના ગુણોની એકતા કરે કે જે પ્રમાણે સિદ્ધ પરમાત્મા વ્યક્ત રૂપથી સત્ ચિત્ આનંદમય છે તે જ પ્રમાણે હું પણ શક્તિરૂપે સત્ ચિત્ આનંદ-મય છું. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર—અનંત આત્મસુખ, અનંતવીર્ય,અરૂપીપણું, અખંડિતતા, અજરામરપણું, અવિનાશીપણું સિદ્ધ-

---

* धर्मप्रधानं पुरुषं, तपसा हत किल्विषम् ।
परलोकं मयत्याशु, भवान्त स्वशरीरिणम् ॥

અર્થ—જે ધર્મપ્રધાન પુરુષે તપ વડે કામ અને કામનાનો ક્ષય કર્યો છે તે આત્મા નિજસ્વરૂપને પ્રકટ કરી પરમાત્મામાં મળી જાય છે.

ભગવંતમાં વ્યક્તરૂપ છે અને મારામાં શક્તિરૂપ છે.

જે ગુણો શક્તિરૂપ છે તે વ્યક્તરૂપે (પ્રકટરૂપે) થતાં હું પણ સિદ્ધ બની જઈશ. જન્મ, જરા, મરણનાં જાલીમ દુઃખોથી વિમુક્ત થઈ અજરામર થઈ જઈશ. આધિ, વ્યાધિ, ઉપાધિથી સર્વથા મુક્ત થઈ સચ્ચિદાનંદમય બની જઈશ. કે જેથી પર્યાયનો પલટો કદાપિ થાય નહિ. આવું જે ધ્રુવ પદ છે, જેનો અંશ માત્ર પણ નાશ ન પામે તેની પ્રાપ્તિ થતાં હું પણ બુદ્ધ અનંત, અક્ષય, સુખમય બની જઈશ. આ પ્રમાણે ચારે ધ્યાનને બાહ્ય ભાવથી ધ્યેયરૂપ ધ્યાતો થકો પછી બાહ્યભાવથી શારીરિક અવસ્થામાં સંલગ્ન બને. જેમ કે, (૧) પદસ્થ ધ્યાન–તે કમરની નીચેના અંગ તરફ પ્રથમ લક્ષ રાખી પછી (૨) પિંડસ્થ ધ્યાન–તે કમરની ઉપરના અંગ તરફ લક્ષને ચડાવે પછી (૩) રૂપસ્થ ધ્યાન–તે ગ્રીવાની ઉપરના અંગ તરફ લક્ષ ચડાવે અને પછી રૂપાતીત ધ્યાન–તે સર્વ શરીરવ્યાપક આત્મામાં લક્ષ સ્થિર કરે, એમ મન અને શરીરનું નિરૂંધન કરી પછી આત્મદ્રવ્ય અને તેની પર્યાયમાં ધ્યાનથી ચિંતન કરે.

આ શુક્લ ધ્યાનનો પ્રથમ પાયો પૃથક્ત્વ વિતર્ક નામનો જાણવો. પછી દ્રવ્યમાં અને પર્યાયમાં સંચરવાનું છોડી એક આત્મ દ્રવ્યમાં જ સ્થિર થઈ જાય (તે શુક્લ ધ્યાનનો બીજો પાયો 'એકત્વવિતર્ક' જાણવો). આ ધ્યાન વડે શ્રેણીસંપન્ન બનીને એક આત્મગુણમાં ગરકાવ થઈને દૈહિક ભાવથી પૃથક્ થતાં જ ચાર ઘનઘાતી કર્મોનો સર્વાંશે નાશ કરે અને કેવળજ્ઞાન, કેવળ દર્શનને પ્રાપ્ત કરી લે. છેવટે શુક્લ ધ્યાનનો ત્રીજો પાયો 'સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ' પ્રાપ્ત કરીને આયુષ્યકર્મના અંત સુધી પ્રવર્તતાં સ્વભાવથી જ શુક્લધ્યાનનો 'સમુચ્છિન્નક્રિયા નિવૃત્તિ' નામનો ચોથો પાયો આવતાં જ આયુષ્યના બળ ઉપર નિર્ભર રહેલાં વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ અઘાતી કર્મો આયુષ્યનો ક્ષય થતાં જ એકી સાથે સર્વાંશે ક્ષય કરી નાંખે છે. અને મોક્ષગતિ પ્રાપ્ત કરી સિદ્ધ ભગવાન બની કૃતકૃતાર્થ પૂર્ણ નિષ્ઠિતાર્થ, અનંત પરમ સુખી બની જાય છે.

કદાચિત્ શુદ્ધ ધ્યાનની મંદતા અને શુભ ધ્યાનની વિશેષતા થઈ જાય તો સાત લવ માત્ર અથવા અધિક આયુષ્યની ન્યૂનતા હોવાથી અથવા એક છઠ (બેલા)ના પ્રયોગથી ક્ષય થાય તેટલા અથવા તેથી થોડાં વધારે કર્મો અવશેષ રહી જવાથી તેને ભોગવવાને માટે તે વિમળ પુણ્યનો પુરુષાર્થી બનેલો જીવ સર્વાર્થસિદ્ધ મહાવિમાન આદિ ઊંચા દેવલોકમાં કે ૧. અહમેન્દ્ર, ૨. ઈંદ્ર, ૩. સામાનિક, ૪. ત્રાયસ્ત્રિંશક અને, ૫. લોકપાલ : એ પાંચ શ્રેષ્ઠ પદવીઓમાંથી કોઈ એક ઉત્તમ દેવનું પદ પ્રાપ્ત કરી અત્યુત્તમ સુખોપભોગ અનેક સાગરોપમ પર્યંત ભોગવી પુનઃ મનુષ્ય લોકમાં નીચેના દસ બોલને પ્રાપ્ત કરવાવાળો ઉત્તમ મનુષ્ય થાય છે—

खित्तं वत्थुं हिरण्णं च, पसवो दास पोरुसं ।
चत्तारि काम खंधाणि, तत्थ से उववज्जई ॥ १७ ॥
मित्तवं नाईवं होई, उच्चागोए य वण्णवं ।
अप्पायंके महापन्ने, अभिजाओ जसो बले ॥ १८ ॥

અર્થ– ૧. ખેતર, બાગ, બગીચા, ૨. મહેલ, હાટ, હવેલી, ૩. ધનધાન્ય, ૪. અશ્વ, ગજ આદિ પશુ તથા દાસ દાસી, એ ચાર બોલનો એક સ્કંધ (૧ બોલ) જાણવો. અર્થાત્ એ ચાર વસ્તુ તો અવશ્ય હોવી જોઈએ. જ્યાં આવો યોગ હોય ત્યાં તે દેવતા ઉત્પન્ન થાય છે. ૨–૩. તેના મિત્રો અને જ્ઞાતિજનો સુખપ્રદ હોય, ૪. તે ઉચ્ચ ગોત્રવાળો હોય, ૫. સુરૂપવંત હોય, ૬. તેનું શરીર રોગરહિત હોય, ૭. મહા બુદ્ધિવંત હોય, ૮. વિનયવંત હોય, ૯. યશસ્વી અને, ૧૦. બળવંત હોય.

આ દસે બોલોની પ્રાપ્તિ કરીને પછી ભોગાવલી કર્મોદય હોય તો રુક્ષવૃત્તિથી ભોગ ભોગવે અને પુનઃ સંયમનું સમાચરણ કરી યથાખ્યાત ચારિત્ર પાળી, સર્વ કર્માંશનો ક્ષય કરી, સિદ્ધ, બુદ્ધ, મુક્ત,

પરિનિર્વાણ બની સર્વ દુઃખરહિત થઈ, મોક્ષનાં અનંત સુખનો ભોક્તા બની જાય.

अतुल सुहसागर गया, अव्वाबाहं अणोवमं पत्ता ।
सव्व मणागयं मद्धं, चिट्ठंति सुही सुहं पत्ता ॥

[ઉવવાઈ, છેલ્લી ગાથા]

અર્થ—અન્ય કોઈ પણ સુખની જેને ઉપમા આપી શકાતી નથી, એવા અનુપમ, અતુલ, નિરાબાધ સુખસાગરમાં નિમગ્ન બનેલા, અનાગત કાળમાં એકાંત સુખી જ સુખી રહે છે.

ॐ शान्ति शान्ति शान्ति

શાસ્ત્રોદ્ધારક બાલબ્રહ્મચારી ઋષિસંપ્રદાયાચાર્ય સ્વ. મુનિશ્રી અમોલખઋષિજી મહારાજ દ્વારા વિરચિત 'જૈન તત્ત્વ પ્રકાશ' ગ્રંથના બીજા ખંડનું 'અંતિમ શુદ્ધિ' નામક છઠ્ઠું પ્રકરણ સમાપ્ત.

ઉપસંહાર

एस धम्मे धूवे निच्चे, सासए जिणदेसिए ।

सिद्धा सिझंति चाणेणं, सिद्धिसंति तहावरे ॥ त्तिबेमि ॥१७॥

અર્થ—આ 'શ્રી જૈન તત્વ પ્રકાશ' ગ્રંથના દ્વિતીય ખંડમાં સૂત્ર અને ચારિત્રધર્મનું વિસ્તારપૂર્વક કથન કર્યું છે, તે ધર્મ ભૂતકાળમાં જે અનંત તીર્થંકરો થયા છે, તેમણે તે જ પ્રમાણે પ્રતિપાદન કર્યો છે, વર્તમાનકાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં વીસ તીર્થંકરો વિચરે છે તેઓ પણ તે જ પ્રમાણે પ્રતિપાદન કરે છે અને ભવિષ્યકાળમાં જે અનંત તીર્થંકરો થશે તે બધા એ જ પ્રકારે પ્રતિપાદન કરશે અર્થાત્ આ ગ્રંથનો જે મૂળ આશય છે તે જિનાજ્ઞાને સંમત હોવાથી આ ધર્મ પ્રાયે કરી નિશ્ચલ છે, દ્રવ્યે કરી નિત્ય છે અને વસ્તુતઃ શાશ્વત અવિનાશી છે. સત્ય, તથ્ય અને પથ્ય છે, તેથી સર્વને માનનીય અને આદરણીય છે, કેમકે આ ધર્મનું પરમારાધન કરીને ભૂતકાળમાં અનંત જીવો સિદ્ધ થયા છે, વર્તમાનકાળમાં સંખ્યાત જીવો સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે અને ભવિષ્યકાળમાં અનંત જીવો સિદ્ધગતિને પ્રાપ્ત કરશે. એમ શ્રમણ ભગવંત મહાવીર સ્વામીના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીએ પોતાના જ્યેષ્ઠ શિષ્ય શ્રી જંબુસ્વામીજીને કહ્યું છે.

અંતિમ મંગલમ્

अेय णं धम्मे पेच्चभवे, य इहभवे य हियाअे सुहाअे ।

खेमाअे णिस्सेयसाअे, अणुगामीयत्ताअे भविस्सइ ॥

અર્થ—આ ધર્મ આ જીવને આ ભવમાં, પરભવમાં, હિતકારી, સુખકારી, કુશળ કલ્યાણ કરનાર, નિસ્તાર કરવાવાળો અને અનુગામી એટલે સાથે રહી ક્રમશઃ મોક્ષનાં અપરિમિત સુખનો દેનારો થશે.

તથાસ્તુ.

ઇતિ પરમપૂજ્ય, ન્યાયાંભોનિધિ, સ્યાદ્વાદશૈલીદર્શક, શ્રી શ્રી ૧૦૦૮ શ્રી કહાનજી ઋષિજી મહારાજના સંપ્રદાયના ક્રિયાપાત્ર, જ્ઞાનનિધિ, શ્રી શ્રી ૧૦૦૮ શ્રી ખૂબાઋષિજી મહારાજના શિષ્ય આર્ય મુનિ શ્રી શ્રી ૧૦૦૮ શ્રી ચેનાઋષિજી મહારાજના શિષ્ય તપસ્વીરાજ શ્રી કેવળઋષિજી મહારાજના અનુયાયી શાસ્ત્રોદ્ધારક બાલબ્રહ્મચારી પંડિત મુનિવર શ્રી અમોલખ ઋષિજી મહારાજ વિરચિત :—

શ્રી જૈનતત્ત્વ પ્રકાશ ગ્રંથ સમાપ્ત.

મંગળ સ્તોત્રમ્

અર્હંતો ભગવંત ઇંદ્રમહિતઃ સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ
શ્રી સિદ્ધાંતસુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધકાઃ
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્—(૧)

બ્રાહ્મીચંદનબાલિકા ભગવતી, રાજીમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શિવા,
કુંતી શીલવતી નલસ્યદયિતા, ચુલા પ્રભાવત્યથ
પદ્માવત્યપિ સુંદરી પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્—(૨)

વીરઃ સર્વ સુરાસુરેંદ્ર મહિતો, વીરં બુધાઃ સંશ્રિતા,
વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો, વીરાય નિત્યં નમઃ
વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપો,
વીરે શ્રી ધૃતિ કીર્તિ કાંતિ નિચય શ્રી, વીરભદ્રં દિશ—(૩)

અર્હંતો મંગલ નિત્ય, સિદ્ધા જગતિ મંગલમ્
મંગલં સાધવઃ સર્વે, જૈનધર્મોઽસ્તુ મંગલમ્—(૧)

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમઃ પ્રભુ,
મંગલં સ્થુલભદ્રાદ્યા, જૈનધર્મોઽસ્તુ મંગલમ્—(૨)

સર્વ મંગલં માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં,
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્—(૩)

ચતુર્દસ નમસ્કાર

૧. ૐ અસિઆઉસાય નમઃ ૨ શ્રી ઋષભદેવાય નમઃ ૩. શ્રી શાંતિનાથાય નમઃ ૪. શ્રી પાર્શ્વનાથાય નમઃ ૫. શ્રી વીર વર્ધમાનાય નમઃ ૬. શ્રી ગૌતમ ગણધરાય નમઃ ૭. શ્રી સુધર્મ સ્વામીને નમઃ ૮. શ્રી જિનેંદ્રાય નમઃ ૯. ઉસભાઈ મહાવીર વંદામિ જિણં ચઉવિસં ૧૦. ચતુર્વિધ સંઘાય નમઃ ૧૧. વંદે પ્રવચન માતરં ૧૨. વંદે દયા-માતરં ૧૩. વીરં વંદે ૧૪. અર્હં નમઃ

મહાવીર સ્વામીનો છંદ

ચોવીસમા મહાવીર, શૂરવીર મહાધીર;
વાણી મીઠી દૂધ ખીર, સિદ્ધારથ નંદ હૈ,—૧

નાગિણીશી નારી જાણી, ઘટમાં વૈરાગ આણી,
જોગ લીઓ જગભાણુ, ટાળ્યા મોહ ફંદ હૈ,—૨

ચૌદ હજાર સંત, તાર દીયા ભગવંત,
કર્મકો કિયો અંત, પામ્યા સુખ કંદ હૈ,—૩

કહે કવિ 'ચંદ્રભાણુ,' સૂણો હો વિવેકવાન,
મહાવીર કીયા ધ્યાન, ઊપજે આનંદ હૈ,—૪

પૂર્વ ત્રિયાસી લાખ, લિયો જિનરાજ સુખ,
એક લાખ રહી જબ, ઐસે દિલ ધારી હૈ,—૧

ધન, સુત, બંધવ, નારી, દેખીયે અનિત્ય સહુ,
કામ નહિ આવે, ઐસી જિનજી બિચારી હૈ,—૨

ભરત બોલાઈ સમજાઈ, સહુ રાજ દીયો,
આપ લોચ લેખે ભયો, મહાવ્રત ધારી હૈ,—૩

પ્રથમ જિનેંદ્ર ચંદ્ર, કહત બિનોદીલાલ,
ઐસે નાભિનંદનકો વંદના હમારી હૈ,—૪

શ્રી શાંતિનાથ સ્વામીનો છંદ

શારદ માય નમું શિર નામી, હું ગુણ ગાઉં ત્રિભુવનકે સ્વામી,
શાંતિ શાંતિ જપે સબ કોઈ, તે ઘેર શાંતિ સદા સુખ હોઈ.—૧
શાંતિ જપી જે કીજે કામ, સોહી કામ, હોવે અભિરામ;
શાંતિ જપી પરદેશ સધાવે, તે કુશળે કમળા લેઈ આવે.—૨
ગર્ભ થકી પ્રભુ મારિ નિવારી, શાંતિજી નામ દિયો હિતકારી;
જે નર શાંતિ તણા ગુણ ગાવે, ઋદ્ધિ અચિંતી તે નર પાવે.—૩

જે નરકું પ્રભુ શાંતિ સહાઈ, તે નરકું કયા આરતી નાહી;
જો કછું વંછે સોહી પૂરે, દુઃખ દારિદ્ર મિથ્યા મતિ ચુરે.–૪
અલખ નિરંજન જ્યોત પ્રકાશી, ઘટ ઘટ અંતરકે પ્રભુ વાસી,
સ્વામી સ્વરૂપ કહ્યું નવિ જાય, કહેતાં મુજ મન અચરજ થાય.–૫
ડાર દીયે સબ હી હથિયારા, જીત્યા મોહ તણા દળ સારા,
નારી તજી શિવશું રંગ રાચ્યો, રાજ તજ્યો પણ સાહિબ સાચો.–૬
મહા બળવંત કહીજે દેવા, કાયર કુંથુ એક હણેવા,
ઋદ્ધિ સબળ પ્રભુ પાસ લહીજે, ભિક્ષા આહારી નામ કહીજે.–૭
નિંદક પૂજકકું સમ ભાયક, પણ સેવકકું હે સુખદાયક,
તજી પરિગ્રહ હુવા જગનાયક, નામ અતિથિ સર્વ સિદ્ધિ લાયક–૮
શત્રુ મિત્ર સમ ચિત્ત ગણીજે, નામ દેવ અરિહંત ભણીજે,
સકળ જીવ હિતવંત કહીજે, સેવક જાણી મહાપદ દીજે–૯
સાયર જૈસા હોત ગંભીરા, દૂષણ એક ન માંહે શરીરા,
મેરુ અચળ જિમ અંતર જાણી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી.–૧૦
લોક કહે જિનજી સબ દેખે, પણ સુપનાંતર કબહુ ન પેખે,
રીસ વિના બાવીસ પરીસા, સેના જીતી તે જગદીશા.–૧૧
માન વિના જગ આણ મનાઈ, માયા વિના શિવશુ લય લાઈ,
લોભ વિના ગુણ રાશિ ગ્રહીજે, ભિક્ષુ ભાવે ત્રિગડો સેવિજે.–૧૨
નિર્ગ્રંથપણે શિર છત્ર ધરાવે, નામ યતિ પણ ચમર ઢળાવે,
અભયદાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે અરિહારણ.–૧૩
શ્રી જિનરાજ દયાળ ભણીજે, કર્મ સર્વેકો મૂળ ખણીજે;
ચઉવિહ સંઘહ તીરથ થાપે, લચ્છી ઘણી દેખે નવિ આપે.–૧૪
વિનયવંત ભગવંત કહાવે, નાહી કિસીકું શિશ નમાવે;
અકંચનકો બિરુદ ધરાવે, પણ સોવન પદ પંકજ ઠાવે–૧૫
રાગ નહિ પણ સેવક તારે, દ્વેષ નહિ નિગુણા સંગ વારે;
તજી આરંભ નિજ આતમ ધ્યાવે, શિવ રમણીકો સાથ ચલાવે–૧૬

તેરો મહિમા અદ્દભુત કહીજે, તેરા ગુણકો પાર ના લીજે;
તું પ્રભુ સમરથ સાહેબ મેરા, હું મન મોહન સેવક તેરા–૧૭
તું રે ત્રિલોક તણો પ્રતિપાળ, હું રે અનાથ તું રે દયાળ;
તું શરણાગત રાખત ધીરા, તું પ્રભુ તારક છે વડ વીરા–૧૮
તુંહિ સમો વડ ભાગજ પાયો, તો મેરો કાજ ચડયો રે સવાયો;
કરજોડી પ્રભુ વિનવું તમશું, કરો કૃપા જીનવરજી અમશું.–૧૯
જનમ મરણના ભય નિવારો, ભવ સાગરથી પાર ઉતારો,
શ્રી હત્થિણાપુર મંડણ સોહે, ત્યાં શ્રી શાંતિ સદા મન મોહે.–૨૦
પદ્મસાગર ગુરુરાય પસાયા, શ્રી "ગુણ સાગર" કહે મન ભાયા,
જે નર નારી એક ચિત્તે ગાવે, તે મનવાંછિત નિશ્ચે પાવે.–૨૧

શ્રી ગૌતમ સ્વામીનો છંદ

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ,
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન.—૧
ગૌતમ નામે ગિરિવર ચડે, મનવાંછિત હેલા સંપડે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ.—૨
જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુકડા,
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરું વખાણ—૩
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય,
ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર.—૪
શાળ દાળ ગોરસ ઘૃત ગોળ, મનવાંછિત કાપડ તંબોળ,
ઘર સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત.—૫
ગૌતમ ઊગ્યો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગ જાણ;
મોટા મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ.—૬
ઘર મયંગળ ઘોડાની જોડ, વારુ પહોંચે વાંછિત કોડ;
મહિયળ માને મોટા રાય, જો સેવે ગૌતમના પાય.—૭
ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન—૮
પુણ્યવંત અવધારો સહુ, ગુરુ ગૌતમના ગુણ છે બહુ;
કહે "લાવણ્ય સમય" કરજોડ, ગૌતમ તૂઠે સંપત્તિ કોડ—૯

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો છંદ

(દોહા)

કલ્પવેલ ચિંતામણિ, કામધેનુ ગુણ ખાણ,
અલખ અગોચર અગમ ગતિ, ચિદાનંદ ભગવાન—૧.
પરમ જ્યોતિ પરમાત્મા, નિરાકાર કિરતાર,
નિર્ભય રૂપ જ્યોતિસરૂપ, પૂરણ બ્રહ્મ અપાર.—૨.
અવિનાશી સાહિબ ધણી, ચિંતામણિ શ્રી પાર્શ્વ,
અરજ કરું કર જોડ કે, પૂરો વંછિત આશ.—૩.
મન ચિંતિત આશા ફળે, સકળ સિદ્ધવે કામ,
ચિંતામણિકો જાપ જપ, ચિંતા હરે એ નામ—૪.
તુમ સમ મેરે કો નહીં, ચિંતામણિ ભગવાન,
ચેતનકી એહ વિનતી, દીજે અનુભવ જ્ઞાન.—૫.

(ચોપાઈ)

પ્રાણુત દેવલોકથી આયે, જન્મ વણારસી નગરી પાયે,
અશ્વસેન કુળ મંડન સ્વામી; ત્રીહુ જગકે પ્રભુ અંતરજામી,–૬
વામા દેવી માતાકે જાયે, લંછન નાગ ફણિ મણિ પાએ,
શુભ કાયા નવ હાથ વખાણો, નીલ વરણ તનુ નિર્મળ જાણો.–૭
માનવ યક્ષ સેવે પ્રભુ પાય, પદ્માવતી દેવી સુખદાય,
ઇંદ્ર ચંદ્ર પારસ ગુણ ગાવે, કલ્પવૃક્ષ ચિંતામણિ પાવે–૮
નિત સમરો ચિંતામણિ સ્વામી, આશા પૂરે અંતરજામી,
ધનધન પાર્શ્વ, પુરિસાદાણી, તુમસમ જગમેં કો નહીં નાણી–૯
તુમારો નામ સદા સુખકારી, સુખ ઉપજે દુઃખ જાય વિસારી,
ચેતનકો મન તુમ્હારે પાસ, મન વંછિત પૂરો પ્રભુ આશ.–૧૦

(દોહા)

ૐ ભગવંત ચિંતામણિ, પાર્શ્વ પ્રભુ જિનરાય,
નમો નમો તુમ નામસે, રોગ શોક મિટ જાય.—૧૧
વાત પિત્ત દૂરે ટળે, કફ નહીં આવે પાસ,
ચિંતામણિ કે નામસે, મિટે શ્વાસ ઔર ખાંસ.—૧૨

પ્રથમ દૂસરો તીસરો, તાવ ચોથીયો જાય;
શૂળ બહોંતેર દૂરે રહે, દાદર ખાજ ન થાય.—૧૩
વિસ્ફોટક ગડ ગૂમડાં. કોઢ અઢારે દૂર,
નેત્ર રોગ સબ પરિહરે, કંઠમાળ ચકચૂર.—૧૪
ચિંતામણિકે જાપસે, રોગ શોગ મિટ જાય.
ચેતન પાર્શ્વ નામકો, સમરો મન ચિત્ત લાય.—૧૫

(ચોપાઈ)

મન શુધ્ધે સમરો ભગવાન, ભયભંજન ચિંતામણિ ધ્યાન,
ભૂત પ્રેત ભય જાવે દૂર, જાપ જપે સુખ સંપત્તિ પૂર.—૧૬
ડાકણ શાકણ વ્યંતર દેવ, ભય નહીં લાગે પારસ સેવ,
જળચર થલચર ઉરપર જીવ, ઇનકો ભય નહિ સમરો પીવ.—૧૭
વાઘ સિંહકો ભય નહિ હોય, સર્પ ગોહ આવે નહિ કોય,
વાટ ઘાટમેં રક્ષા કરે, ચિંતામણિ ચિંતા સબ હરે—૧૮
ટોણાં ટામણ જાદુ કરે, તુમારો નામ લેતાં સબ ડરે,
ઠગ ફાંસીગર તસ્કર હોય, દ્વેષી દુશ્મન દુષ્ટ જ કોય—૧૯
ભય સબ ભાગે તુમારે નામ, મન વાંછિત પૂરો સબ કામ,
ભય નિવારણ પૂરે આશ, ચેતન જપ ચિંતામણિ પાર્શ્વ—૨૦

(દોહા)

ચિંતામણિકે નામસે, સકલ સિદ્ધવે કામ,
રાજ રિદ્ધિ રમણી મળે, સુખ સંપત્તિ બહુ દામ.—૨૧
હય ગય રથ પાયક મળે, લક્ષ્મીકો નહિ પાર,
પુત્ર કલત્ર મંગળ સદા, પાવે શિવ દરબાર.—૨૨
ચેતન ચિંતા હરણકો, જાપ જપો તીન કાળ,
કર આંબિલ ષટ માસકો, ઊપજે મંગળ માળ.—૨૩
પારસ નામ પ્રભાવથી, વાધે બળ બહુ જ્ઞાન,
મનવાંછિત સુખ ઊપજે, નિત સમરો ભગવાન.—૨૪
સંવત અઢારા ઉપરે, આડત્રીસકો પરિમાણ,
પોષ શુકલ દિન પંચમી, વાર શનિશ્ચર જાણ.—૨૫
પઢે ગુણે જો ભાવશું, સુણે સદા ચિત્ત લાય,
ચેતન સંપત્તિ બહુ મળે, સમરો મન વચ કાય.—૨૬

શ્રી સાધુ વંદના પ્રારંભ

નમું અનંત ચોવીશી, ઋષભાદિક મહાવીર,
જેણે આરજ ક્ષેત્રમાં, ઘાલી ધર્મની શીર.—૧
મહા અતુલ્ય બળિ નર, શૂર વીર ને ધીર,
તીરથ પ્રવર્તાવી, પહોંચ્યા ભવજળ તીર.—૨
સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીશ,
છે અઢી દ્વીપમાં, જયવંતા જગદીશ.—૩
એકસો ને સિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ,
ધન્ય મોટા પ્રભુજી, તેહને નમાવું શીશ.—૪
કેવળી દોય ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ,
મુનિ દોય સહસ્ર ક્રોડી, ઉત્કૃષ્ટા નવસહસ્ર ક્રોડ.—૫
વિચરે વિદેહે, મોટા તપસી ઘોર,
ભાવે કરી વંદું, ટાળે ભવની ખોડ—૬
ચોવીસે જિનના, સઘળા એ ગણધાર,
ચૌદસે ને બાવન, તે પ્રણમું સુખકાર.—૭
જિન શાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ,
ગૌતમાદિક ગણધર, વર્તાવ્યો આણંદ.—૮
શ્રી ઋષભદેવના, ભરતાદિક સો પુત્ર,
વૈરાગ્ય મન આણી, સંયમ લિયો અદ્‌ભુત.—૯
કેવળ ઉપરાજ્યું, કરી કરણી કરતૂત;
જિનમત દિપાવી, સઘળા મોક્ષ પહુંત—૧૦
શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ,
આદિત્ય જશાદિક પહોંચ્યા શિવપુર વાટ.—૧૧
શ્રી જિન અંતરના, હુવા પાટ અસંખ્ય,
મુનિ મુક્તે પહોંચ્યા, ટાળી કર્મનો વંક.—૧૨
ધન્ય* કપિલ મુનિવર, નમિ નમું અણગાર,
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ર રમણી પરિવાર.—૧૩

મુનિ બળ હરિકેશી, ચિત્ત મુનિશ્વર સાર,
શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર—૧૪
વળી ઈક્ષુકાર રાજા, ઘેર કમળાવતી નાર,
ભૃગુ ને જશા, તેહના દોય કુમાર—૧૫
છયે રિદ્ધિ છાંડીને, લીધો સંયમ ભાર,
ઈણુ અલ્પકાળમાં, પામ્યા મોક્ષ દ્વાર—૧૬
વળી સંયતિ રાજા, હરણ આહિડે જાય,
મુનિવર ગર્દભાળી, આણ્યો મારગ ઠાય—૧૭
ચારિત્ર લઈને, ભેટયા ગુરૂના પાય,
ક્ષત્રિરાજ ઋષીશ્વર, ચર્ચા કરી ચિત્ત લાય—૧૮
વળી દસે ચક્રવર્તી, રાજ્ય રમણી રિદ્ધિ છોડ,
દસે મુક્તે પહોંચ્યા, કુળને શોભા ચોડ—૧૯
ઈણુ અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ,
બળભદ્ર મુનીશ્વર, ગયા પંચમે દેવલોક.—૨૦
દશાર્ણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરી માન,
પછે ઈંદ્ર હઠાયો, દિયો છકાય અભેદાન—૨૧
કરકંડુ પ્રમુખ, ચારે પ્રત્યેક બુદ્ધ,
મુનિ મુક્તે પહોંચ્યા, જીત્યા કર્મ મહા જુદ્ધ.—૨૨
ધન્ય મોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ,
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીસ—૨૩
વળી સમુદ્રપાળ મુનિ, રાજેમતી રહનેમ,
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ.—૨૪
ધન્ય વિજયઘોષ મુનિ, જયઘોષ વળી જાણુ,
શ્રી ગર્ગાચાર્યજ, પહોંચ્યા છે નિરવાણુ—૨૫
શ્રી ઉત્તરાધ્યયનમાં, જિનવરે કર્યાં વખાણુ,
શુદ્ધ મનથી ધ્યાવો, મનમેં ધીરજ આણુ—૨૬
વળિ ખંધક સંન્યાસી, રાખ્યો ગૌતમ સ્નેહ,
મહાવીર સમીપે, પંચ મહાવ્રત લેહ—૨૭

તપ કઠણ કરીને, ઝોંસી આપણી દેહ,
ગયા અચ્યુત દેવલોકે, ચ્યવી લેશે ભવ છેહ.—૨૮
વળી ઋષભદત્ત મુનિ, શેઠ સુદર્શન સાર,
શિવરાજ ઋષીશ્વર, ધન્ય ગાંગેય અણુગાર.—૨૯
શુદ્ધ સંયમ પાળી, પામ્યા કેવળ સાર,
એ ચારે મુનિવર, પહોંચ્યા મોક્ષ મોઝાર—૩૦
ભગવંતની માતા, ધન ધન સતી દેવાનંદા,
વળી સતી જયંતિ, છોડ દિયા ઘર ફંદા.—૩૧
સતિ મુકતે પહોંચ્યા, વળી તે વીરના નંદ,
મહાસતી સુદર્શના, ઘણી સતીઓનાં વૃંદ—૩૨
વળી કાર્તિક શેઠે, પડિમા વહિ શૂરવીર,
જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી ખીર—૩૩.
પછી ચારિત્ર લીધું, મિત્ર એક સહસ્ર આઠ ધીર,
મરી હુઆ શક્રેન્દ્ર, ચ્યવી લેશે ભવ તીર.—૩૪
વળી રાય ઉદાયન, દિયો ભાણેજને રાજ,
પછી ચારિત્ર લઇને, સાર્યાં આતમ કાજ—૩૫
ગંગદત્ત મુનિ આણંદ, તરણ તારણ જહાજ,
કુશલ મુનિ રોહો, દિયો ઘણાને સાજ.—૩૬
ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર,
આરાધિક હુઈને, ગયા દેવલોક મોઝાર.—૩૭
ચ્યવી મુગતે જાશે, વળી સિંહ મુનીશ્વર સાર,
બીજા પણ મુનિવર, ભગવતીમાં અધિકાર.—૩૮
શ્રેણિકનો બેટો, મોટો મુનિવર મેઘ,
તજી આઠ અંતેઉરી, આણ્યો મન સંવેગ—૩૯
વીરપે વ્રત લઈને, બાંધી તપની તેગ,
ગયા વિજય વિમાને, ચ્યવી લેશે શિવ વેગ.—૪૦
ધન્ય થાવચ્ચા પુત્ર, તજી બત્રીસે નાર,
તેની સાથે નીકળ્યા, પુરુષ એક હજાર.—૪૧

શુકદેવ સંન્યાસી, એક સહસ્ર શિષ્ય ધાર,
પંચશયસું શેલક, લીધો સંયમ ભાર.—૪૨
સર્વ સહસ્ર અઢાઈ, ઘણા જીવોને તાર,
પુંડરગિરિ ઉપર, કિયો પાદોપગમન સંથાર.—૪૩
આરાધક હુઈને, કીધો બેડો પાર,
હુઆ મોટા મુનિવર, નામ લિયાં નિસ્તાર.—૪૪
ધન્ય જિનપાળ મુનિવર, દોય ધનાવા સાધ,
ગયા પ્રથમ દેવલોકે, મોક્ષ જાશે આરાધ.—૪૫
મલ્લિનાથના છ મિત્ર, મહાબળ પ્રમુખ મુનિરાય,
સર્વે મુકતે સિધાવ્યા, મોટી પદવી પાય.—૪૬
વળી જિતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન,
બન્ને ચારિત્ર લેઇને, પામ્યા મોક્ષ નિધાન.—૪૭
ધન્ય તેતલિ મુનિવર, દિયો છકાય અભેદાન,
પોટિલા પ્રતિબોધ્યા, પામ્યા કેવળજ્ઞાન.—૪૮
ધન્ય પાંચે પાંડવ, તજી દ્રૌપદી નાર,
સ્થવિરની પાસે, લીધો સંયમ ભાર—૪૯
શ્રી નેમિ વંદનનો, એહવો અભિગ્રહ કીધ;
માસ માસખમણ તપ, શેત્રુંજય જઈ સિદ્ધ.—૫૦
ધર્મઘોષ તણા શિષ્ય, ધર્મરૂચિ અણગાર;
કીડીઓની કરૂણા, આણી દયા અપાર.—૫૧
કડવા તુંબાનો, કીધો સઘળો આહાર,
સર્વાર્થસિદ્ધ પહોંચ્યા, ચ્યવી લેશે ભવ પાર.—૫૨
વળી પુંડરિક રાજા, કુંડરિક ડગિયો જાણ;
પોતે ચારિત્ર લેઇને, ન ઘાલી ધર્મમાં હાણ.—૫૩
સર્વાર્થસિદ્ધ પહોંચ્યા, ચ્યવી લેશે નિરવાણ,
શ્રી "જ્ઞાતાસૂત્ર"માં, જિનવરે કર્યાં વખાણ.—૫૪
ગૌતમાદિક કુંવર, સગા અઢારે ભ્રાત;
સર્વ અંધકવિષ્ણુ-સુત, ધારિણી જ્યારી માત.—૫૫

તજી આઠ આઠ અંતેઉરી, કાઢી દીક્ષાની વાત,
ચારિત્ર લઈને, કીધો મુક્તિનો સાથ—૫૬
શ્રી અનેકસેનાદિક, છયે સહોદર ભાય,
વસુદેવના નંદન, દેવકી જ્યારી માય.—૫૭
ભદ્દિલપુર નગરી, નાગ ગાહાવઈ જાણ,
સુળસા ઘેર વધિયા, સાંભળી નેમિની વાણ.—૫૮
તજી બત્રીસ બત્રીસ અંતેઉરી, નીકળીયા છટકાય;
નળ-કુબેર સમાણા, ભેટયાં શ્રી નેમિના પાય.—૫૯
કરી છઠ છઠ પારણાં, મનમેં વૈરાગ્ય લાય;
એક માસ સંથારે, મુક્તિ બિરાજ્યા જાય.—૬૦
વળી દારૂક સારણ, સુમુખ દુમુખ મુનિરાય,
વળી કુંવર અનાદષ્ટિ, ગયા મુક્તિગઢમાંય.—૬૧
વસુદેવના નંદન, ધન્ય ધન્ય ગજસુકુમાર,
રૂપે અતિ સુંદર, કળાવંત વય બાળ.—૬૨
શ્રી નેમિ સમીપે, છોડયો મોહ જંજાળ,
ભિક્ષુની પડિમા, ગયા મસાણ મહાકાળ.—૬૩
દેખી સોમિલ કોપ્યો, મસ્તકે બાંધી પાળ,
ખેરતણા ખીરા, શિર ઠવિયા અસરાળ.—૬૪
મુનિ નજર ન ખંડી, મેટી મનની જાળ,
પરિષહ સહીને, મુક્તિ ગયા તત્કાળ.—૬૫
ધન્ય જાળી મયાળી, ઉવયાલાદિક સાધ,
સાંબ ને પ્રદ્યુમન, અનિરૂદ્ધ સાધુ અગાધ.—૬૬
વળી સચ્ચનેમિ દઢનેમિ, કરણી કીધી સાથ,
દસે મુક્તે પહોંચ્યા, જિનવર વચન આરાધ.—૬૭
ધન્ય અર્જુનમાળી, કિયો કદાગ્રહ દૂર;
વીરપેં વ્રત લેઈને, સત્યવાદી હુવા શૂર.—૬૮
કરી છઠ છઠ પારણાં, ક્ષમા કરી ભરપૂર;
છ માસની માંહી, કર્મ કિયાં ચકચૂર.—૬૯
કુંવર અઈમુત્તે, દીઠા ગૌતમ સ્વામ,
સુણી વીરની વાણી, કીધો ઉત્તમ કામ.—૭૦

ચારિત્ર લેઇને, પહોંચ્યા શિવપુર ઠામ,
ધુર આદિ મકાઈ, અંત અલક્ષ મુનિ નામ.—૭૧
વળી કૃષ્ણરાયની, અગ્રમહિષી આઠ,
પુત્ર વહુ દોયે, સંચ્યા પુણ્યના ઠાઠ.—૭૨
જાદવકુળ સતિયાં, ટાળ્યો દુઃખ ઉચાટ,
પહોંચ્યા શિવપુરમેં, એ છે સૂત્રનો પાઠ.—૭૩
શ્રેણિકની રાણી, કાલીઆદિક જાણ,
દસે પુત્ર વિયોગે, સાંભળી વીરની વાણ.—૭૪
ચંદનબાળાપેં, સંયમ લઈ હુવા જાણ,
તપ કરી દેહ ઝોંસી, પહોંચ્યા છે નિરવાણ.—૭૫
નંદાદિક તેરે, શ્રેણિક નૃપની નાર,
સઘળી ચંદનબાળાપેં, લીધો સંયમ ભાર.—૭૬
એક માસ સંથારે, પહોંચ્યાં મુક્તિ મોઝાર,
એ નેવું જણાનો, "અંતગડ" માં અધિકાર.—૭૭
શ્રેણિકના બેટા, જાલિયાદિક તેવીસ,
વીરપેં વ્રત લેઇને, પાળ્યો વિશ્વાવીસ.—૭૮
તપ કઠણ કરીને, પૂરી મન જગીશ,
દેવલોકે પહોંચ્યા, મોક્ષ જાશે તજી રીસ.—૭૯
કાકંદિનો ધન્નો, તજી બત્રીસે નાર,
મહાવીર સમીપે, લીધો સંયમ ભાર.—૮૦
કરી છઠ છઠ પારણાં, આયંબિલ ઉચ્છિત આહાર,
શ્રી વીરે વખાણ્યા, ધન્ય ધન્નો અણગાર.—૮૧
એક માસ સંથારે, સર્વાર્થસિદ્ધ પહૂંત,
મહાવિદેહ ક્ષેત્રમાં, કરશે ભવનો અંત.—૮૨
ધન્નાની રીતે, હુવા નવે સંત,
શ્રી "અનુત્તરોવવાઈ"માં, ભાખી ગયા ભગવંત.—૮૩
સુબાહુ પ્રમુખ, પાંચ પાંચસે નાર,
તજી વીરપેં લીધા, પંચ મહાવ્રત સાર.—૮૪

ચારિત્ર લેઇને, પાળ્યાં નિરતિચાર,
દેવલોકે પહોંચ્યા, "સુખવિપાકે" અધિકાર.—૮૫
શ્રેણિકના પૌત્ર-પૌત્રાદિક હુવા દસ,
વીરપે વ્રત લેઇને, કાઢયો દેહનો કસ.—૮૬
સંયમ આરાધી, દેવલોકમાં જઈ વસ,
મહા વિદેહ ક્ષેત્રમાં, મોક્ષ જાશે લેઈ જશ.—૮૭
બળભદ્રના નંદન, નિષધાદિક હુવા બાર,
તજી પચાસ પચાસ અંતેઉરી,ત્યાગ દિયો સંસાર.–૮૮
સહુ નેમિ સમિપે, ચાર મહાવ્રત લીધ,
સર્વાર્થસિદ્ધ પહોંચ્યા, હોશે વિદેહે સિદ્ધ.—૮૯
ધન્નો ને શાલીભદ્ર, મુનીશ્વરોની જોડ,
નારીનાં બંધન, તત્ક્ષણ નાખ્યા ત્રોડ.—૯૦
ઘર કુટુંબ કબીલો, ધન કંચનની ક્રોડ,
માસ માસખમણ તપ, ટાળશે ભવની ખોડ.—૯૧
શ્રી સુધર્મસ્વામીના શિષ્ય, ધન ધન જંબુસ્વામ,
તજી આઠ અંતેઉરી, માત પિતા ધન ધામ.—૯૨
પ્રભવાદિક તારી, પહોંચ્યા શિવપુર ઠામ,
સૂત્ર પ્રવર્તાવી, જગમાં રાખ્યું નામ.—૯૩
ધન્ય ઢંઢણ મુનિવર, કૃષ્ણરાયના નંદ,
શુદ્ધ અભિગ્રહ પાળી, ટાળી દિયો ભવ ફંદ.—૯૪
વળી ખંધક ઋષિની, દેહ ઉતારી ખાલ,
પરિષહ સહીને, ભવ ફેરા દિયા ટાળ.—૯૫
વળી ખંધક ઋષિના, હુવા પાંચસો શિષ્ય,
ઘાણીમાં પીલ્યા, મુક્તિ ગયા તજી રીસ.—૯૬
સંભૂતિ સ્વામીના શિષ્ય, ભદ્રબાહુ મુનિરાય,
ચૌદ પૂરવધારી, ચંદ્રગુપ્ત આણ્યો ઠાય.—૯૭
વળી આર્દ્રકુમાર મુનિ, સ્થૂલીભદ્ર નંદિષેણુ,
અરણિક અઇમુત્તો, મુનિશ્વરોની શ્રેણુ.—૯૮

ચોવીસ જિન મુનિવર, સંખ્યા અઠ્ઠાવીસ લાખ,
ઉપર સહસ્ર અડતાળીસ, સૂત્ર પરંપરા ભાખ.—૯૯
કોઈ ઉત્તમ વાંચો, મોઢે જયણા રાખ,
ઉઘાડે મુખ બોલ્યાં, પાપ લાગે "વિપાક"–૧૦૦
ધન્ય મરુદેવી માતા, ધ્યાયું નિર્મળ ધ્યાન,
ગજ હોદ્દે પામ્યા, નિર્મળ કેવળજ્ઞાન–૧૦૧
ધન્ય આદીશ્વરની પુત્રી, બ્રાહ્મી સુંદરી દોય,
ચારિત્ર લેઇને, મુક્તિ ગયા સિદ્ધ હોય.–૧૦૨
ચોવીસે જિનની, વડી શિષ્યણી ચોવીસ,
સતી મુકતે પહોંચ્યા, પૂરી મન જગીશ.–૧૦૩
ચોવીસે જિનનાં, સર્વ સાધવી સાર,
અડતાળીસ લાખ ને, આઠસે સિત્તેર હજાર.–૧૦૪
ચેડાની પુત્રી, રાખી ધર્મશું પ્રીત,
રાજેમતી વિજયા, મૃગાવતી સુવિનીત.–૧૦૫
પદ્માવતી, મયણરેહા, દ્રૌપદી, દમયંતી સીત,
ઇત્યાદિક સતીઓ, ગઈ જન્મારો જીત.–૧૦૬
ચોવીસે જિનનાં, સાધુ સાધવી સાર,
ગયાં મોક્ષ દેવલોકે, હૃદયે રાખો ધાર.–૧૦૭
ઈણ અઢી દ્વીપમાં, ઘરડા તપસી બાળ,
શુદ્ધ પંચ મહાવ્રતધારી, નમો નમો ત્રણ કાળ.–૧૦૮
એ યતિઓ સતિઓનાં, લીજે નિત્ય પ્રતે નામ,
શુદ્ધ મનથી ધ્યાવો, એહ તરણનો ઠામ.–૧૦૯
એ જતિઓ સતીઓશું, રાખો ઉજ્જવળ ભાવ,
એમ કહે ઋષિ જેમલ, એહ તરણનો દાવ.–૧૧૦
સંવત અઢાર ને, વર્ષ સાતે શિરદાર,
શહેર ઝાલોર માંહી, એહ કહ્યો અધિકાર.–૧૧૧

ઇતિ શ્રી સાધુ વંદના સમાપ્ત

ચત્તારિ મંગલં

ચત્તારિ મંગલં–અરિહંતા મંગલં–સિદ્ધા મંગલં–સાહુ મંગલં –કેવલિ પન્નતો ધમ્મો મંગલં । ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહુ લોગુત્તમા, કેવલિ પન્નતો ધમ્મો લોગુત્તમા । ચત્તારિ સરણં પવજ્જામિ, અરિહંતે સરણં પવજ્જામિ, સિદ્ધે સરણં પવજ્જામિ, સાહુ સરણં પવજ્જામિ, કેવલિ પણ્ણતં ધમ્મં સરણં પવજ્જામિ ।

ચાર શરણં કરે જેહ, ભવસાગરમાં ન બૂડે તેહ,
સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણાં સુખ લે અનંત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે જીવ તરીને મુકતે જાય,
સંસાર માંહી શરણા ચાર, અવર શરણ નહિ કોય,
જે નરનારી આદરે, તેને અક્ષય અવિચળ પદ હોય,
અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણો ભંડાર,
ગુરુ ગૌતમને સમરીએ તો, મનવાંછિત ફળ દાતાર.

જાન્યુઆરી

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૭ ૨૭	૬ ૧૪	૮ ૧૫	૧૦ ૯	૧૨ ૫૧	૧૫ ૩૩
૫	૭ ૨૮	૬ ૧૬	૮ ૧૬	૧૦ ૧૦	૧૨ ૫૨	૧૫ ૩૪
૧૦	૭ ૨૯	૬ ૨૦	૮ ૧૭	૧૦ ૧૨	૧૨ ૫૫	૧૫ ૩૮
૧૫	૭ ૩૦	૬ ૨૩	૮ ૧૮	૧૦ ૧૩	૧૨ ૫૭	૧૫ ૪૧
૨૦	૭ ૩૦	૬ ૨૬	૮ ૧૮	૧૦ ૧૪	૧૨ ૫૮	૧૫ ૪૨
૨૫	૭ ૨૯	૬ ૩૦	૮ ૧૭	૧૦ ૧૪	૧૩ ૦	૧૫ ૪૬
૩૦	૭ ૨૭	૬ ૩૩	૮ ૧૫	૧૦ ૧૪	૧૩ ૦	૧૫ ૪૬

ફેબ્રુઆરી

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૭ ૨૭	૬ ૩૫	૮ ૧૫	૧૦ ૧૪	૧૩ ૧	૧૫ ૪૭
૫	૭ ૨૫	૬ ૩૭	૮ ૧૩	૧૦ ૧૩	૧૩ ૧	૧૫ ૪૯
૧૦	૭ ૨૩	૬ ૩૯	૮ ૧૧	૧૦ ૧૨	૧૩ ૧	૧૫ ૫૦
૧૫	૭ ૨૦	૬ ૪૩	૮ ૮	૧૦ ૧૧	૧૩ ૧	૧૫ ૫૧
૨૦	૭ ૧૭	૬ ૪૫	૮ ૫	૧૦ ૯	૧૩ ૨	૧૫ ૫૫
૨૫	૭ ૧૪	૬ ૪૮	૮ ૨	૧૦ ૮	૧૩ ૧	૧૫ ૫૪
૩૦	૦	૦	૦	૦	૦	૦

માર્ચ

તારીખ	સૂર્યોદય ક. મિ.		સૂર્યાસ્ત ક. મિ.		નોકારસી ક. મિ.		પોરસી ક મિ.		બે પોરસી ક. મિ.		ત્રણ પોરસી ક. મિ.	
૧	૭	૧૧	૬	૪૯	૭	૫૯	૧૦	૬	૧૩	૦	૧૫	૫૪
૫	૭	૭	૬	૫૧	૭	૫૫	૧૦	૩	૧૨	૫૯	૧૫	૫૫
૧૦	૭	૩	૬	૫૩	૭	૫૧	૧૦	૧	૧૨	૫૮	૧૫	૫૫
૧૫	૬	૫૮	૬	૫૫	૭	૪૬	૯	૫૭	૧૨	૫૭	૧૫	૫૭
૨૦	૬	૫૪	૬	૫૬	૭	૪૨	૯	૫૦	૧૨	૫૫	૧૫	૫૭
૨૫	૬	૪૮	૬	૫૯	૭	૩૬	૯	૫૩	૧૨	૫૪	૧૫	૫૭
૩૦	૬	૪૩	૭	૦	૭	૩૧	૯	૪૭	૧૨	૫૨	૧૫	૫૭

એપ્રિલ

તારીખ	સૂર્યોદય ક. મિ.		સૂર્યાસ્ત ક. મિ.		નોકારસી ક. મિ		પોરસી ક. મિ.		બે પોરસી ક. મિ.		ત્રણ પોરસી ક. મિ.	
૧	૬	૪૨	૭	૦	૭	૩૦	૯	૪૭	૧૨	૫૧	૧૫	૫૫
૫	૬	૩૮	૭	૨	૭	૨૬	૯	૪૪	૧૨	૫૦	૧૫	૫૬
૧૦	૬	૩૫	૭	૨	૭	૨૩	૯	૪૨	૧૨	૪૯	૧૫	૫૬
૧૫	૬	૩૦	૭	૫	૭	૧૮	૯	૩૯	૧૨	૪૮	૧૫	૫૭
૨૦	૬	૨૫	૭	૮	૭	૧૩	૯	૩૬	૧૨	૪૭	૧૫	૫૮
૨૫	૬	૨૧	૭	૯	૭	૯	૯	૩૩	૧૨	૪૫	૧૫	૫૭
૩૦	૬	૧૮	૭	૧૧	૭	૬	૯	૩૧	૧૨	૪૫	૧૫	૫૯

મે

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૬ ૧૬	૭ ૧૨	૭ ૪	૯ ૩૦	૧૨ ૪૪	૧૫ ૫૮
૫	૬ ૧૪	૭ ૧૪	૭ ૨	૯ ૨૯	૧૨ ૪૪	૧૫ ૫૯
૧૦	૬ ૧૧	૭ ૧૬	૬ ૫૯	૯ ૨૭	૧૨ ૪૪	૧૬ ૧
૧૫	૬ ૯	૭ ૧૭	૬ ૫૭	૯ ૨૬	૧૨ ૪૩	૧૬ ૧
૨૦	૬ ૭	૭ ૧૯	૬ ૫૫	૯ ૨૫	૧૨ ૪૩	૧૬ ૧
૨૫	૬ ૬	૭ ૨૧	૬ ૫૪	૯ ૨૫	૧૨ ૪૪	૧૬ ૩
૩૦	૬ ૪	૭ ૨૫	૬ ૫૨	૯ ૨૪	૧૨ ૪૫	૧૬ ૫

જૂન

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૬ ૪	૭ ૨૫	૬ ૫૨	૯ ૨૪	૧૨ ૪૫	૧૬ ૬
૫	૬ ૪	૭ ૨૭	૬ ૫૨	૯ ૨૫	૧૨ ૪૬	૧૬ ૭
૧૦	૬ ૪	૭ ૨૮	૬ ૫૨	૯ ૨૫	૧૨ ૪૬	૧૬ ૭
૧૫	૬ ૪	૭–૩૦	૬ ૫૨	૯ ૨૬	૧૨ ૪૭	૧૬ ૮
૨૦	૬ ૫	૭ ૩૧	૬ ૫૩	૯ ૨૭	૧૨ ૪૮	૧૬ ૯
૨૫	૬ ૬	૭ ૩૨	૬ ૫૪	૯ ૨૮	૧૨ ૪૯	૧૬ ૧૦
૩૦	૬ ૭	૭ ૩૩	૬ ૫૫	૯ ૨૯	૧૨ ૫૦	૧૬ ૧૧

જુલાઈ

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૬ ૮	૭ ૩૩	૬ ૫૬	૯ ૨૯	૧૨ ૫૧	૧૬ ૧૩
૫	૬ ૯	૭ ૩૩	૬ ૫૭	૯ ૩૦	૧૨ ૫૧	૧૬ ૧૨
૧૦	૬ ૧૧	૭ ૩૩	૬ ૫૯	૯ ૩૨	૧૨ ૫૨	૧૬ ૧૨
૧૫	૬ ૧૩	૭ ૩૩	૭ ૧	૯ ૩૩	૧૨ ૫૩	૧૬ ૧૩
૨૦	૬ ૧૪	૭ ૩૨	૭ ૨	૯ ૩૪	૧૨ ૫૩	૧૬ ૧૨
૨૫	૬ ૧૭	૭ ૩૦	૭ ૫	૯ ૩૫	૧૨ ૫૩	૧૬ ૧૧
૩૦	૬ ૧૯	૭ ૨૭	૭ ૭	૯ ૩૬	૧૨ ૫૩	૧૬ ૧૦

ઓગસ્ટ

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૬ ૧૯	૭ ૨૭	૭ ૭	૯ ૩૬	૧૨ ૫૩	૧૬ ૧૦
૫	૬ ૨૧	૭ ૨૪	૭ ૯	૯ ૩૭	૧૨ ૫૩	૧૬ ૯
૧૦	૬ ૨૩	૭ ૨૧	૭ ૧૧	૯ ૩૮	૧૨ ૫૨	૧૬ ૬
૧૫	૬ ૨૫	૭ ૧૮	૭ ૧૩	૯ ૩૮	૧૨ ૫૨	૧૬ ૬
૨૦	૬ ૨૭	૭ ૧૪	૭ ૧૫	૯ ૩૯	૧૨ ૫૧	૧૬ ૪
૨૫	૬ ૨૮	૭ ૧૦	૭ ૧૬	૯ ૩૯	૧૨ ૪૯	૧૫ ૫૯
૩૦	૬ ૩૧	૭ ૦૫	૭ ૧૯	૯ ૪૦	૧૨ ૪૮	૧૫ ૫૬

સપ્ટેમ્બર

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૬ ૩૧	૭ ૩	૭ ૧૯	૯ ૩૯	૧૨ ૪૭	૧૫ ૫૧
૫	૬ ૩૨	૬ ૫૮	૭ ૨૦	૯ ૩૯	૧૨ ૪૫	૧૫ ૫૧
૧૦	૬ ૩૨	૬ ૫૬	૭ ૨૦	૯ ૩૮	૧૨ ૪૪	૧૫ ૫૦
૧૫	૬ ૩૫	૬ ૪૯	૭ ૨૩	૯ ૩૮	૧૨ ૪૨	૧૫ ૪૬
૨૦	૬ ૩૬	૬ ૪૫	૭ ૨૪	૯ ૩૮	૧૨ ૪૧	૧૫ ૪૪
૨૫	૬ ૩૭	૬ ૪૦	૭ ૨૫	૯ ૩૮	૧૨ ૩૯	૧૫ ૪૦
૩૦	૬ ૩૮	૬ ૩૬	૭ ૨૬	૯ ૩૮	૧૨ ૩૭	૧૫ ૩૬

ઓકટોબર

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૬ ૪૦	૬ ૩૪	૭ ૨૮	૯ ૩૮	૧૨ ૩૭	૧૫ ૩૬
૫	૬ ૪૦	૬ ૩૧	૭ ૨૮	૯ ૩૮	૧૨ ૩૬	૧૫ ૩૪
૧૦	૬ ૪૨	૬ ૨૫	૭ ૩૦	૯ ૩૮	૧૨ ૩૪	૧૫ ૩૦
૧૫	૬ ૪૩	૬ ૨૨	૭ ૩૧	૯ ૩૮	૧૨ ૩૩	૧૫ ૨૮
૨૦	૬ ૪૫	૬ ૧૯	૭ ૩૩	૯ ૩૯	૧૨ ૩૨	૧૫ ૨૫
૨૫	૬ ૪૮	૬ ૧૪	૭ ૩૬	૯ ૪૦	૧૨ ૩૧	૧૫ ૨૨
૩૦	૬ ૫૧	૬ ૧૧	૭ ૩૯	૯ ૪૧	૧૨ ૩૧	૧૫ ૨૧

નવેમ્બર

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૬ ૫૧	૬ ૧૦	૭ ૩૯	૯ ૪૧	૧૨ ૩૧	૧૫ ૨૧
૫	૬ ૫૪	૬ ૭	૭ ૪૨	૯ ૪૨	૧૨ ૩૧	૧૫ ૨૦
૧૦	૬ ૫૭	૬ ૫	૭ ૪૫	૯ ૪૪	૧૨ ૩૧	૧૫ ૧૮
૧૫	૭ ૦	૬ ૩	૭ ૪૮	૯ ૪૬	૧૨ ૩૨	૧૫ ૧૮
૨૦	૭ ૩	૬ ૨	૭ ૫૧	૯ ૪૮	૧૨ ૩૩	૧૫ ૧૮
૨૫	૭ ૬	૬ ૨	૭ ૫૪	૯ ૫૦	૧૨ ૩૪	૧૫ ૧૮
૩૦	૭ ૧૦	૬ ૧	૭ ૫૮	૯ ૫૩	૧૨ ૩૬	૧૫ ૧૯

ડિસેમ્બર

તારીખ	સૂર્યોદય ક. મિ.	સૂર્યાસ્ત ક. મિ.	નોકારસી ક. મિ.	પોરસી ક. મિ.	બે પોરસી ક. મિ.	ત્રણ પોરસી ક. મિ.
૧	૭ ૧૦	૬ ૧	૭ ૫૮	૯ ૫૩	૧૨ ૩૬	૧૫ ૧૯
૫	૭ ૧૩	૬ ૨	૮ ૧	૯ ૫૫	૧૨ ૩૮	૧૫ ૨૩
૧૦	૭ ૧૬	૬ ૩	૮ ૪	૯ ૫૮	૧૨ ૪૦	૧૫ ૨૩
૧૫	૭ ૧૯	૬ ૫	૮ ૭	૧૦ ૧	૧૨ ૪૨	૧૫ ૨૩
૨૦	૭ ૨૨	૬ ૭	૮ ૧૦	૧૦ ૩	૧૨ ૪૫	૧૫ ૨૭
૨૫	૭ ૨૪	૬ ૧૦	૮ ૧૨	૧૦ ૬	૧૨ ૪૭	૧૫ ૨૮
૩૦	૭ ૨૬	૬ ૧૨	૮ ૧૪	૧૦ ૮	૧૨ ૪૯	૧૫ ૩૦

સૂર્યોદય, અસ્ત, નોકારસી, પોરસી, બે પોરસી, ત્રણ પોરસીના નીચે લખેલા ગામ માટે નીચે મુજબ મિનિટ ઉમેરવી તથા ઘટાડવી.

ગામ	મિનિટ ઉમેરવી	ગામ	મિનિટ ઘટાડવી
પોરબંદર	૪	વાંકાનેર	૧
ગોંડલ	૦	વઢવાણ	૩
જૂનાગઢ	૧	ધ્રાંગધ્રા	૩
જામનગર	૨	લીંબડી	૪
મોરબી	૦	ચૂડા	૩
જેતપુર	૦	પાલિતાણા	૪
દ્વારકા	૯	બોટાદ, ભાવનગર	૫
		માંગરોળ, વેરાવળ, પ્રભાસપાટણ	૫

દાખલા તારીકે:- તારીખ ૧ લી ફેબ્રુઆરીના રોજ નીચે પ્રમાણે છે.

	સૂર્ય ઉદય ક મિ.	અસ્ત ક. મિ.	નોકારશી ક. મિ	પોરસી ક. મિ.	બેપોરસી ક. મિ	ત્રણ પોરસી ક. મિ.
રાજકોટ	૭-૨૭	૬-૩૫	૮-૧૫	૧૦-૧૪	૧-૧	૧૫-૪૭
જામનગર (૨ મિનિટ વધતાં)	૭-૨૯	૬-૩૭	૮-૧૭	૧૦-૧૬	૧-૩	૧૫-૪૯
લીંબડી (ચાર મિનિટ ઘટાડતાં)	૭-૨૩	૬-૩૧	૮-૧૧	૧૦-૧૦	૧૨-૫૭	૧૫-૪૩

એ મુજબ હરેક ગામ માટે ગણી લેવું.

જ્ઞાન ભણવાનાં નક્ષત્રો- મૃગશીર્ષ, આર્દ્રા, ત્રણ પૂર્વા, મૂળ, હસ્ત, અશ્લેખા, ચિત્રા, પુષ્ય.

દીક્ષાનાં નક્ષત્રો- ત્રણ ઉત્તરા, રોહિણી, હસ્ત, અનુરાધા, શતભિષા, પૂર્વા ભાદ્રપદ, પુષ્ય, પુનર્વસુ, રેવતી, અશ્વિની, મૂળ, શ્રવણ, સ્વાતિ- એ શુભ છે.

ફાંકડું– એકમને શનિવાર, બીજને શુક્રવાર, ત્રીજને ગુરુવાર, ચોથને બુધવાર, પાંચમને મંગળવાર, છઠને સોમવાર, સાતમને રવિવાર, આ યોગ વિહાર તથા પ્રવેશમાં ત્યાગનો છે.

સ્થિર નક્ષત્રો– રોહિણી, ત્રણ ઉત્તરા.

રવિયોગ– સૂર્ય નક્ષત્રથી ગણતાં દિન નક્ષત્ર સુધી.

૪, ૬, ૯, ૧૦, ૧૩, ૨૦ મું નક્ષત્ર રવિયોગ ગણવું, તે દરેક શુભ કામ તથા પ્રયાણ વગેરેમાં ઉત્તમ.

લોચનાં નક્ષત્રો–પુનર્વસુ, પુષ્ય, શ્રવણ, ધનિષ્ઠા એ શુભ છે. કૃતિકા, વિશાખા, મઘા, ભરણી એ વર્જ્ય છે. બાકીનાં નક્ષત્રો મધ્યમ છે. શનિવાર મંગળવાર વર્જ્ય છે. રિક્તા (૪–૯–૧૪) છઠ, ૮, ૦)) તિથિ વર્જ્ય છે.

નગરપ્રવેશ હસ્ત, અશ્વિની, ચિત્રા, અનુરાધા, ઉત્તરા, ત્રણ રોહિણી, પુષ્ય, મૂળ, મૃગશીર્ષ, રેવતી નક્ષત્ર, સોમ બુધ ગુરુ શુક્ર રવિવાર શુભ છે.

સ્થાનકવાસી જૈન સંપ્રદાય દરેક તિથિ સાંજના સમયે જે પ્રગતિમાન હોય તે જ ધર્મ કાર્યમાં દાખલ કરે છે.

ટાઇટલ :
શ્રી ગાયત્રી પ્રિન્ટર્સ, નાગરવાડા, સાંકડીશેરી, અમદાવાદ.